Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री परमात्मने नमः

# પ્રવચનપ્રસાદ

(ભાગ-૧)

[શ્રી 'પંચાસ્તિકાય સંગ્રહ' (ગાથા : ૧થી ૧૦૪) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન]

સંપાદક

(સ્વ.) શ્રી અમૃતલાલ નરશીભાઈ શેઠ
સોનગઢ

પ્રકાશક

શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

❐ *પ્રાપ્તિસ્થાન :*
**શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૪૨૩૨૦૭

❐ પ્રથમાવૃત્તિ : પ્રત ૧૦૦૦

❐ શ્રી વીર નિર્વાણ સંવત્ ૨૫૨૨

❐ **મૂલ્ય : રૂ. ૩૫**

❐ *લેસર ટાઈપસેટિંગ :*
**શારદા મુદ્રણાલય**
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

❐ *મુદ્રણસ્થાન :*
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કમ્પાઉન્ડ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Dhara Ajmera, Florida, USA who has paid for it to be "electronised" and made available on the internet in memory of her Late father Manikant P. Nagda.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Pravachan Prasaad Part 1 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 24 February 2007 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

# પ્રકાશકીય

સદ્ધર્મતીર્થસ્તંભરૂપ ભગવત્કુંદકુંદાચાર્યદેવ કે જેમની આમ્નાય-અંતર્ગત વર્તમાન ધર્મતીર્થ પ્રવર્તિત છે, જેના વડે પ્રરૂપિત શ્રી 'પંચાસ્તિકાયસંગ્રહ' નામક પરમાગમ 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંથી એક છે. આ ગ્રંથના પ્રણેતા આચાર્યભગવંતના હાર્દ-પ્રકાશક, મહાન સમર્થ ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય, આ પરમાગમની પ્રશસ્તિમાં, ગાથા–૧૦૩ની ટીકા કરતાં ફરમાવે છે કે : ''ખરેખર સંઘળુંય (દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ) પ્રવચન, કાળસહિત પંચાસ્તિકાયથી અન્ય કાંઈ પણ પ્રતિપાદિત કરતું નથી;....'' તેમજ આ ગ્રંથની 'તાત્પર્યવૃત્તિ'ના ટીકાકાર મહાન તપોધન શ્રીજયસેનાચાર્યદેવ ફરમાવે છે કે : ''पंचास्तिकायसंग्रहनामसंज्ञं ग्रंथं—किं विशिष्टं ? प्रवचनसारं...'' તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું છે કે : ''પંચાસ્તિકાય ભેદજ્ઞાનનું કારણ છે.'' ''પાંચ અસ્તિકાયનું સ્વરૂપ જાણવાનું ફળ વીતરાગતા છે.''

– એવા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ની ગાથા : ૧થી ૧૦૪ ઉપર, અધ્યાત્મયુગ-પ્રવર્તક, પ્રત્યક્ષ પરમોપકારી, મંગળમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોના સંકલનરૂપે પ્રસ્તુત શ્રી 'પ્રવચનપ્રસાદ' (ભાગ-૧) નામક આ ગ્રંથની પ્રથમાવૃત્તિ પ્રકાશિત કરતાં અમો હર્ષાન્વિત છીએ.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રત્યેક દ્રવ્યની સ્વયંસિદ્ધતા, નિરપેક્ષતા, અહેતુકતા, પરિપૂર્ણ સ્વતંત્રતા, અનંતી વિભુતા અને ઐશ્વર્યતાદિનો સિંહનાદ કરી આત્માર્થી મુમુક્ષુઓ પર અનુપમ ઉપકાર કર્યો છે, જેનો પ્રતિકાર વાળવાને કોઈ સમર્થ નથી. જે આત્માર્થીજીવ 'સ્વાવલંબન' વડે સ્વતંત્ર વસ્તુસ્વરૂપને સ્વીકારે તો તેનો ભવચ્છેદ થઈ જાય, તે નિઃસંશય છે; તેથી આ પ્રવચનો પરમ અમૃતતુલ્ય છે.

વર્તમાન અધ્યાત્મ યુગમાં પૂજ્ય ગુરુદેવશ્રી એક અજોડ યુગપુરુષ થયા, જેમના પ્રભાવનાયોગમાં મહત્તમ ફાળો છે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ અત્રે ઉપકાર અંજલિ વ્યક્ત કરીએ છીએ, જેમની અંતર બાહ્ય દશા આત્માર્થી જગતને અતુલ આદર્શરૂપ હતી.

સુજ્ઞ પાઠકોની સુવિધા હેતુ પ્રસ્તુત ગ્રંથમાં ક્રમશઃ મૂળગાથા, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ, અન્વયાર્થ, 'તાત્પર્યવૃત્તિ અને સમયવ્યાખ્યા' ટીકા તેમજ ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પ્રવચનોનું સંપાદન સ્વ. આત્માર્થી શ્રી અમૃતલાલ નરશીભાઈ શેઠે અકથ પરિશ્રમથી કર્યું છે, તે તેઓશ્રીની ગુરુભક્તિને પ્રસિદ્ધ કરે છે. તેઓ 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' નામક પત્ર દ્વારા પૂ. ગુરુદેવશ્રીનાં મંગળ પ્રવચનો રોજબરોજ મુમુક્ષુઓને પાઠવતા હતા જેથી મુમુક્ષુઓને ઘેરબેઠાં અનેરો લાભ મળતો હતો. તે માટે મુમુક્ષુગણ તેઓના ઋણી છે. અત્ર તેઓ પ્રત્યે અમો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ગ્રંથ-પ્રકાશનની પ્રેરણા અને માર્ગદર્શન અમોને, ધર્મ અને ધર્માત્માઓ પ્રત્યે એકનિષ્ઠ, અધ્યાત્મતત્ત્વ-વિદ્ સમ્માનનીય ભાઈશ્રી શશીકાંતભાઈ મ. શેઠથી સંપ્રાપ્ત થઈ છે, જેથી આ ગ્રંથ પ્રકાશિત થઈ શક્યો છે; તે બદલ અમો તેઓ પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ આ ગ્રંથ-પ્રકાશનનો પ્રસ્તાવ મૂકનાર તત્ત્વપ્રેમી શ્રી મોહનલાલજી પાટની, કલકત્તા પ્રત્યે પણ અત્ર આભાર માનીએ છીએ કે જેમની લાગણીથી આ ગ્રંથ પ્રકાશિત થયો છે.

આ ગ્રંથ-પ્રકાશન માટે જે જે મુમુક્ષુઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે તેઓની નામાવલિ સાભાર અન્યત્ર પ્રકાશિત કરવામાં આવી છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રંથ-મુદ્રણનું સુંદર કાર્ય કરી આપવા બદલ શારદા મુદ્રણાલય તથા ભગવતી ઑફસેટ અમદાવાદનો પણ આભાર માનીએ છીએ. તદુપરાંત પ્રકાશનકાર્યમાં અન્ય સહભાગી થનારાઓ પ્રત્યે પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી સત્પુરુષોનું યોગ-બળ જયવંત વર્તો !

—ત્રિકાળ જયવંત વર્તો !

ભાવનગર,
૧૪ માર્ચ, ૧૯૯૬
[પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેનની ૬૪મી સમ્યક્-જયંતી]
ભાવનગર,
વૈશાખ સુદ ૨, તા. ૮-૫-'૯૭
[પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૦૮મી જન્મ-જયંતી]

ટ્રસ્ટીગણ
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

✷ નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે ને એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યક્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.

(પરમાગમસાર – ૨૫)

✷ જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે. તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે.

(પરમાગમસાર – ૭૭)

✷ નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકલ્પ–સ્વસંવેદન–લક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્ર લક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય તેવો નથી. ભગવાનની ભક્તિથી જણાય તેવો નથી. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે.

(પરમાગમસાર – ૧૨૦)

✷ જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટ્યું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાની–જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે ? – ધર્મી જીવને સમ્યક્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે ? – કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ – અખંડ – એક – પ્રત્યક્ષ પ્રતિભાસમય – અવિનશ્વર – શુદ્ધ – પારિણામિકભાવ લક્ષણ – નિજ પરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યક્દૃષ્ટિનું ધ્યેય શું છે ? સમ્યક્દૃષ્ટિ ધર્મીનો વિષય શું ? – કે ત્રિકાળી – આત્મા તે એનો વિષય છે કે જે સકળ – નિરાવરણ – એક અખંડ વસ્તું છે.

(પરમાગમસાર – ૧૨૨)

✷ દૃષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યાં ? એ તો રુચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તો પણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે.

(પરમાગમસાર – ૨૧૨)

✷ હે ભગવાન ! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે ? અહા ! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે.

(પરમાગમસાર – ૨૪૪)

✷ ભાઈ તારા માહાત્મ્યની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ? જેમાં નજરું નાખતાં નિધાન ખુલ્લી જાય એ તે વસ્તુ કેવી ? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ.—એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ ભરોસો આવી જાય છે.

(પરમાગમસાર – ૩૦૩)

✷ જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી. જેમ વ્યવહાર સમ્યક્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ – આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે.


(પરમાગમસાર – ૩૨૭)

✷ અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો ! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાય ભાવો - વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે. પરજાત છે, પરજ્ઞેય છે, સ્વજાત-સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

(પરમાગમસાર – ૩૭૪)

✷ જાણનાર....જાણનાર....જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ-સત્ને બતાવે છે.

(પરમાગમસાર – ૪૧૮)



● ભગવાન શ્રી કુંદ કુંદાચાર્ય દેવ ●

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

श्रीसर्वज्ञवीतरागाय नमः

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## ષડ્‌દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન

**श्रीजयसेनाचार्यकृता तात्पर्यवृत्तिः ।**

**एवं**

**श्रीमदमृतचंद्राचार्यदेवविरचिता समयव्याख्या ।**

(तात्पर्यवृत्तिः)

**स्वसंवेदनसिद्धाय जिनाय परमात्मने ।**
**शुद्धजीवास्तिकायाय नित्यानंदचिदे नमः ॥ १ ॥**

अथ श्रीकुमारनन्दिसिद्धान्तदेवशिष्यैः प्रसिद्धकथान्यायेन पूर्वविदेहं गत्वा वीतरागसर्वज्ञश्रीमंदरस्वामि-तीर्थंकरपरमदेवं दृष्ट्वा तन्मुखकमलविनिर्गतदिव्यवाणीश्रवणावधारितपदार्थाच्छुद्धात्मतत्त्वादिसार्थं गृहीत्वा पुनरप्यागतैः श्रीमत्कुन्दकुन्दाचार्यदेवैः पद्मनन्द्याद्यपराभिधेयैरन्तस्तत्त्वबहिस्तत्त्वगौणमुख्यप्रतिपत्त्यर्थं, अथवा शिवकुमारमहाराजादिसंक्षेपरुचिशिष्यप्रतिबोधनार्थं विरचिते पञ्चास्तिकायप्राभृतशास्त्रे यथाक्रमेणाधिकार-शुद्धिपूर्वकं तात्पर्यार्थव्याख्यानं कथ्यते ।

---

*(પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત પ્રાકૃતગાથાબદ્ધ આ ‘પંચાસ્તિકાય-સંગ્રહ’ નામના શાસ્ત્રની ‘સમયવ્યાખ્યા’ નામની સંસ્કૃત ટીકા રચનાર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા મંગળ અર્થે પરમાત્માને નમસ્કાર કરે છે :)*

(समयव्याख्या)

**सहजानन्दचैतन्यप्रकाशाय महीयसे ।**
**नमोऽनेकान्तविश्रान्तमहिम्ने परमात्मने ॥ १ ॥**
**दुर्निवारनयानीकविरोधध्वंसनौषधिः ।**
**स्यात्कारजीविता जीयाज्जैनीसिद्धान्तपद्धतिः ॥ २ ॥**
**सम्यग्ज्ञानामलज्योतिर्जननी द्विनयाश्रया ।**
**अथातः समयव्याख्या संक्षेपेणाऽभिधीयते ॥ ३ ॥**
**पञ्चास्तिकायषड्द्रव्यप्रकारेण प्ररूपणम् ।**
**पूर्वं मूलपदार्थानामिह सूत्रकृता कृतम् ॥ ४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम् ।**
**ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता ॥ ५ ॥**
**ततस्तत्त्वपरिज्ञानपूर्वेण त्रितयात्मना ।**
**प्रोक्ता मार्गेण कल्याणी मोक्षप्राप्तिरपश्चिमा ॥ ६ ॥**

**શ્લોકાર્થ** :– સહજ આનંદ અને સહજ ચૈતન્યપ્રકાશમય હોવાથી જે અતિ મહાન છે અને અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે, તે પરમાત્માને નમસ્કાર હો. (૧)

*(હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા જિનવાણીની સ્તુતિ કરે છે :)*

**શ્લોકાર્થ** :– સ્યાત્કાર જેનું જીવન છે એવી જૈની (જિનભગવાનની) સિદ્ધાંતપદ્ધતિ—કે જે દુર્નિવાર નયસમૂહના વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે જયવંત હો. (૨)

*(હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા આ પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની ટીકા રચવાની પ્રતિજ્ઞા કરે છે :)*

**શ્લોકાર્થ** :– હવે અહીંથી, જે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જ્યોતિની જનની છે એવી દ્વિનયાશ્રિત (બે નયોનો આશ્રય કરનારી) સમયવ્યાખ્યા (પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રની સમયવ્યાખ્યા નામની ટીકા) સંક્ષેપથી કહેવામાં આવે છે. (૩)

*(હવે ત્રણ શ્લોકો દ્વારા ટીકાકાર આચાર્યદેવ આ પંચાસ્તિકાયસંગ્રહ નામના શાસ્ત્રમાં કયા કયા વિષયોનું નિરૂપણ છે તે અતિસંક્ષેપથી કહે છે :)*

**શ્લોકાર્થ** :– અહીં પહેલાં સૂત્રકર્તાએ મૂળ પદાર્થોનું પંચાસ્તિકાય અને ષડ્દ્રવ્યના પ્રકારથી પ્રરૂપણ કર્યું છે (અર્થાત્ આ શાસ્ત્રમાં પ્રથમ અધિકારને વિષે શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે વિશ્વના મૂળ પદાર્થોનું પાંચ અસ્તિકાય અને છ દ્રવ્યની પદ્ધતિથી નિરૂપણ કર્યું છે.) (૪)

**શ્લોકાર્થ** :– પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની—કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે તેમની—વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે. (૫)

**શ્લોકાર્થ** :– પછી (બીજા અધિકારના અંતમાં) તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક (પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય અને નવ પદાર્થના યથાર્થ જ્ઞાનપૂર્વક) ત્રયાત્મક માર્ગથી (સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગથી) કલ્યાણસ્વરૂપ ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે. (૬)

---

[अथ प्रथमतः इन्द्रशतवन्दितेभ्य इत्यादि जिनभावनमस्काररूपमसाधारणं शास्त्रास्यादौ मंगलं कथयामीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति]

---

**अथ सूत्रावतारः–**

*હવે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :*

**इंदसदवंदियाणं तिहुअणहिदमधुरविसदवक्काणं ।**
**अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ॥ १ ॥**

**इन्द्रशतवन्दितेभ्यस्त्रिभुवनहितमधुरविशदवाक्येभ्यः ।**
**अन्तातीतगुणेभ्यो नमो जिनेभ्यो जितभवेभ्यः ॥ १ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શત-ઈન્દ્રવંદિત ત્રિજગહિત-નિર્મળ-મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને. ૧.

**અન્વયાર્થ** : [इन्द्रशतवन्दितेभ्यः] સો ઇન્દ્રોથી જે વંદિત છે, [त्रिभुवनहितमधुरविशदवाक्येभ्यः] ત્રણ લોકને હિતકર, મધુર અને વિશદ (નિર્મળ, સ્પષ્ટ) જેમની વાણી છે, [अन्तातीतगुणेभ्यः] (ચૈતન્યના અનંત વિલાસસ્વરૂપ) અનંત ગુણ જેમને વર્તે છે અને [जितभवेभ्यः] ભવ ઉપર જેમણે જય મેળવ્યો છે, [जिनेभ्यः] તે જિનોને, [नमः] નમસ્કાર હો. ।।૧।।

---

**तात्पर्यवृत्तिः** "णमो जिणाण" मित्यादिपदखण्डनरूपेण व्याख्यानं क्रियते, **णमो जिणाणं** नमः नमस्कारोऽस्तु । केभ्यः । जिनेभ्यः । कथंभूतेभ्यः । **इंदसयवंदियाणं** इन्द्रशतवन्दितेभ्यः । पुनरपि कथंभूतेभ्यः । **तिहुवणहिदमहुरविसदवक्काणं** त्रिभुवनहितमधुरविशदवाक्येभ्यः । पुनरपि किंविशिष्टेभ्यः । **अंतातीदगुणाणं** अन्तातीतगुणेभ्यः । पुनरपि । **जिदभवाणं** जितभवेभ्यः, इति क्रियाकारकसंबन्धः । इन्द्रशतवन्दितेभ्यः त्रिभुवनहितमधुरविशदवाक्येभ्यः अन्तातीतगुणेभ्यो नमो जिनेभ्यो जितभवेभ्यः । "पदयोर्विवक्षितः सुविनसमासान्तरयो" रिति परिभाषासूत्रबलेन विवक्षितस्य संधिर्भवतीति वचनात्प्राथमिक-शिष्यप्रतिसुखबोधार्थमत्र ग्रन्थे संधेर्नियमो नास्तीति सर्वत्र ज्ञातव्यं । एवं विशेषणचतुष्टययुक्तेभ्यो जिनेभ्यो नमः इत्यनेन मंगलार्थमनन्तज्ञानादिगुणस्मरणरूपो भावनमस्कारोस्त्विति संग्रहवाक्यं । अथैव कथ्यते इन्द्रशतैर्वन्दिता इन्द्रशतवन्दितास्तेभ्य इत्यनेन पूजातिशयप्रतिपादनार्थं । किमुक्तं भवति – त एवेन्द्रशतनमस्कारार्हा नान्ये । कस्मात् । तेषां देवासुरादियुद्धदर्शनात् । त्रिभुवनाय शुद्धात्मरूपप्राप्त्युपाय-प्रतिपादकत्वाद्धितं, वीतरागनिर्विकल्पसमाधिसंजातसहजापूर्वपरमानन्दरूपपारमार्थिकसुखरसास्वादपरम-समरसीभावरसिकजनमनोहारित्वान्मधुरं चलितप्रतिपत्तिगच्छत्तृणस्पर्शशुक्तिकारजतविज्ञानरूपसंशयविमोह-विभ्रमरहितत्वेन शुद्धजीवास्तिकायादिसप्ततत्त्वनवपदार्थषड्द्रव्यपञ्चास्तिकायप्रतिपादकत्वात् अथवा पूर्वापर-विरोधादिदोषरहितत्वात् अथवा कर्णाटमागधमालवलाटगौडगुर्जरप्रत्येकं त्रयमित्यष्टादशमहाभाषासप्तशत-क्षुल्लकभाषातदन्तर्भेदगतबहुभाषारूपेण युगपत्सर्वजीवानां स्वकीयस्वकीयभाषायाः स्पष्टार्थप्रतिपादकत्वात्प्रति-पत्तिकारकत्वात् सर्वजीवानां ज्ञापकत्वात् विशदं स्पष्टं व्यक्तं वाक्यं दिव्यध्वनिर्येषां त्रिभुवनहितमधुरविशद-वाक्यास्तेभ्यः । तथा चोक्तं । "यत्सर्वात्महितं न वर्णसहितं न स्पन्दितोष्ठद्वयं, नो वांछाकलितं न दोषमलिनं नोच्छ्वासरुद्धक्रमं । शान्तामर्षविषैः समं पशुगणैराकर्णितं कर्णिभिस्तन्नः सर्वविदो विनष्टविपदः पायादपूर्वं वचः ।।१।।" इत्यनेन वचनातिशयप्रतिपादनेन तद्वचनमेव प्रमाणं न चैकान्तेनापौरुषेयवचनं न चित्रकथाकल्पितपुराणवचनं चेतीत्युक्तं भवति । अन्तातीतद्रव्यक्षेत्रकालभावपरिच्छेदकत्वादन्तातीतं केवलज्ञानगुणः स विद्यते येषां तेन्तातीतगुणास्तेभ्य इत्यनेन ज्ञानातिशयप्रतिपादनेन बुद्ध्यादिसप्तर्द्धिमति-ज्ञानादिचतुर्विधज्ञानसंपन्नानामपि गणधरदेवादियोगीन्द्राणां वंद्यास्ते भवन्तीत्युक्तं । जितो भवः पञ्च-प्रकारसंसार आजवं जवो यैस्ते जितभवास्तेभ्य इत्यनेन घातिकर्मापायातिशयप्रतिपादनेन कृतकृत्यत्वप्रकट-नादन्येषामकृतकृत्यानां त एव शरणं नान्य इति प्रतिपादितं भवति । एवं विशेषणचतुष्टययुक्तेभ्यो नमः । इत्यनेन मंगलार्थमनंतज्ञानादिगुणस्मरणरूपो भावनमस्कारः कृतः । इदं विशेषणचतुष्टयं अनेकभवगहन-विषयव्यसनप्रापणहेतून् कर्मारातीन् जयतीति जिन इति व्युत्पत्तिपक्षे श्वेतशंखवत्स्वरूपकथनार्थं, अव्युत्पत्तिपक्षे नामजिनव्यवच्छेदनार्थं । एवं विशेष्यविशेषणसंबंधरूपेण शब्दार्थः कथितः । अनन्तज्ञानादि-गुणस्मरणरूपभावनमस्कारोऽशुद्धनिश्चयनयेन, नमो जिनेभ्य इति वचनात्मकद्रव्यनमस्कारोप्यसद्भूत-व्यवहारनयेन, शुद्धनिश्चयनयेन स्वस्मिन्नेवाराध्याराधकभाव इति नयार्थोप्युक्तः । त एव नमस्कारार्हा नान्ये चेत्यादिरूपेण मतार्थोप्युक्तः । इन्द्रशतवन्दिता इत्यागमार्थः प्रसिद्ध एव । अनन्तज्ञानादिगुण-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



युक्तशुद्धजीवास्तिकायमेवोपादेय इति भावार्थः । अनेन प्रकारेण शब्दनयमतागमभावार्थः । अनेन प्रकारेण शब्दनयमतागमभावार्थं व्याख्यानकाले सर्वत्र योजनीयमिति संक्षेपेण मंगलार्थमिष्टदेवतानमस्कारः कृतः । मंगलमुपलक्षणं निमित्तहेतुपरिमाणनामकर्तृरूपा पञ्चाधिकारा यथासंभवं वक्तव्याः । इदानीं पुनर्विस्तररुचिशिष्याणां व्यवहारनयमाश्रित्य यथाक्रमेण मंगलादिषडधिकाराणामियत्तापरिमितविशेषण-व्याख्यानं क्रियते – **''मंगलणिमित्तहेऊ परिमाणा णाम तह य कत्तारं । वागरिय छप्पि पच्छा वक्खाणउ सत्थमाइरियो ॥ १ ॥''**

**वक्खाणउ** व्याख्यातु । स कः कर्ता । **आईरिओ** आचार्यः । किं । **सत्थं** शास्त्रं **पच्छा** पश्चात्। किं कृत्वा पूर्वं । **वागरिय** व्याकृत्य व्याख्याय । कान् । **छप्पि** षडपि **मंगलणिमित्तहेऊ परिमाणा णाम तह य कत्तारं** मंगलनिमित्तहेतुपरिमाणनामकर्तृत्वाधिकाराणीति । तद्यथा – मलं पापं गालयति विध्वंसयतीति मंगलं, अथवा मंगं पुण्यं सुखं तल्लाति आदत्ते गृह्णाति वा मंगलं । चतुष्टयफलं समीक्ष्यमाणा ग्रन्थकाराः शास्त्रस्यादौ त्रिधा देवतायास्त्रेधा नमस्कारं कुर्वन्ति मंगलार्थं ॥ ''नास्तिक्यपरिहारस्तु शिष्टाचारप्रपालनम् । पुण्यावाप्तिश्च निर्विघ्नं शास्त्रादौ तेन संस्तुतिः ॥ १ ॥'' त्रिधा देवता कथ्यते । केन । इष्टाधिकृतताभिमतभेदेन । आशीर्वस्तुनमस्क्रियाभेदेन नमस्कारस्त्रिधा । तच्च मंगलं द्विविधं मुख्यामुख्यभेदेन । तत्र मुख्यमंगलं कथ्यते ''आदौ मध्येऽवसाने च मंगलं भाषितं बुधैः तज्जिनेन्द्रगुणस्तोत्रं तदविघ्नप्रसिद्धये ॥१॥'' तथा चोक्तं ''विघ्नाः प्रणश्यन्ति भयं न जातु, न क्षुद्रदेवाः परिलंघयन्ति । अर्थान् यथेष्टांश्च सदा लभन्ते, जिनोत्तमानां परिकीर्तनेन ॥'' ''आई मंगलकरणे सिस्सा लहु पारगा हवंतित्ती । मज्झे अव्वुच्छित्ती विज्ञा विज्ञाफलं चरिमे ॥'' अमुख्यमंगलं कथ्यते । ''सिद्धत्थ पुण्णकुंभो वंदणमाला य पंडुरं छत्तं । सेदो वण्णो आदस्स णाय कण्णा य जत्तस्सो ॥१॥ वयणियमसंजमगुणेहिं साहिदो जिणवरेहिं परमट्ठो । सिद्धासण्णा जेसिं सिद्धत्था मंगलं तेण ॥२॥ पुण्णा मणोरहेहि य केवलणाणेण चावि संपुण्णा । अरहंता इदि लोए सुमंगलं पुण्णकुंभो दु ॥३॥ णिग्गमणपवेसम्हि य इह चउवीसंपि वंदणीज्ञा ते । वंदणमालेत्ति कया भरहेण य मंगलं तेण ॥४॥ सव्वजणणिव्वुदियरा छत्तायारा जगस्स अरहंता । छत्तायारं सिद्धित्ति मंगलं तेण छत्तं तं ॥५॥ सेदो वण्णो झाणं लेस्सा य अघाईसेसकम्मं च । अरुहाणं इदि लोए सुमंगलं सेदवण्णो दु ॥६॥ दीसइ लोयालोओ केवलणाणे जहा जिणिंदस्स । तह दीसइ मुकुरे बिंबुमंगलं तेण तं मुणह ॥७॥ जह वीयराय सव्वण्हु जिणवरो मंगलं हवइ लोए । हयरायबालकण्णा तह मंगलमिदि विजाणाहि ॥८॥ कम्मारि जिणेविणु जिणवरेहिं मोक्खु जिणाहिवि जेण । जं चउरउअरिबलजिणइ मंगलु वुच्चइ तेण॥९॥'' अथवा निबद्धानिबद्धभेदेन द्विविधं मंगलं तेनैव ग्रन्थकारेण कृतं । निबद्धमंगलं यथा मोक्षमार्गस्य नेतारमित्यादि । शास्त्रान्तरादानीतो नमस्कारोऽनिबद्धमंगलं यथा जगत्त्रयनाथायेत्यादि । अस्मिन्प्रस्तावे शिष्यः पूर्वपक्षं करोति – किमर्थं शास्त्रादौ शास्त्रकाराः मंगलार्थं परमेष्ठिगुणस्तोत्रं कुर्वन्ति यदेव शास्त्रं प्रारब्धं तदेव कथ्यतां मंगलमप्रस्तुतं । न च वक्तव्यं मंगलनमस्कारेण पुण्यं भवति, पुण्येन निर्विघ्नं भवति इति । कस्मान्न वक्तव्यमिति चेत् । व्यभिचारात् । तथाहि – क्वापि नमस्कार-दानपूजादिकरणेपि विघ्नं दृश्यते क्वापि दानपूजानमस्काराभावेपि निर्विघ्नं दृश्यत इति । आचार्याः परिहारमाहुः । तदयुक्तं, पूर्वाचार्या इष्टदेवतानमस्कारपुरस्सरमेव कार्यं कुर्वन्ति, यदुक्तं भवता नमस्कारे कृते पुण्यं भवति पुण्येन निर्विघ्नं भवति इति न च वक्तव्यं तदप्ययुक्तं । कस्मात् । देवतानमस्कार-करणे पुण्यं भवति तेन निर्विघ्नं भवतीति तर्कादिशास्त्रे व्यवस्थापितत्वात् । पुनश्च यदुक्तं त्वया व्यभिचारो दृश्यते तदप्ययुक्तं । कस्मादिति चेत् । यत्र देवतानमस्कारदानपूजादिधर्मे कृतेपि विघ्नं भवति तत्रेदं ज्ञातव्यं पूर्वकृतपापस्यैव फलं तत् न च धर्मदूषणं, यत्र पुनर्देवतानमस्कारदानपूजादिधर्माभावेपि

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निर्विघ्नं दृश्यते तत्रेदं ज्ञातव्यं पूर्वकृतधर्मस्यैव फलं तत् न च पापस्य। पुनरपि शिष्यो ब्रूते – शास्त्रं मंगलममंगलं वा ? मंगलं चेत्तदा मंगलस्य मंगलं किं प्रयोजनं, यद्यमंगलं तर्हि तेन शास्त्रेण किं प्रयोजनं। आचार्याः परिहारमाहुः – भक्त्यर्थं मंगलस्यापि मंगलं क्रियते। तथा चोक्तं "प्रदीपेनार्चये-दर्कमुदकेन महोदधिम्। वागीश्वरीं तथा वाग्मिर्मंगलेनैव मंगलम् ॥ १ ॥" किं च। इष्टदेवतानमस्कारकरणे प्रत्युपकारं कृतं भवति। तथा चोक्तं। "श्रेयोमार्गस्य संसिद्धिः प्रसादात्परमेष्ठिनः। इत्याहुस्तद्गुणस्तोत्रं शास्त्रादौ मुनिपुंगवाः ॥" "अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्। इति भवति स पूज्यस्तत्प्रबुद्धिर्न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ॥" इति संक्षेपेण मंगलं व्याख्यातं। निमित्तं कथ्यते – निमित्तं कारणं। वीतरागसर्वज्ञदिव्यध्वनिशास्त्रे प्रवृत्ते किं कारणं ? भव्यपुण्यप्रेरणात्। तथा चोक्तं "छ द्दव्व णव पयत्थे सुयणाणाइच्चदिव्वतेएण। पस्संतु भव्वजीवा इय सुअरविणो हवे उदओ ॥" अथ प्राभृतग्रंथे शिवकुमारमहाराजो निमित्तं अन्यत्र द्रव्यसंग्रहादौ मोमाश्रेष्ठ्यादि ज्ञातव्यं। इति संक्षेपेण निमित्तं कथितं। इदानीं हेतुव्याख्यानं। हेतुः फलं। हेतुशब्देन फलं कथं भण्यत इति चेत्। फलकारणात्फलमुपचारात्। तच्च फलं द्विविधं प्रत्यक्षपरोक्ष- भेदात्। प्रत्यक्षफलं द्विविधं साक्षात्परंपराभेदेन। साक्षात्प्रत्यक्षं किं ? अज्ञाननिविच्छित्तिः संज्ञानोत्पत्त्यसंख्यात-गुणश्रेणिकर्मनिर्जरा इत्यादि। परंपराप्रत्यक्षं किं ? शिष्यप्रतिशिष्यपूजाप्रशंसाशिष्यनिष्पत्त्यादि। इति संक्षेपेण प्रत्यक्षफलं। इदानीं परोक्षफलं भण्यते। तच्च द्विविधं अभ्युदयनिःश्रेयससुखभेदात्। अभ्युदयसुखं कथ्यते। अष्टादशश्रेणीनां पतिः स एव मुकुटधरः कथ्यते, तस्माद् द्विगुणद्विगुणक्रमेण सकलचक्रिपर्यंत इति अभ्युदयसुखं। अथ निःश्रेयससुखं कथ्यते "खविदघणघाइकम्मा चउतीसातिसया पंचकल्लाणा। अट्ठ महापाडिहेरा अरहंता मंगलं मज्झं ॥" सिद्धपदं कथ्यते "मूलुत्तरपयडीणं बंधोदयसत्तकम्मउम्मुक्का। मंगलभूदा सिद्धा अट्ठगुणातीदसंसारा ॥" इति संक्षेपेण अभ्युदयनिःश्रेयससुखं कथितं। इदमत्र तात्पर्यं – यत्कोपि वीतरागसर्वज्ञप्रणीतपंचास्तिकायसंग्रहादिकं शास्त्रं पठति श्रद्धत्ते तथैव च भावयति स च इत्थंभूतं सुखं प्राप्नोतीत्यर्थः। इदानीं परिमाणं प्रतिपाद्यते। तच्च द्विविधं ग्रंथार्थभेदात्। ग्रन्थपरिमाणं ग्रन्थसंख्या यथासंभवं, अर्थपरिमाणमनन्तमिति संक्षेपेण परिमाणं भणितं। नाम कथ्यते। नाम द्विधा अन्वर्थयदृच्छभेदेन। अन्वर्थनाम किं ? यादृशं नाम तादृशोर्थः यथा तपतीति तपन आदित्य इत्यर्थः। अथवा पंचास्तिकाया यस्मिन् शास्त्रे ग्रन्थे स भवति पंचास्तिकायः, द्रव्याणां संग्रहो द्रव्यसंग्रह इत्यादि। यदृच्छं काष्ठाभारेणेश्वर इत्यादि। कर्ता कथ्यते – स च त्रिधा। मूलतन्त्र-कर्ता उत्तरतन्त्रकर्ता – उत्तरोत्तरतन्त्रकर्ताभेदेनेति। मूलतन्त्रकर्ता कालापेक्षया श्रीवर्धमानस्वामी अष्टादशदोष-रहितोऽनन्तचतुष्टयसंपन्न इति, उत्तरतन्त्रकर्ता श्रीगौतमस्वामी गणधरदेवश्चतुर्ज्ञानधरः सप्तर्द्धिसंपन्नश्च, उत्तरोत्तरा बहवो यथासंभवं। कर्ता किमर्थं कथ्यते ? कर्तृप्रामाण्याद्वचनप्रमाणमिति ज्ञापनार्थं। इति संक्षेपेण मंगलाद्यधिकारषट्कं प्रतिपादितं व्याख्यातं ॥१॥

---

**समयव्याख्या : अथात्र 'नमो जिनेभ्यः' इत्यनेन जिनभावनमस्काररूपमसाधारणं शास्त्रस्याऽऽदौ मंगलमुपात्तम् ॥१॥ अनादिना संतानेन प्रवर्तमाना अनादिनैव संतानेन प्रवर्त्तमानैरिन्द्राणां शतैर्वन्दिता ये इत्यनेन सर्वदैव देवाधिदेवत्वात्तेषामेवाऽसाधारणनमस्कारार्हत्वमुक्तम्। त्रिभुवनमूर्ध्वाधोमध्यलोकवर्ती समस्त एव जीवलोकस्तस्मै निर्व्याबाधविशुद्धात्मतत्त्वोपलम्भोपायाभिधायित्वाद्धितं, परमार्थरसिकजन-मनोहारित्वान्मधुरम्, निरस्तसमस्तशंकादिदोषास्पदत्वाद्विशदं वाक्यम्, दिव्यो ध्वनिर्येषामित्यनेन समस्तवस्तुयाथात्म्योपदेशित्वात्प्रेक्षावत्प्रतीक्ष्यत्वमाख्यातम्। अन्तमतीतः क्षेत्रानवच्छिन्नः कालानवच्छिन्नश्च**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परमचैतन्यशक्तिविलासलक्षणो गुणो येषामित्यनेन तु परमाद्भुतज्ञानातिशयप्रकाशनादवाप्तज्ञानातिशयानामपि योगीन्द्राणां वन्द्यत्वमुदितम् । जितो भव आजवं जवो यैरित्यनेन तु कृतकृत्यत्वप्रकटनात्त एवान्येषामकृतकृत्यानां शरणमित्युपदिष्टम् । इति सर्वपदानां तात्पर्यम् ॥१॥**

**અનુવાદ : અહીં (આ ગાથામાં) 'જિનોને નમસ્કાર હો' એમ કહીને શાસ્ત્રના આદિમાં જિનને ભાવનમસ્કારરૂપ અસાધારણ મંગળ કહ્યું. 'જેઓ અનાદિ પ્રવાહથી પ્રવર્તતા (ચાલ્યા આવતા) થકા અનાદિ પ્રવાહથી જ પ્રવર્તતા (ચાલ્યા આવતા) સો સો ઇન્દ્રોથી વંદિત છે' એમ કહીને સદાય દેવાધિદેવપણાને લીધે તેઓ જ (જિનો જ) અસાધારણ નમસ્કારને યોગ્ય છે એમ કહ્યું. 'જેમની વાણી અર્થાત્ દિવ્ય ધ્વનિ ત્રણ લોકને—ઊર્ધ્વ-અધો-મધ્યલોકવર્તી સઘળાય જીવસમૂહને—નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહેનાર હોવાથી હિતકર છે, પરમાર્થરસિક જનોનાં મનને હરનાર હોવાથી મધુર છે અને સમસ્ત શંકાદિ દોષોનાં સ્થાન દૂર કરવામાં આવ્યાં હોવાથી વિશદ (નિર્મળ, સ્પષ્ટ) છે' એમ કહીને (જિનો) સમસ્ત વસ્તુના યથાર્થ સ્વરૂપનો ઉપદેશ કરનારા હોવાથી વિચારવંત ડાહ્યા પુરુષોના બહુમાનને યોગ્ય છે (અર્થાત્ જેમનો ઉપદેશ વિચારવંત ડાહ્યા પુરુષોએ બહુમાનપૂર્વક વિચારવો જોઈએ એવા છે) એમ કહ્યું. 'અનંત-ક્ષેત્રથી અંતરરહિત અને કાળથી અંતરરહિત પરમચૈતન્યશક્તિના વિલાસસ્વરૂપ ગુણ જેમને વર્તે છે' એમ કહીને (જિનોને) પરમ અદ્ભુત જ્ઞાનાતિશય પ્રગટ થયો હોવાથી જ્ઞાનાતિશયને પામેલા યોગીંદ્રોથી પણ વંદ્ય છે એમ કહ્યું. 'ભવ અર્થાત્ સંસાર ઉપર જેમણે જય મેળવ્યો છે' એમ કહીને કૃતકૃત્યપણું પ્રગટ થયું હોવાથી તેઓ જ (જિનો જ) બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે એમ ઉપદેશ્યું.—આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય છે. ૧**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૬ બુધવાર]

**"આ શાસ્ત્રનું ફળ સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ થઈ શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ થવી તે છે."**

આ પંચાસ્તિકાયની પ્રથમ ગાથા છે. ભગવાનને નમસ્કાર એ જ માંગલિક છે. માંગલિક કરતાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે. વિઘ્નનો નાશ થાય છે તથા સુખની પ્રાપ્તિ થાય છે.

આ પંચાસ્તિકાય શિવકુમાર મહારાજા આદિ શિષ્યો માટે બનાવે છે. તેનો હેતુ અજ્ઞાનનો નાશ, સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ ને શુદ્ધસ્વભાવની પ્રાપ્તિનો છે, તેનું પરિણામ એટલે તેની ગાથાસંખ્યા, તેનું નામ પંચાસ્તિકાય, તેના મૂળ કર્તા સર્વજ્ઞ ભગવાન શ્રી વર્ધમાન સ્વામી, ઉત્તરકર્તા ગણધર શ્રી ગૌતમસ્વામી ને પરંપરાકર્તા શ્રી કુંદકુંદાચાર્યદેવ છે.

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાનને નમસ્કાર કરે છે. તે ભગવાન કેવા છે ? ભગવાન અનાદિના છે, સો ઇન્દ્રોથી પૂજ્ય છે, ભગવાનની વાણી મીઠી, મધુરી ને રસિક છે, ને તે વાણીના સાંભળનારા પાત્ર જીવો પણ એવા છે કે જેઓ સમ્યક્જ્ઞાન પામવાને યોગ્ય છે. જેમને સંસારની અરુચિ થઈ છે ને સ્વભાવની પ્રાપ્તિ કરવી છે. ''પંચાસ્તિકાયનું ફળ અજ્ઞાનની નિવૃત્તિ ને જ્ઞાનસ્વભાવની પ્રાપ્તિ છે, શિષ્ટ સમ્યક્જ્ઞાન પામી શુદ્ધિમાં વધે ને ચૈતન્યનો અનુભવ કરે તે આ શાસ્ત્રનું ફળ છે.''

**"ભગવાન અનંત જ્ઞાન-દર્શનાદિગુણોના ભરપૂર ભંડાર છે."**

હવે ભગવાનના ગુણોની વાત કરે છે. અંતરરહિત ભગવાનના ગુણો છે, ભગવાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત જ્ઞાન, અનંત દર્શન વગેરે ગુણો પ્રગટી ગયા છે, જેનો પાર નથી, એવા પોતાના જ્ઞાનથી બધી વસ્તુને, ક્ષેત્રને કાળની મર્યાદા વગર જાણી શકે છે; તે જ્ઞાનાદિ ગુણો પોતાના અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં રહેલા છે પણ બીજાના ક્ષેત્રમાં નથી. એક સમયમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ પ્રગટી ગયેલ છે. એક સમયમાં અનંત ગુણોની થઈને અનંતી પર્યાયો છે, એક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદો છે.

### "ભગવાને પાંચ પરાવર્તનરૂપ સંસારને જીત્યો છે"

વળી ભગવાન કેવા છે ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પ્રકારનું પરાવર્તન જીત્યું છે એટલે કે જે કરવાનું હતું તે કરી લીધું ને સંસારથી જીવનમુક્ત થયા. કેટલાક લોકો કહે છે કે ભગવાને બીજાનું ભલું કરી દીધું. ઉપદેશ આપ્યા, ચાર તીર્થની સ્થાપના કરી, હિંસા અટકાવી, જગતને સત્ય સમજાવ્યું પણ એ બધા નિમિત્તનાં કથનો છે. ભગવાને પરનું કાંઈ કર્યું નથી. કારણ પરનું કોઈ પણ જીવ કાંઈ પણ કરી શકતો નથી. પોતે પોતામાં ભાવમોક્ષની પર્યાયનો ઉત્પાદ કર્યો ને સંસારપર્યાયને જીત્યો, તે સિવાય બીજું કાંઈ કર્યું નથી, "तिन्नाणं तारयाणं" પાઠ આવે છે. તરણ તારણ છે એટલે કે બીજા પોતાથી તરે તો ભગવાન નિમિત્ત કહેવાય છે.

### "ભગવાન છદ્મસ્થ જીવોને મોક્ષ પામવામાં કઈ અપેક્ષાએ શરણભૂત છે"

વળી જે જીવોને મોક્ષદશા પ્રાપ્ત થઈ નથી તેને ભગવાન શરણરૂપ છે એ કથન નિમિત્તનું છે, કોઈ કોઈને શરણ આપી શકતું નથી, પણ જીવ પોતાના આત્માની સાચી સમજણ કરી, અંતર દશામાં એકાગ્ર થઈ, રાગ ને અલ્પજ્ઞતા ટાળી, વીતરાગ ને સર્વજ્ઞ પદ પ્રગટ કરે છે. તો ભગવાન નિમિત્ત કહેવાય છે. ચાર શરણનો પાઠ તો જીવ અનંતી વાર બોલી ગયો, પણ પોતાનો આત્મા નિમિત્તરહિત ને રાગરહિત છે, એટલે સ્વરૂપ જાણ્યા વિના ને તેના શરણ વિના ભગવાનનું શરણ નિમિત્ત નામ પામે નહિ. સ્વભાવનું શરણ લ્યે તેને ભગવાનનું શરણ નિમિત્ત કહેવાય છે.

### એવા જિનેશ્વર ભગવાનને નમસ્કાર હો !

આવા જિનેશ્વર ભગવાનને નમસ્કાર હો. જે જીવ નિમિત્ત, સંયોગો, રાગ–દ્વેષ અને પુણ્યની રુચિ છોડી અંતર-એકાગ્રતા કરે છે તે ભાવનમસ્કાર છે. આવો ભાવનમસ્કાર પોતાના આત્માને કરે છે. તેણે ભગવાનને દ્રવ્યનમસ્કાર સાચો કર્યો કહેવાય છે. સર્વજ્ઞદેવને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે, તેમના સિવાય બીજા કોઈ દેવને તે જીવ માનતો નથી. એ પ્રમાણે ઉપર કહ્યા તેવા ગુણવાળા ભગવાનને નમસ્કાર કર્યા.

હવે આચાર્ય ભગવાન જિનાગમને નમસ્કાર કરી પંચાસ્તિકાયરૂપ સમયસાર ગ્રંથ કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

---

**समणमुहुग्गदमट्ठं चदुग्गदिणिवारणं सणिव्वाणं ।**
**एसो पणमिय सिरसा समयमियं सुणह वोच्छामि ॥ २ ॥**

**श्रमणमुखोद्गतार्थं चतुर्गतिनिवारणं सनिर्वाणं ।**
**एष प्रणम्य शिरसा समयमिमं शृणुत वक्ष्यामि ॥ २ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સમયને શિરનમનપૂર્વક ભાખું છું, સૂણજો તમે;
જિનવદનનિર્ગત-અર્થમય, ચઉગતિહરણ, શિવહેતુ છે. ૨

**અન્વયાર્થ** : [श्रमणमुखोद्गतार्थं] શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય (સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોને કહેનાર), [चतुर्गतिनिवारणं] ચાર ગતિનું નિવારણ કરનાર અને [सनिर्वाणम्] નિર્વાણ સહિત (નિર્વાણના કારણભૂત) [इमं समयं] એવા આ સમયને [शिरसा प्रणम्य] શિરથી પ્રણમીને [एष वक्ष्यामि] હું તેનું કથન કરું છું; [शृणुत] તે શ્રવણ કરો. ।।૨।।

---

**तात्पर्यवृत्ति** : एवं मंगलार्थमिष्टदेवतानमस्कारगाथा गता । अथ द्रव्यागमरूपं शब्दसमयं नत्वा पंचास्तिकायरूपसमर्थसमयं वक्ष्यामीति प्रतिज्ञापूर्वकाधिकृताभिमतदेवतानमस्कारकरणेन संबन्धाभिधेय-प्रयोजनानि सूचयामीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं निरूपयति :– **पणमिय** प्रणम्य । कः कर्ता । **एसो** एषोऽहं । केन **सिरसा** उत्तमाङ्गेन । कं । **समयं** शब्दसमयं **इणं** इमं प्रत्यक्षीभूतं । किंविशिष्टं । **समणमुहुग्गदं** सर्वज्ञवीतरागमहाश्रमणमुखोद्गतं । पुनरपि किंविशिष्टं । **अट्ठं** जीवादिपदार्थं । पुनरपि किंरूपं **चदुग्गदिविणिवारणं** नरकादिचतुर्गतिविनिवारणं । पुनश्च कथंभूतं । **सणिव्वाणं** सकलकर्मविमोचन-लक्षणनिर्वाणं । इत्थंभूतं शब्दसमयं कथंभूतं । "गंभीरं मधुरं मनोहरतरं दोषव्यपेतं हितं, कण्ठोष्ठादि-वचोनिमित्तरहितं नो वातरोधोद्गतं । स्पष्टं तत्तदभीष्टवस्तुकथकं निःशेषभाषात्मकं, दूरासन्नसमं समं निरुपमं जैनं वचः पातु नः" ॥ तथा चोक्तं । "येनाज्ञानतमस्ततिर्विघटते ज्ञेये हिते चाहिते, हानादानमुपेक्षणं च समभूत्तस्मिन् पुनः प्राणिनः । येनेयं दृगपैति तां परमतां वृत्तं च येनानिशं, तज्ज्ञानं मम मानसाम्बुजमुदेस्तात्सूर्यवर्योदयः ॥" इत्यादि गुणविशिष्टवचनात्मकं नत्वा किं करोमि । **वोच्छामि** वक्ष्यामि । कं । अर्थसमयं । **सुणुह** शृणत यूयं हे भव्या इति क्रियाकारकसंबंधः । अथवा द्वितीयव्याख्यानं । श्रमणमुखोद्गतं पञ्चास्तिकायलक्षणार्थसमयप्रतिपादकत्वादर्थं परंपरया चतुर्गतिनिवारणं चतुर्गतिनिवारणत्वादेव सनिर्वाणं एषोऽहं ग्रन्थकरणोद्यतमनाः कुन्दकुन्दाचार्यः प्रणम्य नमस्कृत्य नत्वा । केन । शिरसा मस्तकेनोत्तमाङ्गेन । कं प्रणम्य । पूर्वोक्तश्रवणमुखोद्गतादिविशेषणचतुष्टयसंयुक्तं समयं शब्दरूपं द्रव्यागममिमं प्रत्यक्षीभूतं तं शब्दसमयं प्रणम्य । पश्चात् किं करोमि । वक्ष्यामि कथयामि प्रतिपादयामि शृणुत हे भव्या यूयं । कं वक्ष्यामि । तमेव शब्दसमयवाच्यमर्थसमयं शब्दसमयं नत्वा पश्चादर्थसमयं वक्ष्ये ज्ञानसमयप्रसिद्ध्यर्थमिति । वीतरागसर्वज्ञमहाश्रमणमुखोद्गतं शब्दसमयं कश्चिदासन्नभव्यः पुरुषः शृणोति शब्दसमयवाच्यं पश्चात्पञ्चास्तिकायलक्षणमर्थसमयं जानाति तदन्तर्गते शुद्धजीवास्तिकाय-लक्षणेर्थे वीतरागनिर्विकल्पसमाधिना स्थित्वा चतुर्गतिनिवारणं करोति चतुर्गतिनिवारणादेव निर्वाणं लभते स्वात्मोत्थमनाकुलत्वलक्षणं निर्वाणफलभूतमनन्तसुखं च लभते जीवस्तेन कारणेनायं द्रव्यागमरूप-शब्दसमयो नमस्कर्तुं व्याख्यातुं च युक्तो भवति । इत्यनेन व्याख्यानक्रमेण संबन्धाभिधेयप्रयोजनानि सूचितानि भवन्ति । कथमिति चेत् । विवरणरूपमाचार्यवचनं व्याख्यानं, गाथासूत्रं व्याख्येयमिति व्याख्यानव्याख्येयसंबन्धः । द्रव्यागमरूपशब्दसमयोऽभिधानं वाचकः तेन शब्दसमयेन वाच्यः पंचास्तिकाय-लक्षणोर्थसमयोऽभिधेय इति अभिधानाभिधेयलक्षणसंबंधः । फलं प्रयोजनं चाज्ञानविच्छित्त्यादि निर्वाण-सुखपर्यन्तमिति संबन्धाभिधेयप्रयोजनानि ज्ञातव्यानि भवन्तीति भावार्थः ॥ २ ॥

**समयव्याख्या : समयो ह्यागमः । तस्य प्रणामपूर्वकमात्मनाभिधानमत्र प्रतिज्ञातम् । युज्यते हि स प्रणन्तुमभिधातुं चाप्तोपदिष्टत्वे सति सफलत्वात् । तत्राप्तोपदिष्टत्वमस्य श्रमणमुखोद्गतार्थत्वात् । श्रमणा हि महाश्रमणाः सर्वज्ञवीतरागाः । अर्थः पुनरनेकशब्दसंबन्धेनाभिधीयमानो वस्तुतयैकोऽभिधेयः ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सफलत्वं तु चतसृणां नारकतिर्यग्मनुष्यदेवत्वलक्षणानां गतीनां निवारणत्वात्, पारतंत्र्यनिवृत्तिलक्षणस्य निर्वाणस्य शुद्धात्मतत्त्वोपलम्भरूपस्य परम्परया कारणत्वात्, स्वातंत्र्यप्राप्तिलक्षणस्य च फलस्य सद्भावादिति ॥ २ ॥**

**અનુવાદ : સમય એટલે આગમ; તેને પ્રણામ કરીને પોતે તેનું કથન કરશે એમ અહીં (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે) પ્રતિજ્ઞા કરી છે. તે (સમય) પ્રણામ કરવાને અને કથન કરવાને યોગ્ય છે, કારણ કે તે આપ્ત વડે ઉપદિષ્ટ હોવાથી સફળ છે. ત્યાં, તેનું આપ્ત વડે ઉપદિષ્ટપણું એટલા માટે છે કે જેથી તે 'શ્રમણના મુખમાંથી નીકળેલ અર્થમય' છે. 'શ્રમણો' એટલે મહાશ્રમણો–સર્વજ્ઞવીતરાગદેવો; અને 'અર્થ' એટલે અનેક શબ્દોના સંબંધથી કહેવામાં આવતો, વસ્તુપણે એક એવો પદાર્થ. વળી તેનું (સમયનું) સફળપણું એટલા માટે છે કે જેથી તે સમય (૧) 'નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ' કરવાને લીધે અને (૨) શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ 'નિર્વાણનું પરંપરાએ કારણ' હોવાને લીધે (૧) પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે અને (૨) સ્વતંત્રતાપ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે. ૨**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૬ બુધવાર]

**"આત્મા વાણીનો કર્તા નથી પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા વાણીનો કર્તા ઉપચારથી કહેવાય છે."**

'હું કુંદકુંદાચાર્ય, આ પંચાસ્તિકાયરૂપ સમયસાર નામના ગ્રંથને કહીશ' આ વ્યવહાર વચન છે. આત્મા વાણી કરી શકતો નથી, તેમ જ વાણીથી આત્મા સમજતો નથી; છતાં આવું વાક્ય કેમ લખ્યું ? નિમિત્તનું શું કામ છે ? એમ કોઈને પ્રશ્ન થાય તો તેની સ્પષ્ટતા તો એમ છે કે ભાષા તો ભાષાના કારણે નીકળે છે, 'હું કરીશ' એ શબ્દો શબ્દોના કારણે નીકળે છે, પણ પંચાસ્તિકાય કહેવામાં નિમિત્ત કોણ છે, તેનું જ્ઞાન કરાવે છે.

વળી કહે છે કે "આ ગ્રંથને તમો સાંભળો" ત્યાં પણ જેની સમજવાની યોગ્યતા હોય છે તે સમજશે, બીજો જીવ સમજાવી દે તેમ નથી; છતાં 'સાંભળો' એમ કહેવાનો હેતુ એ છે કે સામેનો જીવ પાત્ર છે, પંચાસ્તિકાય સમજવાને લાયક છે તેથી કહ્યું છે કે "બીજેથી ચિત્ત હઠાવીને એકાગ્ર થા ને હું કહું છું તે સાંભળ", એમ કહેવાનો ભાવ છે. આ બધા નિમિત્તનાં કથન છે. વાણી જડ છે. જડ જડના કારણે પરિણમે છે; તે નિરપેક્ષ છે. તેના કર્તા, કર્મ વગેરે છ કારકો તેનામાં છે. આત્માને લીધે વાણી નથી, વાણીનો કર્તા વાણીના પરમાણુ પોતે છે, ત્યાં વાણી થવાની ન હતી ને આચાર્ય ભગવાનના વિકલ્પથી વાણીનું પરિણમન થઈ ગયું છે એમ નથી, પણ વાણીનું ઉપાદાનકર્તા જડ પરમાણુ પોતે છે, ત્યારે આચાર્ય ભગવાનનો વિકલ્પ હતો માટે આચાર્ય ભગવાનને નિમિત્તકર્તા એટલે ઉપચારથી વાણીના કર્તા કહેવાય છે. નિમિત્તકર્તા એટલે જડની પર્યાય થવામાં કાંઈ મદદ કરે છે એમ એનો અર્થ નથી. વાણી જડ છે તેને આત્મા બનાવી શકતો નથી. વાણી વાણીના કારણે પરિણમે છે. ત્યારે આચાર્ય ભગવાનને વિકલ્પ ઊઠ્યો છે તેનું જ્ઞાન કરાવ્યું છે, તથા "સાંભળો" ઉપરથી સાંભળનાર પણ હોવા જોઈએ એમ જ્ઞાન કરાવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"સર્વજ્ઞનાં વચન પ્રમાણભૂત છે, માટે તેમના આગમોને નમસ્કાર કરવો યોગ્ય છે."**

હવે તે શાસ્ત્રો કેવી રીતે કહીશ તે કહે છે, શ્રમણ એટલે સર્વજ્ઞ વીતરાગ દેવ, તેમના શ્રીમુખેથી ઉત્પન્ન થયેલાં વચનોને મસ્તકથી પ્રણામ કરીને કહીશ કેમકે સર્વજ્ઞનું વચન જ પ્રમાણભૂત છે. તે કારણથી તેમના આગમને જ નમસ્કાર કરવો યોગ્ય છે. ભગવાનને શ્રમણ કહે છે. ભગવાનની વાણી આત્માના બધા પ્રદેશોથી નીકળે છે, કંઠ, હોઠ વગેરે બધા નિમિત્તથી રહિત નીકળે છે. વાણી નીકળતી વખતે હોઠ, કંઠ, જીભ વગેરે ચાલે નહિ, શ્વાસ લેવો પડે નહિ એવી અસંખ્ય પ્રદેશોથી વાણી નીકળે છે. વળી ભગવાનના શ્રીમુખેથી નીકળી એમ કહ્યું છે ને વાણીને બહુમાન આપવા કહ્યું છે કે 'આ ભગવાનની વાણી છે.' વળી મસ્તકથી પ્રણામ કરવાનું અહીં લખ્યું છે; તો મસ્તક તો જડ છે, આત્મા મસ્તકને નમાવી શકતો નથી; પણ તેમનો વિનયભાવ બતાવે છે. લૌકિકમાં જેમ સૂર્યની પૂજા દીવાથી કરે છે, દરિયાની પૂજા દરિયાના પાણીની અંજલિથી કરે છે તેમ ભગવાનની વાણીનો ધોધ નીકળ્યો તે સરસ્વતીની પૂજા પણ વાણીથી થાય છે.

વળી, વાણીને નમસ્કાર કેમ કર્યા ? સર્વજ્ઞની વાણી છે, પુરુષ પ્રમાણથી વચન પ્રમાણ, માટે તેમની વાણીને નમસ્કાર કર્યો છે. **જેમને રાગ ટળી ગયો છે ને સર્વજ્ઞ દશા પ્રગટ થઈ છે તેવા પુરુષની વાણી પ્રમાણ હોઈ શકે,** મિથ્યાદૃષ્ટિ રાગી જીવની વાણી પ્રમાણ હોઈ શકે નહિ. (પણ છદ્મસ્થ જ્ઞાની મુનિ હોય તો તેની વાણી પણ પ્રમાણ ગણાય છે; કારણ કે આખો આત્મા ભગવાનને પ્રગટ થયો છે **તેવા મુનિએ પ્રતીતિમાં લીધો છે ને તે દશાને મુનિ સાધી રહ્યા છે, માટે ભાવલિંગી મુનિનાં વચન પણ પ્રમાણ ગણાય છે**) સર્વજ્ઞ ભગવાનની વાણી પ્રમાણ છે માટે તે વાણીને અથવા તેમના આગમને નમસ્કાર કર્યો છે.

**"ભગવાનના આગમો સંસારનાં દુઃખોનો નાશ કરવાવાળા છે."**

કેવાં છે ભગવાનના આગમ ? નરક, મનુષ્ય, તિર્યંચ ને દેવ એ ચાર ગતિના નિવારણ કરવાવાળા છે એટલે કે સંસારનાં દુઃખોનો નાશ કરવાવાળા છે. **ભવનો અભાવ થઈ ગતિરહિત શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કેમ થાય એમ બતાવે તેને આગમ કહે છે, ભવનું જ્ઞાન કરાવીને ભવ ટળાવે છે તે આગમ છે.** ચારગતિ રૂપ ભવ ને ભવનું કારણ વિકાર કરવાનું જે કહે તે આગમ નથી, પછી તે ભવ સર્વાર્થસિદ્ધિના દેવનો હો કે તીર્થંકરનો ભવ હો પણ તે ભવ કરવાનું આગમ કહે નહિ. ભગવાન ગતિરહિત થયા છે, જેથી ભગવાન બીજા જીવોને ગતિમાં નિમિત્ત થાય નહિ, ગતિનું જ્ઞાન કરાવે તે પણ ગતિરહિત થવા માટે.

આ શાસ્ત્રની ગાથા ૧૭૨માં કહેશે કે બધાં શાસ્ત્રોનો સાર વીતરાગ ભાવ છે. નિશ્ચય ને વ્યવહારની વાત અવિરોધ હોવી જોઈએ, વિકાર ને તેનું ફળ સંસારને રાખવા માટે ભગવાનની વાણી હોઈ શકે નહિ, પણ વાણી સંસારનાં દુઃખોનો નાશ કરનાર છે. વળી આગમ તો પર છે પણ તેના નિમિત્તે ભાવ-આગમ કે સમ્યગ્જ્ઞાન જે જીવ પોતામાં પ્રગટ કરે છે ને સંસારનો નાશ કરે છે તો દ્રવ્ય-આગમ નિમિત્ત કહેવાય છે, આગમમાં અવિરોધ વાત છે એમ કબૂલ કરનાર કોણ છે ? અંતર્મુખ જ્ઞાનની મહિમાવાળો પોતાના જ્ઞાનનો મહિમા ગાય છે ત્યારે નિમિત્તરૂપ આગમનો મહિમા ગાય છે ને તે આગમ સંસારનો નાશ કરે છે એમ કથન કરવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

"ભગવાનના આગમો મોક્ષપદનાં પરંપરા કારણ છે"

વળી તે આગમ કેવા છે? આગમો મોક્ષફલ સહિત છે એટલે કે શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિરૂપ મોક્ષપદના પરંપરા કારણરૂપ છે. મોક્ષનું કારણ તો પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની પર્યાય છે પણ તે પર્યાયમાં શાસ્ત્ર તરફનો શુભરાગ–શાસ્ત્રનું વ્યવહારજ્ઞાન નિમિત્ત છે તે રાગનો અભાવ કરી વીતરાગતા પ્રગટ કરે છે, માટે શાસ્ત્રને મોક્ષનું પરંપરા કારણ કહેલ છે.

હવે શબ્દ, જ્ઞાન ને અર્થ એમ ત્રણ ભેદોમાંથી સમય શબ્દના અર્થ અથવા લોકાલોકના ભેદ કહે છે.

---

**समवाओ पंचण्हं समउ त्ति जिणुत्तमेहिं पण्णत्तं।**
**सो चेव हवदि लोओ तत्तो अमिओ अलोओ खं॥ ३॥**

**समवादः समवायो वा पंचानां समय इति जिनोत्तमैः प्रज्ञप्तम्।**
**स च एव भवति लोकस्ततोऽमितोऽलोकः खम्॥ ३॥**

**સમવાદ વા સમવાય પાંચ તણો સમય–ભાખ્યું જિને;**
**તે લોક છે, આગળ અમાપ અલોક આભસ્વરૂપ છે. ૩.**

**અન્વયાર્થ :** [पंचानां समवादः] પાંચ અસ્તિકાયનું સમભાવપૂર્વક નિરૂપણ [वा] અથવા [समवायः] તેમનો સમવાય (પંચાસ્તિકાયનો સમ્યક્ બોધ અથવા સમૂહ) [समयः] તે સમય છે [इति] એમ [जिनोत्तमैः प्रज्ञप्तम्] જિનવરોએ કહ્યું છે. [सः च एव लोकः भवति] તે જ લોક છે (પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે); [ततः] તેનાથી આગળ [अमितः अलोकः] અમાપ અલોક [खम्] આકાશસ્વરૂપ છે. ।। ૩ ।।

**तात्पर्यवृत्ति :** एवमिष्टाभिमतदेवतानमस्कारमुख्यतया गाथाद्वयेन प्रथमस्थलं गतं।

(उपोद्घातः) तद्यथा – प्रथमतस्तावत् "इंदसयवंदियाणं"मित्यादिपाठक्रमेणैकादशोत्तरशतगाथाभिः पञ्चास्तिकायषड्द्रव्यप्रतिपादनरूपेण प्रथमो महाधिकारः, अथवा स एवामृतचन्द्रटीकाभिप्रायेण त्र्यधिकशतपर्यन्तश्च। तदनन्तरं "अभिवंदिऊण सिरसा" इत्यादि पञ्चाशद्गाथाभिः सप्ततत्त्वनवपदार्थव्याख्यानरूपेण द्वितीयो महाधिकारः। अथ स एवामृतचन्द्रटीकाभिप्रायेणाष्टचत्त्वारिंशद्गाथापर्यन्तश्च। अथानन्तरं जीवस्वभावो इत्यादि विंशतिगाथाभिर्मोक्षमार्गमोक्षस्वरूपकथनमुख्यत्वेन तृतीयो महाधिकार इति समुदायेनैकाशीत्युत्तरशतगाथाभिर्महाधिकारत्रयं ज्ञातव्यं। तत्र महाधिकारे पाठक्रमेणान्तराधिकाराः कथ्यन्ते। तद्यथा – एकादशोत्तरशतगाथामध्ये "इंदसय" इत्यादि गाथासप्तकं समयशब्दार्थपीठिकाव्याख्यानमुख्यत्वेन। तदनन्तरं चतुर्दशगाथाद्रव्यपीठिकाव्याख्यानेन। अथ गाथापञ्चकं कालद्रव्यमुख्यत्वेन, तदनन्तरं त्रिपञ्चाशद्गाथा जीवास्तिकायकथनरूपेण। अथ गाथादशकं पुद्गलास्तिकायमुख्यत्वेन, तदनन्तरं गाथासप्तकं धर्माधर्मास्तिकायव्याख्यानेन। अथ गाथासप्तकमाकाशास्तिकायकथनमुख्यत्वेन, तदनन्तरं गाथाष्टकं चूलिकोपसंहारव्याख्यानमुख्यत्वेन कथयतीत्यष्टभिरन्तराधिकारैः पञ्चास्तिकायषड्द्रव्यप्ररूपणप्रथममहाधिकारे समुदायपातनिका। तत्राष्टान्तराधिकारेषु मध्ये प्रथमतः सप्तगाथाभिः समयशब्दार्थपीठिका कथ्यते – तासु सप्तगाथासु मध्ये गाथाद्वयेनेष्टाधिकृताभिमतदेवतानमस्कारो मङ्गलार्थः। अथ गाथात्रयेण पञ्चास्तिकायसंक्षेपव्याख्यानं, तदनन्तरं एकगाथया कालसहितपञ्चास्तिकायानां द्रव्यसंज्ञा, पुनरेकगाथया संकरव्यतिकरदोषपरिहारमिति समयशब्दार्थपीठिकायां स्थलत्रयेण समुदायपातनिका॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ गाथापूर्वार्द्धेन शब्दज्ञानार्थरूपेण त्रिधाभिधेयतां समयशब्दस्य, उत्तरार्धेन तु लोकालोकविभागं च प्रतिपादयामीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं कथयति, एवमग्रेपि वक्ष्यमाणं विवक्षिताविवक्षितसूत्रार्थं मनसि संप्रधार्य, अथवास्य सूत्रस्याग्रे सूत्रमिदमुचितं भवतीत्येवं निश्चित्य सूत्रमिदं प्रतिपादयतीति पातनिकालक्षणमनेन क्रमेण यथासंभवं सर्वत्र ज्ञातव्यम्, – **समवाओ पंचण्हं** पंचानां जीवाद्यर्थानां समवायः समूहः **समयमिणं** समयोयमिति **जिणवरेहि पण्णत्तं** जिनवरैः प्रज्ञप्तः कथितः **सो चेव हवदि लोगो** स चैव पंचानां मेलापकः समूहो भवति। स कः। लोकः। **तत्तो** ततस्तस्मात्पंचानां जीवाद्यर्थानां समवायाद्बहिर्भूतः **अमओ** अमितोऽप्रमाणः अथवा 'अमओ' अकृत्रिमो न केनापि कृतः, न केवलं लोकः **अलोयक्खं** अलोक इत्याख्या संज्ञा यस्य स भवत्यलोकाख्यः। अलोय खं इति भिन्नपदपाठान्तरे च अलोक इति कोऽर्थः ? खं शुद्धाकाशमिति संग्रहवाक्यं। तद्यथा – समयशब्दस्य शब्दज्ञानार्थभेदेन पूर्वोक्तमेव त्रिधा व्याख्यानं विव्रीयते,—पंचानां जीवाद्यस्तिकायानां प्रतिपादको वर्णपदवाक्यरूपो वादः पाठः शब्दसमयो द्रव्यागम इति यावत्, तेषामेव पंचानां मिथ्यात्वोदयाभावे सति संशयविमोहविभ्रमरहितत्वेन सम्यगवायो बोधो निर्णयो निश्चयो ज्ञानसमयोऽर्थपरिच्छित्तिर्भावश्रुतरूपो भावागम इति यावत् तेन द्रव्यागमरूपशब्दसमयेन वाच्यो भावश्रुतरूपज्ञानसमयेन परिच्छेदः पंचानामस्तिकायानां समूहोऽर्थसमय इति भण्यते। तत्र शब्दसमयाधारेण ज्ञानसमयप्रसिद्ध्यर्थमर्थसमयोत्र व्याख्यातुं प्रारब्धः। स चैवार्थसमयो लोको भण्यते। कथमिति चेत्। यद्दृश्यमानं किमपि पंचेन्द्रियविषययोग्यं स पुद्गलास्तिकायो भण्यते। यत्किमपि चिद्रूपं स जीवास्तिकायो भण्यते। तयोर्जीवपुद्गलयोर्गतिहेतुलक्षणो धर्मः, स्थिति-हेतुलक्षणोऽधर्मः, अवगाहनलक्षणमाकाशं, वर्तनालक्षणः कालश्च, यावति क्षेत्रे स लोकः। तथा चोक्तं—लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्था यत्र स लोकः तस्माद्बहिर्भूतमनन्तशुद्धाकाशमलोक इति सूत्रार्थः ॥ ३ ॥

समयव्याख्या : **अत्र शब्दज्ञानार्थरूपेण त्रिविधाऽभिधेयता समयशब्दस्य लोकालोक-विभागश्चाभिहितः। तत्र च पञ्चानामस्तिकायानां समो मध्यस्थो रागद्वेषाभ्यामनुपहतो वर्णपद-वाक्यसन्निवेशविशिष्टः पाठो वादः, शब्दसमयः शब्दागम इति यावत्। तेषामेव मिथ्यादर्शनोदयोच्छेदे सति सम्यगवायः परिच्छेदो ज्ञानसमयो ज्ञानागम इति यावत्। तेषामेवाभिधानप्रत्ययपरिच्छिन्नानां वस्तुरूपेण समवायः संघातोऽर्थसमयः सर्वपदार्थसार्थ इति यावत्। तदत्र ज्ञानसमयप्रसिद्ध्यर्थं शब्दसमयसम्बन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेतः। अथ तस्यैवार्थसमयस्य द्वैविध्यं लोकालोकविकल्पनात्। स एव पञ्चास्तिकायसमवायो यावांस्तावाँल्लोकस्ततः परममितोऽनन्तो ह्यलोकः, स तु नाभावमात्रं किन्तु तत्समवायातिरिक्तपरिमाणमनन्तक्षेत्रं खमाकाशमिति ॥ ३ ॥**

અનુવાદ : અહીં (આ ગાથામાં) શબ્દરૂપે, જ્ઞાનરૂપે અને અર્થરૂપે (શબ્દસમય, જ્ઞાનસમય અને અર્થસમય)—એમ ત્રણ પ્રકારનો 'સમય'શબ્દનો અર્થ કહ્યો છે તથા લોક–અલોકરૂપ વિભાગ કહ્યો છે. ત્યાં, (૧) 'સમ' એટલે મધ્યસ્થ અર્થાત્ રાગ–દ્વેષથી વિકૃત નહિ બનેલો; 'વાદ' એટલે વર્ણ (અક્ષર), પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ. પાંચ અસ્તિકાયનો 'સમવાદ' અર્થાત્ મધ્યસ્થ (રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો) પાઠ (મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ) તે શબ્દસમય છે, એટલે કે શબ્દાગમ તે શબ્દસમય છે. (૨) મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય અર્થાત્ સમ્યક્ જ્ઞાન તે જ્ઞાનસમય છે, એટલે કે જ્ઞાનાગમ તે જ્ઞાનસમય છે. (૩) કથનના નિમિત્તે જણાયેલા તે પંચાસ્તિકાયનો જ વસ્તુરૂપે સમવાય અર્થાત્ જથ્થો તે અર્થસમય છે, એટલે કે સર્વપદાર્થસમૂહ તે અર્થસમય છે. તેમાં, અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે શબ્દસમયના સંબંધથી અર્થસમય કહેવાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) ઇરાદો છે.**

**હવે, તે જ અર્થસમયનું, લોક અને અલોકના ભેદને લીધે દ્વિવિધપણું છે. તે જ પંચાસ્તિકાયસમૂહ જેવડો છે, તેવડો લોક છે. તેનાથી આગળ અમાપ અર્થાત્ અનંત અલોક છે. તે અલોક અભાવમાત્ર નથી પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે (અર્થાત્ અલોક શૂન્યરૂપ નથી પરંતુ શુદ્ધ આકાશદ્રવ્યરૂપ છે). ૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૬ બુધવાર]

અહીં પાંચ અસ્તિકાયના સમૂહને સમય કહે છે. કાળનું કથન ગૌણ છે. કાળ અસ્તિ છે પણ અસ્તિકાય નથી. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એમ પાંચ અસ્તિકાય છે. જીવ, ધર્મ ને અધર્મ અસંખ્યપ્રદેશી છે ને આકાશ અનંતપ્રદેશી છે માટે કાય કહેલ છે. એક પરમાણુ એકપ્રદેશી હોવા છતાં સ્કન્ધરૂપ થવાની લાયકાત છે, માટે પુદ્‌ગલ દ્રવ્યને ઉપચારથી અસ્તિકાય કહેલ છે, ને કાળમાં સ્પર્શ ગુણ નથી તેથી એક કાળાણુને બીજા કાળાણુ સાથે સ્કન્ધરૂપ થવાની લાયકાત નથી, માટે કાળાણુ અસ્તિકાય નથી, અને તેથી અહીં કાળનું વર્ણન ગૌણ છે. પાંચ અસ્તિકાયના સમૂહને અર્થસમય કહે છે, એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાન વીતરાગદેવે કહ્યું છે.

**"સમયના ત્રણ ભેદ (૧) શબ્દસમય (૨) જ્ઞાનસમય અને (૩) અર્થસમય"**

સમય શબ્દ ત્રણ પ્રકારે છે : (૧) શબ્દસમય (૨) જ્ઞાનસમય (૩) અર્થસમય.

જેમકે સાકર શબ્દ તે શબ્દસમય, સાકર સંબંધી પોતાનું જ્ઞાન તે જ્ઞાનસમય ને સાકર પદાર્થ તે અર્થસમય.

બંગલો શબ્દ તે શબ્દસમય, બંગલા સંબંધી પોતાનું જ્ઞાન તે જ્ઞાનસમય, ને બંગલો પદાર્થ તે અર્થસમય.

આત્મા શબ્દ તે શબ્દસમય, આત્મા સંબંધી પોતાનું જ્ઞાન તે જ્ઞાનસમય, ને આત્મા વસ્તુ તે અર્થસમય.

પંચાસ્તિકાય શબ્દ તે શબ્દસમય, પંચાસ્તિકાય સંબંધી પોતાનું જ્ઞાન તે જ્ઞાનસમય ને પંચાસ્તિકાય—પાંચ અસ્તિકાય (પદાર્થો) તે અર્થસમય.

ત્રણે સ્વતંત્ર છે. શબ્દમાં જ્ઞાન તેમ જ પદાર્થ નથી, જ્ઞાનમાં શબ્દ તથા પદાર્થ નથી, અર્થમાં (પદાર્થમાં) જ્ઞાન તેમ જ શબ્દ નથી.

જેમકે 'પંચાસ્તિકાય' એવા શબ્દો બોલ્યા તેમાં પંચાસ્તિકાયનું જ્ઞાન નથી ને તેમાં પંચાસ્તિકાય પદાર્થો નથી, તેવી રીતે પંચાસ્તિકાયમાં (સમૂહ તરીકે વાત લેવી છે, એકલા જીવમાં જ્ઞાન છે તે જુદી વાત છે) પદાર્થોમાં જ્ઞાન નથી તેમ શબ્દ નથી, જ્ઞાનમાં શબ્દો તથા પદાર્થો નથી પણ શબ્દોનું તથા પદાર્થોનું જ્ઞાન આવી જાય છે.

**"રાગરહિત દ્રવ્યશ્રુતની રચના તે શબ્દસમય છે"**

આ ત્રણ ભેદોથી પંચાસ્તિકાયની રાગ-દ્વેષરહિત યથાર્થ અક્ષર, પદ ને વાક્યની રચના છે તેને દ્રવ્યશ્રુતરૂપ શબ્દસમય કહે છે. આ પંચાસ્તિકાયમાં—દ્રવ્યશ્રુતરૂપ શબ્દોમાં ક્યાંય પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગદ્વેષ સ્થાપે એવું કથન નથી. પંચાસ્તિકાયનું વાચન કરીને શુભભાવ કરવા જેવો છે એમ જે ભાવ કાઢે તેણે પંચાસ્તિકાયનું વાચન કર્યું નથી. વ્યવહારથી કે પુણ્યથી ધર્મ થાય એવું કથન પંચાસ્તિકાયમાં નથી. જે જીવ પોતાનો સ્વભાવ રાગ-દ્વેષરહિત છે એમ નિર્ણય કરી સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે, તે જીવ દ્રવ્ય-આગમનું રાગ–દ્વેષરહિતપણે કથન કરી શકે છે. વ્યવહારનાં કથન આવે કે શુભભાવ તે વીતરાગતાનું સાધન છે ત્યારે ધર્મી જીવ સમજે છે કે આ ઉપચારથી કથન છે. રાગ ખરેખર સાધન નથી. આમ અર્થ સમજી રાગનું સ્થાપન કરે નહિ, વીતરાગના શબ્દો રાગદ્વેષનું જ્ઞાન કરાવે છે પણ રાગ-દ્વેષનું સ્થાપન કરાવતા નથી. આ પ્રમાણે શબ્દસમય પણ વીતરાગતામાં નિમિત્ત થાય છે.

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૭ ગુરુવાર]

**"જે શાસ્ત્ર પુણ્યથી ને નિમિત્તથી ધર્મ કહે અથવા દ્રવ્ય પરાધીન બતાવે તે શાસ્ત્ર નથી, તેને શબ્દસમય કહેતા નથી."**

શબ્દ ત્રણ પ્રકારે કહ્યા છે : (૧) શબ્દસમય, (૨) જ્ઞાનસમય, (૩) અર્થસમય. તેમાં પ્રથમ શબ્દસમયની વાત કરે છે—જે પંચાસ્તિકાયની રાગદ્વેષરહિત યથાર્થ અક્ષર, પદ ને વાક્યની રચના દ્રવ્યશ્રુતરૂપ કરે છે તે શબ્દસમય છે, 'જીવ' શબ્દ બોલાણો તેમાં 'જી' ને 'વ' એ અક્ષરો છે. 'જીવ' તે પદ છે ને 'જીવ અનાદિ અનંત છે' એ વાક્ય છે. આમ અક્ષર, પદ ને વાક્યની રચનાને દ્રવ્યશ્રુત કહ્યું, પણ 'રાગ–દ્વેષરહિત' શબ્દો જે કહ્યા છે તે ઉપર ખાસ વજન છે. જે શાસ્ત્રમાં રાગ–દ્વેષરહિત લખાણ આવે તે યથાર્થ શાસ્ત્ર છે ને તે જ શબ્દસમય છે; પણ જે શાસ્ત્રમાં એમ લખાણ આવે કે "એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે, પુણ્યથી ધર્મ થાય, જીવ જડનું કે શરીરનું કરી શકે, એક ગુણથી બીજા ગુણને લાભ થાય, એક દ્રવ્ય બીજા દ્રવ્યને પરાધીન બનાવે, રાગ–દ્વેષ અથવા પુણ્યભાવ કરવા જેવા છે એમ બતાવે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય" આવા પ્રકારના લખાણ આવે તો તેને શબ્દસમય કહેતા નથી, જે લખાણ રાગ અને દ્વેષ એટલે મિથ્યાત્વ–રાગ–દ્વેષ ઉત્પન્ન કરવામાં નિમિત્ત થાય તેને શબ્દસમય કહેતા જ નથી.

**"જે શાસ્ત્રનાં લખાણનો સાર વીતરાગતાપોષક છે તે જ સાચાં શાસ્ત્ર છે ને શબ્દસમય છે."**

જેમાં વીતરાગતાની વાત આવે, પોતાના આત્માને લાભ થાય તે વાત આવે, બધા આત્મા અને પરમાણુ સ્વતંત્ર છે, તે બધાનાં દ્રવ્ય ગુણ પર્યાય સ્વતંત્ર છે, કર્મ રાગ કરાવતું નથી ને ગુરુ ધર્મ પમાડતા નથી, પણ પોતે રાગ કરે તો રાગ થાય છે ને સ્વભાવના આશ્રયે મિથ્યાત્વ–રાગ–દ્વેષ ટાળી ધર્મ કરી શકે છે વગેરે પ્રકારે યથાર્થ લખાણ જેમાં આવે તેને શબ્દસમય કહે છે. દ્રવ્યશ્રુત કહો, દ્રવ્યઆગમ કહો, શબ્દસમય કહો—એક જ છે. અહીં શબ્દસમય તો જડની પર્યાય છે છતાં તેને રાગ–દ્વેષરહિતપણું કેમ કહ્યું ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એમ છે કે તેનામાં રાગ નથી તેમ રાગરહિતપણું પણ નથી. તે તો પુદ્‌ગલની પર્યાય છે, પણ શબ્દસમયમાં જે કહ્યું છે તેનો ભાવ સમજી જીવ પોતામાં મિથ્યાત્વરહિત યથાર્થ જ્ઞાન કરે છે, જેમ કે શબ્દસમયમાં લખાણ આવે કે "જીવ પોતાના આશ્રયે મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો નાશ કરી શકે છે" તે લખાણનો યથાર્થ ભાવ સમજી ધર્મી જીવ પોતાના સ્વભાવના આશ્રયે મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો નાશ કરે છે ને જ્ઞાનસમય પોતામાં પ્રગટ કરે છે અથવા નિમિત્તનાં કે વ્યવહારનાં કથન આવે તો તેને ઉપચારકથન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજી વીતરાગતા કાઢે, એટલે જેવો શબ્દસમયમાં ભાવ કહ્યો હતો, તેવું જ અહીં જ્ઞાન કરે છે. તેથી શબ્દસમય મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો નાશ કરે છે ને તે રાગ–દ્વેષરહિત છે એમ કથન કરવામાં આવે છે તે જ યથાર્થ શાસ્ત્ર અથવા શબ્દસમય છે.

**"શબ્દસમયના નિમિત્તે આત્માના આશ્રયે થતા ભાવશ્રુતજ્ઞાનને જ્ઞાનસમય કહે છે"**

પંચાસ્તિકાયમાં પાંચ અસ્તિકાય—જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશનું વર્ણન છે. તે બધાં દ્રવ્યો સ્વતંત્ર છે, તે શબ્દોને શબ્દસમય કહે છે, તે શબ્દો પર તરફનું લક્ષ છોડવાનું ને મિથ્યાત્વ ટાળવાનું કહે છે.

શબ્દશ્રુતનું અથવા શબ્દસમયનું યથાર્થ જ્ઞાન કર્યું ક્યારે કહેવાય ? ભ્રમણાનો નાશ નિમિત્તદૃષ્ટિથી કે પર્યાયદૃષ્ટિથી થતો નથી પણ આત્માના લક્ષે ભ્રમણાનો નાશ થાય છે એમ પંચાસ્તિકાયનું કહેવું છે. સર્વજ્ઞ સામે જો તો તારું મિથ્યાત્વ નાશ થાય એમ પંચાસ્તિકાયમાં આવતું નથી, પણ તું તારા સામે જો તો તારા મિથ્યાત્વ, રાગ–દ્વેષનો નાશ થાય તેમ છે, તે વિના તેનો નાશ થતો નથી. મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો નાશ કરે છે તે પણ વ્યવહાર-કથન છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતાં મિથ્યાત્વ, રાગ ને દ્વેષ ઉત્પન્ન થતા નથી એટલે મિથ્યાત્વ, રાગ ને દ્વેષનો નાશ થઈ જાય છે એમ કહેવામાં આવે છે. આમ પોતામાં સાચું જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનસમય છે. જ્ઞાનસમય કહો, ભાવશ્રુતજ્ઞાન કહો, ભાવઆગમ કહો એ બધું એક જ છે. તે સમ્યગ્જ્ઞાની જીવના જ્ઞાન–ગુણની પર્યાય છે. શબ્દસમય વડે જ્ઞાન થાય છે એમ કહેવું નથી પણ જીવ પોતાના આત્માના આશ્રયે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જેમ શાસ્ત્રનું કહેવું હતું તેવું જ તેણે કર્યું તેથી શબ્દસમય વડે થયું એમ કથન કરવામાં આવે છે ને તો શબ્દસમયનું પણ યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

**"સમ્યગ્જ્ઞાન દ્વારા જે યથાર્થ જાણવામાં આવે તેને અર્થસમય કહે છે.**
**પોતે સમ્યક્‌જ્ઞાન પ્રગટ કરે તો આગમ તથા પદાર્થોને યથાર્થ જાણ્યા કહેવાય"**

જે સમ્યગ્જ્ઞાન દ્વારા (જે) પદાર્થ જણાય છે તેનું નામ અર્થસમય છે. અર્થસમય અથવા પદાર્થસમય બન્ને એક જ છે, શબ્દ વાચક છે ને પદાર્થ વાચ્ય છે.

અહીં અર્થસમયની વ્યાખ્યામાં સ્પષ્ટ છે કે જ્ઞાન દ્વારા પદાર્થ જણાય તેને અર્થ કહ્યો. પણ **અર્થ દ્વારા એટલે પદાર્થ દ્વારા જ્ઞાન થાય એમ કહ્યું નથી.** સ્વભાવના આશ્રયે મિથ્યાત્વનો નાશ થઈ સમ્યગ્જ્ઞાન જે ઉત્પન્ન થયું તે જ્ઞાન પદાર્થોને યથાર્થ જાણે છે, પંચાસ્તિકાય એટલે પાંચ પદાર્થો જીવ, પુદ્‌ગલ વગેરથી એટલે કે અર્થસમયથી જ્ઞાન થાય છે એમ કહ્યું નથી. પંચાસ્તિકાય શબ્દ બોલાયો તે શબ્દસમયથી જ્ઞાન થાય છે એમ કહ્યું નથી, પણ તારા પોતાથી જ્ઞાન થાય એટલે જ્ઞાનસમયમાં અર્થસમય તથા શબ્દસમય જણાઈ જાય છે એટલે પંચાસ્તિકાય પદાર્થો સમ્યગ્જ્ઞાન દ્વારા જણાશે ને સમજી શકાશે **પણ પદાર્થોથી તથા શબ્દસમયથી એટલે પંચાસ્તિકાય શાસ્ત્રથી પંચાસ્તિકાયનું જ્ઞાન થશે નહિ એટલે કે આગમ દ્વારા જ્ઞાન થશે નહિ.** આત્મા જ્ઞાનસ્વભાવી છે એવાં શ્રદ્ધા-જ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ને તે સમ્યગ્જ્ઞાન શબ્દસમયનો ભાવ તથા પદાર્થોને જાણી લ્યે છે. ને તો જ તેણે શબ્દસમય ને અર્થસમય સાચા જાણ્યા કહેવાય.

જ્ઞાનસમય વિના શબ્દસમય ને અર્થસમયનું જ્ઞાન યથાર્થ કર્યું કહેવાય નહિ. ટૂંકામાં પોતે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો આગમ તથા પદાર્થોને યથાર્થ જાણ્યા કહેવાય એ આમાંથી સાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીકળે છે.

**"અર્થસમયના બે ભેદ (૧) પંચાસ્તિકાયરૂપ સમૂહ—લોક, (૨) એકલું આકાશ તે અલોક"**

જે અર્થસમય છે તેમાં પાંચ અસ્તિકાયને લોક કહ્યો છે. કાળ અસ્તિ છે તેનો લોકમાંથી અભાવ બતાવવો નથી, કાળ અસ્તિકાય નથી માટે લોકમાંથી નીકળી જાય છે એવો એનો અર્થ નથી. કાળાણુ વસ્તુ છે તેમાં એક કાળાણુ બીજા કાળાણુ સાથે ભેગો થતો નથી. પરમાણુ એક હોવા છતાં લૂખાશ–ચીકાશની યોગ્યતાના કારણે ઉપચારથી અસ્તિકાય કહેવાય છે, જ્યારે કાળાણુમાં એવી લૂખાશ–ચીકાશની યોગ્યતા નથી કારણ કે તેનામાં સ્પર્શગુણ નથી તેથી તે ઉપચારથી પણ અસ્તિકાય કહેવાતો નથી. પણ અસ્તિકાય નથી માટે લોકમાં આવતો નથી એમ ન સમજવું, તે પણ અસ્તિ ધરાવતો પદાર્થ છે. તે લોકમાં આવી જાય છે પણ તેનું વર્ણન આ શાસ્ત્રમાં ગૌણ છે ને પાંચ અસ્તિકાયનું વર્ણન મુખ્ય છે, માટે પાંચ અસ્તિકાયને લોક કહી દીધો છે. પણ કાળ લોકમાં આવી જાય છે એમ સમજવું. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ એમ પાંચને લોક કહે છે ને લોકથી ભિન્ન મર્યાદારહિત અનંત આકાશને અલોક કહે છે. અહીં આકાશના બે ભાગ પડી જાય છે એમ સમજવું નહિ. લોક ને અલોકમાં આકાશ સળંગ એક દ્રવ્ય છે પણ પાંચ અસ્તિકાય છે, તે ભાગને લોક કહે છે ને જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે.

**"ભાવશ્રુત જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત દ્રવ્યોને, અનંત ક્ષેત્રને, અનાદિ–અનંત કાળને તથા અનંત ભાવોને (પરોક્ષ) જાણવાની તાકાત છે એટલે કે જ્ઞાનસમય શબ્દસમય તથા અર્થસમય બન્ને જાણે છે માટે જ્ઞાનસમયનો મહિમા છે."**

(૧) અર્થસમયમાં લોકાલોક આવ્યો. અર્થસમયની પહોળાઈ અથવા ક્ષેત્ર લોકાલોક જેટલું છે ને જ્ઞાનસમયની અથવા ભાવશ્રુત જ્ઞાનની પહોળાઈ પોતાના આત્માના અસંખ્ય પ્રદેશ જેટલી છે. અર્થસમયનું ક્ષેત્ર જ્ઞાનસમય કરતાં મોટું હોવા છતાં ક્ષેત્રનો મહિમા નથી.

(૨) એક સમયની જ્ઞાનની પર્યાયમાં અર્થસમયને એટલે લોકાલોકને જાણવાની તાકાત રહેલી છે, લોકાલોકને જાણવા માટે આત્માના પ્રદેશો લોકાલોક જેટલા કરવા પડે એવું કાંઈ નથી, આત્માને લાંબું થવું પડતું નથી પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહીને જ્ઞાનની પર્યાય લોકાલોકનું જ્ઞાન કરી લ્યે છે માટે જ્ઞાનસમયની અથવા ભાવશ્રુતજ્ઞાનની મહત્તા છે.

(૩) તે જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે. તેમાં શું શું જણાય છે તે નીચે મુજબ છે—

(अ) દ્રવ્ય=અનંતા દ્રવ્યોને તે જાણી લ્યે છે, તેમાં છયે દ્રવ્યો આવી જાય છે. વળી જીવ દ્રવ્યમાં અનંતા સિદ્ધો તથા કેવળી ભગવંતો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એમ પંચ પરમેષ્ઠી જીવો, સાધક તથા બાધક જીવો, ચારે ગતિના તથા અનંતા નિગોદ વગેરેના જીવો તે બધાને તે જાણી લ્યે છે. તેવી રીતે અનંત પુદ્ગલો તથા ધર્મ, અધર્મ વગેરે દ્રવ્ય સમજી લેવાં, આમ દ્રવ્યે અનંતાને જાણે છે.

(ब) ક્ષેત્ર=ક્ષેત્ર અનંત પ્રદેશી છે તેથી જ્ઞાન ક્ષેત્રે અનંત પ્રદેશને જાણે છે.

(क) કાળ=બધાં દ્રવ્યો ત્રિકાળી–અનાદિ અનંત છે, આમ કાળ અપેક્ષાએ પણ જ્ઞાન અનંતને જાણે છે.

(ड) ભાવ=દરેક દ્રવ્યમાં અનંતા ગુણો અથવા ભાવો છે, તે અનંતા ગુણોને જ્ઞાન જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેથી જ્ઞાન ભાવ અપેક્ષાએ અનંતા ભાવોને જાણે છે.

આમ જ્ઞાનસમય અનંતા દ્રવ્યો, ક્ષેત્ર, કાળ ને ભાવને જાણી લ્યે છે તેવી તાકાતવાળો છે. અનંતા સિદ્ધોને જાણી લ્યે છે, પંચ પરમેષ્ઠીને જાણી લ્યે છે. પંચ પરમેષ્ઠીથી જ્ઞાન થતું નથી પણ પોતે પંચ પરમેષ્ઠીને જાણી લ્યે છે.

(૪) આ તો આત્માના આશ્રયે ઉત્પન્ન થયેલા ભાવશ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત બતાવી, છદ્મસ્થ જીવને ભલે અસંખ્ય સમયે ખ્યાલમાં આવે છે ને બધા પદાર્થોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પરોક્ષ રીતે જાણે છે છતાં પણ તેના સમ્યગ્જ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોકના અનંતા પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જાણવાની તાકાત રહેલી છે ને તે પોતાના અસંખ્ય પ્રદેશમાં રહીને અનંતા દ્રવ્યોને, અનંતપ્રદેશી ક્ષેત્રને, અનાદિકાળને તથા અનંતા ભાવોને (પરોક્ષ) જાણી લ્યે છે. આવો જ્ઞાનનો મહિમા છે.

(૫) અહો ! સમ્યગ્જ્ઞાનની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે તો પછી કેવળજ્ઞાનની કેટલી તાકાત સમજવી ? તે તો અનંતાને એક સમયમાં પ્રત્યક્ષ જાણી લ્યે છે. (પણ અહીં છદ્મસ્થના જ્ઞાનસમયની વાત છે.)

(૬) એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયની આટલી તાકાત છે તો પછી તે પર્યાય જેના આશ્રયે પ્રગટ થાય છે એવા જ્ઞાન વગેરે અનંતા ગુણનો ભંડાર આત્મદ્રવ્યના માહાત્મ્યની શું વાત કરવી ? અહો ! મારો જ્ઞાનસ્વભાવ આટલો મહિમાવાળો છે. આમ જેને પોતાના જ્ઞાનસ્વભાવી આત્માનો મહિમા આવે છે તેને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ને તે બધા પદાર્થો યથાર્થ જાણી લ્યે છે ને ક્રમે કરીને વીતરાગતા પ્રગટ કરી કેવળજ્ઞાન પામે છે.

(૭) દ્રવ્યઆગમ (શબ્દસમય)નું જ્ઞાન ભાવઆગમ (જ્ઞાનસમય)થી થાય છે. **ભાવઆગમનો ઉત્પાદ મિથ્યાત્વના નાશથી થાય છે. મિથ્યાત્વનો નાશ જ્ઞાનસ્વભાવી આત્માને આશ્રયે થાય છે ને તે ભાવઆગમ બધા પદાર્થોને (અર્થસમયને) યથાર્થ જાણી લ્યે છે.** આ પ્રમાણે જ્ઞાનસમય શબ્દસમય તથા અર્થસમય બન્નેને જાણે છે માટે જ્ઞાનસ્વભાવનો મહિમા છે. એટલે કે ભાવશ્રુતજ્ઞાનથી પંચાસ્તિકાય સમજાશે પણ પંચાસ્તિકાયથી સમજાશે નહિ અથવા શાસ્ત્રથી ભાવશ્રુતજ્ઞાન થશે નહિ પણ પોતાથી જ્ઞાન થશે.

**ભાવાર્થ :-** અર્થસમય લોક તથા અલોક એમ બે પ્રકારે છે. જ્યાં પાંચ અસ્તિકાય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ એમ પાંચનો સમૂહ છે તેને લોક કહે છે ને જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે તો ''અહીં પાંચ અસ્તિકાયને લોક સંજ્ઞા કેમ કહી ?''

**સમાધાન :-** આ ગ્રંથમાં મુખ્યતાથી પાંચ અસ્તિકાયનું વર્ણન છે. કાળદ્રવ્યનું કથન ગૌણ છે એ કારણે લોકસંજ્ઞા પંચાસ્તિકાયની કહી પણ તેથી કરીને કાળાણુનો અભાવ છે ને લોકમાં તે દ્રવ્ય નથી એમ એનો અર્થ સમજવો નહિ. કાળનું કથન કર્યું નથી તેમાં મુખ્ય–ગૌણના ભેદની અપેક્ષા છે. છ દ્રવ્યોના સમૂહને લોક કહેવો તે કથન પણ પ્રમાણ છે પરંતુ અહીં તે વિવક્ષા નથી. ૩

હવે પાંચ અસ્તિકાયનાં વિશેષ નામ અથવા સામાન્ય-વિશેષ-અસ્તિત્વ અથવા કાયને કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीवा पुग्गलकाया धम्माधम्मा तहेव आयासं।**
**अत्थित्तम्हि य णियदा अणण्णमइया अणुमहंता ॥ ४ ॥**

**जीवाः पुद्गलकाया धर्माधर्मौ तथैव आकाशम्।**
**अस्तित्वे च नियता अनन्यमया अणुमहान्तः ॥ ४ ॥**

**જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ ને આકાશ એ**
**અસ્તિત્વનિયત, અનન્યમય ને અણુમહાન પદાર્થ છે. ૪**

**અન્વયાર્થ :** [जीवाः] જીવો, [पुद्गलकायाः] પુદ્ગલકાયો, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ [तथा एव] તેમ જ [आकाशम्] આકાશ [अस्तित्वे नियताः] અસ્તિત્વમાં નિયત, [अनन्यमयाः] (અસ્તિત્વથી) અનન્યમય [च] અને [अणुमहान्तः] અણુમહાન (પ્રદેશે મોટાં) છે. ।। ૪ ।।

---

**तात्पर्यवृत्ति** : अथ पंचास्तिकायानां विशेषसंज्ञाः सामान्यविशेषास्तित्वकायत्वं च प्रतिपादयति—**जीवा पोग्गलकाया धम्माधम्मं तहेव आयासं** जीवपुद्गलधर्माधर्माकाशानीति पंचास्तिकायानां विशेषसंज्ञा अन्वर्था ज्ञातव्याः। **अत्थित्तम्हि य णियदा** अस्तित्वे सामान्यविशेषसत्तायां नियताः स्थिताः। तर्हि सत्तायाः सकाशात्कुण्डे बदराणीव भिन्ना भविष्यन्ति। नैवं। **अणण्णमइया** अनन्यमया अपृथग्भूताः यथा घटे रूपादयः शरीरे हस्तादयः स्तम्भे सार इत्यनेन व्याख्यानेनाधाराधेयभावेप्यविनास्तित्वं भणितं भवति। इदानीं कायत्वं चोच्यते **अणुमहंता** अणुमहान्तः अणुना परिच्छिन्नत्वादणुशब्देनात्र प्रदेशा गृह्यन्ते, अणुभिः प्रदेशैर्महान्तः द्व्यणुकस्कन्धापेक्षया द्वाभ्यामणुभ्यां महान्तो ऽणुमहान्तः इति कायत्वमुक्तं। एकप्रदेशाणोः कथं कायत्वमिति चेत्। स्कन्धानां कारणभूतायाः स्निग्धरूक्षत्वशक्तेः सद्भावादुपचारेण कायत्वं भवति। कालाणूनां पुनर्बन्धकारणभूतायाः स्निग्धरूक्षत्वशक्तेरभावादुपचारेणापि कायत्वं नास्ति। शक्त्यभावोपि कस्मात् ? अमूर्तत्वादिति पंचास्तिकायानां विशेषसंज्ञा अस्तित्वं कायत्वं चोक्तं। अत्र गाथासूत्रेऽनन्तज्ञानादिरूपः शुद्धजीवास्तिकाय एवोपादेय इति भावार्थः ॥ ४ ॥

**समयव्याख्या : अत्र पञ्चास्तिकायानां विशेषसंज्ञा सामान्यविशेषास्तित्वं कायत्वं चोक्तम्। तत्र जीवाः पुद्गलाः धर्माधर्मौ आकाशमिति तेषां विशेषसंज्ञा अन्वर्थाः प्रत्येयाः। सामान्यविशेषास्तित्वञ्च तेषामुत्पादव्ययध्रौव्यमय्यां सामान्यविशेषसत्तायां नियतत्वाद्व्यवस्थितत्वादवसेयम्। अस्तित्वे नियतानामपि न तेषामन्यमयत्वम्, यतस्ते सर्वदैवानन्यमया आत्मनिर्वृत्ताः। अनन्यमयत्वेऽपि तेषामस्तित्वनियतत्वं नयप्रयोगात्। द्वौ हि नयौ भगवता प्रणीतौ – द्रव्यार्थिकः पर्यायार्थिकश्च। तत्र न खल्वेकनयायत्ता देशना किन्तु तदुभयायत्ता। ततः पर्यायार्थादेशादस्तित्वे स्वतः कथंचिद्भिन्नेऽपि व्यवस्थिताः द्रव्यार्थादेशात्स्वयमेव सन्तः सतोऽनन्यमया भवन्तीति। कायत्वमपि तेषामणुमहत्त्वात्। अणवोऽत्र प्रदेशा मूर्तोऽमूर्ताश्च निर्विभागांशास्तैः महान्तोऽणुमहान्तः प्रदेशप्रचयात्मका इति सिद्धं तेषां कायत्वम्। अणुभ्यां महान्त इति व्युत्पत्त्या द्व्यणुकपुद्गलस्कन्धानामपि तथाविधत्वम्। अणवश्च महान्तश्च व्यक्तिशक्तिरूपाभ्यामिति परमाणूनामेकप्रदेशात्मकत्वेऽपि तत्सिद्धिः। व्यक्त्यपेक्षया शक्त्यपेक्षया च प्रदेशप्रचयात्मकस्य महत्त्वस्याभावात्कालाणूनामस्तित्वनियतत्वेऽप्यकायत्वमनेनैव साधितम्। अत एव तेषामस्तिकायप्रकरणे सतामप्यनुपादानमिति ॥ ४ ॥**

**અનુવાદ :** અહીં (આ ગાથામાં) પાંચ અસ્તિકાયોની વિશેષસંજ્ઞા, સામાન્યવિશેષ-અસ્તિત્વ તથા કાયત્વ કહેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં, જીવો, પુદ્‌ગલો, ધર્મ, અધર્મ અને આકાશ—એ તેમની વિશેષસંજ્ઞાઓ અન્વર્થ જાણવી.

તેઓ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમયી સામાન્યવિશેષસત્તામાં નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી તેમને સામાન્યવિશેષઅસ્તિત્વ પણ છે એમ નક્કી કરવું. તેઓ અસ્તિત્વમાં નિયત હોવા છતાં (જેમ વાસણમાં રહેલું ઘી વાસણથી અન્યમય છે તેમ) અસ્તિત્વથી અન્યમય નથી; કારણ કે તેઓ સદાય પોતાથી નિષ્પન્ન (અર્થાત્ પોતાથી સત્) હોવાને લીધે (અસ્તિત્વથી) અનન્યમય છે (જેમ અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ). ‘અસ્તિત્વથી અનન્યમય’ હોવા છતાં તેમનું ‘અસ્તિત્વમાં નિયતપણું’ નયપ્રયોગથી છે. બે નયો ભગવાને કહ્યા છે—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં કથન એક નયને આધીન હોતું નથી પરંતુ તે બન્ને નયોને આધીન હોય છે. માટે તેઓ પર્યાયાર્થિક કથનથી જે પોતાથી કથંચિત્ ભિન્ન પણ છે એવા અસ્તિત્વમાં વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે અને દ્રવ્યાર્થિક કથનથી સ્વયમેવ સત્ (વિદ્યમાન, હયાત) હોવાને લીધે અસ્તિત્વથી અનન્યમય છે.

તેમને કાયપણું પણ છે કારણ કે તેઓ અણુમહાન છે. અહીં અણુઓ એટલે કે પ્રદેશો—મૂર્ત અને અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાના) અંશો; ‘તેમના વડે (બહુ પ્રદેશો વડે) મહાન હોય’ તે અણુમહાન; એટલે પ્રદેશપ્રચયાત્મક (પ્રદેશોના સમૂહમય) હોય તે અણુમહાન. આ રીતે તેમને (ઉપર્યુક્ત પાંચ દ્રવ્યોને) કાયત્વ સિદ્ધ થયું. (ઉપર જે અણુમહાનની વ્યુત્પત્તિ કરી તેમાં અણુઓને અર્થાત્ પ્રદેશોને માટે બહુવચન વાપર્યું છે અને સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે બહુવચનમાં દ્વિવચન સમાતું નથી તેથી હવે વ્યુત્પત્તિમાં જરા ભાષાનો ફેર કરીને દ્વિઅણુક સ્કંધોને પણ અણુમહાન બતાવીને તેમનું કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે :) ‘બે અણુઓ (બે પ્રદેશો) વડે મહાન હોય’ તે અણુમહાન—એવી વ્યુત્પત્તિથી દ્વિઅણુક પુદ્‌ગલસ્કંધોને પણ (અણુમહાનપણું હોવાથી) કાયત્વ છે. (હવે પરમાણુઓને અણુમહાનપણું કઈ રીતે છે તે બતાવીને પરમાણુઓનું પણ કાયત્વ સિદ્ધ કરવામાં આવે છે :) વ્યક્તિ અને શક્તિરૂપે ‘અણુ તેમ જ મહાન’ હોવાથી (અર્થાત્ પરમાણુઓ વ્યક્તિરૂપે એકપ્રદેશી અને શક્તિરૂપે અનેકપ્રદેશી હોવાથી) પરમાણુઓને પણ, તેમને એકપ્રદેશાત્મકપણું હોવા છતાં પણ, (અણુમહાનપણું સિદ્ધ થવાથી) કાયત્વ સિદ્ધ થાય છે. કાળાણુઓને વ્યક્તિ-અપેક્ષાએ તેમ જ શક્તિ-અપેક્ષાએ પ્રદેશ-પ્રચયાત્મક મહાનપણાનો અભાવ હોવાથી, જોકે તેઓ અસ્તિત્વમાં નિયત છે તોપણ, તેમને અકાયત્વ છે એમ આનાથી જ (આ કથનથી જ) સિદ્ધ થયું. માટે જ, જોકે તેઓ સત્ (વિદ્યમાન) છે તોપણ, તેમને અસ્તિકાયના પ્રકરણમાં લીધા નથી. ૪

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૭ ગુરુવાર]

### સિદ્ધો તથા નિગોદના જીવોનો સ્વભાવ તારા જ્ઞાનમાં જણાવાનો છે ને તારા જ્ઞાનનો સ્વભાવ તેને જાણવાનો છે.

**અર્થ :** અનંત જીવ દ્રવ્ય, અનંત પુદ્‌ગલ દ્રવ્ય છે, એક ધર્મ દ્રવ્ય છે, એક અધર્મ દ્રવ્ય ને એક આકાશદ્રવ્ય એમ પાંચના વિશેષ નામ છે તેને સમૂહમાં પંચાસ્તિકાય કહે છે.

જીવો અનંતા છે. તેમાં સિદ્ધો નિગોદ જીવના કરતાં અનંતમે ભાગે હોવા છતાં સિદ્ધો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતા છે. નિગોદના જીવો તેના કરતાં અનંતગણા છે, તે સિવાયના બીજા જીવો અસંખ્યાતા ને સંખ્યાતા છે. તે જ્ઞાનમાં જણાય છે. અનંતા સિદ્ધો તારા દેવ છે ને અનંતા નિગોદના જીવ તારે દયા પાળવા યોગ્ય છે, એમ કહ્યું નથી. કોઈ જીવ કહે : ''અહો ! આપણા જૈનધર્મમાં અનંતા જીવો કહ્યા છે, તેવું લખાણ આપણા સિવાય બીજા કોઈ મતમાં નથી, માટે આપણે નિગોદના જીવોની દયા પાળવી જોઈએ'' આમ અજ્ઞાની માને છે. તેને અહીં જવાબ આપે છે.

(૧) સિદ્ધના જીવો તને કહેતા નથી કે અમને દેવ માન અથવા પૂજ્ય માન. તે જીવનો એવો સ્વભાવ નથી. તેનો સ્વભાવ તો માત્ર તારા જ્ઞાનમાં જીવદ્રવ્ય તરીકે જણાવાનો છે.

(૨) તારા જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે તેઓ સિદ્ધ છે માટે તું તેને દેવ અથવા પૂજ્ય માન. તારા જ્ઞાનનો સ્વભાવ સિદ્ધના જીવો છે એટલું માત્ર જાણવાનો છે.

(૩) નિગોદના જીવો તને કહેતા નથી કે તું અમારી દયા પાળ. દયા પળાવા યોગ્ય સ્વભાવવાળા તે જીવો નથી. માત્ર તે તો તારા જ્ઞાનમાં જીવદ્રવ્ય તરીકે જણાવા યોગ્ય છે.

(૪) તારો-તારા જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે તું તેની દયા પાળ. દયા તો રાગ છે ને રાગ તારું સ્વરૂપ નથી. તેને જાણવાનો તારો સ્વભાવ છે.

(૫) વળી તે નિગોદ અને સિદ્ધના જીવો છે માટે તને જ્ઞાન થાય છે એમ પણ નથી પણ તારા આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ યથાર્થ જાણતાં અનંત પરપદાર્થોને તું જાણી શકે એમ છો. એ પદાર્થ વડે તું જણાય એવો નથી પણ તારા વડે તું જણાય એવો છે.

આ પ્રમાણે સાચું જ્ઞાન થતાં પર ઉપરની દૃષ્ટિ છૂટી જતાં ને સ્વમાં એકાગ્ર થતાં સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે.

**સ્વને જાણવું તે નિશ્ચય જાણવો ને રાગને જાણવો તે વ્યવહાર,**
**આમ નિશ્ચય-વ્યવહારને અવિરોધપણે સાધક જીવ જાણે છે.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે : તમે દયા પાળવાની તો ના પાડો છો, પણ શુભરાગને શુદ્ધતાનું સાધન કહ્યું છે ને ? (ગાથા ૧૭૨)

સમાધાન : શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ૧૭૨મી ગાથામાં શુભરાગને વ્યવહાર કહે છે ને વ્યવહારને નિશ્ચયનું સાધન કહે છે. પણ તે શુભરાગનું જ્ઞાન કરાવવા માટે છે. સાધક જીવને ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલતાં રાગ બાધકભાવ રૂપે જેટલો બાકી છે તેને પર તરીકે જાણી લ્યે છે. તે રાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે હોય છે, તે વ્યવહારરત્નત્રયના પરિણામને જાણી લ્યે છે. ત્યાં રાગનું જ્ઞાન કરાવે છે, પણ રાગ વડે તથા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પરદ્રવ્ય વડે નિર્મળતા અથવા શુદ્ધતા થાય તેમ કહેતા નથી.

(૧) જો સાધક દશામાં રાગ બિલકુલ નથી જ એમ માને તો વિરોધ આવે છે. કારણ કે હજુ સંપૂર્ણ વીતરાગતા પ્રગટી નથી.

(૨) જો રાગથી કલ્યાણ માને તોપણ વિરોધ આવે છે. કારણ કે રાગથી અરાગપણું પ્રગટે નહિ.

(૩) પણ સાધક જીવને ભાવશ્રુતજ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલે છે તેને અંશે વીતરાગતા છે અને અંશે રાગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વને જાણતાં રાગને જાણી લ્યે છે. આમ સ્વને જાણવું તે નિશ્ચય, રાગને પર તરીકે જાણી લેવો તે વ્યવહાર છે. આમ નિશ્ચય તથા વ્યવહારને અવિરોધપણે જાણી લેવાનું ગાથા ૧૭૨માં બતાવ્યું છે. બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે.

**"ભાવશ્રુતજ્ઞાન પાંચ અસ્તિકાયને સ્વ–પરપ્રકાશક સ્વભાવથી જાણે છે, પણ તે પદાર્થો છે માટે જાણે છે એમ નથી."**

પંચાસ્તિકાયનું વર્ણન કરતાં અનંતા જીવો કહ્યા, અનંતાનંત પુદ્‌ગલો છે, ધર્મ અને અધર્મ દ્રવ્યલોકપ્રમાણ અરૂપી પદાર્થ છે ને આકાશ સર્વવ્યાપી છે ને અરૂપી છે. તે પદાર્થો આત્માને જ્ઞાન કરાવે એવો તે પદાર્થોનો સ્વભાવ નથી. તેમ જ આત્માનો સ્વભાવ પણ તેના વડે જ્ઞાન કરવાનો નથી. પણ જીવ પોતે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કરે તો ધર્મ આદિ દ્રવ્યોને યથાર્થ રીતે પરોક્ષ જાણે છે ને કેવળી ભગવાન પ્રત્યક્ષ જાણે છે. આમ પાંચને સમૂહમાં પંચાસ્તિકાય કહે છે. તેનું કથન શબ્દસમયમાં કહેવાય છે ને તે શબ્દસમયનું જ્ઞાન આત્મા દ્વારા થાય છે. રાગરહિત થઈને આટલું જાણવાની તાકાતવાળું જ્ઞાન છે એમ જે ન સ્વીકારે, તેમ જ છ દ્રવ્યના કથનને ન સ્વીકારે તો તેનાં શાસ્ત્ર ખોટાં, પદાર્થો ખોટા ને જ્ઞાન પણ ખોટું છે. તે પદાર્થો વડે જ્ઞાન થતું નથી પણ આત્મા રાગરહિત જ્ઞાન વડે પદાર્થોને જાણે છે. જ્ઞાનસમય અથવા શ્રુતજ્ઞાન જીવના જ્ઞાનગુણની પર્યાય છે. પણ તે જ્ઞાનપર્યાય પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાય એમ ત્રણેને જાણે છે.

**દરેક દ્રવ્યની સામાન્ય અને વિશેષ સત્તા પોતામાં છે, એક દ્રવ્યની સત્તા બીજા દ્રવ્યને લીધે નથી.**

આ પ્રમાણે દરેક પદાર્થ પોતાના સામાન્ય અને વિશેષ અસ્તિત્વમાં નિશ્ચિત છે. અસ્તિકાયની અપેક્ષાએ સામાન્યપણું છે ને જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ એમ જુદા–જુદા નામની અપેક્ષાએ વિશેષપણું છે. વળી તેમાં પણ દરેક દ્રવ્યમાં પોતામાં ત્રિકાળી અસ્તિત્વ એટલે સામાન્ય અસ્તિત્વ છે ને સમય–સમયનું વર્તમાન તે વિશેષ અસ્તિત્વ છે. એવી રીતે દરેક અસ્તિકાય પોતાના ત્રિકાળીપણામાં (દ્રવ્ય–ગુણમાં) ને વર્તમાન (પર્યાય)માં એટલે કે સામાન્ય–વિશેષમાં નિશ્ચિત છે. કોઈ બીજા દ્રવ્યના કારણે નથી તથા પોતાની સત્તાથી ભિન્ન નથી પણ એકમેક છે. જીવની પર્યાય કર્મને લીધે હોય તો જીવનું વિશેષ રહેતું નથી. જીવને લીધે શરીરની પર્યાય હોય તો પરમાણુનું વિશેષ રહેતું નથી. દરેકની (વર્તમાન) વિશેષ સત્તા પોતામાં અભિન્ન રહે છે. આમ દરેક પદાર્થની સામાન્ય ને વિશેષ સત્તા પોતામાં પોતાના કારણે રહેલી છે પણ પરને લીધે નથી એમ ભાવશ્રુતજ્ઞાન જાણે છે.

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૯ શનિવાર]

**"જગતમાં પાંચ અસ્તિકાય છે ને જીવનો તે બધાને જાણવાનો સ્વભાવ છે."**

આત્માનો જ્ઞાનસ્વભાવ છે ને તે પાંચ અસ્તિકાયને જાણે તેવો છે. તે પદાર્થો છે માટે જ્ઞાન કરે છે એમ નથી પણ આત્માના સ્વ–પરપ્રકાશક સ્વભાવને લીધે પાંચે અસ્તિકાય જણાઈ જાય છે. પાંચે હોવાપણાની અપેક્ષાએ સામાન્ય છે ને દરેકનું અસ્તિકાય જુદું-જુદું છે તે વિશેષ છે. તેમાં કાય કેટલા છે તેનું વર્ણન કરશે.

(૧) અનંતા જીવ દ્રવ્યો છે તે આત્માની ભાવશ્રુતજ્ઞાન પર્યાયમાં જણાય એવા છે. અનંતા સિદ્ધો ને કેવલીઓ વગેરે જીવો તે અર્થસમય છે એટલે પદાર્થો છે તે બધાને જાણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવાની તાકાત ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલે જ્ઞાનસમયમાં રહેલી છે, તે સિદ્ધોથી જ્ઞાન થતું નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવ વડે અનંતા સિદ્ધો તથા અનંતા નિગોદના જીવો રાગરહિતપણે જણાઈ જાય છે.

(૨) જીવદ્રવ્ય કરતાં અનંતગુણાં પુદ્ગલ દ્રવ્યો છે. એક પરમાણુથી માંડીને અનંતા પુદ્ગલના સ્કંધો છે તેનાં વડે જ્ઞાન થાય છે એમ નથી, પણ ભાવશ્રુત જ્ઞાન તે બધાને જાણી લ્યે છે.

(૩/૪) ચૌદ બ્રહ્માંડમાં લોકપ્રમાણ ધર્મ ને અધર્મ દ્રવ્ય છે. તે પદાર્થો છે માટે જ્ઞાન તેને જાણે છે એમ નથી, પણ જીવ પોતાની તાકાતથી ભાવશ્રુતજ્ઞાન દ્વારા તેને જાણે છે.

(૫) લોકાકાશ ને અલોકાકાશ મળી આકાશ આખું દ્રવ્ય છે તેને પણ આત્મા જાણી લ્યે છે. આમ પાંચ અસ્તિકાયને આત્મા જાણી લ્યે છે. કાળ અસ્તિ છે પણ કાય નથી એમ થઈને છ દ્રવ્યોને જાણવાનો સ્વભાવ જ્ઞાનનો છે. આવડો મોટો સ્વભાવ કબૂલે નહિ અથવા ઓછું જાણવાની તાકાતવાળો માને અથવા વિપરીત જાણે ત્યાં સુધી સાચું જ્ઞાન થતું નથી ને સાચું જ્ઞાન નહિ થતાં ધર્મ થતો નથી.

**"દરેક દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે, ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપને સત્તા અથવા અસ્તિત્વ કહે છે. દરેકની સત્તા પોતાને લીધે છે, પરદ્રવ્યને લીધે નથી."**

પાંચ અસ્તિકાય મહાસત્તારૂપે છે ને 'છે' કહેતાં પાંચે અસ્તિકાય આવી જાય છે. પણ 'છે' કહ્યું તેથી કરીને બધા થઈને એક થઈ જાય એમ નથી. કોઈની સત્તા કોઈમાં ભળતી નથી. દરેક પદાર્થ પોતાની સત્તા જુદી જાળવી રાખે છે. દરેક દ્રવ્ય સામાન્ય ને વિશેષ અસ્તિત્વમાં નિશ્ચિત છે. પોતાની સત્તાથી જુદું નથી. સત્તા અને સત્તાવાન અભેદ છે, ભેદ નથી. દરેક પરમાણુ એક સમયમાં પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સત્તામય છે. ઉત્પાદ એટલે નવી અવસ્થાપણે ઊપજવું ને વ્યય એટલે પૂર્વ અવસ્થાનો નાશ થવો ને ધ્રુવ એટલે કાયમ રહેવું, સદૃશપણે રહેવું, એમ ત્રણ થઈને વસ્તુ છે. એક જીવમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ બીજા જીવનાં અથવા પરમાણુનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવને લીધે નથી ને પરમાણુનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ જીવનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવને લીધે નથી, કોઈ પણ પદાર્થ પોતાની સત્તા છોડીને બીજાની સત્તાને અડતો નથી. આત્મામાં અનંતા ગુણોની અવસ્થા એક સમયમાં ઉત્પાદ થાય ને એક સમયમાં વ્યય થાય ને પોતે ધ્રુવપણે કાયમ રહે, આમ હોવાથી એક આત્મા બીજા આત્માનું અથવા શરીર વગેરે જડનું કાંઈ કરી દે એમ બનતું નથી, કોઈનું હોવાપણું કોઈને લીધે નથી. આમ હોવાથી હું છું તો બીજા માણસો સમજે છે, હું છું તો બીજા ભય પામે, બીજાને લીધે હું ભય પામું, હું છું તો છોકરાં માને તે વાત રહેતી નથી, કારણ કે દરેક પદાર્થ પોતાનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વભાવથી ટકેલો છે.

(૧) બધા પદાર્થ છે તે અપેક્ષાએ બધામાં સામાન્યપણું છે ને દરેક જુદા–જુદા પણ છે, તે વિશેષ છે.

(૨) વળી દરેક દ્રવ્યમાં ત્રિકાળી હોવાપણું તે સામાન્ય છે ને વર્તમાન તે વિશેષ છે અથવા ધ્રુવપણું તે સામાન્ય છે ને ઉત્પાદ-વ્યયપણું તે વિશેષ છે. આમ દરેક પદાર્થ પોતાની સત્તા—સામાન્ય ને વિશેષથી જુદો નથી.

જે ઉત્પાદ–વ્યયસ્વરૂપ છે તે સત્તા છે ને જે સત્તા છે તેને અસ્તિત્વ કહે છે ને જે અસ્તિત્વ છે તે સામાન્ય ને વિશેષાત્મક છે. પાંચ અસ્તિકાય પોતપોતાના અસ્તિત્વમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિત્વ છે તે પોતાના દ્રવ્યથી અભેદરૂપ છે. દરેક વસ્તુનું હોવાપણું વસ્તુથી જુદું નથી, ગોળના પ્રદેશો ગોળથી જુદા નથી, કર્મના પરમાણુ તેના દ્રવ્યથી જુદા નથી—એકમેક છે પણ આત્માથી જુદા છે. કર્મ ને આત્મા ક્ષીરનીરની જેમ ભેગા છે એમ કહ્યું છે ને ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એમ છે કે, દૂધ ને પાણી ભેગાં કહેતાં દૂધ ને પાણી જુદી વસ્તુ છે તેમ કર્મ મૂર્ત ને આત્મા અમૂર્ત એક ક્ષેત્રે છે એમ કહેતાં બન્ને જુદાં છે, કર્મનો ઉત્પાદ કર્મના પરમાણુના સામાન્યને લીધે છે. તે આત્માને લીધે નથી. આત્મામાં વિકારનો ઉત્પાદ આત્માને લીધે છે, કર્મના ઉત્પાદને લીધે નથી. આમ સાચી સમજણ કરે તો શાંતિ થાય.

**"સત્તા ગુણ પોતાના દ્રવ્યથી જુદો નથી પણ સત્તા ને સત્તાવાન અભિન્ન છે"**

આમ દરેક વસ્તુની સત્તા પોતાથી અભેદ છે પણ કોઈ વાસણમાં કોઈ ચીજ મૂકો તેવી રીતે નથી. થાળીમાં લાડવો રહેલો છે, ડબામાં તેલ છે તેમ દ્રવ્યમાં સત્તા ગુણ રહેલો છે એમ નથી, પણ તેલની ચીકાશ ને તેલ જેમ રહેલાં છે તેમ દ્રવ્ય ને તેની સત્તા રહેલી છે અથવા ઘટ ઘટ રૂપ છે તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઘડાથી જુદા નથી. જેમ અગ્નિ ને ઉષ્ણતા એક છે—જુદી નથી તેમ આત્મા ને તેનો સત્તા ગુણ જુદા નથી પણ એકમેક છે. આત્મા એક બાજુ રહે ને તેની સત્તા બીજે રહી જાય એમ બને નહિ, સત્તા તથા દ્રવ્યને સંજ્ઞા, સંખ્યા ને લક્ષણભેદે ભેદ હોવા છતાં પ્રદેશભેદે ભેદ નથી, સત્તા ને દ્રવ્ય અભેદ છે.

**"નય શ્રુતજ્ઞાનમાં પડે છે, તેના બે પ્રકાર (૧) દ્રવ્યાર્થિક નય (૨) પર્યાયાર્થિક નય"**

જિનેન્દ્ર ભગવાને બે નય કહ્યા છે. નય એટલે શ્રુતજ્ઞાનનું પડખું. જ્ઞાનગુણ ત્રિકાળ છે, શ્રુતજ્ઞાન તેની એક પર્યાય છે. તેના બે અંશો પડે છે તેને નય કહે છે.

**મતિજ્ઞાન વર્તમાનકાલિક જ્ઞાન છે, તે ત્રિકાળને જાણતું નથી, શ્રુતજ્ઞાન ત્રિકાળને જાણે છે. મતિજ્ઞાનમાં તેવી તાકાત નથી, તેથી મતિજ્ઞાનમાં નય પડતા નથી, પણ શ્રુતજ્ઞાનમાં ત્રિકાળી વિષયને જાણવાની તાકાત છે માટે નય પડે છે.** વળી નય પરોક્ષ જ્ઞાન છે ને અવધિ, મનઃપર્યાય જ્ઞાન અંશે પ્રત્યક્ષ છે ને કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ જ્ઞાનનો ભાગ પરોક્ષ ન હોઈ શકે માટે તે ત્રણ જ્ઞાનમાં પણ નય પડતા નથી, માત્ર શ્રુતજ્ઞાનમાં નય પડે છે.

**આત્મા રાગરહિત છે એવો અંતર નિર્ણય કરતાં જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે** તેમાં બે પડખાં પડે છે : એક દ્રવ્યાર્થિક નય ને એક પર્યાયાર્થિક નય, એમ બે નય છે.

**દ્રવ્યાર્થિક નયઃ** દ્રવ્ય સામાન્ય, આર્થિક=પ્રયોજન જેનું, એટલે જે જ્ઞાનના અંશનું પ્રયોજન આત્મા અથવા પરમાણુના **સામાન્યને એટલે કે ત્રિકાળી શક્તિને લક્ષમાં લેવાનું છે તે જ્ઞાનના અંશને દ્રવ્યાર્થિક નય કહે છે.**

**પર્યાયાર્થિક નય :** પર્યાય=વર્તમાન અવસ્થા, આર્થિક=પ્રયોજન જેનું, એટલે જે જ્ઞાનના અંશનું પ્રયોજન આત્મા અથવા પરમાણુની વર્તમાન અવસ્થાને લક્ષમાં લેવાનું છે તે જ્ઞાનના અંશને પર્યાયાર્થિક નય કહે છે.

**"કોઈ જીવ એક અંશને એકાંત માને તો તેનું જ્ઞાન સાચું નથી"**

અજ્ઞાની જીવોને નયોના સ્વરૂપની ખબર નથી એટલે ગોટા વાળે છે કે મારાથી પરનાં કામ થાય ને પરથી મારામાં કામ થાય. શાસ્ત્રમાં બે નયોનું કથન આવે છે. તે બેમાંથી એક નય ન માનવામાં આવે તો તત્ત્વ સાચું જાણ્યું કહી શકાતું નથી, જેમ કે કોઈ જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્ય સદ્દશ સ્વભાવને એકને જ લક્ષમાં લ્યે ને આત્માને એકાંત કૂટસ્થ માને ને બીજું પડખું પરિણમનનું એટલે પલટનનું ખ્યાલમાં ન લ્યે તો તેનું જ્ઞાન સાચું નથી, ને કોઈ જીવ અનિત્ય–ક્ષણિક પડખું એટલે પર્યાયને એકને જ ખ્યાલમાં લ્યે પણ ધ્રુવ રહેનારા પદાર્થને–સામાન્ય-સ્વભાવને ખ્યાલમાં ન લ્યે તોપણ તેનું જ્ઞાન સાચું નથી પણ ઉત્પાદ વ્યય તે પર્યાય, ધ્રુવ તે સામાન્ય એમ ખ્યાલમાં લ્યે તો વસ્તુ પૂરી ખ્યાલમાં આવે છે.

**"દ્રવ્યાર્થિક નયથી દરેક દ્રવ્ય પોતાના સત્તાગુણથી અભેદ છે ને ગુણભેદની અપેક્ષાએ અનેક છે, ભેદસ્વરૂપ છે"**

આત્મા અને પરમાણુમાં હોવાપણાનો ગુણ છે તે ગુણ, ગુણીથી અભેદ છે (અહીં આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યના દાખલા આપ્યા છે, બાકીનાં ચાર દ્રવ્યોમાં પણ એમ સમજી લેવું). સત્તા ગુણ ને સત્તાવાન દ્રવ્ય અભેદ છે, પ્રદેશે ભેદ છે એમ દ્રવ્યાર્થિક નયથી જાણવામાં આવે છે, ને પર્યાયાર્થિક નયથી જોવામાં આવે તો ગુણ ને ગુણીનો ભેદ છે.

દ્રવ્યાર્થિક નયથી પોતા સાથે સંબંધ ધરાવે તે પર્યાયાર્થિક નયથી પર સાથે સંબંધ ધરાવે છે એમ છે જ નહિ, અહીં તો બંને નય પોતામાં ઊતરેલ છે.

આત્મા અને તેના સત્તાગુણને અભેદથી જુઓ તો એક છે ને ગુણગુણીના ભેદથી અથવા પર્યાયોથી અનેક છે. પરમાણુ અને તેના સત્તાગુણને અભેદથી જુઓ તો એક છે ને ભેદદ્રષ્ટિથી જુઓ તો ગુણો ને પર્યાયો અનેક છે.

આત્મા અને પરમાણુ તો ત્રણે કાળ ભેદસ્વરૂપ છે, આ તો ભેદ–અભેદ પોતામાં ઉતાર્યા છે. આ પ્રમાણે દરેક અસ્તિકાય પોતાની સત્તાથી અભિન્ન છે.

**"જીવ, ધર્મ, અધર્મ, આકાશ—ચાર અસ્તિકાય અખંડ કાયવંત છે"**

વળી પાંચ અસ્તિકાય અનેકપ્રદેશી છે. આત્મા, ધર્મ, અધર્મ, આકાશ અમૂર્તિક અનેકપ્રદેશી છે ને પુદ્‌ગલ તે મૂર્તિક છે. ઘણા પરમાણુ ભેગા થઈને સ્કન્ધરૂપ થવાની લાયકાત છે. તેથી પુદ્‌ગલ પણ મૂર્તિક અનેકપ્રદેશી છે. પ્રદેશ એટલે નાનામાં નાનું ક્ષેત્ર, એક પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે.

**ભાવાર્થ :** પહેલાં પાંચ દ્રવ્યો અસ્તિરૂપ સાબિત કર્યાં. હવે કાયવંત પણ છે એટલે પ્રદેશવાળાં છે એમ બતાવે છે. જીવ, ધર્મ, અધર્મ અસંખ્યપ્રદેશી છે, પ્રદેશે સરખા છે પણ ક્ષેત્રે સરખા નથી. ધર્મ, અધર્મ, લોકના ક્ષેત્રપ્રમાણે છે ને જીવ પોતાના શરીરપ્રમાણ ક્ષેત્રે છે ને કેવળસમુદ્‌ઘાત વખતે લોકપ્રમાણ છે. આકાશ અનંતપ્રદેશી છે. જેમ શરીર અંગી છે—અવયવી છે ને હાથ, પગ, મોઢું વગેરે તેના અવયવ છે તેમ (પ્રત્યેક) આત્મા દ્રવ્યે એક ને તેના પ્રદેશો અસંખ્ય છે. ધર્મદ્રવ્ય દ્રવ્યે એક ને તેના પ્રદેશો અસંખ્ય છે અને અધર્મદ્રવ્ય દ્રવ્યે એક ને તેના પ્રદેશો અસંખ્ય છે. આકાશ દ્રવ્યે એક ને તેના પ્રદેશો અનંત છે. જેમ શરીરને હાથ, પગ, વગેરે અવયવ હોવાથી શરીરને કાયા કહે છે તેમ આત્મા વગેરેને પ્રદેશો અનેક હોવાથી કાય કહે છે. ચાર દ્રવ્ય અખંડ કાયવાન છે તેમાં જેના જેટલા પ્રદેશો છે, તેમાંથી ઓછાવત્તા થતા નથી.

**"પરમાણુમાં સ્કન્ધરૂપ થવાની યોગ્યતા છે માટે તેને પણ અસ્તિકાય કહે છે"**

જોકે પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે તોપણ તેમાં મિલનશક્તિ છે એટલે સ્કન્ધરૂપ થવાની યોગ્યતા છે. બે અણુના સ્કન્ધથી માંડીને અનંત પરમાણુનો સ્કન્ધ થઈ શકે છે તેથી પુદ્‌ગલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય કાયવંત એટલે પ્રદેશવાળું કહેવાય છે, કાળમાં સ્પર્શ ગુણ નથી તેથી તેમાં મિલનશક્તિ નથી, આ કારણે કાળને અસ્તિકાય કહેલ નથી.

**"એક પરમાણુ બીજા સાથે મળીને સ્કન્ધરૂપે થાય ત્યારે પણ દરેક પોતાની સત્તામાં રહેલું છે, બીજામાં ભળી જતું નથી."**

વળી તે પરમાણુ બીજા સાથે મળીને સ્કન્ધરૂપે થાય ત્યારે તે પરમાણુ કદમાં પહોળો થઈ જતો નથી. સ્થૂલરૂપે અથવા સૂક્ષ્મરૂપે પરિણમવાની તે તે પરમાણુની લાયકાત છે. બીજા પરમાણુને લીધે તે નથી. વળી તે પરમાણુ સ્થૂલસ્કન્ધમાં ભળે ત્યારે કદમાં મોટો થતો નથી, તેમજ પોતાની સત્તાને છોડતો નથી.

ગાથા ૮૧માં કહ્યું છે કે, જોકે પોતાના લૂખાશ ને ચીકાશ ગુણોના કારણે અનેક પરમાણુરૂપ સ્કન્ધની અવસ્થા ધારણ કરી વ્યવહારથી એક સ્કન્ધ કહેવાય છે તોપણ દરેક પરમાણુ પોતાના એકરૂપ સ્વભાવને છોડતો નથી. સદા એક જ દ્રવ્ય રહે છે, વ્યવહારે સ્કન્ધરૂપે થવાની યોગ્યતા પણ પોતાના કારણે છે, બીજા પરમાણુને લીધે નથી ને વ્યવહારે સ્કન્ધ થવા છતાં દરેક પરમાણુ દ્રવ્ય સ્વતંત્ર સત્તા જાળવી રહેલ છે. આમ પરમાણુ જડ હોવા છતાં જડની શક્તિથી જ્ઞાન વિના કામ કરી રહ્યું છે. આમ કર્મના સ્કન્ધમાં પણ એક કર્મના પરમાણુને બીજા પરમાણુ સાથે અભાવ છે ને પોતે સ્વતંત્ર રહેલ છે તો પછી કર્મનો ઉદય આત્માને હેરાન કરે તે વાત તદ્દન ભ્રમ છે. કર્મ અને આત્માને અત્યંત અભાવ છે તે આત્માને હેરાન કરી શકે નહિ. આ પ્રમાણે પુદ્ગલ સહિત પાંચ અસ્તિકાય જાણવા.

**"પાંચે અસ્તિકાયને રાગરહિત જાણવાનો સ્વભાવ મારો છે એમ સ્વનો મહિમા આવતાં ને સ્વ તરફ ઢળતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ને ક્રમે ક્રમે વીતરાગતા થાય છે."**

આ પ્રમાણે પાંચ અસ્તિકાયનું સ્વરૂપ કહ્યું તેને અર્થસમય કહે છે. અર્થસમય એટલે તે તે પદાર્થો ભગવાન, મૂર્તિ, ભાષા વગેરેની અવસ્થા એટલે વિશેષ તે તે પદાર્થને લીધે છે પરને લીધે નથી. તે બધાને જેમ છે તેમ જાણી લેવાનું જ્ઞાનનું કામ છે. વળી **જ્ઞાનની વિશેષ અવસ્થા પણ પોતાના સામાન્ય જ્ઞાન સ્વભાવને લીધે પ્રગટે છે પણ પરપદાર્થો તથા રાગને લીધે પ્રગટતી નથી,** તે પદાર્થો છે અથવા શાસ્ત્ર જાણવાનો રાગ છે માટે જ્ઞાન થાય છે એમ નથી.

આમ રાગરહિત પોતાના જ્ઞાન સ્વભાવને જાણે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વળી તે પદાર્થોને જાણવા તે પણ વ્યવહાર છે, **નિશ્ચયથી પોતાના આત્માને જાણતાં પરપદાર્થોને વ્યવહાર જાણી લ્યે છે. ખરેખર પોતે જ જ્ઞાન ને જ્ઞેય છે,** અહો ! વસ્તુસ્વરૂપ આવું છે. પાંચ અસ્તિકાય માંહેના જીવ અસ્તિકાયમાં પોતે પણ આત્મા અસ્તિત્વવાળો અસંખ્યપ્રદેશી છે એમ આવી જાય છે, બધાને જાણવાનો મારો સ્વભાવ છે, પરને મારું માનવાનો કે રાગદ્વેષ કરવાનો સ્વભાવ નથી, એમ પોતાના જ્ઞાનની મોટપ જેને સૂઝી તેને સત્યનું માહાત્મ્ય આવતાં સ્વભાવ તરફ ઢળતાં સાધક દશા ઉત્પન્ન થાય છે ને તે મોક્ષ માર્ગ છે ને પરિપૂર્ણ ઢળી જતાં વીતરાગતા ને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ પંચાસ્તિકાય જાણવાનું ફળ છે.

[સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૧૦ રવિવાર]

**આ શરીર પુદ્ગલની કાયા છે, આત્માની કાયા નથી.**
**અસંખ્ય પ્રદેશો આત્માની કાયા છે એમ જીવ સમજે તો ભેદજ્ઞાન થાય ને ભ્રાંતિનો નાશ થાય**

આત્મા દેહથી જુદો છે. દેહ તો અનેક રજકણોનો પિંડ છે, મૂળ વસ્તુ નથી. આ બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખાય છે તે પુદ્ગલ છે. તે અનેક પરમાણુનો બનેલ છે. તેથી તેને અસ્તિકાય કહે છે. તેનાથી આત્મા જુદો છે. એક પરમાણુના માપથી માપવામાં આવે તો આત્મા અસંખ્ય પ્રદેશ જેટલો પહોળો છે. અસ્તિ એટલે છે; કાય એટલે પ્રદેશોનો સમૂહ. આત્માના અસંખ્ય પ્રદેશ તે આત્માની કાયા છે. આ શરીર દેખાય છે તે આત્માની કાયા નથી. તે તો પુદ્ગલાસ્તિકાય છે, ને તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણને ધરનાર છે; ને આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેનો ધરનાર છે. આત્મા જડ થાય નહિ ને જડ ચૈતન્ય થાય નહિ. બંનેને અત્યંત અભાવ છે.

કાલદ્રવ્ય એકપ્રદેશી છે. તેમાં સ્પર્શ ગુણ નથી તેથી એક કાલાણુ બીજા કાલાણુ સાથે ભળતો નથી. શક્તિ તથા વ્યક્તિ અપેક્ષાએ કદી પણ સ્કન્ધરૂપની યોગ્યતા નથી. તેથી કાળ દ્રવ્યને કાયવંત કહેવાતો નથી. ને બાકીના પાંચ દ્રવ્યને અસ્તિકાય કહ્યા. દરેક સ્વતંત્ર છે ને પરથી અભાવરૂપ છે. આમ હોવા છતાં શરીરને મારું માનવું તે જ ભ્રાંતિ ને અજ્ઞાન છે. શુદ્ધચૈતન્યસ્વભાવી જીવાસ્તિકાય છું એમ ભૂલી, પર જીવ સાથે ને પર પુદ્ગલ સાથે એકત્વબુદ્ધિ કરે છે તે જ સંસાર છે. પાંચ અસ્તિકાય સ્વતંત્ર છે એમ જીવ સમજે તો ભ્રાંતિ નાશ થાય.

---

**जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं।**
**ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तइलुक्कं॥ ५ ॥**

**येषामस्ति स्वभावः गुणैः सह पर्यायैर्विविधैः।**
**ते भवन्त्यस्तिकायाः निष्पन्नं यैस्त्रैलोक्यम्॥ ५ ॥**

**વિધવિધ ગુણો ને પર્યાયો સહ જે અનન્યપણું ધરે**
**તે અસ્તિકાયો જાણવા, ત્રૈલોક્યરચના જે વડે. ૫.**

**અન્વયાર્થ :** [येषाम्] જેમને [विविधैः] વિવિધ [गुणैः] ગુણો અને [पर्यायैः] પર્યાયો (પ્રવાહક્રમના તેમ જ વિસ્તારક્રમના અંશો) [सह] સાથે [स्वभावः] પોતાપણું [अस्ति] છે [ते] તે [अस्तिकायाः भवन्ति] અસ્તિકાયો છે [यैः] કે જેમનાથી [त्रैलोक्यम्] ત્રણ લોક [निष्पन्नम्] નિષ્પન્ન છે. ૫

---

**तात्पर्यवृत्ति** : अथ पूर्वोक्तमस्तित्वं कायत्वं च केन प्रकारेण संभवतीति प्रज्ञापयति – **जेसिं अत्थिसहाओ गुणेहिं सह पज्जयेहिं विविहेहिं ते होंति अत्थि** येषां पंचास्तिकायानामस्तित्वं विद्यते। स कः। स्वभावः सत्ता अस्तित्वं तन्मयत्वं स्वरूपमिति यावत्। कैः सह : गुणपर्यायैः। कथंभूतैः। विचित्रैर्नानाप्रकारैस्ते अस्ति भवन्ति इत्यनेन पंचानामस्तित्वमुक्तमिति। वार्तिकं तथा कथ्यते – अन्वयिनो गुणाः व्यतिरेकिणः पर्यायाः, अथवा सहभुवो गुणाः क्रमवर्तिनः पर्यायास्ते च द्रव्यात्सकाशात् संज्ञालक्षणप्रयोजनादिभेदेन भिन्नाः प्रदेशरूपेण सत्तारूपेण वा चाभिन्नाः। पुनरपि कथंभूताः। विचित्रा नानाप्रकाराः। केन कृत्वा। स्वेन स्वभावविभावरूपेणार्थव्यंजनपर्यायरूपेण वा। जीवस्य तावत्कथ्यन्ते। केवलज्ञानादयः स्वभावगुणा मतिज्ञानादयो विभावगुणाः सिद्धरूपः स्वभावपर्यायः नरनारकादिरूपा विभावपर्यायाः। पुद्गलस्य कथ्यन्ते। शुद्धपरमाणौ वर्णादयः स्वभावगुणाः द्व्यणुकादिस्कन्धे वर्णादयो विभावगुणाः शुद्धपरमाणुरूपेणावस्थानं स्वभावद्रव्यपर्यायः वर्णादिभ्यो वर्णान्तरादिपरिणमनं स्वभावगुणपर्यायः द्व्यणुकादिस्कन्धरूपेण परिणमनं विभावद्रव्यपर्यायाः तेष्वेव द्व्यणुकादिस्कन्धेषु वर्णान्तरादिपरिणमनं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विभावगुणपर्यायः । एते जीवपुद्गलयोर्विशेषगुणाः कथिताः । सामान्यगुणाः पुनरस्तित्ववस्तुत्वप्रमेयत्वागुरुलघुत्वादयः सर्वद्रव्यसाधारणाः । धर्मादीनां विशेषगुणपर्यायाः अग्रे यथास्थानेषु कथ्यन्ते । इत्थं भूतगुणपर्यायैः सह येषां पञ्चास्तिकायानामस्तित्वं विद्यते तेस्ति भवन्तीति । इदानीं कायत्वं चोच्यते । **काया** कायाः इव काया बहुप्रदेशप्रचयत्वाच्छरीरवत् । किं कृतं तैः पंचास्तिकायैः । **णिप्पण्णं जेहि तेल्लोक्कं** निष्पन्नं जातमुत्पन्नं यैः पंचास्तिकायैः । किं निष्पन्नं । त्रैलोक्यं । अनेनापि गाथाचतुर्थपादेनास्तित्वं कायत्वं चोक्तं । कथमिति चेत् । त्रैलोक्ये ये केचनोत्पादव्ययध्रौव्यवन्तः पदार्थास्ते उत्पादव्ययध्रौव्यरूपमस्तित्वं कथयन्ति । तदपि कथमिति चेत् । उत्पादव्ययध्रौव्यरूपं सदिति वचनात् ऊर्ध्वाधोमध्यभागरूपेण जीवपुद्गलादीनां त्रिभुवनाकारपरिणतानां सावयवत्वात्सांशकत्वात् सप्रदेशत्वात् कालद्रव्यं विहाय कायत्वं च विद्यते न केवलं पूर्वोक्तप्रकारेण, अनेन च प्रकारेणास्तित्वं कायत्वं च ज्ञातव्यं । तत्र शुद्धजीवास्तिकायस्य यानन्तज्ञानादिगुणसत्ता सिद्धपर्यायसत्ता च शुद्धासंख्यातप्रदेशरूपं कायत्वमुपादेयमिति भावार्थः ।। ५ ।।

**समयव्याख्या : अत्र पञ्चास्तिकायानामस्तित्वसंभवप्रकारः कायत्वसंभवप्रकारश्चोक्तः । अस्ति ह्यस्तिकायानां गुणैः पर्यायैश्च विविधैः सह स्वभावो आत्मभावोऽनन्यत्वम् । वस्तुनो विशेषा हि व्यतिरेकिणः पर्याया गुणास्तु त एवान्वयिनः । तत एकेन पर्यायेण प्रलीयमानस्यान्येनोपजायमानस्यान्वयिना गुणेन ध्रौव्यं बिभ्राणस्यैकस्याऽपि वस्तुनः समुच्छेदोत्पादध्रौव्यलक्षणमस्तित्वमुपपद्यत एव । गुणपर्यायैः सह सर्वथान्यत्वे त्वन्यो विनश्यत्यन्यः प्रादुर्भवत्यन्यो ध्रुवत्वमालम्बत इति सर्वं विप्लवते । ततः साध्वस्तित्वसंभवप्रकारकथनम् । कायत्वसंभवप्रकारस्त्वयमुपदिश्यते । अवयविनो हि जीवपुद्गलधर्माधर्माकाशपदार्थास्तेषामवयवा अपि प्रदेशाख्याः परस्परव्यतिरेकित्वात्पर्याया उच्यन्ते । तेषां तैः सहानन्यत्वे कायत्वसिद्धिरुपपत्तिमती । निरवयवस्यापि परमाणोः सावयवत्वशक्तिसद्भावात् कायत्वसिद्धिरनपवादा । न चैवं तदा शङ्क्यम् पुद्गलादन्येषाममूर्तत्वादविभाज्यानां सावयवत्वकल्पनमन्याय्यम् । दृश्यत एवाविभाज्येऽपि विहायसीदं घटाकाशमिदमघटाकाशमिति विभागकल्पनम् । यदि तत्र विभागो न कल्पेत तदा यदेव घटाकाशं तदेवाघटाकाशं स्यात् । न च तदिष्टम् । ततः कालाणुभ्योऽन्यत्र सर्वेषां कायत्वाख्यं सावयवत्वमवसेयम् । त्रैलोक्यरूपेण निष्पन्नत्वमपि तेषामस्तिकायत्वसाधनपरमुपन्यस्तम् । तथा च—त्रयाणामूर्ध्वाऽधोमध्यलोकानामुत्पादव्ययध्रौव्यवन्तस्तद्विशेषात्मका भावा भवन्तस्तेषां मूलपदार्थानां गुणपर्याययोगपूर्वकमस्तित्वं साधयन्ति । अनुमीयते च धर्माधर्माकाशानां प्रत्येकमूर्ध्वाऽधोमध्यलोकविभागरूपेण परिणमनात्कायत्वाख्यं सावयवत्वम् । जीवानामपि प्रत्येकमूर्ध्वाधोमध्यलोकविभागरूपेण परिणमनत्वाल्लोकपूरणावस्थाव्यवस्थितव्यक्तेस्सदा सन्निहितशक्तेस्तदनुमीयत एव । पुद्गलानामप्यूर्ध्वाधोमध्यलोकविभागरूपपरिणतमहास्कन्धत्वप्राप्तिव्यक्तिशक्तियोगित्वात्तथाविधा सावयवत्वसिद्धिरस्त्येवेति ॥५॥**

અનુવાદ : અહીં પાંચ અસ્તિકાયોને અસ્તિત્વ કયા પ્રકારે છે અને કાયત્વ કયા પ્રકારે છે તે કહ્યું છે.

ખરેખર અસ્તિકાયોને વિવિધ ગુણો અને પર્યાયો સાથે સ્વપણું–પોતાપણું-અનન્યપણું છે. વસ્તુના વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે અને અન્વયી વિશેષો તે ગુણો છે. તેથી એક પર્યાયથી પ્રલય પામતી, અન્ય પર્યાયથી ઊપજતી અને અન્વયી ગુણથી ધ્રુવ રહેતી એક જ વસ્તુને વ્યય–ઉત્પાદ–ધ્રૌવ્યલક્ષણ અસ્તિત્વ ઘટે છે જ. અને જો ગુણો ને પર્યાયો સાથે (વસ્તુને) સર્વથા અન્યત્વ હોય તો તો અન્ય કોઈ વિનાશ પામે, અન્ય કોઈ પ્રાદુર્ભાવ (ઉત્પાદ) પામે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી અન્ય કોઈ ધ્રુવ રહે—એ રીતે બધું વિપ્લવ પામે. તેથી (પાંચ અસ્તિકાયોને) અસ્તિત્વ કયા પ્રકારે છે તે સંબંધી આ (ઉપર્યુક્ત) કથન સાચું–યોગ્ય–ન્યાયમુક્ત છે.

હવે (તેમને) કાયત્વ કયા પ્રકારે છે તે ઉપદેશવામાં આવે છે :- જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પદાર્થો અવયવી છે. પ્રદેશો નામના તેમના જે અવયવો છે, તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી પર્યાયો કહેવાય છે. તેમની સાથે તે (પાંચ) પદાર્થોને અનન્યપણું હોવાથી કાયત્વસિદ્ધિ ઘટે છે. પરમાણુ (વ્યક્તિ-અપેક્ષાએ) નિરવયવ હોવા છતાં તેને સાવયવપણાની શક્તિનો સદ્ભાવ હોવાથી કાયત્વસિદ્ધિ નિરપવાદ છે. ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી કે પુદ્ગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે અવિભાજ્ય હોવાથી તેમના સાવયવપણાની કલ્પના ન્યાયવિરુદ્ધ (ગેરવાજબી) છે. આકાશ અવિભાજ્ય હોવા છતાં તેમાં 'આ ઘટાકાશ છે, આ અઘટાકાશ (અથવા પટાકાશ) છે' એવી વિભાગકલ્પના જોવામાં આવે છે જ. જો ત્યાં (કથંચિત્) વિભાગ ન કલ્પવામાં આવે તો જે ઘટાકાશ છે તે જ (સર્વથા) અઘટાકાશ થાય; અને તે તો ઈષ્ટ (માન્ય) નથી. માટે કાળાણુઓ સિવાય બીજા બધાને વિષે કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું.

તેમનું જે ત્રણ લોકરૂપે નિષ્પન્નપણું (રચાવું) કહ્યું તે પણ તેમનું અસ્તિકાયપણું (અસ્તિપણું તથા કાયપણું) સિદ્ધ કરવાના સાધન તરીકે કહ્યું છે. તે આ પ્રમાણે:–

(૧) ઊર્ધ્વ–અધો–મધ્ય ત્રણ લોકના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળા ભાવો—કે જેઓ ત્રણ લોકના વિશેષસ્વરૂપ છે તેઓ—ભવતા થકા (પરિણમતા થકા) તેમના મૂળ પદાર્થોનું ગુણપર્યાયયુક્ત અસ્તિત્વ સિદ્ધ કરે છે. (ત્રણ લોકના ભાવ સદાય કથંચિત્ સદૃશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે તે એમ સિદ્ધ કરે છે કે ત્રણ લોકના મૂળ પદાર્થો કથંચિત્ સદૃશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે અર્થાત્ તે મૂળ પદાર્થોને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળું અથવા ગુણપર્યાયવાળું અસ્તિત્વ છે.)

(૨) વળી ધર્મ, અધર્મ અને આકાશ—એ પ્રત્યેક પદાર્થ ઊર્ધ્વ–અધો–મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત હોવાથી તેમને કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી શકાય છે. દરેક જીવને પણ ઊર્ધ્વ–અધો–મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત લોકપૂરણ અવસ્થારૂપ વ્યક્તિની શક્તિનો સદા સદ્ભાવ હોવાથી જીવોને પણ કાયત્વ નામનું સાવયવપણું છે એમ અનુમાન કરી જ શકાય છે. પુદ્ગલો પણ ઊર્ધ્વ–અધો–મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યક્તિવાળાં અથવા શક્તિવાળાં હોવાથી તેમને પણ તેવી (કાયત્વ નામની) સાવયવપણાની સિદ્ધિ છે જ. ૫.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૧૦ રવિવાર]

**"દરેક પદાર્થ પોતાના અનેક ગુણ–પર્યાયો સહિત અસ્તિત્વવાળો છે."**

પાંચ અસ્તિકાય અનેક પ્રકારના સહભૂત ગુણ તથા વ્યતિરેકરૂપ અનેક પર્યાયો સહિત અસ્તિત્વ સ્વભાવવાળા છે.

જીવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, પ્રભુત્વ વગેરે ત્રિકાળી શક્તિઓ રહેલી છે; જેમ પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે. ગુણો એક સાથે બધા છે તેથી સહભૂત કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવેલ છે ને પર્યાયો એક પછી એક હોય છે, જુદી જુદી હોય છે. જેમ આત્મામાં શુભભાવ પછી અશુભભાવ, ઘડીમાં દયા, દાનનો ભાવ, પછી અશુભ; વળી થોડું જાણવું, વધારે જાણવું એમ પર્યાયો જુદી જુદી હોય છે. ને પરમાણુમાં પણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કાયમ રહે પણ તેની એક પછી એક પર્યાય થયા કરે છે. આત્માની પર્યાય શરીર અથવા કર્મને લીધે નહિ ને શરીર અથવા કર્મની અવસ્થા આત્માને લીધે નહિ. આમ દરેક અસ્તિકાય પોતાના ગુણ–પર્યાયો સહિત (પોતાના) અસ્તિત્વવાળા છે.

**"પદાર્થો છે તે કદી પણ સર્વથા નાશ થાય નહિ ને જે નથી તે કદી નવા થાય નહિ."**

(૧) આ જગતમાં પદાર્થો છે તેનો સર્વથા અભાવ થતો નથી. પણ પોતે કાયમ ટકીને બદલ્યા કરે છે. તેના ગુણો કાયમ રહે છે ને વ્યતિરેકરૂપ પર્યાયો બદલ્યા કરે છે. પોતે પોતાના કારણે ધ્રુવ રહે છે ને પલટન પણ પોતાના કારણે પામે છે, પરના કારણે નહિ.

(૨) જે વસ્તુ જગતમાં નથી અથવા અભાવસ્વરૂપ છે, તે કદી ભાવસ્વરૂપ થાય નહિ.

(૩) જો આત્મા સદાય એકરૂપ જ રહે ને પલટન જ ન હોય તો દુઃખ ટાળીને સુખ પ્રગટ કરી શકાય નહિ.

(૪) જો આત્મા એકાંત પલટનશીલ જ હોય ને ધ્રુવ ન હોય તો દુઃખ ટાળીને સુખનો અનુભવ કરનારો નહિ રહેતાં સુખનો અનુભવ થશે નહિ.

(૫) માટે આત્મા તથા દરેક વસ્તુ કાયમ રહીને પલટન પામે છે.

પૈસો પોતે ધ્રુવ પરમાણુપણે કાયમ રહીને અવસ્થા બદલ્યા કરે છે. ક્ષેત્રાંતર પામે છે. પણ જે જીવ એમ માને છે કે મારી હોંશિયારીને લીધે પૈસા આવે છે તે પૈસાની અસ્તિને ઉડાડે છે. આત્મામાં ત્રિકાળી શક્તિઓ છે ને તેમાં એક પછી એક પર્યાય થાય છે. તેનો કર્તા આત્મા પોતે છે. સ્વતંત્રપણે કરે તે કર્તા છે. આત્માની અવસ્થામાં જડનો અધિકાર નથી ને જડની અવસ્થામાં આત્માનો અધિકાર નથી. દરેક દ્રવ્યમાં બે પ્રકારની શક્તિઓ છે. એક ત્રિકાળી શક્તિ ને એક વર્તમાન અવસ્થારૂપ શક્તિ છે. આમ દરેકની પર્યાય તે દરેકનો સ્વભાવ છે તે નાશ થાય નહિ ને ન હોય તે નવું થાય નહિ. જડ ને આત્મા થઈને આખું જગત છે. જગત કોઈ બીજી ચીજ નથી ને તે પદાર્થો જગતમાં ન હોય તેમ બને નહિ. તેમ જ **જગતનો પ્રલય થાય એમ બને નહિ.** જગત પહેલાં ન હતું ને નવું થયું એમ નથી.

આત્મામાં જ્ઞાન–દર્શન આદિ ગુણો છે ને તેની સમયે સમયે અવસ્થા પલટે છે. જડની જુદી જુદી અવસ્થા થવી તે જડનું કામ છે. તે આત્માના અધિકારની વાત નથી. આત્મામાં શક્તિ કાયમ રહીને પોતામાં પલટન થવું તે આત્માનું કામ છે. હિંસા, જૂઠ, ચોરીના ભાવ થાય છે; તેમ જ દયા, દાનના ભાવ પણ થાય છે. તે પલટન પામ્યા કરે છે. શુભ-અશુભ ભાવ થયા કરે છે તે ઉપાધિ સ્વભાવ છે. તે આત્માનો ખરો સ્વભાવ નથી. છતાં વીતરાગ દશા ન થાય ત્યાં સુધી વિકાર થાય છે પણ તે **વિકાર પરને લીધે નથી તેમ જ સ્વભાવની કાયમી ચીજ નથી. વળી તે વિકાર બિલકુલ અભાવરૂપ પણ નથી. આમ યથાર્થ સમજે તો** જ્ઞાન નિર્મળ થાય.

**"આત્માના ગુણ–પર્યાય આત્માથી અભેદ છે ને જડના ગુણ–પર્યાય જડથી અભેદ છે."**

વળી એક વસ્તુ છે તે પોતાપણે છે ને પરપણે નથી. બીજી વસ્તુ તેનાપણે છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપણે (આત્માપણે) નથી. આ આંગળી પોતાપણે છે ને બીજી આંગળી રૂપે નથી. આમ વસ્તુનો સ્વભાવ છે. સાચી સમજણ કરે તો પરનો અહંકાર ઊડી જાય. પાંચ અસ્તિકાય કે જેનાથી લોક બન્યો છે તેનું સ્વરૂપ કેવું છે તે કહે છે. આ પાંચ અસ્તિકાય પોતાના અનેક પ્રકારના ગુણ-પર્યાયના ક્ષેત્રથી ભેદરૂપ નથી પણ એકતારૂપ છે. ગુણ–પર્યાય ને દ્રવ્યથી સંજ્ઞા, લક્ષણ, પ્રયોજનભેદે ભેદ છે, પણ ક્ષેત્રભેદ નથી. તે ત્રણે કાળ જુદા રહે છે. આત્માને લીધે શરીર ચાલે છે એમ અજ્ઞાની જીવ માને છે. શરીરનું રૂપાંતર, ક્ષેત્રાંતર તે પરમાણુને લીધે છે, પણ આત્માને લીધે નથી. આત્મા જ્ઞાતા–દ્રષ્ટાસ્વરૂપ છે. તે જ્ઞાન કરે અથવા મેં પરનું કર્યું એવું અભિમાન કરે, પણ પરનું કદી કરી શકે નહિ. જો આત્મા શરીરનું કરી શકે એમ માનવામાં આવે તો આત્મા ને શરીર બે એક થઈ જાય.

ભગવાન પણ પ્રથમ સંસાર દશામાં હતા. તેમણે પણ પ્રથમ ભેદજ્ઞાન કર્યું. પરપદાર્થથી રહિત તથા રાગરહિત પોતાનો જ્ઞાનસ્વભાવ છે એમ પ્રથમ શ્રદ્ધા કરી, પછી પરિણતિ રાગદ્વેષમાં અટકતી હતી તે સ્વભાવનો પરિપૂર્ણ આશ્રય કરતાં, સર્વજ્ઞ દશા વ્યક્ત થઈ ને રાગરહિત વાણી નીકળી. ત્યાં જ્ઞાનમાં જેવું વસ્તુસ્વરૂપ જોયું તેવું વાણીમાં આવી ગયું. વાણી જડ રૂપી છે. આત્મા ચેતન અરૂપી છે. વાણીને આત્માએ કરી નથી. પરમાણુનું વર્તમાન ભાષારૂપ થવું તે પરમાણુના આધારે છે. આત્માએ તે વર્તમાન કર્યું એમ માનવામાં આવે તો પરમાણુનો નાશ થઈ જાય છે. તે પરમાણુઓ કાયમ ટકીને અવસ્થા બદલે છે. આત્માને લીધે બદલતા નથી. પરમાણુનું કાર્ય પરમાણુને લીધે ને આત્માનું કાર્ય આત્માને લીધે છે. ને તો જ વસ્તુ સિદ્ધ થાય છે. કોઈ જીવ આંખો મીંચીને ચાલ્યો જાય તો ઝીણા જીવો દેખાય નહિ તેમ સમ્યક્‌જ્ઞાનના ઉઘાડ વિના મિથ્યાજ્ઞાનથી કામ કરે તો સૂક્ષ્મ તત્ત્વના ન્યાયો ખ્યાલમાં આવે નહિ. આમ મિથ્યાજ્ઞાન અથવા અસત્ય તે દુઃખ છે. દુઃખ બીજી કોઈ ચીજ નથી. આત્માના ગુણ ને પર્યાય આત્માથી અભેદ છે ને જડના ગુણ ને પર્યાય જડથી અભેદ છે. શરીરનો રોગ શરીરમાં થાય છે; આત્મામાં થતો નથી. અજ્ઞાની જીવ રોગ મને થયો એવી કલ્પના કરે છે તે જ દુઃખ છે. પરવસ્તુ દુઃખનું કારણ નથી. તેમજ આત્માનો સ્વભાવ દુઃખનું કારણ નથી; પણ બે વસ્તુને એક માનવી તે દુઃખ છે.

દરેક આત્મા પોતાની કાયમી શક્તિ ને અવસ્થાથી એકમેક–અભેદ છે. પણ પરવસ્તુથી ભેદ છે. શરીરના પરમાણુઓ પોતાની શક્તિ ને અવસ્થાથી અભેદ છે પણ આત્માથી ભેદ છે. જેમ ગોળ ને ગળપણ એક છે, અગ્નિ ને ઉષ્ણતા એક છે. દરેક પર્યાય છે તે તેની શક્તિઓ ને અવસ્થાઓથી અભેદ છે ને બીજાથી ભેદ છે. જીવની ઈચ્છા હોવા છતાં કેટલીક વાર બોલાતું નથી. પક્ષઘાત વખતે ઈચ્છા હોવા છતાં શરીર ચાલતું નથી, કારણ કે વસ્તુ ભિન્ન ભિન્ન છે. લોટની રોટલી થાય, ભૂકો થાય, તેનું થૂંક, લોહી, વિષ્ટા વગેરે થાય. તે બધું તેના કારણે થઈ રહ્યું છે. તું તેનો જાણનાર–દેખનાર છો. જીવથી જડની અવસ્થા થાય એમ માનવું તે પાખંડ છે. તારી પ્રભુતા તો જાણવા–દેખવાની છે. તારે સુખ જોઈએ છે ? સુખ સત્‌થી હોય કે અસત્‌થી હોય ? દ્રવ્યને પરાધીન માનવું તે અસત્ છે. તે માન્યતા છોડ ને દરેક દ્રવ્ય સ્વતંત્ર છે એવી સત્ માન્યતા કર તો સુખ મળે તેમ છે. તું પરવસ્તુનું કાર્ય કર્યાનું અભિમાન કરે છે ને રાગ ઘટાડે છે તે મિથ્યાત્વ સહિતનું પુણ્ય છે, પણ તે પવિત્રતા લાવે તે વાત ખોટી છે. અજ્ઞાની જીવ માને કે ન માને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ છે. દરેક વસ્તુ પોતાના ગુણ–પર્યાયથી એક છે ને પરથી જુદી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"ગુણ–પર્યાયો જેમાં વસે તેને વસ્તુ કહે છે. આમ જ્ઞાન કરવું તે વસ્તુનું સ્તવન છે. વસ્તુના સ્તવન વિના ભગવાનનું સ્તવન યથાર્થ નથી."**

વળી આત્મા અને જડ પદાર્થોમાં ક્ષણેક્ષણે જે અનેક અવસ્થાથી પરિણમન થાય છે તેને પર્યાય કહે છે. અવસ્થાયી એટલે કાયમી પદાર્થ; ને અવસ્થા એટલે ક્ષણિક પર્યાય. અવ=નિશ્ચયથી; સ્થાયી=પોતામાં ટકી રહ્યો છે તે. વળી પરિણમનમાં પરિ=સમસ્ત પ્રકારે, નમન=ઢળવું. આમ પરિણમનનો અર્થ જ પોતામાં ઢળવું એવો થાય છે. પણ પરમાં ઢળવું કે પરને લીધે ઢળવું એવો એનો અર્થ તેમજ ભાવ નથી. વળી પદાર્થમાં સદા અવિનાશીપણે સાથે રહે તેને ગુણ કહે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ શક્તિ છે ને વર્તમાન અવસ્થા ઓછીવત્તી થયા કરે છે. તેમ પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શક્તિની લીલી, ધોળી, કાળી, સુગંધી કે દુર્ગંધરૂપ અવસ્થા થયા કરે છે. આમ ગુણો કાયમ રહીને અવસ્થાનું પલટવું તે દ્રવ્યનું સ્વરૂપ છે. આત્મા ને પરમાણુઓ નવી અવસ્થારૂપે ઊપજે છે, જૂની અવસ્થારૂપે વ્યય થાય છે ને શક્તિરૂપે કાયમ રહે છે. જેમ કુંડલનો વ્યય થાય છે, કડાનો ઉત્પાદ થાય છે ને સોનું સદ્દેશ, ચીંકાશ, વજન વગેરે શક્તિરૂપે ધ્રુવ રહે છે. ગુણ–પર્યાયો જેમાં વસે તેને વસ્તુ કહે છે. આમ જાણવું તે વસ્તુનું સ્તવન છે. તે સ્તવન વિના પરના સ્તવન એટલે કે ભગવાનનાં સ્તવન નકામાં છે.

**"ભરનીંગળ ગૂમડું બહારના પાટાપિંડીથી મટતું નથી તેમ મિથ્યાત્વરૂપી બગાડ બહારના ક્રિયાકાંડથી મટતો નથી."**

લોકો સમજ્યા વિના ક્રિયાકાંડ ને સામાયિક વગેરે કરે છે, પણ ભાઈ, તેવી અજ્ઞાનરૂપી ક્રિયાથી કષાયમંદતા હોય તો પુણ્ય થાય પણ સંસાર મટે નહિ. ભરનીંગળ ગૂમડું હોય તેની અંદર બગાડ હોય છે પણ બગાડ નીકળ્યા વિના ઉપર પાટાપિંડી બાંધે તો થોડો વખત રૂઝ આવી હોય એમ લાગે પણ અંદરથી ગૂમડું મૂળમાંથી ગયું નથી. તેથી ફરીથી રસી નીકળે છે. તેમ આત્મા વસ્તુ છે, તેમાં જ્ઞાનાદિ કાયમી વસ્તુઓ છે, ને તેમાં સમયે સમયે થતી અવસ્થા પોતાને લીધે છે. એમ **દરેક દ્રવ્ય પૃથક્–પૃથક્ સ્વતંત્ર છે એમ માન્યા વિના મિથ્યાત્વરૂપી ભરનીંગળ ગૂમડું મટશે નહિ.** થોડો વખત કષાય મંદ કરે તો શુભ બંધાય છે પણ વાસ્તવિક શાંતિ મળતી નથી ને જન્મ-મરણના આરા આવતા નથી.

અજ્ઞાની જીવો આત્માને સમજ્યા વિના ધ્યાન કરવા માગે છે પણ સમજણ વિના ધ્યાન હોય નહિ. આત્માની સાચી સમજણ કરી અંતર એકાગ્ર થવું તે ધ્યાન છે. વસ્તુનું સ્વરૂપ દિવ્યધ્વનિમાં આવ્યું છે ને વસ્તુસ્વરૂપ એમ જ છે. દરેક વસ્તુ નવી અવસ્થાપણે ઊપજે છે, પૂર્વ અવસ્થાપણે નાશ પામે છે ને વસ્તુપણે ધ્રુવ રહે છે. આવો વસ્તુનો સ્વભાવ છે. એમ સાચી સમજણ કરે તો ભ્રાંતિની પર્યાયનો નાશ થાય ને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે.

[સંવત ૨૪૭૭ શ્રાવણ વદ ૧૦ દ્વિતીય સોમવાર]

સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાન વડે આ જગતમાં છ પદાર્થો જોયા છે. તે છએ અસ્તિરૂપ છે, ને તેમાંથી પાંચ અસ્તિકાયરૂપ છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોમાંથી કાળ સિવાયના પાંચ અસ્તિકાય છે.

આ બધાં દ્રવ્યો પોતપોતાના ગુણ–પર્યાય સહિત ટકી રહેલાં છે. કોઈ દ્રવ્યના ગુણ–પર્યાયને બીજા દ્રવ્ય સાથે સંબંધ નથી. પદાર્થોનો અસ્તિત્વ સ્વભાવ છે તે ઉત્પાદ–વ્યય–ધ્રુવતા સહિત છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એટલે તે ધ્રુવપણે ટકીને નવી પર્યાયે ઊપજે છે. અને જૂની પર્યાયે નાશ પામે છે.

લોકોને એમ લાગે છે કે શરીરની ક્રિયાથી ધર્મ થાય છે, પણ આત્માના પરિણામમાં પોતે શું કર્યું તે તો જોતા નથી. શરીર બે ઘડી સ્થિર થયું તે તો જડની પર્યાયનો ઉત્પાદ છે, તેના પરિણામમાં આત્માનો અધિકાર છે જ નહિ. એટલે તેમાં આત્માની સામાયિક નથી, આત્માનું અસ્તિત્વ તો આત્માના ઉત્પાદ, વ્યય, ધ્રુવમાં છે. પોતાનાં પરિણામ શરીરની ક્રિયાથી થતાં નથી, છતાં શરીરની ક્રિયાથી પોતાના ઉત્પાદ, વ્યય, ધ્રુવ માનવા તે મિથ્યાત્વ છે. પોતામાં શુભ પરિણામ થાય તે પણ ક્ષણિક પર્યાય છે, તેના જ આધારે ધર્મ માની લ્યે તો તેણે દ્રવ્ય–ગુણને ન માન્યા પણ પર્યાયને જ આખું દ્રવ્ય માન્યું. એટલે તે પણ પર્યાયમૂઢ છે.

ગુણો કાયમ ધ્રુવ છે ને પર્યાય ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ છે. આમ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ વસ્તુનું અસ્તિત્વ જાણવું. દરેક દ્રવ્યનું અસ્તિત્વ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી છે. કોઈને લઈને કોઈની પર્યાયનો ઉત્પાદ થતો નથી. વસ્તુ પોતે પોતાના સામર્થ્યથી નવી નવી ઊપજે છે.

ભાષા નીકળે તે પુદ્ગલનો ઉત્પાદ છે. આત્મા તેનો કર્તા નથી. જે રીતે વસ્તુસ્વરૂપ છે તેવું ભાવ-આગમ દ્વારા એટલે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાણવાની આ વાત છે. દરેક આત્મા અને જડ પદાર્થ અસ્તિત્વ સ્વભાવવાળા છે. અસ્તિત્વ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ સહિત છે. શરીરમાં રોગ થાય તે પુદ્ગલની પર્યાયનો ઉત્પાદ છે. તેના અસ્તિત્વમાં આત્માનો અધિકાર નથી કે તે રોગને મટાડી દે.

જો દરેક પદાર્થ પોતાના ગુણ–પર્યાય સહિત ન હોય તો વસ્તુનો જ લોપ થઈ જાય. દ્રવ્ય–ગુણ–પર્યાયને કથંચિત્ ભેદ છે પણ સર્વથા ભેદ નથી. જેમ એક પરમાણુ બીજા પરમાણુથી સર્વથા જુદો છે, પણ તે પરમાણુ પોતાના ગુણ–પર્યાયથી સર્વથા જુદો નથી, તેમ વસ્તુને તેના ગુણ–પર્યાય સાથે નામભેદ, સંખ્યાભેદ, પ્રયોજનભેદ—એવા ભેદ હોવા છતાં સત્તાભેદ કે ક્ષેત્રભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયની સત્તા તો એક જ છે. જો દ્રવ્યથી ગુણ–પર્યાયો જુદા હોય તો વસ્તુનો અભાવ થઈ જાય.

વસ્તુનું અસ્તિત્વ કઈ રીતે છે તે જાણ્યા વિના પરના અહંકારનો મિથ્યાભાવ ટળે નહિ; એટલે કે ધર્મ થાય નહિ. પહેલાં સાચી સમજણ કરવી તે જ અજ્ઞાનનું પ્રતિક્રમણ છે; તે પ્રતિક્રમણ કેમ થાય તેની આ વાત ચાલે છે. પહેલાં અજ્ઞાન ને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યા પછી જ અવ્રતનું પ્રતિક્રમણ હોઈ શકે. મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ હોય જ નહિ. પહેલાં મિથ્યાત્વના શલ્યને ટાળીને નિઃશલ્ય થાય પછી જ અવ્રતનું પાપ ટળે. મિથ્યાત્વ તે મોટું પાપ છે તેનું પ્રતિક્રમણ સાચી સમજણથી જ થાય છે. એ સિવાય મિથ્યાત્વના પ્રતિક્રમણની બીજી ક્રિયા નથી. આ ક્રિયા જીવે અનાદિથી કદી કરી નથી એટલે અપૂર્વ છે.

દરેક આત્મા કે જડ પદાર્થ પોતાના ગુણ–પર્યાય સહિત અસ્તિત્વવાળા છે. જો પદાર્થને તેના ગુણ–પર્યાયોથી સર્વથા જુદો માનો તો જેમ આત્મા અને પરમાણુનો એકબીજામાં સર્વથા અભાવ છે તેમ ગુણ–પર્યાય વગર દ્રવ્યનો સર્વથા અભાવ થઈ જાય ? વસ્તુનું અસ્તિત્વ સમજ્યા વિના ધર્મ થાય નહિ. જેમ નાકમાં વિષ્ટાની ગોળી રાખીને ભમરો ગુલાબ ઉપર બેસે તો તેને ગુલાબની સુગંધ ક્યાંથી આવે ? તેમ જેને વસ્તુના સ્વરૂપનું સમ્યક્ ભાન નથી તે અંદર મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન રાખીને ગમે તેટલું કરે તોપણ તે બધો અધર્મ છે, તેને ધર્મની સુગંધનો અનુભવ થતો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુને સિદ્ધ કરવા માટે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદથી કથન કર્યું છે. પણ ખરેખર દ્રવ્યથી તેના ગુણ–પર્યાયો જુદા નથી. વસ્તુના ગુણ-પર્યાયોનું ક્ષેત્ર કે સત્તા જુદાં નથી, સર્વથા અભેદ પણ નથી. સર્વથા અભેદ હોય તો એક પર્યાય જેટલું કે એક ગુણ જેટલું જ દ્રવ્ય થઈ જાય. તેમજ 'આ દ્રવ્ય અને આ ગુણ' એવા ભેદ પાડીને કથન પણ ન થઈ શકે. એટલે કે કથંચિત્ ગુણ–ગુણી ભેદ પણ છે પરંતુ સર્વથા ભેદ નથી. વસ્તુને સિદ્ધ કરવા માટે ગુણ–પર્યાયના ભેદ પાડીને કથન કર્યું છે, પણ વસ્તુ તો કથંચિત્ અભેદ છે એટલે એ રીતે વસ્તુ કથંચિત્ ભેદ–અભેદ રૂપ છે.

અહો ! આચાર્યદેવને જંગલમાં આત્માનો અનુભવ કરતાં કરતાં વિકલ્પ ઊઠ્યો ને આ શાસ્ત્રની રચના થઈ ગઈ, પણ તેઓ કહે છે કે આ શબ્દપર્યાય થાય છે તે પુદ્ગલ સાથે અભેદ છે. અમારાથી તેનો અત્યંત ભેદ છે. અમે તે પુદ્ગલની પર્યાયના કર્તા નથી. અમારો આત્મા અમારા ગુણ–પર્યાય સાથે અભેદ છે. દરેક દ્રવ્ય પોતપોતાના ગુણ–પર્યાયથી અભેદ છે ને પરથી ભેદરૂપ છે–જુદું છે. એ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ (અસ્તિત્વ) ગુણ–પર્યાયસહિત અને ઉત્પાદ–વ્યય–ધ્રુવ સહિત છે એમ કહ્યું.

હવે પાંચ દ્રવ્યોને જે અસ્તિકાયપણું છે, તેમાં કાયપણું કઈ રીતે છે, તે કહે છે. કાયા એટલે આ સ્થૂળ શરીરની વાત નથી. પણ વસ્તુના અનેક પ્રદેશોનો જે પિંડ છે તે જ કાયા છે—તે જ તેની કાયા છે.

## આત્માની કાયા કઈ ?

આ શરીર તે આત્માની કાયા નથી. તે તો પુદ્ગલની કાયા છે. આત્માના જે અસંખ્ય ચૈતન્ય પ્રદેશો છે તે જ આત્માની કાયા છે. જડ કાયા આત્માની કદી પણ નથી. જડકાયા તે પુદ્ગલાસ્તિકાય છે. તેમાં આત્માનું અસ્તિત્વ નથી. એટલે જડ શરીરને આત્મા ચલાવે એમ માને તેણે જીવાસ્તિકાયને અને પુદ્ગલાસ્તિકાયને જુદાં જાણ્યાં નથી.

## કાયા કોને કહેવાય ?

કાળ સિવાયનાં પાંચે દ્રવ્યોને કાયા હોય છે. કાયા એટલે પ્રદેશોનો સમૂહ, પ્રદેશને સૂક્ષ્મ અવિભાગી અંશ છે તેને સર્વજ્ઞ સિવાય બીજો કોઈ જાણી શકે નહિ.

આત્માને અવયવ હોય ? તો કહે છે કે હા. આ હાથ પગ તે જડના અવયવ છે. તે કંઈ આત્માના અવયવ નથી. અસંખ્ય ચૈતન્ય અંશો તે આત્માના અવયવો છે. આત્માના અવયવ કેટલા ? અસંખ્યાત. જીવ, ધર્મ અને અધર્મ એ ત્રણેની કાયા અસંખ્યાતપ્રદેશી છે. પુદ્ગલની કાયા બે અંશથી માંડીને અનંત અંશવાળી હોય છે. આકાશની કાયા અનંતપ્રદેશી છે. કાળને એક જ પ્રદેશ છે; તેથી તેને કાયા નથી.

અહીં જીવના અસંખ્યપ્રદેશ કહ્યા તે અંશ કલ્પનાથી છે. કાંઈ તે પ્રદેશો કદી જુદા પડતા નથી. એ પ્રમાણે ધર્મ, અધર્મ ને આકાશમાં પણ અંશો જુદા પડતા નથી. પુદ્ગલમાં સ્કંધ થાય ને જુદા પણ પડે એટલે પુદ્ગલને કાયપણું ઉપચારથી છે.

એક દ્રવ્યમાં અનેક પ્રદેશોની જે અંશકલ્પના છે તેને પર્યાય કહે છે. આખા ક્ષેત્રનો એક અંશ પડ્યો માટે તે પણ પર્યાય છે. એક પ્રદેશ તે બીજાપણે નથી. જો એમ ન હોય ને એક પ્રદેશ તે બીજા પ્રદેશપણે હોય તો વસ્તુના અનેક પ્રદેશો જ સાબિત ન થઈ શકે. આત્માના અસંખ્ય પ્રદેશો અનાદિઅનંત છે. તેનો કોઈ પ્રદેશ બીજા પ્રદેશપણે કદી થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પ્રદેશની કલ્પનાને પર્યાય કહેવાય છે. આ ક્ષેત્ર-પર્યાય છે એટલે ક્ષેત્ર અપેક્ષાએ તેને ઉત્પાદ–વ્યય–ધ્રુવ કહેવાય. તે કઈ રીતે ?—કે જે એક પ્રદેશ લક્ષમાં લ્યો તે પ્રદેશ પોતાપણે ઉત્પાદરૂપ, પૂર્વ પ્રદેશની અપેક્ષાએ ભેદરૂપ અને વસ્તુના સળંગક્ષેત્ર અપેક્ષાએ તે ધ્રુવ રૂપે છે. (વધુ માટે જુઓ : વસ્તુવિજ્ઞાન અંક)

હાથીમાં કે કીડીમાં આત્મા અસંખ્યપ્રદેશી સરખો જ છે. અસંખ્ય પ્રદેશ કહેતાં કાંઈ વસ્તુ ખંડિત થઈ જતી નથી. અખંડ એક વસ્તુ હોવા છતાં અસંખ્ય અંશો પણ તેમાં છે. એવો તેનો સ્વભાવ છે. ૪૦ વાર કાપડને વારથી માપ્યું ત્યાં તેના ૪૦ ટુકડા થઈ જતા નથી છતાં તે '૪૦ વાર છે' એવું માપ પણ ખોટું નથી. તેમ આત્મા અખંડ છે તેને સૂક્ષ્મપ્રદેશના માપથી માપતાં અસંખ્યપ્રદેશી થાય છે છતાં તેના અસંખ્ય કટકા થઈ જતા નથી.

જેમ શ્રદ્ધા–જ્ઞાનાદિ ભાવની પર્યાયો છે તેમ ક્ષેત્રની પણ પર્યાયો (અંશો) છે. બધાં દ્રવ્યોને પોતાના સ્વરૂપથી એકતા છે. જેમ ગુણ–પર્યાયોનો કથંચિત્ ભેદ હોવા છતાં તેનાથી વસ્તુ જુદી નથી તેમ ક્ષેત્રમાં અંશકલ્પનાથી ભેદ હોવા છતાં વસ્તુમાં ભેદ પડી જતો નથી. વસ્તુપણે તો એક–અખંડ જ છે.

આવું વસ્તુનું સ્વરૂપ-અસ્તિત્વ સમજે તો ભૂમિકાની શુદ્ધિ થાય પછી રુચિને અંતરમાં વાળીને બી વાવે તો ધર્મરૂપી ઝાડ ઊગે. વસ્તુને જાણ્યા વિના અને તેની રુચિ વિના ધર્મ થાય નહિ.

મકાન તે આત્માનું ક્ષેત્ર નથી. મકાન કોઈકનું, પૈસા કોઈકના, આહાર કોઈકનો, શરીર પણ કોઈકનું; એ બધાં પુદ્ગલનાં છે. આત્માનું ક્ષેત્ર તો પોતાના અસંખ્ય પ્રદેશો છે. પાંચે દ્રવ્યોને પોતપોતાના અનેક પ્રદેશો છે તેથી તેઓ કાયવંત છે. એ રીતે પાંચ અસ્તિકાયનું વર્ણન કર્યું.

અહીં કોઈ પ્રશ્ન કરે છે :– પુદ્ગલ પરમાણુ તો નિરંશ–એકપ્રદેશી છે તો તે કાયવંત કઈ રીતે છે ? તેનો ઉત્તર : પુદ્ગલ પરમાણુઓ રૂપી છે, સ્પર્શાદિ ગુણવાળા છે, એટલે તેમનામાં પરસ્પર મિલન શક્તિ છે, તેથી સ્કંધરૂપ થાય છે; તે સ્કંધ અપેક્ષાએ તે સકાય છે.

પુદ્ગલ સિવાયના પાંચ દ્રવ્યો તો અરૂપી છે. તે દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે સંબંધ સ્કંધરૂપે થતો નથી. એક પુદ્ગલમાં જ તેવી લાયકાત છે તેથી અનેક પુદ્ગલોનો સ્કંધ થાય છે. પણ સ્કંધમાંય તે દ્રવ્યપણે તો જુદું જ છે. છતાં સ્કંધ અપેક્ષાએ તેને પણ કાયવંતપણું છે.

અહીં કોઈ એવી આશંકા ન કરો કે : ''જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ તો અખંડ અમૂર્તિક દ્રવ્યો છે માટે તેમનામાં પ્રદેશોની અંશકલ્પના ન હોઈ શકે.'' પુદ્ગલ મૂર્તિક છે માટે તેમાં જ અંશકલ્પના બને ને જીવાદિ અમૂર્તિક અખંડ દ્રવ્યોમાં અંશ કલ્પના બની જ ન શકે એમ નથી. અખંડ અને અમૂર્તિક પદાર્થોમાં પણ અંશકલ્પના બની શકે છે. એ વાત આકાશનું દૃષ્ટાંત આપીને સમજાવશે.

[સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૧૧ મંગળવાર]

સર્વજ્ઞ ભગવાને આ જગતમાં પાંચ અસ્તિકાય જોયા છે; તેને જેમ છે તેમ જાણે તો જ્ઞાન રાગરહિત થઈને આત્માની શાંતિનો અનુભવ કરી શકે. જગતના પદાર્થો જ્ઞાનમાં જણાય તેવી જ્ઞાનની તાકાત છે. જે જીવ જગતના છ દ્રવ્યોને ન માને તે, છ દ્રવ્યોને જાણવાનું જ્ઞાનનું સામર્થ્ય છે તેને પણ માનતો નથી એટલે તેને જ્ઞાતા સ્વભાવની પ્રતીત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચાસ્તિકાયમાં જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ ચાર અરૂપી દ્રવ્યો છે તેમાં પણ પ્રદેશ-અંશોની કલ્પના થઈ શકે છે; અરૂપી પદાર્થ છે માટે તેમનામાં અંશકલ્પના ન થઈ શકે એમ નથી.

ભગવાને છ દ્રવ્યો કહ્યાં છે તેમાં સંશય કરે, વિપરીત માને કે તેનો નિર્ણય ન કરે તો તે મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન હોય ત્યાં સુધી આત્માનો અનુભવ થઈ શકે નહિ, આત્માના જ્ઞાનની કેટલી તાકાત છે તેને જો જાણે તો તેમાં છ દ્રવ્યોની પ્રતીત ભેગી આવી જ જાય છે. છ દ્રવ્યોને ન માને તો જ્ઞાનસામર્થ્યની જ પ્રતીત નથી.

જે પાંચ અસ્તિકાય પદાર્થો છે તેમાં પુદ્‌ગલ સ્કંધમાં તો અંશ પડે, પણ જીવ અને ધર્માસ્તિ વગેરે દ્રવ્યો તો અનેક પ્રદેશોવાળા અખંડ દ્રવ્યો છે, તો તેમાં અંશો કઈ રીતે પડે ? તે વાત સમજાવે છે. જેમ આકાશ એક અખંડ અમૂર્ત દ્રવ્ય હોવા છતાં તેમાં એમ ભાગ પડે છે કે ''આ ઘટાકાશ છે ને આ પટાકાશ છે'' અથવા બે આંગળી છે તેમાં તે બન્નેનું ક્ષેત્ર જુદું છે, જે એક આંગળીનું ક્ષેત્ર છે તે બીજી આંગળીનું નથી એમ કહી શકાય છે. જો આકાશમાં અંશકલ્પના ન જ થઈ શકતી હોય તો બે આંગળીનું ક્ષેત્ર જુદું કઈ રીતે કહી શકાય ?

જુઓ ! આવા પદાર્થને જાણવાનો પોતાના જ્ઞાનનો સ્વભાવ છે, આકાશ કાંઈ આકાશને નથી જાણતું, પણ જ્ઞાન જ તેને જાણે છે તે જ્ઞાનસામર્થ્યનો મહિમા છે. આત્માના અસંખ્ય પ્રદેશો કાંઈ છૂટાછૂટા વિખરાઈને રહેતા નથી, અસંખ્યપ્રદેશો હોવા છતાં વસ્તુપણે તેની અખંડતા છે. આત્માના અસંખ્યપ્રદેશો છે તેનો જે એક ભાગ છે તે ભાગ બીજા ભાગમાં નથી એમ તેમાં અંશો પડી શકે છે, છતાં વસ્તુ અખંડ છે. આકાશમાં ઘડાએ જે જગ્યા રોકી છે તે જગ્યા વસ્ત્રે રોકી નથી ને વસ્ત્રે જે જગ્યા રોકી છે તે જગ્યા ઘડાએ રોકી નથી. આકાશમાં ઘડાએ રોકેલો અંશ જુદો છે ને વસ્ત્રે રોકેલો અંશ જુદો છે, એ રીતે અખંડ આકાશમાં પણ પ્રદેશકલ્પના ઘટી શકે છે.

એ રીતે કાળદ્રવ્ય સિવાયનાં પાંચે દ્રવ્યોને અસ્તિકાયપણું છે, આ પાંચ દ્રવ્યોના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી ત્રણ લોકની રચના છે. કાળ સહિત આ પાંચ દ્રવ્યો સિવાય જગત કાંઈ જુદું નથી, એ છ દ્રવ્યોનો સમૂહ તે જ જગત છે, સર્વજ્ઞ સિવાય આવા જગતને કોઈ જાણી ન શકે.

મુનિસુવ્રત ભગવંતની સ્તુતિ કરતાં શ્રી સમન્તભદ્રાચાર્ય કહે છે કે ''હે નાથ ! જગતના પદાર્થ એક સમયમાં જ ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક છે. આવું જે વસ્તુસ્વરૂપનું આપનું કથન છે તે આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે, સર્વજ્ઞતા સિવાય પદાર્થના આવા સૂક્ષ્મ સ્વરૂપને કોઈ પ્રત્યક્ષ જાણી ન શકે. હે નાથ ! આ રીતે અમે આપના સર્વજ્ઞપણાની પરીક્ષા કરીને માનીએ છીએ''—આવા સર્વજ્ઞપણાને જે જાણે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા વિના રહે નહિ.

પાંચ અસ્તિકાયનાં પરિણમનથી જ ત્રણ લોકની રચના છે. હે નાથ ! આપે સર્વજ્ઞતાથી જે વસ્તુસ્વભાવ જાણ્યો તે સર્વજ્ઞતા અને વસ્તુસ્વભાવ અમને અમારી પ્રતીતમાં બેઠો છે. અમારા જ્ઞાનમાં નિર્ણય કરીને અમે આપને સર્વજ્ઞદેવ તરીકે માનીએ છીએ.

હે સર્વજ્ઞદેવ ! આપ લોકના નાથ છો, કઈ રીતે ? હે નાથ ! તારા આશ્રયે મેં જે મારી સર્વજ્ઞશક્તિની પ્રતીત કરી તે ખસવા નહિ દઉં, ને નહિ મળેલી એવી પરમાત્મદશાને પ્રાપ્ત કરું, તેમાં આપ નિમિત્ત છો તેથી આપ જ અમારા નાથ છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગતના પદાર્થોમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ સૌ સૌના કારણે થઈ રહ્યાં છે તેમાં કોનો હર્ષ ને કોનો શોક ? એટલે કે જ્ઞાતા જ રહેવાનો મારો સ્વભાવ છે. આમ રાગરહિત જ્ઞાતા રહેવું તે જ આ જાણવાનું ફળ છે.

જે પાંચ અસ્તિકાય છે તેનાથી ત્રણ લોકની રચના છે. તેમાં આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિકાય તો ઊર્ધ્વ, મધ્ય અને અધો ત્રણે લોકમાં ક્ષણે ક્ષણે પરિણમે છે, અખંડપણે ત્રણ લોકમાં તે વ્યાપેલા છે એમ કહ્યું, ને ઊર્ધ્વ, મધ્ય અને અધો એમ ત્રણ લોક કહીને તેમાં ભેદ પણ કહ્યો, જોકે આકાશ તો અલોકમાં પણ વ્યાપક છે પણ અહીં લોકનું વર્ણન કરવું છે તેથી આકાશને લોકવ્યાપક કહ્યું છે.

જીવના અસંખ્ય પ્રદેશો છે તેથી તેને કાયપણું છે અને કેવળસમુદ્ઘાત વખતે તે ત્રણ લોકમાં વ્યાપક થાય છે એટલે તેમાં પણ ખંડકલ્પના સિદ્ધ થાય છે.

પરમાણુ પોતે એકપ્રદેશી હોવા છતાં ત્રણ લોકને વ્યાપે તેવો અનંત પરમાણુઓનો સ્કન્ધ થાય છે, તે અપેક્ષાએ તેને પણ કાયપણું અને પ્રદેશપણું સિદ્ધ થાય છે.

આવા આ પાંચ અસ્તિકાય સ્વયંસિદ્ધ છે. તેનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ જ આ લોક છે. લોકની રચના કોઈએ નવી કરી નથી. કોઈ ઈશ્વરે આ જગતને બનાવ્યું એમ નથી. વસ્તુ નિત્ય છે, તો તેને કોણ બનાવે ? જો વસ્તુને બનાવી એમ કહો તો તે ક્ષણિક ઠરે છે. સર્વજ્ઞદેવે જગતને અનાદિ–અનંત પાંચ અસ્તિકાયના સમૂહરૂપ જાણ્યું છે.

જગતમાં પાંચ અસ્તિકાય તથા કાળ એમ છ દ્રવ્યો છે. કાળ તે અસ્તિકાય નથી, પણ દ્રવ્ય છે, અસ્તિરૂપ છે, શરીર તે પુદ્ગલ કાય છે, જીવ તેમાં વસતો નથી, અસંખ્ય ચૈતન્ય પ્રદેશોનો પિંડ તે જીવની કાયા છે. તેમાં જ જીવ વસેલો છે. જીવનું ધામ ક્યાં ? કે પોતાના અસંખ્ય પ્રદેશોમાં, જીવની રિદ્ધિ, સમૃદ્ધિ, ધામ, સુખ, દુઃખ, વિચાર, પલટવું, તે બધુંય તેના અસંખ્ય પ્રદેશોરૂપ અસ્તિકાયમાં જ છે, એ સિવાય બહારની કોઈ રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, શરીર વગેરે તેનાં નથી. પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ ચૈતન્યનું સ્વરાજ્ય છે. બહારમાં ક્યાંય તેની સત્તા નથી, ને તેનામાં કોઈ બહારની સત્તા નથી, આવું જ્ઞાન કરે તો પરપદાર્થોનો અહંકાર ટળી જાય, અને ''હું તો જીવાસ્તિકાય છું'' એમ જાણે એટલે મિથ્યાત્વપૂર્વકના રાગાદિ તો ટળી જ જાય, તારું અસ્તિકાયપણું તારા અસંખ્ય પ્રદેશોમાં છે. અનંત ગુણો ને ત્રણે કાળની પર્યાયો તે બધુંય તારા અસંખ્ય પ્રદેશી અસ્તિત્વમાં સમાઈ જાય છે, તારા સંસારનું કે મોક્ષનું હોવાપણું તારા અસ્તિકાયમાં જ છે. કર્મને લીધે તેનું હોવાપણું નથી, કર્મનું અસ્તિત્વ તારામાં નથી. જે આમ જાણે તે પરથી પાછો ખસીને પોતાના સ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ.

તારું અસ્તિકાયપણું અનાદિ અનંત છે. એટલે બધા ગુણ–પર્યાયો પણ તેમાં જ સમાઈ જાય છે. ''અસ્તિ સ્વભાવ'' કહ્યો તેમાં શું ન આવે ? બધા ગુણ–પર્યાયો આવી જાય છે. એટલે વિકારી પર્યાય કે અવિકારી પર્યાય તે બન્ને પોતાના અસ્તિત્વથી જ છે, પરથી નથી. પદાર્થ પોતાના ગુણ–પર્યાયમાં રહેલો અસ્તિ સ્વભાવવાળો છે, ગુણ–પર્યાય વગરનું અસ્તિત્વ હોઈ ન શકે. જો દરેકનું અસ્તિત્વ ભિન્ન ભિન્ન પોતાથી સ્વતંત્ર ન હોય તો પાંચ અસ્તિકાય જ સિદ્ધ ન થાય, કોઈ પણ દ્રવ્યનું અસ્તિત્વ પોતાથી એક પ્રદેશ પણ બહાર રહેતું નથી. આત્માનું અસ્તિત્વ સ્વતંત્ર સ્વાધીન પોતામાં જ પૂરું છે, આમ જાણે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મ થયા વિના રહે નહિ.

જેમને અસંખ્ય પ્રદેશે અનંત ચૈતન્ય દીવડા પ્રગટી ગયા છે એવા સર્વજ્ઞ ભગવાન કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે જગતમાં પાંચે અસ્તિકાય પોતપોતાના ગુણ–પર્યાય સહિત છે, ને બીજાથી પૃથક્ છે. તારું અસ્તિત્વ તારામાં છે. બીજાને લીધે તારું અસ્તિત્વ નથી.

જીવમાં અસંખ્ય પ્રદેશો ન હોય તો કીડી ને હાથીના શરીર પ્રમાણે તેનો સંકોચ–વિકાસ ન થઈ શકે, **અને અનંત ગુણોમાં સમયે સમયે પરિણમન ન થતું હોય તો જ્ઞાન વગેરેમાં હીનાધિકતા ન થઈ શકે. માટે અસંખ્ય પ્રદેશી અને અનંત ગુણોના પરિણમનવાળો જીવનો અસ્તિકાય સ્વભાવ છે.**

સંસારીને જે સંકોચ–વિકાસ થાય છે તે તેના અસંખ્ય પ્રદેશી અસ્તિકાયના પરિણમનની યોગ્યતા છે. નામકર્મનો તેમાં અભાવ છે. એટલે નામકર્મને લઈને આત્મામાં સંકોચ–વિસ્તાર થાય એમ નથી. સિદ્ધમાં તેવી સંકોચ–વિસ્તારની યોગ્યતા નથી માટે સંકોચ–વિસ્તાર થતો નથી. સંકોચ–વિસ્તાર તે જીવના અસ્તિકાયમાં થાય છે. જીવના અસ્તિત્વમાં કર્મને તો યાદ પણ નથી કર્યા, કર્મને તો પુદ્‌ગલના અસ્તિકાયમાં સમાવ્યાં છે, એ જ પ્રમાણે વિકાર થાય તે પણ પોતાના અસ્તિકાયનું પરિણમન છે, તે કર્મને લીધે નથી, જીવના અસ્તિકાયને સમજે તેમાં આ બધું આવી જાય છે.

અહો, તું તારા અસ્તિત્વમાં તને જો. પરનો પ્રકાશક તો વ્યવહારે છે. સ્વ-પ્રકાશક ભેગું પર-પ્રકાશક સામર્થ્ય પણ આવી જાય છે. અહો ! સર્વજ્ઞનું કથન જ એવું છે કે કોઈ પણ કથન લ્યો તો બધુંય સાબિત થઈ જાય. ''વસ્તુ છે'' એમ કહેતાં તેમાંથી સર્વજ્ઞતા ઊભી થાય છે.

મારો આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણવાળો અસ્તિકાય છે. એમ જ્યાં પરથી જુદું અસ્તિત્વ નક્કી કર્યું, ત્યાં પરલક્ષ છૂટીને પોતાના અનંત જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીત થઈ તે જ પ્રયોજન છે. જયસેનાચાર્યદેવ આ ગાથાનો ભાવાર્થ જણાવતા કહે છે કે ''तत्र शुद्धजीवास्तिकायस्य यानन्तज्ञानादिगुणसत्ता सिद्धपर्यायसत्ता च शुद्धासंख्यातप्रदेशरूपं कायत्वमुपादेयमिति भावार्थः ।।

અર્થાત્ : જે પંચાસ્તિકાય છે તેમાં, અનંત જ્ઞાનાદિગુણસત્તા તેમ જ સિદ્ધપર્યાયસત્તા સહિત શુદ્ધ જીવાસ્તિકાયનું જે અસંખ્યાત પ્રદેશરૂપ કાયત્વ છે તે ઉપાદેય છે—એવો ભાવાર્થ છે. અહો ! સિદ્ધ ભગવાન જેવો શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવે અસ્તિત્વવાળો મારો આત્મા જ મારે ઉપાદેય છે, એ સિવાય જગતમાં બીજું કાંઈ મારે ઉપાદેય નથી, આમ સમજવું તે આ ગાથાનો સાર છે.

*[શ્રાવણ વદ ૧૧ના રોજ પંચાસ્તિકાયની પાંચમી ગાથા વંચાયેલ, ત્યારપછી ધાર્મિકોત્સવ પ્રસંગે તેનું વાચન બંધ રહેલ; આજથી તેનું વાચન શરૂ થાય છે.]*

સર્વજ્ઞ ભગવાને કહેલાં છ દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે; છ દ્રવ્યો તે 'અર્થસમય' છે, તેને જાણનારું જ્ઞાન તે 'જ્ઞાનસમય' છે, ને તેને કહેનારી વાણી તે 'શબ્દસમય' છે. એમ ત્રણ પ્રકાર દરેક પદાર્થમાં પડે છે. તેનું વર્ણન આગળ આવી ગયું છે. ભાવજ્ઞાનપૂર્વક રાગ–દ્વેષ–મોહરહિત પુરુષનાં જે વચનો નીકળે તેને જ 'શબ્દસમય' કહેવાય છે. અજ્ઞાનીનાં વચનો રાગ–દ્વેષ–મોહ સહિત છે, તે 'શબ્દસમય' કહેવાતા નથી, રાગ–દ્વેષ–મોહરહિત જે સમ્યગ્જ્ઞાન થયું તે ભાવશ્રુતજ્ઞાન છે. તેને જ્ઞાનસમય કહે છે. જેવા જ્ઞાનીનાં વચનો હોય તેવાં જ અજ્ઞાનીના મુખથી વચન નીકળે તોપણ તે શબ્દસમય કહેવાતાં નથી, કેમકે તે જીવ રાગ–દ્વેષ–મોહરહિત નથી. કહેનાર કેવા હોય તે પણ આમાં આવી જાય છે. કહેનાર પોતે રાગ–દ્વેષ–મોહરહિત હોય, ને તેનાં વચનોમાં પણ રાગ–દ્વેષ–મોહનું સ્થાપન ન હોય, પણ વીતરાગતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ સ્થાપન હોય. અજ્ઞાનીની વાણી દેશનાલબ્ધિનું કારણ ન થાય તે વાત પણ આમાં આવી જાય છે. વ્યવહારથી—રાગથી ધર્મ થાય એમ સ્થાપન કરે તો તે 'શબ્દસમય' નથી. સાકર શબ્દ કહેનારના ખ્યાલમાં સાકર હોવી જોઈએ, તેમ જેને પદાર્થનું સાચું જ્ઞાન હોય તેવી જ વાણીને ''શબ્દસમય'' કહેવાય. જેને પદાર્થના સ્વરૂપનું જ્ઞાન નથી તેની વાણીને ''શબ્દસમય'' કહેવાય નહિ. એટલે જ્ઞાનસમયપૂર્વક જ શબ્દસમય હોય. પુરુષપ્રમાણે વચનપ્રમાણ એ વાત સિદ્ધ કરી છે. ત્રીજી ગાથામાં આ વાત વિસ્તારથી આવી ગઈ છે.

પહેલી ગાથામાં મંગળાચરણ કર્યું છે.

બીજી ગાથામાં ભગવાનના શ્રીમુખેથી નીકળેલાં પંચાસ્તિકાય કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

ત્રીજી ગાથામાં ''જિનવરે પ્રરૂપેલાં'' એમ કહ્યું છે તેમાંથી એ વાત કાઢી કે રાગ–દ્વેષ–મોહરહિત પુરુષ કહેનાર હોય તેની વાણીને જ પંચાસ્તિકાય શબ્દસમય કહેવાય છે. પંચાસ્તિકાયમાં એક દ્રવ્યને લીધે બીજા દ્રવ્યનું કાંઈ થાય—એમ કોઈ કહે તો તે વાણી વાચ્યને ઓળખનારી નથી. પદાર્થનું સ્વરૂપ તેવું નથી માટે તે વાણી 'શબ્દસમય' નથી. છએ દ્રવ્યો પોતપોતાના ગુણપર્યાય સહિત સ્વતંત્ર વર્તી રહ્યાં છે, એવા વસ્તુસ્વભાવનું સ્થાપન કરે તેને જ દ્રવ્યશ્રુત કહેવાય. દ્રવ્યશ્રુત એટલે શબ્દસમય, ને ભાવશ્રુત એટલે જ્ઞાનસમય. પદાર્થનું યથાર્થ જ્ઞાન થવું તે ભાવશ્રુતજ્ઞાન છે, તેને ભાવઆગમ કહેવાય છે. દ્રવ્યઆગમ તે શબ્દ, અને ભાવઆગમ તે જ્ઞાન. દ્રવ્યઆગમ તે જડની પર્યાય છે, ને ભાવઆગમ તે જ્ઞાનની નિર્દોષ પર્યાય છે.

સમ્યગ્જ્ઞાનરૂપ ભાવશ્રુત જ્ઞાન દ્વારા પંચાસ્તિકાયનું સ્વરૂપ જણાય છે, ને પદાર્થોને અર્થસમય કહે છે.

એમ ત્રણ પ્રકારના સમયનું વર્ણન ત્રીજી ગાથામાં કર્યું છે.

દેવ–ગુરુ–શાસ્ત્ર સમ્યગ્જ્ઞાન દ્વારા જણાય છે, પણ દેવ–ગુરુ–શાસ્ત્ર દ્વારા સમ્યગ્જ્ઞાન થાય–એમ નથી. અર્થસમયમાં તો આત્મા અને પર બધાય પદાર્થો આવી જાય છે, જ્ઞાન દ્વારા તે બધાય પદાર્થો જણાય છે. જ્ઞાન દ્વારા રાગ જણાય, તે રાગ અર્થસમયમાં જાય છે, ને તેને જાણનારું જ્ઞાન તે 'જ્ઞાનસમય' છે. રાગના અવલંબન વિના સ્વ–પરપ્રકાશક સામર્થ્યવાળું જે જ્ઞાનનું પરિણમન છે તે ભાવઆગમ છે. ને તેવા જ્ઞાનીની રાગ–દ્વેષ–મોહરહિત વાણી તે દ્રવ્યઆગમ છે.

ચોથી ગાથામાં પાંચ અસ્તિકાય પદાર્થોનાં નામ કહ્યાં અને તેમના અસ્તિત્વનું વર્ણન કર્યું.

પાંચમી ગાથામાં અસ્તિકાય કોને કહે છે તે બતાવ્યું.

એ પાંચ ગાથા તો અગાઉ વંચાઈ ગઈ છે.

હવે છઠ્ઠી ગાથામાં, પાંચ અસ્તિકાયને તેમ જ કાળને 'દ્રવ્ય' સંજ્ઞા કહે છે.

---

**ते चेव अत्थिकाया तेकालियभावपरिणदा णिच्चा।**
**गच्छंति दवियभावं परियट्टणलिंगसंजुत्ता ॥ ६ ॥**

**ते चैवास्तिकायास्त्रैकालिकभावपरिणता नित्याः ।**
**गच्छन्ति द्रव्यभावं परिवर्तनलिङ्गसंयुक्ताः ॥ ६ ॥**

**તે અસ્તિકાય ત્રિકાળભાવે પરિણમે છે, નિત્ય છે;**
**એ પાંચ તેમ જ કાળ વર્તનલિંગ સર્વે દ્રવ્ય છે. ૬**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [त्रैकालिकभावपरिणताः] જે ત્રણ કાળના ભાવરૂપે પરિણમે છે તેમ જ [नित्याः] નિત્ય છે [ते च एव अस्तिकायाः] એવા તે જ અસ્તિકાયો, [परिवर्तनलिङ्गसंयुक्ताः] પરિવર્તનલિંગ (કાળ) સહિત, [द्रव्यभावं गच्छन्ति] દ્રવ્યપણાને પામે છે (અર્થાત્ તે છયે દ્રવ્યો છે). ।।૬।।

---

**तात्पर्यवृत्ति** : एवं गाथात्रयपर्यन्तं पंचास्तिकायसंक्षेपव्याख्यानं द्वितीयस्थलं गतं । अथ पंचास्तिकायानां कालस्य च द्रव्यसंज्ञां कथयति; – **ते चेव अत्थिकाया तिक्कालियभावपरिणदा णिच्चा** ते चैव पूर्वोक्ताः पंचास्तिकायाः यद्यपि पर्यायार्थिकनयेन त्रैकालिकभावपरिणतास्त्रिकालविषयपर्यायपरिणताः संतः क्षणिका अनित्या विनश्वरा भवन्ति तथापि द्रव्यार्थिकनयेन नित्या एव । एवं द्रव्यार्थिकपर्यायार्थिकनयाभ्यां नित्यानित्यात्मकाः संतः **गच्छंति दवियभावं** द्रव्यभावं गच्छन्ति द्रव्यसंज्ञां लभन्ते । पुनरपि कथंभूताः संतः **परियट्टणलिंगसंजुत्ता** परिवर्तनमेव जीवपुद्‌गलादिपरिणमनमेवाग्नेर्धूमवत् कार्यभूतं लिंगं चिह्नं गमकं ज्ञापकं सूचनं यस्य स भवति परिवर्तनलिङ्गः कालाणुर्द्रव्यकालस्तेन संयुक्ताः । ननु कालद्रव्यसंयुक्ता इति वक्तव्यं परिवर्तनलिङ्गसंयुक्ता इति अव्यक्तवचनं किमर्थमिति । नैवं । पंचास्तिकायप्रकरणे कालस्य मुख्यता नास्तीति पदार्थानां नवजीर्णपरिणतिरूपेण कार्यालिङ्गेन ज्ञायते यतः कारणात् तेनैव कारणेन परिवर्तनलिङ्ग इत्युक्तं । अत्र षड्‌द्रव्येषु मध्ये दृष्टश्रुतानुभूताहारभयमैथुनपरिग्रहादिसंज्ञादिसमस्त-परद्रव्यालम्बनोत्पन्नसंकल्पविकल्पशून्यशुद्धजीवास्तिकायश्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयलक्षणनिर्विकल्प-समाधिसंजातवीतरागसहजापूर्वपरमानन्दरूपेण स्वसंवेदनज्ञानेन गम्यं प्राप्यं भरितावस्थं शुद्धनिश्चयनयेन स्वकीयदेहान्तर्गतं जीवद्रव्यमेवोपादेयमिति भावार्थः ॥ ६ ॥

**समयव्याख्या : अत्र पञ्चास्तिकायानां कालस्य च द्रव्यत्वमुक्तम् । द्रव्याणि हि सहक्रमभुवां गुणपर्यायाणामनन्यतयाधारभूतानि भवन्ति । ततो वृत्तवर्तमानवर्तिष्यमाणानां भावानां पर्यायाणां स्वरूपेण परिणतत्वादस्तिकायानां परिवर्तनलिङ्गस्य कालस्य चास्ति द्रव्यत्वम् । न च तेषां भूतभवद्भविष्यद्भावात्मना परिणममानानामनित्यत्वम्, यतस्ते भूतभवद्भविष्यद्भावावस्थास्वपि प्रतिनियत-स्वरूपापरित्यागान्नित्या एव । अत्र कालः पुद्‌गलादिपरिवर्तनहेतुत्वात्पुद्‌गलादिपरिवर्तनगम्यमान-पर्यायत्वाच्चास्तिकायेष्वन्तर्भावार्थं स परिवर्तनलिङ्ग इत्युक्त इति ॥ ६ ॥**

અનુવાદ : અહીં પાંચ અસ્તિકાયોને તથા કાળને દ્રવ્યપણું કહ્યું છે.

દ્રવ્યો ખરેખર સહભાવી ગુણોને તથા ક્રમભાવી પર્યાયોને અનન્યપણે આધારભૂત છે. તેથી વર્તી ચૂકેલા, વર્તતા અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના–પર્યાયોના સ્વરૂપે પરિણમતાં હોવાને લીધે (પાંચ) અસ્તિકાયો અને પરિવર્તનલિંગ કાળ (તે છયે) દ્રવ્યો છે. ભૂત, વર્તમાન ને ભાવી ભાવોસ્વરૂપે પરિણમતાં હોવાથી તેઓ કાંઈ અનિત્ય નથી, કારણ કે ભૂત, વર્તમાન ને ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપને નહિ છોડતાં હોવાથી તેઓ નિત્ય જ છે.

અહીં કાળ પુદ્‌ગલાદિના પરિવર્તનનો હેતુ હોવાથી તેમ જ પુદ્‌ગલાદિના પરિવર્તન દ્વારા તેના પર્યાયો ગમ્ય થતા (જણાતા) હોવાથી, તેનો અસ્તિકાયોમાં સમાવેશ કરવા અર્થે, તેને 'પરિવર્તનલિંગ' કહ્યો છે. [પુદ્‌ગલાદિ અસ્તિકાયોનું વર્ણન કરતાં તેમનું પરિવર્તન (પરિણમન) વર્ણવવું જોઈએ અને તેમનું પરિવર્તન વર્ણવતાં તે પરિવર્તનમાં નિમિત્તભૂત પદાર્થને (કાળને) અથવા તે પરિવર્તન દ્વારા જેના પર્યાયો વ્યક્ત થાય છે તે પદાર્થને (કાળને) વર્ણવવો અસ્થાને ન ગણાય. આ રીતે પંચાસ્તિકાયના વર્ણનની અંદર કાળના વર્ણનનો સમાવેશ કરવો અનુચિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**નથી એમ દર્શાવવા અર્થે આ ગાથાસૂત્રમાં કાળ માટે 'પરિવર્તનલિંગ' શબ્દ વાપર્યો છે.] ૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ શ્રાવણ વદ-૧૧ મંગળવાર]

અહીં અસ્તિકાયનું વર્ણન મુખ્ય છે ને કાળદ્રવ્યનું વર્ણન ગૌણ છે. 'કાળ' અસ્તિકાય નથી, પણ તે 'દ્રવ્ય' છે. પાંચ અસ્તિકાય પણ દ્રવ્ય છે ને કાળ પણ દ્રવ્ય છે. એમ જગતમાં છ દ્રવ્યો છે. પુદ્‌ગલ વગેરેના પરિણમન ઉપરથી કાળ દ્રવ્યનું અનુમાન થઈ શકે છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય તેટલા વખતને એક સમય કહે છે. તે 'સમય' કાળદ્રવ્યની પર્યાય છે. નાનામાં નાના કાળનું માપ કેટલું ?—કે એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય તેટલા વખતમાં કાળની પર્યાય થઈ જાય છે. કાળની પર્યાયનું માપ એક પ્રદેશમાં આવી જાય છે, તો તે પર્યાયનું ધરનારું દ્રવ્ય પણ એક પ્રદેશમાં પૂરું થઈ જાય છે. પર્યાય ઉપરથી પર્યાયવાન દ્રવ્ય સિદ્ધ થઈ જાય છે. એટલે કાળ એકપ્રદેશી જ છે. પાંચ દ્રવ્યો કાયવાળાં છે. ને કાળદ્રવ્ય અકાય છે.

આ છ દ્રવ્યો પોતાના ગુણ-પર્યાયથી પૂર્વે પરિણમ્યાં છે, વર્તમાનમાં પરિણમે છે ને ભવિષ્યમાં પરિણમશે. ત્રણે કાળે પોતાના ગુણ-પર્યાયોથી જે પરિણમનશીલ છે તેનું નામ દ્રવ્ય છે. કોઈ પણ દ્રવ્યની પર્યાય પરને લીધે થઈ નથી, થતી નથી ને થશે નહિ. આત્મા વિકારપણે પરિણમ્યો તે પોતાના ગુણ-પર્યાયથી જ પરિણમ્યો છે, પરને લીધે નહિ.—આમ સમજે તો અર્થસમયને સમજ્યો કહેવાય, અને તેનું જ ''ભાવજ્ઞાન'' સાચું હોય. કોઈ પણ દ્રવ્ય બીજાના ગુણપર્યાયને લીધે પરિણમતું નથી, પણ ત્રણે કાળ પોતાના સ્વભાવથી જ પરિણમે છે—આવો અર્થસમયનો સ્વભાવ છે. તેવું જ જ્ઞાનસમય જાણે છે, ને તેવું જ વાણીમાં આવે છે.

આ રીતે પંચાસ્તિકાયમાંથી પણ વીતરાગભાવ જ નીકળે છે. કોઈ પણ સિદ્ધાંત લ્યો, તેમાંથી વીતરાગભાવનું જ તાત્પર્ય નીકળે છે.

[વીર સંવત ૨૪૭૭ ભાદરવા સુદ-૭ શનિવાર]

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એ છયે દ્રવ્યો છે. દ્રવ્ય કોને કહે ? કે જે ત્રણે કાળે પોતાના ગુણ-પર્યાયથી પરિણમી રહ્યું છે તેને દ્રવ્ય કહે છે. કોઈ દ્રવ્ય કોઈકાળે બીજાના કારણે પરિણમે છે-એમ નથી. જો કાળને લીધે પરિણમતું હોય તો તે દ્રવ્યનું દ્રવ્યપણું જ ક્યાં રહ્યું ? કર્મને લીધે વિકાર થાય કે કાળને લીધે સિદ્ધ ભગવાનને પરિણમવું પડે છે—એમ નથી. દ્રવ્ય પોતે જ પોતાની અવસ્થારૂપે ત્રણે કાળે પરિણમે છે. ત્રણેકાળની પર્યાયોપણે દ્રવ્ય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. તેમાં બીજો શું કરે ? માટીના પરમાણુઓ સ્વતંત્ર દ્રવ્ય છે. તે પરમાણુઓ પોતે, સ્વયં ઘડારૂપે પરિણમે છે; કુંભારને લીધે નહિ. દ્રવ્ય પોતાથી પરિણમતું હતું, પરિણમે છે ને પરિણમશે. એટલે બીજાથી તે કદી પરિણમ્યું નથી, પરિણમતું નથી ને પરિણમશે પણ નહિ. નિગોદ વખતે પણ જીવ પોતે પોતાના ગુણ-પર્યાયથી જ પરિણમ્યો હતો, ને સિદ્ધદશામાં પણ પોતે પોતાના ગુણ-પર્યાયથી જ પરિણમે છે. ત્રણે કાળના ભાવપણે દ્રવ્ય પોતે પરિણમી રહ્યું છે.

જગતમાં અનંતાનંત આત્માઓ છો, નિગોદના અનંત જીવો છે. સર્વજ્ઞ ભગવાનને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે. આવી વાત સર્વજ્ઞની શ્રદ્ધા સિવાય બીજા માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શકે નહિ. જગતનાં છયે દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં રહેલાં છે, તેઓ પરિણમનશીલ હોવા છતાં કાયમ ટકનારાં છે. પરિણમતાં તેનો નાશ થઈ જતો નથી પણ સ્વભાવે નિત્ય ટકીને પરિણમે છે. કોઈ પદાર્થ કોઈ બીજા પદાર્થમાં ભળી જતો નથી. એક ક્ષેત્રે રહેલા હોવા છતાં જગતમાં જીવ કે અજીવ કોઈ પદાર્થ પોતાના સ્વરૂપને છોડતો નથી. જીવ પુદ્‌ગલને પરિણમાવે—એ વાત રહેતી નથી. શરીરપણે પુદ્‌ગલો પરિણમે છે. જીવ તેને પરિણમાવતો નથી. જીવ પોતે પોતાના અપરાધથી રાગાદિ કરે છે; પુદ્‌ગલ તેને પરિણમાવતા નથી. હું પરને પરિણમાવું એમ માને તેને અનંતાનુબંધીનો લોભ છે.

૧. પહેલો ઉત્તમ ક્ષમાધર્મ છે તેમાં ક્રોધનો અભાવ છે.

૨. બીજા માર્દવધર્મમાં માનનો અભાવ છે.

૩. ત્રીજા આર્જવધર્મમાં માયાનો અભાવ છે.

૪. ચોથા શૌચધર્મમાં લોભનો અભાવ છે.

એમ પહેલા ચાર ધર્મમાં ક્રોધ–માન–માયા–લોભનો અભાવ બતાવ્યો છે.

સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો કહે છે કે સંસારનાં લગ્ન વગેરે કાર્યોમાં લક્ષ્મી ખર્ચવાનો લોભ કરે તો તે માયા નથી પણ ત્યાં તો છૂટથી ખર્ચવાનો ઉલ્લાસ આવતો હોય અને ધર્મના પ્રસંગમાં લક્ષ્મી ખર્ચવાનો લોભ કરે તો તેને માયા–કપટ ને લોભ છે. તેને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઉલ્લાસ નથી ને સંસારની રુચિ છે એટલે તેને અનંતાનુબંધી લોભ છે.

જડ પદાર્થનો રજકણ મારો નથી, તે તેના સ્વભાવથી નિત્ય ટકીને પલટનાર છે, ને હું મારા ચૈતન્ય સ્વભાવથી નિત્ય ટકીને પલટનાર છું. આવી દ્રષ્ટિ કરે તો ઘણી મમતા ટળી જાય છે. પહેલાં યથાર્થ વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજવો જોઈએ. તો જ સમ્યગ્જ્ઞાન અને ધર્મ થાય. ૬

હવે સાતમી ગાથામાં કહે છે કે જગતમાં છ દ્રવ્યો પરસ્પર મળેલાં—એક ક્ષેત્રે છે, તો પણ તેઓ પોતપોતાના સ્વરૂપને છોડતા નથી.

---

**अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स ।**
**मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ॥ ७ ॥**

**अन्योऽन्यं प्रविशन्ति ददन्त्यवकाशमन्योऽन्यस्य ।**
**मिलन्त्यपि च नित्यं स्वकं स्वभावं न विजहन्ति ॥ ७ ॥**

**અન્યોન્ય થાય પ્રવેશ, એ અન્યોન્ય દે અવકાશને,**
**અન્યોન્ય મિલન, છતાં કદી છોડે ન આપસ્વભાવને. ૭.**

**અન્વયાર્થ :** [अन्योन्यं प्रविशन्ति] તેઓ એકબીજામાં પ્રવેશ કરે છે, [अन्योन्यस्य] અન્યોન્ય [अवकाशम् ददन्ति] અવકાશ આપે છે, [मिलन्ति] પરસ્પર (ક્ષીરનીરવત્) મળી જાય છે, [अपि च] તોપણ [नित्यं] સદા [स्वकं स्वभावं] પોતપોતાના સ્વભાવને [न विजहन्ति] છોડતાં નથી. ।।૭।।

---

**तात्पर्यवृत्ति :** इति कालसहितपंचास्तिकायानां द्रव्यसंज्ञाकथनरूपेण गाथा गता । अथ षण्णां द्रव्याणां परस्परमत्यन्तसंकरे स्वकीयस्वकीयस्वरूपादच्यवनमुपदिशति – **अण्णोण्णं पविसंता** अन्यक्षेत्रात्

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्षेत्रान्तरं प्रति परस्परसंबंधार्थमागच्छन्तः **दिंता ओगासमण्णमण्णस्स** आगतानां परस्परमवकाशदानं ददतः **मेलंताવि य णिच्चं** अवकाशदानानन्तरं परस्परमेलापकेन स्वकीयावस्थानकालपर्यन्तं युगपत्प्राप्तिरूपः संकरः परस्परविषयगमकरूपव्यतिकरः ताभ्यां विना नित्यं सर्वकालं तिष्ठन्तोपि **सगसब्भावं ण विजहंति** स्वस्वरूपं न त्यजन्तीति । अथवा अन्योन्यं प्रविशन्तः सक्रियवन्तः जीवपुद्गलापेक्षया, आगतानामवकाशं ददतः इति सक्रियनिःक्रियद्रव्यमेलापकापेक्षया, नित्यं सर्वकालं मेलापकेन तिष्ठन्त इति धर्माधर्माकाशकालनिःक्रि यद्रव्यापेक्षया, इति षड्द्रव्यमध्ये ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतकृष्णनीलकापोताशुभलेश्यादिसमस्तपरद्रव्यालम्बनोत्पन्नसंकल्पविकल्पकल्लोलमालारहितं वीतरागनिर्विकल्पसमाधिसमुत्पन्नपरमानन्दरूपसुखरसास्वादपरमसमरसीभावस्वभावेन स्वसंवेदनज्ञानेन गम्यं प्राप्यं सालम्बं आधारं भरितावस्थं शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेनेति पाठः । निश्चयनयेन स्वकीयदेहान्तर्गतं शुद्धजीवास्तिकायसंज्ञं जीवद्रव्यमेवोपादेयमिति भावार्थः । यत्पुनरन्येषामेकान्तवादिनां रागद्वेषमोहसहितानामपि वायुधारणादिसर्वशून्यध्यानव्याख्यानमाकाशध्यानं वा तत्सर्वं निरर्थकमेव । संकल्पविकल्पयोर्भेदः कथ्यते- बहिर्द्रव्ये चेतनाचेतनमिश्रे ममेदमित्यादिपरिणामः ''संकल्पः'' अभ्यन्तरे सुख्यहं दुःख्यहं इत्यादिहर्षविषादपरिणामो ''विकल्प'' इति संकल्पविकल्पलक्षणं ज्ञातव्यं । वीतरागनिर्विकल्पसमाधौ वीतरागविशेषणमनर्थकमित्युक्ते सति परिहारमाह । आर्तरौद्ररूपस्य विषयकषायनिमित्तस्याशुभध्यानस्य वर्जनार्थत्वात् हेतुहेतुमद्भावव्याख्यानत्वाद्वा कर्मधारयसमासत्वाद्वा भावनाग्रन्थे पुनरुक्तदोषाभावत्वाद्वा स्वरूपस्य विशेषणत्वाद्वा दृढीकरणार्थत्वाद्वा । एवं वीतरागनिर्विकल्पसमाधिव्याख्यानकाले सर्वत्र ज्ञातव्यं । वीतरागसर्वज्ञनिर्दोषिपरमात्मशब्दादिष्वप्यनेनैव प्रकारेण पूर्वपक्षे कृते यथासंभवं परिहारो दातव्यः इति । यत एव कारणाद्वीतरागस्तत एव कारणान्निर्विकल्पसमाधिः इति हेतुहेतुमद्भावशब्दस्यार्थः ॥ ७ ॥

**समयव्याख्या : अत्र षण्णां द्रव्याणां परस्परमत्यन्तसंकरेऽपि प्रतिनियतस्वरूपादप्रच्यवनमुक्तम् । अत एव तेषां परिणामवत्त्वेऽपि प्राग्नित्यत्वमुक्तम् । अत एव च न तेषामेकत्वापत्तिर्न च जीवकर्मणोर्व्यवहारनयादेशादेकत्वेऽपि परस्परस्वरूपोपादानमिति ॥ ७ ॥**

**અનુવાદ : અહીં છ દ્રવ્યોને પરસ્પર અત્યંત સંકર હોવા છતાં તેઓ પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચિત) સ્વરૂપથી ચ્યુત થતાં નથી એમ કહ્યું છે. તેથી જ (પોતપોતાના સ્વભાવથી ચ્યુત નહિ થતાં હોવાથી જ), પરિણામવાળાં હોવા છતાં પણ, તેઓ નિત્ય છે એમ પૂર્વે (છઠ્ઠી ગાથામાં) કહ્યું હતું; અને તેથી જ તેઓ એકપણું પામતાં નથી, અને જોકે જીવ તથા કર્મને વ્યવહારનયના કથનથી એકપણું (કહેવામાં આવે) છે તોપણ તેઓ (જીવ તથા કર્મ) એકબીજાના સ્વરૂપને ગ્રહતાં નથી. ૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ ભાદરવા સુદ-૭ શનિવાર]

જ્યાં એક જીવ છે ત્યાં બીજા અનંત આત્માના પ્રદેશો છે. ત્યાં બીજાં અનંત પુદ્ગલો, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ—એ છએ દ્રવ્યો રહેલાં છે. ક્ષેત્ર અપેક્ષાએ પરસ્પર સંબંધ હોવા છતાં તેઓ અત્યંત ભિન્ન ભિન્ન છે, કોઈ કોઈમાં ભળી જતું નથી. એક ક્ષેત્રે રહેવામાં કોઈ કોઈને બાધા કરતાં નથી, એક જ ક્ષેત્રમાં છએ દ્રવ્યોને ભેગાં રહેવામાં કાંઈ સંકડાશ પડતી નથી. સદાય છએ દ્રવ્યો એકક્ષેત્રાવગાહપણે રહે છે, તોપણ દરેક દ્રવ્ય પોતપોતાની સ્વભાવશક્તિથી ત્રણે કાળે જુદા જુદા જ છે. દરેક દ્રવ્યના પરિણામ પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવથી થાય છે. પોતાના પરિણામને છોડીને કોઈ દ્રવ્ય બીજાની સાથે ભળી જતું નથી. જુઓ તો ખરા દ્રવ્યોની સ્વતંત્રતા ! વીંછી કરડે તેથી આત્મદ્રવ્યને બાધા નથી પહોંચતી. આત્મદ્રવ્યના પરિણામ આત્મામાં, શરીરના શરીરમાં, ને વીંછીના વીંછીમાં : એકક્ષેત્રે રહેવા છતાં દરેકના પરિણામ ભિન્ન ભિન્ન છે, કોઈ કોઈના પરિણામમાં બાધા પહોંચાડતું નથી. વીંછી કરડ્યો તેણે આત્માના પરિણામ બગાડી નાખ્યા એમ નથી. આત્માના પરિણામમાં આત્મા પોતાથી જ પરિણમે છે. તે વખતે દ્વેષ થાય તો તે પરિણામ આત્માથી પોતાથી જ થયા છે, વીંછીને કારણે થયા નથી. કોઈ દ્રવ્ય કોઈને બાધા ઉપજાવતું નથી, તેમ જ મદદ પણ કરતું નથી. સૌ પોતપોતાની સત્તામાં રહેલાં છે, કોઈએ બીજાની સત્તામાં પ્રવેશ કર્યો નથી, તો તે બીજામાં શું કરે ? જો પદાર્થ પોતાની સત્તા છોડીને બીજાની સત્તામાં પ્રવેશ કરે તો તો પદાર્થનો જ અભાવ થઈ જાય.

જોકે છએ દ્રવ્યો એકક્ષેત્રે રહે છે તોપણ પોતપોતાની સ્વતંત્ર સત્તાને કોઈ પણ દ્રવ્ય છોડતું નથી, એટલે તે દ્રવ્યો પરસ્પર ભળીને એકમેક થઈ જતાં નથી. બધાં પોતપોતાના સ્વભાવથી જુદાં જુદાં રહે છે. બધાં દ્રવ્યોનો એવો સ્વભાવ છે કે પરસ્પર એકબીજાને સ્થાનદાન આપે છે. પરમાણુ વગેરેને જ્ઞાન નથી પણ પોતે જ્યાં હોય ત્યાં બીજા અનંતા પરમાણુ વગેરે રહે તો પણ તેને વિઘ્ન કરતાં નથી. એટલે પરસ્પર એકબીજાને અવકાશ આપે છે, એવો તેનો સ્વભાવ છે. કોઈ કોઈને નડતાં નથી, ને એકબીજાને જગ્યા આપ્યા વિના રહેતાં નથી. એકેક શરીરના આશ્રયે અનંત નિગોદજીવો રહેલા છે. છતાં ત્યાં સંકડાશ કે પરસ્પર બાધા થતી નથી. નિગોદને કે પરમાણુને કાંઈ ખબર નથી કે અહીં બીજા અનંતા આત્મા ને અનંતા પરમાણુઓ રહેલા છે. પણ તેનો સ્વભાવ એવો છે કે પરસ્પર એકબીજાને રહેવામાં વિઘ્ન કરતા નથી.

આત્મા અને કર્મ વ્યવહારનયથી બંધ અપેક્ષાએ એક જણાય છે, પણ નિશ્ચયથી બન્ને પોતપોતાના સ્વરૂપમાં જુદાજુદા જ છે. કોઈ પોતાના સ્વરૂપને છોડીને પર સાથે એકમેક થતા નથી.

(હવે ચાલુ અધિકારમાં પંચાસ્તિકાયની ૮મી ગાથા વંચાય છે. તેમાં પદાર્થની સત્તાનું સ્વરૂપ કહે છે :-)

---

**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया ।**
**भंगुप्पादधुवत्ता सप्पडिवक्खा हवदि एक्का ॥ ८ ॥**

**सत्ता सर्वपदार्था सविश्वरूपा अनन्तपर्याया**
**भङ्गोत्पादध्रौव्यात्मिका सप्रतिपक्षा भवत्येका ॥ ८ ॥**

**સર્વાર્થપ્રાપ્ત, સવિશ્વરૂપ, અનંતપર્યયવંત છે,**
**સત્તા જનમ-લય-ધ્રૌવ્યમય છે, એક છે, સવિપક્ષ છે. ૮**

**અન્વયાર્થ :** [सत्ता] સત્તા [भङ्गोत्पादध्रौव्यात्मिका] ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક, [एका] એક, [सर्वपदार्था] સર્વપદાર્થસ્થિત, [सविश्वरूपा] સવિશ્વરૂપ, [अनन्तपर्याया] અનંતપર્યાયમય અને [सप्रतिपक्षा] સપ્રતિપક્ષ [भवति] છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : संकरव्यतिकरदोषपरिहारेण गाथा गता एवं स्वतन्त्रगाथाद्वयेन तृतीयस्थलं गतं। इति प्रथममहाधिकारे सप्तगाथाभिः स्थलत्रयेण समयशब्दार्थपीठिकाभिधानः **प्रथमोन्तराधिकारः** समाप्तः।। "अथ सत्ता सव्वपयत्था" इमां गाथामादिं कृत्वा पाठक्रमेण चतुर्दशगाथाभिर्जीवपुद्गलादिद्रव्यविवक्षारहितत्वेन सामान्यद्रव्यपीठिका कथ्यते। तत्र चतुर्दशगाथासु मध्ये सामान्यविशेषसत्तालक्षणकथनरूपेण "सत्ता सव्वपयत्था" इत्यादि प्रथमस्थले गाथासूत्रमेकं तदनन्तरं सत्ताद्रव्ययोरभेदो द्रव्यशब्दव्युत्पत्तिकथनमुख्यत्वेन च "दवियदि" इत्यादि द्वितीयस्थले सूत्रमेकं, अथ द्रव्यस्य लक्षणत्रयसूचनरूपेण "दव्वं सल्लक्खणियं" इत्यादि तृतीयस्थले सूत्रमेकं, तदनन्तरं लक्षणद्वयप्रतिपादनरूपेण "उप्पत्ती य विणासो" इत्यादि सूत्रमेकं। अथ तृतीयलक्षणकथनेन "पज्जयरहियं" इत्यादि गाथाद्वयं। एवं समुदायेन गाथात्रयेण द्रव्यार्थिकपर्यायार्थिकपरस्परसापेक्षनयद्वयसमर्थनमुख्यतया चतुर्थस्थलं। अथ पंचमस्थले सर्वैकान्तमतनिराकरणार्थं प्रमाणसप्तभङ्गव्याख्यानमुख्यत्वेन "सियअत्थि" इत्यादि सूत्रमेकं। एवं चतुर्दशगाथासु मध्ये स्थलपंचकसमुदायेन प्रथमसप्तकं गतं। अथ द्वितीयसप्तकमध्ये प्रथमस्थले बौद्धमतैकान्तनिराकरणार्थं द्रव्यस्थापनमुख्यत्वेन "भावस्स णत्थि णासो' इत्याद्यधिकारगाथासूत्रमेकं तस्या विवरणार्थं गाथाचतुष्टयं। तत्र गाथाचतुष्टयमध्ये तस्यैवाधिकारसूत्रस्य द्रव्यगुणपर्यायव्याख्यानमुख्यत्वेन "भावा जीवादीया" इत्यादि सूत्रमेकं अथ मनुष्यादिपर्यायस्य विनाशोत्पादकत्वेपि ध्रुवत्वेन विनाशो नास्तीति कथनरूपेण "मणुअत्तणेण" इत्यादि सूत्रमेकं। अथ तस्यैव दृढीकरणार्थं "सो चेव" इत्यादि सूत्रमेकं। अथैवं द्रव्यार्थिकनयेन सदसतोर्विनाशोत्पादौ न स्तः पर्यायार्थिकनयेन पुनर्भवत इति नयद्वयव्याख्यानोपसंहाररूपेण "एवं सदो विणासो" इत्यादि उपसंहारगाथासूत्रमेकं इति द्वितीयस्थले समुदायेन गाथाचतुष्टयं, तदनन्तरं तृतीयस्थले सिद्धस्य पर्यायार्थिकनयेनासदुत्पादमुख्यतया "णाणावरणादीया" इत्यादि सूत्रमेकं, अथैवं चतुर्थस्थले द्रव्यरूपेण नित्यत्वेपि पर्यायार्थिकनयेन संसारिजीवस्य देवत्वाद्युत्पादव्ययकर्तृत्वव्याख्यानोपसंहारमुख्यत्वेन द्रव्यपीठिका-समाप्त्यर्थं वा "एवं भावं" इत्यादि गाथासूत्रमेकं, इति समुदायेन चतुर्भिः स्थलैर्द्वितीयसप्तकं गतं । एवं चतुर्दशगाथाभिर्नवभिरन्तरस्थलैर्द्रव्यपीठिकायां समुदायपातनिका। तद्यथा। अथास्तित्वस्वरूपं निरूपयति, अथवा सत्तामूलानि द्रव्याणीति कृत्वा पूर्वं सत्तास्वरूपं भणित्वा पश्चात् द्रव्यव्याख्यानं करोमीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति भगवान्:-**हवदि** भवति। का कर्त्री। **सत्ता** सत्ता। कथंभूता। **सव्वपदत्था** सर्वपदार्था। पुनरपि कथंभूता। **सविस्सरूवा** सविश्वरूपा। पुनरपि किंविशिष्टा। **अणंतपज्जाया** अनंतपर्याया। पुनरपि किंविशिष्टा **भंगुप्पादधुवत्ता** भङ्गोत्पादध्रौव्यात्मिका। पुनश्च किंविशिष्टा। **एक्का** महासत्तारूपेणैका। एवं पंचविशेषणविशिष्टा सत्ता किं निरंकुशा निःप्रतिपक्षा भविष्यति। नैवं। **सप्पडिवक्खा** सप्रतिपक्षैवेति वार्तिकं। तथाहि – स्वद्रव्यादिचतुष्टयरूपेण सत्तायाः परद्रव्यादिचतुष्टयरूपेणासत्ता प्रतिपक्षः, सर्वपदार्थस्थितायाः सत्तायाः एकपदार्थस्थिता प्रतिपक्षः, मूर्तो घटः सौवर्णो घटः ताम्रो घट इत्यादिरूपेण सविश्वरूपाया नानारूपाया एकघटरूपा सत्ता प्रतिपक्षः, अथवा विवक्षितैकघटे वर्णाकारादिरूपेण विश्वरूपायाः सत्ताया विवक्षितैकगन्धादिरूपा प्रतिपक्षः, कालत्रयापेक्षयानन्तपर्यायायाः सत्ताया विवक्षितैकपर्यायसत्ता प्रतिपक्षः उत्पादव्ययध्रौव्यरूपेण त्रिलक्षणायाः सत्ताया विवक्षितैकस्योत्पादस्य वा व्ययस्य वा ध्रौव्यस्य वा सत्ता प्रतिपक्षः, एकस्या महासत्ताया अवान्तरसत्ता प्रतिपक्ष इति शुद्धसंग्रहनयविवक्षायामेका महासत्ता अशुद्धसंग्रहनयविवक्षायां व्यवहारनयविवक्षायां वा सर्वपदार्थसविश्वरूपाद्यवान्तरसत्ता सप्रतिपक्षव्याख्यानं सर्वं नैगमनयापेक्षया ज्ञातव्यं। एवं नैगमसंग्रहव्यवहारनयत्रयेण सत्ताव्याख्यानं योजनीयं, अथवैका महासत्ता शुद्धसंग्रहनयेन, सर्वपदार्थाद्यवान्तरसत्ता व्यवहारनयेनेति नयद्वयव्याख्यानं कर्तव्यं। अत्र शुद्धजीवास्तिकायसंज्ञस्य शुद्धजीवद्रव्यस्य या सत्ता सैवोपादेया

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवतीति भावार्थः ।। ८ ।।

**समयव्याख्या :** अत्रास्तित्वस्वरूपमुक्तम् । अस्तित्वं हि सत्ता नाम सतो भावः सत्त्वम् । न सर्वथा नित्यतया सर्वथा क्षणिकतया वा विद्यमानमात्रं वस्तु । सर्वथा नित्यस्य वस्तुनस्तत्त्वतः क्रमभुवां भावानामभावात्कुतो विकारवत्त्वम् । सर्वथा क्षणिकस्य च तत्त्वतः प्रत्यभिज्ञानाभावात् कुत एकसंतानत्वम् । ततः प्रत्यभिज्ञानहेतुभूतेन केनचित्स्वरूपेण ध्रौव्यमालम्ब्यमानं काभ्यांचित्क्रमप्रवृत्ताभ्यां स्वरूपाभ्यां प्रलीयमानमुपजायमानं चैककालमेव परमार्थतस्त्रितयीमवस्थां बिभ्राणं वस्तु सदवबोध्यम् । अत एव सत्ताप्युत्पादव्ययध्रौव्यात्मिकाऽवबोद्धव्या, भावभाववतोः कथंचिदेकस्वरूपत्वात् । सा च त्रिलक्षणस्य समस्तस्यापि वस्तुविस्तारस्य सादृश्यसूचकत्वादेका । सर्वपदार्थस्थिता च । त्रिलक्षणस्य सदित्यभिधानस्य सदिति प्रत्ययस्य च सर्वपदार्थेषु तन्मूलस्यैवोपलम्भात् । सविश्वरूपा च विश्वस्य समस्तवस्तुविस्तारस्यापि रूपैस्त्रिलक्षणैः स्वभावैः सह वर्तमानत्वात् । अनन्तपर्याया चानन्ताभिर्द्रव्य-पर्यायव्यक्तिभिस्त्रिलक्षणाभिः परिगम्यमानत्वात् । एवंभूतापि सा न खलु निरङ्कुशा किन्तु सप्रतिपक्षा । प्रतिपक्षो ह्यसत्ता सत्तायाः, अत्रिलक्षणत्वं त्रिलक्षणायाः, अनेकत्वमेकस्याः, एकपदार्थस्थितत्वं सर्वपदार्थस्थितायाः, एकरूपत्वं सविश्वरूपायाः, एकपर्यायत्वमनन्तपर्याया इति । द्विविधा हि सत्ता — महासत्तावान्तरसत्ता च । तत्र सर्वपदार्थसार्थव्यापिनी सादृश्यास्तित्वसूचिका महासत्ता प्रोक्तैव । अन्या तु प्रतिनियतवस्तुवर्तिनी स्वरूपास्तित्वसूचिकाऽवान्तरसत्ता । तत्र महासत्ताऽवान्तरसत्तारूपेणाऽसत्ताऽ-वान्तरसत्ता च महासत्तारूपेणाऽसत्तेत्यसत्ता सत्तायाः । येन स्वरूपेणोत्पादस्तत्तथोत्पादैकलक्षणमेव, येन स्वरूपेणोच्छेदस्तत्तथोच्छेदैकलक्षणमेव, येन स्वरूपेण ध्रौव्यं तत्तथा ध्रौव्यैकलक्षणमेव, तत उत्पद्यमानोच्छिद्यमानावतिष्ठमानानां वस्तुनः स्वरूपाणां प्रत्येकं त्रैलक्षण्याभावादत्रिलक्षणत्वं त्रिलक्षणायाः । एकस्य वस्तुनः स्वरूपसत्ता नान्यस्य वस्तुनः स्वरूपसत्ता भवतीत्यनेकत्वमेकस्याः । प्रतिनियतपदार्थ-स्थिताभिरेव सत्ताभिः पदार्थानां प्रतिनियमो भवतीत्येकपदार्थस्थितत्वं सर्वपदार्थस्थितायाः । प्रति-नियतैकरूपाभिरेव सत्ताभिः प्रतिनियतैकरूपत्वं वस्तूनां भवतीत्येकरूपत्वं सविश्वरूपायाः । प्रतिपर्याय-नियताभिरेव सत्ताभिः प्रतिनियतैकपर्यायाणामानन्त्यं भवतीत्येकपर्यायत्वमनन्तपर्यायायाः । इति सर्वमनवद्यं सामान्यविशेषप्ररूपणप्रवणनयद्वयायत्तत्वात्तद्देशनायाः ।। ८ ।।

અનુવાદ : અહીં અસ્તિત્વનું સ્વરૂપ કહ્યું છે.

અસ્તિત્વ એટલે સત્તા નામનો સત્‌નો ભાવ અર્થાત્ સત્ત્વ.

વિદ્યમાનમાત્ર વસ્તુ નથી સર્વથા નિત્યપણે હોતી કે નથી સર્વથા ક્ષણિકપણે હોતી. સર્વથા નિત્ય વસ્તુને ખરેખર ક્રમભાવી ભાવોનો અભાવ થવાથી વિકાર (ફેરફાર, પરિણામ) ક્યાંથી થાય ? અને સર્વથા ક્ષણિક વસ્તુને વિષે ખરેખર પ્રત્યભિજ્ઞાનનો અભાવ થવાથી એકપ્રવાહપણું ક્યાંથી રહે ? માટે પ્રત્યભિજ્ઞાનના હેતુભૂત કોઈ સ્વરૂપથી ધ્રુવ રહેતી અને કોઈ બે ક્રમવર્તી સ્વરૂપોથી નષ્ટ થતી ને ઊપજતી—એ રીતે એક જ કાળે પરમાર્થે ત્રેવડી (ત્રણ અંશવાળી) અવસ્થાને ધરતી વસ્તુ સત્ જાણવી. તેથી જ 'સત્તા' પણ 'ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક (ત્રિલક્ષણા) જાણવી, કારણ કે ભાવ અને ભાવવાનનું કથંચિત્ એક સ્વરૂપ હોય છે. વળી તે (સત્તા) 'એક' છે, કારણ કે તે ત્રિલક્ષણવાળા સમસ્ત વસ્તુવિસ્તારનું સાદ્રશ્ય સૂચવે છે. વળી તે (સત્તા) 'સર્વપદાર્થસ્થિત' છે, કારણ કે તેના કારણે જ (સત્તાને લીધે જ) સર્વ પદાર્થોમાં ત્રિલક્ષણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉત્પાદવ્યયધ્રૌવ્યની), 'સત્' એવા કથનની અને 'સત્' એવી પ્રતીતિની ઉપલબ્ધિ થાય છે. વળી તે (સત્તા) 'સવિશ્વરૂપ' છે, કારણ કે તે વિશ્વનાં રૂપો સહિત અર્થાત્ સમસ્ત વસ્તુવિસ્તારના ત્રિલક્ષણવાળા સ્વભાવો સહિત વર્તે છે. વળી તે (સત્તા) 'અનંતપર્યાયમય' છે, કારણ કે તે ત્રિલક્ષણવાળી અનંત દ્રવ્યપર્યાયરૂપ વ્યક્તિઓથી વ્યાપ્ત છે. (આ પ્રમાણે સામાન્યવિશેષાત્મક સત્તાનું તેના સામાન્ય પડખાની અપેક્ષાએ અર્થાત્ મહાસત્તારૂપ પડખાની અપેક્ષાએ વર્ણન થયું.)

આવી હોવા છતાં તે ખરેખર નિરંકુશ નથી પરંતુ સપ્રતિપક્ષ છે. (૧) સત્તાને અસત્તા પ્રતિપક્ષ છે; (૨) ત્રિલક્ષણાને અત્રિલક્ષણપણું પ્રતિપક્ષ છે; (૩) એકને અનેકપણું પ્રતિપક્ષ છે; (૪) સર્વપદાર્થસ્થિતને એકપદાર્થસ્થિતપણું પ્રતિપક્ષ છે; (૫) સવિશ્વરૂપને એકરૂપપણું પ્રતિપક્ષ છે; (૬) અનંતપર્યાયમયને એકપર્યાયપણું પ્રતિપક્ષ છે.

(ઉપર્યુક્ત સપ્રતિપક્ષપણું સ્પષ્ટ સમજાવવામાં આવે છે :) સત્તા દ્વિવિધ છે : મહાસત્તા અને અવાન્તરસત્તા. તેમાં, સર્વપદાર્થસમૂહમાં વ્યાપનારી, સાદ્રશ્યઅસ્તિત્વને સૂચવનારી મહાસત્તા (સામાન્યસત્તા) તો કહેવાઈ જ ગઈ. બીજી, પ્રતિનિશ્ચિત (એકેક નિશ્ચિત) વસ્તુમાં રહેનારી, સ્વરૂપ-અસ્તિત્વને સૂચવનારી અવાન્તરસત્તા (વિશેષસત્તા) છે. (૧) ત્યાં, મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે તેથી સત્તાને અસત્તા છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સત્તા' છે તે જ અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અસત્તા' પણ છે). (૨) જે સ્વરૂપે ઉત્પાદ છે તેનું (-તે સ્વરૂપનું) તે રીતે ઉત્પાદ એક જ લક્ષણ છે, જે સ્વરૂપે વ્યય છે તેનું (તે સ્વરૂપનું) તે રીતે વ્યય એક જ લક્ષણ છે અને જે સ્વરૂપે ધ્રૌવ્ય છે તેનું (તે સ્વરૂપનું) તે રીતે ધ્રૌવ્ય એક જ લક્ષણ છે તેથી વસ્તુના ઊપજતા, નષ્ટ થતા અને ધ્રુવ રહેતાં સ્વરૂપોમાંના પ્રત્યેકને ત્રિલક્ષણનો અભાવ હોવાથી ત્રિલક્ષણા (સત્તા)ને અત્રિલક્ષણપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'ત્રિલક્ષણા' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અત્રિલક્ષણા' પણ છે). (૩) એક વસ્તુની સ્વરૂપસત્તા અન્ય વસ્તુની સ્વરૂપસત્તા નથી તેથી એક (સત્તા)ને અનેકપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મકસત્તા મહાસત્તારૂપ હોવાથી 'એક' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'અનેક' પણ છે). (૪) પ્રતિનિશ્ચિત (વ્યક્તિગત નિશ્ચિત) પદાર્થમાં સ્થિત સત્તાઓ વડે જ પદાર્થોનું પ્રતિનિશ્ચિતપણું (ભિન્નભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ) હોય છે તેથી સર્વપદાર્થસ્થિત(સત્તા)ને એકપદાર્થસ્થિતપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'સર્વપદાર્થસ્થિત' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપદાર્થસ્થિત' પણ છે.) (૫) પ્રતિનિશ્ચિત એક એક રૂપવાળી સત્તાઓ વડે જ વસ્તુઓનું પ્રતિનિશ્ચિત એક એકરૂપ હોય છે તેથી સવિશ્વરૂપ (સત્તા)ને એકરૂપપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મકસત્તા મહાસત્તારૂપ હોવાથી 'સવિશ્વરૂપ' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકરૂપ' પણ છે). (૬) પ્રત્યેક પર્યાયમાં રહેલી (વ્યક્તિગત ભિન્નભિન્ન) સત્તાઓ વડે જ પ્રતિનિશ્ચિત એક એક પર્યાયોનું અનંતપણું થાય છે તેથી અનંતપર્યાયમય(સત્તા)ને એકપર્યાયમયપણું છે (અર્થાત્ જે સામાન્યવિશેષાત્મક સત્તા મહાસત્તારૂપ હોવાથી 'અનંતપર્યાયમય' છે તે જ અહીં કહેલી અવાન્તરસત્તારૂપ પણ હોવાથી 'એકપર્યાયમય' પણ છે).

આ રીતે બધું નિરવદ્ય છે (અર્થાત્ ઉપર કહેલું સર્વ સ્વરૂપ નિર્દોષ છે, નિર્બાધ છે, કિંચિત્ વિરોધવાળું નથી) કારણ કે તેનું (સત્તાના સ્વરૂપનું) કથન સામાન્ય અને વિશેષના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રરૂપણ પ્રત્યે ઢળતા બે નયોને આધીન છે. ૮.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૭ ભાદરવા સુદ ૧૦ સોમવાર]

સત્તા અસ્તિત્વસ્વરૂપ છે. પદાર્થનું અસ્તિત્વ તેનું નામ સત્તા છે. અને સત્તા એક છે, એટલે કે મહાસત્તા તરીકે બધા પદાર્થોનું અસ્તિત્વ છે, બધા થઈને એક જ પદાર્થ છે એવો તેનો અર્થ નથી. મહાસત્તા એટલે બધુંય છે. અહો ! આમાં વીતરાગતા છે. બધું છે—નિગોદ પણ છે ને સિદ્ધ પણ છે, ચેતન પણ છે ને જડ પણ છે.—એમાં એકલો જ્ઞાતા રહી ગયો. ''છે''પણામાંથી કોને કાઢી નાખીશ ? બધુંય છે, એમ જાણવામાં વીતરાગભાવ આવે છે.

મહાસત્તા એક છે ને તે સમસ્ત પદાર્થોમાં રહેલી છે, એટલે કે અસ્તિત્વ તો બધા પદાર્થોમાં છે. મહાસત્તા એક હોવા છતાં અનેક પ્રકારના સ્વરૂપથી સંયુક્ત છે. અસ્તિત્વપણે બધા સત્ હોવા છતાં તેમાં કોઈ ચેતન, કોઈ જડ, કોઈ સિદ્ધ, કોઈ નિગોદ—એમ અનેક પ્રકાર છે. વળી સત્તામાં અનંત પરિણામો છે, સત્તા ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. અને સત્તા પ્રતિપક્ષ સહિત છે. એટલે કે મહાસત્તા તરીકે મહાસત્તા સત્ છે પણ તેના પેટાભેદ તરીકે મહાસત્તા નથી. કેમકે મહાસત્તામાં ભેદ પડતા નથી. મહાસત્તા પ્રતિપક્ષ સહિત છે. તે આ પ્રમાણે :–

મહાસત્તા એક છે, અવાન્તરસત્તા અનેક છે.

મહાસત્તા સમસ્ત પદાર્થોમાં વ્યાપક છે, અવાન્તરસત્તા એકપદાર્થમાં વ્યાપક છે.

મહાસત્તા અનેક સ્વરૂપવાળી છે ને અવાન્તરસત્તા એકસ્વરૂપવાળી છે.

દ્રવ્યની મહાસત્તામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે સમાઈ જાય છે, ને અવાન્તરસત્તામાં ઉત્પાદ તે ઉત્પાદ છે, વ્યય તે વ્યય છે, ધ્રુવ તે ધ્રુવ છે.

લોકાલોકને મહાસત્તા કહો ત્યારે એકેક દ્રવ્ય તે અવાન્તરસત્તા છે.

એક દ્રવ્યને મહાસત્તા કહો ત્યારે તેના પેટાભેદ તે અવાન્તર સત્તા છે.

બધા પદાર્થો વચ્ચે મહાસત્તાનો જુદો દોરો પરોવેલો છે, અથવા તો બધા પદાર્થોનું એક અધિષ્ઠાન છે, એવો મહાસત્તાનો અર્થ નથી. મહાસત્તાનો અર્થ તો એટલો છે કે બધા પદાર્થોમાં અસ્તિત્વ છે. અસ્તિત્વમાંથી કોઈ પદાર્થ બહાર નીકળી જતો નથી. બધા પદાર્થોના અસ્તિત્વને એકસાથે કહેવું તેનું નામ મહાસત્તા છે. પહેલાં ''બધુંય છે'' એમ સ્થાપીને પછી તેમાં ભેદ પડે કે આ જીવ, આ અજીવ વગેરે.

સત્તા સહિત પદાર્થ તે જ વસ્તુ છે. પદાર્થનું જે અસ્તિત્વ છે તે જ સત્તા છે. ને સત્તા સહિત છે તે જ વસ્તુ છે. સત્તા વગરની વસ્તુ ન હોઈ શકે. સત્તાવાળી વસ્તુ કેવી છે ? નિત્ય–અનિત્ય સ્વરૂપ છે. વસ્તુ કાયમ ટકે પણ છે ને ક્ષણે ક્ષણે અનિત્યપણે પલટે પણ છે.

જો વસ્તુને સર્વથા નિત્ય જ માનો તો સત્તાનો નાશ થઈ જાય. કેમકે સર્વથા નિત્ય વસ્તુમાં ક્ષણવર્તી પર્યાયના અભાવથી પરિણામનો અભાવ થઈ જશે ને પરિણામનો અભાવ થતાં વસ્તુના અસ્તિત્વનો જ અભાવ થશે.

વસ્તુના કાર્યથી તો વસ્તુનું અસ્તિત્વ નક્કી થાય છે, જો વસ્તુમાં કાર્ય જ ન હોય તો નિત્ય વસ્તુ પણ રહી જ ન શકે. પરિણામના પલટા વિના વસ્તુ જ નક્કી ક્યાંથી થાય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તમાન પરિણામના અસ્તિત્વ વગર દ્રવ્યનું આખું ભિન્ન અસ્તિત્વ નક્કી થઈ શકશે નહિ. અવસ્થા વગર ''આ ચીજ બીજા પદાર્થોથી ભિન્ન પરિણમી રહી છે'' એમ પદાર્થનું અસ્તિત્વ કઈ રીતે જણાશે ? વસ્તુને સિદ્ધ કરનાર તો પર્યાય છે, આ પર્યાય છે તે આ વસ્તુનું પરિણામ છે—એમ પર્યાયથી વસ્તુની સિદ્ધિ થાય છે. પર્યાયનું કારણ દ્રવ્ય છે એ વાત જુદી છે, પણ દ્રવ્યને નક્કી કરવું હોય તો તે પર્યાય ઉપરથી નક્કી થાય છે. પર્યાય વિના કાયમી વસ્તુ સિદ્ધ નહિ થઈ શકે. પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે, કાર્ય છે, ને દ્રવ્ય તો અવ્યક્ત–અપ્રગટ–કારણરૂપ છે. તે વ્યક્ત પર્યાય ઉપરથી અવ્યક્ત દ્રવ્યની સિદ્ધિ થાય છે.

આ અર્થસમયનું સ્વરૂપ કહેવામાં આવે છે. આવા અર્થસમયને જાણી લ્યે તેવું જીવના જ્ઞાનસમયનું સામર્થ્ય છે.

પદાર્થ જો પરિણમતો ન હોય તો ''આ પદાર્થ છે'' એમ કઈ રીતે નક્કી કરશો ? નિત્યપદાર્થમાં જો ક્ષણેક્ષણે પરિણમન ન થતું હોય તો વર્તમાન સત્તા ન રહે, એટલે વર્તમાન સત્તા વિના ત્રિકાળી સત્તાનો પણ અભાવ થઈ જાય છે. વસ્તુ તો વર્તમાન...વર્તમાનપણે રહીને ત્રિકાળ છે. જો વર્તમાનને ન માને તો નિત્યપણું નક્કી જ ન થાય. વસ્તુનું વર્તમાન—વર્તમાનપણું માન્યા વિના ''આ તત્ત્વ નિત્ય છે'' એમ નક્કી થઈ શકે જ નહિ. સર્વથા કૂટસ્થ માને તેણે વસ્તુના અસ્તિત્વને જાણ્યું જ નથી.

(દૃષ્ટાંત) જેમ માટી પદાર્થમાં ઘડો, પિંડ વગેરે કોઈ પણ પર્યાય જો ન હોય તો માટીનું અસ્તિત્વ જ સાબિત ન થાય. માટી છે પણ વર્તમાન કોઈ અવસ્થા નથી, તો ''માટી છે'' એમ કોના આશ્રયે કહેવાશે ? પદાર્થ પોતે પોતાની પર્યાયપણે પરિણમનાર છે, એવું પદાર્થનું સ્વરૂપ જ છે. એટલે કોઈ બીજો તેની પર્યાયને કરે એમ નથી. 'વસ્તુ છે' એમ કહે પણ વર્તમાન વર્તતી તેની કોઈ હાલત જો ન માને તો તેણે વસ્તુનું અસ્તિત્વ જાણ્યું નથી. વસ્તુ તો જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે જ રહે છે. પણ ઊંધું માનનારને પોતાના જ્ઞાનસમયમાં ભૂલ થાય છે. એટલે કે મિથ્યાજ્ઞાન થાય છે. પદાર્થસમયનું સ્વરૂપ તો જેમ છે તેમ જ છે.

મારી પર્યાય બીજાને લીધે થઈ એમ માને તો તેણે પણ ત્રિકાળી દ્રવ્યની સત્તાને માની નથી. માટે વસ્તુ એકાંત નિત્ય નથી, પરંતુ ક્ષણે ક્ષણે પલટે પણ છે એમ સિદ્ધ કર્યું.

હવે બીજા કોઈ બૌદ્ધ વગેરે, વસ્તુને સર્વથા ક્ષણિક જ માને છે તેની સામે વસ્તુને નિત્ય સિદ્ધ કરે છે.

કાલે જે માણસને જોયો હતો તે જ માણસ આ છે—એવું જ્ઞાન થાય છે તે સામી વસ્તુનું નિત્યપણું સિદ્ધ કરે છે. જો વસ્તુમાં નિત્યતા ન હોય તો 'જેને કાલે પૈસા આપ્યા હતા તે જ માણસ આજે પાછા આપે છે' એવું જ્ઞાન ન થઈ શકે. વસ્તુને સર્વથા ક્ષણિક માનતાં નિત્યતાને જાણનારું જ્ઞાન પણ મિથ્યા ઠરશે માટે ''જેને કાલે જોયો હતો તે જ આ છે'' એવા જ્ઞાનના નિમિત્તરૂપ વસ્તુમાં ધ્રુવપણું સિદ્ધ થાય છે.

જેમ બાળક મટીને યુવાન થયો, પણ ત્યાં પુરુષ તો તેનો તે જ રહ્યો. પર્યાય બદલી પણ પુરુષ તે જ રહ્યો એટલે કે બાળક યુવાન વગેરે પર્યાયમાં પુરુષની નિત્યતા રહી. તેમાં નિગોદથી સિદ્ધ સુધીની બધી પર્યાયમાં આત્મા વસ્તુપણે નિત્ય છે ને પર્યાયપણે પલટે છે.

નિત્ય–અનિત્ય વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. ગુણનું નિત્યપણું રહે છે તે અપેક્ષાએ ધ્રુવતા છે. તે પર્યાયના અનિત્યપણાની અપેક્ષાએ ઉત્પાદ–વ્યય છે. દરેક પદાર્થનું અસ્તિત્વ આવું ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. નિત્ય–અનિત્યપણું માન્યા વિના ઉત્પાદ–વ્યય–ધ્રુવ સિદ્ધ ન થઈ શકે. વસ્તુનો આવો ધર્મ છે એટલે વસ્તુની પર્યાય વસ્તુથી પોતાથી થાય છે. કોઈ કોઈને પલટાવે—એમ નથી.

સત્તા તરીકે વસ્તુ એક છે એમ કહ્યું, પછી નિત્ય–અનિત્ય તરીકે બે ધર્મ કહ્યા. અને પછી ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણ પ્રકાર કહ્યા.

પોતાની સત્તા નિત્ય–અનિત્યસ્વરૂપ અને ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક છે—એમ પોતાની સત્તાને સ્વતંત્ર ન જોતાં અજ્ઞાની સંયોગને જુએ છે કે આનાથી આમ થયું. પણ સંયોગી ચીજનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ તેનામાં છે, ને પોતાનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતામાં છે.

જોકે સત્તામાં નિત્ય અને અનિત્ય એવા બે ભેદ છે તોપણ સામાન્ય સત્તાની અપેક્ષાએ તો એકતા છે. જે નિત્ય–અનિત્યસ્વરૂપ છે ને ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક છે તે જ સત્તા છે. સમસ્ત પદાર્થોનું સામાન્ય કથન કરતાં સત્તા એક છે, સમસ્ત પદાર્થોમાં રહેલી છે. કેમકે પદાર્થ 'છે' એવું જે કથન છે અને પદાર્થ 'છે' એવું જે જ્ઞાન છે તે પદાર્થની સત્તા વિના બની ન શકે. જો 'સત્તા' ન હોય તો પદાર્થનો જ અભાવ થાય. જે કાંઈ વિસ્તાર છે તે બધો 'સત્તા'માં ગર્ભિત છે. કેમકે પહેલાં 'સત્તા છે.' એમ નક્કી કરીને પછી જ તેનો વિસ્તાર થઈ શકે. પદાર્થ જ ન હોય તો વિસ્તાર કોનો ? ઉત્પાદ–વ્યય–ધ્રુવ એ ત્રણેય સત્તાના અંશો છે. સત્તા ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળી છે. અનંત પર્યાયોના જેટલા ભેદ છે તે બધાય ઉત્પાદ–વ્યય–ધ્રુવથી જાણી શકાય છે.

[વીર સંવત ૨૪૭૭ ભાદરવા સુદ-૧૧ મંગળવાર]

દરેક પદાર્થ સત્તાવાળો છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત સત્ છે. ક્ષણે ક્ષણે નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની ટળે ને વસ્તુપણે ધ્રુવતા રહે—એવું સત્તાનું સ્વરૂપ છે. વસ્તુસ્વરૂપ આવું છે. મહાસત્તાપણે બધુંય સત્ છે. સર્વજ્ઞ તેના પૂર્ણ જ્ઞાયક છે, ને મારો સ્વભાવ પણ તેને જાણવાનો છે. તેમાં ''આ આમ કેમ'' એવા વિકલ્પનું ઉત્થાન કરવાનો મારો સ્વભાવ નથી—એમ સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાતાપણાની પ્રતીતિ છે. સમ્યગ્દ્રષ્ટિને પ્રતીત છે કે હું જ્ઞાતા, ને સમસ્ત પદાર્થો મારાં જ્ઞેય, તેમાં કોઈનો ફેરફાર કરનાર હું નથી.

પદાર્થસમયને જાણે તેવો જ્ઞાનસમયનો સ્વભાવ છે, પણ પદાર્થમાં કાંઈ ફેરફાર કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. આવા જ્ઞાતાસ્વભાવની પ્રતીતિ કરીને જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તેનું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

મહાસત્તાને એટલે કે જગતના બધાય પદાર્થોને એક સમયમાં જાણી લેવાની જ્ઞાનની તાકાત છે, એવા જ્ઞાનને માને તેને રાગમાં એકત્વબુદ્ધિ રહે નહિ, પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ રહે નહિ.

''મહાસત્તા'' કહેતાં તેમાં બધુંય સમાઈ જાય છે, ને તેમાં પેટાભેદ પાડવા તે અવાંતરસત્તા છે. મહાસત્તાની પ્રતિપક્ષી અવાંતરસત્તા છે. મહાસત્તા સામાન્ય છે, ને અવાંતરસત્તા વિશેષ છે. એટલે સત્તાના બે પ્રકાર છે (૧) મહાસત્તા (૨) અવાંતરસત્તા. જગતમાં સિદ્ધ પણ છે ને નિગોદ પણ છે, સોનું પણ છે ને લોઢું પણ છે. એમ બધાના અસ્તિત્વને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે પણ તેમાં આ ઠીક ને આ ઠીક નહિ એવી બુદ્ધિ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. આ જ્ઞાનની પ્રતીતિ તે સમ્યગ્દર્શન–ધર્મ છે.

(૧) મહાસત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણ લક્ષણવાળી છે.

(૨) મહાસત્તા એક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૩) મહાસત્તા સમસ્ત પદાર્થોમાં રહેનારી છે. કોઈ પણ પદાર્થને મહાસત્તામાંથી બાદ કરી શકાય નહિ. મહાસત્તામાં નિગોદ પણ આવે ને સિદ્ધ પણ આવે; પરમાણુ પણ આવે ને મહાસ્કંધ પણ આવે.

(૪) મહાસત્તા સમસ્તરૂપ છે.

(૫) અને મહાસત્તા તે અનંતપર્યાયાત્મક છે.

એ રીતે પાંચ વિશેષણ કહ્યાં. તેનાથી વિરુદ્ધ અવાંતરસત્તા છે. મહાસત્તા તે કોઈ સ્વતંત્રદ્રવ્ય નથી, પણ છએ દ્રવ્યોને સંગ્રહપણે કહેવા તેનું નામ મહાસત્તા છે.

જેમ ઘણા પ્રકારના ઝાડ હોય તેને 'વન' કહેવું તે મહાસત્તા કહેવાય, ને તેમાં આંબા–લીંબડા વગેરેને જુદા કહેવા તે અવાંતરસત્તા છે.

મહાસત્તાના પેટાભેદરૂપ અવાંતરસત્તા છે; તે અવાંતરસત્તા મહાસત્તાની અપેક્ષાએ અસત્ છે; બધું છે—એમ કહેતાં પેટાભેદ અસત્ થઈ જાય છે, ને પેટાભેદ કહો ત્યારે મહાસત્તા ગૌણ થઈ જાય છે.

મહાસત્તાથી વિરુદ્ધ અવાંતરસત્તા છે તે કેવી છે ?

(૧) ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળી નથી, પણ એક લક્ષણવાળી છે. ઉત્પાદ તે ઉત્પાદ છે, વ્યય તે વ્યય છે ને ધ્રુવ તે ધ્રુવ છે—એમ ત્રણેનું લક્ષણ જુદું જુદું છે. સામાન્ય સત્ કહેવું તે મહાસત્તા છે, ને તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ત્રણ ભેદ પાડીને કહેવું તે અવાંતરસત્તા છે.

સિદ્ધ પણ છે ને નિગોદ પણ છે, તે મહાસત્તામાં આવી ગયા, પણ તેમાં જે સિદ્ધ છે તે નિગોદ નથી. નિગોદ છે તે સિદ્ધ નથી. એમ અવાંતરસત્તા જુદી જુદી છે. મહાસત્તામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે આવી જાય છે. પણ તેમાં જે ઉત્પાદ છે તે વ્યય નથી, જે વ્યય છે તે ઉત્પાદ નથી, એમ ઉત્પાદ–વ્યય ને ધ્રુવનું લક્ષણ ભિન્નભિન્ન છે, તે અવાંતરસત્તા છે. સામાન્યસત્તામાં તે ત્રણે ભેગાં સમાઈ જાય છે, પણ વિશેષપણે જોતાં, ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણેનાં લક્ષણ ભિન્ન ભિન્ન છે. જેમકે સિદ્ધદશા થઈ, ત્યાં તે આત્માને સિદ્ધપર્યાય થઈ તે ઉત્પાદનું લક્ષણ છે, સંસાર પર્યાય ગઈ તે વ્યયનું લક્ષણ છે ને સદ્દશતા રહી તે ધ્રુવનું લક્ષણ છે. એ રીતે અવાંતરસત્તામાં ભેદ પડે છે, મહાસત્તામાં ભેદ પડતા નથી.

સામાન્યપણે બધા એકસાથે સત્પણે જ્ઞાનમાં આવે છે, છતાં તે પદાર્થોના ભિન્ન ભિન્ન સ્વરૂપને જ્ઞાન જાણે છે.

મિથ્યાત્વનો વ્યય, સમ્યક્ત્વનો ઉત્પાદ ને શ્રદ્ધાની ધ્રુવતા, તે ત્રણે પ્રકાર સત્તામાં આવી ગયા છતાં તે ત્રણે પ્રકારનાં લક્ષણો ભિન્ન ભિન્ન છે. ચારિત્ર ગુણ કાયમી રહે છે તે ધ્રુવમાં આવે છે, તેની દશામાં રાગનો નાશ થયો તે વ્યયમાં આવે છે, ને વીતરાગતા પ્રગટી તે ઉત્પાદમાં આવે છે.—એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવના ભેદ પાડીને કહેવું તેનું નામ અવાંતરસત્તા છે. સામાન્ય અને વિશેષ છે એ બન્ને પ્રકારે પદાર્થોને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

મહાસત્તાપણે આખું વિશ્વ સત્ છે ને તેમાં દરેક પદાર્થ પોતપોતાની અવાંતરસત્તાથી ભિન્ન ભિન્ન છે. મહાસત્તામાં ભવ્ય ને અભવ્ય બધા આવી જાય છે, ત્યાં ''આ અભવ્ય કેમ ? ને આ ભવ્ય કેમ ?'' એવો પ્રશ્ન રહેતો નથી, બધું સત્ છે. અનાદિસિદ્ધ છે તે સત્ છે.—એમ મહાસત્તામાં બધું સત્ છે. છતાં તેમાં ભવ્ય તે અભવ્ય નથી, ને અભવ્ય તે ભવ્ય નથી. સિદ્ધ તે સંસારી નથી. જીવ તે જીવ છે, અજીવ તે અજીવ છે. એમ બધાની અવાંતરસત્તા જુદી છે—આમ જાણવું તેમાં વીતરાગતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જગતના બીજા આત્માઓ છે તેને આત્મા જાણી શકે પણ તેનું કાંઈ ફેરવી ન શકે. જગતમાં દુઃખી જીવો છે એમ જ્ઞાન જાણે પણ તેનું દુઃખ મટાડી શકે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. અનંત સંસારી જીવો પણ છે ને એકભવતારી જીવો પણ છે. આમ બધાને જાણવું, તેમાં એક ઉપર દ્વેષ ને બીજા ઉપર રાગ કરવાનું રહેતું નથી, પણ જ્ઞાતા રહેવાનું જ રહે છે, એટલે જ્ઞાન જ્ઞાનમાં ઠરતું ઠરતું વીતરાગતા જ થાય છે.

બધું છે, તેમ કહેતાં તેમાંથી કાંઈ જુદું ન પડે. તેનું નામ મહાસત્તા છે ને તેમાં ભાગ પાડીને જુદા જુદા કહેવા તે અવાંતરસત્તા છે.

મિથ્યાત્વ, સમ્યક્ત્વ ને શ્રદ્ધા—એ ત્રણે સાથે ન હોય, પણ મિથ્યાત્વનો વ્યય, સમ્યક્ત્વનો ઉત્પાદ ને શ્રદ્ધાની ધ્રુવતા, એમ ત્રણે સાથે હોય છે. અહો ! એકેક ગાથામાંથી ચૌદ પૂર્વનો સાર નીકળે એવી ગજબ રચના કુંદકુંદાચાર્યદેવે કરી છે. રાગને રાગ જાણે ને વીતરાગતાને વીતરાગતા જાણે, એવો જ્ઞાનસમયનો સ્વભાવ છે. પણ તેમાં રાગને ફેરવવાની બુદ્ધિ કરે તો તેને જ્ઞાનસમયની પ્રતીતિ ન રહી. જ્ઞાનની પ્રતીત કહો, દ્રવ્યદૃષ્ટિ કહો, વીતરાગભાવ કહો, ક્રમબદ્ધપર્યાયની પ્રતીત કહો, જ્ઞાતાદ્રષ્ટાભાવ કહો—તે બધુંય આમાં આવી જાય છે.

મહાસત્તા એક છે અને અવાન્તરસત્તા અનેક છે. કોઈ સિદ્ધ ને કોઈ અભવ્ય, કોઈ એકાવતારી ને કોઈ અનંત સંસારી, કોઈ ચેતન અને કોઈ જડ. એવું અનેકપણું અવાંતરસત્તામાં છે. મહાસત્તામાં તેવા ભેદ પડતા નથી.

મહાસત્તામાં અનંત પર્યાયો સમાતી હતી ને અવાંતરસત્તામાં એક જ પર્યાય છે. ઉત્પાદ તે ઉત્પાદ છે, વ્યય તે વ્યય છે ને ધ્રુવ તે ધ્રુવ છે.

પદાર્થનો આવો સ્વભાવ છે, જ્ઞાનનો તેને જાણવાનો સ્વભાવ છે ને વાણીનો તેને કહેવાનો સ્વભાવ છે. પણ તે દરેક સ્વતંત્ર છે. વાણીને લીધે જ્ઞાન કે પદાર્થ નથી.

પદાર્થના સ્વભાવને જાણીને જ્ઞાનને સમ્યક્ કરવું તેમાં જ અનંત પુરુષાર્થ છે.

એ રીતે મહાસત્તા અને તેનાથી વધુ અવાંતરસત્તા—એમ સત્તાના બે પ્રકારોનું વર્ણન કર્યું. આત્માના આનંદમાં ઝૂઝતાં-ઝૂલતાં વીતરાગી સંતોને વિકલ્પ ઊઠતાં આવી અદ્ભુત રચના થઈ ગઈ છે. અંદર જ્ઞાનમાં તેવા ભાવોનું ભાસન હતું ને બહારમાં આ પંચાસ્તિકાય વગેરેના શબ્દોની રચના જગતના ભાગ્યે થઈ ગઈ. મુનિને સહજ નગ્ન દિગંબરદશા થઈ જાય છે. ને અંતરમાં ઠરતાં ઠરતાં સ્થિર થઈને વીતરાગતા ને કેવળજ્ઞાન થઈ જાય છે. ઉપયોગ સૂક્ષ્મ થતાં થતાં સ્વરૂપમાં ઠરે તે જ પુરુષાર્થ છે.

સમયના ત્રણ પ્રકાર છે—શબ્દ, અર્થ ને જ્ઞાન. તેમાં જ્ઞાનસમય તે આત્માના જ્ઞાનની નિર્દોષ પર્યાય છે. પદાર્થોનું સ્વરૂપ તે અર્થસમય છે, તેને જે જ્ઞાન જાણે તે જ્ઞાનને જ્ઞાનસમય કહે છે, ને તેનું સ્વરૂપ કહેનારી વાણી તે શબ્દસમય છે.

જગતમાં છ દ્રવ્યો છે. તે છએ દ્રવ્યોની સત્તા છે તેના સામાન્ય સંગ્રહનું નામ મહાસત્તા છે, ને તેમાં જડ–ચેતન, સિદ્ધ–સંસારી એવા પેટાભેદ છે તે અવાંતરસત્તા છે. આવી સત્તાને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, પણ તેમાં ક્યાંય ફેરફાર કરે તેવો જ્ઞાનનો સ્વભાવ નથી.

છએ પદાર્થોના સંગ્રહનું નામ મહાસત્તા છે. છ દ્રવ્યથી જુદી કોઈ મહાસત્તા નામની ચીજ નથી ને છએ દ્રવ્યો ભિન્ન ભિન્ન, તેમાં અનંત જીવો ભિન્ન ભિન્ન—એમ પૃથક્ પૃથક્ સત્તા છે તેનું નામ અવાંતરસત્તા છે. જ્ઞાનનો સ્વભાવ બંને પ્રકારને જાણવાનો છે. પદાર્થની સત્તાને જેમ છે તેમ જાણે તે જ્ઞાન સમ્યક્ થયું. બધા પદાર્થો સત્ છે એમ જાણે તેમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગતા આવે છે. અનંતા પદાર્થો સત્ છે તેમાં દરેક પદાર્થની સ્વરૂપસત્તા ભિન્ન ભિન્ન છે, દરેક પદાર્થ જુદો જુદો પોતપોતાના સ્વરૂપમાં જ નિશ્ચિત છે, બધા ભેગા થઈને એક થઈ જતા નથી. એક તત્ત્વ બીજા તત્ત્વને લીધે નથી, ને જે સમયે જેમ છે તે સમયે તેમ જ છે. તેમાં આડુંઅવળું થાય નહિ. આવું અવાંતરસત્તાનું સ્વરૂપ છે.

સામાન્ય સંગ્રહની અપેક્ષાએ પેટાભેદ અસત્ છે, ને

પેટાભેદની અપેક્ષાએ સામાન્ય સંગ્રહ અસત્ છે.

એટલે કે મહાસત્તાની અપેક્ષાએ અવાંતરસત્તા અસત્તા છે,

ને અવાંતરસત્તાની અપેક્ષાએ મહાસત્તા અસત્તા છે.

સામાન્ય તે વિશેષ નથી, ને વિશેષ તે સામાન્ય નથી.

વસ્તુસ્વરૂપ તો જેમ છે તેમ છે, પણ તેને જાણવામાં મુખ્ય–ગૌણતાની આ વાત છે. જ્યારે સામાન્ય સંગ્રહપણે જાણે ત્યારે તેનામાં પેટાભેદ લક્ષમાં ન આવે ને પેટાભેદના લક્ષ વખતે મહાસત્તા લક્ષમાં ન આવે. મહાસત્તાની અપેક્ષાએ અવાંતરસત્તા તે એક અંશ છે. જો અવાંતરસત્તા પોતે મહાસત્તા હોય તો તો એક અંશ તે જ આખું ઠરે. માટે જે સત્તા છે તે જ અસત્તા પણ છે. મહાસત્તાની અપેક્ષાએ અવાંતરસત્તા અસત્તા છે, ને અવાંતરસત્તાની અપેક્ષાએ મહાસત્તા પણ અસત્ છે.

આખી માળા તે મહાસત્તા. તેનું એકેક મોતી તે અવાંતરસત્તા. તેમાં માળાની મહાસત્તાપણે એકેક મોતી નથી, કેમ કે જો આખી માળાપણે તેનું એકેક મોતી હોય તો માળા એક મોતી જેટલી જ થઈ જાય. એ રીતે મહાસત્તા અને અવાંતરસત્તા—એકબીજાની અપેક્ષાએ—એવો સત્તાનો અનેકાંત સ્વભાવ છે.

વળી જે સત્તા મહાસત્તા અપેક્ષાએ ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણ લક્ષણ સંયુક્ત છે તે જ સત્તા અવાંતરસત્તા અપેક્ષાએ ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણ લક્ષણ સંયુક્ત નથી કેમકે જે સ્વરૂપથી ઉત્પાદ છે તે સ્વરૂપથી ઉત્પાદ છે, જે સ્વરૂપથી વ્યય છે તે સ્વરૂપથી વ્યય જ છે, ને જે સ્વરૂપે ધ્રુવતા છે તે સ્વરૂપે ધ્રુવતા છે—એમ ત્રણેનાં લક્ષણ જુદાં જુદાં છે. જેમકે સમ્યગ્દર્શન સ્વરૂપે ઉત્પાદ છે ને મિથ્યાદર્શનસ્વરૂપે વ્યય છે તથા શ્રદ્ધાસ્વરૂપે ધ્રુવતા છે—એમ અવાંતરસત્તા અપેક્ષાએ ત્રણેનાં લક્ષણ જુદાં જુદાં છે. મહાસત્તામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે અંશો સમાઈ જાય છે પણ અવાંતરસત્તામાં ત્રણે અંશો નિરપેક્ષ છે. જો ઉત્પાદ–વ્યય–ધ્રુવ કોઈ એકબીજાને લીધે હોય તો તે અંશોની હાનિ થાય છે. ધ્રુવને લીધે ઉત્પાદ અંશ નથી, પણ ઉત્પાદ અંશ પોતે પોતાથી છે. (આ વર્ણન પ્રવચનસારની ૧૦૧મી ગાથામાં વિસ્તારથી આવ્યું છે.)

પ્રશ્ન : આત્મા છે એમ કહેવું તે અવાંતરસત્તા છે કે મહાસત્તા છે ?

ઉત્તર : લોકથી આત્માને જુદો પાડીને કહેવા તે અપેક્ષાએ અવાંતરસત્તા છે ને એકેક આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રુવ અંશવાળો છે તે અપેક્ષાએ એકેક આત્મા મહાસત્તા છે, ને તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ એવા ભેદ પાડવા તે અવાંતરસત્તા છે. એકેક આત્મામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ થાય છે તેને મહાસત્તા પણ કહેવાય ને અવાંતરસત્તા પણ કહેવાય. કઈ રીતે ?

(૧) આખો લોકાલોક ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે, તેમાં એક આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવને જુદા પાડીને કહેવા તે અવાંતરસત્તા થઈ. લોકાલોકની અપેક્ષાએ એક આત્મા તે અવાંતરસત્તા થઈ.

(૨) એક આત્મા છે—એને મહાસત્તા કહો, તો તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે અંશો તે અવાંતરસત્તા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, જગતમાં આ બધા પદાર્થોની સત્તા છે, કોઈને લીધે તેની સત્તા નથી, પણ સ્વયંસિદ્ધ સત્તા છે, એટલે આત્મા તેનો જ્ઞાતાદ્રષ્ટા જ છે. ''સત્તા છે'' તેનો અભાવ માને તો તે મિથ્યાત્વ છે ને સત્તા પરને લીધે છે એમ માને તો તે પણ મિથ્યાત્વ છે. સત્તા પોતાથી સત્ છે, એટલે ''આને લીધે આમ થયું'' એ વાત રહેતી નથી. ગુરુને લીધે જ્ઞાન થયું—એમ તો નથી કેમ કે જ્ઞાનની સત્તા પોતાથી છે, પણ ધ્રુવ જ્ઞાનને લીધે જ્ઞાનનો ઉત્પાદ અંશ છે—એમ પણ નથી. ધ્રુવ અંશ સત્ છે ને ઉત્પાદ અંશ પણ સત્ છે. ઉત્પાદ સત્ છે તો તે બીજાથી નથી. સત્ છે એમ સાબિત કરવું છે, તેની અસ્તિ માને તો આસ્તિક્તા છે, ને 'નથી' એમ માને તો નાસ્તિકતા થાય છે. પદાર્થોનું સ્વરૂપ આવી સત્તાવાળું છે. સત્તાનો સ્વીકાર તે સમ્યગ્જ્ઞાન છે. સત્તા તે અર્થસમય છે, ને તે સત્તાને જાણે તે જ્ઞાનસમય છે. જ્ઞાન જ્ઞેયની સત્તાને છે તેમ જાણે છે. ''આમ કેમ ?'' એવો વિકલ્પ જ્ઞાનમાં નથી. પર્યાય સત્ છે, તે પરને લીધે તો નથી પણ પહેલાંની પર્યાયને લીધે પણ નથી, આમાં જ્ઞાયકભાવ અને વીતરાગતા જ ઊભાં થાય છે.

કેવળજ્ઞાનપર્યાયવાળા અનંતા જીવો સત્ છે—એમ અનંતા કેવળજ્ઞાનીની સત્તાને શ્રુતજ્ઞાની જાણી લ્યે છે. તે કેવળજ્ઞાન સત્ છે, કોઈ પૂર્વના કારણને લીધે તેની સત્તા છે—એમ નથી, જેમ સત્ છે તેમ જાણી લ્યે તેવો જ તારો સ્વભાવ છે. તું 'જ્ઞ' સ્વભાવી જ છે. રાગને રાગપણે જાણી લ્યે તેવો સ્વભાવ છે. શુભ વખતે શુભ, ને અશુભ વખતે અશુભ—તેને જાણી લ્યે એવો જ્ઞાનનો સ્વભાવ છે, પણ તેમાં અશુભને પલટીને શુભ કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. આવા જ્ઞાનમાં રાગ ન રહ્યો. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે એમ નક્કી કર્યું ત્યાં મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો.

જે સ્વરૂપથી ઉત્પાદ છે તે સ્વરૂપથી ઉત્પાદ છે. વ્યયને કારણે ઉત્પાદ નથી તો પછી પરને લીધે તો ઉત્પાદ ક્યાં રહ્યો ? સત્ છે તેમાં કારણ–કાર્ય પણ લાગુ નથી પડતાં. કેમકે સત્‌ને વળી કારણ શું ? નિરપેક્ષ સત્‌માં કારણ–કાર્ય કહેવાં તે તો વ્યવહાર છે. અહો, સત્ ! બસ, સત્ જેમ છે તેમ તેને જાણી લે, એવો તારો સ્વભાવ છે, તેમાં જ કેવળજ્ઞાન છે.

'સત્'માં લોકાલોક સમાઈ જાય છે. સત્તા ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળી છે, તે ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણમાં આખો લોકાલોક સમાઈ જાય છે, કાંઈ પણ બાકી રહેતું નથી. આવા સત્‌ના સ્વીકારમાં સર્વજ્ઞતાનો સ્વીકાર છે. એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે મહાસત્તાનું લક્ષણ છે. ભવિષ્યમાં નવી પર્યાય વખતે પણ તે ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળી જ હશે. જ્યારે જુઓ ત્યારે એક સમયમાં આખું દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું સત્ છે. એક સમયમાં દ્રવ્યનો કોઈ અંશ બાકી રહી જતો નથી. ભવિષ્યના અનંત પર્યાયોનું સામર્થ્ય વર્તમાન ધ્રુવમાં એક સમયમાં સમાઈ જાય છે. એક સમયમાં ત્રિકાળી દ્રવ્યની સત્તા પડી છે, તેમાં કાંઈ બાકી રહેતું નથી. એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે છતાં તેમાં તે ત્રણેનાં લક્ષણ જુદાં જુદાં છે, તે અવાંતરસત્તા છે.

અહો ! શ્રુતજ્ઞાનસમયમાં અનંત કેવળજ્ઞાનને અર્થસમય તરીકે સમાવી દીધા છે. મહાસત્તા ને અવાંતરસત્તાને શ્રુતજ્ઞાન જાણે છે, તેમાં મહાસત્તામાં અનંતા કેવળી સમાઈ જાય છે. ને અવાંતરસત્તામાં અનંતા કેવળી ભિન્ન ભિન્ન છે એમ શ્રુતજ્ઞાન જાણી લ્યે છે. જગતમાં પદાર્થોનું સ્વરૂપ જેમ સત્ છે, તેને તું જાણ તો તારું જ્ઞાન સમ્યક્ થશે, તે સિવાય કાંઈ પણ ફેરફાર કે વિપરીત માનીશ તો, પદાર્થોનું સ્વરૂપ તો નહિ ફરે પણ તારું જ્ઞાન મિથ્યા થશે.

હવે પંચાસ્તિકાયનો ચાલુ અધિકાર વંચાય છે. આઠમી ગાથામાં મહાસત્તા અને અવાંતરસત્તાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્ણન ચાલે છે.

સમયના ત્રણ પ્રકાર પડે છે—જ્ઞાનસમય, અર્થસમય ને શબ્દસમય. જે શ્રુતજ્ઞાનમાં પદાર્થો જણાય તે જ્ઞાનને જ્ઞાનસમય કહે છે, પદાર્થોને અર્થસમય કહે છે, ને તેનું સ્વરૂપ કહેનારી વાણી તે શબ્દસમય છે.

અર્થસમયમાં જગતના બધા પદાર્થો આવી જાય છે. પદાર્થનું લક્ષણ સત્તા છે. સત્તાના બે પ્રકાર છે : (૧) મહાસત્તા, (૨) અવાંતરસત્તા. લોકાલોક સત્ છે—એનું નામ મહાસત્તા, ને એક પદાર્થને જુદો પાડવો તે અવાંતરસત્તા છે. આવી સત્તાને રાગ વગર, વિકલ્પ વગર જાણી લ્યે તેવો જ્ઞાનનો સ્વભાવ છે.

મહાસત્તાની અપેક્ષાએ સત્તા ત્રણ લક્ષણવાળી છે. ને અવાંતરસત્તાની અપેક્ષાએ સત્તા ત્રણ લક્ષણવાળી નથી પણ એક લક્ષણવાળી છે. જે દ્રવ્યમાં જે પર્યાયનો ઉત્પાદ થયો તે ઉત્પાદ સત્ છે. આ પર્યાય આમ કેમ ?—એવા વિકલ્પને અવકાશ નથી કેમકે તે સત્ છે. ને તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. જે સત્તા ત્રણ લક્ષણવાળી છે તે સત્તા પ્રતિપક્ષીની અપેક્ષાએ ત્રણ લક્ષણવાળી નથી, એવો સત્તાનો અનેકાંત સ્વભાવ છે. અનંત સિદ્ધ, નિગોદ, જીવ, અજીવ, એ બધું સત્ છે, તેને જ્ઞાતાપણે જાણી લ્યે તેવો જ્ઞાનનો સ્વભાવ છે. આમ જેણે જાણ્યું તેને આસક્તિ તૂટીને વીતરાગતા થયા વિના રહેશે નહિ. કેમકે પદાર્થને લીધે રાગ નથી, ને જ્ઞાનને કારણે પણ રાગ નથી. એટલે જેણે પદાર્થની સત્તાને નક્કી કરી તેને તે રાગ તૂટ્યા વિના રહેશે નહિ. અર્થસમયનો સ્વભાવ રાગ કરાવવાનો નથી પણ મારા જ્ઞાનમાં જ્ઞેય થવાનો તેનો સ્વભાવ છે. તેમ જ મારા જ્ઞાનનો સ્વભાવ પણ જ્ઞેયોને જાણવાનો છે, રાગ કરવાનો મારો સ્વભાવ નથી.—આમ જેણે નક્કી કર્યું તેને રાગ તૂટીને વીતરાગતા થયા વિના રહે નહિ.

મહાસત્તાપણે બધું સત્ હોવા છતાં, અવાંતરસત્તાપણે બધાનું સ્વરૂપ ભિન્ન ભિન્ન સિદ્ધ થાય છે. જે એક છે તે જ અનેક છે, સર્વથા એકપણું નથી, ને સર્વથા અનેકપણું નથી. જે એક છે તે જ કોઈ અપેક્ષાએ અનેક પણ છે. આવો પદાર્થનો સ્વભાવ છે, તેને જાણવાનો જ જ્ઞાનનો સ્વભાવ છે. આવો નિર્ણય કરવો તેનું નામ ધર્મ છે.

જ્ઞાનનો ધર્મ શું ? કે જાણવું તે. પદાર્થોનો સ્વભાવ શું ? કે જ્ઞાનમાં જણાવું તે. આવા સ્વભાવનો નિર્ણય કર્યો તે જ્ઞાતાદ્રષ્ટાપણે જાણે છે.

જે સત્તા મહાસત્તા તરીકે સકલસ્વરૂપ છે તે જ અવાંતરસત્તાપણે એકરૂપ છે. સત્તા પોતપોતાના પદાર્થની સત્તાસ્વરૂપે એકરૂપ છે. સિદ્ધ તે સિદ્ધસ્વરૂપ જ છે, નિગોદ તે નિગોદસ્વરૂપ છે, જડ તે જડસ્વરૂપ છે ને ચેતન તે ચેતનસ્વરૂપ છે—એમ અવાંતરસત્તા દરેકની ભિન્ન ભિન્ન છે. અચેતન મહાસ્કંધને મહાસત્તા કહો ત્યારે અવાંતરસત્તાપણે તેનો દરેક રજકણ જુદો જુદો છે.

આવો જે પદાર્થોનો સ્વભાવ છે તે તો અર્થસમય છે. પણ તેને જાણવાનું સામર્થ્ય કોનું ? જાણવાનું સામર્થ્ય તો જ્ઞાનસમયનું છે. જ્ઞાનસમયે જાણ્યા ત્યારે ''આ અર્થસમય છે'' એમ નક્કી થયું. પદાર્થો છે પણ તેની સત્તા નક્કી કોણે કરી ? આત્માના જ્ઞાને નક્કી કરી. તે જ્ઞાનના સામર્થ્યનો મહિમા છે.

અહો ! આ તો નિર્ગ્રંથ સંતોની વાત છે. અંતરમાં નિખાલસ વીતરાગ છે. વિકલ્પ ઊઠતાં શાસ્ત્રની રચના થઈ ગઈ, ને ઘડીમાં વિકલ્પ તૂટીને અંદર ઠરી જાય છે.

અહીં અર્થસમય તરીકે પદાર્થની સત્તા વર્ણવી છે, ને પ્રવચનસારની ૧૦૧મી ગાથામાં જ્ઞેય તરીકે પદાર્થનું સ્વરૂપ વર્ણવ્યું છે. પણ બન્નેમાં આશય તો એક જ છે કે આવા પદાર્થોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેય કરવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આવા સ્વભાવના આશ્રયે દસલક્ષણધર્મ છે.

સત્તાનું સ્વરૂપ વર્ણવીને તો એકદમ જ્ઞાતા સ્વભાવ અને વીતરાગતા જ બતાવી છે. પર સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ સિવાય બીજો કાંઈ સંબંધ નથી, ને **જ્ઞેયજ્ઞાયક સંબંધ કહેવો તે પણ વ્યવહારથી છે.**

એક સમયમાં અનંતા દ્રવ્યો, તેના અનંત ગુણો, તેમાં ઉત્પાદ–વ્યય ને ધ્રુવ છે. એક દ્રવ્ય તે મહાસત્તા, ને તેના અનંતા ગુણોના અનંતા ઉત્પાદ–વ્યય–ધ્રુવ ભિન્ન ભિન્ન એક સમયમાં છે. અને તે ઉત્પાદ–વ્યય અને ધ્રુવ ત્રણે પોતપોતાનાં સ્વરૂપે છે. અનંતા પર્યાયો ને અનંતા દ્રવ્યો છે. તે એકેક દ્રવ્ય સ્વતંત્ર છે. આવું સત્તાનું સ્વરૂપ છે. આવું જે સત્તાનું સ્વરૂપ કહ્યું તે નિર્દોષ છે, તેમાં કાંઈ પણ વિરોધ નથી.

મહાસત્તા છે તે અવાંતરસત્તાસહિત છે. તેને પાંચ વિશેષણથી વર્ણવી :-

(૧) મહાસત્તા ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણ લક્ષણવાળી છે. અવાંતરસત્તા એક લક્ષણવાળી છે.

(૨) મહાસત્તા એક છે. અવાંતરસત્તા અનેક છે.

(૩) મહાસત્તા સમસ્ત પદાર્થોમાં રહે છે, અવાંતરસત્તા એકેક પદાર્થમાં રહે છે.

(૪) મહાસત્તા અનેકરૂપ છે. અવાંતરસત્તા એકસ્વરૂપ છે.

(૫) મહાસત્તા અનંતપર્યાયાત્મક છે, અવાંતરસત્તા એકપર્યાયાત્મક છે.

જો સત્તાના આવા અનેકાંતસ્વરૂપને ન ઓળખે તો સત્તા જ સિદ્ધ થતી નથી. પરસ્પર વિરુદ્ધતા હોવા છતાં સત્તા એક છે. સત્તાનું જે સ્વરૂપ કહ્યું તે સર્વજ્ઞથી કહેલું અનવદ્ય છે, દોષરહિત છે. આવા સ્વરૂપને જે ન માને તેને સાવદ્યભાવ છે. તે પદાર્થોના સ્વરૂપને હણે છે, ને પદાર્થોના આવા સ્વરૂપને જે જાણે તેના શ્રદ્ધા–જ્ઞાન નિરવદ્ય થાય છે, ને પછી અસ્થિરતા ટળીને સ્થિરતાથી પણ તે નિરવદ્ય થાય છે. એનું નામ સાચી સામાયિક છે. આત્મા સમસ્ત પરનો જાણનાર છે તેમ ન માનતાં, પરથી લાભ–નુકસાન માને તો તેમાં મોટો સાવદ્યભાવ છે. બધું સત્ છે, એમાં શું બાકી રહ્યું ? મહાસત્તા અને તેના બધા ભેદો તે બધુંય એક સમયમાં જ સત્ છે. સત્‌ને છે તેમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. એવું સમ્યગ્જ્ઞાન કરે તો તે જ્ઞાન સાવદ્યરહિત છે ને મિથ્યાજ્ઞાન તે સાવદ્યસહિત છે.

આત્મા તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ એટલે જેણે સર્વ જાણ્યું છે તે; સર્વને જાણે તેવી આત્માના જ્ઞાનની તાકાત છે. તેનો નિર્ણય કરનાર શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષપણે પૂરું જણાઈ ગયું છે. શ્રુતજ્ઞાનમાં અનંતા કેવળજ્ઞાની પણ અર્થસમયપણે જણાઈ ગયા છે. એવા જ્ઞાનસામર્થ્યનો જેણે નિર્ણય કર્યો તેણે જ સર્વજ્ઞને માન્યા છે, તેણે જ ગુરુની આજ્ઞા માની છે, તેણે જ શાસ્ત્રને જાણ્યાં છે, તેણે જ સાવદ્યતારૂપ મિથ્યાત્વને છોડ્યું છે. આવું પદાર્થનું સ્વરૂપ છે, તેવું શાસ્ત્રે કહ્યું છે ને તેવું જ્ઞાનમાં જાણે, ત્યારે પદાર્થ, વાણી અને જ્ઞાન ત્રણે સરખાં થાય, રૂપિયા ૫૦૦૫) સિલક હોય તો નામામાં પણ તેવું જ લખે, ને જ્ઞાનમાં પણ તેવું જ જાણે. તો નામાનો મેળ મળે; તેમ ચૌદ બ્રહ્માંડની કોથળીમાં છ દ્રવ્યોની સત્તા જેવા સ્વભાવે છે, તેવું દેવ–ગુરુની વાણીમાં આવ્યું છે, ને તેવું જ પોતાના જ્ઞાનમાં જાણે તો પોતાનું જ્ઞાનસમય નિર્દોષ થાય. ઊંધું માને તો પદાર્થસમય ને શબ્દસમય તો તેવા જ રહેશે પણ તેના જ્ઞાનમાં મિથ્યાપણું આવશે. પદાર્થોના સ્વભાવને જેમ છે તેમ જાણે તો જ્ઞાનમાં સમાધિ થાય, ને ખદબદાટ મટે.

ભગવાનનો ઉપદેશ સામાન્ય અને વિશેષ એવા બે નયોને આધીન છે. મહાસત્તા છે, ને અવાંતરસત્તા પણ છે. જે અપેક્ષાએ મહાસત્તા છે તે જ અપેક્ષાએ અવાંતરસત્તા નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ બીજી અપેક્ષાએ અવાંતરસત્તા છે. જેવી સત્તા છે તેવું જ્ઞાન કરવું એ જ્ઞાનનો સ્વભાવ છે એમ નક્કી કરીને જાણતું જાણતું જ્ઞાન ઠરી જાય એટલે વીતરાગતા ને સર્વજ્ઞતા થાય છે. પહેલાં પદાર્થોની સત્તાને જાણતાં જ્ઞાનની યથાર્થતા થાય છે તે વર્તમાન ફળ છે, ને ક્રમે કરીને સર્વજ્ઞતા થાય છે તે પૂર્ણફળ છે. એ રીતે માંગલિક કર્યું.

---

**दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं ।**
**दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो ॥ ९ ॥**

**द्रवति गच्छति तांस्तान् सद्भावपर्यायान् यत् ।**
**द्रव्यं तत् भणन्ति अनन्यभूतं तु सत्तातः ॥ ९ ॥**

**તે તે વિવિધ સદ્ભાવપર્યાયોને દ્રવે—વ્યાપે—લહે**
**તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯**

**અન્વયાર્થ :** [तान् तान् सद्भावपर्यायान्] તે તે સદ્ભાવપર્યાયોને [यत्] જે [द्रवति] દ્રવે છે—[गच्छति] પામે છે, [तत्] તેને [द्रव्यं भणन्ति] (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે—[सत्तातः अनन्यभूतं तु] કે જે સત્તાથી અનન્યભૂત છે. ૯

---

**तात्पर्यवृत्ति** : इति प्रथमस्थले सत्तालक्षणमुख्यत्वेन व्याख्यानेन गाथा गता । अथ सत्ताद्रव्ययोरभिन्नत्वं प्रत्याख्याति :- **दवियदि** द्रवति । द्रवति कोर्थः । **गच्छदि** गच्छति । क्व । वर्तमानकाले । द्रोष्यति गमिष्थति भाविकाले । अदुद्रुवत् गतं भूतकाले । कान् । **ताइं ताइं सब्भावपज्जयाइं** तांस्तान् सद्भाव-पर्यायान् स्वकीयपर्यायान् जं यत् कर्तृ **दवियत्तं भण्णंति हि** तद्द्रव्यं भणन्ति सर्वज्ञा हि स्फुटं । अथवा द्रवति स्वभावपर्यायान् गच्छति विभावपर्यायान् । इत्थंभूतं द्रव्यं किं सत्ताया भिन्नं भविष्यति ? नैवं । **अणण्णभूदं तु सत्तादो** अनन्यभूतमभिन्नं । कस्याः । सत्तायाः निश्चयनयेन । यत एव संज्ञालक्षण-प्रयोजनादिभेदेपि निश्चयनयेन सत्ताया द्रव्यमभिन्नं तत एव पूर्वगाथायां यत्सत्तालक्षणं कथितं सर्वपदार्थ-स्थितत्वं एकपदार्थस्थितत्वं विश्वरूपत्वमेकरूपत्वमनन्तपर्यायत्वमेकपर्यायत्वं त्रिलक्षणत्वमत्रिलक्षणत्वमेक-रूपत्वमनेकरूपत्वं चेति तत्सर्वं लक्षणं सत्ताया अभिन्नत्वात् द्रव्यस्यैव द्रष्टव्यमिति सूत्रार्थः ॥ ९ ॥

**समयव्याख्या : अत्र सत्ताद्रव्ययोरर्थान्तरत्वं प्रत्याख्यातम् । द्रवति गच्छति सामान्यरूपेण स्वरूपेण व्याप्नोति तांस्तान् क्रमभुवः सहभुवश्च सद्भावपर्यायान् स्वभावविशेषानित्यनुगतार्थया निरुक्त्या द्रव्यं व्याख्यातम् । द्रव्यं च लक्ष्यलक्षणभावादिभ्यः कथञ्चिद्भेदेऽपि वस्तुतः सत्ताया अपृथग्भूतमेवेति मन्तव्यम् । ततो यत्पूर्वं सत्त्वमसत्त्वं त्रिलक्षणत्वमत्रिलक्षणत्वमेकत्वमनेकत्वं सर्वपदार्थस्थितत्वमेकपदार्थस्थितत्वं विश्वरूपत्वमेकरूपत्वमनन्तपर्यायत्वमेकपर्यायत्वं च प्रतिपादितं सत्तायास्तत्सर्वं तदनर्थान्तरभूतस्य द्रव्यस्यैव द्रष्टव्यम् । ततो न कश्चिदपि तेषु सत्ताविशेषोऽवशिष्येत यः सत्तां वस्तुतो द्रव्यात्पृथक् व्यवस्थापयेदिति ॥९॥**

**અનુવાદ : અહીં સત્તાને અને દ્રવ્યને અર્થાંતરપણું (ભિન્નપદાર્થપણું, અન્યપદાર્થપણું) હોવાનું ખંડન કર્યું છે.**

**'તે તે ક્રમભાવી અને સહભાવી સદ્ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે દ્રવે છે–પામે છે–સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે'—એમ અનુગત અર્થવાળી નિરુક્તિથી દ્રવ્યની વ્યાખ્યા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કરવામાં આવી. વળી જોકે લક્ષ્યલક્ષણભાવાદિક દ્વારા દ્રવ્યને સત્તાથી કથંચિત્ ભેદ છે તોપણ વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્ય સત્તાથી અપૃથક્ જ છે એમ માનવું. માટે પૂર્વ (૮મી ગાથામાં) સત્તાને જે સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષપણું, એકપણું, અનેકપણું, સર્વપદાર્થસ્થિતપણું, એકપદાર્થસ્થિતપણું, વિશ્વરૂપપણું, એકરૂપપણું, અનંતપર્યાયમયપણું અને એકપર્યાયમયપણું કહેવામાં આવ્યું તે બધું સત્તાથી અનર્થાંતરભૂત (અભિન્નપદાર્થભૂત, અનન્યપદાર્થભૂત) દ્રવ્યને જ દેખવું (અર્થાત્ સત્પણું, અસત્પણું, ત્રિલક્ષણપણું, અત્રિલક્ષણપણું વગેરે બધા સત્તાના વિશેષો દ્રવ્યના જ છે એમ માનવું). તેથી તેમનામાં (તે સત્તાના વિશેષોમાં) કોઈ સત્તાવિશેષ બાકી રહેતો નથી કે જે સત્તાને વસ્તુતઃ (પરમાર્થે) દ્રવ્યથી પૃથક્ સ્થાપે. ૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૬ શુક્રવાર]

સત્તા અને દ્રવ્યની એકતાનું આ ગાથામાં વર્ણન છે.

દ્રવ્ય કોને કહેવાય ?—કે જે પોતાની સ્વભાવપર્યાયને દ્રવે છે–પ્રવહે છે તે દ્રવ્ય છે. કોઈ નિમિત્તને લીધે પર્યાય થતી નથી, પણ દ્રવ્ય પોતે જ પોતાની પર્યાયને દ્રવે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયને કોણ દ્રવે છે ? દ્રવ્ય પોતે જ તે પર્યાયોને દ્રવે છે, દ્રવ્ય જ પોતાના સ્વભાવથી તે પર્યાયપણે પરિણમે છે; કોઈ રાગને લીધે કે સંયોગને લીધે સમ્યગ્દર્શનાદિ પર્યાયો થતી નથી. એટલે સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ કરનારે ક્યાં જોવું ?—દ્રવ્યની સામે જ જોવાનું આવ્યું.

અહીં કહે છે કે : 'દ્રવતિ' એટલે કે દ્રવ્ય સ્વભાવપર્યાયોને દ્રવે છે અને 'ગચ્છતિ' એટલે દ્રવ્ય વિભાવપર્યાયોને પ્રાપ્ત થાય છે.

નિગોદનું જીવદ્રવ્ય પોતે પોતાની વિભાવપર્યાયોને પહોંચી વળે છે, કોઈ કર્મ તેમાં પહોંચી વળતાં નથી. સિદ્ધની પર્યાયપણે તેમનું દ્રવ્ય પરિણમ્યું છે, કોઈ નિમિત્તે તે પર્યાયોને દ્રવી નથી. સ્વભાવપર્યાયે પરિણમે કે વિભાવપર્યાયે પરિણમે—તે રૂપે દ્રવ્ય જ પરિણમે છે. કોઈ પરને કારણે પર્યાય થતી નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૭ શનિવાર]

છ દ્રવ્યોમાં પાંચ અસ્તિકાય છે, તેનું આમાં મુખ્ય વર્ણન છે, ને કાળદ્રવ્યનું વર્ણન ગૌણ છે.

છએ દ્રવ્યો અસ્તિરૂપ સ્વયંસિદ્ધ છે, તેમાં કાળ સિવાયનાં પાંચ દ્રવ્યો બહુપ્રદેશી છે તેથી તેઓ અસ્તિકાય છે. કાળને બહુપ્રદેશ નથી, તે એકપ્રદેશી જ છે, તેથી તે અસ્તિ છે પણ 'અસ્તિકાય' નથી.

દ્રવ્ય પોતે સત્તાસ્વરૂપ છે, દ્રવ્ય અને સત્તા જુદાં નથી. લક્ષ્ય–લક્ષણ ભેદ છે પણ વસ્તુપણે ભેદ નથી.

આવું દ્રવ્ય પોતે જ પોતાની તે તે પર્યાયોને પ્રાપ્ત કરે છે. કોઈ નિમિત્તને લીધે કે સંયોગને લીધે તેની પર્યાયો થતી નથી. **સંયોગને લીધે જીવનું અશુદ્ધપરિણમન થાય છે એમ જે માને છે તે તો મિથ્યાદષ્ટિ–અનંતસંસારી છે.** (સમયસાર કળશટીકા પૃ. ૨૫૯).

નિમિત્તને લીધે જો વિકાર થતો હોય તો ''વિકાર હું નહિ, વિકાર કરવા જેવો નથી''—એમ તેનો નિષેધ કરવાનું રહેતું નથી; કેમકે જે પોતાના હાથની વાત હોય તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિષેધ કરવાનું હોય. દ્રવ્ય જ પોતાના ગુણની પર્યાયને પામે છે, **તેથી પર્યાયમાં અશુદ્ધતાનો નિષેધ કરીને શુદ્ધતાપણે પરિણમવું તેમાં જીવ સ્વતંત્ર છે.**

દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે તો પછી પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી ? શું સંયોગમાંથી આવી ?—ના, પર્યાયની સ્વતંત્રતા છે; અને પર્યાયે દ્રવ્ય–ગુણને શુદ્ધ જાણીને તેનો આશ્રય કર્યો ત્યાં તેમાં શુદ્ધતા પ્રગટી; અસ્થિરતાનો અલ્પ વિકાર થયો તે પણ પોતાનું પરિણમન છે. દ્રવ્ય પોતે સ્વતંત્રપણે પોતાની પર્યાયને પ્રાપ્ત થાય છે. જે **પોતે તન્મયપણે પર્યાયોપણે પરિણમે છે તેને જ દ્રવ્ય કહેવાય છે.**

ગુણ–પર્યાયમય સત્તાથી દ્રવ્ય ખરેખર જુદું નથી, પણ અભેદ છે. આ છએ દ્રવ્યોની વાત છે. છએ દ્રવ્યો પોતપોતાના ગુણ–પર્યાયોની સત્તાથી એકમેક છે.

દ્રવ્યનું લક્ષણ શું ?—સત્તા તે દ્રવ્યનું લક્ષણ છે. સત્તા એટલે હોવાપણું, તેના વડે દ્રવ્ય પ્રસિદ્ધ થાય છે. દ્રવ્ય પોતાની સત્તાથી જ લક્ષિત થાય છે; પર વડે તે લક્ષિત થતું નથી. દરેક દ્રવ્યની સત્તા સ્વતંત્ર છે.

કર્મ વડે પુદ્‌ગલદ્રવ્યનું અસ્તિત્વ પ્રસિદ્ધ થાય છે. આત્મા પોતાની સત્તા વડે પ્રસિદ્ધ થાય છે. બીજી ચીજ લક્ષણ ને દ્રવ્ય લક્ષ્ય એમ નથી, પણ દ્રવ્યની સત્તા તે લક્ષણ ને દ્રવ્ય તે લક્ષ્ય છે;—આટલો ગુણ–ગુણીભેદ પાડીને ઓળખાવ્યું, હજી આ પણ વ્યવહાર છે. નિશ્ચયથી સત્તા અને દ્રવ્યનો ભેદ નથી. દ્રવ્ય પોતે જ સત્તાસ્વરૂપ છે.

પુદ્‌ગલની પર્યાયમાં પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ત થાય છે, ને જીવની પર્યાયમાં જીવદ્રવ્ય પ્રાપ્ત થાય છે; સીતાજીના શુદ્ધ બ્રહ્મચર્યને કારણે અગ્નિમાંથી પાણી થયું—એમ ખરેખર નથી, સીતાજીના બ્રહ્મચર્યનો મહિમા બતાવીને તેવો ઉપદેશ આપવા માટેનું કથન છે. ખરેખર બ્રહ્મચર્યપર્યાય તો આત્માની છે અને અગ્નિમાંથી પાણી થયું તે પર્યાય પુદ્‌ગલની છે. એક દ્રવ્યની પર્યાયમાં બીજું દ્રવ્ય પ્રાપ્ત થતું નથી, દરેક દ્રવ્યની પર્યાયમાં તે દ્રવ્ય પોતે જ પ્રાપ્ત થાય છે.

નમોક્કારમંત્રને કારણે કે ભક્તામરસ્તોત્રને કારણે રોગાદિ ટળી જાય છે—એમ અજ્ઞાનીને ભ્રમણા થાય છે. અરે ભાઈ ! તારો રોગ નહિ ટળે તો તું નમોક્કારમંત્ર વગેરેને નહિ માન ને ? નમોક્કારમંત્ર ગણવાથી કે ભક્તામરસ્તોત્ર બોલવાથી રોગાદિ ટળે એવી જો તારી માન્યતા હશે, તો રોગાદિ નહિ ટળે ત્યારે તને પંચ પરમેષ્ઠી વગેરેની શ્રદ્ધા ક્યાંથી રહેશે ? માટે એક દ્રવ્યને લીધે પરમાં કાંઈ ફેરફાર થાય તે માન્યતા છોડ.

એક માણસથી ૫૦ મણનો ભાર ન ઊપડે ને દસ માણસ ભેગા થઈને તે ઉપાડી શકે; ત્યાં દસે માણસોની સત્તા જુદીજુદી છે, દસ માણસોની શક્તિ ભેગી થઈ જ નથી. દરેક માણસની સત્તા જુદી છે, ને માણસની શક્તિને લીધે વજન ઊપડ્યું એમ પણ નથી, તે ચીજની સત્તા પણ જુદી છે. માણસના શરીરના દરેક પરમાણુની સત્તા જુદી જુદી છે. દરકે પરમાણુ પોતાની સત્તામાં જુદા જુદા જ પરિણમે છે.

'એક પરમાણુ ઉપર માણસ ન બેસી શકે; પણ અનંત પરમાણુનો સ્કંધ થઈને પાટ થઈ, તેના ઉપર માણસ બેસી શકે—એમ સંયોગીદૃષ્ટિથી જ લાગે છે, ખરેખર અનંત પરમાણુની સત્તા એક થઈ જ નથી, દરેક પરમાણુ જુદો જુદો જ છે. આમ પૃથક્‌સત્તાને અજ્ઞાની દેખતો નથી.

પરમાણુનો સ્કંધ થતાં તેને અસ્તિકાય કહેવાય છે, તે ઉપચારથી છે, એટલે ખરેખર દરેક પરમાણુની સત્તા ભિન્ન ભિન્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણ તેને કહેવાય કે જેના વડે વસ્તુ જણાય, અને લક્ષણ વડે જે વસ્તુ જણાય તે લક્ષ્ય છે. દરેક દ્રવ્યનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. જેમ ઉષ્ણતા લક્ષણ વડે અગ્નિ લક્ષિત થાય છે. રાગ છે તે રાગ વડે આત્મદ્રવ્યની સત્તા સિદ્ધ થાય છે, રાગ વડે પુદ્‌ગલદ્રવ્યની **સત્તા લક્ષિત થતી નથી. તેમ કર્મ વડે પુદ્‌ગલદ્રવ્યની સત્તા લક્ષિત થાય છે, પણ કર્મ વડે આત્માની સત્તા લક્ષિત થતી નથી.** પોતાની પર્યાયથી પોતાનું દ્રવ્ય લક્ષિત થાય છે, એક દ્રવ્યની પર્યાયથી બીજા દ્રવ્યની સત્તા લક્ષિત થતી નથી. આ રીતે સત્તા લક્ષણ છે ને દ્રવ્ય લક્ષિત છે. દ્રવ્યને અને સત્તાને આવો લક્ષ્ય–લક્ષણભેદ છે, પણ વસ્તુભેદ કે પ્રદેશભેદ નથી.

**રાગ વડે આત્મા લક્ષિત થાય છે, પણ ત્યાં તે બન્નેને જાણનારું તો જ્ઞાન છે, કાંઈ રાગ વડે જણાતું નથી.**

નિમિત્ત તરીકે કર્મનું અસ્તિત્વ નક્કી કરવું હોય ત્યારે એમ યુક્તિ અપાય કે :

જો ભાઈ ! ક્રોધ નથી કરવો એમ નિર્ણય કર્યો છતાં બીજી ક્ષણે ક્રોધ થઈ જાય છે, તો **સામે આત્માનું પ્રતિપક્ષી એવું જડકર્મ નિમિત્ત તરીકે છે.—આ તો નિમિત્તને સાબિત કરવા માટેની વાત છે,** પણ કર્મની સત્તા જુદી છે અને આત્માની સત્તા જુદી છે.

પાણી ઊનું થયું—તો ત્યાં અગ્નિ હતી એમ જણાય છે. પણ પાણીની સત્તા જુદી છે ને અગ્નિની સત્તા જુદી છે. પાણીની પર્યાય વડે પાણીના પરમાણુઓની પ્રસિદ્ધિ થાય છે, ને અગ્નિ વડે અગ્નિના પરમાણુઓની પ્રસિદ્ધિ થાય છે. બન્નેની સત્તા જુદી છે. આમાં વીતરાગી ભેદજ્ઞાન આવી જાય છે. આવા ભેદજ્ઞાન વગર વીતરાગતા કદી થાય નહિ.

દ્રવ્યના જેટલા ગુણ–પર્યાયો છે તે બધાય વડે તે દ્રવ્યની જ સત્તા જણાય છે.—આથી ગુણ–પર્યાયરૂપ સત્તા લક્ષણ છે ને દ્રવ્ય લક્ષ્ય છે. પણ સત્તા અને દ્રવ્ય જુદાં નથી; તેથી, પહેલાં અસ્તિત્વ–નાસ્તિત્વ, ઉત્પાદ–વ્યય–ધ્રુવ વગેરે જે લક્ષણોથી સત્તાને ઓળખાવી હતી તે લક્ષણો પણ દ્રવ્યથી જુદાં નથી. ‘દ્રવ્ય’ કહેતાં તેમાં એ બધું સમાઈ જાય છે.

દ્રવ્યની સત્તા સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ છે; સામાન્યપણે બધું ‘સત્’ હોવા છતાં દરેકની વિશેષ સત્તા ભિન્ન ભિન્ન છે. ઘણા જીવો એક જ જાતના વિચાર કરે તો તેનું બળ ભેગું થઈને બીજા ઉપર તે વિચારના આંદોલનની અસર થાય એમ માનનારને સ્વતંત્ર ભિન્ન ભિન્ન સત્તાનું ભાન નથી.

બધાં દ્રવ્યો સત્ હોવા છતાં કોઈ પરમાનંદમય છે, કોઈ દુઃખી છે, કોઈ જડ છે. એમ દરેકની સત્તા ભિન્ન ભિન્ન છે. એક અલ્પજ્ઞ, બીજો સર્વજ્ઞ, તે બધા ‘મહાસત્તા’માં સમાઈ જાય છે. કોઈ અલ્પજ્ઞ મટીને સર્વજ્ઞ થઈ જાય ત્યાં બધાય જીવો સર્વજ્ઞ થઈ જતા નથી કેમ કે અવાંતરસત્તા ભિન્ન ભિન્ન છે; અને મહાસત્તાપણે તો એમ ને એમ જ છે.

સત્તાનું આવું સ્વરૂપ જાણે તેને સમ્યગ્જ્ઞાન થઈને કેવળજ્ઞાન થયા વિના રહેતું નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૮ રવિવાર]

દ્રવ્યનું લક્ષણ સત્તા છે; ‘સત્’ કહેતાં તેમાં બધુંય સમાઈ જાય છે. દ્રવ્ય છે, ઉત્પાદ છે, વ્યય છે, ધ્રુવ છે, ગુણ છે, પર્યાય છે—બધુંય સત્ છે, તેમાં એકલી વીતરાગતા આવે છે. બધું સત્ છે—એમ જાણનાર જીવના જ્ઞાનમાં ‘‘આ આમ કેમ ?’’—એવો પ્રશ્ન જ નથી. જ્ઞાતામાં ‘‘આ આમ કેમ ?’’ એવો વિકલ્પ નથી. એક જીવ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત કરે છે, બીજો જીવ સર્વજ્ઞને કબૂલતો નથી. ત્યાં તે બન્નેની તેવી પર્યાય સત્ છે; એટલે સત્‌ને ફેરવવાના વિકલ્પનો જ્ઞાનમાં અવકાશ નથી. એક જીવને સ્વભાવની શ્રદ્ધાથી પ્રથમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ત્વ પ્રગટ્યું, ને બીજો જીવ તે વખતે સર્વજ્ઞને માનતો પણ ન હતો; અને પછી સમ્યગ્દર્શન પ્રગટ કરીને પહેલા જીવના કરતાં વહેલો સર્વજ્ઞ થઈ જાય; ત્યાં જ્ઞાનીને એમ આશ્ચર્ય થતું નથી કે ''આમ કેમ ?'' મહાસત્તામાં તે બધું સત્ છે, ને તેના પેટા ભેદ પણ સત્ છે. ચૈતન્યનો સ્વભાવ તો જ્ઞાન છે. 'હું જ્ઞાન છું' ને જગતમાં જ્ઞાની-અજ્ઞાની વગેરે બધું જેમ છે તેમ તેનો હું તો જાણનાર છું—આવી પ્રતીત કરનારો જીવ ધર્મી છે. સ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં એક ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય છે, ત્યાં 'આમ કેમ' એવું આશ્ચર્ય નથી પણ વીતરાગતા છે. કાલે ધર્મનો વિરોધી હોય ને આજે સવળો પડીને જ્ઞાન પામી જાય ને સર્વજ્ઞ થઈ જાય—ત્યાં તે પણ સત્ છે. સામાન્ય પણ સત્ છે ને વિશેષ પણ સત્ છે.

મિથ્યાત્વ છે તે મિથ્યાત્વ જ રહે—એમ નથી, મિથ્યાત્વ પલટીને સમ્યક્ત્વ થઈ જાય—ત્યાં મિથ્યાત્વનો વ્યય અને સમ્યક્ત્વનો ઉત્પાદ તથા વસ્તુની ધ્રુવતા—એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ સત્માં સમાઈ જાય છે.

આત્મા સત્ છે એમ કહેતાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સમાઈ જાય છે.

છતાં જે ઉત્પાદસ્વરૂપ સત્તા છે તે નાશસ્વરૂપ નથી, જે ઉત્પાદ-વ્યયસ્વરૂપ સત્તા છે તે ધ્રુવસ્વરૂપ નથી. સમ્યક્ત્વનો ઉત્પાદ છે ને મિથ્યાત્વનો વ્યય છે, ને દ્રવ્યપણે ધ્રુવતા છે, તેથી એકેકમાં ત્રણ લક્ષણ નથી આવતાં. આ રીતે મહાસત્તામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે લક્ષણો સમાઈ જાય છે ને અવાંતરસત્તામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે અંશો ભિન્ન ભિન્ન છે.

ત્રિકાળવર્તી તત્ત્વો સત્ છે, દ્રવ્ય સત્ છે ને તેની એકેક સમયની ત્રણેકાળની પર્યાયો પણ સત્ છે.—પર્યાયમાં પહેલાં ઉત્પાદ ન હોય ને પછી નવો ઉત્પાદ થાય તોપણ સત્ છે,—આવું જ્ઞાન કોને થાય ? જેણે જ્ઞાનસ્વભાવને જાણ્યો કે હું તો જ્ઞાન છું, સત્નો જાણનાર છું. આવી જેણે પ્રતીત કરી તેને 'આ આમ કેમ ?' એવો વિકલ્પ રહેતો નથી. પોતાની સામાન્ય સત્તામાંથી વિશેષ પર્યાય પ્રગટે છે, તે પણ સત્ છે; એટલે પુસ્તક આવે તો જ્ઞાન થાય—એમ રહેતું નથી.

સામાન્યસત્તા એકરૂપ છે, વિશેષસત્તા અનેકરૂપ છે. વિશેષ પર્યાયોનો નાશ થતાં સામાન્યસત્તાનો નાશ થઈ જતો નથી. જે સામાન્યસત્તા છે તે વિશેષસત્તાપણે નથી. વિશેષસત્તા પોતે જો સામાન્યરૂપે હોય તો તે વિશેષ કદી પલટી શકે નહિ. માટે સત્તામાં સામાન્ય અને વિશેષ એવા બે પ્રકાર છે. સામાન્યસત્તા એકરૂપ છે ને વિશેષસત્તા અનેકરૂપ છે. જીવ-અજીવ, જ્ઞાની-અજ્ઞાની-તે બધા સામાન્યસત્તામાં સમાઈ જાય છે; તેમાં કોઈ જીવ છે, કોઈ અજીવ છે, કોઈ જ્ઞાની છે, કોઈ અજ્ઞાની છે. એ બધાની અવાંતરસત્તા ભિન્ન ભિન્ન છે.

દ્રવ્ય મહાસત્તારૂપે સત્ છે, ને પર્યાય તે વિશેષસત્તા છે. મિથ્યાત્વનો નાશ થઈને સમ્યકત્વપર્યાય ઊપજે છે, ત્યાં મિથ્યાત્વનો નાશ થતાં દ્રવ્યની સત્તાનો નાશ થઈ જતો નથી તેમ જે સમ્યક્ત્વની ઉત્પત્તિ થતાં દ્રવ્યની સત્તાની ઉત્પત્તિ થતી નથી. સામાન્ય-વિશેષસત્તા તે દ્રવ્યનો જ સ્વભાવ છે. તેને જે નથી દેખાતો તે જ સંયોગથી પર્યાય થાય છે એમ માને છે.

કાલનો કઠિયારો હતો તે આજ કેવળજ્ઞાન પામ્યો. ત્યાં 'અહો, ધન્ય તારો અવતાર !—એમ પ્રમોદભાવ આવે, તે પ્રમોદભાવ જો સામા પદાર્થની નવીનતાને કારણે થવાનું માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને પ્રમોદ આવે તો તે પરને કારણે નથી માનતા; જગતના પદાર્થોમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષ વિશેષ ભાવો તો અનાદિ–અનંત થયા જ કરશે, તેને કારણે જો રાગ થવાનું માને તો તો અનાદિ–અનંત રાગ થયા જ કરશે ! માટે તે માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે.

શબ્દસમય સત્, અર્થસમય સત્, જ્ઞાનસમય સત્.

ત્રણે સત્ છે; તેમાં શબ્દસમયને લીધે જ્ઞાનસમય નથી; જો શબ્દને લીધે જ્ઞાન થાય તો જ્ઞાનસમય શું સત્ નથી ? જ્ઞાનસમય પણ સત્ છે, તે શબ્દથી કે સામા પદાર્થથી નથી. જુઓ, આવી સત્તાના જ્ઞાનમાં ભેદજ્ઞાન અને વીતરાગતા છે.

અસ્તિ–નાસ્તિ, ઉત્પાદ–વ્યય–ધ્રુવ ગુણ–પર્યાય એ બધુંય એક 'સત્તા'માં સમાઈ જાય છે, સત્તાથી તે કાંઈ જુદું નથી. તું બધાનો જાણનારો રહે !

પહેલાં એક પુસ્તક જોતાં એવો આદરભાવ થાય કે ''અહો, અપૂર્વ વસ્તુ છે !'' પછી તે ને તે પુસ્તક જોતાં એકદમ અનાદરનો ભાવ થાય—ત્યાં આમ કેમ ? તો કહે છે કે તે પણ સત્ છે. આદરભાવની પર્યાય પણ સત્ ને અનાદરભાવની પર્યાય પણ સત્; પુસ્તકને કારણે આદરનો રાગભાવ કે અનાદરનો દ્વેષભાવ થયો નથી. બધું સત્ છે—એમ જેણે નક્કી કર્યું ત્યાં પોતાનો જ્ઞાતાભાવ નક્કી થઈ ગયો. તેને હવે રાગ કેટલો થશે ? અનંતાનુબંધીના રાગાદિભાવો તો તેને થશે જ નહિ. અસ્થિરતાના અતિ અલ્પ રાગાદિ થશે. બધું સત્ છે ને હું જ્ઞાન છું—એમ નક્કી કરનારને રાગનું જોર તૂટી જાય છે, હવે અનંત સંસારની ઉત્પત્તિ કરનારો રાગ તો તને થતો જ નથી.

સત્તાને અસ્તિ–નાસ્તિરૂપ કહો, ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ કહો કે ગુણ–પર્યાયસ્વરૂપ કહો—તે બધા જુદા નથી પણ એકસ્વરૂપ છે, એક જ સત્તામાં તે બધું સમાઈ જાય છે. આવી સત્તા તે દ્રવ્યનું લક્ષણ છે,—જેમ ઉષ્ણતા તે અગ્નિનું લક્ષણ છે તેમ. પરંતુ જેમ અગ્નિ અને ઉષ્ણતા જુદી જુદી ચીજ નથી તેમ દ્રવ્ય અને સત્તા જુદાં જુદાં નથી. દ્રવ્ય અને સત્તા એકસ્વરૂપ છે.

પહેલાં સત્પણું નક્કી થયા પછી તેના સ્વરૂપનું જ્ઞાન થાય. વસ્તુ છે ?—કે હા, વસ્તુ છે; એમ સત્પણું નક્કી કર્યું પછી તે જીવ છે કે અજીવ છે ? તે નક્કી થાય. પછી તેના દ્રવ્ય–ગુણ–પર્યાય તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવ નક્કી થાય. તારી સત્તા તારામાં છે, તારાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ તારી સત્તામાં છે. તું જ્ઞાનસ્વભાવે સત્ છો ને જગતના પદાર્થો તેમના સામાન્ય–વિશેષપણે સત્ છે, તારે લઈને પરનું વિશેષ નથી ને પરને લઈને તારું વિશેષ નથી—આમ જે સમજે તેને પ્રથમ તો શ્રદ્ધામાં વીતરાગતા થઈ જાય, પછી ક્રમે ક્રમે વીતરાગ થઈને કેવળજ્ઞાન પામે છે—આ સિવાય બીજો કોઈ શાંતિનો ઉપાય નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૯ સોમવાર]

ગાથા ૧૦મી શરૂ કરતાં પહેલાં ગાથા ૮મી અને ગાથા ૯મીમાં ભેદજ્ઞાનનું કારણ કહ્યું હતું તે ટૂંકામાં કહે છે. સત્તા સામાન્યરૂપે છે તે વિશેષરૂપે નથી, છતાં તે સત્તાથી સામાન્ય અને વિશેષપણાના પ્રકાર જુદા નથી. અસ્તિત્વસ્વરૂપ, નાસ્તિત્વસ્વરૂપ, ત્રણલક્ષણસ્વરૂપ, ત્રણ લક્ષણસ્વરૂપથી રહિત, એકસ્વરૂપ, અનેકસ્વરૂપ, સકલપદાર્થવ્યાપી, એકપદાર્થવ્યાપી, સકલરૂપ, એકરૂપ, અનંતપર્યાયરૂપ, એકપર્યાયરૂપ—એ બધા પ્રકાર સત્તાથી પૃથક્ નથી. એ બધા પ્રકારો પૃથક્ પૃથક્ હોવા છતાં સત્તાથી કોઈ જુદા નથી. બધા પદાર્થ છે અને પર્યાયો પણ છે. ''છે'' તે સ્વતંત્રતા બતાવે છે.

''છે'' તે કોને લઈને છે ? અને કેમ છે ? એવા પ્રશ્નને અવકાશ જ નથી. 'છે' તે કોઈને લઈને હોય તો ''છે'' રહેતું નથી. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, જીવ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજીવ છે, અંશ છે, અને અંશી પણ છે. તે છે છે ને છે તે કોઈને લઈને હોય એવો પ્રશ્ન જ રહેતો નથી. ''છે'' એમાં ગુરુને લઈને જ્ઞાન થાય અને ધર્માસ્તિકાયના કારણે ગતિ થાય એમ છે જ નહિ. અસ્તિપણું સ્વતંત્રતા અને વીતરાગતા—એમ બે વાતને જણાવે છે.

સામાન્ય-વિશેષના ભેદો પાડો તો સામાન્ય અંશમાં વિશેષ નથી અને વિશેષ અંશમાં સામાન્ય નથી. પણ એમાં ભેદ ન પાડો તો ''છે'' માં કોઈ બાકી રહેતું નથી. અસ્તિ-નાસ્તિ આદિ ભેદો કહ્યા તે બધા સત્તાથી જુદા નથી. એક સમયે સત્તા જુઓ તો લોકાલોક એમ ને એમ છે. બધું છે તે કોઈને લઈને નથી. ''છે'' વિશેષપણે હોય કે નાસ્તિપણે હોય પણ તે કોઈને લઈને નથી. આમાં આઘુંપાછું કરવાનું રહેતું નથી. ''છે'' તે જાણનાર છે, તે જાણનાર રહે છે એમ સ્વતંત્રપણે તું જાણ. કોઈને લઈને કોઈ માનવામાં જ્ઞાયકતા રહેતી નથી. અહીં પંચાસ્તિકાયમાં જ્ઞાનપ્રધાનતાથી વાત કરેલ છે.

હવે દ્રવ્યને ત્રણ પ્રકારના લક્ષણથી બતાવે છે.

---

**दव्वं सल्लक्खणयं उप्पादव्वयधुवत्तसंजुत्तं ।**
**गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू ॥ १० ॥**

**द्रव्यं सल्लक्षणकं उत्पादव्ययध्रुवत्वसंयुक्तम् ।**
**गुणपर्यायाश्रयं वा यत्तद्भणन्ति सर्वज्ञाः ॥ १० ॥**

**છે સત્ત્વ લક્ષણ જેહનું, ઉત્પાદવ્યયધ્રુવયુક્ત જે,**
**ગુણપર્યયાશ્રય જેહ, તેને દ્રવ્ય સર્વજ્ઞો કહે. ૧૦**

**અન્વયાર્થ :** [यत्] જે [सल्लक्षणकम्] 'सत्' લક્ષણવાળું છે, [उत्पादव्ययध्रुवत्वसंयुक्तम्] જે ઉત્પાદવ્યયધ્રૌવ્યસંયુક્ત છે [वा] અથવા [गुणपर्यायाश्रयम्] જે ગુણપર્યાયોનો આશ્રય છે, [तद्] તેને [सर्वज्ञाः] સર્વજ્ઞો [द्रव्यं] દ્રવ્યં [भणन्ति] કહે છે. ૧૦

---

तात्पर्यवृत्ति : एवं द्वितीयस्थले सत्ताद्रव्ययोरभेदस्य द्रव्यशब्दस्य व्युत्पत्तिश्चेति कथनरूपेण गाथा गता । अथ त्रेधा द्रव्यलक्षणमुपदिशतिः **दव्वं सल्लक्खणयं** द्रव्यं सत्तालक्षणं द्रव्यार्थिकनयेन बौद्धं प्रति **उप्पादव्वयधुवत्तसंजुत्तं** उत्पादव्ययध्रौव्यसंयुक्तं पर्यायार्थिकनयेन **गुणपज्जयासयं वा** गुणपर्यायाधारभूतं वा सांख्यनैयायिकं प्रति **जं तं भण्णंति सव्वण्हू** यदेवं लक्षणत्रयसंयुक्तं तद्द्रव्यं भणंति सर्वज्ञा इति वार्तिकं । तथाहि – सत्तालक्षणमित्युक्ते सत्युत्पादव्ययध्रौव्यलक्षणं गुणपर्यायत्वलक्षणं च नियमेन लभ्यते उत्पादव्ययध्रौव्ययुक्तमित्युक्ते सत्तालक्षणं गुणपर्यायत्वलक्षणं च नियमेन लभ्यते गुणपर्यायवदित्युक्ते सत्युत्पादव्ययध्रौव्यलक्षणत्वं सत्तालक्षणं च नियमेन लभ्यते । एकस्मिंल्लक्षणेऽभिहिते सत्यन्यलक्षणद्वयं कथं लभ्यत इति चेत्, त्रयाणां लक्षणानां परस्पराविनाभावित्वादिति । अथ मिथ्यात्वरागादिरहितत्वेन शुद्धसत्तालक्षणं अगुरुलघुत्वषड्ढानिवृद्धिरूपेण शुद्धोत्पादव्ययध्रौव्यलक्षणं अकृतज्ञाद्यनन्तगुणलक्षणं सहज-शुद्धसिद्धपर्यायलक्षणं च शुद्धजीवास्तिकायसंज्ञं शुद्धजीवद्रव्यमुपादेयमिति भावार्थः । क्षणिकैकान्तरूपं बौद्धमतं नित्यैकान्तरूपं सांख्यमतं उभयैकान्तरूपं नैयायिकमतं मीमांसकमतं च सर्वत्र मतान्तरव्याख्यानकाले ज्ञातव्यं । क्षणिकैकान्ते किं दूषणं ? येन घटादिक्रिया प्रारब्धा स तस्मिन्नेव क्षणे गतः क्रियानिष्पत्ति-र्नास्तीत्यादि । नित्यैकान्ते च योऽसौ तिष्ठति स तिष्ठत्येव, सुखी सुख्येव, दुःखी दुख्ये-वेत्यादिटंकोत्कीर्णनित्यत्वेन पर्यायान्तरं न घटते, परस्परनिरपेक्षद्रव्यपर्यायोभयैकान्ते पुनः पूर्वोक्तदूषणद्वयमपि

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्राप्नोति । जैनमते पुनः परस्परसापेक्षद्रव्यपर्यायत्वान्नास्ति दूषणं ।। १० ।।

**समयव्याख्या : अत्र त्रेधा द्रव्यलक्षणमुक्तम् । सद्द्रव्यलक्षणम् । उक्तलक्षणायाः सत्ताया अविशेषाद्द्रव्यस्य सत्स्वरूपमेव लक्षणम् । न चानेकान्तात्मकस्य द्रव्यस्य सन्मात्रमेव स्वरूपं यतो लक्ष्यलक्षणविभागाभाव इति । उत्पादव्ययध्रौव्याणि वा द्रव्यलक्षणम् । एकजात्यविरोधिनि क्रमभुवां भावानां संताने पूर्वभावविनाशः समुच्छेदः, उत्तरभावप्रादुर्भावश्च समुत्पादः, पूर्वोत्तरभावोच्छेदोत्पादयोरपि स्वजातेरपरित्यागो ध्रौव्यम् । तानि सामान्यादेशादभिन्नानि विशेषादेशाद्भिन्नानि युगपद्भावीनि स्वभावभूतानि द्रव्यस्य लक्षणं भवन्तीति । गुणपर्याया वा द्रव्यलक्षणम् । अनेकान्तात्मकस्य वस्तुनोऽन्वयिनो विशेषा गुणा व्यतिरेकिणः पर्यायास्ते द्रव्ये यौगपद्येन क्रमेण च प्रवर्तमानाः कथञ्चिद्भिन्नाः स्वभावभूताः द्रव्यलक्षणतामापद्यन्ते । त्रयाणामप्यमीषां द्रव्यलक्षणानामेकस्मिन्नभिहितेऽन्य-दुभयमर्थादेवापद्यते । सच्चेदुत्पादव्ययध्रौव्यवच्च गुणपर्यायवच्च । उत्पादव्ययध्रौव्यवच्चेत्सच्च गुणपर्यायवच्च । गुणपर्यायवच्चेत्सच्चोत्पादव्ययध्रौव्यवच्चेति । सद्धि नित्यानित्यस्वभावत्वाद्ध्रुवत्वमुत्पादव्ययात्मकताञ्च प्रथयति, ध्रुवत्वात्मकैर्गुणैरुत्पादव्ययात्मकैः पर्यायैश्च सहैकत्वञ्चाख्याति । उत्पादव्ययध्रौव्याणि तु नित्यानित्यस्वरूपं परमार्थं सदा वेदयन्ति, गुणपर्यायांश्चात्मलाभनिबन्धनभूतान् प्रथयन्ति । गुणपर्यायास्त्वन्वयव्यतिरेकित्वाद्-ध्रौव्योत्पत्तिविनाशान् सूचयन्ति, नित्यानित्यस्वभावं परमार्थं सच्चोपलक्षयन्तीति ।। १० ।।**

અનુવાદ : અહીં ત્રણ પ્રકારે દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

‘સત્’ દ્રવ્યનું લક્ષણ છે. પૂર્વોક્ત લક્ષણવાળી સત્તાથી દ્રવ્ય અભિન્ન હોવાને લીધે ‘સત્’ સ્વરૂપ જ દ્રવ્યનું લક્ષણ છે. વળી અનેકાંતાત્મક દ્રવ્યનું સત્‌માત્ર જ સ્વરૂપ નથી કે જેથી લક્ષ્યલક્ષણના વિભાગનો અભાવ થાય. (સત્તાથી દ્રવ્ય અભિન્ન છે તેથી દ્રવ્યનું જે સત્તારૂપ સ્વરૂપ તે જ દ્રવ્યનું લક્ષણ છે. પ્રશ્ન :– જો સત્તા ને દ્રવ્ય અભિન્ન છે—સત્તા દ્રવ્યનું સ્વરૂપ જ છે, તો ‘સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે’ એવો વિભાગ કઈ રીતે ઘટે છે ? ઉત્તર :– અનેકાંતાત્મક દ્રવ્યનાં અનંત સ્વરૂપો છે, તેમાંથી સત્તા પણ તેનું એક સ્વરૂપ છે; તેથી અનંતસ્વરૂપવાળું દ્રવ્ય લક્ષ્ય છે અને તેનું સત્તા નામનું સ્વરૂપ લક્ષણ છે—એવો લક્ષ્યલક્ષણવિભાગ અવશ્ય ઘટે છે. આ રીતે અબાધિતપણે સત્ દ્રવ્યનું લક્ષણ છે.)

અથવા, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યનું લક્ષણ છે. એક જાતિનો અવિરોધક એવો જે ક્રમભાવી ભાવોનો પ્રવાહ તેમાં પૂર્વ ભાવનો વિનાશ તે વ્યય છે, ઉત્તર ભાવનો પ્રાદુર્ભાવ (પછીના ભાવની એટલે કે વર્તમાન ભાવની ઉત્પત્તિ) તે ઉત્પાદ છે અને પૂર્વ–ઉત્તર ભાવોના વ્યય–ઉત્પાદ થતાં પણ સ્વજાતિનો અત્યાગ તે ધ્રૌવ્ય છે. તે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય—કે જેઓ સામાન્ય આદેશે અભિન્ન છે (અર્થાત્ સામાન્ય કથને દ્રવ્યથી અભિન્ન છે), વિશેષ આદેશે (દ્રવ્યથી) ભિન્ન છે, યુગપદ્ વર્તે છે અને સ્વભાવભૂત છે તેઓ—દ્રવ્યનું લક્ષણ છે.

અથવા, ગુણપર્યાયો દ્રવ્યનું લક્ષણ છે. અનેકાંતાત્મક વસ્તુના અન્વયી વિશેષો તે ગુણો છે અને વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે. તે ગુણપર્યાયો (ગુણો અને પર્યાયો)—કે જેઓ દ્રવ્યમાં એકીસાથે અને ક્રમે પ્રવર્તે છે, (દ્રવ્યથી) કથંચિત્ ભિન્ન તથા સ્વભાવભૂત છે તેઓ—દ્રવ્યનું લક્ષણ છે.

દ્રવ્યનાં આ ત્રણે લક્ષણોમાંથી (સત્, ઉત્પાદવ્યયધ્રૌવ્ય અને ગુણપર્યાયો એ ત્રણ લક્ષણોમાંથી) એક કહેતાં બાકીનાં બંને (વગરકહ્યે) અર્થથી જ આવી જાય છે. જો દ્રવ્ય સત્ હોય, તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તે (૧) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ગુણપર્યાયવાળું હોય; જો ગુણપર્યાયવાળું હોય, તો તે (૧) સત્ અને (૨) ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું હોય. તે આ પ્રમાણે :- સત્ નિત્યાનિત્યસ્વભાવવાળું હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયાત્મકતાને જાહેર કરે છે તથા (૨) ધ્રૌવ્યાત્મક ગુણો અને ઉત્પાદવ્યયાત્મક પર્યાયો સાથે એકત્વ દર્શાવે છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય (૧) નિત્યાનિત્યસ્વરૂપ પારમાર્થિક સત્‌ને જણાવે છે તથા (૨) પોતાના સ્વરૂપની પ્રાપ્તિના કારણભૂત ગુણપર્યાયોને જાહેર કરે છે. ગુણપર્યાયો અન્વય અને વ્યતિરેકવાળા હોવાથી (૧) ધ્રૌવ્યને અને ઉત્પાદવ્યયને સૂચવે છે તથા (૨) નિત્યાનિત્યસ્વભાવવાળા પારમાર્થિક સત્‌ને જણાવે છે. ૧૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૯ સોમવાર]

અર્થ : સત્તા જેનું લક્ષણ છે તેને સર્વજ્ઞ વીતરાગદેવ દ્રવ્ય કહે છે અથવા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યનું લક્ષણ છે અથવા ગુણપર્યાયનો આધાર છે તે દ્રવ્યનું લક્ષણ છે.

દરેક વસ્તુમાં સત્તા લક્ષણ છે. સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. કોઈ પણ દ્રવ્ય પરના લક્ષણે જણાતું નથી. આત્મા અને પરમાણુ વગેરે છ દ્રવ્યો છે જેનું લક્ષણ સત્તા છે. તે કોઈ પરને લઈને નથી. પચીસ મણનું લાકડું એક માણસથી ઊંચું ન થાય પણ પંદર-વીસ માણસથી ઊંચું થતું દેખાય છે, તે વાત ખોટી છે. એક માણસથી ઊંચું થતું નથી તો વીસ માણસથી પણ થતું નથી; કેમકે વીસ માણસ એક થયા નથી. બધાની સત્તા જુદી જુદી છે, સત્તા ભેગી થઈ ગઈ નથી. જો ભેગી થઈ જાય તો વીસ વીસપણે રહે નહિ. લાકડું વીસ માણસે ઊંચું કર્યું જ નથી. અજ્ઞાની સંયોગથી જુએ છે. લાકડું એના કારણે ઊંચું થાય છે ત્યારે સંયોગી દૃષ્ટિવાળો વીસ માણસે ભેગા થઈને લાકડું ઊંચું કર્યું એમ અજ્ઞાનથી માને છે.

એક પરમાણુ આત્માના વિકારમાં નિમિત્ત થતો નથી તો અનંતા પરમાણુ ભેગા થઈ કર્મ થઈને આત્માને વિકાર કરાવે એમ બનતું નથી. અનંત પરમાણુ ભેગા થયા જ નથી. એક પરમાણુ કારણ ન થાય તો અનંત પરમાણુ પણ કારણ થતા નથી. જીવ પોતે વિકાર કરે તો કર્મમાં ઉપચાર કરવામાં આવે છે. પણ અનાદિથી અજ્ઞાનીને ભ્રમ થયો છે કે કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે. પણ તે મૂઢતા છે.

સત્તા છે તે એના દ્રવ્યને જણાવે છે, બીજાના દ્રવ્યને જણાવતી નથી. પોતાનું જ્ઞાન, રાગ અને નિમિત્તથી પૃથક્ છે એમ સત્તા જણાવે છે. સત્તા શુદ્ધદ્રવ્યને જણાવે છે. દ્રવ્યદૃષ્ટિ થતાં સંયોગીદૃષ્ટિ રહેતી નથી. સ્વભાવદૃષ્ટિ થતાં અનંતાનુબંધીનો રાગ પણ રહેતો નથી. લાકડી આંગળીથી ઊંચી થઈ નથી કેમકે લાકડી તે ખરેખર દ્રવ્ય નથી, ઉપચારથી તે દ્રવ્ય છે. જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ હોવાથી પરના કારણે પોતાની પર્યાય થાય એમ તે માનતો નથી. તેને પોતાના હોવાપણામાં પરનું હોવાપણું ભાસતું નથી. આ વાતમાં અજ્ઞાનીને ધર્મ દેખાતો નથી. તે કહે છે કે દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિની તો કાંઈ વાત આવી નહિ. આ તે કેવા પ્રકારનો ધર્મ છે ? તો તેને કહે છે કે પોતાની પોતામાં અસ્તિ અને પરની પોતામાં નાસ્તિ છે. સત્તાલક્ષણમાં બધું આવી જાય છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ તેના દ્રવ્યને જણાવે છે, બીજા દ્રવ્યને જણાવતાં નથી. એમ બીજા દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ આ દ્રવ્યને જણાવતાં નથી. અનંત જીવ, અનંત પુદ્‌ગલ પરમાણુ અને બીજાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યો છે તેનું સત્ લક્ષણ છે. તે દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ થાય છે. શબ્દના કારણે જ્ઞાન થાય છે એમ નથી. પહેલાંની જ્ઞાનપર્યાયનો વ્યય, નવી પર્યાયનો ઉત્પાદ અને જ્ઞાનનું સદ્દશપણું તે જીવદ્રવ્યને જણાવે છે, શબ્દને જણાવતું નથી. શબ્દનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ પુદ્ગલને જણાવે છે, જ્ઞાનને જણાવતાં નથી. આ પંચાસ્તિકાયમાં પાંચ અસ્તિકાયનું વર્ણન છે. કાળદ્રવ્ય કાય નથી એથી એનું ગૌણપણે વર્ણન કર્યું છે અને કાયની વ્યાખ્યા મુખ્ય છે. સત્ તે દ્રવ્ય છે, ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે દ્રવ્ય છે અને ગુણપર્યાયનો આધાર તે દ્રવ્ય છે—એમ ત્રણ પ્રકારનાં લક્ષણવાળું દ્રવ્ય છે.

**ભાવાર્થ :** દ્રવ્યનું લક્ષણ ત્રણ પ્રકારથી છે (૧) દ્રવ્યનું લક્ષણ સત્તા છે, (૨) દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. (૩) દ્રવ્યનું લક્ષણ ગુણ–પર્યાયાશ્રિત છે. આ ત્રણે લક્ષણોમાં પહેલું પહેલું લક્ષણ સામાન્ય છે અને બીજું બીજું લક્ષણ વિશેષ છે એટલે સત્તાલક્ષણ તે સામાન્ય છે અને ઉત્પાદ–વ્યય–ધ્રુવ-લક્ષણ તથા ગુણ–પર્યાયાશ્રિતલક્ષણ વિશેષ છે તે બતાવે છે.

દ્રવ્યનું લક્ષણ સત્તા છે. કોઈ હુકમ કરે એ સત્તાની અહીં વાત નથી, પણ સત્તા એટલે હોવાપણાની વાત છે. અસ્તિત્વ નામનો ગુણ છે તે હોવાવાળા પદાર્થને જણાવે છે અને બીજું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. દરેક પદાર્થમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ એક સમયમાં છે એ વાત સર્વજ્ઞ સિવાય બીજો કોઈ જણાવી શકે નહિ. એમ સમંતભદ્ર આચાર્યે કહ્યું છે. સર્વજ્ઞે જણાવ્યું છે માટે ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે એમ નથી. બીજાં દ્રવ્યો નિમિત્ત છે માટે ઉત્પાદ થયો છે એમ નથી. નાનામાં નાના કાળમાં ઉત્પાદ–વ્યય ન હોય તો અસંખ્ય સમયે પણ આ ઉત્પાદ–વ્યય દેખાય છે તે ન હોય. જો અસંખ્ય સમયે ઉત્પાદ–વ્યય છે તો નાનામાં નાના કાળમાં પણ ઉત્પાદ–વ્યય હોવો જોઈએ. આમ એક સમયમાં થાય છે તે પોતાની સર્વજ્ઞતાને જણાવે છે.

પલટનપણું થવું એવો સ્વભાવ વસ્તુનો ન હોય તો પલટનપણાનો અભાવ થાય; એમ થતાં જગતમાં કોઈ કાર્ય બને નહિ. દરેક દ્રવ્યમાં પલટનપણું છે અને તે એક સમયમાં છે એમ સિદ્ધ થાય છે. તે ઉત્પાદ–વ્યય પોતાથી છે, પરથી નથી એમ માને તો પરથી ભિન્નતા થયા વગર રહે નહિ અને પરથી ભિન્નતા થઈ એટલે સર્વજ્ઞતા થયા વગર રહે નહિ. અહો ! કુંદકુંદાચાર્યદેવ અદ્ભુતતાથી વર્ણન કરીને કહે છે કે ભાઈ ! અસંખ્ય સમયનો ઉપયોગ છે તેથી કરીને પરિણમન અસંખ્ય સમયનું છે એમ નથી પણ એક સમયનું પરિણમન છે તે દરેક દ્રવ્યનો સ્વભાવ છે એમ જાણ.

સમયસારમાં દર્શનપ્રધાનથી વાત છે, પ્રવચનસારમાં ચારિત્રપ્રધાનથી અને અહીં પંચાસ્તિકાયમાં જ્ઞાનપ્રધાનથી વાત કરી છે. આત્મા રાગનો જ્ઞાતા રહે છે એમ અહીં બીજી શૈલીથી વાત કરી છે. આ ત્રણે શાસ્ત્રમાં એક એક શ્લોક જુઓ તો એમાં કેવળજ્ઞાન રેડી નાખ્યું છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવનો આધાર દ્રવ્ય છે. કોઈ પરના આધારે છે એમ નથી. આ કારણે કુંભાર હતો માટે ઘડો થયો એ પ્રશ્ન જ રહેતો નથી. કુંભાર પણ છે અને ઘડો પણ છે. ''છે''પણામાં સ્વતંત્રતા છે.

આ ત્રણ લક્ષણ કહ્યાં તેમાં સત્તા લક્ષણ છે, તે સામાન્ય લક્ષણ છે. દ્રવ્ય અનેકાંતસ્વરૂપ છે. દ્રવ્યનું સર્વપ્રકારે સત્તા જ લક્ષણ છે એમ માનવામાં આવે તો લક્ષ્ય–લક્ષણમાં ભેદ રહેતો નથી. સત્તા એકલું લક્ષણ દ્રવ્યનું કહેવામાં આવે તો સત્તા અને દ્રવ્ય એવો ભેદ પડે નહિ. દ્રવ્ય અનેકાંતસ્વરૂપ હોવાથી તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ પણ લક્ષણ છે, સત્તા દ્રવ્યનું લક્ષણ છે એમ એક જ રૂપ હોય તો એકાંત થાય છે. અને એકાંત તો વસ્તુનું સ્વરૂપ નથી. દ્રવ્યમાં સત્તાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક જ પ્રકારનો ધર્મ છે. એમાં તો એકાંત થાય છે. પણ સત્તાની સાથે ઉત્પાદ-વ્યય-ધ્રુવનું લક્ષણ પણ દ્રવ્યમાં છે, સત્તાને સિદ્ધ કરવા જતાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ સિદ્ધ થાય છે. કેમકે પહેલાં સત્તાને માનતો ન હતો અને પછી માનવા લાગ્યો તેથી સત્તા સિદ્ધ કરવા જતાં તેની સાથે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું પણ સિદ્ધ થાય છે.

જેમ દ્રવ્યનું અનેકાંતપણું છે તેમ સત્તાનું પણ અનેકાંતપણું છે, તે વાત પહેલાં આવી ગઈ છે. સત્તામાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું છે. સત્તાના તે ત્રણ અંશો છે. માટે તે સત્તાને લઈને છે, પરને લઈને નથી. આ ભેદજ્ઞાનની વ્યાખ્યા છે. પરથી જુદા પાડવાની વાત છે. સ્વભાવ આવો છે એમ નક્કી થતાં પરથી ભેદ થઈ જાય છે. જેમ સત્તા દ્રવ્યનું લક્ષણ છે તેમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ દ્રવ્યનું લક્ષણ છે. એક વસ્તુમાં અવિરોધી ક્રમવર્તી પર્યાય છે. એમાં પૂર્વભાવોનો વિનાશ થાય છે અને નવા ભાવોનો ઉત્પાદ થાય છે. એ પ્રકારથી ઉત્પાદ-વ્યય થાય છે છતાં દ્રવ્ય પોતાના નિજસ્વરૂપને છોડતું નથી તે ધ્રુવપણું છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે દ્રવ્યનું લક્ષણ છે.

ચૈતન્યની અવિરુદ્ધ પર્યાય તે ચૈતન્ય જ હોય છે અને પુદ્ગલની અવિરુદ્ધ પર્યાય તે પુદ્ગલ જ હોય છે. જીવની જડમાં અને જડની જીવમાં પર્યાય થાય તો વિરુદ્ધ કાર્ય કહેવાય છે. પણ એમ બનતું નથી. પંચમહાભૂત જે જડ છે તેમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય એમ બની શકે નહિ, પોતાને યોગ્ય પોતાની પર્યાય છે. પહેલાં જ્ઞાનની પર્યાય ઓછી હતી અને પછી વધી કેમ ? તો તે અવિરુદ્ધ પર્યાય થઈ એવો આત્માનો ધર્મ છે. એના કારણે આત્મામાંથી તે પર્યાય આવી છે, નિમિત્તમાંથી તે આવી નથી. આવું ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે દ્રવ્યનું લક્ષણ છે તે લક્ષણ લક્ષ્યને બતાવે છે પણ પરને બતાવતું નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૦ મંગળવાર]

દ્રવ્યનાં ત્રણ લક્ષણ છે : સત્તા, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયાશ્રિતપણું. તે સામાન્ય કથનની અપેક્ષાએ દ્રવ્યથી જુદાં નથી-અભેદ છે. દરેક દ્રવ્યની પરિણતિનો આધાર દ્રવ્ય પોતે છે, પરને લઈને તે પરિણતિ નથી. આત્માની પરિણતિ આત્માથી પણ હોય અને નિમિત્તથી પણ હોય એ તો એકાંત છે. આત્માના ગુણ-પર્યાયનો આધાર આત્મા પોતે છે પણ પર નથી એ અનેકાંત છે. અને પરમાણુની પર્યાયનો આધાર પરમાણુ પોતે છે. આત્મા, પુદ્ગલ વગેરે સર્વ દ્રવ્યોનાં સત્તા વગેરે લક્ષણ સામાન્ય અપેક્ષાએ અભેદ છે અને વિશેષ અપેક્ષાએ એ ત્રણે લક્ષણને ભેદથી સમજાવેલ છે પણ ખરેખર ભેદ નથી.

લક્ષ્ય-લક્ષણના ભેદ બતાવ્યા છે. આ સત્ દ્રવ્યનું લક્ષણ છે એમ વિશેષપણે ભેદ દેખાડ્યો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવને વિશેષપણે બતાવ્યાં છે. અને ગુણપર્યાયનો આધાર દ્રવ્ય છે, એ લક્ષણથી પણ દ્રવ્યને બતાવ્યું છે. એક સમયમાં આ ત્રણે લક્ષણો દ્રવ્યમાં છે. પહેલે સમયે સત્ છે, બીજે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે અને ત્રીજે સમયે ગુણ-પર્યાયનો આધાર છે—એમ નથી. શુદ્ધ જીવદ્રવ્યને બતાવવા આ લક્ષણો કહ્યાં છે. આ બધાં દ્રવ્યનાં સ્વાભાવિક લક્ષણ છે. સામાન્યપણે દ્રવ્ય અભેદ હોવા છતાં સત્તાદિ લક્ષણવાળું દ્રવ્ય છે એમ વિશેષપણે બતાવ્યું છે.

જૈનશાસ્ત્રો વાંચીને કોઈ એમ કહે કે શાસ્ત્રોનો સાર એવો છે—એક દ્રવ્ય ઉપર બીજા દ્રવ્યનો પ્રભાવ પડે છે એવો છાયાવાદ શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે છે તો તે વાતની અહીં ના પાડે છે. કેમકે એમ કહેનાર શાસ્ત્રોના અર્થને સમજતો નથી. આ ત્રણે ભાવો દ્રવ્યના પોતાના સ્વાભાવિક ભાવો છે. કોઈ મારવા આવે ત્યારે પોતાની પાસે બંદૂક વગેરે સાધન હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભય લાગે નહિ તે વાત પણ ખોટી છે. કેમકે સાધન છે માટે ભય ઓછો લાગે છે એમ નથી. દરેક દ્રવ્યની પૃથક્ પૃથક્ પરિણતિ છે માટે સાધનની અસર કે પ્રભાવ પડતાં નથી. ઉત્પાદ–વ્યય–ધ્રુવ એ દરેક દ્રવ્યનો સ્વભાવ છે. તેને ન જોતાં અજ્ઞાની સંયોગને જુએ છે માટે તેની સંયોગીદૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ દ્રવ્યનું વિશેષ લક્ષણ છે પણ તે લક્ષણ એકલું જ એમ પણ નથી. ગુણ–પર્યાય પણ દ્રવ્યનું લક્ષણ છે. આ ત્રીજું લક્ષણ છે. ત્રિકાળ શક્તિ તે ગુણ છે અને સમયે સમયે પરિણમન થાય છે તે પર્યાય છે. તે દરેક દ્રવ્યનું લક્ષણ છે. દ્રવ્ય અનેકાંતસ્વરૂપ છે. અનેકાંત તો ત્યારે થાય છે કે દ્રવ્યમાં અનંત ગુણ–પર્યાય હોય. જુઓ, અહીં કોઈ શંકા કરે કે અસ્તિ–નાસ્તિરૂપ ધર્મની અપેક્ષાએ અનેકાંત છે ? અથવા તો પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે ? તો તેનું સમાધાન એમ છે કે—દ્રવ્ય એક છે અને ગુણપર્યાય અનેક છે. એ રીતે પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું થયું માટે અનેકાંતપણું એમાં આવી જાય છે.

**દ્રવ્યમાં અનંત ગુણપર્યાય હોય તો જ અનેકાંતપણું થાય છે.**

વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. દ્રવ્યને વસ્તુ કહે છે. ગુણને પણ વસ્તુ કહેવાય છે અને પર્યાયને પણ વસ્તુ કહેવાય છે. 'ચિદ્‌વિલાસ'માં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે વસ્તુ છે એમ કહેલ છે. એક દ્રવ્ય પોતાપણે છે અને પરપણે નથી, એક ગુણ પોતાપણે છે અને બીજા ગુણપણે નથી અને એક પર્યાય પોતાપણે છે અને બીજી પર્યાયપણે નથી; અને એક પર્યાયમાં પણ અનંત અવિભાગપ્રતિચ્છેદ છે એમાં પણ અનેકાંતપણું છે. એક એક પર્યાયમાં પણ અનંતી સપ્તભંગી ઊતરે છે. અત્યારે સ્યાદ્‌વાદને બદલે ફુદડીવાદ ચાલ્યો છે. તે કહે છે કે 'પોતાની પર્યાય પોતાથી થાય અને પરથી પણ થાય' પણ તે અનેકાંત નથી. પોતાથી થાય અને પરથી ન થાય તે અનેકાંત છે. પરથી થાય છે એમ વ્યવહારથી કહેવાય પણ પરથી થતી નથી એમ માનવું તે અનેકાંત છે.

દરેક દ્રવ્યની સ્વતંત્રતા છે તે વાતને કબૂલે નહિ અને કર્મથી વિકાર થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય—એમ બે દ્રવ્યનો ખીચડો કરે છે તે મૂઢ છે. કર્મને લઈને આત્મા પરિણમતો નથી અને એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી માટે બીજા ગુણના કારણે પરિણમતો નથી. દ્રવ્ય સામાન્ય છે અને ગુણપર્યાય તે વિશેષ છે. દ્રવ્યનું વિશેષપણું પરથી છે એમ નથી. નિમિત્તને લઈને જીવનું વિશેષપણું નથી. પરમાણુ છે એનો પર્યાય બદલે છે તે પરમાણુનું વિશેષપણું બતાવે છે. સોનાનાં કડાં–કુંડળાદિ પર્યાયો અને તેના ચીકાશ, પીળાશ આદિ ગુણો તે સોનાનું વિશેષપણું બતાવે છે. સોની હતો માટે તે વિશેષપણું છે એમ નથી. કોઈ પણ ચીજ પલટે છે તે વખતે તે સામાન્યપણે રહીને વિશેષપણે થાય છે, એમ બતાવે છે. મોરપીંછીની અવસ્થા ઊંચી–નીચી થાય છે તે વિશેષતા પીંછીની સામાન્યતા રાખીને થાય છે અને તે વિશેષપણું સામાન્યને બતાવે છે, પણ હાથ હતો તેને બતાવતું નથી. માટે હાથના કારણે પીંછી ઊંચી થઈ નથી પણ સામાન્ય હતું તે કારણે વિશેષપણું છે.

દ્રવ્યની સાથે રહેવાવાળી ત્રિકાળી અવિનાશી શક્તિ છે તે તો ગુણ છે અને ક્રમે ક્રમે બદલીને જે વિશેષપણે થાય છે તે પર્યાય છે. તેનાથી દ્રવ્યનાં વિશેષપણાની સિદ્ધિ થાય છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરથી તે પર્યાય થતી નથી. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં બંધની વ્યાખ્યા કરતાં કહેલ છે કે અનેક ચીજોમાં એકપણાનું જ્ઞાન કરાવવાવાળા સંબંધવિશેષને બંધ કહે છે. તો ત્યાં નિમિત્તનું અને રાગનું જ્ઞાન કરાવવાની વાત છે. રાગની પર્યાય તે આત્મદ્રવ્યની વિશેષતા છે એમ જણાવે છે. તે જીવદ્રવ્યની અનેકતાને બતાવે છે. જ્ઞાન–દર્શનાદિ ગુણોના ભેદ પણ જીવદ્રવ્યના વિશેષપણાને સાબિત કરે છે. આવી સ્વતંત્રતાની એક ચાવી લગાવે તો આખા ચૌદ બ્રહ્માંડનાં તાળાં ખૂલી જાય એમ છે. એવી આ 'માસ્ટર કી' છે.

દ્રવ્યમાં ગુણ અને પર્યાય કથંચિત્ પ્રકારથી અભેદરૂપ છે અને કથંચિત્ પ્રકારથી ભેદરૂપ પણ છે. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનથી ભેદરૂપ છે પણ પ્રદેશભેદે ભેદ નથી, એકરૂપ છે. દ્રવ્યનું નામ આત્મા છે અને ગુણનું નામ જ્ઞાનાદિ છે. દ્રવ્ય એક છે અને ગુણ–પર્યાય અનેક છે, એમ બન્નેનાં લક્ષણ તથા પ્રયોજન પણ જુદાં છે માટે તે અપેક્ષાએ દ્રવ્ય અને ગુણ–પર્યાયમાં ભેદ છે પણ વસ્તુ તો વસ્તુપણે છે એમાં ભેદ નથી. દ્રવ્ય અને ગુણ–પર્યાયમાં સર્વથા ભેદ નથી અને સર્વથા અભેદ પણ નથી. સર્વથા ભેદ હોય તો ગુણ અને પર્યાય બીજાના થઈ જાય અને સર્વથા અભેદ હોય તો ગુણ જ દ્રવ્ય થઈ જાય અથવા પર્યાય જ દ્રવ્ય થઈ જાય પણ એમ નથી.

કોઈ કહે કે વસ્તુ તો ત્રિકાળ છે ને તે તો સ્વતંત્ર છે, વસ્તુ પરાધીન નથી પણ તેની પર્યાય પરાધીન છે અને તે પરને લઈને થાય છે. તો તેની અહીં ના પાડે છે કેમકે શાસ્ત્રમાં કહેલ છે તે વાતને તે સમજ્યો નથી. એક સત્ લક્ષણમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ અને ગુણ–પર્યાય બન્ને લક્ષણ ગર્ભિત છે. એકમાં ત્રણે સમાઈ જાય છે કેમકે જે "સત્" છે તે નિત્ય અને અનિત્યસ્વરૂપ છે. નિત્યસ્વભાવમાં ધ્રુવતા આવે છે અને અનિત્ય સ્વભાવમાં ઉત્પાદ–વ્યય આવી જાય છે અને એ પ્રમાણે ઉત્પાદ–વ્યય ને ધ્રુવને સત્નું લક્ષણ કહેવામાં આવે તો ગુણ–પર્યાય લક્ષણ પણ એમાં આવી જાય છે. ગુણ કહેતાં ધ્રુવતા આવે છે અને પર્યાય કહેતાં ઉત્પાદ–વ્યય આવી જાય છે. અને આ પ્રમાણે ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણ કહેવાથી સત્ લક્ષણ આવે છે અને ગુણ–પર્યાય લક્ષણ પણ આવે છે; અને ગુણ–પર્યાય લક્ષણ કહેવાથી સત્ લક્ષણ આવે છે અને ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણ પણ આવે છે. કેમકે દ્રવ્ય નિત્યાનિત્ય છે. લક્ષણ પણ નિત્ય–અનિત્ય સ્વરૂપનું સૂચન કરે છે. આ કારણથી આ ત્રણે લક્ષણોમાં સામાન્ય–વિશેષતાથી ભેદ છે પણ ખરેખર વસ્તુમાં ભેદ નથી.

હવે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નયોના ભેદથી દ્રવ્ય ને લક્ષણમાં ભેદ બતાવે છે. જોવાની દૃષ્ટિથી વાત કરે છે. વાચ્યને જોનાર જ્ઞાન છે તેને સમજાવે છે.

---

**उप्पत्ती व विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो ।**
**विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्ञाया ॥ ११ ॥**

**उत्पत्तिर्वा विनाशो द्रयस्य च नास्त्यस्ति सद्भावः ।**
**विगमोत्पादध्रुवत्वं कुर्वन्ति तस्यैव पर्यायाः ॥ ११ ॥**

**નહિ દ્રવ્યનો ઉત્પાદ અથવા નાશ નહિ, સદ્ભાવ છે;**
**તેના જ જે પર્યાય તે ઉત્પાદ-લય-ધ્રુવતા કરે. ૧૧.**

**અન્વયાર્થ :** [द्रव्यस्य च] દ્રવ્યનો [उत्पत्तिः] ઉત્પાદ [वा] કે [विनाशः] વિનાશ [न अस्ति]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, [सद्भावः अस्ति] સદ્ભાવ છે. [तस्य एव पर्यायाः] તેના જ પર્યાયો [विगमोत्पादध्रुवत्वं] વિનાશ, ઉત્પાદ અને ધ્રુવતા [कुर्वन्ति] કરે છે.

---

तात्पर्यवृत्ति : इति तृतीयस्थले द्रव्यस्य सत्तालक्षणत्रयसूचनमुख्यत्वेन गाथा गता। अथ गाथापूर्वार्द्धेन द्रव्यार्थिकनयेन द्रव्यलक्षणं उत्तरार्द्धेन पर्यायार्थिकनयेन पर्यायलक्षणं प्रतिपादयतिः – **उप्पत्ती य विणासो दव्वस्स य णत्थि**। अनादिनिधनस्य द्रव्यस्य द्रव्यार्थिकनयेनोत्पत्तिश्च विनाशो वा नास्ति। तर्हि किमस्ति। **अत्थि सब्भावो** अस्ति विद्यते। स कः। सद्भावः सत्तास्तित्वं, इत्यनेन पूर्वगाथा-भणितमेव क्षणिकैकान्तमतनिराकरणं समर्पितं। **वयमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जायाः** तस्यैव द्रव्यस्य व्ययोत्पादध्रुवत्वं कुर्वन्ति। के कर्तारः। पर्यायाः। अनेन किमुक्तं भवति-द्रव्यार्थिकनयेन द्रव्य-स्यैवोत्पादव्ययध्रौव्याणि न भवन्ति किं तु पर्यायार्थिकनयेन। केन दृष्टान्तेन। सुवर्णगोरसमृत्तिका-बालवृद्धकुमारादिपरिणतपुरुषेषु भंगत्रयरूपेण। इत्यनेन पूर्वगाथाभणितमेव नित्यैकान्तमतनिराकरणं दृढीकृतं। अत्र सूत्रे शुद्धद्रव्यार्थिकनयेन नरनारकादिविभावपरिणामोत्पत्तिविनाशरहितमपि पर्यायार्थिकनयेन वीतरागनिर्विकल्पसमाधिसंभवेन सहजपरमानन्दरूपसुखरसास्वादेन स्वसंवेदनज्ञानरूपपर्यायेण परिणतं सहितं शुद्धजीवास्तिकायसंज्ञं शुद्धजीवद्रव्यमेवोपादेयमिति सूत्रतात्पर्यं ।। ११ ।।

**समयव्याख्या : अत्रोभयनयाभ्यां द्रव्यलक्षणं प्रविभक्तम्। द्रव्यस्य हि सहक्रमप्रवृत्तगुण-पर्यायसद्भावरूपस्य त्रिकालावस्थायिनोऽनादिनिधनस्य न समुच्छेदसमुदयौ युक्तौ। अथ तस्यैव पर्यायाणां सहप्रवृत्तिभाजां केषांचित् ध्रौव्यसंभवेऽप्यपरेषां क्रमप्रवृत्तिभाजां विनाशसंभवसंभावनमुपपन्नम्। ततो द्रव्यार्थार्पणायामनुत्पादमनुच्छेदं सत्स्वभावमेव द्रव्यं, तदेव पर्यायार्थार्पणायां सोत्पादं सोच्छेदं चावबोद्धव्यम्। सर्वमिदमनवद्यञ्च द्रव्यपर्यायाणामभेदात्** ।। ११ ।।

**અનુવાદ : અહીં બન્ને નયો વડે દ્રવ્યનું લક્ષણ વિભક્ત કર્યું છે (અર્થાત્ બે નયોની અપેક્ષાથી દ્રવ્યના લક્ષણના બે વિભાગ પાડવામાં આવ્યા છે).**

**સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોના સદ્ભાવરૂપ, ત્રિકાળ અવસ્થાયી (ત્રણે કાળે ટકનારા), અનાદિ-અનંત દ્રવ્યના વિનાશ ને ઉત્પાદ ઉચિત નથી. પરંતુ તેના જ પર્યાયોના સહવર્તી કેટલાક (પર્યાયો)નું ધ્રૌવ્ય હોવા છતાં પણ બીજા ક્રમવર્તી (પર્યાયો)ના વિનાશ ને ઉત્પાદ થવા ઘટે છે. માટે દ્રવ્ય દ્રવ્યાર્થિક આદેશથી (કથનથી) ઉત્પાદ વિનાનું, વિનાશ વિનાનું, સત્સ્વભાવવાળું જ જાણવું અને તે જ (દ્રવ્ય) પર્યાયાર્થિક આદેશથી ઉત્પાદવાળું અને વિનાશવાળું જાણવું.**

**—આ બધું નિરવદ્ય (નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોનો અભેદ (અભિન્નપણું) છે. ૧૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૦ મંગળવાર]

**અર્થ :** અનાદિનિધન, ત્રિકાળ અવિનાશી ગુણ-પર્યાયસ્વરૂપ દ્રવ્યનું ઊપજવું કે નાશ થવું થતું નથી અને સત્તામાત્ર સ્વરૂપ દ્રવ્યનું છે તે નિત્ય-અનિત્ય પરિમાણ ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરે છે, કોઈ દ્રવ્ય—આત્મા કે પરમાણુનો નાશ થતો નથી. દ્રવ્ય આદિ અને અંત વિનાનું છે. વળી તે અવિનાશી છે. તે દ્રવ્યનું અસ્તિત્વમાત્ર સ્વરૂપ છે. નિત્ય તે ધ્રુવ અને અનિત્ય તે ઉત્પાદ-વ્યય છે, તે ઉત્પાદ-વ્યય પરને લઈને નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ** : અનાદિ–અનંત, અવિનાશી, ટંકોત્કીર્ણ ગુણ–પર્યાયસ્વરૂપ જે દ્રવ્ય છે તે દ્રવ્યનું ઊપજવું કે વિણસવું થતું નથી પણ તે દ્રવ્ય કોઈ પરિણામથી અવિનાશી છે અને કોઈ પરિણામથી વિનાશિક છે. એ કારણથી એ વાત સિદ્ધ થઈ કે દ્રવ્યાર્થિકનયથી તો દ્રવ્ય ધ્રુવસ્વરૂપ છે અને પર્યાયાર્થિકનયથી ઊપજે–વિણસે છે. એ પ્રમાણે દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક—બે નયના ભેદથી દ્રવ્યનું સ્વરૂપ બાધારહિત સિદ્ધ થાય છે. આમ અનેકાંતસ્વરૂપ દ્રવ્યને માનવું તે યોગ્ય છે.

આત્મા અને પુદ્‌ગલાદિ છ દ્રવ્યો ભગવાને જોયા છે. એ દ્રવ્યોમાં ગુણ અને પર્યાય છે. ત્રિકાળ સહવર્તી પરિણામને અહીં ગુણ કહેલ છે અને સમયે સમયે ઉત્પાદ–વ્યય થાય છે તે પર્યાય છે. એટલે એ વાત સિદ્ધ થઈ કે દરેક દ્રવ્ય કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ અનિત્ય અને નાશવાન છે. હવે દ્રવ્યદૃષ્ટિએ આત્મા ધ્રુવ છે એટલે એની પર્યાય કોઈ જુદી રહી જાય છે એમ નથી, પણ પર્યાયદૃષ્ટિએ તે જ દ્રવ્ય ધ્રુવપણે રહીને બદલે છે. ઘંટીનું નીચલું પડ સ્થિર રહે છે અને ઉપલું પડ ફરે છે તે પ્રમાણે ગુણો ત્રિકાળ રહે છે અને પર્યાયો બદલે છે એમ નથી. નિત્યતાનો સંબધ રાખ્યા વિના અનિત્યતા જુદી જ રહે છે એમ નથી. દ્રવ્યાર્થિકનયે નિત્ય હોવા છતાં પર્યાયાર્થિકનયે તે જ દ્રવ્ય અનિત્યપણે થાય છે. જૂની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ—એ અપેક્ષાએ વિસદૃશપણું છે અને ધ્રુવપણાની અપેક્ષાએ સદૃશપણું છે. કુંડળ–કડાં આદિ અવસ્થા સોનાથી તદ્દન જુદી થાય છે એમ નથી. પીળાશ, ચીકાશ આદિ ધ્રુવપણે રહીને સોનું કુંડળ–કડાં આદિ પર્યાયરૂપે થાય છે તેમ આત્મદ્રવ્ય સદૃશપણે રહીને મિથ્યાત્વ–સમ્યક્‌ત્વરૂપે થાય છે પણ એનો અર્થ એવો નથી કે એક સમયમાં આખું દ્રવ્ય આવી જાય છે. આમ સમજે તો પરથી લક્ષ છોડી સ્વ તરફ વળે તો સ્વભાવદૃષ્ટિ થાય છે.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૧ બુધવાર]

જેને ધર્મ કરવો હોય તેણે પ્રથમ આત્માને સમજવો જોઈએ, તેથી અહીં આત્માનાં ત્રણ લક્ષણોનું વર્ણન કર્યું છે. વસ્તુ તે સત્ છે. એટલે સત્ ગુણ છે અને વસ્તુ ગુણી છે. બીજું ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણ કહ્યું હતું, સત્તા સામાન્ય લક્ષણ છે અને ઉત્પાદ–વ્યય–ધ્રુવ વિશેષ લક્ષણ છે. ત્રીજું ગુણ–પર્યાય લક્ષણ દ્રવ્યનું છે. નિત્યદૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયે દ્રવ્ય નિત્ય છે અને પર્યાયાર્થિકનયે પલટવાની અપેક્ષાએ અનિત્ય છે. એ બે નયનાં પડખાંથી વસ્તુને નિર્બાધ સાધી શકાય છે.

શરીર નીરોગી હોય અને એમાંથી રોગ કેમ થાય છે ? તો કહે છે કે પુદ્‌ગલો કાયમ રહીને તેની અવસ્થા બદલે છે તે એનો સ્વભાવ છે, અશાતા કર્મનું નિમિત્ત છે માટે રોગ થાય છે એ વાત લીધી નથી. આત્મા અને પુદ્‌ગલાદિ બધાં દ્રવ્યો બે દૃષ્ટિથી નક્કી થાય છે. એક કાયમ રહેવાના સ્વભાવને જોનારી દૃષ્ટિ અને બીજી પલટવાના સ્વભાવને જોનારી દૃષ્ટિ છે. આમ બે દૃષ્ટિથી વસ્તુને ન માને તો વસ્તુનું યથાર્થ સ્વરૂપ સિદ્ધ થતું નથી.

ધ્યાન ન રાખીએ તો શરીરની અવસ્થા બરાબર ન રહે અને ધ્યાન રાખીએ તો પૈસાનું વ્યાજ બરાબર ઉપજાવી શકીએ—એમ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, કેમકે વસ્તુના સ્વભાવને તે સમજતો નથી. શરીરનો સમયે સમયે પલટો થવો એ એક પડખું અને શરીરનું (પુદ્‌ગલનું) કાયમ રહેવું એ બીજું પડખું એમ બે પડખાં છે. તે શરીરના પુદ્‌ગલ પરમાણુથી છે. આત્માના કારણે તે નથી. કાયમ રહેવાવાળું પડખું પોતાથી હોય અને બદલવાનું પડખું બીજાથી હોય એમ નથી. કેમકે એક માણસ પથ્ય આહાર લે છે અને રોગ થાય છે અને બીજો માણસ અપથ્ય આહાર લે છે અને નીરોગી હોય છે માટે નક્કી થયું કે શરીરની અવસ્થા સ્વતંત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. સાચું જ્ઞાન કરવું હોય તેણે વસ્તુને અનેકાંત માનવી તે યથાર્થ છે.

શરીર જગતની ચીજ છે, તેનો સામાન્ય અંશ કાયમ રહે છે અને વિશેષ અંશ પલટતો રહે છે, તે ત્રિકાળી અને વર્તમાન બન્ને અંશ થઈને વસ્તુ છે એમ ન માને તો વસ્તુ સિદ્ધ થતી નથી અને જ્ઞાન પણ સાચું થતું નથી. શબ્દસમયથી આત્માનું જ્ઞાન થાય છે એમ નથી. ભાષા જડ છે તે પરમાણુ છે તેમાં ત્રિકાળ સામાન્ય અંશ અને વર્તમાન પર્યાય અંશ છે, આત્મામાં પણ સામાન્ય અંશ અને વિશેષ અંશ છે. હવે આત્માનો વિશેષ અંશ પરમાણુના વિશેષ અંશથી થયો એમ માનવામાં આવે તો વસ્તુનું સામાન્ય–વિશેષ સ્વરૂપ છે તે વાત રહેતી નથી.

માટીમાંથી ઘડો થાય છે. એને બે દ્રષ્ટિથી જોવો જોઈએ. ઘડો થયો તે પર્યાયદ્રષ્ટિથી જો અને માટી કાયમ રહી છે તે દ્રવ્યદ્રષ્ટિથી જો. એમ જોવાથી દ્રવ્ય અને પર્યાય માટીથી સિદ્ધ થાય છે. કુંભારથી ઘડો થયો એમ સિદ્ધ થતું નથી. આત્મા ત્રિકાળ રહેવાવાળો–કાયમ રહેવાવાળો પદાર્થ છે તે દ્રવ્યદ્રષ્ટિથી છે અને સમયે સમયે પલટે છે તે પર્યાયદ્રષ્ટિએ છે. આ અનેકાંત સ્વરૂપે વસ્તુને જાણીને ત્રિકાળ ધ્રુવસ્વભાવનું લક્ષ કરે તો પર્યાયની ગૌણતા થઈ જાય અને 'તો અંતર્દ્રષ્ટિ થાય. વસ્તુનું આવું સ્વરૂપ નિર્દોષ છે, બીજી કોઈ રીતે માને તો સદોષ છે. સામાન્ય પોતાને લઈને અને વિશેષ પરને લઈને માનવામાં આવે તો નિર્દોષતા રહેતી નથી.

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયથી વસ્તુમાં ભેદ હોવા છતાં વસ્તુ અભેદ છે, તે બતાવે છે કે ક્ષણે ક્ષણે પર્યાય બદલાય છે અને વસ્તુ કાયમ પણ રહે છે એવું દરેક વસ્તુનું સ્વતંત્ર સ્વરૂપ છે. આવા બે ભેદવાળું વસ્તુનું સ્વરૂપ હોવા છતાં વસ્તુ અભેદ છે તે હવે બારમી ગાથામાં કહે છે.

---

**पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि।**
**दोण्हं अणण्णभूदं भावं समणा परूविंति॥ १२॥**

**पर्यायवियुतं द्रव्यं द्रव्यवियुक्ताश्च पर्याया न सन्ति।**
**द्वयोरनन्यभूतं भावं श्रमणाः प्ररूपयन्ति॥ १२॥**

**પર્યાયવિરહિત દ્રવ્ય નહિ, નહિ દ્રવ્યહીન પર્યાય છે;**
**પર્યાય તેમ જ દ્રવ્ય કેરી અનન્યતા શ્રમણો કહે. ૧૨**

**અન્વયાર્થ :** [पर्यायवियुतं] પર્યાયો રહિત [द्रव्यं] દ્રવ્ય [च] અને [द्रव्यवियुक्ताः] દ્રવ્યરહિત [पर्यायाः] પર્યાયો [न सन्ति] હોતા નથી; [द्वयोः] બન્નેનો [अनन्यभूतं भावं] અનન્યભાવ (-અનન્યપણું) [श्रमणाः] શ્રમણો [प्ररूपयन्ति] પ્રરૂપે છે.

---

तात्पर्यवृत्ति : एवं द्रव्यार्थिकपर्यायार्थिकलक्षणनयद्वयव्याख्यानेन सूत्रं गतं। अथ द्रव्यपर्यायाणां निश्चयनयेनाभेदं दर्शयतिः—**पज्जयरहियं दव्वं** दधिदुग्धादिपर्यायरहितगोरसवत्पर्यायरहितं द्रव्यं नास्ति। **दव्वविमुत्ता य पज्जया णत्थि** गोरसरहितदधिदुग्धादिपर्यायवत् द्रव्यविमुक्ता द्रव्यविरहिताः पर्याया न संति। **दोण्हं अणण्णभूदं भावं समणा परूवेंति** यत एवमभेदनयेन द्रव्यपर्याययोर्भेदो नास्ति तत एव कारणात् द्वयोर्द्रव्यपर्याययोरनन्यभूतमभिन्नभावं सत्तामस्तित्वस्वरूपं प्ररूपयन्ति। के कथयन्ति। श्रमणा महाश्रमणाः सर्वज्ञा इति। अथवा द्वितीयव्याख्यानं – द्वयोर्द्रव्यपर्याययोरनन्यभूतमभिन्नभावं पदार्थं वस्तु श्रमणाः प्ररूपयन्ति। भावशब्देन कथं पदार्थो भण्यत इति चेत्। द्रव्यपर्यायात्मको भावः पदार्थो

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वस्त्विति वचनात् । अत्र सिद्धरूपशुद्धपर्यायादभिन्नं शुद्धपर्यायादभिन्नं शुद्धजीवास्तिकायसंज्ञं शुद्धजीवद्रव्यं शुद्धनिश्चयनयेनोपादेयमिति भावार्थः ॥ १२ ॥

**समयव्याख्या : अत्र द्रव्यपर्यायाणामभेदो निर्दिष्टः । दुग्धदधिनवनीतघृतादिवियुतगोरसवत्पर्यायवियुतं द्रव्यं नास्ति । गोरसवियुक्तदुग्धदधिनवनीतघृतादिवद्द्रव्यवियुक्ताः पर्याया न सन्ति । ततो द्रव्यस्य पर्यायाणाञ्चादेशवशात्कथंचिद्भेदेऽप्येकास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तुत्वेनाभेद इति ॥ १२ ॥**

**અનુવાદ : અહીં દ્રવ્ય અને પર્યાયોનો અભેદ દર્શાવ્યો છે.**

**જેમ દૂધ, દહીં, માખણ, ઘી ઇત્યાદિથી રહિત ગોરસ હોતું નથી તેમ પર્યાયોથી રહિત દ્રવ્ય હોતું નથી; જેમ ગોરસથી રહિત દૂધ, દહીં, માખણ, ઘી ઇત્યાદિ હોતાં નથી તેમ દ્રવ્યથી રહિત પર્યાયો હોતા નથી. તેથી, જોકે દ્રવ્ય અને પર્યાયોનો આદેશવશાત્ (કથનને વશ) કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત (દૃઢપણે રહેલાં) હોવાને લીધે અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો અભેદ છે. ૧૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૧ બુધવાર]

**શબ્દાર્થ :** પર્યાયરહિત દ્રવ્ય નહિ અને દ્રવ્યરહિત પર્યાય નહિ. એમ મહામુનિ દ્રવ્ય અને પર્યાયનું અભેદ સ્વરૂપ કહે છે.

### પર્યાયરહિત દ્રવ્ય હોય નહિ

કોઈ પણ આત્મા કે પરમાણુ સેકન્ડના અસંખ્યાતમા ભાગમાં પલટ્યા વગર રહે નહિ. એક એક સમયમાં પર્યાય બદલ્યા કરે છે. અવસ્થા વગરનો પદાર્થ હોય નહિ. કુંભારે ઘડો કર્યો એમ માનવામાં આવે તો અવસ્થા વગર શું દ્રવ્ય થાય છે ? કેમ કે ઘડો કે જે માટીની અવસ્થા છે તે કુંભારે કરી કહેવાય, પણ એમ નથી; વળી રાગ ચારિત્રમોહકર્મના ઉદયના કારણે માને તો પર્યાય વગરનું દ્રવ્ય થઈ જાય છે, અંશ વગરનો અંશી થઈ જાય છે. સ્ત્રી-પુત્રાદિના કારણે રાગ થાય છે, તો રાગની અવસ્થા આત્માની છે તેને પરના કારણે માનતાં અવસ્થા વગરનો આત્મા થઈ જાય છે. કોઈ એમ કહે કે ગોરસ છે પણ તેની દૂધ, દહીં એવી કોઈ અવસ્થા જ નથી. પણ અવસ્થા વગરનો પદાર્થ હોય નહિ. સોનું છે પણ તેની હાલત નથી તો તે વાત ખોટી છે. પર્યાય વગરની કોઈ ચીજ હોય નહિ, જ્ઞાન થાય છે તે વાણી સાંભળવાથી થાય છે તો અવસ્થા વગરનું દ્રવ્ય થઈ જાય છે, અને પર્યાય વગર દ્રવ્ય હોય નહિ માટે પર્યાય નહિ માનતાં દ્રવ્યનો નાશ થાય છે.

કોઈ પણ પદાર્થ વર્તમાન અવસ્થા વગર હોય નહિ, ઈંજેક્શન કે દવાના કારણે શરીરની નીરોગ અવસ્થા થાય છે એમ નથી, કેમકે અવસ્થા વગર દ્રવ્ય હોતું નથી. બીજા દ્રવ્યે આ દ્રવ્યની અવસ્થા કરી તો અવસ્થા વગરનું દ્રવ્ય થાય છે માટે દવાના કારણે રોગ મટતો નથી. કોઈ કહે કે માણસ છે પણ એની બાળ, યુવાન કે વૃદ્ધ કોઈ અવસ્થા નથી તો અવસ્થા વગરની વસ્તુ જ રહેતી નથી. માટે આત્મા અને પુદ્ગલાદિ છએ દ્રવ્યો અવસ્થા વગર હોતાં નથી. દ્રવ્યની અવસ્થા થાય છે પણ તે નિમિત્તને લઈને થાય છે તો દ્રવ્યની અવસ્થા સ્વતંત્ર રહેતી નથી. અવસ્થા વગરનું દ્રવ્ય માનતાં દ્રવ્યનો નાશ થાય છે એટલે દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## દ્રવ્યરહિત પર્યાય હોય નહિ

બાળક, યુવાન, વૃદ્ધની અવસ્થા છે પણ માણસ નથી તો એમ બને નહિ. દૂધ, દહીંની અવસ્થા છે પણ ગોરસ નથી તો ગોરસ વગર દૂધાદિની અવસ્થા હોય નહિ. વસ્તુ વગરની પર્યાય અધ્ધરથી થઈ જાય એમ બને નહિ. સર્વજ્ઞ પરમાત્મા જેમને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે એવા તીર્થંકર પરમાત્મા મહામુનિ કહે છે કે : અવસ્થા વગરની વસ્તુ ન હોય અને વસ્તુ વગરની અવસ્થા ન હોય. તરંગ વિના પાણી ન હોય અને પાણી વિના તરંગ ન હોય એમ તેઓ કહે છે. શાંત થા, પ્રભુ ! તારી ક્ષણ ક્ષણની પર્યાય તારાથી થાય છે અને પર્યાય વગર તારું દ્રવ્ય હોય નહિ એમ તું જાણ !

**ભાવાર્થ** : અહીં દૃષ્ટાંત આપે છે કે જેમ ગોરસ પોતાની દહીં–દૂધાદિ પર્યાયોથી જુદું નથી તેમ કોઈ પણ દ્રવ્ય પોતાની પર્યાયોથી જુદું નથી અને પર્યાયો દ્રવ્યથી જુદી નથી. ગોરસ છે પણ દહીં, દૂધ, ઘી આદિ તેની અવસ્થા નથી તો એમ બને નહિ, તેમ આત્મા પોતાની પર્યાયથી જુદો નથી. પર્યાય તે દ્રવ્યનો અંશ છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ વસ્તુનો સ્વભાવ છે, તે પરના કારણે હોય નહિ. દૂધમાંથી દહીં થાય છે તે છાશ આવી માટે થાય છે એમ માને તો પર્યાય વગરની વસ્તુ માની, પણ પર્યાય વગર વસ્તુ હોય નહિ. આત્મા નથી અને જ્ઞાનની પર્યાય થાય છે, તો આત્મા વગર જ્ઞાનની પર્યાય હોય નહીં. એટલે કોઈને લઈને કોઈની પર્યાય થાય એ વાત રહેતી નથી. ગુરુને લઈને જ્ઞાન થતું નથી. આત્મા છે તો જ્ઞાન થાય છે તે વખતે ગુરુ નિમિત્તરૂપે હોય છે, પણ નિમિત્તને લઈને માનવામાં આવે તો પર્યાય વગરનું દ્રવ્ય થઈ જાય છે.

આત્મામાં રાગ–દ્વેષાદિ વિકાર થાય છે તે પોતાના કારણે થાય છે પણ નિમિત્ત કે કર્મના કારણે થતો નથી. રાગ છે તે તો ચારિત્રગુણની વિપરીત પર્યાય છે તે પર્યાયને ન માનતાં ગુણને ન માન્યો તેથી અનંતગુણનો પિંડ એવા આત્માને પણ માન્યો નહિ, માટે પર્યાયથી દ્રવ્ય જુદું નથી, અને દ્રવ્યથી પર્યાય જુદી નથી. આ બે અંશ વિના વસ્તુ નહીં. બે અંશ છે માટે વસ્તુ બે છે એમ નથી. પર્યાય વિના દ્રવ્ય નહિ એમ કહ્યું છે પણ નિમિત્ત વિના દ્રવ્ય નહિ એમ કહ્યું નથી. સમયે સમયે દ્રવ્યમાં અવસ્થા થાય છે તે દ્રવ્ય વિના ન હોય એમ ભગવાન પ્રરૂપે છે. ભગવાનના દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે. પદાર્થનું સ્વરૂપ પણ એવું છે અને જ્ઞાન પણ એવું જ થાય તો યથાર્થ છે.

જુઓ, પંચાસ્તિકાયનો અધિકાર છે તો એમાં પાંચ અસ્તિકાય છે. જો પદાર્થ પરને લઈને હોય તો પાંચનું અસ્તિપણું રહેતું નથી. હવે જો પદાર્થનું અસ્તિપણું છે તો તેના બે અંશ છે. એક ત્રિકાળ અંશ અને બીજો વર્તમાન અંશ છે તે દ્રવ્યથી પોતાથી છે. આમ દ્રવ્ય અને પર્યાયની એકતા છે. આમ હોવા છતાં કોઈ પણ પ્રકારના કથનની અપેક્ષાએ સમજાવવા માટે ભેદ પાડવામાં આવે છે પણ વસ્તુનું સ્વરૂપ વિચારતાં ભેદ નથી. સંજ્ઞા, સંખ્યા, લક્ષણાદિભેદથી ભેદ હોવા છતાં વસ્તુમાં ભેદ નથી. કોઈ એમ કહે કે સંસારમાં અવસ્થા બદલે છે પણ સિદ્ધમાં અવસ્થા બદલતી નથી, ત્યાં પર્યાય ન હોય એમ માને તો પર્યાય વગરનું દ્રવ્ય થઈ જાય છે. ત્યાં પણ પર્યાય વગરનું દ્રવ્ય રહેતું નથી. કેમકે દ્રવ્ય અને પર્યાયનું પરસ્પર એક અસ્તિત્વ છે.

આત્મા અને પરમાણુ આદિ દરેક દ્રવ્યની વાત કરે છે કે એક આત્મા બીજા આત્માને લઈને નથી, એક પુદ્ગલ બીજા પુદ્ગલને લઈને નથી, પુદ્ગલ આત્માને લઈને નથી અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા પુદ્ગલને લઈને નથી, દરેકનું અસ્તિત્વ ભિન્ન છે. એકએક અસ્તિત્વમાં બે અંશ છે, એક દ્રવ્ય અને બીજો પર્યાયનો અંશ છે, તે બન્ને અંશો અભિન્ન છે. હોશિયાર માણસ હોય તો વેપાર, ધંધો, મિલ વગેરેના કામ બરાબર વ્યવસ્થિત ચાલે એ માન્યતા ભ્રમવાળી છે. વેપાર વગેરેની અવસ્થાનો અંશ તેના દ્રવ્યથી અભિન્ન છે. માણસના દ્રવ્યથી તેનું ભિન્ન અસ્તિત્વ છે માટે માણસના કારણે તે અવસ્થા નથી પણ એના કારણે થાય છે.

દ્રવ્ય ન હોય તો પર્યાયનો અભાવ થાય અને પર્યાય ન હોય તો દ્રવ્યનો અભાવ થાય. જેમકે દૂધ-દહીં આદિના અભાવમાં ગોરસનો અભાવ અને ગોરસના અભાવમાં દૂધ-દહીં આદિનો અભાવ થાય છે. આ પ્રકારથી તે બન્ને દ્રવ્ય-પર્યાયોમાં એકનો અભાવ થવાથી બન્નેનો અભાવ થાય છે. આ કારણથી તે બન્નેની એકતા માનવી યોગ્ય છે. આત્મા અને પુદ્ગલમાં દરેકને પોતાની પર્યાય સાથે અભેદતા છે અને પરદ્રવ્ય સાથે ભેદતા છે. માટે જ્ઞાન-દર્શનાદિની પર્યાય આત્માથી થાય છે અને શરીરની અવસ્થા પરમાણુથી થાય છે. પણ કોઈ એમ કહે કે આત્મા અને પરમાણુના સંયોગથી શરીરની અવસ્થા થઈ છે. તો તે નિમિત્તનું કથન છે. પણ ખરેખર તે પુદ્ગલથી અવસ્થા થઈ છે. જ્ઞાની આત્માને લઈને શરીરની અવસ્થા થાય છે એમ માનતો નથી અને અજ્ઞાનીને સંયોગીદૃષ્ટિ ખસતી નથી માટે આત્માને લઈને માને છે પણ એમ માનવાથી શરીરનો અભાવ થાય અને શરીરના કારણે આત્માની અવસ્થા થાય છે એમ માને તો આત્માનો અભાવ થાય. એ કારણે દ્રવ્ય-પર્યાયની અભેદતા માનવી યોગ્ય છે. આ ઉપરથી આત્માને સ્ત્રી, કુટુંબ કે કર્મ સાથે એકતા નથી, પણ પોતે રાગ કરે છે તો તેની સાથે એકતા છે, પણ તે મારો સ્વભાવ નથી—એમ સ્વભાવદૃષ્ટિ કરે તો રાગનો અભાવ થાય.

ચોપડામાં હિસાબ મેળવે ત્યારે પુરાંત બાકી રૂ. ૫૫૫૫) હોય તો તિજોરીમાં એટલા જ રૂપિયા હોય, અને જ્ઞાન પણ એવું જ કરે તો ચોપડાનો હિસાબ અને જ્ઞાન યથાર્થ કહેવાય. પણ કોથળીમાં રૂપિયા પ્રમાણે ચોપડામાં ન હોય અને જ્ઞાન પણ રૂપિયા પ્રમાણે ન કરે તો ચોપડા અને જ્ઞાન બરાબર કહેવાય નહિ, અને હિસાબ મળે નહિ અને ગોટા ઊઠે. એમ ચૌદ બ્રહ્માંડની કોથળીમાં છ દ્રવ્યો છે. તે દરેક દ્રવ્ય અને તેની પર્યાય સ્વતંત્ર છે, એવું પદાર્થનું સ્વરૂપ છે. ભગવાનની વાણીમાં પણ એમ જ આવ્યું છે, અને જ્ઞાન પણ એવું જ કરવું જોઈએ. એમાં ફેર પડે તો ગોટો ઊઠ્યા વગર રહે નહિ, હિસાબ મળે નહિ. જ્ઞાનમાં જેમ છે એમ ભાસે તો જ્ઞાન સાચું કહેવાય.

અજ્ઞાની મૂઢ જીવ કે જેને સ્વતંત્ર પર્યાય થાય છે એનું ભાન નથી. તે એમ કહે છે કે સિદ્ધને બિચારાને પણ કાળ વગર પરિણમન થતું નથી એમ પરાધીનતા ઠરાવે છે પણ એમ નથી. લોટમાંથી રોટલી થાય છે તે સ્ત્રીના કારણે થઈ નથી, લોટના કારણે થઈ છે. એવી લોટની પર્યાયની સ્વતંત્રતા છે. અગ્નિ વગર રોટલી ન થાય એ પ્રશ્ન જ અહીં રહેતો નથી, પણ લોટ વગર રોટલી હોય નહિ એવો વસ્તુનો સ્વભાવ છે. આત્મા ત્રિકાળ છે અને તેનું વર્તમાન થાય છે તે તેનાથી અભેદ છે એમ સમજે તો ચૌદ બ્રહ્માંડના ભેદને બરાબર સમજી જાય છે. પૈસાની વ્યવસ્થા બરાબર રાખી માટે પૈસા રહ્યા છે એમ નથી. એ તો જગતના સ્વતંત્ર અસ્તિરૂપ પદાર્થો છે એનું પલટન થયા વગર રહેતું નથી. એ રીતે આત્માની સાથે પર્યાયની અભેદતા આ ગાથામાં બતાવી છે.

હવેની ગાથામાં દ્રવ્ય અને ગુણની અભેદતા કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि ।**
**अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तम्हा ॥ १३ ॥**

**द्रव्येण विना न गुणा गुणैर्द्रव्यं विना न सम्भवति ।**
**अव्यतिरिक्तो भावो द्रव्यगुणानां भवति तस्मात् ॥ १३ ॥**

**નહિ દ્રવ્ય વિણ ગુણ હોય, ગુણ વિણ દ્રવ્ય પણ નહિ હોય છે;**
**તેથી ગુણો ને દ્રવ્ય કેરી અભિન્નતા નિર્દિષ્ટ છે. ૧૩**

**અન્વયાર્થ :** [द्रव्येण विना] દ્રવ્ય વિના [गुणाः न] ગુણો હોતા નથી, [गुणैः विना] ગુણો વિના [द्रव्यं न सम्भवति] દ્રવ્ય હોતું નથી; [तस्मात्] તેથી [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોનો [अव्यतिरिक्तः भावः] અવ્યતિરિક્તભાવ (અભિન્નપણું) [भवति] છે.

---

तात्पर्यवृत्ति : यस्मिन् वाक्ये नयशब्दोच्चारणं नास्ति तत्र नययोः शब्दव्यवहारः कर्तव्यः क्रिया-कारकयोरन्यतराध्याहारवत् स्याच्छब्दाध्याहारवद्वा । अथ द्रव्यगुणानां निश्चयनयेनाभेदं समर्थयतिः – **दव्वेण विणा ण गुणा** पुद्गलरहितवर्णादिवद्द्रव्येण विना गुणा न संति । **गुणेहिं दव्वं विणा ण संभवदि** वर्णादिगुणरहितपुद्गलद्रव्यवद्गुणैर्विना द्रव्यं न संभवति । **अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तम्हा** द्रव्यगुणयोरभिन्नसत्तानिष्पन्नत्वेनाभिन्नद्रव्यत्वात् अभिन्नप्रदेशनिष्पन्नत्वेनाभिन्नक्षेत्रत्वात् एककालोत्पादव्ययाविनाभावित्वेनाभिन्नकालत्वात् एकस्वरूपत्वेनाभिन्नभावत्वादिति, यस्माद्द्रव्यक्षेत्रकालभावैरभेदस्तस्मात् अव्यतिरिक्तो भवत्यभिन्नो भवति । कोऽसौ । भावस्सत्तास्तित्वं । केषां । द्रव्यगुणानां । अथवा द्वितीयव्याख्यानं – अव्यतिरिक्तो भवत्यभिन्नो भवति । स कः । भावः पदार्थो वस्तु । केषा संभवित्वेन । द्रव्यगुणानां, इत्यनेन द्रव्यगुणात्मकः पदार्थ इत्युक्तं भवति । निर्विकल्पसमाधिबलेन जातमुत्पन्नं वीतराग-सहजपरमानन्दसुखसंवित्त्युपलब्धिप्रतीत्यनुभूतिरूपं यत्स्वसंवेदनज्ञानं तेनैव परिच्छेद्यं प्राप्यं रागादि-विभावविकल्पजालशून्यमपि केवलज्ञानादिगुणसमूहेन भरितावस्थं यत् शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मद्रव्यं तदेव मनसा ध्यातव्यं तदेव वचसा वक्तव्यं कायेन तदनुकूलानुष्ठानं कर्तव्यमिति सूत्रतात्पर्यार्थः॥१३ ॥

**समयव्याख्या : अत्र द्रव्यगुणानामभेदो निर्दिष्टः । पुद्गलपृथग्भूतस्पर्शरसगन्धवर्णवद्द्रव्येण विना न गुणाः संभवन्ति । स्पर्शरसगन्धवर्णपृथग्भूतपुद्गलवद्गुणैर्विना द्रव्यं न संभवति । ततो द्रव्यगुणानामप्यादेशवशात् कथंचिद्भेदेऽप्येकास्तित्वनियतत्वादन्योन्याजहद्वृत्तीनां वस्तुत्वेनाभेद इति ॥१३ ॥**

**અનુવાદ : અહીં દ્રવ્ય અને ગુણોનો અભેદ દર્શાવ્યો છે.**

**જેમ પુદ્ગલથી પૃથક્ સ્પર્શ–રસ–ગંધ–વર્ણ હોતાં નથી તેમ દ્રવ્ય વિના ગુણો હોતા નથી; જેમ સ્પર્શ–રસ–ગંધ–વર્ણથી પૃથક્ પુદ્ગલ હોતું નથી તેમ ગુણો વિના દ્રવ્ય હોતું નથી. તેથી, જોકે દ્રવ્ય અને ગુણોનો આદેશવશાત્ કથંચિત્ ભેદ છે તોપણ, તેઓ એક અસ્તિત્વમાં નિયત હોવાને લીધે અન્યોન્યવૃત્તિ નહિ છોડતાં હોવાથી વસ્તુપણે તેમનો પણ અભેદ છે (અર્થાત્ દ્રવ્ય અને પર્યાયોની માફક દ્રવ્ય અને ગુણોનો પણ વસ્તુપણે અભેદ છે). ૧૩**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૨ ગુરુવાર]

પાંચ દ્રવ્યોમાં પ્રદેશો હોય છે, એટલે અસ્તિકાય કહેવાય છે. કાળદ્રવ્યને પ્રદેશો નથી માટે તે અસ્તિકાય નથી. દ્રવ્યો અસ્તિરૂપ છે. તે કેવાં છે ? તે જણાવે છે. અવસ્થા વગર પદાર્થ હોય નહિ અને પદાર્થ વિના અવસ્થા હોય નહિ. એ રીતે પદાર્થ અને અવસ્થાનું સ્વતંત્રપણું બતાવે છે. હવે આ ગાથામાં ગુણ અને દ્રવ્યનું અભેદપણું કહીને સ્વતંત્રપણું બતાવે છે. કોઈ કહે કે આત્મામાં અવસ્થા વધે છે તે બહારથી આવતી હશે ? તો કહે છે કે આત્મામાં ગુણ છે તેમાંથી તે અવસ્થા આવે છે.

**અર્થ :** સત્તામાત્ર વસ્તુ વિના સહભૂત લક્ષણરૂપ ગુણ હોય નહીં અને ગુણો વિના દ્રવ્ય ન હોય. એ કારણથી દ્રવ્ય અને ગુણો જુદા નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે. અફીણ વિના કડવાશ ન હોય અને કડવાશ વગરનું અફીણ ન હોય. એમ આત્મા વિના જ્ઞાન ન હોય અને જ્ઞાન વિના આત્મા ન હોય, એવું દરેક દ્રવ્યનું સ્વરૂપ છે. માટે વસ્તુથી વસ્તુના ગુણો જુદા નથી.

**ભાવાર્થ :** દ્રવ્ય અને ગુણોની એકતા છે. પુદ્‌ગલદ્રવ્યથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણો જુદા નથી. દૃષ્ટાંત આપે છે કે—જેમ કેરી છે તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણો છે. જો કેરી ન હોય તો લીલો, પીળો આદિ રંગ, ખાટો–મીઠો આદિ રસ, સુગંધ આદિ ગુણો ન હોય. કેરી વિના તેનો અભાવ થાય, કેમકે આશ્રય વિના ગુણો ક્યાંથી હોય ? અને જો સ્પર્શ, રસ, ગંધાદિ ગુણો ન હોય તો કેરીનો અભાવ થાય કેમકે ગુણ વિના કેરીનું અસ્તિત્વ શું ? પોતાના ગુણોથી જ કેરીનું અસ્તિત્વ છે. આ રીતે ગુણો અને દ્રવ્યની એકતા છે. પહેલાં કેરી ખાટી હતી અને પછી મીઠી થઈ, પહેલાં લીલી હતી અને પછી પીળી થઈ તો તે ક્યાંથી આવી ? તો કહે છે કે રસ, વર્ણાદિ ગુણોમાંથી તે અવસ્થા થઈ છે, તે ગુણો વિના કેરી હોય નહિ.

કોઈ એમ કહે કે ''દ્રવ્યથી ગુણ જુદો છે એમ કોઈ માનતું નથી'' તો તેને કહે છે કે બૌદ્ધાદિ અન્યમતવાળા કહે છે કે પદાર્થ આવ્યો એમાંથી જ્ઞાન આવે છે. કેમકે જેવો જ્ઞેય પદાર્થ છે એવું જ્ઞાન થાય છે. તો તે પદાર્થ અને ગુણની એકતા માનતો નથી. અને જૈન નામ ધરાવીને કોઈ એમ કહે કે જ્ઞાનની અવસ્થા પહેલાં ઓછી હતી અને શાસ્ત્ર વાંચવાથી કે વાણી સાંભળવાથી એ અવસ્થા વધી તો તે પણ આત્માને અને જ્ઞાનગુણને અભિન્ન માનતો નથી. તેને કહે છે કે અરે ભાઈ ! તું ભગવાન છો ! તારા ગુણ તારાથી જુદા નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિની પર્યાય થાય છે એનું કારણ તે તે ગુણો છે, તે ગુણો આત્માથી જુદા નથી. માટે તારે તે પર્યાય પ્રગટ કરવી હોય તો અંતરમાં જોવાથી પ્રગટ થશે, બહારથી તે પર્યાય આવતી નથી.

પરમાણુથી તેના સ્પર્શાદિ ગુણ જુદા નથી. તે ગુણો ત્રિકાળ છે, એ અપેક્ષાએ સામાન્ય છે. સામાન્ય અંશ વગર દ્રવ્ય ન હોય. દરેક આત્મા અને પરમાણુ તેના ગુણોથી અભેદ છે. જ્ઞાનદર્શનચારિત્ર આદિ ગુણો ન હોય તો આત્મા ન હોય અને આત્મા ન હોય તો જ્ઞાનદર્શનાદિ ગુણો ન હોય. આવી એક એક ગાથામાં સ્વતંત્રતાની વાત સ્પષ્ટ હોવા છતાં અજ્ઞાની સાચી સમજણ વગર ગોટો વાળે છે કે નિમિત્ત હોય તો થાય, નિમિત્ત ન હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ન થાય, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી. આત્મા છે તેની સત્તા, સત્તાવાનથી જુદી નથી. આ ''છે'' એમ કહેવું અને ગુણ વગરનું દ્રવ્ય કહેવું તે મિથ્યા છે. આ ગુણ છે એમ કહેવું અને દ્રવ્ય વગરનો તે ગુણ છે—એમ બને નહીં.

કોઈ પણ વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવ વિના ન હોય. એટલે પોતાના ગુણ–પર્યાયથી દ્રવ્ય અભિન્ન છે. પરચીજથી પરચીજ સર્વથા ભિન્ન છે પણ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી સર્વથા ભિન્ન નથી. સંજ્ઞા, સંખ્યાદિથી ભિન્ન કહેવાય છે. વર્ણ–ગંધરસાદિ નથી અને કેરી છે ? જ્ઞાન–દર્શનાદિ નથી ને આત્મા છે ? એમ કદી બને નહીં. ગુણ વિના વસ્તુ ન હોય. જેને આત્મામાં શાંતિ કરવી હોય તેણે આત્માના ગુણો આત્માથી અભેદ માનવાથી શાંતિ થાય છે. ગોળથી અફીણ જુદું છે પણ કડવાશથી અફીણ જુદું નથી અને ગળપણથી ગોળ જુદો નથી. કડવાશ ને અફીણ એક છે, ગળપણ ને ગોળ એક છે. અફીણ ને ગોળ એક નથી.

ભગવાનની ભક્તિ કરે છે ત્યારે જ્ઞાની પણ એમ કહે કે 'તમારે ખજાને ખોટ નથી. થોડા ગુણો અમને આપો. શિવપદ આપો' પણ આત્માના ગુણો ભગવાન પાસે નથી. જે ગુણો પ્રગટ કરવા છે તે આત્મામાં છે એમાંથી પ્રગટ થાય છે. એમ જ્ઞાની સમજે છે છતાં હજુ પૂર્ણ દશા થઈ નથી એટલે વિકલ્પ છે તેથી પર ઉપર લક્ષ જાય છે તેથી નિમિત્તથી કથન કર્યું છે. આ પ્રમાણે દ્રવ્ય અને ગુણની એકતા છે.

અત્યારે એક મત એવો પણ છે કે પરમાણુની લીલી પર્યાય છે એની પીળી પર્યાય થાય જ નહિ, અને બીજો મત એવો છે કે અમુક ગુણવાળી લીલી પર્યાય હોય એટલી જ રહે, અનંતગુણી લીલી થાય જ નહીં. તો તે બન્ને મત ખોટા છે. અહીં તો કહે છે કે લીલી પર્યાય હોય, તેની અનંતગુણી પીળી પર્યાય થાય છે તે પુદ્‌ગલમાં વર્ણ નામનો ગુણ છે એમાંથી થાય છે અને તે ગુણ પુદ્‌ગલદ્રવ્યથી અભેદ છે.

આ રીતે દ્રવ્ય અને ગુણની એકતા જાણવી. આમ હોવા છતાં કોઈ એક પ્રકારથી કથનની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણમાં ભેદ પણ છે. તોપણ વસ્તુસ્વરૂપ તો અભેદ છે. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનાદિથી ગુણ અને દ્રવ્યમાં ભેદ છે પણ પ્રદેશભેદ નથી. આવું પંચાસ્તિકાયનું સ્વરૂપ છે. તો હવે તારે ધર્મ કરવો હોય તો સ્વભાવી વસ્તુ આત્મા છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન કર તો ધર્મ થાય એમ છે. શબ્દસમય કહે છે કે તારા વિના ગુણ નહિ અને ગુણ વિના તું નહિ. અને મારા વિના ગુણ નહિ અને ગુણ વિના હું નહિ. શબ્દ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના શબ્દ નહિ એમ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

હવે ચૌદમી ગાથામાં સપ્તભંગીનું સ્વરૂપ કહે છે. વસ્તુદર્શન તે સાર છે. દરેક પદાર્થનું સ્વરૂપ વિઘ્ન વિના અને કુયુક્તિ વિના સુયુક્તિથી સાબિત કરે છે. એવી સપ્તભંગી વાણીનું સ્વરૂપ કહે છે. સપ્તભંગી દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયમાં ઊતરે છે. અહીં તો પ્રમાણસપ્તભંગી છે. પ્રવચનસારમાં નયસપ્તભંગીની વાત કરી છે. ૧૩

---

**सिय अत्थि णत्थि उहयं अव्वत्तव्वं पुणो य तत्तिदयं ।**
**दव्वं खु सत्तभंगं आदेसवसेण संभवदि ॥ १४ ॥**

**स्यादस्ति नास्त्युभयमवक्तव्यं पुनश्च तत्त्रितयम् ।**
**द्रव्यं खलु सप्तभङ्गमादेशवशेन सम्भवति ॥ १४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે અસ્તિ, નાસ્તિ, ઉભય તેમ અવાચ્ય આદિક ભંગ જે,**
**આદેશવશ તે સાત ભંગે યુક્ત સર્વે દ્રવ્ય છે. ૧૪**

**અન્વયાર્થ** : [द्रव्यं] દ્રવ્ય [आदेशवशेन] આદેશવશાત્ (કથનને વશ) [खलु] ખરેખર [स्यात् अस्ति,] સ્યાત્ અસ્તિ, [नास्ति] સ્યાત્ નાસ્તિ, [उभयम्] સ્યાત્ અસ્તિ–નાસ્તિ, [अवक्तव्यम्] સ્યાત્ અવક્તવ્ય [पुनः च] અને વળી [तत्त्रितयम्] અવક્તવ્યતાયુક્ત ત્રણ ભંગવાળું (સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય અને સ્યાત્ અસ્તિ–નાસ્તિ અવક્તવ્ય)—[सप्तभङ्गम्] એમ સાત ભંગવાળું [सम्भवति] છે.

---

तात्पर्यवृत्ति : एवं गुणपर्यायरूपत्रिलक्षणप्रतिपादनरूपेण गाथाद्वयं । इति पूर्वसूत्रेण सह गाथात्रयसमुदायेन चतुर्थस्थलं गतं । अथ सर्वविप्रतिपत्तीनां निराकरणार्थं प्रमाणसप्तभङ्गी कथ्यते । "एकस्मिन्नविरोधेन प्रमाणनयवाक्यतः । सदादिकल्पना या च सप्तभङ्गीति सा मता ।।" **सिय अत्थि** स्यादस्ति स्यात्कथंचिद्विवक्षितप्रकारेण स्वद्रव्यादिचतुष्टयापेक्षया अस्तीत्यर्थः १. **सिय णत्थि** स्यान्नास्ति स्यात्कथंचिद्विवक्षितप्रकारेण परद्रव्यादिचतुष्टयापेक्षया नास्तीत्यर्थः २. **सिय अत्थिणत्थि** स्यादस्तिनास्ति स्यात्कथंचिद्विवक्षितप्रकारेण क्रमेण स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया अस्तिनास्तीत्यर्थः ३. **सिय अव्वत्तव्वं** स्यादवक्तव्यं स्यात्कथंचिद्विवक्षितप्रकारेण युगपद्वक्तुमशक्यत्वात् 'क्रमप्रवृत्तिर्भारती'तिवचनात् युगपत्स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया वक्तव्यमित्यर्थः ४. **पुणोवि तत्तिदयं** पुनरपि तत्त्रितयं 'सिय अत्थि अव्वतव्वं' स्यादस्त्यवक्तव्यं स्यात्कथंचिद्विवक्षितप्रकारेण स्वद्रव्यादिचतुष्टयापेक्षया युगपत्स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया च अस्त्यवक्तव्यमित्यर्थः ५. '**सियणत्थि अवत्तव्वं**' स्यान्नास्त्यवक्तव्यं स्यात्कथंचिद्विवक्षितप्रकारेण परद्रव्यादिचतुष्टयापेक्षया युगपत्स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया च नास्त्यवक्तव्यमित्यर्थः ६. '**सिय अत्थिणत्थि अवत्तव्वं**' स्यादस्ति नास्त्यवक्तव्यं स्यात्कथंचिद्विवक्षितप्रकारेण क्रमेण स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया युगपत्स्वपरद्रव्यादिचतुष्टयापेक्षया च अस्तिनास्त्यवक्तव्यमित्यर्थः ७. **संभवदि** संभवति । किं कर्तृ । **दव्वं** द्रव्यं खु स्फुटं । कथंभूतं । **सत्तभंगं** सप्तभंगं । केन **आदेसवसेण** प्रश्नोत्तरवशेन । तथाहि – अस्तीत्यादिसप्तप्रश्नेषु कृतेषु सत्सु स्यादस्तीत्यादिसप्तप्रकारपरिहारवशेनेत्यर्थः । इति प्रमाणसप्तभंगी । एकमपि द्रव्यं कथं सप्तभङ्ग्यात्मकं भवतीति प्रश्ने परिहारमाहुः । यथैकोपि देवदत्तो गौणमुख्यविवक्षावशेन बहुप्रकारो भवति । कथमिति चेत् । पुत्रापेक्षया पिता भण्यते सोपि स्वकीयपित्रापेक्षया पुत्रो भण्यते मातुलापेक्षया भागिनेयो भण्यते स एव भागिनेयापेक्षया मातुलो भण्यते भार्यापेक्षया भर्ता भण्यते भगिन्यपेक्षया भ्राता भण्यते विपक्षापेक्षया शत्रुर्भण्यते इष्टापेक्षया मित्रं भण्यत इत्यादि । तथैकमपि द्रव्यं गौणमुख्यविवक्षावशेन सप्तभंग्यात्मकं भवतीति नास्ति दोष इति सामान्यव्याख्यानं । सूक्ष्मव्याख्यानविवक्षायां पुनः सदेकनित्यादिधर्मेषु मध्ये एकैकधर्मे निरुद्धे सप्तभंगा वक्तव्याः । कथमिति चेत् । स्यादस्ति स्यान्नास्ति स्यादस्तिनास्ति स्यादवक्तव्यमित्यादि । स्यादेकं स्यादनेकं स्यादेकानेकं स्यादवक्तव्यमित्यादि स्यान्नित्यं स्यान्नित्यानित्यं स्यादवक्तव्यमित्यादि । तत्केन दृष्टान्तेनेति कथ्यते–यथैकोपि देवदत्तः स्यात्पुत्रः स्यादपुत्रः स्यात्पुत्रापुत्रः स्यात्पुत्रोऽवक्तव्यः स्यात्पुत्रापुत्रोऽवक्तव्यश्चेति सूक्ष्मव्याख्यानविवक्षायां सप्तभङ्गीव्याख्यानविवक्षायां सप्तभङ्गीव्याख्यानं ज्ञातव्यं । स्यादस्ति द्रव्यमिति पठनेन वचनेन प्रमाणसप्तभंगी ज्ञायते । कथमिति चेत् । स्यादस्तीति सकलवस्तुग्राहकत्वात्प्रमाणवाक्यं स्यादस्त्येव द्रव्यमिति वस्त्वेकदेशग्राहकत्वान्न वाक्यं । तथा चोक्तं । सकलादेशः प्रमाणाधीनो विकलादेशो नयाधीन इति । अस्ति द्रव्यमिति दुःप्रमाणवाक्यं असत्येव द्रव्यमिति दुर्नयवाक्यं । एवं प्रमाणादिवाक्यचतुष्टयव्याख्यानं बोद्धव्यं । अत्र सप्तभंग्यात्मकं षड्द्रव्येषु मध्ये शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मकद्रव्यमुपादेयमिति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावार्थः ॥ १४ ॥

**समयव्याख्या :** अत्र द्रव्यस्यादेशवशेनोक्ता सप्तभङ्गी। स्यादस्ति द्रव्यं, स्यान्नास्ति द्रव्यं, स्यादस्ति च नास्ति च द्रव्यं, स्यादवक्तव्यं द्रव्यं, स्यादस्ति चावक्तव्यं च द्रव्यं, स्यान्नास्ति चावक्तव्यं च द्रव्यं, स्यादस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति। अत्र सर्वथात्वनिषेधकोऽनेकान्तद्योतकः कथंचिदर्थे स्याच्छब्दो निपातः। तत्र स्वद्रव्यक्षेत्रकालभावैरादिष्टमस्ति द्रव्यं, परद्रव्यक्षेत्रकालभावैरादिष्टं नास्ति द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च क्रमेणादिष्टमस्ति च नास्ति च द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च युगपदादिष्टमवक्तव्यं द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति चावक्तव्यं च द्रव्यं, परद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टं नास्ति चावक्तव्यं च द्रव्यं, स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति। न चैतदनुपपन्नम्; सर्वस्य वस्तुनः स्वरूपादिना अशून्यत्वात्, पररूपादिना शून्यत्वात्, उभाभ्यामशून्यशून्यत्वात्, सहावाच्यत्वात्, भङ्गसंयोगार्पणायामशून्यावाच्यत्वात्, शून्यावाच्यत्वात्, अशून्यशून्यावाच्यत्वाच्चेति ॥ १४ ॥

અનુવાદ : અહીં દ્રવ્યના આદેશને વશ સપ્તભંગી કહી છે.

(૧) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ' છે; (૨) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ' છે; (૩) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને નાસ્તિ' છે; (૪) દ્રવ્ય 'સ્યાત્ અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય 'સ્યાત્ નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય 'સ્યાત્ અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય છે.

અહીં (સપ્તભંગીમાં) સર્વથાપણાનો નિષેધક, અનેકાંતનો દ્યોતક 'સ્યાત્' શબ્દ 'કથંચિત્' એવા અર્થમાં અવ્યયરૂપે વપરાયો છે. ત્યાં—(૧) દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ' છે; (૨) દ્રવ્ય પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ' છે; (૩) દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અને પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે ક્રમથી કહેવામાં આવતાં 'અસ્તિ અને નાસ્તિ' છે' (૪) દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અને પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે યુગપદ્ કહેવામાં આવતાં અવક્તવ્ય' છે; (૫) દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ અને અવક્તવ્ય' છે; (૬) દ્રવ્ય પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ અને અવક્તવ્ય' છે; (૭) દ્રવ્ય સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે, પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે અને યુગપદ્ સ્વપરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવે કહેવામાં આવતાં 'અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય' છે.—આ (ઉપરોક્ત વાત) અયોગ્ય નથી, કારણ કે સર્વ વસ્તુ (૧) સ્વરૂપાદિથી 'અશૂન્ય' છે, (૨) પરરૂપાદિથી 'શૂન્ય' છે, (૩) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) 'અશૂન્ય અને શૂન્ય' છે, (૪) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) એકીસાથે 'અવાચ્ય' છે, ભંગોના સંયોગથી કથન કરતાં (૫) 'અશૂન્ય અને અવાચ્ય' છે, (૬) 'શૂન્ય અને અવાચ્ય' છે, (૭) 'અશૂન્ય, શૂન્ય અને અવાચ્ય' છે.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૨ ગુરુવાર]

અર્થ :–નિશ્ચયથી અનેકાંતસ્વરૂપ પદાર્થ વિવક્ષાવશથી સાત પ્રકારથી છે. તે સાત પ્રકાર કયા કયા છે ? તે કહે છે : (૧) કોઈ એક પ્રકારથી અસ્તિરૂપ છે, (૨) કોઈ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારથી નાસ્તિરૂપ છે. (૩) કોઈ એક પ્રકારથી અસ્તિ–નાસ્તિરૂપ છે, (૪) કોઈ એક પ્રકારથી વચનગોચર નથી એવું વસ્તુસ્વરૂપ છે, (૫) કોઈ એક પ્રકારથી અસ્તિરૂપ અવક્તવ્ય છે, (૬) કોઈ એક પ્રકારથી નાસ્તિરૂપ અવક્તવ્ય છે, (૭) કોઈ એક પ્રકારથી અસ્તિનાસ્તિરૂપ અવક્તવ્ય છે. આ સપ્તભંગીનું સ્વરૂપ દ્રવ્યને બતાવવા માટે શ્રી વીતરાગદેવે કહ્યું છે. દરેક પદાર્થમાં ઘણા ધર્મો હોય છે, એક જ ધર્મ હોય તો પદાર્થ હોય નહીં, તે ધર્મો બતાવવા વિશેષ પ્રકારના કથનથી કહે છે

**સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એ સ્વચતુષ્ટયથી આત્મા પોતારૂપ છે :** અહીં દરેક આત્મા અને પરમાણુ આદિ દ્રવ્યો પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવાદિરૂપ છે. અનંત ગુણ–પર્યાયનો પિંડ તે દ્રવ્ય. પોતાના પ્રદેશો તે સ્વક્ષેત્ર છે, સમયે સમયે અવસ્થા થાય છે તે સ્વકાળ છે અને ત્રિકાળ શક્તિ તે સ્વ-ભાવ છે. આ ચાર પ્રકારથી દરેક પદાર્થ સ્વતંત્ર છે, કોઈને લઈને કોઈ નથી. આત્મા સ્વતંત્ર છે, પરમાણુ સ્વતંત્ર છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ—છયે દ્રવ્યો છે, તે બધાં પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવાદિથી સ્વતંત્ર છે.

કર્મના પરમાણુ પોતાનાં દ્રવ્ય–ક્ષેત્રાદિથી છે, તે રાગના કારણે નથી અને આત્મા પોતાનાં દ્રવ્ય–ક્ષેત્રાદિથી છે તે કર્મના પરમાણુથી નથી. આ સિદ્ધાંત નક્કી કરે તો બધો ગોટો નીકળી જાય. આમ માનવાથી નિમિત્ત ઊડતું નથી પણ નિમિત્ત જેમ છે તેમ તેની સ્વતંત્રતા જણાય છે.

કેટલી વીતરાગતા ! એકેક પરમાણુ અને એક એક આત્મા પોતાથી છે. પર ચીજ હોય તો તેનો ભાવ થાય છે એમ નથી. સામો જીવ સમજે તો ઠીક, આમ ન હોય તો ઠીક—એ વાત રહેતી નથી. કેમકે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તેનાથી છે, કોઈ પરને લઈને નથી. કોઈને એમ શંકા થાય કે આમ બધાં દ્રવ્યો પોતાનાં દ્રવ્ય–ક્ષેત્રાદિથી સ્વતંત્ર છે તો આ જિનમંદિર, શ્રાવિકાશ્રમ વગેરે કરો છો શા માટે ? તો તેને કહે છે કે અરે ભાઈ ! દરેક પરમાણુએ પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–ભાવને પોતાની પાસે રાખેલ છે અને તેનો સ્વકાળ તે સમય સમયની પર્યાય છે, તે પણ તેનાથી થાય છે, બીજો કોઈ તેને કરી શકે નહીં. એવી રીતે દરેક આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવથી ત્રિકાળ પડ્યો છે અને તેની સમય સમયની અવસ્થા તેનાથી સ્વતંત્રપણે થાય છે, તે તેનો સ્વકાળ છે.

**(૨) પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ એ પરચતુષ્ટયથી આત્મા નાસ્તિરૂપ છે :** આત્મા નિગોદમાં હોય કે સિદ્ધમાં હોય તો ત્યાં બધે કર્મના પરમાણુનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિરૂપ છે. માટે કર્મના કારણે જીવ નિગોદમાં રહ્યો નથી. અને કેવળી ભગવાનને ચાર કર્મ બાકી છે માટે તેઓ સંસારમાં રહ્યા છે એમ નથી કેમ કે આત્મામાં ત્રણે કાળે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવનો અત્યંત અભાવ છે. કાળપદાર્થના કારણે આત્માની સિદ્ધિ થાય છે એમ નથી. લાખો રૂપિયા ખરચીને મોટો મહોત્સવ, પ્રતિષ્ઠા આદિ થયાં માટે બધા માણસો ભેગા થયા છે તે વાત ખોટી છે કેમ કે દરેકેદરેક આત્મા અને પરમાણુ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવથી નાસ્તિરૂપ છે. માટે પરના કારણે કોઈ આવતું નથી, પરના કારણે માને તો તે દરેક પદાર્થના અસ્તિ–નાસ્તિના સ્વરૂપને સમજતો નથી. આત્માની અપેક્ષાએ પરવસ્તુ શૂન્ય છે. અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવરૂપ છે. આ આસ્તિ–નાસ્તિ બે ભંગ કહ્યા, તે છએ દ્રવ્યોમાં છે. છએ દ્રવ્યો પોતે પોતાના સ્વકાળથી છે અને પરકાળથી નથી એટલે છએ દ્રવ્યોમાં પોતામાં પોતાનું કાર્ય થવું તે તેની કાળલબ્ધિ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાળદ્રવ્યને લઈને નથી.

**(૩) આત્મા સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી. તે સ્યાત્ અસ્તિ-નાસ્તિરૂપ છે :** આત્મા ત્રણે કાળે અસ્તિ-નાસ્તિરૂપ એકસાથે હોવા છતાં તે ક્રમે કહી શકાય છે એકસાથે કહી શકાતા નથી. એક દ્રવ્યમાં એક ધર્મ છે એમ નથી, બધા ધર્મો સાથે છે. ક્રમથી કહેવાય છે માટે ધર્મો ક્રમથી છે એમ નથી. કહેવા જાય ત્યાં ક્રમ પડ્યા વગર રહેતો નથી એવો પણ આત્મામાં એક ધર્મ છે. ક્રમથી બોલાય છે એવો સ્યાત્ અસ્તિ-નાસ્તિસ્વરૂપ આત્માનો ધર્મ છે. તે ધર્મ દ્વારા આખું આત્મદ્રવ્ય જણાય છે.

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૩ શુક્રવાર]

આત્મા અને પરમાણુ આદિ પદાર્થો તેના પર્યાયથી જુદા નથી અને પર્યાયો પદાર્થથી જુદી નથી અને ત્યાર પછી ગુણ વિના દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના ગુણ ન હોય એમ બારમી અને તેરમી ગાથામાં કહ્યું. હવે આ ગાથામાં સપ્તભંગી ઉતારે છે. કોઈ પણ અપેક્ષાએ જુઓ તો દ્રવ્ય ખ્યાલમાં આવે તેને પ્રમાણસપ્તભંગી કહે છે. અહીં દ્રવ્યનું લક્ષ કરાવે છે માટે પ્રમાણસપ્તભંગી છે.

આત્મા સ્યાત્ એટલે કોઈ પ્રકારે સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ છે. તે તેની સ્વતંત્રતા બતાવે છે. અને સ્યાત્ પરચતુષ્ટયથી આત્મા નથી એમ બે ધર્મ દ્વારા આખું દ્રવ્ય ખ્યાલમાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનો દ્રવ્ય–ગુણ–પર્યાયમાં સમાવેશ થઈ જાય છે. વસ્તુ પોતે એવી છે કે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્રકાળભાવથી અસ્તિરૂપ છે અને સ્યાત્ પરદ્રવ્યક્ષેત્રકાળભાવથી નાસ્તિરૂપ છે. આત્મા પોતે પરદ્રવ્યક્ષેત્રાદિથી નથી એમ કહેતાં પરની અપેક્ષા આવે છે પણ આ નાસ્તિરૂપ ધર્મ પરનો નથી પણ આત્માનો છે.

એક ધર્મ દ્વારા એક ધર્મ જુઓ તો તે નયસપ્તભંગી છે અને એક ધર્મ દ્વારા આખા દ્રવ્યને જુઓ તો તે પ્રમાણસપ્તભંગી છે. (૧) આત્મા પોતાના દ્રવ્યક્ષેત્રાદિથી અસ્તિરૂપ છે. (૨) પરદ્રવ્યક્ષેત્રાદિથી નાસ્તિરૂપ છે. (૩) સ્યાત્ અસ્તિ–નાસ્તિરૂપ છે. અસ્તિ–નાસ્તિરૂપ બન્ને ધર્મ એકીસાથે છે પણ તે બન્ને એકીસાથે કહી શકાતા નથી. ક્રમે કહી શકાય છે. જ્ઞાન બન્ને ધર્મોને સાથે જાણે છે તે પણ પ્રમાણનું વાક્ય છે. અસ્તિ–નાસ્તિરૂપ ધર્મ ત્રણે કાળે એકસાથે છે. સંસારમાંથી મુક્તિ જ્યારે થાય ત્યારે તે સ્વચતુષ્ટયથી થાય છે અને પરચતુષ્ટયથી થતી નથી એમ એક ભંગ જોતાં પણ દ્રવ્ય આખું ખ્યાલમાં આવે છે.

(૪) આત્મા સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી એમ વાણીથી એકીસાથે કહી શકાતું નથી માટે સ્યાત્ અવક્તવ્ય છે. પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિરૂપ છે અને પરદ્રવ્યક્ષેત્રાદિથી નાસ્તિરૂપ છે એમ શબ્દો દ્વારા આત્મા જણાય એવો નથી, પણ જ્ઞાન દ્વારા જાણી શકાય એવો છે. અસ્તિનાસ્તિરૂપ ધર્મ એકસાથે કહી શકાતા નથી. સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં બધા ધર્મોનું સ્વરૂપ એકસાથે આવે છે પણ છદ્મસ્થ ક્રમથી કહી શકે છે માટે એક ધર્મની મુખ્યતા અને બીજા ધર્મની ગૌણતા હોય છે. એમ ભગવાનની વાણીમાં એક સાથે આવે છે. નયસપ્તભંગી કે પ્રમાણસપ્તભંગી છદ્મસ્થને માટે છે. ધ્વનિમાં જ્ઞાનની અપેક્ષાએ તો અનંતમે ભાગે આવે છે અને દર્શનની અપેક્ષાએ આખા સ્વરૂપને સમજી જાય છે માટે ધ્વનિમાં પૂર્ણ-પણે આવે છે. આત્મપદાર્થ એવો છે કે અસ્તિ-નાસ્તિરૂપ હોવા છતાં કહી શકાતો નથી એનો અર્થ એવો છે કે એમ કહીને પણ કંઈક કહ્યું તો ખરું. જ્ઞાન દ્વારા પદાર્થ એકસાથે જાણી શકાય છે અને વાણીમાં ક્રમપૂર્વક કહી શકાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૫) **સ્યાત્ અસ્તિ અવક્તવ્ય :** આત્મા સ્વચતુષ્ટય અપેક્ષાએ અસ્તિરૂપ તથા એજ કાળમાં સ્વ–પરચતુષ્ટય અપેક્ષાએ અસ્તિ-નાસ્તિરૂપ હોવા છતાં બન્ને ધર્મોને એકસાથે કહી શકાતા નથી માટે સ્યાત્ અસ્તિ અવક્તવ્ય એનો ધર્મ છે. એ ભંગ દ્વારા આખો આત્મા જાણી શકાય છે.

(૬) **સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય :** આત્મા પરચુતુષ્ટય અપેક્ષાએ નાસ્તિ તથા સ્વ–પરચતુષ્ટય અપેક્ષાએ બન્ને ધર્મો એકસાથે હોવા છતાં એકસાથે બન્ને ધર્મોને કહી શકાતા નથી માટે સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય છે.

(૭) **સ્યાત્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય :** વળી તે જ આત્મા સ્વચતુષ્ટયની અપેક્ષાએ અને પરચતુષ્ટયની અપેક્ષાએ અને એક જ કાળમાં સ્વ–પરચતુષ્ટય બન્નેની અપેક્ષાએ અસ્તિ–નાસ્તિસ્વરૂપ છે. તોપણ બન્ને સાથે કહી શકાતા નથી માટે સ્યાત્ અસ્તિનાસ્તિ અવક્તવ્યધર્મ છે તે દ્વારા પણ આખો આત્મા જાણી શકાય છે.

આ સપ્તભંગીનું વિશેષ સ્વરૂપ જિનાગમથી (અન્ય જૈનશાસ્ત્રમાંથી) જાણી લેવું. હું અલ્પજ્ઞ વિશેષ કાંઈ ખુલાસો કરી શકતો નથી. જે કાંઈ કહ્યું છે તે સંક્ષેપમાત્રથી કહ્યું છે. જેમકે એક જ પુરુષ પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય છે અને તે જ પુરુષ પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય છે. અને તે જ પુરુષ મામાની અપેક્ષાએ ભાણેજ કહેવાય છે અને તે જ પુરુષ ભાણેજની અપેક્ષાએ મામો કહેવાય છે; અને સ્ત્રીની અપેક્ષાએ તે ધણી કહેવાય છે, બેનની અપેક્ષાએ ભાઈ કહેવાય છે અને તે જ પુરુષ વૈરીની અપેક્ષાએ શત્રુ કહેવાય છે. તથા ઈષ્ટની અપેક્ષાએ મિત્ર કહેવાય છે. ઈત્યાદિ અનેક પ્રકારથી એક જ પુરુષને કહી શકાય છે. એ પ્રમાણે એક આત્મા અને પરમાણુ વગેરે દ્રવ્યને સપ્તભંગી દ્વારા જાણી શકાય છે.

કોઈ કહે કે આત્માને એક જ પ્રકારથી કહો. તો તેને કહે છે કે વસ્તુનું સ્વરૂપ જ અનેક પ્રકારવાળું છે. તો જે રીતે છે એ રીતે જાણવું જોઈએ. ધર્મો બધા એકસાથે હોવા છતાં એકસાથે કહી શકાતા નથી. બાપ કહો તો તે વખતે એના બાપનો તે દીકરો છે તે કહી શકાતું નથી. આ રીતે સપ્તભંગીનું સ્વરૂપ યથાર્થ સમજી લેવું.

હવે ગાથા ૧૫માં કહે છે કે જે પદાર્થ નથી તે નવો થાય નહિ અને હોય તે જાય નહિ; પદાર્થ ટકીને બદલે છે તે પરને લઈને નહીં—એ સિદ્ધાંત કહે છે. ૧૪

---

**भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो।**
**गुणपज्जयेसु भावा उप्पादवए पकुव्वंति ॥ १५ ॥**

**भावस्य नास्ति नाशो नास्ति अभावस्य चैव उत्पादः**
**गुणपर्यायेषु भावा उत्पादव्ययान् प्रकुर्वन्ति ॥ १५ ॥**

**નહિ 'ભાવ' કેરો નાશ હોય, 'અભાવ'નો ઉત્પાદ ના;**
**'ભાવો' કરે છે નાશ ને ઉત્પાદ ગુણપર્યાયમાં. ૧૫.**

**અન્વયાર્થ :** [भावस्य] ભાવનો (સત્‌નો) [नाशः] નાશ [न अस्ति] નથી [च एव] તેમ જ [अभावस्य] અભાવનો (અસત્‌નો) [उत्पादः] ઉત્પાદ [न अस्ति] નથી; [भावाः] ભાવો (સત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યો) [गुणपर्यायेषु] ગુણપર્યાયોમાં [उत्पादव्ययान्] ઉત્પાદવ્યય [प्रकुर्वन्ति] કરે છે.

---

**तात्पर्यवृत्ति** : इत्येकसूत्रेण सप्तभंगीव्याख्यानं । एव चतुर्दशगाथासु मध्ये स्थलपंचकेन प्रथमसप्तकं गतं । अथ सति धर्मिणि धर्माश्चिंत्यन्ते द्रव्यं नास्ति सप्तभंगाः कस्य भविष्यंतीति बौद्धमतानुसारिशिष्येण पूर्वपक्षे कृते सति परिहाररूपेण गाथापातनिकां करोति द्रव्यार्थिकनयेन सतः पदार्थस्य विनाशो नास्त्यसत उत्पादो नास्तीति वचनेन क्षणिकैकान्तबौद्धमतं निषेधयति – **भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो** यथा गोरसस्य गोरसद्रव्यरूपेणोत्पादो नास्ति विनाशोपि नास्ति **गुणपज्जएसु व भावा उप्पादवये पकुव्वंति** तथापि वर्णरसगंधस्पर्शगुणेषु वर्णरसगंधांतरादिरूपेण परिणामिषु नश्यति नवनीतपर्याय उत्पद्यते च घृतपर्यायः तथा सतो विद्यमानभावस्य पदार्थस्य जीवादिद्रव्यस्य द्रव्यार्थिकनयेन द्रव्यत्वेन नास्ति विनाशः, नास्त्यसतोऽविद्यमानभावस्य पदार्थस्य जीवादिद्रव्यस्य द्रव्यार्थिकनयेन द्रव्यत्वेनोत्पादः तथापि गुणपर्यायेष्वधिकरणभूतेषु भावाः पदार्था जीवादिषड्द्रव्याणि कर्तृणि पर्यायार्थिकनयेन विवक्षितनरनारकादिद्वयणुकादिगतिस्थित्यवगाहनवर्तनादिरूपेण यथासंभवमुत्पादव्ययान् प्रकुर्वन्ति । अत्र षड्द्रव्येषु मध्ये शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेनेति वा पाठः । निश्चयनयेन क्रोधमानमायालोभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबंधादिपरभावशून्यमपि उत्पादव्ययरहितेन वा पाठः । आद्यंतरहितेन चिदानंदैकस्वभावेन भरितावस्थं शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मद्रव्यं ध्यातव्यमित्यभिप्रायः ॥१५ ॥

**समयव्याख्या : अत्रासत्प्रादुर्भावत्वमुत्पादस्य सदुच्छेदत्वं विगमस्य निषिद्धम् । भावस्य सतो हि द्रव्यस्य न द्रव्यत्वेन विनाशः, अभावस्यासतोऽन्यद्रव्यस्य न द्रव्यत्वेनोत्पादः । किन्तु भावाः सन्ति द्रव्याणि सदुच्छेदमसदुत्पादं चान्तरेणैव गुणपर्यायेषु विनाशमुत्पादं चारभन्ते । यथा हि घृतोत्पत्तौ गोरसस्य सतो न विनाशः न चापि गोरसव्यतिरिक्तस्यार्थान्तरस्यासतः उत्पादः किन्तु गोरसस्यैव सदुच्छेदमसदुत्पादं चानुपलभमानस्य स्पर्शरसगन्धवर्णादिषु परिणामिषु गुणेषु पूर्वावस्थया विनश्यत्सूत्तरावस्थया प्रादुर्भवत्सु नश्यति च नवनीतपर्यायो घृतपर्याय उत्पद्यते, तथा सर्वभावानामपीति** ॥१५ ॥

અનુવાદ : અહીં ઉત્પાદને વિષે અસત્‌નો પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે સત્‌નો વિનાશ હોવાનું નિષેધ્યું છે (અર્થાત્ ઉત્પાદ થતાં કાંઈ અસત્‌ની ઉત્પત્તિ થતી નથી અને વ્યય થતાં કાંઈ સત્‌નો વિનાશ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે).

ભાવનો—સત્ દ્રવ્યનો—દ્રવ્યપણે વિનાશ નથી, અભાવનો—અસત્ અન્ય દ્રવ્યનો—દ્રવ્યપણે ઉત્પાદ નથી; પરંતુ ભાવો—સત્ દ્રવ્યો, સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદ વિના જ, ગુણપર્યાયોમાં વિનાશ અને ઉત્પાદ કરે છે. જેવી રીતે ઘીની ઉત્પત્તિને વિષે ગોરસનો—સત્‌નો—વિનાશ નથી તેમ જ ગોરસથી ભિન્ન પદાર્થાંતરનો—અસત્‌નો—ઉત્પાદ નથી, પરંતુ ગોરસને જ, સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પૂર્વ અવસ્થાથી વિનાશ પામતા અને ઉત્તર અવસ્થાથી ઉત્પન્ન થતા સ્પર્શ–રસ–ગંધ–વર્ણાદિક પરિણામી ગુણોમાં માખણપર્યાય વિનાશ પામે છે અને ઘી-પર્યાય ઉત્પન્ન થાય છે; તેવી રીતે સર્વ ભાવોનું પણ તેમ જ છે [અર્થાત્ બધાં દ્રવ્યોને નવીન પર્યાયની ઉત્પત્તિને વિષે સત્‌નો વિનાશ નથી તેમ જ અસત્‌નો ઉત્પાદ નથી, પરંતુ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ કર્યા વિના જ, પહેલાંની (જૂની) અવસ્થાથી વિનાશ પામતા અને પછીની (નવીન) અવસ્થાથી ઉત્પન્ન થતા પરિણામી ગુણોમાં પહેલાંનો પર્યાય વિનાશ પામે છે અને પછીનો પર્યાય ઉત્પન્ન થાય છે]. ૧૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૩ શુક્રવાર]

**અર્થ :** વસ્તુ છે તેનો કદી નાશ થતો નથી અને જે વસ્તુ નથી તે નવી થતી નથી, તે કારણે દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યનો નાશ તથા ઉત્પાદ થતો નથી. સિદ્ધ થયા એટલે નાશ થયો છે એમ નથી. જીવદ્રવ્યો જગતમાં જેટલાં છે તેમાંથી સિદ્ધ થયા એટલા જીવનો નાશ થઈ જાય છે એમ નથી. લાકડું બળી જાય અને રાખ થઈ જાય છે તે પરમાણુનો નાશ થતો નથી. પરમાણુનું રૂપાંતર થાય છે. માણસ મરી ગયો એટલે શરીરનો સંયોગ છોડીને બીજે ગયો છે. જીવની અવસ્થા બદલી છે પણ જીવનો નાશ થયો નથી.

નિશ્ચયથી જગતમાં જે વસ્તુ નથી તે નવી થાય નહીં, સસલાને શિંગડાં હોય નહીં. ખેતરમાં નવો પાક થાય છે, તે જગતના પરમાણુ સૂક્ષ્મરૂપે હતા તેનું સ્થૂળરૂપ પરિણમન થયું છે પણ પરમાણુ નવા થયા નથી. જેમ કાચબાને વાળ ઊગે નહીં, તેમ વસ્તુ નવી થાય નહીં. બ્રહ્માએ જગત કર્યું, વિષ્ણુ રક્ષણ કરે છે, મહેશ તેનો નાશ કરે છે એમ નથી, પણ ખરેખર દરેક પદાર્થમાં ઉત્પાદ, વ્યય ને ધ્રુવપણું છે. તે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ છે. એનાથી જુદા કોઈ કરવાવાળા, રાખવાવાળા અને નાશ કરવાવાળા નથી. પોતાના ગુણ–પર્યાયથી દ્રવ્ય પોતે ઊપજવું–વિણસવું કરે છે. પદાર્થ પોતે અસ્તિપણે રહીને ગુણ–પર્યાયમાં ઉત્પાદ–વ્યય થાય છે, વસ્તુનો નાશ કે વસ્તુનો ઉત્પાદ થતો નથી. ત્રિકાળ અવિનાશી વસ્તુમાં ઉત્પાદ–વ્યય થાય છે તે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જાણવું.

અહીં ગુણ–પર્યાયમાં પલટવું થાય છે એનો અર્થ ગુણ એટલે ત્રિકાળી ગુણની વાત નથી પણ **ગુણની પર્યાયમાં પલટવું થાય છે** એમ સમજવું. નિમિત્તને લીધે પલટવું થાય છે એમ કહ્યું નથી. આ પહેલાં પર્યાય વગર દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના પર્યાય ન હોય એમ કહ્યું હતું. અહીં કહે છે કે પર્યાયમાં જે ફેરફાર દેખાય છે તે ગુણને લઈને થાય છે, પરને લઈને થતો નથી. અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે પદાર્થનો ઉત્પાદ–વ્યય પરને કારણે થાય છે. દૂધમાંથી દહીં કે માખણ થાય તોપણ ગોરસ તો ગોરસ જ રહે છે. ગોરસ પરિણમીને છાણ થઈ જતું નથી અને દૂધમાંથી દહીં થાય છે તે ગોરસમાં સ્પર્શ–રસાદિ ગુણો છે તે કારણે થાય છે. છાશ આવી માટે થયું છે એમ નથી. વજ્રકાયના કારણે કેવળજ્ઞાન થતું નથી, વાણી આવી માટે જ્ઞાન થતું નથી પણ આત્માના જ્ઞાન–દર્શનાદિ ગુણો છે તે કારણે થાય છે. નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય એ માત્ર વ્યવહારનું કથન છે. પણ જે પર્યાયો થાય છે તે દ્રવ્યમાં ગુણો છે તેની પર્યાયો થાય છે. કોઈ કહે કે દ્રવ્ય અને પર્યાયો બે જ છે. તો તેને કહે છે કે દ્રવ્યમાં ગુણો છે, તેની પર્યાયો થાય છે એમ અસ્તિકાયને સ્વતંત્ર સિદ્ધ કરેલ છે.

એ પ્રમાણે આત્મા બીજા દ્રવ્યરૂપે થતો નથી અને પરમાણુ પણ બીજા પરમાણુરૂપે થતો નથી. ત્રણ કાળ પોતારૂપ રહીને બદલે છે. એ રીતે ઉપાદાન પોતાનામાં સોએ સો ટકા સ્વતંત્ર છે અને નિમિત્ત નિમિત્તમાં સોએ સો ટકા સ્વતંત્ર છે. બન્નેના પચાસ પચાસ ટકાથી કાર્ય થાય છે—એમ નથી. પોતાનું કાર્ય પોતાથી અને પરનું કાર્ય પરથી થાય છે. વસ્તુ કાયમ રહીને એના ગુણના પરિણમનથી જૂની અવસ્થાના નાશરૂપે અને નવી અવસ્થાના ઉત્પાદરૂપે થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચાસ્તિકાય હોય કે કોઈ પણ શાસ્ત્ર હોય પરંતુ સિદ્ધાંત એક જ હોય છે. સિદ્ધાંત બે હોતા નથી. કથનની શૈલીમાં ફેર હોય છે.

હવે છયે દ્રવ્યોના ગુણ–પર્યાયોનું વર્ણન કરે છે. ૧૫

---

**भावा जीवादीया जीवगुणा चेदणा य उवओगो।**
**सुरणरणारयतिरिया जीवस्स य पज्जया बहुगा ॥ १६ ॥**

**भावा जीवाद्या जीवगुणाश्चेतना चोपयोगः।**
**सुरनरनारकतिर्यञ्चो जीवस्य च पर्याया बहवः ॥१६॥**

**જીવાદિ સૌ છે ‘ભાવ’, જીવગુણ ચેતના ઉપયોગ છે;**
**જીવપર્યાયો તિર્યંચ-નારક-દેવ-મનુજ અનેક છે. ૧૬**

**અન્વયાર્થ :** [जीवाद्याः] જીવાદિ (દ્રવ્યો) તે [भावाः] ‘ભાવો’ છે. [जीवगुणाः] જીવના ગુણો [चेतना च उपयोगः] ચેતના તથા ઉપયોગ છે [च] અને [जीवस्य पर्यायाः] જીવના પર્યાયો [सुरनरनारकतिर्यञ्चः] દેવ–મનુષ્ય–નારક–તિર્યંચરૂપ [बहवः] ઘણા છે.

---

**तात्पर्यवृत्ति :** इति द्वितीयसप्तकमध्ये प्रथमस्थले बौद्धं प्रति द्रव्यस्थापनार्थं सूत्रगाथा गता। अथ पूर्वगाथोक्तान् गुणपर्यायभावान् प्रज्ञापयति – **भावा जीवादीया** भावाः पदार्था भवंति। कानि। जीवादिषड्द्रव्याणि, धर्मादिचतुर्द्रव्याणां गुणपर्यायानग्रे यथास्थानं विशेषेण कथयति। अत्र तावत् जीवगुणा अभिधीयंते **जीवगुणा चेदणा य उवओगो** जीवगुणा भवन्ति। के ते। शुद्धाशुद्धरूपेण द्विविधा चेतना ज्ञानदर्शनोपयोगौ चेति संग्रहवाक्यं वार्तिकं समुदायकथनं तात्पर्यार्थकथनं संपिंडितार्थ-कथनमिति यावत्। तद्यथा। ज्ञानचेतना शुद्धचेतना भण्यते, कर्मचेतना कर्मफलचेतना अशुद्धा भण्यते सा त्रिप्रकारापि चेतना अग्रे चेतनाधिकारे विस्तरेण व्याख्यायते। इदानीमुपयोगः कथ्यते। सविकल्पो ज्ञानोपयोगो निर्विकल्पो दर्शनोपयोगः। ज्ञानोपयोगोऽष्टधा, मतिश्रुतावधिमनःपर्ययकेवलज्ञानानीति संज्ञानपंचकं कुमतिकुश्रुतविभंगरूपेणाज्ञानत्रयमित्यष्टधा ज्ञानोपयोगः। तत्र केवलज्ञानं क्षायिकं निरावरणत्वात् शुद्धं, शेषाणि सप्त मतिज्ञानादीनि क्षायोपशमिकानि सावरणत्वादशुद्धानि। दर्शनोपयोगश्चक्षुरचक्षुर-वधिकेवलदर्शनरूपेण चतुर्द्धा। तत्र केवलदर्शनं क्षायिकं निरावरणत्वात् शुद्धं, चक्षुरादित्रयं क्षायोपशमिकं सावरणत्वादशुद्धं। इदानीं जीवपर्यायाः कथ्यन्ते। **सुरणरणारयतिरिया जीवस्स य पज्जया बहुगा** सुरनरनारकतिर्यंचो जीवस्य विभावद्रव्यपर्याया बहवो भवन्ति। किंच। द्विधा पर्याया द्रव्यपर्याया गुणपर्यायाश्च। द्रव्यपर्यायलक्षणं कथ्यते – अनेकद्रव्यात्मिकाया ऐक्यप्रतिपत्तेर्निबन्धनकारणभूतो द्रव्यपर्यायः अनेकद्रव्यात्मिकैकयानवत्। स च द्रव्यपर्यायो द्विविधः समानजातीयोऽसमानजातीयश्चेति। समानजातीयः कथ्यते-द्वे त्रीणि वा चत्वारीत्यादिपरमाणुपुद्‌गलद्रव्याणि मिलित्वा स्कंधा भवन्तीत्यचेतनस्यापरेणाचेतनेन संबंधात्समानजातीयो भण्यते। असमानजातीयः कथ्यते जीवस्य भवांतरगतस्य शरीरनोकर्मपुद्‌गलेन सह मनुष्यदेवादिपर्यायोत्पत्तिः चेतनजीवस्याचेतनपुद्‌गलद्रव्येण सह मेलापकादसमानजातीयः द्रव्यपर्यायो भण्यते। एते समानजातीया असमानजातीयाश्च अनेकद्रव्यात्मिकैकरूपा द्रव्यपर्याया जीवपुद्‌गलयोरेव भवन्ति अशुद्धा एव भवन्ति। कस्मादिति चेत्। अनेकद्रव्याणां परस्परसंश्लेषरूपेण संबंधात्। धर्मा-द्यन्यद्रव्याणां परस्परसंश्लेषसंबंधेन पर्यायो न घटते परद्रव्यसंबंधेनाशुद्धपर्यायोपि न घटते। इदानीं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गुणपर्यायाः कथ्यन्ते । तेपि द्विधा स्वभावविभावभेदेन । गुणद्वारेणान्वयरूपायाः एकत्वप्रतिपत्तेर्निबंधनं कारणभूतो गुणपर्यायः, स चैकद्रव्यगत एव सहकारफले हरितपांडुरादिवर्णवत् । कस्य । पुद्‌गलस्य । मतिज्ञानादिरूपेण ज्ञानान्तरपरिणमनवज्जीवस्य । एवं जीवपुद्‌गलयोर्विभावगुणरूपाः पर्याया ज्ञातव्याः । स्वभावगुणपर्याया अगुरुलघुकगुणषड्‌ढानिवृद्धिरूपाः सर्वद्रव्यसाधारणाः । एवं स्वभावविभावगुणपर्याया ज्ञातव्याः । अथवा द्वितीयप्रकारेणार्थव्यंजनपर्यायरूपेण द्विधा पर्याया भवन्ति । तत्रार्थपर्यायाः सूक्ष्माः क्षणक्षयिणस्तथावाग्गोचरा विषया भवन्ति । व्यंजनपर्यायाः पुनः स्थूलाश्चिरकालस्थायिनो वाग्गोचरा-श्छद्मस्थदृष्टिविषयाश्च भवन्ति । एते विभावरूपा व्यंजनपर्याया जीवस्य नरनारकादयो भवन्ति, स्वभाव-व्यंजनपर्यायो जीवस्य सिद्धरूपः । अशुद्धार्थपर्याया जीवस्य षट्‌स्थान-गतकषायहानिवृद्धिविशुद्धिसंक्लेश-रूपशुभाशुभलेश्यास्थानेषु ज्ञातव्याः । पुद्‌गलस्य विभावार्थपर्याया द्व्यणुकादिस्कंधेषु वर्णान्तरादि-परिणमनरूपाः । विभावव्यंजनपर्यायाश्च पुद्‌गलस्य द्व्यणुकादिस्कंधेष्वेव चिरकालस्थायिनो ज्ञातव्याः । शुद्धार्थपर्याया अगुरुलघुकगुणषड्‌ढानिवृद्धिरूपेण पूर्वमेव स्वभावगुणपर्यायव्याख्यानकाले सर्वद्रव्याणां कथिताः । एते चार्थव्यंजनपर्यायाः पूर्वं ''जेसिं अत्थिसहाओ'' इत्यादिगाथायां ये भणिता जीवपुद्‌गलयोः स्वभावविभावद्रव्यपर्यायाः स्वभावविभावगुणपर्यायाश्च ये भणितास्तेषु मध्ये तिष्ठन्ति । अत्र गाथायां च ये द्रव्यपर्यायाः गुणपर्यायाश्च भणितास्तेषु च मध्ये तिष्ठन्ति । तर्हि किमर्थं पृथक्कथिता इति चेदेकसमयवर्तिनोऽर्थपर्याया भण्यंते चिरकालस्थायिनो व्यंजनपर्याया भण्यंते इति कालकृतभेदज्ञापनार्थं । अत्र सिद्धरूपशुद्धपर्यायपरिणतं शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मद्रव्यमुपादेयमिति भावार्थः ॥१६॥

**समयव्याख्या : अत्र भावगुणपर्यायाः प्रज्ञापिताः । भावा हि जीवादयः षट् पदार्थाः । तेषां गुणाः पर्यायाश्च प्रसिद्धाः । तथापि जीवस्य वक्ष्यमाणोदाहरणप्रसिद्ध्यर्थमभिधीयन्ते । गुणा हि जीवस्य ज्ञानानुभूतिलक्षणा शुद्धचेतना, कार्यानुभूतिलक्षणा कर्मफलानुभूतिलक्षणा चाशुद्धचेतना, चैतन्यानु-विधायिपरिणामलक्षणः सविकल्पनिर्विकल्परूपः शुद्धाशुद्धतया सकलविकलतां दधानो द्वेधोपयोगश्च । पर्यायास्त्वगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्ताः शुद्धाः, सूत्रोपात्तास्तु सुरनारकतिर्यङ्मनुष्यलक्षणाः परद्रव्यसंबन्ध-निर्वृत्तत्वादशुद्धाश्चेति ॥१६॥**

અનુવાદ : અહીં ભાવો (દ્રવ્યો), ગુણો અને પર્યાયો જણાવ્યા છે.

જીવાદિ છ પદાર્થો તે 'ભાવો' છે. તેમના ગુણો અને પર્યાયો પ્રસિદ્ધ છે, તોપણ આગળ (હવેની ગાથામાં) જે ઉદાહરણ કહેવાનું છે તેની પ્રસિદ્ધિ અર્થે જીવના ગુણો અને પર્યાયો કહેવામાં આવે છે.

જીવના ગુણો જ્ઞાનાનુભૂતિસ્વરૂપ શુદ્ધચેતના તથા કાર્યાનુભૂતિસ્વરૂપ ને કર્મફળાનુભૂતિસ્વરૂપ અશુદ્ધચેતના છે અને ચૈતન્યાનુવિધાયિ-પરિણામસ્વરૂપ, સવિકલ્પનિર્વિકલ્પરૂપ, શુદ્ધતા–અશુદ્ધતાને લીધે સકળતા-વિકળતા ધરતો, બે પ્રકારનો ઉપયોગ છે (અર્થાત્ જીવના ગુણો શુદ્ધ-અશુદ્ધ ચેતના તથા બે પ્રકારનો ઉપયોગ છે).

જીવના પર્યાયો આ પ્રમાણે છે : અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા પર્યાયો શુદ્ધ પર્યાયો છે અને સૂત્રમાં (આ ગાથામાં) કહેલા, દેવ–નારક–તિર્યંચ–મનુષ્યસ્વરૂપ પર્યાયો પરદ્રવ્યના સંબંધથી રચાતા હોવાથી અશુદ્ધ પર્યાયો છે. ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૪ શનિવાર]

**અર્થ :** જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ છ પદાર્થો છે, એ બધાં દ્રવ્યોને ગુણપર્યાયો પ્રસિદ્ધ છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને ભાવ કહે છે પણ અહીં તો દ્રવ્યને ભાવ શબ્દથી સંબોધન કર્યું છે. આ પદાર્થોમાં જીવ નામનો પદાર્થ પ્રધાન છે એટલે કે ઉત્તમ પદાર્થ આત્મા છે. તેનું સ્વરૂપ જાણવા માટે અહીં જીવનું અસાધારણ લક્ષણ કહે છે.

જીવદ્રવ્યનું નિજ લક્ષણ એક તો શુદ્ધાશુદ્ધ અનુભૂતિરૂપ ચેતના છે. લક્ષણ અનેક પ્રકારનાં હોય છે, પણ એક લક્ષણને બરાબર સમજે તો અનેક લક્ષણ એમાં આવી જાય છે. અને શુદ્ધાશુદ્ધચૈતન્ય-પરિણામરૂપ ઉપયોગ તે જીવનું બીજું લક્ષણ છે. આ બન્ને લક્ષણો જીવદ્રવ્યનો ગુણ છે. હવે જીવની જુદા જુદા પ્રકારની દેવ, મનુષ્ય, નારકી, તિર્યંચાદિ અશુદ્ધ વ્યંજનપર્યાય જાણવી. આ પણ જીવનું લક્ષણ છે.

**ભાવાર્થ :** આત્માનાં બે લક્ષણ કહે છે. એક તો ચેતના અને બીજો ઉપયોગ. આ સામાન્ય જીવનું લક્ષણ જ્ઞાનપ્રધાનતાથી કહેલ છે. અનુભૂતિનું નામ ચેતના છે. તે અનુભૂતિ જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના–એમ ત્રણ પ્રકારથી છે. જે જ્ઞાનભાવથી સ્વરૂપનું વેદન તે જ્ઞાનચેતના છે. આ લક્ષણ કહીને દ્રવ્યમાં પર્યાયનું અસ્તિપણું છે તે સાથે જણાવે છે. જ્ઞાનચેતનાથી આત્મા જાણી શકાય છે. જ્ઞાનની પર્યાય થાય છે તે આત્મા છે એવું લક્ષણ કહીને આત્માને જણાવે છે. શુદ્ધ–અશુદ્ધના ભેદ પાડ્યા વિના સામાન્ય દ્રવ્યને સમજાવે છે.

કર્મનું વેદવું તે કર્મચેતના છે. રાગ–દ્વેષ તે કર્મ છે. તે પોતાનું કાર્ય છે એમ વેદવાથી આત્મા જાણી શકાય છે. વિકારનું વેદવું તે પણ આત્માનું લક્ષણ છે, કેમકે તે રાગથી અજીવ છે એમ નક્કી થાય છે. કેમકે રાગ–દ્વેષમાં એકાગ્ર જીવ થાય છે, જડ થતો નથી. રાગ–દ્વેષ જીવને જણાવે છે, તે કર્મને જણાવતા નથી. કેમકે રાગ–દ્વેષ તે જીવમાં ચારિત્ર નામનો ગુણ છે એની પર્યાય છે. જીવ પોતે અટક્યો છે માટે રાગ થયો છે એમ ઓળખાવે છે. શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને મળીને આખું દ્રવ્ય થાય છે. રાગ–દ્વેષને અનાત્મભૂત લક્ષણ બીજે કહ્યું છે. કેમકે તે ટળી જાય છે પણ અહીં તો આત્મભૂત લક્ષણ છે એમ કહ્યું છે કેમકે એ પર્યાયથી જીવ જણાય છે.

જે વડે લક્ષિત થાય તેને લક્ષણ કહે છે. અહીં રાગ વડે ચૈતન્ય આત્મા લક્ષિત થાય છે માટે રાગ જીવનું લક્ષણ છે એમ કહ્યું છે. દ્રવ્યદૃષ્ટિએ રાગનો સ્વામી પુદ્ગલ છે એમ કહેલ છે. તે રાગને ટાળવાની અપેક્ષાએ કહેલ છે. પણ અહીં તો રાગદ્વેષની પર્યાય તું કરે છે તો થાય છે, તે જીવને જણાવે છે. માટે લક્ષણ છે

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૪ શનિવાર]

જીવ પદાર્થ કોને કહેવો ? અને તેના ગુણ-પર્યાય કેવા હોય છે ? તેનું સ્વરૂપ જણાવે છે. અહીં ચેતના અને ઉપયોગને ગુણ કહેલ છે, તે પર્યાય હોવા છતાં તે બધા ગુણોની પર્યાય સાથે હોય છે. તે અપેક્ષાએ તેને ગુણ કહેલ છે. અને નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચની વ્યંજનપર્યાયને અહીં પર્યાય તરીકે વર્ણવે છે. અહીં કથનમાં ફેર છે. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે અને અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

ચેતના ત્રણ પ્રકારની છે. એક તો જ્ઞાનભાવે રહેવું તે જ્ઞાનચેતના છે, તેને અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માનો ગુણ કહેલ છે. શરીર, મન, વાણીરૂપે થવું તે આત્માનું કાર્ય નથી પણ જાણે છે તે આત્મા છે. એના પ્રકાર આગળ કહેશે. બીજી કર્મચેતના છે. કર્મનું વેદવું તે કર્મચેતના છે. દયા, દાન, કામ–ક્રોધાદિ ભાવો થાય છે તે આત્મામાં થાય છે. તેને જીવ અનુભવે છે, જડ અનુભવતું નથી. કેટલાક કહે છે કે સુખ–દુઃખનું વેદવું તે શરીરનો ધર્મ છે, પણ એમ નથી. સુખ–દુઃખનું વેદન તે જીવનું લક્ષણ છે એમ અહીં કહે છે. જગતના કોઈ પદાર્થો આત્માને રાગ કરાવતા નથી, રાગ કરવાની જીવની પોતાની લાયકાત છે કેમ કે તે લક્ષણ દ્વારા જીવ જણાય છે

કર્મફળનું વેદવું તે કર્મફળચેતના છે. હરખ–શોક થાય છે તે આત્માના ગુણ વડે થાય છે, તે ચૈતન્યની સત્તાને જણાવે છે. હરખ–શોક આત્માનો ગુણ છે અને તે આત્માનું લક્ષણ છે, કેમકે તે આત્મા પોતે કરે છે. તે કર્મ કરાવતું નથી કેમકે તે કર્મનો ગુણ નથી. તે આત્માની ક્ષણિક પર્યાયમાં થાય છે પણ તે પોતાના ત્રિકાળી સ્વભાવમાં નથી. આત્મામાં હરખ–શોક થાય છે તેમાં કર્મનું કારણ નથી પણ જીવ પરિણમે તો થાય છે. માટે હરખ–શોક આત્માને જણાવે છે. એ રીતે જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના—એમ ત્રણ પ્રકાર ચેતનાના કહ્યા.

પ્રવચનસારમાં રાગ-દ્વેષાદિના પરિણામ જીવના કહ્યા હતા તે સ્વજ્ઞેય કેવું છે તે જણાવવા કહ્યું હતું. અહીં પંચાસ્તિકાયમાં જીવ પોતે કેવો છે તે જણાવે છે. ચૈતન્યની અસ્તિમાં રાગ–દ્વેષ હરખ–શોકના પરિણામ થાય છે માટે તે જીવાસ્તિકાયને જણાવે છે. કર્મ રાગાદિ કરાવે છે કે નિમિત્તના કારણે તે થાય છે એમ માને તેને પર્યાયદૃષ્ટિ છોડી સ્વભાવદૃષ્ટિ કરવાનો અવકાશ રહેતો નથી. આવા જીવાસ્તિકાયને સમજ્યા વગર સંસારમાં આખી જિંદગી કાઢે પણ સત્ય વસ્તુને સમજે નહીં તો વૃથા છે. ઘરડો થાય ત્યારે દીકરાના દીકરાનું હાલરડું ખેંચે પણ આત્માની વાત સાંભળવા નવરો થતો નથી, તે મોહના પરિણામ એનો આત્મા કરે તો થાય છે, માટે તે જીવાસ્તિકાયને જણાવે છે.

આ શુદ્ધ–અશુદ્ધ જીવનું સામાન્ય લક્ષણ થયું. કર્મચેતના અને કર્મફળચેતના અશુદ્ધજીવનું લક્ષણ છે અને જ્ઞાનચેતના શુદ્ધજીવનું લક્ષણ છે. અહીં અસ્તિકાયનું વર્ણન છે. તેમાં જો પુદ્ગલાસ્તિકાયના કારણે જીવાસ્તિકાયમાં શુદ્ધ કે અશુદ્ધ પરિણામ થાય એમ માનવામાં આવે તો જીવાસ્તિકાય રહેતી નથી. માટે એમ માનનાર જીવાસ્તિકાયને ઓળખતો નથી. જ્ઞાનમાં એકાગ્ર થવું, રાગમાં એકાગ્ર થવું કે હરખ–શોકમાં એકાગ્ર થવું તે જીવાસ્તિકાયમાં થાય છે. તે ચારિત્રમોહના કારણે થાય છે એમ માનનારને જીવાસ્તિકાયની શ્રદ્ધા નથી. જ્ઞાનાવરણીય કર્મના કારણે જીવમાં જ્ઞાન હીણું થાય એમ છે જ નહીં, પોતાના કારણે થાય છે એમ જાણે તો આત્મા પરથી ભિન્ન છે એમ નક્કી થાય અને પર્યાય રાગાદિ થાય છે તે આત્માનો સ્વભાવ નથી, એવી દ્રવ્યદૃષ્ટિ થાય.

હવે આત્માનું લક્ષણ ઉપયોગ છે તે કહે છે. ચૈતન્યભાવની પરિણતિરૂપ પ્રવર્તે તે ઉપયોગ છે. આ ઉપયોગ તે આત્માનો ગુણ છે, કેમકે તે આત્માની તાકાતથી થાય છે, કર્મના કારણે નથી. કર્મથી તે માનવામાં આવે તો પુદ્ગલાસ્તિકાયથી જીવાસ્તિકાય છે એમ થાય છે પણ એમ નથી. ઉપયોગરૂપ આત્મા પોતે પ્રવર્તે છે. પાંચ ઈંદ્રિય અને મન છે તો ઉપયોગ છે એમ નથી પણ ચૈતન્યભાવની પરિણતિ તે ઉપયોગ છે. તે ઉપયોગ દ્વારા જીવ જણાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ઉપયોગ બે પ્રકારના છે : એક સવિકલ્પ ઉપયોગ અને બીજો નિર્વિકલ્પ ઉપયોગ. સવિકલ્પ ઉપયોગ તે જ્ઞાનનું લક્ષણ છે. વિશેષ જાણવું તે તેનું કાર્ય છે. અને નિર્વિકલ્પ ઉપયોગ તે દર્શનનું લક્ષણ છે. તેમાં જ્ઞાનઉપયોગના આઠ પ્રકાર છે.

(૧) **કુમતિજ્ઞાન-ઉપયોગ :** પાંચ ઈંદ્રિય અને મન છે માટે આ ઉપયોગ છે એમ નથી અથવા મોહનીયકર્મના ઉદયના કારણે કુમતિજ્ઞાન છે એમ પણ નથી. સ્વજ્ઞેયને નહિ જાણતાં પરજ્ઞેયને જાણવા રોકાય તે કુમતિજ્ઞાનની પ્રવૃત્તિ જીવના કારણે થાય છે તે કર્મના કારણે નથી. આત્મા પોતે જીવાસ્તિકાય છે તો કુમતિજ્ઞાનની પ્રવૃત્તિ પણ પોતે કરે તો થાય. સંસારની કળા તે કુમતિજ્ઞાન છે. તે જીવનું લક્ષણ છે એમ અહીં કહે છે, કેમકે તે પ્રવૃત્તિ પુદ્ગલાસ્તિકાયમાં થતી નથી. આત્માનો ઉપયોગરૂપી ગુણ તે તેનું લક્ષણ છે. કુમતિજ્ઞાન થાય છે ત્યારે નિમિત્ત કયું હોય છે તે જણાવવા વ્યવહારના શાસ્ત્રોમાં મન અને ઈંદ્રિય દ્વારા તે થાય છે એમ કહેવામાં આવે છે. પણ ખરેખર તે કુમતિજ્ઞાનરૂપ દોષ જીવાસ્તિકાયનો છે.

(૨) **કુશ્રુતજ્ઞાન-ઉપયોગ :** જીવાસ્તિકાયનું લક્ષણ છે કેમકે કુશ્રુતજ્ઞાન પરના કારણે થતું નથી. કુશ્રુતજ્ઞાન-ઉપયોગની પ્રવૃત્તિ જીવની લાયકાતથી થાય છે, માટે તે ચૈતન્યની પ્રવૃત્તિ છે, જડની પ્રવૃત્તિ નથી. એમ પોતાની પર્યાયનો દોષ છે, તે નક્કી કરે તો તે મારો સ્વભાવ નથી એમ સમજે, પણ પર્યાયનો દોષ પરથી માને તો તેને દોષ કાઢવાનું રહેતું નથી. પરના લક્ષે શાસ્ત્રનું ભણતર ભણે તે કુશ્રુતજ્ઞાન છે, તે જીવ પોતે કરે છે. શાસ્ત્રના કારણે થયું નથી.

(૩) **કુઅવધિજ્ઞાન-ઉપયોગ :** તે જીવાસ્તિકાયનું લક્ષણ છે. તે આત્માની અસ્તિકાયમાં થાય છે. વિભંગજ્ઞાન આત્માના જ્ઞાનગુણની ઊંધી પર્યાય છે, તે પરના કારણે નથી અને પરનું કાર્ય નથી. આ ત્રણ કુજ્ઞાનના પ્રકાર થયા. હવે સમ્યગ્જ્ઞાનની વાત કરે છે.

(૪) **સમ્યગ્મતિજ્ઞાન-ઉપયોગ :** તે જીવનું લક્ષણ છે. તે દ્વારા જીવ જણાય છે. આત્મા જાણે કે હું ચિદાનંદ છું, પરથી મને લાભ–નુકસાન નથી એવું જ્ઞાન આત્માનું છે, જડનું નથી અને તે બીજા આત્માનું નથી. ગુરુના કારણે તે સમ્યક્મતિજ્ઞાન થયું નથી, ગુરુના કારણે માનવામાં આવે તો બે જીવાસ્તિકાય એક થઈ જાય, ભિન્ન રહે નહીં. વળી સમ્યગ્મતિજ્ઞાન મન અને ઈંદ્રિયના કારણે થાય છે એમ પણ નથી. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે થાય છે એમ પણ નથી અને દર્શનમોહનીય કર્મનો અભાવ થવાથી સમ્યક્મતિજ્ઞાન થતું નથી. તે બધા પુદ્ગલાસ્તિકાય છે. તેને લીધે થાય તો જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય બે જુદી રહેતી નથી. મતિજ્ઞાન તે જીવનું લક્ષણ છે.

(૫) **સમ્યગ્શ્રુતિજ્ઞાન-ઉપયોગ :** જીવાસ્તિકાયનું લક્ષણ છે. શબ્દ સાંભળવાથી તે થતું નથી કેમકે તે આત્માની પ્રવૃત્તિરૂપ ઉપયોગ છે. તેને અહીં ગુણ કહેલ છે અને તે ગુણ જીવનું લક્ષણ છે. આ શ્રુતિજ્ઞાનની પરિણતિ આત્માથી થાય છે પણ દેવ–ગુરુ–શાસ્ત્રથી થતી નથી એમ નક્કી કર્યા પછી સાચું જ્ઞાન થાય છે ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવા સમ્યગ્જ્ઞાનમાં દેવ–ગુરુ નિમિત્ત હોય છે એમ કથન કરવામાં આવે છે પણ અહીં એ વાત નથી. અહીં તો કહે છે કે સમ્યક્ શ્રુતજ્ઞાન આત્માની તાકાતથી થાય છે માટે તે આત્માનું લક્ષણ છે, તે આત્માને જણાવે છે.

એક સમયનો પર્યાય પરથી થાય છે એમ માનવામાં આવે તો જીવાસ્તિકાયનું અસ્તિત્વ રહેતું નથી. અસંખ્યપ્રદેશ જીવના છે, તેમાં ત્રિકાળ ગુણ અને પર્યાય સાથે છે. તે બધું થઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવાસ્તિકાય છે. એમાંથી કોઈપણ અંશને પરના કારણે માનવામાં આવે તો જીવાસ્તિકાય સિદ્ધ થતો નથી. સર્વજ્ઞ ભગવાન અને કુંદકુંદઆચાર્યદેવ એક એક જીવનું વર્ણન કરતાં કહે છે કે મતિ–શ્રુતજ્ઞાનાદિની પર્યાય જે થાય છે તે તારે લઈને થાય છે. બહુ શાસ્ત્રો ભણ્યો માટે થઈ છે એમ નથી. અથવા દેવ–ગુરુનો સંગ કર્યો માટે થઈ છે એમ પણ નથી એમ માને તો પર ઉપરથી દૃષ્ટિ ખસી સ્વ તરફ વળે. તેને ધર્મ થાય છે. ધર્મ કોઈ બહારની પ્રવૃત્તિથી થતો નથી.

(૬) **અવધિજ્ઞાન-ઉપયોગ** : તે પણ આત્માનો ગુણ છે. આત્મામાં થાય છે માટે તે લક્ષણ આત્માને જણાવે છે. અવધિજ્ઞાનાવરણીય કર્મનો પડદો ખસી ગયો માટે તે ઉપયોગ છે એમ નથી.

(૭) **મનઃપર્યયજ્ઞાન-ઉપયોગ** : આત્માની પરિણતિ છે. મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મ ટળે તો તે જ્ઞાન ઉપયોગ થાય છે એમ નથી કેમકે તે ઉપયોગ પરથી નથી પણ આત્માની તાકાતથી છે, તે જીવાસ્તિકાયને જણાવે છે.

(૮) **કેવળજ્ઞાન-ઉપયોગ** : આ ઉપયોગ આત્માનો છે. તેથી તે કર્મની શક્તિના કારણે રોકાયેલ છે એમ નથી. પણ પોતાના કારણે રોકાયેલ હતો તે પોતાના કારણે કેવળજ્ઞાનરૂપે થાય છે. તે આત્માની તાકાત છે. પુદ્‌ગલની શક્તિનું વર્ણન કરતાં સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૨૧૧માં કહે છે કે પુદ્‌ગલ દ્રવ્યની પણ કોઈ એવી અપૂર્વ શક્તિ જોવામાં આવે છે કે જીવનો કેવળજ્ઞાન સ્વભાવ છે તે પણ તેની શક્તિથી વિણસી જાય છે. આ કથન નિમિત્તનું છે. પુદ્‌ગલમાં નિમિત્ત થવાથી ઉત્કૃષ્ટ તાકાત કેટલી છે તે જણાવ્યું છે. પણ અહીં તો જીવની તાકાત એવી છે કે તે પોતે કેવળજ્ઞાનરૂપ થાય છે.—આ રીતે જ્ઞાનના શુદ્ધાશુદ્ધ ઉપયોગના આઠ પ્રકાર કહ્યા. હવે દર્શન ઉપયોગની વાત કરે છે.

(૧) **ચક્ષુદર્શન-ઉપયોગ** : તે આત્માનો ગુણ છે. આંખથી દેખવું તે દર્શન ઉપયોગ નથી, પણ દર્શનગુણની ચેતનાપરિણતિ તે ચક્ષુદર્શન-ઉપયોગ છે. તે પુદ્‌ગલને લઈને નથી. ચક્ષુદર્શનાવરણીય કર્મના કારણે રોકાયેલ નથી કેમકે ચક્ષુદર્શન ચૈતન્યની પ્રવૃત્તિ છે. પુદ્‌ગલાસ્તિકાય છે તો જીવાસ્તિકાય છે એમ નથી, પણ જીવ છે તો જીવાસ્તિકાય છે. એમ પરથી ભેદજ્ઞાન કર્યા વગર સ્વ. તરફનું વલણ થાય નહીં.

(૨) **અચક્ષુદર્શન-ઉપયોગ** : આંખ સિવાય ચાર ઈંદ્રિયના વલણવાળો દર્શનગુણનો ઉપયોગ તે જીવ છે તો છે. કાન, નાક, આદિ છે તો છે—એમ નથી. એમ સ્વતંત્ર દૃષ્ટિ ન થાય તો જીવની સાચી શ્રદ્ધા થાય નહીં. આ રીતે ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. વીતરાગનું કોઈ પણ શાસ્ત્ર સ્વતંત્રતાની જ વાત કરે છે.

(૩) **અવધિદર્શન-ઉપયોગ** : તે પણ આત્માનો ગુણ છે, તે દ્વારા આત્મા જણાય છે.

(૪) **કેવળદર્શન-ઉપયોગ** : આત્મામાં થાય છે, તે આત્માની તાકાત છે. કર્મનો અભાવ થયો માટે થયો છે એમ નથી.—આ રીતે જ્ઞાન ઉપયોગના આઠ ભેદ તથા દર્શન ઉપયોગના ચાર ભેદ એમ ઉપયોગના કુલ બાર પ્રકાર કહ્યા.

કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બન્ને ઉપયોગ જીવનું અખંડ શુદ્ધ લક્ષણ છે. અને બાકીના દશ પ્રકારના ઉપયોગ અશુદ્ધ જીવના લક્ષણ છે. આ બધા જીવના ગુણ જાણવા. આ બધાં લક્ષણો જીવને જણાવે છે.

હવે આગળ પર્યાયનું લક્ષણ બતાવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૫ રવિવાર]

જીવનું લક્ષણ ચેતના અને ઉપયોગ છે. તેને અહીં ગુણ ગણ્યો છે કેમકે પોતાના શક્તિના કારણે તે ચેતના અને ઉપયોગ છે. હવે પર્યાયની વાત કરે છે. મૂળ શ્લોકમાં કુંદકુંદાચાર્યદેવે અશુદ્ધ પર્યાયની વાત કરી છે. અમૃતચંદ્રાચાર્ય શુદ્ધપર્યાયની વાત પણ સાથે કરે છે.

આત્મામાં ચેતના અને ઉપયોગ ગુણ શુદ્ધ અને અશુદ્ધ છે. એવી રીતે પર્યાય પણ શુદ્ધ–અશુદ્ધ પ્રકારથી છે. જે અગુરુલઘુષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ પર્યાય આગમપ્રમાણથી જાણવામાં આવે છે તે તો શુદ્ધ પર્યાય કહેવાય છે. અને પરદ્રવ્યના સંબંધથી જે ચારગતિરૂપ નર–નારકાદિની વ્યંજનપર્યાય છે તે તો આત્માની અશુદ્ધ પર્યાય છે. દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચની પર્યાય આત્મામાં થાય છે તે આત્માનો સ્વભાવ છે. તે કર્મનો ભાવ નથી માટે કર્મના કારણે થતી નથી. નર, નારકીના શરીરના કારણે તે પર્યાય નથી. આત્માની અશુદ્ધ વ્યંજનપર્યાય છે તે જીવાસ્તિકાયને જણાવે છે. કીડી, હાથી, સિંહ વગેરેના શરીરમાં જીવ પોતાની યોગ્યતાથી છે, તે આકારે જીવ પોતે થાય છે. નારકીમાં જાય છે ત્યાં દેહ પ્રમાણે આકાર થાય છે તે જીવનો આકાર છે.

અહીં સ્થૂળ ૠજુસૂત્રનયની અપેક્ષાએ નારકી આદિ પર્યાય લાંબો કાળ રહે છે તેને પર્યાય કહી છે. નારકીમાંથી મનુષ્ય થાય, મનુષ્યમાંથી દેવ થાય, મનુષ્યમાંથી તિર્યંચ થાય એમ પર્યાય બદલે છે તેને અહીં પર્યાય ગણી છે. તે પર્યાય જીવની છે કેમકે તેના આકારરૂપે જીવ થાય છે. કર્મ કે શરીર થતું નથી. હવે ગાથા ૧૭માં વસ્તુનો નાશ કે વસ્તુની ઉત્પત્તિ થતી નથી તે વાત કહે છે. ૧૬

---

**मणुसत्तणेण णट्ठो देही देवो हवेदि इदरो वा।**
**उभयत्थ जीवभावो ण णस्सदि ण जायदे अण्णो॥ १७॥**

**मनुष्यत्वेन नष्टो देही देवो भवतीतरो वा।**
**उभयत्र जीवभावो न नश्यति न जायतेऽन्यः॥ १७॥**

**મનુજત્વથી વ્યય પામીને દેવાદિ દેહી થાય છે;**
**ત્યાં જીવભાવ ન નાશ પામે, અન્ય નહિ ઉદ્ભવ લહે. ૧૭**

**અન્વયાર્થ :** [मनुष्यत्वेन] મનુષ્યપણાથી [नष्टः] નષ્ટ થયેલો [देही] દેહી (જીવ) [देवः वा इतरः] દેવ અથવા અન્ય [भवति] થાય છે; [उभयत्र] તે બન્નેમાં [जीवभावः] જીવભાવ [न नश्यति] નષ્ટ થતો નથી અને [अन्यः] બીજો જીવભાવ [न जायते] ઉત્પન્ન થતો નથી.

---

**तात्पर्यवृत्ति** : अथ पर्यायार्थिकनयेनोत्पादविनाशयोरपि द्रव्यार्थिकनयेनोत्पादविनाशौ न भवत इति समर्थयति-**मणुसत्तणेण णट्ठो देही देवो हवेदि इदरो वा** मनुष्यत्वेन मनुष्यपर्यायेण नष्टो विनष्टो मृतो देही संसारी जीवः पुण्यवशाद्देवो भवति स्वकीयकर्मवशादितरो वा नारकतिर्यङ्मनुष्यो भवति **उभयत्त जीवभावो ण णस्सदि ण जायदे अण्णो** उभयत्र कोऽर्थः मनुष्यभवे देवभवे वा पर्यायार्थिकनयेन मनुष्यभवे नष्टे द्रव्यार्थिकनयेन न विनश्यति तथैव पर्यायार्थिकनयेन देवपर्याये जाते सति द्रव्यार्थिक-नयेनान्योपूर्वो न जायते नोत्पद्यते किंतु स एव। कोऽसौ। जीवभावो जीवपदार्थः। एवं पर्यायार्थिक-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नयेनोत्पादव्ययत्वेपि द्रव्यार्थिकनयेनोत्पादव्ययत्वं नास्तीति सिद्धं। अनेन व्याख्यानेन क्षणिकैकान्तमतं नित्यैकान्तमतं च निषिद्धमिति सूत्रार्थः ॥१७॥

**समयव्याख्या : इदं भावनाशाभावोत्पादनिषेधोदाहरणम्। प्रतिसमयसंभवदगुरुलघुगुणहानिवृद्धिनिर्वृत्तस्वभावपर्यायसंतत्यविच्छेदकेनैकेन सोपाधिना मनुष्यत्वलक्षणेन पर्यायेण विनश्यति जीवः, तथाविधेन देवत्वलक्षणेन नारकतिर्यक्त्वलक्षणेन वान्येन पर्यायेणोत्पद्यते। न च मनुष्यत्वेन नाशे जीवत्वेनापि नश्यति, देवत्वादिनोत्पादे जीवत्वेनाप्युत्पद्यते; किं तु सदुच्छेदमसदुत्पादमन्तरेणैव तथा विवर्तत इति ॥१७॥**

**અનુવાદ : 'ભાવનો નાશ થતો નથી અને અભાવનો ઉત્પાદ થતો નથી' તેનું આ ઉદાહરણ છે.**

**પ્રત્યેક સમયે થતી અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિથી રચાતા સ્વભાવપર્યાયોની સંતતિનો વિચ્છેદ નહિ કરનારા એક સોપાધિક મનુષ્યત્વસ્વરૂપ પર્યાયથી જીવ વિનાશ પામે છે અને તથાવિધ (સ્વભાવપર્યાયોના પ્રવાહને નહિ તોડનારા સોપાધિક) દેવત્વસ્વરૂપ, નારકત્વસ્વરૂપ કે તિર્યંચત્વસ્વરૂપ અન્ય પર્યાયથી ઊપજે છે. ત્યાં એમ નથી કે મનુષ્યપણાથી નાશ થતાં જીવપણાથી પણ નષ્ટ થાય છે અને દેવપણા વગેરેથી ઉત્પાદ થતાં જીવપણાથી પણ ઉત્પન્ન થાય છે, પરંતુ સત્‌ના ઉચ્છેદ અને અસત્‌ના ઉત્પાદ વિના જ તે પ્રમાણે વિવર્તન (પરિવર્તન, પરિણમન) કરે છે. ૧૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા સુદ-૧૫ રવિવાર]

**અર્થ :** મનુષ્યપર્યાયનો વ્યય થઈને દેવપર્યાય થાય છે. અથવા તો નારકી, તિર્યંચ અને મનુષ્ય પણ થાય છે. જુઓ, અહીં મનુષ્યપર્યાયમાં આચાર્ય ભગવાન હતા તેનો નાશ કરીને દેવપર્યાયરૂપે થયા છે એની સંધિ કરે છે. તે વાતને મુખ્ય લીધી છે. દેવપર્યાય થયો તે દેવનામકર્મના ઉદયે થયો છે—એમ નથી. પણ ખરેખર જીવની યોગ્યતાના કારણે થયો છે. જીવાસ્તિકાયની તાકાતથી થયો છે. દેવનું આયુષ્ય બાંધ્યું માટે દેવમાં જવું પડે છે, એમ નથી. અને મનુષ્યનું આયષ્ય પૂરું થયું માટે અહીંથી જવું પડ્યું—એમ પણ નથી, કેમકે મનુષ્ય રહ્યો કે દેવમાં જાય છે તે પોતાની અસ્તિકાયના સામર્થ્યના કારણે છે. નામકર્મ તો પુદ્‌ગલાસ્તિકાય છે. પુદ્‌ગલાસ્તિકાય તો નિમિત્ત માત્ર છે. તેના કારણે જીવની પર્યાય થાય તો જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એક થઈ જાય, બે જુદા રહે નહિ. પણ એમ બનતું નથી.

જીવાસ્તિકાય અસંખ્યપ્રદેશી છે. તે પોતાની લાયકાતથી મનુષ્યપર્યાયને છોડે છે. આયુષ્ય પૂરું થયું અને છૂટવું પડ્યું એ તો નિમિત્તનું કથન છે. લોકોમાં કહેવત છે કે ''જેની તૂટી તેની બૂટી નહીં'' એટલે કે જેનું આયુષ્ય પૂરું થઈ ગયું તે કોઈ દવા–બૂટીથી બચતો નથી, તો તે નિમિત્તની વાત છે. ખરેખર તો જીવ પોતાની લાયકાતથી મનુષ્યપર્યાયને છોડી દેવાદિ પર્યાયરૂપે થાય છે. એમાં સમયમાત્ર આઘોપાછો થાય એમ નથી. જીવ મનુષ્યપર્યાયમાં રહે છે તે તેના સ્વકાળના સામર્થ્યના કારણે રહે છે. અને કદાચ નરકપર્યાયમાં જાય છે તો ત્યાં પણ પોતાના કારણે તે આકારે થાય છે. મનુષ્ય મરીને ઢોર થાય તોપણ પોતાની લાયકાતના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે છે. મનુષ્યપર્યાય બદલી નિગોદની પર્યાયની લાયકાત પોતાના કારણે છે. કર્મના કારણે તો નથી પણ જેવા દેહનો સંયોગ થાય તેવા આકારે જીવ પોતે થવા છતાં તે દેહના કારણે થતો નથી. માણસ મરીને માણસ પણ થાય છે તો ત્યાં પણ પોતાના કારણે છે. તે પર્યાય જીવાસ્તિકાય છે એમ બતાવે છે.

**ભાવાર્થ :** અનાદિકાળથી સંસારી જીવ મોહને વશીભૂત થઈ અજ્ઞાન ભાવરૂપ પરિણમે છે. જીવ પોતાના મોહભાવથી રખડે છે, કર્મથી નહિ. કર્મ તો નિમિત્તમાત્ર છે. આત્મા પોતે પોતાને ભૂલીને કર્મને તાબે થાય છે. આ જીવાસ્તિકાયનું વર્ણન ચાલે છે. તેમાં જીવ પોતે પોતાના અપરાધથી કર્મને તાબે થઈને સંસારમાં રખડે છે પણ તેને કર્મ તાબે કરતું નથી. કર્મ તો પુદ્ગલાસ્તિકાય છે, તેને જીવાસ્તિકાય તાબે થાય એવો જીવનો સ્વભાવ જ નથી પણ અજ્ઞાનદશારૂપે થવાની લાયકાત જીવની પોતાની છે. પરના કારણે માને તે જીવાસ્તિકાયને સમજતો નથી. નિગોદમાં પણ કર્મના જોરના કારણે જીવ રહ્યો છે—એમ નથી. પોતાના સ્વરૂપને ભૂલે અથવા તો સ્વરૂપનું આરાધન કરે તો તે જીવ પોતે કરે છે; કેમ કે દોષનું થવું કે ન થવું તે પોતાના અસંખ્યપ્રદેશમાં થાય છે, પરમાં થતું નથી.

દોષ કરવો તે જીવાસ્તિકાયનો સ્વભાવ છે. જડનો સ્વભાવ નથી. જડના કારણે દોષ માને તો બે દ્રવ્ય એક થઈ જાય છે, એમ થતાં વીતરાગદેવના કથનનો વિરોધ થાય છે. દોષ પોતે પોતાના કારણે કરે અને પરથી થાય છે એમ માને તે મોટો વિરોધ છે, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. જીવ–અજીવના જુદાપણાની પણ તેને શ્રદ્ધા નથી. કર્મનું રહેવું કે કર્મનું જવું તે આત્મામાં છે જ નહીં. ગોમ્મટસારમાં નિમિત્તનાં કથનો ઘણાં આવે છે. તે તો જીવ પોતે પોતાની યોગ્યતાથી દોષરૂપે પરિણમે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે એ અપેક્ષાએ કથન છે. આ રીતે જીવ પોતે મોહરૂપે થાય છે.

આ આત્માની વૈભાવિક અશુદ્ધપર્યાય અનાદિથી છે, એની વાત કરી. તે અશુદ્ધપર્યાય દ્વારા જીવાસ્તિકાય જણાય છે. હવે આત્મામાં અનાદિ–અનંત શુદ્ધપર્યાય છે તેની વાત કરે છે. સ્વાભાવિક ષડ્ગુણી હાનિવૃદ્ધિરૂપ જે અગુરુલઘુપર્યાય ધારાવાહી અખંડિત ત્રિકાળ સમયવર્તી છે તે શુદ્ધપર્યાય છે. આ પર્યાય જીવમાં થાય છે. એટલી વાત અહીં કરવી છે. આ શુદ્ધપર્યાયરૂપે નહિ પરિણમતાં અશુદ્ધરૂપે જીવ પરિણમે છે. એ વાત અહીં કરવી નથી. પણ અહીં તો જીવાસ્તિકાયમાં શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારની પર્યાય છે એમ કહેવું છે.

આત્મા વિભાવભાવથી પરિણમતો થકો મનુષ્યપર્યાય અથવા દેવપર્યાયપણે થાય છે અથવા નરકપર્યાય કે તિર્યંચપર્યાયને ધારણ કરે છે. આમ પર્યાયથી પર્યાયાંતરરૂપ થઈનેઊપજે–વિણસે છે પણ કર્મના કારણે ઊપજવું કે વિણસવું થતું નથી. શ્રેણિકરાજાએ નારકીનું આયુષ્ય બાંધ્યું માટે નરકમાં જવું પડ્યું છે એમ નથી. શ્રેણિક રાજા પોતાની લાયકાતના કારણે ગયા છે. તે પોતાની અશુદ્ધ વ્યંજનપર્યાય, ક્રિયાવતી આદિની યોગ્યતાના કારણે છે.

આ વાત સાંભળીને ઘણાને એમ લાગે છે કે તમો નિમિત્તને ઉડાડો છો; પણ અહીં નિમિત્તની પર્યાય નિમિત્તમાં એની યોગ્યતાના કારણે છે તે કહેવાય છે. તે પુદ્ગલની પર્યાય છે, તેની વાત પુદ્ગલાસ્તિકાયમાં આવશે. અહીં તો જીવાસ્તિકાયની વાત ચાલે છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હો કે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ હો પણ પોતાની યોગ્યતાના કારણે તે પર્યાયને ધારણ કરે છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ જીવાસ્તિકાયને સિદ્ધ કરતાં કહે છે કે જીવ પોતાના કારણે ગમનાગમન કરે તો જ જીવાસ્તિકાય સિદ્ધ થાય છે. પરના કારણે માનવાથી સિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતું નથી. એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના બધા સંસારી જીવો પોતાની લાયકાતથી રહે છે. જે સમયે રહેવાની યોગ્યતા ફરી તેને કોઈ રોકનાર નથી. મનુષ્યપર્યાયમાં રહેવાની યોગ્યતા ન રહી તો બીજો કોઈ તેને રાખી શકતો નથી. અહીં અજીવથી જીવની ભિન્નતાનું જ્ઞાન કરાવે છે તે સમ્યક્જ્ઞાન છે.

સંસારી પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ–વ્યય થવા છતાં પણ જીવભાવ કહેવામાં આવે છે. જીવ સિવાય બીજો કોઈ નાશ પામતો નથી તેમ ઉત્પન્ન પણ થતો નથી. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જીવ સદા ટંકોત્કીર્ણ અવિનાશી છે, સદા નિષ્કલંક શુદ્ધ સ્વરૂપી છે. મનુષ્યપર્યાયનો વ્યય અને નારકપર્યાયનો ઉત્પાદ થવા છતાં જીવ તો એવો ને એવો રહે છે એટલે જીવભાવ પલટીને જડભાવે થતો નથી. નારકપર્યાયનો વ્યય અને મનુષ્યપર્યાયનો ઉત્પાદ એ બધામાં જીવ તો એવો ને એવો રહે છે, કેમકે જીવનું ઉત્પાદ–વ્યય અને ધ્રુવપણું પોતાથી છે, પરથી નથી. પર્યાય બદલાતાં જીવ બદલતો નથી. ઉત્પાદ–વ્યય અને ધ્રુવ એ ત્રણ અંશમાંથી એક પણ અંશ પરથી માને તો જીવાસ્તિકાય સાબિત થતી નથી. સંસારઅવસ્થાની અપેક્ષાએ વાત છે. તે અવસ્થા આત્માની છે, જડની નથી. મનુષ્યાદિનો દેહ છૂટે અને નવો દેહ પામે એ તો જડની વાત છે; એની વાત અહીં નથી. અહીં આત્માની પર્યાય બદલતાં આત્માનો નાશ થતો નથી. આત્મા પોતે ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપે રહે છે, બીજો કોઈ બદલતો નથી અને વસ્તુદૃષ્ટિએ જુઓ તો સદા ટંકોત્કીર્ણ એવો ને એવો રહે છે. જીવનો સ્વભાવ તો નિષ્કલંક ત્રિકાળ શુદ્ધ છે અને પર્યાય જુઓ તો સંસારઅવસ્થામાં કલંકિત છે. તે નિષ્કલંક અને કલંક બન્ને જીવાસ્તિકાયથી પોતાથી છે.

હવે આગળની ગાથામાં કહે છે કે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જીવ ઊપજે છે તથા વિણસે છે તોપણ ખરેખર જીવ ઊપજતો નથી અને નાશ પણ પામતો નથી. ૧૭

---

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसु त्ति पज्ञाओ॥ १८॥**

**स च एव याति मरणं याति न नष्टो न चैवोत्पन्नः।**
**उत्पन्नश्च विनष्टो देवो मनुष्य इति पर्यायः॥ १८॥**

**જન્મે મરે છે તે જ, તોપણ નાશ-ઉદ્ભવ નવ લહે;**
**સુર-માનવાદિક પર્યાયો ઉત્પન્ન ને લય થાય છે. ૧૮**

**અન્વયાર્થ** : [सः च एव] તે જ [याति] જન્મે છે અને [मरणं याति] મરણ પામે છે છતાં [न एव उत्पन्नः] તે ઉત્પન્ન થતો નથી [च] અને [न नष्टः] નષ્ટ થતો નથી; [देवः मनुष्यः] દેવ, મનુષ્ય [इति पर्यायः] એવો પર્યાય [उत्पन्नः] ઉત્પન્ન થાય છે [च] અને [विनष्टः] વિનષ્ટ થાય છે.

---

**तात्पर्यवृत्ति** : अथ तमेवार्थं नयद्वयेन पुनरपि द्रढयतिः-**सो चेव जादि मरणं** स च एव जीवपदार्थः पर्यायार्थिकनयेन देवपर्यायरूपां जातिमुत्पत्तिं **जादि** याति गच्छति स चैव मरणं याति **ण णट्ठो ण चेव उप्पण्णो** द्रव्यार्थिकनयेन पुनर्न नष्टो न चोत्पन्नः। तर्हि कोऽसौ नष्टः कोऽसौ उत्पन्नः ? **उप्पण्णो य विणट्ठो देवो मणुसुत्ति पज्ञाओ,** पर्यायार्थिकनयेन देवपर्याय उत्पन्नो मनुष्यपर्यायो

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विनष्टः । ननु यद्युत्पादविनाशौ तर्हि तस्यैव पदार्थस्य नित्यत्वं कथं ? नित्यत्वं तर्हि तस्यैवोत्पादव्ययद्वयं च कथं ? परस्परविरुद्धमिदं शीतोष्णवदिति पूर्वपक्षे परिहारमाहुः । येषां मते सर्वथैकान्तेन नित्यं वस्तु क्षणिकं वा तेषां दूषणमिदं । कथमिति चेत् । येनैव रूपेण नित्यत्वं तेनैवानित्यत्वं न घटते, येन च रूपेणानित्यत्वं तेनैव नित्यत्वं न घटते कस्मात् । एकस्वभावत्वाद्वस्तुनस्तन्मते । जैनमते पुनरनेकस्वभावं वस्तु तेन कारणेन द्रव्यार्थिकनयेन द्रव्यरूपेण नित्यत्वं घटते पर्यायार्थिकनयेन पर्यायरूपेणानित्यत्वं च घटते । तौ च द्रव्यपर्यायो परस्परं सापेक्षौ, तच्च सापेक्षत्वं "पज्जयरहियं दव्वं दव्वविमुत्ता य पज्जया णत्थि" इत्यादि पूर्वं व्याख्यातं तेन कारणेन द्रव्यार्थिकपर्यायार्थिकनययोः परस्परगौणमुख्यभावव्याख्यानादेकदेवदत्तस्य जन्यजनकादिभाववत् एकस्यापि द्रव्यस्य नित्यानित्यत्वं घटते नास्ति विरोध इति सूत्रार्थः ॥१८॥

**समयव्याख्या : अत्र कथंचिद्व्ययोत्पादवत्त्वेऽपि द्रव्यस्य सदाविनष्टानुत्पन्नत्वं ख्यापितम् । यदेव पूर्वोत्तरपर्यायविवेकसंपर्कापादितामुभयीमवस्थामात्मसात्कुर्वाणमुच्छिद्यमानमुत्पद्यमानं च द्रव्यमालक्ष्यते, तदेव तथाविधोभयावस्थाव्यापिना प्रतिनियतैकवस्तुत्वनिबन्धनभूतेन स्वभावेनाविनष्टमनुत्पन्नं वा वेद्यते । पर्यायास्तु तस्य पूर्वपूर्वपरिणामोपमर्दोत्तरोत्तरपरिणामोत्पादरूपाः प्रणाशसंभवधर्माणोऽभिधीयन्ते । ते च वस्तुत्वेन द्रव्यादपृथग्भूता एवोक्ताः । ततः पर्यायैः सहैकवस्तुत्वाज्जायमानं म्रियमाणमपि जीवद्रव्यं सर्वदानुत्पन्नाविनष्टं द्रष्टव्यम् । देवमनुष्यादिपर्यायास्तु क्रमवर्तित्वादुपस्थितातिवाहितस्वसमया उत्पद्यन्ते विनश्यन्ति चेति ॥१८॥**

અનુવાદ : અહીં, દ્રવ્ય કથંચિત્ વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેનું સદા અવિનષ્ટપણું અને અનુત્પન્નપણું કહ્યું છે.

જે દ્રવ્ય પૂર્વ પર્યાયના વિયોગથી અને ઉત્તર પર્યાયના સંયોગથી થતી ઉભય અવસ્થાને આત્મસાત્ (પોતારૂપ) કરતું થકું વિનાશ પામતું અને ઊપજતું જોવામાં આવે છે, તે જ (દ્રવ્ય) તેવી ઉભય અવસ્થામાં વ્યાપનારો જે પ્રતિનિયત–એક–વસ્તુત્વના કારણભૂત સ્વભાવ તેના વડે (તે સ્વભાવની અપેક્ષાએ) અવિનષ્ટ અને અનુત્પન્ન જણાય છે; તેના પર્યાયો પૂર્વ પૂર્વ પરિણામના નાશરૂપ અને ઉત્તર ઉત્તર પરિણામના ઉત્પાદરૂપ હોવાથી વિનાશ–ઉત્પાદધર્મવાળા (વિનાશ ને ઉત્પાદરૂપ ધર્મવાળા) કહેવામાં આવે છે, અને તેઓ (પર્યાયો) વસ્તુપણે દ્રવ્યથી અપૃથગ્ભૂત જ કહેવામાં આવ્યા છે. તેથી, પર્યાયો સાથે એકવસ્તુપણાને લીધે જન્મતું અને મરતું હોવા છતાં જીવદ્રવ્ય સર્વદા અનુત્પન્ન અને અવિનષ્ટ જ દેખવું (શ્રદ્ધવું); દેવ–મનુષ્યાદિ પર્યાયો ઊપજે છે અને વિનાશ પામે છે કારણ કે તેઓ ક્રમવર્તી હોવાથી તેમનો સ્વસમય ઉપસ્થિત થાય છે અને વીતી જાય છે. ૧૮.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧ સોમવાર]

અર્થ : તે જીવ ઊપજે છે કે જે જીવ મરણભાવને પ્રાપ્ત થયો હોય પણ સ્વભાવથી તે જીવનો નાશ થતો નથી. અને ખરેખર તે જીવ નવો ઊપજતો નથી, સદા એકરૂપ છે. પર્યાયસ્વભાવથી ઊપજવું–વિણસવું છે પણ સ્વભાવ જે ચૈતન્ય એકરૂપ છે તે વિણસતો નથી અને ઊપજતો નથી. આ જીવાસ્તિકાયનું વર્ણન છે. એકરૂપ રહે છે તોપણ જીવ અને ઊપજે–વિણસે તોપણ જીવ છે. પર્યાયનું ઊપજવું–વિણસવું જો પરના કારણે હોય તો પર્યાયનયનો વિષય રહેતો નથી. જીવ પોતાની અસ્તિમાં હોય તો પર્યાયનયનો વિષય રહે છે. દ્રવ્યાર્થિકનયથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ–વ્યય નથી અને પર્યાયાર્થિકનયથી ઉત્પાદ–વ્યય છે. આ બન્ને પોતામાં પોતાથી હોય તો જ બન્ને નયનું અસ્તિત્વ રહે છે.

સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાય—આ ત્રણે ગ્રંથને પ્રાભૃત કહેવાય છે. ત્રણેમાં શુદ્ધ દ્રવ્યનું વર્ણન છે. એટલે તે પરથી ભિન્ન તત્ત્વને યથાર્થ બતાવે છે. તે દ્રવ્યની સ્વતંત્રતાનું કથન છે. ધર્માસ્તિકાયના કારણે ગતિ, અધર્માસ્તિકાયના કારણે સ્થિતિ, કાળના કારણે પરિણમન, આકાશના કારણે અવગાહન અને પુદ્‌ગલના કારણે વિકાર થાય છે એવું જીવનું પરાધીનપણું આ પ્રાભૃતમાં કહેવામાં આવ્યું નથી પણ સ્વાધીન સ્વતંત્ર શુદ્ધ દ્રવ્યનું વર્ણન છે.

હવે અહીં પ્રશ્ન થાય છે કે વસ્તુ તો એમ ને એમ રહે છે, તો પછી ઊપજે–વિણસે છે કોણ ? તો કહે છે કે પર્યાય ઊપજે-વિણસે છે. જેમકે દેવપર્યાયનો ઉત્પાદ થયો અને મનુષ્યપર્યાયનો વ્યય થયો અને જીવનું ધ્રુવપણું રહ્યું. જૂની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ અને જીવદ્રવ્યનું ધ્રુવપણું છે.

**ભાવાર્થ :** જીવ પર્યાયનયની અપેક્ષાએ પહેલી પર્યાયથી વિનાશ પામતો અને નવી પર્યાયથી ઉત્પન્ન થતો દેખાય છે તે જ જીવ ઉત્પાદ–વ્યય અવસ્થારૂપે થવા છતાં પોતાના અવિનાશી સ્વાભાવિક એક સ્વભાવ વડે ન તો ઊપજે છે કે ન તો વિનાશ થાય છે. જે પૂર્વપર્યાય છે તે નાશ થાય છે અને ઉત્તરપર્યાયનો ઉત્પાદ થાય છે. પહેલી પર્યાયનો નાશ થાય, નવી પર્યાયનો ઉત્પાદ થાય અને દ્રવ્ય તો કાયમ રહે છે. ઉમાસ્વામીએ 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે કે ઉદયભાવાદિ સ્વતત્ત્વ છે. આત્માની પર્યાયનો તે ભાવ છે. માટે શુદ્ધ કે અશુદ્ધપર્યાયનું કારણ આત્મા છે, પર નથી. માટે પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય દેખાય છે, પણ ત્રિકાળીસ્વભાવની અપેક્ષાએ જીવ ઊપજતો નથી કે નાશ પામતો નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧ સોમવાર]

જુઓ, અહીં એમ કહે છે કે આત્મા પોતાની પર્યાયના કારણે ઊપજતા–વિણસતા સ્વભાવને ધારણ કરે છે, કર્મને લઈને ઊપજે–વિણસે છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે.

પહેલી પર્યાયનો નાશ થાય છે અને નવીન પર્યાયનો ઉત્પાદ થાય છે. જે દ્રવ્ય પહેલી પર્યાયમાં હતું તે જ દ્રવ્ય નવીન પર્યાયમાં રહે છે. પર્યાયોના ભેદથી દ્રવ્યમાં ભેદ કહેવામાં આવે છે. મનુષ્યપર્યાયનો નાશ અને દેવપર્યાયનો ઉત્પાદ થાય છે તેમાં જીવ તો એનો એ રહે છે. પણ પર્યાય બદલી એ અપેક્ષાએ દ્રવ્ય બદલ્યું એમ કહેવામાં આવે છે. આત્મા મનુષ્ય થયો, મનુષ્યપણાનો નાશ થઈને આત્મા દેવ થયો એમ કહેવામાં આવે છે. પણ વસ્તુદૃષ્ટિએ ભેદ નથી. એનો એ આત્મા સ્વભાવથી એવો ને એવો રહે છે.

દરેક પદાર્થ પોતાની જૂની પર્યાયથી નાશ થાય છે, નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે અને દ્રવ્યપણે ધ્રુવ રહે છે. તેમ પુદ્‌ગલદ્રવ્ય પોતાના કારણે ઊપજે, વિણસે છે અને ધ્રુવપણે રહે છે. પૂર્વની તૈજસ–કાર્મણની પર્યાયનો વ્યય થયો અને નવીન પર્યાયનો ઉત્પાદ થયો અને પુદ્‌ગલદ્રવ્ય એમ ને એમ છે.

દ્રવ્ય જે સમયે જે પર્યાયોથી પરિણમે છે તે સમયે તે પરિણામોથી તન્મય હોય છે. દ્રવ્યનો એવો જ સ્વભાવ છે કે પરિણામોમાં એકતા ધરે છે કેમકે કથંચિત્ પ્રકારથી પરિણામ–પરિણામીની એકતા છે. આત્મા જે સમયે નારકપર્યાયરૂપે પરિણમે છે ત્યારે તે પર્યાયરૂપે તન્મય છે અને જડની પર્યાયમાં જડ તન્મય છે; કોઈથી કોઈ નથી. નરકાયુ છૂટી ગયું તે પર્યાય જડની હતી એ એના કારણે એમાં તન્મય છે. અને જીવની પર્યાય જીવના કારણે થઈ તે જીવમાં તન્મય છે. જડ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતન વચ્ચે અત્યંત અભાવ છે. ચૈતન્યની પર્યાય ચૈતન્યમાં થાય છે અને જડની પર્યાય જડમાં થાય છે. બન્નેને અરસપરસ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ કર્તા–કર્મ સંબંધ નથી. અજ્ઞાની નિમિત્ત–નૈમિત્તિકસંબંધને કર્તા–કર્મમાં ખતવે છે એ એની ભ્રમણા છે.

જીવ પોતે જ્યારે પોતાની પર્યાયરૂપે પરિણમે છે ત્યારે તે પર્યાયમય તે થઈ જાય છે. પર્યાય જુદી રહે અને દ્રવ્ય જુદું રહે એમ બનતું નથી. જીવનો સ્વભાવ જ એવો છે કે જે પરિણામોને કરે છે તે પરિણામોમાં તે એકતા ધરે છે. અહીં તો કહે છે કે રાગ કરે કે નરકમાં કે સ્વર્ગમાં જાય તો તે દરેક પર્યાયમાં જીવ પોતે એકતાને ધારણ કરે છે. એવો જીવદ્રવ્યનો સ્વભાવ છે. જેમ ગોરસથી દહીં–દૂધાદિની પર્યાય ભિન્ન નથી પણ તન્મય છે તેમ આત્માની પર્યાયને આત્મા ધારણ કરે છે. જડની પર્યાયને જડ ધારણ કરે છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યની પર્યાયને ધરતું નથી. શરીરની પર્યાયને પુદ્‌ગલ પરમાણુએ ધારણ કરી છે; કેમકે કોઈ અપેક્ષાએ દ્રવ્યને પર્યાય સાથે અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે. એ રીતે પરિણામ અને પરિણામીની એકતા છે. રાગની પર્યાય સાથે જીવને અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે અને શુદ્ધપર્યાય હોય તો પણ તેની સાથે જીવને અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે કેમકે તે પર્યાય પણ સમયે સમયે બદલતી હોવા છતાં કથંચિત્ દ્રવ્યથી અભિન્ન છે. સર્વથા અભિન્ન હોય તો દ્રવ્ય પર્યાય જેટલું થઈ જાય. પણ આખું દ્રવ્ય પર્યાયમાં આવી જતું નથી માટે કથંચિત્ પર્યાય સાથે દ્રવ્ય તન્મય છે. એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય હોવા છતાં દ્રવ્ય અપેક્ષાએ ધ્રુવપણું છે એમ જાણવું.

હવે દ્રવ્યનો સ્વાભાવિક ધ્રુવભાવ છે તેથી તે સત્‌ભાવ છે. તે સત્‌ભાવનો નાશ થતો નથી અને અસત્‌ભાવ જે જગતમાં નથી તેનો ઉત્પાદ થતો નથી. તે ગાથામાં કહે છે : ૧૮

---

**एवं सदो विणासो असदो जीवस्स णत्थि उप्पादो ।**
**तावदिओ जीवाणं देवो मणुसो त्ति गदिणामो ॥ १९ ॥**

**एवं सतो विनाशोऽसतो जीवस्य नास्त्युत्पादः ।**
**तावज्जीवानां देवो मनुष्य इति गतिनाम ॥ १९ ॥**

**એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ હોય ન જીવને;**
**સુરનરપ્રમુખ ગતિનામનો હદયુક્ત કાળ જ હોય છે. ૧૯**

**અન્વયાર્થ** : [एवं] એ રીતે [जीवस्य] જીવને [सतः विनाशः] સત્‌નો વિનાશ અને [असतः उत्पादः] અસત્‌નો ઉત્પાદ [न अस्ति] નથી; ('દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે' એમ કહેવાય છે તેનું એ કારણ છે કે) [जीवानाम्] જીવોને [देवः मनुष्यः] દેવ, મનુષ્ય [इति गतिनाम] એવું ગતિનામકર્મ [तावत्] તેટલા જ કાળનું હોય છે.

---

**तात्पर्यवृत्ति** : अथैवं द्रव्यार्थिकनयेन सतो विनाशो नास्त्यसत उत्पादो नास्तीति स्थितमिति निश्चिनोति-**एवं सदो विणासो असदो जीवस्स णत्थि उप्पादो** एवं पूर्वोक्तगाथात्रयव्याख्यानेन यद्यपि पर्यायार्थिकनयेन नरनारकादिरूपेणोत्पादविनाशत्वं घटते तथापि द्रव्यार्थिकनयेन सतो विद्यमानस्य विनाशो नास्त्यसतश्चाविद्यमानस्य नास्त्युत्पादः । कस्य । भावस्य जीवपदार्थस्य । ननु यद्युत्पादव्ययौ न भवतस्तर्हि पल्यत्रयपरिमाणं भोगभूमौ स्थित्वा पश्चात् म्रियते, यत् त्रयस्त्रिंशत्सागरोपमाणि देवलोके नारकलोके तिष्ठति पश्चान्म्रियत इत्यादि व्याख्यानं कथं घटते । **तावदियो जीवाणं देवो मणुसोत्ति गदिणामो**

१२

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तावत्पल्यत्रयादिरूपं परिमाणं यज्जीवानां कथ्यते देवो मनुष्य इति योऽसौ गतिनामकर्मोदयजनितपर्यायस्तस्य तत्परिमाणं न च जीवद्रव्यस्येति वेणुदण्डवन्नास्ति विरोधः। तथाहि – यथा महतो वेणुदण्डस्यानेकानि पर्वाणि स्वस्थानेषु भावभाञ्जि विद्यमानानि भवन्ति परपर्वस्थानेष्वभावभाञ्ज्यविद्यमानानि भवन्ति वंशदण्डस्तु सर्वपर्वस्थानेष्वन्वयरूपेण विद्यमानोपि प्रथमपर्वरूपेण द्वितीयपर्वे नास्तीत्यविद्यमानोपि भण्यते, तथा वेणुदण्डस्थानीयजीवे नरनारकादिरूपाः पर्वस्थानीया अनेकपर्यायाः स्वकीयायुःकर्मोदयकाले विद्यमाना भवन्ति परकीयपर्यायकाले चाविद्यमाना भवन्ति जीवश्चान्वयरूपेण सर्वपर्वस्थानीयसर्वपर्यायेषु विद्यमानोपि मनुष्यादिपर्यायरूपेण देवादिपर्यायेषु नास्तीत्यविद्यमानोपि भण्यते। स एव नित्यः स एवानित्यः कथं घटत इति चेत्। यथैकस्य देवदत्तस्य पुत्रविवक्षाकाले पितृविवक्षा गौणा, पितृविवक्षाकाले पुत्रविवक्षा गौणा, तथैकस्य जीवस्य जीवद्रव्यस्य वा द्रव्यार्थिकनयेन नित्यत्वविवक्षाकाले पर्यायरूपेणानित्यत्वं गौणं, पर्यायरूपेणानित्यत्वविवक्षाकाले द्रव्यरूपेण नित्यत्वं गौणं। कस्मात् ? विवक्षितो मुख्य इति वचनात्। अत्र पर्यायरूपेणानित्यत्वेपि शुद्धद्रव्यार्थिकनयेनाविनश्वरमनन्तज्ञानादिरूपं शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मद्रव्यं रागादिपरिहारेणोपादेयरूपेण भावनीयमिति भावार्थः ॥ १९ ॥

**समयव्याख्या : अत्र सदसतोरविनाशानुत्पादौ स्थितिपक्षत्वेनोपन्यस्तौ। यदि हि जीवो य एव म्रियते स एव जायते, य एव जायते स एव म्रियते, तदैवं सतो विनाशोऽसत उत्पादश्च नास्तीति व्यवतिष्ठते। यत्तु देवो जायते मनुष्यो म्रियते इति व्यपदिश्यते तदवधृतकालदेवमनुष्यत्वपर्यायनिर्वर्तकस्य देवमनुष्यगतिनाम्नस्तन्मात्रत्वादविरुद्धम्। यथाहि महतो वेणुदण्डस्यैकस्य क्रमवृत्तीन्यनेकानि पर्वाण्यात्मीयात्मीयप्रमाणावच्छिन्नत्वात् पर्वान्तरमगच्छन्ति स्वस्थानेषु भावभाञ्जि परस्थानेष्वभावभाञ्जि भवन्ति, वेणुदण्डस्तु सर्वेष्वपि पर्वस्थानेषु भावभागपि पर्वान्तरसंबन्धेन पर्वान्तरसंबन्धाभावादभावभाग्भवति तथा निरवधित्रिकालावस्थायिनो जीवद्रव्यस्यैकस्य क्रमवृत्तयोऽनेके मनुष्यत्वादिपर्याया आत्मीयात्मीयप्रमाणावच्छिन्नत्वात् पर्यायान्तरमगच्छन्तः स्वस्थानेषु भावभाजः परस्थानेष्वभावभाजो भवन्ति, जीवद्रव्यं तु सर्वपर्यायस्थानेषु भावभागपि पर्यायान्तरसंबन्धेन पर्यायान्तरसंबन्धाभावादभावभाग्भवति ॥ १९ ॥**

**અનુવાદ :** અહીં સત્‌નો અવિનાશ અને અસત્‌નો અનુત્પાદ ધ્રુવતાના પક્ષથી કહ્યો છે (અર્થાત્ ધ્રુવતાની અપેક્ષાએ સત્‌નો વિનાશ કે અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ આ ગાથામાં કહ્યું છે.)

જો ખરેખર જે જીવ મરે છે તે જ જન્મે છે, જે જીવ જન્મે છે તે જ મરે છે, તો એ રીતે સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી એમ નક્કી થાય છે. અને 'દેવ જન્મે છે ને મનુષ્ય મરે છે' એમ જે કહેવામાં આવે છે તે (પણ) અવિરુદ્ધ છે કારણ કે મર્યાદિત કાળના દેવત્વપર્યાય અને મનુષ્યત્વપર્યાયને રચનારાં દેવગતિનામકર્મ અને મનુષ્યગતિનામકર્મ માત્ર તેટલા કાળ પૂરતાં જ હોય છે. જેવી રીતે મોટા એક વાંસનાં ક્રમવર્તી અનેક પર્વો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્વમાં નહિ જતાં થકાં પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળાં (વિદ્યમાન) છે અને પર સ્થાનોમાં અભાવવાળાં (અવિદ્યમાન) છે તથા વાંસ તો બધાંય પર્વસ્થાનોમાં ભાવવાળો હોવા છતાં અન્ય પર્વના સંબંધ વડે અન્ય પર્વના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળો (પણ) છે; તેવી રીતે નિરવધિ ત્રણે કાળે ટકનારા એક જીવદ્રવ્યના ક્રમવર્તી અનેક મનુષ્યત્વાદિપર્યાયો પોતપોતાના માપમાં મર્યાદિત હોવાથી અન્ય પર્યાયમાં નહિ જતા થકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પોતપોતાનાં સ્થાનોમાં ભાવવાળા છે અને પર સ્થાનોમાં અભાવવાળા છે તથા જીવદ્રવ્ય તો સર્વપર્યાયસ્થાનોમાં ભાવવાળું હોવા છતાં અન્ય પર્યાયના સંબધ વડે અન્ય પર્યાયના સંબંધનો અભાવ હોવાથી અભાવવાળું (પણ) છે. ૧૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧ સોમવાર]

**અર્થ :** ઉપર કહ્યા પ્રમાણે સ્વાભાવિક અવિનાશી સ્વભાવનો નાશ થતો નથી અને જે સ્વાભાવિક જીવભાવ નથી એનું ઊપજવું થતું નથી. આવું જીવનું સ્વરૂપ છે તે પ્રથમ જાણવું. આત્મા સ્વર્ગ-નરકમાં જાય તો પણ જીવસ્વભાવનો નાશ થતો નથી, તે તો એવો ને એવો શુદ્ધ રહે છે. અને જીવને મનુષ્ય–દેવાદિ નામથી કહેવામાં આવે છે તે ગતિનામકર્મની વિપાક અવસ્થાથી ઉત્પન્ન થયેલ કર્મની અપેક્ષાએ કહેવાય છે. એટલે કે જીવની પર્યાયમાં વિકારભાવ છે તેમાં કર્મનું નિમિત્ત છે પણ કર્મથી વિકાર થાય છે–એમ નથી.

**ભાવાર્થ :** જીવદ્રવ્યનું કથન બે પ્રકારથી કરવામાં આવે છે. એક તો ઉત્પાદ-વ્યયની મુખ્યતાથી અને બીજું ધ્રુવભાવની મુખ્યતાથી. એ બન્ને કથનોમાંથી ધ્રુવભાવની મુખ્યતાથી કથન કરવામાં આવે તો એમ કહેવાય છે કે જે જીવદ્રવ્ય મરે છે તે જ જીવદ્રવ્ય ઊપજે છે. અને જે ઊપજે છે તે જ મરે છે. બીજો કોઈ મરે છે કે બીજો કોઈ ઊપજે છે એમ નથી. એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ધ્રુવની અપેક્ષાએ ઊપજે છે અને વિણસે છે એમ કહી શકાય નહિ પણ પર્યાયનય અપેક્ષાએ વાત કરીને એનો એ જીવ મરે છે અને એનો એ જીવ ઊપજે છે એમ વ્યવહારનયથી કથન કરીને ધ્રુવપણું બતાવ્યું છે.

જો ઉત્પાદ–વ્યયની અપેક્ષાએ જીવદ્રવ્યનું કથન કરવામાં આવે તો બીજો ઊપજે છે અને બીજો વિણસે છે. આ કથન ગતિનામકર્મના નિમિત્તનું છે. જેમ કે મનુષ્યપર્યાયનો વ્યય થાય છે અને દેવપર્યાય ઉત્પન્ન થાય છે. આ કથન કર્મના નિમિત્તે આત્મામાં થતી વિભાવપર્યાયની અપેક્ષાએ બરાબર છે. એમાં વિરોધ આવતો નથી. આ ઉપરથી એમ સિદ્ધ થયું કે ધ્રુવપણાની અપેક્ષાએ જે જીવ મરે છે તે જ જીવ ઉત્પન્ન થાય છે અને ઉત્પાદ–વ્યયની અપેક્ષાએ બીજો જીવ મરે છે અને બીજો જીવ ઊપજે છે. પર્યાયદૃષ્ટિએ ભવ બદલતાં બધું બદલી જાય છે માટે નવો જીવ ઊપજે છે એમ કહેવાય છે. આ વાતને દૃષ્ટાંતથી સમજાવે છે.

એક મોટો વાંસ છે. તેમાં ક્રમથી ઘણી પૌરી (ગાંઠ) છે. હવે એ વાંસનો બે પ્રકારથી વિચાર કરવામાં આવે તો એ વાંસની સિદ્ધિ થાય છે. (૧) એક તો સામાન્ય પ્રકારથી વાંસનું કથન છે (૨) બીજું વિશેષરૂપ પૌરીનું કથન છે. જ્યારે પૌરીનું કથન કરવામાં આવે ત્યારે જેટલી ગાંઠ છે તે બધી પોતપોતાના સ્વરૂપે છે. એક ગાંઠથી બીજી ગાંઠ જુદી છે, બીજી ગાંઠથી મળતી નથી—બધી ન્યારી ન્યારી છે, પણ વાંસ તો એ બધામાં એક છે.

તે પૌરીઓથી જુદા વાંસનો વિચાર કરવામાં આવે તો એક પૌરીમાં આખો વાંસ આવે નહિ. જે જે પૌરીનો વાંસ કહેવામાં આવે તે પૌરીનો વાંસ કહેવાય છે. પર્યાયદૃષ્ટિએ વાંસનો વિચાર કરતાં વાંસ અનેક છે અને સામાન્યની અપેક્ષાએ વાંસ એક છે, એટલે વાંસ પૌરીની અપેક્ષાએ અનેક છે અને વાંસ સામાન્ય અપેક્ષાએ એક છે. આ દૃષ્ટાંત થયું.

એ રીતે જીવદ્રવ્ય ત્રિકાળી અવિનાશી એક છે તેમાં ક્રમવર્તી ગાંઠની માફક દેવ, મનુષ્યાદિ અનેક પર્યાયો છે. બધા ભવ એકસાથે હોતા નથી, પણ ક્રમવર્તી છે. તે ભવો પોતપોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળે હોય છે. કોઈ પર્યાય કોઈ પર્યાય સાથે મળતી નથી. કોઈ ભવ ત્રિકાળ રહી શકે નહિ. કોઈ કહે કે પહાડની ગુફામાં યોગીઓ સમાધિ ચડાવીને અમર થયા છે, લાખો વર્ષથી મનુષ્યદેહે છે તો તે વાત ખોટી છે કેમકે પર્યાયદૃષ્ટિએ આત્મા જુદો જુદો છે, એકરૂપે નથી. પર્યાયદૃષ્ટિએ કથન કરવામાં આવે તો એકરૂપ જીવભાવનું કથન થતું નથી, પર્યાયદૃષ્ટિએ આત્મા ઊપજ્યો–વિણસ્યો કહેવાય છે અને દ્રવ્યદૃષ્ટિએ એનો એ આત્મા છે. પર્યાયની અપેક્ષા ન લેવામાં આવે તો જીવદ્રવ્ય ત્રિકાળ અભેદસ્વરૂપ એક છે એમ કહેવામાં આવે છે. એથી એમ સિદ્ધ થયું કે આત્મા પોતે પોતાના નિજ ભાવથી સદા ટંકોત્કીર્ણ એકસ્વરૂપ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ નિત્ય નથી. ભવ પલટી જાય છે. એ રીતે અનેક ભવની અપેક્ષાએ આત્માને અનેક પણ કહેવાય છે અને અન્ય પર્યાયની અપેક્ષાએ પણ અન્ય કહેવાય છે. દ્રવ્યની અપેક્ષાએ સત્‌નો નાશ થતો નથી અને અસત્‌નો ઉત્પાદ થતો નથી.

આત્મા એક વસ્તુ છે. વસ્તુદૃષ્ટિએ આત્માનો કદી નાશ થતો નથી અને આત્મા ન હોય તો નવો ઉત્પન્ન થતો નથી, કેમકે જે નથી તેનો ઉત્પાદ થાય નહીં. પર્યાય અપેક્ષાએ આત્મા જૂના જૂના ભવથી નાશ થાય છે અને નવા નવા ભવથી ઉત્પન્ન થાય છે. ત્રિકાળી એકરૂપ રહેવું અને ભવોમાં અનેકરૂપ થવું તે બન્ને પોતાથી છે. પરથી નથી. ભવમાં અનેકરૂપે થાય છે તેમાં નામકર્મનું નિમિત્ત છે. માટે એની વાત કરી છે પણ તે નામકર્મના કારણે ભવમાં અનેકરૂપતાને ધારણ કરે છે એમ નથી. આ રીતે જડથી ભેદજ્ઞાન કરે અને દ્રવ્યદૃષ્ટિ કરી પર્યાયદૃષ્ટિ છોડે તો તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે અને તે જ ધર્મ છે.

આવો દ્રવ્યપર્યાય યથાર્થ નિર્ણય થયો તેના ભવનો ક્રમ રહેતો નથી. ભવની પર્યાય મારાથી છે, કર્મથી નથી—એવું અનેકાંતનું યથાર્થ જ્ઞાન કરનાર આત્મા એકરૂપ છે. એનો નિર્ણય થાય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય, તેને ભવનું ભ્રમણ રહે નહીં. તેને અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે તે વાત હવે ગાથા ૨૦મીમાં કહેશે.

---

**णाणावरणादीया भावा जीवेण सुट्ठु अणुबद्धा ।**
**तेसिमभावं किच्चा अभूदपुव्वो हवदि सिद्धो ॥ २० ॥**

**ज्ञानावरणाद्या भावा जीवेन सुष्ठु अनुबद्धाः ।**
**तेषामभावं कृत्वाऽभूतपूर्वो भवति सिद्धः ॥ २० ॥**

**જ્ઞાનાવરણ ઈત્યાદિ ભાવો જીવ સહ અનુબદ્ધ છે;**
**તેનો કરીને નાશ, પામે જીવ સિદ્ધિ અપૂર્વને. ૨૦**

**અન્વયાર્થ** : [ज्ञानावरणाद्याः भावाः] જ્ઞાનાવરણાદિ ભાવો [जीवेन] જીવ સાથે [सुष्ठु] સારી રીતે [अनुबद्धाः] અનુબદ્ધ છે; [तेषाम् अभावं कृत्वा] તેમનો અભાવ કરીને તે [अभूतपूर्वः सिद्धः] અભૂતપૂર્વ સિદ્ધ [भवति] થાય છે.

---

**तात्पर्यवृत्ति** : एवं बौद्धमतनिराकरणार्थमेकसूत्रगाथा प्रथमस्थले पूर्वं भणिता, तस्या विवरणार्थं द्वितीयस्थले गाथाचतुष्टयं गतम् । अथ यद्यपि शुद्धद्रव्यार्थिकनयेन सर्वदैव शुद्धरूपस्तिष्ठति तथापि पर्यायार्थिकनयेन सिद्धस्यासदुत्पादो भवतीत्यावेदयति, अथवा यदा मनुष्यपर्याये विनष्टे देवपर्याये जाते स एव जीवस्तथा मिथ्यात्वरागादिपरिणामाभावात् संसारपर्यायाविनाशे सिद्धपर्याये जाते सति जीवत्वेन

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विनाशो नास्त्युभयत्र स एव जीव इति दर्शयति, अथवा परस्परसापेक्षद्रव्यार्थिकपर्यायार्थिकनयद्वयेन पूर्वोक्तप्रकारेणानेकान्तात्मकं तत्त्वं प्रतिपाद्य पश्चात्संसारावस्थायां ज्ञानावरणादिरूपबन्धकारणभूतं मिथ्यात्व-रागादिपरिणामं त्यक्त्वा शुद्धभावपरिणमनान्मोक्षं च कथयतीति पातनिकात्रयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयतिः-**णाणावरणादीया भावा जीवेण सुट्ठु अणुबद्धा** ज्ञानावरणादिभावा द्रव्यकर्मपर्यायाः संसारजीवेन सुष्ठु संश्लेषरूपेणानादिसंतानेन बद्धास्तिष्ठन्ति तावत् **तेसिमभावं किच्चा अभूदपुव्वो हवदि सिद्धो** यदा कालादिलब्धिवशाद्भेदाभेदरत्नत्रयात्मकं व्यवहारनिश्चयमोक्षमार्गं लभते तदा तेषां ज्ञानावरणादिभावानां द्रव्यभावकर्मरूपपर्यायाणामभावं विनाशं कृत्वा पर्यायार्थिकनयेनाभूतपूर्वसिद्धो भवति द्रव्यार्थिकनयेन पूर्वमेव सिद्धरूप इति वार्तिकं। तथाहि—यथैको महान् वेणुदण्डः पूर्वार्धभागे विचित्रचित्रेण खचितः शबलितो मिश्रितः तिष्ठति तस्मादूर्ध्वार्द्धभागे विचित्रचित्राभावाच्छुद्ध एव तिष्ठति तत्र यदा कोपि देवदत्तो दृष्ट्यावलोकनं करोति तदा भ्रान्तिज्ञानवशेन विचित्रचित्रवशादशुद्धत्वं ज्ञात्वा तस्मादुत्तरार्ध-भागेप्यशुद्धत्वं मन्यते तथायं जीवः संसारावस्थायां मिथ्यात्वरागादिविभावपरिणामवशेन व्यवहारे-णाशुद्धस्तिष्ठति शुद्धद्रव्यार्थिकनयेनाभ्यन्तरे केवलज्ञानादिस्वरूपेण शुद्ध एव तिष्ठति। यदा रागादि-परिणामाविष्टः सन् सविकल्परूपेन्द्रियज्ञानेन विचारं करोति तदा यथा बहिर्भागे रागाद्याविष्टमात्मानमशुद्धं पश्यति तथाभ्यन्तरेपि केवलज्ञानादिस्वरूपेप्यशुद्धत्वं मन्यते भ्रान्तिज्ञानेन। यथा वेणुदण्डे विचित्रचित्र-मिश्रितत्वं भ्रान्तिज्ञानकारणं तथात्र जीवे मिथ्यात्वरागादिरूपं भ्रान्तिज्ञानकारणं भवति। यथा वेणुदण्डो विचित्रचित्रप्रक्षालने कृते शुद्धो भवति तथायं जीवोपि यदा गुरूणां पार्श्वे शुद्धात्मस्वरूपप्रकाशकं परमागमं जानाति। कीदृशमिति चेत्। ''एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः। बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वदा'' इत्यादि। तथैव च देहात्मनोरत्यन्तभेदो भिन्नलक्षणलक्षित-त्वाज्जलानलादिवदित्यनुमानज्ञानं जानाति तथैव च वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानं जानाति। तदित्थं-भूतागमानुमानस्वसंवेदनप्रत्यक्षज्ञानात् शुद्धो भवति। अत्राभूतपूर्वसिद्धत्वरूपं शुद्धजीवास्तिकायाभिधानं शुद्धात्मद्रव्यमुपादेयमिति तात्पर्यार्थः ॥ २० ॥

**समयव्याख्या : अत्रात्यन्तासदुत्पादत्वं सिद्धस्य निषिद्धम्। यथा स्तोककालान्वयिषु नामकर्म-विशेषोदयनिर्वृत्तेषु जीवस्य देवादिपर्यायेष्वेकस्मिन् स्वकारणनिवृत्तौ निवृत्तेऽभूतपूर्वे एव चान्यस्मिन्नुत्पन्ने नासदुत्पत्तिः, तथा दीर्घकालान्वयिनि ज्ञानावरणादिकर्मसामान्योदयनिर्वृत्तिसंसारित्वपर्याये भव्यस्य स्वकारणनिवृत्तौ निवृत्ते समुत्पन्ने चाभूतपूर्वे सिद्धत्वपर्याये नासदुत्पत्तिरिति। किं च – यथा द्राघीयसि वेणुदण्डे व्यवहिताव्यवहितविचित्रचित्रकिर्मीरताखचिताधस्तनार्धभागे एकान्तव्यवहितसुविशुद्धोर्ध्वार्ध-भागेऽवतारिता दृष्टिः समन्ततो विचित्रचित्रकिर्मीरताव्याप्तिं पश्यन्ती समनुमिनोति तस्य सर्वत्राविशुद्धत्वं तथा क्वचिदपि जीवद्रव्ये व्यवहिताव्यवहितज्ञानावरणादिकर्मकिर्मीरताखचितबहुतराधस्तनभागे एकान्त-व्यवहितसुविशुद्धबहुतरोर्ध्वभागेऽवतारिता बुद्धिः समन्ततो ज्ञानावरणादिकर्मकिर्मीरताव्याप्तिं व्यवस्यन्ती समनुमिनोति तस्य सर्वत्राविशुद्धत्वम्। यथा च तत्र वेणुदण्डे व्याप्तिज्ञानाभासनिबन्धन- विचित्र-चित्रकिर्मीरतान्वयः, तथा च क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वयः। यथैव च तत्र वेणुदण्डे विचित्रचित्रकिर्मीरतान्वयाभावात्सुविशुद्धत्वं, तथैव च क्वचिज्जीवद्रव्ये ज्ञानावरणादिकर्मकिर्मीरतान्वया-भावादाप्तागमसम्यगनुमानातीन्द्रियज्ञानपरिच्छिन्नात्सिद्धत्वमिति ॥ २० ॥**

અનુવાદ : અહીં સિદ્ધને અત્યંત અસત્‌-ઉત્પાદનો નિષેધ કર્યો છે. (અર્થાત્ સિદ્ધપણું થતાં સર્વથા અસત્‌નો ઉત્પાદ થતો નથી એમ કહ્યું છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેમ થોડા કાળ સુધી અન્વયરૂપે (સાથે સાથે) રહેનારા, નામકર્મવિશેષના ઉદયથી રચાતા જે દેવાદિપર્યાયો તેમાંથી જીવને એક પર્યાય સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત્ત થાય અને બીજો કોઈ અભૂતપૂર્વ પર્યાય જ ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી; તેમ દીર્ઘ કાળ સુધી અન્વયરૂપે રહેનારો, જ્ઞાનાવરણાદિકર્મસામાન્યના ઉદયથી રચાતો સંસારિત્વપર્યાય ભવ્યને સ્વકારણની નિવૃત્તિ થતાં નિવૃત્ત થાય અને અભૂતપૂર્વ (પૂર્વે નહિ થયેલો એવો) સિદ્ધત્વપર્યાય ઉત્પન્ન થાય, ત્યાં અસત્‌ની ઉત્પત્તિ નથી.**

**વળી (વિશેષ સમજાવવામાં આવે છે) :**

**જેવી રીતે જેનો વિચિત્ર ચિત્રોથી ચિત્રવિચિત્ર નીચેનો અર્ધ ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો હોય તથા સુવિશુદ્ધ (અચિત્રિત) ઊંચેનો અર્ધ ભાગ એકલો ઢંકાયેલો જ હોય એવા બહુ લાંબા વાંસ પર દૃષ્ટિ મૂકતાં, તે દૃષ્ટિ સર્વત્ર વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે વાંસ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય રંગબેરંગી છે)' એમ અનુમાન કરે છે, તેવી રીતે જેનો જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલ ચિત્રવિચિત્રતાયુક્ત (વિવિધ વિભાવપર્યાયવાળો), ઘણો મોટો નીચેનો ભાગ કેટલોક ઢંકાયેલો અને કેટલોક અણઢંકાયેલો છે તથા સુવિશુદ્ધ (સિદ્ધપર્યાયવાળો), ઘણો મોટો ઊંચેનો ભાગ એકલો ઢંકાયેલો જ છે એવા કોઈ જીવદ્રવ્યમાં બુદ્ધિ લગાડતાં, તે બુદ્ધિ સર્વત્ર જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાની વ્યાપ્તિનો નિર્ણય કરતી થકી 'તે જીવ સર્વત્ર અવિશુદ્ધ છે (અર્થાત્ આખોય સંસારપર્યાયવાળો છે)' એમ અનુમાન કરે છે. વળી જેમ તે વાંસમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય (સંતતિ, પ્રવાહ) છે, તેમ તે જીવદ્રવ્યમાં વ્યાપ્તિજ્ઞાનાભાસનું કારણ (નીચેના ખુલ્લા ભાગમાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાનો અન્વય છે. વળી જેમ તે વાંસમાં (ઉપરના ભાગમાં) સુવિશુદ્ધપણું છે કારણ કે (ત્યાં) વિચિત્ર ચિત્રોથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે, તેમ તે જીવદ્રવ્યમાં (ઉપરના ભાગમાં) સિદ્ધપણું છે કારણ કે (ત્યાં) જ્ઞાનાવરણાદિ કર્મથી થયેલા ચિત્રવિચિત્રપણાના અન્વયનો અભાવ છે કે જે અભાવ, આપ્ત-આગમના જ્ઞાનથી, સમ્યક્ અનુમાનજ્ઞાનથી અને અતીંદ્રિય જ્ઞાનથી જણાય છે.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૨ મંગળવાર]

હવે સર્વથા પ્રકારથી સંસારપર્યાયના અભાવસ્વરૂપ સિદ્ધપર્યાયને બતાવે છે. સિદ્ધ પદનું વર્ણન કરે છે.

**અર્થ :** જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારની કર્મપર્યાય જે છે તેણે સંસારીજીવને **અનાદિ કાળથી રાગ–દ્વેષ–મોહના વશથી ભલીભાંતિ અતિશય ગાઢ બંધને બાંધેલ છે.** આત્મા વસ્તુ છે તે અનાદિથી દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ જ છે, પણ પર્યાયમાં અશુદ્ધતા છે. અનાદિથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના નિમિત્તે પોતે રાગ–દ્વેષ–મોહને વશ થયેલો છે માટે વ્યવહારે જડકર્મથી બધાયેલો છે એમ કહેવાય છે અને પોતાની પર્યાયથી બંધાયેલો છે તે અશુદ્ધ નિશ્ચયનયનું કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા જડકર્મથી ગાઢ બંધને બંધાયેલો છે એમ કહેલ છે. ખરેખર જડનો પર્યાય આત્માને બાંધતો નથી. અજ્ઞાનભાવ પોતે કરે છે માટે વ્યવહારથી જડકર્મથી બંધાયો છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેલ છે.

એ આઠે કર્મોનો મૂળસત્તાથી નાશ કરવામાં આવે તો અનાદિકાળથી કોઈ પણ કાળમાં પ્રાપ્ત નહિ થયેલ એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. જડકર્મોનો નાશ કરવો તે આત્માના હાથની વાત નથી, પણ આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરે તો રાગ–દ્વેષ–મોહનો નાશ થાય છે. એટલે કર્મોનો નાશ કર્યો એમ કહેવાય છે. કર્મોનો નાશ થવામાં રાગ–દ્વેષનો અભાવ તે નિમિત્ત છે. રાગ–દ્વેષ તે નિમિત્ત છે અને કર્મ તે નૈમિત્તિક છે. આત્મા રાગ કરે તો જડ કર્મને નિમિત્ત કહેવાય છે એટલે વિકારીપર્યાય તે નૈમિત્તિક છે અને જડ કર્મ તે નિમિત્ત છે. નિમિત્ત જ નથી એમ કોઈ માનતું હોય તો તે વાત ખોટી છે. વળી નિમિત્ત છે માટે રાગ દ્વેષ થાય છે એમ પણ નથી અને રાગ-દ્વેષ થાય છે માટે નવાં કર્મને બંધાવું પડે છે એમ પણ નથી. કર્મની પર્યાય કર્મના કારણે થાય છે. રાગની પર્યાય રાગના કારણે થાય છે.

આત્મા ત્રિકાળી શુદ્ધ ચિદાનંદ છે. નિમિત્ત પર છે, અને રાગ થાય છે તેટલો હું નહિ, હું અનાદિથી શુદ્ધ છું એવી દૃષ્ટિ થઈ અને તે એમાં લીનતા થતાં મિથ્યાત્વ–રાગાદિનો અભાવ થાય છે. અને રાગનો નાશ થતાં કર્મનો પણ નાશ થાય છે. નવું કર્મ એના કારણે બંધાતું નથી. રાગ–દ્વેષનો અભાવ થતાં અનાદિથી જે ન હતું એવું સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. પર્યાયદૃષ્ટિએ સિદ્ધપદ નવું થાય છે. આ ગાથામાં ચાર બોલ કહે છે :

(૧) દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં સિદ્ધપદ અનાદિ અનંત છે.

(૨) પર્યાયદૃષ્ટિએ આત્મામાં કદી નહીં થયેલ એવી નવી સિદ્ધપર્યાય થાય છે.

(૩) દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં સંસાર છે જ નહિ.

(૪) પર્યાયદૃષ્ટિએ આત્મામાં સંસાર અનાદિનો છે, નવો નથી.

**ભાવાર્થ** : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી નય બે પ્રકારના છે. તે બે નયથી વસ્તુનું સ્વરૂપ બતાવે છે.

દ્રવ્યાર્થિકનયની વિવક્ષા કરવામાં આવે તો જીવદ્રવ્ય સદા અવિનાશી, ટંકોત્કીર્ણ, સંસારપર્યાય હોવા છતાં પણ ઉત્પાદ–નાશથી રહિત સિદ્ધસમાન છે. વસ્તુદૃષ્ટિએ આત્મા સંસારના નાશ અને સિદ્ધપર્યાયના ઉત્પાદરહિત એકરૂપ સિદ્ધસમાન છે. આત્મા જ્ઞાયક, ત્રિકાળ જાણનાર–દેખનાર છે. તેમાં સંસારનો નાશ અને સિદ્ધનો ઉત્પાદ એવા ભેદો પર્યાયદૃષ્ટિએ છે. દ્રવ્યદૃષ્ટિએ તે ભેદો નથી. સમયસાર નાટકમાં કહ્યું છે કે :

**ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધસમાન સદા પદ મેરો.**

સિદ્ધપદ અનાદિથી આત્મામાં છે. **આવી શ્રદ્ધા કરે ત્યારે નિમિત્ત હોય છે.** પણ પોતાની પર્યાય પોતાથી થાય છે. વસ્તુ તો જેવી ને તેવી છે—એવી દૃષ્ટિ કરે અને તેમાં લીનતા કરે તો સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. ક્રિયાકાંડથી તે પ્રગટ થતી નથી.

પર્યાયાર્થિકનયની વિવક્ષાથી જીવદ્રવ્ય જ્યારે દેવ–મનુષ્યાદિ પર્યાયને ધારણ કરે છે ત્યારે જીવદ્રવ્ય એ અવસ્થારૂપ પરિણમતો થકો ઉત્પાદ-નાશ અવસ્થાને ધારણ કરે છે. તે અવસ્થારૂપે આત્મા પોતે થાય છે, પરના કારણે કે પરથી થતો નથી. જેમ સોનામાં કડાં–કુંડળાદિની અવસ્થા થાય છે, તે રૂપે સોનું થાય છે, સોનીથી એ અવસ્થા થઈ નથી. સોનીથી થઈ એમ માને તો અવસ્થાદૃષ્ટિને તે માનતો નથી. **તેમ આત્માની અવસ્થા નિમિત્તથી કે કર્મથી થઈ એમ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**માનવામાં આવે તો પર્યાયદૃષ્ટિએ આત્મા તે પર્યાયરૂપ થાય છે એ વાત રહેતી નથી. પણ કર્મ તો નિમિત્તમાત્ર છે, આત્મા પોતે તે પર્યાયરૂપ થાય છે એમ માને તો પર્યાયદૃષ્ટિએ જીવાસ્તિકાયનું બરાબર જ્ઞાન કર્યું કહેવાય.** આમ દ્રવ્યદૃષ્ટિ તથા પર્યાયદૃષ્ટિનો વિલાસ છે.

જુઓ, અહીં એમ સિદ્ધ કરે છે કે સંસારી પર્યાય નવી નથી. પર્યાયદૃષ્ટિએ સંસાર અનાદિનો છે. વસ્તુદૃષ્ટિએ આત્મામાં સંસાર ત્રિકાળ નથી. આત્મા પોતાના જ્ઞાતાસ્વભાવને ચૂકીને, દયા, દાન, કામ, ક્રોધાદિના પરિણામ તે હું છું—એમ પર્યાયબુદ્ધિ કરીને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો સંબંધ કરે છે ત્યારે વ્યવહારથી જ્ઞાનાવરણીયાદિકર્મોના સંબંધથી સંસાર છે એમ કહેવાય છે. નિશ્ચયથી પોતે જે પ્રકારની પર્યાય કરે છે તે નૈમિત્તિક છે અને તેમાં જડકર્મ નિમિત્ત છે. નવાં કર્મોનો બંધ પડે તે નૈમિત્તિક છે અને આત્માના રાગાદિના પરિણામ તે તેમાં નિમિત્ત છે. આવો નિમિત્ત–નૈમિત્તિકભાવ અનાદિનો છે પણ કર્મના કારણે સંસાર છે એવો તેનો અર્થ નથી. વિકારમાં કર્મ નિમિત્ત છે તે નવું નથી. તે સંબંધ એક વાર તૂટ્યો તો ફરી થતો નથી–એ અહીં સિદ્ધ કરે છે. **પર્યાયદૃષ્ટિથી વિકારી ભાવ અનાદિનો છે. દ્રવ્યસ્વભાવમાં વિકાર ત્રિકાળ નથી.**

ભવ્ય જીવ કાળલબ્ધિને પામીને, સમ્યગ્દર્શનાદિ મોક્ષની સામગ્રી મેળવીને જોકે સિદ્ધપર્યાય નવી પામે છે તોપણ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સિદ્ધપદ નવું નથી, અનાદિ–અનંત આત્માનો **સિદ્ધ સ્વભાવ જ છે. પોતાની પર્યાયની લાયકાત તે કાળલબ્ધિ છે. આત્મામાં અંતર્દૃષ્ટિ થઈ અને પર્યાયમાં જે કાર્ય થયું તે સમ્યગ્દર્શનાદિની અંતરસામગ્રી મોક્ષમાર્ગ છે. તે દ્વારા મોક્ષ થાય છે. ભવ્યજીવને જ મોક્ષની પ્રાપ્તિ હોય છે,** અભવ્યને હોતી નથી. અંતર્દૃષ્ટિથી જ્ઞાન અને રમણતા કરતાં સિદ્ધદશા પ્રગટ થાય છે. પર્યાયદૃષ્ટિએ સિદ્ધદશા નવી થાય છે, પણ દ્રવ્યદૃષ્ટિએ સિદ્ધપદ નવું નથી કેમ કે આત્મા દ્રવ્યદૃષ્ટિએ સદા સિદ્ધ સમાન છે. જ્ઞાનસ્વરૂપી આત્મા છે. જેમ મીઠું ખારાશથી ભરેલું છે, તેમ આત્મા જ્ઞાનથી ભરેલો છે. પરની ક્રિયા તો આત્મા કરી શકતો નથી પણ પર્યાયમાં રાગાદિ કરવા તે કાર્ય પણ આત્માનું નથી. આત્માનું કર્તવ્ય તો જ્ઞાન કરવું તે છે.

સોનાની પર્યાય કુંડળ મટીને કડારૂપે થાય છે તે પર્યાયદૃષ્ટિએ કડાની પર્યાય નવીન છે પણ સોનાની અપેક્ષાએ તે નવું નથી. આત્મામાં અનાદિકાળથી કર્મના નિમિત્તે વિકારી ભાવ છે, તે નવો નથી. આ રીતે પર્યાયદૃષ્ટિએ અનાદિથી અનંતભવો કર્યા છે. કોઈ ભવ નવા નથી. અહો ! આ જીવને શાંતિ ક્યાંથી થાય ? કોણ શરણભૂત છે ? અહો ! શાંતિ તો ચિદાનંદમાં છે તેની તો ખબર નથી. શરીરમાં અને પરમાં એકત્વબુદ્ધિ વર્તે છે, તેને સંસાર પર્યાયદૃષ્ટિએ અનાદિનો છે. દેવગતિમાં જાય તો ત્યાં પણ એકત્વબુદ્ધિ કરે છે. માણસ થાય, જ્ઞાનનો ઉઘાડ પણ હોય, છતાં સંસારની રુચિમાં આ સત્ય તત્ત્વની વાત સાંભળવા પણ નવરો થાય નહિ તો તે ચોરાશીમાં રખડવાની સજાને પાત્ર બને છે. પરાધીનદૃષ્ટિ હોવાથી પર્યાયની સ્વતંત્રતાને કબૂલતો નથી. **શરીરમાં વ્યાધિ થાય છે ત્યારે બહારની સામગ્રી હોવા છતાં તે સામગ્રી શાંતિ આપી શકતી નથી, કેમકે શાંતિ પરમાં નથી પણ આત્મામાં છે એમ કબૂલતો નથી. તેને પર્યાયદૃષ્ટિએ સંસાર અનાદિનો છે, દ્રવ્યદૃષ્ટિએ સંસાર છે જ નહિ.**

થોડી સ્થિતિવાળી દેવાદિકની પર્યાય નામકર્મના ઉદયે પ્રાપ્ત થાય છે. એમાં કોઈ એક પર્યાય જીવની અશુદ્ધતાના કારણે ઉત્પન્ન થવા છતાં પણ તે નવી પર્યાય કહેવાતી નથી, કેમકે સંસારી જીવને અશુદ્ધપર્યાયોની પરંપરા ચાલી આવે છે. જો પહેલાં ન હોય ને નવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તો નવીન કહેવાય, પણ એમ તો નથી. મનુષ્યમાંથી દેવપર્યાય અશુદ્ધતાના કારણે નવી થાય છે, પણ અનાદિ સંસારી જીવની પર્યાયની અપેક્ષાએ તે નવી નથી. અહીં સમયે સમયે જૂની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ થાય છે એ વાત નથી. અહીં તો નવો વિકાર કરવા છતાં અનાદિની અપેક્ષાએ તે નવો નથી એમ કહેવું છે.

દેવ, મનુષ્ય, નારકી, તિર્યંચાદિના ભવો વિકારીભાવના કારણે નવા નવા થવા છતાં અનાદિ પ્રવાહમાં એ વિકારીભાવ પર્યાયદ્રષ્ટિએ પહેલાં ન હતો ને નવો થયો છે એમ નથી. માટે પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ કર. **દ્રવ્યદ્રષ્ટિએ આત્મા ત્રિકાળ એકરૂપ છે અને પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાયદ્રષ્ટિએ નવો નથી અને આત્મામાં જે સિદ્ધ દશા પ્રગટ થાય છે તે દ્રવ્યદ્રષ્ટિએ નવી નથી.** આત્મા ચિદાનંદ એકરૂપ છે, પુણ્ય–પાપ રહિત ટંકોત્કીર્ણ, જ્ઞાનાનંદમૂર્તિ છે. એની અંતર્દ્રષ્ટિ કરી જ્ઞાનમાં લીનતા કરે તો સિદ્ધપદ નવું પ્રગટ થાય છે છતાં દ્રવ્યદ્રષ્ટિએ એ પદ ત્રિકાળ છે, નવું નથી.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૩ બુધવાર]

અનાદિ અનંત પંચાસ્તિકાય પદાર્થ છે. જેને કલ્યાણ કરવું હોય તેણે જીવ પદાર્થને જાણવો જોઈએ. જીવનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ નિત્ય છે અને વિકાર અનિત્ય છે. તે વિકાર ટળી જાય તો મોક્ષમાર્ગ થાય અને આત્મામાં શાંતિ અને સુખ થાય. એ માટે વર્ણન કરવામાં આવ્યું છે.

જીવ વસ્તુ છે. તેને અવસ્થાદ્રષ્ટિએ અશુદ્ધતાના કારણે નવો દેહ મળે છે. અવસ્થાદ્રષ્ટિ ન કરે અને ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ કરે તો સિદ્ધસ્વરૂપી આત્મા ત્રિકાળ છે, અને પર્યાયદ્રષ્ટિએ સિદ્ધદશા નવી છે. **આ આત્માના સુખની વાત રુચિપૂર્વક સાંભળે નહિ એટલે યાદ રહે નહિ. પણ સંસારની વાત હોય તો બધી યાદ રહે. એનું કારણ એ છે કે તેની સંસારની રુચિ છે અને આત્માની રુચિ નથી.**

આત્માને બે દ્રષ્ટિએ જોવો જોઈએ. શરીર, વાણી, મન આદિ પરપદાર્થો તો આત્મામાં છે જ નહિ, એટલે તેની વાત શું કરવી ? વળી જડકર્મના કારણે પણ ચારગતિમાં પરિભ્રમણ નથી માટે તેની પણ વાત નથી. પણ **પર્યાય અપેક્ષાએ આત્માની અશુદ્ધતાના કારણે નવો નવો ભવ થવા છતાં પ્રવાહરૂપે તે અનાદિનો છે, નવો નથી. સાંકળમાં એક પછી એક અંકોડા કડીબંધ ચાલ્યા આવે છે, તેમાં કોઈ અંકોડો નવો નથી. એ કડીબંધ અંકોડામાંથી એક અંકોડો તૂટે તો સળંગ સાંકળ રહેતી નથી.** તેમ આત્મામાં અનાદિથી પ્રવાહરૂપે કડીબંધ અશુદ્ધતા ચાલી આવે છે તે અશુદ્ધતા નવી નથી. દેવ પછી મનુષ્ય અને તિર્યંચ આદિ ભવો ધારાવાહી પ્રવાહરૂપે ચાલ્યા જ આવે છે. એ અશુદ્ધભાવ પ્રવાહરૂપે છે તેમાંથી પ્રવાહ તૂટે તો સંસાર રહે નહિ. જેમ એક રૂની પૂણીમાં બીજી પૂણી સાંધ્યા કરે તેમ સંસારની પૂણી નવી નવી અનાદિથી સાંધ્યા કરે છે માટે અશુદ્ધતા અનાદિની છે.

**આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સિદ્ધપર્યાય નવી થઈ છે એમ નથી પણ શાશ્વત જીવદ્રવ્યમાં આત્મિકભાવરૂપ સિદ્ધપર્યાય સદા સ્થિત છે. સંસાર જેમ પર્યાયાર્થિકનયથી અનાદિનો છે, નવો નથી; તેમ દ્રવ્યાર્થિકનયે સિદ્ધપર્યાય પણ નવી નથી, શાશ્વત છે. સંસારનો નાશ કરીને સિદ્ધપર્યાય નવીન ઉત્પન્ન થાય છે—એ કથન તો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ છે.** આ વાતને ગરમ પાણીના દ્રષ્ટાંતથી સમજાવે છે. કોઈ બોરીંગમાંથી જે ગરમ પાણી નીકળે છે અગર તો પહાડમાંથી કોઈ ગરમ પાણીનો ઝરો વહે છે તેની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧) પર્યાયદૃષ્ટિથી તે પાણી નવું ગરમ થયું નથી, પણ અનાદિનું છે.
(૨) દ્રવ્યદૃષ્ટિથી તે પાણી સ્વભાવથી ત્રિકાળ ગરમ થયું નથી.
(૩) પર્યાયદૃષ્ટિથી તે ગરમ અવસ્થાનો અભાવ થઈ ઠંડી અવસ્થા થાય છે.
(૪) દ્રવ્યદૃષ્ટિથી પાણીનો સ્વભાવ ત્રિકાળ ઠંડો છે.

એ પ્રમાણે આત્મામાં પર્યાયદૃષ્ટિએ અશુદ્ધતા અનાદિની છે. દ્રવ્યદૃષ્ટિએ આત્મા અશુદ્ધ થયો જ નથી. અને પર્યાયદૃષ્ટિએ સિદ્ધપદ નવું થાય છે; દ્રવ્યદૃષ્ટિથી સિદ્ધપદ નવું નથી એમ સમજવું. વળી અહીં વાંસનું દૃષ્ટાંત આપે છે :

એક મોટો વાંસ છે તેના અર્ધભાગમાં ચિતરામણ કરેલું છે. અને અર્ધો ભાગ ચિતરામણ વગરનો સાફ છે. જે અર્ધા ભાગમાં ચિતરામણ નથી એ ભાગને ઢાંકેલો રાખેલ છે અને જે ચીતરેલો ભાગ છે તેને ખુલ્લો રાખેલ છે. હવે જેને આ વાંસના ભેદની ખબર નથી તે અર્ધો ચીતરેલો વાંસ જોઈને આખો ચીતરેલો છે એમ માને છે. કેમકે અર્ધો ચિતરામણ વગરનો વાંસ છે તેની એને ખબર નથી. તેવી રીતે આ જીવપદાર્થ એક ભાગમાં તો અનેક સંસારપર્યાયોથી ચિત્રિત બહુરૂપ છે, અને એક ભાગમાં શુદ્ધ સિદ્ધપર્યાય છે. જે શુદ્ધપર્યાય છે તે તો પ્રત્યક્ષ નથી, એવા જીવદ્રવ્યને અજ્ઞાની જીવ જાણતો નથી. તે સંસારી અશુદ્ધપર્યાયને દેખીને જીવદ્રવ્યને સર્વથા અશુદ્ધ માને છે. અહીં વાંસનું દૃષ્ટાંત આપ્યું છે. તેમાં અર્ધો વાંસ ચિત્રવાળો અને અર્ધો ચિત્ર વગરનો લીધો છે. સિદ્ધાંતમાં એમ નથી. સંસારીપર્યાયનો ભાગ તો સિદ્ધપર્યાયથી અનંતમે ભાગે છે. દૃષ્ટાંતમાં તો માત્ર બે ભાગ જ બતાવવાનું પ્રયોજન છે. કોઈ ભાંડ (બહુરૂપી) કૂતરાનો વેશ લઈને આવે તો ભાંડને નહિ જાણનાર તે કૂતરો જ છે એમ માને છે. એમ જીવ ચારગતિરૂપ સંસારમાં કૂતરા, કાગડા, મનુષ્ય વગેરેના ભવ ધારણ કરે છે. તે માત્ર એક ભાગમાં જ છે—તે વેશ છે, ત્રિકાળી સ્વરૂપ નથી. અજ્ઞાની સંસારપર્યાય જેટલો પોતાને માની બેસે છે પણ અવસ્થાદૃષ્ટિએ મુક્ત થાય છે તેને એ જાણતો નથી.

સંસારપર્યાય ક્ષણિક છે. આત્મા ત્રિકાળ શુદ્ધજ્ઞાતા છે—એવી દૃષ્ટિ થઈ પછી તેમાં રમણતા કરતાં સિદ્ધપર્યાય પ્રગટે છે. એનું જેને ભાન નથી તે જે જે ભવમાં જન્મે છે ત્યાં તે રૂપે આખા આત્માને માની બેસે છે. ગરીબ અવસ્થાવાળાને ભવિષ્યમાં તવંગર અવસ્થા ઘણો કાળ રહેવાની છે, તેની ખબર નથી એટલે તે પોતાને ગરીબ જ માની બેસે છે. તેમ અજ્ઞાની અનાદિથી પોતાને ગરીબ–પરાધીન માની બેઠો છે. સિદ્ધપર્યાય પ્રગટ નથી પણ તે પર્યાય સમ્યક્દૃષ્ટિને આચરણ કરતાં પ્રગટ થાય છે. એની એને ખબર નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્માનું પદ તો સદા સિદ્ધસ્વરૂપ જ છે; તેના એક ભાગમાં એટલે પર્યાયમાં સંસાર છે. તેને અજ્ઞાની દેખે છે પણ અપ્રગટ સિદ્ધપર્યાયને દેખતો નથી. સિદ્ધપર્યાય પ્રગટ કરે એવા સામર્થ્યવાળો આત્મા છે, સંસારપર્યાય પ્રગટ કરવાના સ્વભાવવાળો આત્મા નથી. આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ ત્રિકાળ છે, તેની દૃષ્ટિ કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એને અજ્ઞાની દેખતો નથી પણ ચાર ગતિમાં રખડનારો આત્મા છે એમ તે માને છે તેથી તેનું અજ્ઞાન ટળતું નથી. જીવદ્રવ્યનું આખું સ્વરૂપ જાણતો નથી, તે અશુદ્ધ પર્યાયને દેખીને સર્વથા હું અશુદ્ધ છું એમ માની બેસે છે, તે મિથ્યાદૃષ્ટિ છે. પણ વિકાર જેટલો હું નથી, મારું ત્રિકાળી સ્વરૂપ તો શુદ્ધ જ છે. એમ ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કોઈ નાટકનો મૅનેજર પોતે સ્ત્રીનો વેશ ધારણ કરે તેને જોઈને તેને નહિ ઓળખનાર કોઈ માણસ તેને સ્ત્રી જ માની બેસે છે તેમ હું આત્મા છું, મારો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે, મેં મારી પર્યાયમાં વિકાર કર્યો હતો, ને તેનો નાશ કરીને સિદ્ધદશાને હું પ્રગટ કરું છું એમ ન માનતાં વર્તમાન મલિનપર્યાય જેટલો આત્માને માની બેસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. રાજમહેલમાં રહેવાવાળો અને ઊંચું ભોજન ખાવાવાળો રાજા કોઈ વખત જંગલમાં જાય અને ત્યાં તેને ભૂખ લાગી હોય તે વખતે કોઈ રબારી તેને જુવારનો ઠુમરો ને દહીં ખાવા આપે તો તેને મીઠો લાગે છે. અને તે ખુશી ખુશી થઈ જાય છે. પણ ખરેખર એનું એ ભોજન નથી; તેમ આત્મા ત્રિકાળ શુદ્ધ રાજા છે. તે અનાદિથી વિકારી પર્યાયમાં રાજી થઈ ગયો છે પણ જો સમ્યગ્જ્ઞાન કરે તો આત્મા સંસારના વેશ જેટલો નથી. પણ ટાંકણાથી કોતરેલી પ્રતિમા જેવો એકરૂપ શુદ્ધ છે એનું ભાન થાય છે તે વાત હવે કહે છે.

જ્યારે સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે સર્વજ્ઞપ્રણીત યથાર્થ આગમજ્ઞાન, અનુમાન, સ્વસંવેદનજ્ઞાનના બળથી યથાર્થ શુદ્ધ આત્મિક સ્વરૂપને જાણી, દેખી, આચરણ કરી સમસ્ત કર્મપર્યાયોનો નાશ કરી, સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. જેમ ચીતરેલો વાંસ પાણીથી ધોઈ નાખે તો સાફ થઈ જાય છે તેમ સમ્યગ્જ્ઞાનથી મિથ્યાત્વાદિ ભાવોનો નાશ કરતાં આત્મા શુદ્ધ થાય છે.

પ્રથમ સર્વજ્ઞે કહેલા યથાર્થ આગમનું જ્ઞાન કરવું. જેમ સંસારમાં મેળ બરાબર મેળવે છે તેમ જેવું આત્માનું સ્વરૂપ છે તેવું સર્વજ્ઞ ભગવાનના આગમથી મેળવે કે પર્યાયમાં વર્તમાન અપરાધ છે, તે ત્રિકાળમાં નથી. મારો સ્વભાવ તો શુદ્ધ છે. પરના કારણે દોષ નથી. સ્વભાવદૃષ્ટિ કરવાથી મિથ્યાત્વનો નાશ થાય છે એમ પ્રથમ આગમથી નક્કી કરે. સર્વજ્ઞ ભગવાન કોણ છે? તેમના આગમ શું કહે છે? તેનો પ્રથમ નિર્ણય કરે.

પછી અનુમાન કરે કે જ્ઞાન તે આત્મા છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. રાગ તે આત્મા નથી. પરપદાર્થ તો પ્રત્યક્ષ ભિન્ન છે. એમ અનુમાન કરી સ્વસંવેદનજ્ઞાનથી જ્ઞાનનું વેદવું થાય છે. રાગથી કે પુણ્યથી જ્ઞાનનું વેદવું થતું નથી. જયસેન આચાર્ય કહે છે કે "एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः । बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वदा ।" ઈત્યાદિ આત્માના સ્વરૂપને જાણી, તેનું શ્રદ્ધાન કરી તેમાં જ રમણતા કરવાથી વિકારનો સર્વથા નાશ થઈ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. કોઈ થાંભલા ઉપર કોલસાથી ચિત્ર કર્યું હોય તો પાણી વડે ધોવાથી તે સાફ થઈ જાય છે, તેમ સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ જળથી અનાદિ ભ્રાંતિનો નાશ થાય છે. આ રીતે સિદ્ધપદ પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવ્યો. આ સિવાય કોઈ ક્રિયાકાંડ તે તેનો ઉપાય નથી.

હવે એકવીસમી ગાથામાં જીવની ઉત્પાદ–વ્યય અવસ્થાથી સત્‌ના ઉચ્છેદને અને અસત્‌ના ઉત્પાદને સંક્ષેપથી સિદ્ધ કરે છે. આત્માની વિકારી પર્યાયને ચાર પ્રકારે અદ્‌ભુત રીતે સિદ્ધ કરે છે. જીવદ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ એકરૂપ છે પણ એની પર્યાયમાં ચાર પ્રકારથી કર્તાપણું છે.

આત્મામાં નવી નવી પર્યાય થાય છે. સત્‌નો નાશ અને અસત્‌નો ઉત્પાદ સંક્ષેપમાં કહીને જીવદ્રવ્યનું કર્તાપણું પૂરું કરશે. જીવ દ્રવ્યે શુદ્ધ અને પર્યાયે અશુદ્ધ છે. તે અશુદ્ધ પર્યાયમાં (૧) ભાવ, (૨) અભાવ, (૩) ભાવાભાવ અને (૪) અભાવભાવ. આ ચાર ભાવો ક્ષણે ક્ષણે પર્યાયમાં છે એમ સિદ્ધ કરીને અનાદિથી સંસારપર્યાય કેમ છે? તે ક્રમબદ્ધ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ હવે ૨૧મી ગાથામાં સિદ્ધ કરશે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૪ ગુરુવાર]

ગાથા ૨૦મીમાં કહ્યું કે જેમ વાંસનો અર્ધો ભાગ ચીતરેલો જોઈને બીજો ભાગ કે જે ચિતરામણ વગરનો છે તેની જેને ખબર નથી તે આખા વાંસને ચીતરેલો માને છે. એ રીતે અજ્ઞાની જીવ આત્માની પર્યાયમાં વિકાર છે, તે પ્રગટ છે તેને જોઈને અને ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ કરવાથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. તે અપ્રગટ છે તેની તેને ખબર નહિ હોવાથી, આખા આત્માને અશુદ્ધ માને છે.

અહીં દૃષ્ટાંતમાં વાંસનો અર્ધો ભાગ ચિતરામણવાળો છે પણ આત્મામાં તેમ નથી. આત્માની અશુદ્ધપર્યાય કરતાં શુદ્ધપર્યાયનો કાળ અનંતગુણો છે, એટલો ફેર છે. પણ અહીં તો બે ભાગને બતાવવાનું પ્રયોજન છે. એક ભાગ અશુદ્ધ છે અને એક ભાગ શુદ્ધ છે એટલું બતાવવું છે. સંસારનું સુખ તો કલ્પના માત્ર છે. તેના કરતાં સિદ્ધના સુખની પર્યાય અનંતગુણી છે. સંસારપર્યાયનો કાળ અલ્પ છે, સિદ્ધની પર્યાયનો કાળ અનંત છે અને આત્માના શુદ્ધ સ્વભાવનો કાળ અનાદિ–અનંત છે. સંસારની આદિ નથી પણ અંત છે અને સિદ્ધની આદિ છે પણ અંત નથી. અનાદિથી સંસારપર્યાય પ્રગટ છે અને સિદ્ધપર્યાય પ્રગટ નથી. આત્મા જ્ઞાયક શુદ્ધસ્વભાવી ત્રિકાળ છે અને વિકાર અલ્પ છે.

ગઈ કાલે વાત આવી હતી કે સર્વજ્ઞપ્રણીત આગમજ્ઞાન પ્રથમ કરવું જોઈએ. તો કોઈ એમ કહે કે ''આગમ પહેલાં અને જ્ઞાન પછી થાય, માટે નિમિત્ત વિના જ્ઞાન થતું નથી.'' પણ એનો અર્થ એવો નથી. આગમ તો કહે છે કે આત્મા જ્ઞાયકમૂર્તિ સ્વતંત્ર છે. જગતમાં છ દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક પદાર્થનું પરિણમન સ્વતંત્ર પોતાથી થાય છે અને નવતત્ત્વો વગેરે છે—એમ આગમ કહે છે, પણ તેનું જ્ઞાન કરવાની લાયકાત તો જીવની પોતાની છે. તે કાંઈ આગમના કારણે થઈ નથી. અને આગમ છે માટે તે યોગ્યતા છે એમ પણ નથી, વળી વાણી છે માટે જ્ઞાનની યોગ્યતા છે એમ પણ નથી. આત્માની યોગ્યતા તો પોતાથી છે. તે વખતે જ્ઞાનનો ભાવ હોય કે જ્ઞાનનો અભાવ હોય પણ તે આત્માથી છે. આગમને શ્રવણ કરવાનો ને સમજવાનો કામી છે તે ક્ષયોપશમભાવ તો આત્માનો છે.

જેમ કોઈ સાતમી ચોપડી ભણતો હોય તો તે ભણવાની યોગ્યતા આત્માની છે, તે સાતમી ચોપડીના કારણે નથી. સમજનારના વિકાસ પ્રમાણે જ્ઞાન પરિણમે છે. ધ્રુવ સામાન્યજ્ઞાન છે તેમાંથી જ્ઞાનના વિશેષપણે આત્મા પરિણમે છે. પોતે સમજે તો આગમ વગેરેને નિમિત્ત કહેવાય છે. આગમજ્ઞાન પછી અનુમાનજ્ઞાન પણ આત્માની લાયકાતથી છે. આત્માનો સ્વભાવ પૂર્ણ જ્ઞાનઘન છે અને પર્યાયમાં અપૂર્ણતા છે. પણ એટલો આત્મા નથી. તે ક્ષણિકભાવ છે. એમ અનુમાન જ્ઞાન કરે અને સ્વસંવેદન એટલે જ્ઞાન જ્ઞાનથી જાણે. આ રીતે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કરી મિથ્યાત્વાદિનો નાશ કરે છે, તેને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. સંસાર કરતાં સિદ્ધનો કાળ અનંતગણો છે અને આગમજ્ઞાનની યોગ્યતા પણ આત્માની છે એમ બે વાતનું સ્પષ્ટીકરણ કર્યું. હવે ૨૧મી ગાથાની વાત કરે છે.

આત્માના ઉત્પાદ–વ્યય દ્વારા સત્‌નો નાશ અને અસત્‌નો ઉત્પાદ થાય છે એટલે છતો ભાવ છે તેનો નાશ થાય છે અને જે ભાવ નથી તેનો ઉત્પાદ થાય છે. ધ્રુવભાવ કાયમ ટકી રહે છે. ૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एवं भावमभावं भावाभावं अभावभावं च ।**
**गुणपज्जयेहिं सहिदो संसरमाणो कुणदि जीवो ॥ २१ ॥**

**एवं भावमभावं भावाभावमभावभावं च ।**
**गुणपर्ययैः सहितः संसरन् करोति जीवः ॥ २१ ॥**

**ગુણપર્યયે સંયુક્ત જીવ સંસરણ કરતો એ રીતે**
**ઉદ્‌ભવ, વિલય, વળી ભાવ-વિલય, અભાવ-ઉદ્‌ભવને કરે. ૨૧.**

**અન્વયાર્થ :** [एवम्] એ રીતે [गुणपर्ययैः सहितः] ગુણપર્યાયો સહિત [जीवः] જીવ [संसरन्] સંસરણ કરતો થકો [भावम्] ભાવ, [अभावम्] અભાવ, [भावाभावम्] ભાવાભાવ [च] અને [अभावभावम्] અભાવભાવને [करोति] કરે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं तृतीयस्थले पर्यायार्थिकनयेन सिद्धस्याभूतपूर्वोत्पादव्याख्यानमुख्यत्वेन गाथा गता । अथ जीवस्योत्पादव्ययसदुच्छेदासदुत्पादकर्तृत्वोपसंहारव्याख्यानमुद्योतयति, – **एवं भावमभावं** एवं पूर्वोक्तप्रकारेण द्रव्यार्थिकनयेन नित्यत्वेपि पर्यायार्थिकनयेन पूर्वं मनुष्यपर्यायस्याभावं व्ययं कृत्वा पश्चाद्देवोत्पत्तिकाले भावं देवपर्यायस्योत्पादं **कुणदि** करोति **भावाभावं** पुनरपि देवपर्यायच्यवनकाले विद्यमानस्य देवभावस्य पर्यायस्याभावं करोति **अभावभावं च** पश्चान्मनुष्यपर्यायोत्पत्तिकाले अभावस्याविद्यमानमानुष्यपर्यायस्य भावमुत्पादं करोति । स कः कर्ता **जीवो** जीवः । कथंभूतः । **गुणपाज्जयेहिं सहिदो** कुमतिज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायसहितः । न च केवलज्ञानादिस्वभावगुणसिद्धरूपशुद्धपर्यायसहितः । कस्मादिति चेत् । तत्र केवलज्ञानाद्यवस्थायां नरनारकादिविभावपर्यायाणामसंभवात् अगुरुलघुकगुणषड्ढानिवृद्धिस्वभावपर्यायरूपेण पुनस्तत्रापि भावाभावादिकं करोति नास्ति विरोधः । किं कुर्वन् सन् मनुष्यभावादिकं करोति । **संसरमाणो** संसरन् परिभ्रमन् सन् । क्व । द्रव्यक्षेत्रकालभवभावस्वरूपपञ्चप्रकारसंसारे । अत्र सूत्रे विशुद्धज्ञानदर्शनस्वभावे साक्षादुपादेयभूते शुद्धजीवास्तिकाये यत्सम्यक्श्रद्धानज्ञानानुचरणं तद्रूपनिश्चयरत्नत्रयात्मकं परमसामायिकं तदलभमानो दृष्टश्रुतानुभूताहारभयमैथुनपरिग्रहसंज्ञादिसमस्तपरभावपरिणाममूर्छितो मोहित आसक्तः सन् नरनारकादिविभावपर्यायरूपेण भावमुत्पादं करोति तथैव चाभावं व्ययं करोति येन कारणेन जीवस्तस्मात् तत्रैव शुद्धात्मद्रव्ये सम्यक् श्रद्धानं ज्ञानं तथानुचरणं च निरन्तरं सर्वतात्पर्येण कर्तव्यमिति भावार्थः ॥ २१ ॥

**समयव्याख्या : जीवस्योत्पादव्ययसदुच्छेदासदुत्पादकर्तृत्वोपपत्त्युपसंहारोऽयम् । द्रव्यं हि सर्वदाऽविनष्टानुत्पन्नमाम्नातम्। ततो जीवद्रव्यस्य द्रव्यरूपेण नित्यत्वमुपन्यस्तम् । तस्यैव देवादिपर्यायरूपेण प्रादुर्भवतो भावकर्तृत्वमुक्तं। तस्यैव च मनुष्यादिपर्यायरूपेण व्ययतोऽभावकर्तृत्वमाख्यातं। तस्यैव च सतो देवादिपर्यायस्योच्छेदमारभमाणस्य भावाभावकर्तृत्वमुपपादितं, तस्यैव चासतः पुनर्मनुष्यादिपर्यायस्योत्पादमारभमाणस्याभावभावकर्तृत्वमभिहितम् । सर्वमिदमनवद्यं द्रव्यपर्यायाणामन्यतरगुणमुख्यत्वेन व्याख्यानात् । तथा हि – यदा जीवः पर्यायगुणत्वेन द्रव्यमुख्यत्वेन विवक्ष्यते तदा नोत्पद्यते, न विनश्यति, न च क्रमवृत्त्यावर्तमानत्वात् सत्पर्यायजातमुच्छिनत्ति, नासदुत्पादयति । यदा तु द्रव्यगुणत्वेन पर्यायमुख्यत्वेन विवक्ष्यते तदा प्रादुर्भवति, विनश्यति, सत्पर्यायजातमतिवाहितस्वकालमुच्छिनत्ति, असदुपस्थितस्वकालमुत्पादयति चेति । स खल्वयं प्रसादोऽनेकान्तवादस्य यदीदृशोऽपि विरोधो न विरोधः ॥ २१ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इति षड्द्रव्यसामान्यप्ररूपणा ।**

**અનુવાદ : આ, જીવને ઉત્પાદ, વ્યય, સત્-વિનાશ અને અસત્-ઉત્પાદનું કર્તાપણું હોવાની સિદ્ધિરૂપ ઉપસંહાર છે.**

**દ્રવ્ય ખરેખર સર્વદા અવિનષ્ટ અને અનુત્પન્ન આગમમાં કહ્યું છે; તેથી જીવદ્રવ્યને દ્રવ્યરૂપે નિત્યપણું કહેવામાં આવ્યું. (૧) દેવાદિપર્યાયરૂપે ઊપજતું હોવાથી તેને જ (જીવદ્રવ્યને જ) ભાવનું (ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૨) મનુષ્યાદિપર્યાયરૂપે નાશ પામતું હોવાથી તેને જ અભાવનું (વ્યયનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; (૩) સત્ (વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવાભાવનું (સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે; અને (૪) ફરીને અસત્ (અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરતું હોવાથી તેને જ અભાવભાવનું (અસત્‌ના ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.**

**– આ બધું નિરવદ્ય (નિર્દોષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે, કારણ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. તે આ પ્રમાણે :**

**જ્યારે જીવ પર્યાયની ગૌણતાથી અને દ્રવ્યની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે (૧) ઊપજતો નથી, (૨) વિનાશ પામતો નથી, (૩) ક્રમવૃત્તિએ નહિ વર્તતો હોવાથી સત્ (વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી અને (૪) અસત્‌ને (અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરતો નથી; અને જ્યારે જીવ દ્રવ્યની ગૌણતાથી અને પર્યાયની મુખ્યતાથી વિવક્ષિત હોય છે ત્યારે તે (૧) ઊપજે છે, (૨) વિનાશ પામે છે, (૩) જેનો સ્વકાળ વીતી ગયો છે એવા સત્ (વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરે છે અને (૪) જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે (આવી પહોંચ્યો છે) એવા અસત્‌ને (અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરે છે.**

**તે આ પ્રસાદ ખરેખર અનેકાંતવાદનો છે કે આવો વિરોધ પણ (ખરેખર) વિરોધ નથી. ૨૧.**

**આ રીતે ષડ્દ્રવ્યનું સામાન્ય પ્રરૂપણ સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૪ શુક્રવાર]

**અર્થ :** પૂર્વે કહ્યા પ્રમાણે પર્યાયાર્થિકનયની વિવક્ષાએ પંચપરાવર્તનરૂપ અવસ્થાઓથી સંસારમાં ભ્રમણ કરતો જીવ દેવાદિ પર્યાયોને કરે છે. પૂર્વે કહ્યું હતું કે આત્મા અનાદિથી પર્યાયદૃષ્ટિએ સંસારમાં પરિભ્રમણ કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચમાં પલટન પામવું તે પંચપરાવર્તન છે. તે પર્યાયદૃષ્ટિએ છે. દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં ભવ નથી. સોનું તો જે છે તે છે. તેની અવસ્થામાં કડાં-કુંડળાદિના પ્રકાર છે. તેમ આત્માનો ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ છે, પણ તેની પર્યાયમાં અનંતભવનું પરિવર્તન છે. તે ભવમાં દેવાદિની પર્યાયને કરે છે. અહીં મુનિની વાત છે. તે મનુષ્યમાંથી દેવ થાય છે માટે મનુષ્યપર્યાયનો નાશ કરીને દેવપર્યાયનો ઉત્પાદ કરે છે એમ દૃષ્ટાંત દ્વારા કહેલ છે.

સમ્યગ્દૃષ્ટિ મનુષ્યમાંથી દેવ થાય છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ નરકમાં જાય છે. તે સમ્યગ્દર્શન થયા પહેલાં નરક આયુષ્ય બાંધ્યું હતું માટે જાય છે એમ નથી, પણ મનુષ્યપર્યાયનો નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને નરકભાવનો ઉત્પાદ તે જીવ પોતે કરે છે. તે આત્મા નારકભાવે પરિણમે છે.

આ ગાથામાં ચાર બોલ છે.

(૧) દેવપર્યાયને કરે છે તે **ભાવ** છે.

(૨) મનુષ્યપર્યાયનો નાશ કરે છે તે **અભાવ** છે.

(૩) વિદ્યમાન દેવાદિપર્યાયના નાશનો આરંભ કરે છે તે **ભાવાભાવ** છે, તથા

(૪) વિદ્યમાન નથી એવી મનુષ્યાદિ પર્યાયના ઉત્પાદનો આરંભ કરે છે તે **અભાવભાવ** છે.

આત્મા દેવપર્યાયનો ભાવ કરે છે, મનુષ્યપર્યાયનો અભાવ કરે છે પણ આત્માનો નાશ થતો નથી. દેવમાંથી મનુષ્યની સન્મુખતા કરે છે તે વખતે દેવનો ભાવ છે તેનો અભાવ કરે છે તે ભાવાભાવ છે; અને દેવમાં મનુષ્યભાવ નથી, મનુષ્યભાવનો અભાવ છે એની સન્મુખતા કરે છે એટલે જે ભાવ નથી એનો ભાવ કરે છે તે અભાવભાવ છે.

આ ચાર પ્રકાર પર્યાયદૃષ્ટિએ છે, દ્રવ્યદૃષ્ટિએ તે ચારે ભાવો નથી.

**આ જીવ જે અવસ્થારૂપે પરિણમે છે ત્યાં પોતાના શુદ્ધઅશુદ્ધ ગુણપર્યાયોથી સંયુક્ત છે. અહીં જેને સંસારનો ક્રમ છે તે પોતે અશુદ્ધ ગુણપર્યાયો સહિત પરિણમે છે. પણ સંસારનો ક્રમ જાણીને, દ્રવ્યસ્વભાવમાં તે નથી એવો જે નિર્ણય કરે તેનો સંસારનો ક્રમ તૂટી જાય છે અને શુદ્ધતાનો ક્રમ શરૂ થાય છે. પર્યાયદૃષ્ટિવાળાને સંસારનો ક્રમ તૂટતો નથી. આત્માની વિકારી પર્યાયના ચાર પ્રકાર છે એની વાત અહીં કરી છે. તે પ્રકાર પરના કારણે નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ અને તેથી જીવદ્રવ્યની સ્વતંત્રતા સાબિત થાય છે. દેવભાવ ઉત્પન્ન કરે છે તે પણ કર્મના કારણે નથી અને મનુષ્યભાવનો અભાવ કરે છે તે આયુષ્યકર્મ પૂરું થયું માટે છે એમ નથી અને દેવભાવ છે તેના અભાવના આરંભનો ભાવ તે મનુષ્યની સન્મુખતાનો ભાવ છે તે પણ પોતાથી છે.**

**ભાવાર્થ :** દ્રવ્યસ્વભાવથી જોતાં જગતનાં દ્રવ્યો ઊપજતાં નથી ને વિણસતાં પણ નથી પણ નિત્ય છે. તેમ જીવદ્રવ્ય પણ પોતાના દ્રવ્યસ્વભાવથી નિત્ય છે. પણ જીવદ્રવ્યમાં અશુદ્ધપર્યાયની અપેક્ષાએ ભાવ, અભાવ, ભાવાભાવ, અભાવભાવ—એ ચાર પ્રકારની પર્યાયનું અસ્તિત્વ છે. પર્યાયદૃષ્ટિએ આ ચાર પ્રકારનું અસ્તિત્વ આત્માનું છે, તે પરના કારણે નથી.

હવે જ્યારે દેવપર્યાયની ઉત્પત્તિરૂપ આત્મા પરિણમે છે ત્યારે તે ભાવનું કર્તૃત્વ કહેવામાં આવે છે અને જ્યારે મનુષ્યાદિ પર્યાયના નાશરૂપ પરિણમે છે ત્યારે અભાવનું કર્તૃત્વ કહેવામાં આવે છે. જે જે ભાવમાં નવી નવી પર્યાયનો ઉત્પાદ કરે છે તે તે ભાવનો કર્તા કહેવાય છે. નામકર્મના કારણે તે પર્યાય નથી, નામકર્મ તો નિમિત્તમાત્ર છે, પણ આત્મા પોતે તેનો ઉત્પાદ કરે છે. વળી મનુષ્યપર્યાયનો નાશ પણ આત્મા કરે છે. આ બન્ને ભાવ આત્માના છે. પોતાની પર્યાયનો કર્તા પોતે થાય છે એટલી વાત અહીં સિદ્ધ કરે છે.

આત્મવસ્તુ તો ત્રિકાળ છે. પર્યાયમાં દેવપર્યાયનો ભાવ થતાં મનુષ્યપર્યાયનો નાશ થયા વગર રહેતો નથી. એકદમ ફરી જાય છે. માણસ મરીને નિગોદમાં જાય છે. વળી અહીં રાજપાટ હોય, જ્ઞાનનો ઉઘાડ હોય, લોકો 'ખમાખમા' કરતા હોય, પણ એક સમયમાં તે પર્યાયનો અભાવ થઈ નવી નારકીની પર્યાયનો ઉત્પાદ થાય છે તે આત્માથી સ્વતંત્રપણે થાય છે; કર્મના કારણે નહિ. મનુષ્યભાવનો અભાવ થઈને તુરત નારકી આદિરૂપ ભાવ થાય છે. મનુષ્ય હોય અને તત્ત્વનો ખૂબ વિરોધ કર્યો હોય તો મનુષ્યપર્યાયનો અભાવ થઈને નિગોદપર્યાયને ધારણ કરે છે, તરત જ બદલી જાય છે. વર્તમાન ઉઘાડનો તથા સંયોગનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવ થઈ જાય છે.

વર્તમાન દેવાદિ પર્યાય છે તેના નાશના પ્રારંભરૂપ પરિણમે છે તે ભાવઅભાવકર્તૃત્વ છે. જે ગતિમાં જવું છે તે ગતિના ભાવનું કર્તૃત્વ છે. જે ભાવનો નાશ થાય છે તેના અભાવનું કર્તૃત્વ છે. એક વકીલ હતા. એમને એક વખત મોટરનો અકસ્માત થયો. તેથી મગજમાં એકદમ એવો ફેરફાર થઈ ગયો કે જેટલું ભણ્યા હતા તે બધા ઉઘાડનો અભાવ થઈ ગયો. જે ભાવ હતો એનો અભાવ થયો. તે અભાવની પ્રારંભદશા હતી. તેને ભાવાભાવ-કર્તૃત્વ કહે છે. હવે આ ભાવાભાવપણું કોઈ પરના કારણે નથી. મોટરનો અકસ્માત થયો માટે જ્ઞાનનો અભાવ થયો એમ નથી પણ પોતાની લાયકાતથી પલટો ખાય છે.

વળી વર્તમાન મનુષ્યપર્યાય નથી તેની પ્રારંભદશારૂપ પરિણમે છે ત્યાં અભાવભાવનું કર્તૃત્વ કહેલ છે. દેવપર્યાયનો નાશ થઈ એકદમ ઢોરની પર્યાયમાં જાય છે. તે દેવપર્યાય વખતે ઢોરની પર્યાય નથી, તેના સન્મુખ થાય છે. આત્માનું ભાન ન હોય તે દેવમાંથી બકરામાં પણ જાય છે. દેવભાવનો અભાવ કરીને તિર્યંચભાવનો ભાવ કરે છે. રાજપાટ હોય, દારૂ, માંસાદિ ખાધાં હોય, છેલ્લી ઘડીએ ડૉક્ટરો નાડ પકડીને બેઠા હોય તે વખતે મનુષ્યભાવનો અભાવ કરીને નારકભાવની સન્મુખ થાય છે. તેને વર્તમાન નારકભાવનો અભાવ છે તેનો ભાવ કરે છે. માટે અભાવભાવનું કર્તૃત્વ છે. આ રીતે અહીં પર્યાયની વાત છે.

આ રીતે ચાર પ્રકારનું કથન કર્યું. નવીન પર્યાયનું ઉત્પન્ન થવું તે ભાવકર્તૃત્વ છે, જૂની પર્યાયનો નાશ તે અભાવકર્તૃત્વ છે, જે ભાવ છે તેનો અભાવ કરવાની પ્રારંભતા તે ભાવાભાવકર્તૃત્વ છે અને જે ભાવ નથી એ ભાવની પ્રારંભતા તે અભાવભાવકર્તૃત્વ છે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૪ શુક્રવાર]

આ ગાથામાં ચાર પ્રકારના કર્તૃત્વની વાત કરે છે. તે સંસારપર્યાયમાં કયે પ્રકારે છે તે કહે છે. સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને સંસારનો ક્રમ લાગુ પડતો નથી. પણ જેને દ્રવ્યસ્વભાવ અને પર્યાયના ક્રમની ખબર નથી તેને અનાદિનો ક્રમ ચાલ્યો આવે છે. સંસારપર્યાયનું કર્તૃત્વ આત્માનું છે. દેવપર્યાયનો ઉત્પાદ થાય છે તે ભાવનું કર્તૃત્વ છે અને મનુષ્યપર્યાયનો નાશ કરે છે તે અભાવનું કર્તૃત્વ છે. આ બન્ને પર્યાય આત્માના પોતાના કારણે છે. ભાવ અને અભાવ એમ બે બોલ થયા. હવે ત્રીજા બોલની વાત કરે છે.

વર્તમાન દેવપર્યાય કે જે ભાવરૂપ છે તેનો અભાવ કરીને મનુષ્યપર્યાયમાં જવું છે તે ભાવાભાવ. દેવપર્યાય ભાવરૂપ છે તેના અભાવની સન્મુખ થાય છે. જે ભાવ છે તે પર્યાય છે માટે કાયમ રહેતી નથી. આ ત્રીજા બોલમાં વર્તમાન ભાવના અભાવનું કર્તૃત્વ વર્ણવ્યું છે. અને ચોથો બોલ અભાવભાવ છે. વર્તમાનમાં જેનો અભાવ છે તેના ભાવરૂપે પરિણમી રહ્યો છે.

પહેલાં તો સમય–સમયની પર્યાય છે એ વાત કરી, અને પછી (૧) નવી પર્યાયનો ઉત્પાદ, (૨) જૂની પર્યાયનો નાશ, (૩) જે સમય સમયનો ભાવ છે એનો અભાવ અને (૪) જે ભાવ નથી એની સન્મુખ થતો જાય છે. સમ્યગ્દૃષ્ટિ સિદ્ધપર્યાયની સન્મુખ થતો જાય છે અને અજ્ઞાની નવા ભવની સન્મુખ થાય છે. અજ્ઞાનીને સંસારનો ક્રમ થાય છે અને જ્ઞાનીનો ક્રમ સિદ્ધદશાની સન્મુખતાનો થાય છે.

શ્રેણિક રાજા વર્તમાન નરકમાં છે, પણ તેમને સમ્યગ્દર્શન હોવાના કારણે ત્યાંથી તેઓ મનુષ્ય થઈને સિદ્ધદશા પ્રાપ્ત કરશે એટલે હવે ભવો કરશે નહિ અને મિથ્યાદૃષ્ટિ હોય તો તે મનુષ્યભાવનો અભાવ કરતો દેવ અથવા નરકભવમાં જ્યાં જવાનો હોય તે ગતિનો પ્રારંભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે. દેવમાં મનુષ્યભવ નથી, તે મનુષ્યપર્યાયનો ભાવ કરે છે અને દેવપર્યાયનો અભાવ કરે છે માટે અભાવભાવનું કર્તૃત્વ છે. આ રીતે અજ્ઞાનીને પૂર્વગતિનો અભાવ થાય છે પણ નવી ગતિનો ભાવ થાય છે. ભાવઅભાવનો ક્રમ ચાલ્યા કરે છે. **હવે આ પોતાની પર્યાયનું ક્રમપણું છે એમ નક્કી કરી સ્વભાવમાં તે ક્રમ નથી એમ સ્વભાવનો આશ્રય કરે તો સંસારનો ક્રમ તૂટ્યા વગર રહે નહિ.**

જેને ભવના ક્રમની ખબર નથી તે પરથી પોતાની પર્યાયનો ક્રમ માને છે. એમ પર્યાયબુદ્ધિમાં અટક્યા છે તેને પોતાની પર્યાયનો ક્રમ કેવો છે એની ખબર નથી. અહીં આત્માની પોતાની પર્યાયનો ક્રમ છે તે વાત કરે છે. પર નિમિત્તની તો વાત જ નથી. પરના ક્રમની વાત તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવો હોય તો કહેવાય છે. પણ અહીં તો કહે છે કે **ત્રિકાળી વસ્તુમાં આ ક્રમ નથી અને પર્યાયમાં ક્રમ છે તે પરના કારણે નથી એમ નક્કી કરે તો સંસારનો ક્રમ રહે નહિ. આ ચાર ભાવોનો સાર છે.**

સોનું વસ્તુદ્રષ્ટિએ ત્રિકાળ એકરૂપ છે પણ પર્યાયમાં કુંડળ, કડું, બાજુબંધ આદિ થાય છે ત્યાં કડાંનો ઉત્પાદ તે ભાવ છે, કુંડળનો નાશ તે અભાવ છે, કડાની અવસ્થા છે તેનો અભાવ કરતાં બાજુબંધની સન્મુખતા કરે છે તે ભાવાભાવ છે અને કડાંમાં બાજુબંધની અવસ્થા નથી તેના ભાવની આરંભતા કરવી તે અભાવભાવકર્તૃત્વ છે. આમ સોનું નવું થતું નથી અને સોનામાં ક્રમ પણ નથી, પર્યાયમાં ક્રમ છે. તેમ ભગવાન આત્મા તો ત્રિકાળ છે, સ્વભાવમાં પલટવું સંભવતું નથી. આત્મા ન હતો અને નવો ભાવ થાય છે, છે એનો અભાવ થાય છે એવું ત્રિકાળીમાં બનતું નથી. ન હતો ભાવ એમાંથી ભાવ થાય નહિ, અને ભાવ છે તેને અભાવ થાય નહિ. એમ થાય તો આત્મા જડ થઈ જાય પણ એમ બને નહીં. એક સમયની પર્યાયમાં આ ચાર ભાવના પ્રકાર પડે છે. એક, અનેક, નિત્ય, અનિત્ય પદાર્થ છે તેનું જ્ઞાન કરાવે છે.

પાણીનું પૂર ચાલ્યું જાય છે. તે પ્રવાહ ચાલ્યો જાય છે. પણ પાણી તો પાણી જ રહે છે. તેમાં નવો લોઢ ઊઠ્યો તે ભાવ છે, જૂના લોઢનો નાશ થયો તે અભાવ છે, જે લોઢ છે તેનો અભાવ કરતો નવા લોઢનો આરંભ કરે છે અને નવો લોઢ નથી તેનો ભાવ કરતો જૂના લોઢનો અભાવ કરતો જાય છે. એમ ચાર ભાવ છે. માણસની બાળક, યુવાન, વૃદ્ધ ત્રણ અવસ્થા છે. એમાં યુવાન અવસ્થા થઈ તે ભાવ છે, બાળક અવસ્થાનો નાશ તે અભાવકર્તૃત્વ છે. અને યુવાન અવસ્થાનો અભાવ કરતો વૃદ્ધ અવસ્થાની સન્મુખ થાય છે તે ભાવાભાવ તથા યુવાન અવસ્થામાં વૃદ્ધ અવસ્થા નથી તેનો ભાવ કરે છે તે અભાવભાવ—**એમ ચાર પ્રકાર છે. આ ચાર ભંગ ત્રિકાળી આત્મામાં નથી.**

જેમ કોઈ માણસ બે મહિના માટે નોકરી ઉપર આવ્યો હોય તો તે પર્યાય એકરૂપ રહેતી નથી. પહેલાં નોકરી ઉપર ન હતો અને પછી નોકરી ઉપર આવ્યો તે ભાવ, અને ન હતો તેનો નાશ તે અભાવ. અને નોકરી બે મહિનાની છે તે પૂરી થવાની સન્મુખતા તે ભાવનો અભાવ કરતો જાય છે; જે નોકરીમાંથી ઊતરી જવાનો ભાવ નથી તેની સન્મુખતા કરતો જાય છે તે અભાવભાવ. આમ પર્યાયનો ક્રમ ચાલ્યા કરે છે. **અનાદિથી ચાર ગતિમાં રખડતા જીવને અશુદ્ધતાનો ક્રમ ચાર પ્રકારના ભાવોથી છે. હવે તે સંસારનો પ્રવાહ ત્રિકાળી સ્વભાવમાં નથી, એમ નિર્ણય કરે તો પ્રવાહનું જ્ઞાન કરતો વર્તમાન અશુદ્ધપર્યાયનો અભાવ કરતો સિદ્ધપર્યાયની સન્મુખ થાય છે. વર્તમાન પર્યાય અને ત્રિકાળી સ્વભાવ બન્ને આત્મામાં**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે, પરની સાથે સંબંધ નથી.**

સ્વર્ગમાં જેને જવું છે તેને વર્તમાન મનુષ્યપણામાં સ્વર્ગનો ભાવ નથી એની સન્મુખ થાય છે. તે અભાવભાવકર્તૃત્વ છે. **આમ ચાર પ્રકારના ભાવોનું જ્ઞાન કરી સ્વભાવનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય પણ ગતિનો ક્રમ તો જે છે તે જ છે, ક્રમ ફરે નહિ. એટલે જે ગતિમાં જવાનો છે ત્યાં જશે. ગતિ પલટે નહિ પણ ભવ અલ્પ થઈ જાય. શ્રેણિક રાજા સમ્યગ્દ્રષ્ટિ છે, તેને નરકનો ક્રમ ફરતો નથી પણ સમ્યગ્દર્શન છે માટે તે સિદ્ધપર્યાય સન્મુખ થતા જાય છે. આ ચાર પ્રકાર પર્યાયની અપેક્ષાએ અખંડિત જાણવા, એટલે કે નિર્દોષ જાણવા.**

ચાર ભાવમાં ઘણું રહસ્ય છે. આચાર્યદેવે અદ્‌ભુતતાથી વર્ણન કર્યું છે. પર્યાયનો ક્રમ જ આવો છે. આત્મદ્રવ્ય તો ત્રિકાળ છે એમ જાણતાં પર્યાયનો ક્રમ ફરતો નથી પણ એવો નિર્ણય થતાં એના ક્રમમાં સંસારનો અભાવ થઈને સિદ્ધદશાનો ક્રમ શરૂ થશે. વર્તમાન રાજા હોય અને દારૂ, માંસ આદિ ખાતો હોય, શિકાર કરતો હોય તો તે વર્તમાન જ નારકી છે. પાંચ–પચીશ વર્ષ મનુષ્યનું આયુષ્ય છે એની મુખ્યતા ન કરતાં તે નારકી–સન્મુખ થઈ રહ્યો છે. માટે વર્તમાન નારકી છે. જે પ્રાણી માયા, કુટિલતા, કપટ કરે છે તે મરીને તિર્યંચમાં ગધેડો કે બકરો વગેરે થાય છે. વર્તમાન મનુષ્યપણું છે તેની મુખ્યતા ન કરે તો વર્તમાન જ ગધેડો છે. વર્તમાન પાપનાં કાર્ય કરતો હોય તો તે દુર્ગતિની તૈયારી કરી રહ્યો છે એમ કહેવાય છે. આ કથન નિર્દોષ છે. એટલે એમાં કોઈ ઈશ્વરની જરૂર નથી. માટે **જેને કલ્યાણ કરવું હોય તેણે બીજા ભાવો છોડી સ્વભાવદ્રષ્ટિ કરવી. અને એમ કરે છે તેને ભવનો ક્રમ રહેતો નથી.**

દ્રવ્ય–પર્યાયની મુખ્યતા અને ગૌણતાથી દ્રવ્યમાં ભેદ પડે છે તે કેવી રીતે છે તે કહે છે. જીવનું કથન **પર્યાયની ગૌણતા અને દ્રવ્યની મુખ્યતાથી કરવામાં આવે તો ઉપર કહેલા ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવ એ પ્રકારનું કર્તૃત્વ સંભવતું નથી.** આત્મા ત્રિકાળ નિત્ય પદાર્થ છે એમાં આ પર્યાયની અનિત્યતાના ચાર ભંગ સંભવતા નથી કેમ કે કર્તૃત્વ અનિત્ય છે, આત્મા નિત્ય છે. અને **જ્યારે દ્રવ્યની ગૌણતા અને પર્યાયની મુખ્યતાથી જીવનું કથન કરવામાં આવે ત્યારે ઉપર કહેલા ચાર પ્રકારની પર્યાયનું કર્તૃત્વ અવિરુદ્ધ સંભવે છે.** પર્યાયની અપેક્ષાએ ચાર ભંગ પડે છે અને દ્રવ્ય અપેક્ષાએ એ ભંગ પડતા નથી—એ વાતમાં વિરોધ આવતો નથી.

આ રીતે મુખ્ય–ગૌણના ભેદ નથી. વ્યાખ્યાન કરતાં ભગવત્ સર્વજ્ઞપ્રણીત અનેકાંતવાદમાં વિરોધભાવ આવતો નથી. સ્યાત્પદથી અવિરુદ્ધતા સાધે છે. આત્મા દ્રવ્યપણે નિત્ય છે અને પર્યાયપણે અનિત્ય છે. એક પદાર્થમાં નિત્ય–અનિત્યરૂપ બન્ને ભાવમાં વિરોધ આવતો નથી. પણ એકલો નિત્ય માને અથવા એકલો અનિત્ય જ માને તો વિરોધ આવે છે.

**જેવી રીતે દ્રવ્યની અશુદ્ધ પર્યાયની સિદ્ધિ કરી તે પ્રમાણે આગમપ્રમાણથી શુદ્ધપર્યાયોની વિવક્ષા જાણવી. અશુદ્ધપર્યાયમાં ચાર પ્રકારના ભાવ કહ્યા તે જ પ્રમાણે શુદ્ધપર્યાયમાં ઉતારવું. મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધ છે, તે પ્રગટી તે ભાવકર્તૃત્વ છે. પ્રથમ પર્યાયનો નાશ કર્યો તે અભાવકર્તૃત્વ છે. મોક્ષમાર્ગની પર્યાય છે તેનો અભાવ કરતો જાય છે અને સિદ્ધપર્યાયની સન્મુખ થતો જાય છે તે ભાવાભાવકર્તૃત્વ છે અને વર્તમાન મોક્ષમાર્ગની પર્યાયમાં સિદ્ધની પર્યાય નથી તેનો પ્રારંભ કરે છે તે અભાવભાવકર્તૃત્વ છે. સિદ્ધપર્યાયમાં પણ આ પ્રમાણે ચાર પ્રકારના ભંગ પડે છે.**

આ જીવદ્રવ્યની શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની વિવક્ષા થઈ. તે પ્રમાણે પુદ્‌ગલ અને બીજાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધાં દ્રવ્યમાં સિદ્ધાંત અનુસાર ગુણ-પર્યાયનું કથન સમજવું. એ રીતે છ દ્રવ્યોના સામાન્ય સ્વરૂપનું કથન જાણવું. હવે આગળની ગાથામાં છ દ્રવ્યો જે સામાન્ય કહ્યાં, તેમાંથી પાંચ દ્રવ્યોનું પંચાસ્તિકાય તરીકે વર્ણન કરશે. ૨૧

---

**जीवा पुग्गलकाया आयासं अत्थिकाइया सेसा ।**
**अमया अत्थित्तमया कारणभूदा हि लोगस्स ॥ २२ ॥**

**जीवाः पुद्गलकाया आकाशमस्तिकायौ शेषौ ।**
**अमया अस्तित्वमयाः कारणभूता हि लोकस्य ॥ २२ ॥**

**જીવદ્રવ્ય, પુદ્ગલકાય નભ ને અસ્તિકાયો શેષ બે,**
**અણકૃતક છે, અસ્તિત્વમય છે, લોકકારણભૂત છે. ૨૨**

**અન્વયાર્થ :** [जीवाः] જીવો, [पुद्गलकायाः] પુદ્ગલકાયો, [आकाशम्] આકાશ અને [शेषौ अस्तिकायौ] બાકીના બે અસ્તિકાયો [अमयाः] અકૃત છે, [अस्तित्वमयाः] અસ્તિત્વમય છે અને [हि] ખરેખર [लोकस्य कारणभूताः] લોકના કારણભૂત છે.

---

**तात्पर्यवृत्ति** : एवं द्रव्यार्थिकनयेन नित्यत्वेपि पर्यायार्थिकनयेन संसारिजीवस्य देवमनुष्याद्युत्पादव्यय-कर्तृत्वव्याख्यानोपसंहारमुख्यत्वेन चतुर्थस्थले गाथा गता । इति स्थलचतुष्टयेन द्वितीयं सप्तकं गतं । एवं प्रथमगाथासप्तके यदुक्तं स्थलपञ्चकं तेन सह नवभिरन्तरस्थलैश्चतुर्दशगाथाभिः प्रथममहाधिकारमध्ये **द्रव्यपीठिकाभिधाने** द्वितीयोन्तराधिकारः समाप्तः । अथ कालद्रव्यप्रतिपादनमुख्यत्वेन गाथापञ्चकं कथ्यते । तत्र पञ्चगाथासु मध्ये षड्गुणमध्याज्जीवादिपञ्चानामस्तिकायत्वसूचनार्थं "जीवा पुग्गलकाया" इत्यादि सूत्रमेकं, तदनन्तरं निश्चयकालकथनरूपेण "सब्भावसहावाणं" इत्यादि सूत्रद्वयं टीकाभिप्रायेण सूत्रमेकं, पुनश्च समयादिव्यवहारकालमुख्यत्वेन "समओ णिमिसो" इत्यादि गाथाद्वयं एवं स्थलत्रयेण तृतीयान्तराधिकारे समुदायपातनिका । अथ सामान्योक्तलक्षणानां षण्णां द्रव्याणां यथोक्तस्मरणार्थमग्रे विशेषव्याख्यानार्थं वा पञ्चानामस्तिकायत्वं व्यवस्थापयति – **जीवा पुग्गलकाया आयासं अत्थिकाइया सेसा** जीवाः पुद्गलकाया आकाशं अस्तिकायिकौ शेषौ धर्माधर्मौ चेति एते पंच । कथंभूताः । **अमया** अकृतिमा, न केनापि पुरुषविशेषेण कृताः । तर्हि कथं निष्पन्नाः । **अत्थित्तमया** अस्तित्वमयाः स्वकीयास्तित्वेन स्वकीयसत्तया निर्वृत्ता निष्पन्ना जाता इत्यनेन पञ्चानामस्तित्वं निरूपितं । पुनरपि कथंभूताः । **कारणभूदा दु लोगस्स** कारणभूताः । कस्य । लोकस्य "जीवादिषड्द्रव्याणां समवायो मेलापको लोक" इति वचनात् । स च लोकः उत्पादव्ययध्रौव्यवान् तेनास्तित्वं लोक्यते, उत्पादव्यय-ध्रौव्ययुक्तं सदिति वचनात् । पुनरपि कथंभूतो लोकः ? ऊर्ध्वाधोमध्यभागेन सांशः सावयवस्तेन कायत्वं कथितं भवतीति सूत्रार्थः ॥ २२ ॥

**समयव्याख्या : अत्र सामान्येनोक्तलक्षणानां षण्णां द्रव्याणां मध्यात्पञ्चानामस्तिकायत्वं व्यवस्थापितम् । अकृतत्वात् अस्तित्वमयत्वात् विचित्रात्मपरिणतिरूपस्य लोकस्य कारणत्वाच्चाभ्युपगम्यमानेषु षट्सु द्रव्येषु जीवपुद्गलाकाशधर्माधर्माः प्रदेशप्रचयात्मकत्वात् पञ्चास्तिकायाः । न खलु कालस्तद-भावादस्तिकाय इति सामर्थ्यादवसीयत इति ॥ २२ ॥**

**અનુવાદ : અહીં (આ ગાથામાં), સામાન્યપણે જેમનું સ્વરૂપ (પૂર્વે) કહેવામાં આવ્યું છે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એવાં છ દ્રવ્યોમાંથી પાંચનું અસ્તિકાયપણું સ્થાપિત કરવામાં આવ્યું છે.**

**અકૃત હોવાથી, અસ્તિત્વમય હોવાથી અને અનેક પ્રકારની પોતાની પરિણતિરૂપ લોકનાં કારણ હોવાથી જેઓ સ્વીકારવામાં (સંમત કરવામાં) આવ્યાં છે એવાં છ દ્રવ્યોમાં જીવ, પુદ્‌ગલ, આકાશ, ધર્મ ને અધર્મ પ્રદેશપ્રચયાત્મક (પ્રદેશોના સમૂહમય) હોવાથી એ પાંચ અસ્તિકાયો છે. કાળને પ્રદેશપ્રચયાત્મકપણાનો અભાવ હોવાથી તે ખરેખર અસ્તિકાય નથી એમ (વગરકહ્યે પણ) સામર્થ્યથી નક્કી થાય છે. ૨૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૫ શનિવાર]

સર્વજ્ઞ પરમાત્માએ છ દ્રવ્યો જોયાં છે, તેમાં પાંચ દ્રવ્યો અસ્તિકાય છે અને કાળ છે તે દ્રવ્ય છે પણ અસ્તિકાય નથી તેની હવે વાત કરે છે.

**અર્થ :** પ્રથમ એક તો જીવદ્રવ્ય કાયવંત છે. (૧) આત્મા છે તે અસંખ્યપ્રદેશી છે. તે અસંખ્યપ્રદેશ અંશ છે–અવયવ છે અને આત્મા અવયવી છે (૨) બીજું પુદ્‌ગલદ્રવ્ય કાયવંત છે, એક પરમાણુ તો એકપ્રદેશી છે. પણ બેથી માંડીને અનંત પરમાણુનો સ્કંધ થઈ શકે છે તેથી તે કાયવંત છે. પુદ્‌ગલ પોતે કાયવંત છે, બીજા જીવને લઈને નથી. મકાન, શરીર વગેરે પોતે પોતાથી કાયવંત છે. પરમાણુ પોતે પોતાથી ભેગા થઈને કાયવંત બને છે. પુરુષાર્થ કરવાથી પૈસાદિ ભેગા થાય છે કે છૂટા પડી જાય છે એમ નથી. આત્માના કારણે પુદ્‌ગલનું કાયવંતપણું નથી. (૩) આકાશદ્રવ્ય કાયવંત છે તે અનંતપ્રદેશી એક દ્રવ્ય છે, તે પોતે પોતાથી કાયવંત છે. (૪) ધર્માસ્તિકાય કાયવંત છે. તે લોકપ્રમાણ અસંખ્યપ્રદેશી છે. (૫) અધર્માસ્તિકાય કાયવંત છે, લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી અખંડ દ્રવ્ય છે. તે પણ અસ્તિકાય છે. આ રીતે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ—એ પાંચ દ્રવ્યો કાયવંત છે.

આ પાંચ દ્રવ્યો કાયવંત છે. તે કેવાં છે ? (૧) अमया કોઈના બનાવેલાં નથી. ઈશ્વરે બનાવ્યાં નથી. આ દ્રવ્યોને ગયાકાળે કોઈએ કર્યાં નથી, વર્તમાનમાં કોઈ કરતું નથી અને ભવિષ્યમાં કોઈ કરશે નહિ કેમકે તે અસ્તિકાય છે. તે પોતે પોતાથી છે. તે સ્વભાવથી સ્વયંસિદ્ધ છે. બે પરમાણુથી માંડીને અનંત પરમાણુનો સ્કંધ તે કાયવંત છે. તે પણ સ્વયંસિદ્ધ છે.

વળી તે પદાર્થો કેવા છે ? (૨) अस्तित्वमया ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ જે સદ્‌ભાવ છે, તેનાથી પોતાના સ્વરૂપના અસ્તિત્વથી પરિણામી છે. કાયવંત પદાર્થો પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રુવથી પરિણમી રહ્યા છે. શરીર આત્માને લઈને અને આત્મા શરીરને લઈને પલટતો નથી પણ પોતાના હોવાપણાને લઈને પલટે છે. કાળદ્રવ્ય ન હોય તો સિદ્ધનું દ્રવ્ય પરિણમે નહિ તે તો નિમિત્તનું કથન છે. ખરેખર સિદ્ધનું દ્રવ્ય પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રુવના કારણે પલટી રહ્યું છે. તેમાં કાળદ્રવ્ય નિમિત્તમાત્ર છે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણપણાના અસ્તિત્વથી પદાર્થ ટકી રહ્યો છે, સંસારમાં અનેક પ્રકારના સંયોગ-વિયોગ દેખાય છે તે પુદ્‌ગલકાયના પોતાનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવના કારણે છે. કોઈને લઈને કોઈ છે જ નહિ, એમ યથાર્થ જ્ઞાન કરવું.

વળી તે દ્રવ્યો કેવાં છે ? (૩) लोकस्य कारणभूताः નિશ્ચયથી નાના પ્રકારની પરિણતિરૂપ લોકને નિમિત્તભૂત છે એટલે કે લોક એનાથી બનેલો છે. બધાં દ્રવ્યો છે તે જ લોક છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોક કોઈ જુદી વસ્તુ નથી.

**ભાવાર્થ** :–જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ આકાશ અને કાળ એ છ દ્રવ્યો છે. તેમાં કાળદ્રવ્ય વિના પાંચ દ્રવ્યો પંચાસ્તિકાય છે. કેમકે એ પાંચે દ્રવ્યોને પ્રદેશોના સમૂહરૂપ કાય છે. પ્રદેશોના સમૂહને કાય કહે છે. આ પાંચે દ્રવ્યો કાયવંત છે. કાળદ્રવ્ય બહુપ્રદેશી નથી એટલા માટે તે અકાય છે. આ કથન વિશેષ કરીને આગમપ્રમાણથી જાણવું.

હવે કહે છે કે કાળદ્રવ્યને કાયસંજ્ઞા કહેવાતી નથી, પણ તે દ્રવ્ય તો છે. તે કાળદ્રવ્ય વિના સિદ્ધિ થતી નથી કેમકે, કાળદ્રવ્ય અસ્તિત્વરૂપ વસ્તુ છે એનું કથન કરે છે. ગાથા ૨૨મીમાં પાંચ અસ્તિકાય છે એમ સિદ્ધ કર્યું. હવે આ ૨૩મી ગાથામાં કાળદ્રવ્યને સિદ્ધ કરે છે. ૨૨

---

**सब्भावसभावाणं जीवाणं तह य पोग्गलाणं च**
**परियट्टणसंभूदो कालो णियमेण पण्णत्तो ॥ २३ ॥**

**सद्‌भावस्वभावानां जीवानां तथा च पुद्‌गलानां च।**
**परिवर्तनसम्भूतः कालो नियमेन प्रज्ञप्तः ॥ २३ ॥**

**સત્તાસ્વભાવી જીવ ને પુદ્‌ગલ તણા પરિણમનથી**
**છે સિદ્ધિ જેની, કાળ તે ભાખ્યો જિણંદે નિયમથી. ૨૩**

**અન્વયાર્થ** : [सद्‌भावस्वभावानाम्] સત્તાસ્વભાવવાળાં [जीवानाम् तथा एव पुद्‌गलानाम् च] જીવો અને પુદ્‌ગલોના [परिवर्तनसम्भूतः] પરિવર્તનથી સિદ્ધ થતો [कालः] એવો કાળ [नियमेन प्रज्ञप्तः] (સર્વજ્ઞો દ્વારા) નિયમથી (નિશ્ચયથી) ઉપદેશવામાં આવ્યો છે.

---

**तात्पर्यवृत्ति** : एवं षड्‌द्रव्यमध्याज्जीवादिपञ्चानामस्तिकायत्वसूचनरूपेण गाथा गता। अथात्र पञ्चास्तिकायप्रकरणेऽस्तिकायत्वेनानुक्तोपि कालः सामर्थ्येन लब्ध इति प्रतिपादयति – **सब्भावसहावाणं जीवाणं तह य पोग्गलाणं च** सद्‌भावस्सत्ता सैव स्वभावः स्वरूपं येषां ते सद्‌भावस्वभावास्तेषां सद्‌भावस्वभावानां जीवपुद्‌गलानां अथवा सद्‌भावानामित्यनेन धर्माधर्माकाशानि गृह्यन्ते **परियट्टणसंभूदो** परिवर्तनसंभूतः परिवर्तनं नवजीर्णरूपेण परिणमनं तत्परिवर्तनं संभूतं समुत्पन्नं यस्मात्स भवति परिवर्तन-संभूतः **कालो** कालाणुरूपो द्रव्यकालः **णियमेण** निश्चयेन **पण्णत्तो** प्रज्ञप्तः कथितः। कैः ? सर्वज्ञैः, तथापि पञ्चास्तिकायव्याख्याने क्रियमाणे परमार्थकालस्यानुक्तस्याप्यर्थापन्नत्वमित्युक्तं पातनिकायां तत् कथं घटते ? प्रश्ने प्रत्युत्तरमाहुः – पञ्चास्तिकायाः परिणामिनः परिणामश्च कार्यं कार्यं च कारणमपेक्षते, स च द्रव्याणां परिणतिनिमित्तभूतः कालाणुरूपो द्रव्यकालः इत्यनया युक्त्या सामर्थ्येनार्थापन्नत्वं द्योतितं। किंच समयरूपः सूक्ष्मकालः पुद्‌गलपरमाणुना जनितः स एव निश्चयकालो भण्यते, घटिकादिरूपः स्थूलो व्यवहारकालो भण्यते, स च घटिकादिनिमित्तभूतजलभाजनवस्त्रकाष्ठपुरुषहस्त-व्यापाररूपः क्रियादिविशेषेण जनितो न च द्रव्यकालेनेति पूर्वपक्षे परिहारमाहुः – यद्यपि समयरूपः सूक्ष्मव्यवहारकालः पुद्‌गलपरमाणुना निमित्तभूतेन व्यज्यते प्रकटीक्रियते ज्ञायते घटिकादिरूपस्थूलव्यवहार-कालश्च घटिकादिनिमित्तभूतजलभाजनवस्त्रादिद्रव्यविशेषेण ज्ञायते तथापि तस्य समयघटिकादिपर्यायरूप-व्यवहारकालस्य कालाणुरूपो द्रव्यकाल एवोपादानकारणं। कस्मात् ? उपादानकारणसदृशं कार्यमिति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वचनात् । किंवदिति चेत् । कुंभकारचक्रचीवरादिबहिरङ्गनिमित्तोत्पन्नस्य घटकार्यस्य मृत्पिण्डोपादानकारणवत् कुविंदतुरीवेमसलाकादिबहिरङ्गनिमित्तोत्पन्नस्य पटकार्यस्य तंतुसमूहोपादानकारणवत् इंधनाग्न्यादिबहिरङ्ग-निमित्तोत्पन्नस्य शाल्याद्योदनकार्यस्य शाल्यादितंडुलोपादानकारणवत् कर्मोदयनिमित्तोत्पन्नस्य नरनारकादि-पर्यायकार्यस्य जीवोपादानकारणवदित्यादि ।। २३ ।।

**समयव्याख्या : अत्रास्तिकायत्वेनानुक्तस्यापि कालस्यार्थापन्नत्वं द्योतितम् । इह हि जीवानां पुद्गलानां च सत्तास्वभावत्वादस्ति प्रतिक्षणमुत्पादव्ययध्रौव्यैकवृत्तिरूपः परिणामः । स खलु सहकारिकारण-सद्भावे दृष्टः, गतिस्थित्यवगाहपरिणामवत् । यस्तु सहकारिकारणं स कालः । तत्परिणामान्यथानुपपत्ति-गम्यमानत्वादनुक्तोऽपि निश्चयकालोऽस्तीति निश्चीयते । यस्तु निश्चयकालपर्यायरूपो व्यवहारकालः स जीवपुद्गलपरिणामेनाभिव्यज्यमानत्वात्तदायत्त एवाभिगम्यत एवेति ।। २३ ।।**

અનુવાદ : કાળ અસ્તિકાયપણે અનુક્ત (નહિ કહેવામાં આવેલો) હોવા છતાં તેને **અર્થપણું** (પદાર્થપણું) સિદ્ધ થાય છે એમ અહીં દર્શાવ્યું છે.

**આ જગતમાં ખરેખર જીવોને અને પુદ્ગલોને સત્તાસ્વભાવને લીધે પ્રતિક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની એકવૃત્તિરૂપ પરિણામ વર્તે છે. તે (પરિણામ) ખરેખર સહકારી કારણના સદ્ભાવમાં જોવામાં આવે છે, ગતિ–સ્થિતિ–અવગાહપરિણામની માફક. (જેમ ગતિ, સ્થિતિ અને અવગાહરૂપ પરિણામો ધર્મ, અધર્મ અને આકાશરૂપ સહકારી કારણોના સદ્ભાવમાં હોય છે, તેમ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યની એકતારૂપ પરિણામ સહકારી કારણના સદ્ભાવમાં હોય છે.) આ જે સહકારી કારણ તે કાળ છે. જીવ–પુદ્ગલના પરિણામની અન્યથા અનુપપત્તિ દ્વારા જણાતો હોવાથી, નિશ્ચયકાળ—(અસ્તિકાયપણે) અનુક્ત હોવા છતાં પણ—(દ્રવ્યપણે) વિદ્યમાન છે એમ નક્કી થાય છે. અને જે નિશ્ચયકાળના પર્યાયરૂપ વ્યવહારકાળ તે, જીવ–પુદ્ગલોના પરિણામથી વ્યક્ત (ગમ્ય) થતો હોવાથી જરૂર તદાશ્રિત જ (જીવ અને પુદ્ગલના પરિણામને આશ્રિત જ) ગણવામાં આવે છે. ૨૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૫ શનિવાર]

**અર્થ** : ઉત્પાદ–વ્યય–ધ્રુવથી અસ્તિત્વ ધરાવતા જે પદાર્થો છે તેમાં જીવો અને પુદ્ગલો નવી અને જૂની અવસ્થારૂપ પરિણમનવાળા પ્રગટ દેખવામાં આવે છે. માટે નિશ્ચયથી તે પરિણમનમાં નિમિત્તભૂત એવું કાળદ્રવ્ય છે એમ ભગવંત દેવાધિદેવે કહ્યું છે. નવી વસ્તુ જૂની થાય છે એ ઉપરથી કાળદ્રવ્ય છે એમ સાબિત થાય છે. જ્ઞાનની એક સમયની પર્યાયમાં સ્વ અને પર જેમ છે તેમ જાણવાની તાકાત છે. જ્ઞાનમાં જે જ્ઞેયો જણાય છે તેને જેમ છે તેમ ન જાણે તો જ્ઞાન ખોટું થાય છે. અને જ્ઞાન ખોટું થતાં આત્માની પણ યથાર્થ શ્રદ્ધા થતી નથી. માટે પાંચ અસ્તિકાય છે તેમ કાળદ્રવ્ય પણ છે તે જણાવે છે.

**ભાવાર્થ** : આ લોકમાં જીવ અને પુદ્ગલની સમયે સમયે જે નવી અને જૂની અવસ્થાઓ થાય છે તે સ્વભાવનું જ પરિણમન છે. અનંત આત્માઓ અને અનંતાનંત પુદ્ગલ પરમાણુઓની જે અવસ્થા થાય છે તે પોતાના સ્વભાવથી થાય છે, કાળને લઈને થતી નથી. **તે અવસ્થા સહકારી કારણની હયાતીથી દેખવામાં આવે છે, એટલે એ અવસ્થા થતી વખતે કોઈ નિમિત્ત જ હોતું નથી એમ નથી. જીવ–પુદ્ગલની અવસ્થા દેખાય છે તેમાં કાળદ્રવ્ય નિમિત્તરૂપે દેખવામાં આવે છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુદ્‌ગલપરમાણુ ભેગા થઈને સ્કંધ થાય છે એમ કાળાણુ ભેગા થતા નથી કેમકે એમાં ચીકાશ–લૂખાશનો ગુણ નથી. પણ રત્નનો ઢગલો પડ્યો હોય તેમ આખા લોકમાં અસંખ્ય કાળાણુઓ છે. કાળદ્રવ્ય કેવી રીતે નિમિત્ત છે? તે કહે છે—જેમ ગતિમાં ધર્માસ્તિકાય, સ્થિતિમાં અધર્માસ્તિકાય અને અવગાહનમાં આકાશ નિમિત્ત છે તેવી રીતે જીવ-પુદ્‌ગલના પરિણમનમાં કાળદ્રવ્ય જરૂર નિમિત્ત છે, એમ અનુમાન થાય છે. આગમ–પ્રમાણથી પણ તે નક્કી થાય છે છતાં તે કાળદ્રવ્યના કારણે જીવ કે પુદ્‌ગલનું પરિણમન છે—એમ નથી. નિમિત્ત વિના પરિણમન હોતું નથી માટે નિમિત્તના કારણે છે એમ નથી.

માછલી પાણીમાં ચાલે છે તેને પાણી નિમિત્ત કહેવાય છે પણ પાણી તેને ચલાવતું નથી. અને કોઈ માણસ ચાલ્યો જતો હોય અને રસ્તામાં ઝાડનો છાંયો આવે ત્યાં ઊભો રહે તો તે છાંયો નિમિત્ત કહેવાય છે, પણ ચાલતા માણસને ઝાડ ઊભો રાખતું નથી. તેમ આત્મા અને પુદ્‌ગલ પોતાના કારણે પરિણમન કરે છે તેને કાળદ્રવ્ય નિમિત્ત છે. કાળદ્રવ્ય એટલે કાળનું પરિણમન તે જીવાદિ પોતાના કારણે પરિણમન કરે છે તેને નિમિત્ત થાય છે, પણ કાળદ્રવ્યને શોધવા જવું પડતું નથી.

જુઓ, આ કાળદ્રવ્ય સંબંધી માન્યતામાં દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયમાં મોટો ફેર છે. શ્વેતાંબર સંપ્રદાય પાંચ દ્રવ્ય જ માને છે. કાળદ્રવ્યને માનતા નથી. કાળદ્રવ્યને ઔપચારિક માને છે પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. કાળદ્રવ્ય અનાદિ–અનંત અસંખ્ય છે, તેના નિમિત્ત વિના કોઈ દ્રવ્યનું પરિણમન બની શકતું નથી. એટલે કે જીવાદિનું પરિણમન તે નિશ્ચય છે ત્યાં કાળદ્રવ્યનું પરિણમન નિમિત્ત છે, તે વ્યવહાર છે. નિશ્ચય–વ્યવહાર બન્ને હોવા જોઈએ માટે કાળદ્રવ્ય છે એમ જરૂર માનવું જોઈએ.

કાળદ્રવ્ય નિશ્ચયથી છે અને એની પર્યાય તે વ્યવહાર છે. ઘણી પર્યાયનો સમૂહ તે વ્યવહારકાળ છે. અહીં મુખ્યપણે પંચાસ્તિકાયને સાબિત કરે છે. કાળદ્રવ્યને તે અસ્તિકાય એટલે જીવ–પુદ્‌ગલ દ્વારા સિદ્ધ કરે છે. જીર્ણ અને નવીન આદિ પર્યાય છે, તે ઉપરથી કાળનું માપ નીકળે છે. કોઈ વસ્તુ નવી હોય તે જીર્ણ થઈ જાય છે એના ઉપરથી વ્યવહારકાળ સાબિત થાય છે. અને વ્યવહારકાળનો આધાર નિશ્ચયકાળદ્રવ્ય છે તે સાબિત થાય છે.

સત્‌પદપ્રરૂપણા શાસ્ત્રમાં આવે છે એટલે શબ્દ છે તે સત્ છે તો તેનું વાચ્ય ન હોય એમ બને નહિ. વાચ્ય ન હોય તો પદ ન હોઈ શકે. કોઈ કહે કે ગધેડાનાં શીંગડાં કહેવાય છે. પણ તેવો પદાર્થ તો નથી. તો તેને કહે છે કે 'ગધેડાનાં શીંગડાં' એ એક પદ નથી, પણ વાક્ય છે, તેથી તે ન હોય. પણ ગધેડું, શીંગડું—એ પદ છે માટે સામે તેનું વાચ્ય પણ હોય છે. સિંહ શબ્દ છે તો સિંહ પદાર્થ ન હોય એમ બને નહિ. એમ કાળ શબ્દ છે તો કાળદ્રવ્ય ન હોય એમ બને નહીં. શબ્દ છે તો તેનું વાચ્ય પણ છે. શબ્દ ભિન્ન છે અને તેનું વાચ્ય એવો પદાર્થ ભિન્ન છે. આમ બન્નેને ન સ્વીકારે તો શબ્દ અને વસ્તુને તે સમજતો નથી.

આ રીતે વ્યવહારકાળ જીવ–પુદ્‌ગલની પરિણતિ દ્વારા સાબિત થાય છે. એ જીવ–પુદ્‌ગલના પરિણામોને અને કાળને પરસ્પર નિમિત્ત–નૈમિત્તિકભાવ છે. અનંત જીવો અને પુદ્‌ગલોનાં પરિણામો નૈમિત્તિક છે. અને કાળદ્રવ્યની પરિણતિ નિમિત્ત છે. તે પહેલાં–પછી નથી, એક સમયે છે. કેટલાક કહે છે કે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ અશુદ્ધતામાં જ હોય છે પણ શુદ્ધમાં હોતો નથી. તો તે વાત ખોટી છે. કેવળજ્ઞાન નૈમિત્તિક અને કાળદ્રવ્ય નિમિત્ત છે. સિદ્ધપર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નૈમિત્તિક અને કાળ નિમિત્ત છે. આત્મા અને શરીર સમય–સમયની પર્યાય ધારણ કરે છે તેને કાળ નિમિત્તમાત્ર છે. નૈમિત્તિક વખતે હોય તેને નિમિત્ત કહેવાય છે. નિગોદની પર્યાયને કાળ નિમિત્તમાત્ર છે. શુભભાવ નૈમિત્તિક છે અને કાળ નિમિત્ત છે. શરીરમાં ખોરાક જાય પણ તે લોહીરૂપે પરિણમવાનો ન હોય તેને કાળ પરિણમાવે નહિ, પણ જે જે પર્યાય થાય તેને કાળ નિમિત્ત છે. આ સ્વતંત્રતાની જાહેરાત છે.

કાળના અસ્તિત્વથી જીવ–પુદ્ગલના પરિણામનું અસ્તિત્વ છે એટલે કે કાળદ્રવ્યના પરિણામ નિમિત્ત છે અને જીવ–પુદ્ગલની પર્યાય નૈમિત્તિક છે એમ સિદ્ધ થાય છે અને જીવ–પુદ્ગલનાં પરિણામોથી કાળદ્રવ્યની પર્યાય જાણી શકાય છે. કાળદ્રવ્ય નામનો પદાર્થ છે, તેની એક સમયની પર્યાય છે. તેને સિદ્ધ કરવા માટે જીવ–પુદ્ગલના પરિણામ નિમિત્ત છે અને કાળની પર્યાય નૈમિત્તિક છે. બીજાં દ્રવ્યોના નિમિત્તે કાળદ્રવ્યની પર્યાય સાબિત કરવી તે વ્યવહાર છે. આ રીતે બધાં દ્રવ્યો સ્વતંત્ર છે. સર્વજ્ઞ સિવાય આવી સ્વતંત્રતા સિદ્ધ થતી નથી. આમ સાચું જ્ઞાન કરી અજ્ઞાનને ટાળવું તે જ ધર્મ છે. ૨૩

---

**ववगदपणवण्णरसो ववगददोगंधअट्ठफासो य।**
**अगुरुलहुगो अमुत्तो वट्टणलक्खो य कालो त्ति॥ २४॥**

**व्यपगतपञ्चवर्णरसो व्यपगतद्विगन्धाष्टस्पर्शश्च।**
**अगुरुलघुको अमूर्तो वर्तनलक्षणश्च काल इति॥ २४॥**

**રસવર્ણપંચક, સ્પર્શ-અષ્ટક, ગંધયુગલ વિહીન છે,**
**છે મૂર્તિહીન, અગુરુલઘુક છે, કાળ વર્તનલિંગ છે. ૨૪**

**અન્વયાર્થ :** [कालः इति] કાળ (નિશ્ચયકાળ) [व्यपगतपञ्चवर्णरसः] પાંચ વર્ણ ને પાંચ રસ રહિત, [व्यपगतद्विगन्धाष्टस्पर्शः च] બે ગંધ ને આઠ સ્પર્શ રહિત, [अगुरुलघुकः] અગુરુલઘુ, [अमूर्तः] અમૂર્ત [च] અને [वर्तनलक्षणः] વર્તનાલક્ષણવાળો છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पुनरपि निश्चयकालस्य स्वरूपं कथयति – **ववगदपणवण्णरसो ववगददोगंधअट्ठफासो य** पञ्चवर्णपंचरसद्विगंधाष्टस्पर्शैर्व्यपगतो वर्जितो रहितः। पुनरपि कथंभूतः। **अगुरुलहुगो** षड्ढानिवृद्धि-रूपागुरुलघुकगुणः। पुनरपि किं विशिष्टः। **अमुत्तो** यत एव वर्णादिरहितस्तत एवामूर्तः, ततश्चैव सूक्ष्मोतीन्द्रियज्ञानग्राह्यः। पुनश्च किंरूपः। **वट्टणलक्खो य कालोत्ति** सर्वद्रव्याणां निश्चयेन स्वयमेव परिणामं गच्छतां शीतकाले स्वयमेवाध्ययनक्रियां कुर्वाणस्य पुरुषस्याग्निसहकारिवत् स्वयमेव भ्रमणक्रियां कुर्वाणस्य कुम्भकारचक्रस्याधस्तनशिलासहकारिवद्बहिरङ्गनिमित्तत्वाद्वर्तनालक्षणश्च कालाणुरूपो निश्चयकालो भवति। किंच लोकाकाशाद्बहिर्भागे कालद्रव्यं नास्ति कथमाकाशस्य परिणतिरिति प्रश्ने प्रत्युत्तरमाह – यथैकप्रदेशे स्पृष्टे सति लंबायमानमहावरत्रायां महावेणुदण्डे वा कुंभकारचक्रे वा सर्वत्र चलनं भवति यथैव च मनोजस्पर्शनेन्द्रियविषयैकदेशस्पर्शे कृते सति रसनेन्द्रियविषये च सर्वाङ्गेन सुखानुभवो भवति, यथैव चैकदेशे सर्पदष्टे व्रणादिके वा सर्वाङ्गेन दुःखवेदना भवति तथा लोकमध्ये स्थितेपि कालद्रव्ये सर्वत्रालोकाकाशे परिणतिर्भवति। कस्मात्। अखण्डैकद्रव्यत्वात्। कालद्रव्यमन्यद्रव्याणां परिणतिसह-कारिकारणं भवति। कालस्य किं परिणतिसहकारिकारणमिति। आकाशस्याकाशाधारवत् ज्ञानादित्यरत्न-प्रदीपानां स्वपरप्रकाशवच्च कालद्रव्यस्य परिणतेः काल एव सहकारिकारणं भवति। अथ मतं यथा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालद्रव्यं स्वपरिणतेः स्वयमेव सहकारी तथाशेषद्रव्याण्यपि स्वपरिणतेः स्वयमेव सहकारिकारणानि भविष्यन्ति कालद्रव्येण किं प्रयोजनमिति। परिहारमाह-सर्वद्रव्यसाधारणपरिणतिसहकारित्वं कालस्यैव गुणः। कथमिति चेत्। आकाशस्य सर्वसाधारणावकाशदानमिव धर्मद्रव्यस्य सर्वसाधारणगतिहेतुत्वमिव तथा धर्मस्य स्थितिहेतुत्वमिव। तदपि कथमिति चेत्। अन्यद्रव्यस्य गुणोऽन्यद्रव्यस्य कर्तुं नायाति संकरव्यतिकरदोषप्राप्तेः। किंच यदि सर्वद्रव्याणि स्वकीय-स्वकीयपरिणतेरुपादानकारणवत् सहकारिकारणान्यपि भवन्ति तर्हि गतिस्थित्यवगाहपरिणतिविषये धर्माधर्माकाशद्रव्यैः सहकारिकारणभूतैः किं प्रयोजनं गतिस्थित्यवगाह्यः स्वयमेव भविष्यति। तथा सति किं दूषणं। जीवपुद्गलसंज्ञे द्वे एव द्रव्ये स चागमविरोधः। अत्र विशुद्धदर्शनज्ञानस्वभावस्य शुद्धजीवास्तिकायस्यालाभेऽतीतानंतकाले संसारचक्रे भ्रमितोऽयं जीवः, ततः कारणाद्वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा समस्तरागादिरूपसंकल्प-विकल्पकल्लोलमालापरिहारबलेन जीवन् स एव निरंतरं ध्यातव्य इति भावार्थः॥ २४॥

**समयव्याख्या : स्पष्टम्॥ २४॥**

---

## *પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૭ રવિવાર]

આત્મા છે તેમ કાળાણુઓ પણ છે. આત્મામાં જ્ઞાન, આનંદાદિ ભાવો છે, કાળાણુમાં એ ભાવો નથી, પણ કાળાણુ પદાર્થ છે તેની ઓળખાણ કરાવે છે.

**અર્થ :** નિશ્ચયકાળનું સ્વરૂપ કહે છે. પાંચ વર્ણ અને પાંચ રસ જેને નથી અને બે ગંધ અને આઠ સ્પર્શગુણ પણ જેને નથી. વળી ષટ્ગુણી હાનિવૃદ્ધિરૂપ અગુરુલઘુગુણસંયુક્ત છે. વળી તે અમૂર્ત છે અને પરદ્રવ્યના પરિણમનમાં નિમિત્ત છે. એવું નિશ્ચયકાળનું લક્ષણ છે.

કાળાણુ પદાર્થ અરૂપી છે, તેમાં વર્ણાદિ ગુણો નથી. જેમ જીવ–પુદ્ગલાદિ અસ્તિકાય છે તેમ કાળાણુ અસ્તિકાય નથી. પણ તે વસ્તુ તો છે. જેવો પુદ્ગલનો સ્વભાવ છે તેવો કાળનો સ્વભાવ નથી માટે કાળાણુ ભેગા થતા નથી. કાળદ્રવ્ય છે તેનો નિર્ણય સૂક્ષ્મદ્રષ્ટિપૂર્વક કરવો જોઈએ એમ આચાર્યદેવ આગળ કહેશે. દ્રવ્યો પોતાના કારણે પરિણમે છે. તેમાં કાળદ્રવ્ય નિમિત્ત છે.

**ભાવાર્થ :** કાળદ્રવ્ય અન્યદ્રવ્યની પરિણતિને સહાયક છે એટલે કે નિમિત્ત છે. તે કેવી રીતે છે ? એ દ્રષ્ટાંતથી સમજાવે છે. જેમ કોઈ શિષ્ય શિયાળાની ઠંડીમાં પોતાના કારણે વાંચન કરતો હોય તો તેને બહારમાં અગ્નિ નિમિત્ત છે. ભણવાની ક્રિયા તો પોતે કરે છે તેમાં અગ્નિ નિમિત્ત માત્ર છે. અગ્નિ ભણવાની પ્રેરણા કરતી નથી, અગ્નિના કારણે તે ભણતો નથી. અગ્નિ બળજોરીથી કહેતી નથી કે તું ભણ. પણ તે માત્ર નિમિત્ત છે.

વળી કુંભારનો ચાક પોતાની મેળે ફરે છે તેમાં નીચેની ખીલી નિમિત્ત છે. ખીલી ચાકને ચલાવતી નથી. આ પ્રમાણે બધાં દ્રવ્યોની પરિણતિને નિમિત્તરૂપ કાળદ્રવ્ય છે. કાળદ્રવ્ય બળજોરીથી કોઈને પરિણમાવતું નથી. આત્મા પોતે સમજતો ન હોય અને આયુષ્ય પૂરું થવાનો વખત થયો હોય તો કાળદ્રવ્ય એમ કહેતું નથી કે હવે તું આત્માનું કરવા માટે સમજણ કર ! પણ આત્મા પોતે સમજે તો તેના પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત કહેવાય છે.

* શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવે ૨૪મી ગાથાની ટીકા લખેલ નથી એટલે અન્વયાર્થ પછી પ્રવચન આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અહીં કોઈ પ્રશ્ન કરે કે લોકાકાશની બહાર કાળદ્રવ્ય નથી, તો ત્યાં આકાશ કોના નિમિત્તે પરિણમે છે ? તેનો ઉત્તર કહે છે. જેમ કુંભારનો ચાક ફરે છે તે વખતે તેના એક ખૂણામાં લાકડી અડાડતાં આખો ચાક ફરે છે. વળી જેવી રીતે સ્પર્શેન્દ્રિયનો વિષય એક જગ્યાએ થાય છે અને વેદન આખા આત્મામાં થાય છે. ચંદન શરીરના એક ભાગમાં ચોપડે તો તેનું વેદન આખા આત્મામાં થાય છે, વીંછી એક જગ્યાએ કરડે અને તેનું વેદન આખા આત્મામાં થાય છે, અને ગૂમડું વગેરે એક જગ્યાએ થાય છે અને વેદના આખા આત્મામાં થાય છે, તેમ કાળદ્રવ્ય લોકાકાશમાં હોવા છતાં અલોકાકાશની પરિણતિમાં તે નિમિત્ત થાય છે.

વળી કોઈ પ્રશ્ન કરે કે કાળદ્રવ્ય અન્ય દ્રવ્યોની પરિણતિને નિમિત્ત થાય છે પણ કાળદ્રવ્યની પરિણતિને નિમિત્ત કોણ છે ? તો કહે છે કે કાળને નિમિત્ત કાળ છે. જેમ આકાશનો આધાર આકાશ છે તેમ કાળદ્રવ્યના પરિણમનમાં કાળદ્રવ્ય પોતે નિમિત્ત છે. આમ નક્કી થતાં દ્રવ્યની સ્વતંત્રતા સાબિત થાય છે. જેમ આત્માનો જ્ઞાનસ્વભાવ સ્વ–પરપ્રકાશક છે તેનું કારણ શું ? તો કહે છે કે તે અકારણીય છે. એનું કારણ કોઈ પરદ્રવ્ય હોઈ શકે નહિ. સ્વભાવને કારણ હોય નહિ. તેમ કાળને કાળ કારણ છે. એટલે કે કાળના પરિણમનમાં કોઈ પર કારણ નથી. આમ સ્વતંત્ર પદાર્થો છે એમ નક્કી કરીને કહે છે કે જ્ઞાનનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે તેને કોઈ ઇંદ્રિય કે મનની જરૂર નથી.

આકાશને રહેવા માટે જેમ બીજા સ્થાનની જરૂર નથી તેમ આત્માને જ્ઞાન કરવા માટે પરની જરૂર નથી. જેમ આત્માનો સ્વયંસિદ્ધ પોતાના ક્ષેત્રમાં રહેવાનો સ્વભાવ છે, તેમ આત્માનો સ્વયંસિદ્ધ સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે.

જેમ જ્ઞાન, સૂર્ય, રત્ન, દીપાદિક પદાર્થ સ્વ–પરપ્રકાશક છે, તેના પ્રકાશ માટે કોઈ અન્ય વસ્તુની સહાયની જરૂર નથી તેમ કાળદ્રવ્યને પોતાની પરિણતિ માટે અન્ય નિમિત્તની જરૂર નથી. સ્વયં કાળદ્રવ્ય પોતે પોતાને નિમિત્ત છે. સૂર્યને પ્રકાશવામાં કોઈ અન્ય કારણ નથી. પોતાની ઉજ્જ્વળતાનો સ્વભાવ છે તે સ્વ–પરને જણાવે છે, રત્નનો પ્રકાશ સ્વયં છે, તે કોઈ પરના કારણે નથી અને દીવો પણ સ્વ–પરપ્રકાશક છે. દીવામાં બીજી ચીજો જણાય છે માટે તે બીજી ચીજના કારણે દીવો નથી. જે જેનો સ્વભાવ છે તેમાં કોઈ નિમિત્તની જરૂર નથી. કાળ જેમ પોતાથી પરિણમે છે તેમ આત્માનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે તે પોતાથી છે, સ્વભાવને નિમિત્ત હોઈ શકે નહિ. આત્માની પર્યાય પલટે છે તેમાં કાળ નિમિત્ત છે પણ સ્વ–પરપ્રકાશક સ્વભાવને કોઈ નિમિત્ત નથી, સ્વતંત્ર છે. સૂર્યને પ્રકાશવામાં બીજા સૂર્યની જરૂર પડે નહિ તેમ કાળદ્રવ્ય પરિણમે છે એમાં કોઈ નિમિત્ત નથી.

વળી પ્રશ્ન થાય કે : જેમ કાળદ્રવ્યમાં પરિણતિ થાય છે તેમાં કાળ પોતે નિમિત્ત છે તેવી રીતે જીવ–પુદ્‌ગલાદિ દ્રવ્યો પણ પોતાની પરિણતિમાં પોતે નિમિત્ત કેમ ન હોય ? તેમાં કાળનું નિમિત્ત છે એમ કેમ કહ્યું છે ? બીજાં દ્રવ્યોની પરિણતિમાં કાળની જરૂર નથી એમ કહો તો વાંધો શું છે ? તો તેને કહે છે કે : કાળદ્રવ્યનો વિશેષ ગુણ વર્તનાલક્ષણ છે. તે અન્ય પદાર્થોની પરિણતિને નિમિત્તભૂત છે. જેવી રીતે આકાશ અન્ય પદાર્થોને અવગાહ આપે એવો તેનો ગુણ છે, ધર્માસ્તિકાયનો જીવ–પુદ્‌ગલને ગમનમાં ગતિહેતુત્વ થવાનો ગુણ છે અને અધર્માસ્તિકાયમાં જીવન–પુદ્‌ગલને સ્થિતિહેતુત્વનો ગુણ છે. તેવી રીતે કાળદ્રવ્ય બીજા પદાર્થોના પરિણમનમાં નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જડકર્મ પોતે પરિણમે છે તે તેનું ઉપાદાન છે અને કાળ તેને નિમિત્ત છે. આત્મા રાગ–દ્વેષરૂપે પરિણમે છે તે તેનું ઉપાદાન છે અને કાળનું પરિણમન તેમાં નિમિત્ત છે. દરેક દ્રવ્યનું ઉપાદાન સ્વયં તે તે દ્રવ્ય જ છે. એક દ્રવ્યનું ઉપાદાન બીજું દ્રવ્ય થઈ શકતું નથી. પણ કથંચિત પ્રકારથી અન્ય પદાર્થ અન્ય પદાર્થને નિમિત્તકારણ થાય છે. ઉપાદાન એક દ્રવ્યમાં બે ન હોય, પણ નિમિત્ત બીજાં દ્રવ્યો હોય છે. કલમ ચાલે છે તે ઉપાદાન છે, તેમાં હાથ નિમિત્ત છે; હાથ ઉપાદાન છે અને તેમાં આત્માનો નિમિત્ત છે, રાગ નૈમિત્તિક છે અને કર્મ નિમિત્ત છે. આ રીતે પરદ્રવ્ય નિમિત્તકારણ થાય છે પણ કોઈ કોઈને કરતું નથી. મોરપીંછી ઊપડે છે તે તેના કારણે, તેમાં આંગળી નિમિત્તમાત્ર છે. આંગળીથી તે ઊંચી થઈ નથી. દુકાન બરાબર ચાલે છે તે ઉપાદાન છે એમાં આત્માની મમતા નિમિત્તમાત્ર છે. મમતા કરી માટે દુકાનની વ્યવસ્થા બરાબર થાય છે એમ નથી. આ રીતે ઉપાદાન–નિમિત્તની અહીં ઘણી સ્પષ્ટતા કરી છે છતાં અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે સમજતો નથી.

આકાશદ્રવ્ય અવકાશમાં નિમિત્ત, ધર્માસ્તિકાય ગતિહેતુત્વ, અધર્માસ્તિકાય સ્થિતિહેતુત્વ એમ એક દ્રવ્યમાં બીજાં દ્રવ્યો નિમિત્ત પડે છે. જો એક દ્રવ્યમાં બીજાં દ્રવ્યો નિમિત્ત છે એમ ન માનવામાં આવે તો જીવ–પુદ્ગલ બે જ દ્રવ્ય રહી જાય માટે નિમિત્ત તરીકે બીજું દ્રવ્ય છે. ઘણા લોકો કહે છે કે નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય એમ માનવામાં આવે તો જ નિમિત્તને માન્યું કહેવાય, પણ એમ નથી. જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે નિમિત્ત બીજું દ્રવ્ય હોય છે એમ માનવું તે યથાર્થ છે. જીવ–પુદ્ગલાદિ પોતાના કારણે પરિણમે છે તેમાં કાળ નિમિત્ત છે એમ ન માને તો કાળદ્રવ્ય રહેતું નથી. નિમિત્ત નિમિત્તપણાનું કાર્ય કરે પણ પરમાં કાંઈ કરે નહિ. નિમિત્ત તો અનાદિ–અનંત છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય એમ માનવામાં આવે તો દ્રવ્ય સ્વતંત્ર રહેતું નથી, આગમ વિરુદ્ધ થાય છે. લોકની મર્યાદા રહેતી નથી.

કાળદ્રવ્યને બીજું દ્રવ્ય નિમિત્ત નથી એ વાત બરાબર છે પણ કાળદ્રવ્ય જ નથી—એમ નથી. કાળદ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણમનમાં નિમિત્ત છે એમ ન માને તો બે જ દ્રવ્ય રહે છે, એમ લોકની મર્યાદા રહેતી નથી. માટે નિશ્ચયકાળ અનાદિ–અનંત પદાર્થ છે, અસંખ્ય કાળાણુ છે. આત્માનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે. કાળદ્રવ્ય છે એને ન માને તો આત્માના સ્વ–પરપ્રકાશક સ્વભાવને માન્યો નહિ. કેમકે કાળદ્રવ્ય જ્ઞાનનું જ્ઞેય છે તે પરપ્રકાશકમાં જાય છે. તેને ન માને તેણે પરપ્રકાશક સ્વભાવને માન્યો નહીં.

આત્માનો પોતાનો સ્વકાળ ખીલ્યો, એટલે કે આત્માનું ભાન થયું ત્યારે નિમિત્તરૂપે કાળદ્રવ્ય છે એમ શ્રદ્ધામાં આવી ગયું છે. પુરુષાર્થની ગતિ સંસાર તરફ હતી તે ચક્ર ફરીને સ્વભાવ તરફ ગતિ થઈ ત્યારે કાળદ્રવ્ય છે એવું પણ સાથે ભાન હોય છે. કોઈને સૂક્ષ્મતાથી ખ્યાલમાં ન આવે તો તે અપવાદ છે. આત્માની પર્યાય ફરે છે તો તેમાં નિમિત્ત કોઈક દ્રવ્ય હોવું જોઈએ. એમ પ્રતીત આવી જાય, બિલકુલ નિષેધ ન હોય. ગુરુગમ ન મળી હોય તો કદાચ ખ્યાલમાં ન આવે પણ કોઈ કહે તો વિરોધ ન કરે, કાળ દ્રવ્ય નથી એમ માને તો બીજાં ધર્માદિ દ્રવ્યો નિમિત્તરૂપ છે તેનો પણ નિષેધ થાય છે. એમ ચાર દ્રવ્યોનો નિષેધ થતાં જીવ–પુદ્ગલ પણ માન્યતામાં રહેતાં નથી. પર છે એમ જાણવાની તાકાતવાળો પોતે છે એનો પણ નિષેધ થાય છે. જેમ કાચનો મોટો ગોળો ઘરમાં વચ્ચે બાંધ્યો હોય તો તેમાં બધું દેખાય છે. તેનો નકાર કરે તો ગોળાનો નકાર થાય છે. તેમ આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમાં જ્ઞેયપદાર્થ જણાય છે, તે જ્ઞેયનો નિષેધ કરતાં જ્ઞાનનો નિષેધ થાય છે. ૨૪

આ નિશ્ચયકાળનું વર્ણન કર્યું, હવે વ્યવહારકાળનું વર્ણન કરે છે.

---

**समओ णिमिसो कट्ठा कला य णाली तदो दिवारत्ती ।**
**मासोदुअयणसंवच्छरो त्ति कालो परायत्तो ॥ २५ ॥**

**समयो निमिषः काष्ठा कला च नाली ततो दिवारात्रः ।**
**मासर्त्वयनसंवत्सरमिति कालः परायत्तः ॥ २५ ॥**

**જે સમય, નિમિષ, કળા, ઘડી, દિનરાત, માસ, ઋતુ અને**
**જે અયન ને વર્ષાદિ છે, તે કાળ પર-આયત્ત છે. ૨૫.**

**અન્વયાર્થ** : [समयः] સમય, [निमिषः] નિમેષ, [काष्ठा] કાષ્ઠા, [कला च] કળા, [नाली] ઘડી, [ततः दिवारात्रः] અહોરાત્ર(–દિવસ) [मासर्त्वयनसंवत्सरम्] માસ, ઋતુ, અયન અને વર્ષ—[इति कालः] એવો જે કાળ (અર્થાત્ વ્યવહારકાળ) [परायत्तः] તે પરાશ્રિત છે.

---

**तात्पर्यवृत्ति** : इति निश्चयकालव्याख्यानमुख्यत्वेन गाथाद्वयं गतं । अथ समयादिव्यवहारकालस्य निश्चयेन परमार्थकालपर्यायस्यापि जीवपुद्‌गलनवजीर्णादिपरिणत्या व्यज्यमानत्वात् कथंचित्परायत्तत्वं द्योतयति –**समओ** मंदगतिपरिणतपुद्‌गलपरमाणुना निमित्तभूतेन व्यक्तीक्रियमाणः समयः **णिमिसो** नयन-पुटविघटनेन व्यज्यमानः संख्यातीतसमयो निमिषः **कट्ठा** पञ्चदशनिमिषैः काष्ठा **कला य** त्रिंशत्काष्ठाभिः कला **णाली** साधिकाविंशतीकलाभिर्घटिका घटिकाद्वयं मुहूर्तः **तदो दिवारत्ती** त्रिंशन्मुहूर्तैरहोरात्रः **मासो** त्रिंशद्दिवसैर्मासः **उडु** मासद्वयमृतुः **अयणं** ऋतुत्रयमयनं **संवच्छरोत्ति कालो** अयनद्वयं वर्षं इति । इति-शब्देन पल्योपमसागरोपमादिरूपो व्यवहारकालो ज्ञातव्यः । स च मंदगतिपरिणतपुद्‌गलपरमाणुव्यज्यमानः समयो जलभाजनादिबहिरङ्गनिमित्तभूतपुद्‌गलप्रकटीक्रियमाणा घटिका, दिनकरबिंबगमनादिक्रियाविशेषव्यक्ती-क्रियमाणो दिवसादिः व्यवहारकालः । कथंभूतः । **परायत्तो** कुम्भकारादिबहिरङ्गनिमित्तोत्पन्नमृत्पिण्डोपादान-कारणजनितघटवन्निश्चयेन द्रव्यकालजनितोऽपि व्यवहारेण परायत्तः पराधीन इत्युच्यते । किंच अन्येन क्रियाविशेषेणादित्यगत्यादिना परिच्छिद्यमानोऽन्यस्य जातकादेः परिच्छित्तिहेतुः स एव कालोऽन्यो द्रव्य-कालो नास्तीति । तन्न । पूर्वोक्तसमयादिपर्यायरूप आदित्यगत्यादिना व्यज्यमानः स व्यवहारकालः यश्चादित्यगत्यादिपरिणतेः सहकारिकारणभूतः स द्रव्यरूपो निश्चयकालः । ननु आदित्यगत्यादिपरिणतेर्धर्मद्रव्यं सहकारिकारणं कालस्य किमायातं । नैवं । गतिपरिणतेर्धर्मद्रव्यं सहकारिकारणं भवति कालद्रव्यं च, सहकारिकारणानि बहून्यपि भवन्ति, यतः कारणात् घटोत्पत्तौ कुम्भकारचक्रचीवरादिवत् मत्स्यादीनां जलादिवत् मनुष्याणां शकटादिवत् विद्याधराणां विद्यामन्त्रौषधादिवत् देवानां विमानवदित्यादिकालद्रव्यं गतिकारणं । कुत्र भणितं तिष्ठतीति चेत् । ''पोग्गलकरणा जीवा खंधा खलु कालकरणेहिं'' क्रियावंतो भवंतीति कथयत्यग्रे । ननु यावता कालेनैकप्रदेशातिक्रमं करोति पुद्‌गलपरमाणुस्तत्प्रमाणेन समयव्याख्यानं कृतं, स एकसमये चतुर्दशरज्जुकाले गमनकाले यावंतः प्रदेशास्तावंतः समया भवंतीति । नैवं । एकप्रदेशातिक्रमेण या समयोत्पत्तिर्भणिता सा मंदगतिगमनेन, चतुर्दशरज्जुगमनं यदेकसमये भणितं तदक्रमेण शीघ्रगत्या कथितमिति नास्ति दोषः । अत्र दृष्टांतमाह – यथा कोपि देवदत्तो योजनशतं दिनशतेन गच्छति स एव विद्याप्रभावेण दिनेनैकेन गच्छति तत्र किं दिनशतं भवति नैवैकदिनमेव तथा शीघ्रगतिगमने सति चतुर्दशरज्जुगमनेप्येकसमय एव नास्ति दोष इति ॥ २५ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समयव्याख्या : अत्र व्यवहारकालस्य कथंचित्परायत्तत्वं द्योतितम् । परमाणुप्रचलनायत्तः समयः । नयनपुटघटनायत्तो निमिषः तत्संख्याविशेषतः काष्ठा कला नाली च । गगनमणिगमनायत्तो दिवारात्रः तत्संख्याविशेषतः मासः, ऋतुः, अयनं, संवत्सरमिति । एवंविधो हि व्यवहारकालः केवलकालपर्याय-मात्रत्वेनावधारयितुमशक्यत्वात् परायत्त इत्युपमीयत इति ॥ २५ ॥**

**અનુવાદ : અહીં વ્યવહારકાળનું કથંચિત્ પરાશ્રિતપણું દર્શાવ્યું છે.**

**પરમાણુના ગમનને આશ્રિત સમય છે; આંખના વીંચાવાને આશ્રિત નિમેષ છે; તેની (નિમેષની) અમુક સંખ્યાથી કાષ્ઠા, કળા અને ઘડી હોય છે; સૂર્યના ગમનને આશ્રિત અહોરાત્ર હોય છે; અને તેની (અહોરાત્રની) અમુક સંખ્યાથી માસ, ઋતુ, અયન ને વર્ષ હોય છે.—આવો વ્યવહારકાળ કેવળ કાળના પર્યાયમાત્રપણે અવધારવો અશક્ય હોવાથી (અર્થાત્ પરની અપેક્ષા વિના—પરમાણુ, આંખ, સૂર્ય વગેરે પરપદાર્થોની અપેક્ષા વિના—વ્યવહારકાળનું માપ નક્કી કરવું અશક્ય હોવાથી) તેને 'પરાશ્રિત' એવી ઉપમા આપવામાં આવે છે. ૨૫**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૭ રવિવાર]

**અર્થ :** કાળ દ્રવ્યની એક સમયની પર્યાય તે વ્યવહારકાળ છે, તોપણ જીવ–પુદ્‌ગલના નવ–જીર્ણરૂપ પરિણામથી તે ઉત્પન્ન થાય છે એમ કહેવાય છે.

બીજા દ્રવ્ય દ્વારા કાળદ્રવ્યની પર્યાય થઈ એમ કહેવું તે પરાધીન છે એટલે કે તેમાં પરની અપેક્ષા છે માટે વ્યવહાર છે. તે હવે કહે છે—એક પરમાણુ મંદગતિથી નાનામાં નાના કાળમાં બીજા પ્રદેશે જાય તેને સમય કહેવામાં આવે છે. આ વ્યવહારે પર્યાયનું માપ છે, અને નિશ્ચયે કાળદ્રવ્યની પર્યાય છે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૮ સોમવાર]

કાળનો અધિકાર ચાલે છે. પાંચ પદાર્થ અસ્તિકાય છે, ને છઠ્ઠો કાળ નામનો પદાર્થ છે, તે કાલ પણ એક સ્વતંત્ર પદાર્થ છે. જેમ જીવ વસ્તુ છે, તેમ કાળ પણ મૂળ વસ્તુ છે. આચાર્યદેવ કાળદ્રવ્યનું વર્ણન કરીને છેવટે કહેશે કે ખરતરદષ્ટિથી એટલે કે સૂક્ષ્મદષ્ટિથી આ કાળને જાણવો.

આત્મા અનંતજ્ઞાનાદિસ્વભાવવાળો ત્રિકાળ છે. ચિદાનંદમૂર્તિ આત્મા એક કાળ સ્વરૂપ અભેદ છે; **એક કાળમાં અભેદ પરિપૂર્ણ દ્રવ્યને જાણ્યું ત્યાં સ્વકાળ પ્રગટ્યો** ને તેમાં નિમિત્તરૂપ પરકાળનું અસ્તિત્વ છે એમ પણ ત્યાં પ્રતીત થઈ જાય છે. જેને ચિદાનંદ આત્માનું ભાન નથી તેને તો સ્વકાળનું ભાન નથી અને તેવા નિમિત્તરૂપ કાળદ્રવ્યનું પણ તેને યથાર્થ ભાન નથી. **આત્મા ચિદાનંદ એક કાળસ્વભાવી છે એટલે કે અભેદપણે સદા એકરૂપ છે.** એવા સ્વકાળ સહિત દ્રવ્યનું ભાન થતાં નિમિત્તરૂપે પરકાળ એટલે કે કાળદ્રવ્યનો પણ જ્ઞાનમાં સ્વીકાર થઈ જાય છે. જ્ઞાન સ્વ–પર બન્નેને જાણે છે. પોતાનો સ્વકાળ અને તેમાં નિમિત્તરૂપ પરકાળ તે બન્નેને જાણે છે. હું અખંડ જ્ઞાયક ચિદાનંદ છું—એવી ઉપાદેયબુદ્ધિ થતાં જ્ઞાનના જ્ઞેયરૂપ છએ દ્રવ્યોની કબૂલાત થઈ જાય છે. જ્યાં નિશ્ચય સ્વકાળ જણાયો ત્યાં બીજા કાળપદાર્થનું પણ ભાન આવી જ જવું જોઈએ. જો કાળને ન માને તો અહીં પોતાના જ્ઞાનની પૂર્ણતા જ સિદ્ધ થતી નથી. સ્વકાળને જાણતાં પરકાળનું જ્ઞાન પણ સાથે જ આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે. આવો જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

કાળદ્રવ્ય એકપ્રદેશી જ છે. એક 'સમય' તે કાળદ્રવ્યની પર્યાય છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે મંદગતિથી જાય તેટલા વખતમાં તે પ્રદેશમાં કાળની પર્યાય થઈ જાય છે, અને પર્યાયને ધરનારું દ્રવ્ય પણ તેટલા જ ક્ષેત્રમાં છે. જેટલા ક્ષેત્રમાં પર્યાયની સિદ્ધિ થઈ જાય છે તેટલા જ ક્ષેત્રમાં દ્રવ્ય રહેલું છે, એટલે કે કાળદ્રવ્ય એક પ્રદેશમાં રહેલું છે. પર્યાય અને પર્યાયવાન દ્રવ્યનું ક્ષેત્ર જુદું નથી.

છ દ્રવ્યોને જાણે એવું જ્ઞાનપર્યાયનું સામર્થ્ય છે. જો છ દ્રવ્યને જ ન માને તો છ દ્રવ્યને જાણનાર જ્ઞાનને પણ માની ન શકે; જ્ઞાનની એક સમયની પર્યાય છએ દ્રવ્યને નિર્વિકલ્પપણે જાણી લ્યે એવું તેનું સામર્થ્ય છે. સામે છ દ્રવ્યો જ્ઞેયપણે નિમિત્ત છે, પણ તે જ્ઞેયને લીધે જ્ઞાન થતું નથી.

સમય, નિમિષ, ઘડી, દિવસ વગેરે વખતનું માપ છે તે કાળદ્રવ્યની વ્યવહારપર્યાય છે, ને તે વ્યવહારપર્યાયનું માપ પરદ્રવ્યની અપેક્ષાથી થતું હોવાથી તે વ્યવહારકાળને પરાધીન કહેવામાં આવે છે. વ્યવહારકાળનું માપ નીચે પ્રમાણે છે.

મંદગતિથી પરિણમેલો પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય તેટલા વખતને સમય કહે છે, જ્યારે અસંખ્યાત સમય વીતે છે ત્યારે એક નિમિષ થાય છે, પંદર નિમિષનો એક કાષ્ઠા થાય છે, અને વીસ કાષ્ઠા થાય ત્યારે એક કલા થાય છે. તથા વીસ કલાથી થોડું અધિક થાય ત્યારે એક નાલી અથવા ઘડી થાય છે, કે જે પાણીમાં મૂકેલી કાણાવાળી વાટકી અથવા રેતીવાળી ઘડીથી જાણી શકાય છે. આવી બે ઘડી થાય ત્યારે એક મુહૂર્ત થાય છે, જ્યારે વીસ મુહૂર્ત વીતે છે ત્યારે એક દિવસ ને રાત્રિ થાય છે, કે જે સૂર્યની ગતિથી જાણી શકાય છે; અને ત્રીસ દિવસનો મહિનો, બે મહિનાની ઋતુ, ત્રણ ઋતુનું અયન, બે અયનનું વર્ષ થાય છે; અને જ્યાં સુધી વર્ષની ગણતરી થઈ શકે છે ત્યાં સુધી સંખ્યાતકાળ કહેવાય છે, તે ઉપરાંત પલ્ય, સાગર આદિ અસંખ્યાત અથવા અનંતકાળ જાણવો.

આવી રીતે વ્યવહારકાળ દ્રવ્યના પરિણમનની મર્યાદાથી ગણવામાં આવે છે. મૂળદ્રવ્ય નિશ્ચયકાળ છે. નિશ્ચયકાળદ્રવ્ય ત્રિકાળ છે, તેમાં પરની અપેક્ષા નથી, તે સ્વાધીન છે; તે મૂળ પદાર્થ છે. ૨૫

---

**णत्थि चिरं वा खिप्पं मत्तारहिदं तु सा वि खलु मत्ता।**
**पोग्गलदव्वेण विणा तम्हा कालो पडुच्चभवो ॥ २६ ॥**

**नास्ति चिरं वा क्षिप्रं मात्रारहितं तु सापि खलु मात्रा।**
**पुद्गलद्रव्येण विना तस्मात्कालः प्रतीत्यभवः ॥ २६ ॥**

**'ચિર' 'શીઘ્ર' નહિ માત્રા વિના, માત્રા નહીં પુદ્ગલ વિના,**
**તે કારણે પર-આશ્રયે ઉત્પન્ન ભાખ્યો કાળ આ. ૨૬.**

**અન્વયાર્થ :** [चिरं वा क्षिप्रं] 'ચિર' અથવા 'ક્ષિપ્ર' એવું જ્ઞાન (-બહુ કાળ અથવા થોડો કાળ એવું જ્ઞાન) [मात्रारहितं तु] પરિમાણ વિના (કાળના માપ વિના) [न अस्ति] હોય નહિ; [सा मात्रा अपि] અને તે પરિમાણ [खलु] ખરેખર [पुद्गलद्रव्येण विना] પુદ્ગલદ્રવ્ય વિના થતું નથી; [तस्मात्] તેથી [कालः प्रतीत्यभवः] કાળ આશ્રિતપણે ઊપજનારો છે (અર્થાત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારકાળ પરનો આશ્રય કરીને ઊપજે છે એમ ઉપચારથી કહેવાય છે).

---

**तात्पर्यवृत्ति :** अथ पूर्वगाथायां यद्व्यवहारकालस्य कथंचित्परायत्तत्वं कथितं तत्केन रूपेण संभवतीति पृष्टे युक्तिं दर्शयति – **णत्थि** नास्ति न विद्यते । किं । **चिरं वा खिप्पं** चिरं बहुतरकालस्वरूपं क्षिप्रं शीघ्रं च । कथंभूतं । मत्तारहियं तु मात्रारहितं परिमाणरहितं मानविशेषरहितं च तन्मात्राशब्दवाच्यं परिमाणं चिरकालस्य घटिकाप्रहरादिरिति क्षिप्रस्य सूक्ष्मकालस्य च मात्राशब्दवाच्यं परिमाणं च । किं । समयावलिकादिति । **सावि खलु मत्ता पोग्गलदव्वेण विणा** सूक्ष्मकालस्य या समयादिमात्रा सा मंदगतिपरिणतपुद्गलपरमाणुनयनपुटविघटनादिपुद्गलद्रव्येण विना न ज्ञायते । चिरकालघटिकादिरूपा मात्रा च घटिकानिमित्तभूतजलभाजनादिद्रव्येण विना न ज्ञायते । **तम्हा कालो पडुच्चभवो** तस्मात्कारणात्समयघटिकादिसूक्ष्मस्थूलरूपो व्यवहारकालो यद्यपि निश्चयेन द्रव्यकालस्य पर्यायस्तथापि व्यवहारेण परमाणुजलादिपुद्गलद्रव्यं प्रतीत्याश्रित्य निमित्तीकृत्य भव उत्पन्नो जात इत्यभिधीयते । केन दृष्टान्तेन । यथा निश्चयेन पुद्गलपिंडोपादानकारणेन समुत्पन्नोपि घटः व्यवहारेण कुंभकारनिमित्तेनोत्पन्नत्वात्कुम्भकारेण कृत इति भण्यते तथा समयादिव्यवहारकालो यद्यपि निश्चयेन परमार्थकालोपादानकारणेन समुत्पन्नः तथापि समयनिमित्तभूतपरमाणुना घटिकानिमित्तभूतजलादिपुद्गलद्रव्येण च व्यज्यमानत्वात् प्रकटीक्रियमाणत्वात्पुद्गलोत्पन्न इति भण्यते । पुनरपि कश्चिदाह । समयरूप एव परमार्थकालो न चान्यः कालाणुद्रव्यरूप इति । परिहारमाह । समयस्तावत्सूक्ष्मकालरूपः प्रसिद्धः स एव पर्यायः न च द्रव्यं । कथं पर्यायत्वमिति चेत् । उत्पन्नप्रध्वंसित्वात्पर्यायस्य "समओ उप्पण्णपद्धंसी"ति वचनात् । पर्यायस्तु द्रव्यं विना न भवति, द्रव्यं च निश्चयेनाविनश्वरं, तच्च कालपर्यायस्योपादानकारणभूतं कालाणुरूपं कालद्रव्यमेव न च पुद्गलादि । तदपि कस्मात्। उपादानकारणसदृशत्वात्कार्यस्य मृत्पिंडोपादानकारणसमुत्पन्नघटकार्यवदिति । किंच कालशब्द एव परमार्थकालवाचकभूतः स्वकीयवाच्यं परमार्थकालस्वरूपं व्यवस्थापयति साधयति । किंवत् । सिंहशब्दः सिंहपदार्थवत्, सर्वज्ञशब्दः सर्वज्ञपदार्थवत्, इन्द्रशब्द इन्द्रपदार्थवदित्यादि । पुनरप्युपसंहाररूपेण निश्चयव्यवहारकालस्वरूपं कथ्यते । तद्यथा – समयादिरूपसूक्ष्मव्यवहारकालस्य घटिकादिरूपस्थूलव्यवहारकालस्य च यद्युपादानकारणभूतकालस्तथापि समयघटिकारूपेण या विवक्षिता व्यवहारकालस्य भेदकल्पना तया रहितस्त्रिकालस्थायित्वेनानाद्यनिधनो लोकाकाशप्रदेशप्रमाणकालाणुद्रव्यरूपः परमार्थकालः । यस्तु निश्चयकालोपादानकारणजन्योपि पुद्गलपरमाणुजलभाजनादिव्यज्यमानत्वात्समयघटिकादिवसादिरूपेण विवक्षितव्यवहारकल्पनारूपः स व्यवहारकाल इति । अत्र व्याख्यानेऽतीतानंतकाले दुर्लभो योऽसौ शुद्धजीवास्तिकायस्तस्मिन्नेव चिदानंदैककालस्वभावे सम्यक्श्रद्धानं रागादिभ्यो भिन्नरूपेण भेदज्ञानं रागादिविभावरूपसमस्तसंकल्पविकल्पजालत्यागेन तत्रैव स्थिरचित्तं च कर्तव्यमिति तात्पर्यार्थः ।। २६ ।।

**समयव्याख्या : अत्र व्यवहारकालस्य कथंचित् परायत्तत्वे सदुपपत्तिरुक्ता । इह हि व्यवहारकाले निमिषसमयादौ अस्ति तावत् चिर इति क्षिप्र इति संप्रत्ययः । स खलु दीर्घह्रस्वकालनिबंधनं प्रमाणमंतरेण न संभाव्यते । तदपि प्रमाणं पुद्गलद्रव्यपरिणाममन्तरेण नावधार्यते । ततः परिणामद्योत्यमानत्वाद्व्यवहारकालो निश्चयेनानन्याश्रितोऽपि प्रतीत्यभव इत्यभिधीयते । तदत्रास्तिकायसामान्यप्ररूपणायामस्तिकायत्वाभावात्साक्षादनुपन्यस्यमानोऽपि जीवपुद्गलपरिणामान्यथानुपपत्त्या निश्चयरूपस्तत्परिणामायत्ततया व्यवहाररूपः कालोऽस्तिकायपञ्चकवल्लोकरूपेण परिणत इति खरतरदृष्ट्याभ्युपगम्यत इति ।। २६ ।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : અહીં વ્યવહારકાળના કથંચિત્ પરાશ્રિતપણા વિષે સત્ય યુક્તિ કહેવામાં આવી છે.**

**પ્રથમ તો, નિમેષ–સમયાદિ વ્યવહારકાળમાં 'ચિર' અને 'ક્ષિપ્ર' એવું ભાન (લાંબો કાળ અને ટૂંકો કાળ એવું જ્ઞાન) થાય છે. તે જ્ઞાન ખરેખર લાંબા અને ટૂંકા કાળ સાથે સંબંધ રાખનારા પ્રમાણ (–કાળપરિમાણ) વિના સંભવતું નથી; અને તે પ્રમાણ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ વિના નક્કી થતું નથી. તેથી, વ્યવહારકાળ પરના પરિણામ દ્વારા જણાતો હોવાથી—જોકે નિશ્ચયથી તે અન્યને આશ્રિત નથી તોપણ—આશ્રિતપણે ઊપજનારો (પરને અવલંબીને ઊપજતો) કહેવામાં આવે છે.**

**માટે, જોકે કાળને અસ્તિકાયપણાના અભાવને લીધે અહીં અસ્તિકાયની સામાન્ય પ્રરૂપણામાં તેનું સાક્ષાત્ કથન નથી તોપણ, જીવ-પુદ્‌ગલના પરિણામની અન્યથા અનુપપત્તિ વડે સિદ્ધ થતો નિશ્ચયરૂપ કાળ અને તેમના પરિણામને આશ્રિત નક્કી થતો વ્યવહારરૂપ કાળ પંચાસ્તિકાયની માફક લોકરૂપે પરિણત છે—એમ, અતિ તીક્ષ્ણ દૃષ્ટિથી જાણી શકાય છે.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૮ સોમવાર]

**અર્થ :** કાળની મર્યાદા વિના થોડો કાળ–ઘણો કાળ એમ કહી શકાય નહિ. માટે કાળની મર્યાદાનું કથન કરવું જરૂરનું છે, તેમ જ તે કાળની મર્યાદા પુદ્‌ગલદ્રવ્ય વગર નક્કી થતી નથી. એટલે કે પરમાણુની મંદગતિ, સૂર્યની ચાલ વગેરે પ્રકારના જે પુદ્‌ગલના પરિણામ છે તેનાથી કાળની મર્યાદા થઈ શકે છે. તે કારણથી વ્યવહારકાળની ઉત્પત્તિ પુદ્‌ગલદ્રવ્યના નિમિત્તથી થાય છે એમ કહેવામાં આવે છે.

જિનમતમાં સર્વજ્ઞદેવે છ દ્રવ્યો કહ્યાં છે. એ દ્રવ્ય વિના લોકની સિદ્ધિ થતી નથી. જગતમાં નિશ્ચયકાળદ્રવ્ય વિના જીવ–પુદ્‌ગલનું પરિણમન સિદ્ધ થઈ શકે નહિ અને જીવ–પુદ્‌ગલમાં નવી–જૂની પર્યાયરૂપ પરિણમન વગર વ્યવહારકાળની સિદ્ધિ થાય નહિ. માટે આચાર્યદેવ કહે છે કે પોતાના જ્ઞાનમાં સૂક્ષ્મદૃષ્ટિ વડે યુક્તિ વગેરેથી નક્કી કરીને આ કાળદ્રવ્યને જાણો. કાળદ્રવ્યને જાણવાનું કહ્યું, પણ ઉપાદેયરૂપ તો પોતાનો ચિદાનંદ એક જ્ઞાનસ્વભાવ જ છે.

ક્ષણિક રાગ–દ્વેષ પુણ્ય–પાપ જેટલો જ પોતાને માનતો ત્યારે તો તેને સ્વકાળનું પણ ભાન ન હતું, ને પરકાળનું પણ જ્ઞાન ન હતું. જ્યાં અંતર્મુખ થઈને ચિદાનંદ સ્વભાવનું ભાન થતાં સ્વકાળનો પુરુષાર્થ પ્રગટ્યો, ત્યાં તે સ્વકાળમાં નિમિત્તરૂપ એવા પરકાળને પણ જાણે છે. માટે જેણે વીતરાગની આજ્ઞા માનવી હોય તેણે સૂક્ષ્મ દૃષ્ટિથી જગતમાં અસંખ્ય કાળાણુ દ્રવ્યો છે એમ નક્કી કરવું જોઈએ.

એ પ્રમાણે છ દ્રવ્યોનું સામાન્ય વર્ણન કર્યું.

હવે જીવદ્રવ્યનું વિશેષ વર્ણન કરે છે. સંસારી જીવનું સ્વરૂપ ઉપાધિરહિત તેમ જ ઉપાધિસહિત કઈ રીતે છે તે નયવિલાસથી વર્ણવે છે. ૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता ।**
**भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो ॥ २७ ॥**

**जीव इति भवति चेतयितोपयोगविशेषितः प्रभुः कर्ता ।**
**भोक्ता च देहमात्रो न हि मूर्तः कर्मसंयुक्तः ॥ २७ ॥**

**છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન, અમૂર્ત છે,**
**કર્તા અને ભોક્તા, શરીરપ્રમાણ, કર્મે યુક્ત છે. ૨૭.**

**અન્વયાર્થ :** [जीवः इति भवति] (સંસારસ્થિત) આત્મા જીવ છે, [चेतयिता] ચેતયિતા (ચેતનારો) છે, [उपयोगविशेषितः] ઉપયોગલક્ષિત છે, [प्रभुः] પ્રભુ છે, [कर्ता] કર્તા છે, [भोक्ता] ભોક્તા છે, [देहमात्रः] દેહપ્રમાણ છે, [न हि मूर्तः] અમૂર્ત છે [च] અને [कर्मसंयुक्तः] કર્મસંયુક્ત છે.

---

**तात्पर्यवृत्ति** : इति व्यवहारकालव्याख्यानमुख्यत्वेन गाथाद्वयं गतं । अत्र पंचास्तिकायषड्द्रव्यप्ररूपण-प्रवणेष्टांतराधिकारसहितप्रथममहाधिकारमध्ये निश्चयव्यवहारकालप्ररूपणाभिधानः पंचगाथाभिः स्थलत्रयेण तृतीयोंतराधिकारो गतः । एवं समयशब्दार्थपीठिका द्रव्यपीठिका निश्चयव्यवहारकालव्याख्यानमुख्यतया चांतराधिकारत्रयेण षड्विंशतिगाथाभिः पंचास्तिकायपीठिका समाप्ता । अथ पूर्वोक्तषड्द्रव्याणां चूलिका-रूपेण विस्तरव्याख्यानं क्रियते । तद्यथा । "परिणाम जीव मुत्तं सपदेसं एय खेत्त किरिया य । णिच्चं कारण कत्ता सव्वगदिदरं हि यप्पवेसो" ॥ १ ॥ **परिणाम** परिणामिनौ जीवपुद्गलौ स्वभावविभाव-परिणामाभ्यां शेषचत्वारि द्रव्याणि विभावव्यञ्जनपर्यायाभावाद् मुख्यवृत्त्या पुनरपरिणामीनि । जीवशुद्ध-निश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावं शुद्धचैतन्यं प्राणशब्देनोच्यते तेन जीवतीति जीवः व्यवहारनयेन पुनः कर्मोदयजनितद्रव्यभावरूपैश्चतुर्भिः प्राणैर्जीवति जीविष्यति जीवितपूर्वो वा जीवः पुद्गलादिपञ्च-द्रव्याणि पुनरजीवरूपाणि । **मुत्तं** अमूर्तशुद्धात्मनो विलक्षणा स्पर्शरसगंधवर्णवती मूर्तिरुच्यते तत्सद्भावात् मूर्तः पुद्गलः जीवद्रव्यं पुनरनुपचरितासद्भूतव्यवहारेण मूर्तमपि शुद्धनिश्चयनयेनामूर्तं धर्माधर्माकाशकाल-द्रव्याणि चामूर्तानि । **सपदेसं** लोकमात्रप्रमितासंख्येयप्रदेशलक्षणं जीवद्रव्यमादिं कृत्वा पंचद्रव्याणि पंचास्तिकायसंज्ञानि सप्रदेशानि कालद्रव्यं पुनर्बहुप्रदेशलक्षणं कायत्वाभावादप्रदेशं । **एय** द्रव्यार्थिकनयेन धर्माधर्माकाशद्रव्याण्येकानि भवन्ति, जीवपुद्गलकालद्रव्याणि पुनरनेकानि । **खेत्त** सर्वद्रव्याणामवकाशदान-सामर्थ्यात्क्षेत्रमाकाशमेकं शेषपंचद्रव्याण्यक्षेत्राणि । **किरिया** य क्षेत्रात् क्षेत्रांतरगमनरूपा परिस्पंदवती चलनवती क्रिया सा विद्यते ययोस्तौ क्रियावंतौ जीवपुद्गलौ धर्माधर्माकाशकालद्रव्याणि पुनर्निष्क्रियाणि **णिच्चं** धर्माधर्माकाशकालद्रव्याणि यद्यप्यर्थपर्यायत्वेनानित्यानि तथापि मुख्यवृत्त्या विभावव्यंजनपर्याया-भावान्नित्यानि; द्रव्यार्थिकनयेन च जीवपुद्गलद्रव्ये पुनर्यद्यपि द्रव्यार्थिकनयापेक्षया नित्ये तथाप्यगुरुलघु-परिणतिरूपस्वभावपर्यायापेक्षया विभावव्यञ्जनपर्यायापेक्षया चानित्ये । **कारण** पुद्गलधर्माधर्माकाशकाल-द्रव्याणि व्यवहारनयेन जीवस्य शरीरवाङ्मनःप्राणापानादिगतिस्थित्यवगाहवर्तनाकार्याणि कुर्वंतीति कारणाणि भवन्ति; जीवद्रव्यं पुनर्यद्यपि गुरुशिष्यादिरूपेण परस्परोपग्रहं करोति तथापि पुद्गलादिपञ्चद्रव्याणां किमपि न करोति इत्यकारणं । **कत्ता** शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन यद्यपि बंधमोक्षद्रव्यभावरूपपुण्यपापघटपटादीनामकर्ता जीवस्तथाप्यशुद्धनिश्चयेन शुभाशुभोपयोगाभ्यां परिणतः सन् पुण्यपापबंधयोः कर्ता तत्फलभोक्ता च भवति, विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मद्रव्यसम्यक्श्रद्धान-ज्ञानानुष्ठानरूपेण शुद्धोपयोगेन तु परिणतः सन् मोक्षस्यापि कर्ता तत्फलभोक्ता च शुभाशुभशुद्धपरिणामानां

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परिणमनमेव कर्तृत्वं सर्वत्र ज्ञातव्यमिति पुद्गलादीनां पञ्चद्रव्याणां च स्वकीयस्वकीयपरिणामेन परिणमनमेव कर्तृत्वं वस्तुवृत्त्या पुनः पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव **सव्वगदं** लोकालोकव्याप्त्यपेक्षया सर्वगतमाकाशं भण्यते, लोकव्याप्त्यपेक्षया धर्माधर्मौ च जीवद्रव्यं पुनरेकैकजीवापेक्षया लोकपूरणावस्थां विहायासर्वगतं नानाजीवापेक्षया सर्वगतमेव भवति, पुद्गलद्रव्यं पुनर्लोकरूपमहास्कंदापेक्षया सर्वगतं शेषपुद्गलापेक्षया सर्वगतं न भवतीति, कालद्रव्यं पुनरेककालाणुद्रव्यापेक्षया सर्वगतं न भवति लोकप्रदेशप्रमाणनानाकालाणुविवक्षया लोके सर्वगतं। **इदरंहि यप्पवेसो** यद्यपि सर्वद्रव्याणि व्यवहारेणैकक्षेत्रावगाहेनान्योन्यानुप्रवेशेन तिष्ठन्ति तथापि निश्चयेन चेतनाचेतनादिस्वकीयस्वकीयस्वरूपं न त्यजंतीति। अत्र षड्द्रव्येषु मध्ये वीतरागचिदानंदैकादिगुणस्वभावं शुभाशुभमनोवचनकायव्यापाररहितं निजशुद्धात्मद्रव्यमेवोपादेयमिति भावार्थः ॥ १ ॥ इत ऊर्ध्व ''जीवा पोग्गलकाया'' इत्यादिगाथायां पूर्वं पंचास्तिकाया ये सूचितास्तेषामेव विशेषव्याख्यानं क्रियते। तत्र पाठक्रमेण त्रिपंचाशद्गाथाभिर्नवांतराधिकारैर्जीवास्तिकायव्याख्यानं प्रारभ्यते। तासु त्रिपंचाशद्गाथासु मध्ये प्रथमतस्तावत् चार्वाकमतानुसारिशिष्यं प्रति जीवसिद्धिपूर्वकत्वेन नवाधिकारक्रमसूचनार्थं ''जीवोत्ति हवदि चेदा'' इत्याद्येकाधिकारसूत्रगाथा भवति। ''तत्रादौ प्रभुता तावज्जीवत्वं शेषमात्रता। अमूर्तत्वं च चैतन्यमुपयोगात्तथा क्रमात् ॥ १ ॥ कर्तृता भोक्तृता कर्मायुक्तत्वं च त्रयं तथा। कथ्यते यौगपद्येन यत्र तत्रानुपूर्व्यतः ॥ २ ॥'' इति श्लोकद्वयेन भट्टमतानुसारिशिष्यं प्रति सर्वज्ञसिद्धिपूर्वकत्वेनाधिकारव्याख्यानं क्रमशः सूचितम्। तत्रादौ प्रभुत्वव्याख्यानमुख्यत्वेन भट्टचार्वाकमतानुसारिशिष्यं प्रति सर्वज्ञसिद्धिपूर्वकत्वेनाधिकारव्याख्यानं क्रमशः सूचितम्। तत्रादौ प्रभुत्वव्याख्यानमुख्यत्वेन भट्टचार्वाकमतानुसारिशिष्यं प्रति सर्वज्ञसिद्ध्यर्थं ''कम्ममल'' इत्यादि गाथाद्वयं भवति, तदनंतरं चार्वाकमतानुसारिशिष्यं प्रति जीवसिद्ध्यर्थं जीवत्वव्याख्यानरूपेण ''पाणेहिं चदुहिं' इत्यादि गाथात्रयं, अथ नैयायिकमीमांसकसांख्यमताश्रितशिष्यं प्रति जीवस्य स्वदेहमात्रस्थापनार्थं ''जह पउम'' इत्यादिसूत्रद्वयं, तदनंतरं भट्टचार्वाकमतानुकूलशिष्यं प्रति जीवस्यामूर्तत्वज्ञापनार्थं ''जेसिं जीवसहावो'' इत्यादिसूत्रत्रयं, अथानादिचैतन्यसमर्थनव्याख्यानेन पुनरपि चार्वाकमतनिराकरणार्थं ''कम्माणं फल'' मित्यादि सूत्रद्वयं। एवमधिकारगाथामादिं कृत्वांतराधिकारपंचकसमुदायेन त्रयोदश गाथा गताः। अथ नैयायिकमतानुसारिशिष्यसंबोधनार्थं ''उवओगो खलु दिविहो'' इत्याद्येकोनविंशतिगाथापर्यंतमुपयोगाधिकारः कथ्यते – तत्रैकोनविंशतिगाथासु मध्ये प्रथमतस्तावत् ज्ञानदर्शनोपयोगद्वयसूचनार्थं ''उवओगो खलु'' इत्यादिसूत्रमेकं, तदनंतरमष्टविधज्ञानोपयोगसंज्ञाकथनार्थं ''आभिणी'' इत्यादि सूत्रमेकं, अथ मत्यादिसंज्ञानपंचकविवरणार्थं ''मदिणाण'' मित्यादि पाठक्रमेण सूत्रपञ्चकं, तदनंतरमज्ञानत्रयकथनरूपेण ''मिच्छत्ता अण्णाणं'' इत्यादि सूत्रमेकं इति ज्ञानोपयोगसूत्राष्टकं, अथ चक्षुरादिदर्शनचतुष्टयप्रतिपादनमुख्यत्वेन ''दंसणमवि'' इत्यादि सूत्रमेकं। एवं ज्ञानदर्शनोपयोगाधिकारगाथामादिं कृत्वांतरस्थलपंचकसमुदायेन गाथानवकं गतं। अथ गाथादशकपर्यंतं व्यवहारेण जीवज्ञानयोः संज्ञालक्षणप्रयोजनादिभेदेपि निश्चयनयेन प्रदेशास्तित्वाभ्यां नैयायिकं प्रत्यभेदस्थापनं क्रियते अग्न्युष्णत्वयोरभेदवत्। जीवज्ञानयोः संज्ञालक्षणप्रयोजनानां स्वरूपं कथ्यते तथापि जीवद्रव्यस्य जीव इति संज्ञा ज्ञानगुणस्य ज्ञानमिति संज्ञा चतुर्भिः प्राणैर्जीवति जीविष्यति जीवितपूर्वो वा जीव इति जीवद्रव्यलक्षणं, ज्ञायंते पदार्था अनेनेति ज्ञानगुणलक्षणं। जीवद्रव्यस्य बंधमोक्षादिपर्यायैरविनष्टरूपेण परिणमनं प्रयोजनं ज्ञानगुणस्य पुनः पदार्थपरिच्छित्तिमात्रमेव प्रयोजनमिति संक्षेपेण संज्ञालक्षणप्रयोजनानि ज्ञातव्यानि। तत्र दशगाथासु मध्ये जीवज्ञानयोः संक्षेपेणाभेदस्थापनार्थं ''ण विअप्पदि'' इत्यादि सूत्रत्रयं। अथ व्यपदेशादयो द्रव्यगुणानां भेदे कथंचिदभेदेपि घटंत इत्यादि समर्थनरूपेण ''ववदेसा'' इत्यादिगाथात्रयं, तदनंतरमेकक्षेत्रावगाहित्वेनायुतसिद्धानामभेदसिद्धानामाधाराधेयभूतानां पदार्थानां प्रदेशभेदेपि सति इहात्मनि

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानमिह तंतुषु पट इत्यादिरूपेण इहेदमिति प्रत्ययः संबंधः समवाय इत्यभिधीयते। नैयायिकमते तस्य निषेधार्थं "ण हि सो समवायाहिं" इत्यादि सूत्रद्वयं, पुनश्च गुणगुणिनोः कथंचिदभेदविषये दृष्टांतदार्ष्टांतव्याख्यानार्थं "वण्णरस" इत्यादि सूत्रद्वयमिति। दृष्टांतलक्षणमाह। दृष्टावंतौ धर्मौ स्वभावावग्निधूमयोरिव साध्यसाधकयोर्वादिप्रतिवादिभ्यां कर्तृभूताभ्यामविवादेन यत्र वस्तुनि स दृष्टांत इति। अथवा संक्षेवेण यथेति दृष्टांतलक्षणं तथेति दार्ष्टांतलक्षणमिति। एवं पूर्वोक्तगाथानवके स्थलपंचकमत्र तु गाथादशके स्थलचतुष्टयं चेति समुदायेन नवभिरंतरस्थलैरेकोनविंशतिसूत्रैरुपयोगाधिकारपातनिका। अथानंतरं वीतरागपरमानंदसुधारसपरमसमरसीभावपरिणतिस्वरूपात् शुद्धजीवास्तिकायात्सकाशाद्भिन्नं यत्कर्मकर्तृत्वभोक्तृत्वकर्मसंयुक्तत्वत्रयस्वरूपं सदसत्प्रतिपादनार्थं यत्र तत्रानुपूर्व्याष्टादशगाथापर्यंतं व्याख्यानं करोति। तत्राष्टादशगाथासु मध्ये प्रथमस्थले "जीवा अणाइणिहणा" इत्यादि गाथात्रये समुदायकथनं तदनंतरं द्वितीयस्थले "उदयेण" इत्याद्येकगाथायामौदयिकादिपञ्चभावव्याख्यानं, अथ तृतीयस्थले "कम्मं वेदयमाणो" इत्यादिगाथाषट्केन कर्तृमुख्यतया व्याख्यानं, अथ चतुर्थस्थले "कम्मं कम्मं कुव्वदि" इत्याद्येका पूर्वपक्षगाथा, तदनंतरं पञ्चमस्थले परिहारगाथाः सप्त। तत्र सप्तगाथासु मध्ये प्रथमं "ओगाढगाढ" इत्यादि गाथात्रयेण निश्चयेन द्रव्यकर्मणां जीवः कर्ता न भवतीति कथ्यते। तदनंतरं निश्चयनयेन जीवस्य द्रव्यकर्तृत्वेपि "जीवा पोग्गलकाया" इत्याद्येकगाथया कर्मफले भोक्तृत्वं, अथ "तम्हा कम्मं कत्ता" इत्याद्यैकसूत्रेण कर्तृत्वभोक्तृत्वयोरुपसंहारः, तदनंतरं "एवं कत्ता" इत्यादिगाथाद्वयेन क्रमेण कर्मसंयुक्तकर्मरहितत्वं च कथयतीति परिहारमुख्यत्वेन सप्तगाथा गताः। एवं पाठक्रमेणाष्टादशगाथाभिः स्थलपंचकेनैकांतमतनिराकरणाय तथैवानेकांतमतस्थापनाय च सांख्यमतानुसारिशिष्यसंबोधनार्थं कर्तृत्वं बौद्धमतानुयायिशिष्यं प्रति बोधनार्थं भोक्तृत्वं सदाशिवमताश्रितशिष्यसंदेहविनाशार्थं कर्मसंयुक्तत्वमिति कर्तृत्वभोक्तृत्वकर्मसंयुक्तत्वाधिकारत्रयं ज्ञातव्यं। इत ऊर्ध्वं जीवास्तिकायसंबन्धिनवाधिकारव्याख्यानानंतरं "एक्को जेम महप्पा" इत्यादिगाथात्रयेण जीवास्तिकायचूलिका। एवं पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारसंबंधिषष्ठांतराधिकारेषु मध्ये त्रिपञ्चाशद्गाथाप्रमितचतुर्थांतराधिकारे समुदायपातनिका। तद्यथा अथ – संसारावस्थस्याप्यात्मनः शुद्धनिश्चयेन निरुपाधिविशुद्धभावान् तथैवाशुद्धनिश्चयेन सोपाधिभावकर्मरूपरागादिभावान् तथा चासद्भूतव्यवहारेण द्रव्यकर्मोपाधिजनिताशुद्धभावांश्च यथासंभवं प्रतिपादयति, – **जीवोत्ति हवदि** आत्मा हि शुद्धनिश्चयेन सत्ता चैतन्यबोधादिशुद्धप्राणैर्जीवति तथा चाशुद्धनिश्चयेन क्षायोपशमिकौदयिकभावप्राणैर्जीवति तथैव चानुपचरितासद्भूतव्यवहारेण द्रव्यप्राणैश्च यथासंभवं जीवति जीविष्यति जीवितपूर्वश्चेति जीवो भवति, **चेदा** शुद्धनिश्चयेन शुद्धज्ञानचेतनया तथैवाशुद्धनिश्चयेन कर्मकर्मफलरूपया चाशुद्धचेतनया युक्तत्वाच्चेतयिता भवति, **उवओगविसेसिदो** निश्चयेन केवलज्ञानदर्शनरूपशुद्धोपयोगेन तथैव चाशुद्धनिश्चेयन मतिज्ञानादिक्षायोपशमिकाशुद्धोपयोगेन युक्तत्वादुपयोगविशेषितो भवति, **पहू** निश्चयेन मोक्षमोक्षकारणरूपशुद्धपरिणामपरिणमनसमर्थत्वात्तथैव चाशुद्धनयेन संसारसंसारकारणरूपाशुद्धपरिणामपरिणमनसमर्थत्वात् प्रभुर्भवति, **कत्ता** शुद्धनिश्चयनयेन शुद्धभावानां परिणामानां तथैवाशुद्धनिश्चयेन भावकर्मरूपरागादिभावानां तथा चानुपचरितासद्भूतव्यवहारेण द्रव्यकर्मनोकर्मादीनां कर्तृत्वात्कर्ता भवति, **भोत्ता** शुद्धनिश्चयेन शुद्धात्मोत्थवीतरागपरमानंदरूपसुखस्य तथैवाशुद्धनिश्चयेनेन्द्रियजनितसुखदुःखानां तथा चानुपचरितासद्भूतव्यवहारेण सुखदुःखसाधकेष्टानिष्टाशनपानादिबहिरङ्गविषयाणां च भोक्तृत्वात् भोक्ता भवति, **सदेहमेत्तो** निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशप्रमितोपि व्यवहारेण शरीरनामकर्मोदयजनिताणुमहच्छरीरप्रमाणत्वात्स्वदेहमात्रो भवति, **ण हि मुत्तो कम्मसंजुत्तो** मूर्तिरहितः असद्भूतव्यवहारेणादिकर्मबंधसहितत्वात्तत्कर्मसंयुक्तश्च भवति। इति शब्दार्थनयार्थाः कथिता, इदानीं मतार्थः कथ्यते – जीवत्वव्याख्याने

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

''वच्छक्खरं भवसारित्थसग्गणिरयपियराय। चुल्लियहंडयिपुणमयउ णव दिट्ठंता जाय।।'' इति दोहकसूत्रकथितनवदृष्टांतैश्चार्वाकमतानुसारिशिष्यापेक्षया जीवसिद्धयर्थं अनादिचेतनागुणव्याख्यानं च तदर्थमेव। अथवा सामान्यचेतनाव्याख्यानं सर्वमतसाधारणं ज्ञातव्यं, अभिन्नज्ञानदर्शनोपयोगव्याख्यानं तु नैयायिकमतानुसारिशिष्यप्रतिबोधनार्थं मोक्षोपदेशकमोक्षसाधकप्रभुत्वव्याख्यानं वीतरागसर्वज्ञप्रणीतं वचनं प्रमाणं भवतीति ''रयणदिवदिणयरुदंम्हि उडु दाउपासणुसुणरुप्पफलिहउ अगणि णव दिट्ठंता जाणु'' इति दोहकसूत्रकथितनवदृष्टांतैर्भट्टचार्वाकमताश्रितशिष्यापेक्षया सर्वज्ञसिद्धयर्थं, शुद्धाशुद्धपरिणामकर्तृत्वव्याख्यानं तु नीत्याकर्तृत्वैकांतसांख्यमतानुयायिशिष्यसंबोधनार्थं भोक्तृत्वव्याख्यानं कर्त्ता कर्मफलं न भुंक्त इति बौद्धमतानुसारिशिष्यप्रतिबोधनार्थं स्वदेहप्रमाणं व्याख्यानं नैयायिकमीमांसककपिलमतानुसारिशिष्यसंदेहविनाशार्थं अमूर्तत्वव्याख्यानं भट्टचार्वाकमतानुसारिशिष्यसंबोधनार्थं द्रव्यभावकर्मसंयुक्तत्वव्याख्यानं च सदामुक्तनिराकरणार्थमिति मतार्थो ज्ञातव्यः। आगमार्थव्याख्यानं पुनर्जीवत्वचेतनादिधर्माणां संबंधित्वेन परमागमे प्रसिद्धमेव, कर्मोपाधिजनितमिथ्यात्वरागादिरूपसमस्तविभावपरिणामांस्त्यक्त्वा निरुपाधिकेवलज्ञानादिगुणयुक्तशुद्धजीवास्तिकाय एव निश्चयनयेनोपादेयत्वेन भावयितव्य इति भावार्थः। एवं शब्दनयमतागमभावार्था व्याख्यानकाले यथासंभवं सर्वत्र ज्ञातव्याः। जीवास्तिकायसमुदायपातनिकायां पूर्वं चार्वाकादिमतव्याख्यानं कृतं पुनरपि किमर्थमिति शिष्येण पूर्वपक्षे कृते सति परिहारमाहुः। तत्र वीतरागसर्वज्ञसिद्धे सति व्याख्यानं प्रमाणं प्राप्नोतीति व्याख्यानक्रमज्ञापनार्थं प्रभुताधिकारमुख्यत्वेनाधिकारनवकं सूचितं। तथा चोक्तं – वक्तृप्रामाण्याद्वचनप्रामाण्यमिति। अत्र तु सति धर्मिणि धर्माश्चिंत्यंत इति वचनाच्चेतनागुणादिविशेषणरूपाणां धर्माणामाधारभूते विशेष्यलक्षणे जीवे धर्मिणि सिद्धे सति तेषां चेतनागुणादिविशेषरूपाणां धर्माणां व्याख्यानं घटत इति ज्ञापनार्थं जीवसिद्धिपूर्वकत्वेन मतांतरनिराकरणसहितमधिकारनवकमुपदिष्टमिति नास्ति दोषः ।। २७ ।।

**समयव्याख्या : अत्र संसारावस्थस्यात्मनः सोपाधि निरुपाधि च स्वरूपमुक्तम्। आत्मा हि निश्चयेन भावप्राणधारणाज्जीवः, व्यवहारेण द्रव्यप्राणधारणाज्जीवः। निश्चयेन चिदात्मकत्वात्, व्यवहारेण चिच्छक्तियुक्तत्वाच्चेतयिता। निश्चयेनापृथग्भूतेन, व्यवहारेण पृथग्भूतेन चैतन्यपरिणामलक्षणेनोपयोगेनोपलक्षितत्वादुपयोगविशेषितः। निश्चयेन भावकर्मणां, व्यवहारेण द्रव्यकर्मणामास्रवणबंधनसंवरणनिर्जरणमोक्षणेषु स्वयमीशत्वात् प्रभुः। निश्चयेन पौद्गलिककर्मनिमित्तात्मपरिणामानां, व्यवहारेणात्मपरिणामनिमित्तपौद्गलिककर्मणां कर्तृत्वात्कर्ता। निश्चयेन शुभाशुभकर्मनिमित्तसुखदुःखपरिणामानां, व्यवहारेण शुभाशुभकर्मसंपादितेष्टानिष्टविषयाणां भोक्तृत्वाद्भोक्ता। निश्चयेन लोकमात्रोऽपि विशिष्टावगाहपरिणामशक्तियुक्तत्वान्नामकर्मनिर्वृत्तमणु महच्च शरीरमधितिष्ठन् व्यवहारेण देहमात्रः। व्यवहारेण कर्मभिः सहैकत्वपरिणामान्मूर्तोऽपि निश्चयेन नीरूपस्वभावत्वान्न हि मूर्तः। निश्चयेन पुद्गलपरिणामानुरूपचैतन्यपरिणामात्मभिः, व्यवहारेण चैतन्यपरिणामानुरूपपुद्गलपरिणामात्मभिः कर्मभिः संयुक्तत्वात्कर्मसंयुक्त इति ।। २७ ।।**

અનુવાદ : અહીં (આ ગાથામાં) સંસાર-અવસ્થાવાળા આત્માનું સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા નિશ્ચયે ભાવપ્રાણના ધારણને લીધે 'જીવ' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) દ્રવ્યપ્રાણના ધારણને લીધે 'જીવ' છે; નિશ્ચયે ચિત્સ્વરૂપ હોવાથી 'ચેતયિતા' (ચેતનારો) છે, વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) ચિત્શક્તિયુક્ત હોવાથી 'ચેતયિતા' છે; નિશ્ચયે અપૃથગ્ભૂત એવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે, વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) પૃથગ્ભૂત એવા ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે; નિશ્ચયે ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી 'પ્રભુ' છે. વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) દ્રવ્યકર્મોનાં આસ્રવ, બંધ સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ હોવાથી 'પ્રભુ' છે; નિશ્ચયે પૌદ્‌ગલિક કર્મો જેમનું નિમિત્ત છે એવા આત્મપરિણામોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) આત્મપરિણામો જેમનું નિમિત્ત છે એવાં પૌદ્‌ગલિક કર્મોનું કર્તૃત્વ હોવાથી 'કર્તા' છે; નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે એવાં સુખદુ:ખપરિણામોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટાનિષ્ટ વિષયોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે; નિશ્ચયે લોકપ્રમાણ હોવા છતાં, વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી નામકર્મથી રચાતા નાના-મોટા શરીરમાં રહેતો થકો વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે) 'દેહપ્રમાણ' છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) કર્મો સાથે એકત્વપરિણામને લીધે મૂર્ત હોવા છતાં, નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે 'અમૂર્ત' છે; નિશ્ચયે પુદ્‌ગલપરિણામને અનુરૂપ ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે, વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) ચૈતન્યપરિણામને અનુરૂપ પુદ્‌ગલપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૮ સોમવાર]

(૧) નિશ્ચયથી આત્મા ત્રિકાળ ચૈતન્યપ્રાણથી અભેદ વસ્તુ છે, સદા ચૈતન્યમય છે. આત્મા તો ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવતો છે. ઈંદ્રિયો કે મન તે આત્માનું સ્વરૂપ નથી. અન્ન તે આત્માનો પ્રાણ નથી. આત્માનો તો ચૈતન્યપ્રાણ છે, તેનાથી આત્મા કદી જુદો નથી.

શુદ્ધનિશ્ચયથી તો પોતાના અખંડ ચૈતન્યપ્રાણથી જીવે છે,

અશુદ્ધનિશ્ચયથી ક્ષયોપશમભાવરૂપ પ્રાણથી જીવે છે.

અસદ્‌ભૂત ઉપચરિતવ્યવહારથી દસ પ્રાણોથી જીવે છે.—આવો જીવ નામનો પદાર્થ છે.

જીવપદાર્થ નિશ્ચયથી ચેતના સ્વભાવથી અભેદ છે. ગુણ અને ગુણી બન્ને અભેદ છે; ચેતના ગુણ વિના આત્મા રહ્યો જ નથી. અજ્ઞાનીને લાગે છે કે મારે રાગાદિ વિના, શરીરાદિ વિના, પૈસા વિના ચાલે નહિ, પણ અનંતકાળથી ચેતના વડે જ આત્મા ટકી રહ્યો છે—, એમ તે જાણતો નથી. ચેતનાગુણનો ભેદ પાડવો તે વ્યવહાર છે ને અભેદમાં તો ચેતનાને અને આત્માને ગુણગુણી ભેદ નથી; ગુણગુણી ભેદ પણ વ્યવહાર છે. ચેતનાગુણથી અભેદ આત્માનું ભાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. રાગાદિ ભાવો તો ઉપાધિ છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. ઉપયોગરૂપ પરિણામથી તે આત્મા જાણી શકાય છે. એ સિવાય બહારનાં કારણોથી તે જણાતો નથી. ચેતનાને અહીં ગુણ કહ્યો છે ને ઉપયોગને પર્યાય કહેલ છે.

(૨) ચેતના અને ઉપયોગમાં શું ફેર છે ?—એમ કોઈ પૂછે તો તેનો ઉત્તર : આત્મા ત્રિકાળી દ્રવ્ય, ચેતના તેનો ત્રિકાળી ગુણ અને ઉપયોગ તેની પર્યાય છે. ચેતનાના પરિણામને ઉપયોગ કહ્યો છે. ઉપયોગ તે પરિણતિરૂપ છે. ચેતના કહેતાં અહીં કર્મ-કર્મફળ વગેરે ચેતનાની વાત નથી. તે ત્રણ પ્રકારો તો પર્યાય છે, ને આ ચેતના તો ત્રિકાળી છે. ને ચેતનાની પર્યાય તે ઉપયોગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૩) વળી આત્મા પ્રભુ છે. કઈ રીતે ? કે આસ્રવ, સંવર, નિર્જરા, બંધ તેમ જ મોક્ષ એ પર્યાયોને કરવામાં પોતે જ પ્રભુ છે. કર્મને લીધે તે આસ્રવ, બંધ વગેરે થાય એમ નથી, તે પર્યાયના પરિણમનમાં પોતે જ પ્રભુ છે. અજ્ઞાની કહે છે કે જેમ ઘોડા ઉપર બેઠેલા માણસને ઘોડો ચાલે તેમ ગતિ કરવી પડે છે તેમ કર્મના ઉદય પ્રમાણે આત્મા પરિણમે છે. એની વાત જૂઠી છે. માણસ માણસની લાયકાતથી ચાલે છે, ને ઘોડો ઘોડાથી ચાલે છે. કોઈ કોઈને કારણે ચાલતું નથી. તેમ આત્મા પણ કર્મના કારણે વિકારપણે પરિણમતો નથી પણ પોતાની પ્રભુતાથી જ પોતાની પર્યાયમાં પરિણમે છે. પોતે જ પોતાની બંધ-મોક્ષ પર્યાયમાં સ્વતંત્રપણે પરિણમે છે માટે તે પ્રભુ છે. સમયસારની ૪૭ શક્તિઓમાં જે પ્રભુત્વશક્તિ વર્ણવી છે તે તો ત્રિકાળી સ્વભાવની વાત છે, ને અહીં પર્યાયની વાત છે. પર્યાયમાં બંધ કે મોક્ષપણે પરિણમે તેમાં આત્માનું જ અસ્તિત્વ છે તેથી આત્મા જ પ્રભુ છે. અશુદ્ધતાનું કારણ કોણ ? આત્મા જ પોતે પોતાની પર્યાયનો પ્રભુ છે, કોઈ બીજો પોતાનો પ્રભુ નથી. અનંતા તીર્થંકરો ભેગા થઈને પણ તેને આસ્રવ–બંધ કરતો રોકી શકે નહિ, ને કોઈ તારી શકે નહિ. પોતે જ પર્યાયમાં ઊંધો કે સવળો પ્રભુ છે.

શ્રીમદે કહ્યું છે કે : ''ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે, તથાપિ એમાંય અપલક્ષણ કંઈ ઓછાં નથી.''

ત્યાં બીજા પ્રભુની વાત નથી, પણ આત્માની જ વાત છે કે આત્મા પોતે સ્વભાવે અનંત ગુણવાળો પરમેશ્વર હોવા છતાં પર્યાયમાં તેનાં અપલક્ષણોનો પણ પાર નથી એટલે કે પર્યાયમાં અપરાધ પણ છે—એમ દ્રવ્ય–પર્યાયનું પ્રમાણજ્ઞાન કરાવે છે. આ અધ્યાત્મગ્રંથ છે, છતાં જ્ઞાનપ્રધાન કથન હોવાથી દ્રવ્ય–પર્યાય બન્નેનું જ્ઞાન કરાવે છે. સમયસારમાં તો દ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવવા માટે કહે છે કે વિકાર તે પુદ્‌ગલનાં પરિણામ છે ! ત્યાં દૃષ્ટિપ્રધાન કથન છે. ને અહીં જ્ઞાનપ્રધાન કથન છે. બન્ને કથન એક જ આચાર્યદેવનાં છે; બન્ને યથાર્થ છે. જેમ છે તેમ જાણવું જોઈએ.

સમ્યગ્દર્શનનો કરનાર આત્મા પ્રભુ પોતે છે. કોઈ કર્મ તેનો કરનાર નથી. સમ્યગ્દર્શન–સમ્યક્‌ચારિત્ર–અકષાયભાવ એ બધાનો કરનાર પ્રભુ પોતે છે, બીજો નથી. સંવરમાં પણ કર્તા પોતે છે. સંવરપર્યાય તે ભાવકર્મ છે. વિભાવ એ પણ ભાવકર્મ છે, અને સ્વભાવ એ પણ ભાવકર્મ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર બધાં ભાવકર્મ છે. તેનો કર્તા પોતે છે. પોતાની શક્તિથી થાય છે. તેમાં બીજાની શક્તિથી થતું નથી.

કોઈ કહે છે કે સમ્યગ્દર્શન દૈવાત્ થાય છે. અને આ બહારનું ચારિત્ર તે પુરુષાર્થથી થાય છે. આ ચારિત્રથી દેવમાં જઈ પછી ભગવાન પાસે જઈશું ને ત્યાં સમ્યગ્દર્શન પામશું. અહો ! કેટલો બધો ફેરફાર થઈ ગયો છે ! અહીં તો કહે છે કે તારા સમ્યગ્દર્શન કાર્યનો કરનાર પ્રભુ તું પોતે છો. બીજાનું તેમાં કાંઈ નથી.

એક અંશથી માંડીને પૂર્ણ શુદ્ધતા સુધીનાં બધાં કાર્યનો કર્તા પોતે છે. પોતાની પ્રભુતાથી તે થાય છે, તેમાં બીજો કોઈ કરનાર નથી.

અજીવ પરવસ્તુ છે, તેનો કર્તા–હર્તા આત્મા નથી. જીવમાં જે આસ્રવ, સંવર આદિ પર્યાયો થાય છે તેનો કર્તા પોતે છે, પોતાની પ્રભુતાથી તે થાય છે. નિશ્ચયથી પોતાની પર્યાયનો કર્તા પોતે પ્રભુ છે.

પોતાની પર્યાયનો પોતે કર્તા થાય છે ત્યારે વ્યવહારથી કર્મ–નિમિત્તનો પોતે કર્તા છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહેવામાં આવે છે. આત્મા પોતાના પુરુષાર્થની ઊંધાઈથી વિકારી ભાવ કરે ત્યારે જડ કર્મ તેને કારણે આવે છે, તેનો કર્તા આત્મા વ્યવહારથી કહેવાય.

સંવર = આત્મા પોતે પુણ્ય, પાપરહિત પોતાની શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયનો પ્રભુ થયો ત્યારે નિમિત્ત અટક્યું. તેથી તેને અટકાવ્યું એમ કહેવાનો વ્યવહાર છે.

આત્મા પુણ્ય–પાપમાં અટક્યો તે ભાવબંધનો પોતે પ્રભુ છે. ત્યારે જડકર્મ બંધાયાં તેને બાંધવાનો પ્રભુ નિમિત્તથી કહેવાય છે.

નૈમિત્તિકમાં નિર્જરા થઈ ત્યારે નિમિત્ત–કર્મ ટળી ગયું, ત્યાં નિમિત્તને ટાળવાનો પ્રભુ વ્યવહારથી કહેવામાં આવે છે.

પોતે અંદર પુણ્ય–પાપ આદિ સર્વ અશુદ્ધતાનો નાશ કરી મોક્ષ કર્યો ત્યારે નિમિત્ત–કર્મ બધું ટળી ગયું. તેને વ્યવહારથી કર્મને ટાળ્યાં—એમ કહેવાય છે. અંદર પોતાના ભાવમાં મોક્ષ કરવાનો પ્રભુ થયો એટલે વ્યવહારથી નિમિત્ત ટાળવાનો પ્રભુ કહેવાય છે.

આ પ્રમાણે અંદર પોતાના ભાવને કરવાનો પ્રભુ થયો ત્યારે નિમિત્ત–કર્મ ટાળવાનો પ્રભુ વ્યવહારે કહેવાય છે—એમ નિશ્ચય વ્યવહારની સંધિ છે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૯ મંગળવાર]

આ ગાથામાં આત્માનું વર્ણન કરતાં, તેની પર્યાય તથા નિમિત્ત કેવું હોય છે ? તે પણ જણાવે છે. દ્રવ્ય, પર્યાય અને નિમિત્તનું યથાર્થ જ્ઞાન કરે તો નિમિત્ત રહિત અને વિકારી ભાવથી રહિત શુદ્ધ ચૈતન્ય આત્મા તરફનું વલણ કરે. આત્મા ચેતના ગુણવાળો છે, ઉપયોગવાળો છે અને પ્રભુ છે—એમ ત્રણ બોલ થઈ ગયા છે. હવે કર્તાની વાત કરે છે.

**(૪) કર્તા પુદ્‌ગલકર્મોનું નિમિત્ત પામીને જે પરિણામ થાય છે તેનો આત્મા નિશ્ચયથી કર્તા છે.**

અહીં શુદ્ધનયને ગૌણ કરીને વાત કરેલ છે. પુદ્‌ગલકર્મોના નિમિત્તે આત્મામાં વિકારીપર્યાય થાય છે એમ કહેલ છે. પુદ્‌ગલકર્મ નિમિત્ત છે એમ કહેતાં નૈમિત્તિક પર્યાય છે એમ સિદ્ધ થાય છે. નિમિત્ત–નૈમિત્તિક ભાવમાં કાળભેદ નથી. ખરેખર પોતાના પુણ્ય–પાપનો કર્તા આત્મા છે એમ કહેલ છે. તે શુદ્ધનયને ગૌણ કરીને, અશુદ્ધ નિશ્ચયનયની મુખ્યતાએ કહેલ છે. નિમિત્તના કારણે વિકાર નથી. રાગ–દ્વેષાદિના પરિણામ આત્મા પોતે કરે છે તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. આત્મા સ્વભાવને ચૂકીને વિકારરૂપે થાય છે ત્યારે નિમિત્ત કોણ હતું તે વાતને સમજાવી છે. અને વિકાર નિમિત્તના લક્ષે થાય છે તે વાત પણ સાથે સાથે કહે છે. જીવ જ્યારે દયા, દાન, ભક્તિ આદિના ભાવ કરે છે ત્યારે કર્મની ઉપસ્થિતિ હોય છે. પણ તે કર્મના કારણે વિકાર થતો નથી. નિમિત્ત ઉપર દોષ નાખવાથી દોષ ટળતો નથી. પોતે પોતાના અપરાધથી શુભાશુભ ભાવનો કર્તા છે.

**આત્માના અશુદ્ધ પરિણામનું નિમિત્ત પામીને પુદ્‌ગલ કર્મો થાય તેનો આત્મા વ્યવહારથી કર્તા છે.**

અહીં કહે છે કે વ્યવહારનયથી આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા છે અને 'પંચાધ્યાયી'માં કહેલ છે કે આત્માને શરીર, કર્મ આદિનો કર્તા કહેવો તે નયાભાસ છે. અહીં તો કહે છે કે વિકારી પર્યાયનો આત્મા કર્તા થાય છે તેનું નિમિત્ત પામીને કર્મની પર્યાય થાય છે એનો વ્યવહારથી આત્મા કર્તા છે. અહીં તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવો છે. આત્મા રાગ કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કર્મને નિમિત્ત કહેવાય છે. અને નવાં કર્મો બંધાય છે. એમાં તે રાગ નિમિત્ત છે. પણ નિમિત્તથી નૈમિત્તિકભાવ છે એમ નથી. આત્મા વિકાર કરે તો તેનું નિમિત્ત પામીને જડ કર્મો થાય તેનો વ્યવહારે આત્મા કર્તા છે એમ અહીં કહેલ છે.

### (૫) ભોક્તા શુભાશુભ કર્મોના નિમિત્તે થતા સુખ–દુઃખનાં પરિણામોનો આત્મા નિશ્ચયથી ભોક્તા છે.

આત્મા હરખ–શોકના ભાવો કરે છે તેને શુભ–અશુભ જડકર્મોનો ઉદય નિમિત્ત છે. પણ તે કર્મના કારણે સુખ–દુઃખનાં પરિણામ થયાં નથી. પોતે સુખ-દુઃખનાં પરિણામ કરે છે માટે આત્મા ખરેખર તે પરિણામનો ભોક્તા છે. શરીર, લાડવા, કપડાં, મકાનાદિ વસ્તુઓને આત્મા ભોગવી શકતો નથી અને કર્મ આદિ પરવસ્તુ આત્માને જબરજસ્તીથી હરખ–શોકનાં પરિણામ કરાવતી નથી. પણ આત્મા પોતે સ્વભાવને ચૂકીને સુખ-દુઃખનાં પરિણામ કરે છે તેનો ભોક્તા છે.

### શુભાશુભ કર્મના ઉદયે ઈષ્ટ-અનિષ્ટ વિષય પ્રાપ્ત થાય તેનો આત્મા વ્યવહારનયે ભોક્તા છે.

શાતાવેદનીય કર્મના નિમિત્તે ઈષ્ટ સામગ્રી મળે છે અને અશાતાના ઉદયે અનિષ્ટ સામગ્રી મળે છે. કોઈ કહે કે આત્માએ વ્યવસ્થા બરાબર ન રાખી માટે પૈસા મળ્યા નહિ કે પૈસા રહ્યા નહિ, તો તે વાત ખોટી છે. પણ અશાતાના ઉદયના કારણે પૈસા મળતા નથી. પૈસા મળવામાં વર્તમાન પુરુષાર્થનું કારણ નથી. ઘણા પૈસા માટે ઘણો પ્રયત્ન કરે છે પણ મળતા નથી અને ઘણા થોડો પ્રયત્ન કરે છે છતાં લાખો રૂપિયા કમાય છે, માટે તે પુરુષાર્થના કારણે નથી પણ કર્મના કારણે છે.

ખરેખર પરપદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી પણ આત્મા પોતે સુખ–દુઃખની કલ્પના કરે છે તો પરપદાર્થોને આરોપથી ઈષ્ટ–અનિષ્ટ કહેવાય છે. રોગ કે નીરોગતા, સધનતા કે નિર્ધનતા આદિ પૂર્વકર્મના કારણે મળે છે. તેમાં આત્મા સુખ–દુઃખની કલ્પના કરે તો તેનો વ્યવહારથી ભોક્તા કહેવાય છે, નિશ્ચયથી પોતાનો અને વ્યવહારથી પરનો ભોક્તા છે એમ એક સમયમાં બે પદાર્થોને આત્મા ભોગવતો નથી. પણ પોતાની સુખ–દુઃખની કલ્પનાનો ભોક્તા થાય છે. એમાં પરચીજ નિમિત્ત છે, માટે વ્યવહારથી પરનો ભોકતા કહેલ છે. પણ પરને ભોગવતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી માટે ભોગવી શકતું નથી. અજ્ઞાની જીવો કહે છે કે ‘‘કર્મમાં તમારો અધિકાર છે પણ તેના ફળમાં કદાપિ નહિ’’ તો કર્તા પોતે અને ભોક્તા બીજો એમ નથી. પણ આત્મા પોતે કર્તા છે અને ભોક્તા પણ છે.

### (૬) સ્વદેહમાત્ર નિશ્ચયનયથી આત્મા લોકમાત્ર અસંખ્યપ્રદેશી છે.

લોક જેટલા આત્માના અસંખ્યપ્રદેશ છે એ નિશ્ચય છે. પણ કેવળી સમુદ્ઘાત વખતે લોકપ્રમાણ થાય તે નિશ્ચય છે એમ નથી. એ તો વિસ્તાર હોવાથી વ્યવહારમાં જાય છે. અહીં તો નિશ્ચય લોકપ્રમાણ પ્રદેશોની સંખ્યા છે. અસંખ્યાતપ્રદેશી આત્મા છે તે કલ્પના નથી પણ યથાર્થ છે એમ બતાવવા માટે નિશ્ચયથી કહેલ છે. આત્મા અવયવી છે અને અસંખ્યપ્રદેશ તે અવયવ છે. તે ત્રિકાળ–અનાદિ અનંત છે. તે નિશ્ચય છે. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોતી નથી. હવે વ્યવહારથી વાત કરે છે.

### વ્યવહારનયથી આત્મા સંકોચ-વિસ્તારશક્તિથી નામકર્મના નિમિત્તે નાનું–મોટું શરીર હોય છે તે પ્રમાણે છે.

કીડી, કૂતરા, કાગડા આદિના શરીરમાં જીવ રહે છે તે પોતાની શક્તિથી રહે છે. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર તો નામકર્મના નિમિત્તે નાનું અગર મોટું મળે છે. આત્મા તે શરીર-પરિમાણ રહે છે. તે પોતાની શક્તિથી વ્યવહારે રહે છે. જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી શરીર પ્રમાણે સંકોચ-વિસ્તાર કરીને રહે છે તે વ્યવહાર છે. તેથી આત્મા વ્યવહારનયથી સ્વદેહ પ્રમાણે હોય છે એમ કહેલ છે.

**(૭) વ્યવહારે આત્મા મૂર્તના સંયોગથી મૂર્ત કહેવાય છે પણ મૂર્ત થતો નથી.**

આત્મા વ્યવહારથી કર્મના સંયોગના કારણે મૂર્તિક વિભાવપરિણામરૂપ પરિણમે છે, તોપણ નિશ્ચયથી સ્વાભાવિક ભાવથી આત્મા અમૂર્ત છે. વ્યવહારથી જીવ અને શરીર એક કહેવાય છે એટલે કે ખરેખર એક નથી એમ થયું. મૂર્તના સંયોગે મૂર્ત કહેવાય છે. જેમ પાણીના સંયોગથી પાણીનો લોટો કહેવાય છે પણ ખરેખર પાણીનો લોટો થતો નથી, એમ શરીરના સંયોગથી આત્માને મૂર્ત શરીરવાળો કહેવાય છે પણ ખરેખર આત્મા મૂર્ત શરીરવાળો નથી. વિકારની યોગ્યતા છે તો શરીરનો સંબંધ છે, અને શરીરના સંબંધના કારણે વ્યવહારથી મૂર્ત કહેવાય છે. તે આત્માની પર્યાયની યોગ્યતા અને નિમિત્તનું જ્ઞાન કરાવે છે.

**(૮) કર્મસંયુક્ત નિશ્ચયથી પુદ્‌ગલકર્મના નિમિત્તે થતા અશુદ્ધ ભાવકર્મસંયુક્ત આત્મા છે.**

પુદ્‌ગલકર્મોનું નિમિત્ત પામીને આત્મામાં અશુદ્ધ ચૈતન્ય વિભાવ પરિણામ થાય છે. તે ભાવકર્મ સહિત આત્મા છે. નિશ્ચયનયથી મલિન પરિણામ સહિત આત્મા છે. પુણ્ય-પાપાદિ પરિણામ આત્માના છે. સમયસારમાં નિશ્ચયથી પુણ્ય-પાપ પરિણામ આત્માના નથી પણ પુદ્‌ગલના છે એમ કહેલ છે, તે તો સ્વભાવદૃષ્ટિમાં પર્યાયની ગૌણતા કરી વિકારી પરિણામ નીકળી જાય છે તે અપેક્ષાએ કહેલ છે. અહીં તો પર્યાયનું જ્ઞાન કરાવે છે કે વિકાર આત્મા પોતે કરે તો થાય છે. કર્મ કરાવતું નથી તે કહે છે.

**વ્યવહારનયથી આત્મા અશુદ્ધપરિણામના નિમિત્તે થતા દ્રવ્યકર્મ સહિત છે.**

આત્મા વ્યવહારથી કર્મસહિત છે કેમ કે જડકર્મના પરિણામ થયા તેમાં આત્માની અશુદ્ધ પર્યાય નિમિત્ત છે માટે આત્મા કર્મસંયુક્ત છે. સંસાર હોય અને વિકાર ન હોય તેમ બને નહિ, માટે નિશ્ચયથી આત્મા સંસારમાં વિકારસહિત છે અને વ્યવહારે જડકર્મસહિત છે. સંસારમાં વ્યવહારથી કર્મસહિત નથી જ એમ નથી. એમ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવે છે.

આત્મા કેવો છે? તો કે (૧) ચેતનાગુણવાળો છે, (૨) ઉપયોગ વિશિષ્ટ એટલે જાણવા–દેખવાના પરિણામવાળો છે, (૩) આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ પદાર્થમાં નિશ્ચયથી પોતે ભાવકર્મોના સામર્થ્યવાળો હોવાથી પ્રભુ છે, વ્યવહારથી દ્રવ્યકર્મની ઐશ્વર્યતા સહિત છે. માટે પ્રભુ છે, (૪) ખરેખર પોતાના વિભાવભાવનો કર્તા છે અને વ્યવહારથી પૌદ્‌ગલિક કર્મોનો કર્તા છે.

(૫) નિશ્ચયથી સુખદુઃખ આદિ પરિણામોનો ભોક્તા છે ને વ્યવહારથી શુભ–અશુભ કર્મોના નિમિત્તે મળેલી ઇષ્ટ–અનિષ્ટ સામગ્રીનો ભોક્તા છે, (૬) ખરેખર આત્મા લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે, ને વ્યવહારનયે નામકર્મના નિમિત્તે મળેલા નાના–મોટા શરીરપ્રમાણ છે. એટલા માટે સ્વદેહપરિમાણ છે, (૭) આત્મા જોકે વ્યવહારનયથી પુદ્‌ગલના સંયોગથી મૂર્તિક કહેવાય છે પણ ખરેખર તે અમૂર્તિક છે, (૮) ખરેખર આત્મા પોતાના અશુદ્ધભાવથી જ સહિત છે, વ્યવહારનયથી અશુદ્ધભાવનું નિમિત્ત પામીને નવાં કર્મો બંધાય તેનાથી સહિત છે. એમ સંસારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવની શુદ્ધ-અશુદ્ધનયના કથનથી, સિદ્ધાંત અનુસાર વિવક્ષા જાણવી. ૨૭

હવે, મોક્ષમાં રહેતા જે સિદ્ધ આત્મા છે તેમનું ઉપાધિરહિત શુદ્ધસ્વરૂપ કેવું છે, તે કહે છે.

---

**कम्ममलविप्पमुक्को उड्ढं लोगस्स अंतमधिगंता ।**
**सो सव्वणाणदरिसी लहदि सुहमणिंदियमणंतं ॥ २८ ॥**

**कर्ममलविप्रमुक्त ऊर्ध्वं लोकस्यान्तमधिगम्य ।**
**स सर्वज्ञानदर्शी लभते सुखमनिन्द्रियमनंतम् ॥ २८ ॥**

**સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,**
**સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.**

**અન્વયાર્થ** : [कर्ममलविप्रमुक्तः] કર્મમળથી મુક્ત આત્મા [ऊर्ध्वं] ઊંચે [लोकस्य अन्तम्] લોકના અંતને [अधिगम्य] પામીને [सः सर्वज्ञानदर्शी] તે સર્વજ્ઞ–સર્વદર્શી [अनंतम्] અનંત [अनिन्द्रियम्] અનિંદ્રિય [सुखम्] સુખને [लभते] અનુભવે છે.

---

**तात्पर्यवृत्ति** : एवमधिकारगाथा गता । अथ मोक्षसाधकत्वप्रभुत्वगुणद्वारेण सर्वज्ञसिद्ध्यर्थं मुक्तावस्थस्यात्मनः केवलज्ञानादिरूपं निरुपाधिस्वरूपं दर्शयति – **कम्ममलविप्पमुक्को** द्रव्यकर्मभावकर्मविप्रमुक्तः सन् **उड्ढं लोगस्स अंतमधिगंता** ऊर्ध्वगतिस्वभावत्वाल्लोकस्यांतमधिगम्य प्राप्य **सो सव्वणाणदरिसी** परतो धर्मास्तिकायाभावात्तत्रैव लोकाग्रे स्थितः सन् सर्वविषये ज्ञानदर्शने सर्वज्ञानदर्शने ते विद्येते यस्य स भवति सर्वज्ञानदर्शी । एवंभूतः सन् किं करोति लहइ **सुहमणिंदियमणंतं** लभते । किं । सुखं । कथंभूतं । अतीन्द्रियं । पुनरपि कथंभूतं । अनंतमिति । किं च पूर्वसूत्रोदितजीवतत्त्वादिनवाधिकारेषु मध्ये कर्मसंयुक्तत्वं विहाय शुद्धजीवत्वशुद्धचेतनाशुद्धोपयोगादयोष्टाधिकारा यथासंभवमागमाविरोधेनात्र मुक्तावस्थायामपि योजनीया इति सूत्राभिप्रायः ॥ २८ ॥

**समयव्याख्या : अत्र मुक्तावस्थस्यात्मनो निरुपाधिस्वरूपमुक्तम् । आत्मा हि परद्रव्यत्वात्कर्मरजसा साकल्येन यस्मिन्नेव क्षणे मुच्यते तस्मिन्नेवोर्ध्वगमनस्वभावत्वाल्लोकांतमधिगम्य परतो गतिहेतोरभावादवस्थितः केवलज्ञानदर्शनाभ्यां स्वरूपभूतत्वादमुक्तोऽनंतमतीन्द्रियं सुखमनुभवति । मुक्तस्य चास्य भावप्राणधारणलक्षणं जीवत्वं, चिद्रूपलक्षणं चेतयितृत्वं चित्परिणामलक्षण उपयोगः, निर्वर्तितसमस्ताधिकारशक्तिमात्रं प्रभुत्वं, समस्तवस्त्वसाधारणस्वरूपनिर्वर्तनमात्रं कर्तृत्वं, स्वरूपभूतस्वातन्त्र्यलक्षणसुखोपलम्भरूपं भोक्तृत्वं, अतीतानंतरशरीरपरिमाणावगाहपरिणामरूपं देहमात्रत्वं, उपाधिसंबंधविविक्तमात्यन्तिकममूर्तत्वम् । कर्मसंयुक्तत्वं तु द्रव्यभावकर्मविप्रमोक्षान्न भवत्येव । द्रव्यकर्माणि हि पुद्गलस्कंधा भावकर्माणि तु चिद्विवर्ताः । विवर्तते हि चिच्छक्तिरनादिज्ञानावरणादिकर्मसंपर्ककूणितप्रचारा परिच्छेद्यस्य विश्वस्यैकदेशेषु क्रमेण व्याप्रियमाणा । यदा तु ज्ञानावरणादिकर्मसंपर्कः प्रणश्यति तदा परिच्छेद्यस्य विश्वस्य सर्वदेशेषु युगपद्व्यापृता कथंचित्कौटस्थ्यमवाप्य विषयांतरमनाप्नुवंती न विवर्तते । स खल्वेष दर्शित्वोपलम्भः । अयमेव द्रव्यकर्मनिबंधनभूतानां भावकर्मणां कर्तृत्वोच्छेदः अयमेव च विकारपूर्वकानुभवाभावादौपाधिकसुखदुःखपरिणामानां भोक्तृत्वोच्छेदः । इदमेव चानादिविवर्तखेदविच्छित्तिसुस्थितानंतचैतन्यस्यात्मनः स्वतंत्रस्वरूपानुभूतिलक्षणसुखस्य भोक्तृत्वमिति॥ २८ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુવાદ : અહીં મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા (કર્મરજના) પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે (મુક્ત થાય છે), તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમનસ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિહેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો, કેવળજ્ઞાન અને કેવળદર્શન (નિજ)સ્વરૂપભૂત હોવાને લીધે તેમનાથી નહિ મુકાતો થકો અનંત અતીંદ્રિયસુખને અનુભવે છે. તે મુક્ત આત્માને, ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'જીવત્વ' હોય છે; ચિદ્રૂપ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'ચેતયિતૃત્વ' હોય છે; ચિત્પરિણામ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવો 'ઉપયોગ' હોય છે; પ્રાપ્ત કરેલા સમસ્ત (આત્મિક) અધિકારોની શક્તિમાત્રરૂપ 'પ્રભુત્વ' હોય છે; સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્રરૂપ (નિજ સ્વરૂપને રચવારૂપ) 'કર્તૃત્વ' હોય છે; સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સુખની ઉપલબ્ધિરૂપ 'ભોક્તૃત્વ' હોય છે; અતીત અનંતર (છેલ્લા) શરીર પ્રમાણે અવગાહપરિણામરૂપ 'દેહપ્રમાણપણું' હોય છે; અને ઉપાધિના સંબંધથી વિવિક્ત એવું આત્યંતિક (સર્વથા) 'અમૂર્તપણું' હોય છે. (મુક્ત આત્માને) 'કર્મસંયુક્તપણું' તો નથી જ હોતું, કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુક્તિ થઈ છે. દ્રવ્યકર્મો તે પુદ્‌ગલસ્કંધો છે અને ભાવકર્મો તે ચિદ્‌વિવર્તો છે. ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરણાદિકર્મોના સંપર્કથી (સંબંધથી) સંકુચિત વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વના (સમસ્ત પદાર્થોના) એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે. પરંતુ જ્યારે જ્ઞાનાવરણાદિકર્મોનો સંપર્ક વિનાશ પામે છે, ત્યારે તે જ્ઞેયભૂત વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી થકી કથંચિત્ કૂટસ્થ થઈને, અન્ય વિષયને નહિ પામતી થકી વિવર્તન કરતી નથી. તે આ (ચિત્શક્તિના વિવર્તનનો અભાવ), ખરેખર નિશ્ચિત (નિયત, અચળ) સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ છે. આ જ, દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે; અને આ જ, વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે ઔપાધિક સુખ-દુખ પરિણામોના ભોક્તૃત્વનો વિનાશ છે; અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે એવા આત્માને સ્વતંત્રરૂપાનુભૂતિલક્ષણ સુખનું (સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોક્તૃત્વ છે. ૨૮.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૯ મંગળવાર]

**અર્થ :** ગાથા ૨૭માં સંસારી જીવનું વર્ણન કર્યું હતું. હવે સિદ્ધનું વર્ણન કરે છે. જે જીવ જ્ઞાનાવરણીયરૂપ દ્રવ્યકર્મ અને વિકાર આદિ ભાવકર્મથી સર્વ પ્રકારે મુક્ત છે તે બધાને જાણવા તથા દેખવાવાળા શુદ્ધ જીવ ઊર્ધ્વગમન સ્વભાવના કારણે ત્રણ લોકના ઉપર સિદ્ધક્ષેત્રમાં પ્રાપ્ત થાય છે. સિદ્ધપરમાત્મા મુક્તદશાને પામ્યા છે તે પહેલેથી જ જડકર્મથી અને વિકારથી જુદો છું એવી દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરીને મુક્તદશામાં પરમાનંદને પામ્યા છે. તે પરમાનંદનું કારણ પણ પરમાનંદ એવો ત્રિકાળી નિર્વિકાર શુદ્ધ સ્વભાવ જ છે. પૂર્ણ જાણવા-દેખવાનો સ્વભાવ જે પ્રગટયો છે તે અલ્પજ્ઞાન અને અલ્પદર્શનના આશ્રયે પ્રગટ્યો નથી પણ સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવની દૃષ્ટિ કરવાથી પ્રગટે છે. સંસારી જીવ એક અવસ્થામાં અને એક સ્થાને રહેતા નથી પણ સિદ્ધ તો ઊર્ધ્વગતિસ્વભાવના કારણે પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયની યોગ્યતાથી લોકના અગ્રભાગે રહેલા છે. તે સિદ્ધપરમાત્મા સવિકાર, પરાધીન ઇંદ્રિયસુખથી રહિત, અમર્યાદિત આત્માના સ્વાભાવિક અતીન્દ્રિયસુખને પ્રાપ્ત થયા છે. ઇંદ્રિયસુખથી રહિત આનંદદશા તે પરાધીન નથી પણ સ્વાધીન છે, સંસારનું સુખ તો કલ્પનામાત્ર અને દુ:ખરૂપ છે અને સિદ્ધદશાનું સુખ તો અતીંદ્રિય ને સ્વાભાવિક છે.

**ભાવાર્થ** : સંસારી જીવ પરદ્રવ્યના સંબંધથી જ્યારે છૂટે છે તે જ સમયે સિદ્ધક્ષેત્રમાં જઈને રહે છે. સંસારી જીવ પોતાના સ્વભાવનો સંગ કરીને પરદ્રવ્ય તરફનું લક્ષ છોડે છે ત્યારે પરદ્રવ્યનો સંગ રહેતો નથી અને સંગ છોડ્યો એમ કહેવામાં આવે છે. શુદ્ધ આત્મા સિદ્ધક્ષેત્રમાં સ્થિત થાય છે ત્યાં પરમાનંદમાં રહેવું તે મુક્તિ છે. જોકે જીવનો ઊર્ધ્વગમન સ્વભાવ છે તોપણ આગળ ધર્માસ્તિકાય નહિ હોવાના કારણે લોકના અગ્રભાગે રહે છે તે નિમિત્તનું કથન છે. ખરેખર શુદ્ધ આત્માની લોકમાં રહેવાની યોગ્યતાના કારણે જ તે ત્યાં સ્થિત થાય છે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧૦ બુધવાર]

આ પહેલાંની ગાથામાં સામાન્ય જીવની વ્યાખ્યા કરી. અહીં આ ગાથામાં સિદ્ધાત્માની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ** : સંસારી જીવ પરદ્રવ્યના સંબંધથી છૂટે છે તે જ સમયે સિદ્ધક્ષેત્રે સ્થિત થાય છે. આત્માનો ઊર્ધ્વગમન સ્વભાવ છે. પણ ધર્માસ્તિકાયના અભાવના કારણે આગળ જતો નથી, તે નિમિત્તથી કથન કર્યું છે. આત્મા અખંડાનંદ શુદ્ધ છે, તેની પૂર્ણ શુદ્ધદશા થાય ત્યારે તે લોકના અગ્રે જાય છે. તે પોતાની યોગ્યતા છે તેથી ત્યાં રહે છે. પણ આગળ ધર્માસ્તિકાય નથી માટે આગળ જતો નથી એમ નથી. લોકના અગ્રે જાય છે તે આત્માનો પોતાનો સ્વભાવ છે. માછલું પાણીમાં રહે છે અને ગમન કરે છે તે માછલાની પોતાની યોગ્યતા છે. તે પાણીના કારણે નથી. સીંગ ફાટે ત્યારે દાણો ઊંચે ઊછળે છે અને ધુમાડો ઊંચો જાય છે એવો તેનો સ્વભાવ છે, તેમ આત્મામાં પૂર્ણદશા પ્રગટે ત્યારે તે લોકાગ્રે જઈને રહે છે. તે તેનો સ્વભાવ છે.

સિદ્ધઆત્મા અનંત જ્ઞાન, અનંત દર્શનસંયુક્ત અનંત અતીંદ્રિયસુખને ભોગવે છે. મોક્ષ અવસ્થામાં પણ આત્માના અવિનાશી ભાવપ્રાણ છે તે વડે તે સદા જીવે છે તેથી સિદ્ધપરમાત્માને જીવત્વશક્તિ છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોવાના કારણે સિદ્ધને ચેતયિતા પણ કહેવાય છે. જાણવા–દેખવાનો સ્વભાવ છે તેથી તેમને રાગ–દ્વેષ વિનાનું જ્ઞાન છે. ભગવાનને શુદ્ધ પરિણામરૂપ ઉપયોગી પણ કહેવાય છે. તેથી ભગવાનને પણ ઉપયોગ છે તે નક્કી થાય છે. આ પર્યાયની વાત છે. પોતાના ચૈતન્યની નિર્મળ દશારૂપ ઉપયોગ ભગવાનને છે.

વળી, શુદ્ધઆત્માને સમસ્ત આત્મિક શક્તિઓનું સામર્થ્ય પ્રગટ થયું છે તેથી પ્રભુત્વશક્તિ પણ છે. સ્ત્રી–કુટુંબનો પ્રભુ તો મફતનો કહેવાતો અને અંતરમાં રાગ–દ્વેષનો અશુદ્ધદૃષ્ટિથી પ્રભુ કહેવાતો, પણ ખરેખર આત્માની બધી શક્તિ પ્રગટ થઈ માટે પ્રભુ કહેવાય છે. અશુદ્ધદૃષ્ટિએ નિગોદ અશુદ્ધતાનો પ્રભુ છે અને શુદ્ધદૃષ્ટિએ ભગવાન પ્રભુ છે, એક પુણ્ય–પાપનો પ્રભુ છે અને એક પૂર્ણતાનો પ્રભુ છે એટલો ફેર છે. પોતે પોતાનો પ્રભુ છે, બીજાનો પ્રભુ નથી અને બીજો કોઈ તેનો પ્રભુ નથી. આથી વિપરીત સ્વરૂપ સિદ્ધનું કોઈ કહેતું હોય તો તેનો નિષેધ કરવા અહીં યથાર્થ વ્યાખ્યાન કર્યું છે. સિદ્ધને બધી શક્તિ પ્રગટ થઈ છે તેથી તેઓ અનંત ગુણના ધામ છે. શક્તિ હતી તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ છે. પોતે પોતાના પ્રભુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેઓ જગતના પ્રભુ નથી. શાસ્ત્રમાં ત્રણ લોકના નાથ કહેવાય છે તે ત્રણ લોકને જાણે છે એ અપેક્ષાએ કહેવાય છે. એટલે બીજા અનંતા સિદ્ધો છે એને પણ જ્ઞાન જાણે છે. નીચલી દશામાં જ્ઞાન અટકતું હતું ત્યારે પર ઉપર લક્ષ જતું હતું પણ પૂર્ણદશા પ્રગટ થઈ એટલે પર ઉપર લક્ષ રહેતું નથી.

પોતાનું સ્વરૂપ અન્ય પદાર્થોમાં નથી તેથી આત્મા પોતાના સ્વભાવથી સદા પરિણમે છે તેથી આત્મા પોતે કર્તા છે. સંસારમાં પુણ્ય–પાપનું કર્તાપણું હતું અને વ્યવહારે જડકર્મનું કર્તાપણું કહ્યું હતું પણ સિદ્ધ ભગવાન પોતાની પર્યાયના કર્તા છે, પરના કર્તા નથી. જોકે સંસારી આત્મા પણ પરનો કર્તા નથી પણ અજ્ઞાની રાગ–દ્વેષ આદિનો કર્તા થતો હતો ત્યારે કર્મનો કર્તા કહેવાતો હતો, પણ સિદ્ધને તો વ્યવહારે પણ પરના કર્તાપણાનો આરોપ આવતો નથી. જીવનું બીજામાં અસ્તિત્વ નથી માટે પોતાના પરિણામનો કર્તા છે. સંવર આદિમાં કર્મના અભાવરૂપ કર્તાપણું કહ્યું હતું અને આસ્રવમાં કર્મનું કર્તાપણું કહેલ ત્યાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો હતો. પણ અહીં સિદ્ધદશામાં એવો વ્યવહાર લાગુ પડતો નથી કેમકે એકલું જ્ઞાનાનંદ પરિણમન થઈ રહ્યું છે.

સિદ્ધ આત્માને સ્વાધીન સુખની પ્રાપ્તિ થઈ છે. તેનો અનુભવ તેઓ કરતા હોવાના કારણે ભોક્તા પણ છે. સંસારદશામાં સુખ–દુઃખનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયનયે કહ્યો હતો અને વ્યવહારે ઈષ્ટ–અનિષ્ટ સામગ્રીનો ભોક્તા કહ્યો હતો પણ અહીં તો સ્વભાવની લીનતાથી પર્યાયમાં પ્રગટ પૂર્ણ સુખથી ઊપસી નીકળ્યો છે તેવા અનુભવનો ભોક્તા છે.

સિદ્ધ ભગવાન છેલ્લા શરીરના અવગાહનથી કિંચિત્ ઊણા પુરુષાકારે આત્મપ્રદેશની અવગાહનથી રહેલા છે એ કારણે દેહમાત્ર કહેવાય છે. લાકડાનાં બીબાંના આકારે ખાંડની ચાસણીનાં રમકડાં બનાવે છે તે લાકડાનું બીબું જુદું પાડતાં ખાંડની ચાસણીનું રમકડું રહી જાય છે, તેમ આત્મા અમૃતની મૂર્તિ છે, તે શરીર છૂટી જતાં શરીરથી કિંચિત્ ઊણા આકારે રહી જાય છે, એકલી આનંદની મૂર્તિ રહી જાય છે. આથી વિરુદ્ધ કોઈ કહેનાર હોય તો તે સર્વજ્ઞના આત્માને જાણતો નથી.

જ્યારે સંસારી આત્મા સર્વ પરદ્રવ્યના સંબંધથી છૂટી જાય છે ત્યારે પૌદ્ગલિક ઉપાધિથી સર્વથા રહિત થાય છે એટલા માટે તે અમૂર્તિક કહેવાય છે. દ્રવ્યકર્મ તથા ભાવકર્મથી રહિત થઈ ગયા છે તેથી તેઓ કર્મસહિત નથી. પ્રથમ વ્યવહારથી કર્મસહિત કહીને આત્માને મૂર્તિક કહ્યો હતો પણ અહીં તો આત્માનું અમૂર્તિકપણું બતાવે છે. પહેલી ગાથામાં સંસારીજીવનું વિશેષ વર્ણન કરીને જે વિશેષણો કહ્યાં હતાં તે મુક્તજીવને પણ હોવા સંભવ છે. પરંતુ એ વિશેષણોમાંથી એક કર્મસંયુક્તપણું છે તે બનતું નથી. બીજાં બધાં વિશેષણો મળે છે. કર્મ છે તે બે પ્રકારનાં છે. એક દ્રવ્યકર્મ અને બીજું ભાવકર્મ. જીવના સંબંધથી જે પુદ્ગલ વર્ગણાનો સ્કંધ છે તે દ્રવ્યકર્મ કહેવાય છે અને ચેતનાનો વિભાવપર્યાય તે ભાવકર્મ છે આત્માને વિકાર થવાની લાયકાત છે તે નૈમિત્તિક છે અને કર્મ તેમાં નિમિત્ત છે. તે નિમિત્ત–નૈમિત્તિક સંબંધથી સંસારી જીવને કર્મસંયુક્ત કહ્યો છે. સિદ્ધને શુદ્ધ પૂર્ણદશા હોવાના કારણે તે વિશેષણ લાગુ પડતું નથી.

અહીં કોઈ પૂછે કે આત્માનું લક્ષણ તો ચેતના છે તે વિભાવરૂપે કેમ થાય ? આત્મા અનંત શક્તિવાળો ચેતન પદાર્થ છે તે વિભાવરૂપે કેમ પરિણમે ? તો તેનો ઉત્તર : સંસારી જીવને અનાદિકાળથી જ્ઞાનાવરણીય આદિ કર્મોનો સંયોગ છે તે સંયોગથી આત્માની ચૈતન્યશક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પોતાના નિજસ્વરૂપથી ખસી ગઈ છે એટલે કે કર્મની હાજરી છે તેનો આશ્રય કરવાથી પોતાની પર્યાય પોતાના સ્વભાવથી ચ્યુત થઈ ગઈ છે માટે અનાદિથી સંસારમાં અજ્ઞાનરૂપે પરિણમી રહ્યો છે. કર્મ સંયોગે વિભાવ થાય છે એમ કહ્યું છે. તો સંયોગ કહેતાં જ બે પદાર્થની પૃથક્તા છે, તે બેની એકતા બતાવતું નથી. સંયોગ અને સ્વભાવ બે છે. સ્વભાવને ચૂકે છે તે સંયોગદૃષ્ટિ કરે છે. અજ્ઞાનીને આ વાત બેસતી નથી એટલે તે નિમિત્ત-ઉપાદાનમાં મોટા વાંધા ઉઠાવે છે. કર્મના કારણે આત્માની શક્તિ રોકાય છે, પણ ખરેખર એમ નથી. પોતે સ્વરૂપથી ખસી જાય છે માટે પર ઘરમાં જાય છે. પર્યાયદૃષ્ટિથી સંસાર અનાદિનો છે. પહેલાં શુદ્ધતા હતી અને પછી અશુદ્ધતા થઈ એમ નથી છતાં પણ અશુદ્ધતા સમયે સમયે નવી કરે છે. પૂર્વે ભૂલ કરી હતી તે નડે છે એમ નથી, પણ વર્તમાન જેટલું વિભાવનું જોર કરે છે એટલો આત્મામાંથી ખસી જાય છે.

દૃષ્ટાંત : જેમ કાદવના સંબંધથી જળ પોતાના સ્વચ્છ સ્વભાવને છોડી દે છે તેમ કર્મના સંબંધે ચેતના વિભાવરૂપ થાય છે, એટલે કે આત્મા પોતે કર્મનો સંબંધ કરે છે તો વિભાવરૂપે પરિણમે છે. જેમ પાણીની સ્વચ્છતારૂપે પાણી પોતે ન પરિણમ્યું તો કાદવના સંબંધથી મલિન થયું એમ કહેવામાં આવે છે. નિમિત્ત-ઉપાદાનનો ખૂબ ઊહાપોહ ચાલ્યો છે. આ વાતને નહિ સમજનાર એમ કહે છે કે ''ઉપાદાનવાળા ઉપાદાન તરફ ખેંચે છે અને નિમિત્તવાળા નિમિત્ત તરફ ખેંચે છે, પણ અનેકાંત કરતા નથી. જેમ કોઈ પક્ષી બોલતું હોય તો તેનો પોતપોતાના પક્ષ પ્રમાણે દરેક અર્થ કરે છે. તેમ શાસ્ત્ર વાંચીને ઉપાદાનવાળો ઉપાદાન તરફ ખેંચે છે અને નિમિત્તવાળો નિમિત્ત તરફ ખેંચે છે.''—એમ તે માને છે. પણ ખરેખર વસ્તુનું સ્વરૂપ એમ નથી. નિમિત્ત વસ્તુ છે ખરી પણ જેમ ઉપાદાનથી કામ થાય છે તેમ નિમિત્તથી પણ કામ થાય તો એકાંત થઈ જાય છે અને વસ્તુની સ્વતંત્રતા રહેતી નથી.

અનાદિથી અજ્ઞાનને લીધે ચેતના વિભાવરૂપ પરિણમી છે તેથી બધા પદાર્થોને એકીસાથે જાણવાને તે અસમર્થ છે. અંશે કોઈક પદાર્થોને ક્ષયોપશમની યથાયોગ્યતા પ્રમાણે જાણે છે. ચેતના થોડું કામ કરે છે એ પ્રશ્ન હતો તો તેને કહે છે કે પોતાના સ્વભાવને ચૂકીને ચેતના પરમાં અટકી છે માટે ક્રમે ક્રમે એકદેશ જાણે છે. પરની સંભાળ કરવા જતાં પોતાની સંભાળ રહેતી નથી. જેમ કોઈ વેપારીને શાકભાજી, હીરામાણેક આદિની દુકાન હોય એમાં શાકભાજીની દુકાનની સંભાળ રાખવા જાય તો હીરામાણેકની દુકાનની સંભાળ રહેતી નથી. તેમ આત્મા રાગ-દ્વેષ, શુભ-અશુભભાવની સંભાળ રાખે તો પુણ્ય-પાપ બંધાય, પણ ચૈતન્યની સંભાળ રહેતી નથી તેથી એને ધર્મ થતો નથી.

જ્યારે તે સંસારી આત્મા સ્વભાવનું લક્ષ કરે છે અને પુરુષાર્થપૂર્વક આત્માની સંભાળ કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શનાદિ સામગ્રી મળે છે. પોતાના પુરુષાર્થથી સ્વભાવના લક્ષે શુદ્ધપર્યાય પ્રગટે તે કાળલબ્ધિ છે. સમ્યગ્દર્શનપૂર્વક સ્વભાવમાં લીનતા થતાં જ્ઞાનાવરણાદિ કર્મોનો સંબંધ છૂટે છે અને શુદ્ધચેતના પ્રગટ થાય છે, પૂર્ણ શુદ્ધચેતના થવાથી આત્મા ત્રિકાળવર્તી બધા પદાર્થોને એક સમયમાં પ્રત્યક્ષ જાણી લ્યે છે. કર્મના નિમિત્તના વલણમાં જ્યારે જ્ઞાનચેતના પ્રવર્તતી હતી ત્યારે અલ્પજ્ઞાનનું કાર્ય થતું હતું, તે ચેતના સ્વભાવરૂપે પરિણમતાં પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન થાય છે. અલ્પજ્ઞતા અને પૂર્ણતા બન્ને દશા આત્માથી જ થાય છે. કર્મના અભાવના કે કર્મના ઉદયના કારણે તે પ્રવર્તતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧૧ ગુરુવાર]

અનાદિ કાળથી વિકારને લીધે આત્મા સંસારમાં ભમે છે, તે વિકારરહિત આત્માના શુદ્ધ સ્વભાવનું ભાન કરવું તે મોક્ષનું કારણ છે. તે આત્માના સ્વભાવનું અહીં વર્ણન કરે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં એકાગ્ર થતાં શુદ્ધચેતના પ્રગટ થાય છે; તે શુદ્ધચેતના પ્રગટ થતાં સિદ્ધભગવાન કેવળજ્ઞાન વડે ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણી લ્યે છે. તે જ તેમની મોટપ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી આત્મશક્તિ પ્રગટ થાય તે જ આત્માની ખરી મોટપ છે.

આત્માની જે કેવળજ્ઞાનમય પરમાત્મદશા પ્રગટી છે તે પરિણમતી હોવા છતાં સદા એકરૂપ એવી ને એવી રહ્યા કરે છે. તેથી તે કૂટસ્થ સમાન છે, તેમાં હીનાધિકતારૂપ પરિણમન નથી માટે તે કથંચિત્ કૂટસ્થ છે. સિદ્ધપણું પણ પર્યાય છે. તેમાં પણ ઉત્પાદ–વ્યયરૂપ પરિણમન તો છે. પણ તે બીજા પ્રકારે થતી નથી, એવી ને એવી રહે છે. તે અપેક્ષાએ તેને કૂટસ્થ પણ કહેવામાં આવે છે. છદ્મસ્થ જીવને જ્ઞાનમાં હીનાધિકતા થાય છે, તેવું સિદ્ધને થતું નથી. સિદ્ધભગવાનને એક સમયમાં બધું જ જણાઈ ગયું છે. હવે કાંઈ નવું જાણવાનું બાકી રહ્યું નથી, તેથી જ્ઞાન સદા એકધારાએ રહે છે. તેનાથી કદી નિવૃત્તિ થતી નથી. રાગાદિ પરભાવના કર્તા–ભોક્તાપણાથી છૂટીને શુદ્ધચેતનાથી નિશ્ચલ થયો થકો આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી ભાવને પ્રાપ્ત થાય છે. તેમને એકલી શુદ્ધચેતના જ છે; રાગાદિને કરવારૂપ કર્મચેતના કે હર્ષ–શોકરૂપ કર્મફળચેતના તેમને નથી: રાગાદિ વિભાવભાવ તે દ્રવ્યકર્મનું કારણ છે, તે વિભાવભાવના કર્તૃત્વનો સિદ્ધને નાશ થયો છે. કઈ રીતે નાશ થયો છે ? કે ચેતનાને ચૈતન્યસ્વભાવમાં લીન કરતાં શુદ્ધચેતના રહી ગઈ અને રાગાદિ વિભાવનું કર્તાપણું મટી ગયું. અજ્ઞાની જીવ પણ પરને તો ભોગવતો નથી, તે હર્ષ–શોકને અને રાગાદિને ભોગવતો હતો; શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન કરીને તેમાં ઠરતા તે હર્ષ–શોક તથા રાગાદિનો ભોગવટો ટળીને એકલી પરમાનંદમય શુદ્ધચેતનાનો અનુભવ રહી જાય છે. આવી સિદ્ધદશા છે.

અનાદિકાળથી વિભાવપર્યાયને લીધે આકુળતા કરીને તેમને ભોગવતો હતો, તે ખેદ હતો. ચૈતન્ય સ્વભાવના અનંત આનંદના અવલંબનમાં ભગવાનને તે ખેદનો નાશ થઈ ગયો છે ને જે સહજ સ્વાધીન ચૈતન્યસ્વરૂપ સુખ પ્રગટ્યું છે તે અનંતકાળ સુધી એવું ને એવું રહ્યા કરશે. આ વાત તો સિદ્ધની છે, પણ તેવો દરેક આત્માનો સ્વભાવ છે—એમ સમજવું.

વળી તે સિદ્ધભગવાનના જ્ઞાન–સુખ વગેરેનું વિશેષ વર્ણન કરે છે. ૨૮

---

**जादो सयं स चेदा सव्वण्हू सव्वलोगदरसी य ।**
**पप्पोदि सुहमणंतं अव्वाबाधं सगममुत्तं ॥ २९ ॥**

**जातः स्वयं स चेतयिता सर्वज्ञः सर्वलोकदर्शी च ।**
**प्राप्नोति सुखमनंतमव्याबाधं स्वकममूर्तम् ॥ २९ ॥**

**સ્વયમેવ ચેતક સર્વજ્ઞાની-સર્વદર્શી થાય છે,**
**ને નિજ અમૂર્ત અનંત અવ્યાબાધ સુખને અનુભવે. ૨૯**

**અન્વયાર્થ :** [सः चेतयिता] તે ચેતયિતા (ચેતનારો આત્મા) [सर्वज्ञः] સર્વજ્ઞ [च] અને [सर्वलोकदर्शी] સર્વલોકદર્શી [स्वयं जातः] સ્વયં થયો થકો, [स्वकम्] સ્વકીય [अमूर्तम्] અમૂર્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[अव्याबाधम्] અવ્યાબાધ [अनंतम्] અનંત [सुखम्] સુખને [प्राप्नोति] ઉપલબ્ધ કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ यदेव पूर्वोक्तं निरुपाधिज्ञानदर्शनसुखस्वरूपं तस्यैव "जादो सय" मिति वचनेन पुनरपि समर्थनं करोति—**जादो सयं स चेदा सव्वण्हू सव्वलोयदरिसी य** आत्मा हि निश्चयनयेन केवलज्ञानदर्शनसुखस्वभावस्तावत् इत्थंभूतोपि संसारावस्थायां कर्मावृतः सन् क्रमकरणव्यवधानजनितेन क्षायोपशमिकज्ञानेन किमपि किमपि जानाति तथाभूतदर्शनेन किमपि किमपि पश्यति तथा चेन्द्रियजनितं बाधासहितं पराधीनं मूर्तिसुखं चानुभवति स एव चेतयितात्मा निश्चयनयेन स्वयमेव कालादिलब्धि-वशात्सर्वज्ञो जातः सर्वदर्शी च जातः । एवं जातः सन् किं करोति । **पावदि इंदियरहिदं अव्वावाहं सगममुत्तं** प्राप्नोति लभते । किं । सुखमित्यध्याहारः । कथंभूतं सुखं । इन्द्रियरहितं । पुनरपि किं विशिष्टं । स्वकमात्मोत्थं । पुनश्च किंरूपं । मूर्तेन्द्रियनिरपेक्षत्वादमूर्तं च । अत्र स्वयं जातमिति वचनेन पूर्वोक्तमेव निरुपाधित्वं समर्थितं । तथा च स्वयमेव सर्वज्ञो जातः सर्वदर्शी च जातो निश्चयनयेनेति पूर्वोक्तमेव सर्वज्ञत्वं सर्वदर्शित्वं च समर्थितमिति । अथ भट्टचार्वाकमतानुसारी कश्चिदाह, नास्ति सर्वज्ञोऽनुपलब्धेः खरविषाणवत् । तत्र प्रत्युत्तरं दीयते – कुत्र सर्वज्ञो नास्त्यत्र देशे तथा चात्रकाले किं जगत्त्रये कालत्रये वा ? यद्यत्र देशे काले नास्तीति भण्यते तदा सम्मतमेव । अथ जगत्त्रये कालत्रयेपि नास्ति तत्कथं ज्ञातं भवता ? जगत्त्रयकालत्रयं सर्वज्ञरहितं ज्ञातं चेद्भवता तर्हि भवानेव सर्वज्ञः । कुत इति चेत् । योऽसौ जगत्त्रयं जानाति स एव सर्वज्ञः यदि पुनः सर्वज्ञरहितं जगत्त्रयं कालत्रयं न ज्ञातं भवता तर्हि जगत्त्रये कालत्रयेपि सर्वज्ञो नास्तीति कथं निषेधः क्रियते त्वया । अथ मतं किमत्रोदाहरणं यथा कश्चिद्देवदत्तो घटरहितभूतलं चक्षुषा दृष्ट्वा पश्चाद्ब्रूते अत्र भूतले घटो नास्तीति युक्तमेव, अन्यः कोप्यंधः किमेवं ब्रूते अत्र भूतले घटो नास्त्यपि तु नैवं । तथा योऽसौ जगत्त्रयं कालत्रयं सर्वज्ञरहितं प्रत्यक्षेण जानाति स एव सर्वज्ञनिषेधे समर्थो न चान्योन्ध इव । यस्तु जगत्त्रयं कालत्रयं जानाति स सर्वज्ञनिषेधं कथमपि न करोति । कस्मात् ? जगत्त्रयकालत्रयविषयपरिज्ञानसहितत्वेन स्वयमेव सर्वज्ञत्वादिति । किंचानुपलब्धेरिति हेतुवचनं तदयुक्तं । कथमिति चेत् । किं भवतां सर्वज्ञानुपलब्धिरुत जगत्त्रयकालत्रयवर्तिपुरुषाणां वा । यदि भवतामनुपलब्धिरेतावता सर्वज्ञाभावो न भवति । कथमिति चेत् । परमाण्वादिसूक्ष्मपदार्थाः परिचितोवृत्तयश्च भवद्भिर्यदि न ज्ञायंते तर्हि किं न सन्ति । अथ जगत्त्रयकालत्रयवर्तिपुरुषाणां सर्वज्ञानुपलब्धेस्तत्कथं ज्ञातं भवद्भिरिति पूर्वमेवं विचारितं तिष्ठति, इति हेतुदूषणं । यदप्युक्तं खरविषाणवदिति दृष्टांतवचनं, तदप्ययुक्तं । कथमिति चेत् । खरे विषाणं नास्ति न सर्वत्र, गवादौ प्रत्यक्षेण दृश्यते तथा सर्वज्ञेपि विवक्षितदेशकाले नास्ति न च सर्वत्र इति संक्षेपेण हेतुदूषणं दृष्टांतदूषणं च ज्ञातव्यं । अथ मतं सर्वज्ञाभावे दूषणं दत्तं भवद्भिस्तिर्हि सर्वज्ञसद्भावे किं प्रमाणं । तत्र प्रमाणं कथ्यते – अस्ति सर्वज्ञः पूर्वोक्तप्रकारेण बाधकप्रमाणाभावात् स्वसंवेद्यसुखदुःखादिवदिति । अथवा द्वितीयमनुमानप्रमाणं कथ्यते । तद्यथा । सूक्ष्माव्यवहितदेशांतरिततकालांतरितस्वभावांतरितार्था धर्मिणः कस्यापि पुरुषविशेषस्य प्रत्यक्षा भवंतीति साध्यो धर्मः । कस्माद्धेतोः । अनुमानविषयत्वात् । यद्यदनुमानविषयं तत्तत्कस्यापि प्रत्यक्षं दृष्टं, यथाग्न्यादि अनुमानविषयाश्चैते तस्मात्कस्यापि प्रत्यक्षा भवंतीति संक्षेपेण सर्वज्ञसद्भावे प्रमाणं ज्ञातव्यं । विस्तरेणासिद्धविरुद्धानैकान्तिकाकिंचित्करहेतुदूषणसमर्थनमन्यत्र सर्वज्ञसिद्धौ भणितमास्ते, अत्र पुनरध्यात्मग्रंथत्वान्नोच्यते । इदमेव वीतरागसर्वज्ञस्वरूपं समस्तरागादिविभावत्यागेन निरंतरमुपादेयत्वेन भावनीयमिति भावार्थः ॥ २९ ॥

**समयव्याख्या : इदं सिद्धस्य निरुपाधिज्ञानदर्शनसुखसमर्थनम् । आत्मा हि ज्ञानदर्शनसुखस्वभावः**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**संसारावस्थायामनादिकर्मक्लेशसंकोचितात्मशक्तिः परद्रव्यसंपर्केण क्रमेण किंचित् किंचिज्ञानाति पश्यति, परप्रत्ययं मूर्तसंबद्धं सव्याबाधं सांतं सुखमनुभवति च। यदा त्वस्य कर्मक्लेशाः सामस्त्येन प्रणश्यन्ति, तदाऽनर्गलासंकुचितात्मकशक्तिरसहायः स्वयमेव युगपत्समग्रं जानाति पश्यति, स्वप्रत्ययममूर्तसंबद्धमव्याबाधमनंतं सुखमनुभवति च। ततः सिद्धस्य समस्तं स्वयमेव जानतः पश्यतः, सुखमनुभवतश्च स्वं, न परेण प्रयोजनमिति ॥ २९ ॥**

**અનુવાદ : આ, સિદ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન છે.**

**ખરેખર જ્ઞાન, દર્શન અને સુખ જેનો સ્વભાવ છે એવો આત્મા સંસાર-અવસ્થામાં, અનાદિ કર્મકલેશ વડે આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી, પરદ્રવ્યના સંપર્ક વડે (ઇંદ્રિયાદિના સંબંધ વડે) ક્રમથી કાંઈક કાંઈક જાણે છે અને દેખે છે તથા પરાશ્રિત, મૂર્ત (ઇંદ્રિયાદિ) સાથે સંબંધવાળું, સવ્યાબાધ (બાધા સહિત)ને સાન્ત સુખ અનુભવે છે; પરંતુ જ્યારે તેને કર્મક્લેશો સમસ્તપણે વિનાશ પામે છે ત્યારે, આત્મશક્તિ અનર્ગલ (નિરંકુશ) અને અસંકુચિત હોવાથી, તે અસહાયપણે (કોઈની સહાય વિના) સ્વયમેવ યુગપદ્ બધું (સર્વ દ્રવ્યક્ષેત્રકાળભાવ) જાણે છે અને દેખે છે તથા સ્વાશ્રિત, મૂર્ત (ઇંદ્રિયાદિ) સાથે સંબંધ વિનાનું, અવ્યાબાધ ને અનંત સુખ અનુભવે છે. માટે બધું સ્વયમેવ જાણનારા અને દેખનારા તથા સ્વકીય સુખને અનુભવનારા સિદ્ધને પરથી (કાંઈ) પ્રયોજન નથી. ૨૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧૧ ગુરુવાર]

તે શુદ્ધ ચિદાત્મા પોતે પોતાના સ્વાભાવિક ભાવથી જ સર્વનો જાણનાર–દેખનાર છે, કોઈ નિમિત્તને લીધે કે વ્યવહારને લીધે સર્વજ્ઞતા કે સર્વદર્શીપણું થતું નથી. મારો આત્મા જ સર્વજ્ઞસ્વભાવી છે, અલ્પજ્ઞતા કે રાગદ્વેષ તે મારી ચીજ નથી ને સંયોગ તો મારાથી ભિન્ન જ છે—એમ જ્ઞાન કરીને તેમાં ઠરતાં સ્વભાવના અવલંબને જ સર્વજ્ઞતા અને સર્વદર્શિતા પ્રગટે છે તથા તે ભગવાન જેનો પાર નથી એવા અતીંદ્રિયસ્વભાવ સુખને પામ્યા છે. જ્ઞાન, દર્શન ને આનંદ તે આત્માનો ત્રિકાળ સ્વભાવ છે, તે સિદ્ધને પૂર્ણ પ્રગટી ગયો છે. જ્ઞાન, દર્શન અને આનંદ તે ત્રણેય પોતાના સ્વકીય સ્વભાવથી જ પ્રગટ્યાં છે, તે સિવાય મનુષ્યદેહ કે દેવ-ગુરુ વગેરે નિમિત્તોના સાધન વડે તે જ્ઞાનાદિ પ્રગટ્યાં નથી. અનાદિ–અનંત સ્વભાવ જ્ઞાન–દર્શન–આનંદમય છે તેના જ અવલંબને તેની પૂર્ણતા પ્રગટે છે.

આત્મા ત્રિકાળ જ્ઞાન–દર્શનસ્વભાવ છે; જાણવું–દેખવું તે તેનું ત્રિકાળસ્વરૂપ છે. જાણવા–દેખવાના સ્વભાવમાં આનંદ જ હોય; જાણવા–દેખવામાં ખેદ ન હોય, આવો જાણવા-દેખવાનો સ્વભાવ તો ત્રિકાળ છે પણ અનાદિથી તે સ્વભાવને ચૂકીને, કર્મબંધના નિમિત્તમાં એકાગ્રતા વડે તે સંકલેશ થઈને અવરાયો છે. ને તે પોતાના ભાવનું આવરણ છે, ને તેમાં દ્રવ્યકર્મનું આવરણ નિમિત્તમાત્ર છે.

ખરેખર જીવ પોતે પોતાના ભાવમિથ્યાત્વરૂપ ભાવઆવરણથી જ સંસારમાં રખડે છે. તેમાં દ્રવ્યકર્મનું આવરણ તો નિમિત્તમાત્ર છે. સર્વ જીવોનો પરિપૂર્ણ પરમાત્મસ્વભાવ હોવા છતાં બધાને તેવી પરમાત્મદશા કેમ પ્રગટ નથી થતી ? જેઓ સિદ્ધપરમાત્મા થયા તે કઈ રીતે થયા ? અને જે નથી થતા તે શા કારણે ? તે બતાવે છે. અનાદિથી પોતાના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વાદિ સંકલેશ ભાવને લીધે જ, જીવનો સર્વજ્ઞ સ્વભાવ પ્રતીત કરીને તેનું અવલંબન લેતાં સર્વજ્ઞતા પ્રગટી જાય છે. વસ્તુનો સ્વભાવ કોઈ પરના અવલંબને હોઈ શકે નહિ. પોતાના સંકલેશ ભાવને લીધે સર્વજ્ઞશક્તિ સંકોચાઈ ગઈ છે. પૂર્ણ જ્ઞાનસ્વભાવ છું એમ ન માનતાં, હું તો અલ્પજ્ઞ-રાગી-પામર છું એમ માને છે, તે ભાવ જ સર્વજ્ઞદશાનો ઘાત કરનાર છે. 'આપણે તો અનાદિના અલ્પજ્ઞ, આપણામાં કાંઈ સર્વજ્ઞતા પ્રગટે !' એમ માનનાર અજ્ઞાનીને પોતાની સર્વજ્ઞશક્તિનો વિશ્વાસ આવતો નથી. પણ અહીં કહેવાય છે કે ભાઈ ! તારો એકલો સ્વભાવ તો ત્રિકાળ પરિપૂર્ણ જ્ઞાનસામર્થ્યથી ભરેલો જ છે. તેનો વિશ્વાસ કર તો તેમાંથી સર્વજ્ઞતા પ્રગટી જાય.

૧. આત્માની જ્ઞાનશક્તિનો સર્વથા વિકાસ થઈ જાય તો તે સર્વજ્ઞ થઈ જાય,

૨. અને જો જ્ઞાનનો અલ્પ વિકાસ પણ ન રહે તો તે જડ થઈ જાય.

૩. કાંઈક વિકાસ અને કાંઈક આવરણ એવી જ્ઞાનદશાને ક્ષયોપશમ કહેવાય છે.

જ્ઞાનશક્તિના વિકાસમાં અનાદિથી આવરણ હોવાથી ક્રમેક્રમે તે અલ્પ જાણે છે. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. છતાં આવતી કાલનું કેમ નથી જાણી શકતો ? કેમ કે પર્યાયમાં આવરણ છે.

અને ''આવતી કાલનું નથી જણાતું'' એટલો તો ખ્યાલ આવ્યો ને ! તે જ્ઞાનનો ઉઘાડ છે. ચૈતન્યસ્વભાવને ભૂલ્યો છે તેથી પર્યાયમાં જ્ઞાન અલ્પ થઈ ગયું છે. એવું તે જ્ઞાન પરાધીન છે, બાધાવાળું છે, મૂર્તિક ઈંદ્રિયના અવલંબનપૂર્વક જાણે છે.

પર્યાયમાં અલ્પ વિકાસ હોવા છતાં, તે પર્યાયને અંતર્મુખ કરીને '**હું સર્વવિકાસી શક્તિમાન છું**' એમ પ્રતીતમાં લ્યે તો તો પર્યાયનો વિકાસ થઈને સર્વજ્ઞતા ખીલી જાય. પણ જ્ઞાનને સર્વવિકાસી ચૈતન્યશક્તિમાં ન જોડતાં, પરમાં જોડે છે તેથી જ્ઞાનનો વિકાસ અટકીને તે પરાધીન થઈ ગયું છે, અને તેવો જીવ પોતાના સહજ અતીંદ્રિયસુખને ભૂલીને પરાધીન, વિનાશિક, મૂર્તિક અને બાધાવાળા કલ્પિત સુખને ભોગવે છે.

કોઈ કર્મ, કાળ વગેરેને લઈને અલ્પજ્ઞતા અને દુઃખ છે એમ નથી. અજ્ઞાની વર્તમાન ઈંદ્રિયગમ્ય સ્થૂળ સંયોગને જોઈને, સંયોગ અને વિકારી વાસનામાં સુખ માની ક્લેશ ભોગવે છે. તે ક્લેશ કેમ ટળે ? કે બાહ્ય વ્રત, તપ ક્રિયાથી તે ટળે નહિ, પણ અતીંદ્રિય આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતાથી ટળે.

આત્માનું જ્ઞાન કેવું છે ? કે સર્વબાધારહિત, પરની સહાય વિના એક સમયમાં સમસ્ત પદાર્થને જાણે-દેખે છે. જો પરથી અને પરને જાણતો હોય તો પરદ્રવ્ય તો બધાં એક સમયમાં વર્તી રહ્યાં છે છતાં કેમ જાણતો નથી ? પોતે પોતાના પૂર્ણ સ્વરૂપને ઓળખી તેમાં સારી રીતે એકાગ્ર થાય તો જેવો દ્રવ્યસ્વભાવ શક્તિરૂપે છે તેવો પૂર્ણ પર્યાયમાં પ્રગટ થાય છે.

આત્મા પરથી જુદો છે તેને ભૂલીને અનાદિથી બાધાકારી-વિરુદ્ધ ભાવમાં રોકાયો તે પરાલંબનથી છૂટી નિત્યાનંદ, સ્વાધીન, અતીંદ્રિય અમૂર્તિક, પરસંયોગરહિત, અખંડિત, અવિનાશી સુખને નિરંતર ભોગવે છે. આ કારણે સિદ્ધપરમેષ્ઠી સ્વયં જાણનાર-દેખનાર, સુખનો અનુભવ કરનાર છે. તેને પરથી કાંઈ પ્રયોજન નથી.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે. તેની પ્રતીતિ ને એકાગ્રતા વડે જ્ઞાનસ્વભાવનો પૂર્ણ વિકાસ થઈને પ્રગટ સર્વજ્ઞ થઈ શકે છે.

અહીં કોઈ નાસ્તિકમતી તર્ક કરે છે કે : ''સર્વજ્ઞ નથી કેમકે સર્વને જાણનાર-દેખનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રત્યક્ષમાં અમને કોઈ દેખવામાં આવતો નથી.'' અત્યારે સર્વજ્ઞના સ્વરૂપમાં વાંધા કાઢનારા ઘણા છે. **તેમને કર્તાપણાનું અભિમાન છોડવું નથી. જો સર્વજ્ઞની શ્રદ્ધા કરે તો તેનું માનેલું બધું ફેરવવું પડે તે પોષાતું નથી, તેથી સર્વજ્ઞનો વિપરીત અર્થ કરે છે.**

**પ્રશ્ન :** સર્વજ્ઞ માનવામાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?

**ઉત્તર :** સર્વજ્ઞ છે અને સર્વજ્ઞે દીઠું તે ફરે નહિ, તેમ અંદરમાં નક્કી થાય તો સંસાર તરફથી રુચિ અને કર્તાબુદ્ધિ છૂટે જ તથા સર્વજ્ઞની પ્રતીતમાં જ્ઞાનસ્વભાવ જ શરણ છે એવો સત્ય પુરુષાર્થ કરે. **સ્વભાવ પરિપૂર્ણ છે તેની પ્રતીતિ કરવી નથી તેને આ મૂળ વાત બેસે નહિ.**

સર્વજ્ઞે જે કંઈ થવાનું છે તે જાણ્યું તેવી નિઃશંક પ્રતીતિ છે તો સર્વજ્ઞશક્તિ કયા કારણે પ્રગટ થઈ ને તે કોના લક્ષે પ્રગટ થઈ એનો બરાબર નિર્ણય કરે તો અનંત પુરુષાર્થસહિત સર્વસમાધાન થઈ શકે છે. એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવા પૂર્ણ સામર્થ્યનો પત્તો જેણે મેળવ્યો તેણે એમ નક્કી કર્યું કે અલ્પજ્ઞતાથી, નિમિત્તથી, રાગથી અથવા પરમાં કર્તૃત્વબુદ્ધિથી સર્વજ્ઞ થવાય નહિ; પણ અંદર શક્તિરૂપે પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તેમાં એકાગ્ર થયે સાક્ષાત્ કેવળજ્ઞાની થઈ શકાય છે. એવી દૃષ્ટિ-રુચિ થઈ તેને સંસારની રુચિ ગઈ, પરમાં ઉદાસીન થઈ કર્તાબુદ્ધિ ગઈ, એમાં અપૂર્વ પુરુષાર્થ જ્ઞાનમાં એકાગ્ર થવાનો આવ્યો.

હવે કોઈ પૂછે કે પરલોક છે તેની સાબિતી શી ?

**ઉત્તર :** આ અનેક જીવો છે, તેમની બુદ્ધિમાં, આકારમાં, રૂપમાં, સધનતા–નિર્ધનતા, રોગ–નીરોગતા વગેરેમાં જે વિચિત્રતા દેખાય છે તે ઉપરથી સાબિત થાય છે કે પૂર્વના કારણમાં ફેર છે તો વર્તમાન કાર્યમાં ફેર છે. પૂર્વે તે હતા ને આ વર્તમાન તે પૂર્વભવનું ફળ છે.

અંશે રાગનો અભાવ ને નિર્મળ વિકાસનું પ્રગટપણું થઈ શકે છે, તો કોઈને સર્વાંશે થઈ શકે છે. વળી અહીં ક્રમે જાણવું પ્રત્યક્ષ છે તો જેને રાગ, દ્વેષ, અજ્ઞાન સર્વથા ગયા છે, ને જ્ઞાનસ્વભાવનો પૂર્ણ વિકાસ થયો છે તે અક્રમે ને પ્રત્યક્ષ સર્વનો જાણનાર થઈ શકે છે, ને તે સર્વજ્ઞ છે.

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧૨, શુક્રવાર]

આ પંચાસ્તિકાયમાં જીવદ્રવ્યનું વિશેષ વર્ણન ચાલે છે. જીવનો સ્વભાવ પોતાની મેળે સર્વજ્ઞ અને સર્વદર્શી થવાનો છે. દેહથી ભિન્ન આત્મતત્ત્વ છે, તેનામાં પોતાના સ્વભાવથી સર્વને જાણવા–દેખવાની તાકાત છે; જ્યાં જ્ઞાન–દર્શનની પૂર્ણતા થાય ત્યાં આનંદની પણ પૂર્ણતા હોય જ. જેને, આત્માનું હિત કરવું હોય તેણે શું કરવું તેની આ વાત છે.

શરીર તે જડ છે, અજીવ છે, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે. મારામાં જ સર્વજ્ઞ-સર્વદર્શી અને પૂર્ણ આનંદ થવાની તાકાત છે. પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં હું સ્વયં મારા સ્વભાવથી પૂર્ણ જ્ઞાન–દર્શન–આનંદમય થઈ શકું છું. આવી પ્રથમ પ્રતીત કરવી જોઈએ. તે માટે પહેલાં સર્વજ્ઞની સિદ્ધિ કરે છે.

નાસ્તિક કહે છે કે : આ જગતમાં સર્વજ્ઞ છે જ નહિ, એટલે કે કોઈ આત્મા ત્રણ કાળ ત્રણ લોકને જાણી શકે એવા જ્ઞાનવાળો હોય—એમ અમને ભાસતું નથી; કેમકે સર્વજ્ઞ પ્રત્યક્ષ દેખાતા નથી; જેમ ગધેડાનાં શીંગડાં દેખાતાં નથી તેમ સર્વજ્ઞ દેખાતા નથી. માટે સર્વજ્ઞ નથી—આમ નાસ્તિક કુતર્ક કરે છે. તમે કહો છો કે અનંતા સર્વજ્ઞો છે, એકેક જીવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વજ્ઞ થવાનું સામર્થ્ય છે, અત્યારે મહાવિદેહમાં સીમંધર ભગવાન વગેરે સર્વજ્ઞ ભગવંતો બિરાજે છે, પણ અમને તો સર્વજ્ઞ દેખાતા નથી.

તો તેને અમે પૂછીએ છીએ કે હે ભાઈ ! સર્વજ્ઞ નથી એમ તું કઈ રીતે કહે છે ? શું આ કાળમાં ને આ ક્ષેત્રમાં જ સર્વજ્ઞ નથી ? કે સર્વકાળમાં ને સર્વક્ષેત્રમાં સર્વજ્ઞ નથી ? આ કાળે આ ક્ષેત્રે સર્વજ્ઞ નથી એ તો બરાબર છે, પણ જગતમાં ક્યાંય સર્વજ્ઞ નથી એમ જો તું કહેતો હો, તો શું તેં ત્રણ લોકને અને ત્રણ કાળને જોયા છે ? બધું ક્ષેત્ર જોયા વિના ''અહીં સર્વજ્ઞ નથી'' એમ કહી શકાય નહિ, એટલે બધાં ક્ષેત્રમાં ને બધા કાળમાં સર્વજ્ઞ નથી એમ કહેતાં તું જ ત્રણ કાળ ને ત્રણ લોકનો જાણનાર થઈ ગયો, એટલે સર્વજ્ઞની સિદ્ધિ થઈ ગઈ.

વળી ગધેડાનાં શીંગડાં નથી, પણ ભેંસ વગેરેને તો શીંગડાં છે ને ? તેમ આ ક્ષેત્રમાં સર્વજ્ઞ નથી, પણ પંચવિદેહક્ષેત્રમાં તો સર્વજ્ઞ છે, માટે સર્વજ્ઞનો સર્વથા અભાવ નથી. જેમ ''અમુક જગ્યાએ ઘડો નથી'' એમ ક્યારે કહેવાય ? કે જ્યારે તે ક્ષેત્ર જોયું હોય ત્યારે; તેમ ''સર્વજ્ઞ નથી'' એમ ક્યારે તું કહી શકે ? કે તેં બધું ક્ષેત્ર જોયું હોય તો. એટલે તેમાં સર્વજ્ઞ સિદ્ધ થઈ જાય છે. પોતે જે ક્ષેત્ર જોયું ન હોય તે ક્ષેત્રમાં ''અહીં ઘટ નથી'' અથવા ''અહીં સર્વજ્ઞ નથી'' એમ નિષેધ કરી શકાય નહિ.

જે સર્વજ્ઞ હોય તે સર્વજ્ઞનો નિષેધ કરી શકે નહિ; અને જેણે સર્વકાળ સર્વલોક જોયા ન હોય તે પણ સર્વજ્ઞનો નિષેધ કરી શકે નહિ. દેખતો ના પાડે નહિ ને આંધળાનો વિશ્વાસ કરાય નહિ.

બીજી વાત 'તું કહે છે કે ''અમને સર્વજ્ઞ દેખાતા નથી'', પણ ભાઈ ! તું તો આવતી કાલની વાત પણ જાણી શકતો નથી, તો શું તેથી આવતી કાલનો અભાવ છે ? નહિ. તેમ જ અમારા ચિત્તના ભાવને કે એક સૂક્ષ્મ પરમાણુને પણ તું જાણી શકતો નથી, તો શું અમારા ચિત્તનો કે પરમાણુનો અભાવ છે ? નહિ જ. તેમ સર્વજ્ઞ તને તારા સ્થૂળજ્ઞાનમાં ન જણાય તેથી કાંઈ સર્વજ્ઞનો અભાવ સિદ્ધ થતો નથી.'

હવે નાસ્તિક પૂછે છે કે : તમે સર્વજ્ઞની અસ્તિ કઈ રીતે સિદ્ધ કરો છો ?

તો કહે છે કે : અમે અમારા જ્ઞાનના અંશ ઉપરથી સર્વજ્ઞનું અનુમાન કરીએ છીએ. વિકાર ટળીને જ્ઞાન કાયમ રહે છે, તો તે જ્ઞાનને ધરનાર જ્ઞાનસ્વભાવી આત્મામાં એકાગ્ર થઈ રહેતાં રાગ-દ્વેષ છૂટીને પૂર્ણજ્ઞાન પણ પ્રગટી શકે છે, એમ અમારું અનુમાન છે. અને જે અનુમાન છે તે બીજા કોઈને પ્રત્યક્ષ પણ જરૂર વર્તે છે. વળી સર્વજ્ઞના બાધકપણાનો અભાવ છે.

જ્ઞાનના અલ્પ ઉઘાડમાંથી વિશેષ ઉઘાડ આવતો દેખાય છે, તો તે ક્યાંથી આવ્યો ? જ્ઞાનનો પૂર્ણ સ્વભાવ ભર્યો છે તેમાંથી જ તે વિશેષજ્ઞાન આવ્યું છે, ને તેના અવલંબને પૂર્ણ જ્ઞાન પ્રગટતાં સર્વજ્ઞતા પ્રગટે છે—એમ સ્વભાવની પ્રતીતપૂર્વક સર્વજ્ઞનું અનુમાન થાય છે.

જેમ લીંડીપીપરના સ્વભાવમાં ૬૪ પહોરી તીખાશ ભરી છે તે જ પ્રગટે છે, તેમ આત્મામાં જ્ઞાનસ્વભાવ ત્રિકાળ પડ્યો છે, તેનું વીતરાગી વિજ્ઞાન થતાં તેમાંથી જ પૂર્ણાનંદમય સર્વજ્ઞદશા પ્રગટે છે. જ્ઞાન તરફ એકાગ્ર થતાં જ્ઞાન ખીલે છે, ને પૂર્ણ એકાગ્ર થતાં પૂરું જ્ઞાન પણ ખીલે છે. જુઓ ! આમાં સર્વજ્ઞને સિદ્ધ કરતાં મોક્ષમાર્ગ પણ ભેગો જ આવી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવને કબૂલીને તેમાં લીન થઈને સર્વજ્ઞ થયેલા આત્મા આ જગતમાં છે. જેને આત્માને કબૂલવો હોય તેણે આવો સર્વજ્ઞ સ્વભાવ કબૂલવો પડશે. સર્વજ્ઞતા ક્યાંય બહારથી આવતી નથી. પર્યાયને અંતરમાં એકાગ્ર કરતાં અલ્પજ્ઞતામાંથી સર્વજ્ઞતા થઈ જાય છે. તારો આત્મકલ્યાણનો માર્ગ નિમિત્ત અને રાગરહિત એકલા તારા ધ્રુવ સ્વભાવમાં પરિણતિને એકાગ્ર કરવી તે જ છે, એમ કહેનારા સર્વજ્ઞદેવ તે જ દેવ છે, એમ કહેનારા ગુરુ તે જ સાચા ગુરુ છે ને એમ બતાવનારી વાણી તે જ શાસ્ત્ર છે. આ સિવાય બીજાને માને તો વ્યવહાર ખોટો છે અને બહારના અવલંબનમાં ધર્મ માને તે મૂઢ છે.

સર્વજ્ઞ છે, તેને કોઈ બાધક પ્રમાણ નથી. આત્માનો સ્વભાવ જ જ્ઞાન છે. તેમાં શરીરાદિ તો ક્યાંય રહ્યાં, ને રાગાદિ પણ તેના સ્વભાવમાં નથી. આત્મામાં જ્ઞાનાદિ અનંત ગુણો ત્રિકાળ ધ્રુવ છે, તેમાં ક્ષણે ક્ષણે પલટો થાય છે તે પલટો સ્વભાવના આશ્રયે થતાં જ્ઞાન-આનંદ વગેરે ખીલે છે, પણ કોઈ નિમિત્ત વગેરેના આશ્રયે જ્ઞાનાદિ ખીલતાં નથી. પર્યાયમાં રાગાદિ અને અલ્પજ્ઞતા છે, તે તો ઉપરનો ક્ષણિક ભાગ છે ને ધ્રુવસ્વભાવ પૂર્ણ ત્રિકાળ છે. આત્મા ચૈતન્યહીરો છે, તેની પર્યાયના એક પાસામાં જરાક ડાઘ છે, પણ જ્ઞાન–દર્શન–આનંદનો કંદ આખો ચૈતન્યહીરો ડાઘવાળો નથી. એમ પર્યાયને ગૌણ કરીને ધ્રુવ આનંદકંદ ચિદાનંદ સ્વભાવને પ્રતીતમાં લઈને તેમાં એકાગ્રતા કરતાં આત્મામાંથી રાગાદિ નીકળીને પૂર્ણ જ્ઞાન–આનંદ પ્રગટે છે. સર્વજ્ઞતા થાય ત્યાં પૂર્ણ આનંદ હોય જ.

પહેલાં સાધકદશામાં અધૂરો આનંદ હતો; અજ્ઞાનીએ પરમાં સુખ અને આનંદ માન્યો હતો. તેને બદલે હું તો પરથી ભિન્ન ચિદાનંદ સ્વભાવ છું—એમ અંતર્દૃષ્ટિનો વિષય કરતાં સ્વભાવમાંથી આનંદ પ્રગટ્યો ને પૂર્ણાનંદની પ્રતીત થઈ ગઈ. જુઓ, આ સર્વજ્ઞની પ્રતીત !

હું મારા આત્મામાં પૂર્ણ જ્ઞાન અને આનંદ પ્રગટ કરવા માગું છું તો મારા પહેલાં પૂર્ણ જ્ઞાન–આનંદ પ્રગટ કરનાર જીવો થઈ ગયા છે, તે કેવા છે ? ક્યાં છે ? કેટલા છે ? એમ નક્કી કરવું જોઈએ.

**અનાદિ કાળથી ક્રમે ક્રમે સર્વજ્ઞો થતા જ આવે છે,**
**સિદ્ધલોકમાં એવા અનંતા સિદ્ધો સર્વજ્ઞપણે બિરાજે છે,**
**મહાવિદેહમાં સીમંધરાદિ તીર્થંકરો અને લાખો કેવળી-**
**ભગવંતો અત્યારે દેહસહિત સર્વજ્ઞપણે બિરાજે છે.**

આ રીતે અનાદિકાળ, સિદ્ધલોક, મહાવિદેહક્ષેત્ર એ બધું કબૂલ્યા વિના સર્વજ્ઞને માની શકે નહિ. જે સર્વજ્ઞ થયા તે બધાય પોતાના આત્મામાંથી જ થયા છે—એમ નક્કી કરીને પોતે પોતાના આત્માના સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ કરવી તે પ્રથમ ધર્મ છે.

કેવળી સર્વજ્ઞ કેવા હોય ? ક્યાં હોય ? તે સર્વજ્ઞતા ક્યાંથી પ્રગટે ? તે સર્વજ્ઞતાના સાધક સંતની દશા કેવી હોય ? ને સર્વજ્ઞનાં કહેલાં શાસ્ત્રો કેવાં હોય ?—આ બધું નક્કી કર્યા વિના ધર્મ થાય નહિ.

જેમ એક ને એક બે થાય તેમાં કોઈ ડાહ્યો માણસ તો ના ન પાડે તેમ સર્વજ્ઞતા જગતમાં સિદ્ધ છે તેની કોઈ ના પાડી શકે નહિ.

કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે અહો ! "जादो सयं स चेदा सव्वण्हू..." આત્મા સ્વયં પોતાના સ્વભાવથી સર્વજ્ઞ થાય છે. આવા આત્મસ્વભાવની પ્રતીત કરવી તે જ પરમાત્મા થવાનો ઉપાય છે. જેને અવતાર જોઈતો ન હોય, જેને ભવના દુઃખનો ભય લાગ્યો હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને આત્માની પૂર્ણાનંદ પરમાત્મદશા પ્રગટ કરવાની ધગશ હોય તે સર્વજ્ઞનો નિર્ણય કરીને યુક્તિ, આગમ, અનુભવપ્રમાણથી પોતાના આત્માના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરો, તેની પ્રતીત કરો ને તેમાં અંતર્મુખ થઈને પરિણતિની એકાગ્રતા કરો. આ સર્વજ્ઞ થવાનો ઉપાય છે. જુઓ ! અલ્પજ્ઞતા છે, રાગ છે, નિમિત્ત છે, પણ તેના આશ્રયે સર્વજ્ઞતા થતી નથી. સર્વજ્ઞતા તો પોતાના ધ્રુવ સ્વભાવમાંથી જ પ્રગટે છે. જે સર્વનો જાણનાર હોય તે સર્વજ્ઞનો નિષેધ કરી શકે નહિ. એટલે કે સર્વજ્ઞનો નિષેધ કોઈ રીતે સિદ્ધ થઈ શકતો જ નથી.

અહો ! ધીરો થઈને ચૈતન્યના સ્વભાવનો વિચાર કર. ક્યાં વળવાથી સર્વજ્ઞતા ખીલે ? સર્વજ્ઞતા છે, તેનો ઉપાય કરનારા અને કહેનારા પણ છે, તેનાથી વિપરીત કહેનારા પણ છે. માટે પરીક્ષા કરીને સર્વજ્ઞને અને સર્વજ્ઞતાને સાધનારા સંતને તથા તેમણે કહેલા સર્વજ્ઞતાના ઉપાયને જાણવા જોઈએ, ટકાની ત્રણ તોલડી લેવા જાય તો ય ત્યાં ટકોરા મારીને પરીક્ષા કરે છે, તો જેને સર્વજ્ઞ થવું હોય, પૂર્ણાનંદ પ્રગટ કરવો હોય તેણે જ્ઞાનમાં પરીક્ષા કરીને સર્વજ્ઞને નક્કી કરવા જોઈએ, અને તેના જેવો પોતાના આત્માનો સર્વજ્ઞસ્વભાવ છે તેને પરખવો જોઈએ.

**"પરખ્યાં માણેક મોતિયાં, પરખ્યાં હેમ કપૂર;**
**પણ એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ."**

માટે અહીં આચાર્ય ભગવાન આત્માનો સર્વજ્ઞસ્વભાવ ઓળખાવે છે. અહો ! સ્વયં આત્મા જ સર્વજ્ઞતાપણે પરિણમે છે—આવો નિર્ણય કરે તેને અંતરમાં મુક્તિનો માર્ગ ખૂલ્યા વિના રહે નહિ, તેને કોઈ જાતનો સંદેહ રહે નહિ. સ્વભાવ શું ? પર્યાય શું ? વિકાર શું ? નિમિત્ત શું ?—તે બધાની ઓળખાણ કરીને સ્વભાવ તરફ વળે તો મુક્તિમાર્ગ પ્રગટે. આ સિવાય બીજા કોઈ ઉપાયે મુક્તિમાર્ગ પ્રગટે નહિ ને સંદેહ ટળે નહિ.

જ્યાં જ્ઞાન પૂરું થાય ત્યાં દર્શન પૂર્ણ થાય, આનંદ પૂર્ણ થાય, વીર્ય પૂર્ણ થાય—અનંતા ગુણોની દશા પૂર્ણ થાય—એમ અનંત ગુણવાળા આત્માની પ્રતીત કર.

સર્વજ્ઞ પ્રત્યક્ષ ન દેખાય તેથી કાંઈ તેનો નિષેધ ન થઈ શકે, પણ અનુમાનથી નક્કી કરવું જોઈએ. જેમ આવતી કાલનો દિવસ પ્રત્યક્ષ જણાતો નથી, પણ આવતી કાલ આવશે ત્યારે તે વખતના માણસો તો તેને પ્રત્યક્ષ જોશે ને ? તેમ આ ક્ષેત્રે સર્વજ્ઞ નથી, પણ મહાવિદેહ વગેરે ક્ષેત્રે સર્વજ્ઞ છે એમ અનુમાનથી નક્કી થઈ શકે છે. અને અહીં જે અનુમાનથી નક્કી થઈ શકે, તે ત્યાંના લોકોને તો પ્રત્યક્ષ છે—આ રીતે સર્વજ્ઞની સિદ્ધિ છે. સર્વજ્ઞને નક્કી કરવામાં નિશ્ચયથી તો પોતાનો સ્વભાવ નક્કી કરવાનો છે કે મારો સ્વભાવ આવો પૂર્ણ છે—એમ સ્વભાવની સન્મુખ થતાં પર્યાયનો અપૂર્વ પલટો થઈ જાય છે.

અમૂર્ત ચીજને અલ્પજ્ઞતાથી ન જાણી શકે તેથી અભાવ ન માની શકાય. જ્ઞાનગુણની અનંતશક્તિ પૂર્ણ પ્રગટ થઈ તેમાં ત્રણકાળ ત્રણલોક એક સમયમાં જણાય અને તેની સાથે અનંતવીર્ય, કર્તા-ભોક્તા, પ્રભુત્વ, સ્વચ્છત્વ વગેરે શક્તિ પણ પ્રગટ થાય છે. એવો પરિપૂર્ણ સ્વભાવ છે, તેની પ્રતીતિ કરે તો તેમાં રુચિ ને એકાગ્રતા વડે તે દશા પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યા વિના ન રહે. વચ્ચે અશુભથી બચવા માટે દયા, દાન, ભક્તિ વગેરેના પુણ્યપરિણામ થાય પણ તેનો આદર નહિ, રુચિ નહિ.

શ્રદ્ધામાં પરનું સ્વામિત્વ છોડ ને ત્રિકાળ ચૈતન્યસ્વભાવનો સ્વામી થા અને વર્તમાન પર્યાયમાં ભૂલથી થતા પુણ્ય–પાપનું સ્વામિત્વ છોડ તો સ્વસન્મુખતાની ઉગ્રતા વડે સર્વજ્ઞતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થયા વિના રહેશે નહિ.

રાગને હલાવનાર નહિ તો પરનું કરનાર–ફેરવનાર પણ નથી, પણ સર્વથી જુદો જ્ઞાતા રહી જાણનારને જાણ. સુખી થવું હોય તો ત્રિકાળ અનંત સુખસ્વરૂપ શું છે તે જાણ.

આ બધું સંયોગરૂપ છે તેને માને અને તે બધાને જાણનારને ન માને તે કેવું ? સ્વયં જાણનાર શક્તિથી પરિપૂર્ણ છો એમ નક્કી કર તો પરાધીનતાની વાત નહિ બેસે.

હવે જીવત્વગુણની વ્યાખ્યા કરે છે. ૨૯

---

**पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हु जीविदो पुव्वं ।**
**सो जीवो पाणा पुण बलमिंदियमाउ उस्साओ ॥ ३० ॥**

**प्राणैश्चतुर्भिर्जीवति जीविष्यति यः खलु जीवितः पूर्वम् ।**
**स जीवः प्राणाः पुनर्बलमिन्द्रियमायुरुच्छ्वासः ॥ ३० ॥**

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; ને પ્રાણ ઇંદ્રિય-આયુ-બળ-ઉચ્છ્વાસ છે. ૩૦**

**અન્વયાર્થ :** [यः खलु] જે [चतुर्भिः प्राणैः] ચાર પ્રાણોથી [जीवति] જીવે છે, [जीविष्यति] જીવશે અને [जीवितः पूर्वम्] પૂર્વે જીવતો હતો, [सः जीवः] તે જીવ છે; [पुनः प्राणाः] અને પ્રાણો [इन्द्रियम्] ઇંદ્રિય, [बलम्] બળ, [आयुः] આયુ તથા [उच्छ्वासः] ઉચ્છ્વાસ છે.

---

**तात्पर्यवृत्ति :** एवं प्रभुत्वव्याख्यानमुख्यत्वेन गाथाद्वयं गतं । अथ जीवत्वगुणव्याख्यानं क्रियते – 'पाणेहिं' इत्यादि पदखण्डनरूपेण व्याख्यानं क्रियते । **पाणेहिं चदुहिं जीवदि** यद्यपि शुद्धनिश्चयनयेन शुद्धचैतन्यादिप्राणैर्जीवति तथाप्यनुपचरितासद्भूतव्यवहारेण द्रव्यरूपैस्तथाशुद्धनिश्चयनयेन भावरूपैश्चतुर्भिः प्राणैः संसारावस्थायां वर्तमानकाले जीवति **जीविस्सदि** भाविकाले जीविष्यति । **जो हु** यो हि स्फुटं **जीविदो पुव्वं** जीवितः पूर्वकाले **सो जीवो** सः कालत्रयेपि प्राणचतुष्टयसहितो जीवो भवति । **पाणा पुण बलमिंदियमाउउस्सासो** ते पूर्वोक्तद्रव्यभावप्राणाः पुनरभेदेन बलेन्द्रियायुरुच्छ्वासलक्षणा इति । अत्र सूत्रे मनोवाक्कायनिरोधेन पंचेंद्रियविषयव्यावर्तनबलेन च शुद्धचैतन्यादिशुद्धप्राणसहितः शुद्धजीवास्तिकाय एवोपादेयरूपेण ध्यातव्य इति भावार्थः ॥ ३० ॥

**समयव्याख्या : जीवत्वगुणव्याख्येयम् । इन्द्रियबलायुरुच्छ्वासलक्षणा हि प्राणाः । तेषु चित्सामान्यान्वयिनो भावप्राणाः, पुद्गलसामान्यान्वयिनो द्रव्यप्राणाः । तेषामुभयेषामपि त्रिष्वपि कालेष्वनवच्छिन्नसंतानत्वेन धारणात्संसारिणो जीवत्वम् । मुक्तस्य तु केवलानामेव भावप्राणानां धारणात्तदवसेयमिति ॥ ३० ॥**

**અનુવાદ : આ, જીવત્વગુણની વ્યાખ્યા છે.**

**પ્રાણો ઇંદ્રિય, બળ, આયુ અને ઉચ્છ્વાસસ્વરૂપ છે. તેમનામાં (પ્રાણોમાં), ચિત્સામાન્યરૂપ અન્વયવાળા તે ભાવપ્રાણો છે અને પુદ્‌ગલસામાન્યરૂપ અન્વયવાળા તે દ્રવ્યપ્રાણો છે. તે બન્ને પ્રાણોને ત્રણે કાળે અચ્છિન્ન–સંતાનપણે (અતૂટ ધારાએ) ધારતો હોવાથી સંસારીને જીવત્વ છે. મુક્તને (સિદ્ધને) તો કેવળ ભાવપ્રાણોનું જ ધારણ હોવાથી જીવત્વ છે એમ સમજવું. ૩૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ મહા વદ-૧૨ શુક્રવાર]

**અર્થ :** જે ચાર પ્રાણો વડે જીવતો હતો, વર્તમાનમાં જીવે છે, ભાવિમાં જીવશે તે જીવ છે. તથા જીવને ઇંદ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ તે દ્રવ્યપ્રાણ છે. સુખ, સત્તા, ચૈતન્ય, બોધ—એ ચાર ભાવપ્રાણોથી જે ત્રિકાળ જીવે છે તે જીવ છે.

(૧) મન, વચન, કાયા સંબંધી બળપ્રાણ—મન–વચન–કાયા તો જડ છે, પણ જીવમાં વીર્યગુણ છે તે ત્રિકાળ શુદ્ધ વીર્યબળપ્રાણ છે ને વર્તમાન ક્ષાયોપશમિક ભાવ તે વીર્યની યોગ્યતા તે અશુદ્ધનિશ્ચયથી વીર્યપ્રાણથી જીવ જીવે છે પણ જડથી જીવનું અસ્તિત્વ નથી.

(૨) ઇંદ્રિય પાંચ જડ–અચેતન છે તે દ્રવ્યેંદ્રિય છે અને ભાવેંદ્રિય તો ઉઘાડરૂપ જ્ઞાન છે.

(૩) આયુ જડ છે ને શરીરમાં રહેવાની જીવની યોગ્યતા છે.

(૪) શ્વાસોચ્છ્‌વાસ જડ છે ને તે પ્રકારે જીવની સામે યોગ્યતા છે.

અલ્પજ્ઞની ક્ષણિક અધૂરી પર્યાયને આખું જીવપણું માને છે તે જીવ પર્યાયબુદ્ધિરૂપ અજ્ઞાનના કારણે સંસારમાં રખડે છે ને ત્રિકાળી પૂર્ણ સ્વભાવને માની સ્વસન્મુખ થાય છે તે અશરીરી સિદ્ધ પરમાત્મા થઈ અવિનાશી સુખમય, મુક્તાનંદી સિદ્ધ થાય છે તે વાત આગળ આવશે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૧ મંગળવાર]

જેને ધર્મ કરવો હોય તેણે વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. આગળ ગાથા ૩માં (પૃ. ૧૩) સમય ત્રણ પ્રકારે છે તે વાત આવી ગઈ છે. (૧) શબ્દસમય, (૨) જ્ઞાનસમય, (૩) અર્થસમય. દૃષ્ટાંત : 'હીરો' શબ્દ બોલાયો. તે શબ્દ સમય, હીરા સંબંધીનું જ્ઞાન તે જ્ઞાનસમય, હીરો પદાર્થ તે અર્થસમય. આમ બધા પદાર્થોમાં ત્રણ પ્રકારે સમયો ઘટાવી શકાય છે.

(૧) **શબ્દસમય :** 'પંચાસ્તિકાયની રાગદ્વેષરહિત યથાર્થ અક્ષર–પદ–વાક્યની રચનાને દ્રવ્યશ્રુતરૂપ શબ્દસમય કહે છે.' આમાં સાચાં શાસ્ત્ર કોને કહેવાં તેની વ્યાખ્યા છે. સાચાં શાસ્ત્ર એમ બતાવે કે આ જગતમાં અનંતા આત્મા, અનંતાનંત પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ—એમ છ દ્રવ્યો છે, દરેક સ્વતંત્ર છે; કોઈ કોઈના કર્તા–હર્તા નથી. જીવ સ્વતંત્ર ને જડ પણ સ્વતંત્ર છે. શાસ્ત્રકાર તથા તેની વાણી એમ કહે ને બતાવે કે વાણીનું પરિણમન સ્વતંત્ર છે. આત્મા તેનો કર્તા નથી ને વાણી તથા વાણી તરફના રાગના અવલંબન વિના તને તારા અવલંબનથી જ્ઞાન થાય તેમ છે—એમ બતાવે. કેવળી ભગવાન તો પરિપૂર્ણ છે, તેમને કાંઈ સાંભળવાનો રાગ હોતો નથી. અલ્પજ્ઞ જીવને વાણી અથવા શાસ્ત્ર સાંભળવાનો રાગ ઊઠે છે ને શ્રવણ વખતે શાસ્ત્રનો તેમ જ શાસ્ત્રકારનો અભિપ્રાય એવો છે કે વાણી વાણીના કારણે નીકળે છે, શુભરાગ નબળાઈના કારણે થાય છે. શાસ્ત્ર ઉપરના લક્ષથી સાંભળનારને લાભ થશે નહિ પણ સાંભળનાર પોતે પોતાના સ્વભાવનું લક્ષ કરશે ને ઠરશે તો ધર્મ થશે. એટલે શાસ્ત્ર છે, શાસ્ત્રકાર છે, શુભરાગ છે એવું જ્ઞાન કરાવે છે. પણ ધર્મ તો પોતાના અવલંબને પ્રગટે છે.

જે શાસ્ત્ર એમ કહે કે નિશ્ચયથી ધર્મ થાય ને વળી પાછું એમ પણ કહે કે વ્યવહાર વિના ન ચાલે તે શાસ્ત્ર સાચું નથી. 'અ, ક' વગેરે અક્ષર છે, 'જીવ' તે પદ કહેવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ અક્ષર–પદની રાગ–દ્વેષરહિત રચનાને શબ્દસમય કહે છે. જે શાસ્ત્ર છ દ્રવ્યોને ન માને, જે શાસ્ત્ર દ્રવ્યોને પરાધીન મનાવે, નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય એમ કહે, પુણ્યથી ધર્મ થાય એમ કહે, આત્મા વાણી બોલે છે એમ કહે તે શાસ્ત્ર નથી પણ ખોટાં શાસ્ત્રો છે. તેને શબ્દસમય કહેવાય નહિ. જે શાસ્ત્ર છ દ્રવ્યોને સંપૂર્ણ સ્વતંત્ર બતાવી, પુણ્ય–પાપ ભાવોને હેય બતાવી સ્વભાવની રુચિ કરાવે તે સાચાં શાસ્ત્રો છે ને તે શબ્દસમય છે.

(૨) **જ્ઞાનસમય**: "उस ही शब्दश्रुतका, मिथ्यात्वभावके नष्ट होने से, जो यथार्थ ज्ञान होना सो भावश्रुतरूप 'ज्ञानसमय' है।" શબ્દ કહેનારનું જ્ઞાન પણ એમ જ જાણે કે પર તરફની રુચિ, શાસ્ત્ર ને વાણી તરફની રુચિ છૂટી ત્રિકાળી જ્ઞાનસ્વભાવની રુચિ થવી તે ભાવશ્રુતજ્ઞાન છે. આ પ્રમાણે સ્વજ્ઞેયનું સાચું જ્ઞાન કરે તો જ સાચું જ્ઞાન કર્યું કહેવાય.

(૩) **પદાર્થસમય**: "और जो सम्यग्ज्ञानके द्वारा पदार्थ जाने जाते हैं, उनका नाम 'अर्थसमय' कहा जाता है" સમ્યગ્જ્ઞાન દ્વારા જે પદાર્થ જણાય તેને પદાર્થસમય અથવા અર્થસમય કહે છે. 'આત્મા' શબ્દ બોલતાં આત્મપદાર્થ તેના દ્રવ્ય–ગુણ–પર્યાય કેવા હોય ને આત્મા સિવાય પર પદાર્થો તે આત્મા નથી તે ખ્યાલમાં આવી જાય તો આત્મા પદાર્થનું ને આત્મા શબ્દનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

જેમ નામું મેળવતી વખતે કોથળીમાં ૭૩૫ રૂપિયા સિલક છે તો તે સિલક પદાર્થ છે, તે પ્રમાણે શબ્દો બોલાય ને તે પ્રમાણે જ્ઞાન પણ હોવું જોઈએ ને નામામાં પણ એ જ પ્રમાણે રૂપિયા ૭૩૫ની સિલક જમા રહેવી જોઈએ. એથી ઓછીવત્તી હોય તો તે સિલક, નામું અથવા જ્ઞાન યથાર્થ નથી. તેવી રીતે છ દ્રવ્યો ચૌદ બ્રહ્માંડની સિલક છે. તેજ પ્રમાણે સ્વતંત્ર છ દ્રવ્યોને કહે ને તે જ પ્રમાણે જ્ઞાન કરે તો તે જ્ઞાન સાચું છે.

શાસ્ત્રો કેવાં હોય ને શાસ્ત્ર કહેનાર કેવા હોય તેનું યથાર્થ જ્ઞાન કરાવે છે. જે વ્યવહારની મુખ્યતા કરે ને પરાધીનતા બતાવે તે વીતરાગનાં શાસ્ત્રો નથી તેમ જ તે સાચો વક્તા નથી. શાસ્ત્રો વીતરાગતા બતાવે છે.

શાસ્ત્રો રાગનું કારણ નથી, સામેના પદાર્થો રાગનું કારણ નથી. તેમજ જ્ઞાન રાગનું કારણ નથી. ત્રણેને સ્વતંત્ર જાણે તો વીતરાગતાનું કારણ થાય ને ધર્મદશા પ્રગટ થાય તેમ છે.

અહીં ગાથા ૩૦માં પણ એ જ કહેવું છે. શાસ્ત્રના શબ્દે શબ્દે વીતરાગતા છે. અહીં સંસારી જીવની પ્રાણોથી ઓળખાણ આપી છેવટ સાર તો વીતરાગતા બતાવવાનો છે.

"इन्द्रिय बल आयु श्वासोच्छ्‌वास इन चारों ही प्राणोंमें जो चैतन्यरूप परिणति है वे तो भावप्राण है और इनकी ही जो पुद्‌गलस्वरूप परिणति है वे द्रव्यप्राण कहलाते हैं।"

અહીં સંસારી પ્રાણીની ઓળખાણ પર્યાયથી તથા નિમિત્તરૂપે જડ પ્રાણથી આ આપી છે, છતાં તાત્પર્ય તો જીવનું મૂળ સ્વરૂપ બતાવવાનું છે.

(૧) જીવ કોને કહેવો તે વાત અગાઉ આવી ગઈ છે. જીવ છે એમ કહેતાં જીવની સત્તા સાબિત થાય છે. **ત્રિકાળી સત્તા સુખરૂપ હોય કે દુઃખરૂપ હોય? દુઃખ હોય તે પર્યાયમાં હોય, ત્રિકાળી સત્તામાં દુઃખ ન હોય માટે સુખરૂપ છે.** જે સત્તા છે તે ચૈતન્યરૂપ છે. જાણવા–દેખવાનો સામાન્ય સ્વભાવ તે ચૈતન્ય છે, ને વિશેષ જાણવારૂપ તે જ્ઞાન છે. આમ સત્તા, સુખ, ચૈતન્ય ને જ્ઞાન એ ચાર પ્રકારના ત્રિકાળી પ્રાણથી જીવ જીવી રહ્યો છે. તે ત્રિકાળીની વાત થઈ તે શુદ્ધ નિશ્ચયનયથી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) હવે આવા ત્રિકાળી પ્રાણવાળા જીવનું ભાન ચૂકેલ જીવ સંસારદશામાં ચાર પ્રાણથી જીવી રહ્યો છે. જેને જેટલા પ્રાણ હોય તેટલા સમજી લેવા. ઓછામાં ઓછા ચાર પ્રાણ તો હોય જ ને વધારેમાં વધારે દસ પ્રાણ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને હોય છે. પાંચ ઈંદ્રિય, ત્રણ બળ, આયુ, શ્વાસોચ્છ્વાસ.

પાંચ ઈંદ્રિયોના નિમિત્તે ક્ષયોપશમરૂપ જ્ઞાન હોવાની પર્યાયમાં યોગ્યતા છે. મન, વચન ને કાયાના નિમિત્તમાં પોતાનું વીર્ય હીણું હોવાની પર્યાયમાં લાયકાત છે. આયુના નિમિત્તે પોતાની તે પર્યાયમાં તેટલો વખત રહેવાની પોતાની યોગ્યતા છે. શ્વાસોચ્છ્વાસના નિમિત્તે સક્રિય રહેવાની પોતાની પર્યાયની યોગ્યતા છે. આમ ચાર પ્રકારથી પોતાની પર્યાયની યોગ્યતાને લીધે જીવવું તે ભાવપ્રાણ છે ને તે અશુદ્ધનિશ્ચયનયથી છે.

(૩) આવા સંસારી જીવને નિમિત્તરૂપે જડ પ્રાણ પણ હોય છે. પાંચ ઈંદ્રિયો, મન, વચન, કાયારૂપ ત્રણ બળપ્રાણ, શ્વાસોચ્છ્વાસ ને આયુ નિમિત્તરૂપે છે અથવા જેને જેટલા પ્રાણ હોય તે પ્રમાણે નિમિત્તરૂપે સમજવા. તેને દ્રવ્યપ્રાણ કહે છે.

પોતે ખરેખર સુખ, સત્તા, ચૈતન્ય, બોધ—એ ચાર ત્રિકાળી પ્રાણથી જીવે છે ને પર્યાયમાં ભાવપ્રાણથી ને નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણથી જીવે છે, એમ બધું જ્ઞાન કરે તો તે યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

આ ગાથામાં વર્તમાન પર્યાયમાં ભાવપ્રાણ ને નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણથી જીવે છે એમ કહ્યું છે. જે જીવ વર્તમાન પર્યાયના ભાવપ્રાણને તથા નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણને માનતો નથી તે જીવની પર્યાયને પણ સમજતો નથી. પર્યાયના પ્રાણનું તથા નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણનું પણ યથાર્થ જ્ઞાન કર્યું ક્યારે કહેવાય ? પર્યાયના ચાર પ્રાણ—ઈંદ્રિય, બળ, આયુ, શ્વાસોચ્છ્વાસ એ સમજીને સાર શું ? પર્યાયમાં આવી હીનતા ને નિમિત્તરૂપે જડપ્રાણ હોવા છતાં હું અનાદિ–અનંત શુદ્ધદ્રવ્ય છું ને સત્તા, સુખ, ચૈતન્ય, જ્ઞાન એવા ચાર પ્રાણથી જીવી રહ્યો છું એમ અંશી એવા દ્રવ્ય તરફ વજન જાય તો પર્યાયનું તથા નિમિત્તનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય. અહીં આખું પ્રમાણ જ્ઞાન (દ્રવ્ય તથા પર્યાયનું) બતાવે છે. છતાં ત્રિકાળી સત્તા–અંશી સ્વભાવ તરફ જોર વળેલું છે. અંશીના જોર તરફ વળતાં જ પર્યાયનું તથા નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય છે. મારા જ્ઞાનની હીણપ ને બળની હીણપ હોવા છતાં તથા નિમિત્તરૂપે જડપ્રાણ હોવા છતાં હું તો ત્રિકાળીશુદ્ધ છું; સત્તા, સુખ, ચૈતન્ય ને જ્ઞાન એવા ત્રિકાળી પ્રાણથી જીવું છું—એમ જેનું વજન ત્રિકાળી દ્રવ્ય તરફ જાય છે તેણે જ પ્રમાણજ્ઞાન કર્યું કહેવાય છે. ને પર્યાય તથા નિમિત્તનું પણ યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

દરેક ગાથાદીઠ ત્રણ સમય લાગુ પડે છે. શબ્દસમય, જ્ઞાનસમય ને પદાર્થસમય. ગાથાના શબ્દો, તે શબ્દોના નિમિત્તે થતું જ્ઞાન ને તે પદાર્થો વીતરાગતા બતાવે છે.

“ये दोनों जातिके प्राण संसारी जीवके सदा अखंडित संतानकर प्रवर्तते हैं, नही प्राणोंकर संसारमें जीवता कहलाता है।”—અહીં કહ્યું કે સંસારી પ્રાણી સદાય ચાર પ્રાણથી ને નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણથી જીવ્યો હતો, જીવે છે ને જીવશે. ‘સદા’ ને ‘અખંડિત’ શબ્દો વાપર્યા છે. તેનો હેતુ શો છે ? કોઈ પણ શબ્દસમયનો હેતુ રાગ અથવા સંસારનો હોઈ શકે નહિ. આ શબ્દો સાંભળી કોઈ જીવ એમ નક્કી કરે કે હું સદાય સંસારી રહીશ તો તેણે યથાર્થ જ્ઞાન કર્યું નથી ને તે શબ્દસમયને સમજ્યો નથી. જેમ શાસ્ત્રમાં જ્ઞાન કરવા માટે આ લોકમાં અભવી જીવો છે એમ કહે પણ અભવી શબ્દ સાંભળીને સાંભળનાર—પાત્ર જીવ એમ નક્કી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે કે હું અભવી તો નથી પણ દીર્ઘભવી પણ નથી, હું તો નજીકનો મુક્તિગામી ભવી છું, તેમ નક્કી કરનારને શબ્દસમય નિમિત્ત કહેવાય. તેવી રીતે અહીં "सदा अखंडित संतानकर प्रवर्तते हैं" એમ જે શબ્દો કહ્યા તેનો લાયક જીવ વિચાર કરે છે કે તે પર્યાયનું જ્ઞાન કરવા માટે છે. વળી વિગ્રહગતિમાં દસ પ્રાણ રહેતા નથી, એક આયુપ્રાણ રહે છે, છતાં 'અખંડિત સંતાનકર' કેમ કહ્યું ? વિગ્રહગતિમાં તો ખંડિત થઈ જાય છે ને ? ભાઈ, **અખંડિત ત્રિકાળી પ્રાણથી તું જીવી રહ્યો છે એમ દ્રવ્યનું જ્ઞાન ને વર્તમાન પર્યાયનું જ્ઞાન—એમ પ્રમાણજ્ઞાન કરી રાગ–દ્વેષરહિત તારા દ્રવ્યસ્વભાવ તરફ વળ તો તું મોક્ષમાર્ગમાં છો ને તારે માટે સંસારનું અખંડિતપણું છે જ નહિ. તારે તો સંસાર ખંડિત થઈ ગયો છે. આમ રાગ–દ્વેષરહિતપણે યથાર્થ જાણે છે તે મોક્ષના પંથે છે.**

ચરણાનુયોગનાં કથન હોય કે કરણાનુયોગનાં હોય—ગમે તે સત્‌શાસ્ત્રના શબ્દો હોય તે દરેક વીતરાગતાના પોષક છે.

૧. જડ ઈંદ્રિયો, શ્વાસોચ્છ્‌વાસ, મન વચન કાયા—આ જડ પ્રાણો છે તે પદાર્થસમય છે.

૨. ક્ષયોપશમરૂપ ઓછું જ્ઞાન, ઓછું વીર્ય વગેરે ભાવપ્રાણની પર્યાય તે પદાર્થસમય છે.

૩. ત્રિકાલી ચૈતન્ય, બોધ, સુખ, સત્તારૂપી શુદ્ધપ્રાણથી ભરેલું દ્રવ્ય છે તે પણ પદાર્થસમય છે.

આમ ત્રણે પ્રકારે પદાર્થસમય છે. તેમાં પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી ગયાં તથા નિમિત્તરૂપે જડપ્રાણ પણ આવી ગયા. હવે આવા ત્રણ પદાર્થોને જે યથાર્થ જાણે છે તે જ્ઞાનસમય છે, ને તે પદાર્થોને બતાવનાર શબ્દસમય છે. વાણીને કહેનારા છદ્મસ્થ ગુરુ શિષ્યને કહે છે : તું ને હું બન્ને કલ્યાણના સાધનારા છીએ, શબ્દ અથવા વાણી પણ વીતરાગતા કહે છે. પદાર્થ પણ સ્વતંત્ર પદાર્થ છું એમ બતાવે છે ને જ્ઞાન પણ રાગરહિત તારો સ્વભાવ છે એમ જાણે છે. આ પ્રમાણે યથાર્થ જ્ઞાન કરી પોતાના ત્રિકાળી પ્રાણ તરફ વળે છે તેને ભેદજ્ઞાન થાય છે.

જે જીવ શબ્દોના ભાવને સમજતો નથી ને કહે કે અરેરે ! આ પ્રાણ કે'દિ છૂટે ? અંશબુદ્ધિ કે'દિ છૂટે ? તે જીવ શબ્દસમયને સમજતો નથી, શાસ્ત્રને સમજતો નથી. ને કોઈ જીવ કહે કે અમને બધા પદાર્થનું જ્ઞાન તો થયું પણ મિથ્યાદર્શન આદિ અશુદ્ધતા ટળતી નથી તો તે પણ ખોટો છે. તે જ્ઞાનસમયને સમજતો નથી. તે બન્ને જીવો એકેય સમયને જાણતા નથી. ગમે તે શાસ્ત્રના શબ્દો હોય તે એમ કહે છે કે અંશીનું, અંશનું, તથા નિમિત્તનું એકસાથે પ્રમાણ-જ્ઞાન થતાં ભેદજ્ઞાન ને વીતરાગતા થયા વિના રહેતી નથી. અહીં પંચાસ્તિકાયનું જ્ઞાન કરાવવું છે. સંસારદશામાં રાગને રાગરૂપે સમજ, ઉઘાડ ને ઓછપને તેરૂપે જાણ. સંયોગ જડને જડરૂપે જાણ અને ત્રિકાળી સ્વભાવ ત્રિકાળીરૂપે છે એમ જાણ. એ રીતે જેમ છે તેમ જાણે તો પોતાનું વજન ત્રિકાળી સ્વભાવ તરફ જતાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થતાં જ્ઞાનપ્રમાણ થાય છે. તે પ્રમાણજ્ઞાન કેવળજ્ઞાનનું કારણ થાય છે.

વિગ્રહગતિમાં જીવને ઈંદ્રિય નથી, મન–વચન–કાયા નથી, શ્વાસ નથી, માત્ર આયુ છે. ત્યાં ભલે ખંડિત થયો. ત્યાં પણ જીવ પોતાના ત્રિકાળી પ્રાણથી અચ્છિન્નધારાએ જીવી રહ્યો છે. એટલે આ ગાથામાં જડપ્રાણનું નિમિત્તપણું, પર્યાયનું ખંડપણું અને દ્રવ્યનું અખંડપણું બતાવવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ગાથામાં અખંડિત શબ્દો કહ્યા છે પણ તે શબ્દોને યથાર્થ રુચિપૂર્વક સાંભળનારને તથા તેનું સમ્યક્ જ્ઞાન કરનારને અખંડિત સંસાર રહેતો નથી.

અહીં દ્રવ્યપ્રાણ નિમિત્ત છે એમ કહ્યું છતાં નિમિત્તને લીધે જ્ઞાન નથી. નિમિત્તથી જ્ઞાન માને તો પંચાસ્તિકાય રહેતા નથી ને નિમિત્ત નથી એમ માને તોપણ પંચાસ્તિકાય રહેતા નથી. સંસારમાં નિમિત્તરૂપે પ્રાણ છે પણ ખરેખર હું દ્રવ્યે ત્રિકાળ શુદ્ધ છું એમ જ્ઞાન કરતાં સ્વભાવ તરફ વળતું જ્ઞાન પ્રત્યક્ષપ્રમાણજ્ઞાન થયું, તે વધીને પૂર્ણ જ્ઞાન થયું ને અલ્પજ્ઞતાની યોગ્યતા હતી તે ટળી ગઈ ને નિમિત્ત પણ ટળી ગયું. અલ્પજ્ઞ જીવને પંચાસ્તિકાયનું જ્ઞાન છે તથા સિદ્ધમાં પણ તે જ જ્ઞાન છે, અલ્પજ્ઞતા હતી તે ટળીને સિદ્ધદશા થઈ ગઈ, સાધક દશામાં ક્રમેક્રમે આગળ વધીને પરમાત્મદશા પ્રગટી ને એકલા સત્તા, સુખ, ચૈતન્ય, જ્ઞાન, પ્રાણરૂપ જીવ રહ્યો.

મોક્ષ અવસ્થામાં કેવળ શુદ્ધ ચૈતન્યાદિ પ્રાણથી જીવ જીવે છે તેથી સિદ્ધજીવને શુદ્ધ જીવ કહે છે. સંસારી જીવને અશુદ્ધ જીવ કહે છે એમ સમજનારો જીવ સંસારી મટી શુદ્ધ સિદ્ધ થવાનો છે.

શાસ્ત્રોને યથાર્થ જાણવાં જોઈએ. શાસ્ત્રો ભેદજ્ઞાનની વાત કહે છે. નિમિત્તને અને આત્માને એક મનાવે, રાગને અને આત્માને એક મનાવે, કર્મને લીધે વિકાર મનાવે, કાળને લીધે મુક્તિ મનાવે તો પંચાસ્તિકાય રહેતા નથી ને તે સાચાં શાસ્ત્ર નથી. આ વાત સર્વજ્ઞ, તેમનાં શાસ્ત્રો ને તેને કહેનારા યથાર્થ ગુરુ વિના ને પોતાની પાત્રતા વિના સમજાય તેવી નથી. પાણીની સપાટી સરખી લાગે પણ વાંસથી માપે તો કાંઠા કરતાં મધ્યમાં ઘણું ઊંડું પાણી હોય છે, એમ બીજાનું તથા સર્વજ્ઞનું કહેવું ઉપરઉપરથી અજ્ઞાનીને સરખું લાગે પણ અંતરજ્ઞાનના માપથી માપે તો ઘણો ફેર છે. સપાટીના માપે તળાવની ઊંડાઈ માપવા જાય તો તળાવના માપમાં ભૂલ ખાય છે તેમ અજ્ઞાનીના શબ્દની કથનીના માપે તત્ત્વજ્ઞાન માપવા જાય તો તે તત્ત્વને સમજતો નથી. માટે વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા પંચાસ્તિકાયનું જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

શબ્દ–જ્ઞાન–અર્થસમયના જ્ઞાયક શ્રી સદ્‌ગુરુદેવનો...જય હો ! ૩૦.

---

**अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे ।**
**देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा ॥ ३१ ॥**
**केचित्तु अणावण्णा मिच्छादंसणकसायजोगजुदा ।**
**विजुदा य तेहिं बहुगा सिद्धा संसारिणो जीवा ॥ ३२ ॥**

अगुरुलघुका अनंतास्तैरनंतैः परिणताः सर्वे ।
देशैरसंख्याताः स्याल्लोकं सर्वमापन्नाः ॥ ३१ ॥
केचित्तु अनापन्ना मिथ्यादर्शनकषाययोगयुताः ।
वियुताश्च तैर्बहवः सिद्धाः संसारिणो जीवाः ॥ ३२ ॥

જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વ જીવો પરિણમે;
સૌના પ્રદેશ અસંખ્ય; કતિપય લોકવ્યાપી હોય છે; ૩૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવ્યાપી છે કતિપયઃ વળી નિર્દોષ સિદ્ધ જીવો ઘણા;
મિથ્યાત્વ-યોગ-કષાયયુત સંસારી જીવ બહુ જાણવા. ૩૨

**અન્વયાર્થ** : [अनंताः अगुरुलघुकाः] અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) [तैः अनंतैः] તે અનંત અગુરુલઘુ (ગુણ)રૂપે [सर्वे] સર્વ જીવો [परिणताः] પરિણત છે; [देशैः असंख्याताः] તેઓ અસંખ્યાત પ્રદેશવાળા છે. [स्यात् सर्वम् लोकम् आपन्नाः] કેટલાક કથંચિત્ આખા લોકને પ્રાપ્ત હોય છે [केचित् तु] અને કેટલાક [अनापन्नाः] અપ્રાપ્ત હોય છે. [बहवः जीवाः] ઘણા (અનંત) જીવો [मिथ्यादर्शनकषाययोगयुताः]મિથ્યાદર્શન–કષાય–યોગસહિત[संसारिणः] સંસારી છે [च] અને ઘણા (અનંત જીવો) [तैः वियुताः]મિથ્યાદર્શન–કષાય–યોગરહિત[सिद्धाः] સિદ્ધ છે.

---

**तात्पर्यवृत्ति** : अथागुरुलघुत्वमसंख्यातप्रदेशत्वं व्यापकत्वाव्यापकत्वं मुक्तामुक्तत्वं च प्रतिपादयति, –**अगुरुलहुगाणंता** प्रत्येकं षट्स्थानपतितहानिवृद्धिभिरनंताविभागपरिच्छेदैः सहिता अगुरुलघवो गुणा अनंता भवन्ति। **तेहिं अणंतेहिं परिणदा सव्वे** तैः पूर्वोक्तगुणैरनंतैः परिणताः सर्वे। सर्वे के। जीवा इति संबंधः। **देसेहिं असंखादा** लोकाकाशप्रमिताखण्डप्रदेशैः सहितत्वादसंख्येयप्रदेशाः। **सियलोगं सव्वमावण्णा** स्यात्कथंचिल्लोकपूरणावस्थाप्रकारेण लोकव्यापकाः अथवा सूक्ष्मैकेन्द्रियापेक्षया लोकव्यापकाः। तथाचोक्तं। "आधारे थूलाओ सुहुमेहिं णिरंतरो लोगो"। पुनरपि कथंभूतास्ते जीवाः। **केचिच्च अणावण्णा** केचिच्च केचन पुनर्लोकपूरणावस्थारहिता अथवा बादरैकेन्द्रिया विकलेन्द्रियादयश्चाव्यापकाः। पुनरपि किंविशिष्टाः। **मिच्छादंसणकसायजोगजुदा** रागादिरहितपरमानंदैकस्वभावशुद्धजीवास्तिकायाद्विलक्षणै-र्मिथ्यादर्शनकषाययोगैर्यथासंभवं युक्ताः। न केवलं युक्ताः **विजुदा य तेहिं** **तैरेव** मिथ्यादर्शन-कषाययोगैर्वियुक्ता रहिताश्च। उभयेपि कति संख्योपेताः। **बहुगा** बहवोऽनंताः। पुनरपि कथंभूताः। **सिद्धा संसारिणो** ये मिथ्यादर्शनकषाययोगविमुक्ता रहितास्ते सिद्धा, ये च युक्तास्ते संसारिण इति। अत्र जीविताशारूपरागादिविकल्पत्यागेन सिद्धजीवसदृशः परमाह्लादरूपसुखरसास्वादपरिणतनिजशुद्ध-जीवास्तिकाय एवोपादेयमिति भावार्थः ॥ ३१-३२ ॥

**समयव्याख्या : अत्र जीवानां स्वाभाविकं प्रमाणं मुक्तामुक्तविभागश्चोक्तः। जीवा ह्यविभागैकद्रव्यत्वाल्लोकप्रमाणैकप्रदेशाः। अगुरुलघवो गुणास्तु तेषामगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठत्वनिबंधनस्य स्वभावस्याविभागपरिच्छेदाः प्रतिसमयसंभवत्षट्स्थानपतितवृद्धिहानयोऽनंताः। प्रदेशास्तु अविभागपरमाणुपरिच्छिन्नसूक्ष्मांशरूपा असंख्येयाः। एवंविधेषु तेषु केचित्कथंचिल्लोकपूरणावस्थाप्रकारेण सर्वलोकव्यापिनः, केचित्तु तदव्यापिन इति। अथ ये तेषु मिथ्यादर्शनकषाययोगैरनादिसंततिप्रवृत्तैर्युक्तास्ते संसारिणः, ये विमुक्तास्ते सिद्धाः, ते च प्रत्येकं बहव इति॥ ३१-३२ ॥**

**અનુવાદ : અહીં જીવોનું સ્વાભાવિક પ્રમાણ તથા તેમનો મુક્ત અને અમુક્ત એવો વિભાગ કહ્યો છે.**

**જીવો ખરેખર અવિભાગી એકદ્રવ્યપણાને લીધે લોકપ્રમાણ—એકપ્રદેશવાળા છે. તેમના (જીવોના) અગુરુલઘુ ગુણો—અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના અવિભાગ પરિચ્છેદો–પ્રતિસમય થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિવાળા અનંત છે; અને (તેમના અર્થાત્ જીવોના) પ્રદેશો–કે જેઓ અવિભાગ પરમાણુ જેવડા માપવાળા સૂક્ષ્મ અંશરૂપ છે તેઓ–અસંખ્ય છે. આવા તે જીવોમાં કેટલાક કથંચિત્ (કેવળ સમુદ્ઘાતના કારણે) લોકપૂરણ-અવસ્થાના પ્રકાર વડે આખા લોકમાં વ્યાપ્ત હોય છે અને કેટલાક આખા લોકમાં અવ્યાપ્ત હોય છે. વળી તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવોમાં જેઓ અનાદિ પ્રવાહરૂપે પ્રવર્તતા મિથ્યાદર્શન-કષાય-યોગથી સહિત છે તેઓ સંસારી છે, જેઓ તેમનાથી વિમુક્ત છે (અર્થાત્ મિથ્યાદર્શન-કષાય-યોગથી રહિત છે) તેઓ સિદ્ધ છે; અને તે દરેક પ્રકારના જીવો ઘણા છે (અર્થાત્ સંસારી તેમ જ સિદ્ધ જીવોમાંના દરેક પ્રકારના જીવો અનંત છે) ૩૧-૩૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૨ બુધવાર]

જીવોના સ્વાભાવિક પ્રદેશોની અપેક્ષાનું પ્રમાણ કહે છે તથા મુક્ત અને સંસારી જીવનો ભેદ કહે છે.

જીવનું અને જડ પદાર્થોનું હોવાપણું પૃથક્પણે જે રીતે છે તે રીતે જાણવું જોઈએ. દરેક પદાર્થ પોતાની મર્યાદામાં કામ કરે છે. પદાર્થોની મર્યાદા ન જાણે ત્યાં સુધી ધર્મ ક્યાં કરવો તેનો નિર્ણય ન થાય. છ દ્રવ્યો પોતપોતાની મર્યાદામાં કામ કરી રહ્યાં છે એટલે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં કામ કરી રહ્યાં છે તેમ નક્કી કરે તો પોતાની મર્યાદામાં અંતર્મુખ જોવાનું રહે.

અહીં જીવની વ્યાખ્યા છે. દરેક જીવ ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ અગુરુલઘુગુણમાં પરિણત થઈ રહ્યો છે. પોતાની મર્યાદાથી બહાર જતો નથી. આત્મા અસંખ્યપ્રદેશી છે. શરીર તે આત્માનું ક્ષેત્ર નથી. એક પરમાણુના માપ જેટલા ગજથી આત્માનું ક્ષેત્ર માપવામાં આવે તો આત્મા અસંખ્ય પરમાણુ જેટલા કદવાળો છે. અસંખ્ય પ્રદેશ કદી પણ ઓછા થતા નથી કે વધતા નથી. તેમાં અનંતા ગુણો છે, એક ગુણ વધે નહિ તેમ જ એક ગુણ ઘટે નહિ. એક સમયમાં બધા ગુણોની પર્યાયો છે. તે પર્યાયોનો કાળ એક સમય કરતાં વધે નહિ તેમ જ બીજા ક્ષેત્રમાં જાય નહિ તેમ જ શરીર, કર્મ વગેરે બીજા પદાર્થો આત્માના ક્ષેત્રમાં આવે નહિ. આ પ્રમાણે અનંતા જીવો પોતાના ક્ષેત્રમાં ને કાળ એટલે પર્યાયમાં પરિણમે છે, ને પોતાના ભાવો એટલે ગુણોમાં ટકી રહ્યા છે. જીવ સમુદ્ઘાત કરે કે નિગોદમાં જાય તોપણ પોતાની મર્યાદામાં રહે છે.

આત્મામાં અગુરુલઘુગુણ છે તેને લીધે ષટ્ગુણહાનિવૃદ્ધિના પરિણામ દરેક જીવમાં થઈ રહ્યાં છે. સંખ્યાત, અસંખ્યાત ને અનંતગુણ વૃદ્ધિ; સંખ્યાત, અસંખ્યાત ને અનંતગુણ હાનિ; સંખ્યાત, અસંખ્યાત ને અનંતભાગ વૃદ્ધિ; અને સંખ્યાત, અસંખ્યાત ને અનંતભાગ હાનિ;—એમ બાર પ્રકાર થાય છે.

અગુરુલઘુગુણ આત્માની મર્યાદા સાચવવાનું કારણ છે. તેનો અવિભાગી અંશ અતિસૂક્ષ્મ છે તે આગમકથિત પ્રમાણથી જાણવો. દરેક જીવ પોતાની મર્યાદામાં રહેલો છે.

(૧) જેટલાં સિદ્ધના ગુણો છે તેટલા દરેક જીવના ગુણો છે. એક ગુણ વધે નહિ તેમ ઘટે નહિ. તે ત્રિકાળી ગુણોની મર્યાદાની વાત થઈ. સિદ્ધ થાય તો ગુણો વધે નહિ ને નિગોદ થાય તો ઘટે નહિ.

(૨) આત્માના પ્રદેશો અસંખ્ય છે, તેમાંથી એક પ્રદેશ વધે નહિ તેમ જ ઘટે નહિ. નિગોદમાં જાય, કીડીમાં જાય કે હાથી થાય કે કેવળીસમુદ્ઘાત કરે તોપણ એક પ્રદેશ ક્ષેત્રમાં મોટો અથવા નાનો ન થાય. તે ક્ષેત્રની મર્યાદાની વાત થઈ.

(૩) જીવની પર્યાય સાધકની હોય કે બાધકની હોય, નિગોદની હોય કે સિદ્ધની હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીવ્ર અજ્ઞાનીની પર્યાય હોય કે જ્ઞાનીની પર્યાય હોય તોપણ તે પર્યાય પોતાની મર્યાદામાં રહે છે, તે બીજાની પર્યાયમાં જતી નથી.

આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી મર્યાદા બંધાણી અથવા દ્રવ્ય–ગુણ–પર્યાયથી પોતાની મર્યાદામાં દરેક જીવ રહે છે. અવસ્થા એક સમયની મર્યાદા છે ને દ્રવ્ય–ગુણની મર્યાદા ત્રિકાળ છે. એમ બન્નેની મર્યાદા જાણતાં પ્રમાણજ્ઞાન આખું થાય છે. પોતાના જ્ઞાનમાં આખું આત્મદ્રવ્ય જ્ઞેય તરીકે ખ્યાલમાં આવી જાય છે. આમ દરેક આત્મા—અભવી પણ પોતાની મર્યાદામાં રહેલ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંતા ગુણોને તેની સમય સમયની પર્યાય—એમ ગુણ–પર્યાયનું બનેલું દ્રવ્ય પોતાની હદમાં રમી રહ્યું છે.

લવણ સમુદ્રમાં સોળ હજાર જોજન પાણી ઊંચું ચડ્યું છે. આડી ભીંત નથી. તે પાણીમાં એકેંદ્રિય જીવ ને જડ પરમાણુ છે. જીવ ને પરમાણુ એના એ ન હોય, તે બદલાયા કરે છતાં જીવ ને પરમાણુ એવી જાતવાળા આવે કે પાણીનો ડગમાળ એવો ને એવો રહે. પાણીના જીવ ને પરમાણુ તે ક્ષેત્રે ને કાળે પોતાની મર્યાદા છોડતા નથી. તેવી રીતે અનંતા આત્મા પોતાના સ્વક્ષેત્રની અને પોતાના જ્ઞાન–દર્શનાદિ ભાવની ને સમય-સમયની પર્યાયની મર્યાદાની બહાર ડોકિયું કરતા નથી. ક્ષેત્ર બહાર, ગુણ બહાર કે પર્યાય બહાર તેઓ જતા નથી ને પરનું કામ કરતા નથી. અગુરુલઘુગુણના કારણે તેઓ પોતાની મર્યાદા ઓળંગતા નથી.

જેટલા જીવો છે તે દરેકમાં અગુરુલઘુગુણ રહેલો છે અર્થાત્ કોઈ પણ જીવ એવા નથી કે જેમાં અગુરુલઘુગુણ ન હોય તથા તે દરેક જીવનું ક્ષેત્ર લોકપ્રમાણ અસંખ્યપ્રદેશ છે એટલે કે દરેક જીવ અસંખ્યાતપ્રદેશી છે.

હવે તેના બે પ્રકાર કહે છે :

(૧) તે જીવોમાંથી કેટલાક કેવળજ્ઞાની જીવો કેવળસમુદ્ઘાત વખતે દંડ–કપાટાદિ અવસ્થા વખતે સમસ્ત લોકપ્રમાણે થાય છે. દંડ–કપાટાદિ વખતે કર્મોના નિમિત્તે પ્રદેશોનો વિસ્તાર લોકપ્રમાણ થાય છે. તે કારણથી સમુદ્ઘાતની અપેક્ષાએ કેટલાક જીવો લોકપ્રમાણ કહેવામાં આવે છે. લોકપ્રમાણ થવા છતાં પોતાની મર્યાદાને કદી પણ ઓળંગતા નથી.

(૨) તથા કેટલાક જીવો સમુદ્ઘાત સિવાય લોકપ્રમાણ નથી પણ પોતપોતાના શરીરપ્રમાણ છે. બટાટાનો જીવ બટાટાના શરીરપ્રમાણ ને માણસનો જીવ માણસના શરીરપ્રમાણ હોય છે. તે પણ પોતાની મર્યાદામાં રહે છે. લોકપ્રમાણ થાય તો જીવ પોતાની મર્યાદાથી વધી જાય અને નિગોદના શરીરપ્રમાણ થાય તો પોતાની મર્યાદાથી ઘટી જાય એમ કદી બનતું નથી, દરેક વખતે પોતાની મર્યાદામાં રહે છે.

અસંખ્યપ્રદેશી આખી વસ્તુ રાખી તેમાં લોકપ્રમાણ વ્યાપક ને શરીરપ્રમાણ વ્યાપક, એમ બે ભાગ પાડીને જ્ઞાન કરાવ્યું છતાં તે પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની મર્યાદામાં રહેલ છે એમ કહે છે. એમ નક્કી કરનાર જીવને પોતાના અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં જોવાનું રહે છે. પરક્ષેત્રમાં ઘાલમેલ કરવાની પર્યાયબુદ્ધિ તેને થતી નથી.

હવે વર્તમાન પર્યાયના ભાવની અપેક્ષાએ બે ભેદ પાડે છે.

उस अनंत जीवराशिमें अनंतानंत जीव अनादि कालसे मिथ्यात्व कषाय योगसे संयुक्त संसारी हैं अर्थात् जीतने जीव मिथ्यादर्शनकषाययोग संयुक्त हैं ये सब संसारी कहे जाते हैं और जो उन मिथ्यात्वकषाययोगोंसे रहित शुद्ध जीव हैं वे सिद्ध हैं। वे सिद्ध (मुक्त जीव

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भी) अनंत हैं। यह शुद्धाशुद्धजीवोंका सामान्यस्वरूप जानना।

જીવરાશિમાં અનંતી જીવ અનાદિકાળથી ભ્રાંતિવાળા છે. શરીર, કર્મ આદિ પર પદાર્થને પોતાના માની ભ્રાંતિમાં પડેલા છે. ને શરીર, કર્મરહિત આત્મા શુદ્ધ છે એમ ભાન કરી પોતામાં શ્રદ્ધા ને લીનતા કરે ને મુક્ત થાય તે સિદ્ધ છે. નિગોદનો જીવ હોય કે સિદ્ધનો હોય તોપણ પોતાની મર્યાદામાં રહેલ છે. આમ મર્યાદા નક્કી કરનારને ભાન થાય છે કે **શરીર, કર્મ, વાણી તથા બીજા જીવોની મર્યાદાથી મારી મર્યાદા જુદી છે, હું તો મારી મર્યાદામાં છું.** સંસારની મર્યાદા મારા કારણે મારા ક્ષેત્રમાં છે. સંસારની મર્યાદા કર્મ કે બીજાનાં ક્ષેત્રમાં નથી. સંસારની મર્યાદા પોતામાં છે એમ ભાન થતાં પરપદાર્થો સાથેની એકતાબુદ્ધિ તૂટી જાય છે ને સ્વ તરફ વળતાં જુએ છે તો સંસારપર્યાય છે તે એક સમયની મર્યાદાવાળી છે. ને દ્રવ્ય તો શુદ્ધ ગુણોથી ભરેલું છે તે ત્રિકાળી મર્યાદાવાળું છે એમ જ્ઞાન કરતાં દ્રવ્યમાં સંસાર નથી. આમ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ થતાં પોતાનો સંસાર તૂટી જાય છે. કોઈ બીજા જીવો પોતાને લાભ–નુકસાન કરે એમ બનતું નથી. નિમિત્ત ઉપાદાનની મર્યાદામાં કામ કરે તેમ બનતું નથી, છતાં અજ્ઞાની જીવ એકને લીધે બીજામાં થાય એમ માની ભ્રાંતિ સેવે છે, તું એક જીવપદાર્થ છો કે નહિ ને બીજી ચીજ છે કે નહિ ? જો છે તો કેવડી છે ? જો બે હોવા છતાં એક બીજીમાં જાય તો બે રહેતી નથી. અને એકનું વર્તમાન બીજી ચીજના વર્તમાનને લીધે હોય તોપણ બન્ને વસ્તુનો નાશ થાય છે. એક પરમાણુ અસ્તિ ધરાવે છે, એકપ્રદેશી તેનું ક્ષેત્ર છે. તે તેની વર્તમાન અવસ્થાને ઓળંગી તને લાભ આપે એમ બનતું નથી ને તું તારી અસંખ્યપ્રદેશની મર્યાદા ઓળંગી તે પરમાણુમાં ફેરફાર કરે તેવી તારી મર્યાદા નથી.

કાશી ઘાટના લોટામાં પાણી ભર્યું હોય તે વખતે પાણીનું કદ પાણીમાં છે ને લોટાનું કદ લોટામાં છે. બન્ને ભિન્ન છે. તેમ આ શરીર કાશી ઘાટના લોટા સમાન છે. પાણી લોટા પ્રમાણે દેખાવા છતાં બન્નેનાં કદ એકરૂપ થયાં નથી. જુદાંજુદાં છે. તેમ આત્માનું કદ શરીરપ્રમાણ હોવા છતાં તે બન્ને એકરૂપ નથી. આત્માનું કદ શરીર પ્રમાણે હોય તોપણ પોતાની મર્યાદામાં છે. વિગ્રહગતિમાં હોય તોપણ પોતાની મર્યાદામાં ને કેવળીસમુદ્ઘાત કરે ત્યારે લોકપ્રમાણ થાય તોપણ પોતાની મર્યાદામાં છે. આમ નક્કી કરતાં અસંખ્યપ્રદેશી પોતાના જીવ સામે જોવાનું રહે છે.

પગે વીંછી કરડતાં બધે ખ્યાલ આવી જાય છે તેથી આત્મા સળંગ આખો છે છતાં પગે જે અંશો છે તે અંશો માથાના નથી માટે અંશો જુદા જુદા છે એટલે અંશો વધારે છે ને આત્મા અખંડ એક છે. આમ અસંખ્યપ્રદેશી અખંડ રાખીને લોક પ્રમાણે વ્યાપક ને શરીર પ્રમાણે વ્યાપક એવા બે ભાગ પાડ્યા ને ભાવે બે પ્રકાર પાડ્યા—એક ભ્રાંતિવાળા સંસારી ને એક ભ્રાંતિ વગરના સિદ્ધ. સંસારી રહે તોપણ મર્યાદામાં રહીને ને સિદ્ધ થાય તોપણ મર્યાદામાં રહીને થાય છે. ચોથે આરે કેવળજ્ઞાન થાય તોપણ પોતાની મર્યાદામાં છે ને પાંચમે આરે કેવળજ્ઞાન થાય નહિ, તોપણ પોતાની મર્યાદામાં રહીને થતું નથી.

આમ મર્યાદાનું નક્કી થતાં પરપદાર્થના કર્તૃત્વનું અભિમાન ટળી જાય છે. લોકો કહે છે કે પૈસા અમોને મળ્યા; પણ પૈસા પોતાની મર્યાદામાં રહ્યા છે, તે જીવના ક્ષેત્રમાં આવ્યા નથી. પુણ્યકર્મના પરમાણુ કર્મની મર્યાદામાં રહ્યા છે.

દરેક વસ્તુ પોતાની મર્યાદામાં રહેલ છે. આવો દરેક વસ્તુનો ધર્મ છે. આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસંખ્યપ્રદેશમાં ગુણોને અને પર્યાયને જેમ છે તેમ શ્રદ્ધામાં ધારી રાખવા તે ધર્મ છે. એક સમયની પર્યાયને પોતે ધારી રાખે છે એમ નક્કી કરતાં દરેક પદાર્થ સ્વતંત્ર નક્કી થાય છે. બીજા મને મદદ કરે, હું બીજાને મદદ કરું, ધર્મ પમાડું એવી અસત્ કલ્પનાનો નાશ થાય છે. વળી નિમિત્તની મર્યાદા નિમિત્તમાં ને મારી મર્યાદા મારામાં એમ નક્કી કરતાં પર સામે જોવાનું રહેતું નથી. પોતા તરફ વળતાં પર્યાય તો એક સમયની મર્યાદાવાળી છે. તે એક અંશ છે. દ્રવ્ય-ગુણની મર્યાદા ત્રિકાળી છે. એક અંશમાં આખો અંશી આવે નહિ ને એક સમયની પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દ્રવ્ય છું એમ શુદ્ધ દ્રવ્ય તરફ વળતાં જ્ઞાન સમ્યક્ થાય છે તે જ્ઞાન સુખનું કારણ છે ને મિથ્યાજ્ઞાન જે દુઃખનું કારણ છે તેનો અભાવ થાય છે. આવા જ્ઞાન પછી જેમ જેમ સ્થિરતા વધે છે તેમ તેમ ચારિત્ર દશા થાય છે. તે વધીને સિદ્ધ દશા થાય છે. જે જીવ પોતાની મર્યાદા સમજતો નથી ને પરમાં ઘાલમેલ કરવાનું અભિમાન કરીને પોતાની હદ ચૂકે છે તે સંસારી છે ને પોતાની મર્યાદા સમજીને શ્રદ્ધા–જ્ઞાન કરે છે તે ક્રમે કરીને સિદ્ધ થાય છે.

આ પ્રમાણે શુદ્ધ-અશુદ્ધ જીવનું સ્વરૂપ જાણવું. ૩૧-૩૨

---

**जह पउमरायरयणं खित्तं खीरे पभासयदि खीरं।**
**तह देही देहत्थो सदेहमित्तं पभासयदि ॥ ३३ ॥**

**यथा पद्मरागरत्नं क्षिप्तं क्षीरे प्रभासयति क्षीरम्।**
**तथा देही देहस्थः स्वदेहमात्रं प्रभासयति ॥ ३३ ॥**

**જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,**
**ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩**

**અન્વયાર્થ :** [यथा] જેમ [पद्मरागरत्नं] પદ્મરાગરત્ન [क्षीरे क्षिप्तं] દૂધમાં નાખવામાં આવ્યું થકું [क्षीरम् प्रभासयति] દૂધને પ્રકાશે છે, [तथा] તેમ [देही] દેહી (જીવ) [देहस्थः] દેહમાં રહ્યો થકો [स्वदेहमात्रं प्रभासयति] સ્વદેહપ્રમાણ પ્રકાશે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं पूर्वोक्त "वच्छरक्ख" इत्यादि दृष्टांतनवकेन चार्वाकमतानुसारिशिष्यसंबोधनार्थं जीवसिद्धिमुख्यत्वेन गाथात्रयं गतं। अथ देहमात्रविषये दृष्टांतं कथयामीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति। एवमग्रेपि विवक्षितसूत्रार्थं मनसि संप्रधार्याथवा सूत्रस्याग्रे सूत्रमिदमुचितं भवत्येवं निश्चित्य सूत्रमिदं निरूपयतीति पातनिका लक्षणं यथासंभवं सर्वत्र ज्ञातव्यः – **जह पउमरायरयणं** यथा पद्मरागरत्नं कर्तृ। कथंभूतं। **खित्तं** क्षिप्तं। क्व। **खीरे** क्षीरे दुग्धे। क्षीरे किं करोति। **पहासयदि खीरं** प्रकाशयति तत्क्षीरं। **तह देही देहत्थो** तथा देही संसारी देहस्थः सन् **सदेहमेत्तं पहासयदि** स्वदेहमात्रं प्रकाशयतीति। तद्यथा – अत्र पद्मरागशब्देन पद्मरागरत्नप्रभा गृह्यते न च रत्नं यथा पद्मरागप्रभासमूहः क्षीरे क्षिप्तस्तत्क्षीरं व्याप्नोति तथा जीवोऽपि स्वदेहस्थो वर्तमानकाले तं देहं व्याप्नोति। अथवा यथा विशिष्टाग्निसंयोगवशात्क्षीरे वर्द्धमाने सति पद्मरागप्रभासमूहो वर्द्धते हीयमाने च हीयत इति तथा विशिष्टाहारवशाद्देहे वर्धमाने सति विस्तरन्ति जीवप्रदेशा हीयमाने च संकोचं गच्छन्ति। अथवा स एव प्रभासमूहोऽन्यत्र बहुक्षीरे निक्षिप्तो बहुक्षीरं व्याप्नोति स्तोके स्तोकं व्याप्नोति तथा जीवोऽपि जगत्त्रयकालत्रयमध्यवर्तिसमस्तद्रव्यगुणपर्यायैकसमयप्रकाशेन समर्थविशुद्धज्ञानदर्शनस्वभावचैतन्यचमत्कार-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मात्राच्छुद्धजीवास्तिकायाद्विलक्षणैर्मिथ्यात्वरागादिविकल्पैर्यदुपार्जितं शरीरनामकर्म तदुदयजनितविस्तारोपसंहाराधीनत्वेन सर्वोत्कृष्टावगाहपरिणतः सन् सहस्रयोजनप्रमाणं महामत्स्यशरीरं व्याप्नोति, जघन्यावगाहेन परिणतः पुनरुत्सेधघनांगुलासंख्येयभागप्रमितं लब्ध्यपूर्णसूक्ष्मनिगोतशरीरं व्याप्नोति, मध्यमावगाहेन मध्यमशरीराणि च व्याप्नोतीति भावार्थः ।। ३३ ।।

**समयव्याख्या : एष देहमात्रत्वदृष्टांतोपन्यासः । यथैव हि पद्मरागरत्नं क्षीरे क्षिप्तं स्वतोऽव्यतिरिक्तप्रभास्कंधेन तद्व्याप्नोति क्षीरं, तथैव हि जीवः अनादिकषायमलीमसत्वमूले शरीरेऽवतिष्ठमानः स्वप्रदेशैस्तदभिव्याप्नोति शरीरम् । यथैव च तत्र क्षीरेऽग्निसंयोगादुद्वलमाने तस्य पद्मरागरत्नस्य प्रभास्कंध उद्वलते पुनर्निविशमाने निविशते, तथैव च तत्र शरीरे विशिष्टाहारादिवशादुत्सर्पति तस्य जीवस्य प्रदेशाः उत्सर्पन्ति पुनरपसर्पति अपसर्पन्ति च । यथैव च तत्पद्मरागरत्नमन्यत्र प्रभूतक्षीरे क्षिप्तं स्वप्रभास्कंधविस्तारेण तद्व्याप्नोति प्रभूतक्षीरं, तथैव हि जीवोऽन्यत्र महति शरीरेऽवतिष्ठमानः स्वप्रदेशविस्तारेण तद्व्याप्नोति महच्छरीरम् । यथैव च तत्पद्मरागरत्नमन्यत्र स्तोकक्षीरे निक्षिप्तं स्वप्रभास्कंधोपसंहारेण तद्व्याप्नोति स्तोकक्षीरं, तथैव च जीवोऽन्यत्राणुशरीरेऽवतिष्ठमानः स्वप्रदेशोपसंहारेण तद्व्याप्नोत्यणुशरीरमिति ।। ३३ ।।**

અનુવાદ : આ, દેહપ્રમાણપણાના દૃષ્ટાંતનું કથન છે (અર્થાત્ અહીં જીવનું દેહપ્રમાણપણું સમજાવવા દૃષ્ટાંત કહ્યું છે.)

જેવી રીતે પદ્મરાગરત્ન દૂધમાં નાખવામાં આવ્યું થકું પોતાની અવ્યતિરિક્ત પ્રભાસમૂહ વડે તે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ અનાદિ કાળથી કષાય વડે મલિનપણું હોવાને કારણે શરીરમાં રહ્યો થકો સ્વપ્રદેશો વડે તે શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે અગ્નિના સંયોગથી તે દૂધમાં ઊભરો આવતાં તે પદ્મરાગરત્નના પ્રભાસમૂહમાં ઊભરો આવે છે (અર્થાત્ તે વિસ્તાર પામે છે) અને દૂધ પાછું બેસી જતાં પ્રભાસમૂહ બેસી જાય છે, તેવી જ રીતે વિશિષ્ટ આહારાદિના વશે તે શરીર વધતાં તે જીવના પ્રદેશો વિસ્તાર પામે છે અને શરીર પાછું ઘટી જતાં પ્રદેશો સંકોચાઈ જાય છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા વધારે દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના વિસ્તાર વડે તે વધારે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા મોટા શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના વિસ્તાર વડે તે મોટા શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા થોડા દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના સંકોચ વડે તે થોડા દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા નાના શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના સંકોચ વડે તે નાના શરીરમાં વ્યાપે છે.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૩ ગુરુવાર]

આત્મા દેહમાત્ર કેવી રીતે છે તે બતાવે છે. કોઈ આત્માને સર્વવ્યાપક માને છે, કોઈ અંગૂઠા પ્રમાણ માને છે, કોઈ ચોખાના દાણા જેટલો માને છે તે બધી વિપરીત માન્યતા છે. આત્મા શરીરપ્રમાણ છે તે બતાવે છે.

જેવી રીતે પદ્મરાગ મણિ દૂધમાં નાખવાથી તેની પ્રભા દૂધના ક્ષેત્ર જેટલા ક્ષેત્રમાં પ્રસરે છે તેમ સંસારી જીવ પોતાના દેહમાં રહેલો દેહના બરાબર પ્રકાશ કરે છે. અહીં દૃષ્ટાંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વથા સરખું ન સમજવું. દૃષ્ટાંતમાં મણિરત્ન નાનું છે ને તેની પ્રભા દૂધમાં બધે દેખાય છે. તેમ આત્મા નાનો હોય ને શરીર મોટું હોય તેમ ન સમજવું. આત્મા શરીરપ્રમાણ છે. મણિરત્નની પ્રભા આખા દૂધમાં ફેલાય છે, તેમ આત્માની કાન્તિ આખા શરીરપ્રમાણ ફેલાયેલી છે, શરીરપ્રમાણ આત્માનું ક્ષેત્ર છે. પણ શરીર અને આત્મા એકમેક નથી. શરીર તો ભિન્ન ચીજ છે. જે કાંઈ દરદ થાય છે તે શરીરની અવસ્થામાં થાય છે. નખનો ભાગ કપાતાં ખટક ખટક થાય છે તે જડની પર્યાય છે. તે આત્માની અવસ્થા નથી, છતાં તે દરદ મને થયું એમ અજ્ઞાની કલ્પે છે, રોગ દુઃખનું કારણ નથી, શરીરની અવસ્થાને પોતાની માનવી તે માન્યતા દુઃખનું કારણ છે. જ્ઞાની જાણે છે કે તે શરીરની અવસ્થા છે, રોગ મને થતો નથી, હું તો જ્ઞાતા છું, આમ સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવનું ભાન નથી તેને શરીર સાથે એકત્વબુદ્ધિ છે ને તેને શરીરનો સંબંધ રહ્યા કરે છે.

**ભાવાર્થ :** પદ્મરાગ નામનું રત્ન દૂધથી ભરેલા વાસણમાં નાખવામાં આવે તો તે રત્નમાં એવો ગુણ છે કે તે પોતાની પ્રભાથી સમસ્ત દૂધને પોતાની પ્રભા બરાબર પ્રકાશમાન કરે છે. રત્નની પર્યાય અને દૂધની પર્યાય ભિન્ન છે. કોઈ પર્યાય બીજી પર્યાયનું કાંઈ પણ કરી શકતી નથી. તે પ્રમાણે સંસારી જીવ અનાદિ કાળથી વિકારથી મેલો થાય છે ને શરીર પ્રમાણે રહે છે. મિથ્યાત્વ એ જ મૂળ કષાય છે. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ ચૂકી પરનું કરી શકું છું, પુણ્ય, રાગ, નિમિત્તને પોતાનાં માનવાં એ બધો મિથ્યાત્વરૂપી સંસાર છે. વિષયોમાં આનંદની કલ્પના કરવી તે ભ્રાન્તિ છે. જીવ પર્યાયમાં મેલો થયો છે પણ તે એક સમય પૂરતો પર્યાયમાં થયો છે. વળી તે પ્રવાહે અનાદિથી મેલો છે. પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો એમ નથી. અનાદિ કાળથી જુદાં જુદાં શરીરો ધારણ કરી સંસારમાં રખડે છે, તે તે શરીરોમાં આત્મા પોતાના પ્રદેશો ફેલાવીને રહે છે, તેથી શરીરપ્રમાણ આત્મા રહે છે.

વળી જેવી રીતે રત્ન સહિત દૂધ અગ્નિના સંયોગથી ઊભરો આવતાં વધે છે, ને રત્નની પ્રભા વધે છે તથા અગ્નિનો સંયોગ ઓછો થવાથી ઊભરો બંધ થતાં રત્નની પ્રભા ઘટી જાય છે, તેવી રીતે પુષ્ટિકારક આહારથી શરીર વધતું જાય છે તેમ તેમ શરીરમાં રહેલા આત્માના પ્રદેશો વિસ્તાર પામે છે અને આહાર ઘટી જવાથી શરીર ઘટી જતાં આત્માના પ્રદેશો સંકોચ પામે છે. અહીં દૃષ્ટાંતમાં પણ દૂધ ઊભરો પામે કે ઊભરો બંધ થાય તે પોતાના કારણે છે. અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ શરીરનું નાનું–મોટું, જાડું–પાતળું થવું તે શરીરના કારણે છે, ખોરાક નિમિત્ત-માત્ર છે. શરીર પુષ્ટ થાય તો ખોરાક નિમિત્ત કહેવાય, અહીં શરીરનાં ક્ષેત્ર સાથે આત્માના ક્ષેત્રનો મેળ કેવો છે—તેટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવવો છે. આત્માના પ્રદેશો વિસ્તાર પામે અથવા સંકોચ પામે તે પોતાના કારણે પામે છે, શરીરના કારણે નહિ. જડનું કાર્ય જડમાં ને ચેતનનું કાર્ય ચેતનમાં થાય છે. કોઈને લીધે કોઈ નથી.

શરીરને લીધે આત્માની પહોળાઈ માનવી એ જ ભ્રમ છે. આત્માનો કર્તા ઈશ્વર તો નથી પણ કર્મને લીધે કે શરીરને લીધે આત્મામાં સંકોચ–વિસ્તાર થતો નથી. પણ પોતામાં સંકોચ–વિસ્તાર ગુણના કારણે તે નાનો–મોટો થયા કરે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલું એક હજાર જોજન લાંબું હોય છે. સાતમી નરકમાં પાંચસો ધનુષ્યનું શરીર હોય છે તો આત્મા તે પ્રમાણે હોય, નાનું શરીર ધારણ કરે ત્યારે નાનો થાય. એવી રીતે નાનાં-મોટાં શરીરો આ જીવે અનંતી વાર ધારણ કર્યાં છે ત્યાં પોતાના અસંખ્યપ્રદેશે રહીને શરીરપ્રમાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંકોચ–વિસ્તાર પોતાના કારણે થાય છે.

કેટલાક જીવોને નવાઈ લાગે કે આત્માના પ્રદેશો અસંખ્ય એટલા ને એટલા રહે ને પાછા સંકોચ–વિસ્તાર થાય આ શું ? રૂપી વસ્તુ જેવી કે ચામડામાં સંકોચ–વિસ્તાર થાય પણ અરૂપી આત્મામાં સંકોચ–વિસ્તાર ન હોય એમ અજ્ઞાની જીવો કહે છે. પણ એ વાત ખોટી છે, આત્મા અસંખ્યપ્રદેશે રહીને સંસારદશામાં સંકોચ–વિસ્તાર થાય તેવો તેનો સ્વભાવ છે, આમ જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જેવી રીતે તે મણિને ઘણા દૂધમાં નાખવામાં આવે તો પ્રભા વધીને બધા દૂધમાં વ્યાપી જાય છે તેમ મોટા શરીરને જીવ ધારણ કરે તો પોતાના આત્માના પ્રદેશોનો વિસ્તાર તે પ્રમાણે થાય છે, તથા જેવી રીતે તે રત્ન થોડા દૂધમાં નાખવામાં આવે તો તે પ્રભા સંકુચિત થઈને થોડા દૂધના ક્ષેત્ર જેટલી થઈ જાય છે તેવી રીતે આત્મા મોટા શરીરમાંથી નીકળી નાનું શરીર ધારણ કરે તો તેના પ્રદેશો સંકોચાઈને નાના શરીરપ્રમાણ થાય છે. માટે નક્કી થાય છે કે કર્મના નિમિત્તે આત્માની સંકોચ–વિસ્તારશક્તિના પ્રભાવથી જેવું શરીર ધારણ કરે તેવો તે સંકોચ–વિસ્તાર પામીને રહે છે. સ્વયંભૂરમણસમુદ્રમાં મગરમચ્છની ઉત્કૃષ્ટ અવગાહના હજાર જોજનની હોય છે. ને જઘન્ય અવગાહના અલબ્ધપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદના જીવની છે, જે એક શ્વાસમાં ૧૮ ભવ કરે છે. જે જીવ યથાર્થ વસ્તુસ્વરૂપને માનતા નથી ને તત્ત્વજ્ઞાનનો જોરથી વિરોધ કરે છે તે ક્રમે કરીને નિગોદ દશા પ્રાપ્ત કરે છે. બટાટાની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીરો હોય છે ને એક શરીરમાં અનંતા નિગોદના જીવો હોય છે. અત્યાર સુધીમાં જેટલા સિદ્ધો થયા તેના કરતાં અનંતગુણા જીવો નિગોદના તે એક શરીરમાં રહે છે. દરેક જીવે જુદા જુદા અનંત ભવો ધારણ કર્યા છે. એક ભવમાં ઘણી વિચિત્રતા દેખાય છે તો પછી અનંતા વિચિત્ર ભવોમાં અનંતી વિચિત્રતા વીતી ગઈ છે પણ આત્મા અખંડ ચિદાનંદ છે તેની શ્રદ્ધા કરતો નથી. શરીર, કર્મ ને વિકારથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની જે તીવ્ર વિરાધના કરે છે તે જીવનું જ્ઞાન રૂંધાઈ જાય છે ને તેના ફળમાં નિગોદ દશાને પ્રાપ્ત થાય છે, ને હું પૂર્ણ જ્ઞાનાનંદ છું એવા આત્માના ભાન સહિત જ્ઞાનસ્વભાવની ઉગ્ર આરાધના કરે તેને જ્ઞાનની વિકાસદશા થઈ કેવલજ્ઞાન થાય છે. જીવનો નિશ્ચયથી અશુદ્ધભાવ તે જ્ઞાનનો વિરોધ છે ને નિશ્ચયથી શુદ્ધભાવ તે જ્ઞાનનું આરાધન છે. બાકી ચાર ગતિઓ છે તે પુણ્ય–પાપની આરાધનાનું ફળ છે. ઉત્કૃષ્ટ શુભમાં દેવગતિ, મધ્યમ શુભમાં મનુષ્ય ગતિ, માયાના ફળમાં તિર્યંચ ગતિ ને તીવ્ર અશુભના ફળમાં નરક ગતિ મળે છે. નિશ્ચય-ગતિ બે—જ્ઞાનસ્વભાવની ઉત્કૃષ્ટ આરાધના તે સિદ્ધ ગતિ ને જ્ઞાનસ્વભાવની તીવ્ર વિરાધના તે નિગોદ.

**પ્રશ્ન** : નિગોદમાં દુઃખ દેખાતું નથી ને ?

**સમાધાન** : ત્યાં અનંત દુઃખ છે. કોઈ માણસ અસાધ્ય થઈ ગયો હોય પછી તેને ઘણી લાકડીઓ મારે તોપણ તેને તેનો ખ્યાલ આવતો નથી, પણ તેને દુઃખ તો ઘણું છે. તેમ નિગોદમાં ચૈતન્યસ્વભાવનું ભાન ચૂકી જતાં મૂઢતા ઘણી વધી ગઈ છે ને રાગ તથા શરીર સાથે એકત્વબુદ્ધિ ઘણી વધી ગઈ છે તેથી, ત્યાં અનંતું દુઃખ છે. ચક્રવર્તીના સુકુમાર કુંવરને જમશેદપુરની બળતી અગ્નિની ભઠ્ઠીમાં નાખે ને જે દુઃખ થાય તેના કરતાં અનંતગણું દુઃખ નિગોદના જીવને છે. તેણે તીવ્ર મિથ્યાત્વરૂપી ક્લોરોફોર્મ સૂંઘ્યું છે. જેમ કોઈ બેહોશ દરદીને કાંઈ ખબર રહેતી નથી પણ દુઃખ તો ઘણું છે તેમ નિગોદના જીવને ઘણું દુઃખ છે. જ્ઞાનનો ઉઘાડ ઘણો ઘટીને અક્ષરના અનંતમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાગે થઈ ગયો છે. મિથ્યાત્વનું સેવન કરનારને આવા ભવ મળે છે. અનંતવાર કર્મો બાંધ્યાં ને શરીર મળ્યાં. હવે તે મેલનો સંબંધ જોઈતો ન હોય તેણે સાચી સમજણ કરવી ને પોતાના આત્માનો મહિમા લાવવો. ૩૩.

હવે, એક શરીરથી બીજા શરીરમાં જીવ જાય તે વખતે જીવનું અસ્તિત્વ ને દેહથી તેનું જુદાપણું બતાવે છે તથા અન્ય દેહ ધારણ કરવાનું કારણ કહે છે.

---

**सव्वत्थ अत्थि जीवो ण य एक्को एक्ककाय एक्कट्ठो।**
**अज्झवसाणविसिट्ठो चिट्ठदि मलिणो रजमलेहिं॥ ३४॥**

**सर्वत्रास्ति जीवो न चैक एककाये ऐक्यस्थः।**
**अध्यवसानविशिष्टश्चेष्टते मलिनो रजोमलैः॥ ३४॥**

**તન તન ધરે જીવ, તન મહીં ઐક્યસ્થ પણ નહિ એક છે,**
**જીવ વિવિધ અધ્યવસાયયુત, રજમળમલિન થઈને ભમે. ૩૪**

**અન્વયાર્થ** : [जीवः] જીવ [सर्वत्र] સર્વત્ર (ક્રમવર્તી સર્વ શરીરોમાં) [अस्ति] છે [च] અને [एककाये] કોઈ એક શરીરમાં [ऐक्यस्थः] (ક્ષીરનીરવત્) એકપણે રહ્યો હોવા છતાં [न एकः] તેની સાથે એક નથી; [अध्यवसानविशिष्टः] અધ્યવસાયવિશિષ્ટ વર્તતો થકો [रजोमलैः मलिनः] રજમળ (કર્મમળ) વડે મલિન હોવાથી [चेष्टते] તે ભમે છે.

---

**तात्पर्यवृत्ति** : अत्र मिथ्यात्वशब्देन दर्शनमोहो रागादिशब्देन चारित्रमोह इति सर्वत्र ज्ञातव्यं। अथ वर्तमानशरीरवत् पूर्वापरशरीरसंतानेपि तस्यैव जीवस्यास्तित्वं देहात्पृथक्त्वं भवांतरगमनकारणं च कथयतिः–**सव्वत्थ अत्थि जीवो** सर्वत्र पूर्वापरभवशरीरसंताने य एव वर्तमानशरीरे जीवः स एवास्ति न चान्यो नवतर उत्पद्यते चार्वाकमतवत्। **ण य एक्को** निश्चयनयेन देहेन सह न चैकस्तन्मयः **एक्कगो य** अनुपचरितासद्भूतव्यवहारनयेनैकोपि भवति। कस्मादिति चेत्। **एक्कट्ठो** क्षीरनीरवदेकार्थोऽभिन्नो यस्मात् अथवा सर्वत्र देहमध्ये जीवोस्ति न चैकदेशे अथवा सूक्ष्मैकेन्द्रियापेक्षया सर्वत्र लोकमध्ये जीवसमूहोस्ति। स च यद्यपि केवलज्ञानादिगुणसादृश्येनैकत्वं लभते तथापि नानावर्णवस्त्रवेष्टितषोडशवर्णिका-सुवर्णराशिवत्स्वकीयस्वकीयलोकमात्रासंख्येयप्रदेशैर्भिन्न इति। भवांतरगमनकारणं कथ्यते। **अज्झवसाण-विसिट्ठो चेट्ठदि मलिणो रजमलेहिं** अध्यवसानविशिष्टः संश्चेष्टते मलिनो रजमलैः। तथाहि – यद्यपि शुद्धनिश्चयेन केवलज्ञानदर्शनस्वभावस्तथाप्यनादिकर्मबंधवशान्मिथ्यात्वरागाद्यध्यवसानरूपभावकर्मभिस्तज्जनक-द्रव्यकर्मद्रव्यकर्ममलैश्च वेष्टितः सन् भवांतरं प्रति शरीरग्रहणार्थं चेष्टते वर्तत इति। अत्र य एव देहाद्भिन्नोऽनंतज्ञानादिगुणः शुद्धात्मा भणितः स एव शुभाशुभसंकल्पविकल्पपरिहारकाले सर्वत्रप्रकारे-णोपादेयो भवतीत्यभिप्रायः॥ ३४॥

**समयव्याख्या : अत्र जीवस्य देहाद्देहांतरेऽस्तित्वं, देहात्पृथग्भूतत्वं, देहांतरसंचरणकारणं चोपन्यस्तम्। आत्मा हि संसारावस्थायां क्रमवर्तिन्यनवच्छिन्नशरीरसंताने यथैकस्मिन् शरीरे वृत्तः तथा क्रमेणान्येष्वपि शरीरेषु वर्तत इति तस्य सर्वत्रास्तित्वम्। न चैकस्मिन् शरीरे नीरे क्षीरमिवैक्येन स्थितोऽपि भिन्न-स्वभावत्वात्तेन सहैक इति तस्य देहात्मपृथग्भूतत्वम्। अनादिबंधनोपाधिविवर्तितविविधाध्यवसायविशिष्ट-त्वात्तन्मूलकर्मजालमलीमसत्वाच्च चेष्टमानस्यात्मनस्तथाविधाध्यवसायकर्मनिर्वर्तितेतरशरीरप्रवेशो भवतीति तस्य**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**देहांतरसंचरणकारणोपन्यास इति ॥ ३४ ॥**

**અનુવાદ : અહીં જીવનું દેહથી દેહાંતરમાં (એક શરીરથી અન્ય શરીરમાં) અસ્તિત્વ, દેહથી પૃથક્પણું અને દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે.**

**આત્મા સંસાર-અવસ્થામાં ક્રમવર્તી અચ્છિન્ન (અતૂટક) શરીરપ્રવાહને વિષે જેમ એક શરીરમાં વર્તે છે તેમ ક્રમથી અન્ય શરીરોમાં પણ વર્તે છે; એ રીતે તેને સર્વત્ર (સર્વ શરીરોમાં) અસ્તિત્વ છે. વળી કોઈ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક એકપણે રહ્યો હોવા છતાં, ભિન્ન સ્વભાવને લીધે તેની સાથે એક (તદ્રૂપ) નથી; એ રીતે તેને દેહથી પૃથક્પણું છે. અનાદિ બંધનરૂપ ઉપાધિથી વિવર્તન (પરિવર્તન) પામતા વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ હોવાને લીધે (અનેક પ્રકારના અધ્યવસાયવાળો હોવાને લીધે) તથા તે અધ્યવસાયો જેનું નિમિત્ત છે એવા કર્મસમૂહથી મલિન હોવાને લીધે ભમતા આત્માને તથાવિધ અધ્યવસાયો અને કર્મોથી રચાતા (તે પ્રકારના મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મો અને દ્રવ્યકર્મોથી રચાતા) અન્ય શરીરમાં પ્રવેશ થાય છે; એ રીતે તેને દેહાંતરમાં ગમન થવાનું કારણ કહેવામાં આવ્યું. ૩૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૩ ગુરુવાર]

આત્મા સંસારઅવસ્થામાં ક્રમવર્તી અનેક પર્યાયોમાં છે. ભવ એક સમયમાં બે ન હોય.

એક ભવ પછી બીજો ભવ હોય. પહેલું શરીર, પછી બીજું શરીર, પછી ત્રીજું શરીર એમ એક પછી એક શરીર ધારણ કરે છે, પણ બધામાં આત્મા એક છે. શરીર પલટતાં આત્મા પલટી જતો નથી. જેવી રીતે એક શરીરમાં આત્મા પ્રવર્તે છે તેવી રીતે બીજું શરીર ધારણ કરે ત્યારે બીજા શરીરમાં પ્રવર્તે છે એટલે રહે છે. એવી રીતે સમસ્ત શરીરોની પરંપરામાં તેનો તે જ જીવ રહે છે. નવો જીવ ઊપજતો નથી. ૧૬વલા સોનાની લગડી છે તેને જુદાં જુદાં વસ્ત્ર કાળાં, જીર્ણ, નવાં, સફેદ વગેરેમાં વીંટવામાં આવે ને તે લૂગડા ઉપર હરણનાં, સ્ત્રીનાં, પુરુષનાં, વાઘનાં એમ જુદાં જુદાં ચિત્રો હોય તોપણ તે સોનાની લગડી તે ચિત્રરૂપ અથવા કપડારૂપ થતી નથી. સોનું તે સોનું છે ને લૂગડું તે લૂગડું છે. તેવી રીતે આત્મા જ્ઞાનની લગડી છે, તેના ઉપર કાળું શરીર, ધોળું શરીર, જીર્ણ શરીર, ઢોરનું શરીર, નરકનું શરીર, નિગોદનું શરીર વીંટાળેલ છે પણ તેથી આત્મા શરીરરૂપ થઈ ગયો નથી. દરેક જીવ પોતપોતાના અસંખ્યપ્રદેશમાં પોતાના ગુણોથી ભરેલો છે, ને એક સમયની ભૂલવાળો છે. સ્ત્રી–પુરુષ વગેરેના આકારોથી વીંટાએલો હોવા છતાં સોનાની લગડીની જેમ આત્મા એવો ને એવો છે. દેહ અનંતા ને જુદા જુદા આકારના મળ્યા છતાં આત્મા અસંખ્યપ્રદેશી પોતાના ગુણોથી ભરેલો એવો ને એવો છે તે પ્રમાણે દરેક શરીરમાં તેવી રીતે પ્રવર્તે છે. નવો ઊપજતો નથી. એનો એ ભગવાન આત્મા છે. અજ્ઞાનભાવથી તેને ખબર નથી ને દેવરૂપે ઊપજતાં હું દેવ થઈ ગયો, માણસ થતાં હું માણસ થઈ ગયો—એમ શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે તેથી નવાં નવાં શરીર મલ્યાં કરે છે પણ જો પર્યાયબુદ્ધિ ટાળે ને સાચું જ્ઞાન કરે તો પોતા તરફ જોતાં દ્રવ્યબુદ્ધિ થતાં સંસાર ટળે છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૪ શુક્રવાર]

આ પંચાસ્તિકાય શાસ્ત્રમાં છ દ્રવ્યનું સ્વરૂપ બતાવે છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશ, કાળ—છ દ્રવ્યો સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે. તેમાં જીવદ્રવ્યનું વર્ણન ચાલે છે. જીવ પોતાના અસ્તિકાયને લીધે પ્રવર્તે છે, શરીરના કારણે પ્રવર્તતો નથી. જીવ એક પછી એક શરીર ધારણ કરે છે તેમાં તેનો તે જીવ છે, તે નવો ઊપજતો નથી.

વ્યવહારનયની અપેક્ષાથી શરીરમાં ક્ષીરનીરની જેમ એક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે એટલે કે એક ક્ષેત્રે દેખાય છે. દૂધ પાણીરૂપ થતું નથી, પાણી દૂધરૂપ થતું નથી, દૂધ ને પાણી જુદેજુદાં છે. તેવી રીતે શરીર ને આત્મા એક ક્ષેત્રે હોવા છતાં શરીર આત્મારૂપ થતું નથી ને આત્મા શરીરરૂપ થતો નથી. અથવા આત્માથી શરીર પ્રવર્તે કે શરીરથી આત્મા પ્રવર્તે એમ બનતું નથી. પણ વ્યવહારનયથી એક ક્ષેત્રે છે એમ કહેવાય છે તોપણ નિશ્ચયનયની અપેક્ષાથી આત્મા દેહથી કદી પણ એકમેક થયો નથી. આત્મા ને શરીર પોતપોતાના સ્વરૂપે જુદાં રહે છે. આમ ભાન કરે તો પોતા તરફ જોવાનું રહે છે. **વિકારી પર્યાય પોતાની પોતાના કારણે છે ને દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે—એમ પર્યાય ને દ્રવ્યનું જ્ઞાન થતાં પ્રમાણજ્ઞાન થાય છે ને પોતાના દ્રવ્ય તરફ વળતા સમ્યગ્દર્શન થાય છે.**

આત્મા દેહથી ભિન્ન હોવા છતાં જુદાં જુદાં શરીરોમાં જવાની ચેષ્ટા કેમ કરે છે? શરીર સાથેની એકત્વબુદ્ધિ સંસારનું કારણ છે. શરીર હોય તો ધર્મ થાય, હું છું તો શરીર ચાલે છે. શરીર, કર્મ, સ્ત્રી-કુટુંબ તે મારાં—એમ બીજાં પુદ્ગલોમાં ને જીવમાં મારાપણું માની મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ કરી જ્ઞાનાવરણાદિ કર્મો બાંધી સંસારમાં રખડે છે.

**ભાવાર્થ :** જોકે આત્મા શરીરાદિ પરદ્રવ્યથી જુદો છે તોપણ સંસારઅવસ્થામાં અનાદિ કર્મબંધનથી અનેક પ્રકારના વિભાવભાવ કરે છે. સંસારમાં કેમ રખડે છે? ચૈતન્યસ્વભાવ અસંગ છે તેની અસંગબુદ્ધિ છોડી જીવ પર સાથે સંગબુદ્ધિ કરે છે ને વિભાવભાવ કરે છે. પુણ્ય-પાપ બન્ને વિભાવ છે, તે વિભાવથી નવાં કર્મો બંધાય છે. તે નવાં કર્મોના ઉદયથી જીવ એક દેહથી બીજો દેહ ધારણ કરે છે. એ પ્રમાણે સંસારમાં રખડે છે. જીવ રખડે તો કર્મને નિમિત્ત કહેવાય છે.

પ્રથમ જીવે નક્કી કરવું જોઈએ કે મારા વિભાવથી હું રખડું છું ને તે વિભાવ મારા જીવાસ્તિકાયનો છે. તે વિભાવ કર્મનો અથવા બીજા જીવનો નથી તેમ જ બીજાને લીધે નથી. કર્મને લીધે વિકાર માને તો પુદ્ગલાસ્તિકાયને લીધે જીવાસ્તિકાય માન્યો કહેવાય. અહીંયાં શાસ્ત્રમાં જીવાસ્તિકાયનું સ્વરૂપ સ્વતંત્ર બતાવે છે. જીવાસ્તિકાયનાં દ્રવ્ય-ગુણ-પર્યાય (વિકારીપર્યાય કે અવિકારી) જીવાસ્તિકાયને લીધે છે ને પુદ્ગલાસ્તિકાયનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્ગલાસ્તિકાયને લીધે છે. આમ જીવ નિર્ણય કરે તો જીવને પોતાના અસ્તિકાય ઉપર જોવાનો પ્રસંગ રહે છે ને પર તરફથી દૃષ્ટિ ખસે છે.

વિકાર મારી પર્યાયમાં થાય છે ને તે એક સમય પૂરતો છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળી શુદ્ધ છે, તેમાં વિકાર નથી. વિકાર પર્યાયધર્મ છે, ત્રિકાળી દ્રવ્યનો તે ધર્મ નથી. આમ ત્રિકાળી શુદ્ધ સ્વભાવની અસ્તિની કબૂલાત કરતાં-ગુણગુણીની એકત્વબુદ્ધિ કરતાં ભેદજ્ઞાન થાય છે ને ક્રમે કરીને સંસારનો અભાવ થાય છે. ભગવાનને તેરમે ગુણસ્થાને વિભાવ છે તે ભગવાનના જીવાસ્તિકાયનો છે પણ અઘાતી કર્મને લીધે નથી. પુણ્ય, પાપ કે વિભાવભાવ નિમિત્તથી કે કર્મથી નથી. આમ પ્રથમ નિમિત્તથી તથા પરવસ્તુથી ભેદજ્ઞાન થાય છે ને વિકાર એક સમયનો છે, ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં નથી એમ નક્કી થતાં વિકારથી હું શુદ્ધજીવ જુદો છું એમ ભેદજ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાન થઈ વીતરાગતા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની જીવ માને છે કે હું બૈરાં–છોકરાંને નભાવું છું તે મૂઢતા છે. બૈરાં-છોકરાં જીવાસ્તિકાય છે, તે પોતાના કારણે નભે છે, તેનો આધાર તે જીવો છે. એક જીવાસ્તિકાયને લીધે બીજો જીવાસ્તિકાય નભે એમ માનનાર જુદાં દ્રવ્યને એક માને છે. તેવી રીતે અજ્ઞાની જીવ માને છે કે શરીરને હું નભાવું છું, આ લાકડીને હું હલાવું છું. શરીર પુદ્‌ગલઅસ્તિકાય છે તે તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાયથી ટકી રહ્યું છે. આ લાકડીના પરમાણુ તેના દ્રવ્ય–ગુણ–પર્યાયથી ટકે છે છતાં પુદ્‌ગલાસ્તિકાય જીવાસ્તિકાયને લીધે ટકે અથવા ફેરફાર થાય એમ માનવું તે મૂઢતા છે. નિગોદનો જીવ સંસારમાં રખડે છે તે પોતાના કારણે રખડે છે. કર્મને લીધે રખડતો નથી. કર્મપુદ્‌ગલો પોતાના કારણે ભેગાં થાય છે, જીવના કારણે ભેગાં થતાં નથી. જીવ પોતાના અસંખ્યપ્રદેશમાં પોતાના વીર્યની સ્ફુરણા કરે પણ તે વીર્યથી તે પરવસ્તુને લ્યે કે મૂકે તે માન્યતા અજ્ઞાન છે.

અહીં પંચાસ્તિકાય સિદ્ધ કરવા છે. આ લાકડી અથવા લાડવો તે અનંતા પરમાણુનો તે સમયનો અસ્તિકાય છે. તે અસ્તિકાય જીવને લીધે માનવો તે મૂઢતા છે. જીવના અસંખ્યપ્રદેશ, તેના ભાવો ને તેનું સમયસમયનું પરિણમન—એમ જીવનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જીવાસ્તિકાયને લીધે છે. તેમ પરમાણુ એકલો રહે અથવા સ્કંધરૂપ થાય તે દ્રવ્ય, તેનું ક્ષેત્ર, તેના સ્પર્શાદિ ગુણો ને તેની સમયસમયની અવસ્થા—એમ પુદ્‌ગલના ચારે બોલ પુદ્‌ગલાસ્તિકાયને લીધે છે.

એક મકાન બંધાય છે, તેમાં ઘણા પરમાણુ ભેગા થયા છે, તે તેના અસ્તિકાયના ધર્મને લીધે આવે છે ને જાય છે, કડિયાને લીધે ભેગા થતા નથી. જીવને લીધે શરીર ચાલે એમ માનવામાં આવે તો શરીરનો–પુદ્‌ગલનો પર્યાયધર્મ ઊડી જાય છે. લકવા વખતે ચાલવાની ઇચ્છા હોવા છતાં શરીર ચાલતું નથી, તે રૂપ તેનું તે સમયનું પરિણમન છે. એક સમય પણ જીવને લીધે ચાલતું નથી એમ નક્કી કરે તો ત્રિકાળ તેના વિના ચાલી રહ્યું છે એમ નક્કી થાય. જીવના વિકલ્પને લીધે શું પુદ્‌ગલાસ્તિકાય ભેગો થાય ? ઊંચો-નીચો થાય ? ન થાય. આમ નક્કી કરે તો જીવને પર સામે જોવાનું રહે નહિ, પણ પોતાની સામે જોવાનું રહે. પોતે જ્ઞાન કરે કે ઇચ્છા કરે તે પોતામાં કરે છે. ઇચ્છા એક સમયની છે ને જ્ઞાનસ્વભાવ ત્રિકાળી છે ને ત્રિકાળમાં ઇચ્છા નથી. આમ એક સમયની પર્યાયનું જ્ઞાન ને ત્રિકાળીનું જ્ઞાન કરે તો પરથી ભેદજ્ઞાન થઈ, વિકારથી જુદો પડી, ત્રિકાળી દ્રવ્યમાં ઠરે તે જ ધર્મ છે.

દરેક આત્મા પોતાનાં દ્રવ્ય–ગુણ–પર્યાયમાં પરિણમી રહ્યો છે છતાં તે વાત અજ્ઞાની સમજતો નથી. વળી કોઈ એમ પણ કહે છે કે આપણે રાગ ન કરીએ તો તે ચીજો ન થાય. એ પણ મૂઢતા છે. શું પરનાં કાર્યને તું અટકાવી શકે છે ? મંદિરની તથા બીજી પ્રવૃત્તિ ઘણી થાય છે ને તેથી હિંસા થાય છે માટે આપણે તેવા પ્રકારનો શુભભાવ ન કરવો ને બીજો રાગ કરવો તેથી પ્રવૃત્તિથી બચી જઈએ. આમ માનનાર મૂઢ છે. શું રાગ કરવાથી પરચીજની પર્યાય કરી શકે છે ને અમુક રાગ કરવાથી પરચીજની પર્યાયને અટકાવી શકે છે ? જગતના પરમાણુઓ અસ્તિરૂપે રહીને કાયરૂપે થયા કરે છે તેને કાયરૂપ થવું કે ન થવું તે આત્માના અસ્તિકાયના અધિકારની વાત નથી. માટે ધીરો થા ! પ્રવૃત્તિ કે નિવૃત્તિ બહારની જડની ક્રિયાને આધીન નથી. તું તારામાં ઘાલમેલ અને અજ્ઞાનની પ્રવૃત્તિ કરી રહ્યો છે. માટે પરનું અભિમાન છોડ. તું તારાથી છો, પર પરથી છે. તારે લીધે પર નથી ને પરને લીધે તું નથી. આમ પર સાથેની એકત્વબુદ્ધિ તોડે તો સંસાર તૂટે ને પર સાથે એકત્વબુદ્ધિ કરે તો સંસાર ચાલુ રહે છે. ૩૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે સિદ્ધ જીવોનો સ્વભાવ બતાવે છે તથા સિદ્ધને છેલ્લા દેહથી કિંચિત્ ન્યૂન શુદ્ધ પ્રદેશસ્વરૂપી દેહ કહે છે.

---

**जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स।**
**ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा ॥ ३५ ॥**

**येषां जीवस्वभावो नास्त्यभावश्च सर्वथा तस्य।**
**ते भवन्ति भिन्नदेहाः सिद्धा वाग्गोचरमतीताः ॥ ३५ ॥**

**જીવત્વ નહિ ને સર્વથા તદભાવ પણ નહિ જેમને,**
**તે સિદ્ધ છે–જે દેહવિરહિત વચનવિષયાતીત છે. ૩૫**

**અન્વયાર્થ :** [येषां] જેમને [जीवस्वभावः] જીવસ્વભાવ [પ્રાણધારણરૂપ જીવત્વ) [न अस्ति] નથી અને [सर्वथा] સર્વથા [तस्य अभावः च] તેનો અભાવ પણ નથી, [ते] તે [भिन्नदेहाः] દેહરહિત [वाग्गोचरम् अतीताः] વચનગોચરાતીત [सिद्धाः भवन्ति] સિદ્ધો (સિદ્ધભગવંતો) છે.

---

**तात्पर्यवृत्ति** : एवं मीमांसकनैयायिकसांख्यमतानुसारिशिष्यसंशयविनाशार्थं ''वेयणकसायवेगुव्वियो य मारणंतियो समुग्घादो। तेजो हारो छट्ठो सत्तमओ केवलीणं तु'' इति गाथाकथितसप्तसमुद्घातान् विहाय स्वदेहप्रमाणात्मव्याख्यानमुख्यत्वेन गाथाद्वयं गतं। अथ सिद्धानां शुद्धजीवत्वं अतीतशरीरप्रमाणाकाशव्यापकत्वादिति व्यवहारेण भूतपूर्वकन्यायेन किंचिन्न्यूनचरमशरीरप्रमाणं च व्यवस्थापयतिः—**जेसिं जीवसहाओ णत्थि** येषां कर्मजनितद्रव्यप्राणभावप्राणरूपो जीवस्वभावो नास्ति **ते होंति सिद्धा** ते भवन्ति सिद्धा इति संबंधः। यदि तत्र द्रव्यभावप्राणा न संति तर्हि बौद्धमतवत्सर्वथा जीवाभावो भविष्यतीत्याशंक्योत्तरमाह **अभावो य सव्वहा तत्थ णत्थि** शुद्धसत्ताचैतन्यज्ञानादिरूपशुद्धभावप्राणसहितत्वात्तत्र सिद्धावस्थायां सर्वथा जीवाभावोपि नास्ति च। सिद्धाः कथंभूताः। **भिण्णदेहा** अशरीरात् शुद्धात्मनो विपरीताः शरीरोत्पत्तिकारणभूताः मनोवचनकाययोगाः क्रोधादिकषायाश्च न संतीति भिन्नदेहा अशरीरा ज्ञातव्याः। पुनश्च कथंभूताः। **वचिगोयरमतीदा** सांसारिकद्रव्यप्राणभावप्राणरहिता अपि विजयंते प्रतपंतीति हेतोर्वचनगोचरातीतास्तेषां महिमास्वभावः अथवा सम्यक्त्वाद्यष्टगुणैस्तदंतर्गतानंतगुणैर्वा सहितास्तेन कारणेन वचनगोचरातीता इति। अथात्र यथा पर्यायरूपेण पदार्थानां क्षणिकत्वं दृष्ट्वातिव्याप्तिं कृतद्रव्यरूपेणापि क्षणिकत्वं मन्यते सौगतः तथेन्द्रियादिदर्शनप्राणसहितस्याशुद्धजीवस्याभावं दृष्ट्वा मोक्षावस्थायां केवलाद्यनंतगुणसहितस्य शुद्धजीवस्याप्यभावं मन्यत इति भावार्थः ॥ ३५ ॥

**समयव्याख्या : सिद्धानां जीवत्वदेहमात्रत्वव्यवस्थेयम्। सिद्धानां हि द्रव्यप्राणधारणात्मको मुख्यत्वेन जीवस्वभावो नास्ति। न च जीवस्वभावस्य सर्वथाभावोऽस्ति भावप्राणधारणात्मकस्य जीवस्वभावस्य मुख्यत्वेन सद्भावात्। न तेषां शरीरेण सह नीरक्षीरयोरिवैक्येन वृत्तिः, यतस्ते तत्संपर्कहेतुभूतकषाययोगविप्रयोगादतीतानंतरशरीरमात्रावगाहपरिणतत्वेऽप्यत्यंतभिन्नदेहाः। वाचां गोचरमतीतश्च तन्महिमा, यतस्ते लौकिकप्राणधारणमंतरेण शरीरसंबंधमंतरेण च परिप्राप्तनिरुपाधिस्वरूपाः सततं प्रतपंतीति ॥३५॥**

**અનુવાદ : આ, સિદ્ધોનાં (સિદ્ધભગવંતોનાં) જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા છે.**

**સિદ્ધોને ખરેખર દ્રવ્યપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવ મુખ્યપણે નથી; (તેમને) જીવસ્વભાવનો સર્વથા અભાવ પણ નથી, કારણ કે ભાવપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવનો મુખ્યપણે સદ્ભાવ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે. વળી તેમને શરીરની સાથે, નીરક્ષીરની માફક, એકપણે વૃત્તિ નથી; કારણ કે શરીરસંયોગના હેતુભૂત કષાય અને યોગનો વિયોગ થયો હોવાથી તેઓ અતીત અનંતર શરીરપ્રમાણ અવગાહે પરિણત હોવા છતાં અત્યંત દેહરહિત છે. વળી વચનગોચરાતીત તેમનો મહિમા છે; કારણ કે લૌકિક પ્રાણના ધારણ વિના અને શરીરના સંબંધ વિના, સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલા નિરુપાધિ સ્વરૂપ વડે તેઓ સતત પ્રતપે છે (પ્રતાપવંત વર્તે છે.). ૩૫**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૪ શુક્રવાર]

સિદ્ધ ભગવાનને પરમાનંદદશાનો અનુભવ હોય છે. તેને પાંચ ઈંદ્રિય, મન, વચન, કાય, શ્વાસ ને આયુ—એવા દસ પ્રાણ હોતા નથી. સંસારદશામાં જીવનમાં કારણરૂપ પ્રાણ સિદ્ધને હોતા નથી. વળી સર્વથા પ્રકારે પ્રાણનો અભાવ છે એમ પણ નથી. સત્તા, સુખ, ચૈતન્ય ને જ્ઞાનરૂપ પ્રાણ તેમને હોય છે. તેને લીધે તેઓ સદાય જીવી રહ્યા છે. તે સિદ્ધ ભગવંતો શરીરરહિત અમૂર્તિક છે, વચનાતીત છે. વચન દ્વારા તેમનો મહિમા થઈ શકે એમ નથી. જેમ નિગોદનો જીવ જીવાસ્તિકાય છે તેમ સિદ્ધ પણ જીવાસ્તિકાય છે. પર્યાયમાં ફેર છે. પણ પર્યાયમાં ફેર થવાથી બીજા પ્રકારનો જીવાસ્તિકાય થઈ જાય છે એમ નથી.

**ભાવાર્થ** : સિદ્ધાંતમાં બે પ્રકારના પ્રાણ કહ્યા છે. એક નિશ્ચય ને બીજા વ્યવહાર. તેમાંથી શુદ્ધ સત્તા, શુદ્ધ સુખ, ચૈતન્ય ને જ્ઞાન એમ ચાર નિશ્ચયપ્રાણ છે. તથા અશુદ્ધ ઈંદ્રિયાદિ, બળ વગેરે પ્રાણ છે તે વ્યવહારપ્રાણ છે. જેના દ્વારા જીવનું અસ્તિત્વ ટકે છે તેને પ્રાણ કહે છે. જીવમાં સંસારી અને સિદ્ધ એવા બે ભેદ છે. જે પાંચ ઈંદ્રિયો, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ ને આયુની યોગ્યતાથી જીવે છે તે સંસારી જીવ છે ને સત્તા, સુખ, ચૈતન્ય ને જ્ઞાન આદિ શુદ્ધ પ્રાણોથી જીવે છે તે સિદ્ધ છે. તે કારણથી સિદ્ધોને કથંચિત્ પ્રકારથી પ્રાણ છે ને કથંચિત્ નથી. નિશ્ચયપ્રાણ તેમનામાં છે, ને વ્યવહારપ્રાણ તેમનામાં નથી, તેમનામાં બિલકુલ અશુદ્ધતા નથી. સિદ્ધને ક્ષીરનીર સમાન દેહનો સંબંધ નથી. તેમને પ્રદેશોની અવગાહના છેલ્લા દેહથી કિંચિત્ ન્યૂન હોય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, સ્વચ્છત્વ વગેરે અનંતા ગુણોથી તેઓ બિરાજમાન છે ને તેમનો અપાર મહિમા છે. આત્માના અવિનાશી પદમાં અનંતકાળ સુધી તેઓ રહે છે. સંસાર કરતાં સિદ્ધનો કાળ અનંત અનંતગણો છે. તેના આનંદ ને પરિપૂર્ણતાની શી વાત કરવી ? પોતાના સ્વરૂપના અસંખ્યપ્રદેશના ખીલેલા પ્રવાહમાં તેઓ પોઢી રહ્યા છે. તે જીવાસ્તિકાયનું સ્વરૂપ કહ્યું.

આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે માટે સિદ્ધ લોકાગ્રે બિરાજે છે એમ અહીં કહ્યું નથી. તે પદાર્થો નિમિત્ત છે પણ નિમિત્તને લીધે ઉપાદાન નથી. આ જગતમાં કેટલાક જીવો માત્ર જીવને માને છે ને બીજાં પાંચ દ્રવ્યોને માનતા નથી, કોઈ કાળને માનતા નથી, કોઈ છ દ્રવ્યોને માને પણ એકબીજાને પરાધીન માને તે ભ્રમણા છે. બીજા દ્રવ્યથી કાર્ય માને તો બધું એક થઈ જાય છે ને બીજાં દ્રવ્યો ન માને તો બધું એક થઈ જાય છે. માટે છ દ્રવ્યો જેમ છે તેમ સ્વતંત્ર માનવાં જોઈએ.

સ્વતંત્રતાનું જ્ઞાન કરાવી બીજી ચીજનું જ્ઞાન કરાવે છે. જીવ વિકાર કરવામાં કે અવિકારી સિદ્ધ થવામાં સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે. ૩૫.

હવે, કારણકાર્ય સંસારી જીવને હોય છે તેવો કાર્યકારણભાવ સિદ્ધને નથી એમ બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो सिद्धो ।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि ॥ ३६ ॥**

**न कुतश्चिदप्युत्पन्नो यस्मात् कार्यं न तेन सः सिद्धः ।**
**उत्पादयति न किंचिदपि कारणमपि तेन न स भवति ॥ ३६ ॥**

ઊપજે નહીં કો કારણે તે સિદ્ધ તેથી ન કાર્ય છે,
ઉપજાવતા નથી કોઈ પણ તેથી ન કારણ પણ ઠરે. ૩૬

**અન્વયાર્થ :** [यस्मात् सः सिद्धः] તે સિદ્ધ [कुतश्चित् अपि] કોઈ (અન્ય) કારણથી [न उत्पन्नः] ઊપજતા નથી [तेन] તેથી [कार्यं न] કાર્ય નથી, અને [किंचित् अपि] કાંઈ પણ (અન્ય કાર્યને) [न उत्पादयति] ઉપજાવતા નથી [तेन] તેથી [सः] તે [कारणम् अपि] કારણ પણ [न भवति] નથી.

---

**तात्पर्यवृत्ति :** अथ सिद्धस्य कर्मनोकर्मापेक्षया कार्यकारणाभावं साधयति, – **ण कदाचिवि उप्पण्णो** संसारिजीववन्नरनारकादिरूपेण क्वापि काले नोत्पन्नः, **जम्हा** यस्मात्कारणात् **कज्जं ण तेण सो सिद्धो** तेन कारणेन कर्मनोकर्मापेक्षया स सिद्धः कार्यं न भवति **उप्पादेदि ण किंचिवि** स्वयं कर्मनोकर्मरूपं किमपि नोत्पादयति **कारणमिह तेण ण सो होदि** तेन कारणेन स सिद्धः इह जगति कर्मनोकर्मापेक्षया कारणमपि न भवतीति । अत्र गाथासूत्रे य एव शुद्धनिश्चयेन कर्मनोकर्मापेक्षया कार्यकारणं च न भवति स एवानंतज्ञानादिसहितः कर्मोदयजनितनवतरकर्मादानकारणभूतमनोवचनकायव्यापारनिवृत्तिकाले साक्षादुपादेयो भवतीति तात्पर्यं ॥ ३६ ॥

**समयव्याख्या : सिद्धस्य कार्यकारणभावनिरासोऽयम् । यथा संसारी जीवो भावकर्मरूपयात्मपरिणामसंतत्या द्रव्यकर्मरूपया च पुद्गलपरिणामसंतत्या कारणभूतया तेन तेन देवमनुष्यतिर्यग्नारकरूपेण कार्यभूत उत्पद्यते न तथा सिद्धरूपेणापीति । सिद्धो ह्युभयकर्मक्षये स्वयमुत्पद्यमानो नान्यतः कुतश्चिदुत्पद्यत इति । यथैव च स एव संसारी भावकर्मरूपामात्मपरिणामसंततिं द्रव्यकर्मरूपां च पुद्गलपरिणामसंततिं कार्यभूतां कारणभूतत्वेन निर्वर्तयन् तानि तानि देवमनुष्यतिर्यग्नारकरूपाणि कार्याण्युत्पादयत्यात्मनो न तथा सिद्धरूपमपीति । सिद्धो ह्युभयकर्मक्षये स्वयमात्मानमुत्पादयन्नान्यत्किञ्चिदुत्पादयति ॥ ३६ ॥**

**અનુવાદ :** આ, સિદ્ધને કાર્યકારણભાવ હોવાનો નિરાસ છે (અર્થાત્ સિદ્ધભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ–ખંડન છે).

જેમ સંસારી જીવ કારણભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ વડે તે તે દેવ–મનુષ્ય–તિર્યંચ–નારકના રૂપે કાર્યભૂતપણે ઊપજે છે, તેમ સિદ્ધરૂપે પણ ઊપજે છે એમ નથી; (અને) સિદ્ધ (સિદ્ધભગવાન) ખરેખર, બંને કર્મનો ક્ષય હોતાં, સ્વયં (સિદ્ધપણે) ઊપજતા થકા અન્ય કોઈ કારણથી (ભાવકર્મથી કે દ્રવ્યકર્મથી) ઊપજતા નથી.

વળી જેમ તે જ સંસારી(જીવ)કારણભૂત થઈને કાર્યભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ રચતો થકો કાર્યભૂત એવાં તે તે દેવ–મનુષ્ય–તિર્યંચ–નારકનાં રૂપો પોતાને વિષે ઉપજાવે છે, તેમ સિદ્ધનું રૂપ પણ (પોતાને વિષે) ઉપજાવે છે એમ નથી; (અને) સિદ્ધ ખરેખર, બન્ને કર્મનો ક્ષય હોતાં, સ્વયં પોતાને (સિદ્ધપણે) ઉપજાવતા થકા અન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ પણ (ભાવ–દ્રવ્ય–કર્મસ્વરૂપ કે દેવાદિસ્વરૂપ કાર્ય) ઉપજાવતા નથી. ૩૬.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૪ શુક્રવાર]

કોઈ પર વસ્તુથી સિદ્ધ જીવ ઊપજતો નથી, કર્મના ટળવાથી સિદ્ધદશા થતી નથી, પણ પોતાના પુરુષાર્થથી સિદ્ધદશા થાય છે. કર્મનું કે નોકર્મનું કાર્ય સિદ્ધ નથી. તેમ જ સિદ્ધને કર્મ કે નોકર્મ નિમિત્તરૂપે પણ નથી. જો કર્મના અભાવને લીધે સિદ્ધ થયા એમ માનવામાં આવે તો સિદ્ધ સાદિ અનંતકાળ સુધી ટકે છે ત્યાં અનંતકાળ સુધી તેનું કારણ કોણ ? આ લાકડી વાંસલાથી થઈ છે એમ માનવામાં આવે તો લાકડી દસ વર્ષ સુધી ટકે છે તેનું કારણ કોણ ? વર્તમાનમાં પણ તેને વાંસલાનું નિમિત્ત નથી. લાકડીને વાંસલાનું નિમિત્ત તો એક સમય છે. પાંચ–દસ વર્ષ સુધી વાંસલા વિના તે ટકી રહે છે એમ પ્રત્યક્ષ દેખાય છે તો પહેલે સમયે પણ વાંસલા વિના જ લાકડી બની છે. તેવી રીતે સિદ્ધદશા સાદિ અનંત કાળ સુધી પોતાના કારણે, કર્મના અભાવરૂપી કારણ વિના ટકી રહી છે તો પહેલે સમયે પણ સિદ્ધદશા કર્મના અભાવરૂપી કારણ વિના થયેલ છે માટે સિદ્ધને કોઈ કારણ નથી એમ સાબિત થાય છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૫ શનિવાર]

જુઓ, અહીં સિદ્ધસ્વરૂપનું વર્ણન ચાલે છે. સંસારભાવ પણ પોતાથી ઉત્પન્ન થાય છે ને સિદ્ધપણું પણ પોતાથી ઉત્પન્ન થાય છે. કોઈ શરીર, કર્મ, ક્ષેત્ર, કાળની અપેક્ષાથી સિદ્ધપણું ઉત્પન્ન થાય એવું નથી. તે બાહ્ય કારણનું કાર્ય નથી પણ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ ચિદાનંદ કારણપરમાત્મા છે તેનું કાર્ય સિદ્ધપદ છે.

સંસારી જીવ પોતાની ભૂલથી અજ્ઞાન, રાગ, દ્વેષ કરે છે ને તેનું કાર્ય ચાર ગતિ છે. પણ સિદ્ધ ભગવાનને કોઈ પ્રકારનું સંસારસંબંધી કારણ–કાર્ય ઘટી શકે નહિ. કોઈ કહે કે સિદ્ધપરમાત્મા મહાન થયા પણ જો તેઓ જગતના કોઈ કાર્યના કારણ ન હોય તો તે શું કામના ? તો તેમ માનનાર સિદ્ધદશાને સમજતો નથી. તેઓ રાગાદિ, કર્મ અને શરીરને કોઈ કાળે પણ ઉપજાવતા નથી.

સંસારીજીવ રાગ–દ્વેષ, પુણ્ય–પાપને ઉપજાવી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે, નવા કર્મનું કારણ પણ થાય છે ને તેનું કાર્ય સંસારપરિભ્રમણ છે. તે યોગ્યતારૂપ તે તે જીવનો પોતાનો સ્વભાવ છે, સિદ્ધનો એવો સ્વભાવ નથી.

સંસારીજીવ અનાદિકાળથી પુદ્‌ગલકર્મના સંબંધરૂપ કારણને પામીને મિથ્યાત્વ રાગાદિરૂપે પરિણમે છે. તે પોતાના પુરુષાર્થથી છે. કર્મ તો તેમાં નિમિત્તમાત્ર છે. એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ સંસારદશામાં છે પણ સિદ્ધદશામાં નથી.

સંસારમાં પ્રથમ નિમિત્ત કર્મ ને પછી નૈમિત્તિક રાગાદિ એવું કારણ–કાર્ય નથી. આગળ–પાછળ કાળ નથી, સ્વતંત્ર એક સમયનો સ્વયંસિદ્ધ મેળ છે. પર્યાયમાં પણ પોતે પ્રસિદ્ધ સ્વયંસિદ્ધ સ્વતંત્ર કર્તા છે, તે વખતે કેવું નિમિત્ત હોય છે તે જ્ઞાન કરવા માટે છે. જીવ વિકારી પરિણામ કરે છે તે કાર્ય વખતે જડકર્મની પરિણતિ નિમિત્તકારણ છે. જેને સ્વતંત્ર પરિણમનની ખબર નથી તે અજ્ઞાની જીવને આવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે. તેથી જડકર્મ સંસારભ્રમણ કરનારને ભાવકર્મ (રાગાદિ)નું કારણ છે અને જીવની અશુદ્ધપરિણતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાર્ય છે. જીવની વિભાવપરિણતિ છે તે નવાં કર્મનું કારણ છે અને જ્ઞાનાવરણાદિ આઠ કર્મ તથા ચાર ગતિના શરીરનો સંયોગ તે કાર્ય છે. એવું સિદ્ધ ભગવાનને નથી.

અશુદ્ધ નિશ્ચયનયથી જીવ રાગાદિનો ઉત્પાદક છે. સમય સમયની અશુદ્ધતા નવા કર્મનું નિમિત્ત થાય છે અને બંધાયેલાં જૂનાં કર્મ અજ્ઞાની જીવે નવા રાગાદિનું કારણ થાય છે. એમ એક સમયમાત્રની સ્થિતિવાળો સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આવી વાત વીતરાગદર્શન વિના અન્યમતમાં નથી.

આત્મા ત્રિકાળ ચિદાનંદ શુદ્ધ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયમાં પણ શક્તિરૂપે ત્રિકાળ પૂર્ણ શુદ્ધ છે, પણ સંસારદશામાં વર્તમાન ઉત્પાદરૂપ પર્યાયમાં વિકારનું સ્વતંત્ર કર્તાપણું છે. જીવ નવો નવો વિકાર કરે છે તો જૂનાં કર્મના ઉદયને નિમિત્તકારણ કહેવાય છે. નિમિત્ત ઉપરની દૃષ્ટિ છોડી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ કરી અંતર્મુખ થાય તો સંસારદૃષ્ટિ ન થાય અને ચારિત્રમાં જેટલા અંશે સ્વસન્મુખ વીતરાગ થાય તેટલો મોક્ષ નજીક થાય.

સંસારમાં અને મોક્ષમાં જીવ સ્વતંત્ર છે છતાં સંસારી પ્રાણીને વિકારી દશા છે, તેથી વ્યવહાર કારણ–કાર્ય સંબંધ બતાવે છે. નિશ્ચયથી તો જીવ પોતાની યોગ્યતાથી વિકારી અવસ્થારૂપે પરિણમે ત્યારે સામી ચીજને નિમિત્ત કહેવાય. નિમિત્ત તો નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે.

સંસારીજીવને વિકારી પરિણામની ઉત્પત્તિ પણ નિશ્ચયથી જીવનો પર્યાયધર્મ છે. તેની ઉત્પત્તિ કર્મ વડે થતી નથી પણ જીવ રાગાદિ કરે છે તો કર્મને નિમિત્તકારણ કહેવાય છે.

સમયસારમાં રાગાદિને અભૂતાર્થ કહેલ છે. ને દ્રવ્યદૃષ્ટિનો વિષય ચિદાનંદ અખંડ ધ્રુવ છે તેને ભૂતાર્થ કહેલ છે. મોક્ષમાર્ગ, મોક્ષપર્યાય તે પણ એક સમયની પર્યાય છે. તે દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી તેથી ભેદને ગૌણ કરી વ્યવહાર કહી અભૂતાર્થ કહેલ છે અને ત્રિકાળ અભેદ સ્વભાવને મુખ્ય કરીને તેને ભૂતાર્થ કહેલ છે.

ત્યારે અહીં જીવની એક સમયની વિકારી પર્યાયને પણ ભૂતાર્થ કહેલ છે; કેમકે અહીં પ્રમાણજ્ઞાનનો વિષય બતાવવો છે. જીવ વર્તમાન વિભાવરૂપ પોતે પરિણમે છે તે છતો ભાવ છે અને વિકારીપર્યાયમાં સામે નિમિત્ત છે તે પણ છતું–સત્યાર્થ છે.

જેને નિશ્ચય શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ અને સ્વ–પરપ્રકાશક સમ્યગ્જ્ઞાન થયું તે કહે છે કે પર્યાયમાં વિકાર અને તેમાં કર્મ નિમિત્ત છે. એમ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. એટલું નક્કી કર્યા વિના વિકાર અભૂતાર્થ છે એમ જાણી શકે નહિ. એટલે કે ક્ષણિક વિકાર છે તે ત્રિકાળ સ્વભાવમાં નથી, અર્થાત્ અભૂતાર્થ છે એમ નક્કી કરી શકે નહિ.

નિમિત્ત અને વિકાર પર્યાય અપેક્ષાએ વિદ્યમાન છે. છે તેને ઉડાવે તો દૃષ્ટિ સાચી થાય નહિ, વ્યવહારકારણ–કાર્યનું યથાર્થ જ્ઞાન કર્યા વિના પર્યાય સ્વતંત્ર સિદ્ધ ન થાય અને પર્યાયમાં વિકાર–અવિકારની સ્વતંત્રતા સ્વીકાર્યા વિના ક્ષણિક વિકારનો નિષેધ કરી ત્રિકાળ અવિકારની દૃષ્ટિ થઈ શકે નહિ.

કર્મથી વિકાર થાય છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે પણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગનું કંપન સ્વયંસિદ્ધ પોતાથી—જીવથી થાય છે, તે નિશ્ચયથી જીવમાં થાય છે એમ જાણે તો વ્યવહારથી કર્મ કારણ કહેવાય છે.

શરીરની રચના નિશ્ચયથી શરીરના રજકણોને કારણે થાય છે અને રાગી જીવનો રાગ વ્યવહારે કારણ છે. તે વાત પર્યાયમાં વ્યવહારે સત્યાર્થ છે, પણ તેથી કોઈ પરસ્પર પરાધીનપણું માને તો તે મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્ત વિના વિકાર થાય તો તે સ્વભાવ થઈ જાય, પણ જીવમાં વિકારભાવની યોગ્યતા છે તેથી વિકાર થાય છે ને તે વખતે સામે કર્મ નિમિત્તરૂપે હોય છે.

જેને પરમાનંદ ભૂતાર્થ સ્વભાવનો પૂર્ણ આશ્રય છે એવા સિદ્ધભગવાન પોતાના પરિપૂર્ણ પરમાનંદને ઉપજાવે છે. કોઈ કાળે સંસારભાવને તેઓ ઉપજાવતા નથી, સદા પોતાના શુદ્ધ સ્વરૂપને જ ઉપજાવે છે. બીજું કાંઈ ઉપજાવતા નથી.

હવે કોઈ બૌદ્ધમતી જીવનો સર્વથા અભાવ થવો તેને જ મોક્ષ માને છે, તેનો નિષેધ કરે છે. જૈન નામ ધરાવનારા પણ અનિત્ય બૌદ્ધમાન્યતા ધરાવે છે કે ફલાણા મરીને અનંતમાં ભળી ગયા, પણ એવું છે નહિ. અહીં સંસારમાં દુઃખ ભોગવવામાં સ્વતંત્ર છે ને ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરી મોક્ષદશા પ્રગટ કરી ત્યાં અનંતમાં ભળી જાય ને પોતાની જુદી સત્તાનો નાશ થાય—એમ બને નહિ. ૩૬.

---

**सस्सदमध उच्छेदं भव्वमभव्वं च सुण्णमिदरं च।**
**विण्णाणमविण्णाणं ण वि जुज्जदि असदि सब्भावे॥ ३७॥**

**शाश्वतमथोच्छेदो भव्यमभव्यं च शून्यमितरच्च।**
**विज्ञानमविज्ञानं नापि युज्यते असति सद्भावे॥ ३७॥**

**સદ્‌ભાવ જો નહિ હોય તો ધ્રુવ, નાશ, ભવ્ય, અભવ્ય ને**
**વિજ્ઞાન, અણવિજ્ઞાન, શૂન્ય, અશૂન્ય – એ કંઈ નવ ઘટે. ૩૭**

**અન્વયાર્થ :** [सद्भावे असति] જો (મોક્ષમાં જીવનો) સદ્‌ભાવ ન હોય તો [शाश्वतम्] શાશ્વત [अथ उच्छेदः] નાશવંત, [भव्यम्] ભવ્ય (થવાયોગ્ય), [अभव्यम् च] અભવ્ય (નહિ થવા યોગ્ય), [शून्यम्] શૂન્ય, [इतरत् च] અશૂન્ય, [विज्ञानम्] વિજ્ઞાન અને [अविज्ञानम्] અવિજ્ઞાન [न अपि युज्यते] (જીવદ્રવ્યને વિષે) ન જ ઘટે. (માટે મોક્ષમાં જીવનો સદ્‌ભાવ છે જ.)

---

**तात्पर्यवृत्ति** : अथ जीवाभावो मुक्तिरिति सौगतमतं विशेषेण निराकरोतिः – **सस्सदमधमुच्छेदं** सिद्धावस्थायां तावट्टंकोत्कीर्णज्ञायकैकरूपेणाविनश्वरत्वाद्‌द्रव्यरूपेण शाश्वतस्वरूपमस्ति अथ अहो पर्यायरूपेणागुरुलघुकगुणषट्स्थानगतहानिवृद्ध्यपेक्षयोच्छेदोस्ति **भव्वमभव्वं च** निर्विकारचिदानंदैकस्वभावपरिणामेन भवनं परिणमनं भव्यत्वं अतीतमिथ्यात्वरागादिविभावपरिणामेनाभवनमपरिणमनमभव्यत्वं। **सुण्णमिदरं च** स्वशुद्धात्मद्रव्यविलक्षणेन परद्रव्यक्षेत्रकालभावचतुष्टयेन नास्तित्वं शून्यत्वं निजपरमात्मानुगतस्वद्रव्यक्षेत्रकालभावरूपेणेतरश्चाशून्यत्वं **विण्णाणमविण्णाणं** समस्तद्रव्यगुणपर्यायैकसमयप्रकाशनसमर्थसकलविमलकेवलज्ञानगुणेन विज्ञानं विनष्टमतिज्ञानादिछद्मस्थज्ञानेन परिज्ञानादविज्ञानमिति **णवि जुज्जदि असदि सब्भावे** इदं तु नित्यत्वादिस्वभावगुणाष्टकमविद्यमानजीवसद्भावे मोक्षे न युज्यते न घटते तदस्तित्वादेव ज्ञायते मुक्तौ शुद्धजीवसद्भावोस्ति। अत्र स एवोपादेय इति भावार्थः॥ ३७॥

**समयव्याख्या : अत्र जीवाभावो मुक्तिरिति निरस्तम्। द्रव्यं द्रव्यतया शाश्वतमिति, नित्ये द्रव्ये पर्यायाणां प्रतिसमयमुच्छेद इति, द्रव्यस्य सर्वदा अभूतपर्यायैः भाव्यमिति, द्रव्यस्य सर्वदा भूतपर्यायैरभाव्यमिति, द्रव्यमन्यद्रव्यैः सदा शून्यमिति, द्रव्यं स्वद्रव्येण सदाऽशून्यमिति, क्वचिज्जीवद्रव्येऽनंतं ज्ञानं क्वचित्सांतं ज्ञानमिति, क्वचिज्जीवद्रव्येऽनंतं क्वचित्सांतमज्ञानमिति – एतदन्यथानुपपद्यमानं मुक्तौ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीवस्य सद्भावमावेदयतीति ॥ ३७ ॥**

**અનુવાદ : અહીં, 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે.**

**(૧) દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે, (૨) નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે, (૩) દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (થવાયોગ્ય, પરિણમવાયોગ્ય) છે, (૪) દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય (નહિ થવા યોગ્ય) છે, (૫) દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે, (૬) દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે, (૭) કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન અને કોઈકમાં સાંત જ્ઞાન છે, (૮) કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને કોઈકમાં સાંત અજ્ઞાન છે—આ બધું, અન્યથા નહિ ઘટતું થકું, મોક્ષમાં જીવના સદ્ભાવને જાહેર કરે છે. ૩૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૫ શનિવાર]

(૧) **અવિનાશી સ્વભાવ** : સંસારમાં આત્માની પર્યાય અશુદ્ધતાપણે પલટે છે અને મોક્ષ થતાં શુદ્ધપણે પલટે છે, પણ દ્રવ્યનો નાશ થતો નથી. જેમ સુવર્ણ શુદ્ધ થાય તેમ જીવ દ્રવ્યપણે ટકીને અશુદ્ધઅવસ્થાથી મુક્ત થાય છે ને પરમાનંદયુક્ત થાય છે.

અન્યમતી કહે છે કે જેમ દીપકમાંથી ધુમાડાનો નાશ કરવો હોય તો દીપક ઓલવી નાખવો પડે, તેમ જીવમાંથી રાગ–દ્વેષરૂપી ધુમાડાનો નાશ કરવો હોય તો જ્ઞાનનો નાશ કરી નાખો તો જાણવારૂપ ઉપાધિનો નાશ થઈ જશે, તેનું નામ તે મોક્ષ માને છે; તો તેમ નથી.

જૈન કહે છે કે પર્યાયમાંથી અશુદ્ધતાનો નાશ થયો તેથી ત્રિકાળ જીવસત્તા જે અનંતગુણનો પિંડ છે તેનો નાશ થતો નથી. મોક્ષમાં અવિનાશી સુખરૂપ શાશ્વત સત્તારૂપે જીવ રહે છે. સિદ્ધ થતાં ચૈતન્યસત્તાનો વિકાસ થયો છે, અભાવ થયો નથી. જીવનો નાશ થતો નથી, પર્યાયનો નાશ અર્થાત્ બદલવું થાય છે, તે જીવસત્તા વિના બની શકે નહિ.

(૨) **વિનાશી વ્યયભાવ** : જો મોક્ષમાં જીવદ્રવ્યનો જ અભાવ થાય તો સંસારમાં સમયે સમયે પર્યાયનો નાશ થાય છે. છતાં જીવનો નાશ થતો નથી અને સિદ્ધ ભગવાનમાં સર્વથા નાશ કેમ બને ? ન જ બને. માત્ર સમયે સમયે પર્યાય બદલે છે. દ્રવ્ય તો ત્રિકાળ રહે છે. જો મોક્ષમાં જીવ નિત્ય ન હોય તો અનિત્ય પર્યાયધર્મ કોનો ? મુક્તદશામાં કેવળજ્ઞાન પણ અનિત્ય અર્થાત્ એક સમયનું છે. એટલે કે સમયે સમયે તેનું પલટવું થાય છે એવો જ સ્વભાવ છે. શાશ્વત અને અશાશ્વત બન્ને થઈને આખી વસ્તુ છે. એમ સિદ્ધમાં પણ દ્રવ્ય-અપેક્ષાએ અવિનાશીપણું અને પર્યાય અપેક્ષાએ વિનાશીપણું (છે). આ બોલ થયા.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૬ રવિવાર]

સિદ્ધ પરમાત્મા શરીર રહિત થયા તે જીવદ્રવ્યપણે રહીને થયા છે. જીવનો નાશ થતો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અનંતા ગુણોનો પિંડ ને સમય–સમયની અવસ્થાનું થવું એવો જીવાસ્તિકાય છે. એવું ભાન થઈને સિદ્ધદશા થાય છે. સિદ્ધમાં આત્મા છે. આત્મા ન હોય તો અવિનાશીપણું બને નહિ ને દ્રવ્યની નાસ્તિ હોય તો સમય–સમયનું વિનાશીપણું પણ સંભવે નહિ. એટલે સિદ્ધમાં દ્રવ્ય અપેક્ષાએ અવિનાશીપણું ને સમય–સમયની અવસ્થાની અપેક્ષાએ વિનાશીપણું છે. એમ બે બોલ થઈ ગયા છે. હવે સિદ્ધમાં ભવ્યભાવ કહે છે.

(૩) **ભવ્યભાવ** : આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવું ભાન કરી અંતરમાં સંપૂર્ણપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઠરી જતાં શુદ્ધભાવો પ્રગટ થયા તે ભાવોનું સમયે સમયે નવું નવું પરિણમન થાય છે. ભવી જીવોને ભવ્યભાવ હોય તે વાત અહીં નથી. પરમાનંદ દશાનું નવી નવી અવસ્થારૂપે થવું તે ભવ્યભાવ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંત વીર્યરૂપ નવી નવી અવસ્થા થાય છે તે ભવ્યભાવ છે. જો સિદ્ધદશામાં આત્મા ન હોય તો ભવ્યભાવ ન હોઈ શકે ને ભવ્યભાવ ન હોય તો સિદ્ધ આત્મા ન હોઈ શકે. માટે ભવ્યભાવવાળો સિદ્ધ આત્મા ઉપાદેય છે એમ તું શ્રદ્ધા કર.

(૪) **અભવ્યભાવ :** અભવી જીવો મોક્ષને લાયક નથી તે અભવ્યપણાની અહીં વાત નથી. આત્માનું શુદ્ધ ભાન કરી, પરમાનંદ દશા પ્રગટ કરી, વિકારનું ને મલિનતાનું ન થવું તેને અભવ્યભાવ કહે છે. સિદ્ધ કદી પણ અશુદ્ધ થતા નથી. તેનું શું કારણ ? કર્મનો અભાવ થયો માટે ? ના. અશુદ્ધરૂપે ન થવું તે પણ તેનો અભવ્યભાવરૂપી ધર્મ છે. કર્મ જડ છે, કર્મથી સંસાર નથી ને કર્મના અભાવથી મોક્ષ નથી. કર્મના અભાવથી મોક્ષ થાય છે ને તે જીવ સંસારમાં આવતા નથી એ નિમિત્તનું કથન છે. ખરેખર અશુદ્ધતારૂપે ન થવું તે સિદ્ધનો પોતાનો ઉપાદાનભાવ છે. જે જીવો સિદ્ધ થયા તેમાં આત્મા કાયમ ન રહેતો હોય તો ભવ્ય–અભવ્ય ભાવ કોનામાં રહેશે ? મુક્તિ કોની ? માટે નક્કી થાય છે કે ત્યાં આત્મા કાયમ રહે છે ને આ બન્ને ભાવો સિદ્ધને હોય છે

(૫) **શૂન્યભાવ :** સિદ્ધમાં પરદ્રવ્યથી ખાલીપણું છે. સંસારી જીવ પણ પરથી ખાલી છે. શરીર, કર્મ વગેરે પરપદાર્થનો સિદ્ધમાં અભાવ છે. સિદ્ધ ભગવાન તો પોતાની પરમાનંદ દશામાં બિરાજે છે. તેમને પરપદાર્થનો આનંદ નથી તેમ જ પરપદાર્થો જગતમાં છે માટે આનંદ છે એમ પણ નથી.

અહીં જીવાસ્તિકાયનું વર્ણન છે. જીવ અસ્તિ છે ને અસંખ્યપ્રદેશી કાય પણ છે. આત્મામાં કર્મની શૂન્યતા છે. હવે જે પદાર્થનો જેમાં અભાવ હોય તે પદાર્થ આત્માને શું કરે ? અજ્ઞાની જીવો દૃષ્ટાંત આપે છે કે ઘોડા ઉપર બેઠેલા માણસને ઘોડો જ્યાં લઈ જાય ત્યાં જવું પડે છે તેમ કર્મો જીવને પ્રેરક થઈને જ્યાં દોરી જાય ત્યાં જીવને જવું પડે ને રાગ–દ્વેષ કરવા જ પડે—એમ અજ્ઞાની દલીલ કરે છે. પણ તે દલીલ ખોટી છે. ઘોડાને લીધે માણસ ચાલતો હોય તો ઘોડાના એકક્ષેત્રે ધર્મ, અધર્મ, આકાશ ને કાળ પણ રહેલા છે, તે પણ ઘોડાની સાથે ક્ષેત્રાંતર પામવા જોઈએ. પણ એમ કદી બનતું નથી. માણસમાં ઘોડાની શૂન્યતા છે ને ઘોડામાં માણસની શૂન્યતા છે. ઘોડો પોતાની યોગ્યતાથી ચાલે છે ને માણસ પોતાની યોગ્યતાથી ચાલે છે. તેવી રીતે કર્મમાં આત્માની શૂન્યતા છે ને આત્મામાં કર્મની શૂન્યતા છે. કર્મ કર્મના કારણે તેના અસ્તિકાયમાં છે ને જીવ પોતાના અસ્તિકાયમાં છે. કર્મને લીધે જીવ રાગદ્વેષ કરતો નથી પણ પોતાના કારણે એ કરે છે. વળી કેટલાક જીવો કહે છે કે બિચારા સિદ્ધને કાળને લીધે જબરજસ્તીથી પરિણમવું પડે છે તે પણ અજ્ઞાનભાવ છે, કારણ કે સિદ્ધમાં કાળની શૂન્યતા છે. વળી એક સિદ્ધ બીજા સિદ્ધમાં જઈ ભળી જતા નથી. એક સિદ્ધમાં બીજા સિદ્ધની શૂન્યતા છે. આમ સ્વતંત્ર નિર્ણય કરવો જોઈએ.

(૬) **અશૂન્યભાવ :** પોતાના સ્વભાવથી સિદ્ધભગવાન પરિપૂર્ણ છે. અજ્ઞાની જીવો કહે છે કે કોઈ જીવો મરણ પામતાં અનંતમાં ભળી ગયા. એ વાત ખોટી છે. પોતાના જ્ઞાન–દર્શન આદિ વ્યક્ત કરી જે પરમાનંદદશા પ્રગટ કરી તેનાથી તેઓ ભરચક છે. જો સિદ્ધ દશામાં આત્મા ન રહેતો હોય તો શૂન્યભાવ ને અશૂન્યભાવ કોના કહેવા ? તે ભાવો રહે છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા પણ કાયમ ત્યાં છે. સંસારદશા અનાદિસાંત છે ને સિદ્ધદશા સાદિઅનંત છે, પણ જીવની અસ્તિ તો ત્રિકાળ છે. આ પ્રમાણે જીવાસ્તિકાયનું સ્વરૂપ જાણી અલ્પજ્ઞતાને તથા સ્વરૂપને જાણીને તેને હેયરૂપ સમજી ઉપાદેય તો શુદ્ધ આત્મા સમજવો.

(૭) **વિજ્ઞાન** : યથાર્થ પદાર્થનું જાણવું તે વિજ્ઞાન છે. સિદ્ધ ભગવંતોમાં કેવળજ્ઞાન છે. કેટલાક લોકો કહે છે કે મસનો નાશ કરવો હોય તો દીવાનો નાશ કરવો જોઈએ તેમ જ રાગ–દ્વેષરૂપી વિકારનો નાશ કરવો હોય તો આત્મજ્ઞાન સ્વભાવરૂપી દીવડાનો નાશ કરવો જોઈએ; પણ તે દલીલ ખોટી છે. શરીર, કર્મ વગેરે પરપદાર્થનો આત્મામાં અભાવ છે ને વિકાર ક્ષણિક છે ને આત્મા ત્રિકાળી શુદ્ધ સ્વભાવી છે. એમ શ્રદ્ધા–જ્ઞાન કરી સ્થિરતા કરે તો કેવળજ્ઞાનનો વિકાસ થાય ને રાગનો તથા અલ્પજ્ઞતાનો નાશ થાય છે. સિદ્ધ અસ્તિકાય છે, જ્ઞાનથી ભરેલા છે, એક સમયની જ્ઞાનપર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને જાણે છે.

(૮) **અવિજ્ઞાન** : ઈંદ્રિય ને મનના નિમિત્તે થતા ક્ષાયોપશમિક જ્ઞાન, મિથ્યાજ્ઞાન તથા અધૂરા જ્ઞાનનો સિદ્ધમાં અભાવ છે. માટે અવિજ્ઞાન કહ્યું છે. સિદ્ધ દશામાં જીવ ન હોય તો વિજ્ઞાન ને અવિજ્ઞાન છે એમ શી રીતે કહેવાય ? માટે સિદ્ધમાં જીવ કાયમ રહે છે.

(૧) સિદ્ધ જીવોમાં જ્ઞાન અનંત છે, પોતાના આત્માનું જ્ઞાન કરી, નિર્વિકારી ધ્યાન કરી જે જ્ઞાન સિદ્ધદશામાં પ્રગટ્યું તે અનંતકાળ સુધી રહેવાનું છે. અહીં કાળ અપેક્ષાએ અનંત સમજવું. આ સિદ્ધના જીવાસ્તિકાયનો સ્વભાવ છે. જે કેવળજ્ઞાન પ્રગટ થયું, આત્માનું જ્ઞાન કરી અનંત ચક્ષુ ખીલી ગયાં ને જ્ઞાનનો વિકાસ સંપૂર્ણ થયો તે અનંત કાળ સુધી ટકે એવો સિદ્ધના જીવાસ્તિકાયનો સ્વભાવ છે, તે આદરણીય છે.

(૨) સાધક જીવોનું જ્ઞાન સાંત છે. જીવે આત્માનું ભાન કર્યું કે વિકાર મારું સ્વરૂપ નથી, હું ચિદાનંદ સ્વભાવી છું—એવું ભાન થતાં ક્ષાયોપશમિકજ્ઞાન સમ્યક્રૂપે પરિણમ્યું તે સમ્યગ્જ્ઞાનની શરૂઆત થઈ. કેવળજ્ઞાન થતાં ક્ષાયોપશમિકજ્ઞાનનો અભાવ થઈ જાય છે, માટે તેને સાંત કહેલ છે. એક સમયની પર્યાયની વાત ન લેવી. પ્રવાહરૂપે વધારેમાં વધારે ટકે તો ઉત્કૃષ્ટ ૬૬ સાગર સુધી એવું ને એવું રહે, પછી કેવળજ્ઞાન થતાં અંત આવે છે એવો તે જીવાસ્તિકાયનો સ્વભાવ છે. શ્રેણિક રાજા વર્તમાનમાં નરકમાં છે, ક્ષાયોપશમિક સમ્યક્જ્ઞાન છે. ત્યાંથી નીકળી આવતા ભવે તીર્થંકર થશે. તે જ્ઞાનનો અંત આવશે ને કેવળજ્ઞાન પ્રગટ કરશે તે સાદિઅનંતકાળ સુધી રહેશે. તે બધો જીવાસ્તિકાયનો સ્વભાવ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે માટે ક્ષાયોપશમિક જ્ઞાન છે એમ નથી. તે તારો પર્યાયસ્વભાવ છે. જ્ઞાનગુણ તો અનાદિઅનંત છે. હું કોઈનો કર્તા-હર્તા નથી, પુણ્યનો કર્તા નથી તેમ જ જ્ઞાન પરને લીધે થતું નથી એવું ભાન કરી જે જ્ઞાન પ્રગટે છે તે સમ્યગ્જ્ઞાનની શરૂઆત થઈને તેનો અંત જરૂર આવશે ને તું કેવળજ્ઞાનને પ્રગટ કરીશ; માટે જીવાસ્તિકાયના સ્વભાવનું તું યથાર્થ જ્ઞાન કર.

(૩) અભવી મિથ્યાદ્રષ્ટિ જીવ કોરડું મગ જેવા હોય છે. તેમાંથી કોઈ જીવો ક્રિયાકાંડ કરે, શરીરના ખંડખંડ ટુકડા થવા છતાં ક્રોધ કરતા નથી, દયા પાળે, મુનિપણું લ્યે પણ આત્મા શું છે તેનું ભાન ન કરે તેવા અભવી મિથ્યાદ્રષ્ટિનું અજ્ઞાન અનાદિ–અનંતકાળ સુધી રહેવાનું છે. એવા પણ જીવો છે. તે તેના જીવાસ્તિકાયની લાયકાત છે.

(૪) ભવી મિથ્યાદ્રષ્ટિ જીવનું અજ્ઞાન અનાદિસાંત છે. અજ્ઞાન અનાદિથી છે. પણ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લાયક જીવ આત્માનું ભાન કરી અજ્ઞાનનો નાશ કરશે માટે અનાદિસાંત કહ્યું છે. પરને લીધે કે કર્મને લીધે નહિ પણ જીવાસ્તિકાયના જ્ઞાનગુણની પર્યાયનો તે સ્વભાવ છે.

શુદ્ધ જીવદ્રવ્યમાં કેવળજ્ઞાનની અપેક્ષાએ અનંતજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ જીવમાં ક્ષાયોપશમિક જ્ઞાનની અપેક્ષાએ સાંત જ્ઞાન છે. અભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવની અપેક્ષાએ અનંત અજ્ઞાન છે, ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવની અપેક્ષાએ સાંત અજ્ઞાન છે.

સિદ્ધના જીવોમાં ત્રણ કાળના સમસ્ત પદાર્થને જાણવારૂપ જ્ઞાન છે તેથી ત્યાં જ્ઞાનભાવ કહેવામાં આવે છે. ને ઇન્દ્રિયો ને મનના અવલંબને પ્રગટતા ક્ષાયોપશમિક જ્ઞાનનો સિદ્ધમાં અભાવ છે. વિનાશી જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાનભાવ જાણવો. એ બે પ્રકાર એટલે કે જ્ઞાન ને અજ્ઞાનભાવ સિદ્ધદશામાં જીવ કાયમ ન હોય તો કેવી રીતે બને ?

**ભાવાર્થ :** જે અજ્ઞાની જીવ મોક્ષ અવસ્થામાં જીવનો નાશ માને છે તેને સમજાવવા માટે આઠ ભાવ કહ્યા છે. આ આઠ ભાવોથી મોક્ષમાં જીવનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. **જો આઠ ભાવ ન હોય તો જીવદ્રવ્યનો અભાવ થઈ જાય ને જીવદ્રવ્યનો અભાવ થતાં સંસાર ને મોક્ષ બન્ને અવસ્થાનો અભાવ માનવાનો પ્રસંગ આવે,** માટે આઠે ભાવોનું જ્ઞાન કરવું જોઈએ.

(૧) અવિનાશી સ્વભાવ, (૨) વિનાશી વ્યયભાવ, (૩) શુદ્ધરૂપે પરિણમતો ભવ્યભાવ, (૪) અશુદ્ધતાના અભાવરૂપ અભવ્યભાવ, (૫) પરથી ખાલીરૂપ શૂન્યભાવ, (૬) પોતાના જ્ઞાનદર્શનાદિથી પરિપૂર્ણ એવો અશૂન્યભાવ, (૭) સર્વ પદાર્થને પરિપૂર્ણ જાણવારૂપ એવો જ્ઞાનભાવ ને (૮) અધૂરા જ્ઞાનપણે નહિ હોવારૂપ અજ્ઞાનભાવ. આ આઠ ભાવોથી જીવનું અસ્તિત્વ સિદ્ધ થાય છે ને સિદ્ધમાં જીવનું અસ્તિત્વ માનવાથી આ આઠેનું અસ્તિત્વ રહે છે.

આ પ્રમાણે સિદ્ધ જીવોનો સ્વભાવ છે તે તેના અસ્તિકાયનું સ્વરૂપ છે—એમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. ૩૭.

જીવ અસંખ્યપ્રદેશી હોવા છતાં પર્યાયમાં ફેર પડે છે તે પણ પોતાના અસ્તિકાયનું સ્વરૂપ છે, તે* કોઈ પરને લીધે નથી તે બતાવે છે.

---

**कम्माणं फलमेक्को एक्को कज्जं तु णाणमध एक्को ।**
**चेदयदि जीवरासी चेदगभावेण तिविहेण ॥ ३८ ॥**

**कर्मणां फलमेकः एकः कार्यं तु ज्ञानमथैकः ।**
**चेतयति जीवराशिश्चेतकभावेन त्रिविधेन ॥ ३८ ॥**

**ત્રણવિધ ચેતકભાવથી કો જીવરાશિ 'કાર્ય'ને,**
**કે જીવરાશિ 'કર્મફળ'ને, કોઈ ચેતે 'જ્ઞાન'ને. ૩૮**

**અન્વયાર્થ :** [त्रिविधेन चेतकभावेन] ત્રિવિધ ચેતકભાવ વડે [एकः जीवराशिः] એક જીવરાશિ [कर्मणां फलम्] કર્મોના ફળને, [एकः तु] એક જીવરાશિ [कार्यं] કાર્યને [अथ] અને [एकः] એક જીવરાશિ [ज्ञानम्] જ્ઞાનને [चेतयति] ચેતે (વેદે) છે.

---

**तात्पर्यवृत्ति :** एवं भट्टचार्वाकमतानुसारिशिष्यसंदेहविनाशार्थं जीवस्यामूर्तत्वव्याख्यानरूपेण गाथात्रयं गतं । अथ त्रिविधचेतनाव्याख्यानं प्रतिपादयति, – **कम्माणं फलमेक्को चेदगभावेण वेदयदि जीवरासी**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निर्मलशुद्धात्मानुभूत्यभावोपार्जितप्रकृष्टतरमोहमलीमसेन चेतकभावेन प्रच्छादितसामर्थ्यः सन्नेको जीवराशिः कर्मफलं वेदयति **एक्को कज्जं तु** अथ पुनरेकस्तेनैव चेतकभावेनोपलब्धसामर्थ्येनेहापूर्वकेष्टानिष्टविकल्परूपं कर्म कार्यं तु वेदयत्यनुभवति **णाणमथमेक्को** अथ पुनरेको जीवराशिस्तेनैव चेतकभावेन विशुद्धशुद्धात्मानुभूति-भावनाविनाशितकर्ममलकलंकेन केवलज्ञानमनुभवति । कतिसंख्योपेतेन तेन पूर्वोक्तचेतकभावेन । **तिविहेण** कर्मफलकर्मकार्यज्ञानरूपेण त्रिविधेनेति ॥ ३८ ॥

**समयव्याख्या : चेतयितृत्वगुणव्याख्येयम् । एके हि चेतयितारः प्रकृष्टतरमोहमलीमसेन प्रकृष्ट-तरज्ञानावरणमुद्रितानुभावेन चेतकस्वभावेन प्रकृष्टतरवीर्यांतरायावसादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपं कर्मफलमेव प्राधान्येन चेतयंते । अन्ये तु प्रकृष्टतरमोहमलीमसेनापि प्रकृष्टज्ञानावरणमुद्रितानुभावेन चेतकस्वभावेन मनाग्वीर्यांतरायक्षयोपशमासादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपकर्मफलानुभवनसंवलित-मपि कार्यमेव प्राधान्येन चेतयंते । अन्यतरे तु प्रक्षालितसकलमोहकलङ्केन समुच्छिन्नकृत्स्नज्ञानावरण-तयात्यंतमुन्मुद्रितसमस्तानुभावेन चेतकस्वभावेन समस्तवीर्यांतरायक्षयासादितानंतवीर्या अपि निर्जीर्णकर्मफल-त्वादत्यंतकृतकृत्यत्वाच्च स्वतोऽव्यतिरिक्तस्वाभाविकसुखं ज्ञानमेव चेतयंत इति ॥ ३८ ॥**

અનુવાદ : આ, ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે.

કોઈ ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ તો, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ (શક્તિ) અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બીડાઈ ગયો છે એવા ચેતકસ્વભાવ વડે સુખદુઃખરૂપ 'કર્મફળ'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમને અતિ પ્રકૃષ્ટ વીર્યાંતરાયથી કાર્ય કરવાનું (કર્મચેતનારૂપે પરિણમવાનું) સામર્થ્ય નષ્ટ થયું છે.

બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે એવા ચેતકસ્વભાવ વડે—ભલે સુખદુઃખરૂપ કર્મફળના અનુભવથી મિશ્રિતપણે પણ—'કાર્ય'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમણે થોડા વીર્યાંતરાયના ક્ષયોપશમથી કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે.

વળી બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે અને સમસ્ત જ્ઞાનાવરણના વિનાશને લીધે જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે એવા ચેતકસ્વભાવ વડે 'જ્ઞાન'ને જ—કે જે જ્ઞાન પોતાથી અવ્યતિરિક્ત સ્વાભાવિક સુખવાળું છે તેને જ—ચેતે છે, કારણ કે તેમણે સમસ્ત વીર્યાંતરાયના ક્ષયથી અનંત વીર્યને પ્રાપ્ત કર્યું હોવા છતાં તેમને (વિકારી સુખદુઃખરૂપ) કર્મફળ નિર્જરી ગયું છે અને અત્યંત કૃતકૃત્યપણું થયું છે (અર્થાત્ કાંઈ કરવાનું લેશમાત્ર પણ રહ્યું નથી). ૩૮.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૬ રવિવાર]

(૧) એક જીવરાશિ કર્મોના નિમિત્તે સુખ–દુઃખરૂપ ફળને વેદે છે. આ જીવો અનંતા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ આદિ જીવો, બટાટા સકરકંદાદિ કંદમૂળના જીવો હરખ–શોકને વેદે છે. બટાટાની એક નાની કટકીમાં અસંખ્ય શરીરો છે ને એક શરીરમાં અનંતા આત્મા છે. સ્થાવર જીવો સુખ–દુઃખને વેદે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ છોડી હરખ–શોકને વેદે છે. ત્યાં રાગ–દ્વેષના કર્તાપણારૂપ કર્મચેતનાની મુખ્યતા નથી પણ ગૌણતા છે, તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હરખ–શોકને મુખ્યપણે વેદે છે એમ કહ્યું છે. **જે નિત્યનિગોદનો જીવ હજી સુધી વ્યવહારરાશિમાં આવ્યો નથી પણ અનાદિકાળથી ત્યાં છે તે કોઈ કર્મને લીધે ત્યાં છે એમ નથી પણ તે જીવાસ્તિકાયનો એવો પર્યાયસ્વભાવ છે. અહીં કર્મફળચેતના પ્રધાન છે.**

(૨) એક જીવરાશિ એવી છે કે કાંઈક વીર્યને ફોરવી, રાગદ્વેષાદિ કરું એમ કર્તાપણાની પ્રધાનતાથી સુખ–દુઃખને ભોગવે છે. અહીં કર્મચેતના પ્રધાન છે. ઈયળ, મકોડા, મનુષ્ય દેવ, નારકી વગેરે જીવોમાં કાંઈક કરું, રાગ–દ્વેષ કરું, પરનું કરું, એમ કર્તાપણાની પ્રધાનતા છે. આવો તે જીવાસ્તિકાયનો સ્વભાવ છે. કોઈ ઈશ્વરે તો જીવ બનાવ્યા નથી પણ કર્મને લીધે આવો પર્યાય-સ્વભાવ છે એમ પણ નથી, કોઈ જીવ પરનું કરી શકતો નથી પણ અજ્ઞાની મિથ્યાભ્રાંતિ કરે છે.

કેટલાક લોકો કહે છે કે હરખ–શોકનું વેદવું તે શરીરનો ધર્મ છે. દેહનો દંડ દેહ ભોગવે, વળી કોઈ હરખ–શોક, રાગ–દ્વેષ માયા કહે છે તે બધો અજ્ઞાનભાવ છે. શરીર જડ છે તેને ભોગવવાનું હોતું નથી ને રાગ–દ્વેષ ને હરખ–શોક તારી પર્યાયમાં બિલકુલ નથી જ એમ માનવામાં આવે તો તારી અસ્તિકાય ઊડી જાય છે. રાગ–દ્વેષ કરે તોપણ પોતામાં ને હરખ–શોકને ભોગવે તે પણ પોતામાં પોતાના કારણે છે. એવો જીવાસ્તિકાયનો પર્યાયસ્વભાવ છે. આમ જ્ઞાન કરી તે પર્યાય આદરણીય નથી એમ તેના ઉપરથી દૃષ્ટિ ખેસવી પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૭ સોમવાર]

આત્મા શું વેદી શકે છે તેનું વર્ણન છે.

એક જીવરાશિ સ્થાવર જીવોની એવી છે કે સુખ–દુઃખરૂપ કર્મફળને ભોગવે છે. એટલે કે હરખ–શોકને વેદે છે-અનુભવે છે. પૃથ્વી આદિના સ્થાવર જીવો પોતાના શરીરને, શસ્ત્રને કે સંયોગને અનુભવતા નથી. પરચીજોને તે જીવો સ્પર્શતા જ નથી. શાસ્ત્રમાં કથન આવે કે સ્થાવર જીવોને છેદન–ભેદનનું દુઃખ ઘણું છે પણ તે કથન નિમિત્તથી છે. છેદન-ભેદનનું દુઃખ નથી. શસ્ત્ર તેને અડતું જ નથી. પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને તે જીવો પરમાં સુખ છે એવી ઊંધી માન્યતાના કારણે હરખ શોકને વેદી રહ્યા છે પણ કોઈ બહારના સંયોગ કે શરીરને ભોગવે તેવો તેનો સ્વભાવ નથી. ત્યાં કર્મફળચેતનાની મુખ્યતા છે. એકેંદ્રિય જીવો મુખ્યપણે હરખ–શોકને ભોગવી રહ્યા છે.

એક જીવરાશિ ત્રસજીવોની એવી છે કે તે પરના તથા રાગના કર્તાપણારૂપ અભિમાન સહિત રાગદ્વેષને ભોગવે છે. ત્યાં રાગ–દ્વેષના કર્તૃત્વની મુખ્યતા છે એટલે કે કર્મચેતનાની મુખ્યતા છે. ઈયળ, મકોડા, હાથી, મનુષ્ય, દેવ, નારકી વગેરે જીવો રાગના કરવારૂપ ભાવ પોતામાં કરે છે. એટલે શુભાશુભ ભાવો અથવા હું પરનું કરી શકું છું એવા અભિમાનના ભાવો તે કરી શકે પણ તેથી કરીને શરીરાદિ જડ પદાર્થો અથવા બીજાં ચેતનદ્રવ્યોની અવસ્થાને કરી શકે કે બીજાનાં કાર્યો કરી શકે તે તેના અધિકારની વાત નથી. પુદ્‌ગલદ્રવ્ય તે અસ્તિ છે ને તે પરમાણુનો સ્કંધ તે કાય છે. તે તેનાથી અસ્તિકાયરૂપે થયેલો છે. અજ્ઞાની જીવ ભ્રમમાં પડે છે કે તે પુદ્‌ગલની અવસ્થા મારાથી થાય છે. સિંહ હરણને ખાતો હોય તો હરણના શરીરની અવસ્થા સિંહનો જીવ કરી શકતો નથી. ભગવાન પાસે દર્શન વખતે હાથ જોડવાની ક્રિયા થવી તે જીવ કરી શકતો નથી. હાથ પુદ્‌ગલાસ્તિકાય છે. તે કાય જીવને લીધે નથી. એક હજાર જોજનનું માછલું મોઢું પહોળું કરે તે પહોળા થવારૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયા તેના જીવને આધીન છે જ નહિ. જીવ પરના કરવારૂપ ભાવ અથવા શુભાશુભ ભાવ–રાગ–દ્વેષ કરી ચાર ગતિમાં રખડે પણ પરનું કરી શકે એમ ત્રણ કાળમાં બનતું નથી. જીવમાં ચેતના નામનો ત્રિકાળી ગુણ છે, તેની પર્યાયમાં તે કાં તો જાગ્રત રહે અથવા અજાગ્રત રહે પણ પરનું કરે એમ કદી બનતું નથી. એક જીવરાશિ હરખ–શોકની મુખ્યતાથી અજાગ્રત રહે છે ને એક જીવરાશિ રાગ–દ્વેષના કરવાપણાની મુખ્યતાથી અજાગ્રત રહે છે. હવે ત્રીજી જીવરાશિ કેવળી તથા સિદ્ધોની છે તે કહે છે.

(૩) એક જીવરાશિ એવી છે કે જે શુદ્ધ જ્ઞાનને જ અનુભવે છે, તે કેવળી તથા સિદ્ધો છે. ચોથે ગુણસ્થાને ધર્મી જીવને આત્માનું ભાન છે, હું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છું, શરીરાદિનું કરવું તે મારું કામ નથી. રાગ–દ્વેષ તે મારું સ્વરૂપ નથી, એવું ભાન થતાં જ્ઞાનચેતનાની શરૂઆત થઈ જાય છે પણ હજી ત્યાં અસ્થિરતાના રાગ–દ્વેષ સાધકને હોય છે તેથી તેની જ્ઞાનચેતનાને ગૌણ કરી પૂર્ણ જ્ઞાનચેતના પ્રગટી તેવા સિદ્ધ તથા કેવળીને અહીં લીધા છે. આ પ્રમાણે કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાન પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે. સ્વર્ગ–નરકાદિ દેખે છે–છતાં તેમને રાગ–દ્વેષ કે હરખ–શોક થતો નથી.

આ પ્રમાણે કર્મચેતના, કર્મફળચેતના તથા જ્ઞાનચેતના એમ ત્રણ પ્રકાર કહ્યા. જેટલા જીવો છે તે બધા આ ત્રણમાંથી કોઈ ને કોઈ ચેતના સહિત હોય જ. જીવ કાં તો જ્ઞાન કરે કાં તો રાગ–દ્વેષને કરે અથવા હરખ–શોકને વેદે–આ ત્રણ સિવાય ચોથું કામ કરે તે જીવનું સામર્થ્ય નથી.

આ પ્રમાણે આત્મામાં ચૈતન્યગુણ જાણી લેવો.

આ પંચાસ્તિકાયનું વર્ણન છે. દરેક અસ્તિકાય સ્વતંત્ર છે એમ બતાવવું છે. તું જીવાસ્તિકાય છો. પુદ્‌ગલાસ્તિકાય તારાથી જુદી છે, તેનું તું કાંઈ કરી શકતો નથી. તું તારામાં રાગ–દ્વેષના પરિણામ કર તે તારામાં છે, પરમાં નથી, પરને લીધે પણ નથી એમ અહીં જીવાસ્તિકાયની પર્યાયનું યથાર્થજ્ઞાન કરાવી આખા જીવાસ્તિકાયનું પ્રમાણજ્ઞાન કરાવવું છે. હરખ–શોક તથા રાગ–દ્વેષ ચેતનની સત્તામાં થાય છે, જડની સત્તામાં કે જડને લીધે થતા નથી. પર્યાયમાં દોષ થાય છે તે તારો છે પણ તે એક સમયનો છે. એમ પર્યાયનું જ્ઞાન કરાવે છે. સાથે–સાથે જ્ઞાનાદિ ગુણો શુદ્ધ છે એમ દ્રવ્યગુણોનું પણ જ્ઞાન કરાવે છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. પરથી જુદો પડાવી, રાગ તારા શુદ્ધ દ્રવ્યમાં નથી એમ જ્ઞાન કરાવી ત્રિકાળી દ્રવ્ય તરફ વાળવાનો હેતુ છે.

જ્યારે સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે. સમયસારમાં ચોથે ગુણસ્થાને ધર્મીજીવને ભાન થયું કે હું આત્મા શુદ્ધ છું, વિકાર મારું સ્વરૂપ નથી. એમ ભાન થતાં ચોથે જ્ઞાનચેતના કહી છે ને અલ્પ રાગ–દ્વેષ થાય તેનો ધર્મી જીવ કર્તા છે જ નહિ એમ કહ્યું છે. વળી જે રાગ–દ્વેષ થાય તેને પુદ્‌ગલનું કાર્ય ગણવામાં આવ્યું છે. જેમ માટી વિસ્તાર પામીને ઘડારૂપ થાય છે તેમ જડકર્મ વિસ્તાર પામીને–વ્યાપક થઈને રાગ–દ્વેષરૂપી કાર્ય કરે છે. આત્મા પ્રસરીને રાગ–દ્વેષ કે હરખ–શોકરૂપી કાર્ય કરતો નથી. આ કઈ અપેક્ષાએ કથન છે તે સમજવું જોઈએ. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે. દૃષ્ટિ પરપદાર્થને તો સ્વીકારતી નથી પરંતુ રાગ–દ્વેષને પણ સ્વીકારતી નથી. હું પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય છું એમ તે એકલા જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવને જ સ્વીકારે છે. આમ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની અધિકતામાં–પ્રધાનતામાં રાગ–દ્વેષને ગૌણ કરે છે; રાગ–દ્વેષને અભૂતાર્થ કહી, કર્મનું કાર્ય કહી તે આત્માનું કાર્ય છે જ નહિ એમ દૃષ્ટિના જોરે કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનો વિસ્તાર જ્ઞાતા-દ્રષ્ટાપણું ને વીતરાગપણું હોય પણ આત્માનો વિસ્તાર રાગ-દ્વેષ ન હોય. ત્યાં દૃષ્ટિની પ્રધાનતા છે. નિમિત્ત ને રાગ-દ્વેષની પર્યાયને ગૌણ કરી જ્ઞાનીના હરખ-શોકને અથવા આર્ત-રૌદ્ર ધ્યાનને પણ પુદ્ગલનું કાર્ય કહ્યું છે એમ સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે.

પણ તે દર્શનપ્રધાન કથન સાચું કોના માટે ? જેણે દ્રવ્ય ને પર્યાયનું યથાર્થજ્ઞાન કર્યું હોય તેના માટે. જે જીવ રાગ-દ્વેષ કર્મને લીધે માને અથવા પર્યાયને પરાધીન માને તેની તો વાત છે જ નહિ. દ્રવ્ય ને પર્યાયનું યથાર્થ જ્ઞાન કર્યા પછી સ્વ તરફ વળવા પ્રયોજનવશાત્ રાગ-દ્વેષને ગૌણ કરી સ્વભાવને અગ્ર કરવો તે સમ્યગ્દર્શનનો વિષય છે.

અહીં પંચાસ્તિકાયમાં આખા જીવાસ્તિકાયના સ્વભાવનું—દ્રવ્ય ને પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવવું છે. અહીં કહ્યું કે એકેંદ્રિય જીવ હરખ-શોકને વેદે ને ત્રસ જીવ રાગ-દ્વેષરૂપ પરિણામ કરે તો તે પોતામાં પોતાના કારણે કરે છે, પરને લીધે કરતો નથી. રાગ-દ્વેષ થાય છે તે ચૈતન્યની સત્તામાં થાય છે એમ કહેવાનો હેતુ પરથી જુદો પાડવાનો છે ને તે રાગ-દ્વેષરૂપી પર્યાયસ્વભાવ એક સમય પૂરતો છે, પણ તારો ત્રિકાળી સ્વભાવ તો શુદ્ધ જ છે. એમ પર્યાય ને દ્રવ્ય બન્નેનું યથાર્થ જ્ઞાન કરાવી પ્રમાણજ્ઞાન કરાવે છે.

આ પ્રમાણે બન્નેની કથનપદ્ધતિ જેમ છે તેમ સમજવી જોઈએ.

**ભાવાર્થ :** અનેક જીવો કહે છે કે જેને વિશેષતા કરીને જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ઉદય છે. પોતાને જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ પ્રગટવો જોઈએ તે પોતાના કારણે પ્રગટાવતો નથી તેમાં જ્ઞાનાવરણીયકર્મ નિમિત્ત છે, પોતાનો દ્રષ્ટા સ્વભાવ પરિપૂર્ણ પ્રગટાવતો નથી તેમાં દર્શનાવરણીય કર્મ નિમિત્ત છે, પોતાનું વીર્ય પોતામાં ફોરવવું જોઈએ તે પોતામાં ફોરવતો નથી તેમાં અંતરાય કર્મ નિમિત્ત છે. પોતાના સ્વરૂપની અસાવધાનીમાં મોહનીયકર્મ નિમિત્ત છે. આ કર્મોના નિમિત્તે પોતાનાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખાદિ હીણાં અથવા વિપરીતરૂપે પરિણમે છે. અહીં કર્મના નિમિત્તનું જ્ઞાન, હીણી અથવા વિપરીત પર્યાયનું જ્ઞાન, તથા આખા દ્રવ્યસ્વભાવનું જ્ઞાન-એમ ત્રણેનું જ્ઞાન કરાવે છે. ત્રણેનું સાચું જ્ઞાન થતાં પ્રમાણજ્ઞાન થાય છે.

અજ્ઞાની જીવો કહે છે કે એકેંદ્રિય જીવોને કર્મનું જોર છે માટે તેને હીણી દશા છે તો તે વાત ખોટી છે. તે જીવો પોતાના કારણે હીણી દશાને પામ્યા છે. કર્મ તો જડ છે, આત્મામાં તેનો અત્યંત અભાવ છે. લીમડાના કોરમાં, બટાટાની એક કટકીમાં અસંખ્ય શરીરો છે. એક શરીરમાં અનંતા જીવો છે. તે જીવો જ્ઞાન-દર્શનરૂપ શક્તિથી ભરેલા છે પણ પર્યાયમાં ઘણી હીણી દશાને પામેલા છે ને મુખ્યપણે હરખ-શોકને ભોગવે છે. પરને તેમ જ કર્મને ભોગવતા નથી. ચપ્પુથી શાક કપાતાં અથવા તેલમાં શાક નાખવાથી તે જીવને બહુ દુઃખ થાય છે એમ અજ્ઞાની માને છે. પરપદાર્થને તો જીવ અડતો જ નથી, પણ અજ્ઞાની જીવ સંયોગોને જુએ છે. પણ તેનો પર્યાયધર્મ રાગ-દ્વેષને વેદવાનો છે તેને તે જોતો નથી. દરેક જીવની પર્યાય પોતપોતાથી થાય છે, ને મારી પર્યાય મારાથી થાય છે. એમ અંશની કબૂલાત કરતાં તે અંશ કોનો ? અંશ-પર્યાય તો દ્રવ્યનો છે ને દ્રવ્ય તો શુદ્ધ છે. આવી રીતે અંશનું જ્ઞાન કરીને અંશની દૃષ્ટિ છોડી અંશીની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન ને વીતરાગતા થાય છે.

એકેંદ્રિય જીવને ત્રસના જેવો પુરુષાર્થ નથી. આ કરું, આ લઉં એવો રાગ-દ્વેષના કર્તાપણારૂપ મુખ્યપણે પુરુષાર્થ નથી તેથી તે જીવોને મુખ્યપણે કર્મફળચેતના સહિત જાણવા.

હવે ત્રસ જીવની વાત કરે છે. તે જીવોને જ્ઞાનાવરણ, દર્શનાવરણ ને મોહકર્મના વિશેષ ઉદયથી ચૈતન્યશક્તિનું પરિણમન ઘણું હીન તથા વિપરીત છે. પરંતુ તેને એકેંદ્રિય કરતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરાય કર્મના ક્ષયોપશમના નિમિત્તે વીર્ય વિશેષ છે, તેથી સુખ–દુઃખરૂપ ફળ ભોગવવા માટે ઈષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરૂપી મોહ કરવાને ઉદ્યમી થાય છે. આ મકાન ઠીક છે, આ મકાન ઠીક નથી; નીરોગી શરીર ઠીક છે, આબરૂ હોય તો ઠીક પડે, પરની દયા પાળી તેને બચાવું વગેરે પ્રકારે શુભાશુભ રાગ–દ્વેષ ઉઠાવ્યા કરે છે. અજ્ઞાની પરપદાર્થને કરી શકતો નથી પણ રાગ–દ્વેષનો કર્તા થાય છે. દેશનું કરું, આને આમ સુધારી દઉં, એવો વિકલ્પ કર્યા કરે છે. દેશ પરપદાર્થ છે, તેને કોણ ફેરવે ને સુધારે ? આ વસ્તુ સુંદર છે, આ ખરાબ છે, ઈત્યાદિ પ્રકારે ઈષ્ટ–અનિષ્ટ કલ્પના કરે છે. અમારા બાપ પાસે પૈસા ન હતા પણ અમે અમારા બાહુબળથી કમાયા—એમ અભિમાન કરે છે. પૈસો જડ છે, તે પુદ્ગલ પરાવર્તનના નિયમ મુજબ આવે છે ને જાય છે, તારા આત્માના હાથની વાત નથી. મેં આટલા માણસોને સમજાવ્યા, આટલાં શાસ્ત્રો બનાવ્યાં, આટલાં ગામોને સુધાર્યાં—એમ અનેક પ્રકારે પરમાં ઘાલમેલના ભાવ કરે છે પરંતુ પરનું કાંઈ પણ કરી શકતો નથી. આચાર્ય ભગવાન કહે છે કે એવું અભિમાન છોડ ને પર્યાયમાં રાગાદિ થાય છે તે તારા કારણે થાય છે, પરના કારણે થતા નથી. ને ત્રિકાળી નિરપરાધી સ્વભાવની દ્રષ્ટિમાં તે રાગરૂપી અપરાધને ગૌણ કર અને પ્રમાણજ્ઞાનપૂર્વક સ્વભાવની દ્રષ્ટિ કર.

જેવી રીતે અફીણનો કડવાશ ને લીંબુનો ખટાશ સ્વભાવ છે તેવી રીતે આત્માનો સ્વભાવ ને સામર્થ્ય શું છે ?

જીવ હરખ–શોકને વેદે અથવા રાગ–દ્વેષાદિ પરિણામને કરે અથવા પોતાના જ્ઞાનસ્વભાવને જાણે—આ ત્રણ સિવાય ચોથું કાર્ય જીવનું નથી. ત્રસ જીવ વિશેષ બળના કારણે પોતાનું વીર્ય રાગ–દ્વેષના માર્ગે દોરે છે એવી કર્તૃત્વબુદ્ધિ તે અજ્ઞાનીનું કાર્ય છે, પણ બહારની ક્રિયા તે કરે છે એમ બનતું નથી. અજ્ઞાની જીવ માને છે કે ભક્તિના શુભભાવ કર્યા માટે શરીર ચાલ્યું પણ તેમ બનતું નથી. શરીર પુદ્ગલાસ્તિકાય છે. તે તેના કારણે ચાલે છે.

અહીં મિથ્યાદ્રષ્ટિની મુખ્યતાથી વાત કરી છે. ત્રસ જીવોને મુખ્યપણે કર્મચેતનાસહિત જાણવા. હરખ–શોક કે રાગ–દ્વેષરૂપે થવું તે પર્યાયધર્મ છે.—એમ પરથી છૂટો પડાવે છે. હરખ–શોક કે રાગ–દ્વેષ કરવા કે જ્ઞાતાપણે રહેવું તે તારા હાથની વાત છે. આમ પરથી છૂટો પડતાં ને સાચું પ્રમાણજ્ઞાન થતાં અંતર વળવાનું બની શકે તેમ છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૮ મંગળવાર]

સુખી કેમ થવાય ? આત્મા એક દ્રવ્ય છે, તેમાં ચેતના ગુણ છે તે ચેતે છે. તેમાં રાગ–દ્વેષની પ્રધાનતાથી રાગ–દ્વેષને કરે, કાં તો હરખ–શોકની મુખ્યતાથી વેદે, કાં તો જ્ઞાન કરે. પર્યાયમાં થતા રાગ–દ્વેષ તથા હરખ–શોક મારા મૂળસ્વભાવમાં નથી એમ જાણે ને શુદ્ધ ચૈતન્યને ઉપાદેય શ્રદ્ધે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે તેમ છે.

આત્મા ઈશ્વર છે–શક્તિશાળી છે. કેવો શક્તિશાળી છે ? હરખ–શોકને વેદે, કામ–ક્રોધને કરે, શુભ–અશુભભાવ કરે તેવો શક્તિશાળી છે પણ લક્ષ્મીને કે સ્ત્રીને અનુભવે કે દેશનું રક્ષણ કરે કે શરીર આદિનું કરે તેવો શક્તિશાળી નથી. અનંતા એકેંદ્રિય જીવ મુખ્યપણે હરખ–શોકને વેદે છે ને ત્રસ જીવ અસંખ્ય છે. તેનામાં રાગ–દ્વેષ કરવાની મુખ્યતા છે ને તેથી તે સંસારમાં રખડે છે.

હવે જ્ઞાનચેતનાવાળા અનંત છે તેની વાત કરે છે. જેમાં કેવળી તથા સિદ્ધો બન્ને આવી જાય છે. (સમ્યગ્દ્રષ્ટિ વગેરે સાધક જીવને અહીં ગૌણ સમજવા.) તે જીવોને જ્ઞાનાવરણીય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય કર્મ સર્વથા ગયા છે તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય પર્યાયમાં પ્રગટી ગયાં છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે જ્ઞાન, દર્શન, વીર્યની હીનતા તથા ચારિત્રની અસાવધાની ને વિપરીતતા ટાળીને રાગ–દ્વેષનો નાશ કર્યો એટલે કર્મો બીજા પરમાણુરૂપ પલટી ગયાં એટલે તેમણે ચાર કર્મોનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. તેઓ અનાકુળ સ્વતંત્ર આનંદ દશામાં લીન છે.

જો ભગવાન અનંત શક્તિમાન છે તો મોટા મોટા ડુંગરા તો તોડી શકે ને ? તથા પરનું કાંઈ કામ તો કરી આપે ને ? એમ અજ્ઞાની પ્રશ્નો કરે છે. ભાઈ, આત્માની ઈશ્વરતા પોતામાં છે. કાં તો રાગ–દ્વેષ કરે અથવા હરખ–શોકને વેદે અથવા જ્ઞાન કરે. પરનું કરે એ માન્યતા જ મૂઢની છે. અજ્ઞાની કહે છે કે આ ડુંગરા તોડી રેલવે કાઢી, અમુક કામ કર્યાં, પણ એ બધો અજ્ઞાનભાવ છે. આત્મા પરની ક્રિયા કરી શકતો નથી. રાગ–દ્વેષ મારાથી, મારામાં થાય છે પણ એ અપરાધ છે ને તે એક સમયનો છે – ત્રિકાળી સ્વરૂપ તો નિરપરાધ છે એમ ભાન કરે તો ધર્મ થાય. એવા જ્ઞાનચેતનાવાળા સમ્યગ્દષ્ટિ જીવોને જેટલી શુદ્ધતા વર્તે છે તેટલા અંશે તેઓ સુખી છે. સ્વરૂપમાં ઝૂલતા મુનિઓ એનાથી વિશેષ સુખી છે ને સંપૂર્ણ જ્ઞાનચેતનાવાળા કેવળીઓ તથા સિદ્ધો સંપૂર્ણ સ્વાભાવિક સુખમાં લીન છે. અહીં જ્ઞાનપ્રધાન કથન હોવાથી જ્ઞાનચેતના પૂરી પ્રગટી તેવા કેવળી ને સિદ્ધની વાત લીધી છે.

અપેક્ષાએ સાધકની વાત સમજી લેવી. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથનમાં જ્ઞાનચેતના ચોથે ગુણસ્થાને બતાવી છે. પુણ્ય–પાપ તે વિકાર છે, આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે તેવી દૃષ્ટિ થતાં જ્ઞાનચેતના કહી છે. ચોથે ગુણસ્થાને લડાઈનાં પરિણામ ને દ્વેષનાં પરિણામ હોવા છતાં જ્ઞાતા–દ્રષ્ટાની અધિકતામાં રાગ–દ્વેષને ગૌણ કરી જ્ઞાનચેતના કહી છે. ને તેથી આગળ વધતાં, મુનિદશા થતાં મુનિઓ આનંદના અનુભવમાં હોય છે. મુનિને સિંહ કરડે, અગ્નિનો સંયોગ હોય છતાં તેઓ આનંદમાં મોજ માણે છે. ત્યાં વિશેષ શાંતિ છે ને કેવળી તથા સિદ્ધ સંપૂર્ણ સુખી છે. જેમ કમળ સંપૂર્ણ ખીલી નીકળે તેમ કેવળજ્ઞાની સંપૂર્ણ દશારૂપ ખીલી નીકળ્યા છે તેથી પરિપૂર્ણ સુખી છે. તેઓ જ્ઞાનચેતનાસંયુક્ત જાણવા. ૩૮

હવે તે ત્રણ પ્રકારની ચેતનાના ધારણ કરનાર કોણ કોણ જીવ હોય છે તે બતાવે છે.

---

**सव्वे खलु कम्मफलं थावरकाया तसा हि कज्जजुदं।**
**पाणित्तमदिक्कंता णाणं विंदंति ते जीवा ॥ ३९ ॥**

**सर्वे खलु कर्मफलं स्थावरकायास्त्रसा हि कार्ययुतम् ।**
**प्राणित्वमतिक्रांताः ज्ञानं विंदन्ति ते जीवाः ॥ ३९ ॥**

**વેદે કરમફળ સ્થાવરો, ત્રસ કાર્યયુત ફળ અનુભવે,**
**પ્રાણિત્વથી અતિક્રાંત જે તે જીવ વેદે જ્ઞાનને. ૩૯**

**અન્વયાર્થ :** [सर्वे स्थावरकायाः] સર્વ સ્થાવર જીવસમૂહો [खलु] ખરેખર [कर्मफलं] કર્મફળને વેદે છે, [त्रसाः] ત્રસો [हि] ખરેખર [कार्ययुतम्] કાર્યસહિત કર્મફળને વેદે છે અને [प्राणित्वम् अतिक्रांताः] જે પ્રાણિત્વને (પ્રાણોને) અતિક્રમી ગયા છે, [ते जीवाः] તે જીવો [ज्ञानं] જ્ઞાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[विंदन्ति] વેદે છે.

---

**तात्पर्यवृत्ति** : अथात्र कः किं चेतयतीति निरूपयति इति निरूपयति इति कोर्थः इति पृष्टे प्रत्युत्तरं ददाति एवं प्रश्नोत्तररूपपातनिकाप्रस्तावे सर्वत्रेति शब्दस्यार्थो ज्ञातव्यः। **सव्वे खलु कम्मफलं थावरकाया विंदन्ति** ते सर्वे जीवाः प्रसिद्धाः पंचप्रकाराः स्थावरकाया जीवा अव्यक्तसुखदुःखानुभवरूपं शुभाशुभकर्मफलं विंदंत्यनुभवन्ति **तसा हि कज्जजुदं** द्वीन्द्रियादयस्त्रसजीवाः पुनस्तदेव कर्मफलं निर्विकारपरमानंदैकस्वभावमात्मसुखमलभमानास्संतो विशेषरागद्वेषरूपा तु या कार्यचेतना तत्सहितमनुभवन्ति **पाणित्तमदिक्कंता णाणं विंदंति ते जीवा** ये तु विशिष्टशुद्धात्मानुभूतिभावनासमुत्पन्नपरमानंदैकसुखामृतसमरसीभावबलेन दशविधप्राणत्वमतिक्रांताः सिद्धजीवास्ते केवलज्ञानं विंदन्ति इत्यत्र गाथाद्वये केवलज्ञानचेतना साक्षादुपादेया ज्ञातव्येति तात्पर्यं ॥ ३९ ॥

**समयव्याख्या : अत्र कः किं चेतयत इत्युक्तम्। चेतयंते अनुभवन्ति उपलभंते विंदंतीत्येकार्थाश्चेतनानुभूत्युपलब्धिवेदनानामेकार्थत्वात्। तत्र स्थावराः कर्मफलं चेतयंते, त्रसाः कार्यं चेतयंते, केवलज्ञानिनो ज्ञानं चेतयंत इति ॥ ३९ ॥**

**અનુવાદ : અહીં, કોણ શું ચેતે છે (અર્થાત્ કયા જીવને કઈ ચેતના હોય છે) તે કહ્યું છે.**

**ચેતે છે, અનુભવે છે, ઉપલબ્ધ કરે છે અને વેદે છે—એ એકાર્થ છે (અર્થાત્ એ બધા શબ્દો એક અર્થવાળા છે), કારણ કે ચેતના, અનુભૂતિ, ઉપલબ્ધિ અને વેદનાનો એક અર્થ છે. ત્યાં સ્થાવરો કર્મફળને ચેતે છે, ત્રસો કાર્યને ચેતે છે, કેવળજ્ઞાનીઓ જ્ઞાનને ચેતે છે. ૩૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૮ મંગળવાર]

પૃથ્વીકાય જીવો જેમકે મીઠાની એક કટકીમાં અસંખ્યાત જીવો છે, તેમ જ એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવો, અગ્નિમાં તથા વાયરામાં અસંખ્ય જીવો ને વનસ્પતિમાં અસંખ્ય ને અનંત જીવો છે. આમ પાંચ પ્રકારના સ્થાવર જીવો છે. તે જીવોને રાગ–દ્વેષ કરું એવું વ્યક્તપણું હોતું નથી પણ હરખ–શોકના વેદનમાં તેમની ચેતના રોકાઈ ગઈ છે. હું આત્મા કોણ છું તેની તેને ખબર નથી. કર્મની પ્રધાનતાને લીધે હરખ-શોક ભોગવે છે એમ નથી પણ પોતાની મૂઢતાના કારણે હરખ–શોકને વેદે છે. એટલે કે તેમને કર્મફળચેતનાની મુખ્યતા છે.

બે ઇંદ્રિયથી સંજ્ઞીપંચેદ્રિય–સુધીના ત્રસ જીવો રાગ–દ્વેષ કરવાની મુખ્યતાથી સુખ–દુઃખને ભોગવે છે. ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષ કર્યા કરે છે. ઇયળ, મકોડા આદિને મન નથી છતાં રાગ–દ્વેષ કરું એવી પ્રેરણા હોય છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં ચેતના રોકવી જોઈએ તેને બદલે રાગ–દ્વેષ તે મારું કર્તવ્ય છે ને દેહની ક્રિયા હું કરી શકું છું એવા વિકારી પરિણમનમાં ચેતના તથા વીર્યને તેમણે રોકી દીધાં છે. હીરા, માણેક, કાપડ વગેરે પરપદાર્થનું આત્મા કાંઈ પણ કરી શકતો નથી, પણ દુકાનનું આમ કરું, તેમ કરું એમ રાગ–દ્વેષમાં ગડમથલ કરી રહ્યો છે. પુદ્ગલ પદાર્થો પુદ્ગલમાં છે, જીવ જીવમાં છે એવું તેને ભાન નથી. અનુકૂળ પદાર્થો ઠીક છે ને પ્રતિકૂળ પદાર્થો અઠીક છે. એમ ઠીકાઠીક ભાવ કરી પુણ્ય–પાપના ધુમાડામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે ગોટવાઈ ગયો છે. તેવા જીવોને કર્મચેતનાની મુખ્યતાસહિત જાણવા.

જે જીવ દશ પ્રાણોથી રહિત છે તે અતીંદ્રિય જ્ઞાની છે, તે શુદ્ધપ્રત્યક્ષજ્ઞાની જીવ કેવળજ્ઞાની છે. તેઓ સાક્ષાત્ પરમાનંદને અનુભવે છે. કેવળી ભગવાનને શરીર ને આયુ હોવા છતાં અતીંદ્રિય ને દશ પ્રાણોથી રહિત ગણ્યા કારણ કે તેઓ એકલા જ્ઞાનને જ વેદે છે. એવા જીવને જ્ઞાનચેતના સંયુક્ત જાણવા.

ત્રણ પ્રકારના જીવો ત્રણ પ્રકારની ચેતનાને ધારે છે.

અનંતા એકેંદ્રિય જીવ હરખ–શોકને એટલે મુખ્યતાથી કર્મફળચેતનાને ધારે છે,

અસંખ્યાતા ત્રસજીવ રાગ–દ્વેષને કરે છે એટલે મુખ્યતાથી કર્મચેતનાને ધારે છે.

અનંતા સિદ્ધો ને કેવળી જ્ઞાન કરે છે એટલે જ્ઞાનચેતનાને ધારે છે.

માનસ્થંભની અવસ્થાને જીવ કરી શકતો નથી, રાગને લીધે જડની અવસ્થા થાય તેમ બનતું નથી, જડનું થવું જડમાં ને રાગનું થવું આત્મામાં છે. પુદ્‌ગલ અસ્તિ છે ને સ્કંધરૂપે થવું તે તેની કાય છે. દાન આપનારે શુભરાગ કર્યો પણ પુદ્‌ગલમાં ફેરફાર કરવો જ્ઞાની કે અજ્ઞાનીના હાથની વાત નથી.

અજ્ઞાની જીવ કહે છે કે આપણે આટલી બધી પ્રવૃત્તિ ન કરવી ને એવા પ્રકારનો શુભરાગ ન કરવો કે જેથી પ્રવૃત્તિ વધી જાય. તેને કહેવામાં આવે છે કે બહારની પર્યાયમાં તું પ્રવેશી શકતો નથી કે જેથી ત્યાંથી પાછો ફરીને નિવૃત્તિ લે. પુદ્‌ગલ પરમાણુઓનું અસ્તિકાયરૂપે થવું કે ન થવું તે તેને આધીન છે, તારે આધીન નથી. કોઈને લીધે કોઈનું અસ્તિત્વ ટકી શકે કે ફેરવી શકાય એમ બનતું નથી. જે કાળે જે સંયોગો થવાના તે કાળે તે સંયોગો થવાના. તેને લાવવા કે અટકાવવા કોઈના હાથની વાત નથી, ને જે **રાગ જે કાળે થવાનો તે રાગ તે કાળે થવાનો જ. દ્રષ્ટિ સંયોગ** ને રાગ ઉપર છે કે જ્ઞાનસ્વભાવ ઉપર છે તેના ઉપર ધર્મ કે અધર્મનું માપ છે. જો સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરી જ્ઞાન કરે તો ધર્મી છે ને સંયોગો તથા રાગ ઉપર જેની દ્રષ્ટિ છે તે અધર્મી છે.

પરમાં ફેરફાર કરવા માગે છે તે જ ભ્રાંતિ છે. પર પરના કારણે થાય છે એમ જ્ઞાન કરી, રાગ પોતાના કારણે એક સમય પૂરતો થાય છે એમ જ્ઞાન કરી તેને હેય સમજી ત્રિકાળ શુદ્ધ સ્વભાવને ઉપાદેય માનવો તે જીવના હાથની વાત છે. આમ નિમિત્ત ને પર્યાયની રુચિ ફેરવી ત્રિકાળી સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે. ૩૯.

હવે, ઉપયોગ ગુણની વ્યાખ્યા કરે છે. ઉપયોગ તે જ્ઞાનગુણની પર્યાય છે, છતાં ચેતનનું સામર્થ્ય બતાવવા તેને ગુણ કહ્યો છે. ચેતનાના બાર ભેદો તથા તેનું સામર્થ્ય કેટલું છે તે બતાવશે.

---

**उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ।**
**जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि ॥ ४० ॥**

**उपयोगः खलु द्विविधो ज्ञानेन च दर्शनेन संयुक्तः ।**
**जीवस्य सर्वकालमनन्यभूतं विजानीहि ॥ ४० ॥**

**છે જ્ઞાન ને દર્શન સહિત ઉપયોગ યુગલ પ્રકારનો;**
**જીવદ્રવ્યને તે સર્વ કાળ અનન્યરૂપે જાણવો. ૪૦**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ :** [ज्ञानेन च दर्शनेन संयुक्तः] જ્ઞાનથી અને દર્શનથી સંયુક્ત એવો [खलु द्विविधः] ખરેખર બે પ્રકારનો [उपयोगः] ઉપયોગ [जीवस्य] જીવને [सर्वकालम्] સર્વ કાળ [अनन्यभूतं] અનન્યપણે [विजानीहि] જાણો.

---

**तात्पर्यवृत्ति** : एवं त्रिविधचेतनाव्याख्यानमुख्यत्वेन गाथाद्वयं गतं । इत ऊर्ध्वमेकोनविंशतिगाथा-पर्यंतमुपयोगाधिकारः प्रारभ्यते । तद्यथा । अथात्मनो द्वेधोपयोगं दर्शयतिः – **उवओगो** आत्मनश्चैतन्यानु-विधायिपरिणामः उपयोगः चैतन्यमनुविदधात्यन्वयरूपेण परिणमति अथवा पदार्थपरिच्छित्तिकाले घटोयं पटोयमित्याद्यर्थग्रहणरूपेण व्यापारयति चैतन्यानुविधायि **खलु स्फुटं दुविहो** द्विविधः । स च कथंभूतः । **णाणेण य दंसणेण संजुत्तो** सविकल्पं ज्ञानं निर्विकल्पं दर्शनं ताभ्यां संयुक्तः **जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि** तं चोपयोगं जीवस्य संबन्धित्वेन सर्वकालं संज्ञालक्षणप्रयोजनादिभेदेपि प्रदेशैरभिन्नं विजानीहीति ॥ ४० ॥

**समयव्याख्या : अथोपयोगगुणव्याख्यानम्। आत्मनश्चैतन्यानुविधायी परिणाम उपयोगः । सोऽपि द्विविधः – ज्ञानोपयोगो दर्शनोपयोगश्च । तत्र विशेषग्राहि ज्ञानं, सामान्यग्राहि दर्शनम् । उपयोगश्च सर्वदा जीवादपृथग्भूत एव, एकास्तित्वनिर्वृत्तत्वादिति ॥ ४० ॥**

**અનુવાદ : હવે ઉપયોગગુણનું વ્યાખ્યાન છે. આત્માનો ચૈતન્ય-અનુવિધાયી (અર્થાત્ ચૈતન્યને અનુસરનારું) પરિણામ તે ઉપયોગ છે. તે પણ બે પ્રકારનું છે—જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. ત્યાં, વિશેષને ગ્રહનારું જ્ઞાન છે અને સામાન્યને ગ્રહનારું દર્શન છે (અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે તે જ્ઞાન છે અને સામાન્ય જેમાં પ્રતિભાસે તે દર્શન છે). વળી ઉપયોગ સર્વદા જીવથી અપૃથગ્ભૂત જ છે, કારણ કે એક અસ્તિત્વથી રચાયેલ છે. ૪૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૮ મંગળવાર]

ખરેખર ચેતનાના બે પ્રકારનાં પરિણામ છે. પ્રથમ જ્ઞાનને વેદવાની વાત આવી હતી. અહીં જ્ઞાનના પરિણમનની વાત કરે છે. બે પ્રકારે ઉપયોગ—૧. દર્શન ઉપયોગ ૨. જ્ઞાન ઉપયોગ—આત્મામાં ચેતનારૂપી પરિણામ આત્માથી થાય છે. ઈંદ્રિય, મનને લીધે કે વાણીથી કે પુસ્તકથી તે થતા નથી. શાસ્ત્ર, વાણી વગેરે પુદ્‌ગલાસ્તિકાય છે. ઉપયોગરૂપ પરિણામ જીવાસ્તિકાયમાં થાય છે. પોતાના જ્ઞાનનો વ્યાપાર અસંખ્યપ્રદેશમાં પોતાના કારણે પોતાની સત્તાથી થાય છે. છતાં વાણી ને શાસ્ત્રથી જ્ઞાન માનવું તે માન્યતા બે પદાર્થની એકત્વબુદ્ધિ બતાવે છે.

હું આત્મા છું, આ બીજા આત્મા છે, આ પુદ્‌ગલનો સ્કંધ છે. એમ પર પદાર્થને પૃથક્–પૃથક્ તથા પોતાની ત્રિકાળી શક્તિ તથા વર્તમાન પર્યાયને પૃથક્–પૃથક્ જાણે તેને જ્ઞાન ઉપયોગ કહે છે. ને જે ઉપયોગ સામાન્યપણે અર્થાત્ કોઈપણ જાતનો ભેદ પાડ્યા વિના સામાન્ય સત્તાને દેખે છે તેને દર્શન-ઉપયોગ કહે છે. આવા બે પ્રકારનો વ્યાપાર અનાદિ–અનંતકાળ સુધી અસંખ્યપ્રદેશી જીવમાં સાથે રહેલો છે. કોઈપણ પ્રાણી જ્ઞાન–દર્શન વિનાનો હોય એમ બનતું નથી એમ હે શિષ્ય ! તું જાણ. જ્યાં આત્મા છે ત્યાં જાણવા–દેખવાનો વ્યાપાર છે ને જ્યાં જાણવા–દેખવાનો વ્યાપાર છે ત્યાં આત્મા છે એમ તું જાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનયથી, આત્મા તથા ઉપયોગમાં ભેદ છે. કેવળજ્ઞાન ને કેવળી પ્રભુ એમ સંજ્ઞાભેદે ભેદ છે, તોપણ પ્રદેશભેદે ભેદ નથી. જેમ શરીર, મન, વાણી, કર્મ આત્માના પ્રદેશથી સર્વથા જુદાં છે તેમ ઉપયોગને આત્મા ખરેખર જુદા નથી. ગોળ ને ગળપણમાં વ્યવહારથી ભેદ છે છતાં પરમાર્થથી ભેદ નથી, કારણ કે ગુણનો નાશ થવાથી ગુણીનો નાશ થાય છે ને ગુણીના નાશથી ગુણનો નાશ થાય છે. માટે ગુણ–ગુણી એક છે. જેમ ગળપણનો નાશ થવાથી ગોળનો નાશ થાય ને ઉષ્ણતાનો નાશ થવાથી અગ્નિનો નાશ થાય તેમ ઉપયોગનો નાશ થવાથી આત્માનો નાશ થાય. બૈરાં, છોકરાં, કર્મ, પૈસા આદિનો નાશ થવાથી આત્મા નાશ પામતો નથી, પણ જ્ઞાનનો નાશ થવાથી આત્માનો નાશ થઈ જાય. માટે બન્નેને એકતા છે. એટલે કે ઉપયોગને તથા આત્માને એકતા છે એમ કહે છે. ૪૦.

---

**आभिणिसुदोधिमणकेवलाणि णाणाणि पंचभेयाणि ।**
**कुमदिसुदविभंगाणि य तिण्णि वि णाणेहिं संजुत्ते ॥ ४१ ॥**

**आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलानि ज्ञानानि पञ्चभेदानि ।**
**कुमतिश्रुतविभङ्गानि च त्रीण्यपि ज्ञानैः संयुक्तानि ॥ ४१ ॥**

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ—પાંચ ભેદો જ્ઞાનના;**
**કુમતિ, કુશ્રુત, વિભંગ—ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧**

**અન્વયાર્થ :** [आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलानि] અભિનિબોધિક (મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—[ज्ञानानि पञ्चभेदानि] એમ જ્ઞાનના પાંચ ભેદ છે; [कुमतिश्रुतविभङ्गानि च] વળી કુમતિ, કુશ્રુત અને વિભંગ—[त्रीणि अपि] એ ત્રણ (અજ્ઞાનો) પણ [ज्ञानैः] (પાંચ) જ્ઞાનો સાથે [संयुक्तानि] જોડવામાં આવ્યાં છે. (એ પ્રમાણે જ્ઞાનોપયોગના આઠ ભેદ છે.)

---

**तात्पर्यवृत्ति :** एवं ज्ञानदर्शनोपयोगद्वयसूचनरूपेण गाथैका गता । अथ ज्ञानोपयोगभेदानां संज्ञां प्रतिपादयतिः—आभिनिबोधिकं मतिज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मनःपर्ययज्ञानं केवलज्ञानमिति ज्ञानानि पंचभेदानि भवन्ति कुमतिज्ञानं कुश्रुतज्ञानं विभंगज्ञानमिति च मिथ्याज्ञानत्रयं भवति । अयमत्र भावार्थः । यथैकोप्यादित्यो मेघावरणवशेन बहुधा भिद्यते तथा निश्चयनयेनाखंडैकप्रतिभासस्वरूपोप्यात्मा व्यवहारनयेन कर्मपटलवेष्टितः सन्मतिज्ञानादिभेदेन बहुधा भिद्यत इति ॥ ४१ ॥

**समयव्याख्या : ज्ञानोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत् । तत्राभिनिबोधिकज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मनःपर्ययज्ञानं केवलज्ञानं कुमतिज्ञानं कुश्रुतज्ञानं विभङ्गज्ञानमिति नामाभिधानम् । आत्मा ह्यनंतसर्वात्मप्रदेशव्यापिविशुद्धज्ञानसामान्यात्मा । स खल्वनादिज्ञानावरणकर्मावच्छन्नप्रदेशः सन्, यत्तदावरणक्षयोपशमादिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तदाभिनिबोधिकज्ञानम्, यत्तदावरणक्षयोपशमादनिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तत् श्रुतज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तदवधिज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव परमनोगतं मूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तन्मनःपर्ययज्ञानम्, यत्सकलावरणात्यंतक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं सकलं विशेषेणावबुध्यते तत्स्वाभाविकं केवलज्ञानम् । मिथ्यादर्शनोदयसहचरितमाभिनिबोधिकज्ञानमेव कुमतिज्ञानम्, मिथ्यादर्शनोदयसहचरितं श्रुतज्ञानमेव कुश्रुतज्ञानम्, मिथ्यादर्शनोदय-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सहचरितमवधिज्ञानमेव विभङ्गज्ञानमिति स्वरूपाभिधानम् । इत्थं मतिज्ञानादिज्ञानोपयोगाष्टकं व्याख्यातम् ॥४१ ॥**

**અનુવાદ :** આ, જ્ઞાનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

ત્યાં, (૧) આભિનિબોધિકજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યયજ્ઞાન, (૫) કેવળજ્ઞાન, (૬) કુમતિજ્ઞાન, (૭) કુશ્રુતજ્ઞાન, અને (૮) વિભંગજ્ઞાન–એ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.

(હવે તેમનાં સ્વરૂપનું કથન કરવામાં આવે છે :-) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ જ્ઞાનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ જ્ઞાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ મતિજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને ઈંદ્રિય–મનના અવલંબનથી મૂર્ત–અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે આભિનિબોધિકજ્ઞાન છે, (૨) તે પ્રકારના (અર્થાત્ શ્રુતજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત–અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે શ્રુતજ્ઞાન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે અવધિજ્ઞાન છે, (૪) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ પરમનોગત (પારકાના મન સાથે સંબંધવાળા) મૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે મનઃપર્યયજ્ઞાન છે. (૫) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ), મૂર્ત–અમૂર્ત દ્રવ્યને સકળપણે વિશેષતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે. (૬) મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિકજ્ઞાન જ કુમતિજ્ઞાન છે, (૭) મિથ્યાદર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે, (૮) મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિજ્ઞાન જ વિભંગજ્ઞાન છે.—આ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે.

એ રીતે મતિજ્ઞાનાદિ આઠ જ્ઞાનોપયોગોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું. ૪૧

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૮ મંગળવાર]

હવે જ્ઞાન ઉપયોગના ભેદ બતાવે છે.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ—એમ પાંચ પ્રકાર સમ્યક્ જ્ઞાનના જાણવા ને કુમતિ, કુશ્રુત, વિભંગ એમ અજ્ઞાનના ત્રણ—એમ કુલ આઠ ભેદો જાણવા.

**મતિજ્ઞાન :** તત્ત્વાર્થસૂત્રમાં કહે છે કે ઈંદ્રિય ને મનના અવલંબને મતિજ્ઞાન થાય છે, તે નિમિત્તની ઉપસ્થિતિ બતાવવા કહેલ છે. જ્ઞાન ઈંદ્રિયોથી થતું હોય તો પુદ્‌ગલ અને જીવ એક થઈ જાય. ઈંદ્રિય અને મનનો આત્મામાં અભાવ છે. તારો મતિજ્ઞાનનો ઉપયોગ તારાથી થાય છે, ઈંદ્રિયથી થતો નથી.

**શ્રુતજ્ઞાન :** શાસ્ત્રથી શ્રુતજ્ઞાન થતું નથી. સ્વભાવના આશ્રયે ચૈતન્યના ઉપયોગનાં પરિણામ તે શ્રુતજ્ઞાન છે. તે પરને લીધે નથી. જેવા શબ્દો પડ્યા તેવું જ્ઞાન થાય છે ને ? શબ્દો ને શાસ્ત્ર પુદ્‌ગલાસ્તિકાય છે. આ જીવાસ્તિકાયના જ્ઞાનગુણના ઉપયોગનું વર્ણન ચાલે છે. ઉપયોગ સ્વની અસ્તિમાં થાય છે, પરની અસ્તિમાં થતો નથી. માટે શબ્દો, શાસ્ત્ર વગેરે સંયોગોની રુચિ છોડી, પર્યાય જેટલો માનવો છોડી તારા ત્રિકાળી જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવની રુચિ કર; તો ધર્મ થાય તેમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અવધિજ્ઞાન** : ઇંદ્રિય ને મનના અવલંબન વગર સ્વર્ગ, નરકાદિરૂપી પદાર્થને મર્યાદિતપણે જાણે તેને અવધિજ્ઞાન કહે છે. રૂપી પદાર્થો છે માટે અવધિજ્ઞાન થાય છે એમ નથી પણ ત્રિકાળી ચેતનાગુણ છે તેની ઉપયોગરૂપ અવસ્થા અવધિજ્ઞાનની થાય છે. કોઈ પરપદાર્થને લીધે તે નથી.

**મન:પર્યય જ્ઞાન** : સામેના જીવના રૂપી પદાર્થ સંબંધીના ચિંતવનને જાણી લેવું તે મન:પર્યયજ્ઞાન જ્ઞાન છે. તે પોતાના અંતરનો વ્યાપાર છે.

**કેવળજ્ઞાન** : અસંખ્યપ્રદેશેથી સમસ્ત રૂપી ને અરૂપી પદાર્થોને એકીસાથે, ત્રણે કાળની પર્યાય સહિત જાણે તેને કેવળજ્ઞાન કહે છે. તે અંતરનો વ્યાપાર છે. પંચેંદ્રિય, મનુષ્યપણું, મજબૂત સંહનન કે બહારના કાળને લીધે કેવળજ્ઞાન થતું નથી.

અજ્ઞાની જીવો માને છે કે દેશદેશાંતરમાં પર્યટન કરવાથી, ઘણાં માણસોને મળવાથી, ઘણાં પુસ્તકો કે શાસ્ત્રો વાંચવાથી જ્ઞાન પ્રગટે છે, તો તે બધો અજ્ઞાનભાવ છે. પોતાના જ્ઞાનનો વ્યાપાર પોતાથી થાય છે.

**કુમતિજ્ઞાન** : આત્માના જ્ઞાનસ્વભાવથી જ્ઞાન નહિ માનતાં રાગ ને નિમિત્તથી જ્ઞાન માનવું તે કુમતિજ્ઞાન છે. કેટલાક કહે છે કે અજ્ઞાની ગુરુ મળ્યા માટે અમોને અજ્ઞાન થયું તો તે વાત ખોટી છે. કુદેવ–કુગુરુને લીધે અજ્ઞાન થતું નથી, પણ પોતે ઊંધું જ્ઞાન કરે છે તો થાય છે. તે પોતાના અસ્તિકાયનો જ્ઞાનનો ઊંધો વ્યાપાર છે.

**કુશ્રુતજ્ઞાન** : વેદાંત ભણે, કામશાસ્ત્ર ભણે, માટે ઊંધું શ્રુતજ્ઞાન થાય એ વાત ખોટી છે. પોતે કુશ્રુતજ્ઞાન કરે છે તે પોતાની અસ્તિમાં પોતાથી થાય છે.

**વિભંગજ્ઞાન** : રૂપી પદાર્થ—સ્વર્ગ, નરકાદિને જાણવાનું જ્ઞાન પણ આત્મજ્ઞાન વિનાનું હોય તેને વિભંગજ્ઞાન કહે છે. સ્વર્ગ-નરકાદિનો કર્તા માને, રાગનો કર્તા માને, ગુરુની કૃપાથી જ્ઞાન માને એવી ઊંધી માન્યતાવાળા જીવને અમુક રૂપી પદાર્થ સંબંધી જાણવાનું જ્ઞાન હોય તો તેને વિભંગજ્ઞાન કહે છે. તે પણ પોતાને લીધે છે, પરને લીધે નથી.

આમ જ્ઞાનની પર્યાય પોતાના અસ્તિકાયમાં પોતાથી થાય છે એમ જ્ઞાન કરે તો પરથી છૂટો પડી જ્ઞાનપર્યાય જેમાંથી આવે છે એવા ત્રિકાળી ચેતનાના ધારક આત્મસ્વભાવ તરફ દૃષ્ટિ થાય તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૯ બુધવાર]

**ભાવાર્થ** : સ્વાભાવિક ભાવથી આ આત્મા પોતાના સમસ્ત પ્રદેશવ્યાપી અનંત નિરાવરણ શુદ્ધ જ્ઞાનસંયુક્ત છે. આત્મવસ્તુ જ્ઞાનથી ભરેલી છે, રાગદ્વેષથી ભરેલી નથી. પૈસા, કર્મ કે શરીરરૂપે થવું તે આત્માનો સ્વભાવ નથી, દયા–દાનાદિ વિકલ્પ આત્માનો સ્વભાવ નથી, આત્મા અખંડ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. પર્યાયમાં ભેદ પડે છે તે જાણવા જેવા છે. પણ ભેદ અંગીકાર કરવા જેવા નથી. માત્ર અખંડ શુદ્ધ ચૈતન્યસ્વભાવ અંગીકાર કરવા જેવો છે.

પરંતુ સંસારી આત્મા અનાદિ કાળથી કર્મને તાબે થયેલો હીણો ને અલ્પજ્ઞ વર્તે છે. પોતે સ્વભાવને ચૂકીને કર્મના સંગમાં પડ્યો તેથી પોતાની હીણી દશારૂપે પરિણમ્યો છે. તેથી સર્વાંગ–અસંખ્યપ્રદેશમાં જ્ઞાનાવરણીય કર્મથી આચ્છાદિત થયેલ છે. એમ નિમિત્તથી કથન કરવામાં આવે છે.

તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે મતિજ્ઞાન પ્રગટ થાય છે. તે કથન નિમિત્તથી છે. હું ચૈતન્યસ્વભાવી નિર્મળ છું, પરપદાર્થનો તથા રાગ–દ્વેષનો જાણનારો છું. જાણવાનું કામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મારામાં મારાથી છે—એમ ચૈતન્ય તરફ દૃષ્ટિ થતાં મતિજ્ઞાન પ્રગટે છે તેમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ નિમિત્તમાત્ર છે.

મન તથા પાંચ ઈંદ્રિયોના અવલંબનથી મૂર્તિક તથા અમૂર્તિક દ્રવ્યને વિશેષતાથી જે જ્ઞાન દ્વારા પરોક્ષ જાણવામાં આવે તેને મતિજ્ઞાન કહે છે. અહીં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવે છે. પોતાની જ્ઞાનપર્યાય હીણી પરિણમે છે તેથી નિમિત્તનું અવલંબન એટલે ઉપસ્થિતિ હોય છે છતાં જડ ઈંદ્રિય કે કર્મને લીધે જ્ઞાન થાય છે એમ છે જ નહિ. કોઈ કહે કે ભેદરૂપ જ્ઞાનની અવસ્થા થતી જ નથી તો તે ખોટું છે, કોઈ કહે કે ભેદરૂપ જ્ઞાનની અવસ્થા કર્મના ક્ષયોપશમને લીધે અથવા ઈંદ્રિયને લીધે થાય છે એમ માને તોપણ ખોટું છે, ને કોઈ કહે કે મતિજ્ઞાનની અવસ્થા વખતે કર્મના ક્ષયોપશમનું ને ઈંદ્રિયાદિનું નિમિત્તપણું છે જ નહિ તોપણ ખોટું છે. છતાં ઈંદ્રિયને લીધે જ્ઞાન થતું નથી કારણ કે જડ ઈંદ્રિયોનો આત્મામાં અભાવ છે. આ જડ ઈંદ્રિય છે, શરીર છે, ધર્મ, અધર્મ, આકાશ વગેરે અમૂર્તિક દ્રવ્ય છે. આ શુભભાવ છે, આ અશુભભાવ છે વગેરે મૂર્ત–અમૂર્ત પદાર્થોને પોતાની જ્ઞાનપર્યાયમાં સ્વલક્ષે જાણે તેને મતિજ્ઞાન કહે છે. જેમાં કાંઈક વિકાસ છે ને કાંઈક અવિકાસ છે. સામે કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે ને ઈંદ્રિય–મન બાહ્ય નિમિત્ત છે. અવલંબન એટલે નિમિત્તની હાજરીમાત્ર, પણ નિમિત્તને લીધે નહિ. ઈંદ્રિય ને મન નિમિત્ત છે માટે પરોક્ષજ્ઞાન કહ્યું છે. પણ સ્વપર્યાયની હાજરીમાં ને પરચીજોની મદદ વિના જાણે છે. સામેના પદાર્થો છે માટે જ્ઞાન તેને જાણે છે એમ નથી.

અજ્ઞાની જીવ માને છે કે આ વસ્તુ ખાટી છે માટે ખાટાનું જ્ઞાન થયું, પવનનો સ્પર્શ થતાં પવનનું જ્ઞાન, રોગ આવતાં રોગનું જ્ઞાન થયું—એમ જ્ઞેયને લીધે અથવા ઈંદ્રિયને લીધે જ્ઞાન થયું માને છે, તે બધો અજ્ઞાનભાવ છે. શરીર, ઈંદ્રિયો, સોનું વગેરે પુદ્‌ગલ પદાર્થ અસ્તિ છે, તેની સ્કંધરૂપ અવસ્થા તે કાય છે. આમ પુદ્‌ગલાસ્તિકાય ને જીવાસ્તિકાયની પર્યાય માનવી તે બે દ્રવ્યની એકત્વબુદ્ધિ છે. જેવાં નિમિત્તો હોય તેવા જ પ્રકારે જ્ઞાન થાય છે. સમવસરણ જોતાં સમવસરણનું જ્ઞાન થાય. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે સામી ચીજને લીધે જ્ઞાન થતું હશે ! તે બધા પુદ્‌ગલસ્કંધો છે. આત્માથી જુદા છે. જીવ દ્રવ્ય છે, જ્ઞાન તેનો ત્રિકાળી ગુણ છે, ને તેની મતિજ્ઞાનરૂપી અવસ્થા થવી તે જીવનો પર્યાયધર્મ છે. આમ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે થઈને જીવાસ્તિકાયનું સ્વરૂપ પૂરું થાય છે. આમ પરથી જુદા પડી ત્રણેનું યથાર્થ જ્ઞાન કરવું—તે ભેદજ્ઞાન છે. મીઠાનો પ્રવાહ મીઠાના ગાંગડાના અસ્તિત્વમાં વહે છે તેમ જ્ઞાનનો પ્રવાહ અખંડ જ્ઞાનના ગાંગડાના અસ્તિત્વમાં વહે છે. ઈંદ્રિયથી, કર્મથી કે પરપદાર્થથી તે જ્ઞાન વહેતું નથી એમ પોતાના શુદ્ધ ચૈતન્યના અવલંબને જે જ્ઞાન પ્રગટ થાય છે તે સમ્યગ્મતિજ્ઞાન છે ને તે ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

“और उस ही ज्ञानावरणकर्मके क्षयोपशमसे मनके अवलंबसे किंचिन्मूर्तिक – अमूर्तिक द्रव्य जिसके द्वारा जाना जाय उस ज्ञानका नाम श्रुतज्ञान है ।”

પોતાના પુરુષાર્થ દ્વારા શ્રુતજ્ઞાન થાય છે તેમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ને મન નિમિત્ત છે. મન નિમિત્ત છે અથવા બીજા પદાર્થો છે માટે શ્રુતજ્ઞાન થાય છે એમ નથી. તેમ જ એકલા શાસ્ત્રના લક્ષે કરેલું જ્ઞાન તે પણ શ્રુતજ્ઞાન નથી. આ જગતમાં છ દ્રવ્યો છે. તેમાં આત્મા દ્રવ્ય છે, તેનો ત્રિકાળી જ્ઞાનગુણ છે, તેની સમ્યક્ પાંચ પર્યાયો છે, તે પોતાથી થાય છે ને એવો પર્યાયભેદ પડે છે તે યથાર્થ છે, ભ્રમ નથી. શ્રુતજ્ઞાનમાં કર્મનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષયોપશમ તથા બાહ્ય મન નિમિત્ત છે. છતાં નિમિત્તથી તે જ્ઞાન થતું નથી. આમ ભેદને અથવા જ્ઞાનના અંશને સ્વતંત્ર સ્વીકારી તે અંશ જેટલો પણ આત્મા નથી, આત્મા તો ત્રિકાળી અખંડ જ્ઞાનસ્વરૂપ છે એમ ત્રિકાળનું અવલંબન લઈ જે જ્ઞાન પ્રગટે ને વિશેષતા કરી અર્થાત્ ભેદ પાડીને જાણે તે શ્રુતજ્ઞાન છે.

કુંદકુંદાચાર્યે તો મૂળ ગાથામાં જ્ઞાનના આઠ ભેદ કહ્યા છે, તેમાંથી અમૃતચંદ્રાચાર્યે સ્પષ્ટતા કરવા કર્મ તથા બાહ્ય ઈંદ્રિય અથવા મન નિમિત્ત છે એમ બતાવેલ છે. અહીં જીવના પુરુષાર્થના કારણે જ્ઞાનનો વિકાસ થયો ત્યારે કર્મનો ક્ષયોપશમ કર્મના કારણે હોય એવો સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવી, નિમિત્તથી ભેદ બતાવી, જ્ઞાનના ભેદ જેટલો પણ આત્મા નથી, આત્મા તો અખંડ પરિપૂર્ણ છે એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

આમ સ્વભાવના આશ્રયે પ્રગટતું જ્ઞાન સ્વ તથા પરને બન્નેને જાણી લ્યે છે. સાધક દશામાં શુભાશુભ પરિણામ થાય છે ને જે પ્રકારનો રાગ થયો તેવા જ પ્રકારનું જ્ઞાન કરે છે, પણ રાગ થયો માટે જ્ઞાન થાય છે એમ નથી. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે જેવો રાગ તેવું જ્ઞાન થાય છે માટે રાગથી જ્ઞાન થતું હોવું જોઈએ પણ તે ભ્રમણા છે. રાગ ચારિત્રગુણની વિપરીતપર્યાય છે, શ્રુતજ્ઞાન જ્ઞાનગુણની નિર્મળપર્યાય છે. જ્ઞાનગુણ ચારિત્રગુણને પરાધીન નથી પણ સ્વતંત્ર છે. આત્મા ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે, તેના અસંખ્યપ્રદેશમાં ત્રિકાળી જ્ઞાનગુણ વ્યાપક છે એવા આત્માનો આશ્રય લઈને જે શ્રુતજ્ઞાનની પર્યાય ખીલે છે તે જ્ઞાનપર્યાય જેવા જેવા પ્રકારનો રાગ થાય તેવા તેવા પ્રકારને ચારિત્રગુણની મદદ લીધા વિના, કર્મની કે મનની મદદ લીધા વિના પોતાના સામર્થ્યથી જાણી લ્યે છે.

વળી જ્ઞાનમાં જુદા જુદા પદાર્થોના આકારનું જ્ઞાન થઈ જાય છે પણ જ્ઞાન તેવડા આકારવાળું થઈ જતું નથી. લીમડો ૩૫ હાથનો હોય તેથી કરીને જ્ઞાન ૩૫ હાથનું થઈ જતું નથી. લીમડો ૩૫ હાથનો છે એમ જ્ઞાન સ્વને જાણતાં પરને જાણી લ્યે છે. આમ સ્વને તથા પરને જાણવાનો સ્વભાવ છે માટે જ્ઞાનને સાકાર કહે છે, પણ તેથી પર ચીજ જ્ઞાનમાં આવી જતી નથી. આ રાગ થયો, આ દ્વેષ થયો, આ શરીર છે—એમ પરપદાર્થને તથા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ભેદ કરી કરીને જાણવા તે જ્ઞાનનું સામર્થ્ય છે માટે તે સાકાર કહેવાય છે. દર્શન ભેદ પાડ્યા વિના માત્ર સામાન્ય હોવાપણાને ગ્રહણ કરે છે, માટે દર્શનને નિરાકાર કહે છે.

આત્માના અસંખ્યપ્રદેશમાં જ્ઞાન વ્યાપેલું છે. અમુકમાં વ્યાપે ને અમુકમાં ન વ્યાપે તેમ બનતું નથી. અખંડ જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે જે વિશેષ જ્ઞાન પ્રગટ થાય તે શ્રુતજ્ઞાન પર્યાય છે, તે તેનો ભેદધર્મ છે. અભેદમાં ભેદધર્મ છે, એકમાંથી અનેક થવું તે તેનો અસ્તિધર્મ છે, પરને લીધે નહિ. ધર્મી જીવને પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી શુભ કે અશુભ રાગ હોય છે પણ તે રાગથી કે નિમિત્તથી જ્ઞાન પ્રગટતું નથી. ત્રિકાળ ચૈતન્યસ્વભાવ એકરૂપની દૃષ્ટિ કરતાં અનેક ભેદરૂપ જ્ઞાનની અવસ્થા થાય છે તે તારામાં થાય છે. તારા જ્ઞાનગુણના કારણે થાય છે. ઈંદ્રિયોને લીધે, પર જ્ઞેયોને લીધે, રાગને લીધે કે કર્મના ક્ષયોપશમને લીધે તે અવસ્થા થતી નથી. આ પ્રમાણે જે સમ્યગ્શ્રુતજ્ઞાન પ્રગટે છે તે મૂર્ત તથા અમૂર્ત પદાર્થોને જાણે પણ તેને આઘાપાછા કરી શકે નહિ. વાણી, પુસ્તક કે મોઢું જડ છે. બોલવાનો રાગ થાય છે તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે તે સૌ પોતપોતામાં છે. જ્ઞાન જ્ઞાનમાં છે. પરથી કે રાગથી જ્ઞાન થતું નથી એમ જ્ઞાન જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે કોઈ અહીં પૂછે કે શ્રુતજ્ઞાન તો એકેંદ્રિય જીવથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવને હોય છે એમ કહ્યું છે તો તેનું સમાધાન : તે મિથ્યાજ્ઞાન છે. પોતાના આત્મદ્રવ્યમાંથી જ્ઞાન વહે છે તેવું તેને ભાન નથી. નિમિત્તથી તથા પરથી જ્ઞાન માને છે તેથી તે મિથ્યાજ્ઞાન છે. અક્ષર સાંભળીને શુદ્ધ ચૈતન્યના અવલંબને જે ભાવશ્રુતજ્ઞાન થાય તે અહીં લેવું, મનના નિમિત્તે જે પરોક્ષ ભાવશ્રુતજ્ઞાન થાય છે તે અહીં લેવું.

જે જીવ એમ માને છે કે પુસ્તકને લીધે જ્ઞાન થાય, બહાર દેશાવર ફરવાથી જ્ઞાન થાય. તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો અભાવ માને છે ને નિમિત્તમાંથી જ્ઞાન આવે છે એમ માને છે. જેમ ડુંગરમાં પાણી ભરેલું છે તેમાંથી પાણી વહે છે, તેમ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો છે તેમાંથી જ્ઞાનજળ વહે છે. એવું મિથ્યાદ્રષ્ટિને ભાન નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. મારો જ્ઞાનસ્વભાવ અંતરમાં છે ને હું અંતરમાં વળું તો મારો વિકાસ થાય છે તેવી અજ્ઞાનીને ખબર નથી. અંતર શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વભાવની લાઈબ્રેરીમાં એકાગ્ર થતાં ભાવમતિ–શ્રુતજ્ઞાન પ્રગટે તેમ છે, ને તે વધીને કેવળજ્ઞાન પ્રગટે છે. તે વડે આખી દુનિયાનું જ્ઞાન થઈ જાય છે.

કેટલાક જીવો બધા થઈને એક આત્મા માને, આત્માને એકાંત કૂટસ્થ માને, એમ એકાંત માનનારા માટે અમૃતચંદ્રાચાર્ય બધી સ્પષ્ટતા કરે છે. આત્મા તથા બીજાં દ્રવ્યો છે, આત્મા અભેદ ને અસંખ્યપ્રદેશી છે, તેમાં ત્રિકાળ જ્ઞાનગુણ છે, તેમાં આઠ પ્રકારની અવસ્થા થાય છે. સંસારદશા વખતે પરોક્ષતા ને અલ્પજ્ઞતા પણ છે, તે પોતાના કારણે છે. કર્મનો ક્ષયોપશમ તથા ઈંદ્રિયાદિ નિમિત્ત છે. છતાં નિમિત્તથી જ્ઞાનનું પરિણમન નથી. સામે બીજા પદાર્થો પણ છે. એમ વ્યવહાર, નિમિત્ત–નૈમિત્તિક સંબંધ, કર્મ, બીજા પદાર્થો, ભેદરૂપ પર્યાય તથા અભેદ આત્મા—એમ બધાનું યથાર્થ જ્ઞાન કરાવે છે. આમ સ્વતંત્ર જ્ઞાન કરી, અભેદ આત્મા તરફ વળતાં સમ્યગ્જ્ઞાન થાય છે ને તે જ ધર્મ છે.

**અવધિજ્ઞાન** : જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે રૂપી પદાર્થોને એકદેશ જાણી શકાય તેને અવધિજ્ઞાન કહે છે. કોઈ સમ્યગ્જ્ઞાની જીવને અંતર ઉપયોગ મૂકતાં સ્વર્ગ–નરકાદિનું જ્ઞાન થાય છે, પણ તે સ્વર્ગ–નરક આદિ છે માટે અવધિજ્ઞાન થાય છે એમ નથી. જ્ઞેયો તો સદાય છે. જ્ઞેયને લીધે જ્ઞાન હોય તો બધાને થવું જોઈએ પણ એમ નથી. ત્રિકાળ સ્વભાવના અવલંબને સમ્યગ્દ્રષ્ટિ જીવમાં કોઈ જીવને રૂપી પદાર્થને મર્યાદામાં જાણવાનું જ્ઞાન થાય છે તે ચારે ગતિમાં હોય છે.

**મનઃપર્યયજ્ઞાન** : જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે બીજા જીવોના મનમાં સ્થિત રૂપી પદાર્થોને મર્યાદામાં જાણે તેને મનઃપર્યયજ્ઞાન કહે છે. ભાવલિંગી મુનિમાંથી કોઈ મુનિને આ જ્ઞાન થાય છે. તીર્થંકરો દીક્ષા લ્યે કે તુરત જ મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે. મુનિપણું લીધું માટે આ પ્રગટે છે એમ નથી પણ અંતરની તાકાતના આધારે પ્રગટે છે.

**કેવળજ્ઞાન** : સર્વથા પ્રકારે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી જે જ્ઞાન દ્વારા જગતના સમસ્ત મૂર્તિક ને અમૂર્તિક પદાર્થો દ્રવ્ય–ગુણ–પર્યાય સહિત પ્રત્યક્ષ જાણે છે તેને કેવળજ્ઞાન કહે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, જ્ઞાનાનંદ પ્રભુ છે, તેમાં લીનતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટે છે. દીવાસળીમાં ટોપકું ઘસવાથી ભડકો થાય છે તે ભડકો બાકસ કે નીચેની સફેદ લાકડીથી થતો નથી. તેમ મજબૂત સંહનન, મન, વાણી કે પુણ્ય–પાપના વિકલ્પો બધાં લાકડાં સમાન છે તેને ઘસવાથી કેવળજ્ઞાન પ્રગટતું નથી, પણ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનરૂપી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભડકો થાય છે. વજ્રર્ષભનારાચસંહનન છે, મનુષ્ય દેહ છે, કર્મનો અભાવ છે, માટે કેવળજ્ઞાન થાય છે તે કથન નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. વળી ''જે સદ્‌ગુરુ ઉપદેશથી પામ્યો કેવળ-જ્ઞાન'' એ વાક્ય સદ્‌ગુરુના ઉપદેશનું નિમિત્ત બતાવે છે, પણ ઉપદેશથી કેવળજ્ઞાન થતું નથી.

વળી કેટલાક જીવો એમ કહે છે કે ''કેવળજ્ઞાનીએ બધું જાણી લીધું છે તો પછી પુરુષાર્થ કાંઈ રહેતો નથી. કેવળીએ જેટલા ભવ જોયા હશે તેટલા થશે. આપણે તેમાં ફેરફાર કરી શકીએ નહિ.'' આમ અજ્ઞાની જીવો દલીલ કરે છે. આ કેવળજ્ઞાની ભગવાન છે એ કોના જ્ઞાનમાં નિર્ણય કર્યો ? પોતાના જ્ઞાનમાં નિર્ણય થાય છે કે જેમ કેવળીભગવાન પરિપૂર્ણ દશાને પામ્યા તેમ હું પણ સર્વજ્ઞ શક્તિવાન છું, મારામાં કેવળી થવાની તાકાત છે, મારા કેવળજ્ઞાનની પર્યાય મારા આશ્રયે પ્રગટે છે પણ સંહનનથી, રાગથી કે ક્ષેત્રથી કેવળજ્ઞાન પ્રગટતું નથી—એમ જેણે પોતાના દ્રવ્યના આશ્રયે રુચિપૂર્વક નિર્ણય કર્યો છે તેને શ્રુતજ્ઞાન પ્રગટ થઈ કેવળજ્ઞાન થાય છે. પ્રભુએ કહ્યું છે માટે નહિ પણ પોતાના આશ્રયે નિર્ણય કરે છે. આમ પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવના આશ્રયે સર્વજ્ઞપણું સ્વીકાર્યું તે જીવને ભવ હોઈ શકે નહિ એટલે કે એક-બે ભવમાં તે કેવલજ્ઞાન પામવાનો છે. તે જ પુરુષાર્થ છે. જેણે કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તેને ભવ હોતો નથી.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૧૦ ગુરુવાર]

આ જીવદ્રવ્ય છે તેનું ત્રિકાળ શુદ્ધસ્વરૂપ છે. જીવદ્રવ્ય એક છે ને તેના ગુણો અનેક છે. દરેક ગુણનું પરિણમન સ્વતંત્ર થયા કરે છે. **દ્રવ્ય, ગુણ ને પર્યાયની જે મર્યાદા છે તેનું જ્ઞાન થાય તો પર્યાયબુદ્ધિ ટાળી સ્વભાવને ઉપાદેય માનવારૂપ બુદ્ધિ કરે.** પણ જેને હેય માને તેનું જ્ઞાન તો કરવું પડે ને ? પુણ્ય-પાપના વિકારી ભાવો છોડવા જેવા છે. ક્ષણે ક્ષણે જે પર્યાય થાય છે તે એક સમય પૂરતી છે માટે તેની રુચિ પણ છોડવા જેવી છે. પણ છોડે ક્યારે ? યથાર્થજ્ઞાન કરે તો છૂટે.

અહીં બતાવે છે કે આત્મા 'અખંડ જ્ઞાનમૂર્તિ છે, તેમાં જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેનું પરિણમન (સમ્યક્) પાંચ પ્રકારે હોય છે ને ત્યાં કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે, નિમિત્ત ન હોય એમ બનતું નથી. છતાં નિમિત્ત વડે જ્ઞાન થતું નથી.

હવે ત્રણ અજ્ઞાનની વાત કરે છે.

આત્મા ત્રિકાળી શુદ્ધ શું છે વગેરેનું જેને જ્ઞાન નથી ને જે રાગ અને વિકારની સાથે એકત્વબુદ્ધિ કરે છે તેનું બધું જ્ઞાન અજ્ઞાન છે. તે જીવનું મતિજ્ઞાન અજ્ઞાન છે. તે જ્ઞાનની વિપરીતતા કર્મને લીધે કે પરને લીધે નથી પણ પોતાના કારણે પોતાની સત્તામાં છે. આત્માના ભાન વિના અગિયાર અંગનું ભણતર કરે તોપણ તેનું બધું જ્ઞાન કુમતિ ને કુશ્રુત છે. તે આત્માને લાભદાયક નથી. વળી કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને સ્વર્ગ તથા નરકના રૂપી પદાર્થ જાણવાનો પણ ઉઘાડ હોય છે છતાં વિપરીતબુદ્ધિથી થયેલો ભાવ હોવાથી તે જ્ઞાન વિભંગજ્ઞાન છે.

આ પ્રમાણે જ્ઞાનના વિશેષ ભેદો જેમ કે અવગ્રહ, ઈહા, અવાય, ધારણા વગેરે મતિજ્ઞાનના ભેદો તત્ત્વાર્થસૂત્રમાંથી જાણી લેવા. નિમિત્ત, વિકાર ને જ્ઞાનની પર્યાયના ભેદો જાણીને તે બધા તરફનું લક્ષ છોડવા જેવું છે ને આત્મા શુદ્ધ સ્વરૂપી એક જ ઉપાદેય છે એમ યથાર્થ જ્ઞાન કરવું. ૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**दंसणमवि चक्खुजुदं अचक्खुजुदमवि य ओहिणा सहियं ।**
**अणिधणमणंतविसयं केवलियं चावि पण्णत्तं ॥ ४२ ॥**

**दर्शनमपि चक्षुर्युतमचक्षुर्युतमपि चावधिना सहितम् ।**
**अनिधनमनंतविषयं कैवल्यं चापि प्रज्ञप्तम् ॥ ४२ ॥**

**દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને**
**નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨**

**અન્વયાર્થ :** [दर्शनम् अपि] દર્શન પણ [चक्षुर्युतम्] ચક્ષુદર્શન, [अचक्षुर्युतम् अपि च] અચક્ષુદર્શન, [अवधिना सहितम्] અવધિદર્શન [च अपि] અને [अनंतविषयम्] અનંત જેનો વિષય છે એવું [अनिधनम्] અવિનાશી [कैवल्यं] કેવળદર્શન [प्रज्ञप्तम्]—એમ ચાર ભેદવાળું કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति :** इत्यष्टविधज्ञानोपयोगसंज्ञाकथनरूपेण गाथा गता। अथ दर्शनोपयोगभेदानां संज्ञां स्वरूपं च प्रतिपादयतिः – चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनं केवलदर्शनमिति दर्शनोपयोगभेदानां नामानि। अयमात्मा निश्चयनयेनानंताखंडैकदर्शनस्वभावोपि व्यवहारनयेन संसारावस्थायां निर्मलशुद्धात्मानुभूत्यभावोपार्जितेन कर्मणा झंपितः सन् चक्षुर्दर्शनावरणक्षयोपशमे सति बहिरंगचक्षुर्द्रव्येन्द्रियावलंबनेन यन्मूर्तं वस्तु निर्विकल्पसत्तावलोकेन पश्यति तच्चक्षुदर्शनं, शेषेन्द्रियनोइन्द्रियावरणक्षयोपशमे सति बहिरंगद्रव्येन्द्रियद्रव्यमनोवलंबनेन यन्मूर्ताऽमूर्तं, च वस्तु निर्विकल्पसत्तावलोकेन यथासंभवं पश्यति तदचक्षुर्दर्शनं, स एवात्मावधिदर्शनावरणक्षयोपशमे सति यन्मूर्तं वस्तु निर्विकल्पसत्तावलोकेन प्रत्यक्षं पश्यति तदवधिदर्शनं रागादिदोषरहितचिदानंदैकस्वभावनिजशुद्धात्मानुभूतिलक्षणनिर्विकल्पध्यानेन निरवशेषकेवलदर्शनावरणक्षये सति जगत्त्रयकालत्रयवर्तिवस्तुगतसत्तासामान्यमेकसमयेन पश्यति तदनिधनमनंतविषयं स्वाभाविकं केवलदर्शनं भवतीति। अत्र केवलदर्शनाविनाभूतानंतगुणाधारः शुद्धजीवास्तिकाय एवोपादेय इत्यभिप्रायः ॥४२॥

**समयव्याख्या : दर्शनोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत्। चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनं केवलदर्शनमिति नामाभिधानम्। आत्मा ह्यनंतसर्वात्मप्रदेशव्यापिविशुद्धदर्शनसामान्यात्मा। स खल्वनादिदर्शनावरणकर्मावच्छन्नप्रदेशः सन्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुरिन्द्रियावलम्बाच्च मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तच्चक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुर्वर्जितेतरचतुरिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदचक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदवधिदर्शनम्, यत्सकलावरणात्यंतक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं सकलं सामान्येनावबुध्यते तत्स्वाभाविकं केवलदर्शनमिति स्वरूपाभिधानम् ॥ ४२ ॥**

**અનુવાદ : આ, દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.**

**(૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન, (૪) કેવળદર્શન—એ પ્રમાણે (દર્શનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.**

**(હવે તેમનાં સ્વરૂપનું કથન કરવામાં આવે છે :) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ દર્શનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ ચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુઈંદ્રિયના અવલંબનથી મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે, (૨)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઇંદ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અચક્ષુદર્શન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અવધિદર્શન છે, (૪) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ), મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે સામાન્યતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળદર્શન છે.—આ પ્રમાણે (દર્શનોપયોગનાં ભેદોનાં) સ્વરૂપનું કથન છે. ૪૨.**

---

**પ્રવચન :**

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૦, ગુરુવાર]

આત્મા વસ્તુ ત્રિકાળ છે, તેમાં દર્શનગુણ ત્રિકાળ છે. તે અસંખ્યપ્રદેશમાં અખંડ વ્યાપીને રહેલો છે. દર્શનનો વિષય સામાન્ય છે. તે ભેદ કરીને જાણતું નથી. તે દર્શનની ચાર પર્યાયો છે. તેમાં ચક્ષુદર્શનની વાત કરે છે. પોતાની સત્તાથી પોતામાં ચક્ષુદર્શનનો ઉપયોગ થાય છે પણ હીન પરિણમન હોવાથી ચક્ષુ નિમિત્ત છે, ચક્ષુથી દેખે છે એમ નથી, પણ ચક્ષુદર્શનનો વ્યાપાર જીવ સ્વતંત્રપણે પોતાના અસ્તિકાયમાં કરે છે. જીવ દ્રવ્ય છે, દર્શન ગુણ છે ને ચક્ષુદર્શન તે પર્યાય છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને જીવાસ્તિકાયનું સ્વરૂપ પૂરું થાય છે.

દર્શનનું કાર્ય સામાન્ય એટલે કે ભેદ પાડ્યા વિના દેખવું તે છે. એક જ્ઞાનનો વ્યાપાર થયા પછી ને બીજા જ્ઞાનનો વ્યાપાર થતાં પહેલાં ચેતનાનો સામાન્ય વ્યાપાર કે જેમાં ચક્ષુ નિમિત્ત છે તે વ્યાપારને ચક્ષુદર્શનનો વ્યાપાર કહે છે. છદ્મસ્થ જીવને દર્શન-ઉપયોગ વખતે જ્ઞાન-ઉપયોગ ન હોય ને જ્ઞાન-ઉપયોગ વખતે દર્શન-ઉપયોગ ન હોય. એક પછી એક હોય. કેવળી ભગવાનને બન્ને ઉપયોગ એકસાથે હોય છે.

કર્મના ઉદયને લીધે વિકાર માને અને જીવની ઇચ્છાને લીધે શરીર ચાલે એમ માને તે અજ્ઞાનભાવ છે. એકબીજાને લીધે અવસ્થા કદી પણ થાય નહિ. નિમિત્તથી કાર્ય થતું નથી પણ નિમિત્તની ઉપસ્થિતિ છે. પોતે વિકાર કરે તો કર્મ નિમિત્ત છે. એમ નિમિત્તનું, વિકારનું, ભેદનું યથાર્થ જ્ઞાન કરી, તેને હેય સમજી તે તરફનું લક્ષ છોડવું જોઈએ. તેવી રીતે અહીં ભેદજ્ઞાન કરાવે છે. આત્મા અખંડ દર્શનગુણથી વ્યાપેલો છે તેની પર્યાયમાં ભેદ પડે છે. તેમાં ચક્ષુદર્શનરૂપી પર્યાય વખતે ચક્ષુદર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે ને બાહ્યમાં ચક્ષુ નિમિત્ત છે. પણ નિમિત્તને લીધે દેખવાનો વ્યાપાર થતો નથી.

આંખ તો જડ છે. આંખમાં ક્યાંય કાણું નથી કે જે દ્વારા આત્મા દેખી શકે. જેમ બારણાની તડમાંથી પદાર્થો દેખાય છે તેમ શરીરમાં કે આંખમાં ક્યાંય તડ કે કાણું નથી કે જે દ્વારા આત્મા દેખી શકે. સંઘાત નામકર્મની પ્રકૃતિના કારણે ઔદારિક શરીર છિદ્રરહિતપણાને પ્રાપ્ત છે. ઔદારિક, કાર્મણ ને તૈજસ ત્રણ શરીરોની મોટી વજ્ર જેવી ભીંતો આત્માને આડી પડી છે. અખંડ ત્રણ પડદા આડા હોવા છતાં જીવ પોતાના દર્શન-ઉપયોગથી દેખી રહ્યો છે. તેમાં કર્મ ને ચક્ષુ નિમિત્તમાત્ર છે.

ચક્ષુ સિવાયની ચાર ઇંદ્રિયો ને મન દ્વારા પદાર્થોનો સામાન્ય હોવાનો ખ્યાલ આવવો તે અચક્ષુદર્શન છે. કાન, નાકમાં ક્યાંય છિદ્ર નથી, અખંડતા છે. અંદર આત્મા પોતાની શક્તિથી દેખી રહ્યો છે. આ પાંચની ઉપસ્થિતિમાં પર્યાય દ્વારા ભેદ પાડ્યા વિના છદ્મસ્થ જીવને જે જાતનું જ્ઞાન થવાનું હોય તે પહેલાંના ચેતનાના સામાન્ય વ્યાપારને દર્શન ઉપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. એક વસ્તુનો ખ્યાલ છોડી બીજી વસ્તુનો ખ્યાલ કરતાં પહેલાં સ્વભાવ તરફ ઉન્મુખતા વ્યાપાર થાય તેને દર્શન કહે છે.

અવધિજ્ઞાન થતાં પહેલાં સ્વર્ગ-નરકાદિને ભેદ પાડ્યા વિના આત્માથી સીધું દેખવું થાય તે અવધિદર્શન છે.

અનંત પદાર્થોને ભેદ પાડ્યા વિના સામાન્ય પ્રકારે દેખવું તે કેવળદર્શન છે. સર્વજ્ઞ ભગવાન પોતાના અતીંદ્રિયસ્વભાવમાં સ્થિર થયા ને જે દર્શન પ્રગટે તે કેવળદર્શન છે. કેવળી ભગવાનને કેવળદર્શન કે કેવળજ્ઞાન એકી સમયે હોય છે. બન્નેને જુદે જુદે સમયે માનનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુસ્વભાવને સમજતો નથી.

આત્મા વસ્તુ ત્રિકાળ છે, તેનો દર્શનગુણ ત્રિકાળ છે ને પર્યાય એક સમયની છે. કેવળદર્શન પર્યાય છે. પહેલે સમયે પહેલી, બીજે સમયે બીજી—એવી રીતે સમયે સમયે પ્રગટે છે. તે સ્વતંત્ર જીવના અસ્તિકાયમાં અસંખ્યપ્રદેશના સમૂહમાં થાય છે.

આવી રીતે દર્શનગુણની પર્યાયોના ભેદનું જ્ઞાન કરીને તેનું લક્ષ છોડી શુદ્ધ આત્મા ઉપાદેય માનવો જોઈએ.

**ભાવાર્થ** : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન—એ ચાર ભેદો દ્વારા દર્શન-ઉપયોગ જાણવા. દર્શન સામાન્ય રીતે દેખે છે. જ્ઞાન ભેદ કરીને જાણે છે. આ વિકાર છે, આ નિમિત્ત છે, આ પર છે એમ વિશેષ કરીને જાણે તે જ્ઞાન છે ને દર્શનનું લક્ષણ ભેદ પાડ્યા વિના સામાન્ય દેખવું તે છે. **ભગવાન આત્મા સ્વાભાવિક ભાવથી અસંખ્યપ્રદેશોમાં નિર્મળ દર્શનગુણથી વ્યાપેલો છે.** આવો હોવા છતાં દર્શનાવરણીય કર્મના ઉદયથી આત્મા ઢંકાયેલો છે એ નિમિત્તનું કથન છે. જડ કર્મથી ઢંકાતો નથી, પોતે પોતાના કારણે ઢંકાયેલો છે, તેમાં દર્શનાવરણીય કર્મ નિમિત્ત છે તેથી દર્શનશક્તિ હીણી છે. નિમિત્તથી હીણી દશા થતી નથી, પોતાના કારણે હીણી થાય છે તેમાં કર્મ નિમિત્ત છે. તે થયા વિના રહેતું નથી.

અંતરંગ ચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમના નિમિત્તે તથા નેત્રના નિમિત્તે મૂર્તિક દ્રવ્યોનું સામાન્ય દેખવું થાય તેને ચક્ષુદર્શન કહે છે. કર્મનો ક્ષયોપશમ થયો માટે દેખવું થયું એમ નથી ને દેખવું થયું માટે કર્મને ક્ષયોપશમ થવું પડ્યું એમ પણ નથી. પોતાના કારણે એટલો ઉઘાડ થાય છે ત્યારે કર્મનો ક્ષયોપશમ અવશ્ય હોય છે એવો મેળ છે.

કેટલાક અજ્ઞાની જીવો એમ દલીલ કરે છે કે ઘોડો ચાલે ત્યારે માણસને ચાલવું જ પડે છે, તેમ કર્મનો ઉદય આવે ત્યારે જીવને રાગ કરવો જ પડે—આ દલીલ અજ્ઞાનભાવ બતાવે છે. કર્મના ઉદયથી વિકાર થતો હોય તો કર્મનો ઉદય સદાય છે તો વિકાર ટાળી અવિકારી થવાનો પ્રસંગ કદી આવે નહિ. દૃષ્ટાંતમાં પણ ઘોડાને લીધે માણસ ચાલતો નથી. ઘોડાનો માણસમાં અભાવ છે. તેમ કર્મનો આત્મામાં અભાવ છે. પોતે રાગ કરે તો નિમિત્ત કહેવાય. એમ પોતાના દ્રષ્ટા—સંપૂર્ણપણે દેખવાના—સ્વભાવને ચૂકે છે ને પોતે હીણી દશા કરે છે તો કર્મના ક્ષયોપશમને તથા ચક્ષુને નિમિત્ત કહેવાય છે. ચક્ષુદર્શનપર્યાય આત્માના દર્શનગુણની છે તે પુદ્‌ગલની પર્યાય નથી, પુદ્‌ગલને લીધે નથી. પુદ્‌ગલકર્મ તથા ચક્ષુનો આત્મામાં અભાવ છે. અહીં પંચાસ્તિકાયમાં જ્ઞાન કરાવે છે કે આત્મા ત્રિકાળી વસ્તુ છે, દર્શનગુણ છે, તેની ચક્ષુદર્શન હીણી પર્યાય છે. તેમાં ચક્ષુદર્શનાવરણીયકર્મનો ક્ષયોપશમ તથા ચક્ષુ નિમિત્ત છે, તે નિમિત્ત ન હોય એમ બને નહિ ને તે નિમિત્ત છે માટે દર્શન છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ પણ નથી. એમ નિમિત્ત, પર્યાય ને દ્રવ્ય—એમ બધાનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. નિમિત્ત પરવસ્તુ છે, પર્યાય ભેદરૂપ છે, માટે તેના ઉપરનું લક્ષ છોડી ત્રિકાળી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કર્તવ્ય છે.

**અચક્ષુદર્શન :** અંતરંગ અચક્ષુદર્શનાવરણીય કર્મના નિમિત્તે તથા ચક્ષુ સિવાય ચાર ઇંદ્રિયો ને મનના નિમિત્તે મૂર્તિક તથા અમૂર્તિક દ્રવ્યને સામાન્ય દેખવા સંબંધી વ્યાપારને અચક્ષુદર્શન કહે છે. કાન વગેરે ઇંદ્રિયો નિમિત્ત છે પણ તેના કારણે દેખવાનું થાય છે એમ નથી. અચક્ષુદર્શન કર્મને લીધે અથવા ઇંદ્રિયને લીધે માનવામાં આવે તો જીવાસ્તિકાય રહેતી નથી. કારણ કે જીવદ્રવ્ય, તેના દર્શનાદિ ગુણો ને તેની એક સમયની પર્યાય એમ ત્રણે થઈને જીવાસ્તિકાયનું સ્વરૂપ પૂરું થાય છે. જ્ઞાન થતાં પહેલાં અચક્ષુદર્શનનો અભેદ વ્યાપાર જીવાસ્તિકાયની પર્યાયમાં પોતાના કારણે થાય છે, નિમિત્તને લીધે થતો નથી; પણ તેમાં અંતરંગ નિમિત્ત અચક્ષુદર્શનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે ને બાહ્ય નિમિત્ત ચાર ઇંદ્રિય ને મન છે. તે નિમિત્ત ન હોય એમ પણ બનતું નથી.

**અવધિદર્શન :** અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી કિંચિત્ મૂર્તિક પદાર્થોને સામાન્ય પ્રમાણે પ્રત્યક્ષ દેખવારૂપ વ્યાપારને અવધિદર્શન કહે છે.

**કેવળદર્શન :** સર્વથા પ્રકારે દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી સમસ્ત મૂર્તિક ને અમૂર્તિક પદાર્થોને સામાન્ય રૂપથી ભેદ પાડ્યા વિના પ્રત્યક્ષ દેખવારૂપ વ્યાપારને કેવળદર્શન કહે છે.

આત્મા વસ્તુ ધ્રુવ છે, તેનો દર્શનગુણ ત્રિકાળ છે, તેમ જ સ્વરૂપપ્રત્યક્ષ નામનો ઉપયોગ—કારણદર્શન ઉપયોગ—પણ ત્રિકાલ છે. જે એકરૂપ સદાય રહ્યો છે તેવા આત્મામાં સપૂર્ણ લીનતા થવાથી કેવળદર્શનરૂપ ઉપયોગ ઉત્પાદ થાય છે. તે ઉપયોગ પોતાના કારણે પ્રગટે છે. દર્શનાવરણીય કર્મનો અભાવ થયો માટે દેખાય છે તેવું કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે; પણ તેથી કર્મનો અભાવ થયો માટે કેવળદર્શન થયું એમ નથી, તેમ જ સંહનન મજબૂત હોય તો કેવળદર્શન થાય એમ પણ નથી. પોતાના કારણે થાય છે ત્યારે સંહનન તથા કર્મનો અભાવ હોય છે. વળી કોઈ કહે છે કે પાંચમા આરાને લીધે કેવળદર્શન થતું નથી તો તે પણ ભૂલમાં છે. પોતાની ઉગ્રતા નથી માટે કેવળદર્શન થતું નથી. પોતામાં એકાગ્ર થઈ પરિપૂર્ણ પર્યાય પ્રગટાવતો નથી તે પોતાનો દોષ છે. નિમિત્તની ખામીને લીધે કે પાંચમા આરાને લીધે અટક્યું છે એમ છે જ નહિ.

આ જગતમાં જુદાં જુદાં દ્રવ્યો છે. દરેક સ્વતંત્ર છે. તેમાં જીવદ્રવ્ય છે, તેમાં દરેક આત્મા સ્વતંત્ર છે. દરેક આત્મા પોતે દ્રવ્ય છે, તેના ત્રિકાળી દર્શનાદિ ગુણો છે, તેનું સમયે સમયે પરિણમન થાય છે. હીણા પરિણમનમાં કર્મ તથા ઇંદ્રિયો નિમિત્ત છે. કર્મ ને ઇંદ્રિયો આ જગતમાં વસ્તુ છે તે નિમિત્ત હોવા છતાં તે દર્શનપર્યાયને પરિણમાવતા નથી કારણ કે ગુણનું પરિણમન તે પર્યાય છે, નિમિત્તનું પરિણમન તે નથી. નિમિત્તનું પરિણમન નિમિત્તમાં છે. આમ સ્વતંત્ર પર્યાય માનીને તે પર્યાય જેટલો આત્મા નથી. પર્યાય એક સમયની છે, દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે. આટલું બધું જ્ઞાન કર્યા વિના દ્રવ્યદૃષ્ટિ થાય નહિ. આ પ્રમાણે જ્ઞાન કરી નિમિત્તની, વિકારની તેમ જ પર્યાયની રુચિ છોડી ત્રિકાળી સ્વભાવ તરફ વળે તો સમ્યગ્દર્શન ને ધર્મ થાય તેમ છે.

**પ્રશ્ન :** તિર્યંચ દેડકાદિ જેને સમ્યગ્દર્શન થાય છે તેને આટલું બધું જ્ઞાન થાય છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાન :** તિર્યંચ સમ્યગ્દષ્ટિને પ્રયોજનભૂત જ્ઞાન બધું હોય છે. કાં તો પૂર્વે દેશનાલબ્ધિ પામેલા હોય છે, અથવા વર્તમાનમાં ભગવાન પાસે સમવસરણમાં દેશના સાંભળે છે ને **ચૈતન્યસત્તાનું ભાન કરે છે. આ નિમિત્ત છે, આ રાગ છે, આ પર્યાય છે, હું તેનાથી રહિત ત્રિકાળી જ્ઞાનસ્વભાવી છું—એવું ભાન કરી ધર્મ પામે છે.** ને સ્વનું જ્ઞાન થતાં નિમિત્તનું, પર્યાયનું વગેરેનું જ્ઞાન થઈ જાય છે. તિર્યંચને જુદાં જુદાં નામ આવડે એટલો વિશેષ ઉઘાડ ન હોય પણ તેનું ભાવભાસન થઈ પ્રયોજનભૂત વાતનું જ્ઞાન થઈ જાય છે.

અજ્ઞાની મનુષ્યે મનુષ્યપર્યાયમાં આવી કુદેવાદિની માન્યતા કરી તત્ત્વથી વિપરીત ઘણાં લાકડાં પોતાની માન્યતામાં ખોસ્યાં છે. તેથી વિરુદ્ધ માન્યતા કાઢવા માટે જ્ઞાનને ખૂબ દ્રઢ કરવું પડે. કેસર લેવા જતી વખતે બારદાન કોથળો ન હોય પણ ડબ્બો અથવા બરણી હોય, તેમ આત્મામાં ધર્મદશા પ્રગટ કરવામાં નિમિત્તરૂપે કુદેવાદિ ન હોય પણ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય. જગતમાં અસ્તિકાય છે. પર્યાયમાં નિમિત્ત કર્મ ને બાહ્ય ઈંદ્રિયો છે. વસ્તુસ્વરૂપને બતાવનારા સાચા દેવાદિ નિમિત્ત છે છતાં આત્મા નિમિત્તથી ભિન્ન છે ને પર્યાય જેટલો નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ અખંડ છે, વગેરે પ્રકારે જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

**પ્રશ્ન :** જાતિસ્મરણ જ્ઞાન થાય તે પૂર્વના સંસ્કારના લીધે થાય છે ને ?

**સમાધાન :** પૂર્વના સંસ્કારને લીધે થાય છે એમ કહેવું તે ઉપચાર કથન છે. પૂર્વપર્યાયનો વર્તમાન પર્યાયમાં અભાવ છે. પૂર્વપર્યાય તો વ્યય થઈ ગઈ. જે વ્યય થઈ તે વર્તમાનને શું મદદ કરે ? વર્તમાનમાં પૂર્વનું યાદ આવવું તે વર્તમાન પર્યાયની સામર્થ્યતા બતાવે છે. પૂર્વને લીધે વર્તમાનમાં કામ થતું નથી. દરેક પર્યાય સ્વતંત્ર છે. કેવળજ્ઞાનની એક પર્યાયને લીધે બીજી કેવળજ્ઞાન-પર્યાય નથી, દરેક સ્વતંત્રપણે પ્રગટે છે. પૂર્વનું યાદ આવવું તે વર્તમાનનું સામર્થ્ય બતાવે છે.

કોઈ પ્રશ્ન કરે કે : **પ્રથમના જીવો માટે શરૂઆત માટે નિસરણીનાં પગથિયાં શું ? પ્રથમ વ્યવહાર જોઈએ ને ?**

**સમાધાન :** ભાઈ, વ્યવહાર એટલે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, વગેરે પ્રકારના શુભરાગને વ્યવહાર કહે છે. નિશ્ચયના ભાન વિના વ્યવહાર નામ પામતો નથી. સ્વભાવદ્રષ્ટિ વિના કોના ઉપર આરોપ આપી શકાય ? નિશ્ચય વિના વ્યવહાર હોતો નથી. માટે પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એ માન્યતા અજ્ઞાનીની છે. આત્મા અખંડ શુદ્ધ છે, પરિપૂર્ણ છે. તેની રુચિ કરવી એ જ પ્રથમ પગથિયું છે. વ્યવહાર કે રાગ એ પગથિયું જ નથી. આત્મદ્રવ્ય, તેના ગુણો, તેની પર્યાય, તેમાં નિમિત્ત—એમ ચારેનું જ્ઞાન કરી ભેદનું જ્ઞાન કરી, ભેદની રુચિ છોડવી ને ત્રિકાળી અભેદ દ્રવ્યની રુચિ કરવી તે પ્રથમ પગથિયું છે. આમ સાચા જ્ઞાનના જોરે ને સાચા પુરુષાર્થના જોરે ધર્મ થાય તેમ છે. રાગના કાળે ને રાગના પુરુષાર્થથી ધર્મ થાય તેમ નથી. માટે દ્રવ્ય-ગુણ–પર્યાય, નિમિત્ત, કર્મ, સાચા દેવ–ગુરુ–શાસ્ત્રના સ્વરૂપનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ. ૪૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ण वियप्पदि णाणादो णाणी णाणाणि होंति णेगाणि ।**
**तम्हा दु विस्सरूवं भणियं दवियत्ति णाणीहिं ॥ ४३ ॥**

**न विकल्प्यते ज्ञानात् ज्ञानी ज्ञानानि भवंत्यनेकानि ।**
**तस्मात्तु विश्वरूपं भणितं द्रव्यमिति ज्ञानिभिः ॥ ४३ ॥**

**છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની, જ્ઞાન તોય અનેક છે;**
**તે કારણે તો વિશ્વરૂપ કહ્યું દરવને જ્ઞાનીએ. ૪૩**

**અન્વયાર્થ :** [ज्ञानात्] જ્ઞાનથી [ज्ञानी न विकल्प्यते] જ્ઞાનીનો (આત્માનો) ભેદ પાડવામાં આવતો નથી; [ज्ञानानि अनेकानि भवंति] તોપણ જ્ઞાનો અનેક છે. [तस्मात् तु] તેથી તો [ज्ञानिभिः] જ્ઞાનીઓએ [द्रव्यं] દ્રવ્યને [विश्वरूपम् इति भणितम्] વિશ્વરૂપ (અનેકરૂપ) કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति :** एवं दर्शनोपयोगव्याख्यानमुख्यत्वेन गाथा गता । अथात्मनो ज्ञानादिगुणैः सह संज्ञालक्षणप्रयोजनादिभेदेपि निश्चयेन प्रदेशाभिन्नत्वं मत्याद्यनेकज्ञानत्वं च व्यवस्थापयति सूत्रत्रयेणः – **ण वियप्पदि** न विकल्पते न भेदेन पृथक् क्रियते । कोऽसौ ? **णाणि** ज्ञानी । कस्मात्सकाशात् । **णाणादो** ज्ञानगुणात् तर्हि ज्ञानमप्येकं भविष्यति । नैवं । **णाणाणि होंति णेगाणि** मत्यादिज्ञानानि भवंत्यनेकानि यस्मादनेकानि ज्ञानानि भवन्ति **तम्हा दु विस्सरूवं भणियं** तस्मात्कारणादनेकज्ञानगुणापेक्षया विश्वरूपं नानारूपं भणितं । किं । **दवियत्ति** जीवद्रव्यमिति । कैर्भणितं । **णाणीहिं** हेयोपादेयतत्त्वविचार-ज्ञानिभिरिति मत्यादि । तथाहि – एकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात् एकप्रदेशनिर्वृत्तत्वेनैकक्षेत्रत्वात् एकसमय-निर्वृत्तत्वेनैककालत्वात् मूर्तैकजडस्वरूपत्वेनैकस्वभावत्वाच्च परमाणोर्वर्णादिगुणैः सह यथा भेदो नास्ति तथैवैकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात् लोकाकाशप्रमितासंख्येयाखंडैकप्रदेशत्वेनैकक्षेत्रत्वात् एकसमयनिर्वृत्त-त्वेनैककालत्वात् एकचैतन्यनिर्वृत्तत्वेनैकस्वभावत्वाच्च ज्ञानादिगुणैः सह जीवद्रव्यस्यापि भेदो नास्ति । अथवा शुद्धजीवापेक्षया शुद्धैकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात् लोकाकाशप्रमितासंख्येयाखंडैकशुद्धप्रदेशत्वे-नैकक्षेत्रत्वात् निर्विकारचिच्चमत्कारमात्रपरिणतिरूपवर्तमानैकसमयनिर्वृत्तत्त्वेनैककालत्वात् निर्मलैकचिज्ज्योतिः-स्वरूपेणैकस्वभावत्वात् च सकलविमलकेवलज्ञानाद्यनंतगुणैः सह शुद्धजीवस्यापि भेदो नास्तीति भावार्थः ॥४३ ॥

**समयव्याख्या : एकस्यात्मनोऽनेकज्ञानात्मकत्वसमर्थनमेतत् । न तावज्ज्ञानी ज्ञानात्पृथग्भवति, द्वयोरप्येकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात्, द्वयोरप्यभिन्नप्रदेशत्वेनैकक्षेत्रत्वात्, द्वयोरप्येकसमयनिर्वृत्तत्वेनैक-कालत्वात्, द्वयोरप्येकस्वभावत्वेनैकभावत्वात् । न चैवमुच्यमानेप्येकस्मिन्नात्मन्याभिनिबोधिकादीन्यनेकानि ज्ञानानि विरुध्यंते, द्रव्यस्य विश्वरूपत्वात् । द्रव्यं हि सहक्रमप्रवृत्तानंतगुणपर्यायाधारतयानंतरूपत्वादेकमपि विश्वरूपमभिधीयत इति ॥ ४३ ॥**

**અનુવાદ : એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે.**

**પ્રથમ તો જ્ઞાની (આત્મા) જ્ઞાનથી પૃથક્ નથી; કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી બન્નેને એકદ્રવ્યપણું છે, બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી બન્નેને એકક્ષેત્રપણું છે, બન્ને એક સમયે રચાતાં હોવાથી બન્નેને એકકાળપણું છે, બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે. પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં, એક આત્મામાં આભિનિબોધિક (મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી, કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે. દ્રવ્ય ખરેખર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સહવર્તી અને ક્રમવર્તી એવા અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું હોવાથી, એક હોવા છતાં પણ, વિશ્વરૂપ કહેવાય છે. ૪૩**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ સુદ-૧૧ શુક્રવાર]

આ જીવાસ્તિકાયનું વર્ણન છે. જીવ એક છે છતાં જ્ઞાનની પર્યાય વડે અનેક છે. અનેક ભેદરૂપ થવું તે તેનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. કર્મ તથા બીજા પદાર્થોની નિમિત્તતા છે માટે ભેદ પડે છે એમ નથી. કર્મ પુદ્‌ગલાસ્તિકાય છે તેને લીધે જ્ઞાનમાં અનેકતા આવતી નથી. આત્મા અભેદ હોવા છતાં ભેદ પણ તેનો સ્વભાવ છે. જો નિમિત્તથી ભેદ માનવામાં આવે તો અસ્તિકાય સિદ્ધ થતી નથી. આ પ્રમાણે આત્મા એક હોવા છતાં અનેક જ્ઞાનપર્યાયો હોવામાં કાંઈ પણ દોષ નથી.

આત્મવસ્તુ જ્ઞાનગુણથી પૃથક્ નથી. આત્માના અસંખ્યપ્રદેશમાં જ્ઞાનગુણ વ્યાપીને રહેલો છે. નિમિત્ત બીજી વસ્તુ હોય છે પણ નિમિત્તથી આત્મામાં ફેરફાર થતો નથી કેમકે ગુણ–ગુણી અભેદ છે. પરમાર્થથી ગુણ–ગુણીમાં ભેદ નથી. કેમ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ગુણ-ગુણી એક છે, કર્મનો ક્ષયોપશમ થયો માટે જ્ઞાનનો વિકાસ થયો એમ નથી ને કર્મનો નાશ થાય માટે કેવળજ્ઞાન પ્રગટે છે એમ નથી. પોતાના સ્વભાવથી જ્ઞાન થાય છે, નિમિત્તનો સ્વમાં અભાવ છે. નિમિત્તનું જ્ઞાન, સ્વતંત્ર પર્યાયનું જ્ઞાન, અભેદ સ્વભાવનું જ્ઞાન એમ ત્રણેનું જ્ઞાન થતાં દ્રવ્ય ઉપાદેય છે એવી બુદ્ધિ થવી તે જ્ઞાનનું ફળ છે.

૧. કર્માદિ પરપદાર્થો નિમિત્ત નથી જ એમ માને તો ખોટું છે કેમ કે નિમિત્ત હોય છે.

૨. કર્માદિ નિમિત્ત છે માટે જ્ઞાનની પર્યાય હીણી પરિણમે છે એમ માને તો ખોટું છે.

૩. ગુણનું પરિણમન સ્વતંત્ર છે. ગુણ ને ગુણી સર્વથા ભેદસ્વરૂપ જ માને તો ખોટું છે. ગુણ ને ગુણી અભેદ છે. આમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

હવે આ ગાથામાં ગુણ–ગુણી અભેદ છે એમ બતાવે છે. શરીર, કર્મ, આહાર, પાણીનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આત્માથી તદ્દન જુદાં પડે છે. પરનાં ચતુષ્ટય પરમાં ને આત્માનાં ચતુષ્ટય આત્મામાં છે. આત્માના તત્ત્વ વિષે અનંત વસ્તુનાં અનંત ચતુષ્ટય અભાવરૂપે છે. તેથી પરચીજને લીધે આત્માની પર્યાયમાં કાંઈ પણ ફેરફાર થાય એવો પર્યાયનો ધર્મ નથી. હવે જેમ પરનાં ચતુષ્ટય આત્માથી અભાવરૂપ છે તેમ ગુણનાં ચતુષ્ટય ગુણી આત્માથી અભાવરૂપ નથી પણ એક છે એમ બતાવે છે. જે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ગુણીનાં છે તે જ ગુણનાં છે ને જે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ગુણનાં છે તે જ ગુણીનાં છે.

ગુણી એવા આત્માનું જે દ્રવ્ય છે તે જ જ્ઞાન–દર્શનાદિ ગુણોનું છે.

આત્માનું જે અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે તે જ જ્ઞાન–દર્શનાદિ ગુણોનું છે.

આત્માનો જે કાળ છે તે જ જ્ઞાન–દર્શનાદિ ગુણોનો છે.

આત્માની જે શક્તિઓ છે તે જ જ્ઞાન–દર્શનાદિ ગુણોની છે.

આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન વગેરે ગુણો આત્માથી જુદા નથી. જ્ઞાન બહારથી પ્રગટે છે એમ માનનાર ગુણ–ગુણી અભેદમાંથી ભેદરૂપ પર્યાય આવે છે એમ સમજતા નથી. તેઓ ગુણ અને ગુણીને સર્વથા ભેદરૂપ માને છે, તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માન્યતા ખોટી છે. તેથી ગુણ–ગુણી અભેદ છે એમ અહીં સમજાવે છે. આ પ્રમાણે અભેદ નયની અપેક્ષાએ એકતા જાણવી.

હવે ભેદનયથી જોવામાં આવે તો આત્મામાં અનેકતા પણ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારની જ્ઞાનની અવસ્થા છે. જેમાં કેવળજ્ઞાનીને એક કેવળજ્ઞાન હોય છે. કોઈ જીવને મતિ, શ્રુત બે જ્ઞાન હોય છે, કોઈ જીવને મતિ, શ્રુત, અવધિ એમ ત્રણ અથવા મતિ, શ્રુત ને મનઃપર્યય એમ ત્રણ જ્ઞાન હોય છે. ને કોઈ જીવને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એમ ચાર જ્ઞાન હોય છે. ગુણ ને ગુણીમાં જેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ સરખા હોય છે તેમ પર્યાયમાં હોતું નથી, થોડો ફેર છે. ગુણ–ગુણીનું દ્રવ્ય એ જ પર્યાયનું દ્રવ્ય છે. ગુણ-ગુણીનું ક્ષેત્ર એ જ પર્યાયનું ક્ષેત્ર છે. ગુણ–ગુણીનો કાળ ત્રિકાળ છે પણ પર્યાયનો કાળ એક સમયનો છે. એટલો ફેર છે.

આમ વસ્તુ એક છે, છતાં અનેકરૂપે પરિણમવું તે તેનો સ્વભાવ છે. એક ને અનેકપણું તે જીવાસ્તિકાયનો સ્વભાવ છે, તે પરને લીધે નથી એમ સિદ્ધ કરવું છે. કર્મનો ક્ષયોપશમ થયો માટે જ્ઞાનનો વિકાસ થયો ? ના. જુદા જુદા ઉઘાડરૂપની અનેક અવસ્થા થવી તે ભેદધર્મ જીવાસ્તિકાયનો છે, કર્મનો નથી.

સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં લખાણ આવે છે કે કેવળજ્ઞાનાવરણીય પુદ્‌ગલકર્મ કેવળજ્ઞાનની અપૂર્વશક્તિને રોકે છે. ત્યાં કર્મથી કેવળજ્ઞાન રોકાયું છે એમ કહેવું જ નથી. ત્યાં પુદ્‌ગલની શક્તિનું વર્ણન છે. કેવળજ્ઞાનાવરણીય કર્મ જે પુદ્‌ગલ છે તેમાં ઉત્કૃષ્ટ નિમિત્તતા કેટલી છે તે બતાવવા માટેનું તે વર્ણન છે. પણ પુદ્‌ગલકર્મે કેવળજ્ઞાનને રોકી દીધું એવો એનો અર્થ નથી. જીવ કેવળજ્ઞાનની પર્યાયરૂપે પરિણમે તે જીવાસ્તિકાયનું સામર્થ્ય છે ને અટકી જાય તો તેવું તેનું સામર્થ્ય છે. તે પોતાની સત્તામાં પોતાને લીધે થાય છે. જ્ઞાનનો પર્યાય સ્વતઃસિદ્ધ થાય છે. નિમિત્ત, પરવસ્તુ આ જગતમાં છે પણ તેની તાકાત નથી કે સ્વ-આત્માને રોકે, તેમ જ આત્મા સ્વપદાર્થની એવી તાકાત નથી કે પર નિમિત્તથી રોકાઈ જાય.

આ ગાથા ૪૩માં કુંદકુંદાચાર્ય ભગવાને કહ્યું છે—''भवंति अनेकानि'' આત્મા પોતે એકપણાના સ્વભાવને રાખીને અનેકપણે પરિણમે છે. અભેદ સ્વભાવ રાખીને પોતે જ ભેદરૂપ થાય છે. વિશ્વ શબ્દ છે તેનો અર્થ પણ અનેકરૂપ થાય છે, એટલે આત્મદ્રવ્યનો કે ગુણનો તો કોઈ કર્તા નથી પણ ભેદરૂપ અવસ્થાઓ થાય છે તે પણ તેનો સ્વભાવ છે. તેનો કર્તા કોઈ નિમિત્ત અથવા પર પદાર્થ નથી. આમ એક–અનેક સ્વભાવ સમજે તો અસ્તિકાયનું સ્વરૂપ પૂરું થાય છે.

**ભાવાર્થ** : ભગવાન આત્મામાં ગુણગુણીની એકતા છે, જુદાઈ નથી માટે તારે જ્ઞાનને શોધવું હોય તો પુસ્તકમાંથી કે પરમાંથી જ્ઞાન મળે તેમ નથી પણ ગુણ–ગુણી અભેદ છે એવી અંતર એકતા કરે તો જ્ઞાન પ્રગટે તેમ છે. આમ એક હોવા છતાં અનેકતા કેમ ? ભાઈ, અનેકતા પણ તેનો સ્વભાવ છે. અનેકરૂપે હોવામાં વિરોધ નથી. કારણ કે દ્રવ્ય કથંચિત્ પ્રકારે ભેદ–અભેદ સ્વભાવવાળું છે. ગુણ–ગુણી પ્રદેશ અપેક્ષાએ અભેદ છે છતાં પર્યાયભેદે અનેક છે. પર્યાય-અપેક્ષાએ અનેક છે તે જ વસ્તુ-અપેક્ષાએ એક છે પણ પર્યાય–અપેક્ષાએ અનેક છે તે જ વસ્તુ–અપેક્ષાએ અનેક છે એમ નથી. અપેક્ષા સમજવી જોઈએ.

કેટલાક કહે છે કે સિદ્ધને 'કાળ'ને લીધે પરિણમવું પડે છે. અહીં ના પાડે છે. કારણ કે સિદ્ધની પર્યાયરૂપે પરિણમવું તે સિદ્ધનો ભેદધર્મ છે તે કાળને લીધે નથી. વસ્તુ ભેદાભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ છે. ભેદ વિના અભેદ સધાતો નથી. ને અભેદ વિના ભેદ સધાતો નથી. એકબીજાનાં સાધક છે, બાધક નથી. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કે કેવળજ્ઞાનરૂપે પરિણમવું તે જીવાસ્તિકાયનો પર્યાય–સ્વભાવ છે. તે પરને લીધે નથી. ગુણ–ગુણીની પ્રદેશે અભેદતા એટલે કે દ્રવ્ય-અપેક્ષાએ અભેદતા ને પર્યાય-અપેક્ષાએ ભેદતા છે. આમ ભેદ–અભેદ બન્ને વસ્તુનો ધર્મ છે. આમ અનેકાંત વિના દ્રવ્યની સિદ્ધિ નથી.

તે કારણથી અનેકાંત વિદ્યાને જાણનાર જીવોએ પદાર્થનું સ્વરૂપ અનેક પ્રકારનું કહ્યું છે. આત્મા વસ્તુએ અભેદ છે ને પર્યાયમાં ભેદ છે એનું નામ અનેકાંત છે. પોતાને લીધે છે ને પરને લીધે નથી. પોતાનો જ્ઞાનનો ઉઘાડ થયો માટે કેવળજ્ઞાનાવરણીયકર્મને ક્ષયોપશમરૂપ થવું પડ્યું એમ નથી ને કેવળજ્ઞાન થયું માટે કેવળજ્ઞાનાવરણીયકર્મે જવું પડ્યું એમ નથી. જો એમ હોય તો જ્ઞાન કર્તા ને કર્મનું ટળવું એનું કાર્ય થાય, પણ એમ છે જ નહિ. પુદ્‌ગલમાં ભેદ-અભેદરૂપ થવું તે તેનો સ્વભાવ છે, તે આત્માને લીધે નથી. અનેકાંતનો જાણનાર જાણે છે કે પર્યાયના ભેદ મારા કારણે છે. શરીર, કાળ કે કર્મને લીધે ભેદ છે એમ નથી.

દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે, પણ પર્યાયમાં હીણપ ને વિકાર કેમ ? કર્મના નિમિત્તથી તે થાય છે એમ અજ્ઞાની માને છે. અનેકરૂપે થવું તે તેનો ધર્મ છે. છદ્મસ્થને મતિજ્ઞાન કેમ ? કેવળજ્ઞાનાવરણીય છે માટે ? ના, પોતાનો એવો જ ભેદધર્મ છે.

કેવળજ્ઞાનનો એક ભેદ, બાકીનાં મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યયમાં દરેકેદરેક પર્યાયમાં પણ અનેક તારતમ્યતા દેખાય છે. કોઈને મતિજ્ઞાન ઓછું, કોઈને વધારે, કોઈને શ્રુત ઓછું, કોઈને વધારે—આમ મતિ, શ્રુતાદિમાં પણ અનેક ભેદો પડે છે. આટલી બધી અનેકતાનું કારણ ? કર્મને લીધે તે અનેકતા છે એમ નથી. ગુણ–ગુણી એક હોવા છતાં પર્યાયમાં અનેકતા થવાનો ધર્મ છે માટે થાય છે. પરને લીધે અનેકતા માને તો બે અસ્તિકાય એક થઈ જાય છે.

શબ્દો કાને પડ્યા માટે જ્ઞાન થતું નથી. શબ્દ પુદ્‌ગલાસ્તિકાય છે. શબ્દનો જ્ઞાનમાં અભાવ છે. તેવી રીતે પંચમકાળને લીધે કેવળજ્ઞાન રોકાયું નથી. પણ પોતાના પર્યાયની યોગ્યતાના કારણે કેવળજ્ઞાન થતું નથી.

આમ સ્વતંત્ર જ્ઞાન કરવું જોઈએ છતાં કેટલાક જીવો એમ માને છે કે કર્મ પ્રેરક થઈને વિકાર કરાવે છે ને જેટલા પ્રમાણમાં કર્મનો ઉદય હોય તેટલા પ્રમાણમાં વિકાર કરવો જ પડે. નિમિત્ત પ્રેરક છે તેથી નૈમિત્તિકને તેના પ્રમાણમાં વિકારરૂપે પરિણમવું જ પડે. આવો સિદ્ધાંત હોય તો નિગોદમાં કર્મનો તીવ્ર ઉદય છે તો ત્યાંથી નીકળી ત્રસ થવાનો પણ પ્રસંગ રહેતો નથી. **વિકાર કરે કે ન કરે, જ્ઞાન વધે કે ઘટે, એ બધી પર્યાયોની અનેકતા થવી તે જીવાસ્તિકાયનો ભેદસ્વભાવ છે.** તે કર્મને લીધે નથી. આમ સમજતો નથી તે જીવાસ્તિકાયના ભેદાભેદ ધર્મને સમજતો નથી.

અગાઉ ત્રણ પ્રકારના સમય વિષે કહેવાયું છે. શબ્દસમય, જ્ઞાનસમય, અર્થસમય. સાકર શબ્દ બોલાયો. સાકરનું જ્ઞાન થયું. સાકર પદાર્થ છે. તેમાં શબ્દ ભિન્ન છે, જ્ઞાન ભિન્ન છે, પદાર્થ ભિન્ન છે, છતાં જેવો શબ્દ, તેવું જ્ઞાન ને તેવો પદાર્થ છે. જ્ઞાનનો તથા અર્થસમયનો સ્વભાવ એક ને અનેક બન્ને રૂપે છે. તે પ્રમાણે યથાર્થ જ્ઞાન કરે ને ભેદસ્વભાવ પરથી ન જાણે તો જ્ઞાન સાચું છે, ને તે જ્ઞાનમાં જે પદાર્થ જ્ઞેયરૂપે દેખાયો તે અર્થસમય સાચો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જે શાસ્ત્ર પરને લીધે અનેકતા બતાવે તે શબ્દસમય સાચો નથી, તેનું જ્ઞાન પણ ખોટું છે ને તેના જ્ઞાનનું જ્ઞેય જે અર્થસમય તે પણ ખોટું છે. કર્મ મંદ પડે તો વીતરાગતા થાય ને કર્મની જોરાવરી હોય તો રાગ થાય એમ કહેનાર શાસ્ત્ર જ સાચાં નથી. પણ આત્માનો અભેદ સ્વભાવ રાખીને અનેકતા થાય છે એમ જ્ઞાન કરે તો પરથી જુદો પડી, પર્યાયની રુચિ છોડી, અભેદ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાનો અવસર આવે.

**ભાવાર્થ :** દ્રવ્ય, અનંતગુણ ને અનંતગુણોની અનંતી પર્યાયોની આધારરૂપ એક વસ્તુ છે. પોતામાં વિકાર હો કે અવિકાર હો, અધૂરી દશા હો કે પૂર્ણ વિકાસરૂપ દશા હો, ગમે તે દશા હો પણ તેનો આધાર પોતે છે. પણ બીજાના આધારે પોતામાં કાંઈ થતું નથી. પરની પર્યાયના આધારથી પોતે નથી. આમ વસ્તુ એક અભેદ હોવા છતાં પર્યાયોથી અનેક છે. નિગોદથી સિદ્ધ બધાનો સ્વભાવ એવો છે.

અજ્ઞાની જીવો એમ કહે છે કે અસંજ્ઞી જીવો કર્મના કારણે રખડે છે, ત્યાં બુદ્ધિપૂર્વક પુરુષાર્થ નથી માટે કર્મનું જોર છે એમ કહે છે તો તે વાત ખોટી છે. કુમતિ, કુશ્રુત જ્ઞાનનું પરિણમન પોતાના કારણે છે, કર્મના કારણે નથી. નિગોદ ને સિદ્ધ, ભવી તેમ જ અભવી બધા જીવોનો સ્વભાવ દ્રવ્યે એકરૂપ ને પર્યાયે અનેકરૂપ થવાનો છે.

ક્ષાયિક સમકિત થવાનું હોય છે ત્યારે કેવળીની અથવા શ્રુતકેવળીની હાજરી હોય છે પણ કેવળીને સમકિત થતું નથી. જો પર્યાય પરાધીન માને તો પર્યાયમાં સુધરવાનું રહેતું નથી. માટે પર્યાયનું સ્વતંત્રપણું ને અનેકપણું થવું તે જીવાસ્તિકાયનો ધર્મ છે. એમ જ્ઞાન કરી, પર્યાયની રુચિ છોડી, અભેદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે.

જો ગુણ દ્રવ્યથી સર્વથા પ્રકારે જુદા હોય અથવા ગુણોથી દ્રવ્ય જુદું હોય તો ઘણો દોષ લાગે છે. ઉષ્ણતા ક્યાંક ને અગ્નિ ક્યાંક માનવામાં આવે તો દોષ છે, તેમ જ્ઞાન ક્યાંક ને આત્મા ક્યાંક માનવાથી એટલે સર્વથા જુદા માનવાથી દોષ છે એમ હવે કહેશે. ૪૩.

---

**जदि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे ।**
**दव्वाणंतियमधवा दव्वाभावं पकुव्वंति ॥ ४४ ॥**

**यदि भवति द्रव्यमन्यद्गुणतश्च गुणाश्च द्रव्यतोऽन्ये ।**
**द्रव्यानंत्यमथवा द्रव्याभावं प्रकुर्वन्ति ॥ ४४ ॥**

**જો દ્રવ્ય ગુણથી અન્ય ને ગુણ અન્ય માનો દ્રવ્યથી,**
**તો થાય દ્રવ્ય-અનંતતા વા થાય નાસ્તિ દ્રવ્યની. ૪૪**

**અન્વયાર્થ :** [यदि] જો [द्रव्यं] દ્રવ્ય [गुणतः] ગુણથી [अन्यत् च भवति] અન્ય (ભિન્ન) હોય [गुणाः च] અને ગુણો [द्रव्यतः अन्ये] દ્રવ્યથી અન્ય હોય તો [द्रव्यानंत्यम्] દ્રવ્યની અનંતતા થાય [अथवा] અથવા [द्रव्याभावं] દ્રવ્યનો અભાવ [प्रकुर्वन्ति] થાય.

---

**तात्पर्यवृत्ति :** अथ मत्यादिपंचज्ञानानां क्रमेण गाथापंचकेन व्याख्यानं करोति, तथाहिः—

**मदिणाणं पुण तिविहं उवलद्धी भावणं च उवओगो ।**
**तह एव चदुवियप्पं दंसणपुव्वं हवदि णाणं ॥ १ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मदिणाणं** अयमात्मा निश्चयनयेन तावदखण्डैकविशुद्धज्ञानमयः व्यवहारनयेन संसारावस्थायां कर्मावृतः सन्मतिज्ञानावरणक्षयोपशमे सति पंचभिरिन्द्रियैर्मनसा च मूर्तामूर्तं वस्तु विकल्परूपेण यज्जानाति तन्मतिज्ञानं **पुण तिविहं** तच्च पुनस्त्रिविधं **उवलद्धी भावणं च उवओगो** उपलब्धिर्भावना तथोपयोगश्च, मतिज्ञानावरणीय-क्षयोपशमजनितार्थग्रहणशक्तिरूपलब्धिर्ज्ञातेर्थे पुनः पुनश्चिंतनं भावना नीलमिदं पीतमिदं इत्यादि-रूपेणार्थग्रहणव्यापार उपयोगः **तह एव चदुवियप्पं** तथैवावग्रहेहावायधारणाभेदेन चतुर्विधं वरकोष्टबीजपदानु-सारिसंभिन्नश्रोतृताबुद्धिभेदेन वा **दंसणपुव्वं हवदि णाणं** तच्च मतिज्ञानं सत्तावलोकदर्शनपूर्वकमिति। अत्र निर्विकारशुद्धानुभूत्यभिमुखं यन्मतिज्ञानं तदेवोपादेयभूतानंतसुखसाधकत्वान्निश्चयेनोपादेयं तत्साधकं बहिरंगं पुनर्व्यवहारेणेति तात्पर्यं ॥ १ ॥

**सुदणाणं पुण णाणी भणंति लद्धी य भावणा चेव।**
**उवओगणयवियप्पं णाणेण य वत्थु अत्थस्स ॥ २ ॥**

**सुदणाणं पुण णाणी भणंति** स एव पूर्वोक्तात्मा श्रुतज्ञानावरणीयक्षयोपशमे सति यन्मूर्तामूर्तं वस्तु परोक्षरूपेण जानाति तत्पुनः श्रुतज्ञानं ज्ञानिनो भणन्ति। तच्च कथंभूतं। **लद्धी य भावणा चेव** लब्धिरूपं च भावनारूपं चैव। पुनरपि किंविशिष्टं। **उवओगणयवियप्पं** उपयोगविकल्पं नयविकल्पं च उपयोगशब्देनात्र वस्तुग्राहकं प्रमाणं भण्यते, नयशब्देन तु वस्त्वेकदेशग्राहको ज्ञातुरभिप्रायो विकल्पः। तथा चोक्तं। नयो ज्ञातुरभिप्रायः। केन कृत्वा वस्तुग्राहकं प्रमाणं वस्त्वेकदेशग्राहको नय इति चेत्। **णाणेण य** ज्ञातृत्वेन परिच्छेदकत्वेन ग्राहकत्वेन **वत्थु अत्थस्स** सकलवस्तुग्राहकत्वेन प्रमाणं भण्यते अर्थस्य वस्त्वेकदेशस्य। कथंभूतस्य। गुणपर्यायरूपस्य ग्रहणेन पुनर्नय इति। अत्र विशुद्धज्ञानदर्शनस्वभावशुद्धात्मतत्त्वस्य सम्यक्श्रद्धानज्ञानानुचरणाभेदरत्नत्रयात्मकं यद्भावश्रुतं तदेवोपादेय-भूतपरमात्मतत्त्वसाधकत्वान्निश्चयेनोपादेयं तत्साधकं बहिरंगं तु व्यवहारेणेति तात्पर्यं ॥ २ ॥

**ओहिं तहेव घेप्पदु देसं परमं च ओहिसव्वं च।**
**तिण्णिवि गुणेण णियमा भवेण देसं तहा णियदं ॥ ३ ॥**

**ओहिं तहेव घेप्पदु** अयमात्मावधिज्ञानावरणक्षयोपशमे सति मूर्तं वस्तु यत्प्रत्यक्षेण जानाति तदवधिज्ञानं भवति, तावत् यथापूर्वमुपलब्धिभावनोपयोगरूपेण त्रिधा श्रुतज्ञानं व्याख्यातं तथा साप्यवधिर्भावनां विहाय त्रिधा गृह्यतां भवद्भिः। **देसं परमं च ओहिसव्वं च** अथवा देशावधि-परमावधिसर्वावधिभेदेन त्रिधावधिज्ञानं किन्तु परमावधिसर्वावधिद्वयं चिदुच्छलननिर्भरानंदरूपपरमसुखामृत-रसास्वादसमरसीभावपरिणतानां चरमदेहतपोधनानां भवति तथाचोक्तं– "परमोहि सव्वोही चरमसरीरस्स विरदस्स"। **तिण्णिवि गुणेण णियमा** त्रयोप्यवधयो विशिष्टसम्यक्त्वादिगुणेन निश्चयेन भवन्ति। **भवेण देसं तहा णियदं** भवप्रत्ययेन योऽवधिर्देवनारकाणां स देशावधिरेव नियमेनेत्यभिप्रायः ॥ ३ ॥

**विउलमदी पुण णाणं अज्जवणाणं च दुविह मणणाणं।**
**एदे संजमलद्धी उवओगे अप्पमत्तस्स ॥ ४ ॥**

**विउलमदी** अयमात्मा पुनः मनपर्ययज्ञानावरणीयक्षयोपशमे सति परकीयमनोगतं मूर्तं वस्तु यत्प्रत्यक्षेण जानाति तन्मनःपर्ययज्ञानं तच्च कतिविधं ? **विउलमदी पुण णाणं अज्जवणाणं च दुविह मणणाणं** ऋजुमतिविपुलमतिभेदेन द्विविधं मनःपर्ययज्ञानं, तत्र विपुलमतिज्ञानं परकीयमनोवचनकायगतमर्थं वक्रावक्रं जानाति, ऋजुमतिश्च प्राञ्जलमेव निर्विकारात्मोपलब्धिभावनासहितानां चरमदेहमुनीनां विपुलमतिर्भवति। **एदे संजमलद्धी** एतौ मनःपर्ययो संयमलब्धी उपेक्षासंयमे सति लब्धिर्ययोस्तौ संयमलब्धी मनःपर्ययौ भवतः। तौ च कस्मिन् काले समुत्पद्येते ? **उवओगे** उपयोगे विशुद्धपरिणामे।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'कस्य । **अप्पमत्तस्स** वीतरागात्मतत्त्व-सम्यक्श्रद्धानज्ञानानुष्ठानभावनासहितस्य । ''विकहा तहा कसाया'' इत्यादि गाथोक्तपंचदशप्रमादरहितस्याप्रमत्तमुनेरिति । अत्रोत्पत्तिकाल एवाप्रमत्तनियमः पश्चात्प्रमत्तस्यापि संभवतीति भावार्थः ।। ४ ।।

**णाणं णेयणिमित्तं केवलणाणं ण होदि सुदणाणं ।**
**णेयं केवलणाणं णाणाणाणं च णत्थि केवलिणो ।। ५ ।।**

**केवलणाणं णाणं णेयणिमित्तं ण होदि** केवलज्ञानं यज्ज्ञानं तद्घटपटादिज्ञेयार्थमाश्रित्य नोत्पद्यते । तर्हि श्रुतज्ञानस्वरूपं भविष्यति । **ण होदि सुदणाणं** यथा केवलज्ञानं ज्ञेयनिमित्तं न भवति तथा श्रुतज्ञानस्वरूपमपि न भवति । **णेयं केवलणाणं** एवं पूर्वोक्तप्रकारेण ज्ञेयं ज्ञातव्यं केवलज्ञानं । अयमत्रार्थः । यद्यपि दिव्यध्वनिकाले तदाधारेण गणधरदेवादीनां श्रुतज्ञानं परिणमति तथापि तच्छ्रुतज्ञानं गणधरदेवादीनामेव न च केवलिनां केवलज्ञानमेव । **णाणाणाणं च णत्थि केवलिणो** न केवलं श्रुतज्ञानं नास्ति केवलिनां ज्ञानाज्ञानं च नास्ति, क्वापि विषये ज्ञानं क्वापि विषये पुनरज्ञानमेव न किंतु सर्वत्र ज्ञानमेव । अथवा मतिज्ञानादिभेदेन नानाभेदं ज्ञानं नास्ति किंतु केवलज्ञानमेकमेवेति । अत्र मतिज्ञानादिभेदेन यानि पंचज्ञानानि व्याख्यातानि तानि व्यवहारेणेति, निश्चयेनाखंडैकज्ञानप्रतिभास एवात्मा निर्मेघादित्यवदिति भावार्थः ।। ५ ।।

एवं मत्यादिपंचज्ञानव्याख्यानरूपेण गाथापंचकं गतं ।

अथाज्ञानत्रयं कथयतिः –

**मिच्छत्ता अण्णाणं अविरदिभावो य भावआवरणा ।**
**णेयं पडुच्च काले तह दुण्णय दुप्पमाणं च ।। ६ ।।**

**मिच्छत्ता अण्णाणं** द्रव्यमिथ्यात्वोदयात्सकाशाद्भवतीति क्रियाध्याहारः । किं भवति ? **अण्णाणं अविरदिभावो य** ज्ञानमप्यज्ञानं भवति । अत्राज्ञानशब्देन कुमत्यादित्रयं ग्राह्यं । न केवलमज्ञानं भवति । अविरतिभावश्च अव्रतपरिणामश्च । कथंभूतान्मिथ्यात्वोदयादज्ञानमविरतिभावश्च भवति । **भावावरणा** भावस्तत्त्वार्थश्रद्धानलक्षणं भावसम्यक्त्वं तस्यावरणं झंपनं भावावरणं तस्माद्भावावरणाद्भाव-मिथ्यात्वादित्यर्थः । पुनरपि किं भवति मिथ्यात्वात् ? **तह दुण्णय दुप्पमाणं च** यथैवाज्ञानमविरतिभावश्च भवति तथा सुनयो दुर्नयो भवति, प्रमाणं दुःप्रमाणं च भवति । कदा भवति ? **काले** तत्त्वविचारकाले । किं कृत्वा ? **पडुच्च** प्रतीत्याश्रित्य । किमाश्रित्य ? **णेयं** ज्ञेयभूतं जीवादिवस्त्विति । अत्र मिथ्यात्वाद्विपरीतं तत्त्वार्थश्रद्धानरूपं निश्चयसम्यक्त्वकारणभूतं व्यवहारसम्यक्त्वं तस्य फलभूतं निर्विकारशुद्धात्मानुभूतिलक्षणं निश्चयसम्यक्त्वं चोपादेयं भवतीति भावार्थः ।। ६ ।।

अथ द्रव्यस्य गुणेभ्य एकांतेन प्रदेशास्तित्वभेदे सति गुणानां च द्रव्याद्भेदे सति दोषं दर्शयतिः–**जदि हवदि दव्वमण्णं** यदि चेत् द्रव्यमन्यद्भवति । केभ्यः ? **गुणदो हि** गुणेभ्यः । **गुणा य दव्वदो अण्णे** गुणाश्च द्रव्यतो यद्यन्ये भिन्ना भवन्ति । तदा किं दूषणं ? **दव्वाणंतियं** गुणेभ्यो द्रव्यस्य भेदे सत्येकद्रव्यस्यापि आनंत्यं प्राप्नोति **अहवा दव्वाभावं पकुव्वंति** अथवा द्रव्यात्सकाशाद्यद्यन्ये भिन्ना गुणा भवन्ति तदा द्रव्यस्याभावं कुर्वंतीति । तद्यथा – गुणाः साश्रया वा निराश्रया वा ? साश्रयपक्षे दूषणं दीयते । अनंतज्ञानादयो गुणास्तावत् क्वचिच्छुद्धात्मद्रव्ये समाश्रिताः यत्रात्मद्रव्ये समाश्रिताः तदन्यद्गुणेभ्यश्चेत् पुनरपि क्वचिज्जीवद्रव्यांतरे समाश्रितास्तदप्यन्यद्गुणेभ्यश्चेत् पुनरपि क्वचिदात्मद्रव्यांतरे समाश्रिता :। एवं शुद्धात्मद्रव्यादनंतज्ञानादिगुणानां भेदे सति भवति शुद्धात्मद्रव्यानंत्यं । अथोपादेयभूतपरमात्मद्रव्ये गुणगुणिभेदे सति द्रव्यानंत्यं व्याख्यातं तथा हेयभूताशुद्धजीवद्रव्येपि

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलादिष्वपि योजनीयं । अथवा गुणगुणिभेदैकांते सति विवक्षिताविवक्षितैकैकगुणस्य विवक्षिताविवक्षितैकैकद्रव्याधारे सति भवति द्रव्यानंत्यं द्रव्यात्सकाशान्निराश्रयभिन्नगुणानां भेदे द्रव्याभावः कथ्यते । गुणानां समुदायो द्रव्यं भण्यते । गुणसमुदायरूपद्रव्याद्गुणानां भेदैकांते सति गुणसमुदायरूपं द्रव्यं क्वास्ति ? न क्वापीति भावार्थः ।। ४४ ।।

**समयव्याख्या : द्रव्यस्य गुणेभ्यो भेदे, गुणानां च द्रव्याद्भेदे दोषोपन्यासोऽयम् । गुणा हि क्वचिदाश्रिताः । यत्राश्रितास्तद्रव्यम् । तच्चेदन्यद्गुणेभ्यः । पुनरपि गुणाः क्वचिदाश्रिताः । यत्राश्रितास्तद्द्रव्यम् । तदपि अन्यच्चेद्गुणेभ्यः । पुनरपि गुणाः क्वचिदाश्रिताः । यत्राश्रिताः तत्द्रव्यम् । तदप्यन्यदेव गुणेभ्यः एवं द्रव्यस्य गुणेभ्यो भेदे भवति द्रव्यानंत्यम् । द्रव्यं हि गुणानां समुदायः । गुणाश्चेदन्ये समुदायात्, को नाम समुदायः । एवं गुणानां द्रव्याद्भेदे भवति द्रव्याभाव इति ।। ४४ ।।**

**અનુવાદ : દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો દોષ આવે છે તેનું આ કથન છે.**

**ગુણો ખરેખર કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે (દ્રવ્ય) જો ગુણોથી અન્ય (ભિન્ન) હોય તો ફરીને પણ, ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે જો ગુણોથી અન્ય હોય તો—ફરીને પણ, ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય જ હોય.... એ પ્રમાણે, જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનું અનંતપણું થાય.**

**ખરેખર દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો ? (અર્થાત્ જો ગુણોને સમુદાયથી ભિન્ન માનવામાં આવે તો સમુદાય ક્યાંથી ઘટે ? એટલે કે દ્રવ્ય જ ક્યાંથી ઘટે ?) એ પ્રમાણે, જો ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનો અભાવ થાય. ૪૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૨, શનિવાર]

જો ગુણ દ્રવ્યથી સર્વથા પ્રકારે જુદા હોય અથવા ગુણોથી દ્રવ્ય જુદું હોય તો ઘણો દોષ લાગે છે એમ ગાથા દ્વારા કહે છે.

જેને ધર્મ કરવો છે તેણે બીજા પદાર્થ**થી આત્મા જુદો છે એમ નક્કી** કરવું જોઈએ. પણ જેમ આત્મા પરવસ્તુથી તદ્દન જુદો છે તેમ તેના પોતાના ગુણથી તદ્દન જુદો હશે ? ના, ગુણોથી આત્મા જુદો નથી. ગુણ-ગુણી અભેદ છે. એમ અભેદદૃષ્ટિ કરવાથી ધર્મદશા પ્રગટ થાય તેમ છે.

ભાવાર્થ : આત્મા શરીર અને કર્મથી જુદો છે તેમ આત્મા ને તેના ગુણો જુદા નથી. કથંચિત્ પ્રકારથી સંજ્ઞાભેદે, લક્ષણભેદે ભેદ છે. પણ ગુણ–ગુણીમાં **સર્વથા પ્રકારે** ભેદ માનવામાં આવે તો એક દ્રવ્યના અનંત ભેદ થઈ જાય છે. અથવા ગુણને જુદા કરવાથી દ્રવ્યનો અભાવ થાય છે. તે બતાવવામાં આવે છે.

આત્મામાં ગુણની અવસ્થા થાય ને દ્રવ્ય જુદું રહી જાય અથવા દ્રવ્યની અવસ્થા થાય ને ગુણ જુદો રહી જાય એમ બનતું નથી. આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેમાં જ્ઞાન–દર્શનાદિ ગુણો છે, તેમાં નામ ને લક્ષણભેદે ભેદ હોવા છતાં પ્રદેશભેદે ભેદ નથી. સાકર ને તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગળપણ એમ દ્રવ્ય ને તેનો ગુણ નામે જુદા છે, પણ જેમ સાકર તેના ડબાથી જુદી છે એમ સાકર ને ગળપણ જુદાં નથી પણ પ્રદેશે અભેદ છે. સાકર ને ગળપણ જુદાં રહેતાં નથી, તેમ શરીરરૂપી ડબો છે તેનાથી તથા બીજા જીવોથી આ આત્મા તદ્દન જુદો છે, તેમ આત્મા ગુણથી જુદો હોય એમ બનતું નથી પણ ગુણ–ગુણી અભેદ છે.

આત્મા એક પદાર્થ છે, તેના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો અંશરૂપ છે ને ગુણી આત્મા અંશી છે. એટલે કે જ્ઞાન–દર્શન વગેરે અંશોને ધારણ કરનાર છે. આત્મા શરીરને, કર્મને તથા બીજી ચીજને ધરનાર નથી તેવી રીતે પોતાના ગુણને પણ ધરનાર નથી એમ નથી. જેમ આત્મા પરવસ્તુથી ભિન્ન છે તેમ તારા ગુણને તારા આત્માથી ભિન્ન માનીશ તો તને ગુણ-ગુણીની અભેદદૃષ્ટિ થશે નહિ.

સાકર પદાર્થ છે ને ગળપણ, ધોળાશ વગેરે ગુણો તે તેના અંશો છે. તે ગુણો ડબાના આધારે નથી, તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સ્વચ્છત્વ, વિભુત્વ, કર્તા, કરણ વગેરે અનંતી શક્તિઓ છે તે અંશ છે–ભેદ છે–અનેક છે ને ગુણી–અંશી–આત્મા એક છે ને તે આધાર આપનાર છે. પોતાના ગુણનો આધાર શરીર, કર્મ, પરવસ્તુ નથી પણ ત્રિકાળી આત્મા પોતાનો આધાર છે એમ અભેદ શ્રદ્ધા કરે તો ધર્મ થાય તેમ છે.

દેવ–ગુરુ–શાસ્ત્રની હાજરી હોય, શરીર સારું હોય, એકાંતમય જગ્યા હોય, બીજા જીવોના ભાવ અનુકૂળ હોય ને બહારનો અનુકૂળ કાળ હોય તો ધર્મ થાય, એમ બહારનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળને ભાવથી પોતામાં ધર્મ પ્રગટે એમ માનનાર ગુણનો આધાર પરવસ્તુને માને છે, પણ ગુણનો આધાર આત્મા છે એમ માનતો નથી. ઘરમાં ઘણા માણસો હોય ને અવાજ કરે તો મારે ધ્યાન શી રીતે કરવું ? તે જીવ ધ્યાનરૂપી શાંતિનો આધાર પરને લીધે માને છે, તે માન્યતા જૂઠી છે. સાકરને અફીણ સાથે રાખવાથી સાકરમાં કડવાશ આવી જતી નથી. કારણ કે બન્નેને અન્યોન્ય અભાવ છે. તેમ આત્મા ને બીજા આત્મા તથા જડ પદાર્થો વચ્ચે અત્યંત અભાવ છે, છતાં પરને લીધે લાભ કે ક્લુષિતતા થાય એમ બને નહિ. વળી કેટલાક જીવો દેહને ધર્મનું સાધન માને છે. તાવ આવે તો ધર્મ થાય ? એમ દલીલ કરે છે. ભાઈ, ધીરો થા. જડની પર્યાયથી તું ભિન્ન છો, તારા ગુણ પ્રગટાવવાનો આધાર તારો આત્મા છે. શરીર પલટવાથી તારી અવસ્થા પલટી જાય એમ બનતું નથી.

અંશથી અંશ જુદો થઈ શકતો નથી ને અંશીના આશ્રયે અંશ રહે છે. ભાવ ને ભાવવાન જુદા રહી શકે નહિ. આત્મા દ્રવ્ય છે, જ્ઞાન, દર્શનાદિ તેના ગુણો છે, તે કોઈ કાળના આશ્રયે નથી, ચોથા કાળમાં ગુણો વધી જાય ને પાંચમા કાળે ગુણો ઘટી જાય એમ નથી. અખંડ દ્રવ્યના આશ્રયે જે પરિણમન થાય છે તે જ ગુણનું પરિણમન છે ને તે જ દ્રવ્યનું પરિણમન છે.

મેરુ પર્વતની વચમાં બેસવાની પણ જગ્યા નથી. છતાં મેરુ પર્વતની દરેક કાંકરીએ અનંતા જીવો મુક્તિ પામ્યા છે. એક અંગુલનો અસંખ્યાતમો ભાગ પણ ખાલી નથી કે જ્યાં મુક્તિ પામ્યા ન હોય. કોઈ મુનિને છઠ્ઠે ગુણસ્થાને ઉપસર્ગ આવે ને કોઈ દેવ આવીને તે મુનિને ઊંધા કરી ધોબી વસ્ત્રને પછાડે તેમ પર્વત સાથે પછાડે. દેવના એટલા બધા કલુષિત પરિણામ હોય છે છતાં મુનિઓ વિકલ્પ ટાળી પોતાના ધ્યાનમાં લીન થાય છે. અંતર અખંડ જ્ઞાતાની દૃષ્ટિ તો હતી. મારું કેવળજ્ઞાન મારા અંતરમાંથી પ્રગટે છે એવી ગુણ–ગુણીની એકતા વિશેષ દૃઢ કરી કેવળજ્ઞાન પામીને મુક્તિ પામે છે. બહારથી દેવનો ઉપસર્ગ છે ને ધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે બહારથી બેસવાની જગ્યા નથી ને શરીર તો ઊંધું થઈને પર્વત સાથે પછડાય છે છતાં મુક્તિ પામે છે. આવા અનંતા મુનિઓ ત્યાં કાંકરીએ કાંકરીએ મોક્ષ ગયા. મુક્ત થવાના સમયે શરીર સવળું થઈ જીવ સમશ્રેણીએ ઊંચે જાય છે, માટે ગુણગુણીની એકતાની દૃષ્ટિ જ ધર્મનું ને મોક્ષનું કારણ છે.

જો એમ કહેવામાં આવે કે અંશથી અંશી જુદો છે તો અંશ ક્યા અંશીના આશ્રયથી રહે છે ? જેવી રીતે શરીર, કર્મ આદિ આત્માથી જુદા છે તેમ જ્ઞાન દર્શનાદિ ગુણો આત્માથી જુદા કહો તો જ્ઞાન–દર્શન ગુણો કોના આધારે રહે છે ? એટલે કે આત્માના આધાર વિના ગુણો રહી શકે નહિ. જુઓ, આ જીવાસ્તિકાયનું વર્ણન છે. તું જીવ છો ને કાયવાળો છો એટલે અસંખ્યપ્રદેશ તે તારી કાય છે. પરની કાયા તો તારી નથી પણ ઔદારિક, કાર્મણ ને તૈજસ એ પણ તારી કાયા નથી. એક પરમાણુના એક પ્રદેશના ક્ષેત્રના ગજથી માપવામાં આવે તો દરેક આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે, તે તારું ક્ષેત્ર છે, તે તારી કાયા છે. અરૂપી જ્ઞાન દર્શનાદિ અનંત ગુણોથી ભરેલી તારી કાય છે. તે ગુણો તારાથી કદી જુદા પડતા નથી. એમ ઓળખાણ કર.

સોનું પદાર્થ છે, તેમાં પીળાશ, ચીકાશ વગેરે ગુણો છે. ગુણો આધેય છે ને સોનું આધાર છે. તેમ જ્ઞાન-દર્શનાદિ ગુણો આધેય છે ને આત્મા આધાર છે. દેવ-ગુરુને લીધે સમકિત થાય, પુદ્‌ગલને લીધે જીવમાં ફેરફાર થાય તો જીવાસ્તિકાય રહેતી નથી. કારણ કે ગુણોનો આધાર પરવસ્તુને માની એ જ ભ્રમણા છે. પૈસા તેના પરમાણુના આધારે છે. તેનો આધાર આત્મા નથી ને એક સ્કંધમાં અનંતા પરમાણુ ભેગા દેખાય છે છતાં ત્યાં પણ એક પરમાણુના ગુણો બીજા પરમાણુના આધારે નથી પણ પોતાના દ્રવ્યના આધારે છે. સારા આહાર–પાણી મળે તો લાભ થાય, ખરાબ આહાર–પાણી મળે તો નુકસાન થાય એ માન્યતા અજ્ઞાનભાવ છે. જગતમાં પદાર્થસમય એવો છે કે તેમાં ગુણ–ગુણી જુદા પડતા નથી, એ પ્રમાણે જ્ઞાન કરે તો જ્ઞાન સાચું ને એ પ્રમાણે શબ્દ કહે તો શબ્દ સાચા છે. પણ પરથી લાભ થાય અથવા ધર્મની દશા થાય એમ કહેનાર શાસ્ત્ર સાચાં નથી. તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે ને ગુણને ગુણીનો આધાર ન સ્વીકારે તો પદાર્થનું સ્વરૂપ પણ સાચું મળ્યું નથી. અર્થસમયનું સ્વરૂપ જ એવું છે કે ગુણનો આધાર ગુણી છે. તારે ધર્મદશા પ્રગટ કરવી છે ને ? કોના સામું જોઈને ? તારા ગુણ પરમાંથી આવતા નથી માટે પર સામે જોવાનું નથી. પણ તારા ગુણનો આધાર ગુણી આત્મા છે એમ ગુણ–ગુણીની એકતા કરીશ તો ધર્મદશા પ્રગટે તેમ છે.

“और जो यों कहिये कि अंशसे अंशी जुदा होता है तो वे अंश आधारके बिना किस अंशीके आश्रयसे रहे ? उसके लिये अन्य कोई अंशी चाहिये कि जिसके आधार अंश रहे। और जो कहो कि अन्य अंशी है उसके आधार रहते हैं तो उस अंशीसे भी अंश जुदे कहने होंगे। और यदि कहोगे कि उससे भी अंश जुदे हैं तो फिर अन्य अंशीकी कल्पना की जायगी, इस प्रकार कल्पना करनेसे गुण–गुणीकी स्थिति नहीं होयगी।”

જ્ઞાન–દર્શનગુણો આત્માથી જુદા હોય તો આધાર વિના તે ગુણો કેવી રીતે રહે ? માટે તેનો આધાર હોવો જોઈએ. એનો આધાર બીજો માનીશ તો બીજા પદાર્થમાં અંશ જુદો રહે છે તેથી બીજા આધારની કલ્પના કરવી પડશે. એટલે કે તારા જ્ઞાન–દર્શન ગુણો પ્રગટાવવા માટે બહારમાં જુદા જુદા પદાર્થોનું અવલંબન લેવા જઈશ તો ગુણ–ગુણી એકતાને કદી પામીશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ ને તને પ્રમાણજ્ઞાન થશે નહિ. તારા ગુણની દશા પ્રગટ કરવા માટે તારો આધાર છે એમ માન્યા વિના તારો આરો આવશે નહિ.

આ જગતમાં અનંતા જીવો, અનંતા પુદ્ગલો વગેરે અનંત દ્રવ્યો છે. તે દરેકથી તારો આત્મા જુદો છે. દરેકથી અન્યપણે છો એવા અનંત અન્યત્વ ધર્મો તારામાં રહેલા છે, તેને લીધે તું કદી પરરૂપે થતો નથી. વળી પ્રભુત્વ, સ્વચ્છત્વ, જ્ઞાન, દર્શનાદિ અનંતા ગુણો છે. આત્મા વસ્તુ એક છે, ને ગુણો અનંત છે. હવે ગુણોને દ્રવ્યથી જુદા માન તો ગુણો અનંત હોવાથી દ્રવ્ય અનંત થઈ જશે. દ્રવ્ય એક હોવા છતાં દ્રવ્ય અનંત થશે—એ દોષ આવશે. દ્રવ્ય તો અનંત થતાં નથી પણ એકરૂપ અભેદ દ્રવ્ય ઉપર દૃષ્ટિ નહીં રહેતાં ભેદદૃષ્ટિ રહેશે ને તારી ખંડખંડ દૃષ્ટિ થવાથી તને ધર્મદશા થશે નહિ.

આ લાકડી છે તે હાથ ઉપર રહેલી દેખાય છે. તેનો આધાર હાથ નથી પણ તેને લાકડીના પરમાણુનો આધાર છે. સંયોગને જોનાર હાથને જુએ છે પણ લાકડીના સ્વભાવને જોતો નથી. લાકડીમાં સ્પર્શ આદિ અનંત ગુણો છે તેનું દ્રવ્ય તે પરમાણુ, એમ ગુણગુણી અભેદ છે તેને જોતો નથી.

વળી અજ્ઞાની જીવને પરનો મહિમા આવે, સાકરમાં ગળપણની શક્તિ, લીંબુમાં ખટાશની શક્તિ, બોમ્બમાં જમીનને તોડી નાખે તેવી શક્તિ, દવામાં કફ તોડે તેવી શક્તિ–એમ પરની શક્તિનો મહિમા આવે પણ તારામાં કાંઈ તાકાત અથવા માલ છે કે નહિ? અજ્ઞાની કહે છે કે અમે પામર પ્રાણી છીએ, અમારામાં ક્યાંથી તાકાત હોય ? એમ પોતાની તાકાતની ખબર નથી. અધર્મનો નાશ કરવો છે, ધર્મનો ઉત્પાદ કરવો છે ને બન્નેમાં કાયમ રહેવું છે. એમ પર્યાયની તાકાત તથા ગુણ–ગુણીની તાકાત ન સમજે તો ધર્મનું પરિણમન થાય નહિ. જેમ સોનામાં પીળાશ, ચીકાશ આદિ અનંતગુણો છે, ને સોનું તેનાથી અભેદ છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રભુત્વ, સ્વચ્છત્વ આદિ અનંત શક્તિઓ છે. તે તાકાત ને તાકાતવાન અભેદ છે. તારા જ્ઞાન ને સુખ માટે બહારમાં જોવાનું નથી પણ અંતર જો તો અભેદદૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થઈ સુખદશા–ધર્મદશા પ્રગટ થશે ને અધર્મનો નાશ થશે ને તું કાયમ રહીશ.

જો આત્મા અને તેના ગુણો જુદા માનવામાં આવે તો એક આત્મા અનંત વસ્તુરૂપે થઈ જશે. વસ્તુ તો અનંત થતી નથી પણ તારી માન્યતા ભેદભંગમાં રોકાશે, ખંડખંડ થશે, અભેદતા પામશે નહિ.

એ એક દોષ બતાવ્યો. હવે બીજો દોષ બતાવે છે.

જો આત્મા તથા તેના ગુણો જુદા માનવામાં આવે તો બીજો દોષ બતાવે છે. તેમ માનવાથી દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે છે કારણ કે ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. ને જો ગુણ દ્રવ્યથી જુદા હોય તો દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે છે.

જે લોકો એમ કહે છે કે સંહનન મજબૂત હોય, આહાર સારો હોય તો ધર્મ થાય એમ માનનાર મૂઢ છે. તેણે બહારથી ધર્મ માન્યો એટલે ગુણ ને દ્રવ્ય જુદા માન્યા પણ દ્રવ્ય ગુણ વગર હોતું નથી. તેથી તે માન્યતા ખોટી છે. શરીર, મન, વાણીથી કે શેત્રુંજે કે સમેદશિખરે જવાથી ધર્મ માનનાર ગુણ ને ગુણી જુદા માને છે. ગુણ જુદા માનવાથી દ્રવ્યનો નાશ થાય છે. દ્રવ્યનો નાશ થતો નથી પણ પોતામાં સાચી શ્રદ્ધાનો નાશ થાય છે. તારે ધર્મ કરવો હોય તો યથાર્થ સ્વરૂપને ઓળખ. તું આખો પદાર્થ અસંખ્યપ્રદેશી છો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતગુણથી ભરેલો છે. ગુણ જુદા માનવાથી આત્માનો નાશ થાય છે એટલે તારામાં શ્રદ્ધાનો નાશ થાય છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે કે જે જીવ દારૂ, માંસ, મધ ને ઉદુમ્બર ફળ ખાવાનાં તીવ્ર માઠાં પરિણામ કરે છે તે જીવ દેશનાને પણ પાત્ર નથી. તેનો અર્થ એવો નથી કે તે ચીજોને લીધે તેને માઠાં પરિણામ થયાં છે. તે ચીજો છે માટે તીવ્ર કષાય છે એમ નથી. તેમ જ તે ચીજો છૂટી માટે ધર્મ થાય છે એમ પણ નથી. તે ચીજો તો પર છે, તેનાં ગ્રહણ–ત્યાગ આત્મામાં નથી પણ જેને ગુણ-ગુણીની એકતાનું ભાન નથી ને તીવ્ર લોલુપતા વર્તે છે તેને આવાં માઠાં પરિણામ હોય છે. તેવો જીવ દેશના સાંભળવાને લાયક નથી. પણ તે ચીજોને લીધે તેનું નાલાયકપણું નથી, તેનું નાલાયકપણું પોતાના મિથ્યાભાવ અને તીવ્ર કષાયને લીધે છે. સામાન્ય આર્ય હોય તેને પણ માંસાદિ ખાવાના ભાવ હોય જ નહિ ને તે ચીજો છૂટી છે માટે ધર્મ અથવા સમ્યગ્દર્શન થાય છે એમ પણ નથી. આઠ મૂળગુણનું પાલન તો અનંતવાર જીવે કર્યું છે પણ તે વડે ધર્મ થયો નથી. ધર્મ તો ગુણ–ગુણીની એકતારૂપ દૃષ્ટિ એટલે કે દ્રવ્યદૃષ્ટિથી થાય છે.

જીવે અનંતવાર શુભભાવ કર્યા, શુક્લ લેશ્યાનાં પરિણામ કર્યાં, બહારથી મુનિપણું લીધું, શરીરના ખંડખંડ કરે છતાં ક્રોધ ન કરે, પણ અંતર પરિણામ નિમિત્ત ઉપર ને રાગ ઉપર વળેલાં છે. પોતાનો ગુણ પરમાંથી પ્રગટશે એમ તે માને છે પણ ગુણ–ગુણીની એકતા કરી મારા દ્રવ્યમાંથી ધર્મ પ્રગટશે તે વાત તેને બેસતી નથી. તેવો જીવ પુણ્યને લીધે સ્વર્ગમાં જાય છે પણ તેને ધર્મ થતો નથી તેથી તે ચારે ગતિમાં રખડે છે.

તારે ધર્મ કરવો છે ને ? ધર્મ ક્યાં થાય ? આત્મામાં થાય છે. આત્મા કેવડો છે ? આત્મા ગુણનો સમૂહ છે. તારા ગુણ-ગુણીને જુદા કલ્પીશ તો ધર્મ થશે નહિ. નિમિત્ત આવે તો ગુણ પ્રગટે, જ્ઞાનનો ઉઘાડ પુસ્તકમાંથી આવે, પહેલાં જ્ઞાન ન હતું ને વાણી સાંભળ્યા પછી જ્ઞાન પ્રગટ્યું વગેરે પ્રકારે માનનાર પોતાના જ્ઞાનાદિ ગુણો પરમાંથી આવે છે તેમ માને છે, પોતાના આત્માથી તેને જુદા માને છે, પણ પોતે જ્ઞાનાદિ ગુણોથી અભેદ સ્વરૂપ છે એમ માનતો નથી. તેની શ્રદ્ધા ખંડ ખંડ થાય છે અથવા મિથ્યાશ્રદ્ધા થાય છે.

નૈયાયિકો પણ ગુણ–ગુણીને જુદા માને છે. એક ઘડો કોરો-નવો છે તેમાં પાણી નાખો તો ગંધ દેખાય છે. પ્રથમ ઘડામાં ગંધ ન હતી પણ પાણી નાખવાથી ગંધ આવી એમ નૈયાયિકો દૃષ્ટાંત આપી ગુણ–ગુણી જુદા માને છે. ઘડામાં ગંધ નામનો ગુણ છે તે વ્યક્ત થાય છે તેમ નહિ માનતાં ગંધ પાણીમાંથી આવે છે એમ માનવું તે ભૂલ છે. તેવી રીતે જૈન નામ ધરાવી એમ કહે કે પહેલાં અમને જ્ઞાન ન હતું પણ નિમિત્ત મળ્યું તો જ્ઞાન પ્રગટ્યું ને જેવું નિમિત્ત આવે તેવી પર્યાય થાય એમ માનનાર પોતાના ગુણ પરમાંથી આવે છે એમ માની રહ્યાં છે. પણ પોતામાં ગુણ ભર્યા છે તેમાંથી તે પ્રગટે છે એમ માનતો નથી. તેનામાં અને નૈયાયિકોમાં પરમાર્થે કાંઈ ફેર નથી. બન્નેની શ્રદ્ધા ખોટી છે.

પોતાના ગુણ પોતામાંથી પ્રગટે છે. એમ ગુણ–ગુણી અભેદ માની શ્રદ્ધા કરે તો ધર્મ થાય તેમ છે.

ગુણ–ગુણી જુદા માનવાથી એકનાં અનેક દ્રવ્યો થાય છે અથવા દ્રવ્યનો નાશ થાય છે. માટે ગુણ–ગુણી પ્રદેશે અભેદ છે. સર્વથા પ્રકારે ભેદ નથી, કથંચિત્ પ્રકારે ભેદ છે. ૪૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अविभत्तमणण्णत्तं दव्वगुणाणं विभत्तमणण्णत्तं ।**
**णिच्छंति णिच्चयण्हू तव्विवरीदं हि वा तेसिं ॥ ४५ ॥**

**अविभक्तमनन्यत्वं द्रव्यगुणानां विभक्तमन्यत्वम् ।**
**नेच्छन्ति निश्चयज्ञास्तद्विपरीतं हि वा तेषाम् ॥ ४५ ॥**

**ગુણ-દ્રવ્યને અવિભક્તરૂપ અનન્યતા બુધમાન્ય છે;**
**પણ ત્યાં વિભક્ત અનન્યતા વા અન્યતા નહિ માન્ય છે. ૪૫**

**અન્વયાર્થ :** [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોને [अविभक्तम् अनन्यत्वम्] અવિભક્તપણારૂપ અનન્યપણું છે; [निश्चयज्ञाः हि] નિશ્ચયના જાણનારાઓ [तेषाम्] તેમને [विभक्तम् अन्यत्वम्] વિભક્તપણારૂપ અન્યપણું [वा] કે [तद्विपरीतं] (વિભક્તપણારૂપ) અનન્યપણું [न इच्छन्ति] માનતા નથી.

---

**तात्पर्यवृत्ति :** द्रव्यगुणानां यथोचितमभिन्नप्रदेशमनन्यत्वं प्रदर्शयति,-**अविभत्तमणण्णत्तं** अविभक्तमनन्यत्वं मन्यत इति क्रियाध्याहारः । केषां ? **दव्वगुणाणं** द्रव्यगुणानामिति । तथाहि – यथा परमाणोर्वर्णादिगुणैः सहानन्यत्वमभिन्नत्वं । कथंभूतं तत् ? अविभक्तमभिन्नप्रदेशत्वं तथा शुद्धजीवद्रव्ये केवलज्ञानादिव्यक्तिरूपः स्वभावगुणानां तथैवाशुद्धजीवे मतिज्ञानादिव्यक्तिरूपविभावगुणानां शेषद्रव्याणां गुणानां च यथासंभवमभिन्नप्रदेशलक्षणमनन्यत्वं ज्ञातव्यं । **विभत्तमणण्णत्तं णेच्छंति** विभक्तमन्यत्वं नेच्छन्ति । तद्यथा । अन्यत्वं भिन्नत्वं न मन्यंते । कथंभूतं तत् ? विभक्तं भिन्नप्रदेशं सह्यविंध्ययोरिव । के नेच्छन्ति ? **णिच्चयण्हू** निश्चयज्ञा जैनाः न केवलं भिन्नप्रदेशमन्यत्वं नेच्छन्ति तव्विवरीदं हि वा तद्विपरीतं वा **तेसिं** तेषां द्रव्यगुणानां तस्मादन्यत्वाद्विपरीतं तद्विपरीतमनन्यत्वमित्यर्थः । तदपि किं विशिष्टं नेच्छन्ति ? एकक्षेत्रावगाहेपि भिन्नप्रदेशं, भिन्नतोयपयसोरिव । कस्मान्नेच्छंतीति चेत्सह्यविंध्ययोरिव तोयपयसोरिव, तेषां द्रव्यगुणानां भिन्नप्रदेशाभावादिति । अथवा अन्यत्वमभिन्नत्वं नेच्छन्ति द्रव्यगुणानां । कथंभूतं तत् ? अविभक्तं एकांतेन यथा प्रदेशरूपेणाभिन्नं तथा संज्ञादिरूपेणाप्यभिन्नं नेच्छन्ति । न केवलमित्थंभूतं अनन्यत्वं नेच्छन्ति, अन्यत्वं भिन्नत्वमपि नेच्छंति । कथंभूतं ? विभक्तं एकांतेन यथा संज्ञादिरूपेण भिन्नं तथा प्रदेशरूपेणापि भिन्नं । न केवलमेकांतेनानन्यत्वमन्यं च नेच्छंति "तव्विवरीदे हि वा तेसिं" मिति पाठांतरं तद्विपरीताभ्यां वा ताभ्यां परस्परसापेक्षानन्यत्वान्यत्वाभ्यां विपरीते निरपेक्षे तद्विपरीते ताभ्यां तद्विपरीताभ्यां वा कृत्वा तेषां द्रव्यगुणानामनन्यत्वान्यत्वे नेच्छन्ति किंतु परस्परसापेक्षत्वेनेच्छंतीत्यर्थः । अत्र गाथासूत्रे विशुद्धज्ञानदर्शनस्वभावात्मतत्त्वादन्यत्वरूपा ये विषयकषायास्तै रहितानां तस्मादेव परमचैतन्यरूपात् परमात्मतत्त्वात् यदनन्यत्वस्वरूपं निर्विकल्पपरमाह्लादैकरूपसुखामृतरसास्वादानुभवनं तत्सहितानां च पुरुषाणां यदेव लोकाकाशप्रमितासंख्येयशुद्धप्रदेशैः सह केवलज्ञानादिगुणानामनन्यत्वं तदेवोपादेयमिति भावार्थः ॥ ४५ ॥

**समयव्याख्या : द्रव्यगुणानां स्वोचितानन्यत्वोक्तिरियम् । अविभक्तप्रदेशत्वलक्षणं द्रव्यगुणानामनन्यत्वमभ्युपगम्यते । विभक्तप्रदेशत्वलक्षणं त्वन्यत्वमनन्यत्वं च नाभ्युपगम्यते । तथा हि – यथैकस्य परमाणोरेकेनात्मप्रदेशेन सहाविभक्तत्वादनन्यत्वं, तथैकस्य परमाणोस्तद्वर्तिनां स्पर्शरसगंधवर्णादिगुणानां चाविभक्तप्रदेशत्वादनन्यत्वम् । यथा त्वत्यंतविप्रकृष्टयोः सह्यविंध्ययोरत्यंतसन्निकृष्टयोश्च मिश्रितयोस्तोयपयसोर्विभक्तप्रदेशत्वलक्षणमन्यत्वमनन्यत्वं च, न तथा द्रव्यगुणानां विभक्तप्रदेशत्वाभावादन्यत्वमनन्यत्वं चेति ॥ ४५ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : આ, દ્રવ્ય અને ગુણોના સ્વોચિત અનન્યપણાનું કથન છે (અર્થાત્ દ્રવ્ય અને ગુણોને કેવું અનન્યપણું ઘટે છે તે અહીં કહ્યું છે).**

**દ્રવ્ય અને ગુણોને અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું સ્વીકારવામાં આવે છે. પરંતુ વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું સ્વીકારવામાં આવતું નથી. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે : જેમ એક પરમાણુને એક સ્વપ્રદેશ સાથે અવિભક્તપણું હોવાથી અનન્યપણું છે, તેમ એક પરમાણુને અને તેમાં રહેલા સ્પર્શ–રસ–ગંધ–વર્ણ વગેરે ગુણોને અવિભક્ત પ્રદેશો હોવાથી (અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું છે; પરંતુ જેમ અત્યંત દૂર એવા સહ્ય અને વિંધ્યને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે, તથા અત્યંત નિકટ એવાં મિશ્રિત ક્ષીર–નીરને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે, તેમ દ્રવ્ય અને ગુણોને વિભક્ત પ્રદેશો નહિ હોવાથી (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું નથી. ૪૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૩, રવિવાર]

જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે પરપદાર્થથી હું જુદો છું એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. પોતાનો ધર્મ પરપદાર્થના અવલંબને કે પરમાં ન હોય માટે પરથી આત્મા જુદો છે ને પોતાના ગુણોથી અભેદ છે એવું જ્ઞાન કરવું જોઈએ.

દ્રવ્ય અને ગુણોનો ભાવ એક છે. શરીર અને કર્મ એક ક્ષેત્રે દેખાય છે. દૂધ ને પાણી એક જગ્યાએ દેખાય છે પણ તે એક નથી. તેવી રીતે ગુણ ને દ્રવ્યનાં નામ જુદાં છે પણ એકભાવરૂપે છે. પાણી ને દૂધના પ્રદેશો જુદા છે, કર્મ ને શરીરના પ્રદેશો જુદા છે તેમ ગુણ ને દ્રવ્યના પ્રદેશો જુદા નથી. દૂધની ધોળાશમાં નામભેદે ભેદ છે છતાં દૂધ ને ધોળાશ–સફેદાઈના પ્રદેશો જુદા નથી. તેમ આત્મા ને તેના જ્ઞાન, દર્શન, વીર્ય આદિ ગુણોમાં નામભેદે ભેદ છે પણ તેના પ્રદેશો જુદા નથી. આમ ગુણ–ગુણી અભેદ છે. એવી અંતરદ્રષ્ટિથી ધર્મ થાય તેમ છે.

ગુણ–ગુણી બન્નેને ભિન્ન પ્રદેશરહિતપણું છે. દ્રવ્યનો નાશ થવાથી ગુણનો અભાવ અથવા ગુણોનો નાશ થવાથી દ્રવ્યનો અભાવ થઈ જાય એવો એક ભાવ છે. દૂધમાંથી પાણીનો નાશ થવાથી દૂધનો નાશ થતો નથી કારણ કે બન્ને જુદી ચીજ છે. તેમ શરીર, કર્માદિ પદાર્થોનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી કારણ કે શરીર, કર્માદિથી આત્મા ભિન્ન છે, પણ જેમ દૂધમાંથી સફેદાઈ–ધોળાશ નીકળી જતાં દૂધનો નાશ થાય છે ને દૂધનો નાશ થતાં ધોળાશનો નાશ થાય છે તેમ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ગુણો નથી એવી માન્યતાથી આત્માનો નાશ થઈ જાય છે. ને આત્માનો નાશ થતાં જ્ઞાન–દર્શનાદિ ગુણોનો નાશ થાય છે. જે કોઈ એમ માને કે મારામાં ધર્મદશા તો સંયોગો અનુકૂળ આવે અથવા શરીરની ક્રિયા કરીએ તો પ્રગટ થાય, તે જીવ અને શરીર જે પ્રદેશભેદસહિત છે તેની સાથે એકત્વબુદ્ધિ કરે છે. ને પોતામાં જ્ઞાન–દર્શનાદિ ગુણો ભર્યા છે તે પરમાં માની રહ્યો છે. એટલે ગુણ વિનાનું દ્રવ્ય માની રહ્યો છે એ માન્યતા અજ્ઞાનભાવ છે.

ગુણ–ગુણીનો એકભાવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી છે તે દ્રષ્ટાંત આપી સમજાવે છે.

"अर्थात् जैसे एक परमाणुकी अपने एक प्रदेशसे पृथक्ता नहीं है और जैसे उसही

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमाणुमें स्पर्श रस गंध वर्ण गुणोंकी पृथक्ता नहीं है तैसे ही समस्त द्रव्योंमें प्रदेशभेदरहित गुणपर्यायका अभेद भाव जानना। ऐसी प्रदेशभेदरहित द्रव्य गुणोंकी एकता आचार्यजीने अंगीकार की है।''

એક પરમાણુનું દૃષ્ટાંત આપે છે. પરમાણુ પોતે દ્રવ્ય છે. તેનો એક પ્રદેશ તે તેનું ક્ષેત્ર છે. સ્પર્શાદિ તેના ગુણો છે ને સ્પર્શાદિની સમય સમયની અવસ્થા તે પર્યાય છે. આમ ચાર પ્રકારે પરમાણુને પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એકતા છે. પરમાણુ તેના ક્ષેત્રથી, ગુણોથી કે પર્યાયથી જુદો નથી. આ આંગળી છે તે તેની પહોળાઈથી જુદી નથી, તેના સ્પર્શગુણોથી ને તેની પર્યાયથી જુદી નથી. આંગળી હોય ને ગુણો, ક્ષેત્ર કે પર્યાય ન હોય એમ બને નહિ. ગુણ–પર્યાય હોય ને આંગળી ન હોય એમ બને નહિ. પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એકભાવ છે. તેવી જ રીતે સમસ્ત દ્રવ્યોમાં પ્રદેશભેદરહિત ગુણ–પર્યાયનો અભેદ ભાવ જાણવો. આત્મા દ્રવ્ય છે, તેના અસંખ્ય પ્રદેશો તેનું ક્ષેત્ર છે, સમય સમયની અવસ્થા તેનો કાળ છે ને જ્ઞાન-દર્શનાદિ તેનો ભાવ છે. આમ આત્મા પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એકરૂપ છે, જુદો નથી.

એક પરમાણુ બીજા પરમાણુથી અને આત્માથી જુદો છે પણ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જુદો નથી. શરીર, વાણી, કર્મ બધા પદાર્થો પોતપોતાના ચતુષ્ટયમાં છે ને આત્માથી જુદા છે. શરીર, કર્મ ને આત્મા જુદા હોવા છતાં અનાદિથી અજ્ઞાની જીવને એકપણાની માન્યતા થઈ ગઈ છે. વિંધ્યાચળ ને હિમાચળ પર્વત જેમ જુદા છે તેમ શરીર ને આત્મા જુદા છે.

આ જગતમાં છ દ્રવ્યો છે તે પોતપોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એકમેક છે ને પરથી ત્રણે કાળ જુદાં છે. આત્મા પોતાના અસંખ્યપ્રદેશે પોતાના ગુણ–પર્યાયથી એકમેક છે. ધર્માસ્તિકાય પોતાના અસંખ્યપ્રદેશે પોતાના ગુણ–પર્યાયથી એકમેક છે. તેવી રીતે દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એકમેક છે. આવી પ્રદેશભેદરહિતની એકતા આચાર્યોએ સ્વીકારી છે. પણ પ્રદેશભેદ સહિતની એકતા સ્વીકારતા નથી. ગુણના પ્રદેશો જુદા ને આત્માના પ્રદેશો જુદા એમ જ્ઞાની સ્વીકારતા નથી.

તીર્થંકરદેવે વસ્તુનું સ્વરૂપ જોયું છે ને એવું વાણીમાં આવ્યું છે. તારો આત્મા તારા ગુણ–પર્યાયથી જુદો નથી. ગુણોને ક્યાં શોધવા જઈશ ? ધર્મ ક્યાં શોધવો છે ? ધર્મ તારી ચીજ મૂકીને બહારમાં છે ? પોતાના ધર્મ માટે જે બહાર શોધે છે તે પોતાના ગુણ–પર્યાયથી પોતાને જુદો માને છે તે માન્યતા જૂઠી છે. જેમ દૂધ ને ધોળાશ જુદાં નથી તેમ જ્ઞાન, દર્શન, સુખ આદિ ગુણો ને તેના પર્યાયો તારા આત્માથી જુદા નથી. તું બહારમાં શોધવા જઈશ તો મળે તેમ નથી. માટે ગુણ–પર્યાયની અંતર એકતા કર તો ધર્મદશા પ્રગટે તેમ છે.

''और गुण – गुणीमें कथंचित् भेदसे निजस्वरूपके जाननहारे हैं वे द्रव्य – गुणोंमें भेदभाव प्रदेशभेदसे नहीं चाहते हैं।''

ગુણ–ગુણીમાં નામાદિ ભેદથી ભેદ છે પણ પ્રદેશભેદ નથી. આત્મા ને જ્ઞાન એમ નામભેદે ભેદ છે પણ ગુણના પ્રદેશો ક્યાંક ને આત્મદ્રવ્યના પ્રદેશો ક્યાંક એવો ભેદ નથી.

**ભાવાર્થ** : દ્રવ્ય અથવા ગુણોમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન આદિથી ભેદ છે. તોપણ એવો ભેદ નથી કે જેથી પ્રદેશોની પૃથક્તા હોય. જુઓ, અહીં કેવળીભગવાનનું વીતરાગી વિજ્ઞાન બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સંજ્ઞા** : આત્મદ્રવ્યનું નામ આત્મા છે ને ગુણનાં નામ જ્ઞાન–દર્શન આદિ છે. એમ દ્રવ્ય અને ગુણના નામમાં ભેદ છે.

**સંખ્યા** : દરેક આત્મા સંખ્યાએ એક છે ને તેના ગુણો અનંત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, અન્યત્વ આદિ અનંતા ગુણો છે. આમ દ્રવ્યને તથા ગુણને સંખ્યાભેદ છે.

**લક્ષણ** : અનંત ગુણોનો પિંડ તે દ્રવ્યનું લક્ષણ છે. જ્ઞાનનું લક્ષણ જાણવું, દર્શનનું લક્ષણ દેખવું. એમ દ્રવ્યને ગુણના લક્ષણભેદે ભેદ છે.

**પ્રયોજન** : દ્રવ્યનું પ્રયોજન અનંત ગુણોને તથા તેના પર્યાયોને ધારી રાખવા તે છે ને દરેક ગુણનું પ્રયોજન જુદેજુદું છે.

આમ દ્રવ્ય ને ગુણને સંજ્ઞા, સંખ્યા, લક્ષણ ને પ્રયોજનભેદે ભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી, તેમ જ કાળભેદ નથી. દ્રવ્ય ને ગુણ બન્ને ત્રિકાળ છે. જ્યાં દ્રવ્ય છે ત્યાં ગુણો છે. આત્મા ક્યાંક ને ગુણ ક્યાંક રહી જાય એમ બનતું નથી. તું જીવાસ્તિકાય છે. જીવ અસ્તિ છે ને અસંખ્યપ્રદેશરૂપી સમૂહ અથવા કાય છે. તેમાં તારા ગુણો રહેલા છે, બહારમાં નથી. મિથ્યાદ્રષ્ટિ જીવો તીર્થંકરનામકર્મનું નામ પડે ત્યાં ખુશ થઈ જાય છે ને તે માટે સોળકારણભાવના ભાવે છે. પણ મિથ્યાદ્રષ્ટિને તો તે બંધાતું નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મને પર માને છે, શુભને હેય માની સ્વભાવને ઉપાદેય સમજે છે. અહીં કહે છે કે ભાઈ, કર્મનું ક્ષેત્ર જુદું ને તારું ક્ષેત્ર જુદું, માટે જુદાથી લાભ કે નુકસાન થાય એમ સમ્યગ્દ્રષ્ટિ માનતો નથી પણ પોતાની સાથે ગુણ–ગુણીની એકતા કરે તો લાભ થાય છે. સાકરનો ગાંગડો ને મીઠાશ જુદાં હોય તેમ બનતું નથી તેમ આત્મા વસ્તુ, તેના જ્ઞાનાદિ ગુણો ને તેની નિર્મળપર્યાય એમ દ્રવ્ય, ગુણ, પર્યાય એકક્ષેત્રે છે, જુદા ક્ષેત્રે નથી. દ્રવ્ય ને પર્યાય એમ નામભેદે ભેદ છે. દ્રવ્ય એક છે ને પર્યાય અનંત છે એમ સંખ્યાભેદે ભેદ છે, દ્રવ્યનું લક્ષણ અનંતગુણનો પિંડ (નિત્યપણું) છે. પર્યાયનું લક્ષણ પૃથક્ પૃથક્પણું (અનિત્યપણું) છે એમ લક્ષણભેદે ભેદ છે. દ્રવ્યનું પ્રયોજન ગુણ–પર્યાયને આધાર આપવો તે છે ને પર્યાયનું પ્રયોજન સમય સમયનું કાર્ય કરવું તે છે એમ પ્રયોજનભેદે ભેદ છે. દ્રવ્યનો કાળ ત્રિકાળી છે ને પર્યાયનો કાળ એક સમયનો છે એમ કાળભેદે ભેદ છે. આમ હોવા છતાં દ્રવ્યને અને પર્યાયને પ્રદેશભેદ નથી. ગુણ–ગુણીની એકતા કરી અભેદદ્રષ્ટિ કર તો ધર્મ થાય તેમ છે.

તેથી એ વાત નક્કી થાય છે કે ગુણ–ગુણીમાં વસ્તુરૂપ વિચારથી પ્રદેશોની એકતા છે, પ્રદેશોમાં જુદાપણું નથી, સંજ્ઞામાત્રથી જુદાપણું છે.

પરમાણુ પરમાણુમાં છે, તે આત્માને લીધે નથી. આત્મા પોતાના ગુણ–પર્યાયોથી પોતાના ક્ષેત્રમાં છે. ગોળમાંથી ગળપણનો નાશ થાય તો ગોળનો નાશ થાય પણ ગોળની જોડેના ડબાનો નાશ થતાં ગોળનો નાશ થતો નથી. તેમ શરીર, કર્મ વગેરે ડબા છે તેનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી. પણ જ્ઞાન, દર્શનાદિ વિનાનો માને તો આત્માનો નાશ થાય છે. પરચીજ હોય તો ધર્મ થાય એમ માનનાર પોતાના આત્માને જ્ઞાન, દર્શન, આનંદાદિ વિનાનો માને છે ને ગુણ–ગુણીને તદ્દન ભેદરૂપ માને છે. તે જીવને અનંત ગુણના પિંડરૂપ અખંડ આત્માની શ્રદ્ધા થતી નથી તેથી તેને ધર્મ થતો નથી. વળી મિથ્યાદ્રષ્ટિ જીવે પોતાની શ્રદ્ધામાં આત્માનો નાશ કર્યો માટે શરીર જીર્ણ થઈ જાય અથવા રોગી થઈ જાય એમ બનતું નથી કારણ કે બન્નેના પ્રદેશો જુદા છે.

વળી કોઈ જીવને શરીર જીર્ણ થયું, તો શું તેનાથી આત્મા જીર્ણ થઈ જાય ? ના,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીરના પરમાણુ તેના ગુણ–પર્યાયથી એક છે ને આત્માથી જુદા છે. તે જુદા પરમાણુ આત્માને કાંઈ ન કરે પણ જીવ આત્માની દૃષ્ટિ ચૂકે તો આત્મા જીર્ણ થાય ને શરીર જીર્ણ હોવા છતાં ગુણ–ગુણીની એકતાનું ભાન કરે તો ધર્મ થાય. શરીર જીર્ણ થવાથી આત્મા જીર્ણ થતો નથી ને આત્મા જીર્ણ થવાથી શરીર જીર્ણ થતું નથી. આ પ્રમાણે આત્મા ને શરીર જુદાં છે તેવી રીતે છ દ્રવ્યો જુદાં છે પણ પોતપોતાના ગુણ–પર્યાયથી જુદાં નથી.

હવે બીજી રીતે કહે છે.

''एक द्रव्यमें भेद अभेद इसी प्रकार जानना अथवा निश्चयसे उन द्रव्यगुणोंके उस पूर्वोक्त प्रकार भेद अभेदसे जो और प्रकार भेद अभेद है उसको जो तत्त्वस्वरूपके वेत्ता हैं वे वस्तुमें नहीं मानते.''

એક દ્રવ્યમાં ભેદ અભેદ એ પ્રકારે જાણવા કે આત્માને અને તેના ગુણોને સંજ્ઞા, સખ્યાભેદે ભેદ છે પણ પ્રદેશે અભેદ છે. આ પ્રમાણે ભેદાભેદ સ્વરૂપ જાણવું. પણ આથી વિપરીત રીતે ભેદ ને અભેદનું સ્વરૂપ લોકોમાં કહે છે તે પ્રમાણે તત્ત્વજ્ઞાની માન્ય રાખતા નથી.

**ભાવાર્થ** : આત્મા ને પરમાણુ વગેરે વસ્તુમાં ગુણ–ગુણીનું ભેદ ને અભેદપણું બતાવ્યું. વસ્તુને સાધવા માટે તેને માન્ય રાખવામાં આવે છે કારણ કે તેથી આત્માનું હિત સધાય છે. પણ લોકવ્યવહારમાં ઉપચારમાત્ર પદાર્થોને ભેદ ને અભેદનો જે વ્યવહાર કરવામાં આવે છે તેને આચાર્ય ભગવાન માન્ય રાખતા નથી. જેમ કર્મ ને આત્મા એક છે–અભેદ છે એમ લોકો કહે છે, તેને આચાર્ય માન્ય રાખતા નથી. કારણ કે લોકવ્યવહારથી વસ્તુસ્વરૂપની સિદ્ધિ થતી નથી ને આત્માનું હિત થતું નથી. જે હવે દૃષ્ટાંત દ્વારા બતાવવામાં આવે છે.

લોકવ્યવહારથી વિંધ્યાચલ ને હિમાચલમાં મોટો ભેદ કહે છે કેમકે હિમાચલ ક્યાંક ને વિંધ્યાચલ ક્યાંક રહેલો છે તેને લોકોમાં ભેદ કહે છે. તેવો ભેદ ગુણ–ગુણીમાં સ્વીકારવામાં આવતો નથી. પર્વતોના નામે ભેદ છે તેમ જ વસ્તુએ પણ જુદા છે. તેવી રીતે દ્રવ્ય, ગુણ ને પર્યાય નામે જુદા છે માટે વસ્તુએ પણ જુદા છે એવો ભેદ સ્વીકારવામાં આવતો નથી. આ શરીરની ક્રિયા આત્માને લીધે થાય તેમ બનતું નથી કારણ કે શરીરના પરમાણુ તેના ગુણ–પર્યાયથી ભેદરૂપ નથી પણ અભેદ છે માટે આત્માથી શરીરનું કાંઈ થતું નથી. ઘાસની એક ગંજી સળગવાથી પાંચ ગાઉ દૂર બીજી ગંજી હોય તે સળગતી નથી કારણ કે તે ભિન્ન ભિન્ન છે. તે તે પરમાણુ તેના ગુણ–પર્યાયથી અભેદ છે ને બીજાના ગુણ–પર્યાયથી ભેદરૂપ છે. અત્યારે બજારમાં મંદી છે ત્યારે વેપારમાં ઘણી નુકસાની જાય છે તો તે પૈસા જવાથી અજ્ઞાની જીવો રોવા માંડે છે પણ ભાઈ, પૈસા તેના ગુણ–પર્યાય–ક્ષેત્રાંતર થવાની પર્યાય સાથે અભેદ છે ને તારાથી ત્રણે કાળે ભેદરૂપ છે માટે સાચું જ્ઞાન કર.

એક પરમાણુ એક સમયમાં જીવના નિમિત્ત વિના ચૌદ રાજલોકપ્રમાણ જવાની તાકાત ધરાવે છે તેની ક્ષેત્રાંતરરૂપી પર્યાય ને બીજા ગુણોથી તે ભરેલો છે ને આત્માથી તે ભેદરૂપ છે. કેટલાક કહે કે આને દવા કરતાં ન આવડી માટે તે મરી ગયો તે જ મૂઢતા છે. તે પદાર્થ તેના ગુણ–પર્યાયથી અભેદ છે, પરને લીધે તેની પર્યાય ટકતી નથી.

લોકો કહે છે કે અમે છ દ્રવ્યને માનીએ છીએ. પણ જો એમ માને કે પરથી મારામાં કાર્ય થાય છે ને મારાથી પરમાં કાર્ય થાય છે તો તેણે છ દ્રવ્યો માન્યાં નથી. પરવસ્તુથી ભેદ માને ને પોતાના ગુણ–પર્યાયથી અભેદ માને તો છ દ્રવ્યો સાચાં માન્યાં કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે લોકો જેને અભેદ કહે છે તેવો અભેદ પણ અમને માન્ય નથી તે સમજાવે છે. લોકો દૂધને તથા પાણીને અભેદ કહે છે તે અમને કબૂલ નથી. કારણ કે પરમાર્થથી દૂધ ને પાણીમાં પ્રદેશોનું જુદાપણું છે. તેવી રીતે અજ્ઞાની જીવો શરીરને અને આત્માને એક કહે છે. કર્મને અને આત્માને એક કહે છે. શરીર ને કર્મ બન્ને આત્માથી જુદાં હોવા છતાં તે મારાં છે એમ અજ્ઞાની જીવો અભેદતા કરે છે. આચાર્યદેવ કહે છે કે એવી અભેદતા માન્ય નથી. અમે તો અમારા ગુણ–પર્યાયથી અભેદ છીએ. એવી અભેદતા સ્વીકારીએ છીએ. આમ સાચું જ્ઞાન કરે તો પરથી જુદો પડી પર્યાય જેટલો નથી, હું ત્રિકાળી શુદ્ધ છું, એવી ઉપાદેયબુદ્ધિ થતાં ધર્મ થાય છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૪, સોમવાર]

અહીં આત્મા અને પરમાણુ દરેક દ્રવ્યની ઓળખાણ આપે છે.

લોકમાં પાણી અને દૂધને એકપણું કહે છે પણ પાણીના પ્રદેશો અને દૂધના પ્રદેશો જુદા છે તેથી પ્રદેશભેદસહિતની એકતા માન્ય નથી. લોકમાં આત્મા અને શરીર તથા કર્મનું એકપણું કહે છે પણ આત્માના પ્રદેશો અને શરીરના તથા કર્મના પ્રદેશો જુદેજુદા છે તેથી પ્રદેશભેદસહિતની એકતા માન્ય નથી. આત્મા રાગ કરે ને શરીર ચાલે તેવી માન્યતા માન્ય નથી કારણ કે બન્નેના પ્રદેશો જુદા છે, પણ ગુણ ને ગુણી જેમકે આત્મા અને જ્ઞાન-દર્શન તેની પ્રદેશે ભિન્નતા નથી માટે તેની એકતા અમોને માન્ય છે. પરની સાથે અભેદતા માન્ય નથી પણ પોતાના ગુણ–ગુણીની અભેદતા અમોને માન્ય છે.

હવે ભેદનું દૃષ્ટાંત : જેમ વિંધ્યાચલ ને હિમાચલ બે જુદા છે તે ભેદ પ્રદેશભેદસહિતનો છે, તેવો ભેદ દ્રવ્ય ને તેના ગુણો વચ્ચે નથી. આત્મા અને તેના જ્ઞાનદર્શનાદિ ગુણો એમ નામભેદે ભેદ હોવા છતાં જ્યાં આત્મા છે ત્યાં જ તેના ગુણો છે, તેને પ્રદેશભેદ નથી માટે તે માન્ય છે પણ પ્રદેશભેદ સહિતનો ભેદ અમોને માન્ય નથી. આમ ભેદ ને અભેદપણું પોતામાં સાધવાનું છે. દ્રવ્ય અને ગુણ એવા નામભેદ પોતામાં છે પણ પ્રદેશે અભેદપણું છે. આમ ભેદ–અભેદ પોતામાં કે જેમાં પ્રદેશભેદરહિતપણું છે તેમાં સાધવું ને તે માન્ય છે પણ પ્રદેશભેદ સહિતનું ભેદ ને અભેદપણું લોકોમાં બોલાય છે તે માન્ય નથી.

પરની એકતા પરમાં છે, મારે ને તેને કાંઈ સંબંધ નથી. હું ઈચ્છા કરું ને શરીર ચાલે, પદાર્થોને લઈને મૂકી શકું એવી પર સાથે એકતા• નથી. તે પદાર્થોની એકતા તે પદાર્થોમાં છે ને મારી એકતા મારામાં છે. મારાં દ્રવ્ય–ગુણ–પર્યાય મારાથી જુદાં નથી ને મારાં દ્રવ્ય–ગુણ–પર્યાય નામભેદ હોવા છતાં મારાથી જુદાં નથી પણ એકરૂપ છે.

જેવી રીતે એક ડુંગરથી બીજો ડુંગર જુદો છે તેમ પૈસાના પ્રદેશો ને આત્માના પ્રદેશો જુદેજુદા છે. આત્માને લીધે પૈસાનું અસ્તિત્વ નથી. પૈસા પુદ્‌ગલાસ્તિકાય તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાયથી એક છે ને જીવ અસંખ્યપ્રદેશી પોતાના ગુણ–પર્યાયથી એક છે.

જીવ રાગ કરે માટે શરીર ઊંચું–નીચું થાય છે, આ આંખથી દેખાય છે, એમ અજ્ઞાની કહે છે. ભાઈ, શરીર ને ઈંદ્રિયો જડ છે, પ્રદેશભેદવાળી ચીજો છે. આત્મા અને આંખ બન્ને જુદાં છે છતાં અજ્ઞાની ક્ષેત્રભેદવાળી ચીજોને લક્ષમાં લઈને સંયોગોને જુએ છે, પણ દરેક પદાર્થનો સ્વભાવ શું છે તેને તે જોતો નથી. આત્મા અને આંખના, આત્મા અને શરીરના, આત્મા અને ખાવાના પદાર્થોના પ્રદેશો જુદા છે. દરેક પરમાણુ તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ ને એકમેક છે ને બીજા પરમાણુથી અને આત્માથી સર્વથા ભેદરૂપ છે. આત્મા પોતાનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ છે ને બીજા આત્મા અને પરમાણુથી સર્વથા ભેદરૂપ છે. જે સર્વથા પ્રદેશભેદે ભેદરૂપ છે તેવા પદાર્થોને પ્રદેશભેદરહિત દૃષ્ટિથી જોવા ને એકતા કરવી તે સંયોગોને જોનારો મિથ્યાદૃષ્ટિ છે. પણ દરેક પદાર્થ પોતાના ગુણ–પર્યાયથી એકાકાર છે એમ જેમાં પ્રદેશભેદરહિતપણું છે એવા **પ્રદેશભેદરહિત** પદાર્થ સાથે અભેદતા સાધે તો યથાર્થ છે.

લોટમાંથી રોટલી થઈ તેમાં પર્યાય નવી દેખાણી પણ તે પર્યાયને તેના દ્રવ્ય–ગુણથી પ્રદેશભેદ નથી પણ એકાકાર છે. આમ એકાકાર વસ્તુને પ્રદેશભેદવાળી માનવી ને પર સાથે એકાકારપણું માનવું તે અજ્ઞાન છે. જેમકે સ્ત્રીના હાથથી કે વેલણથી રોટલીની પર્યાય થઈ એમ માનનાર અજ્ઞાની છે. ત્રણેના પ્રદેશો જુદા છે છતાં જુદાથી જુદી ચીજનું એકાકારપણું માનવું તે **અજ્ઞાન** છે.

રામે લંક્ષ્મણના શરીરને છ માસ સુધી ઉપાડ્યું ત્યાં રામનો જીવ, રામનું શરીર ને લક્ષ્મણનું શરીર—ત્રણેના પ્રદેશો જુદા છે, પ્રદેશભેદ સહિત છે. છતાં રામના જીવને લીધે શરીર ઉપાડવાની ક્રિયા થઈ એમ માનવું એ અજ્ઞાન છે. લક્ષ્મણનું શરીર તેના ગુણ–પર્યાયથી એક છે કારણ કે તેને પ્રદેશભેદ નથી તે અમોને માન્ય છે પણ રામનો જીવ જે પ્રદેશભેદ સહિતનો છે તેને લીધે શરીર ઉપાડવાની ક્રિયા થાય તે માન્ય નથી.

કોઈ પૂછે કે અમારે આમાં ધર્મ શું કરવો ? ભાઈ, દરેક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયને ધારી રાખે છે એમ જ્ઞાન કરવું તે ધર્મ છે. પણ પોતાના ગુણ–પર્યાયને બીજો ધારી રાખે ને બીજાના ગુણ–પર્યાયને પોતે ધારી રાખે એમ માનનાર વસ્તુસ્વરૂપને સમજતો નથી. પોતાના દર્શન–જ્ઞાનાદિ ગુણો અને તેની પર્યાયો પોતામાં થાય છે, તેને પ્રદેશભેદ નથી એમ પ્રદેશભેદરહિત એવા પોતાના આત્માને અભેદતાથી જુએ તો બીજા પદાર્થો કે જે તેના ગુણ–પર્યાયથી અભેદ છે તેને તેની અભેદતાથી જુએ. આ પ્રત્યક્ષ દેખાય છે ને તે સાચો દાર્શનિક પુરાવો છે ને તેને પ્રમાણજ્ઞાન કહે છે.

બે ડુંગર જુદા છે તેવી રીતે ગુણ–ગુણી જુદા નથી. બે ડુંગરનાં નામ જુદાં છે તેમ ગુણ–ગુણીના જુદાં છે, છતાં બે ડુંગરને પ્રદેશભેદ છે તેવો પ્રદેશભેદ ગુણ–ગુણી વચ્ચે નથી પણ પ્રદેશે અભેદતા છે. દૂધ ને પાણીને એકતા છે એમ લોકો કહે છે તેવી એકતા ગુણ–ગુણી વચ્ચે નથી કેમકે દૂધ ને પાણીના પ્રદેશો જુદા છે પણ ગુણ–ગુણીના પ્રદેશો જુદા નથી. આમ જે યથાર્થ માનતો નથી તે દેવ–ગુરુ–શાસ્ત્રને માનતો નથી. તે અર્થસમયનું જ્ઞાન સાચું કરતો નથી ને પોતાના આત્માને માનતો નથી ને જે યથાર્થ જાણે તેને પરથી મારામાં કાંઈપણ થાય કે મારાથી પરમાં કાંઈપણ થાય એવી જૂઠી માન્યતાનો નાશ થઈ સમ્યગ્દર્શન થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે મુનિને શુભરાગ આવે ત્યારે ઈર્યાસમિતિ કરવી પડે છે ને ? ભાઈ, શરીરનું ચાલવું તે ઈર્યાસમિતિ હશે ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેમાં મુનિ ઠરી શકતો નથી ત્યારે શુભરાગ આવે છે પણ શુભરાગથી શરીરની ક્રિયા થાય છે એમ નથી. સાવધાનીપૂર્વક ચાલવાનો શુભરાગ તે વ્યવહાર સમિતિ છે ને તેનો ધર્મી જીવને નિષેધ વર્તે છે. પણ શરીરની ક્રિયા સમિતિ છે જ નહિ. શરીર ને આત્માના પ્રદેશો ભિન્ન છે. ભેદવાળા પદાર્થને લીધે આત્માની ધર્મપર્યાય પ્રગટે તેમ બને નહિ.

"किंतु प्रदेशभेदरहित जो गुण – गुणीमें कथंचित्प्रकार भेद अभेद परमार्थ दिखानेके लिये कृपावंत आचार्योंने दिखाया है सो भले प्रकार जानना चाहिये।"

પ્રદેશભેદરહિત ગુણ–ગુણીમાં કથંચિત્ ભેદ–અભેદપણું છે જે પરમાર્થ બતાવવા માટે કૃપાવંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યોએ બતાવ્યું છે, તે ભલા પ્રકારે જાણવું જોઈએ. દ્રવ્ય, ગુણ ને પર્યાય પ્રદેશભેદરહિત છે. તેમાં નામભેદ છે છતાં પ્રદેશે અભેદ છે. એમ કથંચિત્ ભેદાભેદ સ્વરૂપ જાણવું જોઈએ.

આત્મા તે દ્રવ્ય છે. તેના જ્ઞાનાદિ ગુણો અને સ્વભાવના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય ને અધૂરી દશામાં જે રાગ ઉત્પન્ન થાય છે તે રાગની પર્યાય—એમ દ્રવ્ય, ગુણ, નિર્મળપર્યાય ને રાગ—ચારેનું ક્ષેત્ર એક જ છે. જેટલા ક્ષેત્રમાં દ્રવ્ય છે તેટલામાં ગુણ છે, તેટલામાં નિર્મળપર્યાય છે, ને તેટલા જ ક્ષેત્રમાં રાગ છે.

એક પરમાણુ, તેના સ્પર્શાદિ ગુણો, તેની એક સમયની પર્યાય ને સ્કંધરૂપ થાય ત્યારે વિભાવપર્યાય—એમ ચારેનું ક્ષેત્ર એક છે. આમ પ્રદેશભેદરહિત દ્રવ્ય, ગુણ, પર્યાયની અભેદતા સ્વીકારવામાં આવે છે. આ ચૈતન્યસત્તા છે. પરમાણુ પોતાની સત્તામાં છે, તેનું અસ્તિત્વ જુદેજુદું છે પણ તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી જુદા નથી. સંસારદશામાં કર્મ, શરીર વગેરે નિમિત્ત છે. તે નિમિત્ત ભિન્ન પદાર્થ છે એમ જ્ઞાન કરાવે છે. વિકારીપર્યાય, અવિકારીપર્યાય, ગુણો ને દ્રવ્ય—એમ બધાનું યથાર્થ પ્રમાણજ્ઞાન કરાવે છે. જગતનું સ્વરૂપ જેવું છે તેવું સર્વજ્ઞ ભગવાને જોયું, તેવું કહેવાનો આચાર્ય ભગવાનને વિકલ્પ ઊઠ્યો છે ને વાણી નીકળી ગઈ છે. 'કૃપાવંત આચાર્ય' એ શબ્દો વિકલ્પ સૂચવે છે. આપણા ઉપર કરુણા કરી તેમણે જે વસ્તુસ્વરૂપ બતાવ્યું તેને ભલા પ્રકારે જાણવું.

હવે કોઈ પ્રશ્ન કરે કે મંદિર વગેરેના અંશો આત્માથી જુદા છે તો રાગ કરી ઉતાવળ કરી બાંધી શકાશે ? ભાઈ, શાંત થા. જીવ પોતામાં રાગ કરે પણ પરની પર્યાય ફેરવી શકે કે વહેલી–મોડી કરી શકે એમ બનતું નથી.

તારા દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે, રાગની પર્યાય એક સમયની છે એમ કાળભેદ છે ને નામભેદ છે પણ પ્રદેશભેદરહિતનો ભેદ છે માટે તે સ્વીકારવામાં આવે છે. તેમ પરમાણુના દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે ને તેના અસ્તિત્વાદિ ગુણોની અવિકારીપર્યાય ને સ્કંધરૂપ વિભાવપર્યાય એક સમયની છે—એમ નામભેદ તથા કાળભેદ છે પણ ક્ષેત્રભેદ નથી, ચારેની પહોળાઈ સરખી છે.

જેવી રીતે દીવાલને ધોળ કરે તે ધોળની પહોળાઈ તે ક્ષેત્ર જેટલી છે ને ધોળ કર્યા પછી દીવાલ મેલી થાય તો મેલની પહોળાઈ તેના જેટલી જ હોય છે. તેમ અહીં આત્માના ઘરની વાત કરે છે. દરેક આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે, તેના ગુણો, તેની નિર્વિકારી પર્યાયને તેની વિકારી પર્યાય અસંખ્યપ્રદેશ જેટલા ક્ષેત્રમાં છે. અહીં અસ્તિકાય સિદ્ધ કરવા છે. સંસાર એક સમયનો છે, બે સમયનો નથી. દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે. કાળભેદ છે પણ સંસારનું કદ દ્રવ્ય જેટલું પહોળું છે.

તેવી રીતે કર્મના પરમાણુ ઉદયમાં આવ્યા તો તેનું દ્રવ્ય, તેના ગુણો ને તેની ઉદય આવવારૂપ અવસ્થાનું ક્ષેત્ર એક છે. કર્મના ઉદયની અવસ્થાનું ક્ષેત્ર પહોળું થઈને આત્માની રાગપર્યાયમાં પ્રવેશી જતું નથી. રાગની પહોળાઈ પોતાના અસંખ્યપ્રદેશ જેટલી છે. તે જ પ્રમાણે શરીર, મન, વાણી વગેરેનાં દ્રવ્ય–ગુણ–પર્યાય તેનામાં છે. તેની પહોળાઈ તેણે ધારી છે, આત્માના પ્રદેશ તેમાં પ્રવેશી ગયા નથી.

આત્માનું ભાન કરી, ધર્મદશા પ્રગટ થાય તે એક સમયની છે. પહેલે સમયે પહેલી, બીજે સમયે બીજી. તેની પહોળાઈ દ્રવ્ય–ગુણ જેટલી છે. કાળભેદ છે પણ પ્રદેશભેદ નથી.

કોઈ પ્રશ્ન કરે કે રાગનું માપ અસંખ્યપ્રદેશ ને ધર્મનું માપ અસંખ્યપ્રદેશ—બન્ને સરખું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવ્યું ? ભાઈ, બન્નેનું માપ સરખું હોવા છતાં રાગ તે દુઃખરૂપ છે ને વીતરાગીપર્યાય તે સુખરૂપ છે. ને દ્રવ્ય-ગુણ તે શક્તિરૂપ છે એમ ફેર છે.

આ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નામભેદ, કાળભેદ, લક્ષણભેદ કહ્યા પણ પ્રદેશભેદ નથી. આમ આચાર્ય ભગવંતોએ કરુણાબુદ્ધિથી વસ્તુનું સ્વરૂપ ભેદાભેદ બતાવ્યું છે. તેનું ભલા પ્રકારે જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે.

કોઈ કહે કે પુરુષ પ્રમાણે વચનપ્રમાણ કહ્યું છે તેનો શો અર્થ ? ભાઈ, વાણી વાણીના કારણે નીકળે છે, તેમાં જ્ઞાની નિમિત્ત છે—એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો છે. પણ જ્ઞાનીને લીધે વાણી છે ને વાણીને લીધે જ્ઞાની છે—એમ નથી. ભાષા પરમાણુની અસ્તિકાય છે. તે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયથી એકરૂપ છે, આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી એકરૂપ છે, આત્મા ભાષાને કરી શકતો નથી. કારણ કે બન્ને અસ્તિકાય જુદા છે. આમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. ૪૫.

---

**ववदेसा संठाणा संखा विसया य होंति ते बहुगा।**
**ते तेसिमणण्णत्ते अण्णत्ते चावि विज्जंते॥ ४६॥**

**व्यपदेशाः संस्थानानि संख्या विषयाश्च भवन्ति ते बहुकाः।**
**ते तेषामनन्यत्वे अन्यत्वे चापि विद्यंते॥ ४६॥**

**વ્યપદેશ ને સંસ્થાન, સંખ્યા, વિષય બહુ યે હોય છે;**
**તે તેમના અન્યત્વ તેમ અનન્યતામાં પણ ઘટે. ૪૬.**

**અન્વયાર્થ :** [व्यपदेशाः] વ્યપદેશો, [संस्थानानि] સંસ્થાનો, [संख्याः] સંખ્યાઓ [च] અને [विषयाः] વિષયો [ते बहुकाः भवन्ति] ઘણાં હોય છે. [ते] તે (વ્યપદેશ વગેરે), [तेषाम्] દ્રવ્ય-ગુણોના[अन्यत्वे] અન્યપણામાં [अनन्यत्वे च अपि] તેમ જ અનન્યપણામાં પણ [विद्यंते] હોઈ શકે છે.

---

**तात्पर्यवृत्ति :** इति गुणगुणिनोः संक्षेपेण भेदाभेदव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं। अथ व्यपदेशादयो द्रव्यगुणानामेकांतेन भिन्नत्वं न साधयंतीति समर्थयति, - **ववदेसा संठाणा संखा विसया य** व्यपदेशाः संस्थानानि संख्या विषयाश्च **होंति** भवन्ति ते ते पूर्वोक्तव्यपदेशादयः कतिसंख्योपेता **बहुगा** प्रत्येकं बहवः **ते तेसिमणण्णत्ते विज्जंते** ते व्यपदेशादयस्तेषां द्रव्यगुणानां कथंचिदनन्यत्वे विद्यंते। न केवलमनन्यत्वे विद्यंते। **अण्णत्ते चावि** कथंचिदन्यत्वे चापि। नैयायिकाः किल वदन्ति द्रव्यगुणानां यद्येकांतेन भेदो नास्ति तर्हि व्यपदेशादयो न घटंते। तत्रोत्तरमाहुः द्रव्यगुणानां कथंचिद्भेदे तथैवाभेदेपि व्यपदेशादयः संतीति। तद्यथा। षट्कारकभेदेन संज्ञा द्विविधा भवति। देवदत्तस्य गौरित्यन्यत्वे व्यपदेशः, तथैव वृक्षस्य शाखा जीवस्यानंतज्ञानादिगुणा इत्यनन्यत्वेपि व्यपदेशः। कारकसंज्ञा कथ्यते— देवदत्तः कर्ता फलं कर्मतापन्नमंकुशेन करणभूतेन धनदत्ताय निमित्तं वृक्षात्सकाशाद्वाटिकायामधिकरण-भूतायामवच्छिनोत्यन्यत्वे कारकसंज्ञा तथैवात्मा कर्तात्मानं कर्मतापन्नमात्मना करणभूतेनात्मने निमित्तमात्मनः सकाशादात्मन्यधिकरणभूते ध्यायतीत्यनन्यत्वेपि कारकसंज्ञा। दीर्घस्य देवदत्तस्य दीर्घो गौरित्यन्यत्वे संस्थानं दीर्घस्य वृक्षस्य दीर्घशाखाभारः मूर्तद्रव्यस्य मूर्ता गुणा इत्यभेदे च संस्थानं। संख्या कथ्यते। देवदत्तस्य दशगाव इत्यन्यत्वे संख्या तथैव वृक्षस्य दशशाखा द्रव्यस्यानंतगुणा इत्यभेदेपि। विषयः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथ्यते-गोष्ठे गावः इति भेदे विषयस्तथैव द्रव्ये गुणा इत्यभेदेऽपि । एवं व्यपदेशादयो भेदाभेदाभ्यां घटंते तेन कारणेन द्रव्यगुणानामेकांतेन भेदं न साधयंतीति । अत्र गाथायं नामकर्मोदयजनितनरनारकादि-रूपव्यपदेशाभावेपि शुद्धजीवास्तिकायशब्देन व्यपदेश्यं वाच्यं निश्चयनयेन समचतुरस्रादिषट्संस्थानरहितमपि व्यवहारेण भूतपूर्वकन्यायेन किंचिदूनचरमशरीराकारेण संस्थानं । केवलज्ञानाद्यनंतगुणरूपेणानंतसंख्यानमपि लोकाकाशप्रमितासंख्येयशुद्धप्रदेशरूपेणासंख्यातसंख्यानं पंचेन्द्रियविषयसुखरसास्वादरतानामविषयमपि पंचेन्द्रियविषयातीतशुद्धात्मभावनोत्पन्नवीतरागसदानंदैकसुखरूपसर्वात्मप्रदेशपरमसमरसीभावपरिणतध्यानविषयं च यच्छुद्धजीवास्तिकायस्वरूपं तदेवोपादेयमिति तात्पर्यं ॥ ४६ ॥

**समयव्याख्या : व्यपदेशादीनामेकांतेन द्रव्यगुणान्यत्वनिबंधनत्वमत्र प्रत्याख्यातम् । यथा देवदत्तस्य गौरित्यन्यत्वे षष्ठीव्यपदेशः, तथा वृक्षस्य शाखा द्रव्यस्य गुणा इत्यनन्यत्वेऽपि । यथा देवदत्तः फलमङ्कुशेन धनदत्ताय वृक्षाद्वाटिकायामवचिनोतीत्यन्यत्वे कारकव्यपदेशः, तथा मृत्तिका घटभावं स्वयं स्वेन स्वस्मै स्वस्मात् स्वस्मिन् करोतीत्यात्मात्मानमात्मनात्मने आत्मन आत्मनि जानातीत्यनन्यत्वेऽपि । यथा प्रांशोर्देवदत्तस्य प्रांशुर्गौरित्यन्यत्वे संस्थानं, तथा प्रांशोर्वृक्षस्य प्रांशुः शाखाभरो मूर्तद्रव्यस्य मूर्ता गुणा इत्यनन्यत्वेऽपि । यथैकस्य देवदत्तस्य दश गाव इत्यन्यत्वे संख्या, तथैकस्य वृक्षस्य दश शाखा एकस्य द्रव्यस्यानंता गुणा इत्यनन्यत्वेऽपि । यथा गोष्ठे गाव इत्यन्यत्वे विषयः, तथा वृक्षे शाखाः द्रव्ये गुणा इत्यनन्यत्वेऽपि । ततो न व्यपदेशादयो द्रव्यगुणानां वस्तुत्वेन भेदं साधयंतीति ॥ ४६ ॥**

અનુવાદ : અહીં વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન કર્યું છે.

જેવી રીતે 'દેવદત્તની ગાય' એમ અન્યપણામાં ષષ્ઠીવ્યપદેશ (છઠ્ઠી વિભક્તિનું કથન) હોય છે, તેવી રીતે 'વૃક્ષની શાખા', 'દ્રવ્યના ગુણો' એમ અનન્યપણામાં પણ (ષષ્ઠીવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'દેવદત્ત ફળને અંકુશ વડે ધનદત્તને માટે વૃક્ષ પરથી વાડીમાં તોડે છે' એમ અન્યપણામાં કારકવ્યપદેશ હોય છે, તેવી રીતે 'માટી પોતે ઘટભાવને (ઘડારૂપ પરિણામને) પોતા વડે પોતાને માટે પોતામાંથી પોતામાં કરે છે', 'આત્મા આત્માને આત્મા વડે આત્માને માટે આત્મામાંથી આત્મામાં જાણે છે' એમ અનન્યપણામાં પણ (કારકવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'ઊંચા દેવદત્તની ઊંચી ગાય' એમ અન્યપણામાં સંસ્થાન હોય છે, તેવી રીતે 'વિશાળ વૃક્ષનો વિશાળ શાખાસમુદાય', 'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંસ્થાન) હોય છે. જેવી રીતે 'એક દેવદત્તની દસ ગાયો' એમ અન્યપણામાં સંખ્યા હોય છે, તેવી રીતે 'એક વૃક્ષની દસ શાખાઓ', 'એક દ્રવ્યના અનંત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંખ્યા) હોય છે. જેવી રીતે 'વાડામાં ગાયો' એમ અન્યપણામાં વિષય (આધાર) હોય છે, તેવી રીતે 'વૃક્ષમાં શાખાઓ', 'દ્રવ્યમાં ગુણો' એમ અનન્યપણામાં પણ (વિષય) હોય છે. માટે (એમ સમજવું કે) વ્યપદેશ વગેરે, દ્રવ્ય-ગુણોમાં વસ્તુપણે ભેદ સિદ્ધ કરતા નથી. ૪૬.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૪, સોમવાર]

હવે વ્યપદેશ=કથન, સંસ્થાન=આકાર, સંખ્યા, વિષય=આધાર એમ ચાર પ્રકારથી દ્રવ્ય–ગુણમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદ બતાવે છે.

"उन द्रव्य और गुणोंके जिनसे गुण–गुणीमें भेद होता है वे कथनके भेद और आकारभेद गिनना और जिनमें रहे ऐसे आधारभाव ये चार प्रकारके भेद बहुत प्रकारके होते हैं और वे व्यपदेशादिक चार प्रकारके भेद कथंचित्प्रकार अभेदभावमें और कथंचित् प्रकार भेदभावमें भी प्रवर्तते हैं।"

**ભાવાર્થ**: આ ચાર પ્રકારના વ્યપદેશાદિક ભાવ અભેદ તથા ભેદમાં છે. તેની બે પ્રકારે વિવક્ષા છે. જ્યારે એક દ્રવ્યની અપેક્ષાએ કથન કરવામાં આવે ત્યારે ચારે ભાવો અભેદ કથનની અપેક્ષાથી છે અને જ્યારે અનેક દ્રવ્યની અપેક્ષાથી કથન કરવામાં આવે ત્યારે વ્યપદેશાદિ ચાર ભાવ ભેદકથનની અપેક્ષાથી કહેવામાં આવે છે. હવે બન્ને ભેદ દ્રષ્ટાંતથી બતાવવામાં આવે છે.

(૧अ) જેવી રીતે કોઈ પુરુષની ગાય કહેવી તે ભેદનું કથન છે. કેમ કે ગાય જુદી ને પુરુષ જુદો છે. આ માણસના રૂપિયા કહેવા, માણસનાં મકાન કહેવાં તે ભેદકથન છે, બોલવા માત્ર છે. મકાન અથવા ગાયનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી. પોતે મરી જાય ને ગાય રહે, માટે બન્ને જુદી ચીજ છે. આત્માનાં કર્મ કહેવાં તે કથનમાત્ર છે. કર્મનો નાશ થવાથી આત્મા નાશ થતો નથી માટે આત્મા ને કર્મ જુદાં છે. માટે આવાં કથનો આવે ત્યારે આત્માને પરથી ભેદરૂપ જાણવો તે ધર્મ છે.

(૧ब) 'વૃક્ષની શાખા' એમ કહેતાં વૃક્ષ ને શાખા એવો ભેદ પડે છે છતાં વૃક્ષ ને શાખા જુદાં નથી. વૃક્ષના પ્રદેશો જુદા ને શાખાના પ્રદેશો જુદા—એમ નથી. આ કેરી ખાટી છે. કેરી ને ખટાશ એવો ભેદ પડ્યો પણ વસ્તુમાં ભેદ નથી. તેવી રીતે આત્માના ગુણ–દર્શન, જ્ઞાન, ચારિત્ર એવો ભેદ પડ્યો પણ વસ્તુમાં ભેદ નથી. જેવો માણસ ને ગાયમાં સર્વથા ભેદ છે તેવો આત્મા અને તેના ગુણોમાં સર્વથા ભેદ નથી, પણ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ છે. આમ પરના દ્રવ્ય–ગુણ–પર્યાયથી આત્માને જુદો જાણવો ને પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ જાણવો તો સમ્યક્ જ્ઞાન છે

[વીર સંવત ૨૪૭૮, ફાગણ સુદ-૧૫, મંગળવાર]

જીવદ્રવ્યને અને તેના ગુણને નામભેદ છે પણ વસ્તુભેદ નથી. કથન બે પ્રકારનાં છે: એક વ્યવહારકથન ને બીજું નિશ્ચયકથન. ભેદ તે વ્યવહાર અને અભેદ તે વાસ્તવિક છે. જેવી રીતે આ પુરુષની આ ગાય છે પણ ગાય ખરેખર પુરુષની નથી.

આ વૃક્ષની શાખા છે. વૃક્ષ વિના શાખા નહિ. જ્યાં શાખા છે ત્યાં વૃક્ષ છે ને વૃક્ષ છે ત્યાં શાખા છે. તેવી રીતે આત્મા પોતાના જ્ઞાન–દર્શન–ચારિત્રના ગુણવાળો છે. પણ આત્મા ને તેના ગુણો જુદા નથી.

હવે છ વ્યવહારકારકો ને છ નિશ્ચયકારકો કહે છે.

"जैसे कोई पुरुष फलको अंकुसीकर धनवंतपुरुषके निमित्त वृक्षसे वाड़ीमें तोडै है, यह भेदमें व्यपदेश हैं।" આ ભેદ કારકોનું કથન છે.

(૧) **કર્તા**: કોઈ પુરુષ ફળને તોડે છે તેમાં પુરુષને કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. પુરુષ ને ફળ બન્ને ભિન્ન છે. પુરુષ ફળને તોડી શકતો નથી પણ ફળ તૂટવાની ક્રિયા ફળના કારણે થાય છે તેમાં પુરુષ નિમિત્ત છે એમ બતાવવા પુરુષ તોડે છે એમ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) **કર્મ** : ફળનું તૂટવું તે કર્મ અથવા કાર્ય છે. તે કાર્ય સ્વતંત્ર થાય છે. પણ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા એમ કહેલ છે.

(૩) **કરણ** : પુરુષ અંકુશી (હથિયાર) વડે ફળને તોડે છે. એ સાધનનું વ્યવહાર કથન છે. અંકુશી જુદી ને ફળ જુદું છે, તે નિમિત્ત સંબંધ બતાવે છે.

(૪) **સંપ્રદાન** : ધનવાન પુરુષને આપવા માટે ફળ તોડે છે. તે સંપ્રદાન વ્યવહારથી છે. કોઈ કોઈના માટે તોડતું નથી. તોડનાર પુરુષ જુદો ને ધનવાન પુરુષ જુદો છે.

(૫) **અપાદાન** : પુરુષ વૃક્ષમાંથી ફળ તોડે છે. એ અપાદાન વ્યવહારકથન છે. ઝાડ જુદું ને પુરુષ જુદો છે.

(૬) **અધિકરણ** : પુરુષ વાડીમાં ફળ તોડે છે એ અધિકરણ વ્યવહારકથન છે. વાડી જુદી ને પુરુષ જુદો છે. કોઈને કોઈનો આધાર નથી.

**ક્રિયા** : પુરુષ ફળ તોડે છે એ ક્રિયાનું કથન વ્યવહારથી છે. પુરુષ ફળ તોડવાની ક્રિયા કરી શકતો નથી. છતાં પુરુષ ફળ તોડે છે એમ કહેવું તે વ્યવહાર છે.

આમ જ્યાં વ્યવહારનાં કથન આવે તો યથાર્થ સમજવું. અહીં જે કર્તા, કર્મ, કરણ આદિ છ કારકો બતાવ્યાં તે દરેક જુદાં છે. છોકરા માટે બાપ પૈસા કમાય છે તે વ્યવહારકથન છે. છોકરો, બાપ ને પૈસા ત્રણે જુદેજુદા છે, કોઈ કોઈના માટે કરતું નથી.

હવે માટીના દાખલાથી અભેદ કારક કહે છે.

“और मृत्तिका जैसे अपने घटभावको आपकर अपने निमित्त आपसे आपमें करै है।”

(૧) **કર્તા** : માટી પોતે ઘડાનો કર્તા છે. બીજો કોઈ તેનો કર્તા નથી. કુંભાર ઘડાનો કર્તા નથી. અજ્ઞાની માને છે કે કુંભારે બનાવ્યો તે અજ્ઞાન છે. કારણ કે કુંભાર ને ઘડો ભિન્ન ચીજ છે.

(૨) **કર્મ** : માટી પોતે પરિણમીને ઘડારૂપી કર્મ અથવા કાર્ય થયું છે તે પોતાનું કાર્ય છે.

(૩) **સાધન** : માટી પોતાના સાધનથી–પોતા વડે ઘડો બનાવે છે. કુંભાર, ચક્રાદિને સાધન કહેવું તે વ્યવહારકથન છે.

(૪) **સંપ્રદાન** : માટી પોતે પોતાને ઘડારૂપી દાન આપે છે.

(૫) **અપાદાન** : માટી પોતામાંથી ઘડારૂપ થાય છે, પરમાંથી થતો નથી.

(૬) **અધિકરણ** : પોતાના આધારે માટી ઘડો કરે છે, પરના આધારે કરતી નથી.

માટીના કર્તા, કર્મ, કરણ વગેરેના પ્રદેશો જુદા નથી, એક છે.

“तैसें हीं आत्मा आपको अपने द्वारा अपने निमित्त आत्मासे आपमें जाने हैं” તેવી રીતે આત્મામાં છ કારકો અભેદ છે.

(૧) **કર્તા** : આત્મા પોતે પોતાને જાણવાની ક્રિયાનો કર્તા છે. બીજો કર્તા નથી.

(૨) **કર્મ** : આત્મા પોતાને જાણવારૂપી કાર્ય કરે છે. પરનું કાર્ય કરતો નથી.

(૩) **સાધન** : આત્મા પોતા દ્વારા જાણવાનું કાર્ય કરે છે; પર દ્વારા, નિમિત્ત દ્વારા, ગુરુ દ્વારા, પુસ્તક દ્વારા જાણતો નથી, છતાં પર દ્વારા જાણે છે એમ કહેવું તે ઉપચારકથન છે. નિમિત્તની ઉપસ્થિતિ બતાવે છે.

(૪) **સંપ્રદાન** : આત્મા પોતા માટે જાણે છે, બીજા માટે જાણતો નથી. કેટલાક કહે છે કે અમે જાણીએ છીએ તે તમોને ઉપદેશ આપવા માટે છે. એમ માનનાર અજ્ઞાની છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર માટે કોઈ કરતું નથી. જાણવારૂપી કાર્યનું દાન પોતે પોતાને આપે છે.

(૫) **અપાદાન** : આત્મા પોતામાંથી જાણવાનું કાર્ય કરે છે, પરમાંથી જાણતો નથી.

(૬) **અધિકરણ** : આત્મા પોતાના આધારે જાણે છે, પરના આધારે જાણતો નથી.

આ પ્રકારે અભેદ કથન જાણવું.

'સમયસાર' મોક્ષ અધિકારમાં આ અભેદ છ કારકોને પણ ભેદ કહ્યાં છે, ને કારકોના ભેદમાં રહીશ ત્યાં સુધી સમ્યગ્દર્શન થશે નહિ એમ જે કહ્યું છે તે તો આત્મા વસ્તુ એક છે ને તેમાં છ ભેદ કલ્પીને ભેદમાં ને રાગમાં ન રોકાવા માટે કહ્યું છે. ત્યાં દૃષ્ટિપ્રધાન કથન છે. અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે. છ કારકો પોતાના અસ્તિકાયમાં થાય છે પણ પરમાં થતા નથી એમ અહીં બતાવવું છે.

એ પ્રમાણે ધર્મમાં ઉતારી શકાય છે. ધર્મ–વીતરાગી દશાનો કર્તા આત્મા પોતે છે તે કર્તા, વીતરાગી દશારૂપે આત્મા પોતે પરિણમે છે તે કાર્ય, વીતરાગી દશા આત્માના સાધનથી થાય છે તે સાધન, કોઈ વિકલ્પ દ્વારા કે નિમિત્તના સાધનથી ધર્મ થતો નથી. વીતરાગી દશા પ્રગટ કરી તેનું દાન પોતાને આપે છે તે સંપ્રદાન પરને આપતો નથી. વીતરાગી દશા પોતામાંથી થાય છે તે અપાદાન. સ્વાધ્યાયમંદિરમાંથી, શેત્રુંજયમાંથી, સમેદશિખરમાંથી ધર્મ થતો નથી. વીતરાગી દશા પોતાના આધારે થાય છે એ અધિકરણ, પરના આધારે થતી નથી.

આ પ્રમાણે કર્તા, કર્મ, કરણ વગેરે કારકોના ભેદ પડવા છતાં તેના પ્રદેશો ને આત્માના પ્રદેશો જુદા નથી. અસંખ્યપ્રદેશમાં છ કારકો પરિણમી રહ્યાં છે, તેનો સમય એક છે. કાળભેદ નથી તેમ જ પ્રદેશભેદ નથી.

અજ્ઞાની જીવ દેહ વડે, દેહના આધારે અથવા પુણ્ય વડે ધર્મ માની રહ્યો છે તે તેનો અજ્ઞાનભાવ છે.

કોઈ પ્રશ્ન કરે કે સદ્ગુરુના ઉપદેશ વિના કેમ સમજે ?

સમાધાન : સદ્ગુરુના ઉપદેશથી સમજ્યો એમ કહેવું તે નિમિત્તનું કથન છે. આત્મામાં જ્ઞાન નામનો ગુણ છે, તે જ્ઞાન વડે સમજે છે, પોતે પોતાથી સમજે છે તો ગુરુને નિમિત્ત કહેવાય.

શબ્દસમય કોને કહેવાય ? જે શાસ્ત્ર યથાર્થ વસ્તુ બતાવે ને પોતે પોતાથી પોતામાં ધર્મ કરે એમ જે કહે તે શાસ્ત્ર સાચાં છે. જે વિકલ્પથી, નિમિત્તથી, રાગથી, વ્યવહારથી ધર્મ બતાવે તે શાસ્ત્ર સાચાં નથી. તે પ્રમાણે જ્ઞાન કરે તે જ્ઞાન સાચું નથી. તે પદાર્થનું એવું સ્વરૂપ નથી. પોતે પોતાથી ધર્મ પામે છે. એમ નિશ્ચયથી બતાવે ને ત્યારે કોણ નિમિત્ત હતું એમ વ્યવહાર બતાવે—એમ નિશ્ચય–વ્યવહાર યથાર્થ બતાવે તે શાસ્ત્ર છે.

મનુષ્યયત્ન ઈશ્વરકૃપા—એમ કહેનાર ખોટા છે. આત્મા જુદો ને ઈશ્વર જુદા. કોઈની કૃપાથી કલ્યાણ થતું નથી. ગુરુકૃપાથી કલ્યાણ થયું એમ કહેવું તે વ્યવહારકથન છે. જ્યારે કોઈ પદાર્થમાં કાર્ય થાય ત્યારે બીજી ચીજની ઉપસ્થિતિ બતાવવા એમ કથન કરવામાં આવે છે.

અહીં વ્યપદેશ એટલે કથન બે પ્રકારે હોય છે તેનું જ્ઞાન કરાવે છે. આત્મા કર્મવાળો, શરીરવાળો એમ કહેવું તે વ્યવહાર અથવા ભેદકથન છે. એટલે કે ખરેખર તેમ નથી, કારણ કે બન્નેના પ્રદેશો જુદા છે. પણ આત્મા જ્ઞાનાદિ ગુણવાળો એમ કહેવું તે અભેદકથન છે. આત્મા અને ગુણો એવો નામભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી, માટે તે અભેદકથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક આત્મા પોતે પોતા માટે કાર્ય કરે છે, એવા છ કારકો પોતામાં છે, પરને લીધે નથી. બાઈ પોતાના પતિ માટે રસોઈ કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. કોઈ ચીજ કોઈને લીધે થતી નથી, કોઈના માટે કોઈ કરતું નથી. દરેક આત્મા ને પરમાણુમાં છ કારકો અભેદ વર્તે છે.

આમ વસ્તુસ્વરૂપ સમજ્યા વિના અજ્ઞાની જીવો કહે છે કે ''સમજ્યા વિના સમાધિ કરો, સ્વાધ્યાય–ચર્ચા કરવી બંધ કરીને નિર્વિકલ્પ થઈ જાઓ. આત્માનું અજ્ઞાન ભલે હો પણ અંદરથી કલ્યાણ થઈ જશે.''—આમ માનનારને વસ્તુસ્વરૂપની ખબર નથી, શરીર શું, આત્મા શું તેની પૃથક્તા જાણ્યા વિના ધર્મ થતો નથી.

''और जैसें बडे पुरुषकी गाय बडी है, यह भेदसंस्थान है तैसे ही बडे वृक्षकी बडी शाखा, मूर्त्तिक द्रव्यके मूर्त्तिक गुण यह अभेदसंस्थान जानना।''

(૨) હવે સંસ્થાન એટલે આકારની વાત કરે છે. મોટા પુરુષની મોટી ગાય એમ કથન કરે ત્યાં ગાયનો આકાર ને પુરુષનો આકાર જુદેજુદો છે. માણસને લીધે ગાયનો આકાર નથી ને ગાયના આકારને લીધે માણસનો આકાર નથી. વળી કોઈ મોટી સ્ત્રી હતી માટે તેના છોકરા જાડા ને મોટા થાય એમ કહેવું તે ઉપચારકથન છે. સ્ત્રીનો આકાર જુદો ને છોકરાનો આકાર જુદો. કોઈ કોઈને લીધે નથી.

હવે અભેદ કથન કહે છે. મોટા ઝાડની મોટી શાખા. વડની શાખા વડથી જુદી નથી, બન્નેનો આકાર એક જ છે. તેવી રીતે મૂર્તિક દ્રવ્યનો આકાર પણ મૂર્તિક છે, પરમાણુદ્રવ્ય મૂર્તિક, તેના ગુણો મૂર્તિક ને તેની પર્યાય પણ મૂર્તિક છે.

આત્મા અમૂર્તિક છે. તેના ગુણ–પર્યાય પણ અમૂર્તિક છે. જ્ઞાન સાકાર છે. તે સ્વ–પરને જાણે છે માટે સાકાર કહેવાય છે પણ તેનો આકાર તો અમૂર્તિક છે. વળી આત્માની પર્યાયમાં થતો વિકાર પણ અમૂર્તિક છે. દ્રવ્ય, ગુણ, નિર્મળપર્યાય ને વિકારીપર્યાય અમૂર્તિક છે ને અસંખ્યપ્રદેશમાં બધા વ્યાપેલા છે. પુણ્ય-પાપનો તથા ધર્મદશાનો આકાર કેવડો ? આત્માના અસંખ્યપ્રદેશ જેવડો તેનો આકાર છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે સમયસારમાં રાગ–દ્વેષને પુદ્ગલનાં પરિણામ કહ્યાં છે ને ?

**સમાધાન :** ભાઈ, પ્રથમ સાચું જ્ઞાન કર્યું કે રાગ-દ્વેષ પોતાના અસંખ્યપ્રદેશના આકારે પોતાના કારણે થાય છે એમ નક્કી કર્યા પછી તેના ઉપરનું લક્ષ છોડાવવા ને દ્રવ્યદૃષ્ટિ કરાવવા રાગ–દ્વેષને પુદ્ગલના કહ્યા છે. શુદ્ધ આત્માના આશ્રયે વીતરાગતા થાય પણ રાગ ન થાય એ બતાવવાને રાગ પુદ્ગલના લક્ષે થાય છે એથી રાગ–દ્વેષને પુદ્ગલના કહ્યા છે. પણ તેથી કરીને તેનો આકાર રૂપી પુદ્ગલનો છે એમ સમજવું નહિ. 'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન કથન છે. અહીં જ્ઞાનપ્રધાન કથનમાં આખા અસ્તિકાયનું સ્વરૂપ બતાવવું છે તેથી વિકારને અસંખ્યપ્રદેશ જેટલા આકારવાળો કહ્યો છે.

આત્મા ને શરીરના ભેદજ્ઞાન વિના માત્ર શબ્દો બોલે કે દેહને સ્થિર કરે તો તેથી કોઈ ધર્મ થતો નથી.

વળી કોઈ પ્રશ્ન કરે કે આત્માને આકાર હોય ? તે તો નિરંજન નિરાકાર છે ને ?

**સમાધાન :** ભાઈ, દરેક વસ્તુમાં પ્રદેશત્વગુણ છે તેના કારણે દરેક વસ્તુને આકાર અવશ્ય હોય. આત્મા વસ્તુ છે. અમૂર્ત છે માટે તેનો આકાર અમૂર્તિક છે. તેનામાં શરીરનો કે પરનો આકાર નથી માટે નિરાકાર કહે છે ને રાગ–દ્વેષરૂપી અંજન નથી માટે નિરંજન કહે છે. જેવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રીતે તપેલામાં પાણી છે તેમાં પાણીનો આકાર પાણીને લીધે ને તપેલાનો આકાર તપેલાને લીધે છે. વસ્તુ હોય તેને પહોળાઈ અથવા વ્યાપવું ન હોય તેમ બને નહિ. તેને ક્ષેત્ર નથી એમ કહો તો વસ્તુ રહેતી નથી. શરીરનો મૂર્તિક આકાર છે ને આત્માનો અમૂર્તિક આકાર છે. આત્માના ગુણોને આકાર છે. દર્શનગુણ આકારવાળો છે એટલે કે તેનું કદ અસંખ્યપ્રદેશી છે. આત્માની સમ્યગ્દર્શનપર્યાય, મોક્ષમાર્ગપર્યાય, મોક્ષપર્યાય, વિકારીપર્યાય બધી પર્યાયોને પોતાના અસંખ્યપ્રદેશી આત્મા જેવડો આકાર છે. આત્મા વસ્તુ છે, તેના ગુણો છે ને તેની અનંતી પર્યાયો છે તે બધાનો આકાર અસંખ્યપ્રદેશી, અમૂર્તિક છે, તે આકાર અભેદ છે ને પરના આકારરૂપે નથી એમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧, બુધવાર]

જેને ધર્મ કરવો હોય તેણે સૌથી પ્રથમ આત્માને જાણવો જોઈએ. દેહથી આત્મા જુદો છે. છતાં આ આત્માનો દેહ છે, આ...ભાઈની લક્ષ્મી છે, આત્માનાં કર્મ છે, વગેરે પ્રકારે કથન નિમિત્તનું છે. શરીર, કર્મ, વાણી કોઈ પણ ચીજ આત્માની નથી.

(૧) **કથન** : આ માણસની ગાય, આત્માનું શરીર, આત્માના કર્મ એમ કહેવું તે કથનમાત્ર છે. શરીર, કર્મ વગેરે જડ છે. આત્મા ચૈતન્ય તેનાથી જુદો છે. આત્મા અને શરીર એમ નામભેદ છે તેમ તે વસ્તુ પણ ભેદસ્વરૂપ જ છે, પણ આત્માને જ્ઞાનદર્શનવાળો તથા પર્યાયવાળો કહેવો તેમાં આત્મા અને તેના ગુણો અથવા પર્યાય એવો નામભેદ પડ્યો, પણ વસ્તુભેદ નથી. આત્માનું જ્ઞાન, આત્માનો ધર્મ, આત્માની પર્યાય, આત્માનો ક્રોધ એમ ભલે ભેદથી કથન કરવામાં આવે પણ આત્મા તેના ગુણ–પર્યાયથી જુદો નથી. શરીર, કર્મ આદિ આત્માના કહેવાય છે છતાં તેનાથી તું સર્વથા જુદો છો એમ જ્ઞાન કર; ને ગુણ–પર્યાય આત્માના છે એમ ભેદથી કહેવાય છે છતાં તેનાથી તું જુદો નથી પણ અભેદ છો એમ જ્ઞાન કર.

(૨) **સંસ્થાન** : મોટા પુરુષની મોટી ગાય, શરીરના આકારે આત્માનો આકાર, જાડા માણસના જાડા છોકરા એમ કહેવામાં આવે છે. પણ ગાયનો આકાર જુદો ને પુરુષનો આકાર જુદો, શરીરનો આકાર ને આત્માનો આકાર જુદો છે. શરીર રૂપી છે, આત્મા અરૂપી છે. રૂપીને લીધે અરૂપીનો આકાર કહેવો તે નામમાત્ર છે. કેવળીસમુદ્ઘાત વખતે કાર્મણ, તૈજસ શરીર આત્માના આકારે થાય છે ને આત્માનો આકાર તે શરીર જેટલો હોય છે તે બોલવા માત્ર છે. જીવ જે શરીર ધારણ કરે તે મુજબ તેનો આકાર થાય છે ને કાર્મણ, તૈજસ પણ તે આકારે થાય છે. પણ દેહને લીધે આત્માનો આકાર નથી.

આત્મા અસંખ્યપ્રદેશી છે. તેના અનંત ગુણો ને પર્યાયો છે. દ્રવ્ય–ગુણો પર્યાયના આકારે છે ને પર્યાય દ્રવ્ય–ગુણના આકારે છે. જ્ઞાન–દર્શનની નિર્મળ પર્યાયનો આકાર અથવા ક્રોધ-માનની વિકારી પર્યાયનો આકાર આત્માના આકારે છે. પર્યાયનો આકાર ને દ્રવ્યનો આકાર એવો ભેદ પડે છે પણ ખરેખર ભેદ નથી.

શરીરના આકારે આત્મા કહેવો તે કથનમાત્ર છે. શરીર મૂર્ત છે, તેનો આકાર મૂર્ત છે; આત્મા અરૂપી, તેના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે અરૂપી છે. અરૂપી આત્માનો આકાર શરીરને લીધે નથી. એમ શરીરથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

શરીર પહોળું થાય માટે આત્મા પહોળો થાય છે એમ નથી. શરીર જુદું ને આત્મા જુદો છે. આત્મા, તેના ગુણો ને તેની વિકારી કે અવિકારી દશા એમ ત્રણેનો આકાર આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણે છે. આમ પરથી ભેદજ્ઞાન કરાવે છે.

(૩) **સંખ્યા :** ‘‘और जैसे किसी पुरुषकी दश गौवें हैं। ऐसे कहना सो भेदसंख्या है। तैसे ही एक वृक्षकी दश शाखायें, एक द्रव्यके अनंतगुण, यह अभेदसंख्या जाननी।’’

કોઈ પુરુષને દશ ગાય છે ત્યાં પુરુષ એક ને ગાય દશ છે, બન્ને ભિન્ન ચીજ છે. છતાં નિમિત્તનો સંબંધ બતાવવા એક પુરુષની દશ ગાય એમ કહેવામાં આવે છે. પુરુષ મરી જાય ને ગાય રહે અથવા ગાય મરી જાય ને પુરુષ રહે. તેમ આત્મા એક ને આઠ કર્મવાળો, આત્મા એક ને ઔદારિક, કાર્મણ, તૈજસ એમ ત્રણ શરીરવાળો, આત્મા એક ને દશ પ્રાણવાળો કે પાંચ ઈંદ્રિયવાળો કહેવો તે કહેવા માત્ર છે. કર્મ, ઈંદ્રિયો, પ્રાણ વગેરે જડ છે, તું ચૈતન્ય છે, માટે વ્યવહારનું કથન સમજી તેનાથી ભેદજ્ઞાન કર. આ માણસને દશ દીકરા–દીકરી છે, ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રીવાળો કહેવો તે માત્ર ઉપચાર છે કેમ કે બન્ને જુદી ચીજો છે.

એક વૃક્ષની દશ શાખા કહેવી તે અભેદનું કથન છે. વૃક્ષ એક ને શાખા દશ એવો ભેદ પડવા છતાં વૃક્ષ ને શાખા જુદી નથી, એક જ ક્ષેત્રે છે. તેમ આત્મા અનંત ગુણવાળો છે. તેમાં આત્મા એક ને ગુણો અનંત એમ ભેદ પડવા છતાં માણસ ને ગાય જેવો ભેદ નથી. આત્મા ને ગુણોમાં વસ્તુભેદે ભેદ નથી. આત્માને અનંત કર્મવાળો કહ્યો ત્યાં તો બન્ને વસ્તુ જુદી છે. પણ આત્માને અનંત ગુણવાળો કહ્યો તેમાં વસ્તુભેદ નથી. અનંત ગુણપર્યાય સાથે આત્મા એકાકાર છે.

તું જીવાસ્તિકાય છો. આ શરીરની કાયા તારી કાયા નથી. અસંખ્યપ્રદેશીપણું તે તારી કાયા છે, તેમાં તારા ગુણ–પર્યાય રહેલા છે. આત્મા એક ને તેને અસંખ્યપ્રદેશ, આત્મા એક ને ગુણો અનંત, આત્મા એક ને પર્યાયો અનંત, આત્મા ને તેની જ્ઞાનદશાઓ—એમ ભેદ પડે છે. ગુણ–ગુણી ભેદ હોવા છતાં પરપદાર્થની સાથેના જેવો ભેદ નથી, ગુણ–ગુણી એકાકાર છે. આમ પરથી ભેદજ્ઞાન કરાવે છે ને પોતામાં ગુણ–ગુણીની અભેદતા કરાવે છે.

આ જીવે આટલા જીવોની દયા પાળી એમ કથન આવે તેમાં જીવ પરની દયા પાળી શકતો નથી પણ પરનો સંબંધ બતાવવા કહ્યું છે. આ જીવે આટલા રૂપિયા વાપર્યા. એમાં જીવ રૂપિયા વાપરી શકતો નથી પણ નિમિત્તનું કથન છે એમ સમજવું. આત્માએ પોતાની જ્ઞાન–દર્શનરૂપ મૂડીમાં એકાગ્ર થઈ નિર્મળપર્યાય કાઢી, આત્માએ પોતાના જ્ઞાનગુણનો વેપાર કર્યો. આત્મા અને જ્ઞાનગુણ એમ ભેદ પડ્યો છતાં તે વેપાર અસંખ્યપ્રદેશમાં થઈ રહ્યો છે. આત્માએ હીરાનો વેપાર કર્યો તો તે વાત ખોટી છે. પણ પોતાના અસંખ્યપ્રદેશમાં રાગનો વ્યાપાર કર્યો તે બરાબર છે.

સાકરમાં ધોળાશ, ગળપણ એવા ગુણોનો ભેદ પડે છે પણ તે જુદા પડતા નથી તેમ આત્મામાં જ્ઞાન–દર્શનાદિ ગુણો જુદા પડતા નથી.

કોઈ કહે કે આત્માને આઠ કર્મ ને તેની ૧૪૮ પ્રકૃતિ વળગેલ છે ને ? ના, એકેય કર્મ વળગ્યું નથી. કર્મ જુદાં ને આત્મા જુદો છે. આત્માને તો અનંતા ગુણો વળગ્યા છે તે સાચી વાત છે. આત્મા ને તેના જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણો ને તેની અનંત પર્યાયો એમ સંખ્યાભેદ છે, પણ વસ્તુભેદ નથી. આમ પરથી જુદાપણું ને ગુણથી અભેદપણું કરાવે છે. આવા જ્ઞાન વિના રાગ મંદ કરે તો પુણ્ય થાય પણ ધર્મ થાય નહિ. શરીર, કર્મ વગેરેથી ભેદજ્ઞાન કરી, ગુણો ને પર્યાય સાથે સંખ્યાભેદ હોવા છતાં તું તેની સાથે અભેદ એકાકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છો એમ જ્ઞાન કરવું તે ધર્મ છે.

(૪) **આધાર** : "और जैसे गोकुलमें गाय है, ऐसा कहना यह भेदविषय है तैसे ही वृक्षमें शाखा द्रव्यमें गुण यह अभेदविषय है।"

ગોકુલમાં ગાય છે. વાડામાં ગાય છે તે ભેદનું કથન છે. ગાય મરી જાય ને ક્ષેત્ર પડ્યું રહે છે, બંગલાના આધારે માણસ તે ભેદનું કથન છે. બંગલો નાશ પામે ને માણસ જીવતો રહે. આત્માના આધારે શરીર, શરીરના આધારે ધર્મ, ગુરુના આધારે ધર્મ તે બધાં કથનો નિમિત્તનાં છે. તે પર પદાર્થો છે, તેને એકબીજાનો આધાર નથી. કર્મના આધારે વિકાર તે નિમિત્તનું કથન છે. વિકાર જુદી ચીજ ને કર્મ જુદી ચીજ છે, એકબીજાનો એકબીજાને આધાર નથી.

વૃક્ષના આધારે શાખા કહેવી તે અભેદકથન છે. વૃક્ષ ને શાખા નામ જુદાં પડ્યાં છતાં વસ્તુ એક છે, તેમ આત્માના આધારે અનંત ગુણો રહેલા છે. આત્માના આધારે ધર્મ, તેમાં આત્મા અને ગુણો, આત્મા અને ધર્મ, એવા ભેદ પડે છે પણ વસ્તુમાં ભેદ નથી. આત્માના આધારે વિકાર તો તે બરાબર છે કેમકે કર્મ તથા પરને લીધે વિકાર નથી. પણ તું કર તો થાય છે એમ અહીં જીવાસ્તિકાયનું સ્વરૂપ બતાવવું છે. આત્મા, તેના દ્રવ્ય–ગુણ ને વિકારી કે અવિકારી પર્યાય અસંખ્યપ્રદેશમાં રહેલા છે. તેને પ્રદેશભેદ નથી.

પરપદાર્થનો તને આધાર નથી, તારા ગુણ તારા આધારે છે એમ નક્કી કર. એમ ગુણ–ગુણીની એકતા કર તો ધર્મ થાય તેમ છે. આત્માના યથાર્થ જ્ઞાન વિના ત્યાગી થઈ, પાંચ મહાવ્રત પાળ્યાં, શુક્લ લેશ્યાનાં પરિણામ કર્યાં, શરીરના ખંડખંડ થવા છતાં ક્રોધ ન કર્યો પણ આત્માના ભાન વિના પરથી ધર્મ માનીને સંસારમાં રખડ્યો. કાં તો દેવ–ગુરુ–શાસ્ત્રના સ્વરૂપમાં ભૂલ કરે છે, કાં તો તેને સમજવામાં ભૂલ કરે છે, ને પરથી લાભ-નુકસાન માની રખડી રહ્યો છે, તે ગમે તેટલી બાહ્યક્રિયા કરે તોપણ તેને ધર્મ થતો નથી,

લક્ષ્મીથી, દેવ–ગુરુથી, શરીરથી અજ્ઞાની જીવ ધર્મ માની બેઠો છે. પરને લીધે હું, ને મારે લીધે પર એવી માન્યતા કરી બેઠો છે. કર્મને લીધે વિકાર થાય એમ માની બેઠો છે—તે જ અજ્ઞાનભાવ છે. કર્મને આધારે વિકાર નથી, તારી ભૂલને આધારે વિકાર છે એમ જ્ઞાન કરવું જોઈએ.

વળી કોઈ કહે કે રોટલા વિના ચાલે પણ ઓટલા વિના ચાલે ? ભાઈ, તારો ઓટલો તારામાં છે. તારો આશ્રય તારામાં છે. વળી અજ્ઞાની જીવ રૂપિયા તથા અનાજના આધારે જીવતર છે એમ માને છે તે ભ્રાંતિ છે. વળી શરીર તથા પ્રાણને આધારે ધર્મ નથી. કેવળજ્ઞાન મહાવિદેહને આધારે નથી પણ આત્માને આધારે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે તેમાં શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરે તો કેવળજ્ઞાન થાય છે. વિકાર કરે તોપણ પોતાના આત્માને આધારે થાય છે. અહીં અસ્તિકાય સિદ્ધ કરવી છે. વિકાર કરે તોપણ પોતાના કારણે ને ધર્મ કરે તોપણ પોતાના કારણે એમ માનવું જોઈએ. પરને લીધે વિકાર કે પરને લીધે ધર્મ માનવો તે મિથ્યાભાવ છે. પોતાથી થાય છે એમ માને તો પરથી છૂટો પડે ને વિકાર થાય છે તે મારી નબળાઈથી મારી પર્યાયમાં એક સમય પૂરતો થાય છે અને હું ત્રિકાળી છું. અંશને અંશ જેટલો જાણે ને અંશીને અંશી જેટલો જાણે ને સ્વભાવ તરફ ઢળે તો પ્રમાણજ્ઞાન થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮, ફાગણ, વદ-૨, ગુરુવાર]

(૧) જીવ અસ્તિકાય છે ને પરથી ભિન્ન છે. આ પુરુષની આ ગાય છે એ સર્વથા ભેદ છે ને પૃથક્ વ્યવહારનું કથન છે. આત્માના જ્ઞાનગુણ ને પર્યાય એમાં કથન, સંખ્યા, લક્ષણભેદે ભેદ પડે છે પણ પ્રદેશભેદ નથી. જ્ઞાનસમય એ પ્રમાણે જાણે છે ને શબ્દસમય તેમ કહે છે.

(૨) ગાયનો આકાર જુદો ને માણસનો આકાર જુદો છતાં મોટા માણસની મોટી ગાય કહેવી તે વ્યવહારકથન છે. આત્માના જ્ઞાનગુણનો આકાર આત્મા જેવડો, આત્માનો આકાર આત્માની પર્યાય જેવડો, વિકારનો આકાર આત્મા જેવડો, તે એકત્વ વ્યવહાર છે, તેમાં પ્રદેશભેદ નથી. વિકારનો આકાર કેવડો ? શરીરના જેવડો ? ના, પોતાના આત્માના અસંખ્યપ્રદેશ જેવડો. એમ ભેદજ્ઞાન કરાવવા માટે કથન કરવામાં આવે છે. જીવનું સંસ્થાન શરીરથી જુદું છે એમ ભેદજ્ઞાન કરાવે છે. ગુણ–પર્યાયનો આકાર દ્રવ્ય જેવડો છે. દ્રવ્ય, ગુણ, પર્યાય એમ ત્રણમાં નામભેદ પડે છે પણ પ્રદેશભેદ નથી. વળી પર્યાય વિકારી અથવા અવિકારી એક સમયની છે, ને દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે એમ કાળભેદ છે પણ પ્રદેશભેદ નથી. તેથી આને સંસ્થાન અભેદ વ્યપદેશ કહેવામાં આવે છે.

અમૂર્ત દ્રવ્યના ગુણ–પર્યાયો અમૂર્ત છે, વિકાર પણ અમૂર્ત છે. અમૂર્તનો આકાર અમૂર્ત છે. આત્માનો આકાર અસંખ્યપ્રદેશી છે, છતાં પણ તેને શરીર પ્રમાણે કહેવો કે આત્મા પ્રમાણે કર્મનો આકાર કહેવો તે પૃથક્ વ્યવહારનું કથન છે.

શરીર, કર્મ મૂર્તદ્રવ્ય છે, તેના ગુણો મૂર્ત છે ને તેનો વિકાર એટલે સ્કંધરૂપી અવસ્થા પણ મૂર્ત છે. આ પુદ્ગલમાં અભેદ એકત્વ-વ્યવહારકથન છે.

શબ્દ કે જે પદાર્થને રાગ–દ્વેષરહિતપણે બતાવે તે શબ્દસમય છે, જે શબ્દસમયનું યથાર્થ જ્ઞાન કરે તે જ્ઞાનસમય છે ને જ્ઞાનમાં જે જ્ઞેય યથાર્થ રીતે જણાય તે જ્ઞેય અર્થસમય છે.

'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન કથનમાં જીવસ્થાન, ગુણસ્થાન, વિકાર વગેરે પરિણામોને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવવા ને રાગ ઉપરની દૃષ્ટિ છોડાવવા નબળાઈ પરના આશ્રયે થાય છે તેથી પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે, પણ અહીં જ્ઞાનપ્રધાન કથન છે. અહીં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે થઈને આખા અસ્તિકાયનું જ્ઞાન કરાવવું છે. વિકારી કે અવિકારી પર્યાયનો આકાર અસંખ્યપ્રદેશ જેટલો છે, દ્રવ્ય–ગુણ જેટલો છે. એ અભેદ સંસ્થાન છે એમ શબ્દસમય કહે છે.

(૩) આત્માને ત્રણ શરીર કહેવાં તે પૃથક્ વ્યવહારનું કથન છે. શરીર ને આત્માના અસ્તિકાય જુદા છે. ભિન્ન પદાર્થ હોવા છતાં એકબીજાના કહેવા તે નજીક ઉપસ્થિત ચીજનું જ્ઞાન કરાવવા માટે છે. આત્માને અનંત ગુણો ને અનંત પર્યાયો છે એમાં આત્માની સંખ્યા એક ને ગુણ–પર્યાયની સંખ્યા અનંત એમ સંખ્યાભેદ પડ્યો પણ પ્રદેશભેદ નથી. આત્માના પ્રદેશ જુદા ને ગુણ–પર્યાયના પ્રદેશ જુદા એમ છે નહિ.

આ પંચાસ્તિકાયનું વર્ણન છે. પંચાસ્તિકાય શબ્દ, અર્થ ને જ્ઞાન ત્રણેનું વર્ણન ચાલે છે. જે જ્ઞાન પરથી ભેદજ્ઞાન કરે ને પોતાના અસ્તિકાયમાં જેમ છે તેમ જ્ઞાન કરે તે યથાર્થજ્ઞાન છે. આત્મા સિવાય અનંત દ્રવ્યોનું હોવું આત્માથી ભિન્ન છે. તેને અભાવરૂપ સંબંધ છે. એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ત્રિકાળી દ્રવ્ય, ગુણો, વિકારી કે અવિકારી પર્યાય તેમાં દ્રવ્ય ને ગુણ–પર્યાયને સંખ્યાભેદ છે પણ પ્રદેશભેદ નથી માટે એકત્વ–વ્યવહાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪) આત્માના આધારે શરીર, આત્માના આધારે કર્મ તે પૃથક્‌વ્યવહારનું કથન છે. શરીર, કર્મ આત્માના અસંખ્યપ્રદેશમાં નથી. અહીં વિષયનો અર્થ આધાર છે. એક અસ્તિકાયને બીજા અસ્તિકાયનો આધાર કહેવો તે પૃથક્‌વ્યવહાર છે. જેમકે ગોકુલના આધારે ગાય, કર્મના આધારે વિકાર, શરીરના આધારે આત્મા કહેવો તે પૃથક્‌વ્યવહાર છે.

વૃક્ષના આધારે શાખા કહેવી તે પૃથક્‌વ્યવહાર નથી પણ એકત્વવ્યવહાર છે. તેમ આત્માના આધારે ગુણો તથા પર્યાયો છે એમ કહેવું તે એકત્વવ્યવહાર છે, તે એક અસ્તિકાયમાં આવે છે. આત્માના આધારે વિકાર તે સ્વ અસ્તિકાયમાં આવે છે. અહીં જ્ઞાનપ્રધાન કથનમાં વિકાર પોતામાં પોતાથી થાય છે પણ પરને લીધે થતો નથી—એમ બતાવે છે.

"व्यपदेश संस्थान संख्या विषय ये चार प्रकारके भेद द्रव्य – गुणमें अभेदरूप दिखाये जाते हैं, अन्यद्रव्यसे भेदकर दिखाये जाते हैं। यद्यपि द्रव्य – गुणमें व्यपदेशादिक कहे जाते हैं तथापि वस्तुके विचारसे नहीं हैं।"

જ્ઞાન, દર્શનાદિ આત્માના ગુણ છે. એમ આત્મા ને ગુણ એવો ભેદ કથનમાં (વ્યપદેશમાં) પડ્યો. આત્માંનો આકાર તે જ ગુણ–પર્યાયનો આકાર છે એવો ભેદ પડ્યો. આત્મા એક છે ને ગુણ અનંત છે એમ સંખ્યામાં ભેદ પડ્યો, જ્ઞાન–દર્શનાદિ આત્માના આધારે છે એમ (વિષય) આધારમાં ભેદ પડ્યો તોપણ દ્રવ્ય–ગુણ–પર્યાયને પ્રદેશભેદ નથી, માટે અભેદ છે. એક અભેદ અસ્તિકાયમાં ભેદ બતાવવામાં આવે છે. આ જ્ઞાનગુણ, આ પર્યાય વિકારી છે, આ અવિકારી પર્યાય છે, આ દ્રવ્ય છે,—એમ દ્રવ્ય ગુણ ને પર્યાય વિકારી કે અવિકારી ચારે થઈને અસ્તિકાય પૂરું થાય છે ને પરદ્રવ્યથી તે ભેદસ્વરૂપ છે. પરને પરરૂપ જાણે, પોતામાં પણ પર્યાયઅંશને પર્યાય જેટલો જાણે ને અંશી જેટલો નથી એમ જાણે, દ્રવ્ય–અંશી ત્રિકાળ છે તેને અંશી જાણે એમ જ્ઞાન કરી પર ઉપરથી ને અંશ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી અંશીની દૃષ્ટિ કરે તો પ્રમાણજ્ઞાન થાય છે. ૪૬.

---

**णाणं धणं च कुव्वदि धणिणं जह णाणिणं च दुविधेहिं।**
**भण्णंति तह पुधत्तं एयत्तं चावि तच्चण्हू ॥ ४७ ॥**

**ज्ञानं धनं च करोति धनिनं यथा ज्ञानिनं च द्विविधाभ्याम्।**
**भणंति तथा पृथक्त्वमेकत्वं चापि तत्त्वज्ञाः ॥ ४७ ॥**

**ધનથી 'ધની' ને જ્ઞાનથી 'જ્ઞાની'—દ્વિધા વ્યપદેશ છે,**
**તે રીતે તત્ત્વજ્ઞો કહે એકત્વ તેમ પૃથક્ત્વને. ૪૭**

**અન્વયાર્થ :** [यथा] જેવી રીતે [धनं] ધન [च] અને [ज्ञानं] જ્ઞાન [धनिनं] (પુરુષને) 'ધની' [च] અને [ज्ञानिनं] 'જ્ઞાની' [करोति] કરે છે—[द्विविधाभ्याम् भणंति] એમ બે પ્રકારે કહેવામાં આવે છે, [तथा] તેવી રીતે [तत्त्वज्ञाः] તત્ત્વજ્ઞો [पृथक्त्वम्] પૃથક્ત્વ [च अपि] તેમ જ [एकत्वम्] એકત્વને કહે છે.

---

**तात्पर्यवृत्ति :** अथ निश्चयेन भेदाभेदोदाहरणं कथ्यते:—**णाणं धणं च कुव्वदि** ज्ञानं कर्तृ धनं च कर्तृ करोति । किं करोति । **धणिणं णाणिणं च** धनिनं ज्ञानिनं च करोति **दुविधेहिं** द्वाभ्यां नयाभ्यां व्यवहारनिश्चयाभ्यां **जह** यथा **भण्णंति** भणन्ति तह तथा। किं भणंति ? **पुधत्तं एयत्तं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चावि** पृथक्त्वमेकत्वं चापि । के भणंति । **तच्चण्हू** तत्त्वज्ञा इति । तद्यथा – भिन्नास्तित्वनिर्वृत्तं भिन्नास्तित्वनिर्वृत्तस्य भिन्नव्यपदेशं भिन्नव्यपदेशस्य भिन्नसंस्थानं भिन्नसंस्थानस्य भिन्नसंख्यं भिन्नसंख्यस्य भिन्नविषयलब्धवृत्तिकं भिन्नविषयलब्धवृत्तिकस्य धनं कर्तृ पृथक्त्वप्रकारेण धनीति व्यपदेशं करोति यथा तथैव चाभिन्नास्तित्वनिर्वृत्तं ज्ञानमभिन्नास्तित्वनिर्वृत्तस्य पुरुषस्य अभिन्नव्यपदेशमभिन्नव्यपदेशस्य अभिन्नसंस्थानमभिन्नसंस्थानस्य अभिन्नसंख्यमभिन्नसंख्यस्य अभिन्नविषयलब्धवृत्तिकमभिन्नविषलब्धवृत्तिकस्य ज्ञानं कर्तृ पुरुषस्यापृथक्त्वप्रकारेण ज्ञानीति व्यपदेशं करोति । दृष्टांतव्याख्यानं गतं तथान्यत्र दार्ष्टांतपक्षेपि यत्र विवक्षितद्रव्यस्य भेदेन व्यपदेशादयो भवन्ति तत्र निश्चयेन भेदो ज्ञातव्यः पूर्वगाथाकथितक्रमेण देवदत्तस्य गौरित्यादि । यत्र पुनरपि व्यपदेशादयो भवन्ति तत्र निश्चयेनाभेदो ज्ञातव्यः वृक्षस्य शाखा जीवस्य वानंतज्ञानादयो गुणा इत्यादिवदिति । अत्र सूत्रे यदेव जीवेन सहाभिन्नव्यपदेशं अभिन्नसंस्थानं अभिन्नसंख्यं अभिन्नविषयलब्धवृत्तिकं च तज्जीवं ज्ञानिनं करोति यस्यैवालाभादनादिकालं नरनारकादिगतिषु भ्रमितोयं जीवो यदेव मोक्षवृक्षस्य बीजभूतं यस्यैव भावनाबलादक्रमसमाक्रांतः समस्तद्रव्यक्षेत्रकालभावजातं तस्यैव फलभूतं सकलविमलकेवलज्ञानं जायते तदेव निर्विकारस्वसंवेदनज्ञानं भावनीयं ज्ञानिभिरित्यभिप्रायः ।। ४७ ।।

**समयव्याख्या : वस्तुत्वभेदाभेदोदाहरणमेतत् । यथा धनं भिन्नास्तित्वनिर्वृत्तं भिन्नास्तित्वनिर्वृत्तस्य, भिन्नसंस्थानं भिन्नसंस्थानस्य, भिन्नसंख्यं भिन्नसंख्यस्य, भिन्नविषयलब्धवृत्तिकं भिन्नविषयलब्धवृत्तिकस्य पुरुषस्य धनीति व्यपदेशं पृथक्त्वप्रकारेण कुरुते, यथा च ज्ञानमभिन्नास्तित्वनिर्वृत्तमभिन्नास्तित्वनिर्वृत्तस्याभिन्नसंस्थानमभिन्नसंस्थानस्याभिन्नसंख्यमभिन्नसंख्यस्याभिन्नविषयलब्धवृत्तिकमभिन्नविषालब्धवृत्तिकस्य पुरुषस्य ज्ञानीति व्यपदेशमेकत्वप्रकारेण कुरुते, तथान्यत्रापि । यत्र द्रव्यस्य भेदेन व्यपदेशादिः तत्र पृथक्त्वं, यत्राभेदेन तत्रैकत्वमिति ।। ४७ ।।**

**અનુવાદ : આ, વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ છે.**

**જેવી રીતે (૧) ભિન્ન અસ્તિત્વથી રચાયેલું, (૨) ભિન્ન સંસ્થાનવાળું, (૩) ભિન્ન સંખ્યાવાળું અને (૪) ભિન્ન વિષયમાં રહેલું એવું ધન (૧) ભિન્ન અસ્તિત્વથી રચાયેલા, (૨) ભિન્ન સંસ્થાનવાળા, (૩) ભિન્ન સંખ્યાવાળા અને (૪) ભિન્ન વિષયમાં રહેલા એવા પુરુષને 'ધની' એવો વ્યપદેશ પૃથક્ત્વપ્રકારથી કરે છે, તથા જેવી રીતે (૧) અભિન્ન અસ્તિત્વથી રચાયેલું, (૨) અભિન્ન સંસ્થાનવાળું, (૩) અભિન્ન સંખ્યાવાળું અને (૪) અભિન્ન વિષયમાં રહેલું એવું જ્ઞાન (૧) અભિન્ન અસ્તિત્વથી રચાયેલા, (૨) અભિન્ન સંસ્થાનવાળા, (૩) અભિન્ન સંખ્યાવાળા અને (૪) અભિન્ન વિષયમાં રહેલાં એવા પુરુષને 'જ્ઞાની' એવો વ્યપદેશ એકત્વપ્રકારથી કરે છે, તેવી રીતે અન્યત્ર પણ સમજવું. જ્યાં દ્રવ્યના ભેદથી વ્યપદેશ વગેરે હોય ત્યાં પૃથક્ત્વ છે, જ્યાં (દ્રવ્યના) અભેદથી (વ્યપદેશ વગેરે) હોય ત્યાં એકત્વ છે. ૪૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૨, ગુરુવાર]

હવે ભેદ–અભેદ કથનનું સ્વરૂપ મૂળ ગાથામાં બતાવવામાં આવે છે.

"जैसे द्रव्य सो पुरुषको धनवान् करता है अर्थात् धन जुदा है पुरुष जुदा है परंतु धनके संबंधसे पुरुष धनी वा धनवान् ऐसा नाम पाता है और चैतन्यगुण जो है सो आत्माको 'ज्ञानी' ऐसा नाम कहलाता है, ज्ञान और आत्माको प्रदेशभेदरहित एकता है । परंतु गुण – गुणीके

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथनकी अपेक्षा ज्ञान – गुणके द्वारा आत्मा 'ज्ञानी' ऐसा नाम धारण करता है।''

ધનના સંબંધથી પુરુષને ધનવાન કહે છે પરંતુ ધન ને પુરુષ જુદાં છે, બન્ને એક થતાં નથી. બન્નેના અસ્તિકાય જુદા છે. કર્મને લીધે આત્મા કર્મી, શરીરને લીધે આત્મા શરીરી, પ્રાણને લીધે પ્રાણવાળો એમ કહેવાય છે. પણ કર્મ, શરીર ને પ્રાણથી આત્માનું અસ્તિકાય જુદું છે. બન્ને વચ્ચે અભાવની મોટી વજ્રશિલા છે. એકને લીધે બીજો નથી. ધન ચાલ્યું જાય ને પુરુષ રહે, પુરુષ રહે ને ધન ચાલ્યું જાય. કર્મ ને શરીર જુદાં પડી જાય ને સિદ્ધનો આત્મા જુદો રહે. જો તે એક અસ્તિકાય હોય તો જુદા પડવા જોઈએ નહિ. માટે કર્મથી કર્મવાળો વગેરે કહેવારૂપ જે કથન છે તે વ્યવહારથી કહેવામાં આવે છે, ખરેખર એમ નથી. કારણ કે તે બધા પરપદાર્થો છે. શરીર, કર્મ આદિના પ્રદેશો ને આત્માના પ્રદેશોને ભિન્નતા છે.

ચૈતન્યગુણથી આત્માને જ્ઞાની કહે છે. કારણ કે જ્ઞાનને અને આત્માને પ્રદેશભેદરહિત એકતા છે. જ્ઞાનને લીધે જ્ઞાની કહેવાય છે. કેવળજ્ઞાનને લીધે કેવળી, ધર્મને લીધે ધર્મી, સમ્યગ્દર્શનથી સમ્યગ્દૃષ્ટિ, ચારિત્રથી ચારિત્રવાન કહેવાય છે. પણ તેના પ્રદેશો જુદા નથી. જેમ ધનથી ધનવાન કહેવાય એવું આ કથન નથી. ધન ને ધનવાન જુદાં છે તેમ ચારિત્ર અને ચારિત્રવાનના પ્રદેશો જુદા નથી. વિકાર ક્યાંક રહે ને આત્મા ક્યાંક રહે તેમ બને નહિ. ધર્મ ક્યાંક રહે એટલે સમેતશિખર ને સ્વાધ્યાયમંદિરમાં રહે ને ધર્મી આત્મા ક્યાંક રહે તેમ બનતું નથી. ગુણ–ગુણીમાં સંખ્યા, નામ, લક્ષણભેદે ભેદ હોવા છતાં પ્રદેશભેદે ભેદ નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે પોતાના વ્યાપકપણામાં છે. જીવ 'છે' કહેતાં અસ્તિ ને તેના અસંખ્યપ્રદેશ તે તેની કાય એમ અસ્તિકાય સિદ્ધ કરવી છે. વળી અસ્તિ કહેતાં દ્રવ્ય આવ્યું, કાય કહેતાં ક્ષેત્ર આવ્યું, પર્યાય અસ્તિકાયમાં આવી જાય છે એમ કહેતાં કાળ આવ્યો ને ગુણો અસ્તિકાયમાં છે કહેતાં તેના ભાવ આવી જાય છે. એમ અસ્તિકાય સાબિત કરતાં, પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એમ ચારે આવી જાય છે. અહીં પંચાસ્તિકાયનું વર્ણન છે, તેથી કથનપદ્ધતિ ફેર છે.

અહીં અસ્તિકાયનું વર્ણન છે. જીવના મમતાના પરિણામ પણ અસંખ્યપ્રદેશના આકારે છે, તે પરને લીધે નથી. તેમ જ ધર્મના પરિણામ પણ પોતામાં છે. શબ્દસમય તે પુદ્ગલાસ્તિકાય છે, જ્ઞાનસમય જીવાસ્તિકાય છે, પદાર્થસમય દ્રવ્ય–ગુણ–પર્યાય, સંસારપર્યાય બધો પદાર્થસમય છે. શબ્દસમયથી જ્ઞાન નથી કારણ કે શબ્દસમય પુદ્ગલાસ્તિકાય છે. શબ્દસમયથી જ્ઞાન થાય એમ કહેવું તે કથનમાત્ર છે. પણ આત્માનું જ્ઞાન કહેવું, દર્શનથી દ્રષ્ટા કહેવો, જ્ઞાનથી જ્ઞાતા કહેવો, ધર્મથી ધર્મી કહેવો, પાપથી પાપી કહેવો તેમાં નામભેદ પડે છે પણ વસ્તુવૃત્તિએ અસ્તિકાયરૂપે ભેદ નથી.

''तैसे ही इन दो प्रकारके भेदाभेदकथन द्वारा वस्तुस्वरूपके जाननेवाले पुरुष हैं वे प्रदेशभेदकी पृथक्तासे जो संबंध है उसको पृथक्त्व कहते हैं और निश्चयसे प्रदेशोंकी एकतासे संबंध है उसका नाम एकत्व है ऐसे दो भेदोंको कहते हैं।''

આ પ્રકારનાં ભેદાભેદ કથન દ્વારા વસ્તુસ્વરૂપને જાણવાવાળા પુરુષો પ્રદેશભેદની પૃથક્તાવાળો જે સંબંધ છે તેને પૃથક્ત્વ કહે છે ને નિશ્ચયથી પ્રદેશોની એકતાને એકત્વ કહે છે. આત્માને કર્મવાળો કહેવો તે પૃથક્ત્વ છે ને ગુણથી ગુણી કહેવો તે એકત્વસંબંધ છે.

**ભાવાર્થ :** વ્યવહાર બે પ્રકારના છે. એક પૃથક્ત્વવ્યવહાર અને બીજો એકત્વવ્યવહાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં દ્રવ્યો સાથે એકતાનો સંબંધ બતાવવામાં આવે તેને પૃથક્ત્વવ્યવહાર કહેવામાં આવે છે. લક્ષ્મી ને આત્માનો સંબંધ કહેવો તે પૃથક્ત્વવ્યવહાર છે અને એક વસ્તુમાં ભેદ બતાવવામાં આવે તેને એકત્વવ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞાનને લીધે જ્ઞાની, ધર્મને લીધે ધર્મી એ એકત્વવ્યવહાર છે.

આ બન્ને પ્રકારના સંબંધ ધન ને ધનીમાં તથા જ્ઞાન ને જ્ઞાનીમાં વ્યપદેશાદિક ચાર પ્રકારથી બતાવવામાં આવે છે.

૧. ધનનું નામ ધન, ધનીનું નામ ધની. બન્નેનાં નામ જુદાં છે ને બન્ને વસ્તુ જુદી છે, એક નથી પણ પ્રદેશભેદ છે. ધન ક્યાંક રહે છે ને ધનવાન ક્યાંક રહે છે.

૨. ધનનો આકાર, હીરાનો આકાર, દાગીના વગેરેનો આકાર ને આત્માનો આકાર એક નથી. જુદેજુદા છે. માણસ સાડાત્રણ હાથ લાંબો હોય ને રૂપિયાના કોથળા ભરાય. જીવની આકૃતિ જુદી, ને રૂપિયાના થેલાની આકૃતિ જુદી માટે આકારે બન્નેમાં ભેદ છે, પ્રદેશભેદ છે..

૩. આ માણસ કરોડપતિ છે. માણસ એક ને રૂપિયા કરોડ એ પૃથક્ત્વવ્યવહાર છે. આત્માને ૧૪૮ પ્રકૃતિ કર્મની છે તે પૃથક્ અસ્તિકાય બતાવે છે. આત્મા જુદો ને કર્મ જુદાં છે.

૪. આ માણસના આધારે લક્ષ્મી રહી છે. પૈસાના આધારે ગુજરાન ચાલે છે તે ભેદકથન છે. લક્ષ્મીનો આધાર તે પરમાણુના દ્રવ્ય-ગુણ છે. કોઈ વ્યવસ્થા કરનારને આધારે પૈસા રહે છે તે વાત જૂઠી છે. પૈસા ભિન્ન ને વ્યવસ્થા કરનાર ભિન્ન છે.

ધનનું નામ, આકાર, સંખ્યા, આધાર તેના દ્રવ્ય-ગુણ છે એમ ચાર ભેદોથી ધન ધનવાનથી જુદું છે. ને ધનવાન પુરુષ, તેનું નામ, તેનો આકાર, તેની સંખ્યા, તેનો આધાર—એમ ચાર ભેદોથી ધનથી જુદો છે. આ પ્રમાણે ધન ને ધનવાન જુદાં હોવા છતાં ધનના સંબંધથી પુરુષને ધનવાન કહેવાય છે તે પૃથક્ત્વવ્યવહાર છે.

આમ પરથી જુદો માનવો ને સ્વનું જ્ઞાન કરવું તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૩, શુક્રવાર]

દરેક દ્રવ્યમાં બે પ્રકારના વ્યવહારનું જ્ઞાન કરાવે છે. આત્માને કર્મનો સંબંધ કહેવો તે પૃથક્ત્વવ્યવહાર છે ને આત્માને જ્ઞાનનો સંબંધ કહેવો તે એકત્વવ્યવહાર છે. ધનને લીધે ધનવાન કહેવો તે પૃથક્વ્યવહાર છે. લક્ષ્મીના પ્રદેશો આત્મામાં આવતા નથી પણ જીવની મમતામાં ધન નિમિત્ત છે એમ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા કથન કરવામાં આવે છે. તેવી રીતે આત્માને કર્મવાળો, આબરૂવાળો, બૈરાવાળો, શરીરવાળો કહેવો તે પૃથક્વ્યવહાર છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે લાકડું બળતાં આત્માને દુઃખ થતું નથી પણ શરીર બળતાં દુઃખ થાય છે ને? સમાધાન: પોતે દુઃખની કલ્પના કરે છે. કોઈ મુનિનું શરીર બળવા છતાં તેઓ અંતર આનંદમાં લીન છે માટે શરીર દુઃખનું કારણ નથી. વિકાર કરતી વખતે શરીર ઉપર લક્ષ જાય છે માટે નિમિત્ત ઉપર આરોપ કરવામાં આવે છે. નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પૃથક્વ્યવહાર બતાવવા માટે છે.

લક્ષ્મી અને પુરષ, બન્ને નામ, આકાર, સંખ્યા ને આધાર—ચારે પ્રકારે ભેદસ્વરૂપ છે. કેવળી કે શ્રુતકેવળીને લીધે ક્ષાયિક સમકિત થાય છે તે પૃથક્વ્યવહારનું કથન છે.

વળી કોઈ કહે કે આંખ ખૂલી હોય તો જ્ઞાન-ઉપયોગ થાય ને આંખ બંધ હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન ઉપયોગ થતો નથી એમ કહેનાર સ્થૂલ ભૂલમાં છે. આંખ બંધ હોવા છતાં આ ન દેખાયું એવું જે જ્ઞાન થયું તે પણ જ્ઞાન–ઉપયોગ છે. છતાં જ્ઞાન-ઉપયોગ નથી એમ કહેવું તે ભ્રમ છે. વળી નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એક જ સમયે છે. તેનો સમયભેદ નથી. જ્ઞાનપર્યાય જે સમયે થાય તે સમયે જે નિમિત્ત હોય તેને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવી પૃથક્વ્યવહાર કહેવામાં આવે છે. તે આગળ–પાછળ હોતો નથી. વળી આંખ છે તો જ્ઞાન-ઉપયોગ છે ને આંખ નથી તો જ્ઞાન-ઉપયોગ નથી એવો જ્ઞાન-ઉપયોગ પરાધીન નથી. તેને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ અથવા પૃથક્વ્યવહાર પણ કહેવાતો નથી. નિમિત્ત ને નૈમિત્તિક પોતપોતાના કારણે સ્વતંત્ર છે.

"ज्ञान और ज्ञानीमें एकता है परंतु नाम, संख्या, संस्थान विषयोंसे ज्ञानका भेद किया जाता है। वस्तुस्वरूपको भलीभांति जाननेके कारण उस ज्ञानके संबंधसे ज्ञानी नाम पाता है. इसको एकत्व व्यवहार कहते हैं। ये दो प्रकारका संबंध समस्त द्रव्योंमें चारप्रकारसे जानना।"

જ્ઞાનનું નામ જ્ઞાન ને જ્ઞાનીનું નામ આત્મા એમ નામભેદ, આત્મા એક ને જ્ઞાન વધુમાં વધુ ચાર હોય (લબ્ધ ત્રણ ને એક ઉપયોગરૂપ) એમ સંખ્યાભેદે ભેદ છે. આત્મા ને તેના અસંખ્યપ્રદેશો એમ ભેદ છે, આત્માના આધારે જ્ઞાનાદિ ગુણો છે: એમ આધારમાં ભેદ છે પણ વસ્તુભેદે ભેદ નથી. એક જ પ્રદેશે છે. પોતાના ક્ષેત્રમાં ભેદ પાડવો તે એકત્વ-વ્યવહારકથન છે.

આત્મા બીજા જીવની દયા પાળે એમ કહેવું તે પૃથક્વ્યવહાર છે ને પોતાની દયા પાળે તે એકત્વવ્યવહાર છે. આકાશના આધારે પાંચ દ્રવ્યો કહેવાં તે પૃથક્ત્વવ્યવહાર છે. આકાશ પોતાના આધારે છે એમ કહેવું તે એકત્વવ્યવહાર છે. નામ, સંસ્થાન, સંખ્યા, આધાર જુદા ને પ્રદેશો જુદા તે પૃથક્વ્યવહાર છે. નામ, સંસ્થાન, સંખ્યા, આધાર જુદાં જુદાં પણ પ્રદેશ એક તે એકત્વ-વ્યવહાર છે. આમ બે પ્રકારનો સંબંધ સમસ્ત દ્રવ્યોમાં ચાર પ્રકારે જાણવો. ૪૭.

હવે જ્ઞાન અને આત્મામાં સર્વથા પ્રકારે ભેદ માનવામાં આવે તો મોટો દોષ આવે છે એમ કહેવામાં આવે છે.

---

**णाणी णाणं च सदा अत्थंतरिदा दु अण्णमण्णस्स**
**दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ॥ ४८ ॥**

**ज्ञानी ज्ञानं च सदार्थांतरिते त्वन्योऽन्यस्य ।**
**द्वयोरचेतनत्वं प्रसजति सम्यग् जिनावमतम् ॥ ४८ ॥**

**જો હોય અર્થાંતરપણું અન્યોન્ય જ્ઞાની-જ્ઞાનને,**
**બન્ને અચેતનતા લહે—જિનદેવને નહિ માન્ય જે. ૪૮**

**અન્વયાર્થ** : [ज्ञानी] જો જ્ઞાની (આત્મા) [च] અને [ज्ञानं] જ્ઞાન [सदा] સદા [अन्योऽन्यस्य] પરસ્પર [अर्थांतरिते तु] અર્થાંતરભૂત (ભિન્નપદાર્થભૂત) હોય તો [द्वयोः] બન્નેને [अचेतनत्वं प्रसजति] અચેતનપણાનો પ્રસંગ આવે—[सम्यग् जिनावमतम्] કે જે જિનોને સમ્યક્ પ્રકારે અસંમત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : अथ ज्ञानज्ञानिनोरत्यंतभेदे दोषं दर्शयति :—**णाणी** ज्ञानी जीवः **णाणं च तहा** ज्ञानगुणोपि तथैव **अत्थंतरिदो दु** अर्थांतरितो भिन्नस्तु यदि भवति। कथं। **अण्णमण्णस्स** अन्योन्य-संबंधित्वेन। तदा किं दूषणं। **दोण्हं अचेदणत्तं** द्वयोर्ज्ञानिज्ञानिनोरचेतनत्वं जडत्वं **पसजदि** प्रसजति प्राप्नोति। तच्च जडत्वं कथंभूतं। **सम्मं जिणावमदं** सम्यक्प्रकारेण जिनानामवमतमसंमतमिति। तथाहि। यथाग्नेर्गुणिनः सकाशादत्यंतभिन्नः सन्नुष्णत्वलक्षणो गुणो दहनक्रियां प्रत्यसमर्थः सन्निश्चयेन शीतलो भवति तथा ज्ञानगुणादत्यंतभिन्नः सन् जीवो गुणी पदार्थविच्छित्तिं प्रत्यसमर्थः सन्निश्चयेन जडो भवति। अथ मतं यथा भिन्नदात्रोपकरणेन देवदत्तो लावको भवति तथा भिन्नज्ञानेन ज्ञानी भवतीति। नैवं वक्तव्यं। छेदनक्रियां प्रति दात्रं बाह्योपकरणं वीर्यांतरायक्षयोपशमजनितः पुरुषस्य शक्तिविशेषस्तत्राभ्यंतरोपकरणं शक्त्यभावे दात्रोपकरणे हस्तव्यापारे च सति छेदनक्रिया नास्ति तथा प्रकाशोपाध्यायादिबहिरंगसहकारिसद्भावे सत्यभ्यंतरज्ञानोपकरणाभावे पुरुषस्य पदार्थपरिच्छित्तिक्रिया न भवतीति। अत्र यस्य ज्ञानस्याभावाज्जीवो जडः सन् वीतरागसहजसुन्दरानंदस्यन्दि पारमार्थिकसुखमुपादेयम-जानन् संसारे परिभ्रमति तदेव रागादिविकल्परहितं निजशुद्धात्मानुभूतिज्ञानमुपादेयमिति भावार्थः ॥४८॥

**समयव्याख्या : द्रव्यगुणानामर्थांतरभूतत्वे दोषोऽयम्। ज्ञानी ज्ञानाद्यद्यर्थांतरभूतस्तदा स्वकरणांशमंतरेण परशुरहितदेवदत्तवत्करणव्यापारसमर्थत्वादचेतयमानोऽचेतन एव स्यात्। ज्ञानञ्च यदि ज्ञानिनोऽर्थांतरभूतं तदा तत्कर्त्रंशमंतरेण देवदत्तरहितपरशुवत्तत्कर्तृत्वव्यापारासमर्थत्वादचेतयमानमचेतनमेव स्यात्। न च ज्ञानज्ञानिनोर्युतसिद्धयोस्संयोगेन चेतनत्वं द्रव्यस्य निर्विशेषस्य गुणानां निराश्रयाणां शून्यत्वादिति ॥४८॥**

**અનુવાદ : દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય તો આ (નીચે પ્રમાણે) દોષ આવે.**

**જો જ્ઞાની (આત્મા) જ્ઞાનથી અર્થાંતરભૂત હોય તો (આત્મા) પોતાના કરણ-અંશ વિના, કુહાડી વિનાના દેવદત્તની માફક, કરણનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહિ ચેતતો (જાણતો) થકો અચેતન જ હોય. અને જો જ્ઞાન જ્ઞાનીથી (આત્માથી) અર્થાંતરભૂત હોય તો જ્ઞાન તેના કર્તૃ-અંશ વિના, દેવદત્ત વિનાની કુહાડીની માફક, તેના કર્તાનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહિ ચેતતું (જાણતું) થકું અચેતન જ હોય. વળી યુતસિદ્ધ એવાં જ્ઞાન અને જ્ઞાનીને (જ્ઞાન અને આત્માને) સંયોગથી ચેતનપણું હોય એમ પણ નથી, કારણ કે નિર્વિશેષ દ્રવ્ય અને નિરાશ્રય ગુણો શૂન્ય હોય. ૪૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૩, રવિવાર]

"आत्मा और चैतन्यगुणका सदाकाल सर्वथा प्रकारभेद हो तो परस्पर ज्ञानी और ज्ञानके जडभाव होता है। यथार्थमें यह जिनेन्द्र भगवानका कथन है।

જ્ઞાન ઇંદ્રિયને લીધે કે પુસ્તકને લીધે થાય એમ માનવામાં આવે તો જ્ઞાન આત્માથી થાય તેમ માન્યું નહિ. તેણે જ્ઞાન અને આત્માને સર્વથા જુદા માન્યા તેથી જ્ઞાન જડ થઈ ગયું ને જ્ઞાનનો અભાવ માનતાં આત્મા પણ જડ થઈ ગયો. ઇંદ્રિયો કે શરીરને લીધે ધર્મ માનવામાં આવે તો ધર્મ જડ થાય ને ધર્મને ધરનાર આત્મા જડ થઈ જાય. તેવી માન્યતાવાળો જીવ અભેદ આત્માના આશ્રયે ધર્મ થાય છે તેમ માનતો નથી.

**ભાવાર્થ :** અગ્નિ દ્રવ્યમાં ઉષ્ણતા ગુણ છે. જો અગ્નિ ને ઉષ્ણતામાં પૃથક્તા હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ઈંધનને સળગાવી શકે નહિ. અહીં દૃષ્ટાંત માટે અગ્નિ પરમાણુની વૈભાવિકપર્યાય હોવા છતાં દ્રવ્ય તરીકે લીધેલ છે. ને ઉષ્ણતા પર્યાય હોવા છતાં ગુણ કહ્યો છે. ઉષ્ણતા વિનાનો અગ્નિ લાકડાને સળગાવી શકે નહિ ને અગ્નિ વિનાની ઉષ્ણતા લાકડાને સળગાવી શકે નહિ. પ્રથમથી ઉષ્ણગુણ જુદો હોય તો કેવી રીતે સળગાવે ? ને જો અગ્નિ જુદી હોય તો ઉષ્ણગુણ કોના આશ્રયે રહે ? ઉષ્ણતાને અગ્નિનો આશ્રય ન હોય તો ઉષ્ણતા રહી શકે નહિ ને બાળવાની શક્તિરહિત થઈ જાય છે. ગુણ અને ગુણી પરસ્પર જુદા હોય તો કાર્ય કરવાને સમર્થ ન થાય. ઉષ્ણતા ને અગ્નિ જુદા હોય તો અગ્નિ ઉષ્ણતાના ગુણ વિના કાર્ય ન કરે ને ઉષ્ણતાગુણ અગ્નિના આધાર વિના કાર્ય ન કરે. એ બન્નેમાં એકતા હોય તો બાળવામાં સમર્થ થાય.

તેવી રીતે આત્મા અને તેનો જ્ઞાનગુણ ને પર્યાય જુદા હોય તો જાણવાની ક્રિયામાં અસમર્થપણું થાય. જ્ઞાનની પર્યાય પરથી કે ઈંદ્રિયથી થાય તો પર્યાય ન રહી ને પર્યાયનો અભાવ થતાં પર્યાયવાન રહેતો નથી. ધર્મની પર્યાય પરને લીધે માનવામાં આવે તો ધર્મનો આધાર પર થતાં ધર્મ રહે નહિ, ને ધર્મનો અભાવ થતાં ધર્મી—આત્મા રહે નહિ. આંખથી જ્ઞાન માનવામાં આવે તો જ્ઞાનપર્યાય જડની થઈ, ને પર્યાય વિનાનું દ્રવ્ય માનતાં દ્રવ્ય રહેતું નથી.

ક્ષાયિકસમકિતને આત્માનું અવલંબન ન હોય ને તીર્થંકરથી તે થાય તો તે પર્યાયને પોતાના દ્રવ્યનો આધાર રહ્યો નહિ ને દ્રવ્ય પર્યાય વિનાનું રહ્યું તેથી દ્રવ્યમાં ને પર્યાયમાં કાર્ય કરવાની સમર્થતા રહેતી નથી. તીર્થંકર સમીપે જવાથી તીર્થંકરનામકર્મ બંધાય ત્યાં જો શુભરાગ નિમિત્તના અવલંબને હોય તો તે પર્યાય દ્રવ્યવિનાની થઈ ગઈ ને પર્યાય પરથી થતાં દ્રવ્ય પર્યાયવિનાનું થયું—આમ દ્રવ્ય ને પર્યાય—બન્નેનો નાશ થઈ જાય છે.

તેવી રીતે સંહનન, મનુષ્યદેહ, મહાવિદેહ ક્ષેત્ર, ચોથો આરો વગેરે હોય તો કેવળજ્ઞાન થાય, આપ્ત પુરુષની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય વગેરે પ્રકારે માનવામાં આવે તો જ્ઞાન અને શ્રદ્ધાની પર્યાયો પરથી થતાં તે પર્યાયો જડની થઈ ગઈ ને પર્યાયવિનાનું દ્રવ્ય પણ રહેતું નથી. બન્ને કામ કરવાને અસમર્થ થાય છે. જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, વીર્ય વગેરેનો પર્યાય દ્રવ્યના આધારે છે એમ ન માને તો સમય સમયનો પર્યાય દ્રવ્ય સાથે એકતા પામતો નથી. પરથી પર્યાય માને તો પર્યાય દ્રવ્યવિનાની થાય ને દ્રવ્ય પર્યાયવિનાનું થતાં શી રીતે કામ કરે ? જ્ઞાન આત્માવિનાનું થતાં જ્ઞાન અચેતન થઈ જાય છે ને આત્મા જ્ઞાનવિનાનો થતાં આત્મા અચેતન થઈ જાય છે.

અને જો કોઈ એમ કહે કે પૃથક્રૂપ દાંત વડે કાપવાથી પુરુષને કાપનારો કહેવાય છે. પણ દાંત જુદા ને માણસ જુદો છે, દાંત પડી જાય છે ને માણસ રહે છે. છતાં દાંતની ક્રિયાથી માણસને કાપનારો કહેવાય છે. તેવી રીતે જ્ઞાન ને આત્મા જુદા માનો ને આત્મા જ્ઞાન વડે જાણવાનું કામ કરે છે, ને તેથી આત્માને જાણનાર કહો તો શો વાંધો ? જેમ જન્મ વખતે દાંત ન હતા, પણ પાછળથી દાંત નવા આવ્યા ને દાંત વડે કાપવાની ક્રિયા થવાથી પુરષને કાપનારો કહો છો તેમ જ્ઞાન નવું આવવાથી આત્માને જાણવાવાળો કહો તો ? પ્રથમ આત્મા નિગોદમાં હતો ત્યાં ઘણું અલ્પ જ્ઞાન હતું ને અહીં મનુષ્યપર્યાયમાં આ વાત શ્રવણ કરીને વિશેષ જ્ઞાન થયું તો શ્રવણમાંથી જ્ઞાન આવ્યું ને તે જ્ઞાનથી આત્માને જાણનારો કહો તો ? જેમ દાંત જુદા હોવા છતાં દાંતની ક્રિયાથી પુરુષને કાપનારો કહો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છો તેમ જ્ઞાન અને આત્મા જુદા માનીએ ને જુદા જ્ઞાનની ક્રિયાથી આત્માને જાણનારો કહો તો શો વાંધો ?

**સમાધાન :** કાપવાની ક્રિયામાં દાંત બાહ્ય નિમિત્ત છે. ઉપાદાનકારણ તો પુરુષમાં તે ચીજ કાપવાની શક્તિ છે. અહીં તે પુરુષ પુદ્‌ગલ–પરવસ્તુને કાપી શકે છે તેમ સિદ્ધ કરવું નથી. કપાવારૂપ યોગ્યતા તો તે પદાર્થની છે. પણ અહીં તો જીવના વીર્યનો ક્ષયોપશમ કાર્ય કરે છે તે બતાવવું છે. તે શક્તિ પુરુષમાં ન હોત તો તે કેવી રીતે કામ કરત ? દાંત કાંઈ પણ કાર્યકારી થતા નથી. માંદા અશક્ત માણસને દાંત હોય છે પણ પોતામાં શક્તિની ઓછપ હોવાથી કોઈ ચીજ તે કાપી શકતો નથી. ઉપાદાનશક્તિથી કામ થાય તો દાંતને નિમિત્ત કહેવાય માટે પુરુષની શક્તિ પ્રધાન છે. તે શક્તિને શક્તિવાન પુરુષ સાથે એકતા છે, પણ દાંતને શક્તિવાન પુરુષ સાથે સંબંધ નથી. કારણ કે દાંત જુદા ને શક્તિવાન પુરુષ જુદો છે તે જ પ્રમાણે જ્ઞાનને આત્મા સાથે સંબંધ છે, એકતારૂપ સંબંધ છે, પુરુષ ને દાંતના જેવો સંબંધ નથી. પુરુષ ને દાંતના પ્રદેશો ભિન્ન છે. એવી જ્ઞાનને અને આત્માને પ્રદેશભિન્નતા નથી, પણ પ્રદેશએકતા છે. શક્તિ શક્તિવાનના આધારે કામ કરે છે. જ્ઞાન પરના આધારે કામ કરતું નથી. કોઈ શરીરે મજબૂત હોય ને મતિ અજ્ઞાન હોય, કોઈ શરીરે નબળો હોય ને કેવળજ્ઞાન પ્રગટાવે. પોતે રાગ–દ્વેષ કરી અવળું પરિણમન કરે તો પોતાના આધારે ને સવળું પરિણમન કરે તોપણ પોતાના આધારે છે, કર્મને લીધે તે નથી. કર્મના ઉદયને લીધે રાગ કરવો પડે તે વાત ખોટી છે. પોતાના ઊંધા પુરુષાર્થથી અવળો પડે તો કર્મને નિમિત્ત કહેવાય ને પોતાના ગુણ–પર્યાય સાથે સંબંધ જોડી પોતામાં ઉગ્ર પુરુષાર્થ કરે તો કર્મના અભાવને નિમિત્ત કહેવાય. જેમ દાંતની ક્રિયામાં શક્તિ પુરુષની છે, ત્યાં શક્તિ ને શક્તિવાન પુરુષની એકતા છે. તેમ પોતાના ગુણો ને આત્માની એકતા છે એમ અભેદતા કરે તો ધર્મ થાય તેમ છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૪, શનિવાર]

જ્ઞાન ને આનંદ આત્મા સાથે સંબંધ ધરાવે છે, તે કેમ પ્રાપ્ત થાય તેનું અહીં કથન છે. જેમ ગોળ ને ગળપણમાં નામભેદ હોવા છતાં તે એકરૂપ છે તેમ જ્ઞાન-આનંદ સ્વભાવ સ્વભાવવાન એવા આત્મા સાથે એકરૂપ છે, સ્વભાવ સ્વભાવવાન વિના ન હોય ને સ્વભાવવાન સ્વભાવ વિના ન હોય, શાંતિ ને આનંદ આત્માથી જુદી ચીજથી પ્રાપ્ત થતા નથી. શ્રદ્ધા ને શ્રદ્ધાવાન, જ્ઞાન ને જ્ઞાનવાન, ચારિત્ર ને ચારિત્રવાન એમ નામભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી, વસ્તુ એક છે. આમ ગુણ ને આત્મા અભેદ છે એવી દૃષ્ટિ કરી અંતર એકાગ્ર થાય તો ધર્મ ને શાંતિ થાય.

અજ્ઞાની કહે છે કે ઇન્દ્રિયો, શબ્દો, પુસ્તક વગેરે નિમિત્તો છે તો જ્ઞાન થાય છે તેનું સમાધાન—જ્ઞાનની તાકાત સ્વમાં છે નિમિત્તમાં નથી, જાણવા–દેખવાની શક્તિ આત્મામાં ન હોય તો નિમિત્ત શું કરે ? નિમિત્તમાં જાણવા–દેખવાની તાકાત નથી. અજ્ઞાની માને છે કે પરને લીધે જ્ઞાન વધે છે એમ માની પરમાં અટકી જાય છે. પણ અંતર ધ્રુવ સ્વભાવમાં તાકાત છે ને તેમાં એકાગ્ર થવાથી શુદ્ધતા થાય તે વાત તેને બેસતી નથી. વળી ચશ્માં ને આંખ છે તો જ્ઞાન થાય છે એમ તે માની રહ્યો છે. પણ ચશ્માંને આંખ તો જડ છે તે શું કરે ? વર્તમાન પર્યાયની યોગ્યતા મુજબનો ઉઘાડ પોતાના કારણે થાય છે તો ચશ્માંને નિમિત્ત કહેવાય છે. ઉપાદાનમાં કામ થયા વિના નિમિત્ત કોનું ? સ્વસામર્થ્યરૂપ ક્રિયા ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામે નિમિત્તમાં કાળભેદ નથી, પોતે જ્ઞાન કરે તો આંખને અને ચશ્માંને નિમિત્ત કહેવાય.

કોઈ દ્રવ્યની એક સમયની અવસ્થા પરથી માનવામાં આવે તો તેનું વર્તમાન ન રહ્યું. એક સમયનું વર્તમાન નહિ માનતાં ત્રણે કાળના વર્તમાન વિનાનું દ્રવ્ય થતાં દ્રવ્યનો નાશ થાય છે. વિદ્યાર્થીને અભ્યાસમાં પ્રકાશ ને ઉપાધ્યાય નિમિત્ત છે, પણ વિદ્યાર્થીમાં ભણવાની તાકાત ન હોય તો ઉપાધ્યાય ને પ્રકાશ શું કરે ? લાકડા પાસે ઉપાધ્યાય ને પ્રકાશ રાખો તો લાકડાને જ્ઞાન ચડશે નહિ કારણ કે લાકડામાં જ્ઞાન નથી તેથી જ્ઞાન પ્રગટતું નથી, તેથી પ્રકાશ ને ઉપાધ્યાય લાકડાને નિમિત્ત કહેવાતા નથી, પણ વિદ્યાર્થી પોતાના કારણે જ્ઞાન પ્રગટ કરે છે તો પ્રકાશ તથા ઉપાધ્યાયને નિમિત્ત કહેવાય છે. માટે નક્કી કર કે જ્ઞાન પોતાથી પ્રગટ થાય છે. જ્ઞાનનું પરિણમન પોતાના કારણે ન હોય ને બાહ્ય શરીર સારું હોય તોપણ શું કરે ? પણ આ જ્ઞાની જીવ અંતર્મુખ શ્રદ્ધા કરતો નથી ને બહિર્મુખ શ્રદ્ધા છોડતો નથી.

થાળી આધાર ને લાડવો આધેય છે એવી રીતે દ્રવ્ય ને ગુણ નથી. થાળી ને લાડવો સર્વથા જુદાં છે, તેમ દ્રવ્ય ને ગુણ સર્વથા જુદાં નથી. શરીર, મન, વાણી આત્માથી સર્વથા જુદાં છે, માટે શરીર, મન, વાણી ધર્મના આધારરૂપ નથી. જ્ઞાન–દર્શનનો આધાર આત્મા છે. આધાર આત્મા ને આધેય જ્ઞાન–દર્શનની પર્યાય—એમ નામભેદ પડ્યા પણ પ્રદેશભેદ નથી.

''गुण – गुणी वे ही कहाते हैं जिनके प्रदेशोंकी एकता होय। ज्ञान और ज्ञानीमें संयोगसंबंध नहीं है, तन्मयभाव है।''

જેના પ્રદેશોની એકતા છે તેને ગુણ–ગુણીની એકતા કહે છે. જ્ઞાનને અને આત્માને સંયોગસંબંધ નથી, તન્મયભાવ છે. ગોળ ગુણી છે અને ગળપણ ગુણ છે. નામભેદ છે વસ્તુ જુદી નથી, પ્રદેશો જુદા નથી. તેમ આત્મા અને જ્ઞાન, આનંદ, વીર્ય વગેરે શક્તિઓનાં નામ જુદાં છે પણ શક્તિ ને શક્તિવાન જુદાં નથી, આત્મા અને કર્મ, વાણી જુદાં છે, તેને પૃથકતા છે—એકતા નથી એમ પરથી ભેદજ્ઞાન કરાવે છે.

અજ્ઞાની જીવ કહે કે શરીર નીરોગી હોય, વાણી શ્રવણરૂપે હોય તો ધર્મ થાય પણ તે બરાબર નથી. જુદી ચીજથી ધર્મ થાય નહિ. આત્મા અને શરીર એમ કહેતાં બે ચીજ સાબિત થાય છે. આ છે, એમ કહેવું ને પાછું તે મારું છે એમ કહેવું તે વિરોધ છે. 'હું' એમ કહેતાં પરને લીધે હું નથી, પર કહેતાં પર પરને લીધે છે, મારે લીધે નહિ; બે કહેતાં એકબીજામાં અભાવ સાબિત થાય છે. શરીરને લીધે હું ને મારે લીધે શરીર એમ માનવામાં આવે તો બે ચીજ રહેતી નથી. બન્ને ચીજો પૃથક્ છે. જે વર્તમાન પૃથક્ છે તે ત્રિકાળ પૃથક્ છે ને જે ત્રિકાળ પૃથક્ છે તે વર્તમાન પૃથક્ છે.

વળી કોઈ કહે કે સંયોગો અનુકૂળ હોય તો સ્વભાવને લાભ થાય, તો એમ માનનાર સંયોગ તથા સ્વભાવને એકરૂપ માને છે. 'સંયોગોમાં મુકાણો' એમ કહે છે એનો અર્થ શો ? સંયોગો તે પર છે ને હું તેથી જુદો છું. સંયોગ સાથે એકમેક થયો નથી, સંયોગ એટલે એકતા નહિ પણ પૃથકતા છે. પોતે સ્વભાવનો કર્તા છે. પણ સંયોગનો નથી, આવી અંતર સમજણ વિના પરથી પાછો ફરે નહિ.

વળી કોઈ એમ દલીલ કરે છે કે જ્યાં બેસવું હોય ત્યાં જગ્યા સાફ કરવી જોઈએ ને વ્યવસ્થા કરવી જોઈએ તો શાંતિથી બેસાય, તેમ જે ક્ષેત્ર ને સમાજમાં પોતે ઊભો છે ત્યાં બરાબર વ્યવસ્થા રાખે તો શાંતિ રહે ને ? સમાધાન : ભાઈ, સાંભળ. બહારના સંયોગો તથા સમાજ અને તું એક છે કે જુદા ? જો એનાથી તને શાંતિ હોય તો તું શાંતિ વગરનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાલી થઈ ગયો ને તારી શાંતિ પર સંયોગને લીધે હોય તો સંયોગ ને તું એક થઈ ગયા, પૃથક્ રહેતા નથી, પણ તે બરાબર નથી.

પાણીનું તરંગ ને પવન તદ્દન જુદા છે, પવનથી પાણીનું તરંગ નથી. પાણીનું તરંગ ને પાણી જુદાં નથી, તેમ બૈરાં–છોકરાં, શરીર, બહારના પદાર્થો ને તું તદ્દન જુદા છો, તેથી તે પરચીજને લીધે તારો જ્ઞાનપર્યાય થાય એમ બનતું નથી પણ તારો જ્ઞાનપર્યાય તારા આધારે છે.

શરીર સારું હોય તો ધર્મ થાય ને શ્રવણ હોય તો ધર્મ ને જ્ઞાન વધે એમ જગતને ભ્રમણા છે. ભાઈ, શ્રવણ તને જ્ઞાન કરાવે છે ? જો શ્રવણ સાથે આત્માને એકતા હોય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ. જે જેટલી એકાગ્રતા કરે તેટલું જ્ઞાન થાય છે તો શ્રવણને નિમિત્ત કહેવાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે નિમિત્ત થવું ખરું ને ? **સમાધાન :** કોનું નિમિત્ત ? નૈમિત્તિકમાં કાર્ય થયા વિના નિમિત્ત ઉપર આરોપ આવતો નથી, હજી જ્ઞાનની અવસ્થા થઈ નથી ત્યાં નિમિત્ત કોનું ? ને જ્યારે જ્ઞાનની અવસ્થા થાય છે ત્યારે શ્રવણને નિમિત્ત કહેવાય છે, તો નિમિત્તે નૈમિત્તિકમાં શું કર્યું ? આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, તે કાયમ રહીને સમયે સમયે જ્ઞાનનું પરિણમન થયા કરે છે, પ્રથમ વિશ્વાસ ન હતો ને શ્રવણ પછી વિશ્વાસ આવ્યો એ પણ ભ્રમણા છે. જ્ઞાન ને વિશ્વાસની ક્રિયા પોતામાં પોતાના કારણે થાય છે, કારણ કે ગુણને અને આત્માને એકતા છે.

જે જીવ પોતાનાં જ્ઞાન ને શાંતિ બહારથી આવે છે એમ માને છે તે હંમેશાં પર સામે જુએ છે, તેને અંતરમાં વળવાનો અવકાશ રહેતો નથી, બહારથી શાંતિ કદી આવે નહિ ને તેને કદી શાંતિ થાય નહિ.

જ્ઞાનને અને આત્માને સંયોગસંબંધ નથી પણ તન્મયભાવ છે. જ્ઞાનની જેમ બધા ગુણ–પર્યાયને આત્મા સાથે તન્મયભાવ છે. કર્મ, શરીર, ને આત્મા સાથે તન્મયભાવ નથી. વિકારને અને આત્માને એક સમયનો તન્મયભાવ છે, ત્રિકાળી તન્મયભાવ નથી, આમ પરથી જુદો પડી, વિકાર ક્ષણિકથી જુદો પડી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લ્યે તો ધર્મ થાય છે.

વળી કોઈ જીવ કહે કે આપણે ધ્યાન કરીએ ને શાંતિ મેળવીએ. ભાઈ, ધ્યાન શેમાં કરીશ ? ધ્યાન એટલે ધ્યેયને લક્ષમાં લઈને એકાગ્ર થવું તે છે. ધ્યેય શું છે તેની તને ખબર નથી, પોતાની શક્તિ પોતાથી પ્રગટે છે એવી સમજણ વગર ધ્યાન થશે નહિ. શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રાદિ શક્તિઓ શક્તિવાનમાંથી પ્રગટે છે, એવું જ્ઞાન થયા વિના જ્ઞાનનો વિષય સ્વ થશે નહિ, ધ્યેય વિના ધ્યાન થશે નહિ. સ્વયંસિદ્ધ તત્ત્વની કબૂલાત વિના જ્ઞાનનું ખોટાપણું નહિ, ખોટું જ્ઞાન સુખને આપે નહિ.

લીંડીપીપરમાં શક્તિ છે તે વ્યક્ત થાય છે, પથરાને લીધે તે વ્યક્ત થતી નથી. પથરો અને લીંડીપીપર વચ્ચે અભાવનો મોટો આંતરો છે, પથરો લીંડીપીપરને અડ્યો નથી. અભાવ શું મદદ કરે ? પથરો દૂર હોય ત્યારે અભાવ ભાસે છે પણ પથરો લીંડીપીપરની નજીક એટલે આકાશ ક્ષેત્રે નજીક આવતાં પથરાને લીંડીપીપર વચ્ચેનો અભાવ અજ્ઞાનીને ભાસતો નથી, એ ભ્રમ છે. અજ્ઞાનીને સંયોગદૃષ્ટિ છે. પુસ્તકાદિ બહારના પદાર્થ છે, તેનો તારામાં અભાવ છે, પુદ્ગલ પરમાણુઓ પણ તારામાં અભાવરૂપ છે. પણ તે પુદ્ગલ પરમાણુ જ્યાં સુધી દૂર હતા ત્યાં સુધી અભાવ ભાસતો હતો પણ તે પરમાણુઓ પલટીને શરીર ને કર્મરૂપે થઈને જ્યાં આત્માની નજીક આવ્યા એટલે કે આકાશના એક ક્ષેત્રે નજીક આવ્યા ત્યાં અજ્ઞાનીને એકતા ભાસે છે. નજીક આવતાં જાણે કે આત્મા ને શરીર એક થઈ ગયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તેમ તેને ભાસે છે. દૂર રહે તો બે પદાર્થો જુદા છે ને નજીક રહે તોપણ જુદા છે, બે થઈને એકનું કામ કરે તો પૃથક્ રહેતા નથી માટે શરીર ને કર્માદિથી આત્મા પૃથક્ છે ને જ્ઞાનાદિ ગુણોથી તન્મય છે. એમ પરથી અભાવરૂપ રહી સ્વમાં એકત્વબુદ્ધિ કરવી તે ધર્મ છે. ૪૮.

---

**ण हि सो समवायादो अत्थंतरिदो दु णाणदो णाणी।**
**अण्णाणीति य वयणं एगत्तप्पसाधगं होदि ॥ ४९ ॥**

**न हि सः समवायादर्थांतरितस्तु ज्ञानतो ज्ञानी।**
**अज्ञानीति च वचनमेकत्वप्रसाधकं भवति ॥ ४९ ॥**

**રે ! જીવ જ્ઞાનવિભિન્ન નહિ સમવાયથી જ્ઞાની બને;**
**'અજ્ઞાની' એવું વચન તે એકત્વની સિદ્ધિ કરે. ૪૯.**

**અન્વયાર્થ :** [ज्ञानतः अर्थांतरितः तु] જ્ઞાનથી અર્થાંતરભૂત [सः] એવો તે (આત્મા) [समवायात्] સમવાયથી [ज्ञानी] જ્ઞાની થાય છે [न हि] એમ ખરેખર નથી. [अज्ञानी] 'અજ્ઞાની' [इति च वचनम्] એવું વચન [एकत्वप्रसाधकं भवति] (ગુણ–ગુણીના) એકત્વને સિદ્ધ કરે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं व्यपदेशादिव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं। अथ ज्ञानज्ञानिनोरत्यंतभेदे सति समवायसंबंधेनाप्येकत्वं कर्तुं नायातीति प्रतिपादयति, – **सो** स जीवः कर्ता **ण हि णाणी** ज्ञानी न भवति हि स्फुटं। कस्मात्सकाशात् ? **समवायादो** समवायसंबंधात्। कथंभूतः सन् ? **अत्थंतरिदो दु** अर्थांतरितस्त्वेकांतेन भिन्नः। कस्मात्सकाशात् ? **णाणादो** ज्ञानात्। **अण्णाणित्ति य वयणं एयत्तपसाहगं होदि** अज्ञानी चेति वचनं गुणगुणिनोरेकत्वप्रसाधकं भवतीति। तद्यथा—ज्ञानसमवायात्पूर्वं जीवो ज्ञानी किंवाऽज्ञानीति विकल्पद्वयमवतरति। तत्र यदि ज्ञानी तदा ज्ञानसमवायो व्यर्थो, यतो ज्ञानित्वं पूर्वमेव तिष्ठति, अथवाऽज्ञानी तत्रापि विकल्पद्वयं किमज्ञानगुणसमवायादज्ञानी किं स्वभावेन वा ? न तावदज्ञानगुणसमवायादज्ञानिनो जीवस्याज्ञानगुणसमवायो वृथा येन कारणेनाज्ञानित्वं पूर्वमेव तिष्ठति अथवा स्वभावेनाज्ञानित्वं तथैव ज्ञानित्वमपि स्वभावेनैव गुणत्वादिति। अत्र यथा मेघपटलावृत्त दिनकरे पूर्वमेव प्रकाशस्तिष्ठति पश्चात्पटलविघटनानुसारेण प्रकटो भवति तथा जीवे निश्चयनयेन क्रमकरणव्यवधानरहितं त्रैलोक्योदरविवरवर्तिसमस्तवस्तुगतानंतधर्मप्रकाशकमखंडप्रतिभासमयं केवलज्ञानं पूर्वमेव तिष्ठति, किंतु व्यवहारनयेनानादिकर्मावृत्तः सन्न ज्ञायते, पश्चात्कर्मपटलविघटनानुसारेण प्रकटं भवति, न च जीवाद्बहिर्भूतं ज्ञानं किमपीति पश्चात्समवायसंबंधबलेन जीवे संबद्धं न भवतीति भावार्थः ॥४९ ॥

**समयव्याख्या : ज्ञानज्ञानिनोः समवायसंबंधनिरासोऽयम्। न खलु ज्ञानादर्थान्तरभूतः पुरुषो ज्ञानसमवायात् ज्ञानी भवतीत्युपपन्नम्। स खलु ज्ञानसमवायात्पूर्वं किं ज्ञानी किमज्ञानी ? यदि ज्ञानी तदा ज्ञानसमवायो निष्फलः। अथाज्ञानी तदा किमज्ञानसमवायात्, किमज्ञानेन सहैकत्वात् ? न तावदज्ञानसमवायात् अज्ञानिनो ह्यज्ञानसमवायो निष्फलः, ज्ञानित्वं तु ज्ञानसमवायाभावान्नास्त्येव। ततोऽज्ञानिति वचनमज्ञानेन सहैकत्वमवश्यं साधयत्येव। सिद्धे चैवमज्ञानेन सहैकत्वे ज्ञानेनाऽपि सहैकत्वमवश्यं सिध्यतीति ॥ ४९ ॥**

**અનુવાદ : આ, જ્ઞાન અને જ્ઞાનીને સમવાયસંબંધ હોવાનું નિરાકરણ (ખંડન) છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનથી અર્થાંતરભૂત આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થાય છે એમ માનવું ખરેખર યોગ્ય નથી. (આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થતો માનવામાં આવે તો અમે પૂછીએ છીએ કે) તે (આત્મા) જ્ઞાનનો સમવાય થયા પહેલાં ખરેખર જ્ઞાની છે કે અજ્ઞાની ? જો જ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો જ્ઞાનનો સમવાય નિષ્ફળ છે. હવે જો અજ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો (પૂછીએ છીએ કે) અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની છે કે અજ્ઞાનની સાથે એકત્વથી અજ્ઞાની છે ? પ્રથમ, અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની હોઈ શકે નહિ; કારણ કે અજ્ઞાનીને અજ્ઞાનનો સમવાય નિષ્ફળ છે અને જ્ઞાનીપણું તો જ્ઞાનના સમવાયનો અભાવ હોવાથી છે જ નહિ. માટે 'અજ્ઞાની' એવું વચન અજ્ઞાનની સાથે એકત્વને અવશ્ય સિદ્ધ કરે છે જ. અને એ રીતે અજ્ઞાનની સાથે એકત્વ સિદ્ધ થતાં જ્ઞાનની સાથે પણ એકત્વ અવશ્ય સિદ્ધ થાય છે. ૪૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૫, રવિવાર]

જેને ધર્મ કરવો હોય તેણે ગુણી આત્મા ક્યાં છે તે શોધવો જોઈએ. ગુણ અને ગુણી જેમ નામથી જુદા છે તેમ તેના પ્રદેશો જુદા હશે ? જેમ કર્મ, મન, વાણીનું ક્ષેત્ર જુદું છે તેમ આત્મા અને ગુણોનું ક્ષેત્ર જુદું હશે ને પછી તે ભેગા થયા હશે ? લાકડું ને લાખ જેમ ભેગાં થાય છે તેમ જ્ઞાન ને આત્મા પાછળથી ભેગા થયા હશે ? એવી જે માન્યતા ધરાવે છે તેનો નિષેધ આ ગાથામાં કરે છે.

"यह निश्चयसे चैतन्यस्वरूप आत्मा अपने मिलापसे ज्ञानगुणसे भिन्न स्वरूप तो नहीं है क्योंकि आत्मा अज्ञानगुणसंयुक्त है यह कथन गुण – गुणीमें एकताका साधनहारा होता है।"

આત્મા ખરેખર ચૈતન્યસ્વરૂપ છે, તે તેના જ્ઞાનાદિ ગુણોથી જુદો નથી. શરીર, કર્મ વગેરેથી પૃથક્ છે. આત્મા જેનાથી જુદો છે તેને અજ્ઞાની ભેગા માને છે ને જ્ઞાન–દર્શનાદિ બહારથી પ્રગટે છે એમ માની જ્ઞાનને જુદું માને છે તે ભ્રાંતિ છે. પણ જ્ઞાનાદિ પોતાથી જુદા નથી. વળી કોઈ કહે કે જ્ઞાનાદિ જુદા હતા અને પાછળથી ભેગા થયા તો એમ પણ નથી, કારણ કે જ્યારે જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાન હતું. તે અજ્ઞાન પણ તેનો ભાવ હતો. દુઃખરૂપ ભાવ, ઊંધી શ્રદ્ધા વગેરે ભાવ પણ આત્માનો ભાવ છે. પણ તે ભાવ પરને લીધે સિદ્ધ થતો નથી. ગુણસહિતનો ભાવ કે ગુણરહિતનો ભાવ આત્માનો છે એમ નક્કી કરતાં ગુણ–ગુણીની એકતા સાબિત થાય છે.

**ભાવાર્થ :** આત્માને અને જ્ઞાનગુણને પ્રદેશભેદરહિતની એકતા છે. આત્મા અસંખ્યપ્રદેશી છે ને ગુણો પણ ત્યાં રહેલા છે. તેના પ્રદેશો જુદા નથી. જે જીવ શરીરથી ધર્મ માને છે, જ્ઞાન સંયોગથી પ્રગટે છે એમ માને છે તેણે જ્ઞાન ને ધર્મ પોતાના આત્માથી જુદા માન્યા, ગુણ–ગુણીને એક માન્યા નહિ. પોતાના ધર્મ માટે બહારમાં શોધ કરવી પડે તેમ નથી પણ પોતામાં જ ધર્મ થાય છે.

હવે કોઈ કહે કે 'જ્ઞાન ને આત્મા જુદા છે' તો તેને પૂછવામાં આવે છે કે જ્ઞાનનો સંબંધ આત્માને પૂર્વે ન હતો ત્યારે આત્મા જ્ઞાની હતો કે અજ્ઞાની ? જો તમો કહો કે આત્મા જ્ઞાની હતો તો પછી જ્ઞાન ને આત્મા જુદા છે એવું કથન કરવાની જરૂર નથી. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ જ છે ને એવી દૃષ્ટિ કરો તો ધર્મ થાય.

અથવા તમો કહો કે 'પહેલાં અજ્ઞાની હતો ને પાછળથી જ્ઞાનનો સંબંધ થવાથી જ્ઞાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો. જેમ લાકડીને લાખ ચોંટાડવામાં આવે તેમ જ્ઞાનનો સંબંધ પાછળથી થયો તેથી જ્ઞાની થયો.'

તો પૂછવામાં આવે છે કે આત્મા જ્યારે અજ્ઞાની હતો ત્યારે અજ્ઞાનગુણના સંબંધથી અજ્ઞાની હતો કે અજ્ઞાનગુણથી એકમેક હતો ? જો તમો તેનો જવાબ એમ આપો કે 'અજ્ઞાનગુણના સંબંધથી અજ્ઞાની હતો' તો કહેવામાં આવે છે કે તે પહેલેથી તો અજ્ઞાની હતો જ. અજ્ઞાનના સંબંધથી કાંઈ પ્રયોજન નથી માટે તે સ્વભાવથી જ અજ્ઞાની થયો. શરીર, કર્માદિ પરપદાર્થ મારા માની પોતે અજ્ઞાની થયો છે. તે અજ્ઞાન કોઈ પરના કારણે નથી, પણ પોતાની ભૂલના કારણે છે.

માટે એ વાત નક્કી થાય છે કે જ્ઞાનગુણને આત્મા સાથે પ્રદેશભેદરહિત એકતા માનવામાં આવે તો આત્માને અજ્ઞાનભાવ સાથે એકભાવ માનવામાં આવે, ને તો અજ્ઞાનીપદ નક્કી થાય છે. જ્ઞાન અથવા અજ્ઞાન પોતામાં રહે છે, તે બહારને લીધે નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ, પરિપૂર્ણ છે તેવી દૃષ્ટિ ચૂકે છે તો અજ્ઞાન પોતામાં થાય છે. ને આત્માનું ભાન કરે તો જ્ઞાન પણ પોતામાં થાય છે, પરથી થતું નથી, પરમાંથી આવતું નથી. આ કારણસર જ્ઞાન અને આત્માને અનાદિથી એકતા છે, તે કદી પૃથક્ થતા નથી.

જ્ઞાનને અને આત્માને એવી એકતા છે કે જ્ઞાનના અભાવથી આત્માનો અભાવ થઈ જાય. જેમ ગળપણના નાશથી ગોળનો નાશ થાય છે તેમ જ્ઞાનના નાશથી આત્માનો નાશ થાય છે પણ એમ કદી બનતું નથી. આત્માનો નાશ કદી થતો નથી, પણ અજ્ઞાનીને પોતાની દૃષ્ટિમાં આત્મા આવતો નથી.

અથવા જો એમ માનવામાં આવે તો આત્મા અજ્ઞાનભાવની એકતાથી અવશ્યમેવ અજ્ઞાની થાય છે. જો આત્મા સમ્યગ્દર્શનથી એકમેક નથી તો મિથ્યાદર્શનથી એકમેક છે. જો આત્મા સમ્યગ્જ્ઞાનથી એકમેક નથી તો મિથ્યાજ્ઞાનથી એકમેક છે. જો આત્મા ચારિત્રથી એકમેક નથી તો મિથ્યાચારિત્રથી એકમેક છે. જો આત્મા પંડિતવીર્યથી એકમેક નથી તો બાળવીર્યથી એકમેક છે. આત્મા ત્રિકાળી છે, તેના ગુણો શુદ્ધ છે ને તેની પર્યાયમાં ભાન કરે તો નિર્મળપર્યાયથી એકમેક છે ને ભાન ન કરે તો અજ્ઞાનાદિ વિપરીતપર્યાયથી એકમેક છે.

અથવા એમ કહે કે અજ્ઞાનનો નાશ કરી આત્મા જ્ઞાની થયો છે તો તે કથન કર્મનો નિમિત્ત-સંબંધ બતાવી વ્યવહારનયથી જાણવું. આત્માનું ભાન કરી, અજ્ઞાન નાશ કર્યું ને કર્મનો અભાવ થયો તે નિમિત્તથી કથન છે. પણ તેથી અજ્ઞાનભાવ આત્માથી જુદો છે એમ વાત આવતી નથી. અજ્ઞાન ટળ્યું ને જ્ઞાન નવું આવીને ચોંટ્યું એવો એનો અર્થ નથી. જ્ઞાનની વિપરીત અવસ્થા ટળી ને કર્મ પણ નિમિત્તરૂપે ટળી ગયું અને જ્ઞાનની સવળી અવસ્થા પ્રગટ થઈ ને કર્મ ટળી ગયું. પણ જ્ઞાન નવું આવે છે તેમ સાબિત થતું નથી. જીવ વિકાર કરે તો પોતાના ભાવમાં છે ને જ્ઞાન કરે તોપણ પોતામાં કરે છે. ચિંતાનું સ્થાન પણ પોતામાં છે ને ચિંતાનો અભાવ પણ પોતામાં થાય છે, પરમાં કે પરના અવલંબને થતો નથી.

હવે દૃષ્ટાંતથી સમજાવે છે. જેવી રીતે સૂર્ય વાદળાંથી આચ્છાદિત થવાથી પ્રભારહિત કહેવામાં આવે છે, પરંતુ સૂર્ય પોતાના સ્વભાવથી તે પ્રભાથી કોઈ કાળે જુદો હોતો નથી. વાદળાંના ઓછાવત્તા થવાથી તેની પ્રભામાં હીનાધિકપણું કહેવામાં આવે છે. તેવી રીતે આત્મા અનાદિથી પુદ્ગલકર્મ તરફના વલણભાવથી અજ્ઞાની થઈ રહ્યો છે, પરંતુ તે પોતાની સ્વાભાવિક અખંડ કેવળજ્ઞાનશક્તિથી કોઈ કાળમાં જુદો નથી. કર્મની નિમિત્તતાથી જ્ઞાનની હીનતા–અધિકતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે.

દૃષ્ટાંત એકદેશ મળતો આવે, બધી રીતે મળતો ન આવે. આ દૃષ્ટાંત આપી એકમતવાળા કેવળજ્ઞાનને સત્તારૂપ એટલે પ્રગટરૂપ માને છે. ''જેવી રીતે સૂર્ય પ્રગટ જાજ્વલ્યમાન છે પણ ઉપર વાદળાં આવી જવાથી તેની કાન્તિ ઓછી–વત્તી દેખાય છે તેમ આત્મામાં કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટરૂપ–સત્તારૂપ છે, પણ તેના ઉપર કર્મરૂપી વાદળાં આવી જવાથી જ્ઞાન ઓછું–વત્તું દેખાય છે'' એમ કેટલાક માને છે પણ તે વાત ખોટી છે. ''જેમ અગ્નિ ભડકારૂપ ને ઉપર રાખ ઢાંકેલી છે અથવા દીવો પ્રગટ પડેલો હોય ને ઉપર ટોપલો ઢાંકી દેવાથી દીવો દેખાતો નથી તેમ કેવળજ્ઞાનરૂપી દીવો પ્રગટેલો છે, તેના ઉપર કર્મરૂપી રાખ અથવા ટોપલો ઢાંકેલો છે ને જેવી રીતે રાખ અથવા ટોપલો લઈ લેવાથી અગ્નિ અથવા દીવો જાજ્વલ્યમાન દેખાય છે અથવા વાદળાં ખસી જવાથી સૂર્ય પ્રગટ દેખાય છે તેમ કર્મ ખસેડવાથી અથવા નાશ કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. માટે કર્મનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ને તે કર્મનો નાશ કરવા વ્રત, તપ, પૂજા વગેરે સાધન છે'' એમ એક સંપ્રદાય કહે છે પણ તે વાત બધી ખોટી છે.

**તેનું સમાધાન :** વસ્તુસ્વરૂપ એમ નથી. અહીં વાદળાંનો જે દાખલો આપવામાં આવ્યો છે તે જ્ઞાનની હીણી પર્યાયમાં કર્મ નિમિત્ત છે ને જ્ઞાન પૂર્ણ થઈ જતાં કર્મનો અભાવ થાય છે એમ વાદળાં ઉપરથી કર્મનું નિમિત્તપણું બતાવીને જ્ઞાનની હીણી પર્યાય કે પૂર્ણ પર્યાય હોય તે આત્માનો પોતાનો ભાવ છે તે બતાવવા માટે છે. હીણી પર્યાય પરને લીધે નથી ને અજ્ઞાન નાશ થઈને જ્ઞાન પ્રગટે તો જ્ઞાન બહારથી આવતું નથી પણ પોતાની શ્રદ્ધા સાચી થતાં પોતામાંથી પ્રગટે છે એમ બતાવવું છે. અજ્ઞાનભાવ કે જ્ઞાનભાવ પોતાનો ભાવ છે એમ બતાવી જીવાસ્તિકાયનું સ્વરૂપ તેમ જ ગુણ–ગુણીની એકતા બતાવવી છે. કેવળજ્ઞાન અંદર ભડકારૂપે પ્રગટ છે ને ઉપર કર્મનો ટોપલો આડો આવી ગયો છે એવો તેનો અર્થ નથી. આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાની શક્તિ છે, તેને ઘસવાથી ભડકો થાય છે તેમ આત્મામાં કેવળજ્ઞાન ટોપકાની જેમ શક્તિરૂપે છે. આત્મામાં શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક એકાગ્ર થવાથી કેવળજ્ઞાનરૂપી ભડકો થાય છે. અહીં વર્તમાન જ્ઞાનપર્યાય ઓછી–વત્તી થાય છે તેમાં કર્મનું નિમિત્ત છે એમ સમજાવવા કહેલ છે. પણ કર્મનો નાશ કરો તો અંદર કેવળજ્ઞાન પ્રગટરૂપ જ છે એમ એનો અર્થ નથી.

વળી અજ્ઞાની કહે છે કે ''જેમ કમળ ખીલેલું હોય ને ઉપર ટોપલો ઢાંકી દીધો હોય તે ટોપલો લઈ લેવાથી ખીલેલું કમળ દેખાય, તેમ કેવળજ્ઞાન અંદર વ્યક્ત ખીલેલું છે ને ઉપર કર્મનો ટોપલો છે તે કર્મનો ટોપલો ખસી જવાથી કેવળજ્ઞાન દેખાય છે'' પણ તે વાત સાચી નથી. જેમ કમળની કળી સંકોચાયેલી હોય છે ને તે કળી પોતાની ખીલવાની તાકાતથી પૂર્ણ કમળરૂપે ખીલે છે તેમ આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે પણ પર્યાયમાં કળીની જેમ સંકોચાયેલું છે ને પોતાના આત્મામાં એકાગ્ર થવાથી જે શક્તિરૂપ છે તે પર્યાયમાં કેવળજ્ઞાનરૂપે ખીલેલા કમળની જેમ પ્રગટ થાય છે. અજ્ઞાનરૂપ પર્યાય કરે કે કેવળજ્ઞાનરૂપ પર્યાય કરે તે પોતાના સ્વભાવ સાથે એકમેક છે એમ અહીં આખું અસ્તિકાય સિદ્ધ કરવું છે.

જુઓ, આ મુદ્દાની વાત છે માટે ધ્યાન રાખવું.

૧. એક સંપ્રદાય કહે છે કે કેવળજ્ઞાન સત્તારૂપે છે પણ તે વાત ખોટી છે. કેવળજ્ઞાન પ્રગટરૂપ નથી પણ દીવાસળીના ટોપકાની જેમ શક્તિરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. એક સંપ્રદાય કહે છે કે કર્મોનાં આવરણો ટળે તો કેવળજ્ઞાન પ્રગટે પણ તે વાત ખોટી છે. કર્મો જડ છે, તેને ખેસવી શકાતા નથી પણ પોતાના આત્મામાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે ને કર્મો સ્વયં ટળી જાય છે.

૩. એક સંપ્રદાય કહે છે કે કર્મોને ટાળવા માટે તપશ્ચર્યા કરો, પૂજા કરો. જેમ વાસણ મેલું હોય તો તેનો મેલ કાઢવા માટે કાથી વડે તેને ઘસવું પડે તેમ કર્મરૂપી મેલ કાઢવા માટે પૂજા, તપશ્ચર્યાદિ કરવાં, પણ તે વાત યથાર્થ નથી. પોતાના આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રથી રાગ–દ્વેષ ને અજ્ઞાનનો નાશ થઈને કર્મ સ્વયં ટળી જાય છે.

૪. આવી રીતે એક સંપ્રદાય કર્મ ટાળવાની વાત કરે છે એટલે કે નિમિત્તથી અથવા વ્યવહારથી શરૂઆત કરે છે, જ્યારે સાચી વસ્તુ એમ છે કે પોતાના આત્માનો પુરુષાર્થ કરવાથી કર્મ એની મેળે ટળી જાય છે. આમ ઉપાદાન સહિત નિમિત્તને માનવું તે યથાર્થ છે.

૫. નિશ્ચય વિનાનો વ્યવહાર ખોટો છે ને ઉપાદાન વિના નિમિત્ત નિમિત્ત નામ પામતું નથી.

૬. વળી કર્મ ટળે તો કેવળજ્ઞાન થાય એમ માનવામાં આવે તો આત્માથી કેવળજ્ઞાન થાય તે વાત રહેતી નથી. એટલે વ્યવહારે નિશ્ચયનું કાંમ કર્યું અથવા નિમિત્તે ઉપાદાનનું કામ કર્યું. એમ માનનારને નિશ્ચય તો નથી જ પણ તેનો વ્યવહાર અથવા નિમિત્ત પણ સાચું નથી એટલે કે તેના નિશ્ચય ને વ્યવહાર બન્ને ખોટા છે.

૭. માટે સત્ય વાત એ છે કે આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન ને લીનતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટે છે એ નિશ્ચય છે ને કર્મનો તેના કારણે સ્વયં અભાવ થાય છે તે વ્યવહાર છે. આમ નિશ્ચય ને વ્યવહારનું સ્વરૂપ છે અથવા ઉપાદાન ને નિમિત્તનું સ્વરૂપ છે. આમ જીવોએ યથાર્થ શ્રદ્ધા કરવી જોઈએ.

એટલે અહીં જીવ અજ્ઞાનરૂપે પરિણમે અથવા ઓછા-વત્તા જ્ઞાનરૂપે પરિણમે તેમાં કર્મનું નિમિત્ત બતાવ્યું ને કેવળજ્ઞાનરૂપે પરિણમે તો કર્મનો અભાવ કહ્યો. પણ ઓછા જ્ઞાનરૂપે પરિણમવું કે કેવળજ્ઞાનરૂપે પરિણમવું તે પોતાનો ભાવ છે, તે કર્મને લીધે નથી. આમ પોતાનું જ્ઞાન પોતામાંથી પ્રગટે છે એમ જ્ઞાન કરી, ગુણ–ગુણીની એકતા કરે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ધર્મ પ્રગટે છે ને વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૬, સોમવાર]

આત્મા ગુણી ને તેના ગુણો એકમેક છે, ગુણો જુદા હતા ને પાછળથી જોડાઈ ગયા એમ નથી. જ્ઞાનાદિ ગુણો આત્માથી જુદા હોય તો જ્ઞાન વિનાનો આત્મા અચેતન થઈ જાય ને એકલા ગુણ આત્મા વિનાના અચેતન થઈ જાય. એટલે અહીં ગુણ–ગુણીની એકતા બતાવે છે. પ્રથમ દૃષ્ટાંતથી સમજાવે છે.

સૂર્ય તેની પ્રભાથી જુદો નથી. પ્રભા શક્તિ છે ને સૂર્ય શક્તિવાન છે. વાદળાંની ઉપાધિના નિમિત્તે પ્રભાનું હીનાધિકપણું કહેવામાં આવે છે પણ પ્રભાનો ભાવ ન રહે તેમ બને નહિ. અહીં ભાવ અને ભાવવાન જુદા નથી એમ સિદ્ધ કરવું છે. તે દૃષ્ટાંતે શુદ્ધ ચૈતન્ય તે સ્વભાવ ને આત્મા સ્વભાવવાન—તે બન્ને એકમેક છે. અજ્ઞાની માને છે કે કર્મ મને હેરાન કરે છે. તે અજ્ઞાનભાવ કાંઈ પરમાં નથી પણ પોતાના જીવાસ્તિકાયમાં છે. હીણું પરિણમન થાય તે પણ જીવનો ભાવ છે. કેવળજ્ઞાન શક્તિરૂપે છે પણ પોતાની નબળાઈથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હીણું પરિણમન છે.

કેટલાક કહે છે કે વાળને જેમ ખેંચીને કાઢી નખાય છે તેમ કર્મને ખેંચી કાઢો ! ભાઈ, કર્મ તો પુદ્‌ગલાસ્તિકાય છે, તે અસ્તિકાયને તું કાઢી શકે નહિ. તે મને હેરાન કરે છે એવો અજ્ઞાનભાવ તારામાં છે. પર્યાયમાં અજ્ઞાનભાવ નિશ્ચયથી પોતાનો છે ને કર્મથી અજ્ઞાન કહેવું તે વ્યવહાર છે.

અહીં સૂર્યનું દૃષ્ટાંત આપેલ છે તેનો ખુલાસો ‘મોક્ષમાર્ગપ્રકાશક’માં પણ છે કે આ દૃષ્ટાંત એકપક્ષે લેવું કે જેમ વાદળાં સૂર્યની પ્રભાને રોકવામાં નિમિત્ત છે તેમ જ્ઞાનની દશા હીણી થવામાં કર્મ નિમિત્ત છે. કર્મની નિમિત્તતા બતાવવાનું દૃષ્ટાંત છે પણ જેમ સૂર્ય અંદર સોળે કળાએ પ્રગટેલો છે તેમ આત્મા પૂર્ણ પ્રગટ છે તેમ સમજવું નહિ.

આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે નથી પણ શક્તિરૂપે છે માટે દૃષ્ટાંત એકદેશ સમજવું. લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ સત્તારૂપે નથી પણ શક્તિરૂપે છે, દીવાસળીના ટોપકામાં અગ્નિ સત્તારૂપે નથી પણ શક્તિરૂપે છે, મોરનાં ઈંડામાં સીધો મોર નથી પણ મોર થવાની શક્તિ છે. તેમ કેવળજ્ઞાન શક્તિરૂપે છે. આત્મામાં શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટે છે ને નિમિત્તરૂપે કર્મનો અભાવ થાય છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ ન માને તો અજ્ઞાન–રાગ–દ્વેષ થતાં કર્મ નિમિત્તરૂપે વધે છે ને જેમ છે તેમ સમજે તો કર્મ નિમિત્તરૂપે ઘટે છે ને કેવળજ્ઞાન થતાં કર્મ સર્વથા નાશ પામે છે. ‘‘પ્રગટરૂપ કેવળજ્ઞાન આત્મામાં પડ્યું છે ને કર્મના ટોપલાએ તેને ઢાંકી રાખ્યું છે’’ એવી માન્યતા બરાબર નથી. એમ માનનાર દેવ–ગુરુ–શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે.

વળી કેટલાક જીવો પર જીવની દયાના શુભભાવથી સંસારપરિત થયો એમ કહે છે, તે બરાબર નથી. શુભભાવથી તો શાતાવેદનીય બંધાય પણ તેથી સંસાર ઘટે નહિ. રાગ અને પુણ્યથી સંસાર તૂટે નહિ ને કર્મથી પર્યાય હીણી થાય નહિ. છતાં જે શાસ્ત્ર દયાના શુભભાવથી સંસારપરિત થયાનું કહે તે શાસ્ત્ર સાચાં નથી તેમણે તો ભગવાનના નામે શાસ્ત્રમાં કલ્પિત વાતો નાખી છે.

આ ગાથામાં એમ કહેવું છે કે જ્ઞાનાદિ ગુણો પોતાના આત્માથી જુદા નથી પણ એકમેક છે. કર્મના નિમિત્તે હીનાધિકતા થાય છે, પણ હીનાધિકપણે થવું તે પોતાનો ભાવ છે. આ કારણે ખરેખર આત્મા જ્ઞાનગુણથી જુદો નથી. આનંદ થવો કે દુઃખ થવું, જ્ઞાન થવું કે અજ્ઞાન થવું, સમ્યક્ શ્રદ્ધા થવી કે ખોટી શ્રદ્ધા થવી તે બધો ભાવ તારાથી છે, તે તારા અસ્તિકાયમાં એકાકાર છે. કર્મના સદ્‌ભાવથી દુઃખ કહેવું ને કર્મના અભાવથી સુખ કહેવું તે નિમિત્ત બતાવવા માટે છે. પણ હીનાધિક ભાવ જીવાસ્તિકાયમાં થાય છે.

કર્મ ઉપાધિના વશથી જીવને અજ્ઞાની કહેવામાં આવે છે એટલે કે જે જીવ પોતાના શુદ્ધચૈતન્ય સ્વભાવને તાબે થતો નથી તે પરને તાબે થાય છે તે કર્મને વશ થયો એમ કહેવામાં આવે છે, ને પોતામાં સમજણ કરી સુખ ને જ્ઞાન પ્રગટ કરે તો સુખી ને જ્ઞાની થાય છે ને કર્મના અભાવથી તે સુખી ને જ્ઞાની થયો એમ નિમિત્તથી કહેવામાં આવે છે. કર્મ તો પર છે, કર્મ હોવામાં દુઃખ નથી, કર્મના ન હોવામાં સુખ નથી. દુઃખ કે સુખનું હોવાપણું તારા અસ્તિકાયમાં છે. ભાવ ને ભાવવાન એક છે. કર્મના ઉદયને લીધે અજ્ઞાની ને કર્મના અભાવથી જ્ઞાની—એ વ્યવહારનયનું કથન છે. ૪૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समवत्ती समवाओ अपुधब्भूदो य अजुदसिद्धो य।**
**तम्हा दव्वगुणाणं अजुदा सिद्धि त्ति णिद्दिट्ठा ॥ ५० ॥**

**समवर्तित्वं समवायः अपृथग्भूतत्वमयुतसिद्धत्वं च।**
**तस्माद्द्रव्यगुणानां अयुता सिद्धिरिति निर्दिष्टा ॥ ५० ॥**

**સમવર્તિતા સમવાય છે, અપૃથક્ત્વ તે, અયુતત્વ તે;**
**તે કારણે ભાખી અયુતસિદ્ધિ ગુણો ને દ્રવ્યને. ૫૦.**

**અન્વયાર્થ :** [समवर्तित्वं समवायः] સમવર્તીપણું તે સમવાય છે; [अपृथग्भूतत्वम्] તે જ, અપૃથક્‌પણું [च] અને [अयुतसिद्धत्वम्] અયુતસિદ્ધપણું છે. [तस्मात्] તેથી [द्रव्यगुणानाम्] દ્રવ્ય અને ગુણોની [अयुता सिद्धिः इति] અયુતસિદ્ધિ [निर्दिष्टा] (જિનોએ) કહી છે.

---

**तात्पर्यवृत्ति** : अथ गुण-गुणिनोः कथंचिदेकत्वं विहायान्यः कोऽपि समवायो नास्तीति समर्थयति— **समवत्ती** समवृत्तिः सहवृत्तिर्गुणगुणिनोः कथंचिदेकत्वेनानादितादात्म्यसंबंध इत्यर्थः **समवाओ** स एव जैनमते समवायो नान्यः कोऽपि परिकल्पितः **अपुधब्भूदो य** तदेव गुणगुणिनोः संज्ञालक्षणप्रयोजनादिभेदेपि प्रदेशभेदाभावादपृथग्भूतत्वं भण्यते **अजुदसिद्धा य** तदेव दंडदंडिवद्भिन्नप्रदेशलक्षणयुतसिद्धत्वाभावादयुत-सिद्धत्वं भण्यते **तम्हा** तस्मात्कारणात् **दव्वगुणाणं** द्रव्यगुणानां **अजुदा सिद्धि त्ति** अयुतासिद्धिरिति कथंचिदभिन्नत्वसिद्धिरिति **णिद्दिट्ठा** निर्दिष्टा कथितेति । अत्र व्याख्याने यथा ज्ञानगुणेन सहानादितादात्म्य-संबंधः प्रतिपादितो द्रष्टव्यो जीवेन सह तथैव च यदव्याबाधरूपमप्रमाणमविनश्वरं स्वाभाविकं रागादिदोषरहितं परमानंदैकस्वभावं पारमार्थिकसुखं तत्प्रभृतयो ये अनंतगुणाः केवलज्ञानांतर्भूतास्तैरपि सहानादितादात्म्यसंबंधः श्रद्धातव्यो ज्ञातव्यः तथैव च समस्तरागादिविकल्पत्यागेन निरंतरं ध्यातव्य इत्यभिप्रायः ॥ ५० ॥

**समयव्याख्या : समवायस्य पदार्थान्तरत्वनिरासोऽयम् । द्रव्यगुणानामेकास्तित्वनिर्वृत्तित्वादनादिरनिधना सहवृत्तिर्हि समवर्तित्वम्ः स एव समवायो जैनानाम्ः तदेव संज्ञादिभ्यो भेदेऽपि वस्तुत्वेनाभेदादपृथग्भूतत्वम्, तदेव युतसिद्धिनिबंधनस्यास्तित्वान्तरस्याभावादयुतसिद्धत्वम् । ततो द्रव्यगुणानां समवर्तित्वलक्षण-समवायभाजामयुतसिद्धिरेव, न पृथग्भूतत्वमिति ॥ ५० ॥**

**અનુવાદ : આ, સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે.**

**દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયાં હોવાથી તેમની જે અનાદિઅનંત સહવૃત્તિ (સાથે રહેવાપણું) તે ખરેખર સમવર્તીપણું છે; તે જ, જૈનોના મતમાં સમવાય છેઃ તે જ, સંજ્ઞાદિથી ભેદ હોવા છતાં (દ્રવ્ય અને ગુણોને સંજ્ઞા–લક્ષણ–પ્રયોજન વગેરેની અપેક્ષાએ ભેદ હોવા છતાં) વસ્તુપણે અભેદ હોવાથી અપૃથક્‌પણું છે; તે જ, યુતસિદ્ધિના કારણભૂત અસ્તિત્વાંતરનો અભાવ હોવાથી અયુતસિદ્ધપણું છે. તેથી સમવર્તિત્વસ્વરૂપ સમવાયવાળાં દ્રવ્ય અને ગુણોને અયુતસિદ્ધિ જ છે, પૃથક્‌પણું નથી. ૫૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૬, સોમવાર]

હવે ગુણગુણીમાં એક ભાવ સિવાય કોઈ બીજા પ્રકારનો સંબંધ નથી તે બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"द्रव्य और गुणोंके एक अस्तित्वकर अनादि अनंत धारावाहीरूप जो प्रवृत्ति है तिसका नाम जिनमतमें समवाय है।"

બધાં દ્રવ્યોમાં સમવાય છે એમ સમજવું. દૃષ્ટાંત આત્માનું લઈશું. આત્મા વસ્તુ છે, તેમાં જ્ઞાન, આનંદ, વીર્ય, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણો છે. ભાવવાન દ્રવ્ય ને તેનો ભાવ એક અસ્તિરૂપે છે. તેની અનાદિ અનંત ધારાવાહી પ્રવૃત્તિને સમવાય સંબંધ કહે છે, નિમિત્ત–નૈમિત્તિકસંબંધ અથવા સંયોગસંબંધ બે દ્રવ્યની પૃથક્તા બતાવે છે. આત્મા અને તેના ગુણોને સંયોગસંબંધ નથી પણ સમવાય અથવા તાદાત્મ્યસંબંધ છે. અન્યમતમાં ગુણ–ગુણી જુદા કહી પાછળથી ભેગા થયા એમ કહીને સમવાયસંબંધ કહે છે પણ તે યથાર્થ નથી. અનાદિ અનંત આત્મા ને ગુણો એકરૂપ તાદાત્મ્યભાવે છે તેને સમવાયસંબંધ જૈનમતમાં કહે છે.

**ભાવાર્થ :** સંબંધ બે પ્રકારના છે. એક સંયોગસંબંધ અથવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જેમ કે જીવ ને પુદ્‌ગલનો સંબંધ. જીવ ને કર્મનો સંબંધ તે સંયોગસંબંધ છે. સંયોગ કહેતાં પણ ચીજ પૃથક્ નક્કી થાય છે.

કાર્મણ વર્ગણાના પરમાણુ જ્યાં સુધી દૂર હોય ત્યાં સુધી આત્માને કાંઈ ન કરે, પણ કર્મરૂપે પરિણમીને આત્માની નજીક આવે તો આત્માના પરિણામમાં ફેરફાર પડે ને ? ભાઈ, દૂર હો કે નજીક હો તોપણ પૃથક્ પૃથક્ પોતપોતામાં સક્રિયપણું થઈ રહ્યું છે. કર્મ આત્મામાં કાંઈ ક્રિયા કરતું નથી, બન્ને પૃથક્ કામ કરે છે તેને સંયોગસંબંધ કહે છે.

હવે સમવાયસંબંધ અથવા તાદાત્મ્યસંબંધ કહે છે. જ્યાં દ્રવ્યનો ભાવ, તેના અનંતા ગુણોના ભાવ, તેની અનંતી પર્યાયના ભાવ—એમ જ્યાં અનેક ભાવો એકરૂપે છે તેને સમવાયસંબંધ કહે છે. ગુણ અને પર્યાય ને દ્રવ્ય એક બાજુ પરિણમ્યા વગરનું રહી જાય તેમ બને નહિ. આત્મા, તેના જ્ઞાન–દર્શનાદિ ગુણો ને તેની પર્યાયોના ભાવોનું એક અસ્તિત્વ છે. પરમાણુ, તેના સ્પર્શાદિ ગુણો ને તેની પર્યાયોના ભાવોનું એક અસ્તિત્વ છે. જ્ઞાનાદિ ગુણોનો નાશ થવાથી આત્માનો નાશ થાય ને આત્માનો નાશ થવાથી જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય છે. આ પ્રમાણે દ્રવ્ય, ગુણ, પર્યાય વગેરે અનેક ભાવોનો જ્યાં સંબંધ છે તેને સમવાયસંબંધ અથવા તાદાત્મ્યસંબંધ કહે છે.

"और वही गुण – गुणीका समवायसंबंध प्रदेशभेदरहित जानना।"

દ્રવ્ય–ગુણ–પર્યાયનો સંબંધ પ્રદેશભેદરહિતનો જાણવો. જોકે ગુણ–ગુણીમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનભેદે ભેદ છે, છતાં જેમ સોનું ને તેના પીળાશ આદિ ગુણોનો નામાદિ ભેદે ભેદ છે છતાં સોનાને પીળાશ સાથે તાદાત્મ્ય છે તેમ આત્માને જ્ઞાન સાથે તાદાત્મ્યસંબંધ છે.

આમ બતાવીને કહે છે કે તારે પર સામે જોવાનું નથી. નાનાં છોકરાં હોય તો શું કરવું ? છોકરાં કજિયા કરે તો આત્માનું ધ્યાન કેવી રીતે થાય ? એમ અજ્ઞાની પ્રશ્ન કરે છે, તેને કહે છે કે ભાઈ, તારા સામું જો. તારી શાંતિ ને સુખ તારામાં છે. જેમ આયુષ્ય પૂરું થતાં તેને કોઈ રોકવા કોઈ સમર્થ નથી તેમ પોતાના આત્માની શાંતિને કોઈ સંયોગો રોકવા સમર્થ નથી, માટે ગુણ–ગુણીની એકતા કરી શાંતિ તારામાં છે એમ ભાન કર.

"और वह गुण – गुणीका समवायसंबंध मिलकर नहीं हुवा है अनादि सिद्ध एक ही है तिस कारणसे गुण – गुणीमें वह समवायसंबंध अनादिसिद्ध इस प्रकार भगवंत देवने दिखाया है, ऐसा गुण – गुणी विषैं समवायसंबंध जानना।"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ગુણ–ગુણીનો સમવાયસંબંધ મળીને થયો નથી. પ્રથમ આત્મા અને જ્ઞાન જુદા હતાં ને પાછળથી જ્ઞાન આવીને આત્મા સાથે ભેગું થયું એવો સંબંધ નથી પણ અનાદિથી આત્માને અને જ્ઞાનાદિ ગુણોને તાદાત્મ્યસંબંધ છે, તે કારણે ગુણ–ગુણીમાં સમવાય સંબંધ અથવા તાદાત્મ્યસંબંધ અનાદિથી સિદ્ધ છે. એ પ્રકારે ભગવંતોએ બતાવેલ છે. આ પ્રમાણે ગુણ–ગુણીનો સમવાયસંબંધ જાણવો. આ પ્રમાણે ગુણ–ગુણીની એકતા બતાવી. હવે દૃષ્ટાંત સહિત ગુણ–ગુણીનું કથન સંક્ષેપથી કરે છે. ૫૦.

---

**वण्णरसगंधफासा परमाणुपरूविदा विसेसेहिं ।**
**दव्वादो य अणण्णा अण्णत्तपगासगा होंति ॥ ५१ ॥**
**दंसणणाणाणि तहा जीवणिबद्धाणि णण्णभूदाणि**
**ववदेसदो पुधत्तं कुव्वंति हि णो सभावादो ॥ ५२ ॥**

**वर्णरसगंधस्पर्शाः परमाणुप्ररूपिता विशेषैः ।**
**द्रव्याच्च अनन्याः अन्यत्वप्रकाशका भवन्ति ॥ ५१ ॥**
**दर्शनज्ञाने तथा जीवनिबद्धे अनन्यभूते ।**
**व्यपदेशतः पृथक्त्वं कुरुतः हि नो स्वभावात् ॥ ५२ ॥**

**પરમાણુમાં પ્રરૂપિત વરણ, રસ, ગંધ તેમ જ સ્પર્શ જે,**
**અણુથી અભિન્ન રહી વિશેષ વડે પ્રકાશે ભેદને; ૫૧**
**ત્યમ જ્ઞાનદર્શન જીવનિયત અનન્ય રહીને જીવથી,**
**અન્યત્વના કર્તા બને વ્યપદેશથી–ન સ્વભાવથી. ૫૨**

**અન્વયાર્થ :** [परमाणुप्ररूपिताः] પરમાણુને વિષે પ્રરૂપવામાં આવતાં એવાં [वर्णरसगंधस्पर्शाः] વર્ણ–રસ–ગંધ–સ્પર્શ [द्रव्यात् अनन्याः च] દ્રવ્યથી અનન્ય વર્તતાં થકાં [विशेषैः] (વ્યપદેશના કારણભૂત) વિશેષો વડે [अन्यत्वप्रकाशकाः भवन्ति] અન્યત્વને પ્રકાશનારાં થાય છે (સ્વભાવથી અન્યરૂપ નથી); [तथा] એવી રીતે [जीवनिबद्धे] જીવને વિષે સંબદ્ધ એવાં [दर्शनज्ञाने] દર્શન–જ્ઞાન [अनन्यभूते] (જીવદ્રવ્યથી) અનન્ય વર્તતાં થકાં [व्यपदेशतः] વ્યપદેશ દ્વારા [पृथक्त्वं कुरुते हि] પૃથક્પણાને કરે છે. [नो स्वभावात्] સ્વભાવથી નહિ.

---

**तात्पर्यवृत्ति** : एवं समवायनिराकरणमुख्यत्वेन गाथाद्वयं गतं । अथ दृष्टांतदार्ष्टांतरूपेण द्रव्यगुणानां कथंचिदभेदव्याख्यानोपसंहारः कथ्यतेः – **वण्णरसगंधफासा** वर्णरसगंधस्पर्शाः **परमाणुपरूविदा** परमाणुद्रव्य-प्ररूपिताः कथिताः । कैः कृत्वा ? **विसेसेहिं** विशेषैः संज्ञालक्षणप्रयोजनादिभेदैः अथवा 'विसेसो हि' इति पाठांतरं विशेषा विशेषगुणधर्माः स्वभावा हि स्फुटं । ते कथंभूताः ? **दव्वादो य** परमाणुद्रव्याच्च सकाशात् **अणण्णा** निश्चयनयेनानन्ये **अण्णत्तपयासगा होंति** पश्चाद्व्यवहारनयेन संज्ञादिभेदेनान्यप्रकाशका भवन्ति यथा । इति दृष्टांतगाथा गता । **दंसणणाणाणि तहा** दर्शनज्ञाने द्वे तथा । कथंभूते ? **जीवणि-बद्धाणि** जीवनिबद्धे द्वे । पुनरपि कथंभूते ? **अणण्णभूदाणि** निश्चयनयेन प्रदेशरूपेणानन्यभूते। इत्थंभूते ते किं कुरुतः ? **ववदेसदो पुधत्तं** व्यपदेशतः संज्ञादिभेदतः पृथक्त्वं नानात्वं **कुव्वंति** कुरुतः हि स्फुटं **णो सहावादो** नैव स्वभावतो निश्चयनयेन इति । अस्मिन्नधिकारे यद्यप्यष्टविधज्ञानोपयोगचतुर्विध-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दर्शनोपयोगव्याख्यानकाले शुद्धाशुद्धविवक्षा न कृता तथापि निश्चयनयेनादिमध्यांतवर्जिते परमानंदमालिनि परमचैतन्यशालिनि भगवत्यात्मनि यदनाकुलत्वलक्षणं पारमार्थिकसुखं तस्योपादेयभूतस्योपादानकारणभूतं यत्केवलज्ञानदर्शनद्वयं तदेवोपादेयमिति श्रद्धेयं ज्ञेयं तथैवार्तरौद्रादिसमस्तविकल्पजालत्यागेन ध्येयमिति भावार्थः ।। ५१ ।। ५२ ।।

**समयव्याख्या : दृष्टांतदार्ष्टान्तिकार्थपुरस्सरो द्रव्यगुणानामनर्थांतरत्वव्याख्योपसंहारोऽयम्। वर्णरसगंधस्पर्शा हि परमाणोः प्ररूप्यंते; ते च परमाणोरविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबंधनैर्विशेषैरन्यत्वं प्रकाशयन्ति । एवं ज्ञानदर्शने अप्यात्मनि संबद्धे आत्मद्रव्यादविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबंधनैर्विशेषैः पृथक्त्वमासादयतः, स्वभावतस्तु नित्यमपृथक्त्वमेव बिभ्रतः ।। ५१-५२ ।।**

**इति उपयोगगुणव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : દ્રષ્ટાંતરૂપ અને દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્નપદાર્થપણાના વ્યાખ્યાનનો આ ઉપસંહાર છે.**

**વર્ણ–રસ–ગંધ–સ્પર્શ ખરેખર પરમાણુને વિષે પ્રરૂપવામાં આવે છે; તેઓ પરમાણુથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે અન્યત્વને પ્રકાશે છે. એવી રીતે આત્માને વિષે સંબદ્ધ જ્ઞાન–દર્શન પણ આત્મદ્રવ્યથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે પૃથક્પણાને પામે છે, પરંતુ સ્વભાવથી સદા અપૃથક્પણાને જ ધારે છે. ૫૧-૫૨.**

**આ રીતે ઉપયોગગુણનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૬, સોમવાર]

"निश्चयसे परमाणुओंमें कहे जो वर्ण रस गंध स्पर्श ऐसे चार गुण पुद्गलद्रव्यसे पृथक् नहीं है।"

નિશ્ચયથી પરમાણુના સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ એ ચાર ગુણો પરમાણુથી જુદા નથી. કેરીનું ગળપણ કેરીથી જુદું નથી. દરેક પરમાણુ તેના ગુણથી જુદો નથી પણ બીજા પરમાણુના ગુણોથી જુદો છે તેમ આત્માથી જુદો છે. આત્માની ઈચ્છાને લીધે શરીરમાં ફેરફાર થતો નથી કારણ કે શરીરના પરમાણુ તેના ભાવોમાં રહેલ છે.

**ભાવાર્થ :** નિશ્ચયનયથી સ્પર્શ, રસ, ગંધ ને વર્ણાદિ ગુણો પુદ્ગલદ્રવ્યથી જુદા નથી, તેમને પ્રદેશભેદ નથી. પણ બીજા પરમાણુ સાથે અથવા જીવ સાથે તેને સંયોગ સંબંધ છે. સંયોગ કહેતાં પૃથક્ છે એમ નક્કી થાય છે. પૈસાનું કે શરીરનું રહેવું તે આત્માને આધીન નથી પણ તે પરમાણુઓ તેના ગુણો સાથે સમવાયસંબંધ—એકત્વસંબંધ ધરાવે છે.

"और ये ही चारों वर्णादिकगुण व्यवहारकी अपेक्षा पुद्गलद्रव्यसे पृथक्ताको भी प्रगट करते हैं।"

એક પરમાણુના એક પ્રદેશમાં વર્ણ–ગંધાદિના પ્રદેશ જુદા નથી, એકમેક છે છતાં તેમાં ગુણ–ગુણીના ભેદની અપેક્ષાએ ભેદ પણ છે.

**ભાવાર્થ :** જોકે વર્ણાદિ ગુણો પુદ્ગલદ્રવ્યમાં એકમેક છે. ગુણભાવ અને ગુણીભાવ એકરૂપ છે તોપણ વ્યવહારનયથી સંજ્ઞાદિ ભેદ પડે છે. પરમાણુનું નામ પરમાણુ છે, ને સ્પર્શાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણનું નામ સ્પર્શ વગેરે ગુણ છે. પરમાણુ એક છે ને ગુણ અનેક છે. અનેક ગુણોનો પિંડ તથા રૂપીપણું તે પરમાણુનું લક્ષણ છે ને ગુણનું લક્ષણ જુદું જુદું છે. ગુણોને ધારી રાખવા તે દ્રવ્યનું પ્રયોજન છે ને દરેક ગુણનું પ્રયોજન જુદું જુદું છે. આ પ્રમાણે પરમાણુ અને તેના ગુણોમાં સંજ્ઞાદિ ભેદથી ભેદ છે પણ પ્રદેશભેદ નથી, અભેદ એકરૂપ છે.

"और जैसे पुद्‌गलद्रव्यसे वर्णादिक गुण अभिन्न हैं तैसे ही निश्चयनयसे जीवसे समवायसंबंधलिये दर्शन ज्ञान असाधारण गुण भी जुदे नहीं हैं संज्ञादि भेदके कथनसे आचार्य आत्मा और ज्ञानदर्शनमें भेद-भावको करता है।, तथापि निश्चयसे निजस्वरूपसे भेद संभवता नहीं है।"

પરમાણુના દ્રષ્ટાંતે આત્માની વાત કરે છે. જેવી રીતે પુદ્‌ગલદ્રવ્યમાં વર્ણાદિક ગુણ અભિન્ન છે તેવી રીતે નિશ્ચયનયથી જીવમાં દર્શન–જ્ઞાનાદિ અસાધારણ ગુણો સમવાયસંબંધરૂપે છે, એકમેક છે, જુદા નથી. આત્મા અને તેના ગુણોને નામ, સંખ્યા વગેરે ભેદથી ભેદ છે. પણ એક આત્માને બીજા આત્મા સાથે જેવો ભેદ છે, એક પરમાણુને બીજા પરમાણુ સાથે જેવો ભેદ છે તેવો ભેદ આત્મા અને તેના દર્શનાદિ ગુણોને નથી. દરેક વસ્તુ ભેદાભેદસ્વરૂપ છે. પ્રદેશે અભેદપણું તે નિશ્ચય છે ને સંજ્ઞાદિ ભેદે ભેદપણું તે વ્યવહાર. આમ નિશ્ચય ને વ્યવહાર બે થઈને અનેકાંત થાય છે. માટે પર વસ્તુનું હોવાપણું તારાથી જુદું છે. પરની પર્યાય પરથી ફરે, તારાથી ફરે નહિ એમ પરથી જુદા પાડી પોતામાં ભેદાભેદસ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આ સમજણ વિના મિથ્યાત્વ ટળે નહિ માટે યથાર્થ સમજણ કરી, અનેકાંત સ્વરૂપ સમજવું.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૭, મંગળવાર]

"भगवंतका मत अनेकांत है। दोय नयोंसे सधाता है। इस कारण निश्चय व्यवहारसे भेद – अभेद गुण – गुणीका स्वरूप परमागमसे विशेषरूप जानना। यह चार प्रकार दर्शनोपयोग, आठ प्रकार ज्ञानोपयोग शुद्ध – अशुद्ध भेद कथनसे सामान्यस्वरूप पूर्वोक्त प्रकारसे जानना, यह उपयोग गुणका व्याख्यान पूर्ण हुवा।"

ભગવાનના મતમાં અનેકાંત સ્વરૂપ કહ્યું છે. તે બે નય દ્વારા સાધવામાં આવે છે. માટે નિશ્ચય–વ્યવહારથી, ભેદ–અભેદ ગુણ–ગુણીનું સ્વરૂપ પરમાગમથી વિશેષરૂપ જાણવું. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન ને કેવળદર્શન એમ ચાર પ્રકારના દર્શનઉપયોગ ને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળજ્ઞાન તથા કુમતિ, કુશ્રુત તે વિભંગજ્ઞાન એમ આઠ પ્રકારના જ્ઞાનઉપયોગ છે. પોતે પોતાના કારણે જ્ઞાન અથવા દર્શનઉપયોગ કરે છે તે નિશ્ચય છે ને તેમાં ઈંદ્રિયાદિ નિમિત્ત છે એમ જાણવું તે વ્યવહાર છે. પરથી ભેદજ્ઞાન કરાવી, પોતામાં ભેદ છે તેનું જ્ઞાન કરી પોતે એકસ્વરૂપ અખંડ છે એવી પ્રતીતિ કરવી તે ધર્મ છે.

આત્મા દર્શનપર્યાયથી દેખે છે ને જ્ઞાનપર્યાયથી જાણે છે. એવો ભેદ પડે છે તે વ્યવહાર છે. જ્ઞાન–દર્શન ગુણોને આત્મા સાથે સંજ્ઞાદિભેદે ભેદ છે પણ પ્રદેશભેદ નથી, પ્રદેશે એકસ્વરૂપ છે એમ અખંડની શ્રદ્ધા કરવી.

આ બધાનો વિસ્તાર તત્ત્વાર્થસૂત્રથી જાણી લેવો. મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા એવા ભેદો છે. અવગ્રહ થાય છે તે પોતાથી થાય છે, પરને લીધે થતો નથી. જીવ વિચાર કરે છે તે પોતાથી કરે છે તેમાં પુસ્તક, મન, ઈંદ્રિયો નિમિત્તમાત્ર છે. બીજી ચીજો છે અથવા ઈંદ્રિયો વગેરે છે માટે અવગ્રહાદિ થાય છે એમ નથી. મતિજ્ઞાનના અવગ્રહાદિ ભેદો તેમ જ શ્રુતજ્ઞાન પોતાના સ્વ-અસ્તિકાયમાં થાય છે, પરને લીધે થતાં નથી. શાસ્ત્રમાં કથન આવે કે મનથી વિચારણા થાય છે, ઈંદ્રિયને લીધે જ્ઞાન થાય પણ તે કથન નિમિત્તનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ઈંદ્રિયાદિ પુદ્‌ગલાસ્તિકાય છે, જીવથી જુદી છે. દર્શનના ચાર ઉપયોગ ને જ્ઞાનના આઠ ઉપયોગ એમ બાર ઉપયોગ જીવમાં જીવને લીધે થાય છે, તેનો આકાર આત્મા જેવડો છે. નામભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. તેમાં કેવળજ્ઞાન–કેવળદર્શન શુદ્ધ છે, બાકીના દસ જ્ઞાન-દર્શન ઉપયોગ અશુદ્ધ છે. આ પ્રમાણે સામાન્ય પ્રકારે સ્વરૂપ જાણવું.

**પ્રશ્ન :** આ ચશ્માં છે માટે જ્ઞાન થાય છે ને ?

**ઉત્તર :** જ્ઞાન પોતાથી થાય છે ત્યારે ચશ્માં નિમિત્ત છે એમ જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન :** તો ચશ્માં શા માટે ચડાવવાં ?

**ઉત્તર :** જીવની ઈચ્છાને લીધે ચશ્માં ચડતાં નથી. ચશ્માં ચશ્માંના કારણે ચડે છે ને જ્ઞાન જ્ઞાતાના કારણે થાય છે. રાગી જીવના રાગને તથા ચશ્માંને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

જ્ઞાનનો ઉપયોગ પોતાના કારણે થાય છે એમ જ્ઞાન કરી જ્ઞાનઉપયોગના ભેદ ઉપરનું પણ લક્ષ છોડી અનાકુળ લક્ષણવાળા ચૈતન્ય અખંડ સ્વભાવની શ્રદ્ધા કરવી તે ધર્મ છે.

**હવે કર્તૃત્વ અધિકાર કહે છે.**

આ પંચાસ્તિકાયની ગાથા ૨૭માં જીવ ચેતયિતા છે, ઉપયોગવાળો છે એમ જે વાત આવી હતી તેનું વર્ણન થઈ ગયું. ત્યાર પછી આત્મા પ્રભુ છે એમ કહેલ છે પણ તે વાત પછી આવશે.

આત્મા કર્તા છે એ અધિકાર હવે કહે છે.

જીવ નિશ્ચયનયથી શરીર, મન, વાણી આદિ પર પદાર્થનો કર્તા નથી. જીવ ઈંદ્રિયોને ઊંચી–નીચી કરી શકે નહિ, ચશ્માં લાવી શકે નહિ, આંખો ઉઘાડી શકે નહિ, ઈચ્છાથી શરીર ચલાવી શકે નહિ, નિમિત્ત પાસે જઈ શકે નહિ. ઈચ્છા થાય ને શરીર ચાલે તેમ તો છે જ નહિ પણ ઈચ્છા થાય ને આત્મા ગતિ કરે એમ પણ નથી કારણ કે ઈચ્છા ચારિત્રગુણની વિપરીતપર્યાય છે ને ક્ષેત્રાંતર થવું તે ક્રિયાવતી શક્તિની પર્યાય છે. બન્ને સ્વતંત્ર છે. જીવ પરનો કર્તા નથી, પોતાના શુદ્ધભાવ અથવા અશુદ્ધભાવ (શુભ કે અશુભ)નો કર્તા છે. પોતે સમયે સમયે અનાદિ–અનંત એકરૂપ પરિણમ્યા કરે છે તે પારિણામિક ભાવનો કર્તા છે. તે અનાદિ–અનંત છે, અથવા ઔદયિકાદિ ભાવો સમયે સમયે નવા થાય છે ને અંત આવે છે તેવા સાદિ–સાંત પરિણામનો કર્તા છે ને ક્ષાયિકભાવ કે જેની શરૂઆત થાય પણ અંત ન આવે માટે સાદિ–અનંત છે, તેનો કર્તા છે. આમ પોતાના ભાવોને પલટાવે છે, પણ પરને પલટાવતો નથી, પરરૂપ પરિણમતો નથી. હવે આત્મા પોતાના આ ભાવોમાં પરિણમતો હશે કે નહિ પરિણમતો હોય એવી આશંકાનું આચાર્ય ભગવાન સમાધાન કરે છે. ૫૧–૫૨.

---

**जीवा अणाइणिहणा संता णंता य जीवभावादो।**
**सब्भावदो अणंता पंचग्गगुणप्पधाणा य॥ ५३॥**

**जीवा अनादिनिधनाः सांता अनंताश्च जीवभावात्।**
**सद्भावतोऽनंताः पञ्चाग्रगुणप्रधानाः च॥ ५३॥**

**જીવો અનાદિ–અનંત, સાંત, અનંત છે જીવભાવથી,**
**સદ્‌ભાવથી નહિ અંત હોય; પ્રધાનતા ગુણ પાંચથી. ૫૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [जीवाः] જીવો [अनादिनिधनाः] (પારિણામિકભાવથી) અનાદિ–અનંત છે, [सांताः] (ત્રણ ભાવોથી) સાંત (અર્થાત્ સાદિ–સાંત) છે [च] અને [जीवभावात् अनंताः] જીવભાવથી અનંત છે (અર્થાત્ જીવના સદ્ભાવરૂપ ક્ષાયિકભાવથી સાદિ–અનંત છે) [सद्भावतः अनंताः] કારણ કે સદ્ભાવથી જીવો અનંત જ હોય છે. [पञ्चाग्रगुणप्रधानाः च] તેઓ પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળા છે.

---

**तात्पर्यवृत्ति** : एवं दृष्टांतदार्ष्टांतरूपेण गाथाद्वयं गतं । अत्र प्रथमं 'उवओगो दुवियप्पो' इत्यादि पूर्वोक्तपाठक्रमेण दर्शनज्ञानकथनरूपेणांतरस्थलपंचकेन गाथानवकं, तदनंतरं 'ण वियप्पदि णाणादो' इत्यादि पाठक्रमेण नैयायिकं प्रति गुणगुणिभेदनिराकरणरूपेणांतरस्थलचतुष्टयेन गाथादशकमिति समुदाये-नैकोनविंशतिगाथाभिर्जीवाधिकारव्याख्यानरूपनवाधिकारेषु मध्ये षष्ठ "उपयोगाधिकारः समाप्तः" । अथानंतरं वीतरागपरमानंदसुधारससमरसीभावपरिणतिस्वरूपात् शुद्धजीवास्तिकायात्सकाशात् भिन्नं यत्कर्म कर्तृत्वभोक्तृत्वसंयुक्तत्वत्रयस्वरूपं तस्य संबन्धित्वेन पूर्वमष्टादशगाथासमुदायपातनिकारूपेण यत्सूचितं व्याख्यातं तस्येदानीं 'जीवा अणाइणिहणा' इत्यादि पाठक्रमेणांतरस्थलपंचकेन विवरणं करोति । तद्यथा । येषां जीवानामग्रे कर्मकर्तृत्वभोक्तृत्वसंयुक्तत्वत्रयं कथ्यते तेषां पूर्वं तावत्स्वरूपं संख्यां च प्रतिपादयति, -**जीवा अणाइणिहणा** जीवा हि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन शुद्ध-चैतन्यरूपेणानाद्यनिधनाः । पुनश्च कथंभूताः **संता** औदयिकक्षायोपशमिकौपशमिकभावत्रयापेक्षया सादिसनिधनाः । पुनरपि किंविशिष्टाः **अणंता य** साद्यनंताः । कस्मात्सकाशात् ? **जीवभावादो** जीवभावतः क्षायिको भावस्तस्मात् । नहि क्षायिकभावस्य सादित्वादंतोपि किल भविष्यतीत्याशंकनीयं । स हि कर्मक्षये सति क्षायिकभावः केवलज्ञानादिरूपेण समुत्पद्यमानः सिद्धभाव इव जीवस्य सद्भाव एव स च स्वभावस्य विनाशो नास्ति चेति अनाद्यनिधनसहजशुद्धपारिणामिकैकभावानां सादि–सनिधनान्यप्यौ-दयिकादिभावांतराणि कथं संभवंतीति ? चेत्, **पंचग्गगुणप्पहाणा य** यद्यपि स्वभावेन शुद्धास्तथापि व्यवहारेणानादिकर्मबंधवशात्सकर्दमजलवदौदयिकादिभावपरिणता दृश्यंत इति स्वरूपव्याख्यानं गतं । इदानीं संख्यां कथयति । **सब्भावदो अणंता** द्रव्यस्वभावगणनया पुनरनंताः । सांतानंतशब्दयोर्द्वितीयव्याख्यानं क्रियते–सहांतेन संसारविनाशे वर्तंते सांता भव्याः न विद्यतेंतः, संसारविनाशो येषां ते पुनरनंता अभव्यास्ते चाभव्या अनंतसंख्यास्तेभ्योपि भव्याः अनंतगुणसंख्यास्तेभ्योप्यभव्यसमानभव्या अनंतगुणा इति । अत्र सूत्रे अनादिनिधना अनंतज्ञानादिगुणाधारा शुद्धजीवा एव सादिसनिधनमिथ्यात्वरागादिदोष-परिहारपरिणतानां भव्यानामुपादेया इति तात्पर्यार्थः ।। ५३ ।।

**समयव्याख्या : अथ कर्तृत्वगुणव्याख्यानम् । तत्रादिगाथात्रयेण तदुपोद्घातः—**

**जीवा हि निश्चयेन परभावानामकरणात्स्वभावानां कर्तारो भविष्यन्ति । तांश्च कुर्वाणाः किमनादिनिधनाः, किं सादिसनिधनाः, किं साद्यनिधनाः, किं तदाकारेण परिणताः, किमपरिणताः भविष्यंतीत्याशङ्क्येदमुक्तम् । जीवा हि सहजचैतन्यलक्षणपारिणामिकभावेनानादिनिधनाः । त एवौदयिकक्षायोपशमिकौपशमिकभावैः सादिसनिधनाः । त एव क्षायिकभावेन साद्यनिधनाः । न च सादित्वात्सनिधनत्वं क्षायिकभावस्याशङ्क्यम् । स खलूपाधिनिवृत्तौ प्रवर्तमानः सिद्धभाव इव सद्भाव एव जीवस्य; सद्भावेन चानंता एव जीवाः प्रतिज्ञायंते । न च तेषामनादिनिधनसहजचैतन्यलक्षणैकभावानां सादिसनिधनानि साद्यनिधनानि भावांतराणि नोपपद्यंत इति वक्तव्यम्, ते खल्वनादिकर्ममलीमसाः पंकसंपृक्ततोयवत्तदाकारेण परिणतत्वात्पञ्चप्रधानगुणप्रधानत्वेनैवानुभूयंत इति ॥ ५३ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : હવે કર્તૃત્વગુણનું વ્યાખ્યાન છે. તેમાં શરૂઆતની ત્રણ ગાથાઓથી તેનો ઉપોદ્ઘાત કરવામાં આવે છે. નિશ્ચયથી પરભાવોનું કરવાપણું નહિ હોવાથી જીવો સ્વ-ભાવોના કર્તા હોય છે; અને તેમને (પોતાના ભાવોને) કરતા થકા, શું તેઓ અનાદિ–અનંત છે ? શું સાદિ–સાંત છે ? શું સાદિ–અનંત છે ? શું તદાકારે (તે-રૂપે) પરિણત છે ? શું (તદાકારે) અપરિણત છે ?—એમ આશંકા કરીને આ કહેવામાં આવ્યું છે (અર્થાત્ તે આશંકાઓના સમાધાનરૂપે આ ગાથા કહેવામાં આવી છે).**

**જીવો ખરેખર સહજચૈતન્યલક્ષણ પારિણામિક ભાવથી અનાદિ–અનંત છે. તેઓ જ ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોથી સાદિ–સાંત છે. તેઓ જ ક્ષાયિક ભાવથી સાદિ-અનંત છે.**

**'ક્ષાયિક ભાવ સાદિ હોવાથી તે સાંત હશે' એવી આશંકા કરવી યોગ્ય નથી. (કારણ આ પ્રમાણે છે :) તે ખરેખર ઉપાધિની નિવૃત્તિ હોતાં પ્રવર્તતો થકો, સિદ્ધભાવની માફક, જીવનો સદ્ભાવ જ છે (અર્થાત્ કર્મોપાધિના ક્ષયે પ્રવર્તતો હોવાથી ક્ષાયિક ભાવ જીવનો સદ્ભાવ જ છે); અને સદ્ભાવથી તો જીવો અનંત જ સ્વીકારવામાં આવે છે. (માટે ક્ષાયિક ભાવથી જીવો અનંત જ અર્થાત્ વિનાશ રહિત જ છે.)**

**વળી 'અનાદિ–અનંત સહજચૈતન્યલક્ષણ એક ભાવવાળા તેમને સાદિ–સાંત અને સાદિ–અનંત ભાવાંતરો ઘટતા નથી (અર્થાત્ જીવોને એક પારિણામિક ભાવ સિવાય અન્ય ભાવો ઘટતા નથી)' એમ કહેવું યોગ્ય નથી; (કારણ કે) તેઓ ખરેખર અનાદિ કર્મથી મલિન વર્તતા થકા કાદવથી સંપૃક્ત જળની માફક તદાકારે પરિણત હોવાને લીધે, પાંચ પ્રધાનગુણોથી પ્રધાનતાવાળા જ અનુભવાય છે. ૫૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૭, મંગળવાર]

"आत्मद्रव्य जो हैं ते सहजशुद्धचेतन पारिणामिकभावोंसे अनादि अनंत हैं, स्वाभाविक भावकी अपेक्षा जीव तीनों कालोंमें टंकोत्कीर्ण अविनाशी हैं और वे ही जीव सादि सांत भी हैं और सादि अनंत भी हैं।"

(૧) કેવો છે આત્મા ? પોતાના સ્વાભાવિક ત્રિકાળ એકરૂપ ભાવથી સહજપણે પરિણમે છે. તે સ્વભાવભાવથી ટંકોત્કીર્ણ એકરૂપ છે. અહીં જીવાસ્તિકાયનું વર્ણન કરે છે. ધ્રુવરૂપ એવો ને એવો સહજ સ્વભાવ છે, તેને કર્મની અપેક્ષા લાગુ પડતી નથી. અનાદિ–અનંત શુદ્ધ ચૈતન્ય પરિણામોથી એવો ને એવો તે અનાદિ–અનંત છે.

(૨) તે જીવ સાદિ–સાંત છે. ઉદય, ક્ષયોપશમ ને ઉપશમ ભાવોની અપેક્ષાએ સાદિ–સાંત છે. એ ત્રણે ભાવો કર્મના નિમિત્તની અપેક્ષા રાખે છે, સમયે સમયે જીવના પરિણામનું નિમિત્ત પામીને કર્મો બંધાય છે ને છૂટે છે તે કર્મના નિમિત્તની અપેક્ષાએ તે પરિણામને સાદિ–સાંત કહે છે.

(અ) **ઔદયિકભાવ** :- કર્મજનિતનો અર્થ કર્મે રાગ–દ્વેષ કરાવ્યો એમ નથી પણ જીવની વિકારી થવાની લાયકાત છે તેમાં કર્મ નિમિત્ત છે–એમ કર્મના નિમિત્તપણાનું જ્ઞાન કરાવે છે. મિથ્યાત્વ, રાગ–દ્વેષ, પ્રમાદ, કષાય, યોગ—આ પરિણામ પોતાની પર્યાયમાં થાય છે તેને ઔદયિક ભાવ કહે છે. નવા નવા રાગ–દ્વેષ કરે છે ને છૂટી જાય છે તેમાં કર્મ નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આ ભાવ ક્ષણે ક્ષણે નવો થાય છે ને અંત આવે છે. ને સિદ્ધદશા થતાં પણ અંત આવે છે માટે સાદિ–સાંત છે.

(ब) **ક્ષાયોપશમિકભાવ** :- જીવની પર્યાયમાં કાંઈક વિકાસ અને કાંઈક અવિકાસ થવો તેને ક્ષયોપશમભાવ કહે છે. જેમકે જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્યનો ક્ષયોપશમ થાય છે, તેની શરૂઆત થાય છે ને અંત આવે છે, ને કેવળજ્ઞાન થતાં પણ અંત આવે છે માટે સાદિ–સાંત છે.

(क) **ઉપશમભાવ** :- જીવની પર્યાયમાં શુદ્ધતાનું પ્રગટ થવું ને અશુદ્ધતાનું દબાવું તેને ઉપશમભાવ કહે છે. શ્રદ્ધા ને ચારિત્રમાં ઉપશમભાવ હોય છે. સમયે સમયે નવો થાય છે ને અંત આવે છે ને કેવળજ્ઞાન થતાં પણ અંત આવે છે. માટે સાદિ–સાંત છે.

એ ત્રણે ભાવો કર્મની અપેક્ષા રાખે છે. આત્મા પોતાની યોગ્યતા અનુસાર જે ભાવ પ્રગટાવે તે નૈમિત્તિક છે ને દ્રવ્યકર્મ નિમિત્ત છે. આમ આ ત્રણ ભાવો કર્મના સંબંધવાળા હોવાથી કર્મજનિત કહ્યા છે. પણ કર્મને લીધે તે ભાવો નથી, કર્મ તો નિમિત્તમાત્ર છે. આવો જીવાસ્તિકાયનો ધર્મ છે.

(૩) **ક્ષાયિકભાવ** : આત્માના પુરુષાર્થથી અશુદ્ધતા નાશ થઈ શુદ્ધતા પ્રગટ થાય તેવા ભાવને ક્ષાયિકભાવ કહે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય વગેરે ક્ષાયિકભાવો છે. કર્મનો નાશ થઈ પૂર્ણ શુદ્ધતાની શરૂઆત થાય છે પણ પ્રગટ્યા પછી એવી ને એવી શુદ્ધ રહે છે માટે આ ભાવને સાદિ–અનંત કહેલ છે. રાગ–દ્વેષ ને અલ્પજ્ઞતાનો નાશ થઈ સિદ્ધ ભગવાનને અવિનાશી નિશ્ચલરૂપ પ્રગટ થયું તે એવું ને એવું રહેશે માટે તેને ક્ષાયિકભાવ કહે છે.

અભવીને ઔદયિકભાવ અનાદિ–અનંત રહે છે તે અહીં ન લીધા ને ભવીને ઔદયિકભાવ અનાદિ, સાંત હોય છે તે અહીં ન લીધા, પણ તે બધા સમયે સમયે નવા પ્રગટે છે ને નાશ પામે છે એ અપેક્ષાએ એ બન્ને ભાંગાને સાદિ–સાંતમાં સમાડી દીધા છે. પારિણામિક ભાવ દ્રવ્યમાં છે તે અનાદિ–અનંત એકરૂપ છે. સમયે સમયે જીવ એકરૂપ શુદ્ધ ચેતનભાવે પરિણમ્યા કરે છે તે અનાદિ–અનંત છે.

"सत्तास्वरूपसे जीवद्रव्य अनंत हैं।

હવે, અસ્તિરૂપથી જીવ અનંતા છે. બધા થઈને એક જીવ નથી. અભવી અનંતા છે ને ભવી તે અભવી કરતાં અનંતગુણા છે.

હવે જો કોઈ પ્રશ્ન કરે કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી તો અનાદિ–અનંત છે, તેને કોઈએ ઉત્પન્ન કર્યો નથી. તેમ જ તેનો કોઈ નાશ કરતું નથી, વસ્તુ ત્રિકાળ છે. તો પછી તેને 'શરૂઆત ને અંત' એવો 'સાદિ-સાંતનો ભાંગો'ને શરૂઆત ને અંત નહિ એવો 'સાદિ–અનંતનો ભાંગો' કેમ લાગુ પડ્યો ?

**ઉત્તર** : આત્મા અનાદિથી કર્મ તરફના વલણને કારણે અશુદ્ધભાવરૂપે પરિણમે છે. જીવ રાગ–દ્વેષરૂપે પરિણમે છે. જ્ઞાનાદિમાં કાંઈક વિકાસ ને કાંઈક અવિકાસરૂપે પરિણમે છે ને કોઈ વાર ઉપશમભાવરૂપે પરિણમે છે. પણ તે પરિણામની શરૂઆત છે ને અંત આવે છે તેથી સાદિ–સાંતભાવરૂપે પરિણમ્યો કહેવાય છે ને પોતે સંપૂર્ણ શુદ્ધતારૂપે પરિણમે છે તે શુદ્ધતાનો અંત આવતો નથી માટે સાદિ–અનંતભાવરૂપે પરિણમ્યો કહેવાય છે. તે ભાવોમાં કર્મના સંયોગની અથવા વિયોગની અપેક્ષા આવે છે.

કર્મના નિમિત્તે પોતે રાગ–દ્વેષાદિના પરિણામ કરે છે તેને ઔદયિકભાવ કહે છે,

કર્મના નિમિત્તોમાં અંશે જોડાવું ને અંશે ન જોડાવું તેને ક્ષયોપશમભાવ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મના નિમિત્તમાં ન જોડાય ને ઉપશમ કરે તેને ઉપશમભાવ કહે છે.

કર્મના નિમિત્તોમાં સર્વથા ન જોડાય તેને ક્ષાયિકભાવ કહે છે.

આ અધિકારમાં જીવ પોતાના પરિણામનો કર્તા છે તે બતાવે છે. જીવ વિકારરૂપે અથવા અવિકારરૂપે પોતે પરિણમે છે. કર્મને લઈને વિકારરૂપે થતો નથી એમ બતાવવું છે. દરેક પરિણામ પોતે કરે છે. પોતે ઔદયિકભાવ, ક્ષયોપશમભાવ કે ઉપશમભાવ પોતાની લાયકાતથી કરે છે તેમાં કર્મ નિમિત્ત છે ને પોતે ક્ષાયિકભાવ કરે છે તેમાં કર્મના અભાવરૂપ નિમિત્ત છે. આત્મા પોતે કાયમ રહીને—પારિણામિકભાવરૂપે રહીને ઉદય, ઉપશમ કે ક્ષયોપશમભાવરૂપે થઈને રહે છે તે સાદિ–સાંત છે, ક્ષાયિકભાવરૂપે થઈને રહે છે, તે સાદિ–અનંત છે. પોતે અનાદિ–અનંત રહીને સાદિ–સાંત રહે છે અથવા પોતે અનાદિ–અનંત રહીને સાદિ અનંત રહે છે એવો સ્વભાવ છે. આમ ત્રિકાળ રહેવું (૧), નવું થવું ને અંત આવવો (૨), નવું થઈને અનંતકાળ સુધી રહેવું (૩)—આમ ત્રણ પ્રકારે થવું તે જીવાસ્તિકાયનો સ્વભાવ છે. તે પરને લીધે નથી, પોતે પારિણામિક-ભાવપણે એકરૂપ રહ્યા કરે છે. પોતે કર્તા થઈને કાયમ એકરૂપ શુદ્ધ ચેતનાપણે સમયે સમયે પરિણમે છે. પારિણામિકભાવ એકરૂપ અનાદિ–અનંત શુદ્ધ છે. વળી પોતે કર્તા થઈને ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપે પરિણમે છે તે પણ પોતાને લીધે છે, પરને લીધે નથી.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ને પારિણામિક—આમ પાંચ ભાવોની જીવમાં પ્રધાનતાથી પ્રવૃત્તિ છે.

**ઔદયિકભાવ** : રાગ–દ્વેષાદિના પરિણામ થવા તે. આઠ કર્મોના ઉદયના નિમિત્તે ઔદયિકભાવ હોય છે, તે સાદિ–સાંત છે.

**ઉપશમભાવ** : પોતાના પરિણામમાં ઠરી જવું તે. જે સમ્યગ્દર્શન ને ચારિત્રમાં હોય છે તે સાદિ–સાંત છે.

**ક્ષયોપશમભાવ** : ચારે ઘાતિ કર્મોના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વીર્યમાં અંશે વિકાસ દેખાવો તે સાદિ–સાંત છે.

**ક્ષાયિકભાવ** : આઠે કર્મોમાં ક્ષય થાય છે. કર્મના ક્ષય થવાથી જે ભાવ ઊપજે તે ક્ષાયિક છે. તે સાદિ–અનંત છે.

**પારિણામિકભાવ** : પોતાનો સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે. સમયે સમયે એકરૂપ શુદ્ધ ચૈતન્યરૂપે પરિણમે છે. તેને કોઈ કર્મની અપેક્ષા નથી. તે અનાદિ–અનંત છે.

જેમ આત્માનો કોઈ કર્તા નથી તેમ આત્માના આ પાંચ ભાવોનો પણ કોઈ કર્તા નથી. ઔદયિકભાવને તત્ત્વાર્થસૂત્રમાં સ્વતત્ત્વ કહેલ છે. વિકાર થવાની પોતાની લાયકાત છે એમ કહીને કર્મ ઉપરની દૃષ્ટિ છોડાવે છે ને પોતામાં દૃષ્ટિ કર એમ કહે છે.

૧. નિગોદનો જીવ પણ અનાદિ–અનંત એકરૂપ શુદ્ધ ચેતનાભાવે પરિણમી રહ્યો છે તે પારિણામિકભાવ અનાદિઅનંત છે. તે ભાવ ન હોય તો જીવનો અભાવ થઈ જાય.

૨. નિગોદના જીવને જ્ઞાન, દર્શન ને વીર્યનો કાંઈક વિકાસ છે. અનાદિથી હોવા છતાં સમયે સમયે નવો વિકાસ કરે છે ને આગલો નાશ થાય છે. તે ક્ષયોપશમભાવ સાદિ-સાંત છે. તે ક્ષયોપશમભાવ (વિકાસ) ન હોય તો જીવ જડ થઈ જાય.

૩. નિગોદનો જીવ રાગ–દ્વેષાદિ વિકારી ભાવમાં જોડાય છે. અનાદિથી હોવા છતાં સમયે સમયે નવો કરે છે ને તે સાદિ–સાંત છે. ઔદયિકભાવ ન હોય તો જીવ સિદ્ધ થઈ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિગોદના જીવને ઉપશમ ને ક્ષાયિકભાવ હોતા નથી. કોઈ સંજ્ઞી, પંચેંદ્રિયને ઉપશમ કે ક્ષયોપશમ સમકિત કે ચારિત્ર થાય છે.

૧. અનાદિ–અનંત આત્મા કાયમ રહે ને તેમાં ઔદયિકાદિ ભાવની શરૂઆત થાય ને અંત આવે.

૨. અનાદિ–અનંત આત્મા કાયમ રહે ને તેમાં ક્ષાયિકભાવની શરૂઆત થાય ને અંત ન આવે. આ શું ! વિરોધ હશે ? ના, તે વિરોધ નથી. વસ્તુનું એવું સ્વરૂપ છે તે યથાર્થ સમજવું. ૫૩.

---

**एवं सदो विणासो असदो जीवस्स होइ उप्पादो ।**
**इदि जिणवरेहिं भणिदं अण्णोण्णविरुद्धमविरुद्धं ॥ ५४ ॥**

**एवं सतो विनाशोऽसतो जीवस्य भवत्युत्पादः ।**
**इति जिनवरैर्भणितमन्योऽन्यविरुद्धमविरुद्धम् ॥ ५४ ॥**

**એ રીત સત્-વ્યય ને અસત્-ઉત્પાદ જીવને હોય છે,**
**—ભાખ્યું જિને, જે પૂર્વ–અપર વિરુદ્ધ પણ અવિરુદ્ધ છે. ૫૪**

**અન્વયાર્થ :** [एवं] એ રીતે [जीवस्य] જીવને [सतः विनाशः] સત્‌નો વિનાશ અને [असतः उत्पादः] અસત્‌નો ઉત્પાદ [भवति] હોય છે—[इति] એવું [जिनवरैः भणितम्] જિનવરોએ કહ્યું છે, [अन्योन्यविरुद्धम्] કે જે અન્યોન્ય વિરુદ્ધ (૧૯મી ગાથાના કથન સાથે વિરોધવાળું) છતાં [अविरुद्धम्] અવિરુદ્ધ છે.

---

**तात्पर्यवृत्ति :** अथ यद्यपि पर्यायार्थिकनयेन विनाशोत्पादौ भवतः तथापि द्रव्यार्थिकनयेन न भवत इति पूर्वापरविरोधो नास्तीति कथयति, – **एवं सदो विणासो** एवं पूर्वगाथाकथितप्रकारेणौदयिक-भावेनायुरुच्छेदवशान्मनुष्यरूपेण सतो विद्यमानस्य विनाशो भवति **असदो जीवस्स हवदि उप्पादो** असतोऽविद्यमानस्य देवादिजीवस्य पर्यायस्य गतिनामकर्मोदयाद्भवत्युपादः **इदि जिणवरेहिं भणियं** इति जिनवरैर्वीतरागसर्वज्ञैर्भणितं, इदं तु व्याख्यातं । कथंभूतं ? **अण्णोण्णविरुद्धमविरुद्धं** अन्योन्यविरुद्ध-मप्यविरुद्धं । कथमिति चेत् ? द्रव्यपीठिकायां सतो जीवस्य विनाशो नास्त्यसत उत्पादो नास्तीति भणितं । अत्र सतो जीवस्य विनाशो भवत्यसत उत्पादो भवतीति भणितं तेन कारणेन विरोधः । तन्न । तत्र द्रव्यपीठिकायां द्रव्यार्थिकनयेनोत्पादव्ययौ निषिद्धौ । अत्र तु पर्यायार्थिकनयेनोत्पादव्ययौ भवत इति नास्ति विरोधः । तदपि कस्मादिति चेत् ? द्रव्यार्थिकपर्यायार्थिकनययोः परस्परसापेक्षत्वादिति । अत्र यद्यपि पर्यायार्थिकनयेन सादिसनिधनं जीवद्रव्यं व्याख्यातं तथापि शुद्धनिश्चयेन यदेवानादिनिधनं टंकोत्कीर्णज्ञायकैकस्वभावं निर्विकारसदानंदैकस्वरूपं च तदेवोपादेयमित्यभिप्रायः ॥ ५४ ॥

**समयव्याख्या : जीवस्य भाववशात्सादिसनिधनत्वे साद्य*निधनत्वे च विरोधपरिहारोऽयम् । एवं हि पञ्चभिर्भावैः स्वयं परिणममानस्यास्य जीवस्य कदाचिदौदयिकेनैकेन मनुष्यत्वादिलक्षणेन भावेन सतो विनाशस्तथापरेणौदयिकेनैव देवत्वादिलक्षणेन भावेन असत उत्पादो भवत्येव । एतच्च 'न सतो विनाशो नासत उत्पाद' इति पूर्वोक्तसूत्रेण सह विरुद्धमपि न विरुद्धम्ः यतो जीवस्य द्रव्यार्थिकनयादेशेन सत्प्रणाशो नासदुत्पादः, तस्यैव पर्यायार्थिकनयादेशेन न सत्प्रणाशोऽसदुत्पादश्च ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**न चैतदनुपपन्नम्, नित्ये जले कल्लोलानामनित्यत्वदर्शनादिति ॥ ५४ ॥** ✻ અહીં **साद्य**ને બદલે **अनाद्य** હોવું જોઈએ. (ભાષાંતરકાર)

**અનુવાદ : આ, જીવને ભાવવશાત્ (ઔદયિકાદિ ભાવોને લીધે) સાદિ–સાંતપણું અને અનાદિ–અનંતપણું હોવામાં વિરોધનો પરિહાર છે.**

**એ રીતે ખરેખર પાંચ ભાવરૂપે સ્વયં પરિણમતા આ જીવને કદાચિત્ ઔદયિક એવા એક મનુષ્યત્વાદિસ્વરૂપ ભાવની અપેક્ષાએ સત્‌નો વિનાશ અને ઔદયિક જ એવા બીજા દેવત્વાદિસ્વરૂપ ભાવની અપેક્ષાએ અસત્‌નો ઉત્પાદ થાય છે જ. અને આ (કથન) 'સતનો વિનાશ નથી ને અસત્‌નો ઉત્પાદ નથી' એવા પૂર્વોક્ત સૂત્રની (૧૯મી ગાથાની) સાથે વિરોધવાળું હોવા છતાં (ખરેખર) વિરોધવાળું નથી; કારણ કે જીવને દ્રવ્યાર્થિકનયના કથનથી સત્‌નો નાશ નથી ને અસત્‌નો ઉત્પાદ નથી તથા તેને જ પર્યાયાર્થિકનયના કથનથી સત્‌નો નાશ છે અને અસત્‌નો ઉત્પાદ છે. અને આ અનુપપન્ન નથી, કેમ કે નિત્ય એવા જળમાં કલ્લોલોનું અનિત્યપણું જોવામાં આવે છે.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૮, બુધવાર]

જીવોને પાંચ ભાવોમાં અનાદિ–અનંત, સાદિ–સાંત ને સાદિ–અનંતપણું કહ્યું તો પણ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નયથી વિરોધ નથી એમ કથન કરે છે.

"इस पूर्वोक्त प्रकारके भावोंसे परिणये जो जीव हैं, उनके जब उत्पाद – व्ययकी अपेक्षा कीजे तब विद्यमान जो मनुष्यादिकपर्याय उसका तो विनाश होना और अविद्यमान जीवकी देवादिकपर्यायकी उत्पत्ति होती है इस प्रकार जिनेन्द्र भगवानके द्वारा यद्यपि परस्पर विरुद्ध है तथापि विरोधरहित कहा गया है।"

પૂર્વે કહેલા ભાવો રૂપ જીવ પોતે પરિણમે છે તેને ઉત્પાદ–વ્યયની અપેક્ષાથી જોવામાં આવે તો વિદ્યમાન મનુષ્યાદિ પર્યાયનો નાશ થાય છે ને અવિદ્યમાન દેવાદિક પર્યાયનો ઉત્પાદ થાય છે. એ પ્રકારે વિરુદ્ધ લાગે છે છતાં વિરોધરહિત છે.

**ભાવાર્થ :** ભગવાનના મતમાં બે નય કહેવામાં આવ્યા છે (૧) દ્રવ્યાર્થિકનય, (૨) પર્યાયાર્થિકનય.

(૧) **દ્રવ્યાર્થિકનય :** દ્રવ્યાર્થિકનયથી વસ્તુ ઊપજતી નથી તેમ જ નાશ પામતી નથી. અનાદિઅનંત એકરૂપ એની એ રહે છે. વસ્તુ કાયમ ન હોય તો વસ્તુ એની એ દેખાય છે તે ન હોય, માટે દ્રવ્યાર્થિકનયથી વસ્તુ કાયમ રહે છે.

(૨) **પર્યાયાર્થિકનય :** પર્યાયાર્થિકનયથી વસ્તુમાં ઉત્પાદ–વ્યય થાય છે. આત્મા ત્રિકાળ રહીને પૂર્વ અવસ્થાનો નાશ થાય ને નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે.

જેવી રીતે પાણી નિત્ય–અનિત્ય સ્વરૂપ છે, દ્રવ્યની અપેક્ષાએ પાણી નિત્ય છે ને એક પાણીનું મોજું ઊપજે ને એક નાશ પામે છે તે અપેક્ષાએ અનિત્ય છે.

તેમ દ્રવ્ય કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે ને પૂર્વ અવસ્થાનો નાશ થઈ નવી અવસ્થાનો ઉત્પાદ થવાની અપેક્ષાએ અનિત્ય છે. આત્મા કાયમ રહે છે તે નિત્ય છે ને મનુષ્યપણાનો વ્યય થઈને દેવપણે ઊપજ્યો એ અપેક્ષાએ અનિત્ય છે, પોતે તે રૂપે પરિણમનારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એમ સિદ્ધ કરવું છે. પરને લીધે નથી, નવી અવસ્થારૂપે ઊપજવું, જૂની અવસ્થારૂપે વ્યય થવો ને પોતે કાયમ રહેવું એવું વસ્તુનું સ્વરૂપ છે.

હવે જીવના ઉત્પાદ–વ્યયમાં કર્મનું નિમિત્ત છે, એમ નિમિત્તની મુખ્યતાથી કથન કરીને નિમિત્ત સાબિત કરે છે. નિમિત્તથી ઊપજે છે કે વિણસે છે એમ છે જ નહિ, પોતે પોતાના કારણે ઊપજે છે ને વિણસે છે તે નિશ્ચય છે, તેમાં કર્મ નિમિત્ત છે તે વ્યવહાર છે, એમ પ્રમાણજ્ઞાનની વાત ચાલે છે. ૫૪.

---

**णेरइयतिरियमणुआ देवा इदि णामसंजुदा पयडी ।**
**कुव्वंति सदो णासं असदो भावस्स उप्पादं ॥ ५५ ॥**

**नारकतिर्यङ्मनुष्या देवा इति नामसंयुताः प्रकृतयः ।**
**कुर्वन्ति सतो नाशमसतो भावस्योत्पादम् ॥ ५५ ॥**

**તિર્યંચ–નારક–દેવ–માનવ નામની છે પ્રકૃતિ જે,**
**તે વ્યય કરે સત્ ભાવનો, ઉત્પાદ અસત તણો કરે. ૫૫**

**અન્વયાર્થ :** [नारकतिर्यङ्मनुष्याः देवाः] નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ [इति नामसंयुताः] એવાં નામવાળી [प्रकृतयः] (નામકર્મની) પ્રકૃતિઓ [सतः नाशम्] સત્ ભાવનો નાશ અને [असतः भावस्य उत्पादम्] અસત્ ભાવનો ઉત્પાદ [कुर्वन्ति] કરે છે.

---

**तात्पर्यवृत्ति :** अथ पूर्वसूत्रे जीवस्योत्पादव्ययस्वरूपं यद्भणितं तस्य नरनारकादिगतिनामकर्मोदय-कारणमिति कथयति :– **णेरइयतिरियमणुआ देवा इदि णामसंजुदा** नारकतिर्यङ्मनुष्यदेवा इति नामसंयुक्ताः **पयडी** नामकर्मप्रकृतयः कर्तृ **कुव्वंति** कुर्वन्ति । कं ? **सदो णासं** सतो विद्यमानस्य भावस्य पर्यायस्य नाशं **असदो भावस्स उप्पत्ती** असतो भावस्य पर्यायस्योत्पत्तिमिति । तथाहि – यथा समुद्रस्य समुद्ररूपेणा-विनश्वरस्यापि कल्लोला उत्पादव्ययद्वयं कुर्वन्ति तथा जीवस्य सहजानंदैकटंकोत्कीर्णज्ञायकस्वभावेन नित्यस्यापि व्यवहारेणानादिकर्मोदयवशान्निर्विकारशुद्धात्मोपलब्धिच्युतस्य नरकगत्यादिकर्मप्रकृतय उत्पादव्ययं च कुर्वंतीति । तथा चोक्तं – "अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं । उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लो-लवज्जले ॥" अत्र यदेव शुद्धनिश्चयनयेन मूलोत्तरप्रकृतिरहितं वीतरागपरमाह्लादैकरूपचैतन्यप्रकाशसहितं शुद्धजीवास्तिकायस्वरूपं तदेवोपादेयमिति भावार्थः ॥ ५५ ॥

**समयव्याख्या : जीवस्य सदसद्भावोच्छित्त्युत्पत्तिनिमित्तोपाधिप्रतिपादनमेतत् । यथा हि जलराशेर्जल-राशित्वेनासदुत्पादं सदुच्छेदं चाननुभवतश्चतुर्भ्यः ककुब्विभागेभ्यः क्रमेण वहमानाः पवमानाः कल्लोलानामसदुत्पादं सदुच्छेदं च कुर्वन्ति, तथा जीवस्यापि जीवत्वेन सदुच्छेदमसदुत्पत्तिं चाननुभवतः क्रमेणोदीयमानाः नारकतिर्यङ्मनुष्यदेवनामप्रकृतयः सदुच्छेदमसदुत्पादं च कुर्वंतीति ॥ ५५ ॥**

**અનુવાદ :** જીવને સત્ ભાવના ઉચ્છેદ અને અસત્ ભાવના ઉત્પાદમાં નિમિત્તભૂત ઉપાધિનું આ પ્રતિપાદન છે.

જેમ સમુદ્રપણે અસત્‌નો ઉત્પાદ અને સત્‌નો ઉચ્છેદ નહિ અનુભવતા એવા સમુદ્રને ચાર દિશાઓમાંથી ક્રમે વહેતા પવનો કલ્લોલોસંબંધી અસત્‌નો ઉત્પાદ અને સત્‌નો ઉચ્છેદ કરે છે (અર્થાત્ અવિદ્યમાન તરંગના ઉત્પાદમાં અને વિદ્યમાન તરંગના નાશમાં નિમિત્ત બને છે), તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવપણે સત્‌નો ઉચ્છેદ અને અસત્‌નો ઉત્પાદ નહિ અનુભવતા એવા જીવને ક્રમે ઉદય પામતી નારક–તિર્યંચ–મનુષ્ય–દેવ નામની (નામકર્મની) પ્રકૃતિઓ (ભાવોસંબંધી, પર્યાયોસંબંધી) સત્‌નો ઉચ્છેદ અને અસત્‌નો ઉત્પાદ કરે છે (અર્થાત્ વિદ્યમાન પર્યાયના નાશમાં અને અવિદ્યમાન પર્યાયના ઉત્પાદમાં નિમિત્ત બને છે). ૫૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ–૮ બુધવાર]

"नरक तिर्यञ्च मनुष्य देव इन नामोंकर संयुक्त नामकर्मसंबंधिनी प्रकृतियाँ विद्यमानपर्यायके विनाशको करती हैं और अविद्यमान पर्यायकी उत्पत्तिको करती हैं।"

નામકર્મના કારણે મનુષ્યપણાનો નાશ થઈ દેવાદિ થાય, નારકીનો નાશ થઈ ઢોરાદિ થાય, ઢોર નાશ પામી નરકાદિમાં જાય, આ પ્રમાણે નામકર્મ વિદ્યમાન પર્યાયનો નાશ કરે છે ને અવિદ્યમાન પર્યાય ઉત્પન્ન કરે છે. અહીં નિમિત્તથી કથન કરેલ છે. કર્મ જીવને ગતિમાં લઈ જતું નથી, જીવ પોતાના નિર્વિકલ્પસ્વરૂપથી ચૂકી જાય છે ને પોતામાં ગતિની યોગ્યતાના પરિણામ કરે છે ત્યારે નામકર્મના નિમિત્તે દેવ મરીને મનુષ્ય થયો એમ કથન કરવામાં આવે છે. પંચાસ્તિકાય ગાથા ૫૯ પાન ૧૦૨માં લખેલ છે કે જીવ પોતાના કારણે પરિણામ કરે તે ઉપાદાન કારણ છે ત્યાં નિશ્ચયનય સમજવો. ને કર્મને લીધે પરિણામ કરે તે કથનમાં કર્મ નિમિત્ત કારણ છે ત્યાં વ્યવહારનય સમજવો.

આ વિવક્ષા બધે લાગુ પાડવી.

**ભાવાર્થ** : જેવી રીતે સમુદ્ર પોતાના સ્વરૂપથી સ્થિર છે. પોતાની ઉત્પાદ–વ્યય અવસ્થાને પ્રાપ્ત થતો નથી. પરંતુ ચારે દિશાનો પવન આવવાથી સમુદ્રમાં મોજાંના ઉત્પાદ–વ્યય થાય છે. પવનને લીધે મોજાં થતાં નથી. પવનને લીધે થતાં હોય તો આકાશમાં મોજાં થવાં જોઈએ. પાણીમાં મોજાંપણે ઉત્પાદ–વ્યય થવાની લાયકાત છે તો પવનને નિમિત્ત કહેવાય છે. તે પ્રમાણે જીવદ્રવ્ય પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવથી ઊપજતો નથી તેમ જ વિનાશ પામતો નથી, સદાય ટંકોત્કીર્ણ ચૈતન્યમૂર્તિ છે. પરંતુ અનાદિ કર્મોની ઉપાધિના નિમિત્તે ચાર ગતિ નામકર્મના ઉદયે નવી અવસ્થાને કરે છે ને જૂની અવસ્થાનો નાશ કરે છે.

અહીં કર્મના વશે એટલે કે પરદ્રવ્યના નિમિત્તે, એમ કહેતાં વ્યવહાર થયો, પોતે પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકે ને દેવપણામાં ઊપજવાની લાયકાત ઉત્પન્ન કરે તો દેવ નામકર્મના ઉદયને નિમિત્ત કહેવાય.

અજ્ઞાની જીવને ભ્રમ પડે છે કે કર્મનો ઉદય આવ્યો માટે થયું. શ્રેણિક રાજાને નરકમાં જવાનો ભાવ હતો ? નરકગતિ નામકર્મનો ઉદય આવ્યો માટે તેમની ઈચ્છા ન હોવા છતાં પરાણે નરકમાં કર્મને લીધે જવું પડ્યું. આમ અજ્ઞાની દલીલ કરે છે. સમાધાન : ભાઈ, પોતાની નરકમાં જવાની યોગ્યતા તે સમયની છે માટે નરકમાં જાય છે. તેની લાયકાત વિના કોઈ જીવ જતો નથી. તેની યોગ્યતા છે તો કર્મને નિમિત્ત કહેવાય છે.

આ જીવના કર્તાપણાનો અધિકાર છે, પોતે નરક, મનુષ્યાદિ ગતિના ઔદયિકભાવોને કરે છે ત્યારે કયું કર્મ નિમિત્ત છે તે સાબિત કરે છે. જીવ છતી પર્યાયનો નાશ કરે છે ને અછતી પર્યાયનો ઉત્પાદ કરે છે તે નિશ્ચય છે ને તેમાં કર્મ નિમિત્ત છે. કર્મને લીધે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ–વિનાશ કહેવો એમ નિમિત્તથી કથન કરવામાં વિરોધ નથી. તેમ જીવ કર્મને લીધે રખડે છે એ વ્યવહારકથન છે. ને પોતાના અપરાધને કારણે રખડે છે એ નિશ્ચયકથન છે. એ બન્નેમાં વિરોધ નથી પણ વિરોધનો પરિહાર છે.

કર્મ તને રાગ–દ્વેષ કરાવતું નથી પણ તું પોતે કરે તો વિકાર થાય છે. આત્મામાં ૧૪૮ પ્રકૃતિ છે જ નહિ, માટે કર્મ ઉપરનું લક્ષ છોડવા જેવું છે ને આત્મા વીતરાગસ્વરૂપ પરમ આહ્લાદસ્વરૂપ એકરૂપ ચૈતન્ય પ્રકાશવાળો છે તેને ઉપાદેય માનવા જેવો છે. તું જ્ઞાતા છો એવી દૃષ્ટિ કર ને એકાગ્ર થા એમ કહેવાનો ભાવ છે. ૫૫.

હવે જીવના પાંચ ભાવોનું વર્ણન કરે છે.

---

**उदयेण उवसमेण य खयेण दुहिं मिस्सिदेहिं परिणामे ।**
**जुत्ता ते जीवगुणा बहुसु य अत्थेसु विच्छिण्णा ॥ ५६ ॥**

**उदयेनोपशमेन च क्षयेण द्वाभ्यां मिश्रिताभ्यां परिणामेन ।**
**युक्तास्ते जीवगुणा बहुषु चार्थेषु विस्तीर्णाः ॥ ५६ ॥**

**પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુક્ત જે,**
**તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬**

**અન્વયાર્થ** : [उदयेन] ઉદયથી યુક્ત, [उपशमेन] ઉપશમથી યુક્ત, [क्षयेण] ક્ષયથી યુક્ત, [द्वाभ्यां मिश्रिताभ्यां] ક્ષયોપશમથી યુક્ત [च] અને [परिणामेन युक्ताः] પરિણામથી યુક્ત—[ते] એવા [जीवगुणाः] (પાંચ) જીવગુણો (જીવના ભાવો) છે; [च] અને [बहुषु अर्थेषु विस्तीर्णाः] તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं कर्मकर्तृत्वादित्रयपीठिकाव्याख्यानरूपेण गाथात्रयेण प्रथममंतरस्थलं गतं । अथ पीठिकायां पूर्वं जीवस्य यदौदयिकादिभावपंचकं सूचितं तस्य व्याख्यानं करोति, — **जुत्ता** युक्ताः । के? **ते जीवगुणा** ते परमागमप्रसिद्धाः जीवगुणाः जीवभावाः परिणामाः । केन केन युक्ताः ? **उदयेण** कर्मोदयेन **उवसमेण** कर्मोपशमेन च **खयेण** कर्मक्षयेण **दुहि मिस्सिदेण** द्वाभ्यां क्षयोपशमाभ्यां मिश्रत्वेन **परिणामे** प्राकृतलक्षणबलात्सप्तम्यंतं तृतीयांतं व्याख्यायते परिणामेन करणभूतेन इति व्युत्पत्तिरूपेणौदयिक औपशमिकः क्षायिकः क्षायोपशमिकः पारिणामिक एवं पंचभावा ज्ञातव्याः । ते च कथंभूताः ? **बहुसुदसत्थेसु वित्थिण्णा** बहुश्रुतशास्त्रेषु तत्त्वार्थादिषु विस्तीर्णाः औदयिकौपशमिकक्षायोपशमिकास्त्रयो भावाः कर्मजनिताः क्षायिकस्तु केवलज्ञानादिरूपो यद्यपि वस्तुवृत्त्या शुद्धबुद्धैकजीवस्वभावः तथापि कर्मक्षयेणोत्पन्नत्वादुपचारेण कर्मजनित एव, शुद्धपारिणामिकः पुनः साक्षात्कर्मनिरपेक्ष एव । अत्र व्याख्यानेन मिश्रौपशमिकक्षायिकः मोक्षकारणं मोहोदयसहित औदयिको बंधकारणं शुद्धपारिणामिकस्तु बंधमोक्षयोरकारणमिति भावार्थः । तथा चोक्तं—"मोक्षं कुर्वन्ति मिश्रौपशमिकक्षायिकाभिधाः । बंध-मौदयिका भावा निःक्रियाः पारिणामिकाः ॥" ॥ ५६ ॥

**समयव्याख्या : जीवस्य भावोदयवर्णनमेतत् । कर्मणां फलदानसमर्थतयोद्भूतिरुदयः, अनुद्भूति-रुपशमः, उद्भूत्यनुद्भूती क्षयोपशमः, अत्यंतविश्लेषः क्षयः, द्रव्यात्मलाभहेतुकः परिणामः । तत्रोदयेन युक्त औदयिकः, उपशमेन युक्त औपशमिकः, क्षयोपशमेन युक्तः क्षायोपशमिकः, क्षयेण युक्तः**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**क्षायिकः, परिणामेन युक्तः पारिणामिकः। त एते पञ्च जीवगुणाः। तत्रोपाधिचतुर्विधत्वनिबंधनाश्चत्वारः, स्वभावनिबंधन एकः। एते चोपाधिभेदात्स्वरूपभेदाच्च भिद्यमाना बहुष्वर्थेषु विस्तार्यंत इति ॥ ५६ ॥**

**અનુવાદ :** જીવને ભાવોના ઉદયનું (પાંચ ભાવોની પ્રગટતાનું) આ વર્ણન છે.

કર્મોનો ફળદાનસમર્થપણે ઉદ્ભવ તે 'ઉદય' છે, અનુદ્ભવ તે 'ઉપશમ' છે, ઉદ્ભવ તેમ જ અનુદ્ભવ તે 'ક્ષયોપશમ' છે, અત્યંત વિશ્લેષ તે 'ક્ષય' છે, દ્રવ્યનો આત્મલાભ (હયાતી) જેનો હેતુ છે તે 'પરિણામ' છે. ત્યાં, ઉદયથી યુક્ત તે 'ઔદયિક' છે, ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે, ક્ષયોપશમથી યુક્ત તે 'ક્ષાયોપશમિક' છે, ક્ષયથી યુક્ત તે 'ક્ષાયિક' છે, પરિણામથી યુક્ત તે 'પારિણામિક' છે.—એવા આ પાંચ જીવગુણો છે. તેમાં (આ પાંચ ગુણોમાં) ઉપાધિનું ચતુર્વિધપણું જેમનું કારણ (નિમિત્ત) છે એવા ચાર છે, સ્વભાવ જેનું કારણ છે એવો એક છે. ઉપાધિના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ પાડતાં, તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે. ૫૬.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૮, બુધવાર]

"जो भाव, कर्मके उदयकर और कर्मोंके उपशम होनेकर तथा कर्मोंके क्षयकर, उपशम और क्षय इन दोनों जातिके मिले हुये कर्मपरिणामोंकर और आत्मीक निजभावोंकर संयुक्त हैं वे भाव जीवके सामान्यतासे पांच भाव जानने। कैसे हैं वे भाव ? नानाप्रकारके भेदोंमें विस्तार लिये हुवे हैं।"

**ભાવાર્થ :** જીવના પાંચ ભાવ તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયમાં કહ્યા છે. (૧) ઔદયિક, (૨) ઔપશમિક (૩) ક્ષાયિક (૪) ક્ષાયોપશમિક (૫) પારિણામિક.

(૧) ઔદયિક : શુભાશુભ કર્મના ઉદયમાં જીવ જોડાય ને પોતામાં વિકારાદિ ભાવો કરે તેને ઔદયિકભાવ કહે છે. કર્મના ઉદયને ઉદય કહે છે ને જીવ તેમાં જોડાય તો ઔદયિકભાવ કહેવાય છે ને ન જોડાય તો ઔદયિકભાવ કહેવાતો નથી. માટે કર્મને લીધે જીવમાં રાગ–દ્વેષ થાય તે વાત રહેતી નથી. પોતે શુભાશુભભાવ કરે તો કર્મને નિમિત્ત કહેવાય. જે ભાવે તીર્થંકર. નામકર્મ બંધાય તે ઔદયિકભાવ છે. બધા પ્રકારના ઔદયિકભાવ સંસારનું કારણ છે પણ ધર્મનું કારણ નથી.

(૨) **ઔપશમિક :** કર્મમાં ઉપશમ થાય તેને ઉપશમ કહે છે, કર્મોના ઉપશમના નિમિત્તે જીવમાં પોતાના પુરુષાર્થથી સમ્યગ્દર્શન ને ચારિત્રમાં ઉપશમ થાય તેને ઔપશમિકભાવ કહે છે. જેવી રીતે કચરો નીચે બેસી જવાથી પાણી નિર્મળ થાય છે તેવી રીતે કર્મનો ઉપશમ થવાથી જીવમાં ઉપશમ થાય છે. પાણી નિર્મળ પોતાની યોગ્યતાથી થાય છે તેમાં કચરાનું બેસી જવું નિમિત્ત છે, તેમ જીવ પોતાના પુરુષાર્થથી દર્શન અથવા ચારિત્રમાં ઉપશમભાવ પ્રગટ કરે તો કર્મના નિમિત્તે પ્રગટે છે એમ કહેવામાં આવે છે.

(૩) **ક્ષાયોપશમિક :** કર્મનો કોઈક ઉદય હોય ને કોઈક ઉદય ન હોય તેને કર્મનો ક્ષયોપશમ કહે છે. તેમાં જીવ જોડાય ને પોતામાં જ્ઞાન, દર્શન, વીર્યનો અમુક ઉઘાડ દેખાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને અમુક ન દેખાય. જેટલો પુરુષાર્થ તેટલો ઉઘાડ દેખાય છે ને જેટલો પુરુષાર્થ નથી તેટલો ઉઘાડ દેખાતો નથી. પોતાની યોગ્યતા મુજબ ઉઘાડ દેખાય છે ત્યારે કર્મના કારણે ક્ષાયોપશમિકભાવ થયો એમ કહેવાય છે.

(૪) **ક્ષાયિકભાવ :** કર્મનો નાશ થવો તેને ક્ષય કહે છે. તેના નિમિત્તે જે ભાવ ઉત્પન્ન થાય તેને ક્ષાયિકભાવ કહે છે. કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવે છે. પોતામાં એકાગ્ર થઈ સર્વથા શુદ્ધતા પ્રગટ થવી ને અશુદ્ધતાનો નાશ થવો તેને ક્ષાયિકભાવ કહે છે.

(૫) **પારિણામિકભાવ :** જીવ પોતાના શુદ્ધ ચૈતન્યાદિ ભાવોથી એકરૂપ છે, હોવાસ્વરૂપ છે, તેને પારિણામિકભાવ કહે છે. આ ભાવને કર્મની અપેક્ષા નથી. કર્મો ઓછાં હોય તેને ભવી કહેવો ને કર્મો વધારે હોય તેને અભવી કહેવો એમ નથી. પોતાના એકરૂપ પરિણામ અનુસાર હોવું તેને પારિણામિકભાવ કહે છે.

આ પાંચે ભાવો જીવના છે. ભાવોને અપેક્ષાથી ગુણ કહ્યા છે. તેમાં ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાયમાં છે ને પારિણામિકભાવ ત્રિકાળી સ્વભાવભાવ છે. દરેકના ઘણા ભેદ છે. અહીં મુખ્ય પાંચ કહ્યા છે.

કર્મનો ઉદય આવે ને જીવ તેમાં જોડાય તો જીવમાં ઔદયિકભાવ થયો કહેવાય ને કર્મનો ઉદય હોવા છતાં જીવ તેમાં ન જોડાય તો જીવમાં ઔદયિકભાવ થયો નથી એમ શાસ્ત્રોમાં કથન આવે છે. તેનો આધાર આ ૫૬મી ગાથામાં છે. મૂળગાથામાં ''जुत्ता'' શબ્દ છે તથા શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકામાં (પૃ. ૯૪) ''तत्रोदयेन युक्त औदयिकः'' ''उपशमेन युक्त औपशमिकः'' વગેરે. તેનો અર્થ :

પુદ્‌ગલકર્મનો ઉદય તે ઉદય છે ને તેનાથી સહિત તે ઔદયિકભાવ છે.

પુદ્‌ગલકર્મનો ઉપશમ તે ઉપશમ છે ને તેનાથી સહિત તે ઔપશમિકભાવ છે.

પુદ્‌ગલકર્મનો ક્ષયોપશમ તે ક્ષયોપશમ છે ને તેનાથી સહિત તે ક્ષાયિકભાવ છે.

પુદ્‌ગલકર્મનો ક્ષય તે ક્ષય છે ને તેનાથી સહિત તે ક્ષાયિકભાવ છે. (કર્મના અભાવને અનુસરીને થતો ભાવ) ચાર ભાવોમાં 'ઇક' પ્રત્યય છે. કર્મની સાથે સંબંધ કરી પોતાથી ઉત્પન્ન થયેલો ભાવ એમ તેનો અર્થ સમજવો. પારિણામિકભાવમાં કર્મની અપેક્ષા નથી. જીવના પોતાના ત્રિકાળી એકરૂપ પરિણામને અનુસરીને થતો ભાવ એટલે પોતે પોતામાં ત્રિકાળ જોડાણરૂપ છે એવા ભાવને પારિણામિકભાવ કહે છે. આ પ્રમાણે પાંચે ભાવો જીવમાં હોય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ધર્મ પરના આધારે નથી, સ્વના આધારે છે તો ગમે તેવું નિમિત્ત હોય તો શું વાંધો છે ?

ધર્મ તો સ્વના જ આધારે છે, પરના આધારે નથી. પણ વીતરાગતા વખતે નિમિત્ત કેવું હોય તેનું પણ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. કેસર લેવા જતી વખતે બારદાન–કોથળો ન હોય પણ ટીનનો ડબો હોય, તેમ શુદ્ધ ધર્મ પ્રગટાવતી વખતે કુદેવાદિ નિમિત્ત ન હોય, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર, વીતરાગી પ્રતિમા નિમિત્ત હોય. લૌકિક પ્રસંગે રાજાદિને નમે તે જુદી વાત છે. પણ ધાર્મિકદૃષ્ટિએ અન્યને વાંદવા તે મિથ્યાભાવ છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૯, ગુરુવાર]

**ભાવાર્થ :** ''ये पांच भाव जीवके होते हैं।'' આ પાંચ ભાવ જીવોના છે. તેમાંથી ચાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ કર્મોના નિમિત્તે થાય છે. લેશ્યા, ગતિ આદિના ભાવો જીવ કરે છે તેમાં કર્મ નિમિત્ત છે, ઔદયિકભાવ બંધનું કારણ છે માટે હેય છે. ઉપશમ, ક્ષયોપશમભાવ (સમકિતનો તથા ચારિત્રનો) તથા ક્ષાયિકભાવ પર્યાય હોવાથી મોક્ષનું ઉપચારકારણ છે. ખરેખર નિશ્ચયકારણ તો દ્રવ્ય છે, માટે ચારે ભાવો હેય છે. ત્રિકાળી સ્વભાવ—પરમ પારિણામિકભાવ જે કર્મની અપેક્ષા વિનાનો છે તે ઉપાદેય છે. ઔદયિકભાવમાં કર્મના ઉદયની, ઔપશમિકમાં કર્મના ઉપશમની, ક્ષાયોપશમિકમાં કર્મના ક્ષયોપશમની, ક્ષાયિકમાં કર્મના ક્ષયની નિમિત્તતા આવે છે ને પારિણામિકભાવમાં કર્મની અપેક્ષા નથી. આમ કર્મના નિમિત્તની અપેક્ષાએ તથા સ્વરૂપના ભેદની અપેક્ષાએ પાંચમાં અનેક પ્રકાર પડે છે. ઔદયિકમાં ગતિ, લેશ્યા, કષાય, આદિ ભેદો છે, ઔપશમિકમાં સમકિત, ચારિત્ર ભેદ છે. ક્ષયોપશમમાં પણ પ્રકાર પડે છે. ક્ષાયિકમાં ક્ષાયિકજ્ઞાન–દર્શનાદિ પ્રકાર પડે છે ને પારિણામિકમાં પણ પ્રકારો પડે છે.

ઔદયિક, ઔપશમિક ને ક્ષાયોપસમિક ત્રણ ભાવો કર્મજનિત છે. જીવ પોતાના સ્વભાવને ચૂકીને વિકાર કરે છે તો કર્મના ઉદયને નિમિત્ત કહે છે. ચિદાનંદ આત્માના આશ્રયે ઉપશમ સમકિત અથવા ચારિત્ર પ્રગટ કરે છે ત્યારે કર્મનો ઉપશમ થાય છે. જીવ પોતામાં ક્ષયોપશમ સમકિત અથવા ચારિત્ર પ્રગટ કરે છે ત્યારે કર્મનો ક્ષયોપશમ હોય છે. માટે તે ભાવોને કર્મજનિત કહેવામાં આવ્યા છે. કર્મો ઔદયિકાદિભાવ કરાવે છે એવો તેનો અર્થ નથી. શાસ્ત્રકારનો આશય સમજવો જોઈએ.

કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ–વીર્ય વગેરે ક્ષાયિકભાવે છે, તે શુદ્ધ છે. તે એક સમયની પર્યાય હોવા છતાં સાદિ–અનંતકાળ સુધી રહે છે માટે અવિનાશી કહેલ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ઉગ્ર અવલંબનથી પ્રગટે છે, પણ તે પ્રગટે છે ત્યારે કર્મનો અભાવ થાય છે. કર્મના અભાવની નિમિત્તતા બતાવવા તેને કર્મજનિત કહેલ છે. કેવળજ્ઞાનાવરણીય કર્મ ટળ્યું માટે કેવળજ્ઞાન પ્રગટે છે એમ પરાધીન નથી. આત્મા ત્રિકાળી હોવા છતાં પર્યાયમાં ક્ષાયિકભાવનો કર્તા સ્વતંત્ર છે ને તેમાં નિમિત્ત બતાવી પ્રમાણજ્ઞાન કરાવે છે.

પારિણામિકભાવ—પરમ સ્વભાવભાવને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. શુદ્ધ પારિણામિકભાવ જીવનો સ્વભાવ છે. માટે તે કર્મજનિત નથી. એ પારિણામિકભાવમાં ભવી ને અભવી બે ભેદ છે. તે પણ કર્મજનિત નથી. સમ્યક્ શ્રદ્ધા પ્રગટાવે તે ભવી ને શ્રદ્ધા ન પ્રગટાવે તે અભવી એવા પ્રકારનો ભેદ નથી. કેટલાય એવા ભવી છે જે અનંતકાળ સુધી સમ્યક્ શ્રદ્ધા પ્રગટાવશે નહિ છતાં ભવી છે. ભવી અથવા અભવી એવો જ જીવનો સ્વભાવ છે. જેમ કોરડુ મગ લાખો મણ પાણીમાં પકવવામાં આવે છતાં પાકતા નથી તેમ અભવી પણ કદી ધર્મ પામતા નથી. અભવી જીવો કદાચિત્ રાજપાટ છોડે, બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, મુનિઓની સેવા કરે, પોતે મુનિ થાય, મહાવ્રત પાળે, નવ કોટીએ સંથારો કરે તોપણ અભવી ફીટીને ભવી થાય નહિ. જેમ જડ ચેતન થાય નહિ તેમ તેઓ સમ્યગ્દર્શન પામે નહિ ને મોક્ષ થાય નહિ. અને ભવી જીવ કોઈ કદાચિત્ તીર્થંકરનો વિરોધ કરે, કસાઈખાનાં માંડવા જેવાં પાપ કરે તોપણ ભવી મટીને અભવી ન થાય. તેઓ આત્માનું જ્ઞાન કરી શકે ને મોક્ષે જઈ શકે.

જોકે કર્મની અપેક્ષાથી ભવ્ય—અભવ્ય સ્વભાવ જાણી શકાય છે. જેને કર્મનો નાશ થાય તેને ભવી કહેવાય. આ વ્યવહારથી, અપેક્ષાએ વાત કરી છે. એવા ભવી પડ્યા છે કે જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભવીની જેમ કદી પણ ધર્મ પામવાના નથી છતાં ભવી છે, અને જેને કર્મનો નાશ કદી થતો નથી તેને અભવ્ય જાણવા, તોપણ કર્મને લીધે ભવી–અભવી કહી શકાતા નથી. કારણ કે ભવ્ય–અભવ્ય નામનું કોઈ કર્મ નથી, તે કારણે તે કર્મજનિત નથી.

ભગવાને કેવળજ્ઞાનમાં જોયું છે કે અભવીને સંસારમાંથી કદી નીકળવાનું થશે નહિ, તેનો સંસાર અનાદિ અનંત છે તેવો તેનો સ્વભાવ છે. ભવ્યને અનાદિસાંત સંસારની લાયકાતવાળો સ્વભાવ ભગવાને જોયો છે ને તેવો વાણી દ્વારા આવ્યો છે.

''स्वरूपभेदात्'' શબ્દ ટીકામાં છે. પારિણામિકભાવમાં સ્વરૂપથી ત્રણ પ્રકારના ભેદ છે—શુદ્ધ જીવત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વ. શુદ્ધ જીવત્વ સાથે ભવી જીવો જે મોક્ષને લાયક છે ને શુદ્ધ જીવત્વની સાથે અભવી જીવો જે મોક્ષને લાયક નથી એવો તેનો સ્વભાવ છે. અભવી જીવ વ્યવહાર શ્રદ્ધા કરે પણ અંતરરુચિ કરે નહિ ને તેથી તે કદી મોક્ષ જશે નહિ. જેમ લાકડાનો સ્વભાવ તરવાનો છે તેમ ભવી જીવનો સ્વભાવ તરવાનો છે, છતાં ઘણા ભવી એવા છે કે અનંતકાળ સુધી મોક્ષે નહિ જાય. સંસારમાં કોઈ વખતે ભવી ન હોય તેમ બને નહિ. ભવ્ય બધા મોક્ષે જાય તો નવતત્ત્વ રહે નહિ. નવતત્ત્વ અનાદિ-અનંત રહેવાનાં છે. ભવ્ય જીવ બધા મોક્ષે જાય તો સંવર–નિર્જરાતત્ત્વ એટલે સાધુ, શ્રાવકપણું રહે નહિ. સંસાર સદાય રહેશે ને સમજનાર મોક્ષે જશે. આ પ્રમાણે જેનો જેવો સ્વભાવ છે તેવો જ રહે છે. તેથી ભવ્ય–અભવ્ય પોતાના સ્વભાવની લાયકાત ઉપર છે, કર્મજનિત નથી. આ પ્રમાણે ત્રણ પ્રકારના પારિણામિકભાવ સ્વભાવજનિત કહ્યા.

કુંદકુંદાચાર્ય ભગવાને 'પ્રવચનસાર' ગાથા ૬૨માં કહ્યું છે કે ''કેવળજ્ઞાની પરિપૂર્ણ સુખી છે એમ જે શ્રદ્ધતો નથી તે અભવી છે.'' કોઈ કહે કે આટલી બધી કડકાઈથી કેમ કહ્યું ? ભાઈ, તે તેમના પુરુષાર્થની ઉગ્રતા બતાવે છે. જે જીવ કેવળીને સુખી માનતા નથી, પણ કેવળીને આહાર ને દવા લેતા ઠરાવી દુઃખી ઠરાવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. કેવળીને રોગ થવો માનવો, લોહીખંડ ઝાડો માનવો, દવા લેતા માનવા ને દવા લીધા પછી ભગવાનને ઠીક થયું ને તેથી બધા ખુશી થયા વગેરે પ્રકારે જે માન્યતા છે તે વસ્તુદૃષ્ટિને હણનારી છે. કેવળીને દુઃખી માને છે તે કેવળજ્ઞાનની પર્યાયનો વિરોધ કરે છે, તે અભવી છે. અનંત ચતુષ્ટય પ્રગટી ગયાં હોય તેને આહાર ન હોય, રોગ ન હોય. ઉગ્ર પુરુષાર્થ કરનારા, કેવળજ્ઞાન તથા મોક્ષની તૈયારીવાળા મુનિઓ સામે કેવળી ભગવાનની આવી હીણી વાત કરનાર પણ અભવી છે—નાલાયક છે.

પારિણામિકભાવમાં ભવી ને અભવી બે ભેદ કહ્યા તે જાણવા માટે છે. આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિમાં ભવ જ નથી, રાગ–દ્વેષ વિકાર ત્રિકાળમાં નથી એવું ભાન કરનાર જીવ સ્વનું જ્ઞાન થતાં પર જીવોને જાણી લ્યે છે કે અભવી સંસારની પેઢી માંડીને બેઠા છે, ધર્મને સમજતા નથી. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, મારામાં ભવ છે જ નહિ એમ દૃઢ પ્રતીતિ ને જ્ઞાન કરનારને પરનું જ્ઞાન યથાર્થ થાય છે. તે જાણી લ્યે છે કે આવા અભવ્ય જીવો જગતમાં છે કે જે કદી મોક્ષ જવાના નથી. પોતાનો જ્ઞાનસ્વભાવ છે તેમાં પરને જાણવાની મુખ્યતા નથી, સ્વને જાણવાની મુખ્યતા હોવી જોઈએ, પોતા તરફ રુચિ કરવી જોઈએ. સ્વનું જ્ઞાન થતાં જગતનાં જ્ઞેયો, ભવી–અભવીના પ્રકારો યથાર્થ જણાઈ જાય છે. ૫૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कम्मं वेदयमाणो जीवो भावं करेदि जारिसयं ।**
**सो तस्स तेण कत्ता हवदि त्ति य सासणे पढिदं ॥ ५७ ॥**

**कर्म वेदयमानो जीवो भावं करोति यादृशकम् ।**
**स तस्य तेन कर्ता भवतीति च शासने पठितम् ॥ ५७ ॥**

**પુદ્‌ગલકરમને વેદતાં આત્મા કરે જે ભાવને,**
**તે ભાવનો તે જીવ છે કર્તા—કહ્યું જિનશાસને. ૫૭**

**અન્વયાર્થ :** [कर्म वेदयमानः] કર્મને વેદતો થકો [जीवः] જીવ [यादृशकम् भावं] જેવા ભાવને [करोति] કરે છે, [तस्य] તે ભાવનો [तेन] તે પ્રકારે [सः] તે [कर्ता भवति] કર્તા છે—[इति च] એમ [शासने पठितम्] શાસનમાં કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति :** एवं द्वितीयांतरस्थले पंचभावकथनमुख्यत्वेन गाथासूत्रमेकं गतं । तृतीयस्थलं कथ्यते । अथानंतरं प्रथमगाथायां निश्चयेन रागादिभावानां जीवस्य कर्तृत्वं कथ्यते । द्वितीयगाथायां तदुदयागतद्रव्यकर्मणो व्यवहारेण रागादिभावकर्तृत्वमिति स्वतन्त्रगाथाद्वयं । तदनंतरं प्रथमगाथायां जीवस्य यद्येकांतेनोदयागतद्रव्यकर्मरागादिविभावानां कर्तृ भवति तदा जीवस्य सर्वप्रकारेणाकर्तृत्वं प्राप्नोतीति कथयति । द्वितीयगाथायां तु पूर्वोक्तदूषणस्य परिहारं ददातीति पूर्वपक्षपरिहारमुख्यत्वेन गाथाद्वयं । तदनंतरं प्रथमगाथायां जीवः पुद्गलकर्मणां निश्चयेन कर्ता न भवतीत्यागमसंवादं दर्शयति । द्वितीयायां पुनः कर्मणो जीवस्य चाभेदषट्कारकीं कथयतीति स्वतन्त्रगाथाद्वयं । इति तृतीयांतरस्थले कर्तृत्वमुख्यत्वेन समुदायेन गाथाषट्कं कथयतीति । तद्यथा । औदयिकादिभावान् केन रूपेण जीवः करोतीति पृष्टे सत्युत्तरं ददाति,—**कम्मं वेदयमाणो** कर्म वेदयमानः नीरागनिर्भरानंदलक्षणप्रचंडाखंडज्ञानकांडपरिणतात्मभावनारहितेन मनोवचनकायव्यापाररूपकर्मकांडपरिणतेन च पूर्वं यदुपार्जितं ज्ञानावरणादि द्रव्यकर्म तदुदयागतं व्यवहारेण वेदयमानः । कोऽसौ ? **जीवो** जीवः कर्ता **भावं करेदि जारिसयं** भावं परिणामं करोति यादृशकं **सो तस्स तेण कत्ता** सः तस्य तेन कर्ता, स जीवस्तस्य रागादिपरिणामस्य कर्मतापन्नस्य तेनैव भावेन करणभूतेनाशुद्धनिश्चयेन कर्ता **हवदित्ति य सासणे पढिदं** भवतीति शासने परमागमे पठितमित्यभिप्राय इति ॥ ५७ ॥

**समयव्याख्या : जीवस्यौदयिकादिभावानां कर्तृत्वप्रकारोक्तिरियम् । जीवेन हि द्रव्यकर्म व्यवहारनयेनानुभूयते; तच्चानुभूयमानं जीवभावानां निमित्तमात्रमुपवर्ण्यते । तस्मिन्निमित्तमात्रभूते जीवेन कर्तृभूतेनात्मनः कर्मभूतो भावः क्रियते । अमुना यो येन प्रकारेण जीवेन भावः क्रियते, स जीवस्तस्य भावस्य तेन प्रकारेण कर्ता भवतीति ॥ ५७ ॥**

**અનુવાદ : આ, જીવના ઔદયિકાદિ ભાવોના કર્તૃત્વપ્રકારનું કથન છે.**

**જીવ વડે દ્રવ્યકર્મ વ્યવહારનયથી અનુભવાય છે; અને તે અનુભવાતું થકું જીવભાવોનું નિમિત્તમાત્ર કહેવાય છે. તે (દ્રવ્યકર્મ) નિમિત્તમાત્ર હોતાં, જીવ વડે કર્તાપણે પોતાનો કર્મરૂપ (કાર્યરૂપ) ભાવ કરાય છે. તેથી જે ભાવ જે પ્રકારે જીવ વડે કરાય છે, તે ભાવનો તે પ્રકારે જીવ કર્તા છે. ૫૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૯, ગુરુવાર]

હવે ઔદયિકાદિ પાંચ ભાવોનો જીવ કર્તા છે એમ બતાવે છે.

"उदय अवस्थाको प्राप्त हुये द्रव्यकर्मको अनुभवकर्ता आत्मा जैसा अपने परिणामको करता है वह आत्मा तिस परिणामका उसकारणकर करनेहारा होता है इस प्रकार कथन जिनेंद्र भगवानके मतमें तत्त्वके जाननेवाले पुरुषोंने कहा है।"

જિનેંદ્ર ભગવાનના મતમાં કહ્યું છે કે જડ કર્મના પરમાણુ સત્તામાં પડ્યા છે તે સત્તામાંથી ઉદયમાં આવતાં ફળ દેવાની યોગ્યતાવાળાં થાય ત્યારે જીવ જો તેમાં જોડાય ને વિકાર કરે તો વિકારનો અનુભવ કરનાર આત્મા પોતે છે. કર્મ જડ છે તેને આત્મા અનુભવતો નથી. પણ વિકારને અનુભવે છે. કર્મની પ્રકૃતિઓ ચાર પ્રકારની છે—ક્ષેત્રવિપાકી, ભવવિપાકી, જીવવિપાકી અને પુદ્‌ગલવિપાકી. તેના ઉદય વખતે જીવ પોતાની યોગ્યતાથી જોડાય તો વિકારનો અનુભવ કરે છે. વળી કર્મના ઉદય પ્રમાણે જીવને રાગ–દ્વેષ કરવા પડે એ માન્યતા ખોટી છે. જો એમ હોય તો જીવ કદી ધર્મ પામી શકે નહિ. વળી કોઈ કહે છે કે જીવ કર્મના ઉદય વખતે તેમાં ન જોડાય તો કર્મનું પ્રેરકપણું રહેતું નથી, તો તે વાત પણ ખોટી છે. કર્મ જીવમાં રાગની પ્રેરણા કરાવતું નથી. અહીં પાઠમાં "यादृशकं भावं" લખેલ છે. કર્મના ઉદય પ્રમાણે ભાવ થાય તેમ વાત લીધી નથી પણ જેવા પોતાના પરિણામ કરે તેવા પરિણામનો કર્તા થાય છે. એમ ભગવાનના મતમાં, તત્ત્વના જાણવાવાળા પુરુષો કહે છે.

**ભાવાર્થ** : સંસારી જીવને દ્રવ્યકર્મનો અનાદિથી સંબંધ છે. તે કર્મના ઉદય વખતે હરખ–શોકના પરિણામ કરે તો કર્મને ભોગવે છે એમ કહેવાય છે. જેમકે રોટલા, દાળ, ભાતને જીવ ભોગવે છે એટલે કે તે પ્રકારના વિકારી પરિણામને જીવ ભોગવે છે. તે અશુદ્ધ નિશ્ચયનય છે ને તેમાં તે પદાર્થો નિમિત્ત છે માટે પદાર્થોને ભોગવે છે એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. તેવી રીતે જીવ હરખ–શોકને ભોગવે છે તે નિશ્ચય છે ને કર્મને ભોગવે છે તે ઉપચાર કથન છે. પણ કોઈ કહે કે વિકારી પરિણામને નિશ્ચયથી ભોગવે છે ને કર્મોને વ્યવહારથી ભોગવે છે એવો વ્યવહારનો અર્થ નથી. કર્મ તથા પર પદાર્થો જડ છે, તેને આત્મા વ્યવહારથી પણ ભોગવતો નથી.

જ્યારે જે દ્રવ્યકર્મને આત્મા ભોગવે છે એમ કહેવાય છે ત્યારે તે કર્મનું નિમિત્ત પામીને જીવમાં જીવમયી ચિદ્‌વિકારરૂપ પરિણામ થાય છે, તે પરિણામ જીવના કરેલા છે. તે કારણથી જીવને તે પરિણામનો કર્તા કહેવામાં આવે છે. જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો વિરોધ કરીને તેવા વિરાધકભાવને ભોગવે છે ત્યારે જ્ઞાનાવરણીયકર્મને ભોગવે છે એમ કહેવાય છે. શરીરના રોગનો કોઈ જીવ અનુભવ કરતો નથી પણ પોતામાં શોક ને દ્વેષના પરિણામને ભોગવે છે. તેનો ઉપચાર રોગ ઉપર કરવામાં આવે છે.

જીવ પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકે છે ને પરમાં એકાકાર થઈ અનુકૂળતામાં રાગને અને પ્રતિકૂળતામાં દ્વેષને ભોગવે છે. તે જીવનો પર્યાય છે, જીવ તેનો કર્તા છે. કર્મે તે ભાવ કરાવ્યા નથી. 'કર્મનું નિમિત્ત પામીને' એનો અર્થ એમ છે કે જીવમાં હરખ-શોકરૂપી નૈમિત્તિક પર્યાય થાય છે તો કર્મ નિમિત્ત કહેવાય છે.

માટે એ વાત નક્કી થાય છે કે જે ભાવોરૂપ આત્મા પરિણમે છે, ઉદયભાવરૂપે પરિણમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે ભાવોનો જીવને અવશ્ય કર્તા જાણવો. કર્મ રાગ–દ્વેષ કરાવતું નથી, રાગ–દ્વેષ વિકારરૂપે પોતે થાય છે.

'સમયસાર'માં રાગ–દ્વેષના પરિણામને પુદ્‌ગલના કહ્યા છે. જીવના કહ્યા નથી. કેમકે ત્યાં દૃષ્ટિપ્રધાન કથન છે. દર્શન વિકારને કે અધૂરાશને સ્વીકારતું નથી. માત્ર શુદ્ધ દ્રવ્યને જ સ્વીકારે છે. વિકાર શુદ્ધ દ્રવ્યમાંથી આવતો નથી પણ વિકાર પરલક્ષે પરમાં અટકીને થતા પરિણામ હોવાથી પુદ્‌ગલના પરિણામ કહ્યા છે, ત્યાં દ્રવ્યદૃષ્ટિનું કથન છે.

અહીં જ્ઞાનપ્રધાન કથન છે. દૃષ્ટિપૂર્વક થયેલું જ્ઞાન જાણે છે કે હજી રાગ મારી નબળાઈથી થાય છે. દર્શન રાગને સ્વીકારતું નહિ હોવા છતાં જ્ઞાન જાણે છે કે જેટલો રાગ બાકી છે તે મારું કર્તવ્ય છે. હું કરું છું તો થાય છે પણ કર્મ તે કરાવતું નથી; માટે અહીં કર્તા, કર્મ, ક્રિયા એમ ત્રણ પ્રકારે કર્તૃત્વની સિદ્ધિ જાણવી.

(૧) જે સ્વતંત્રપણે પરિણમે અથવા કરે તેને કર્તા કહેવાય. કામ, ક્રોધ, દયા, દાનનાં પરિણામ પોતામાં પોતાના કારણે થાય છે, પરથી થતા નથી, જડ કર્મ કરાવતાં નથી.

(૨) જે પરિણામ થાય છે તે કર્મ છે. કર્તાનું ઈષ્ટ તે કાર્ય. દૃષ્ટિના વિષયમાં ઈષ્ટ તો વીતરાગી પરિણામ છે ત્યાં કર્તાનું ઈષ્ટ વિકાર નથી. પણ અહીં અભેદદૃષ્ટિ હોવા છતાં નબળાઈથી રાગદ્વેષના જે પરિણામ થાય તે પણ કર્મ છે એટલી અસ્થિરતા સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. માટે તે તેનું કાર્ય છે.

(૩) પૂર્વ અવસ્થાથી પલટી નવી અવસ્થા થાય તે ક્રિયા છે. આત્માથી આત્મામાં ક્રિયા થાય છે, જડના કારણે થતી નથી. આ પ્રમાણે કર્તા, કર્મ ને ક્રિયા જીવમાં પોતામાં થાય છે. આત્મા રાગને કેમ વેદે છે તેનો ઉત્તર જયસેનાચાર્ય કહે છે કે નીરાગ, નિર્ભર આનંદલક્ષણવાળા આત્મામાં પ્રચંડ, અખંડ જ્ઞાનકાંડ વડે પરિણત નહિ થતાં, મન–વચન–કાયાના લક્ષે, પુણ્ય–પાપરૂપી પરિણામ ઉપજાવે છે તેનાથી જ્ઞાનાવરણીયાદિ કર્મો ઉપજાવે છે ને તેનો ઉદય આવતાં હરખ–શોકાદિના પરિણામને વેદે છે, એટલે કર્મોને વેદે છે એમ કથન કરવામાં આવે છે. જીવ વિકાર સ્વતંત્ર કરે છે, પણ તે વિકાર પોતાનું સ્વરૂપ નથી. ત્રિકાળી શુદ્ધસ્વરૂપ એ જ આત્માનું ખરું સ્વરૂપ છે એમ સમજી, તેને ઉપાદેય માની યથાર્થદૃષ્ટિ કરે તો ધર્મ થાય છે. ૫૭.

---

**कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं॥ ५८॥**

**कर्मणा विनोदयो जीवस्य न विद्यत उपशमो वा।**
**क्षायिकः क्षायोपशमिकस्तस्माद्भावस्तु कर्मकृतः॥ ५८॥**

**પુદ્‌ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને**
**ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮.**

**અન્વયાર્થ :** [कर्मणा विना] કર્મ વિના [जीवस्य] જીવને [उदयः] ઉદય, [उपशमः] ઉપશમ, [क्षायिकः] ક્ષાયિક [वा] અથવા [क्षायोपशमिकः] ક્ષાયોપશમિક [न विद्यते] હોતો નથી, [तस्मात् तु] તેથી [भावः] ભાવ (ચતુર્વિધ જીવભાવ) [कर्मकृतः] કર્મકૃત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : जीवो निश्चयेन कर्मजनितरागादिविभावानां स्वशुद्धात्मभावनाच्युतः सन् कर्ता भोक्ता भवतीति व्याख्यानमुख्यत्वेन गाथा गता । अथ रागादिपरिणामानामुदयागतं द्रव्यकर्म व्यवहारेण कारणं भवतीति दर्शयति, – **कम्मेण विणा** कर्मणा विना शुद्धज्ञानदर्शनलक्षणाद्भावकर्मद्रव्यकर्मनोकर्मविलक्षणा-त्परमात्मनो विपरीतं यदुदयागतं द्रव्यकर्म तेन विना **उदयं जीवस्स ण विज्जदे** रागादिपरिणामरूप औदयिकभावो जीवस्य न विद्यते न केवलमौदयिकभावः **उवसमं वा** औपशमिकभावो वा न विद्यते तेनैव द्रव्यकर्मोपशमेन विना **खइयं खओवसमियं** क्षायिकभावः क्षायोपशमिकभावस्तस्यैव द्रव्यकर्मणः क्षयेण क्षयोपशमेन विना न भवति **तम्हा भावं तु कम्मकदं** तस्माद्भावस्तु कर्मकृतः यस्माच्छुद्धपारिणामिक-भावं मुक्त्वा पूर्वोक्तमौदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकभावचतुष्टयं द्रव्यकर्मणा विना न भवति तस्मादेवं ज्ञायते जीवस्यौदयिकादिभावचतुष्टयमनुपचरितासद्भूतव्यवहारेण द्रव्यकर्मकृतमिति । अत्र सूत्रे सामान्येन केवलज्ञानादिक्षायिकनवलब्धिरूपो विशेषेण तु केवलज्ञानांतर्भूतं यदनाकुलत्वलक्षणं निश्चयसुखं तत्प्रभृतयो येऽनंतगुणास्तेषामाधारभूतो योऽसौ क्षायिको भावः स एव सर्वप्रकारेणोपादेयभूत इति मनसा श्रद्धेयं ज्ञेयं मिथ्यात्वरागादिविकल्पजालत्यागेन निरंतरं ध्येयमिति भावार्थः ।। ५८ ।।

**समयव्याख्या : द्रव्यकर्मणां निमित्तमात्रत्वेनौदयिकादिभावकर्तृत्वमत्रोक्तम् । न खलु कर्मणा विना जीवस्योदयोपशमौ क्षयक्षायोपशमावपि विद्येते, ततः क्षायिकक्षायोपशमिकश्चौदयिकौपशमिकश्च भावः कर्मकृतोऽनुमंतव्यः । पारिणामिकस्त्वनादिनिधनो निरुपाधिः स्वाभाविक एव । क्षायिकस्तु स्वभावव्यक्तिरूपत्वादनंतोऽपि कर्मणः क्षयेणोत्पद्यमानत्वात्सादिरिति कर्मकृत एकोक्तः । औपशमिकस्तु कर्मणामुपशमे समुत्पद्यमानत्वादनुपशमे समुच्छिद्यमानत्वात् कर्मकृत एवेति ।**

**अथवा उदयोपशमक्षयक्षयोपशमलक्षणाश्चतस्रो द्रव्यकर्मणामेवावस्थाः, न पुनः परिणामलक्षणैकावस्थस्य जीवस्य; तत उदयादिसंजातानामात्मनो भावानां निमित्तमात्रभूततथाविधावस्थत्वेन स्वयं परिणमनाद्द्रव्यकर्मापि व्यवहारनयेनात्मनो भावानां कर्तृत्वमापद्यत इति ॥ ५८ ॥**

અનુવાદ : અહીં, (ઔદયિકાદિ ભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે.

(એક રીતે વ્યાખ્યા કરતાં—) કર્મ વિના જીવને ઉદય–ઉપશમ તેમ જ ક્ષય–ક્ષયોપશમ હોતા નથી (અર્થાત્ દ્રવ્યકર્મ વિના જીવને ઔદયિકાદિ ચાર ભાવો હોતા નથી); તેથી ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક કે ઔપશમિક ભાવ કર્મકૃત સંમત કરવો. પારિણામિકભાવ તો અનાદિ–અનંત, નિરુપાધિ, સ્વાભાવિક જ છે. (ઔદયિક અને ક્ષાયોપશમિકભાવ કર્મ વિના હોતા નથી અને તેની કર્મકૃત કહી શકાય—એ વાત તો સ્પષ્ટ સમજાય એવી છે; ક્ષાયિક અને ઔપશમિક ભાવોની બાબતમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છે :) ક્ષાયિક ભાવ, જોકે સ્વભાવની વ્યક્તિરૂપ (પ્રગટતારૂપ) હોવાથી અનંત (અંત વિનાનો) છે તોપણ, કર્મના ક્ષય વડે ઉત્પન્ન થતો હોવાને લીધે સાદિ છે તેથી કર્મકૃત જ કહેવામાં આવ્યો છે. ઔપશમિકભાવ કર્મના ઉપશમે ઉત્પન્ન થતો હોવાથી અને અનુપશમે નષ્ટ થતો હોવાથી કર્મકૃત જ છે. (આમ ઔદયિકાદિ ચાર ભાવો કર્મકૃત સંમત કરવા.)

અથવા (બીજી રીતે વ્યાખ્યા કરતાં—) ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમસ્વરૂપ ચાર (અવસ્થાઓ) દ્રવ્યકર્મની જ અવસ્થાઓ છે, પરિણામસ્વરૂપ એક અવસ્થાવાળા જીવની નહિ (અર્થાત્ ઉદય વગેરે અવસ્થાઓ દ્રવ્યકર્મની જ છે, 'પરિણામ' જેનું સ્વરૂપ છે એવી એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અવસ્થાએ અવસ્થિત જીવની—પારિણામિક ભાવરૂપે રહેલા જીવની—તે ચાર અવસ્થાઓ નથી); તેથી ઉદયાદિક વડે ઉત્પન્ન થતા આત્માના ભાવોને નિમિત્તમાત્રભૂત એવી તે પ્રકારની અવસ્થાઓરૂપે (દ્રવ્યકર્મ) સ્વયં પરિણમતું હોવાને લીધે દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માના ભાવોના કર્તાપણાને પામે છે. ૫૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧૦, શુક્રવાર]

દ્રવ્યકર્મોનું નિમિત્ત પામીને ઔદયિકાદિ ભાવોનો કર્તા આત્મા છે એ કથન કરવામાં આવે છે.

''द्रव्यकर्मके विना आत्माके रागादि विभावोंका उदय अथवा द्रव्यकर्मके विना उपशमभाव भी नहीं है अथवा क्षायिकभाव भी द्रव्यकर्मके विना नहीं होय अथवा द्रव्यकर्मके विना क्षायोपशमिकभाव भी नहीं होते। तिस कारणसे ये चार प्रकारके जीवके भाव हैं सो कर्मने ही किये हैं।''

ગાથા ૫૭માં જીવને પાંચ ભાવોનો કર્તા કહ્યો, વિકારી પરિણામ, ધર્મ અને ધર્મફળની વાત કરી. આત્મા વસ્તુ છે તેને ચૂકીને જીવ વિકાર કરે છે, તેનો કર્તા આત્મા છે ને આત્માનું ભાન કરી ઉપશમ ને ક્ષયોપશમભાવ કરે છે તો તેનો કર્તા આત્મા છે ને તેના ફળરૂપે ક્ષાયિકભાવનો કર્તા આત્મા છે. પરમપારિણામિકભાવ જે ત્રિકાળ છે, જે એકરૂપ રહે છે તે શરણ લેવા જેવો છે એમ બતાવ્યું. નિશ્ચયથી પોતે પોતાના પરિણામનો કર્તા છે, બીજો કર્તા નથી એમ ૫૭મી ગાથામાં બતાવી, આ ૫૮મી ગાથામાં નિમિત્તની વાત સિદ્ધ કરે છે.

દ્રવ્યકર્મના નિમિત્ત વિના આત્મામાં રાગાદિ ઉદયભાવ થતા નથી. વસ્તુસ્વભાવમાં વિકાર નથી, તેવું ભાન ન કરે તો વિકાર થાય છે. કોઈ કહે કે અશુભ કરવાની ઇચ્છા નથી ને અશુભ થઈ જાય છે તો તે વાત ખોટી છે. જે ભાવ થાય છે તે જીવનું કર્તવ્ય છે. તેમાં કર્મ નિમિત્ત છે. કર્મ છે માટે વિકાર થાય છે એવો અર્થ નથી પણ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવે છે.

આત્મામાં ઉપશમસમકિત ને ઉપશમચારિત્ર થાય છે તે પણ દ્રવ્યકર્મના ઉપશમ વિના ન હોય, એનો અર્થ એ છે કે ત્યાં નિમિત્ત સાબિત કરવું છે. આત્મામાં ઉપશમભાવની લાયકાત થઈ માટે કર્મ ઉપશમ થયા એમ નથી તેમ કર્મ ઉપશમ થયા માટે જીવમાં ઉપશમભાવ થયો એમ પણ નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવા ભાનપૂર્વક શુદ્ધતાનો ભાવ પોતે કરે છે ત્યારે કર્મો ઉપશમ થવાની લાયકાતવાળા છે. એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્યની અવસ્થા થાય છે ત્યારે કર્મની ક્ષયરૂપ અવસ્થા હોય છે. જીવ પોતાના આત્માના ઉગ્ર પુરુષાર્થથી કેવળજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે કર્મોમાં અભાવરૂપ થવાની લાયકાત હોય જ એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

તેવી રીતે આત્મામાં ક્ષયોપશમભાવ દ્રવ્યકર્મના ક્ષયોપશમ વિના હોતો નથી. જો નિમિત્ત નથી તો નૈમિત્તિકતા કોની ? ને નૈમિત્તિકરૂપે પોતાની યોગ્યતા ન હોય તો નિમિત્ત કોનું ? બન્ને સ્વતંત્ર છે. આ પ્રમાણે ચારે ભાવોમાં કર્મોની અપેક્ષા આવે છે તેથી કર્મકૃત કહ્યા છે. પૃ. ૨૬૮ ગાથા ૫૮ના મથાળામાં ''द्रव्यकर्मणां निमित्तमात्रत्वेन औदयिकादिभावकर्तृत्वम् अत्र

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उक्तम्'' સંસ્કૃતમાં લખેલ છે તેનો અર્થ એ કે ઔદયિકાદિભાવોમાં કર્મ નિમિત્ત છે માટે કર્મને તે ભાવોનો વ્યવહારકર્તા અથવા કારણ કહેવામાં આવે છે.

**ભાવાર્થ** : ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક આ ચાર ભાવો કર્મજનિત જાણવા, જીવ વિકારભાવ કરે ત્યારે કર્મનો ઉદય છે, ઉપશમસમ્યગ્દર્શન કરે ત્યારે કર્મનો ઉપશમ છે, ક્ષાયોપશમિકજ્ઞાનાદિ પ્રગટ કરે ત્યારે કર્મનો ક્ષયોપશમ છે ને કેવળજ્ઞાનાદિ પ્રગટ કરે ત્યારે કર્મનો ક્ષય છે. તેમાં નિમિત્તરૂપે કર્મની હાજરી અથવા ગેરહાજરી બતાવે છે, માટે કર્મજનિત કહ્યા. કર્મ વિકાર કરાવે અથવા સમકિત કરાવે તે વાત તો છે જ નહિ પણ કર્મની ઉપસ્થિતિ બતાવે છે. પાંચમો પારિણામિકભાવ અનાદિ-અનંત નિરુપાધિક સ્વભાવભાવ છે, તેને કર્મની અપેક્ષા નથી માટે તે આત્માનો સ્વાભાવિકભાવ જાણવો. આમ પાંચ ભાવનું સ્વરૂપ બતાવી એમ કહે છે કે વિકારી પરિણામ કે અવિકારી પરિણામ તારાથી થાય છે માટે નિમિત્ત ઉપરની રુચિ છોડી, વિકારને અશુદ્ધ જાણી, તારા સ્વાભાવિકભાવ–પરમ પારિણામિકભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કર તો ધર્મ થાય તેમ છે.

ઔદયિકાદિ ચારે ભાવોનો કર્તા આત્મા છે. પોતાના સ્વભાવને ચૂકીને રાગ–દ્વેષરૂપી ભાવકર્મનું થવું તેનો આત્મા કર્તા છે. સ્વભાવના અવલંબને ઉપશમસમકિત ને ચારિત્ર થાય તે પણ આત્માનું ભાવકર્મ છે. પોતાનાં જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ થવો તે પણ આત્માનું ભાવકર્મ છે, ને કેવળજ્ઞાનાદિ દશારૂપ ભાવકર્મ પણ આત્માનું ભાવકર્મ છે તે જીવનું કર્તવ્ય છે. જડનું કર્તવ્ય નથી, તોપણ દ્રવ્યકર્મ તે ભાવોનો કર્તા વ્યવહારનયથી કહેવામાં આવે છે. આત્મા અનાદિ–અનંત છે. તેની પર્યાયમાં આવા ભાવો થાય છે ત્યારે કર્મમાં કર્મના કારણે ઉદયાદિનું થવું થાય છે એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ જાહેર કરવા કર્મને તે ભાવોના કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. કેવળજ્ઞાન થયું માટે કેવળજ્ઞાનાવરણીયને ખસવું પડે એમ નથી ને કેવળજ્ઞાનાવરણીય ખસ્યું માટે કેવળજ્ઞાન થયું એમ પણ નથી, એકબીજાને પરાધીન નથી. સ્વતંત્ર જાહેરાત કરે છે.

પણ જ્યાં વ્યવહારકર્તાની વાત કરે ત્યાં અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે ઘોડો થઈ બેસે છે. કર્મ રાગનો વ્યવહારે કર્તા તો ખરો ને ? ભાઈ, તને ગુલામી ગોઠતી લાગે છે. તું સ્વતંત્ર છો. તારે રખડવું હોય તો કર્મમાં તારી સાથે રહેવાની યોગ્યતા છે. ને તારે મોક્ષે જવું હોય તો કર્મમાં અભાવ થવાની યોગ્યતા છે. જીવના પરિણામનો કર્તા ઉપાદાનકારણ પોતે તે નિશ્ચય ને નિમિત્તકારણ કર્મ તે વ્યવહાર—એમ પ્રમાણજ્ઞાન કરાવે છે.

જે જીવ યથાર્થ જ્ઞાન કરે છે તેને સ્વભાવદૃષ્ટિ થાય છે. સ્વભાવદૃષ્ટિમાં કર્મની મુખ્યતા તો નથી પણ રાગનીયે મુખ્યતા નથી. હું જ્ઞાતા–દ્રષ્ટા છું એવા ભાનમાં વીતરાગતાની મુખ્યતા છે તે વખતે રાગ ને નબળાઈનું જ્ઞાન થતું નથી એમ નથી; પણ યથાર્થ જ્ઞાન થાય છે.

અનંતકાળ પહેલાં સિદ્ધ થાય તેના કરતાં અત્યારે સિદ્ધ થાય તેને ભૂતકાળના સંસારનો કાળ વધારે છે ને સુખનો કાળ ઓછો છે—એ વાત બરાબર છે ? એવો રાત્રિચર્ચા વખતે પ્રશ્ન થયેલ તેનું સમાધાન પૂ. ગુરુદેવશ્રીએ કરેલ. તેના અનુસંધાનમાં આજે વ્યાખ્યાનમાં પણ વાત આવી હતી કે હું જ્ઞાનસ્વભાવી છું, એવું જેને અવલંબન વર્તે છે તે પોતાનામાં રહીને પર આત્માનું જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરી લ્યે છે, છતાં પરને જાણવાની તેમાં પ્રધાનતા નથી. ધર્મી જીવને એવી આકુળતા નથી કે જે સિદ્ધ મારા પહેલાં થયા તેના કરતાં મને સુખ મોડું પ્રગટ થશે, તેવી વિષમતા તો નથી જ પણ તે પ્રકારનું જ્ઞાન વર્તે છે. તેને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પ્રધાનતા આપતો નથી. પૂર્વના સિદ્ધને સુખનો કાળ વધારે ને મારે સુખનો કાળ થોડો એવી વિષમતા ધર્મીને હોતી નથી પણ સ્વાત્મજ્ઞાનની પ્રધાનતા વર્તે છે ને તે વખતે પર સહેજે જણાઈ જાય છે.

પ્રમાણજ્ઞાન યથાર્થ ક્યારે કહેવાય ? હું જ્ઞાનસ્વભાવી છું એવી દૃષ્ટિ થતાં જે સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલે છે તે જ્ઞાન વિષમતા તથા ભેદનું લક્ષ કરતું નથી—ભેદનું જ્ઞાન કરવા તત્પર થતું નથી. હું ચૈતન્યસ્વભાવી છું. મારા સ્વભાવમાં ભવ નથી એવી અંતરરુચિના વલણમાં આટલા ભવ થયા, આટલા થશે તે તો પ્રશ્ન છે જ નહિ પણ ભૂતકાળમાં આટલી સંસારની પર્યાય ગઈ તે સંબંધના જ્ઞાનની પણ મુખ્યતા નથી. સ્વનું જ્ઞાન થતાં પોતાના સામર્થ્યથી જેમ છે તેમ યથાર્થપણે જાણી લ્યે છે.

જીવ પોતામાં વિકાર કરે ત્યારે કર્મનો ઉદય નિમિત્ત છે, ઉપશમસમકિત પ્રગટ કરે તો કર્મનો ઉપશમ નિમિત્ત છે, ક્ષયોપશમભાવ પ્રગટ કરે તો કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે, ક્ષાયિકભાવ પ્રગટાવે ત્યારે કર્મનો ક્ષય નિમિત્ત છે, તે જ્ઞાન સાચું ક્યારે કર્યું કહેવાય ?—કે પર્યાયના લક્ષે કે નિમિત્તના લક્ષે યથાર્થ જ્ઞાન થતું નથી, ધ્રુવ સ્વભાવના આશ્રયે પ્રગટતું જ્ઞાન રાગને અને નિર્મળ જ્ઞાનને તથા તેને યથાયોગ્ય નિમિત્તને જાણી લ્યે છે.

વળી આ પહેલાં સિદ્ધ થયા ને આ પછી સિદ્ધ થયા એ બધો વ્યવહારનો વિષય છે.

**'બઢૈ ન સિદ્ધ અનંતતા, ઘટૈ ન રાશ નિગોદ;**
**જૈસે કે તૈસે રહેં, યહ જિનવચન વિનોદ.'**

સિદ્ધ જીવ વધતા નથી ને નિગોદના જીવ ઘટતા નથી, અનંતા રહે છે. અનંત તેનો નિશ્ચય છે. આટલા જીવો નિગોદમાંથી નીકળી મોક્ષે ગયા તે તો વ્યવહારનો અંક છે. વધવું-ઘટવું તે વ્યવહાર છે. અનંત રહે છે તે નિશ્ચય છે. વ્યવહારના જ્ઞાનથી નિશ્ચયનું જ્ઞાન થતું નથી પણ નિશ્ચયના જ્ઞાનમાં વ્યવહારનું જ્ઞાન આવી જાય છે. નીચલી ભૂમિકાવાળા જીવે નક્કી કર્યું કે હું જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છું તેવી અભેદ દૃષ્ટિવંતને 'મારે વર્તમાન અપૂર્ણતા છે ને પરિપૂર્ણતા થશે, સિદ્ધ થઈશ ને સંસાર ટળશે' તેવી ભેદદૃષ્ટિ છે જ નહિ. નિગોદમાંથી આટલા જીવ ઘટ્યા ને સિદ્ધમાં વધ્યા તેવો વ્યવહાર અભેદમાં લાગુ પડતો નથી. અભેદના આશ્રયે જે જ્ઞાન પ્રગટ્યું તે વ્યવહારને જાણી લ્યે છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તે સ્વભાવ નિમિત્ત, રાગ કે દ્વેષને લીધે નથી તેમ જ જગતમાં આટલા જીવો છે માટે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે એમ પણ નથી. પોતે જ જ્ઞાયકવસ્તુ પરિપૂર્ણ છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. હમણાં સિદ્ધ થાઉં કે પછી થાઉં એવું વસ્તુસ્વભાવમાં નથી. હું જ્ઞાયક છું એવું પરિણમન છે ને ત્યારે સામે કર્મનો ઉપશમ છે, (ઉપશમભાવ હોય તો) ને તે પરિણમનારો નિમિત્તને લીધે નથી તેમ જ તે પર્યાય પૂરતો નથી. હું સ્વભાવ સાથે એકાકાર છું એવા ભાનમાં ભેદ, પર્યાય, રાગ, કર્મ, નિમિત્ત બધું ગૌણ થઈ જાય છે ને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. આમ જીવને પરને લીધે જ્ઞાન થતું નથી ને છતાં પરનું જ્ઞાન થયા વિના રહેતું નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે "ધર્મ માટે રાગની પર્યાયનો કે પરનો આશ્રય નથી પણ એકલા અભેદ સ્વભાવના લક્ષે ધર્મ થાય છે—એમ એક બાજુથી તમે કહો છો. બીજી બાજુથી કહો છો કે વસ્ત્ર હોય તો મુનિપણું નથી તો એનો મેળ કેવી રીતે ? વસ્ત્ર તો પર વસ્તુ છે. તો પછી મુનિને વસ્ત્ર હોય તો વાંધો શું છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાન :** સ્વભાવના આશ્રયે પ્રગટતું જ્ઞાન નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું પણ યથાર્થ જ્ઞાન કરે છે, જીવ સ્વભાવના આશ્રયે વીતરાગતા પ્રગટ કરે ત્યારે કર્મનો ઉદય હોય તેમ બને નહિ તેમ આત્માના આશ્રયે મુનિપણું પ્રગટ કરે ને ત્રણ કષાય ટળે ત્યારે વસ્ત્ર તરફનો રાગ રહે તેમ બને નહિ એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. તેને જે જાણતો નથી તે દેવ–ગુરુ–શાસ્ત્રને પણ યથાર્થ સમજતો નથી.

જીવને એકક્ષેત્રાવગાહસંબંધે એક સમયમાં આઠે કર્મો ઉદયરૂપે છે છતાં જીવ રાગ–દ્વેષ કરે તો મોહના ઉદયને નિમિત્ત કહેવાય, પણ જ્ઞાનાવરણીય કર્મને રાગમાં નિમિત્ત કહેવાતું નથી. જ્ઞાનની હીનતા કરે ત્યારે જ્ઞાનાવરણીય નિમિત્ત કહેવાય પણ બીજા કર્મને નિમિત્ત કહેવાતું નથી. જે અનુકૂળ નિમિત્ત હોય તેના ઉપર આરોપ આવે છે.

કોઈ પ્રશ્ન કરે કે 'નિમિત્ત ન હોય તો ?'

**સમાધાન :** તું વસ્તુસ્વરૂપને સમજતો નથી. જ્યાં નૈમિત્તિક પર્યાયની યોગ્યતા થઈ ત્યાં તેને અનુકૂળ નિમિત્ત, નિમિત્તના કારણે હોય ને નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું જ્ઞાન નિમિત્ત–નૈમિત્તિક સંબંધને લીધે નથી પણ હું જ્ઞાતા છું, પરિપૂર્ણ છું એવી દૃષ્ટિ ને જ્ઞાન થતાં તે જ્ઞાન થઈ જાય છે.

જે જીવ રાગનો, પર્યાયનો કે નિમિત્તનો આશ્રય લ્યે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. કેવળીને આહાર માને, મુનિને વસ્ત્ર માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. કેવળજ્ઞાની ભગવાનને આહાર ન હોય, મુનિપણું અંતરમાં પ્રગટે ત્યારે બાહ્યમાં વસ્ત્ર ન હોય એમ ઉપાદાનની યોગ્યતા વખતે નિમિત્ત કેવું હોય તે બતાવે છે. પણ નિશ્ચય આત્મસ્વરૂપના જ્ઞાન વિના વ્યવહારનું જ્ઞાન યથાર્થ થતું નથી.

મુનિદશારૂપી ચારિત્રનો કર્તા આત્મા પોતે છે ત્યારે શરીરની નગ્ન દશા–વસ્ત્રના અભાવરૂપી દશા ચારિત્રનો વ્યવહારે કર્તા કહેવાય છે. કોઈને લીધે કોઈ નથી. નગ્નદશા થઈ માટે ચારિત્ર થયું એમ નથી. પણ મુનિ થાય ત્યારે દેહની નગ્નદશા હોયા વિના રહેતી નથી. આત્માનું ભાન થતાં સ્વ-પરનો વિવેક કરતું જે જ્ઞાન પ્રગટ્યું તે સ્વને, રાગને, પર્યાયને કર્મ વગેરે બધાને સાંકળબંધ જેમ છે તેમ જાણી લ્યે છે. એક સાંકળ ૧૦૦ મકોડાની હોય તેમાંથી એક મકોડો તૂટી જતાં સાંકળનું અખંડપણું તૂટી જાય છે, તેમ ચૈતન્યસ્વભાવ અખંડ છે. તેના ગુણો, વિકાર, અધૂરી પર્યાય, નિમિત્તો—સદ્ભાવ કે અભાવ વગેરે પ્રકારે જે ભૂમિકાએ જેમ છે તેમ ન જાણે ને એક બોલનો પણ ફેર પાડે તો સાંકળની જેમ દ્રવ્યનું અખંડપણું તૂટી જાય છે એટલે કે પ્રમાણજ્ઞાન થતું નથી.

નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પૃથક્તા બતાવે છે. પૃથક્તા કેવી હોય તેનું જ્ઞાન કરાવે છે. જેમકે સિદ્ધની પર્યાયનો કર્તા તેનો આત્મા છે ને કાળદ્રવ્ય નિમિત્તકર્તા છે—હેતુ છે. પણ કાળને લીધે સિદ્ધનું પરિણમન માને તો દ્રવ્ય પરાધીન થાય છે.

અત્યારે આત્માને નામે ઘણા વાતો કરે છે. સાધારણ માણસને બધું સરખું લાગે છે. જેમ તળાવનું પાણી સપાટી ઉપરથી સરખું લાગે પણ કાંઠે બે તસુ ઊંડું હોય ને મધ્યમાં બે વાંસ ઊંડું હોય, તેમ ઘણા આત્માની વાતો કરવા માંડ્યા તે અજ્ઞાનીને સરખી લાગે પણ તેમાં મોટો ફેર છે. ઊંડા ઊતરે તો ખ્યાલ આવે તેમ છે. પોતે ક્યાં દુમેળ કરે છે તેની ઉપદેશકને પણ ખબર હોતી નથી.

અહીં કહે છે કે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવોનો આત્મા પોતે કર્તા છે ત્યારે વ્યવહાર બીજી ચીજ છે. વ્યવહાર અથવા નિમિત્તને ઉડાડે તો ઉપાદાન પણ ઊડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે ને નિમિત્તને લીધે ઉપાદાનમાં કાર્ય માને તો બે વસ્તુ એક થઈ જાય છે. ચારિત્રદશા વખતે નગ્નદશા નિમિત્ત હોય છે છતાં નગ્નદશાને લીધે ચારિત્ર નથી. તેમ જ ચારિત્ર વખતે નગ્નદશા થયા વિના રહેતી નથી. કેવળજ્ઞાન પામે ત્યારે કેવળજ્ઞાનાવરણીય કર્મને ખસવું પડે એમ નથી, છતાં પોતાના કારણે તે ખસ્યા વિના રહેતું પણ નથી.

જીવને રાગ થાય છે તેમાં રાગના અસ્તિત્વનું જોર છે ? રાગના જ્ઞાનનું જોર છે ? કે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનું જોર છે ? દૃષ્ટિ એક સમયના જ્ઞાનપર્યાયને પણ સ્વીકારતી નથી તો પછી રાગને તો ક્યાંથી સ્વીકારે ? નિમિત્તને લીધે રાગ થાય, રાગને લીધે જ્ઞાન થાય, અંશ–પર્યાયથી લાભ થાય તે બધી માન્યતા ઊંધી છે. હું ત્રિકાળ જ્ઞાનસ્વભાવી છું એવું ભાન થતાં એક સમયની પર્યાયમાં જે રાગ વર્તે છે, જે નિમિત્ત હોય છે તે બધાનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે.

અહીં ગાથામાં કહે છે કે કર્મને રાગ–દ્વેષાદિ પરિણામનો કર્તા વ્યવહારથી કહે છે. કર્મમાં પણ કર્મના કારણે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષય અવસ્થા થાય છે. દ્રવ્યકર્મ પોતાની શક્તિથી તેરૂપે પરિણમે છે. આત્મા તેનું નિમિત્ત પામીને પોતામાં પરિણામ કરે છે. "निमित्त पाकर"નિમિત્ત કરાવતું નથી પણ નિમિત્ત ઉપર લક્ષ કરીને રાગ–દ્વેષ કરે છે. નિમિત્ત તથા નૈમિત્તિકને સમયભેદ નથી. જીવની તે રૂપ થવાની લાયકાત છે, ને સામે કર્મનું તેવું જ નિમિત્ત છે. અહીં ઉપાદાન–નિમિત્તની વ્યાખ્યા કરી છે. વ્યવહારનયથી ચાર ભાવોનો કર્તા દ્રવ્યકર્મને જાણવો.

કોઈ પૂછે કે—વ્યવહારનય અભૂતાર્થ છે ને ?

**સમાધાન :** ત્રિકાળ દૃષ્ટિએ વ્યવહાર અભૂતાર્થ છે તે બરાબર છે પણ વ્યવહારનયનો વિષય જ નથી—એમ નથી. એક સમયનો પર્યાય છે, રાગ છે, નિમિત્ત છે તેને વ્યવહારનય જાણે છે. આત્મા નિશ્ચયથી રાગ–દ્વેષનો કર્તા છે, વ્યવહારથી કર્મ રાગ–દ્વેષના કર્તા છે પણ કર્મ છે માટે રાગ–દ્વેષ થાય છે એમ માને તો વ્યવહાર પોતે નિશ્ચય થઈ જાય છે તો તે ખોટો છે. પોતાની પર્યાયનો નિશ્ચયકર્તા પોતે છે. તે વખતે નિમિત્તમાં કર્મની પર્યાય તેને અનુકૂળ હોય છે. સમયભેદ નથી. એવા નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવે છે. માટે નિમિત્તબુદ્ધિ છોડવી, રાગબુદ્ધિ છોડવી ને અભેદ દૃષ્ટિને જ્ઞાન કરી ભેદજ્ઞાન કરવું તે તેનું ફળ છે. ૫૮.

---

**भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता।**
**ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं ॥ ५९ ॥**

**भावो यदि कर्मकृत आत्मा कर्मणो भवति कथं कर्ता।**
**न करोत्यात्मा किंचिदपि मुक्त्वान्यत् स्वकं भावम् ॥ ५९ ॥**

**જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે ?**
**જીવ તો કદી કરતો નથી નિજ ભાવ વિણ કંઈ અન્યને. ૫૯.**

**અન્વયાર્થ :** [यदि भावः कर्मकृतः] જો ભાવ (જીવભાવ) કર્મકૃત હોય તો [आत्मा कर्मणः कर्ता भवति] આત્મા કર્મનો (દ્રવ્યકર્મનો) કર્તા હોવો જોઈએ. [कथं] તે તો કેમ બને ? [आत्मा] કારણ કે આત્મા તો [स्वकं भावं मुक्त्वा] પોતાના ભાવને છોડીને [अन्यत् किंचित्



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अपि] બીજું કાંઈ પણ [न करोति] કરતો નથી.

---

**तात्पर्यवृत्ति** : इति तेषामेव भावनामनुपचरितासद्भूतव्यवहारेण कर्म कर्ता भवतीति व्याख्यानमुख्यत्वेन गाथा गता। एवं निश्चयेन रागादिभावानां जीवः कर्ता पूर्वगाथायां भणितमत्र तु व्यवहारेण कर्म कर्तृ भवतीति स्वतन्त्रगाथाद्वयं गतं। अथ जीवस्यैकांतेन कर्माकर्तृत्वे दूषणद्वारेण पूर्वपक्षं करोति,—**भावो जदि कम्मकदो** भावो यदि कर्मकृतः यद्येकांतेन रागादिभावः कर्मकृतो भवति **आदा कम्मस्स होदि किह कत्ता** तदात्मा द्रव्यकर्मणः कथं कर्ता भवति ? यतः कारणाद्रागादिपरिणामाभावे सति द्रव्यकर्म नोत्पद्यते। तदपि कथमिति चेत्। **ण कुणदि अत्ता किंचिवि** न करोत्यात्मा किमपि। किं कृत्वा ? **मुत्ता अण्णं सगं भावं** स्वकीयचैतन्यभावं मुक्त्वान्यत् द्रव्यकर्मादिकं न करोतीत्यात्मनः सर्वथाप्य-कर्तृत्वदूषणद्वारेण पूर्वपक्षेऽग्रे द्वितीयगाथायां परिहार इत्येकं व्याख्यानं तावत् द्वितीयव्याख्याने पुनरत्रैव पूर्वपक्षोऽत्रैव परिहारो द्वितीयगाथायां स्थितपक्ष एव। कथमिति चेत्। पूर्वोक्तप्रकारेणात्मा कर्मणां कर्ता न भवतीति दूषणे दत्ते सति सांख्यमतानुसारिशिष्यो वदति। "अकर्ता निर्गुणः शुद्धो नित्यः सर्वगतोक्रियः। अमूर्त्तश्चेतनो भोक्ता जीवः कपिलशासने ॥" इति वचनादस्माकं मते आत्मनः कर्मा-कर्तृत्वं भूषणमेव न दूषणं। अत्र परिहारः। यथा शुद्धनिश्चयेन रागाद्यकर्तृत्वमात्मनः तथा यद्यशुद्ध-निश्चयेनाप्यकर्तृत्वं भवति तदा द्रव्यकर्मबंधाभावस्तदभावे संसाराभावः, संसाराभावे सर्वदैव मुक्तप्रसंगः स च प्रत्यक्षविरोध इत्यभिप्रायः ॥ ४९ ॥

**समयव्याख्या : जीवभावस्य कर्मकर्तृत्वे पूर्वपक्षोऽयम्। यदि खल्वौदयिकादिरूपो जीवस्य भावः कर्मणा क्रियते, तदा जीवस्तस्य कर्ता न भवति। न जीवस्याकर्तृत्वमिष्यते। ततः पारिशेष्येण द्रव्यकर्मणः कर्तापद्यते। तत्तु कथम् ? यतो निश्चयनयेनात्मा स्वं भावमुज्झित्वा नान्यत्किमपि करोतीति** ॥ ५९ ॥

**અનુવાદ : કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ પૂર્વપક્ષ છે.**

**જો ઔદયિકાદિરૂપ જીવનો ભાવ કર્મ વડે કરવામાં આવતો હોય, તો જીવ તેનો (ઔદયિકાદિરૂપ જીવભાવનો) કર્તા નથી એમ ઠરે છે. અને જીવનું અકર્તાપણું તો ઈષ્ટ (માન્ય) નથી. માટે, બાકી એ રહ્યું કે જીવ દ્રવ્યકર્મનો કર્તા હોવો જોઈએ. પણ તે તો કેમ બને ? કારણ કે નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવને છોડીને બીજું કાંઈ પણ કરતો નથી.**

**(આ પ્રમાણે પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો.) ૫૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧૧, રવિવાર]

ગાથા ૫૮માં ચારે ભાવોને કર્મકૃત કહ્યા હતા. ત્યાં કર્મનું નિમિત્ત બતાવવા એમ કહેલ હતું પણ સર્વથા પ્રકારે કર્મને જીવના ભાવોનો કર્તા કહો તો દૂષણ આવે છે એમ કથન કરવામાં આવે છે.

"जो सर्वथा प्रकार भावकर्म द्रव्यकर्म के द्वारा किया हो तो. जीव भावकर्मका कैसे करनेहारा होता है।"

આત્મામાં રાગ–દ્વેષના વિકારભાવો થાય અથવા આત્માનું જ્ઞાન કરી ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ થાય તે આત્માનું કર્તવ્ય છે. તે આત્માનું ભાવકર્મ છે, તે આત્માની પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. તેમાં કર્મ નિમિત્ત છે. વિકાર વખતે કર્મના ઉદયરૂપ નિમિત્ત, ઉપશમ વખતે કર્મનો ઉપશમ નિમિત્ત વગેરે પ્રકારે નિમિત્ત હોય છે, તેથી કર્મને રાગ–દ્વેષની પર્યાયનો તથા સમ્યગ્દર્શનરૂપી ધર્મપર્યાયનો એટલે ભાવકર્મનો કર્તા કહેવામાં આવે છે. પણ કોઈ એમ કહે કે તે દ્રવ્યકર્મ ભાવકર્મના કર્તા સર્વથા પ્રકારે છે તો રાગરૂપી વિકારી ભાવકર્મ અથવા ધર્મરૂપી નિર્વિકારી ભાવકર્મનો કર્તા આત્મા રહ્યો નહિ.

**ભાવાર્થ :** અજ્ઞાની જીવ કહે છે કે કર્મના ઉદય પ્રમાણે રાગ–દ્વેષ કરવો પડે અથવા કર્મ ઓછાં થાય તો ધર્મ થાય. જો સર્વથા દ્રવ્યકર્મને ઔદયિકાદિ ભાવોનો કર્તા કહેવામાં આવે તો વિકાર કરનારો આત્મા રહ્યો નહિ. દ્રવ્યકર્મ વિકારનો કર્તા હોય તો આત્માની પર્યાયમાં સંસાર સાબિત થતો નથી, ને કર્મ આત્મામાં સમકિત અને ચારિત્ર (ઉપશમ ને ક્ષયોપશમભાવ) પ્રગટાવે તો સાધકભાવ રહેતો નથી ને કર્મ ક્ષાયિકભાવને પ્રગટાવે તો મોક્ષ રહેતો નથી. માટે તે વાત ખોટી છે.

અથવા કહે કે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે માટે સંસારનો અભાવ થતો નથી, તો તેને કહેવામાં આવે છે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ જડની પર્યાય છે. જડની દશા આત્મા કેમ કરે ? જડ તો આત્માથી જુદું છે માટે આત્મા કર્મને કરે નહિ.

"क्योंकि जीवद्रव्य है सो अपने भावकर्मको छोड़कर अन्य कुछ भी परद्रव्यसंबंधी भावको नहीं करता है।"

કારણ કે જીવ પોતામાં રાગ–દ્વેષરૂપી ભાવકર્મ, ઉપશમ સમ્યગ્દર્શનરૂપી ભાવકર્મ, ક્ષયોપશમ-જ્ઞાનાદિરૂપ ભાવકર્મ અથવા ક્ષાયિક કેવળજ્ઞાનાદિરૂપ ભાવકર્મને કરે પણ પરદ્રવ્યની અવસ્થાને કરતો નથી. આત્મા શરીરને કરે કે કર્મને બાંધે તેમ બનતું નથી. પોતામાં શુભ–અશુભભાવ કરે કે આત્માનું ભાન કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે ને કેવળજ્ઞાનને કે યોગનું કંપન કરે પણ આત્મા દેહ, મન, વાણીની ક્રિયા કરી શકે નહિ.

ગાથા ૫૮માં કર્મનું નિમિત્ત બતાવવા કહેલ હતું કે કર્મ રાગ–દ્વેષાદિ ભાવોનો કર્તા છે. તે નિમિત્ત બતાવવા કહેલ, તેથી અહીં ૫૯માં સ્પષ્ટતા કરે છે, કે ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક ભાવરૂપી કર્મ આત્માનું છે. આત્મા પરનું કરતો નથી તેમ જ પર પદાર્થો આત્માનું કરતા નથી.

**ભાવાર્થ :** અહીં ખુલાસો કરે છે. ભગવાનના શાસ્ત્રમાં કાર્યનાં બે કારણ કહ્યાં છે. આત્મામાં દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળ છે તેમાં કાર્ય નથી પણ સમયે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે તે કાર્ય છે ને તે કાર્યની ઉત્પત્તિ માટે બે કારણ છે. એક ઉપાદાનકારણ ને એક નિમિત્તકારણ. દ્રવ્યની શક્તિનું નામ ઉપાદાન છે. દ્રવ્યની વર્તમાન પર્યાય તે જ ખરું ક્ષણિક ઉપાદાન છે. લોટમાં રોટલી થવાની શક્તિ તો કાયમ છે પણ રોટલી થવાની શક્તિ જે વખતે પર્યાયમાં હોય છે તે જ વખતે રોટલીરૂપ અવસ્થા થાય છે પણ સ્ત્રી તથા વેલણથી રોટલી થતી નથી. સ્ત્રી તથા વેલણ નિમિત્તમાત્ર છે. જેવી રીતે ઘડો થવામાં માટીના પિંડની શક્તિ ઉપાદાનકારણ છે ને કુંભાર, ચક્રાદિ નિમિત્તકારણ છે. કુંભારને લીધે ઘડો થતો નથી. કોઈ કહે કે—તો પછી કુંભારને બદલે વીતરાગ નિમિત્ત કેમ નથી ? ભાઈ, વીતરાગી આત્મા ઘડાનો રાગ કરે, દુકાનનો રાગ કરે તેમ બનતું નથી. ઘડામાં કુંભારનો રાગ નિમિત્ત છે. વીતરાગને માટે એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોઈ શકે નહિ.

જે જીવ કેવળી ભગવાન કે જે વીતરાગ છે તેનું સ્વરૂપ રાગી ઠરાવે, તીર્થંકર ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘરમાં રહે તેમ કહે, સ્ત્રીને કેવળજ્ઞાન ઠરાવે, શુભરાગથી કેવળજ્ઞાન પામે તેમ કહે ને કેવળજ્ઞાન થયા પછી પાછો રાગ કરે એવું માનનાર કેવળજ્ઞાનીના સ્વરૂપને સમજતો નથી. ભાઈ, કેવળજ્ઞાન તો અંતરના આશ્રયે રાગરહિતપણે આત્મામાં લીન થવાથી પ્રગટે છે, ને કેવળજ્ઞાન થયા પછી ભગવાનને રાગ હોય નહિ, તેઓ જમીન ઉપર ચાલે નહિ પરંતુ ઊંચે વિહાર કરે.

અહીં કહે છે કે ઘડો થવામાં મૂળ કારણ માટી છે, ને કુંભાર ચક્રાદિ જોડે ઉપસ્થિત છે તે નિમિત્તકારણ છે તેથી ખરેખર માટી ઘડાનો કર્તા છે. કારણ કે પિંડ પલટીને ઘડો થાય છે. કુંભાર પલટીને ઘડો થતો નથી. વ્યવહારથી કુંભાર કર્તા કહેવાય છે. સહકારીકારણ એટલે સાથે રહેનાર, પણ તે એકબીજામાં પેસતા નથી. કોઈ પૂછે કે વ્યવહાર અભૂતાર્થ છે એટલે ખોટો છે ? ઘડો કુંભારે કર્યો તે વાત ખોટી છે, પણ ઘડો થવા વખતે કુંભારની ઉપસ્થિતિ છે તે વાત સાચી છે.

ખરેખર કુંભારે તો પોતાની પર્યાયમાં ઘડો બનાવવાના પરિણામ કર્યા છે. તેથી તે પરિણામનો ખરેખર કર્તા છે. લખવાને માટે કલમ ચાલે તેમાં લખવાના રાગનો કર્તા જીવ કર્તા છે, કલમ નિમિત્તમાત્ર છે. આગલી ગાથામાં કર્મને રાગનો કર્તા કહેલ તેની સાથે સંધિ કરી ખુલાસો કરે છે કે ભાઈ, ત્યાં કર્તા કહેલ તે નિમિત્તની અપેક્ષાએ કહ્યું હતું.

આંગળીને લીધે લાકડી ઊંચી થાય છે તેમ અજ્ઞાની માને છે. લાકડી લાકડીના કારણે ઊંચી થાય છે, આંગળીને લીધે થતી નથી. બન્ને ભિન્ન ચીજ છે. અજ્ઞાની સંયોગોને જુએ છે, પણ સ્વભાવને જોતો નથી. સંયોગી ચીજને જોનાર ને સ્વભાવને નહિ જોનાર પોતાની પર્યાયમાં પણ કર્મને લીધે વિકાર અને પુણ્યને લીધે કર્મ માન્યા વિના રહી શકે નહિ.

કુંભાર રાગ અથવા ઈચ્છા કરે તે ઉદયભાવ છે. તેમાં તે પરિણમે છે. તેનો તે કર્તા છે, પરનો કર્તા નથી. ઘડાના પરિણામનો કર્તા નથી. જો કુંભારે ઘડાને બનાવ્યો હોય તો શું ઘડાનો કાળ ન હતો ને કુંભારે આવીને કરી દીધો ? ભાઈ, તે સમયે ઘડાનો કાળ હતો. કોઈ કહે—તો પછી આટલા વર્ષ માટી પડી રહી તે કુંભાર વિના ઘડારૂપ કેમ ન થઈ ? ભાઈ, માટીની માટીરૂપ રહેવાની અવસ્થાનો કાળ હતો. ઘડાનો કાળ આવ્યો ત્યારે ઘડો થયો ને ઘડો થાય તે વખતે કુંભાર ન હોય તેમ બને નહિ ને કુંભાર ઘડાને બનાવી આપે તેમ પણ બને નહિ, માટે ખરેખર કુંભાર પોતાના પરિણામનો કર્તા છે, ને વ્યવહારથી ઘડાનો કર્તા છે.

જ્યાં ઉપાદાનકારણ છે ત્યાં નિશ્ચયનય છે ને જ્યાં નિમિત્તકારણ છે ત્યાં વ્યવહારનય છે. માટીથી ઘડો થયો, આત્માથી રાગ થયો, શરીર શરીરના કારણે ચાલે તે ઉપાદાનકારણ છે ને તે નિશ્ચયનયનું કથન છે. કુંભારથી ઘડો થયો, ગુરુથી જ્ઞાન થયું તે નિમિત્તકારણ બતાવે છે ને તે વ્યવહારનયનું કથન છે.

કોઈ પ્રશ્ન કરે કે—આત્મા પરની ક્રિયા કરી શકતો નથી એમ કહો છો ને આ સ્વાધ્યાય મંદિર, જિનમંદિર બધું થતું દેખાય છે ને ? ભાઈ, તે પુદ્‌ગલ પરમાણુઓમાં સ્કંધરૂપની અવસ્થા પુદ્‌ગલ પરાવર્તનના કાળે થાય છે. જીવના શુભરાગથી તે અવસ્થા થતી નથી. મંદિર થયું તેમાં જીવનો રાગ નિમિત્તમાત્ર છે. બન્ને જુદા જુદા પરિણમે છે. જીવ પોતામાં શુભરાગ કરે છે તે નિશ્ચય છે પણ જીવ મંદિરને કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. તે નિમિત્તનું કથન છે. રોગ વખતે જીવ દ્વેષ કરે છે તે દ્વેષના પરિણામ જીવે કર્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે તે નિશ્ચય છે. શરીર નિમિત્તમાત્ર છે. શરીરમાં શરીરની અવસ્થા થવી તે નિશ્ચય છે, તેમાં આત્મા નિમિત્તમાત્ર છે. આત્મા પોતામાં ધર્મ કે અધર્મના પરિણામ કરે તે નિશ્ચય છે, કર્મે પરિણામ કરાવ્યા તેમ કહેવું તે વ્યવહાર છે. કર્મના પરમાણુ કર્મરૂપે પરિણમ્યા તે નિશ્ચય છે ને આત્માએ કર્મ બાંધ્યા એમ કહેવું તે વ્યવહાર છે.

કોઈ એમ કહે કે ઘડાને બનાવવાના કુંભારના રાગના પરિણામનો કર્તા સર્વથા પ્રકારે નિશ્ચયનયથી ઘડો છે ને કુંભાર નથી તો અચેતન ઘડો આત્માના પરિણામનો કર્તા કેવી રીતે હોય ? ઘડો થવાનો હતો માટે રાગ કરવો પડ્યો એ વાત ખોટી છે. ઘડો અચેતન છે ને રાગ ચેતનના પરિણામ છે. અનાજના વેપારમાં ભાવ ઘટી જવાથી દ્વેષ થાય તો શું અનાજે દ્વેષ કરાવ્યો ? ના, અનાજ અચેતન છે, રાગ ચેતન છે. અચેતન અનાજથી જીવમાં દ્વેષ થાય નહિ. જીવ પોતે દ્વેષના પરિણામ કરે છે. કોઈ હથિયારથી મારવા આવે તેમાં તે જીવ દ્વેષના પરિણામનો કર્તા છે, પણ હથિયારનો કર્તા નથી, તેમ જ જડને લીધે દ્વેષ થયો એમ પણ નથી. ચેતનદ્રવ્ય એટલે આત્મા પોતાના ચેતન પરિણામ—ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક પરિણામોનો કર્તા છે, પણ અચેતન પરવસ્તુ જે જડ છે તે આત્માના ચેતન પરિણામનો કર્તા નથી. તેવી રીતે આત્મા ને કર્મો વચ્ચે પણ ઉપાદાન–નિમિત્તનું કથન સમજવું. જીવ પોતામાં વિકારી પરિણામ કરે તે ઉપાદાનકારણ છે ને તેમાં કર્મ નિમિત્તકારણ છે. કર્મો સ્વયં પોતાના કારણે બંધાય તે ઉપાદાનકારણ છે ને આત્માનો રાગ તેમાં નિમિત્તકારણ છે. અહીં ૫૮-૫૯ ગાથાની સંધિ કરે છે કે પોતાના પરિણામોનો કર્તા કહેવો તે નિશ્ચયથી છે ને કર્મને કર્તા કહેવો તે વ્યવહારથી છે.

દ્રવ્યકર્મને ભાવકર્મનો સર્વથા પ્રકારે કર્તા માનવામાં આવે તો આત્મા ભાવકર્મનો અકર્તા થઈ જાય. જડ કર્મને લીધે વિકાર થાય ને કર્મ ખસે તો ધર્મ થાય એમ માનવામાં આવે તો આત્મા અકર્તા થાય, ને તો દ્રવ્યકર્મમાં નિમિત્ત કોણ થાય ? માટે કર્મના કારણે રાગદ્વેષ થતા નથી પણ પોતાના કારણે થાય છે તેમાં દ્રવ્યકર્મ નિમિત્તમાત્ર છે.

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧૩, રવિવાર]

આત્મામાં થતા વિકારીભાવ કે ધર્મભાવનો કર્તા જડ કર્મ જ હોય તો જે કર્મ નવાં બંધાય તેને નિમિત્ત રહેતું નથી ને આત્મા અકર્તા ઠરે છે. ગાથા ૫૮માં ઔદયિકાદિ ભાવોને કર્મકૃત કહ્યા હતા તે કર્મની ઉપસ્થિતિ બતાવવા કહ્યા હતા પણ તેથી કર્મો રાગ–દ્વેષ કરાવે છે એવો અર્થ નથી. ગાથા ૫૯ની સમય-ટીકામાં કહ્યું છે. ''यतो निश्चयनयेनात्मा स्वभावमुज्झित्वा नान्यत्किमपि करोतीति''—નિશ્ચયનયથી આત્મા પોતાના સ્વભાવને ચૂકીને બીજું કાંઈ કરતો નથી. ચારે ભાવોને અહીં સ્વભાવ કહ્યા છે. स्वस्य भवनम् इति स्वभावः—પોતામાં થતા પરિણામને સ્વભાવ કહ્યો છે. અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ–દ્વેષરૂપી ઔદયિકભાવ પોતે કરે છે, આત્માનું ભાન કરી ઉપશમભાવ કે ક્ષયોપશમભાવ દર્શન કે ચારિત્રને કરે તે પોતાનું કર્તવ્ય છે ને પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટાવે તો તે પણ પોતાનું કાર્ય છે. ચારે ભાવ પોતાનો સ્વભાવ છે. કર્મ તે ભાવોને કરતું નથી. વિકાર કરે તો કર્મનો ઉદય નિમિત્ત, ધર્મદશા કરે તો કર્મનો ઉપશમ અથવા ક્ષયોપશમ નિમિત્ત ને કેવળજ્ઞાન પ્રગટ કરે તો કર્મના અભાવનું નિમિત્ત છે. આમ નૈમિત્તિક સ્વપર્યાય છે તેમાં કર્મ નિમિત્ત છે એમ બતાવેલ હતું. પણ એકબીજાને કાંઈ કરતા નથી. જો કર્મ તેનો કર્તા હોય તો આત્મા અકર્તા થઈ જાય ને દ્રવ્યકર્મમાં નિમિત્ત રહેતું નથી. માટે આત્મા પોતે ભાવકર્મ કરે છે તેના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યકર્મથી સંસાર થાય છે પણ દ્રવ્યકર્મનો કર્તા આત્મા નથી. કારણ કે આત્મા પોતાની પર્યાયને છોડી જડમાં જતો નથી.

મતિ–શ્રુતિનું લબ્ધરૂપ જ્ઞાન આખા આત્મામાં છે પણ આંખ બંધ કરે તો દેખાતું નથી ને ઉઘાડે તો દેખાય છે એમ અજ્ઞાની કહે છે. તેનું સમાધાન :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કે કેવળજ્ઞાનરૂપી ભાવકર્મનો કર્તા આત્મા છે, આત્મા આંખને લીધે દેખતો નથી, સ્વતઃ દેખવારૂપ પરિણમે છે. જ્ઞાનરૂપે કે અજ્ઞાનરૂપે, વિકારરૂપે કે અવિકારરૂપે પોતે પરિણમે છે. પરનું કાંઈ કરતો નથી ને પરપદાર્થો આત્મામાં કાંઈ કરતા નથી. ૫૯

હવે તેનો ઉત્તર કુંદકુંદાચાર્ય ભગવાન ગાથા ૬૦માં કહે છે.

---

**भावो कम्मणिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।**
**ण दु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ॥ ६० ॥**

**भावः कर्मनिमित्तः कर्म पुनर्भावकारणं भवति ।**
**न तु तेषां खलु कर्ता न विना भूतास्तु कर्तारम् ॥ ६० ॥**

**રે ! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,**
**અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦.**

**અન્વયાર્થ** : [भावः कर्मनिमित्तः] જીવભાવનું કર્મ નિમિત્ત છે [पुनः] અને [कर्म भावकारणं भवति] કર્મનું જીવભાવ નિમિત્ત છે, [न तु तेषां खलु कर्ता] પરંતુ ખરેખર એકબીજાનાં કર્તા નથી; [न तु कर्तारम् विना भूताः] કર્તા વિના થાય છે એમ પણ નથી.

---

**तात्पर्यवृत्ति** : एवं प्रथमव्याख्याने पूर्वपक्षद्वारेण द्वितीयव्याख्याने पुनः पूर्वपक्षपरिहारद्वारेणेति गाथा गता । अथ पूर्वसूत्रे आत्मनः कर्माकर्तृत्वे सति दूषणरूपेण पूर्वपक्षस्तस्य परिहारं ददाति द्वितीयव्याख्यानपक्षे स्थितपक्षं दर्शयति,—भावो निर्मलचिज्ज्योतिःस्वभावाच्छुद्धजीवास्तिकायात्प्रतिपक्षभूतो भावो मिथ्यात्वरागादि-परिणामः । स च किंविशिष्टः ? **कम्मणिमित्तं** कर्मोदयरहिताच्चैतन्यचमत्कारमात्रात्परमात्मस्वभावात्प्रतिपक्षभूतं यदुदयागतं कर्म तन्निमित्तं यस्य स भवति कर्मनिमित्तः **कम्मं पुण** ज्ञानावरणादिकर्मरहिताच्छुद्धात्म-तत्त्वादिलक्षणं यद्भावि द्रव्यकर्म पुनः । तत्कथंभूतं ? **भावकारणं हवदि** निर्विकारशुद्धात्मोपलब्धि-भावात्प्रतिपक्षभूतो योऽसौ रागादिभावः स कारणं यस्य तद्भावकारणं भवति **ण दु** नैव तु पुनः **तेसिं** तयोर्जीवगतरागादिभावद्रव्यकर्मणोः । किं नैव ? कत्ता परस्परोपादानकर्तृत्वं **खलु** स्फुटं **ण विणा** नैव विना **भूदा दु** भूते संजाते तु पुनस्ते द्रव्यभावकर्मणी द्वे । कं विना ? **कत्तारं** उपादानकर्तारं विना किंतु जीवगतरागादिभावानां जीव एवोपादानकर्ता द्रव्यकर्मणां कर्मवर्गणायोग्यपुद्गल एवेति । द्वितीयव्याख्याने तु यद्यपि जीवस्य शुद्धनयेनाकर्तृत्वं तथापि विचार्यमाणमशुद्धनयेन कर्तृत्वं स्थितमिति भावार्थः ॥ ६० ॥

**समयव्याख्या : पूर्वसूत्रोदितपूर्वपक्षसिद्धांतोऽयम् । व्यवहारेण निमित्तमात्रत्वाज्जीवभावस्य कर्म कर्तृ, कर्मणोऽपि जीवभावः कर्ता; निश्चयेन तु न जीवभावानां कर्म कर्तृ, न कर्मणो जीवभावः । न च ते कर्तारमंतरेण संभूयेते; यतो निश्चयेन जीवपरिणामानां जीवः कर्ता, कर्मपरिणामानां कर्म कर्तृ इति ॥ ६० ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : આ, પૂર્વ સૂત્રમાં (૫૯મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિદ્ધાંત છે.**

**વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે (ઔદયિકાદિ જીવભાવનું કર્તા દ્રવ્યકર્મ છે), કર્મનો પણ જીવભાવ કર્તા છે; નિશ્ચયથી તો જીવભાવોનું નથી કર્મ કર્તા, કર્મનો નથી જીવભાવ કર્તા. તેઓ (જીવભાવ અને દ્રવ્યકર્મ) કર્તા વિના થાય છે એમ પણ નથી; કારણ કે નિશ્ચયથી જીવપરિણામોનો જીવ કર્તા છે અને કર્મપરિણામોનું કર્મ (પુદ્ગલ) કર્તા છે. ૬૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧૩, રવિવાર]

"औदयिकादिभाव कर्मके निमित्त पाकर होते हैं फिर ज्ञानावरणादिक द्रव्यकर्म जो हैं, सो औदयिकादिभावकर्मोंका निमित्त होता है और तिन द्रव्यकर्म भावकर्मोंका निश्चय करके आपसमें द्रव्य कर्ता नहीं है।, न पुद्‌गल भावकर्मका कर्त्ता है और न जीव द्रव्यकर्मका कर्त्ता है और वे द्रव्यकर्म भावकर्म कर्त्ताके विना निश्चय करके नहीं हुये हैं।"

જીવ પોતામાં રાગ–દ્વેષાદિ ઔદયિકભાવ કરે છે તો કર્મના ઉત્પાદનું નિમિત્ત છે, જીવ પોતામાં ક્ષયોપશમભાવ કરે છે તો અમુક કર્મનો ઉત્પાદ ને કોઈના વ્યયનું નિમિત્ત છે. જીવ પોતામાં ઉપશમભાવ કરે છે તો અમુક કર્મના વ્યયનું નિમિત્ત છે. જીવ પોતામાં ક્ષાયિકભાવ કરે છે તો અમુક કર્મના ક્ષયનું નિમિત્ત છે. પોતાના પરિણામ પોતાના કારણે થાય છે, નિમિત્તને લીધે થતા નથી ને જીવે ભાવ કર્યા માટે કર્મને પલટવું પડે એમ પણ નથી પણ જીવ ભાવ કરે ત્યારે નિમિત્તમાં નિમિત્તના કારણે પલટો થયા વિના રહેતો નથી. ક્ષાયિકસમકિત કરે ત્યારે દર્શનમોહનો વ્યય થાય છે. કેવળજ્ઞાન પ્રગટાવે ત્યારે કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય છે. ને કેવળજ્ઞાન પ્રગટ ન કરે તો કેવળજ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત છે.

કોઈ પ્રશ્ન કરે કે માણસ હસે છે ત્યારે અરીસામાં માણસ હસતો દેખાય છે પણ રોતો દેખાતો નથી.

**સમાધાન** : ભાઈ, અરીસાની પર્યાયનો તે રૂપે થવાનો કાળ છે માટે થાય છે. હસતા માણસને લીધે તે પર્યાય થઈ નથી. અરીસો સળગવાથી માણસ સળગી જતો નથી ને માણસ સળગવાથી અરીસો સળગતો નથી કારણ કે બન્ને ભિન્ન ચીજ છે. છતાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એવો છે. તેવી રીતે આત્મા રાગ કરે ત્યારે કર્મનો ઉદય ન હોય તેમ બને નહિ ને વીતરાગ દશારૂપી ધર્મ પ્રગટ કરે ત્યારે તે તે કર્મનો અભાવ ન હોય તેમ બને નહિ. અહીં 'निमित्त पाकर' શબ્દ લખ્યો તેનો અર્થ એમ છે કે નૈમિત્તિક પર્યાય થઈ ત્યારે નિમિત્ત છે, કાળભેદ નથી. તે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવે છે.

જીવમાં ઔદયિકાદિ ભાવો કર્મનું નિમિત્ત પામીને થાય છે, ને તે જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મો ઔદયિકાદિ ભાવકર્મમાં નિમિત્ત થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય જ્ઞાનની હીણી દશાને નિમિત્ત, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જ્ઞાનના ક્ષયોપશમને નિમિત્ત ને જ્ઞાન ક્ષાયિક કરે તો કર્મના અભાવરૂપ નિમિત્ત કહેવાય છે. છતાં એકબીજાને લીધે નથી. શ્રેણિકરાજા નરકમાં ગયા છે તે નરક-આયુકર્મ અથવા ગતિનામકર્મને લીધે ગયા નથી પણ પોતાની યોગ્યતાના કારણે ગયા છે. તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. જીવ વિકાર કરે તો કર્મનું આવવું કર્મના કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. ધર્મદશા કરે તો કર્મ કર્મના કારણે ખસી જાય છે. ને સંપૂર્ણ નિર્મળદશા પ્રગટાવે તો બધાં કર્મો ખસી જાય છે. છતાં પુદ્ગલકર્મ ભાવકર્મના કર્તા નથી તેમ જ જીવ દ્રવ્યકર્મનો કર્તા નથી. આત્મા કર્મને ખેંચીને ઉદયમાં લાવે તેમ બનતું નથી. કર્મની ઉદીરણા, અપકર્ષણ વગેરે જીવે કર્યું એમ કથન શાસ્ત્રમાં આવે ત્યારે જીવનો તે પ્રકારનો પુરુષાર્થ બતાવવા માટે છે. પણ જીવ તે કર્મની અવસ્થાને કરે તેમ બનતું નથી. કરણો વડે દર્શનમોહને ઉપશમાવી જે સમ્યક્ત્વ ઊપજે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે—એવી જે વ્યાખ્યા આવે છે તેમાં આત્માનો પુરુષાર્થ બતાવવાનો હેતુ છે. ઉપશમસમ્યગ્દર્શન થતાં કર્મોની સ્થિતિ આગળપાછળ થાય છે એમ જે કથન આવે છે તે વ્યવહારકથન છે. તે કર્મ તે—રૂપ તે વખતે થવાલાયક હતું, ને જીવનો તે વખતે તેવો જ પુરુષાર્થ હતો ને તેમ કેવળીએ જોયું છે. વળી જીવ શુભનો પુરુષાર્થ કરે તો પાપની સ્થિતિ ઘટી જાય ને પુણ્યની સ્થિતિ વધી જાય ને અશુભે કરે તો પુણ્યની સ્થિતિ ઘટી જાય ને પાપની સ્થિતિ વધી જાય એમ વ્યવહારથી કહેવાય છે. પણ તે તો એમ જ થવાની હતી, પરંતુ જીવનો તે તે જાતનો પુરુષાર્થ બતાવવા એમ કથન કરવામાં આવે છે. 'જીવ રાગ–દ્વેષ કરે તો કર્મ બંધાય ને કર્મનો ઉદય આવે તો જીવને રાગ–દ્વેષ કરવા પડે'–તો બન્ને એક થઈ જાય. તો વસ્તુસ્થિતિનો નાશ થઈ જાય પણ એમ કદી બનતું નથી.

અજ્ઞાની જીવોને પરને દુઃખી દેખીને કરુણા આવે છે, ને સામો પ્રતિકાર કરું ને તેનું દુઃખ મટાડું એમ થાય છે પણ તે અજ્ઞાનભાવ છે. તે બાબત ગાથા ૧૩૭માં કહ્યું છે કે ''દયાભાવ અજ્ઞાનીને પણ થાય છે અને જ્ઞાનીને પણ થાય છે. પરંતુ વિશેષતા એ છે કે અજ્ઞાનીને જે દયાભાવ છે તે કોઈ પુરુષને દુઃખિત જોઈને તેનું દુઃખ દૂર કરવાના ઉપાયમાં અહંબુદ્ધિથી આકુળ ચિત્તવાળો થઈને પ્રવર્તે છે.'' ભાઈ, કોઈ જીવ બીજાની પર્યાયને ફેરવી શકતો નથી. દુઃખની પર્યાય તો સામા જીવે પોતાના અજ્ઞાનના કારણે ઊભી કરી છે, ને તે પોતાનું અજ્ઞાન ટાળે તો દુઃખ ટળે તેમ છે, પણ અજ્ઞાની તેમ નહિ સમજતાં પરની ક્રિયા કરવાનું અભિમાન કરે છે ને આકુળવ્યાકુળ થાય છે. નીચલી દશાવાળા જ્ઞાનીને ખેદ થાય છે. પણ પરજીવો દુઃખી છે માટે ખેદ થતો નથી. અહો ! સંસારી જીવો જન્મ-મરણમાં ડૂબી રહ્યા છે. એમ વિચારતાં કોઈ વાર પોતાના કારણે ખેદ આવે છે ને પ્રતિકારની ક્રિયા તો તેના કારણે થાય છે. વળી દીકરો માંદો પડે ને ગુજરી જાય તો અજ્ઞાની ઘણો ખદખદાટ કરે, દાક્તરને વહેલો બોલાવ્યો હોત તો ફેર પડી જાત વગેરે પ્રકારે પરની ક્રિયા પોતાને આધીન માની આકુળવ્યાકુળ થાય છે. તેને ધીરજ રહેતી નથી. જ્ઞાની ધીરજ ખોતો નથી. તેવો પ્રસંગ જ્ઞાનીને હોવા છતાં અંતર શાંતિ છે. ઉપાયો કરવાની ભાષા નીકળે છતાં અંતર ધીરજ ખોતો નથી. આ પ્રમાણે અજ્ઞાની પરની ક્રિયાનો સ્વામી થાય છે ને જ્ઞાની પરની ક્રિયાનો સ્વામી થતો નથી પણ જ્ઞાતા રહે છે.

અહીં એ જ કહે છે કે જીવ પુદ્ગલની પર્યાયનો કર્તા નથી તેમ જ પુદ્ગલકર્મ જીવની પર્યાયનો કર્તા નથી. કર્મમાં અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણાદિ થાય છે તે કર્મના કારણે થાય છે, જીવને લીધે નહિ. વળી તે દ્રવ્યકર્મ ને ભાવકર્મ કર્તા વિના થયું નથી. એટલે કે પુદ્ગલ પરમાણુઓ કર્તા થઈ દ્રવ્યકર્મરૂપે થયા છે ને જીવે કર્તા થઈને ભાવકર્મને કર્યું છે. જીવના પરિણામનો જીવ કર્તા ને પુદ્ગલના પરિણામનો પુદ્ગલ કર્તા છે એમ પોતપોતાના કર્તાપણા વિના તે થયા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ :** નિશ્ચયનયથી જીવદ્રવ્ય પોતાના ચેતનભાવકર્મ—રાગ–દ્વેષ વિકાર કે અવિકારી ભાવકર્મોનો કર્તા છે, ને પુદ્ગલદ્રવ્ય નિશ્ચયથી પોતાની દ્રવ્યકર્મરૂપ અવસ્થાનો કર્તા છે.

વ્યવહારનયની અપેક્ષાથી જોવામાં આવે તો જીવ દ્રવ્યકર્મની અવસ્થાનો કર્તા છે ને દ્રવ્યકર્મ જીવના વિભાવભાવનો કર્તા છે. અહીં જે વ્યવહારથી કર્તા કહ્યો તે નિમિત્ત બતાવવા માટે છે. જીવ રાગ–દ્વેષ કરે છે ત્યારે પુદ્ગલકર્મ સ્વયં ત્યાં બંધાય છે તે બતાવવા જીવે કર્મ બાંધ્યા એમ કથન કર્યું ને જીવ રાગ–દ્વેષ કરે છે ત્યારે કર્મનો ઉદય હોય છે એ બતાવવા કર્મના ઉદયથી જીવમાં વિભાવ થયો એમ કથન કર્યું છે. કર્મમાં આત્માના રાગનું નિમિત્ત ને આત્માના રાગમાં કર્મનું નિમિત્ત બતાવવા એમ કથન કરે છે.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૨૫૫ નીચેની છેલ્લી ત્રણ લીટીમાં કહ્યું છે કે ''વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ–કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.'' જીવ રાગ–દ્વેષ કરે છે છતાં વ્યવહારનય કહે કે કર્મને લીધે રાગ–દ્વેષ થાય છે કારણ કે સ્વ–પરદ્રવ્યને કોઈને કોઈમાં મેળવી વાત કરે છે ત્યાં જીવ એમ સમજે કે કર્મને લીધે જ રાગ–દ્વેષ થાય છે તો તેને મિથ્યાત્વ થાય છે.

વ્યવહારનયના કથન પાછળનો આશય સમજવો જોઈએ. નિમિત્ત બતાવવાનો હેતુ નહિ સમજતાં જડના ભાવો જીવે કર્યા ને જીવના ભાવને જડે કર્યા એમ અજ્ઞાની માને તો તે જીવ ઉપદેશને પણ લાયક નથી.

'પુરુષાર્થસિદ્ધિઉપાય' ગાથા ૬નો આધાર 'મોક્ષમાર્ગપ્રકાશક' પૃ. ૨૫૮માં આપી કહ્યું છે—''મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે છે **પરંતુ જે કેવળ વ્યવહારને જ જાણે છે તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી.''**

આ પ્રમાણે ઉપાદાન–નિમિત્તકારણના ભેદથી જીવનું કર્તૃત્વ ને કર્મનું કર્તૃત્વ નિશ્ચય ને વ્યવહારનય દ્વારા આગમપ્રમાણ જાણવું. જીવ રાગ કરે તે નિશ્ચય છે ને જીવ ભાષા કરે તે વ્યવહાર છે. ભાષાની પર્યાય પુદ્ગલથી થાય તે નિશ્ચય છે. ભાષાથી જ્ઞાન થાય તે વ્યવહાર છે, પોતાથી જ્ઞાન થાય તે નિશ્ચય છે. એકબીજાથી એકબીજામાં કાર્ય થાય એમ માનવું તે અજ્ઞાન ને સંસાર છે. શિષ્યે જે પ્રશ્ન કર્યો હતો તેનું આ પ્રમાણે સમાધાન કર્યું. ૬૦.

---

**कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स ।**
**ण हि पोग्गलकम्माणं इदि जिणवयणं मुणेयव्वं ॥ ६१ ॥**

**कुर्वन् स्वकं स्वभावं आत्मा कर्ता स्वकस्य भावस्य**
**न हि पुद्गलकर्मणामिति जिनवचनं ज्ञातव्यम् ॥ ६१ ॥**

**નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,**
**કર્તા ન પુદ્ગલ કર્મનો;–ઉપદેશ જિનનો જાણવો. ૬૧**

**અન્વયાર્થ :** [स्वकं स्वभावं] પોતાના સ્વભાવને [कुर्वन्] કરતો [आत्मा] આત્મા [हि] ખરેખર [स्वकस्य भावस्य] પોતાના ભાવનો [कर्ता] કર્તા છે, [न पुद्गलकर्मणाम्] પુદ્ગલકર્મોનો નહિ; [इति] આમ [जिनवचनं] જિનવચન [ज्ञातव्यम्] જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : एवं पूर्वगाथायां प्रथमव्याख्यानपक्षे तत्र पूर्वपक्षोत्र पुनरुत्तरमिति गाथाद्वयं गतं। अथैव तदेव व्याख्यानमागमसंवादेन दृढयतिः – **कुव्वं** कुर्वाणः। कं ? **सगं सहावं** स्वकं स्वभावं चिद्रूपं अत्र यद्यपि शुद्धनिश्चयेन केवलज्ञानादिशुद्धभावाः स्वभावा भण्यंते तथापि कर्मकर्तृत्वप्रस्तावादशुद्ध-निश्चयेन रागादयोपि स्वभावा भण्यंते, तान् कुर्वन् सन् **अत्ता कत्ता सगस्स भावस्स** आत्मा कर्ता स्वकीयभावस्य **ण हि पोग्गलकम्माणं** नैव पुद्‌गलकर्मणां **हु** स्फुटं निश्चयनयेन कर्ता **इदि जिणवयणं मुणेदव्वं** इति जिनवचनं मंतव्यं ज्ञातव्यमिति । अत्र यद्यप्यशुद्धभावानां कर्तृत्वं स्थापितं तथापि ते हेयास्तद्विपरीता अनंतसुखादिशुद्धभावा उपादेया इति भावार्थः ॥ ६१ ॥

**समयव्याख्या : निश्चयेन जीवस्य स्वभावानां कर्तृत्वं पुद्‌गलकर्मणामकर्तृत्वं चागमेनोपदर्शितमत्र इति ॥ ६१ ॥**

**અનુવાદ : નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે અને પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે. ૬૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ફાગણ વદ-૧૪, સોમવાર]

ગાથા ૬૦માં કહ્યું હતું કે જીવ જડની પર્યાયને કરે નહિ તેમ જ જડ જીવની પર્યાયને કરે નહિ ને તે કાર્યો પોતપોતાના કર્તા વિના હોય નહિ. હવે એ જ કથનને દ્દઢ કરવા માટે આગમપ્રમાણ બતાવે છે. ને નિશ્ચયથી જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે પણ પુદ્‌ગલકર્મનો કર્તા નથી એમ કહે છે.

"आत्मीक परिणामको करता हुवा जीवद्रव्य अपने परिणामोंका करनहारा होता है। पुद्‌गलमयी द्रव्यकर्मोंका कर्ता निश्चयकरके नहीं है इस प्रकार जिनेंद्रभगवानकी वाणी जाननी।"

અહીં મૂળ ગાથામાં તથા જયસેન આચાર્યની ટીકામાં રાગ–દ્વેષાદિ પરિણામોને સ્વભાવ કહ્યા છે કારણ કે આત્મા પોતે તે ભાવને કરે છે. સ્વતંત્રપણે તે ભાવને કરે છે માટે આત્મા કર્તા છે. કર્મને લીધે જીવ વિકાર કરે છે તે નિમિત્તનું કથન છે. વળી જીવ જેટલા પ્રમાણમાં રાગ–દ્વેષ કરે તેટલા પ્રમાણમાં જડકર્મ બંધાય છતાં જડકર્મની અવસ્થાનો કર્તા આત્મા નથી. જડની અવસ્થા જડને લીધે થાય છે. આ પ્રમાણે જિનેંદ્ર ભગવાનની વાણી જાણવી.

'કર્મ વિના કોઈને વિકાર થાય છે ? માટે કર્મને લીધે વિકાર થાય છે'—એમ અજ્ઞાની માની રહ્યો છે. ભાઈ, આત્મવસ્તુ ત્રિકાળ સ્વતંત્ર છે ને તેની સમયસમયની વિકારી કે અવિકારી પર્યાય પણ સ્વતંત્ર છે. જો એક પર્યાયને પરાધીન માનવામાં આવે તો દ્રવ્ય પણ પરાધીન થઈ જાય છે. તેવી દ્દષ્ટિવાળાને કદી ધર્મ થતો નથી.

**ભાવાર્થ** : જીવને અનાદિથી સંસારના કાર્યમાં પણ બીજા ઉપર દોષ નાખવાની ટેવ પડી છે. પોતે દોષ કરે ને બીજા ઉપર નાખે, તેમ અહીં પણ દોષ પોતાનો છે છતાં કર્મ ઉપર દોષ નાખે છે. કર્મ એકક્ષેત્રે છે માટે વિકાર કરાવે છે એમ અજ્ઞાની માને છે, તે જ ભ્રમણા છે. જીવ નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે ને પરદ્રવ્યનો કર્તા નથી. પરની અવસ્થા થવી તે તારે આધીન નથી ને તારો ભાવ થવો તે પરને આધીન નથી. ૬૧.

નિશ્ચયનયથી ઉપાદાનકારણની અપેક્ષાથી કર્મ પોતાના સ્વરૂપનો કર્તા એમ કથન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ॥ ६२ ॥**

**कर्मापि स्वकं करोति स्वेन स्वभावेन सम्यगात्मानम्।**
**जीवोऽपि च तादृशकः कर्मस्वभावेन भावेन ॥ ६२ ॥**

**રે ! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,**
**આત્મા ય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨**

**અન્વયાર્થ :** [कर्म अपि] કર્મ પણ [स्वेन स्वभावेन] પોતાના સ્વભાવથી [स्वकं करोति] પોતાને કરે છે [च] અને [तादृशकः जीवः अपि] તેવો જીવ પણ [कर्मस्वभावेन भावेन] કર્મ-સ્વભાવ ભાવથી (ઔદયિકાદિ ભાવથી) [सम्यक् आत्मानम्] બરાબર પોતાને [करोति] કરે છે.

---

**तात्पर्यवृत्ति** : इत्यागमसंवादरूपेण गाथा गता। अथ निश्चयेनाभेदषट्कारकीरूपेण कर्मपुद्गलः स्वकीयस्वरूपं करोति जीवोपि तथैवेति प्रतिपादयतिः– **कम्मंपि सयं** कर्म कर्तृ स्वयमपि स्वयमेव **कुव्वदि** करोति। किं करोति ? **सम्ममप्पाणं** सम्यग्यथा भवत्यात्मानं द्रव्यकर्मस्वभावं। केन कारणभूतेन ? **सगेण भावेण** स्वकीयस्वभावेनाभेदषट्कारकीरूपेण **जीवो वि य तारिसओ** जीवोपि च तादृशः। केन कृत्वा। **कम्मसहावेण भावेण** कर्मस्वभावेनाशुद्धभावेन रागादिपरिणामेनेति। तथाहि– कर्मपुद्गलः कर्ता कर्मपुद्गलं कर्मतापन्नं कर्मपुद्गलेन करणभूतेन कर्मपुद्गलाय निमित्तं कर्मपुद्गलात्सकाशात्कर्मपुद्गलेऽधिकरणभूते करोतीत्यभेदषट्कारकीरूपेण परिणममानः कारकांतरं नापेक्षते, तथा जीवोपि आत्मा कर्तात्मानं कर्मतापन्नमात्मना करणभूतेनात्मने निमित्तमात्मनः सकाशादात्मन्यधिकरणभूते करोतीत्यभेदषट्कारकीरूपेण व्यवतिष्ठमानः कारकांतरं नापेक्षते। अयमत्र भावार्थः। यथैवाशुद्धषट्कारकीरूपेण परिणममानः सन्नशुद्धमात्मानं करोति तथैव शुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेणाभेदषट्कारकीस्वभावेन परिणममानः शुद्धमात्मानं करोतीति ॥ ६२ ॥

---

**समयव्याख्या : अत्र निश्चयनयेनाभिन्नकारकत्वात्कर्मणो जीवस्य च स्वयं स्वरूपकर्तृत्वमुक्तम्। कर्म खलु कर्मत्वप्रवर्तमानपुद्गलस्कंधरूपेण कर्तृतामनुबिभ्राणं, कर्मत्वगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वत्, प्राप्यकर्मत्वपरिणामरूपेण कर्मतां कलयत्, पूर्वभावव्यपायेऽपि ध्रुवत्वालंबनादुपात्तापादानत्वम्, उपजायमानपरिणामरूपकर्मणाश्रीयमाणत्वादुपोढसंप्रदानत्वम्, आधीयमानपरिणामाधारत्वाद्गृहीताधिकरणत्वं, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकांतरमपेक्षते। एवं जीवोऽपि भावपर्यायेण प्रवर्तमानात्मद्रव्यरूपेण कर्तृतामनुबिभ्राणो, भावपर्यायगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वन्, प्राप्यभावपर्यायरूपेण कर्मतां कलयन्, पूर्वभावपर्यायव्यपायेऽपि ध्रुवत्वालंबनादुपात्तापादानत्वः उपजायमानभावपर्यायरूपकर्मणाश्रीयमाणत्वादुपोढसंप्रदानत्वः, आधीयमानभावपर्यायाधारत्वाद्गृहीताधिकरणत्वः, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानो न कारकांतरमपेक्षते। अतः कर्मणः कर्तुर्नास्ति जीवः कर्ता, जीवस्य कर्तुर्नास्ति कर्म कर्तृ निश्चयेनेति ॥ ६२ ॥**

**અનુવાદ : નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.**

કર્મ ખરેખર (૧) કર્મપણે પ્રવર્તતા પુદ્ગલસ્કંધરૂપે કર્તાપણાને ધરતું, (૨) કર્મપણું પામવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતું, (૩) પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું, (૪) પૂર્વ ભાવનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવું, (૫) ઊપજતા પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી (અર્થાત્ ઊપજતા પરિણામરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલું અને (૬) ધારી રાખવામાં આવતા પરિણામનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવું—સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું અન્ય કારકની અપેક્ષા રાખતું નથી.

એ પ્રમાણે જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, (૨) ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો, (૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો, (૪) પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો, (૫) ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલો અને (૬) ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવો—સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.

માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાને જીવ કર્તા નથી અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી. (જ્યાં કર્મ કર્તા છે ત્યાં જીવ કર્તા નથી અને જ્યાં જીવ કર્તા છે ત્યાં કર્મ કર્તા નથી.) ૬૨

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ-૧૪ સોમવાર]

"कर्मरूप परिणये पुद्‌गलस्कंध निश्चयसे अपने स्वभावसे यथार्थ जैसेका तैसा अपने स्वरूपको करता है फिर जीव पदार्थ भी कर्मरूप भावोंसे जैसें द्रव्यकर्म आप अपने स्वरूपके द्वारा अपना ही कर्ता है तैसें ही आप अपने स्वरूप द्वारा आपको करता है।"

આત્મા દયાદાનાદિના ભાવ કરે કે ભ્રાંતિ કરે ને તેના નિમિત્તે જડકર્મ બંધાય તેનો કર્તા આત્મા નથી. પુદ્‌ગલદ્રવ્ય પોતે કર્તા થઈ કાર્યરૂપ થાય છે ને જીવ પણ પોતાના કાર્યનો કર્તા છે.

**ભાવાર્થ** : જીવ તથા પુદ્‌ગલમાં અભેદ છ કારક બતાવવામાં આવે છે.

(૧) **કર્તા** : કર્મયોગ્ય પુદ્‌ગલસ્કંધો કર્મને કરે છે માટે પુદ્‌ગલ દ્રવ્યકર્મનો કર્તા છે, જીવ તેને કરતો નથી. આ હાથ છે, તેની ક્ષેત્રાંતર થવાની ક્રિયાનો કર્તા તે પુદ્‌ગલસ્કંધો છે, પણ આત્મા તેનો કર્તા નથી.

**પ્રશ્ન** : જીવ ન હોય ત્યારે એમ ક્ષેત્રાંતર થતું નથી ને ?

**સમાધાન** : મડદા વખતે પણ સ્થિર રહેવારૂપ ને પરમાણુના છૂટા પડવારૂપ અવસ્થા થઈ રહી છે. તેનો કર્તા તે પુદ્‌ગલો છે. દરેક વખતે પર્યાય એકસરખી ન રહે, બદલ્યા કરે ને જીવ એકક્ષેત્રે હોવા છતાં પક્ષઘાત વખતે હાથ-પગ ચાલી શકતા નથી. જીવથી શરીરનું ક્ષેત્રાંતર થતું હોય તો તે વખતે કેમ થતું નથી ? ભાઈ, શરીર અજીવ છે. તેની ક્રિયાનો કર્તા તે પુદ્‌ગલો છે. જીવના પરિણામનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ પુદ્‌ગલકર્મો બંધાય તેનો કર્તા જીવ નથી પણ પુદ્‌ગલો છે. આ મકાન બંધાય છે. તેની નવી નવી અવસ્થાનો કર્તા તે પરમાણુઓ છે. કડિયા વગેરે તેના કર્તા નથી. પુદ્‌ગલનું કાર્ય જીવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતું નથી, ને સ્વથી થયા વિના રહેતું નથી. પુદ્‌ગલો અસ્તિ છે. તે પોતાથી પરિણમતા તે તે અવસ્થાના કર્તા થાય છે. આમ અનંતા પુદ્‌ગલોથી પોતે ભિન્ન છે. તેનું કાર્ય તે મારું કાર્ય નથી. એમ નક્કી કરે તો પોતાને ભેદજ્ઞાન થાય.

(૨) **કર્મ** : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીયાદિ કર્મરૂપે પુદ્‌ગલો પોતે પરિણમે છે. તે તેનું કાર્ય છે, આત્માનું કાર્ય નથી. પરમાણુએ કર્મો બાંધ્યાં છે, આત્માએ બાંધ્યાં નથી. આ આત્માએ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું એમ જે કથન આવે છે તે કર્મ બંધાતી વખતે કયો જીવ નિમિત્ત હતો તે બતાવવા કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય નામ છે માટે તે કર્મ જ્ઞાનને આવરતું નથી પણ જીવ પોતાના જ્ઞાનને આવરવારૂપી કર્મ કરે છે તેનો આરોપ કર્મ ઉપર આપેલ છે. બાઈ રોટલી બનાવે છે તેમાં રોટલીનું કાર્ય પરમાણુએ કરેલ છે. બાઈનું તથા વેલણનું તે કાર્ય નથી.

(૩) **કરણ** : કર્મરૂપી પરિણમનમાં સાધન પુદ્‌ગલદ્રવ્ય છે. પોતાની શક્તિના સાધનથી તે કર્મરૂપે પરિણમે છે. જે વડે થાય તેને કરણ કહે છે. નામું લખવાના અક્ષરોનું સાધન પરમાણુ પોતે છે, કલમ નથી. જ્ઞાનાવરણીયકર્મ બંધાય તેનું સાધન પરમાણુ છે. ઘણ વડે પથ્થર તૂટે છે ત્યાં પથ્થરની સ્વશક્તિથી તે તૂટે છે. બૈરાં–છોકરાં નભે છે તે પોતા વડે નભી રહ્યાં છે, તેનું તું સાધન નથી. આવું ભેદજ્ઞાન ન કરે તેને મુક્તિ જોઈતી નથી. મારાથી પરમાં થાય ને પરથી મારામાં કાર્ય થાય એમ માનનારને પર સાથેની એકત્વબુદ્ધિથી છૂટું પડવું નથી.

(૪) **સંપ્રદાન** : જડની પર્યાય પરિણમીને જડમાં રહે છે. સંપ્રદાન=સમ્યક્ પ્રકારે દાન આપવું. પરમાણુ પોતે પોતાને દાન આપે છે. લોકો કહે કે આટલા પૈસા દાનમાં આપ્યા. પણ પરમાણુને જીવ આપી શકતો નથી. જીવ પોતામાં રાગનું કે અજ્ઞાનનું દાન આપે ને ભાન કરે તો શુદ્ધતાનું દાન આપે પણ જડને આપી શકે નહિ. શરીરના પરમાણુઓ શરીરની પર્યાયરૂપી દાન પોતામાં આપે છે, કર્મ પોતાની પર્યાયને પોતામાં રાખે તે સંપ્રદાન છે.

(૫) **અપાદાન** : પુદ્‌ગલ પરમાણુએ કર્મની પર્યાય પુદ્‌ગલમાંથી કાઢી છે. વિકારમાંથી કર્મપર્યાય આવતી નથી. જડમાંથી આવે છે માટે પોતે અપાદાન છે.

(૬) **અધિકરણ** : પુદ્‌ગલ પરમાણુઓ પોતાના આધારે કર્મને કરે છે, માટે પોતે પોતાનું અધિકરણ છે. આત્માના આધારે કર્મ નથી. દાગીનાનો આધાર સોની કે હથોડી નથી પણ પુદ્‌ગલ પરમાણુ પોતાના આધારે પરિણમીને દાગીનારૂપ થયા છે.

આ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્ય છ કારકોરૂપે એક સમયમાં પરિણમે છે. બીજા દ્રવ્યને લીધે તે રૂપે થતા નથી. કલમ, પુસ્તક, શરીર દરેકમાં એમ સમજવું. આ અભેદ છ કારકો કહ્યા કેમકે તે પરમાં નથી તેમ જ પર એવા આત્માથી થયા નથી પણ પોતામાં થાય છે માટે અભેદ કહ્યા છે.

આ શરીર છે તે શરીરના આધારે રહ્યું છે, આત્માના આધારે રહ્યું નથી. કોઈ પૂછે કે તો પછી મરી ગયા પછી શરીર આવી રીતે રહેતું નથી ને ? ભાઈ, તે પરમાણુઓ તે રૂપે રહેવાની અવસ્થાની લાયકાતવાળા છે માટે એમ થાય છે. તે વસ્તુ છે કે નહિ ? વસ્તુ હોય તે શક્તિવાળી હોય કે શક્તિ વિનાની ? દરેક વસ્તુ અનંત શક્તિથી ભરેલી છે. તે પોતાથી રહેલી છે.

જીવ રાગ–દ્વેષ કરે છે ત્યારે રાગ–દ્વેષ પ્રમાણે દ્રવ્યકર્મો બંધાય છે. એવો જીવને તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. છતાં જીવ દ્રવ્યકર્મોનો કર્તા નથી તો પછી જીવ શરીર, પુસ્તક, અનાજ વગેરે બહારના પદાર્થોનો કર્તા થાય એમ કદી પણ બને નહિ. જીવ રાગ કરે ને શરીર ચાલે અથવા ન ચાલે, પુસ્તકની ક્રિયા થાય અથવા ન થાય, પણ રાગ કરે ત્યારે કર્મ તો જરૂર બંધાય છતાં આત્મા તેનો કર્તા નથી, તો પછી શરીરાદિ બાહ્ય પદાર્થો કે જ્યાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ સર્વથા ભજતો નથી તેનો આત્મા કેવી રીતે કર્તા હોય ? ન જ હોય. માટે પુદ્‌ગલની જે જે ક્રિયા થાય છે તેનો કર્તા આત્મા નથી. પુદ્‌ગલકર્મો પોતાના કારણે પરિણમી રહ્યા છે, તે જીવના વિકારની અપેક્ષા રાખતા નથી. શરીર નીરોગી થાય તે દવાની અપેક્ષા રાખતું નથી. એવો વસ્તુસ્વભાવ છે.

આમાં ધર્મ શું આવ્યો ? તારે શાંતિ જોઈએ છે ને ? શાંતિ સ્વતંત્રતાથી આવે કે પરતંત્રતાથી ? જડને સ્વતંત્ર જાણ, તું પણ સ્વતંત્ર છે એમ જાણ, તને પરથી ભિન્ન જાણ તો શાંતિ આવે એવું છે.

હવે જીવમાં છ કારકો ઉતારે છે. એ પ્રકારે જીવદ્રવ્ય પણ પોતાના ઔદયિકાદિ ભાવોમાં પણ છ કારકરૂપ પરિણામ કરે છે. તેમાં બીજા દ્રવ્યની અપેક્ષા નથી.

**પુણ્યના છ કારકો :**

(૧) **કર્તા :** દયા–દાનાદિ શુભભાવનો કર્તા આત્મા છે તે ભાવકર્મની અપેક્ષા રાખતો નથી.

(૨) **કર્મ :** શુભભાવરૂપી કાર્ય જીવનું પોતાનું છે. બીજાનું તે કાર્ય નથી.

(૩) **કરણ :** શુભભાવનું સાધન આત્મા પોતે છે. પાંચ હજાર રૂપિયા આપ્યા તે સાધન નથી. જો પૈસા પુણ્યનું સાધન હોય તો ગરીબ માણસ શુભભાવ કરી શકે નહિ. ધર્મશાળા, મંદિરો, પુણ્યના સાધન વ્યવહારથી કહેવાય છે. ખરેખર જીવ પોતે શુભભાવ કરે છે તેનો ઉપચાર મંદિરો વગેરેને અપાય છે. પદ્મનંદી આચાર્યે દાનઅધિકારમાં જે વાત કરી છે તે નિમિત્તથી કથન છે. આટલી પ્રતિમા કરે તો આવું પુણ્ય થાય વગેરે પ્રકારે. ત્યાં જે શુભભાવ જીવે કર્યો તેનું સાધન પોતે છે, તે વખતે જે પદાર્થ ઉપર લક્ષ હોય તેના ઉપર આરોપ આપી કથન કરેલ છે.

(૪) **સંપ્રદાન :** જીવ શુભભાવના પરિણામ પોતામાં રાખે છે. બીજાને આપતો નથી.

(૫) **અપાદાન :** જીવ શુભપરિણામ પોતામાંથી કરે છે.

(૬) **અધિકરણ :** જીવ પોતાના આધારે શુભભાવ કરે છે, બીજાના આધારે શુભ કરતો નથી.

**પાપના છ કારકો :**

(અ) **હિંસા :**

(૧) **કર્તા :** હિંસાના ભાવનો જીવ પોતે કર્તા છે. બીજો કર્તા નથી.

(૨) **કર્મ :** હિંસાના પરિણામનું કાર્ય પોતે કર્યું છે, જીવ મર્યો માટે પાપ થયું નથી.

(૩) **કરણ :** હિંસાનું સાધન પોતે છે. અમુક સાધનથી જીવોને માર્યા એ કથન નિમિત્તથી છે. જડની ક્રિયા આત્મા કરી શકતો નથી.

(૪) **સંપ્રદાન :** પાપના પરિણામ જીવ પોતે પોતાને આપે છે.

(૫) **અપાદાન :** પાપના પરિણામ જીવ પોતામાંથી કરે છે.

(૬) **અધિકરણ :** જીવ પાપના પરિણામ પોતાના આધારે કરે છે. પોતાનો આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયથી અધિકરણ છે ત્યારે બીજાને નિમિત્ત કહેવાય છે.

(ब) **જૂઠું** : જીવ પોતે અસત્ય ભાવનો કર્તા છે; તે જીવનું કાર્ય છે, વાણીનું કાર્ય નથી; પોતે સાધન છે, ભાષા સાધન નથી; પોતે પોતામાં અસત્યનો ભાવ રાખ્યો તે સંપ્રદાન; પોતામાંથી તે ભાવ થયો તે અપાદાન; પોતાના આધારે થયો તે અધિકરણ.

(क) **ચોરી** : ચોરીનો કર્તા પોતે છે. ચોરી પોતાનું કાર્ય છે, ચોરીનું સાધન પોતે છે, પર નથી. પોતામાં ભાવ રાખ્યો તે સંપ્રદાન, પોતામાંથી થયો તે અપાદાન ને પોતાના આધારે થયો તે અધિકરણ.

(ड) **અબ્રહ્મચર્ય** : વિષયભોગના પરિણામનો કર્તા જીવ છે, તે પરિણામ પોતાનું કાર્ય છે. તેનું સાધન પોતે છે, શરીર સાધન નથી, પોતે પોતામાં ભાવ રાખ્યો તે સંપ્રદાન છે. પોતામાંથી તે ભાવ થયો તે અપાદાન, પોતાના આધારે ભાવ થયો તે અધિકરણ. બીજાના આધારે તે ભાવ થતો નથી. શરીરની ક્રિયાને આત્મા સાથે બિલકુલ સંબંધ નથી.

(ई) **પરિગ્રહ** : પરિગ્રહના ભાવનો કર્તા આત્મા છે, તે ભાવ પોતાનું કાર્ય છે. પરિગ્રહનું સાધન પોતે છે, લક્ષ્મીના પ્રમાણમાં પાપના પરિણામ થાય છે ને ? ના. પોતે સાધન છે. પરિગ્રહના પરિણામનું દાન પોતે પોતાને આપે છે તે સંપ્રદાન. બૈરાંછોકરાંને રૂપિયા, મકાન વગેરે વીલમાં લખી આપે છે તે નિમિત્તનું કથન છે, પરને કોઈ દાન આપી શકતું નથી. પરિગ્રહના પરિણામ પોતામાંથી કરે છે, ને પોતાના આધારે કરે છે. લક્ષ્મીના આધારે મમતાના પરિણામ કર્યા નથી.

આ પ્રમાણે પાંચે પાપના છ કારકો પોતાથી છે.

આમ જીવ પરથી ભેદજ્ઞાન કરે તો સ્વ તરફ વળવાનો ને ધર્મ પ્રગટ કરવાનો અવસર રહે છે.

[વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ-૦)), મંગળવાર]

આત્મા અને જડ શરીર, વાણી, કર્મ જુદેજુદા છે. આ જગતમાં અનેક વસ્તુઓ છે તે અનંત ક્યારે રહે ? જો એકબીજામાં અભાવ વર્તે તો અનંત રહે છે પણ એકબીજાના ભાવમાં પેસી જાય તો વસ્તુ અનંત રહેતી નથી. આ બે આંગળી જુદેજુદી છે, એકબીજામાં અભાવ છે. દૂર–નજીકનો પ્રશ્ન નથી. આકાશના ક્ષેત્રે દૂર હો કે નજીક હો, દરેક પદાર્થ પરના અભાવરૂપે પરિણમી રહ્યો છે ને પોતાના ભાવરૂપે પરિણમી રહ્યો છે. એક પરમાણુ છે, તેમાં અનંતા ગુણો છે ને દરેક ગુણની અનંતી પર્યાય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અસ્તિત્વ વગેરેની દરેક પર્યાયમાં છ કારકો ઊતરે છે. પરમાણુનો વર્ણ લીલો થયો, તેનો કર્તા પરમાણુ છે. લીલારૂપ કાર્ય પરમાણુનું છે, તેનું સાધન પરમાણુ છે. લીલારૂપ અવસ્થાનું દાન પોતાને આપ્યું છે. અવસ્થા પોતામાંથી થાય છે ને પોતાના આધારે થાય છે. બીજા પરમાણુ સાથે સંબંધ નથી.

આ લાકડું ઊંચું થાય છે, તે પોતાથી થાય છે, આંગળીથી થતું નથી. શરીરના દરેક પરમાણુ, રોટલા વગેરેના પરમાણુ દરેક પોતાથી પલટે છે. દરેકમાં છ કારકો પોતાથી થઈ રહ્યા છે.

**ઔદયિકભાવમાં છ કારકો** : હવે જીવના ભાવની વાત કરે છે. પુણ્ય–પાપના છ કારકો કહેવાઈ ગયા છે. ઔદયિકમાં ગતિ, જાતિ આદિ ભાવો છે. નરકગતિના ભાવનો કર્તા જીવ છે; તે જીવનું કાર્ય છે. ગતિનું સાધન આત્મા છે, ગતિરૂપ પરિણામનું દાન પોતાને આપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. પોતામાંથી તે પરિણામ થાય છે. પોતાના આધારે થાય છે. કર્મને લીધે નરકગતિના પરિણામ થતા નથી. ગતિના, જાતિના, ક્રોધ, માન, માયા, લોભ ને અસિદ્ધત્વ વગેરે એકવીશ બોલ ઔદયિકભાવના છે. દરેકમાં છ કારકો ઊતરે છે. રાગનો કર્તા જીવ છે, રાગ જીવનું કર્મ છે. રાગનું સાધન જીવ છે. રાગ પોતામાં રાખે છે માટે પોતે સંપ્રદાન છે, રાગ પોતામાંથી ને પોતાના આધારે થાય છે. આમ દરેકમાં સમજી લેવું.

**ઉપશમભાવમાં છ કારકો :** આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન કરી પ્રથમ ઉપશમ-સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેનો કર્તા જીવ છે. તે જીવનું કાર્ય છે. કર્મનું કાર્ય નથી; તેનું સાધન આત્મા છે. ઉપશમભાવ પોતે પોતાને આપે છે. મિથ્યાત્વનો નાશ થઈ ઉપશમસમકિત પ્રગટ થયું તે પોતામાંથી થાય છે ને પોતાના આધારે થાય છે. દયાદાનના આધારે ઉપશમસમકિત થતું નથી અથવા જડકર્મ ખસ્યું માટે તે ભાવ થયો એમ નથી. તેવી રીતે ઉપશમચારિત્રમાં સમજી લેવું. આ બધા ભાવો નિમિત્ત—કર્મની અપેક્ષા રાખે છે છતાં કર્મને લીધે થતા નથી પણ સ્વથી પ્રગટે છે એ વાત સાબિત કરવી છે.

**ક્ષયોપશમભાવમાં છ કારકો :** ક્ષયોપશમભાવના અઢાર ભેદ છે. જ્ઞાન, અજ્ઞાન વગેરે દરેકમાં છ કારકો લાગુ પડે છે. આ મતિજ્ઞાન થાય છે તેનો કર્તા આત્મા છે. મતિજ્ઞાન આત્માનું કાર્ય છે, તેનું સાધન આત્મા છે, ચશ્માંથી કે આંખથી જ્ઞાન થતું નથી, જ્ઞાન પોતે રાખે છે તે સંપ્રદાન પોતાથી થઈને રહ્યું છે ને પોતાના આધારે રહ્યું છે. સંયોગો અનુકૂળ હોય, શરીર ઠીક હોય તો જ્ઞાન થાય એમ અજ્ઞાની માને છે. પાંચ જ્ઞાન, ત્રણ દર્શન વગેરે બધા ભાવોની અવસ્થા પોતાથી થાય છે.

**પ્રશ્ન :** વ્યંજન અવગ્રહ તો બીજી ચીજો અડે છે તો થાય છે ને ?

**સમાધાન :** એક ચીજ બીજી ચીજને અડતી નથી. એકબીજામાં એકબીજાનો અભાવ છે. દરેક પદાર્થમાં એક સમયમાં છ કારકો છે.

**ક્ષાયિકભાવમાં છ કારકો :** કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ નવ ભેદો ક્ષાયિકભાવના છે. કેવળજ્ઞાનનો કર્તા આત્મા પોતે છે, તે પોતાનું કાર્ય છે. આત્માના સાધને થાય છે. આત્મા પોતાને કેવળજ્ઞાનનું દાન આપે છે. પોતામાંથી ને પોતાના આધારે થાય છે. મજબૂત શરીર કે મનુષ્યપણાના આધારે તે પ્રગટતું નથી.

આ પ્રમાણે ઔદયિકભાવના ૨૧, ઉપશમના ૨, ક્ષયોપશમના ૧૮, ક્ષાયિકના ૯ એમ કુલ પચાસ બોલમાં છ કારકો લેવા. અસ્તિત્વ વગેરે લેવા નથી કારણ કે તેમાં કર્મનું નિમિત્ત નથી.

અજ્ઞાની જીવ માને છે કે ''શરીર ધર્મનું સાધન છે. બોરડીએ કેરી ન પાકે તેમ શરીર જીર્ણ હોય ત્યાં ધર્મ ન પાકે. શરીર સારું હોય તો જ્ઞાન વધે. માણસ માંદો હોય ને તાવ આવતો હોય તો કેવી રીતે ધર્મ કરી શકે ?'' આમ અજ્ઞાની જીવ માની રહ્યો છે. ભાઈ, તે બધી પરવસ્તુ આત્મામાં અભાવરૂપ છે. કોઈથી કોઈમાં કાંઈ થતું નથી માટે તારે પર સામે જોવાનું રહેતું નથી. ક્ષાયિકસમકિત તીર્થંકરની સમીપે થાય તે નિમિત્તનું કથન છે. આત્માની સમીપે ક્ષાયિકસમકિત થાય છે. પરના આધારે થતું નથી. નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા માટેનું તે કથન છે.

''જીવને અજીવ માને, માર્ગને કુમાર્ગ માને, કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ લાગે'' એમ અજ્ઞાની શબ્દો બોલે છે, પણ તેનો અર્થ સમજતો નથી. કર્મ, શરીર વગેરે જડની

પર્યાય છે. તેને આત્મા કરતો નથી, ભોગવતો નથી. વળી કહે કે, ''કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી'' તે પણ નિમિત્તથી કથન છે. જીવ પોતાના વિકારીભાવને ભોગવે છે, જડને ભોગવતો નથી. વળી શાસ્ત્રમાં કથન આવે કે જીવ છ ભાવે જ્ઞાનાવરણીય કર્મ બાંધે. જેમકે કોઈ જ્ઞાન પામતો હોય તેમાં અંતરાય કરે, જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેનું નામ ગોપવે, જ્ઞાનીનો દ્વેષ કરે, જ્ઞાનની આશાતના કરે વગેરે પ્રકારથી જ્ઞાનાવરણીયકર્મ બાંધે છે. ત્યાં જીવે પોતાના જ્ઞાનના અંતરાયનો ભાવ કર્યો છે. જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું તે નિમિત્તનું કથન છે. અજ્ઞાની કહે છે કે કર્મો તો માંધાતાને પણ ભોગવવાં પડે છે. ભાઈ, આત્મા અરૂપી છે, કર્મ, શરીર રૂપી છે. અરૂપી રૂપીને ભોગવે એ ત્રણ કાળમાં બને નહિ. આ જગતમાં અનંતા જીવો, અનંતાનંત પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એમ છ દ્રવ્યો છે. દરેક સ્વતંત્ર છે. છતાં જે જીવ એકને લીધે બીજામાં કાર્ય માને તે ઈશ્વરકર્તાની માન્યતા જેવો મિથ્યાદૃષ્ટિ છે. 'સમયસાર'માં કહ્યું છે કે જેમ લોકો કહે છે કે જગતને ઈશ્વરે બનાવ્યું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે તેમ જૈનમાં જન્મીને કહે કે આત્મા શરીરને, કર્મને તથા પરદ્રવ્યને કરે ને ભોગવે તો એમ માનનાર તેના જેવો જ મિથ્યાદૃષ્ટિ છે. માટે અહીં કહ્યું કે દરેક પદાર્થની અવસ્થામાં છ કારકો સ્વતંત્ર છે. આમ સાચું જ્ઞાન કરવું જોઈએ. ૬૨

કર્મ તથા જીવોનો કોઈ કર્તા હશે અથવા કોઈ ફળ દેનાર હશે અથવા જડકર્મનું ફળ આત્મામાં આવતું હશે એવી વાત શિષ્યના પ્રશ્નરૂપે મૂકે છે.

---

**कम्मं कम्मं कुव्वदि जदि सो अप्पा करेदि अप्पाणं ।**
**किध तस्स फलं भुंजदि अप्पा कम्मं च देदि फलं ॥ ६३ ॥**

**कर्म कर्म करोति यदि स आत्मा करोत्यात्मानम् ।**
**कथं तस्य फलं भुङ्क्ते आत्मा कर्म च ददाति फलम् ॥ ६३ ॥**

**જો કર્મ કર્મ કરે અને આત્મા કરે બસ આત્મને,**
**ક્યમ કર્મ ફળ દે જીવને ? ક્યમ જીવ તે ફળ ભોગવે ? ૬૩.**

**અન્વયાર્થ :** [यदि] જો [कर्म] કર્મ [कर्म करोति] કર્મને કરે અને [सः आत्मा] આત્મા [आत्मानम् करोति] આત્માને કરે તો [कर्म] કર્મ [फलम् कथं ददाति] આત્માને ફળ કેમ આપે [च] અને [आत्मा] આત્મા [तस्य फलं भुङ्क्ते] તેનું ફળ કેમ ભોગવે ?

---

**तात्पर्यवृत्ति :** एवमागमसंवादरूपेणाभेदषट्कारकीरूपेण च स्वतन्त्रगाथाद्वयं गतं । इति समुदायेन गाथाषट्केन तृतीयांतरस्थलं समाप्तं । अथ पूर्वोक्तप्रकारेणाभेदषट्कारकीव्याख्याने कृते सति निश्चयनयेनेदं व्याख्यानं कृतमिति नयविचारमजानन्नेकांतं गृहीत्वा शिष्यः पूर्वपक्षं करोतिः – **कम्मं** कर्म कर्तृ **कम्मं कुव्वदि जदि** यद्येकांतेन जीवपरिणामनिरपेक्षं सद्द्रव्यकर्म करोति ''जदि'' **सो अप्पा करेदि अप्पाणं** यदि च स आत्मात्मानमेव करोति न च द्रव्यकर्म **किह तस्स फलं भुंजदि** कथमेतस्याकृतकर्मणः फलं भुंक्ते । स कः । **अप्पा** आत्मा कर्ता **कम्मं च देदि फलं** जीवेनाकृतं कर्म च कर्तृ कथमात्मने ददाति फलं न कथमपीति ॥ ६३ ॥

**समयव्याख्या :** **कर्मजीवयोरन्योन्याकर्तृत्वेऽन्यदत्तफलान्योपभोगलक्षणदूषणपुरःसरः पूर्व-पक्षोऽयम् ॥३ ॥**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુવાદ : જો કર્મ અને જીવને અન્યોન્ય અકર્તાપણું હોય, તો 'અન્યે દીધેલું ફળ અન્ય ભોગવે' એવો પ્રસંગ આવે:—આવો દોષ બતાવીને અહીં પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો છે.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ ૦)) મંગળવાર]

''जो ज्ञानावरणादि आठ प्रकारका कर्म समूह है सो अपने परिणामको करता है और जो वह संसारी जीवद्रव्य अपने स्वरूपको करता है तब उस कर्मका उदय अवस्थाको प्राप्त हुवा जो फल तिसको जीवद्रव्य किस प्रकार भोगता है ? और ज्ञानावरणादि आठ प्रकारका कर्म अपने विपाकको कैसे देता है।''

આ ગાથામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે ''તમો કહો છો કે જીવ પોતાના ભાવને કરે છે ને જીવની દશા પરમાં જતી નથી ને જડકર્મની અવસ્થા પણ જડથી થાય છે, કર્મ જીવને કાંઈ કરતું નથી. તો પછી અમારો પ્રશ્ન છે કે કર્મનો ઉદય આવવાથી કર્મનું ફળ જીવ કેવી રીતે ભોગવે ને જડ કર્મ જ્ઞાનાવરણીયાદિ પોતાનું ફળ જીવને કેવી રીતે આપે ?'' જુઓ અહીં શિષ્યને મૂંઝવણ થઈ છે કે આત્મા તો અરૂપી–અમૂર્ત છે, કર્મ રૂપી–મૂર્ત છે. શરીર, વાણી વગેરે બધાં રૂપી છે. જેમ પાણી અને કાંકરા એકક્ષેત્રે હજારો વર્ષ ભેગાં રહે છે છતાં પાણી કાંકરારૂપે થતું નથી ને કાંકરા પાણીરૂપે થતા નથી તેમ ચૈતન્ય આત્મા જળસમાન કદી પણ શરીર, મન, વાણી, કર્મરૂપે થતો નથી ને તેનું કાંઈ કરી શકતો નથી. તો પછી અરૂપી આત્મા બાંધેલાં રૂપી કર્મોને કેવી રીતે ભોગવે ને રૂપી કર્મો તેના રૂપી ફળને અરૂપી આત્માને કેવી રીતે આપે ? એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

**ભાવાર્થ** : રૂપી કર્મ તો પોતાના રૂપી સ્વરૂપનું કર્તા છે ને આત્મા પોતાના વિકારી અથવા અવિકારી ભાવનો કર્તા છે તો અરૂપી આત્મા જડ-સ્વરૂપ કર્મોને કેવી રીતે ભોગવે ને જડકર્મ ચૈતન્યસ્વરૂપ આત્માને કેવી રીતે ફળ આપે ? જડ કર્મ આત્માને ફળ આપતું હશે ?

**સમાધાન** : નિશ્ચયનયની અપેક્ષાથી આત્મા કોઈ પણ પ્રકારે કર્મને ભોગવતો નથી તેમ જ કર્મ પણ આત્માને ફળ દેતું નથી પણ આત્મા પોતાના અજ્ઞાનના કારણે રાગ–દ્વેષના પરિણામ કરે છે ત્યારે પરપદાર્થોમાં સુખ–દુઃખ માની લ્યે છે ને કર્મે ફળ આપ્યું એમ કહે છે. અજ્ઞાની જીવને આત્મા ને પરપદાર્થના ભેદજ્ઞાનની ખબર નથી તેથી તે માને છે કે હું આ જડ પદાર્થને ભોગવું છું, જેમકે બંગલો, લાડવા, દાળ, ભાત, ઠંડા પાણી વગેરેને ભોગવું છું એમ તે માને છે. અરૂપી આત્મા ખાવા–પીવાના રૂપી પદાર્થને ખાતો હશે ? ના. જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ પરપદાર્થનો ભોક્તા છે જ નહિ. અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી તે માને છે કે મેં સાકર ખાધી, ઠંડું પાણી પીધું પણ તે પોતાની ઊંધી માન્યતા તથા વિકારને અનુભવે છે, જડને અનુભવતો નથી. છરી લાગતાં છરીને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે. અગ્નિમાં હાથ પડે ત્યારે જીવ અગ્નિને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે, નિગોદનો જીવ પણ સમયે સમયે પોતાના પરિણામને અનુભવે છે. કર્મ કે પરપદાર્થને અનુભવતો નથી. પરને લીધે દુઃખ હોય તો કેવળી ભગવાન બધાને જાણે છે ને સમુદ્ઘાત વખતે નરકમાં પણ તેના પ્રદેશો ફેલાય છે છતાં તેને દુઃખ નથી કારણ કે તેમને રાગ–દ્વેષ નથી. આથી સાબિત થાય છે કે જ્ઞાની જીવને પણ પરનું દુઃખ નથી. રોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવવો તે દુઃખ નથી, શરીરમાં રોગ આવતાં મને (આત્માને) રોગ આવ્યો એમ માની દ્વેષને અનુભવે છે. પરથી જુદો માને ને વિકાર ક્ષણિક છે, હું તો શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું એવું ભાન કરે તો ધર્મ થાય, પણ અજ્ઞાનીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન નથી તેથી તે વિપરીત માન્યતા કરે છે. વીંછી કરડતાં તેના ડંખને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે. આમ પોતામાં રાગ–દ્વેષના પરિણામ કરવા છતાં પરને લીધે રાગ–દ્વેષ માનીને પરને અનુભવે છે એમ માને છે, પણ જડ પદાર્થથી આત્મા જુદો છે એવું માનતો નથી. તેથી અજ્ઞાન ને રાગ–દ્વેષને અનુભવતો હોવા છતાં માને છે કે પરપદાર્થોને હું ભોગવું છું. કર્મે મને ફળ આપ્યું ને તે ફળને હું ભોગવું છું એમ માની રહ્યો છે. તે વખતે અવળા પરિણામ કરે છે તે પણ પોતાથી કરે છે, કર્મને લીધે કરતો નથી. પણ કર્મોએ ફળ આપ્યું ને મેં તેને ભોગવ્યું એમ માની પરદ્રવ્ય સંબંધી સુખ–દુઃખ માની લ્યે છે. ૬૩

---

**ओगाढगाढणिचिदो पोग्गलकायेहिं सव्वदो लोगो।**
**सुहमेहिं बादरेहिं य णंताणंतेहिं विविधेहिं ॥ ६४ ॥**

**अवगाढगाढनिचितः पुद्गलकायैः सर्वतो लोकः।**
**सूक्ष्मैर्बादरैश्चानंतानंतैर्विविधैः ॥ ६४ ॥**

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, વિધવિધ અનંતાનંતથી. ૬૪.**

**અન્વયાર્થ :** [लोकः] લોક [सर्वतः] સર્વતઃ [विविधैः] વિવિધ પ્રકારના, [अनंतानंतैः] અનંતાનંત [सूक्ष्मैः बादरैः च] સૂક્ષ્મ તેમ જ બાદર [पुद्गलकायैः] પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે [अवगाढगाढनिचितः] (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

---

**तात्पर्यवृत्ति :** चतुर्थस्थले पूर्वपक्षद्वारेण गाथा गता। अथ परिहारमुख्यत्वेन गाथासप्तकं। तत्र गाथासु सप्तसु मध्ये पुद्गलस्य स्वयमुपादानकर्तृत्वमुख्यत्वेन ''ओगाढगाढ'' इत्यादिपाठक्रमेण गाथात्रयं, तदनंतरं कर्तृत्वभोक्तृत्वव्याख्यानोपसंहारमुख्यत्वेन च ''जीवा पोग्गलकाया'' इत्यादि गाथाद्वयं, तदनंतरं बंधप्रभुत्वेन मोक्षप्रभुत्वेन च ''एवं कत्ता भोत्ता'' इत्यादि गाथाद्वयं। एवं समुदायेन परिहारगाथासूत्राणि सप्त। तद्यथा। यथा शुद्धनिश्चयेन शक्तिरूपेण केवलज्ञानाद्यनंतगुणपरिणतैः सूक्ष्मजीवैर्निरंतरं लोको भृतस्तिष्ठति तथा पुद्गलैरपीति निरूपयतिः – **ओगाढगाढणिचिदो** अवगाढगाढनिचितः यथा पृथ्वीकायिकादि-पंचविधसूक्ष्मस्थावरैरंजनचूर्णपूर्णसमुद्गकन्यायेनावगाढगाढरूपेण नैरंतर्येण निचितो भृतः। कोऽसौ ? **लोगो** लोकः **पोग्गलकायेहि** तथा पुद्गलकायैश्च। कथं ? **सव्वदो** सर्वप्रदेशेषु। कथंभूतैः, पुद्गलकायैः ? **सुहमेहि बादरेहि य** सूक्ष्मैर्दष्ट्यगोचरैर्बादरैर्दृष्टिविषयैश्च। कतिसंख्योपेतैः ? **अणंताणंतेहिं** अनंतानंतैः। किंविशिष्टैः ? **विविहेहिं** विविधैरंतर्भेदेन बहुभेदैरिति। अत्र कर्मवर्गणायोग्यपुद्गला यत्रात्मा तिष्ठति तत्रानानीता एव पूर्वं तिष्ठन्ति बंधकाले पश्चादागमिष्यंत्येव। यद्यपि पूर्वं ते तत्रात्मावगाढगाढक्षेत्रे क्षीरनीरन्यायेन तिष्ठन्ति तथापि ते हेयास्तेभ्यो भिन्नः शुद्धबुद्धैकस्वभावः परमात्मा स एवोपादेय इति भावार्थः॥ ६४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समयव्याख्या : कर्मयोग्यपुद्गला अञ्जनचूर्णपूर्णसमुद्गकन्यायेन सर्वलोकव्यापित्वाद्यत्रात्मा तत्रानानीता एवावतिष्ठंत इत्यत्रोक्तम् ॥ ६४ ॥**

**અનુવાદ : અહીં એમ કહ્યું છે કે—કર્મયોગ્ય પુદ્ગલો (કાર્માણવર્ગણારૂપ પુદ્ગલસ્કંધો) અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં વ્યાપેલાં છે; તેથી જ્યાં આત્મા છે ત્યાં, વિના લાવ્યે જ (ક્યાંયથી લાવવામાં આવ્યા વિના જ), તેઓ રહેલાં છે. ૬૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧, બુધવાર]

અજ્ઞાની કહે છે કે ''જડ જડના કારણે પરિણમે છે, અને આત્મા આત્માના કારણે પરિણમે છે. એમ છ કારકો કહ્યા તો પછી કર્મ ન હોય તો શરીર કેવી રીતે મળ્યું ? આ બધા જુદા જુદા અનેક પ્રકારના આત્મા દેખાય છે ને ! જો કર્મ આત્મામાં કાંઈ ન કરતું હોય તો આ વિચિત્રતાનું કારણ શું છે ? વળી શરીર અને કર્મ આત્માનાં ન હોય તો આત્માની અત્યારે મુક્તિ હોવી જોઈએ ! વર્તમાન મુક્તિ નથી માટે શરીર અને કર્મ આત્માનાં હોય એમ લાગે છે. કોઈને સ્ત્રી–પુત્ર મરી જાય, કોઈને વેપારમાં ખોટ આવે—એ બધું કર્મનું ફળ દેખાય છે. જો આત્મા ને શરીર અથવા કર્મ જુદાં હોય તો જુદો જુદાને ફળ કેવી રીતે આપે ? ને ફળ ન આપે તો જુદો આત્મા કેવી રીતે ફળ ભોગવે ?'' એવો પ્રશ્ન શિષ્યે ગાથા ૬૩માં કર્યો હતો. તેનો જવાબ મૂળ ગાથામાં કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે.

''समस्त त्रैलोक्य सब जगह पुद्गलस्कंधोंके द्वारा अतिशय भरपूर गाढा भरा हुवा है। जैसें कज्जलकी कज्जलदानी अंजनसे भरी होती है उसी प्रकार सर्वत्र पुद्गलोंसे लोक भरपूर तिष्ठता है। कैसे हैं पुद्गल ? अतिशय सूक्ष्म हैं तथा अतिशय बादर हैं। फिर कैसे हैं पुद्गल ? अपरिमाणसंख्या लिये हुये हैं। फिर कैसे हैं पुद्गल ? निश्चय करकें कर्मपरमाणु स्कंध आदि अनेक प्रकारके हैं।''

ત્રણ લોકમાં જીવો ભરેલા છે. કોઈ પણ જગ્યા જીવથી ખાલી નથી તેવી રીતે આખા લોકમાં પુદ્ગલ સ્કંધો અતિશય ગાઢ ભરેલા છે. જેવી રીતે કાજળની કાજળદાની આખી અંજનથી ભરેલી છે તે પ્રકારે સર્વત્ર ઊર્ધ્વ, મધ્ય ને અધો—એમ ત્રણે લોકમાં પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે અતિશય સૂક્ષ્મ છે ને સ્થૂલ પણ છે. જેની સંખ્યાનું માપ નથી. બે પરમાણુના સ્કંધથી માંડી અનંતા પરમાણુના સ્કંધવાળા—અનેક વિચિત્રતાવાળા છે. ઔદારિક, કાર્મણ, તૈજસ શરીરના પરમાણુના સ્કંધો પણ ઠાંસોઠાંસ ભરેલા છે. જેમ જગતમાં જુદી જુદી જાતનાં મકાનોનાં પ્લાસ્ટર થાય છે ને તે પોતપોતાના કારણે થાય છે, કારીગરથી થતા નથી, તેમ અનેક પ્રકારની વિચિત્રતાવાળાં કર્મપરમાણુઓના સ્કંધો પોતાના કારણે થાય છે. નિગોદનો જીવ નીચે હોય તોપણ કર્મો બાંધે ને સિદ્ધશિલા ઉપર હોય તોપણ કર્મો બાંધે ને ત્યાં રહેલા સિદ્ધો કર્મો ન બાંધે. કેવળ સમુદ્ઘાત કરે ત્યારે જ્યાં કેવળી છે ત્યાં નિગોદના જીવો છે. કેવળી ભગવાનને યોગને લીધે એક સમયે કર્મો આવે ને બીજે સમયે ખરી જાય ને તે જગ્યાએ રહેલો નિગોદનો જીવ મોહનીય આદિ કર્મો બાંધે. મુનિ અમુક કર્મો બાંધે, અજ્ઞાની અમુક કર્મો બાંધે, તો એકક્ષેત્રે હોવા છતાં આત્મા ફેરે કર્મ બાંધવામાં ફેર પડે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તે કર્મ બંધાવામાં આત્મા આધાર ખરો કે નહિ? ને જો આત્મા આધાર નથી તો પુદ્ગલસ્કંધો જુદા જુદા જીવો પાસે જુદા જુદા રૂપે કેમ પરિણમે છે? તેનો ઉત્તર હવે પછીની ગાથામાં આપે છે. ૬૪.

બીજા કોઈ કારણથી કર્મની ઉત્પત્તિ નથી, જ્યારે રાગાદિ ભાવોરૂપે આત્મા પરિણમે છે ત્યારે તેનું નિમિત્ત પામીને પુદ્ગલકર્મો સ્વયં બંધાય છે.

---

**अत्ता कुणदि सभावं तत्थ गदा पोग्गला सभावेहिं।**
**गच्छंति कम्मभावं अण्णोण्णागाहमवगाढा ॥ ६५ ॥**

**आत्मा करोति स्वभावं तत्र गताः पुद्गलाः स्वभावैः।**
**गच्छन्ति कर्मभावमन्योन्यावगाहावगाढाः ॥ ६५ ॥**

**આત્મા કરે નિજ ભાવ જ્યાં, ત્યાં પુદ્ગલો નિજ ભાવથી**
**કર્મત્વરૂપે પરિણમે અન્યોન્ય-અવગાહિત થઈ. ૬૫.**

**અન્વયાર્થ :** [आत्मा] આત્મા [स्वभावं] (મોહ–રાગ–દ્વેષરૂપ) પોતાના ભાવને [करोति] કરે છે; [तत्र गताः पुद्गलाः] (ત્યારે) ત્યાં રહેલાં પુદ્ગલો [स्वभावैः] પોતાના ભાવોથી [अन्योन्यावगाहावगाढाः] જીવને વિષે (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં [कर्मभावम् गच्छन्ति] કર્મભાવને પામે છે.

---

**तात्पर्यवृत्ति :** अथात्मनो मिथ्यात्वरागादिपरिणामे सति कर्मवर्गणायोग्यपुद्गला निश्चयेनोपादानरूपेण स्वयमेव कर्मत्वेन परिणमंतीति प्रतिपादयति,– **अत्ता** आत्मा **कुणदि** करोति। कं करोति? **सहावं** स्वभावं राग–द्वेषमोहसहितं परिणामं। ननु राग–द्वेषमोहरहितो निर्मलचिज्ज्योतिःसहितश्च वीतरागानंदरूपः स्वभावपरिणामो भण्यते रागादिविभावपरिणामः कथं स्वभावशब्देनोच्यत इति परिहारमाह—बंधप्रकरणवशादशुद्धनिश्चयेन रागादिभावपरिणामोपि स्वभावो भण्यते इति नास्ति दोषः। **तत्थ गदा** तत्रात्मशरीरावगाढक्षेत्रे गताः स्थिताः। के ते? **पोग्गला** कर्मवर्गणायोग्यपुद्गलस्कंधाः **गच्छंति कम्मभावं** गच्छन्ति परिणमन्ति कर्मभावं द्रव्यकर्मपर्यायं। कैः करणभूतेः? **सहावेहिं** निश्चयेन स्वकीयोपादानकारणैः। कथं गच्छन्ति? **अण्णोण्णागाहं** अन्योन्यावगाहसंबंधो यथा भवति। कथंभूताः संतः? **अवगाढा** क्षीरनीरन्यायेन संश्लिष्टा इत्यभिप्रायः ॥ ६५ ॥

**समयव्याख्या : अन्याकृतकर्मसंभूतिप्रकारोक्तिरियम्। आत्मा हि संसारावस्थायां पारिणामिकचैतन्यस्वभावमपरित्यजन्नेवानादिबंधनबद्धत्वादनादिमोहरागद्वेषस्निग्धैरविशुद्धैरेव भावैर्विवर्तते। स खलु यत्र यदा मोहरूपं रागरूपं द्वेषरूपं वा स्वस्य भावमारभते, तत्र तदा तमेव निमित्तीकृत्य जीवप्रदेशेषु परस्परावगाहेनानुप्रविष्टाः स्वभावैरेव पुद्गलाः कर्मभावमापद्यंत इति ॥ ६५ ॥**

**અનુવાદ : અન્ય વડે કરવામાં આવ્યા વિના કર્મની ઉત્પત્તિ કઈ રીતે થાય છે તેનું આ કથન છે.**

**આત્મા ખરેખર સંસાર-અવસ્થામાં પારિણામિક ચૈતન્યસ્વભાવને છોડ્યા વિના જ અનાદિ બંધન વડે બદ્ધ હોવાથી અનાદિ મોહ–રાગ–દ્વેષ વડે સ્નિગ્ધ એવા અવિશુદ્ધ ભાવોરૂપે જ વિવર્તન પામે છે (પરિણમે છે). તે (સંસારસ્થ આત્મા) ખરેખર જ્યાં અને જ્યારે મોહરૂપ, રાગરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કે દ્વેષરૂપ એવા પોતાના ભાવને કરે છે, ત્યાં અને ત્યારે તે જ ભાવને નિમિત્ત કરીને પુદ્‌ગલો પોતાના ભાવોથી જ જીવના પ્રદેશોમાં (વિશિષ્ટતાપૂર્વક) પરસ્પર-અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં કર્મભાવને પામે છે. ૬૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧, બુધવાર]

"जीव अशुद्ध रागादि विभाव परिणामोंको करता है. जहां जीवद्रव्य तिष्ठता है तहां वर्गणारूप पुद्‌गल तिष्ठता है ते अपने परिणामोंके द्वारा ज्ञानावरणादि अष्टकर्मरूप भावको प्राप्त होते हैं। कैसे हैं वे पुद्‌गल ? परस्पर एकक्षेत्र अवगाहना करके अतिशय गाढे भर रहे हैं।"

જીવના શુભાશુભ ભાવોને, અભવીના મિથ્યાત્વના ભાવને, તીર્થંકરો તેમજ જ્ઞાનીની આશાતનાના ભાવોને અહીં સ્વભાવ કહ્યો છે. કારણ કે જીવ પોતે તે ભાવો પર્યાયમાં કરે છે. પોતાના ચૈતન્ય-સ્વભાવની જેને ખબર નથી ને જે વિરુદ્ધ માન્યતા કરે છે તે કેવળીની આશાતના કરી રહ્યા છે. તે આશાતનાના ભાવો તેમ જ કસાઈખાનામાં પશુ કાપવાના ભાવોને અહીં સ્વભાવભાવ કહ્યો છે.

આવી રીતે અજ્ઞાની જીવ પોતામાં મિથ્યાત્વ, રાગ–દ્વેષાદિના અશુદ્ધભાવો કરે છે. જ્યાં જીવદ્રવ્ય છે ત્યાં કાર્મણવર્ગણારૂપ પરમાણુ રહેલા છે તે પરમાણુઓ કર્મરૂપે પરિણમે છે. કોઈ કહે છે કે કર્મો બહારથી આવતાં હશે ? ના. ત્યાંની વર્ગણા કર્મરૂપે પરિણમે છે. જીવ તેને કરતો નથી. જીવ કર્મોને કરે તો જીવ–પુદ્‌ગલ એક થઈ જાય. પણ તેમ બનતું નથી, કેમકે બન્ને જુદાં તત્ત્વો છે. અજ્ઞાની માને છે કે **શરીર ને કર્મ મારાં છે ને હું એનો છું એવો અજ્ઞાનભાવ પ્રગટ કરે છે ત્યારે પુદ્‌ગલો સ્વયં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપે પરિણમે છે. કર્મથી જુદાપણું તેં ન માન્યું ને મિથ્યાભાવરૂપે તું થયો ત્યારે કર્મો મિથ્યાત્વની પ્રકૃતિરૂપે પરિણમે છે. તેને તું પરિણમાવતો નથી. જડ પરમાણુઓનો જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પરિણમવાનો સ્વભાવ છે. મૂળમાં "स्वभावैः"** શબ્દ છે. પોતાના પર્યાયસ્વભાવથી કર્મરૂપ અવસ્થાપણે પરિણમે છે. વળી "गच्छन्ति" શબ્દનો અર્થ 'પ્રાપ્ત થાય છે'—પોતે કર્મરૂપ અવસ્થાને પ્રાપ્ત થાય છે. કોઈ પ્રાપ્ત કરાવતું નથી.

વળી ઔદારિક, કાર્મણ, તૈજસ ને ભાષા વગેરેના પરમાણુ આખા લોકમાં ભરેલા છે. કોઈ ઈશ્વરે કે આત્માએ તેને બનાવેલા નથી. તે આત્માથી જુદા છે એવી ખબર વિનાનો—બેખબરો જીવ પરથી પોતાનું કાર્ય માની અજ્ઞાનભાવ કરે છે ત્યારે જડ પરમાણુ કર્મરૂપે બંધાઈને એકક્ષેત્રાવગાહપણે રહે છે. દરેક આત્માની સાથે પરસ્પર એકક્ષેત્રે અતિગાઢપણે પુદ્‌ગલ પરમાણુ રહેલા છે, તે પુદ્‌ગલ પરમાણુ કર્મરૂપે બંધાય છે.

કોઈ પ્રશ્ન કરે કે આમાં ધર્મ શું આવ્યો ?

જીવ અને અજીવ બે તત્ત્વો સ્વતંત્ર છે. તેની સાત પર્યાયો મળીને નવ તત્ત્વો થાય છે. નવ સ્વતંત્ર ન માનતાં એકબીજામાં એકબીજાનું કાર્ય માને તો મિથ્યાત્વ થાય છે. જીવ અજીવ ન થાય, અજીવ જીવ ન થાય, પુણ્ય તે પાપ નથી, પાપ તે પુણ્ય નથી, પુણ્યથી ધર્મ ન થાય, પુણ્ય–પાપ બન્ને આસ્રવ ને બંધ છે, તે સંવર-નિર્જરા નથી. સંવર–નિર્જરા અંશે શુદ્ધતા છે ને મોક્ષ પૂર્ણ શુદ્ધતા છે. આમ નવને નવ પૃથક્ માને તો તેને હજી વ્યવહાર શ્રદ્ધા એટલે કે પુણ્યનું કારણ છે. જે નવને પૃથક્ જાણતો નથી ને એકબીજાને પરાધીન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને તેને ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી. જેમ કાંકરા ને પાણી સાથે હોવા છતાં કાંકરા પાણી થતા નથી તેમ આત્મા ને જડકર્મ ભેગા હોવા છતાં એક બીજારૂપ થતા નથી. એમ પોતાના આત્માને પરથી જુદો માની, વિકાર જેટલો પણ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું એમ શ્રદ્ધા–જ્ઞાન કરે તો ધર્મ થાય.

**ભાવાર્થ :** આ આત્મા સંસારઅવસ્થામાં અનાદિકાળથી પરદ્રવ્યના નિમિત્તે મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધભાવોરૂપે પરિણમે છે. જીવ મુનિપણું લઈ નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મા પરથી જુદો છે એવું ભાન કર્યું નહિ. તેથી અશુદ્ધભાવોરૂપે પરિણમે છે. આત્મા અરૂપી શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, કર્મ રૂપી જડસ્વભાવી છે, શરીર પણ રૂપી છે, બન્ને જુદાં છે છતાં શરીર, કર્મ, કુટુંબ મારાં એવો મિથ્યાભાવ પોતાના ચૈતન્યસ્વભાવને ચૂકીને કરે છે તે નિમિત્તના લક્ષે કરે છે. બૈરાં–છોકરાં, કર્મ કે શરીર સંસાર નથી. પણ તે મારાં ને હું એનો એવા અજ્ઞાનભાવથી મોહ–રાગ–દ્વેષરૂપે પરિણમે છે. આત્મા કર્મ ને વિકારથી જુદો છે એવું જ્ઞાન કર્યું નથી. અનાદિથી નિગોદથી લઈને બધા સંસારી જીવો પોતાના કારણે વિભાવરૂપે પરિણમે છે ત્યારે એ ભાવોનું નિમિત્ત પામીને પુદ્‌ગલપરમાણુઓ પોતાની ઉપાદાનશક્તિથી આઠ કર્મોરૂપે પરિણમે છે. એટલે કે નિશ્ચયથી પોતાના કારણે કર્મરૂપે થાય છે. આત્મા ને કર્મ જુદાં છે એવું અજ્ઞાનીને ભાન નથી તેથી માને છે કે આત્મા કર્મ કરે ને કર્મ આત્માને રાગાદિક કરાવે—એમ અજ્ઞાની માનતો હોવા છતાં અજ્ઞાનીનો આત્મા સ્વતંત્રપણે વિભાવરૂપે પરિણમી રહ્યો છે ને કર્મો પણ સ્વતંત્ર બંધાય છે. જ્ઞાની જ્ઞાનભાવનો કર્તા છે, અજ્ઞાની અજ્ઞાનભાવનો કર્તા છે ને જડ જડભાવનો કર્તા છે.

અજ્ઞાની જીવે અજ્ઞાન ઘણું કર્યું છે માટે ત્યાં ચીકણા કર્મરૂપે બંધાઉં એવી શું પુદ્‌ગલ પરમાણુને ખબર છે ? શરીરને કાંઈ ખબર છે ? ખબર નહિ હોવા છતાં કેમ બંધાય છે ? ભાઈ, તેમાં ખબરની કાંઈ જરૂર નથી. જડમાં શક્તિ છે. જડ પણ ઈશ્વર છે. જેમ ચેતન ચેતનના ભાવને કરે તેમ જડ પોતાના જડભાવને કરે એવી તાકાત છે. કોઈને લીધે કોઈ હોય નહિ. કોઈ ઈશ્વર જડને કરે કે કોઈ આત્મા જડની અવસ્થાને કરે એમ માનનારને પરથી છૂટું પડવું ગમતું નથી, તેને તીવ્ર એકત્વબુદ્ધિ વર્તે છે. તેની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે ને તે નિગોદમાં જવા તૈયારીવાળો છે.

અજ્ઞાની જીવ જેટલા પ્રમાણમાં અજ્ઞાનભાવ કરે છે તેટલા જ પ્રમાણમાં પુદ્‌ગલપરમાણુઓ કર્મરૂપે પરિણમીને એકક્ષેત્રાવગાહપણે રહે છે. છતાં આત્મા કર્મમાં પેસી જતો નથી. બન્નેની ક્રિયા સ્વતંત્ર છે. તેથી નક્કી થાય છે કે પૂર્વે બંધાયેલાં કર્મના ઉદય વખતે જીવ પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ચૂકીને પોતાની પર્યાયની યોગ્યતાના કારણે મિથ્યાત્વ, રાગ, દ્વેષાદિ ભાવોનો કર્તા થાય છે. પૂર્વે છ નિરપેક્ષ કારકો કહેલ હતા તે વાત રાખીને આ વાત કરે છે. જડકર્મે તેને અશુદ્ધ કર્યો નથી પણ કર્મો મને હેરાન કરે છે એમ જડકર્મ ઉપર દોષ નાખતો, પોતાના સ્વભાવને ચૂકતો અજ્ઞાનભાવરૂપે પરિણમે છે. જડકર્મ આત્માના કર્તા નથી ને આત્મા જડનો કર્તા નથી છતાં આત્માના કર્તા વિના રાગ–દ્વેષ ન હોય ને જડના કર્તા વિના તેનું કર્મરૂપે કાર્ય ન હોય. કર્મ કર્મમાં છે, કર્મ આત્માથી પર છે, વિકાર વિકારમાં છે, તે ક્ષણિક છે. તે સિવાયનો આત્મા શુદ્ધ છે એમ દ્રવ્ય, વિકાર ને નિમિત્ત એમ ત્રણેનું પ્રમાણજ્ઞાન કરાવે છે. જે આ પ્રમાણે સાચું જ્ઞાન કરતો નથી તે રાગાદિરૂપે પરિણમે છે. અજ્ઞાની માને છે કે મારી હોશિયારીથી પૈસા મળ્યા તેને તો પુણ્યની પણ શ્રદ્ધા નથી. અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો કહે છે દયાદાનાદિના ભાવ થાય છે તે વિકાર તે કર્મને લીધે નથી પણ તારા અપરાધને લીધે થાય છે. **તે તારો પર્યાયધર્મ છે. અને તે વિકારથી તને દ્રવ્યકર્મ બંધાતું નથી,** દ્રવ્યકર્મ પુદ્‌ગલના કારણે બંધાય છે. **એમ કર્મ ને વિકારની સ્વતંત્રતા બતાવે છે.**

આવી સ્વતંત્રતાની ખબર નથી એવો અજ્ઞાની જીવ માને છે કે હું છું તો શરીર ચાલે છે ને શરીરથી આત્મામાં કાર્ય થાય છે. તેને રાગાદિ ભાવો થાય છે તેનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણાના પુદ્‌ગલપરમાણુઓ પોતાની ઉપાદાનશક્તિથી આઠ કર્મોરૂપે થાય છે ને તે પરમાણુઓ તે કર્મોના કર્તા થાય છે. જીવ તે કર્મોનો કર્તા નથી. આ જીવે અજ્ઞાનભાવ કર્યો માટે હું ત્યાં કર્મરૂપે પરિણમું એવી પુદ્‌ગલને ખબર નથી. કર્મ કર્મના કારણે પરિણમે છે તે ઉપાદાનકારણ છે. જીવના રાગ-દ્વેષ તેમાં નિમિત્તમાત્ર છે.

**પ્રશ્ન :** રાગ-દ્વેષ જીવ કરે તો કર્મને આવવું પડે ને ?

**સમાધાન :** ના. પુદ્‌ગલ પરમાણુમાં કર્મરૂપે થવાની લાયકાત છે તો થાય છે, કોઈને લીધે થતા નથી. અજ્ઞાની કહે કે, જગતનો કર્તા ઈશ્વર છે ને ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ ન ચાલે તેવી માન્યતાવાળો જેમ મિથ્યાદૃષ્ટિ છે, તેમ જૈન નામ ધરાવનાર કહે કે આત્મા વિના શરીર ને કર્મ ચાલે નહિ તો તે પણ તેના જ જેવો મિથ્યાદૃષ્ટિ છે. તે આવી ઊંધી દૃષ્ટિથી રખડી રહ્યો છે. છએ દ્રવ્યો પૃથક્ પૃથક્ છે. કોઈ કોઈનું કામ કરતાં નથી. આત્મા પુદ્‌ગલનો કર્તા નથી ને પુદ્‌ગલ આત્માનો કર્તા નથી. પુદ્‌ગલો પોતાના કારણે કર્મરૂપે થાય છે તેમાં ઉપાદાન પોતે જ છે, પરદ્રવ્યથી માત્ર નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. ૬૫.

---

**जह पुग्गलदव्वाणं बहुप्पयारेहिं खंधणिव्वत्ती ।**
**अकदा परेहिं दिट्ठा तह कम्माणं वियाणाहि ॥ ६६ ॥**

**यथा पुद्गलद्रव्याणां बहुप्रकारैः स्कंधनिर्वृत्तिः ।**
**अकृता परैर्दृष्टा तथा कर्मणां विजानीहि ॥ ६६ ॥**

**જ્યમ સ્કંધરચના બહુવિધા દેખાય છે પુદ્‌ગલ તણી,**
**પરથી અકૃત, તે રીત જાણો વિવિધતા કર્મો તણી. ૬૬.**

**અન્વયાર્થ :** [यथा] જેમ [पुद्गलद्रव्याणां] પુદ્‌ગલદ્રવ્યોની [बहुप्रकारैः] બહુ પ્રકારે [स्कंधनिर्वृत्तिः] સ્કંધરચના [परैः अकृता] પરથી કરાયા વિના [दृष्टा] થતી જોવામાં આવે છે, [तथा] તેમ [कर्मणां] કર્મોની બહુપ્રકારતા [विजानीहि] પરથી અકૃત જાણો.

---

**तात्पर्यवृत्ति :** अथ कर्मवर्गणायोग्यपुद्गला यथा स्वयमेव कर्मत्वेन परिणमन्ति तथा दृष्टांतमाह, -**जह पोग्गलदव्वाणं बहुप्पयारेहिं खंदणिप्पत्ती अकदा परेहिं दिट्ठा** यथा पुद्गलद्रव्याणां बहुप्रकारैः स्कंदनिष्पत्तिरकृता परैर्दृष्टा **तह कम्माणं वियाणाहि** तथा कर्मणामपि विजानीहि, हे शिष्ट त्वमिति । तथाहि । यथा चंद्रार्कप्रभोपलंभे सति अभ्रसंध्यारागेंद्रचापपरिवेषादिभिर्बहुभिः प्रकारैः परेणाकृता अपि स्वयमेव पुद्गलाः परिणमन्ति लोके तथा विशुद्धज्ञानदर्शनस्वभावात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणभावनारूपाभेदरत्नत्रयात्मक-कारणसमयसाररहितानां जीवानां मिथ्यात्वरागादिपरिणामे सति कर्मवर्गणायोग्यपुद्गला जीवेनोपादानकारण-भूतेनाकृता अपि स्वकीयोपादानकारणैः कृत्वा ज्ञानावरणादिमूलोत्तरप्रकृतिरूपैर्बहुभेदैः परिणमन्ति इति भावार्थः ॥ ६६ ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समयव्याख्या : अनन्यकृतत्वं कर्मणां वैचित्र्यस्यात्रोक्तम्। यथा हि स्वयोग्यचंद्रार्कप्रभोपलंभे संध्याभ्रेंद्रचापपरिवेषप्रभृतिभिर्बहुभिः प्रकारैः पुद्गलस्कंधविकल्पाः कर्त्रंतरनिरपेक्षा एवोत्पद्यंते, तथा स्वयोग्यजीवपरिणामोपलंभे ज्ञानावरणप्रभृतिभिर्बहुभिः प्रकारैः कर्माण्यपि कर्त्रंतरनिरपेक्षाण्येवोत्पद्यंते इति ॥ ६६ ॥**

**અનુવાદ : કર્મોની વિચિત્રતા (બહુપ્રકારતા) અન્ય વડે કરવામાં આવતી નથી એમ અહીં કહ્યું છે.**

**જેમ પોતાને યોગ્ય ચંદ્ર–સૂર્યના પ્રકાશની ઉપલબ્ધિ હોતાં, સંધ્યા–વાદળાં –ઈંદ્રધનુષ–પ્રભામંડળ ઈત્યાદિ ઘણા પ્રકારે પુદ્‌ગલસ્કંધભેદો અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે, તેમ પોતાને યોગ્ય જીવ-પરિણામની ઉપલબ્ધિ હોતાં, જ્ઞાનાવરણાદિ ઘણા પ્રકારે કર્મો પણ અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે. ૬૬.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૨, ગુરુવાર]

કર્મોની અનેક પ્રકારની વિચિત્રતાનો અન્ય કોઈ દ્રવ્ય કર્તા નથી પણ પુદ્‌ગલ તેનો કર્તા છે. આત્મા તેનો કર્તા નથી એમ બતાવે છે.

“जैसें पुद्‌गलद्रव्योंके नाना प्रकारके भेदोंसे स्कंधोंकी परिणति देखी जाती है। कैसी है स्कंधोंकी परिणति ? अन्य द्रव्योंके द्वारा नहीं कियी हुई अपनी शक्तिसे उत्पन्न हुई है तैसें ही कर्मोंकी विचित्रता जानो।”

પુદ્‌ગલ દ્રવ્યોના અનેક પ્રકારના સ્કન્ધો દેખાય છે. તે સ્કન્ધો પોતાના કારણે થયા છે. આત્માના કારણે અથવા બીજા દ્રવ્યના કારણે થયા નથી, તેવી રીતે કર્મોની વિચિત્રતા જાણવી. જેટલા પ્રમાણમાં જીવ રાગ કરે તેટલા પ્રમાણમાં કર્મો બંધાય છે, છતાં જીવ તેનો કર્તા નથી તો પછી જીવ શરીરનો કે બહારના પદાર્થોનો કર્તા થાય તેમ કદી બનતું નથી.

**ભાવાર્થ :** ચંદ્રમાંથી અથવા સૂર્યની પ્રભાનું નિમિત્ત પામીને સંધ્યા ખીલે છે ત્યારે આકાશમાં અનેક પ્રકારના લાલ–લીલા રંગ દેખાય છે, અનેક પ્રકારના રંગરૂપે પુદ્‌ગલ પોતાના કારણે થાય છે. સૂર્ય અથવા ચંદ્રનું નિમિત્ત છે માટે થાય છે એમ નથી પણ સ્વતંત્રપણે થાય છે. જેમ તડકામાં હાથ રાખવાથી પરમાણુની કાળી પર્યાય થાય છે તે પરમાણુના કારણે થાય છે, હાથને લીધે થતી નથી, સવારમાં પણ આકાશમાં અનેક રંગો દેખાય છે તે પરમાણુના કારણે થાય છે, સૂર્યને લીધે થતા નથી. વાદળાનું અનેક રંગરૂપ થવું, ઈન્દ્રધનુષ્ય વરસાદ વખતે થાય છે, ચંદ્રની આસપાસ જળકૂંડાળું થાય છે વગેરે અનેક જાતની પુદ્‌ગલ સ્કન્ધોની અવસ્થા પોતાની લાયકાતથી થાય છે, પરના કારણે નહિ. વાદળાં ભેગાં થઈને વીખરાય તોપણ પોતાના કારણે વીખરાય છે, બીજાના કર્તાપણાની અપેક્ષા વિના તે તે રૂપ પરિણમે છે. આ દૃષ્ટાંત મુજબ જીવના અશુદ્ધ વિકારી પરિણામનું નિમિત્ત પામીને પુદ્‌ગલ વર્ગણાએ આઠ કર્મની દશારૂપે સ્વયં પરિણમે છે.

કોઈ કહે કે “જે જીવો સ્વરૂપ જાણતા નથી તેને ઓછો દોષ લાગે ને જાણીને જે પાપ કરે તે વધારે દોષને પાત્ર છે” તો એ વાત ખોટી છે, વસ્તુસ્વરૂપનું અજાણપણું એ જ મોટું પાપ છે. નિગોદના જીવને ‘હું કોઈને મારું’ એવી ખબર નથી, છતાં ઊંધી માન્યતા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને વિપરીત આચરણ એ જ મોટું પાપ છે.

સમકિતી જીવ લડાઈમાં કરોડો માણસની હિંસા કરતો દેખાય છતાં ચારિત્રની અસ્થિરતાનો અલ્પ બંધ છે ને નિગોદનો જીવ કોઈને મારતો દેખાતો નથી છતાં ઊંધી માન્યતા વડે મોટું પાપ બાંધી રહ્યો છે, દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ શું છે તેની ખબર નથી એ જ મોટું પાપ છે.

તે અજ્ઞાની નિગોદનો જીવ આટલું મોટું મિથ્યાત્વનું પાપ કરે છે એવી જડ પરમાણુને ખબર નથી. છતાં જડ પરમાણુઓ વિકારના પ્રમાણમાં કર્મરૂપે પરિણમે છે છતાં આત્મા તે કર્મને બાંધતો નથી, આવી સ્વતંત્ર ક્રિયા દરેક જીવ અને પુદ્ગલમાં થઈ રહી છે.

અહીં ''चेतनात्मक भावोंका निमित्त पाकर'' લખ્યું છે એનો અર્થ એવો નથી કે રાગ–દ્વેષે કર્મ કરાવ્યાં અથવા પરમાણુમાં કર્મરૂપે થવાની લાયકાત તો હતી પણ જીવે વિકાર કર્યો નહિ માટે તે અટકી ગયાં એમ પણ નથી. અશુદ્ધભાવોનું નિમિત્ત પામીને પુદ્ગલ સ્કન્ધો પોતાની શક્તિથી કર્મ-રૂપે બંધાય છે.

કોઈ કહે કે ''જો આત્મા કર્મથી બંધાણો નથી તો તે અબંધ ઠરતાં હમણાં જ સિદ્ધ થવો જોઈએ,'' ભાઈ, તારા જેવા ભાવ થયા તેવાં કર્મ બંધાયાં, તે કર્મોને તેં કર્યાં નથી, તે કર્મનું નિમિત્તપણું–રાગ–દ્વેષ તારામાં નથી એમ પણ નથી, જો રાગ–દ્વેષ ન હોય તો સિદ્ધ થઈ જાય, તારામાં રાગ–દ્વેષરૂપી સંસાર છે માટે પુદ્ગલને કર્મરૂપે થવું પડે છે એમ પણ નથી, જીવના રાગ–દ્વેષને તથા કર્મને બન્નેને સ્વતંત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

જીવ જેટલા રાગ–દ્વેષ કરે તેટલા પ્રમાણમાં કર્મો બંધાય છે. આ શરીર ને કર્મ મારાં છે એવી એકત્વબુદ્ધિ કરે તો તેના પ્રમાણમાં કર્મ બંધાય છતાં આત્મા તેનો કર્તા નથી. વળી કોઈ જીવ દયા થોડી કરે ને પુણ્યકર્મ વધારે બંધાય એમ નથી દયા ખૂબ કરે ને પુણ્યકર્મ ઓછું બંધાય એમ નથી, વધારે અશુભભાવ કરે ને ઓછાં પાપકર્મ બંધાય એમ પણ નથી. જેવી રીતે ત્રાજવામાં તોલા કરતાં સામી ચીજ ઓછી હોય ત્યારે કાંટો આડો રહે છે, છતાં કાંટો પોતાના કારણે આડો રહે છે, સામે ઓછી ચીજ છે માટે આડો રહે છે એમ નથી, ને ચીજ ને તોલા સરખાં થતાં કાંટો બરાબર સીધો થાય છે તે પોતાના કારણે થાય છે. પર ચીજને લીધે થતો નથી. ત્યાં કાંટાને ખબર નથી કે હું સીધો થાઉં, છતાં તે પોતાના કારણે સીધો થાય છે, તેમ જીવ જેટલા પ્રમાણમાં રાગ–દ્વેષ કરે તેટલા પ્રમાણમાં જડ કર્મો બંધાય છે. કાંટેકાંટો સરખો મળી રહે છે. જીવે આટલા ને આવા રાગ–દ્વેષ કર્યા માટે તેના પ્રમાણમાં બંધાઉં એવી જડકર્મોને ખબર નથી છતાં વિકારના પ્રમાણમાં કર્મ બંધાય છે તોપણ જીવ તેનો કર્તા નથી, તો પછી દુકાન–શરીર વગેરે પરપદાર્થનો આત્મા કર્તા થાય એમ કદી બનતું નથી. ૬૬.

---

**जीवा पुग्गलकाया अण्णोण्णागाढगहणपडिबद्धा ।**
**काले विजुज्जमाणा सुहदुक्खं दिंति भुंजंति ॥ ६७ ॥**

**जीवाः पुद्गलकायाः अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः ।**
**काले वियुज्यमानाः सुखदुःखं ददति भुञ्जन्ति ॥ ६७ ॥**

**જીવ-પુદ્ગલો અન્યોન્યમાં અવગાહ ગ્રહીને બદ્ધ છે;**
**કાળે વિયોગ લહે તદા સુખદુઃખ આપે-ભોગવે. ૬૭**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [जीवाः पुद्गलकायाः] જીવો અને પુદ્‌ગલકાયો [अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः] (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહને ગ્રહવા વડે (પરસ્પર) બદ્ધ છે; [काले वियुज्यमानाः] કાળે છૂટા પડતાં [सुखदुःखं ददति भुञ्जन्ति] સુખદુઃખ આપે છે અને ભોગવે છે (અર્થાત્ પુદ્‌ગલકાયો સુખદુઃખ આપે છે અને જીવો ભોગવે છે).

---

**तात्पर्यवृत्ति** : एवं पुद्गलस्य स्वयमुपादानकर्तृत्वव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं । अथाकृतकर्मणः कथं फलं भुंक्ते जीव इति योऽसौ पूर्वपक्षः कृतस्तत्र फलभोक्तृत्वविषये नयविभागेन युक्तिं दर्शयतिः-**जीवा पोग्गलकाया** जीवकायाः पुद्गलकायाश्च । कथंभूताः ? **अण्णोण्णागाढगहणपडिबद्धा** अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः स्वकीयस्वकीयरागादिस्निग्धरूक्षादिपरिणामनिमित्तेन पूर्वमेवान्योन्यावगाहेन संश्लिष्टरूपेण प्रतिबद्धाः संतः तिष्ठन्ति तावत् **काले विजुज्जमाणा** उदयकाले स्वकीयफलं दत्त्वा वियुज्यमाना निर्जरां गच्छंतः । किं कुर्वन्ति ? **दिंति** निर्विकारचिदानंदैकस्वभावजीवस्य मिथ्यात्वरागादिभिः सहैकत्वरुचिरूपं मिथ्यात्वं तैरेव सहैकत्वप्रतिपत्तिरूपं मिथ्याज्ञानं तदैवैकत्वपरिणतिरूपं मिथ्याचारित्रमिति मिथ्यात्वादित्रयपरिणतजीवानां पुद्गलाः कर्तारो ददति प्रयच्छंति । किं ददति ? **सुहदुक्खं** अनाकुलत्व-लक्षणपारमार्थिकसुखाद्विपरीतं परमाकुलत्वोत्पादकमभ्यंतरे निश्चयेन हर्षविषादरूपं व्यवहारेण पुनर्बहिर्विषये विविधेष्टानिष्टेन्द्रियविषयप्राप्तिरूपं कटुकविषरसास्वादस्वभावं सांसारिकसुखदुःखं **भुंजंति** वीतराग-परमाह्लादैकरूपसुखामृतरसास्वादभोजनरहिता जीवा निश्चयेन भावरूपं व्यवहारेण द्रव्यरूपं भुजंते सेवंत इत्यभिप्रायः ॥ ६७ ॥

**समयव्याख्या : निश्चयेन जीवकर्मणोश्चैककर्तृत्वेऽपि व्यवहारेण कर्मदत्तफलोपलंभो जीवस्य न विरुध्यत इत्यत्रोक्तम् । जीवा हि मोहरागद्वेषस्निग्धत्वात्पुद्गलस्कंधाश्च स्वभावस्निग्धत्वाद्बंधावस्थायां परमाणुद्वंद्वानीवान्योन्यावगाहग्रहणप्रतिबद्धत्वेनावतिष्ठंते । यदा तु ते परस्परं वियुज्यंते, तदोदितप्रच्यवमाना निश्चयेन सुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेणेष्टानिष्टविषयाणां निमित्तमात्रत्वात्पुद्गलकायाः सुखदुःखरूपं फलं प्रयच्छन्ति । जीवाश्च निश्चयेन निमित्तमात्रभूतद्रव्यकर्मनिर्वर्तितसुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेण द्रव्यकर्मोदयापादितेष्टानिष्टविषयाणां भोक्तृत्वात्तथाविधं फलं भुञ्जन्ते इति । एतेन जीवस्य भोक्तृत्वगुणोऽपि व्याख्यातः ॥ ६७ ॥**

**અનુવાદ : નિશ્ચયથી જીવ અને કર્મને એકનું (નિજ નિજરૂપનું જ) કર્તાપણું હોવા છતાં, વ્યવહારથી જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વિરોધ પામતો નથી (અર્થાત્ 'કર્મ જીવને ફળ આપે છે અને જીવ તેને ભોગવે છે' એ વાત પણ વ્યવહારથી ઘટે છે) એમ અહીં કહ્યું છે.**

**જીવો મોહ–રાગ–દ્વેષ વડે સ્નિગ્ધ હોવાને લીધે અને પુદ્‌ગલસ્કંધો સ્વભાવથી સ્નિગ્ધ હોવાને લીધે, (તેઓ) બંધ–અવસ્થામાં—પરમાણુદ્વંદ્વોની માફક—(વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહના ગ્રહણ વડે બદ્ધપણે રહે છે. જ્યારે તેઓ પરસ્પર છૂટા પડે છે ત્યારે (નીચે પ્રમાણે પુદ્‌ગલસ્કંધો ફળ આપે છે અને જીવો તેને ભોગવે છે)—ઉદય પામીને ખરી જતા પુદ્‌ગલકાયો સુખ–દુઃખરૂપ આત્મપરિણામોના નિમિત્તમાત્ર હોવાની અપેક્ષાએ નિશ્ચયથી, અને ઇષ્ટાનિષ્ટ વિષયોના નિમિત્તમાત્ર હોવાની અપેક્ષાએ વ્યવહારથી, સુખ–દુઃખરૂપ ફળ આપે છે; તથા જીવો નિમિત્તમાત્રભૂત દ્રવ્યકર્મથી નિષ્પન્ન થતા સુખ–દુઃખરૂપ આત્મપરિણામોના ભોક્તા હોવાની અપેક્ષાએ નિશ્ચયથી, અને (નિમિત્તમાત્રભૂત) દ્રવ્યકર્મના ઉદયથી સંપાદિત ઇષ્ટાનિષ્ટ વિષયોના ભોક્તા હોવાની અપેક્ષાએ વ્યવહારથી, તે પ્રકારનું (સુખ–દુઃખરૂપ) ફળ ભોગવે છે (અર્થાત્ નિશ્ચયથી સુખ–દુઃખપરિણામરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અને વ્યવહારથી ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ ભોગવે છે).**

**આથી (આ કથનથી) જીવના ભોક્તૃત્વગુણનું પણ વ્યાખ્યાન થયું. ૬૭**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૨, ગુરુવાર]

નિશ્ચયની અપેક્ષાથી જીવ પોતાના વિકારભાવોનો કર્તા છે ને પુદ્‌ગલ પોતાના કર્મરૂપી ભાવનો કર્તા છે તથાપિ વ્યવહારથી કર્મ દ્વારા મળેલાં સુખ–દુઃખની સામગ્રીના ફળને જીવ ભોગવે છે એવા વ્યવહારકથનમાં વિરોધ નથી એમ કહે છે.

''जीवद्रव्य हैं ते पुद्‌गलवर्गणाके पुञ्ज परस्पर अनादि कालसे लेकर अत्यंत सघन मिलापसे बंध अवस्थाको प्राप्त हुये हैं। वे ही जीव पुद्‌गल उदयकाल अवस्थामें अपना रस देकर खिरते हैं तब साता–असाता देते हैं और भोगते हैं।''

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને ચૂકીને વિકારભાવ કરે છે ત્યારે પુદ્‌ગલ વર્ગણા પોતાના કારણે કર્મરૂપે પરિણમે છે ને તે જીવને પુદ્‌ગલ કર્મો અરસપરસ અનાદિ કાળથી નિબિડરૂપે બંધાણાં છે એટલે કે એકક્ષેત્રાવગાહરૂપે છે. આત્મા આત્મારૂપે છે ને જડ જડના કારણે કર્મરૂપે થાય છે, કોઈને લીધે કોઈ નથી. પુદ્‌ગલ કર્મો તેના ઉદય કાળે રસ આપી ખરી જાય છે ત્યારે શાતા કે અશાતાના સંયોગોની પ્રાપ્તિ જીવને થાય છે, અજ્ઞાની જીવ તે ચીજોમાં ઠીક–અઠીકની કલ્પના કરે છે તેથી તે પદાર્થોને તથા કર્મને ભોગવે છે એમ કહેવાય છે. કોઈને પૈસા મળે, કોઈને રોગ થાય, કોઈનો દીકરો મરે, કોઈને સર્પ કરડે એવા પ્રસંગો પોતાના કારણે ભજે છે તેમાં પૂર્વ કર્મ નિમિત્ત કહેવાય છે ને તે ચીજોમાં હરખ–શોક જીવ કરે છે માટે ભોગવે છે એમ કહેવાય છે.

**ભાવાર્થ** : એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના અનંતા અજ્ઞાની જીવો પોતાના સ્વરૂપને ચૂકીને પૂર્વકર્મના નિમિત્તે મોહ–રાગ–દ્વેષરૂપ ભાવો કરે છે તેમાં રાગ સ્નિગ્ધ છે ને દ્વેષ રુક્ષ છે, તે વખતે પુદ્‌ગલ પરમાણુઓ પોતાના સ્નિગ્ધ–રુક્ષ પરિણામ દ્વારા કર્મના સ્કન્ધરૂપે પરિણમે છે.

બે ગુણો–બે અંશો લૂખાશ અથવા ચીકાશના વધારે હોય તો પુદ્‌ગલોની બંધ અવસ્થા થાય છે. શરીર, લાકડાં વગેરે પુદ્‌ગલપરમાણુઓના સ્કંધ છે. પુદ્‌ગલપરમાણુ દ્રવ્ય છે, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણો છે ને તેમાં સ્પર્શ ગુણની લૂખાશ અથવા ચીકાશરૂપ પર્યાય હોય છે તેમાં બે ગુણ ચીકાશવાળો ચાર ગુણ ચીકાશવાળા સાથે, ચાર વાળો છ ગુણવાળા સાથે, પાંચવાળો સાતવાળા સાથે સ્કન્ધરૂપ થાય છે તે પોતાની લાયકાતથી થાય છે, જીવ તેનો કર્તા નથી.

પરમાણુમાં એક ગુણ વધારે હોય તો બંધ થતો નથી, બે અંશ વધારે હોય તો જ બંધાય, તેમ આત્મામાં રાગ–દ્વેષના છેલ્લા અંશો બંધનું કારણ નથી. જો છેલ્લા અંશો બંધનું કારણ હોય તો આત્મા કદી અબંધ થાય નહિ.

શરીરનું બંધાવું, કર્મનું બંધાવું, લાડવા થવા તે જડના લૂખાશ ને ચીકાશના કારણે થાય છે. આ બધા પુદ્‌ગલસ્કન્ધો આત્મા વિના ભેગા થાય છે. કર્મ કરતાં અનંતગુણા એવા પુદ્‌ગલસ્કન્ધો છે કે જેને આત્મા સાથે સંબંધ નથી. તે પોતાના કારણે પિંડરૂપ થાય છે. આ આંગળી ઊંચી–નીચી થાય છે તે પોતાના કારણે થાય છે. છતાં આત્માથી થાય છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

જેમ પુદ્‌ગલો સ્કન્ધરૂપે થાય છે તેમ પુદ્‌ગલવર્ગણા કર્મના સ્કન્ધરૂપ પરિણમે છે તે કર્મ પરમાણુના ઉદયકાળે શાતા–અશાતાનાં ફળ મળે છે તેથી તેને સુખ–દુ:ખરૂપ કહેલ છે, તેના નિમિત્તે પૈસા, રોટલા, સ્ત્રી, કુટુંબ, મકાન વગેરે મળે છે ત્યારે અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે આ પદાર્થો હું લાવ્યો એમ અભિમાન કરી તેમાં સુખ–દુ:ખની કલ્પના ઊભી કરે છે. તે તે પદાર્થો પોતપોતાના કારણે આવે છે તેમાં પૂર્વે બંધાયેલાં કર્મ નિમિત્તમાત્ર છે ને જીવ પોતામાં રાગ–દ્વેષના ભાવ કરીને આકુળતાને ભોગવે છે તેમાં પણ નિમિત્તમાત્ર છે. જૂનાં કર્મો સ્વતંત્ર, સામગ્રીનું આવવું સ્વતંત્ર ને જીવના હરખ:શોકના પરિણામ થવા પણ સ્વતંત્ર છે. શરીરમાં રોગ આવતાં બોલાય કે અશાતા કર્મે ફળ આપ્યું. સામગ્રીના ઢગલા મળે ત્યારે બોલાય કે શાતા કર્મે ફળ આપ્યું. આમ આત્માએ કર્મફળ ભોગવ્યાં ને કર્મે આત્માને સુખ:દુ:ખનું ફળ આપ્યું, એમ બોલવામાં આવે છે.

અજ્ઞાની જીવને સ્વ–પરનું ભાન નથી તેથી શરીરને હું ચલાવું છું, આ રૂપિયાનું વ્યાજ હું ઉપજાવી શકું છું એમ તે માને છે. શરીર શરીરના કારણે ને રૂપિયા રૂપિયાના કારણે આવે–જાય છતાં અજ્ઞાની જીવ મારા કારણે તે આવ્યા માની, મિથ્યાત્વના ભાવો કરી, સંસારમાં રખડે છે.

અત્યારે જીવોને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી. ''નમો અરિહંતાણં''નો અર્થ સમજતા નથી, ભગવાને જડ કર્મરૂપી શત્રુનો નાશ કર્યો એમ અજ્ઞાની માને છે. આત્માનું અજાણપણું એ જ વેરી છે, તે વેરીને એટલે અજ્ઞાન–રાગ–દ્વેષને આત્માના ભાન દ્વારા જેણે નાશ કર્યો તેને અરિહન્ત કહે છે, વ્યવહારથી કર્મને હણ્યાં એમ કહેવાય છે. લોકોમાં બોલાય છે કે પાણીનો લોટો, ગામ આવ્યું, વગેરે તે બધું નિમિત્તથી કથન છે.

વળી અહીં કહ્યું છે કે શુભ–અશુભ બાહ્ય પદાર્થમાં કર્મ નિમિત્તકારણ છે. અત્યારે કેટલાક એમ કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી કેટલાક કરોડપતિ થઈ ગયા ને કેટલાક ગરીબ રહ્યા પણ તે વાત ખોટી છે, સૌને કર્મ અનુસાર સંયોગોની પ્રાપ્તિ થાય છે. તે સામગ્રી મળતાં અજ્ઞાની જીવ રાગ–દ્વેષ કરે તો સામગ્રી સુખ–દુ:ખમાં નિમિત્ત કહેવાય છે. આ પ્રમાણે કર્મોના નિમિત્તે સામગ્રી મળે છે ને તેના નિમિત્તે જીવ સુખ–દુ:ખની કલ્પના કરે છે. તેથી કર્મોએ સુખદુ:ખનાં ફળ આપ્યાં ને જીવે તેને ભોગવ્યાં એમ કહેવાય છે.

[વીર સંવત ૨૦૭૮ ચૈત્ર સુદ-૩, શુક્રવાર]

આત્મા જડકર્મનો કર્તા નથી. આત્મા પોતાના રાગદ્વેષનો કર્તા છે. કોઈ પૂછે કે કર્મ વિના આત્માને સુખ–દુ:ખ થાય ? ભાઈ, સુખ–દુ:ખની કલ્પના જીવ કરે છે તો બાહ્ય ચીજને અને કર્મને ભોગવે છે એમ કહેવાય છે. જડકર્મો બે પ્રકારે નિમિત્ત થાય છે. જીવના રાગ–દ્વેષ પરિણામમાં મોહનીય કર્મ નિમિત્ત છે ને સંયોગ મળવામાં અઘાતીકર્મ નિમિત્ત છે. કર્મ રાગ–દ્વેષ કરાવે કે બાહ્ય ચીજોને મેળવી આપે એમ બનતું નથી, પણ જીવ રાગ–દ્વેષ કરે તો કર્મ નિમિત્ત કહેવાય છે ને સંયોગી વસ્તુ તેના કારણે આવે તો કર્મ નિમિત્ત કહેવાય છે ને જીવ તેને ભોગવે છે એમ કહેવાય છે.

શરીરમાં છરી લાગતાં અજ્ઞાની છરીને દુ:ખનું કારણ માને છે પણ તેનું દુ:ખ નથી, અજ્ઞાનદશાનું દુ:ખ છે. વળી કોઈ શરીરને દુ:ખનું કારણ માને છે, કોઈ શરીરને ધર્મનું કારણ માને છે; બન્ને ભ્રાંતિમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી કોઈ કહે કે ''સંસારમાં જીવ કર્મને લીધે રખડે છે''. ભાઈ, તે કથન નિમિત્તથી છે. કર્મને લીધે જીવ રખડતો નથી, પોતાની ભૂલના કારણે રખડે છે. ચિદાનંદ સ્વભાવને ચૂકીને ઈષ્ટ પદાર્થોને દેખીને રાગ કરે, અનિષ્ટ પદાર્થોને દેખીને દ્વેષ કરે તે ભૂલ છે, તે ભૂલને ભોગવે છે. વેપારમાં મંદી આવતાં શોક પોતાના કારણે કરે છે, મંદીને લીધે શોક નથી. જીવ પરચીજને કદી પણ અનુભવતો નથી કારણ કે જીવનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સ્વ-ચતુષ્ટય પોતામાં છે ને પરનાં ચતુષ્ટય પરમાં છે. પોતાના ચૈતન્ય સ્વભાવને ચૂકીને જીવ ભૂલ કરે છે ને ભૂલને ભોગવે છે. અથવા સ્વભાવનું ભાન કરીને ભૂલ ટાળે છે. આ સિવાય બીજું કાંઈ જીવ કરી શકતો નથી. એટલે જીવ ખરેખર પોતાના સુખ-દુઃખના પરિણામનો ભોક્તા છે.

''व्यवहारकर द्रव्यकर्मके उदयसे प्राप्त हुये जो शुभ अशुभ पदार्थ तिनको भोक्ता है।''

કેટલાક જીવો કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી કોઈ પૈસાવાળા અને કોઈ ગરીબ છે. માટે વ્યવસ્થા બરાબર રાખવી જેથી બધા સરખા થઈ જાય. આવી માન્યતાવાળા પુણ્યકર્મને માનતા નથી. અહીં ચોખ્ખું લખેલ છે કે દ્રવ્યકર્મના ઉદયથી શુભ-અશુભ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. જેવાં કર્મ ઉપાર્જન કર્યાં હોય તે પ્રમાણમાં સામગ્રી મળે છે.

અહીં એમ કહેવું છે કે દ્રવ્યકર્મના ઉદયના નિમિત્તે જે સામગ્રી મળે છે તેમાં અજ્ઞાની જીવ સુખ-દુઃખની કલ્પના કરે છે તો આ પદાર્થોને જીવે ભોગવ્યા એમ કહેવાય છે. જડ પરમાણુને જીવદ્રવ્ય કદી અડતો નથી પણ જીવ રાગ-દ્વેષ કરે છે તેમાં તે પદાર્થો નિમિત્ત છે માટે તે પદાર્થોને ભોગવ્યા એમ કહેવાય છે. જીવમાં ભોક્તાગુણ છે. હરખ-શોકના વેદનરૂપે થવાની લાયકાત છે. કર્મમાં તથા પુદ્‌ગલમાં રાગ-દ્વેષના વેદનરૂપી ભોક્તાગુણ નથી. કારણ કે તે પદાર્થો જડ છે. શરીર કે કર્મને સુખ-દુઃખનો અનુભવ નથી.

આમાં ધર્મ શું આવ્યો ? નક્કી કર કે જીવ પરને અનુભવતો નથી. જીવ અજ્ઞાન કરે તો વિકારને અનુભવે છે, ને સ્વભાવનું જ્ઞાન કરે તો પોતાના જ્ઞાનને અને આનંદને અનુભવે છે માટે પર ઉપરની દૃષ્ટિ છોડીને વિકાર ક્ષણિક છે, તે આત્માનું સ્વરૂપ નથી, એમ જ્ઞાન કરી સ્વભાવ તરફ વળવું એ જ ધર્મ છે.

શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે આત્મા જડકર્મને કેવી રીતે ભોગવે ને જડકર્મ આત્માને કેવી રીતે ફળ આપે ? તેનો જવાબ આપ્યો કે જીવ પોતાના સ્વરૂપને ચૂકે છે ને રાગ-દ્વેષ કરે છે તો કર્મને તથા સંયોગોને ભોગવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ૬૭

હવે કર્તૃત્વ-ભોક્તૃત્વનું સંક્ષેપથી વ્યાખ્યાન કહે છે.

---

**तम्हा कम्मं कत्ता भावेण हि संजुदोध जीवस्स।**
**भोत्ता हु हवदि जीवो चेदगभावेण कम्मफलं॥ ६८॥**

**तस्मात्कर्म कर्तृ भावेन हि संयुतमथ जीवस्य।**
**भोक्ता तु भवति जीवश्चेतकभावेन कर्मफलम्॥ ६८॥**

**તેથી કરમ, જીવભાવથી સંયુક્ત, કર્તા જાણવું;**
**ભોક્તાપણું તો જીવને ચેતકપણે તત્ફળ તણું. ૬૮**

**અન્વયાર્થ :** [तस्मात्] તેથી [अथ जीवस्य भावेन हि संयुतम्] જીવના ભાવથી સંયુક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવું [कर्म] કર્મ (દ્રવ્યકર્મ) [कर्तृ] કર્તા છે (નિશ્ચયથી પોતાનું કર્તા અને વ્યવહારથી જીવભાવનું કર્તા; પરંતુ તે ભોક્તા નથી). [भोक्ता तु] ભોક્તા તો [जीवः भवति)] (માત્ર) જીવ છે [चेतकभावेन] ચેતકભાવને લીધે [कर्मफलम्] કર્મફળનો.

---

**तात्पर्यवृत्ति** : एवं भोक्तृत्वव्याख्यानमुख्यत्वेन गाथा गता। अथ कर्तृत्वभोक्तृत्वोपसंहारः कथ्यते,–**तम्हा** यस्मात्पूर्वोक्तनयविभागेन जीवकर्मणोः परस्परोपादानकर्तृत्वं नास्ति तस्मात्कारणात् **कम्मं कत्ता** कर्म कर्तृ भवति। केषां ? निश्चयेन स्वकीयभावानां, व्यवहारेण रागादिभावानां, जीवोपि व्यवहारेण द्रव्यकर्मभावानां निश्चयेन स्वकीयचेतकभावानां। कथंभूतं सत्कर्म स्वकीयभावानां कर्तृ भवति ? **संजुदो** संयुक्तं अध अथो। केन संयुक्तं ? **भावेण** मिथ्यात्वरागादिभावेन परिणामेन **जीवस्स** जीवस्य जीवोपि कर्मभावेन संयुक्त इति **भोक्ता दु** भोक्ता पुनः **हवदि** भवति। कोसौ। **जीवो** निर्विकारचिदानंदैकानुभूतिरहितो जीवः। केन कृत्वा। **चेदगभावेण** परमचैतन्यप्रकाशविपरीतेनाशुद्धचेतकभावेन। किं भोक्ता भवति ? **कम्मफलं** शुद्धबुद्धैकस्वभावपरमात्मतत्त्वभावनोत्पन्नं यत्सहजशुद्धपरमसुखानुभवनफलं तस्माद्विपरीतं सांसारिकसुखदुःखानुभवनरूपं शुभाशुभकर्मफलमिति भावार्थः ॥ ६८ ॥

**समयव्याख्या : कर्तृत्वभोक्तृत्वव्याख्योपसंहारोऽयम्। तत एतत् स्थितं निश्चयेनात्मनः कर्म कर्तृ, व्यवहारेण जीवभावस्य, जीवोऽपि निश्चयेनात्मभावस्य कर्ता, व्यवहारेण कर्मण इति। यथात्रोभयनयाभ्यां कर्म कर्तृ, तथैकेनापि नयेन न भोक्तृ। कुतः ? चैतन्यपूर्वकानुभूतिसद्भावाभावात्। ततश्चेतनत्वात् केवल एव जीवः कर्मफलभूतानां कथंचिदात्मनः सुखदुःखपरिणामानां कथंचिदिष्टानिष्टविषयाणां भोक्ता प्रसिद्ध इति ॥ ६८ ॥**

**અનુવાદ : આ, કર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યાનો ઉપસંહાર છે.**

**તેથી (પૂર્વોક્ત કથનથી) એમ નક્કી થયું કે—કર્મ નિશ્ચયથી પોતાનું કર્તા છે, વ્યવહારથી જીવભાવનું કર્તા છે; જીવ પણ નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે, વ્યવહારથી કર્મનો કર્તા છે.**

**જેમ અહીં બંને નયોથી કર્મ કર્તા છે, તેમ એક પણ નયથી તે ભોક્તા નથી. શા કારણે ? કારણ કે તેને ચૈતન્યપૂર્વક અનુભૂતિનો સદ્ભાવ નથી. તેથી ચેતનપણાને લીધે કેવળ જીવ જ કર્મફળનો—કથંચિત્ આત્માના સુખ–દુઃખપરિણામોનો અને કથંચિત્ ઇષ્ટાનિષ્ટ વિષયોનો—ભોક્તા પ્રસિદ્ધ છે. ૬૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ ૩-, શુક્રવાર]

“तिस कारणसे निश्चय करके द्रव्यकर्म जो है सो अपने परिणामोंका कर्ता है। कैसा है द्रव्यकर्म ? आत्मद्रव्यका अशुद्ध चेतनात्मपरिणामोंकर संयुक्त है।”

**ભાવાર્થ** : ખરેખર દ્રવ્યકર્મ પોતાના પરિણામો એટલે જ્ઞાનાવરણાદિ પરિણામોનો ઉપાદાનકર્તા છે, ને વ્યવહારથી જીવના રાગ–દ્વેષાદિ ભાવોનો કર્તા કહેવામાં આવે છે.

“फिर इसी प्रकार जीवद्रव्य अपने अशुद्ध चेतनात्मक भावोंका उपादानरूप कर्ता है। ज्ञानावरणादिक द्रव्यकर्मको अशुद्ध चेतनात्मक भाव निमित्तभूत हैं। इस कारण व्यवहारसे जीव द्रव्यकर्मका भी कर्ता है।”

જીવ પોતાના અશુદ્ધપરિણામનો કર્તા છે, પણ દ્રવ્યકર્મનો કર્તા નથી. પરંતુ નવાં કર્મો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે પોતાના કારણે બંધાય છે તેમાં જીવના વિકારી ભાવો નિમિત્ત છે તેથી જીવને દ્રવ્યકર્મોનો કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. પાણીમાં મોજાં ઊઠે તો પવન નિમિત્ત કહેવાય ને મોજાં ન ઊઠે તો પવનનો અભાવ નિમિત્ત કહેવાય, તેમ જીવ વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય ને શુદ્ધતા કરે તો કર્મનો અભાવ નિમિત્ત કહેવાય. જડકર્મને આત્મા કરતો નથી પણ વિકાર કરે છે ત્યારે કર્મ બંધાય છે, તો આત્માએ કર્મ કર્યાં એમ કહેવાય છે.

કોઈ પ્રશ્ન કરે કે કર્મ નિમિત્તમાત્ર છે તો તેનું શું કામ છે ?

**સમાધાન** : આત્માનો જ્ઞાનસ્વભાવ સ્વ–પરપ્રકાશક છે. પોતાની અધૂરી દશામાં સાધકજીવ જ્ઞાન કરે છે કે કર્મ કેટલું રહેલું છે ને કેટલું ટળ્યું છે. સ્વ–પર બન્નેનું જ્ઞાન કરે છે. એકલા સ્વને કે એકલા પરને જાણવાનો આત્માનો સ્વભાવ નથી, સ્વ–પર બન્નેને જાણવાનું આત્માનું કામ છે.

“और आत्मद्रव्य जो है सो अपने अशुद्ध चेतनात्मक रागादि भावोंसे साता–असातारूप कर्मफलका भोगनेवाला है।”

જીવદ્રવ્ય પોતાના વિકારી ભાવોને ભોગવે છે. કર્મને તથા સામગ્રીને ભોગવતો નથી. પણ પૂર્વકર્મના નિમિત્તે સંયોગરૂપે ફળ આવે છે ને જીવ રાગાદિ પરિણામ કરે છે તો કર્મને તથા સામગ્રીને વ્યવહારથી ભોગવે છે એમ કહેવામાં આવે છે.

**ભાવાર્થ** : જેવી રીતે જીવ અથવા કર્મ નિશ્ચય–વ્યવહારનયોથી એકબીજાના પરસ્પર કર્તા છે તેવી રીતે બન્ને ભોક્તા નથી. નિશ્ચયથી જીવ પોતાના પરિણામનો કર્તા છે, વ્યવહારથી જીવ જડકર્મનો કર્તા છે; નિશ્ચયથી પરમાણુ પોતાના જ્ઞાનાવરણાદિ પર્યાયનો કર્તા છે, વ્યવહારથી કર્મ રાગ–દ્વેષના કર્તા છે. આમ કર્તામાં જીવ અને કર્મ બન્નેમાં અરસપરસ નિશ્ચય અને વ્યવહાર લાગુ પડે છે. તેવી રીતે ભોક્તાપણામાં બન્ને અરસપરસ લાગુ પડતા નથી. ભોક્તાપણું એટલે હરખ–શોકના પરિણામનું વેદન માત્ર જીવદ્રવ્યમાં છે. કારણ કે પોતે ચૈતન્યસ્વરૂપ છે. પુદ્ગલદ્રવ્ય અચેતન છે તેનામાં સુખ–દુઃખના વેદનનો કે શુદ્ધતાના વેદનનો ગુણ નથી. તેથી પુદ્ગલદ્રવ્ય નિશ્ચયથી કે વ્યવહારથી ભોક્તા નથી.

(૧) જીવ પોતાના રાગાદિ ભાવોનો કર્તા તે નિશ્ચય છે, (૨) જીવને જડ કર્મોનો કર્તા કહેવો તે વ્યવહાર, (૩) જડ પુદ્ગલ જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા તે નિશ્ચય છે, (૪) કર્મને વિકારાદિનો કર્તા કહેવો તે વ્યવહાર, (૫) જીવ પોતાના હરખ–શોકના પરિણામને ભોગવે તે નિશ્ચય છે, (૬) જીવ કર્મને તથા સામગ્રીને ભોગવે એમ કહેવું તે વ્યવહાર છે. કર્મ અચેતન છે તેથી તે પોતાની પર્યાયમાં હરખ–શોકાદિને ભોગવતું નથી તેથી કર્મ આત્માને ભોગવે તેવો વ્યવહાર લાગુ પડતો નથી. જીવ પોતાના અજ્ઞાનના કારણે વિકારનો ભોક્તા થાય છે ને વ્યવહારે કર્મનો તથા–પદાર્થનો ભોક્તા થાય છે પણ કર્મ કે જડ પદાર્થને સુખ–દુઃખનું વેદન નથી તેમ જ તે સુખ–દુઃખ કરાવતાં નથી માટે કર્મ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને સુખ–દુઃખના પરિણામ પોતે સ્વતંત્ર કરે છે એમ નક્કી કરી, તે વિકાર ક્ષણિક છે, આત્મા તો શુદ્ધ ચૈતન્ય–સ્વભાવી છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

જીવ કર્તા–ભોક્તા છે તે વાત પૂરી થઈ. હવે કર્મસંયુક્ત જીવની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરે છે. ગાથા ૨૭માં પૃષ્ઠ ૫૬માં જીવને પ્રભુ કહ્યો છે. તે પ્રભુની વ્યાખ્યા આ ગાથામાં શરૂ કરે છે. ત્રણ પ્રકારના પ્રભુ છે.

(૧) **જડેશ્વર** : જડ પણ પ્રભુ છે, પોતામાં શક્તિવાન છે. આ લાકડાની સડવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય થાય તે વખતે આત્મા પોતાની પ્રભુતા ઘણી ફેરવે તોપણ તે જડની સડવારૂપી પ્રભુતાને ફેરવી શકે નહિ. આ લાકડું આત્માની પ્રભુતાથી ઊંચું થતું હોય તો આત્માના કારણે આકાશ પણ ઊંચું થવું જોઈએ. પણ તે ઊંચું થતું નથી. ધર્મ, અધર્મ, આકાશ ને કાળ અનાદિથી જ્યાં પડ્યાપાથર્યા છે ત્યાં પોતાની પ્રભુતાથી છે. પુદ્ગલ પણ પ્રભુ છે. આમ જડના દ્રવ્ય–ગુણ–પર્યાય બધા પ્રભુ છે.

(૨) **વિભાવેશ્વર** : જીવ પોતે રાગ–દ્વેષ કરે તેમાં પ્રભુ છે. સાક્ષાત્ તીર્થંકર પણ બીજાના રાગ–દ્વેષની પ્રભુતા ટાળી શકે નહિ એવી અવળાઈમાં અજ્ઞાની પ્રભુ છે. વિભાવેશ્વર છે.

(૩) **સ્વભાવેશ્વર** : પોતાના શુદ્ધસ્વભાવનું ભાન કરી પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટાવે તે સ્વભાવેશ્વર છે. ૬૮.

હવે આ ગાથામાં સંસારીની પ્રભુતાની વાત કરે છે, સિદ્ધની વાત નથી.

---

**एवं कत्ता भोत्ता होज्जं अप्पा सगेहिं कम्मेहिं ।**
**हिंडदि पारमपारं संसारं मोहसंछण्णो ॥ ६९ ॥**

**एवं कर्ता भोक्ता भवन्नात्मा स्वकैः कर्मभिः ।**
**हिंडते पारमपारं संसारं मोहसंछन्नः ॥ ६९ ॥**

**કર્તા અને ભોક્તા થતો એ રીત નિજ કર્મો વડે**
**જીવ મોહથી આચ્છન્ન સાંત અનંત સંસારે ભમે. ૬૯**

**અન્વયાર્થ** : [एवं] એ રીતે [स्वकैः कर्मभिः] પોતાનાં કર્મોથી [कर्ता भोक्ता भवन्] કર્તા-ભોક્તા થતો [आत्मा] આત્મા [मोहसंछन्नः] મોહાચ્છાદિત વર્તતો થકો [पारम् अपारं संसारं] સાંત અથવા અનંત સંસારમાં [हिंडते] પરિભ્રમણ કરે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं पूर्वगाथा कर्मभोक्तृत्वमुख्यत्वेन, इयं तु गाथा कर्मकर्तृत्वभोक्तृत्वयोरुपसंहार-मुख्यत्वेनेति गाथाद्वयं गतं । अथ पूर्वं भणितमपि प्रभुत्वं पुनरपि कर्मसंयुक्तत्वमुख्यत्वेन दर्शयतिः – **एवं कत्ता भोत्ता होज्जं** निश्चयेन कर्मकर्तृत्वभोक्तृत्वरहितोपि व्यवहारेणैवं पूर्वोक्तनयविभागेन कर्ता भोक्ता च भूत्वा । स कः ? **अप्पा** आत्मा । कैः कारणभूतैः ? **सगेहि कम्मेहिं** स्वकीयशुभाशुभद्रव्यभावकर्मभिः । एवंभूतः सन् किं करोति ? **हिंडदि** हिंडते भ्रमति । कं ? **संसार** निश्चयनयेनानंतसंसारव्याप्तिरहितत्वेनानंत-ज्ञानादिगुणाधारात्परमात्मनो विपरीतं चतुर्गतिसंसारं । पुनरपि किं विशिष्टं । **पारमपारं** भव्यापेक्षया सपारं अभव्यापेक्षया त्वपारं । पुनरपि कथंभूतः स आत्मा ? विपरीताभिनिवेशोत्पादकमोहरहितत्वेन निश्चयनयेना-नंतसद्दर्शनादिशुद्धगुणोपि व्यवहारेण दर्शनचारित्रमोहसंछन्नः प्रच्छादित इत्यभिप्रायः ॥ ६९ ॥

**समयव्याख्या : कर्मसंयुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत् । एवमयमात्मा प्रकटितप्रभुत्वशक्तिः स्वकैः कर्मभिर्गृहीतकर्तृत्वभोक्तृत्वाधिकारोऽनादिमोहावच्छन्नत्वादुपजातविपरीताभिनिवेशः प्रत्यस्तमित-सम्यग्ज्ञानज्योतिः सांतमनंतं वा संसारं परिभ्रमतीति ॥ ६९ ॥**

**અનુવાદ : આ, કર્મસંયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.**

**એ રીતે પ્રગટ પ્રભુત્વશક્તિને લીધે જેણે પોતાના કર્મો વડે (નિશ્ચયથી ભાવકર્મો અને વ્યવહારથી દ્રવ્યકર્મો વડે) કર્તૃત્વ અને ભોક્તૃત્વનો અધિકાર ગ્રહણ કર્યો છે એવા આ આત્માને,**

૩૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનાદિ મોહાચ્છાદિતપણાને લીધે વિપરીત અભિનિવેશ ઊપજ્યો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છે, તેથી તે સાંત અથવા અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.**

**(આ પ્રમાણે જીવના કર્મસહિતપણાની મુખ્યતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.) ૬૯**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૪ શનિવાર]

જીવ અનાદિથી અવિદ્યારૂપી પરિણમે છે, જ્ઞાનાવરણાદિ જડકર્મનો ઉદય જડમાં છે. કર્મ વિકાર કરાવતું નથી. પોતે પોતાના સ્વભાવની પ્રભુતા ચૂકે છે ને અજ્ઞાન કરે છે તો કર્મનો ઉદય નિમિત્ત કહેવાય છે. આ પ્રમાણે જીવદ્રવ્ય નિશ્ચયથી રાગ–દ્વેષનો ને નિમિત્તરૂપે કર્મનો કર્તા-ભોક્તા થાય છે. ભવ્યની અપેક્ષાએ સંસાર સાંત કહેવાય છે. ભવી જીવ પોતાના આત્માનું ભાન કરીને રાગ–દ્વેષ ટાળશે તેથી ભવીને સંસારના કર્તા–ભોક્તાપણાનો અંત છે ને અભવી કદી સંસાર ટાળશે નહિ માટે તેનો સંસાર અનંત છે. અહીં ભવી ને અભવી બન્નેની પ્રભુતા બતાવે છે. ભવી સંસારને ટાળે તોપણ પોતાની પ્રભુતાથી ટાળે છે ને અભવી ન ટાળે ને રખડે તોપણ તે પોતાની પ્રભુતાથી છે. આ પ્રમાણે પાંચ પરાવર્તનરૂપ સંસાર ધારણ કરીને અજ્ઞાની ચાર ગતિમાં રખડે છે. પાંચ પરાવર્તન (૧) દ્રવ્ય=દ્રવ્યના સંયોગોમાં, (૨) ક્ષેત્ર=જુદાં જુદાં ક્ષેત્રમાં, (૩) કાળ=ઉત્સર્પિણી–અવસર્પિણી કાળમાં, (૪) ભાવ=જુદા જુદા શુભાશુભ ભાવોમાં, (૫) ભવ=ચાર ગતિરૂપ ભવમાં—આમ પાંચ પ્રકારના પરાવર્તનમાં જીવ રખડી રહ્યો છે.

અહીં સ્પષ્ટ કહ્યું છે કે જીવ શુભાશુભભાવોના કારણે રખડે છે. પોતાની પ્રભુતાથી રખડે છે, કોઈ રખડાવતું નથી. પોતે મિથ્યાદર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપી અશુદ્ધપરિણતિથી આચ્છાદિત છે. કર્મને લીધે આચ્છાદિત કહ્યો નથી. શુભાશુભભાવની રુચિ અને સ્વભાવની અરુચિ તે મિથ્યાભાવ છે. પોતાના સ્વરૂપથી વિપરીત જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે ને શુભાશુભભાવ તે મિથ્યાઆચરણ છે.

**ભાવાર્થ :** અજ્ઞાની જીવો કહે છે કે જેમ જાદુગર દોરી ખેંચે ને પૂતળીને નચાવે છે તેમ કર્મરૂપી દોરી જાદુગરની જેમ સંસારી જીવોને નચાવે છે પણ તે માન્યતા ભૂલવાળી છે. અહીં કહે છે કે પોતાની ભૂલથી જ જીવ અનેક વિભાવપર્યાય ધારણ કરી સંસારમાં નાચે છે. ''अपनेको आप भूलके हेरान हो गया''. કોઈએ હેરાન કર્યા નથી, કર્મ જડ છે, તે હેરાન કરતું નથી. માટે કર્મને લીધે હું હેરાન થતો નથી, મારા અજ્ઞાનના કારણે વિભાવરૂપ સ્વતંત્રપણે થાઉં છું એમ જ્ઞાન કરે તો સ્વભાવરૂપ થવાની લાયકાત મારી છે એમ સમજે તો મુક્તિનો માર્ગ હાથ આવે.

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૪, શનિવાર]

કર્મ જડ છે, કર્મ આત્માને રખડાવતા નથી, પણ આત્મા પોતાની ભૂલથી રખડે છે. આત્મા ભૂલ કરવામાં પ્રભુ છે ને ધર્મ કરવામાં પણ પ્રભુ છે, પોતાના જ્ઞાનાનંદસ્વભાવની રુચિ કરી તેમાં રમણતા કરવી તે ધર્મ છે, અનુકૂળ શરીર કે સંહનનથી ધર્મ થતો નથી. જ્ઞાનાવરણીયાદિ કર્મો આત્માની શક્તિને રોકે ? ના. પોતે આત્માનો સ્વભાવ ચૂકીને પોતાના અપરાધથી ભૂલ કરે છે તો કર્મ નિમિત્ત કહેવાય છે. પુણ્ય–પાપ બન્ને દોષ છે, તે આત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ નથી. પુણ્યથી ને શરીરથી ધર્મ માની જીવ ચાર ગતિમાં રખડે છે.

**પ્રશ્ન :** ભૂલ કેમ થાય છે ?

**સમાધાન :** આત્માની વર્તમાનપર્યાયની યોગ્યતાથી ભૂલ થાય છે. પરપદાર્થથી ભૂલ થતી નથી, પરપદાર્થનો આત્મામાં અભાવ છે, કર્મ જડ છે. વિકારમાં કર્મનો અત્યંત અભાવ છે.

ગાથા ૬૯માં કહ્યું છે કે "मोहसंछण्णो" એનો અર્થ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા-ચારિત્રરૂપ અશુદ્ધપરિણતિથી આત્મા ઢંકાયેલો છે. મોહકર્મથી ઢંકાણો નથી તેમ જ મોહકર્મને લીધે ઢંકાણો નથી, મોહકર્મથી ઢંકાયેલો છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. હું ચિદાનંદ છું, તેવી રુચિ છોડીને અનુકૂળ નિમિત્તથી લાભ થશે, પુણ્યથી ધર્મ થશે એવી માન્યતાને મિથ્યાદર્શન કહે છે, કર્મ મોહ કરાવતું નથી, 'તત્ત્વાર્થસૂત્ર'માં મિથ્યાદર્શન વગેરેના ઔદયિકભાવને જીવનું સ્વતત્ત્વ કહેલ છે. કર્મનો ઉદય પરતત્ત્વ છે, પરતત્ત્વથી મારામાં કાંઈ થતું નથી. જડની ક્રિયા હું કરી શકતો નથી. પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાતા છું એવી સાચી રુચિ નહિ કરતાં વિકારથી ધર્મ થાય તે માન્યતા મિથ્યાદર્શન છે ને તે જીવના સ્વતત્ત્વમાં થાય છે. આત્મા ત્રિકાળી શુદ્ધદ્રવ્ય છે. તેના ગુણો ત્રિકાળ છે ને વર્તમાન પર્યાય અશુદ્ધ છે. દયા, દાન કે કામ–ક્રોધની પર્યાય એક સમયની છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે ને કેવળજ્ઞાન પણ પર્યાય છે. આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે, તેની રુચિ છોડીને નિમિત્તથી લાભ માનવો, એક સમયના વિકાર જેટલો આત્માને માનવો અથવા એક સમયના જ્ઞાનના ઉઘાડ જેટલો માનવો તે મિથ્યાદર્શન છે.

ત્રિકાળી સ્વભાવના આશ્રયે ભ્રાંતિનો નાશ થાય છે. નિમિત્તથી, પુણ્યથી કે વર્તમાન પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કરે તો સમ્યગ્દર્શન થાય છે.

પણ અનાદિથી અજ્ઞાની જીવ પર્યાયબુદ્ધિમાં સર્વસ્વ માની બેઠો છે. કર્મ, શરીર કે કુટુંબમાં સંસાર નથી, જીવની વર્તમાન ઊંધી માન્યતામાં સંસાર છે. મિથ્યાદર્શનમાં પોતાની અવળી પ્રભુતા છે. આત્મામાં પ્રભુત્વ નામની એક શક્તિ ત્રિકાળ છે, તેની વિપરીત પરિણતિ પોતાની ભૂલથી થાય છે. કોઈ પર કે કર્મ ભૂલ કરાવતું નથી.

પોતાના શુદ્ધ ચૈતન્યનું સ્વસંવેદન છોડીને રાગથી ધર્મ માની ઊંધું જ્ઞાન કરવું તે મિથ્યાજ્ઞાન છે ને રાગ–દ્વેષના ભાવ થાય છે તે મિથ્યાચારિત્ર છે, હું જ્ઞાતા–દ્રષ્ટા છું, એવા ભાનથી સમ્યગ્દર્શન થયા પછી આત્માના આશ્રયે અકષાય શાંતિ થવી ને વિશેષ લીનતા થવી તેને સમ્યક્ચારિત્ર કહે છે તેથી વિરુદ્ધભાવને મિથ્યાચારિત્ર કહે છે.

અત્યારે જીવો ક્રિયાનું સ્વરૂપ સમજતા નથી ને પોતાની માનેલી ક્રિયાથી ધર્મ માને છે.

**"કર્તા પરિણામી દરવ, કર્મરૂપ પરિણામ,**
**ક્રિયા પર્યાયકી ફેરણી, વસ્તુ એક ત્રય નામ."**

આત્મા પોતે પદાર્થ છે, પોતે પોતાના પરિણામનો કર્તા છે, પરમાણુનો કર્તા નથી. જડ પરમાણુ પોતાનો કર્તા છે, ચેતનનો કર્તા નથી, ને જે પરિણામ થાય તે તેનું કર્મ છે–કાર્ય છે, ને પૂર્વ અવસ્થા પલટી નવી અવસ્થા થવી તે તેની ક્રિયા છે. ભગવાને ક્રિયા ત્રણ પ્રકારની કહી છે.

(૧) **જડની ક્રિયા :** જડની અવસ્થા જડથી થાય તે જડની ક્રિયા છે, શરીરના પરમાણુની પ્રથમ અવસ્થાનો વ્યય થઈ બીજી અવસ્થા થવી તે શરીરની અથવા જડની પર્યાય છે. જડની ક્રિયાથી પુણ્ય નથી, પાપ નથી તેમ જ ધર્મ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૨) **વિકારી ક્રિયા :** આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ચૂકીને નિમિત્તથી લાભ થાય, પુણ્યથી ધર્મ થાય એમ માને છે તે મિથ્યાદર્શનની વિકારી ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે.

(૩) **નિર્વિકારી ધાર્મિક ક્રિયા :** હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, જડની પર્યાયનો તેમ જ રાગનો જ્ઞાતા છું એવું ભાન કરી શુદ્ધ ચૈતન્યના અવલંબને જે મોક્ષમાર્ગ પ્રગટી મોક્ષ થાય તેને નિર્વિકારી ધાર્મિક ક્રિયા કહે છે. જડની ક્રિયાથી ધર્મ કે મોક્ષ થતો નથી.

અજ્ઞાની જીવને ક્રિયાના સાચા સ્વરૂપની ખબર નથી. હિંસા, જૂઠ, ચોરી વગેરે અશુભભાવ પાપની ક્રિયા છે. દયા–દાનાદિ ભાવ પુણ્યની ક્રિયા છે ને તે બન્નેથી રહિત તે ધર્મની ક્રિયા છે. અજ્ઞાની જીવ અશુદ્ધ પરિણતિ દ્વારા આચ્છાદિત છે, પરથી અશુદ્ધતા માની છે અથવા અશુદ્ધતા જેટલો હું છું એમ માની પોતે રોકાઈ ગયો છે. પોતાનો સામાન્ય શુદ્ધ સ્વભાવ વિકારથી ઢંકાઈ ગયો છે. આમ જીવ પોતાના ભાવબંધથી રઝળે છે. ભાવબંધ કરે તો દ્રવ્યબંધને નિમિત્ત કહેવામાં આવે છે. ભાવબંધ ન કરે તો દ્રવ્યબંધ નિમિત્ત કહેવાય નહિ. અજ્ઞાની જીવ અનંતવાર સમવસરણમાં ગયો પણ પોતાના અજ્ઞાનના કારણે સમજ્યો નહિ. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે ત્યાં મિથ્યાદૃષ્ટિ જીવો પણ છે, તેને ભગવાન સમજાવી શકે એમ નથી, પોતે સમજે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે. છ ઢાળામાં પંડિત દૌલતરામજી કહે છે કે—

**"મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેક ઉપજાયૌ**
**પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ."**

સમ્યગ્દર્શન વિના વ્રત, તપાદિ સાચાં નથી. મુનિપણું ધારણ કરી અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્માના જ્ઞાન વિના જરા પણ સુખને પામ્યો નહિ. જાત્રા આદિના શુભભાવથી પુણ્ય થાય છે પણ પુણ્યથી ધર્મ માને તો મિથ્યાત્વનું મોટું પાપ બાંધે છે.

વળી અજ્ઞાની જીવો કર્મનું જોર માની ભ્રાંતિ સેવી રહ્યા છે. બળદેવ છ માસ સુધી વાસુદેવનું મડદું ઉપાડે છે, ત્યાં ચારિત્રમોહનીયકર્મના જોરને લીધે આવો રાગ થાય છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈને પણ કર્મથી રાગ થતો નથી, પોતાની નબળાઈને લીધે રાગ થાય છે.

**પ્રશ્ન :** કષાયની મંદતાથી ગુણસ્થાન ચડે છે ?

**સમાધાન :** ના, કષાયની મંદતા તે વિકાર છે, તે પુણ્ય–આસ્રવ છે, જે કારણથી આસ્રવ થાય તે કારણથી સંવર ન થાય, બન્નેનાં કારણ એક હોય તો આસ્રવ ને સંવર બન્ને એક થતાં નવ તત્ત્વ રહેતાં નથી. નિમિત્તથી તો ધર્મ નથી, પુણ્યથી તો ધર્મ નથી પણ સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાયથી પણ ચારિત્ર થતું નથી. ચારિત્ર અથવા ગુણસ્થાનની શુદ્ધતાની વૃદ્ધિ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય–સ્વભાવના અવલંબને થાય છે. જીવે નિમિત્તની, પુણ્યની તેમ જ પર્યાયની રુચિ છોડી શુદ્ધ સ્વભાવની પ્રથમ રુચિ કરવી જોઈએ, તેના આધારે સમ્યગ્દર્શન થાય છે ને સમ્યગ્દર્શન થયા પછી સ્વભાવમાં લીનતા કરતાં આસક્તિ ઘટતી જાય છે ને અપ્રત્યાખાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય કષાય ટળે છે. આમ છઠ્ઠું ગુણસ્થાન શુદ્ધસ્વભાવના અવલંબને પ્રગટે છે. છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતાદિના પરિણામ થાય છે તે પણ પુણ્યાસ્રવ છે. તેનાથી ગુણસ્થાન ટકતું નથી છતાં તે ભૂમિકામાં તે પ્રકારની રાગની મંદતા હોય છે ને નિમિત્તરૂપે વસ્ત્ર, પાત્ર હોતાં નથી. કોઈ કહે કે વસ્ત્ર, પાત્ર હોય ને મુનિપણું પ્રગટે તો તે વાત ખોટી છે. ને વસ્ત્ર, પાત્ર છૂટ્યાં માટે મુનિપણું પ્રગટ થયું એમ માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણસ્થાનનું પ્રગટવું, ટકવું ને આગળ વધવું પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે છે. કષાયની મંદતાથી ગુણસ્થાન વધતું નથી. વર્તમાનમાં અજ્ઞાની જીવો કષાયની મંદતાથી ધર્મ મનાવી રહ્યા છે, એવી કષાયની મંદતાના પરિણામ જીવે ઘણી વાર કર્યા છે, શરીરના ટુકડા કરે તોપણ ગુસ્સો ન કરે એવા શુભપરિણામ હોવા છતાં અંતરનું ભાન નહીં હોવાથી અજ્ઞાની અનંત સંસારમાં રખડે છે, કષાયની મંદતાથી ધર્મ થતો નથી, પણ હું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છું એવી શ્રદ્ધા ને સ્થિરતાથી ધર્મ થાય છે. ઉપશમ તથા ક્ષયોપશમભાવથી ક્ષાયિકભાવ થતો નથી, ને ઉપશમભાવ ને ક્ષયોપશમભાવ પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને પ્રગટે છે, રાગની મંદતાથી તે ભાવ પ્રગટતો નથી, દ્રવ્યના અવલંબને શુદ્ધતા પ્રગટે છે ને વધે છે.

વળી જે કષાય ઉત્પન્ન થયો તેનો કેવી રીતે નાશ કરવો ?

આત્માની પર્યાયમાં જે રાગ થાય છે તે બે સમય તો રહેતો નથી. એક સમય માત્ર જ રહે છે. જે સમયે રાગ ઉત્પન્ન થયો તેનો તે સમયે કેવી રીતે નાશ થાય ? તે સમયે તો નાશ કરી શકાતો નથી પણ બીજે સમયે ઉત્પન્ન ન થાય એમ કરે તો નાશ કર્યો કહેવાય. તેનો ઉપાય માત્ર દ્રવ્યદૃષ્ટિ છે. એક સમયની પર્યાય જેટલો હું નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એવું ભાન કરી સ્વભાવમાં સ્થિરતા કરે તો રાગ ઉત્પન્ન થતો નથી. તેણે રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સર્વજ્ઞે કહેલો વસ્તુસ્વભાવ જાણવો જોઈએ. આ જગતમાં છ દ્રવ્યો સ્વતંત્ર છે. કોઈ કોઈની સ્વતંત્રતા લૂંટી લેતું નથી. છ દ્રવ્યોને સ્વતંત્ર જાણવા, પોતાની ભૂલથી થતા વિકારને ક્ષણિક જાણવો, ને પોતાનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે એવી રુચિ કરવી તે ધર્મ છે.

**ભાવાર્થ** : જીવ પોતાની ભૂલના કારણે રખડે છે. ખોટા ઉપદેશક અથવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને લીધે રખડતો નથી તેમ જ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રથી તરી જતાં નથી, ઊલટી દશા કરવામાં પણ પોતે પ્રભુ છે ને સવળી દશા કરવામાં પણ પોતે પ્રભુ છે.

**પ્રશ્ન** : સિદ્ધના ગુણોનું સ્મરણ કરવાથી ધર્મ થાય ?

**સમાધાન** : ના. સ્મરણ કરવાનો ભાવ તે શુભરાગ છે. નિમિત્તથી ધર્મ નથી. શુભરાગથી ધર્મ નથી તેમ જ પર્યાયમાંથી પણ ધર્મની પર્યાય પ્રગટ થતી નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને ધર્મ થાય છે. સિદ્ધનું સ્મરણ અનંતવાર કર્યું ને વૈરાગ્યપૂર્વક મુનિપણું પાળ્યું પણ આત્માના ભાન વિના ધર્મ થયો નહિ. સિદ્ધના સ્મરણથી તો કલ્યાણ નથી પણ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદથી પણ કલ્યાણ નથી. ભેદબુદ્ધિ ધર્મનું કારણ નથી, હું અભેદસ્વભાવી શુદ્ધ છું એવી રુચિ કરવી તે ધર્મનું કારણ છે.

જીવ પોતાની ભૂલથી સંસારમાં અનેક પ્રકારના ઉદયભાવરૂપ પરિણમીને રખડે છે તથા અસત્ વસ્તુમાં સત્રૂપ માને છે. શરીર, મન, વાણી આત્મા નથી, તે પર છે છતાં તેને પોતાના માનવા તે અસત્ છે. વળી વિકાર એક સમય પૂરતો સત્ છે પણ ત્રિકાળી સ્વભાવમાં નથી માટે તે પણ અસત્ છે. વિકારથી સમ્યગ્દર્શન થશે તેમ માનવું તે અસત્ને સત્ માનવા બરાબર છે. વળી જેવી રીતે દારૂ પીધેલા માણસને સ્વસ્ત્રી ને પરસ્ત્રી વચ્ચે વિવેક નથી, તે જેમતેમ વર્તે છે, તેવી રીતે મિથ્યાદૃષ્ટિ જીવ અસત્ને સત્ માની ભ્રમરૂપ પ્રવર્તે છે, ને પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકી જાય છે. આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના અજ્ઞાનના કારણે કેવી રીતે પ્રવર્તે છે તે બતાવ્યું. ૬૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उवसंतखीणमोहो मग्गं जिणभासिदेण समुवगदो ।**
**णाणाणुमग्गचारी णिव्वाणपुरं वजदि धीरो ॥ ७० ॥**

**उपशांतक्षीणमोहो मार्गं जिनभाषितेन समुपगतः ।**
**ज्ञानानुमार्गचारी निर्वाणपुरं व्रजति धीरः ॥ ७० ॥**

**જિનવચનથી લહી માર્ગ જે, ઉપશાંતક્ષીણમોહી બને,**
**જ્ઞાનાનુમાર્ગ વિષે ચરે, તે ધીર શિવપુરને વરે. ૭૦.**

**અન્વયાર્થ :** [जिनभाषितेन मार्गं समुपगतः] જે (પુરુષ) જિનવચનથી માર્ગને પામીને [उपशांतक्षीणमोहः] ઉપશાંતક્ષીણમોહ થયો થકો (અર્થાત્ દર્શનમોહનો જેને ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થયો છે એવો થયો થકો) [ज्ञानानुमार्गचारी] જ્ઞાનાનુમાર્ગે ચરે છે (જ્ઞાનને અનુસરનારા માર્ગે પ્રવર્તે છે), [धीरः] તે ધીર પુરુષ [निर्वाणपुर व्रजति] નિર્વાણપુરને પામે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं कर्मसंयुक्तत्वमुख्यत्वेन गाथा गता । अथात्रापि पूर्वोक्तमपि प्रभुत्वं पुनरपि कर्मरहितत्वं मुख्यत्वेन प्रतिपादयति, – **उवसंतखीणमोहो** उपशांतक्षीणमोहः अत्रोपशमशब्देनौपशमिकसम्यक्त्वं क्षीणशब्देन क्षायिकसम्यक्त्वं द्वाभ्यां तु क्षायोपशमिकसम्यक्त्वमिति ग्राह्यं । **मग्गं** भेदाभेदरत्नत्रयात्मकं निश्चयव्यवहारमोक्षमार्गं **समुवगदो** समुपगतः प्राप्तः । केन ? **जिणभासिदेण** वीतरागसर्वज्ञभाषितेन **णाणं** निर्विकारस्वसंवेदनज्ञानं अभेदेन तदाधारं शुद्धात्मानं वा **अणु** अनुलक्षणीकृत्य समाश्रित्य तं ज्ञानगुणमात्मानं वा **मग्गचारी** पूर्वोक्तनिश्चयव्यवहारमोक्षमार्गचारी । एवंगुणविशिष्टो भव्यवरपुण्डरीकः **वजदि** व्रजति गच्छति । किं ? **णिव्वाणपुरं** अव्याबाधसुखाद्यनंतगुणास्पदं शुद्धात्मोपलंभलक्षणं निर्वाणनगरं । पुनरपि किंविशिष्टः स भव्यः ? **धीरो** धीरः घोरोपसर्गपरीषहकालेपि निश्चयरत्नत्रयलक्षणसमाधेरच्युतः पाण्डवादिवदिति भावार्थः ॥ ७० ॥

**समयव्याख्या : कर्मवियुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत् । अयमेवात्मा यदि जिनाज्ञया मार्गमुपगम्योपशांतक्षीणमोहत्वात्प्रहीणविपरीताभिनिवेशः समुद्भिन्नसम्यग्ज्ञानज्योतिः कर्तृत्वभोक्तृत्वाधिकारं परिसमाप्य सम्यक्प्रकटितप्रभुत्वशक्तिर्ज्ञानस्यैवानुमार्गेण चरति, तदा विशुद्धात्मतत्त्वोपलंभरूपमपवर्गनगरं विगाहत इति ॥ ७० ॥**

**અનુવાદ : આ, કર્મવિયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.**

**જ્યારે આ જ આત્મા જિનાજ્ઞા વડે માર્ગને પામીને, ઉપશાંતક્ષીણમોહપણાને લીધે (દર્શનમોહના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમને લીધે) જેને વિપરીત અભિનિવેશ નષ્ટ થયો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો થયો થકો, કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને સમ્યક્પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળો થયો થકો જ્ઞાનને જ અનુસરનારા માર્ગે ચરે છે (પ્રવર્તે છે, પરિણમે છે, આચરણ કરે છે), ત્યારે તે વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને (મોક્ષપુરને) પામે છે.**

**(આ પ્રમાણે જીવના કર્મરહિતપણાની મુખ્યતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.) ૭૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૫, રવિવાર]

ગાથા ૬૯માં કહ્યું કે અનાદિથી અજ્ઞાની જીવ સત્‌ને અસત્ માને છે અને અસત્‌ને સત્ માને છે, તે પોતાના અજ્ઞાનના કારણે છે. હું ચૈતન્ય શુદ્ધ છું તેને વીસરી જવાની પ્રભુતા પણ તેની પોતાની છે. કર્મની મોટપ છે માટે સ્વભાવને વીસરી જાય છે એમ નથી. પોતાની ત્રિકાળ સાચી પ્રભુતાને ભૂલે છે ને દયા–દાનમાં અટકી જાય છે તેમાં કર્મ નિમિત્તરૂપે હોય છે. આમ કર્મસંયુક્ત જીવની વિકારમાં પ્રભુતા બતાવી. હવે ૭૦મી ગાથામાં બતાવે છે કે જીવ ધર્મ કરે છે તો પોતાના પુરુષાર્થથી કરે છે, કર્મનો વિયોગ છે માટે ધર્મ થાય છે એમ નથી. રાગ–દ્વેષ કરે છે તે પોતાની પ્રભુતાથી કરે છે ને સાધકદશામાં ધર્મ કરે છે તે પણ પોતાની પ્રભુતાથી કરે છે.

''अपनी फलविपाक दशारहित उपशम भावको अथवा मूलसत्तासे विनाशभावको प्राप्त हुवा है। असत् वस्तुमें प्रतीतिरूप मोहकर्म जिसका ऐसा अपने स्वरूपमें निश्चल सम्यग्दृष्टि जीव है सो मोक्षनगरमें गमन करता है।''

જીવને ઉપશમસમકિત થાય છે તે પોતાની પ્રભુતાથી થાય છે. કર્મ ઉપશમ પામ્યાં માટે ઉપશમસમકિત થાય એમ નથી. કર્મના ઉપશમનો સમય અને આત્મામાં ઉપશમસમકિતનો સમય એક છે છતાં કર્મના ઉપશમના કારણે સમકિત થતું નથી. જીવ પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે શ્રદ્ધા કરે છે, તો કર્મનો ઉપશમ કર્મના કારણે થાય છે. કર્મ આત્મામાં કાંઈ કરતું નથી, તેમ જ આત્મા કર્મમાં કાંઈ કરતો નથી. બન્નેમાં સ્વતંત્ર ક્રિયા થાય છે.

વળી અજ્ઞાનદશામાં શરીર હું છું ને વિકલ્પ હું છું એવી જે વિપરીત પ્રતીતિ હતી તેનો પોતાના જ્ઞાનસ્વભાવના અવલંબનથી પુરુષાર્થ વડે મૂળમાંથી નાશ કર્યો તેથી નિમિત્તરૂપે કર્મનો નાશ થયો તેને ક્ષાયિકસમકિત કહે છે. ગોમ્મટસારમાં કથન આવે છે કે દર્શનમોહકર્મનો ક્ષય થાય તો ક્ષાયિકસમકિત થાય—તે કથન નિમિત્તથી છે. ત્યાં અંતરંગ હેતુ કર્મના ક્ષયને કહ્યો છે ને બાહ્ય હેતુ સત્ દેવ–ગુરુ–શાસ્ત્ર કહ્યા છે ને ઉપાદાન પોતાથી છે. આમ જે ધર્મી જીવ ઉપશમ અથવા ક્ષાયિકસમકિત પ્રગટ કરે છે તે પોતાના સ્વરૂપ વિષે નિશ્ચળ છે–અડગ છે ને તે મોક્ષનગરમાં જાય છે એટલે કે પોતામાં પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે, પોતાની પરમાનંદ દશામાં એકાકાર થાય છે. કર્મના અભાવના કારણે મોક્ષ પામતા નથી પણ પોતાની પ્રભુતાથી મોક્ષ પામે છે.

**ભાવાર્થ** : ધર્મી જીવને ચોથે ગુણસ્થાને શુદ્ધ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા છે. પાંચમે ગુણસ્થાને શ્રદ્ધા સહિત વિશેષ સ્થિરતા છે, છઠ્ઠે એથી વિશેષ સ્થિરતાપૂર્વક મુનિપણું છે. સાધક જીવ પોતાની પ્રભુતાથી આગળ વધે છે. જડની પ્રભુતા જડમાં છે. વિકારમાં પણ પોતાની પ્રભુતા છે ને ધર્મદશામાં પણ પોતાની પ્રભુતા છે. શરીર નહિ, મન–વાણી નહિ, પુણ્યવિકાર છે, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી શ્રદ્ધા તો છે, તે ઉપરાંત વિશેષ અંતર પુરુષાર્થ કરી સમ્યગ્દષ્ટિ જીવ પોતાની પ્રભુતાથી મુક્ત દશાને પ્રાપ્ત કરે છે.

વળી કેવો છે તે સમ્યગ્દષ્ટિ જીવ ?

''सर्वज्ञप्रणीत आगमके द्वारा सम्यग्दर्शन ज्ञान चारित्ररूप मोक्षमार्गको प्राप्त हुवा है। फिर कैसा है ? स्वसंवेदनप्रत्यक्ष ज्ञानमार्गमें प्रवर्तता है।''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દ્રષ્ટિ જીવ મોક્ષમાર્ગને પામે છે તેમાં નિમિત્ત કેવું હોય ? એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ વર્તી રહ્યું છે, તેવા ભગવાન સર્વજ્ઞનાં કહેલાં શાસ્ત્રો નિમિત્ત હોય છે. કુશાસ્ત્ર તેમાં નિમિત્ત નથી. જે શાસ્ત્ર પંદર ભેદે સિદ્ધ થાય એમ કહે તે શાસ્ત્ર સાચાં નથી. સ્વરૂપના આશ્રયે સિદ્ધદશા થાય છે એવો એક જ ભેદ છે. આત્માના ભાનસહિત અંતરદશા આગળ વધતાં મુનિપણું પ્રગટે છે, ત્યારે બાહ્ય નગ્ન દિગંબરદશા હોય છે. તે મુનિ પોતાના સ્વભાવના આશ્રયે જ મોક્ષ પ્રગટ કરે છે. આ એક જ પ્રકારે મુક્તિ છે. જે શાસ્ત્ર વસ્ત્રસહિત મુનિપણું કહે ને સ્ત્રીને મોક્ષ કહે, ગૃહસ્થલિંગે મોક્ષ કહે, અન્યલિંગે મોક્ષ કહે તે શાસ્ત્ર સાચાં નથી. ''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'' આવી રીતે સાચાં શાસ્ત્રોના નિમિત્તે ધર્મી જીવ આત્માની સાચી દ્રષ્ટિ, સ્વસંવેદન જ્ઞાન ને અંતરરમણતારૂપ મોક્ષમાર્ગ પામે છે.

**પ્રશ્ન** : ભગવાનની વાણી નિમિત્ત થાય છે તેથી શું આત્માની પ્રભુતા ખંડિત થાય છે ?

**ઉત્તર** : ના, વાણીથી ધર્મી જીવ મોક્ષમાર્ગ પામતો નથી. પણ કુદેવાદિની વાણી નિમિત્તરૂપે ન હોય પણ સાચા દેવની વાણી નિમિત્ત હોય એટલું બતાવવું છે. જીવ પોતાના પુરુષાર્થથી ક્ષાયિક સમકિત પામે ત્યારે તીર્થંકર આદિની સમીપતા હોય છે, પણ તીર્થંકરને લીધે ક્ષાયિકસમકિત પામતો નથી. જો તેનાથી પામતો હોય તો સભામાં બધાને ક્ષાયિકસમકિત થવું જોઈએ. ત્યાં મિથ્યાદ્રષ્ટિ જીવ ધર્મ પામતો નથી. ઉપાદાન પોતાની પ્રભુતાથી કાર્ય કરે છે તો પ્રભુનું નિમિત્ત કહેવાય છે. તેમાં પોતાની પ્રભુતા ખંડિત થતી નથી.

વળી કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ ? 'ज्ञानानुमार्गचारी' કહ્યો છે. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવા જ્ઞાનને અનુસરીને પ્રત્યક્ષ જ્ઞાનમાર્ગમાં પ્રવર્તે છે. કોઈ નિમિત્તનો અનુચારી, ભગવાનનો અનુચારી, કે રાગનો અનુચારી કહ્યો નથી. હું જ્ઞાતા-દ્રષ્ટા છું એવા જ્ઞાનને અનુસરી અંતરમાર્ગને અનુસરવું તે મોક્ષમાર્ગ છે. સાધક જીવને પોતાની નબળાઈના કારણે દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે શુભરાગ થઈ આવે છે, પણ તે તેને પુણ્ય સમજે છે, બંધમાર્ગ સમજે છે, મોક્ષમાર્ગ સમજતો નથી.

વળી નિમિત્તની, શુભરાગની ને પર્યાયની રુચિ છોડી, હું જ્ઞાનસ્વભાવી છું એવા અંતરના આશ્રયે પ્રગટતું જ્ઞાન પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન છે. આવા પ્રત્યક્ષજ્ઞાનમાં પ્રવર્તવું તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન પરોક્ષજ્ઞાન પણ કહેવાતું નથી. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમ શુદ્ધના લક્ષે સાધકને જે જ્ઞાન પ્રગટ થાય છે તે અંશે પ્રત્યક્ષજ્ઞાન છે, તેને બાકીનું જ્ઞાન રાગના લક્ષે થાય તે પરોક્ષ કહેવાય છે. એકલા રાગના લક્ષે થતું જ્ઞાન પરોક્ષ પણ નથી.

આવી રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાની પ્રભુતાથી મોક્ષમાર્ગમાં–જ્ઞાનમાર્ગમાં પ્રવર્તે છે. કર્મનો અભાવ થાય છે માટે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે એમ નથી.

**ભાવાર્થ** : જે જીવ પુરુષાર્થ વડે અનાદિ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી અવિદ્યાનો નાશ કરે છે તેને નવ તત્ત્વોની પ્રતીતિ વર્તે છે.

કાળલબ્ધિ એટલે પોતાનો સ્વકાળ અથવા પુરુષાર્થ એવો અર્થ સમજવો. પાંચમો કાળ કે ચોથો કાળ એવા વ્યવહારકાળની વાત નથી. પોતે જે સમયે જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ કરે તે પોતાનો સ્વકાળ છે એટલે તેને પોતાની કાળલબ્ધિ પાકી છે.

ધર્મી જીવ પોતાના પુરુષાર્થ વડે અનાદિ અવિદ્યાનો નાશ કરે છે. શરીર, વિકાર ને પર્યાય જેટલો જ હું છું વગેરે પ્રકારે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રને અવિદ્યા કહે છે. તેને સાચા ભાન દ્વારા નાશ કર્યો એટલે કે નિમિત્તબુદ્ધિનો ને પર્યાયબુદ્ધિનો નાશ કર્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને હું શુદ્ધ છું એવી સાચી પ્રતીતિ કરી. આમ જે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે તેને નવ પદાર્થની યથાર્થ પ્રતીતિ વર્તે છે. હું શુદ્ધ–ચૈતન્યસ્વભાવી છું તેમાં જીવની પ્રતીતિ આવી, હું જીવ છું તો અજીવ પદાર્થો મારામાં નથી એમ નક્કી કરતાં અજીવની પ્રતીતિ થઈ, મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય ચૂકું છું તેટલી મારામાં અશુદ્ધતા આવે છે તે આસ્રવ છે. તેના પુણ્ય–પાપ બે ભેદ છે. જેટલો અશુદ્ધતામાં અટકું છું તે બંધ છે, પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટે છે, તે સંવર છે ને શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા છે. સંવર-નિર્જરા અધૂરી શુદ્ધતા છે. પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે એમ મોક્ષની પ્રતીતિ વર્તે છે. વળી પોતે ધર્મદશા પ્રગટ કરે છે, નવ પદાર્થોની પ્રતીતિ કરે છે તેમાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર નિમિત્ત છે, છતાં તેનાથી ધર્મ થતો નથી. આવી રીતે પદાર્થોની યથાર્થ પ્રતીતિ વર્તે છે. અજ્ઞાની જીવોને પુરુષાર્થની વાત બેસતી નથી, તે પણ તેની પ્રભુતા છે.

વળી કેવો છે ધર્મીનો આત્મા ? પ્રગટ ભેદવિજ્ઞાનની જ્યોતિથી રાગ–દ્વેષના કર્તૃત્વ–ભોક્તૃત્વરૂપી અંધકારનો નાશ કર્યો છે. જો નિમિત્તથી ધર્મ થતો હોય તો નિમિત્તથી ભેદજ્ઞાન કરવાનો અવસર રહેતો નથી. પરથી ને રાગથી જુદો હું ચિદાનંદ છું તેવું જ્ઞાન કરવું તે ભેદજ્ઞાન છે. અહીં પ્રભુત્વશક્તિ પર્યાયમાં બતાવવી છે.

'સમયસાર'માં ૪૭ શક્તિમાં એક પ્રભુત્વશક્તિની વાત આવેલ છે. તે ત્રિકાળી ગુણ અથવા ત્રિકાળી શક્તિની વાત છે. જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે તેને પ્રભુત્વશક્તિ કહે છે. તેવી પ્રભુત્વશક્તિ અનાદિ–અનંત છે. એવા શુદ્ધ ચૈતન્યસ્વભાવનું લક્ષ કરે તો પર્યાયમાં પ્રભુતા પ્રગટે. ત્યાં ત્રિકાળી શક્તિની વાત છે. (ત્યાં રાગની પ્રભુતાની વાત ગૌણ છે.) વળી દરેક ગુણમાં પણ પ્રભુત્વશક્તિ છે. જ્ઞાનની પ્રભુતા, દર્શનની પ્રભુતા, આનંદની પ્રભુતા, પોતપોતાની પ્રભુતા કરે એવા કર્તાગુણની પ્રભુતા, કાર્યની પ્રભુતા—આમ અનંતા ગુણોની પ્રભુતા છે. એટલે ત્યાં ત્રિકાળી શક્તિની વાત છે. તેવા પ્રભુત્વશક્તિથી ભરેલા આત્માના આશ્રયે ધર્મ થાય છે. ત્યાં દ્રવ્યદૃષ્ટિથી દર્શનપ્રધાન કથન છે.

અહીં 'પંચાસ્તિકાય'માં પ્રભુત્વની વાત પર્યાયમાં લઈ પ્રમાણજ્ઞાન કરાવે છે. પ્રભુત્વશક્તિ તો અનાદિ–અનંત છે. પ્રભુત્વશક્તિ બે નથી, શક્તિ તો એક છે. પણ તેનું જેને ભાન નથી ને રાગ–દ્વેષાદિના પરિણામ કરે છે તો વિકારમાં પોતાની પ્રભુતા છે ને સ્વભાવનું ભાન કરી શુદ્ધતા પ્રગટાવે તો શુદ્ધતા પ્રગટાવવામાં પણ પોતાની પ્રભુતા છે. આમ ૬૯ ને ૭૦ ગાથામાં પર્યાયની પ્રભુતાની વાત કરી છે. ને સ્વતંત્ર પર્યાયનું જ્ઞાન કરાવી પ્રમાણજ્ઞાન કરાવે છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

અહીં કહે છે કે ધર્મી જીવે ભેદવિજ્ઞાન પ્રગટ કર્યું. નિમિત્ત તો પર છે તેનાથી હું જુદો છું એમ તો ભેદજ્ઞાન કર્યું, પણ નિમિત્ત તરફનો શુભરાગ એક સમયનો પર્યાય છે, હું તો શુદ્ધ ચૈતન્ય છું એમ ભેદજ્ઞાન કર્યું. પરપદાર્થને રાગથી મેળવી શકું છું ને પરપદાર્થને ભોગવી શકું છું એવી પરપદાર્થના સ્વામીપણાની તથા ભોક્તાપણાની બુદ્ધિ તે અંધકાર છે. તેનો ભેદવિજ્ઞાનની જ્યોતિથી નાશ કર્યો. તે પણ પર્યાયથી કથન છે. શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં અજ્ઞાન અંધકારનો વિનાશ થઈ જાય છે. નિમિત્તનું કર્તૃત્વ ને ભોક્તૃત્વ મારામાં નથી ને મારું કર્તૃત્વ ને ભોક્તૃત્વ નિમિત્તમાં નથી. હું મન, વાણી કે પરપદાર્થરૂપ નથી. હું શુદ્ધ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યસ્વભાવી છું એવી માન્યતા દ્વારા અજ્ઞાનઅંધકારનો વિનાશ કરી ધર્મી જીવ પોતાની પ્રભુત્વશક્તિથી સ્વરૂપમાં પ્રવર્તે છે. કોઈ કાળથી કે વજ્રકાયના બળથી આત્મામાં લાભ થતો નથી. વળી વ્યવહારમાં કે રાગમાં પ્રવર્તતો નથી પણ પોતાની પ્રભુતાથી સ્વરૂપમાં પ્રવર્તે છે. આમ જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રભુતા સમજી તેનો આશ્રય કરે છે તે મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. ૭૦.

---

**एक्को चेव महप्पा सो दुवियप्पो तिलक्खणो होदि।**
**चदुचंकमणो भणिदो पंचग्गगुणप्पधाणो य॥ ७१॥**
**छक्कापक्कमजुत्तो उवउत्तो सत्तभङ्गसब्भावो।**
**अट्ठासओ णवट्ठो जीवो दसट्ठाणगो भणिदो॥ ७२॥**

**एक एव महात्मा स द्विविकल्पस्त्रिलक्षणो भवति।**
**चतुश्चंक्रमणो भणितः पञ्चाग्रगुणप्रधानश्च॥ ७१॥**
**षट्कापक्रमयुक्तः उपयुक्तः सप्तभङ्गसद्भावः।**
**अष्टाश्रयो नवार्थो जीवो दशस्थानगो भणितः॥ ७२॥**

**એક જ મહાત્મા તે દ્વિભેદ અને ત્રિલક્ષણ ઉક્ત છે,**
**ચઉભ્રમણયુત, પંચાગ્રગુણપરધાન જીવ કહેલ છે. ૭૧**
**ઉપયોગી ષટ-અપક્રમસહિત છે, સપ્તભંગીસત્ત્વ છે,**
**જીવ અષ્ટ-આશ્રય, નવ-અરથ, દશસ્થાનગત ભાખેલ છે. ૭૨**

**અન્વયાર્થ :** [सः महात्मा] તે મહાત્મા [एकः एव] એક જ છે, [द्विविकल्पः] બે ભેદવાળો છે અને [त्रिलक्षणः भवति] ત્રિલક્ષણ છે; [चतुश्चंक्रमणः] વળી તેને ચતુર્વિધ ભ્રમણવાળો [च] તથા [पञ्चाग्रगुणप्रधानः] પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો [भणितः] કહ્યો છે. [उपयुक्तः जीवः] ઉપયોગી એવો તે જીવ [षट्कापक्रमयुक्तः] છ અપક્રમ સહિત, [सप्तभंगसद्भावः] સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો, [अष्टाश्रयः] આઠના આશ્રયરૂપ, [नवार्थः] નવ-અર્થરૂપ અને [दशस्थानगः] દશસ્થાનગત [भणितः] કહેવામાં આવ્યો છે.

---

**तात्पर्यवृत्ति :** इति कर्मरहितत्वव्याख्यानेन द्वितीयगाथा गता। एवं "ओगाढगाढ" इत्यादि पूर्वोक्तपाठक्रमेण परिहारगाथासप्तकं गतं। इति जीवास्तिकायव्याख्यानरूपेषु प्रभुत्वादिनवाधिकारेषु मध्ये पंचभिरंतरस्थलैः समुदायेन "जीवा अणाइणिहणा" इत्याद्यष्टादशगाथाभिः कर्तृत्वभोक्तृत्वकर्मसंयुक्तत्वत्रयस्य यौगपद्यव्याख्यानं समाप्तं। अथ तस्यैव नवाधिकारकथितजीवास्तिकायस्य पुनरपि दशविकल्पैर्विंशति-विकल्पैर्वा विशेषव्याख्यानं करोतिः– **एक्को चेव महप्पा** सर्वसुवर्णसाधारणेन षोडशवर्णिकगुणेन यथा सुवर्णराशिरेकः तथा सर्वजीवसाधारणकेवलज्ञानाद्यनंतगुणसमूहेन शुद्धजीवजातिरूपेण संग्रहनयेनैकश्चैव महात्मा अथवा **उवजुत्तो** सर्वजीवसाधारणलक्षणेन केवलज्ञानदर्शनोपयोगेनोपयुक्तत्वात्परिणतत्वादेकः। कश्चिदाह। यथैकोपि चंद्रमा बहुषु जलघटेषु भिन्नभिन्नरूपो दृश्यते तथैकोपि जीवो बहुशरीरेषु भिन्नभिन्नरूपेण दृश्यत इति। परिहारमाह। बहुषु जलघटेषु चंद्रकिरणोपाधिवशेन जलपुद्गला एव चंद्राकारेण परिणता न चाकाशस्थचंद्रमाः। अत्र दृष्टांतमाह। यथा देवदत्तमुखोपाधिवशेन नानादर्पणानां

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गला एव नानामुखाकारेण परिणमन्ति न च देवदत्तमुखं नानारूपेण परिणमति, यदि परिणमति तदा दर्पणस्थं मुखप्रतिबिंबं चैतन्यं प्राप्नोति न च तथा तथैकचंद्रमा अपि नानारूपेण न परिणमतीति । किं च । न चैकब्रह्मनामा कोपि दृश्यते प्रत्यक्षेण यश्चंद्रवन्नानारूपेण भविष्यति इत्यभिप्रायः । **सो दुवियप्पो** दर्शनज्ञानभेदद्वयेन संसारिमुक्तद्वयेन भव्याभव्यद्वयेन वा स द्विविकल्पः **तिलक्खणो हवदि** ज्ञानकर्मफलचेतनात्रयेणोत्पादव्ययध्रौव्यत्रयेण ज्ञानदर्शनचारित्रत्रयेण द्रव्यगुणपर्यायत्रयेण वा त्रिलक्षणो भवति । **चदुसंकमो य भणिदो** यद्यपि शुद्धनिश्चयनयेन निर्विकारचिदानंदैकलक्षणसिद्धगतिस्वभावस्तथापि व्यवहारेण मिथ्यात्वरागादिपरिणतः सन्नरकादिचतुर्गतिसंक्रमणो भणितः । **पंचग्गगुणप्पहाणो य** यद्यपि निश्चयेन क्षायिकशुद्धपारिणामिकभावद्वयलक्षणस्तथापि सामान्येनौदयिकादिपंचाग्रगुणप्रधानश्च।। **छक्कावक्कमजुत्तो** षट्केनापक्रमेण युक्तः अस्य वाक्यस्यार्थः कथ्यते – अपगतो विनष्टः विरुद्धक्रमः प्रांजलत्वं यत्र स भवत्यपक्रमो वक्र इति ऊर्ध्वाधोमहादिकचतुष्टयगमनरूपेण षड्विधेनापक्रमेण मरणांते युक्त इत्यर्थः । सा चैवानुश्रेणिगतिरिति । **सत्तभंगसब्भावो** स्यादस्तीत्यादि सप्तभंगीसद्भावः । **अट्ठासवो** यद्यपि निश्चयेन वीतरागलक्षणनिश्चयसम्यक्त्वाद्यष्टगुणाश्रयस्तथापि व्यवहारेण ज्ञानावरणाद्यष्टकर्मास्रवः **णवट्ठो** यद्यपि निर्विकल्पसमाधिस्थानां निश्चयेन सर्वजीवसाधारणत्वेनाखण्डैकज्ञानरूपः प्रतिभाति तथापि व्यवहारेण नानावर्णिकागतसुवर्णवन्नवपदार्थरूपः **दह ठाणियो भणियो** यद्यपि निश्चयेन शुद्धबुद्धैकलक्षणस्तथापि व्यवहारेण पृथिव्यप्तेजोवायुप्रत्येकसाधारणवनस्पतिद्वयद्वित्रिचतुःपंचेंद्रियरूपदशस्थानगतः । स कः ? **जीवो** जीवपदार्थः एवं दशविकल्परूपो भवति । अथवा द्वितीयव्याख्यानेन पृथगिमानि दशस्थानानि उपयुक्तपदस्य पृथग्व्याख्याने कृते सति तान्यपि दशस्थानानि भवंतीत्युभयमेलापकेन विंशभेदः स्यादिति भावार्थः ।। ७१-७२ ।।

**समयव्याख्या : अथ जीवविकल्पा उच्यन्ते । स खलु जीवो महात्मा नित्यचैतन्योपयुक्तत्वादेक एव, ज्ञानदर्शनभेदाद्विविकल्पः, कर्मफलकार्यज्ञानचेतनाभेदेन लक्ष्यमाणत्वात्त्रिलक्षणः ध्रौव्योत्पादविनाशभेदेन वा, चतसृषु गतिषु चंक्रमणत्वाच्चतुश्चंक्रमणः, पञ्चभिः पारिणामिकौदयिकादिभिरग्रगुणैः प्रधानत्वात्पञ्चाग्रगुणप्रधानः, चतसृषु दिक्षूर्ध्वमधश्चेति भवांतरसंक्रमणषट्केनापक्रमेण युक्तत्वात्षट्कापक्रमयुक्तः, अस्तिनास्त्यादिभिः सप्तभङ्गैः सद्भावो यस्येति सप्तभङ्गसद्भावः, अष्टानां कर्मणां गुणानां वा आश्रयत्वादष्टाश्रयः, नवपदार्थरूपेण वर्तनान्नवार्थः, पृथिव्यप्तेजोवायुवनस्पतिसाधारणप्रत्येकद्वित्रिचतुःपञ्चेन्द्रियरूपेषु दशसु स्थानेषु गतत्वाद्दश- स्थानग इति ।। ७१-७२ ।।**

અનુવાદ : હવે જીવના ભેદો કહેવામાં આવે છે. તે જીવ મહાત્મા (૧) ખરેખર નિત્યચૈતન્ય-ઉપયોગી હોવાથી 'એક જ' છે; (૨) જ્ઞાન ને દર્શન એવા ભેદોને લીધે 'બે ભેદવાળો' છે; (૩) કર્મફળચેતના, કાર્યચેતના ને જ્ઞાનચેતના એવા ભેદો વડે અથવા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વિનાશ એવા ભેદો વડે લક્ષિત હોવાથી 'ત્રિલક્ષણ (ત્રણ લક્ષણવાળો)' છે; (૪) ચાર ગતિમાં ભમતો હોવાથી 'ચતુર્વિધ ભ્રમણવાળો' છે; (૫) પારિણામિક, ઔદયિક ઈત્યાદિ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી 'પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો' છે; (૬) ચાર દિશાઓમાં, ઊંચે અને નીચે એમ ષડ્વિધ ભવાંતરગમનરૂપ અપક્રમથી યુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશાઓમાં ગમન થતું હોવાથી) 'છ અપક્રમ સહિત' છે; (૭) અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગો વડે જેનો સદ્ભાવ છે એવો હોવાથી 'સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો' છે; (૮) (જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મોના અથવા (સમ્યક્ત્વાદિ) આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી 'આઠના આશ્રયરૂપ' છે; (૯) નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી 'નવ-અર્થરૂપ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે; (૧૦) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી 'દશસ્થાનગત' છે. ૭૧-૭૨**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૬, શનિવાર]

"वह जीवद्रव्य अविनाशी चैतन्य उपयोगसंयुक्त है इस कारण सामान्य नयसे एक ही है। जो जो जीव है सो चैतन्यस्वरूप है इस कारण जीव एक ही कहा जाता है।"

આ જીવ દ્રવ્ય અવિનાશી જ્ઞાતા–દ્રષ્ટા ઉપયોગવાળો છે, દેહાદિની તથા પુણ્ય–પાપની ક્રિયા થાય તેને જાણવાવાળો છે. પુણ્ય–પાપના ભેદો તથા અવસ્થાના ઓછાવત્તા ભેદો પડે છે, તે પર્યાયમાં પડે છે છતાં ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ બધા જીવો સદા ચૈતન્ય ઉપયોગી છે એ જ તેનું સ્વરૂપ છે.

**પ્રશ્ન :** તો પછી દયા કોની પાળવી ?

**સમાધાન :** પર જીવની દયા કોઈ પાળી શકતું નથી, પોતાની પર્યાયમાં રાગ આવે તે જુદી વાત છે પણ આ જીવ દયા પાળવા જેવો છે ને આ જીવ મારવા જેવો છે એવું મૂળ વસ્તુસ્વભાવમાં નથી, કેવલી ભગવાન છે માટે મને આદરણીય છે ને નિગોદનો જીવ આદરણીય નથી એવો ભેદ મૂળ સ્વભાવમાં નથી, જીવ બધાનો જાણનાર–દેખનાર છે. પોતાથી બીજાને મહાન સ્વીકારે એવો જીવનો સ્વભાવ નથી. પોતે જ મહાત્મા છે. જડ શરીર કે કર્મ તો જીવનું સ્વરૂપ નથી પણ જીવની પર્યાયમાં જે ભેદો પડે છે તે પણ જાણવા જેવા છે, તે મૂળ સ્વરૂપ નથી, માટે આદરણીય નથી. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ચાર દર્શનના એમ બાર ભેદો પડે છે તે પર્યાયમાં પડે છે તેની અત્યારે વાત નથી. હું ત્રિકાળ એકરૂપ ચૈતન્ય ઉપયોગી છું, મારા કોઈ દેવ નથી, હું કોઈનો દેવ નથી, હું કોઈનો ધણી નથી ને કોઈ મારો ધણી નથી, સ્વામી ને સેવકપણું વિકલ્પ વખતે હોય છે તે માત્ર પર્યાયના ભેદ જાણવા યોગ્ય છે, પુણ્ય–પાપના ભેદ પર્યાયમાં પડવા છતાં હું અભેદ ચૈતન્યસ્વભાવી છું એવી ઓળખાણ કરવી તે ધર્મ છે.

**પ્રશ્ન :** વિશ્વપ્રેમ કેમ થાય ?

**ઉત્તર :** આ જીવ હીણો છે ને આ જીવ મોટો છે એવા ક્યાંય જ્ઞેયમાં ભાગલા ન પાડે ને પર્યાયના ભેદને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવના સરખાપણાની દૃષ્ટિથી બધા જીવોને જુએ તે વિશ્વપ્રેમ છે. સિદ્ધ આદરણીય છે ને નિગોદ આદરણીય નથી, ધર્મી જીવ પ્રત્યે રાગ કરવા જેવો છે ને ધર્મના દુશ્મન પ્રત્યે દ્વેષ કરવા જેવો છે એ બધા તો ભેદ થયા. એવા ભેદને સ્વભાવમાં સ્થાન નથી. બધા જીવો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એમ ત્રિકાળની દૃષ્ટિથી જોવું તે વિશ્વપ્રેમ છે.

**પ્રશ્ન :** ભગવાનની વાણી આત્માને સ્થિર કરે ?

**ઉત્તર :** વાણી તો જડ છે, વાણીથી આત્મા સ્થિર થતો નથી, તેમ જ આત્મા વાણીને કાઢતો નથી. વાણી નીકળે તો ઈચ્છાને નિમિત્ત કહેવાય. અહીં તો ઈચ્છા કરે તેને પણ આત્મા કહેતા નથી પણ ઈચ્છાને જાણનાર આત્મા છે. આ જ્ઞાન થાય છે તે શ્રવણથી થતું નથી. અંતરચૈતન્ય સ્વભાવમાંથી જ્ઞાન પ્રગટે છે તો વાણીને નિમિત્ત કહેવાય છે. વાણી જ્ઞાનને અડતી નથી ને જ્ઞાન વાણીને અડતું નથી, બન્ને સ્વતંત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ પૂછે કે તો પછી ભીંતમાંથી વાણી કેમ નીકળતી નથી ને આત્મા હોય તો નીકળે છે ?

**સમાધાન** : પક્ષઘાતવાળા જીવો બોલી શકતા નથી ત્યાં જીવ તો છે છતાં વાણી નીકળતી નથી; કારણ કે વાણીનું નીકળવું તે વાણીના કારણે છે, આત્માને લીધે વાણી નીકળતી નથી ને વાણીને લીધે આત્માને લાભ થતો નથી, પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે.

જે જીવ વાણીને લીધે જ્ઞાન માને છે, દેવ–ગુરુ–શાસ્ત્રને લીધે જ્ઞાન ખીલે એમ માને છે તે પોતાના ચૈતન્યસ્વભાવને જાણતો નથી તેથી તેવા જીવો જાત્રા, વ્રત, તપાદિ કરે તો પુણ્ય થાય પણ તેને ધર્મ થતો નથી. સોનું તાંબાને લીધે ૧૫ વલું કહેવાય છે પણ સોનું તો ૧૬ વલું જ છે, તેમ જીવની પર્યાયમાં ભેદ હોવા છતાં બધા જીવો શુદ્ધ છે, ઉપયોગમય છે. ''સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય''—બધા જીવો સિદ્ધ સમાન છે, જે સમજે છે તે સિદ્ધદશાને પામે છે.

હવે બે ભેદથી જીવનું સ્વરૂપ કહે છે :

''वह ही जीवद्रव्य ज्ञानोपयोग – दर्शनोपयोगके भेदसे दो प्रकारका भी कहा जाता है।''

જ્ઞાન ને દર્શન ઉપયોગવાળા એમ બે પ્રકારે જીવો છે. ભાઈ, તારો દર્શન ને જ્ઞાનનો વ્યાપાર કરવાનો જીવનો સ્વભાવ છે. પરનો વેપાર કરવાનો કે રાગ–દ્વેષ કરવાનો જીવનો સ્વભાવ નથી. પૈસા આવે કે જાય તેનો આત્મા જાણનાર છે પણ અજ્ઞાની જીવ પરનો ધણી થાય છે. ''જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફોઈ હું''. જડને ખબર નથી કે મારા ઉપર કોણ રાગ કરે છે. શરીર ઉપર જીવ મમતા કરે છે એવી શરીરને ખબર નથી. મકાનને જોઈને અજ્ઞાની અભિમાન કરે છે એવી મકાનને ખબર નથી, છતાં અજ્ઞાની જીવ ''વરની ફોઈની જેમ'' જડનો ધણી થઈ બેઠો છે, તેને પોતાના જ્ઞાન-દર્શનાવ્યાપારની ખબર નથી તેથી અહીં દર્શન ને જ્ઞાન ઉપયોગવાળો કહી બે પ્રકારના ભેદથી જીવની ઓળખાણ આપી.

હવે જીવના ત્રણ પ્રકાર કહે છે.

''फिर वह ही जीवद्रव्य कर्मचेतना, कर्मफलचेतना, ज्ञानचेतना इन तीन भेदोंकर संयुक्त होने से''

(૧) **કર્મચેતનાવાળો જીવ** : જીવ પોતાનું શુદ્ધચૈતન્ય સ્વરૂપ ચૂકીને દયા, દાન, કામ–ક્રોધાદિના ભાવોમાં એકાગ્ર થાય છે તે કર્મચેતનાવાળા જીવો છે. અમોએ આટલી જાત્રા કરી, આટલાં મંદિરો કર્યાં, આટલાં વ્રત–તપ કર્યાં એમ રાગનું કર્તૃત્વ માને છે. તેને જ સર્વસ્વ માને છે ને પોતાના જ્ઞાતા સ્વભાવને ચૂકી જાય છે. બધા અજ્ઞાની જીવો રાગાદિમાં કર્તૃત્વ માને છે.

(૨) **કર્મફળચેતનાવાળા જીવો** : પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને હરખશોકમાં એકાગ્રતા તે કર્મફળ ચેતના છે. અનુકૂળતા વખતે હરખાઈ જવું ને મંદી આવતાં મરી ગયો માની શોકમાં એકાકાર થવું તે કર્મફળ ચેતના છે.

એકેન્દ્રિય જીવોને કર્મફળ ચેતના ગણી છે તે મુખ્યપણે કથન કરીને કહેલ છે. ત્રસ જીવની જેમ વિશેષ વીર્ય ફોરવી રાગની કર્તૃત્વબુદ્ધિ તેમને મુખ્યપણે હોતી નથી, તેથી ત્યાં કર્મફળચેતના મુખ્ય ગણી છે પણ કર્મચેતના ત્યાં પણ છે જ, ત્રસ જીવો રાગના કર્તૃત્વની મુખ્યતામાં રોકાણા છે તેથી તેમને કર્મચેતના મુખ્ય ગણી છે પરંતુ ત્યાં પણ કર્મફળચેતના છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેટલાક જીવો પ્રતિકૂળતા આવતાં દિલગીરીના દરિયામાં ડૂબી જાય છે ને અનુકૂળતા આવતાં રાગના બરફમાં ગળી જાય છે. તેને જ્ઞાનચેતનાનું ભાન નથી, તેને ધર્મ થતો નથી. નિગોદથી પંચેન્દ્રિય સુધીના બધા અજ્ઞાની જીવોને કર્મફળ ચેતના છે.

(૩) **જ્ઞાનચેતનાવાળા જીવો** : ધર્મી જીવ સમજે છે કે હરખ–શોક મારી નબળાઈથી થાય છે. અમો તેના જાણનાર છીએ. શાંતિનાથ વગેરે ત્રણ તીર્થંકરો ચક્રવર્તી પણ હતા. ૯૬૦૦૦ રાણીઓ હતી, નવ નિધાન હતા, છતાં અંતરભાન હતું કે આ બધા પુણ્યના ઠાઠ છે. તે અમો નથી, અમો તો આત્મા જ્ઞાનસ્વભાવી છીએ. આત્મા જ્ઞાનનો ગાંગડો છે, એમ જ્ઞાનસ્વભાવનું ભાન કરી અંતર એકાકાર થનારો પણ એક જીવનો વર્ગ છે, સમકિતીથી સિદ્ધ સુધીના જીવો આમાં આવી જાય છે.

આ જીવના ભેદનું વર્ણન છે. જીવ રાગમાં એકાકાર થાય કે હરખ–શોકમાં એકાકાર થાય તો તે જીવનો પોતાનો ભેદ છે. કર્મને લીધે કર્મચેતના થાય કે લક્ષ્મીને લીધે હરખ થાય કે જાત્રાના સ્થાનને લીધે પુણ્ય થાય એમ વસ્તુસ્વરૂપ નથી. જીવની પર્યાયની યોગ્યતાને લીધે શુભાશુભ ભાવો થાય છે. પરને લીધે તે થતા નથી. કર્મને લીધે કર્મચેતના નથી તેમ જ કર્મ ખસ્યું માટે જ્ઞાનચેતના નથી. અનુકૂળ સામગ્રી મળે તો જ્ઞાન પ્રગટે ને પ્રતિકૂળ સામગ્રી આવતાં જ્ઞાન રોકાય એમ છે જ નહિ. નિગોદના જીવે ભારે કર્મો કર્યાં છે માટે કર્મફળચેતના હશે ? ને ત્રસમાં હાલવા ચાલવાની શક્તિ છે ને વેપારાદિના સંયોગો છે માટે કર્મચેતના હશે ? ના, જીવનો પોતાની પર્યાયનો ભેદ છે, તે પરને લીધે નથી. શિક્ષકની હોશિયારીના પ્રમાણમાં વિદ્યાર્થી શીખતો નથી, પણ પોતાના કારણે પોતાની યોગ્યતા મુજબ શીખે છે. તેવી રીતે ધર્મમાં જેવા ગુરુ મળે તે પ્રકારે જ્ઞાન કરતો નથી પણ પોતાના કારણે જ્ઞાન કે અજ્ઞાન કરે છે, ગુરુને લીધે નથી.

હવે જીવના ત્રણ પ્રકારે ભેદ બીજી રીતે કહે છે.

"तथा उत्पाद व्यय ध्रौव्य गुण संयुक्त होनेसे तीन प्रकार भी होता है।"

ઉત્પાદ, વ્યય ને ધ્રુવની અપેક્ષાએ જીવના ત્રણ ભેદો છે તે કહે છે.

**ઉત્પાદ** : સિદ્ધને સમયે સમયે કેવળજ્ઞાન થાય, નિગોદને સમયે સમયે અજ્ઞાન થાય, અભવીને સમયે સમયે મિથ્યાત્વનો ઉત્પાદ થાય, ઉત્પાદ બધામાં સમયે સમયે થાય છે એ અપેક્ષાએ બધા સમાન છે. કર્મના ઉત્પાદને લીધે મિથ્યાત્વ થતું નથી. વાણીને લીધે જ્ઞાનનો ઉત્પાદ થતો નથી અજ્ઞાન હો કે જ્ઞાન હો, વિકાર હો કે અવિકાર હો, પૂર્ણ પર્યાય હો કે અધૂરી પર્યાય હો તે ઉત્પાદ પોતાને લીધે છે, પરને લીધે નથી. કોઈ જીવને કેવળજ્ઞાનનો ઉત્પાદ, કોઈને અજ્ઞાનનો, કોઈને ક્ષાયિકસમ્યક્ત્વનો ઉત્પાદ, કોઈને મિથ્યાત્વનો ઉત્પાદ, કોઈને વીતરાગતાનો ઉત્પાદ, કોઈને અચારિત્રનો, તે ઉત્પાદ જીવનો પ્રકાર છે, કર્મને લીધે તે ઉત્પાદ નથી.

તીર્થંકરના સમવસરણમાં જઈને સમ્યક્જ્ઞાનનો ઉત્પાદ કરે કે મિથ્યાજ્ઞાનનો ઉત્પાદ કરે તે પોતાને લીધે છે ને સાતમી નરકમાં અજ્ઞાનનો ઉત્પાદ કરે તો તે પોતાને લીધે છે. પરથી ઉત્પાદ નથી, જીવ પોતામાં ધર્મ કરે કે અધર્મ કરે, રાગ કરે કે વીતરાગતા કરે, ગુણ કરે કે અવગુણ કરે તે પરને લીધે નથી, પોતાને લીધે છે. આમ પોતાને લીધે ઉત્પાદ કરે છે એ અપેક્ષાએ નિગોદથી સિદ્ધ સુધીના બધા જીવો સરખા છે. આમ ઉત્પાદની અપેક્ષાએ જીવનો ભેદ કહ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૭, મંગળવાર]

જીવના ભેદની વાત ચાલે છે. જીવમાં સમયે સમયે નવી અવસ્થા ઉત્પન્ન થાય છે તે જીવનો સ્વભાવ છે. જીવને જુદે જુદે સમયે જુદા જુદા ભાવ થાય છે. રાગ–દ્વેષના ભાવ થાય, કામ, ક્રોધ, મિથ્યાત્વ, સમકિત, કેવલજ્ઞાન, સિદ્ધદશા વગેરેનો ઉત્પાદ થાય તે જીવના કારણે છે, કોઈ કર્મના કારણે નથી. આમ પરથી ભેદજ્ઞાન કરાવી, ઉત્પાદ સ્વતંત્ર બતાવી, માત્ર ઉત્પાદ જેટલો નથી પણ આખો પરિપૂર્ણ છે, એમ દ્રવ્ય તથા પર્યાયનું પ્રમાણજ્ઞાન કરાવવું છે.

**વ્યય** : જીવ સમયે સમયે પૂર્વ અવસ્થાથી બદલે છે તે જીવનો ભેદ છે. મનુષ્યગતિનો વ્યય થઈ દેવગતિ થાય તે કર્મના કારણે નથી. અલ્પજ્ઞતાનો વ્યય થાય, સંસારનો વ્યય થાય, સમકિતનો નાશ થઈ મિથ્યાત્વ થાય, અગિયારમા ગુણસ્થાનથી પડે તે ઉપશમભાવનો વ્યય થયો, તે પોતાના કારણે છે. કર્મનો ઉદય આવ્યો માટે જીવ અગિયારમેથી પડી જાય છે તે વાત સાચી નથી. કુદેવ મળ્યા માટે સમકિતનો વ્યય થયો ? ના, વ્યય તે જીવનો ભેદ છે. કોઈ અજ્ઞાનનો વ્યય, કષાયનો વ્યય, બધા વ્યયનું કારણ જીવ પોતે છે. મુનિ છઠ્ઠે–સાતમે ચારિત્રવાન છે, ને દેહ છૂટી જાય ત્યાં રસ્તામાં અસંયમી થાય છે તો ચારિત્રદશાના વ્યયનું કારણ ? દેવનામકર્મનો ઉદય આવ્યો માટે ? ના. વ્યય તે જીવનો ભેદ છે. પરને લીધે નથી, પૂર્વને લીધે વ્યય નથી. ઉત્પાદને લીધે વ્યય નથી, વ્યયના કારણે વ્યય થાય છે. તે જીવનો ભેદ છે.

**પ્રશ્ન** : તેમાં પર્યાયની મહત્તા આવે છે ?

**સમાધાન** : એક સમયની પર્યાયની સ્વતંત્રતા સ્વીકારતાં ત્રિકાળી દ્રવ્યની સ્વતંત્રતા સ્વીકારવામાં આવે છે.

અહીં સમય સમયની સ્વતંત્રતા જાહેર કરે છે. ઓછા જ્ઞાનનો વ્યય થાય, મિથ્યાત્વનો વ્યય થાય. મનુષ્યગતિનો વ્યય થાય તે બધામાં પોતાનું કારણ છે, કર્મને લીધે તે નથી.

**ધ્રુવ** : જીવનું ધ્રુવપણું જીવના કારણે છે. ધ્રુવપણું ઉત્પાદ કે વ્યયને લીધે નથી. ત્રિકાળી ધ્રુવ-સ્વભાવ પોતાને લીધે છે, બીજાના કારણે નથી.

આમ ઉત્પાદ, વ્યય ને ધ્રુવની અપેક્ષાએ જીવના ત્રણ ભેદો બતાવ્યા.

મનુષ્ય, દેવ, નારકી ને તિર્યંચ—એ ચાર ગતિમાં જીવ રખડે છે તે અપેક્ષાએ જીવના ચાર ભેદ છે. કોઈ કર્મને લીધે અમુક ગતિ મળી એવું સ્વરૂપ નથી. વળી કોઈ કહે છે કે નિગોદમાં કર્મનું જોર ઘણું છે ને ત્રસમાં અવળા પુરુષાર્થનું જોર છે એમ નિગોદ ને ત્રસમાં આવો ભેદ અજ્ઞાની પાડે છે. નિગોદમાં હોય કે ત્રસમાં, ગમે તે ગતિમાં હોય તોપણ વિકાર પોતાના કારણે છે. કર્મને લીધે નથી. શ્રેણિક રાજાએ નરકગતિનું કર્મ બાંધેલું માટે નરકમાં જવું પડ્યું ? કોઈ મનુષ્યમાંથી અનુત્તર વિમાનમાં જાય તે શુભકર્મ બાંધેલું માટે જતો હશે ? અહીં તેની ના પાડે છે. નારક કે તિર્યંચ, મનુષ્ય કે દેવ—તે બધી ગતિમાં જવાની જીવની યોગ્યતા છે. પોતાની સ્વતંત્રતાથી તે રખડે છે. આમ પરથી ભેદજ્ઞાન કરાવે છે.

ફરી જીવના પાંચ પ્રકારે ભેદ કહે છે.

**પારિણામિકભાવ** : આત્મામાં પારિણામિક શુદ્ધભાવ છે, તે એકરૂપ છે. શરીર કે કર્મને લીધે તે નથી. પોતે એકરૂપ છે. વળી પારિણામિકભાવમાં ભવી ને અભવીના ભેદો છે તેનું કારણ ? કોઈ કર્મ કારણ હશે ? ના, ભવી ને અભવી પારિણામિક ભાવે છે, તેમાં કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મનું કારણ નથી. વળી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો સ્વ-અપેક્ષાએ પારિણામિકમાં આવી જાય છે. પારિણામિકભાવ પર્યાય અપેક્ષાએ વિકારરૂપે અથવા ઉપશમરૂપે પોતે થાય છે. કોઈ કર્મને લીધે રાગ થયો અથવા કર્મ ખસ્યાં માટે ગુણ થયો એમ નથી. પોતાના પરિણામ અનુસાર ભેદ પડે છે. આમ સ્વતંત્ર સમજે ને અંશ જેટલો હું નથી પણ હું તો અંશી છું એવું ભાન કરે તો ધર્મ થાય.

**ઔદયિકભાવ** : જીવની પર્યાયમાં રાગ–દ્વેષ, દયા–દાનાદિના પરિણામ થાય તે જીવનો ભેદ છે. કર્મને લીધે ઉદયભાવ નથી. કેવળી ભગવાનનો ઔદયિકભાવ ને નિગોદનો ઔદયિકભાવ તે પોતાના કારણે છે એ અપેક્ષાએ સમાન છે. ભગવાનને કર્મ બાકી છે માટે વિભાવ ને જોગનું કંપન છે એમ નથી. અજ્ઞાની જીવ કર્મ ઉપર દોષ ઢોળે છે. કર્મ તથા પ્રતિકૂળ સંયોગો જીવમાં પેસતા નથી ને તે રાગ–દ્વેષ કરાવતા નથી, પણ અજ્ઞાની જીવ વર્તમાન સંયોગોને દેખી વર્તમાન ભીંસમાં ભીંસાઈ જાય છે; પણ રાગ–દ્વેષ પોતાથી થાય છે એમ સ્વતંત્ર જ્ઞાન કરે તો પરથી છૂટો પડી દ્રવ્યસ્વભાવ તરફ વળવાનો અવકાશ રહે છે.

**ઉપશમભાવ** : જીવમાં સમકિત અથવા ચારિત્રનો ઉપશમ થાય છે તે પોતાના કારણે છે. કર્મનો ઉપશમ થયો માટે ઉપશમભાવ થયો એમ નથી. વળી કર્મો મંદ પડે તો આત્મા ઉપશમશ્રેણીમાં આગળ વધતો હશે ? ના, પોતાના કારણે વધે છે. વળી દેવ–ગુરુ–શાસ્ત્રથી ઉપશમસમકિત નથી પણ પોતાથી છે. અગિયારમે ગુણસ્થાને ઉપશમભાવ ને ચોથે ગુણસ્થાને ઉપશમભાવ પોતાના કારણે છે. એટલી અપેક્ષાએ બન્ને સરખા છે. તે પરને લીધે નથી. આ જીવના ભેદનું વર્ણન છે.

**ક્ષયોપશમભાવ** : જીવમાં જ્ઞાન, દર્શન, વીર્યનો ઉઘાડ જણાય છે, તે જીવને લીધે છે. અજ્ઞાની જીવો કહે છે કે ઘડો છે માટે ઘડાનું જ્ઞાન થાય છે. જૈન કહે છે કે જ્ઞાન જ્ઞાનનું કારણ છે, પરવસ્તુ કારણ નથી. તો અન્યમતવાળા પૂછે છે કે તો પછી ઘડા વખતે ઘડાનું જ જ્ઞાન કેમ થાય છે ને બીજી ચીજનું જ્ઞાન કેમ થતું નથી ? તેનું સમાધાન : તે સમયે જીવની પર્યાયમાં ક્ષયોપશમની યોગ્યતા મુજબ જ્ઞાન થાય છે. હવે જ્યાં ક્ષયોપશમની વાત કરી ત્યાં અજ્ઞાની જીવો બીજી દલીલ કરે છે કે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે માટે જ્ઞાનનો વિકાસ દેખાય છે. તો એ પણ ખોટી માન્યતા છે. જ્ઞાન ઓછું દેખાય કે વધારે દેખાય તે જીવના કારણે છે, પરને લીધે નથી. જે વિવિધતા ને વિચિત્રતા ક્ષયોપશમભાવમાં દેખાય છે તે જીવનો ભેદ છે. આમ સમય સમયનો પર્યાય સ્વતંત્ર સમજે તો ત્રિકાળી સ્વભાવની સ્વતંત્રતાની ખબર પડે.

**ક્ષાયિકભાવ** : ક્ષાયિકસમકિત કેવળી અથવા શ્રુતકેવળીને લીધે થતું નથી. ક્ષાયિકનો ભેદ તારો છે, તે નિમિત્તનો ભેદ નથી. વળી 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું છે કે કેવળજ્ઞાનાવરણીયને લીધે કેવળજ્ઞાન રોકાયું; ત્યાં તો કેવળજ્ઞાનાવરણીય પુદ્‌ગલકર્મનું નિમિત્તપણું બતાવવું છે. પણ તેથી કેવળજ્ઞાન રોકાયું છે એમ ત્યાં કહેવું નથી. કેવળજ્ઞાન રોકાયું તે તારા કારણે છે.

પારિણામિકભાવના ત્રણ ભેદો છે ને બીજા ચાર ભાવના પચાસ ભેદો છે. એમ કુલ પ૩ ભેદોમાં સમજી લેવું કે દરેક પરિણામ પોતાના કારણે છે. અભવી કેમ ? તેનો સ્વભાવ છે. કરોડો ઉપદેશનો ધોધ પડે છતાં તેનું જ્ઞાન ઓગળતું નથી એવો તેનો સ્વભાવ છે. જાતિ, લેશ્યા, અસિદ્ધત્વ વગેરે દરેક ભેદ સ્વતંત્ર પોતાના કારણે છે. જીવ પોતાને વિકારમાં રોકે કે સ્વભાવમાં રોકે પણ પરનું કાંઈ કરી શકે નહિ. તેમ જ પરપદાર્થો જીવમાં કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરી શકે નહિ. પરને લીધે પોતામાં કાંઈ થાય ને પોતાને લીધે પરમાં કાંઈ થાય તો તત્ત્વો નમાલાં થઈ જાય છે. માટે સ્વતંત્રતાનું જ્ઞાન કરી પરથી છૂટા પડી, અંશનું જ્ઞાન કરી અંશ જેટલો પણ હું નથી, હું સ્વભાવે ત્રિકાળ અંશી છું એમ પ્રમાણજ્ઞાન થતાં ધર્મ થાય છે.

જીવ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર, નીચે—એમ છ દિશામાં ગમન કરે છે એમ છ પ્રકારે જીવના ભેદ છે. વિદિશામાં જીવ ગમન કરતો નથી. વિદિશા પહોળાઈની અપેક્ષાએ એકપ્રદેશી છે તેથી જીવ સીધો વિદિશામાં જતો નથી. પૂર્વ, પશ્ચિમાદિ દિશા અસંખ્યપ્રદેશી છે, તેમાં જીવ ગમન કરે છે. તેનું કારણ પોતે છે. કર્મ કારણ નથી.

સપ્તભંગીના સાત ભંગથી જીવ ઓળખી શકાય છે. માટે જીવ સાત પ્રકારે પણ કહેવાય છે.

(૧) **અસ્તિત્વભંગ :** જીવ સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિરૂપે છે. એવા એક ભંગમાં બધા જીવો આવી જાય છે. દ્રવ્ય=ત્રિકાળી વસ્તુ, ક્ષેત્ર=પોતાના અસંખ્ય પ્રદેશરૂપ પહોળાઈ, કાળ=સમય સમયનો પર્યાય, ભાવ=ત્રિકાળી ગુણો કે શક્તિઓ—આમ સ્વચતુષ્ટયથી દરેક જીવ છે.

(૨) **નાસ્તિત્વભંગ :** શરીર, કર્મ, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્રરૂપે આ જીવ નથી. એવો નાસ્તિત્વધર્મ જીવનો છે. નાસ્તિધર્મ પરનો નથી પણ પોતાનો છે. કર્મ, શરીર, વાણીનો જીવમાં અભાવ છે. આ ત્રણે કાળના જીવની વાત ચાલે છે. એકલા સિદ્ધની નહિ. ભવી–અભવી, સંસારી કે સિદ્ધ બધા જીવો પરરૂપે નથી એવા ભેદમાં સમાઈ જાય છે.

(૩) **અસ્તિત્વ–નાસ્તિત્વભંગ:** આત્મા સ્યાત્ પોતાથી અસ્તિ છે. સ્યાત્ પરથી નાસ્તિ છે. એમ ક્રમથી કહી શકાય એવો આત્મામાં ધર્મ છે. વાણીમાં ક્રમ પડે છે માટે વક્તવ્યધર્મ છે એમ નથી. આ ધર્મ પોતાને લીધે છે.

(૪) **અવક્તવ્યભંગ :** આત્મા પોતાથી છે ને પરથી નથી એમ યુગપદ્ કહી શકાતું નથી એવો જીવનો ધર્મ છે. વાણી એકસાથે કહી શકાતી નથી માટે અવક્તવ્યભંગ છે એમ નથી પણ પોતાના કારણે છે.

(૫) **અસ્તિત્વ-અવક્તવ્યભંગ :** પોતે અસ્તિરૂપ છે એમ કહેવાય છે પણ અસ્તિત્વ–નાસ્તિત્વ યુગપદ્ કહી શકાતા નથી એવો અસ્તિત્વ-અવક્તવ્યધર્મ જીવનો છે, વાણીને લીધે નથી.

(૬) **નાસ્તિત્વ-અવક્તવ્યભંગ :** નાસ્તિત્વ ધર્મ કહેવાય છે તે વખતે અસ્તિત્વ–નાસ્તિત્વ યુગપદ્ કહેવાતા નથી એવો નાસ્તિત્વ-અવક્તવ્યધર્મ જીવનો છે, વાણીને લીધે નથી.

(૭) **અસ્તિત્વ–નાસ્તિત્વ-અવક્તવ્યભંગ** અસ્તિ–નાસ્તિ ક્રમે કહી શકાય છે પણ બન્ને યુગપદ્ કહી શકાતા નથી એવો અસ્તિત્વ–નાસ્તિત્વ-અવક્તવ્યધર્મ જીવનો છે.

આમ જીવમાં ઊતરતા સાત ભેદો પરથી જુદા પડાવી ભેદજ્ઞાન કરાવે છે.

સિદ્ધ જીવોમાં આઠ ગુણો અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, અવ્યાબાધ વગેરે છે. તેમ જ સંસારી જીવોમાં આઠ ગુણો શક્તિરૂપે છે તેથી તે પ્રકારે જીવ ઓળખી શકાય છે અથવા સંસારદશામાં જીવ આઠ કર્મોનો આશ્રય લ્યે છે ને અટકે છે એ પ્રકારે પણ જીવમાં આઠ પ્રકારે ભેદ પડે છે. આઠ કર્મો છે માટે ભેદ પડે છે એમ નથી પણ જીવ પોતાના ત્રિકાળી સ્વભાવને ચૂકે છે ને આઠ પ્રકારનાં કર્મનો આશ્રય લ્યે છે તો પોતામાં વિકાર થાય છે. તેથી જીવમાં આઠ પ્રકારના ભેદ કહ્યા.

છઠ્ઠે–સાતમે ઝૂલતા મહામુનિઓએ આ રચના કરી છે, તેમાં પ્રયોજન છે. અહીં પરથી ભેદજ્ઞાન કરાવી, પર્યાય સ્વતંત્ર બતાવી, જ્ઞાનની નિર્મળતા કરાવે છે. પર્યાયમાં વિવિધતા ને

૩૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિચિત્રતા હોવા છતાં પર્યાય સ્વતંત્ર છે એમ જે યથાર્થ માને છે તે જીવ વિવિધતાવિનાના એકરૂપ દ્રવ્યસ્વભાવને સ્વતંત્ર માન્યા વિના રહે નહિ. ને જે વિવિધતાને પરતંત્ર માને છે તે દ્રવ્યને સ્વતંત્ર માની શકે નહિ. પર સાથેની એકત્વબુદ્ધિવાળો જીવ સ્વ તરફ વળી શકે નહિ તેથી અહીં પરથી ભેદજ્ઞાન કરાવે છે. કર્મને લીધે જીવમાં કાંઈ નથી પણ જીવ પોતે વિકાર કરે છે તો થાય છે.

આમ જીવના આઠ પ્રકારે ભેદ બતાવ્યા.

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૮, બુધવાર]

અહીં જીવ કોને કહેવો તેની વાત પ્રમાણજ્ઞાનથી કરે છે. જીવમાં પર્યાયના ભેદની અપેક્ષાએ વાત કરે છે. એટલે અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

'સમયસાર'માં ને 'નિયમસાર'માં જીવદ્રવ્યની વ્યાખ્યા દૃષ્ટિપ્રધાન કથનથી કરવામાં આવી છે. ત્યાં તો પુણ્ય, પાપ આસ્રવ, બંધને વિકાર ગણી શુદ્ધ જીવમાં ગણેલ નથી કારણ કે વિકારના લક્ષે ધર્મ થતો નથી. વળી સંવર, નિર્જરા ને મોક્ષ પણ પર્યાય છે. તે ધર્મની પર્યાયમાંથી પણ ધર્મપર્યાય થતી નથી, તેથી તેને પણ પરદ્રવ્ય ગણીને જીવ ગણેલ નથી. શુદ્ધ ત્રિકાળી જીવ અંતઃતત્ત્વ એકને જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેથી તેને જીવતત્ત્વ ગણેલ છે, વિકારીપર્યાય તથા અધૂરી પર્યાયને ગૌણ કરી શુદ્ધ જીવ ત્રિકાળી એકરૂપ ધ્રુવ રહે છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે તેના આધારે ધર્મ થાય છે ને ધર્મદશા વધે છે, તેથી દર્શનપ્રધાન કથનમાં પર્યાયબુદ્ધિ છોડાવવા ને સ્વભાવબુદ્ધિ કરાવવા શુદ્ધ જીવને જ જીવ ગણ્યો છે.

અહીં જીવદ્રવ્યની જ્ઞાનપ્રધાનથી વાત કરે છે. વર્તમાન પર્યાય ને સામાન્ય દ્રવ્ય એમ બે થઈને જીવદ્રવ્ય છે. અહીં જીવના નવ ભેદ કહે છે.

(૧) **જીવ** : હું ત્રિકાળ એકરૂપ શુદ્ધ જીવ છું તે જીવતત્ત્વ છે.

(૨) **જીવનો ભેદ અજીવ** : આ શરીર છે, વાણી છે, ધર્મ છે, અધર્મ છે, કાળ છે, એ અજીવ પદાર્થને લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે. તે રાગને અજીવ કહ્યો છે ને તે રાગમાં જીવ પોતે રોકાય છે માટે જીવ પોતે અજીવરૂપ થાય છે. અહીં અજીવ કહેતાં શરીર, મન, વાણી ન સમજવાં. તે તો અજીવ છે ને આત્માથી ભિન્ન જ છે પણ અજીવના લક્ષે જે રાગ થાય છે તે પોતાનો ભેદ છે માટે રાગને અજીવ ગણી તેને જીવનો ભેદ ગણ્યો. કર્મ, શરીર તો રૂપી છે, પણ કર્મના લક્ષે થતો રાગ જીવના દ્રવ્ય–ગુણની જેમ અરૂપી છે, તે જીવના અસ્તિકાયમાં થાય છે પણ અજીવના લક્ષે થાય છે તેથી તેને અજીવ કહ્યો પણ તે રાગ શરીર કે કર્મના કારણે થતો નથી પણ જીવના કારણે થાય છે તેથી તેને જીવનો ભેદ કહ્યો. આમ જીવ પોતે અજીવના ભેદરૂપ થાય છે.

(૩) **જીવનો ભેદ પુણ્ય** : જીવની પર્યાયમાં દયા–દાનાદિના ભાવ થાય છે. તે જીવના કારણે છે, અરૂપી છે. કર્મને લીધે અથવા પરને લીધે પુણ્યભાવ થતા નથી. જીવની પર્યાયમાં પુણ્ય થવાની લાયકાત છે. કર્મ તથા આત્માને અત્યંત અભાવ છે, પુણ્ય તથા આત્મામાં કથંચિત્ ભાવ છે કેમ કે પર્યાયમાં પુણ્ય થાય છે ને પુણ્યનો ભાવ ત્રિકાળી સ્વભાવમાં નથી માટે પુણ્યને અને આત્માને કથંચિત્ અભાવ છે. અહીં કહે છે કે જીવને શુભભાવ થાય છે તે જીવનો ભેદ છે. 'મોક્ષમાર્ગપ્રકાશ'માં લખાણ આવે છે કે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો પુરુષાર્થ થઈ શકતો નથી પરંતુ જ્યાં કર્મનો ઉદય મંદ થાય ત્યાં પ્રમાદી ન થવું પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાવધાન થઈ પોતાનું કાર્ય કરી લેવું એમ જે કથન આવે છે તે નિમિત્તથી કથન છે. કર્મ તથા આત્માને અત્યંત અભાવ છે. મંદ કર્મને લીધે કષાયની મંદતા થાય એમ માન્યતા કરવી તે ખોટી દૃષ્ટિ છે. પુણ્યનો ભાવ જીવનો છે એમ યથાર્થ જ્ઞાન કરી પછી નવે ભેદોથી રહિત હું અખંડ શુદ્ધ છું એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

(૪) **જીવનો ભેદ પાપ** : જીવની પર્યાયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાયના અશુભ પરિણામ થવા તે પાપ છે. તે જીવનો ભેદ છે. પર નિમિત્તથી કે જડનાં અસ્તિત્વથી પાપનાં પરિણામ થતા નથી. અજ્ઞાની જીવો કહે છે કે શું કરીએ ? એવો કર્મનો ઉદય આવ્યો કે અશુભભાવ થાય છે. કર્મનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ તારાથી પર છે, તેનું અસ્તિકાય તારામાં નથી. જો કર્મથી રાગ થાય તો મોક્ષ થવાનો અવસર રહેતો નથી. તું જીવ છો, વિકારરૂપે થા કે સ્વભાવરૂપે થા તે તારો ભેદ છે, કર્મનો ભેદ નથી. પોતાના શુદ્ધ ત્રિકાળી સ્વભાવને ચૂકીને અશુભ પરિણામરૂપે જીવ પોતે થાય છે, શરીરને લીધે કે પરને લીધે અશુભભાવ થતા નથી, પોતાના અસ્તિકાયમાં થાય છે.

(૫) **જીવનો ભેદ આસ્રવ** : પુણ્ય–પાપના ભાવ બન્ને આસ્રવ છે. કર્મના પરમાણુઓ આવે છે, માટે જીવમાં આસ્રવ થાય છે એમ નથી; કારણ કે કર્મનો આસ્રવ કર્મમાં છે. કર્મ જડ છે, કોઈ ઝવેરાતનો વેપાર કરે, કોઈ વિદ્યાર્થીને ભણાવે, કોઈ છોકરાને વિલાયત ભણવા મોકલે, આવા જુદા જુદા અશુભભાવનો આસ્રવ થાય તેનું કારણ જુદાં જુદાં કર્મો ઉદયમાં હશે માટે વિચિત્રતા હશે ? ના, કર્મના કારણે વિચિત્રતા નથી, તારા કારણે વિચિત્રતા છે. જીવ પોતે આસ્રવરૂપ થાય છે.

(૬) **જીવનો ભેદ બંધ** : આ ભાવબંધની વાત છે, કર્મનો બંધ કર્મમાં છે. કર્મ જડ છે. જીવ રાગ–દ્વેષમાં રોકાઈ જાય છે તે ભાવબંધ પોતાના અસ્તિકાયમાં થાય છે. તે જીવનો ભેદ છે. કર્મના બંધને આત્મા સાથે સંબંધ નથી. ભાવબંધ જડમાં નથી, જડને લીધે નથી.

(૭) **જીવનો ભેદ સંવર** : આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તેવી ઓળખાણ કરી જે સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય પ્રગટે તે સંવર છે, તે જીવનો ભેદ છે. સ્ત્રી, કુટુંબને છોડી દીધાં કે કર્મ રોકાણું માટે સંવર થાય એમ નથી, કર્મ પર છે ને વિકાર મારું સ્વરૂપ નથી, પુણ્ય–પાપ રહિત સ્વભાવનો આશ્રય કરતાં જે અરાગીપર્યાય પ્રગટ થાય છે તે સંવર છે. સંકલ્પ–વિકલ્પનો અભાવ કરી સંવર થાય છે એમ જે કહેવામાં આવે છે તે વ્યવહારથી કથન છે, જે વિકલ્પ થયો છે તેને છોડી શકાતો નથી, તેનો વ્યય બીજે સમયે થાય તો તે કેવી રીતે થાય ? સંકલ્પ–વિકલ્પની રુચિ છોડીને હું શુદ્ધ જ્ઞાતા–દ્રષ્ટા છું એવા ભાનપૂર્વક સ્વભાવમાં એકાગ્ર થતાં સંકલ્પ–વિકલ્પ ઉત્પન્ન થતા જ નથી, તેને વિકલ્પ છોડીને અથવા રોકીને સંવર કર્યો એમ કહેવામાં આવે છે. કર્મ આવતું અટકી ગયું માટે સંવર થયો ? ના. આ જીવદ્રવ્યના અસ્તિકાયની વ્યાખ્યા છે, જીવના કારણે જીવમાં સંવર થાય છે.

(૮) **જીવનો ભેદ નિર્જરા** : જીવની પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. કર્મનું છૂટી જવું કર્મમાં છે, તેને આત્માની સાથે સંબંધ નથી. સોનામાં જુદા જુદા રંગના ભેદ પડે છે તે સોનાના ભેદ છે, તેમ જીવમાં જુદા જુદા ભેદ પડે છે તે જીવના ભેદ છે. અજ્ઞાની પરને લીધે કાર્ય માને છે. સ્વપર્યાયમાં નવ ભેદનું જ્ઞાન કરવું ને ત્રિકાળી દ્રવ્ય–સામાન્યનું જ્ઞાન કરવું એમ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે.

(૯) **જીવનો ભેદ મોક્ષ** : જીવ મોક્ષ દશા પામે છે તે જીવનો ભેદ છે. કર્મો છૂટ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે મોક્ષ થયો એમ નથી. જીવના કારણે જીવના અસ્તિકાયમાં મોક્ષ થાય છે.

'પંચાધ્યાયી'માં શંકાકાર કહે છે કે નવ તત્ત્વો જીવમાંથી નીકળી જાય છે માટે નવ પદાર્થો કહેવા ન જોઈએ. જીવ તો એકરૂપ છે માટે એકરૂપ જ કહો ને ?

**સમાધાન** : નવ ભેદ જીવમાં થાય છે માટે નવ ભેદ બરાબર કહેવા જોઈએ. પર્યાયનો સર્વથા અભાવ માનવાથી પર્યાયવાનના અભાવનો પ્રસંગ આવશે ને જો પરથી નવ ભેદ થતા હોય તો તેનો નિષેધ કરી શકાતો નથી. તે ભેદો પોતાથી પોતામાં થાય છે, એમ કબૂલ કર્યા પછી સ્વભાવનો આશ્રય લેવા માટે તેનો નિષેધ કરવો જોઈએ. પરપદાર્થો ને કર્મ આત્મામાં નથી તો તેનો નિષેધ શો કરવો ? ને પરના કારણે જીવમાં નવ ભેદ થતા હોય તો તેનો કેવી રીતે નિષેધ કરવો ? માટે અશુદ્ધતાનાં પરિણામો જીવમાં જીવના કારણે થાય છે એમ નક્કી કરી તેનો નિષેધ કરે તો અભેદ સ્વભાવમાં ઠરી શકે, પણ નવ ભેદો પર્યાયમાં ન જ માને અથવા પરથી માને તો તેનું જ્ઞાન યથાર્થ નથી, તેને ધર્મ થતો નથી. નવ ભેદો પર્યાયમાં પોતાથી થાય છે ને પોતે ત્રિકાળ એક અભેદસ્વરૂપી છે એમ પર્યાય ને દ્રવ્યનું જ્ઞાન કરી સ્વભાવ તરફ વળવું તે ધર્મ છે.

વળી જીવને દસ પ્રકારે વર્ણવે છે.

(૧) **પૃથ્વીકાય જીવ** : 'સમયસાર'માં પૃથ્વીકાય આદિ જીવોના ભેદને કર્મકૃત કહ્યા છે, ત્યાં પર્યાયદૃષ્ટિ છોડાવવા ને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવવા એમ કહેલ છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે, સચેત મીઠાના એક કણિયામાં અસંખ્ય શરીર છે ને એક એક શરીરમાં એક એક જીવ છે, તે પૃથ્વીકાયનો જીવ એકેન્દ્રિયપણે થયો છે તે પોતાના અપરાધથી થયો છે. નામકર્મના ઉદયથી થયો છે એમ નથી. કર્મ પુદ્‌ગલાસ્તિકાય છે, જીવમાં તેનો અભાવ છે. વળી કર્મ રૂપી છે, જીવ અરૂપી છે. વળી અહીં એકેન્દ્રિય શરીરની વાત નથી. તે તો જડ છે, જીવ પોતે અપરાધ કરી એકેન્દ્રિયની હીણી દશારૂપ થયો છે, તે અપરાધ જીવનો છે, કર્મનો નથી.

(૨) **અપકાય જીવ** : પાણીના એક બિન્દુમાં અસંખ્ય શરીર છે ને એક શરીરમાં એક જીવ છે. એકેન્દ્રિય શરીરની વાત નથી, અંદર જીવ છે તેની વાત ચાલે છે. વળી એકેન્દ્રિય કર્મનો ઉદય આવ્યો માટે પાણીમાં જન્મ્યો ? ના, કર્મ પુદ્‌ગલ છે પુદ્‌ગલને લીધે જીવમાં કાંઈ થતું નથી.

પરને લીધે અથવા કર્મને લીધે વિકાસ ઓછો થયો માનવામાં આવે તો પર્યાય પરાધીન થતાં જીવદ્રવ્ય પરાધીન થાય છે એટલે જીવ સાબિત થતો નથી. હીણા પરિણમનરૂપે જીવ થયો છે. તે જીવનો ભેદ છે.

(૩) **અગ્નિકાય જીવ** : દીવાસળી તથા ભઠ્ઠીમાં જે અગ્નિ દેખાય છે તે શરીર છે, તેમાં અરૂપી અગ્નિકાયનો જીવ છે. શરીર તો પુદ્‌ગલ છે ને કર્મ પુદ્‌ગલ છે બન્ને રૂપી છે, જીવ અરૂપી છે. જીવ પોતાના કારણે હીણારૂપે પરિણમ્યો છે. શરીર ઊનું મળ્યું માટે અગ્નિકાય જીવ છે એમ નથી,

પાણી દ્રવે છે માટે જલકાય જીવ છે એમ નથી,

પૃથ્વી કઠણ છે માટે પૃથ્વીકાય જીવ છે એમ નથી.

દરેકમાં જીવ પોતાના કારણે છે એમ પરથી જુદો પાડી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૯, ગુરુવાર]

અહીં જીવાસ્તિકાયનું વર્ણન છે. જીવ અસંખ્યપ્રદેશી અનંત ગુણોનો પિંડ છે. તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમય–સમયની અવસ્થા થાય છે તે જીવને લીધે થાય છે. પરને લીધે થતી નથી. ઉદયાદિ ભાવો જીવનું સ્વતત્ત્વ છે, કર્મને લીધે તે નથી. બીજું તત્ત્વ ભલે ઉપસ્થિત હો પણ તેને લીધે ભેદ પડતો નથી.

અહીં જીવની પર્યાયના સ્વતંત્ર ભેદ બતાવી, તે ભેદ અથવા રાગ જેટલો હું નથી, હું તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું એવી અંતરરુચિનું પરિણમન કરે તો સમ્યગ્દર્શન થાય છે, પણ તે સમ્યગ્દર્શન થયા પહેલાં પર્યાય સ્વતંત્ર સ્વીકારવી જોઈએ. જે જીવ પરથી પર્યાય માને છે તેને પર્યાયદૃષ્ટિ ટળી શકશે નહિ. જીવમાં સમયે–સમયે ક્રમબદ્ધપર્યાય થયા કરે છે. ત્રણ કાળની પર્યાય જેટલું દ્રવ્ય છે ને જેટલી પર્યાય તેટલા ત્રણ કાળના સમયો છે. અમુક પ્રકારનું નિમિત્ત આવે તો આવી પર્યાય થાય ને અમુક પ્રકારનું નિમિત્ત ન આવે તો આવી પર્યાય ન થાય એમ માને તો પર્યાય સ્વતંત્ર નહિ રહેતાં દ્રવ્ય અવ્યવસ્થિત થઈ જાય છે. તેને પર્યાયદૃષ્ટિ ટળી દ્રવ્યદૃષ્ટિ થઈ શકશે નહિ.

(૪) **વાયુકાય** : જીવના દસ પ્રકારે ભેદો કહે છે. તેમાં પૃથ્વીકાય, અપકાય ને તેજકાયની વાત ગઈકાલે થઈ ગઈ છે. અહીં વાયુકાયના શરીરની વાત નથી તેમ જ નામકર્મ પણ જડ છે. અંદર જીવની પર્યાય એકેંદ્રિયગતિને યોગ્ય છે તેની વાત ચાલે છે. તે જીવનો ભેદ છે. શરીર ને કર્મનો જીવમાં અત્યંત અભાવ છે. જીવની પર્યાય કર્મથી જુદી છે એવું ભેદજ્ઞાન કરવાની જેને તાકાત નથી તેને વિકારથી જુદો હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છું એવું ભેદજ્ઞાન કરવાની તાકાત પ્રગટશે નહિ.

અજ્ઞાની માને છે કે કર્મના ઉદયને લીધે જીવ વાયુકાયરૂપે થયો પણ તે માન્યતા ભૂલભરેલી છે. જીવના દ્રવ્ય–ગુણ શુદ્ધ છે પણ પર્યાયમાં જે અશુદ્ધતા ને હીણપ છે તે જીવની પર્યાયની યોગ્યતાના કારણે છે, કર્મ અથવા શરીરને લીધે નથી. વળી જીવની એકેંદ્રિયની યોગ્યતા થઈ માટે શરીર તે રૂપે પરિણમ્યું એમ પણ નથી. તેમ જ નામકર્મનો ઉદય આવ્યો માટે શરીર એકેંદ્રિયપણે પરિણમ્યું એમ પણ નથી. જીવની એકેંદ્રિયપણાની યોગ્યતા, કર્મનો તે પ્રકારનો ઉદય ને શરીરનું એકેંદ્રિયપણે થવું ત્રણે એક સમયે હોવા છતાં એકને લીધે બીજું નથી. એકબીજાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ કર્તા–કર્મસંબંધ નથી. એકને લીધે બીજાનું કાર્ય માનવામાં આવે તો કર્તા–કર્મસંબંધ થઈ જાય છે. જીવ ને પુદ્‌ગલમાં અત્યંત અભાવ છે ને પુદ્‌ગલની એક પર્યાયને પુદ્‌ગલની બીજી પર્યાય સાથે અન્યોન્ય અભાવ છે. જે અભાવરૂપે હોય તે બીજામાં શું કરે ? કાંઈ ન કરે. છતાં જે જીવ એકને લીધે બીજામાં કાર્ય માને છે તે ઈશ્વરકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

વળી જીવ વિગ્રહગતિમાં હોય છે ત્યારે પણ સ્વતંત્ર છે. આનુપૂર્વીનામકર્મનો ઉદય છે માટે એકેંદ્રિયનું પરિણમન છે અથવા કાર્મણશરીર સાથે છે માટે એકેંદ્રિયપણું થયું છે એમ નથી. કાર્મણશરીર કે ઔદારિકશરીરને લીધે જીવનું એકેંદ્રિયપણું નથી ને જીવના એકેંદ્રિયપણાને લીધે શરીર નથી. શરીર શરીરની લાયકાતથી છે તો જીવનું એકેંદ્રિયપણું નિમિત્ત કહેવાય છે. જીવ જીવમાં છે, જીવ પુદ્‌ગલમાં નથી; પુદ્‌ગલ પુદ્‌ગલમાં છે, પુદ્‌ગલ જીવમાં નથી. એકબીજાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, પણ એકબીજામાં કોઈનો પ્રવેશ નથી. એમ સમજે તો એક જીવ બીજાને મારી શકે અથવા બચાવી શકે એવી તાકાત કોઈ જીવમાં નથી એમ નિર્ણય થાય. દરેક દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ અંશો પોતામાં છે. એકને લીધે બીજામાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય નથી. આમ સ્વતંત્ર સમજે તો પરથી છૂટો પડી દ્રવ્ય તરફ વળવાનો અવસર રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૫) **પ્રત્યેક** : એક શરીરમાં એક જીવ રહે છે તે નિમિત્તનું કથન છે. દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. ગતિ, લેશ્યા, કષાય આદિના જે પરિણામ થાય છે તે કર્મને લીધે અથવા શરીરને લીધે નથી પણ પોતાના કારણે છે. વળી જીવના પરિણામને લીધે શરીર આવે છે એમ પણ નથી, ને કર્મને લીધે શરીર આવે છે એમ પણ નથી. કર્મ કાર્મણના પરમાણુ છે ને શરીર ઔદારિકના પરમાણુ છે. પ્રત્યેક વનસ્પતિ જીવનો ભેદ પોતાના કારણે છે તો કર્મને અને શરીરને નિમિત્ત કહેવાય છે. રાગ-દ્વેષ મારાથી થાય છે, તે મારો ભેદ છે એમ જ્ઞાન કરી અંશ જેટલો હું નથી. હું તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું એમ જ્ઞાન કરી દ્રવ્યનો આશ્રય લ્યે તો સમ્યગ્દર્શન થાય છે. નિમિત્તમાંથી, રાગમાંથી કે પર્યાયમાંથી સમ્યગ્દર્શન થતું નથી.

'નિયમસાર' ને 'સમયસાર'માં એમ કહ્યું કે જીવના વ્યવહારરત્નત્રયના પરિણામ જડ છે, પુદ્‌ગલના છે, કેમ કે શુદ્ધ સ્વભાવમાંથી તે પરિણામો નીકળી જાય છે માટે હેય છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ એક જ આદરણીય છે.

અહીં 'પંચાસ્તિકાય'માં કહે છે કે રાગાદિ પરિણામ તારી યોગ્યતાથી થાય છે. તે જીવનો ભેદ છે. એમ કબૂલ કરે તો અભેદની દૃષ્ટિ થાય છે.

**પ્રશ્ન** : તો પહેલાં કયું પુસ્તક વાંચવું ? 'સમયસાર' કે 'પંચાસ્તિકાય' ?

**સમાધાન** : પર્યાય પોતાનો છે એમ અંશનું સાચું જ્ઞાન ત્યારે જ થાય છે કે જો પોતા તરફ વળે તો. ઉપશમ, ઔદયિક, ક્ષયોપશમ કે ક્ષાયિક કોઈ પણ ભાવની પર્યાય સ્વતંત્ર થાય છે એમ પ્રથમ વ્યવહારજ્ઞાન કરે છે પણ અંશી દ્રવ્યસ્વભાવના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન યથાર્થ કહેવાતું નથી. દ્રવ્યાનુયોગમાં દૃષ્ટિપ્રધાન કથનમાં રાગને અસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કહ્યો છે ને અભૂતાર્થ કહ્યો છે. 'પંચાસ્તિકાય'માં જ્ઞાનપ્રધાન કથનમાં રાગાદિ પરિણામને અશુદ્ધનિશ્ચયનો વિષય કહ્યો છે ને તે સમય પૂરતો ભૂતાર્થ છે તે વ્યવહારના વિષયનું જ્ઞાન કરવું જોઈએ. તેને પરતંત્ર માને તે તો સ્થૂલ ભૂલમાં છે, તેથી તેને એક સમય પૂરતો ભૂતાર્થ કહ્યો છે. તે તારી પર્યાયમાં તારા કારણે થાય છે પણ તે રાગ વ્યવહારનો વિષય છે, તે જ્ઞેય છે પણ રાગ અથવા વ્યવહારના આશ્રયે ધર્મ થતો નથી તેથી અનિત્ય-ભૂતાર્થને ગૌણ કરી, નિશ્ચયની દૃષ્ટિમાં તેને અભૂતાર્થ કહ્યો છે. ને ત્રિકાળી એકરૂપ સ્વભાવને ભૂતાર્થ કહ્યો છે.

'સમયસાર' ગાથા ૧૧માં કહ્યું છે :

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.**

પર્યાયની સ્વતંત્રતા સ્વીકારે તેને ત્રિકાળી સ્વભાવનું યથાર્થ જ્ઞાન થાય છે. પર્યાયમાં વિવિધતા ને વિચિત્રતા છે તે મારો ભેદ છે એમ નક્કી કર્યા વિના દ્રવ્યનું સાચું જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન** : પહેલાં કયું જ્ઞાન કરવું ?

**સમાધાન** : ભૂતાર્થ ત્રિકાળી શુદ્ધ છું એમ નિશ્ચયનું જ્ઞાન કર્યા વિના પર્યાયનું જ્ઞાન યથાર્થ કહેવાતું નથી. અભેદ વિના ભેદ કોનો ? વિકાર સ્વતંત્ર થાય છે એમ સાધારણ નક્કી કરે પણ સ્વભાવનું જ્ઞાન કર્યા વિના રાગાદિ પર્યાયનું જ્ઞાન યથાર્થ નથી. મારું જ્ઞાન મારા અખંડ શુદ્ધ સ્વભાવમાંથી આવે છે એમ નક્કી કરતાં જે સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તે જ્ઞાન જાણે છે કે આવા પ્રકારના વ્યવહારરત્નત્રયના શુભરાગ પર્યાયમાં વર્તે છે ને આવાં નિમિત્તો છે પણ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નિમિત્તો કે રાગમાંથી આવતું નથી પણ દ્રવ્યના આશ્રયે પ્રગટે છે. પણ જીવ પરિપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સાધકદશામાંશુભ રાગ આવે છે. વીતરાગ ભગવાન પરિપૂર્ણ થઈ ગયા તેમને નય નથી. અજ્ઞાનીને નય નથી, સાધકને નય છે. સાધક જીવ નયજ્ઞાનથી ચોથે, પાંચમે, છઠ્ઠે જે પ્રકારના શુભરાગનો વ્યવહાર હોય છે તેને જાણી લ્યે છે. જડની પર્યાય વ્યવહાર નથી.

આમ નિશ્ચયદ્રષ્ટિ જેને થઈ છે કે શરીર, કર્મ વગેરે પર છે ને રાગ મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવા નિશ્ચયના ભાનવાળાને જે રાગ–દ્વેષાદિના પરિણામ વર્તે છે તેને 'સમયસાર'માં વ્યવહાર કહ્યો છે, પણ નિશ્ચયના ભાન વિના વ્યવહાર કહેવાતો નથી. 'સમયસાર'માં જે રાગાદિ પરિણામને વ્યવહાર કહ્યો છે તેને અહીં અશુદ્ધનિશ્ચયથી પોતાના છે, એમ કહી જ્ઞાન કરાવે છે.

(૬) **સાધારણ** : નિત્યનિગોદના જીવો પોતાના પ્રચુર માઠાં પરિણામોને કારણે નિગોદમાં રહ્યા છે. કર્મને લીધે નિગોદપણું છે એમ નથી.

**પ્રશ્ન** : તો પછી એકાંત થઈ જાય છે.

**સમાધાન** : જીવ પોતાથી છે ને પરથી નથી એ જ અનેકાંત છે. પોતાના ધર્મો પોતામાં છે ને પરના ધર્મો પરમાં છે.

એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી (અસ્તિ–નાસ્તિ આદિ) પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. પોતાની વિરુદ્ધ શક્તિઓ અસ્તિ–નાસ્તિ આદિ પોતામાં છે.

અજ્ઞાની જીવો કહે છે કે સંજ્ઞી જીવોને મન છે માટે પુરુષાર્થ કરી શકે છે પણ અસંજ્ઞી જીવોને મન નથી માટે ત્યાં કર્મનું જોર છે માટે પુરુષાર્થ કરી શકતા નથી, તો તે વાત ખોટી છે. દરેક જીવ પુરુષાર્થ પોતાના કારણે કરે છે. મન છે તો પુરુષાર્થ કરે છે એમ નથી ને મનનો અભાવ છે માટે પુરુષાર્થ અટકે છે એમ પણ નથી.

આ જૈનદર્શન છે. સર્વજ્ઞે વસ્તુ બનાવી નથી. વસ્તુ જેવી છે તેવી જોઈ છે ને વાણી દ્વારા આવી છે. વસ્તુ વસ્તુના કારણે છે. સર્વજ્ઞ સર્વજ્ઞના કારણે છે. નિત્યનિગોદનો જીવ જે હજુ સુધી ત્રસ પણ થયો નથી તે પોતાના કારણે છે. વળી શરીરમાં અનંતા જીવો રહે, શ્વાસ, આહાર, એકીસાથે લ્યે, એમ જે કથન આવે છે તે વ્યવહારનું કથન છે. શરીર, શ્વાસ, આહાર, વગેરે ભેદો પુદ્‌ગલના છે. જીવના ભેદ નથી. પોતાના કારણે નિત્ય કે વ્યવહાર નિગોદરૂપે રહ્યો છે. જો પર્યાય પરથી માનવામાં આવે તો પર્યાય પોતાની રહેતી નથી તેથી દ્રવ્ય પર્યાયવિનાનું થઈ જાય છે. આમ માનતાં જ્ઞાન ખોટું ઠરે છે.

અહીં પ્રથમ નિમિત્તથી ભેદજ્ઞાન કરાવે છે. આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે ત્રિકાળ ગુણો છે તેની જેટલી પર્યાય તેટલા સમયો છે ને જેટલા સમયો તેટલી પર્યાયો છે. મિથ્યાત્વ, અજ્ઞાનાદિના ભાવ પોતાના કારણે છે, દર્શનમોહના કારણે નથી. જડકર્મને લીધે તે ભાવ થાય તો કર્મ ઉપર જોવાનું રહે પણ પોતાના સ્વ–ચતુષ્ટય સામે જોવાનું રહેતું નથી. તેવા જીવને ધર્મ થતો નથી.

વનસ્પતિકાયના જીવને મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, ગતિનો ભાવ વગેરે જે પરિણામ થાય છે તે તેના અસંખ્યપ્રદેશમાં થાય છે, એમ ક્ષેત્ર એક છે પણ કાળ એક સમયનો છે. જ્ઞાન-દર્શનાદિ જે ગુણો છે તે અસંખ્યપ્રદેશમાં છે પણ તે ત્રિકાળ છે. આમ રાગ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયનો હોવા છતાં તે પોતાના કારણે છે, જડમાં નથી તેમ જ જડના કારણે નથી, આમ સ્વતંત્ર જ્ઞાન કરવું જોઈએ.

વળી નિગોદમાંથી નીકળીને કોઈ જીવ મનુષ્ય થાય તો કર્મ મંદ પડ્યું માટે મનુષ્ય થયો એમ નથી, પણ પોતાના કારણે ઊંચો આવે છે. જેમ દ્રવ્ય-ગુણ સ્વતંત્ર છે તેમ પર્યાય પણ સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી. આ ગાથામાં શબ્દો થોડા છે પણ પાછળ ભાવ ઘણો છે. કુંદકુંદાચાર્ય તથા અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સમર્થ આચાર્ય હતા. પોતાના સ્વભાવના આશ્રયે ત્રણ કષાયોનો નાશ કર્યો છે ને કર્મોનો તો એના કારણે નાશ થયો છે. એવા ચારિત્રવંત મુનિઓને વિકલ્પ ઊઠેલ છે ને પુસ્તકની રચના પુસ્તકના કારણે થઈ છે. આચાર્ય કહે છે કે અમારાથી પુદ્ગલમાં કાંઈ થતું નથી ને પુદ્ગલથી અમારામાં ભેદ પડતો નથી. તેઓ કહે છે કે ભાઈ, દરેક જીવના પરિણામ પોતાથી થાય છે. આ તારી સ્વતંત્રતાની વાત થાય છે. નિગોદમાં ત્રણ ભાવો હોય છે. પારિણામિક ભાવ ત્રિકાળી છે, ને ઔદયિક ને ક્ષયોપશમભાવ પર્યાયમાં છે, તે નિગોદનો જીવ સ્વતંત્ર કરે છે.

(૧) જો ઉદયભાવ ન હોય તો સિદ્ધદશા થઈ જાય,

(૨) જો જ્ઞાનાદિનો ક્ષયોપશમભાવ ન હોય તો કેવળદશા થઈ જાય,

(૩) જો ત્રિકાળી પરિણામિકભાવ ન હોય તો જીવનો અભાવ થઈ જાય.

તત્ત્વાર્થસૂત્રમાં રાગાદિ ઔદયિકભાવને સ્વતત્ત્વ કહેલ છે ને 'સમયસાર'માં રાગાદિને પરતત્ત્વ કહેલ છે. 'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન કથન છે, વિકાર છૂટી જાય છે તેથી તેને પરતત્ત્વ કહેલ છે. વળી જડ પદાર્થોને તો આત્મા છોડતો નથી; કેમ કે તેને કદી ગ્રહ્યા જ નથી. પણ રાગને આત્મા છોડે છે અથવા નાશ કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. જે સમયે રાગનો ઉત્પાદ છે તેનો તે સમયે કેવી રીતે નાશ કરવો ? ને જે રાગ નથી તેનો શું નાશ કરવો ? સ્વભાવ-દૃષ્ટિપૂર્વક લીનતા થતાં રાગ ઉત્પન્ન ન થયો ત્યારે રાગને છોડ્યો અથવા નાશ કર્યો એમ કથન કરવામાં આવે છે.

અહીં સાધારણ વનસ્પતિકાયના જીવની વાત ચાલે છે. 'ગોમ્મટસાર' ગાથા-૧૯૭માં લખાણ છે કે "भावकलङ्कसुपउरा" નિગોદના જીવો પોતાના ઘણા પ્રચુર માઠા પરિણામને લીધે નિગોદ અવસ્થાને છોડતા નથી એટલે કે ત્યાં ને ત્યાં રહે છે.

**પ્રશ્ન** : કર્મનો પ્રભાવ જીવમાં પડે ને ?

**સમાધાન** : ના. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે, જે અભાવરૂપ હોય તે અસર કેવી રીતે કરે ? જો અસર કરે તો ભાવરૂપ થઈ જાય છે. અભાવ રહેતો નથી. એક સ્કન્ધની પર્યાયમાં એક પરમાણુની પર્યાય બીજાને અડતી નથી. બે ગુણ અધિક હોય તો સ્કન્ધરૂપ થાય છે, તો પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રભાવ પાડે તે અસંભવિત છે. કોઈ પણ કાર્ય પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં કાર્ય થતું નથી. જો કાર્ય પરતંત્ર માન્યા કરે તો સ્વતંત્ર થવાનો અવસર રહેતો નથી માટે અહીં સ્વતંત્રતાનું જ્ઞાન કરાવે છે.

(૭) **બેઇન્દ્રિય** : બેઇન્દ્રિય શરીર તે જીવ નથી. ભાવ બેઇન્દ્રિયપણું જીવનો ભેદ છે; વળી જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમને લીધે જ્ઞાનનો ઉઘાડ નથી. વળી નામકર્મને લીધે બેઇન્દ્રિયનું શરીર નથી, કાર્મણશરીરના પરમાણુ છે, ઇન્દ્રિય ઔદારિકના પરમાણુ છે, બન્નેની જાત જુદી છે. એક પરમાણુની પર્યાય બીજા પરમાણુની પર્યાયને બનાવતી નથી. તો કર્મપરમાણુથી કે શરીરના પરમાણુથી આત્મામાં કાર્ય થાય તેમ બને નહિ. બધા સ્વતંત્ર છે. આમ સ્વતંત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન કરી, રાગ જેટલો હું નથી, હું તો જ્ઞાતા છું એમ ભાન કરવું તે ધર્મ છે. આવા ભાન વિના વ્રત, તપ બધાં એકડા વિનાનાં મીંડાં જેવાં છે.

(૮) **તેઇન્દ્રિય** : અંદર ત્રણ ભાવઇન્દ્રિયનો ઉઘાડ થયો તે જીવનો ભેદ છે. પોતાના જ્ઞાનનો ઉત્પાદ પોતાના કારણે છે ને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કર્મના કારણે છે.

**પ્રશ્ન** : પુદ્ગલમાં ને જીવમાં એક સમયે એકસરખું પરિણમન થાય છે માટે ભ્રમ પડે છે ?

**ઉત્તર** : ના. પોતાના અજ્ઞાનના કારણે ભ્રમ પડે છે. સૂર્ય ઊગે છે ને કમળ ખીલે છે, પવન આવે છે ને પાણીમાં તરંગ ઊઠે છે. બધા એકસાથે હોવા છતાં કોઈને લીધે કોઈ નથી. કોઈ કોઈમાં પ્રભાવ પાડે કે પ્રેરણા કરે એમ બનતું નથી, કોઈ પર્યાય નહોતી થવાની ને થાય છે એમ પણ નથી. જીવ ને પુદ્ગલાદિ દરેક પદાર્થની જે સમયે જે પર્યાય થવાની તે થવાની છે. જીવનો ભેદ જીવમાં, ને પુદ્ગલનો ભેદ પુદ્ગલમાં છે, આમ ભેદ સમજે તો દ્રવ્યદ્રષ્ટિ થવાનો અવકાશ રહે છે.

[વીર સંવત, ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૦, શુક્રવાર]

આત્મા સામાન્યસ્વભાવે એકરૂપ છે ને વિશેષરૂપના ભેદ પડે છે તે પોતાના કારણે પડે છે. નિમિત્તને લીધે ભેદ પડતો નથી. અહીં દસ પ્રકારના જીવના ભેદની વાત ચાલે છે.

(૯) **ચતુરિન્દ્રિય** : જીવ ચતુરિન્દ્રિયપણે થયો છે તે પોતાની લાયકાતથી થયો છે. કર્મના કારણે જીવ ચતુરિન્દ્રિયપણે થયો નથી તેમ જ ચાર ઇન્દ્રિયો છે માટે જીવ ચતુરિન્દ્રિય છે એમ નથી. જીવ પોતાના કારણે તે રૂપ થયો છે. જડ પરમાણુને લીધે જીવમાં ભેદ પડતો નથી. માખી, પતંગિયાં વગેરે જીવોનાં શરીર ઊંચાં ચાલે માટે તેનો જીવ ઊંચો ચાલે છે એમ નથી. શરીર શરીરના કારણે ને આત્મા આત્માના કારણે ઊંચો જાય છે.

(૧૦) **પંચેન્દ્રિય** : નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચના શરીર દેખાય છે તે પંચેન્દ્રિય જીવ નથી. અંતરમાં જ્ઞાનનો વિકાસ–ઉઘાડ છે તે પોતાનો ભેદ છે. ઉઘાડ છે માટે પાંચ ઇન્દ્રિયો મળી છે એમ નથી ને પાંચ ઇન્દ્રિયો મળી છે માટે ઉઘાડ છે એમ નથી. પાંચ ઇન્દ્રિયો પુદ્ગલનો સ્કન્ધ છે, તે પુદ્ગલના કારણે છે. જીવનું ભાવપંચેન્દ્રિયપણું જીવના કારણે છે, કોઈના કારણે કોઈ નથી.

માણસો કહે છે કે પાંચ ઇન્દ્રિયોને વશ કરવી તે ધર્મ છે. પણ ભાઈ, કઈ પાંચ ઇન્દ્રિયો ? આ પાંચ ઇન્દ્રિયો દેખાય છે તે તો જડ છે, તેને વશ કરું છું એમ માનવું તે મિથ્યાભાવ છે. જીવ તેને વશ કરી શકતો નથી. ભાવપાંચઇન્દ્રિયો પોતપોતાના વિષયો તરફ ખંડખંડ વળે છે તેને અખંડ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન તરફ વાળીને અખંડ જ્ઞાન ઉપયોગ કરવો તે પાંચ ઇન્દ્રિયોનું જીતવાપણું છે.

હું જ્ઞાયક છું એવા સ્વભાવમાં એકાગ્ર થતાં ભાવેન્દ્રિય વશ થાય છે. જડ ઇન્દ્રિયોને વશ કરવી પડતી નથી. આમ, દસ પ્રકાર જીવના કહ્યા.

દરેક ભેદ જીવના કારણે છે. અજ્ઞાની જીવ રાગ–દ્વેષ, ઉપશમ, ક્ષાયિક ભાવ વગેરે કર્મથી માને છે પણ આચાર્ય કહે છે કે દરેક પર્યાય સ્વતંત્ર છે એમ માને તો દ્રવ્ય સ્વતંત્ર માનવાની શ્રદ્ધા પ્રગટે. ૭૧-૭૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं सव्वदो मुक्को ।**
**उड्ढं गच्छदि सेसा विदिसावज्जं गदिं जंति ॥ ७३ ॥**

**प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः सर्वतो मुक्तः ।**
**ऊर्ध्वं गच्छति शेषा विदिग्वर्जां गतिं यांति ॥ ७३ ॥**

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધથી પરિમુક્તને**
**ગતિ હોય ઊંચે; શેષને વિદિશા તજી ગતિ હોય છે. ૭૩.**

**અન્વયાર્થ** : [प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः] પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી [सर्वतः मुक्तः] સર્વતઃ મુક્ત જીવ [ऊर्ध्वं गच्छति] ઊર્ધ્વગમન કરે છે; [शेषाः] બાકીના જીવો (ભવાંતરમાં જતાં) [विदिग्वर्जां गतिं यांति] વિદિશાઓ છોડીને ગમન કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ मुक्तस्योर्ध्वगतिः संसारिणां मरणकाले षड्गतय इति प्रतिपादयति, – **पयडिट्ठिदि-अणुभाग-पदेसबंधेहिं सव्वदो मुक्को** प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैर्विभावरूपैः समस्तरागादिविभावरहितेन शुद्धात्मानुभूतिलक्षणध्यानबलेन सर्वतो मुक्तोपि **उड्ढं गच्छदि** स्वाभाविकानंतज्ञानादिगुणैर्युक्तः सन्नेक-समयलक्षणाविग्रहगत्योर्ध्वं गच्छति **सेसा** शेषाः संसारिणो जीवाः **विदिसावज्जं गदिं जंति** मरणान्ते विदिग्वर्ज्यां पूर्वोक्तषट्कापक्रमलक्षणमनुश्रेणिसंज्ञां गतिं गच्छन्ति इति । अत्र गाथासूत्रे ''सदसिव संखो मंडलि बुद्धो णइयाइगो य वइसेसा । ईसर मस्सरि पूरण विदूसणट्ठं कयं अट्ठं'' इति गाथोक्ताष्टमतांतरनिषेधार्थे ''अट्ठविहकम्मवियला सीदीभूदा णिरंजणा णिच्चा । अट्ठगुणा किदकिच्चा लोयग्गणिवासिणो सिद्धा'' इति द्वितीयगाथोक्तलक्षणं सिद्धस्वरूपमुक्तमित्यभिप्रायः ।। ७३ ।।

**समयव्याख्या : बद्धजीवस्य षड्गतयः कर्मनिमित्ताः । मुक्तस्याप्यूर्ध्वगतिरेका स्वाभाविकीत्यत्रोक्तम् ॥७३ ॥**

**—इति जीवद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : બદ્ધ જીવને કર્મનિમિત્તક ષડ્વિધ ગમન (અર્થાત્ કર્મ જેમાં નિમિત્તભૂત છે એવું છ દિશાઓમાં ગમન) હોય છે; મુક્ત જીવને પણ સ્વાભાવિક એવું એક ઊર્ધ્વગમન હોય છે.—આમ અહીં કહ્યું છે. ૭૩**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૦, શુક્રવાર]

જે જીવ સિદ્ધદશા પામે છે તે ઊર્ધ્વગતિથી જાય છે ને જે સંસારી છે તે છ દિશામાં જાય છે. જીવ મુક્ત હોય કે સંસારી હોય પણ પોતાના કારણે ગમન કરે છે. કર્મના કારણે ગમન કરતો નથી.

શુદ્ધજીવ ચાર પ્રકારના બંધોથી છૂટે છે. કર્મોનો સ્વભાવ તે પ્રકૃતિ, કર્મોને રહેવાની સ્થિતિ તે સ્થિતિ, કર્મના પરમાણુની સંખ્યા તે પ્રદેશ અને ફળદાન શક્તિ તે અનુભાગ—આ ચાર પ્રકારના બંધોથી સર્વાંગ અસંખ્યપ્રદેશોથી છૂટીને શુદ્ધજીવ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે, એક સમયમાં ઊર્ધ્વગતિના સ્વભાવથી મોક્ષસ્થાને પહોંચી જાય છે.

**ભાવાર્થ** : જે જીવ આઠે કર્મોથી રહિત થાય છે તે એક સમયમાં પોતાના ઊર્ધ્વગતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવથી શ્રેણીબદ્ધ પ્રદેશો દ્વારા મોક્ષસ્થાનમાં પહોંચી જાય છે. સંસારીનો સ્વભાવ છ દિશામાં જવાનો છે ને સિદ્ધનો સ્વભાવ એક સમયમાં લોકાગ્રે જવાનો છે.

જયસેન આચાર્યે ટીકામાં લખેલ છે કે "एकसमयलक्षणाविग्रहगत्योर्ध्वं गच्छति"=ઊર્ધ્વગમન–અવિગ્રહગતિનો સમય જ એક છે, એક સમય જ તેનું લક્ષણ છે, તે લોકાગ્રે રોકાય છે તે પોતાના કારણે રોકાય છે, ઊર્ધ્વ ચાલ્યો જ જાય એવો એનો સ્વભાવ નથી, એક જ સમય ઊર્ધ્વગમન કરવાનો સ્વભાવ છે. શુદ્ધજીવ જે જગ્યાએ મુક્તદશા પામે છે ત્યાંથી સમશ્રેણીએ ઊર્ધ્વ જાય છે ને લોકાગ્રે બિરાજે છે. ધર્માસ્તિકાયનો અભાવ છે માટે સિદ્ધો લોકથી આગળ જઈ શકતા નથી, એમ નથી. પોતાના કારણે જતા નથી, એવો સ્વભાવ છે ને ત્યારે ધર્મદ્રવ્યનો અભાવ નિમિત્ત છે. નિમિત્ત બતાવવું હોય ત્યારે એમ કહેવાય કે ધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધો અલોકમાં જતા નથી. અહીં સિદ્ધનો સ્વતંત્ર સ્વભાવ બતાવે છે. જો ધર્માસ્તિકાયના અભાવને લીધે જીવ અટકી જાય તો તે જીવનો ભેદ રહેતો નથી, અજીવનો ભેદ થઈ જાય છે. અહીં સિદ્ધની ઊર્ધ્વગમનની પર્યાય સ્વતંત્ર બતાવી જીવનો ભેદ બતાવવો છે.

બાકીના સંસારી જીવો તે નિગોદથી પંચેન્દ્રિય સુધીના જીવોનો ચાર ખૂણા છોડીને ઊર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ છ દિશામાં જવાનો સ્વભાવ છે. સ્વર્ગમાં જાય કે નરકમાં જાય તો પોતાની યોગ્યતાથી જાય છે, કર્મને લીધે જતા નથી.

સંસારી જીવ જે જુદા જુદા દેહમાં રહે છે તેટલા પ્રમાણમાં તે પોતાના કારણે રહે છે. કર્મને લીધે રહેતા નથી ને મુક્ત થાય તોપણ પોતાના કારણે થાય છે.

**ભાવાર્થ** : મોક્ષગામી જીવ ઊર્ધ્વગમન સ્વભાવથી એક સમયમાં લોકાગ્રે બિરાજે છે. તે સિવાયના સમસ્ત જીવ છ દિશામાં ગમન કરે છે. ચાર વિદિશામાં જતા નથી.

આ પ્રમાણે ૨૭મી ગાથાનું સ્પષ્ટીકરણ થયું કે જીવ કર્તા–ભોક્તા પોતાનો છે. કર્મ સહિત હો, કર્મરહિત હો, ઊર્ધ્વગમન હો કે છ દિશામાં ગમન હો, તે પોતાના કારણે છે. ૭૩.

અહીં જીવદ્રવ્યના અસ્તિકાયનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

---

**खंधा य खंधदेसा खंधपदेसा य होंति परमाणू ।**
**इदि ते चदुव्वियप्पा पुग्गलकाया मुणेयव्वा ॥ ७४ ॥**

**स्कंधाश्च स्कंधदेशाः स्कंधप्रदेशाश्च भवन्ति परमाणवः ।**
**इति ते चतुर्विकल्पाः पुद्गलकाया ज्ञातव्याः ॥ ७४ ॥**

**જડરૂપ પુદ્‌ગલકાય કેરા ચાર ભેદો જાણવા;**
**તે સ્કંધ, તેનો દેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ કહ્યા. ૭૪**

**અન્વયાર્થ** : [ते पुद्गलकायाः] પુદ્‌ગલકાયના [चतुर्विकल्पाः] ચાર ભેદ [ज्ञातव्याः] જાણવાઃ [स्कंधाः च] સ્કંધો, [स्कंधदेशाः] સ્કંધદેશો, [स्कंधप्रदेशाः] સ્કંધપ્રદેશો [च] અને [परमाणवः भवन्ति इति] પરમાણુઓ.

---

**तात्पर्यवृत्ति** : इति जीवास्तिकायसंबंधे नवाधिकाराणां चूलिकाव्याख्यानरूपेण गाथात्रयं ज्ञातव्यं । एवं पूर्वोक्तप्रकारेण "जीवोत्ति हवदि चेदा" इत्यादि नवाधिकारसूचनार्थं गाथैका, प्रभुत्वमुख्यत्वेन

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गाथाद्वयं, जीवत्वकथनेन गाथात्रयं, स्वदेहप्रमितिरूपेण गाथाद्वयं, अमूर्तगुणज्ञापनार्थं गाथात्रयं, त्रिविध-चैतन्यकथनेन गाथाद्वयं, तदनंतरं ज्ञानदर्शनोपयोगद्वयज्ञापनार्थं गाथा एकोनविंशतिः, कर्तृत्वभोक्तृत्वकर्म-संयुक्तत्वत्रयव्याख्यानमुख्यत्वेन गाथा अष्टादश, चूलिकारूपेण गाथात्रयमिति सर्वसमुदायेन त्रिपंचाशद्-गाथाभिः पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये जीवास्तिकायनामा 'चतुर्थोतराधिकारः' समाप्तः । अथानंतरं चिदानंदैकस्वभावशुद्धजीवास्तिकायाद्भिन्ने हेयरूपे पुद्गलास्तिकायाधिकारे गाथादशकं भवति । तद्यथा । पुद्गलस्कंदव्याख्यानमुख्यत्वेन "खंदा य खंददेसा" इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, तदनंतरं परमाणुव्याख्यानमुख्यत्वेन द्वितीयस्थले गाथापंचकं, तत्र पंचकमध्ये परमाणुस्वरूपकथनेन "सव्वेसिं खंदाण"-मित्यादिगाथासूत्रमेकं । अथ परमाणूनां पृथिव्यादिजातिभेदनिराकरणार्थं "आदेसमत्त" इत्यादि सूत्रमेकं, तदनंतरं शब्दस्य पुद्गलद्रव्यपर्यायत्वस्थापनमुख्यत्वेन "सद्दो खंदप्पभवो" इत्यादि सूत्रमेकं । अथ परमाणुद्रव्यप्रदेशाधारेण समयादिव्यवहारकालमुख्यत्वेन एकत्वादिसंख्याकथनेन च "णिच्चो णाणवगासो" इत्यादि सूत्रमेकं । तदनंतरं परमाणुद्रव्ये रसवर्णादिव्याख्यानमुख्यत्वेन "एयरस वण्ण" इत्यादि गाथासूत्रमेकं । एवं परमाणुद्रव्यप्ररूपणद्वितीयस्थले समुदायेन गाथापंचकं गतं । अथ पुद्गलास्ति-कायोपसंहाररूपेण "उवभोज्ज" इत्यादि सूत्रमेकं । एवं गाथादशकपर्यंतं स्थलत्रयेण पुद्गलाधिकारे समुदायपातनिका । तद्यथा । पुद्गलद्रव्यविकल्पचतुष्टयं कथ्यतेः – **खंदा य खंददेसा खंदपदेसा य होंति** स्कंदाः स्कंददेशाः स्कंदप्रदेशाश्चेति त्रयः स्कंदा भवन्ति **परमाणू** परमाणवश्च भवन्ति **इदि ते चदुव्वि-यप्पा पोग्गलकाया मुणेदव्वा** इति स्कंदत्रयं परमाणवश्चेति भेदेन चतुर्विकल्पास्ते पुद्गलकाया ज्ञातव्या इति । अत्रोपादेयभूतानंतसुखरूपाच्छुद्धजीवास्तिकायाद्विलक्षणत्वाद्धेयतत्वमिदमिति भावार्थः ।। ७४ ।।

**समयव्याख्या : अथ पुद्गलद्रव्यास्तिकायव्याख्यानम् । पुद्गलद्रव्यविकल्पादेशोऽयम् । पुद्गलद्रव्याणि हि कदाचित्स्कंधपर्यायेण, कदाचित्स्कंधदेशपर्यायेण, कदाचित्स्कंधप्रदेशपर्यायेण, कदाचित्परमाणुत्वेनात्र तिष्ठन्ति । नान्या गतिरस्ति । इति तेषां चतुर्विकल्पत्वमिति ।। ७४ ।।**

**હવે પુદ્‌ગલદ્રવ્યના અસ્તિકાયનું વ્યાખ્યાન છે.**

**અનુવાદ : આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.**

**પુદ્‌ગલદ્રવ્યો કદાચિત્ સ્કંધપર્યાયે, કદાચિત્ સ્કંધદેશરૂપ પર્યાયે, કદાચિત્ સ્કંધપ્રદેશરૂપ પર્યાયે અને કદાચિત્ પરમાણુપણે અહીં (લોકમાં) હોય છે; બીજી કોઈ ગતિ નથી. એ પ્રમાણે તેમના ચાર ભેદો છે. ૭૪**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૦, શુક્રવાર]

પુદ્‌ગલ-દ્રવ્ય-અસ્તિકાયનું વ્યાખ્યાન કરે છે જેમાં પ્રથમ પુદ્‌ગલના ભેદ કહે છે.

(૧) **પુદ્‌ગલ સ્કન્ધ** : એક પુદ્‌ગલ પિંડ સ્કન્ધ જાતિનો છે એટલે કે તે પરિણમન પુદ્‌ગલનું છે. શરીરને જીવે બનાવ્યું નથી. દાળ, ભાત, રોટલાના પરમાણુ પલટીને શરીરના સ્કન્ધ રૂપે થયા છે. અજ્ઞાની પર પદાર્થના ગ્રહણ–ત્યાગનો સ્વામી થાય છે ને માને છે કે મેં આટલા પદાર્થો છોડ્યા એ અજ્ઞાનભાવ છે. મુનિઓ પોતાના માટે બનાવેલ આહાર લેતા નથી. એનો અર્થ એ છે કે આહાર ઉપરનું લક્ષ છૂટી જાય છે ને આહાર તો એના કારણે છૂટી જાય છે. આહારના પુદ્‌ગલના સ્કન્ધનું આવવું ને છૂટું પડવું તે પુદ્‌ગલના કારણે છે, જીવના કારણે નથી.

(૨) **પુદ્‌ગલ સ્કંધદેશ** : સ્કંધનો અર્ધો ભાગ થાય તેને સ્કંધદેશ કહે છે. તે પુદ્‌ગલથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો છે. લાકડાના બે ટુકડા થવા કે ચોખાના બે ટુકડા થવા તે પુદ્‌ગલનો સ્કંધદેશ છે. તે પુદ્‌ગલના કારણે છે, જીવના કારણે નથી. તે ટુકડા જીવથી થયા નથી. તે પુદ્‌ગલનો સ્કંધદેશ છે. ઈશ્વરથી અથવા જીવની ઇચ્છાથી કે જ્ઞાનથી તે સ્કંધદેશ થયો નથી. કોઈ પણ સ્કંધના બે સરખા ભાગ પડે તેને પુદ્‌ગલ સ્કંધદેશ કહે છે, તે પુદ્‌ગલના કારણે થાય છે.

(૩) **પુદ્‌ગલ સ્કંધપ્રદેશ :** આખા સ્કંધનો ચોથા હિસ્સારૂપ સ્કંધ થાય તેને પુદ્‌ગલ સ્કંધપ્રદેશ કહે છે. પુદ્‌ગલ પોતે સ્કંધપ્રદેશરૂપ થાય છે. અજ્ઞાની જીવ પુદ્‌ગલનો સ્કંધ પોતાથી થયાનું અભિમાન કરે છે ને જ્ઞાની પુદ્‌ગલની અવસ્થાનું જ્ઞાન કરે છે.

(૪) **પુદ્‌ગલ પરમાણુ :** પુદ્‌ગલ સ્કંધમાંથી પરમાણુ છૂટો પડીને એકલો રહે તોપણ પોતાના કારણે છે. જીવના કારણે તે છૂટો પડતો નથી. અથવા એકલા પરમાણુ છૂટા પણ છે તે પણ પોતાના કારણે છે.

આ પ્રમાણે પુદ્‌ગલના સ્કંધો, સ્કંધનો અર્ધો ભાગ, ચોથો ભાગ કે પરમાણુ આ ચાર પ્રકાર પુદ્‌ગલના કારણે છે. જીવના કારણે નથી. આ પ્રકારે ચાર ભેદો ''ज्ञातव्याः''–જાણવા યોગ્ય કહ્યા છે. પણ તું તેને કરી શકે છે અથવા તોડી શકે છે એમ કહ્યું નથી. માટે જીવે પુદ્‌ગલના કર્તાપણાનું અભિમાન છોડવું એમ કહેવાનો હેતુ છે.

અજ્ઞાની બાઈઓ ઘરની ચીજોની વહેંચણીમાં મમતા કરે છે. ભાઈઓ મજિયારાના રૂપિયાની વહેંચણીમાં મમતા કરે છે ને માને છે કે તે સ્કંધની અવસ્થા અમારાથી થાય છે. રૂપિયાની, રોટલીની, શાકની વગેરે જડ પદાર્થોની ટુકડારૂપ કે આખારૂપ અવસ્થા થવી તે તે પુદ્‌ગલ પરમાણુના કારણે છે. પુદ્‌ગલ ભેગો રહે કે છૂટો રહે, સ્કંધરૂપ થાય કે અર્ધાભાગરૂપ થાય તે પોતાના કારણે છે. જીવ તેનો કર્તા–હર્તા નથી. આમ જ્ઞાન કરે તો પુદ્‌ગલનું અભિમાન છૂટી જાય ને પોતે તેનો માત્ર જ્ઞાતા રહે તો ધર્મ થાય.

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૧, શનિવાર]

આ પુદ્‌ગલાસ્તિકાયનો અધિકાર છે. પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલના કારણે થાય છે. જીવ તેનો જાણનાર છે. સ્કંધ થાય કે તેનો ભેદ થાય તે આત્માથી થતો નથી, તે પુદ્‌ગલના કારણે થાય છે.

**ભાવાર્થ :** પુદ્‌ગલદ્રવ્યનું પરિણમન ચાર પ્રકારે છે. સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ એમ ચાર સિવાય બીજો કોઈ ભેદ નથી. આ સિવાય બીજો કોઈ ભેદ હોય તે આ ચાર ભેદોમાં આવી જાય છે. ૭૪

---

**खंधं सयलसमत्थं तस्स दु अद्धं भणंति देसो त्ति।**
**अद्धद्धं च पदेसो परमाणू चेव अविभागी॥ ७५॥**

**स्कंधः सकलसमस्तस्तस्य त्वर्धं भणन्ति देश इति।**
**अर्धार्धं च प्रदेशः परमाणुश्चैवाविभागी॥ ७५॥**

**પૂરણ-સકળ તે 'સ્કંધ' છે ને અર્ધ તેનું 'દેશ' છે,**
**અર્ધાર્ધ તેનું 'પ્રદેશ' ને અવિભાગ તે 'પરમાણુ' છે. ૭૫.**

**અન્વયાર્થ :** [सकलसमस्तः] સકળ–સમસ્ત (પુદ્‌ગલપિંડાત્મક આખી વસ્તુ) તે [स्कंधः] સ્કંધ છે, [तस्य अर्धं तु] તેના અર્ધને [देशः इति भणन्ति] દેશ કહે છે, [अर्धार्धं च] અર્ધનું અર્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે [प्रदेशः] પ્રદેશ છે [च] અને [अविभागी] અવિભાગી તે [परमाणुः एव] ખરેખર પરમાણુ છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पूर्वोक्तस्कंदादिचतुर्विकल्पानां प्रत्येकलक्षणं कथयति, – **खंदं सयलसमत्थं तस्स दु अद्धं भणंति देसोत्ति अद्धद्धं च पदेसो** सकलसमस्तलक्षणः स्कंदो भवति, तदर्धलक्षणो देशो भवति, अर्द्धार्द्धलक्षणः प्रदेशो भवति । तथाहि – समस्तोपि विवक्षितघटपटाद्यखण्डरूपः सकल इत्युच्यते तस्यानंतपरमाणुपिंडस्य स्कंदसंज्ञा भवति । तत्र दृष्टांतमाह – षोडशपरमाणुपिंडस्य स्कंदकल्पना कृता तावत् एकैकपरमाणोरपनयेन नवपरमाणुपिंडे स्थिते ये पूर्वविकल्पा गतास्तेपि सर्वे स्कंदा भण्यंते, अष्टपरमाणुपिंडे जाते देशो भवति तत्राप्येकैकापनयेन पंचपरमाणुपिंडपर्यंतं ये विकल्पा गतास्तेषामपि देशसंज्ञा भवति, परमाणुचतुष्टयपिंडे स्थिते प्रदेशसंज्ञा भण्यते पुनरप्येकैकापनयेन द्व्यणुकस्कंदे स्थिते ये विकल्पा गतास्तेषामपि प्रदेशसंज्ञा भवति **परमाणू चेव अविभागी** परमाणुश्चैवाविभागीति । पूर्व भेदेन स्कंदा भणिता, इदानीं संघातेन कथ्यंते, परमाणुद्वयं संघातेन द्व्यणुकस्कंदो भवति, त्रयाणां संघातेन त्र्यणुक इत्याद्यनंतपर्यंता ज्ञातव्या । एवं भेदसंघाताभ्यामप्यनंता भवंतीति । अत्रोपादेयभूता-त्परमात्मतत्वात्पुद्गलानां यद्भिन्नत्वेन परिज्ञानं तदेव फलमिति तात्पर्यं ॥ ७५ ॥

**समयव्याख्या : पुद्गलद्रव्यविकल्पनिर्देशोऽयम् । अनंतानंतपरमाण्वारब्धोऽप्येकः स्कंधो नाम पर्यायः । तदर्धं स्कंधप्रदेशो नाम पर्यायः । तदर्धार्धं स्कंधप्रदेशो नाम पर्यायः । एवं भेदवशात् द्व्यणुकस्कंधादनंताः स्कंधप्रदेशपर्यायाः । निर्विभागैकप्रदेशः स्कंधस्यांत्यो भेदः परमाणुरेकः । पुनरपि द्वयोः परमाण्वोः संघातादेको द्व्यणुकस्कंधपर्यायः । एवं संघातवशादनंताः स्कंधपर्यायाः । एवं भेदसंघाताभ्यामप्यनंता भवंतीति ॥ ७५ ॥**

**અનુવાદ : આ, પુદ્ગલદ્રવ્યના ભેદોનું વર્ણન છે.**

**અનંતાનંત પરમાણુનો બનેલો હોવા છતાં જે એક હોય તે સ્કંધ નામનો પર્યાય છે; તેનું અર્ધ તે સ્કંધદેશ નામનો પર્યાય છે; તે અર્ધનું જે અર્ધ તે સ્કંધપ્રદેશ નામનો પર્યાય છે. એ પ્રમાણે ભેદને લીધે (છૂટા પડવાને લીધે) દ્વિ-અણુક સ્કંધપર્યંત અનંત સ્કંધપ્રદેશરૂપ પર્યાયો હોય છે. નિર્વિભાગ–એક પ્રદેશવાળો, સ્કંધનો છેલ્લો ભાગ તે એક પરમાણુ છે. (આ રીતે ભેદથી થતા પુદ્ગલવિકલ્પોનું વર્ણન થયું.)**

**વળી, બે પરમાણુઓના સંઘાતથી (ભેગા થવાથી) એક દ્વિઅણુક-સ્કંધરૂપ પર્યાય થાય છે. એ રીતે સંઘાતને લીધે (દ્વિઅણુક-સ્કંધની માફક ત્રિઅણુક-સ્કંધ, ચતુરણુક-સ્કંધ ઈત્યાદિ) અનંત સ્કંધરૂપ પર્યાયો થાય છે. (આ રીતે સંઘાતથી થતા પુદ્ગલવિકલ્પનું વર્ણન થયું.)**

**એ પ્રમાણે ભેદ-સંઘાત બંનેથી પણ (એકીસાથે ભેદ અને સંઘાત બંને થવાથી પણ) અનંત (સ્કંધરૂપ પર્યાયો) થાય છે. (આ રીતે ભેદ-સંઘાતથી થતા પુદ્ગલવિકલ્પનું વર્ણન થયું.) ૭૫**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૧, શનિવાર]

હવે તે ચાર પ્રકારના પુદ્ગલનાં લક્ષણ કહે છે.

(૧) **સ્કંધ** : પુદ્ગલનો સ્કંધભેદ અનંત પરમાણુનો બનેલો એક પિંડ છે, તે જીવથી થયો નથી. શરીર, વાણી, કર્મના સ્કંધની અવસ્થા જીવથી થતી નથી. રોટલી, શાક આદિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્કંધો મારાથી નથી, તે મારાથી ભિન્ન છે. પરનો હું કર્તા નથી, હું તો જાણનાર છું. એમ સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

(૨) **સ્કંધદેશ** : પુદ્‌ગલ સ્કંધનો અર્ધો ભાગ થાય તેને સ્કંધદેશ કહે છે. એક તણખલું છે તે સ્કંધ છે, તેના બે ટુકડા થવા તે જીવથી થયા નથી. અજ્ઞાની માને છે કે તે મારાથી થયા તે અજ્ઞાનભાવ છે. પુદ્‌ગલની અવસ્થાને કરવાનો જીવનો સ્વભાવ નથી પણ તેને જાણવાનો છે. સ્કંધના અર્ધા ભાગ થવા તે આત્માથી થતા નથી, તે પુદ્‌ગલના કારણે થયેલ છે, જીવ તેનો જ્ઞાતા માત્ર છે.

(૩) **સ્કંધપ્રદેશ** : સ્કંધના અર્ધાનો અર્ધો ભાગ અથવા સ્કંધનો ચોથો ભાગ તેને સ્કંધપ્રદેશ કહે છે. તે પુદ્‌ગલથી થાય છે.

(૪) **પુદ્‌ગલપરમાણુ** : જેના બે ભાગ ન થઈ શકે તેને પુદ્‌ગલપરમાણુ કહે છે. આ પ્રમાણે પુદ્‌ગલના ચાર વિભાગ જાણવા.

કાર્મણ, તૈજસ, ઔદારિક શરીરો, દવા, વાણી, મન વગેરે જે પુદ્‌ગલપિંડો જગતમાં છે તે આ ચારમાં આવી જાય છે. મીઠાનો (નિમકનો) ભૂકો થાય છે તે આત્માથી અથવા આંગળીથી થતો નથી, પુદ્‌ગલના કારણે થાય છે. આહાર–પાણીની અવસ્થા આત્માથી થાય એમ માનવું તે મિથ્યાભાવ છે. તલમાંથી તેલ નીકળે છે તે આત્માથી નીકળતું નથી. સ્કંધ થવો, દેશ થવો, પ્રદેશ થવો કે પરમાણુ છૂટું રહે તે પુદ્‌ગલના કારણે છે. આત્માથી તે બિલકુલ થતા નથી. મૂળ ગાથામાં કહ્યું છે કે "मुणेयव्वा=ज्ञातव्याः" આવા ચાર પ્રકારના ભેદ જાણવા યોગ્ય છે. એટલે કે આત્મા તેનો જાણનાર છે, કર્તા–હર્તા નથી.

માનસ્તંભ થશે, આ માનસ્તંભનો નકશો છે તે પુદ્‌ગલને લીધે છે, જીવને લીધે નથી. આત્મા પુદ્‌ગલનો સ્વામી નથી તેમ જ આત્મા પુદ્‌ગલનો કર્તા નથી. બરણી, દીવાસળી, ચા વગેરે સ્કંધો છે તે તેનાથી છે છતાં મારા લીધે તે સ્કંધો છે એમ માનનાર અજ્ઞાની પુદ્‌ગલદ્રવ્યને ઉડાડે છે ને તેથી પોતાના જીવતત્ત્વને પણ ઉડાડે છે એટલે કે ખોટી શ્રદ્ધા કરે છે.

**ભાવાર્થ** : સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ એ ત્રણ પુદ્‌ગલસ્કંધોમાં અનંત અનંત ભેદ છે. અહીં ભેદની અપેક્ષાએ અનંતની વાત છે. સંખ્યાની અપેક્ષાએ તો ત્રણે અનંત છે પણ અહીં સંખ્યાની વાત નથી પણ તેના ભેદની વાત ચાલે છે. પરમાણુમાં એક જ પ્રકારનો ભેદ છે. પરમાણુ સંખ્યાએ અનંતા છે, પણ ભેદ એક પ્રકારનો છે.

**સ્કંધના પ્રકારો** : હવે દૃષ્ટાંત દ્વારા આ કથનને સમજાવવામાં આવે છે. આ જયસેન આચાર્યની ટીકામાંથી લીધેલ છે. અનંતાનંત પરમાણુના સ્કંધની નિશાની સોળ અંકથી જાણવી. મોટામાં મોટા અનંતની સંખ્યાને ૧૬ની ઉપમા સમજવા માટે આપી છે. હવે તેમાંથી ૧૬ પરમાણુવાળાને ઉત્કૃષ્ટ સ્કંધ જાણવો. તેના અર્ધાથી એક પરમાણુ વધારે હોય તેને જઘન્ય સ્કંધ જાણવો. દાખલાના હિસાબે નવ પરમાણુવાળાને જઘન્ય સ્કંધ જાણવો ને દસથી પંદર પરમાણુના સ્કંધને મધ્યમ સ્કંધ જાણવો. તે અનંતા પ્રકારના સમજવા.

એક ચીજના ઉત્કૃષ્ટ સ્કંધો ને બીજી ચીજના ઉત્કૃષ્ટ સ્કંધો પરમાણુની સંખ્યા અપેક્ષાએ સરખા છે—એમ કહેવું નથી. દરેકના ઉત્કૃષ્ટ જુદા જુદા સમજવા. પણ એક સ્કંધમાં એક ઉત્કૃષ્ટ, એક જઘન્ય ને અનંતા મધ્યમ સ્કંધ હોય છે. એ રીતે અનંતા પ્રકારના ભેદ સ્કંધના જાણવા. એક ઘડો છે તેમાં પોતાની અપેક્ષાએ ઉત્કૃષ્ટનો એક ભેદ, જઘન્યનો એક ભેદ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મધ્યમના અનંતા ભેદ જાણવા એમ દરેક સ્કંધમાં સમજવું.

આ બધા સ્કંધોના ભેદો પુદ્ગલને લીધે છે, જીવને લીધે નથી. શરીર ટુકડારૂપ થાઓ કે આખું રહો તે પુદ્ગલનો ખેલ છે. કોઈ કહે છે કે 'તમે બધું કરો છો, છતાં જીવ પુદ્ગલને કરતો નથી એમ માનવાનું કેમ કહો છો ?'

**સમાધાન** : ભાઈ, પુદ્ગલને પુદ્ગલ કરે છે, જીવ પુદ્ગલને કરતો જ નથી. આ બધા સ્કંધો થાય, અનાજના થેલા આવે–જાય, મિલો ચાલે, ઇલેક્ટ્રિક મશીનો ચાલે, તે બધાં પુદ્ગલના કારણે સ્કંધરૂપ થાય છે. જીવ તો માત્ર જાણનાર છે એમ અહીં કહે છે.

**સ્કંધદેશના પ્રકારો** : જે સ્કંધ હોય તેનો અર્ધો ભાગ તે ઉત્કૃષ્ટ સ્કંધદેશ જાણવો. અહીં દાખલામાં આઠ પરમાણુના સ્કંધને ઉત્કૃષ્ટ સ્કંધદેશ જાણવો. તે એક છે. ચોથા ભાગ કરતાં એક પરમાણુ વધારે હોય તેવા સ્કંધને એટલે અહીં દાખલા મુજબ પાંચ પરમાણુના સ્કંધને જઘન્ય સ્કંધદેશ જાણવો તે એક છે ને જઘન્યથી મોટા ને ઉત્કૃષ્ટથી નાના એટલે દાખલા મુજબ છ ને સાત પરમાણુના સ્કંધોને મધ્યમ સ્કંધદેશ જાણવા. તે પણ અનંત પ્રકારના છે. આમ સ્કંધદેશના ઉત્કૃષ્ટ, મધ્યમ ને જઘન્ય થઈને અનંતા પ્રકાર જાણવા.

અગાઉ વાત આવેલ હતી કે જ્ઞાનસમય, શબ્દસમય ને અર્થસમય એમ ત્રણ પ્રકારના સમય છે. જે શાસ્ત્ર અથવા વાણી રાગ–દ્વેષરહિતપણે પદાર્થની સ્વતંત્રતા જાહેર કરે તથા બધા આત્મા અને પરમાણુ સ્વતંત્ર છે, રાગ આત્માનો સ્વભાવ નથી પણ આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ જે જાહેર કરે તે શબ્દસમય છે. તે સાચાં શાસ્ત્રો છે. આનાથી વિપરીત બતાવે તે શાસ્ત્ર સાચાં નથી; તે શબ્દસમય નથી. અને એવું વિપરીત માનનાર જીવ મૂઢ છે.

**પ્રશ્ન** : જે શબ્દો વિપરીતતા બતાવે તેને શબ્દસમય કેમ કહેતા નથી ?

**ઉત્તર** : લોકોમાં ભલે તેને ભાષા કહેવામાં આવે પણ તે શબ્દસમય નથી. સાચાં શાસ્ત્રો નથી. નિમિત્તથી ને રાગથી લાભ મનાવે, કેવળીને આહાર મનાવે. મુનિને વસ્ત્રપણું મનાવે તે શબ્દસમય નથી. તે કુશબ્દ અથવા કુશાસ્ત્ર છે. પૃષ્ઠ ૧૦માં વ્યાખ્યા આપી છે કે જે પંચાસ્તિકાયની રાગ–દ્વેષરહિતપણે યથાર્થ અક્ષર, પદ ને વાક્યની રચના કરે તેને દ્રવ્યશ્રુતરૂપ શબ્દસમય કહે છે, બાકીનાને કુશ્રુત કહે છે. વળી મિથ્યાત્વભાવ નષ્ટ થઈને જે યથાર્થ જ્ઞાન થાય તેને ભાવશ્રુતરૂપ જ્ઞાનસમય કહે છે. જે જ્ઞાન વિકારરહિત આત્માને જાણતું નથી તે કુજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન દ્વારા જે પદાર્થ જાણી શકાય છે તે પદાર્થને અર્થસમય કહે છે. અહીં પદાર્થસમયની વાત ચાલે છે. પદાર્થમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવી જાય છે. અહીં પુદ્ગલ પદાર્થનું સ્વરૂપ બતાવે છે. પુદ્ગલનું જેવું સ્વરૂપ છે તેમ જ્ઞાન જાણે ને શાસ્ત્ર એમ કહે તો ત્રણે સાચા છે, વિપરીત જાણે તો એકે સાચા નથી.

અહીં સ્કંધદેશના ઉત્કૃષ્ટ એક, જઘન્ય એક ને મધ્યમ અનંતા એમ અનંતા પ્રકારના ભેદ સમજવા.

**સ્કંધપ્રદેશના ભેદો** : કોઈ પણ સ્કંધનો ચોથો ભાગ ઉત્કૃષ્ટ સ્કંધપ્રદેશ જાણવો. દાખલાના હિસાબે ચાર પરમાણુનો ઉત્કૃષ્ટ સ્કંધપ્રદેશ જાણવો. બે પરમાણુઓનો જઘન્ય સ્કંધપ્રદેશ જાણવો ને જઘન્યથી મોટા ને ઉત્કૃષ્ટથી નાના એટલે ત્રણ પરમાણુઓવાળા મધ્યમ સ્કંધપ્રદેશ જાણવા. આમ સ્કંધપ્રદેશના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય થઈને અનંતા ભેદો જાણવા.

ચોપડીનું ફાટવું ચોપડીના કારણે છે, આહારાદિ સારા હોય તો લાભ થાય એમ માનનાર મૂઢ છે. પુદ્ગલના સ્કંધનું આમ થવું જોઈએ ને આવી રીતે તેને પરિણમાવવા જોઈએ એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભિમાન ને હઠાગ્રહ કરીશ નહિ. પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી થાય છે, તારાથી થતી નથી. પુદ્ગલ તારાથી ભિન્ન છે, તું જાણનાર છો એમ સાચી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૧, રવિવાર]

આત્મા જ્ઞાનસ્વભાવી છે, ધર્મ કરનારે જાણવું જોઈએ કે હું આત્મા છું. પુણ્ય–પાપ વિકાર છે, શરીરાદિની ક્રિયા મારાથી બિલકુલ થતી નથી. જે એ ન જાણે તેને અધર્મબુદ્ધિ ટળતી નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે મારાથી આ સુધર્યું, એમ માનવું તે જ મોટું પાપ છે.

ઘણા રજકણોના પિંડને સ્કંધ કહે છે, તેના અર્ધાભાગને સ્કંધદેશ કહે છે, સ્કંધના ચોથા ભાગને પ્રદેશ કહે છે. વળી એક સ્કંધની અપેક્ષાએ જે અર્ધો થઈને સ્કંધદેશ થાય તે વળી પોતાની અપેક્ષાએ સ્કંધ કહેવાય. એ પ્રમાણે સમજી લેવું. આમ સ્કંધ, દેશ ને પ્રદેશમાં ઉત્કૃષ્ટ, મધ્યમ ને જઘન્ય એમ અનંતા ભેદો જાણવા. ને પરમાણુ અવિભાગી છે, તેમાં ભેદકલ્પના નથી. આ પ્રમાણે ચાર પ્રકાર ભેદ દ્વારા જાણવા.

હવે પરમાણુઓ ભેગા થાય તેમાં ચાર ભેદ બતાવે છે. પરમાણુનું મળવું તેને સંઘાત કહે છે. બે પરમાણુ ભેગા થાય તેને જઘન્ય સ્કંધપ્રદેશ કહે છે. તેમાં એક એક મળવાથી ઉત્તરોત્તર પ્રદેશ, દેશ અને સ્કંધ એમ ત્રણ પ્રકારના સ્કંધો થાય છે. છેવટે ઉત્કૃષ્ટ સ્કંધ સુધી જાણવું. આવી રીતે પરમાણુ છૂટા પડે કે ભેગા થાય એમાં આ ત્રણ પ્રકારનાં સ્કંધો પરમ આગમને વિષે ગણવામાં આવ્યા છે. એક પૃથ્વીપિંડમાં ચારે ભેદ હોય છે. સકલપિંડનું નામ સ્કંધ છે, અર્ધાનું નામ સ્કંધદેશ છે, ચોથા ભાગનું નામ સ્કંધપ્રદેશ છે. અવિભાગીનું નામ પરમાણુ છે. એ પ્રમાણે ખંડખંડ કરવાથી તે ભેદોના અનંતા ભેદો થાય છે. બે પરમાણુના મિલાપથી જે સંઘાત થયો તે જઘન્ય સ્કંધપ્રદેશ છે, તેથી શરૂ કરી સકલ પૃથ્વીખંડરૂપ ઉત્કૃષ્ટ સ્કંધ સુધી પરમાણુના સંઘાતથી જે સ્કંધો થાય તેના અનંતા ભેદ થાય છે. આવી રીતે ભેદ તથા સંઘાતથી પુદ્ગલની અનંતી પર્યાયો થાય છે.

પરમાણુઓ ભેગા થાય તે આત્માના વિજ્ઞાનના કારણે ભેગા થતા નથી. પુસ્તકનું ભેગું થવું, શ્લોકના અક્ષરનું લખાવું તે પુદ્ગલનો સ્વભાવ છે. જિનેશ્વર ભગવાનની પૂજા માટે આઠ પ્રકારની સામગ્રી મેળવવી તે આત્માના હાથની વાત નથી. જીવને શુભભાવ આવે છે, પણ શુભને લીધે જડની અવસ્થા થતી નથી. જડ પરમાણુ ભેગા થવા કે છૂટા થવા તે તેનો સ્વભાવ છે. એક પૃથ્વીપિંડના ચાર ભેદ કહ્યા તે જડના કારણે છે. તે જગતનું તત્ત્વ છે. અજ્ઞાની જીવ પરનો સ્વામી થાય છે, પરને ભેગું કરવા માંગે છે તે સંયોગીદૃષ્ટિ છે. જ્ઞાની સમજે છે કે તેની જુદી જુદી અવસ્થા પુદ્ગલના કારણે છે, રાગાદિના પરિણામ થાય તે મારી નબળાઈ છે તેનો પણ હું જાણનાર છું. આમ જ્ઞાતા રહેવું તે ધર્મ છે.

અજ્ઞાની જીવોને આત્મા અને જડ વચ્ચેના ભેદનું જ્ઞાન નથી ને સમજણ વગર સામાયિકના પાઠ માત્ર બોલી જાય, ''તાવકાયં ઠાણેણં મોણેણં''. પણ અર્થની ખબર નથી. ભાઈ, કાયાને તું સ્થિર રાખી શકતો નથી. કાયા જડ છે, તેનું સ્થિર રહેવું તેના કારણે છે. તું જ્ઞાનસ્વભાવી છે. એમ સમજણ કર.

બે પરમાણુના સંઘાતથી લઈ પૃથ્વીપિંડ સુધીના સંઘાતના અનંતા ભેદ છે. તે બધી પર્યાયો છે. ભેદસંઘાતથી પુદ્ગલની અનંતી પર્યાયો થાય છે. ૭૫

સ્કંધોનું નામ પુદ્ગલ કહ્યું છે તેથી પુદ્ગલનો અર્થ બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**बादरसुहुमगदाणं खंधाणं पुग्गलो त्ति ववहारो ।**
**ते होंति छप्पयारा तेलोक्कं जेहिं णिप्पण्णं ॥ ७६ ॥**

**बादरसौक्ष्म्यगतानां स्कंधानां पुद्गलः इति व्यवहारः ।**
**ते भवन्ति षट्प्रकारास्त्रैलोक्यं यैः निष्पन्नम् ॥ ७६ ॥**

**સૌ સ્કંધ બાદર-સૂક્ષ્મમાં 'પુદ્‌ગલ' તણો વ્યવહાર છે;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા, જેથી ત્રિજગ નિષ્પન્ન છે. ૭૬.**

**અન્વયાર્થ** : [बादरसौक्ष्म्यगतानां] બાદર ને સૂક્ષ્મપણે પરિણત [स्कंधानां] સ્કંધોને [पुद्गलः] 'પુદ્‌ગલ' [इति] એવો [व्यवहारः] વ્યવહાર છે. [ते] તેઓ [षट्प्रकाराः भवन्ति] છ પ્રકારના છે, [यैः] જેમનાથી [त्रैलोक्यं] ત્રણ લોક [निष्पन्नम्] નિષ્પન્ન છે.

---

**तात्पर्यवृत्ति** : अथ स्कंदानां व्यवहारेण पुद्गलत्वं व्यवस्थापयति, – **बादहसुहुमगदाणं खंधाणं पोग्गलोत्ति ववहारो** बादरसूक्ष्मगतानां स्कंदानां पुद्गल इति व्यवहारो भवति । तद्यथा । यथा शुद्धनिश्चयेन सत्ताचैतन्यबोधादिशुद्धप्राणैर्योऽसौ जीवति स किल सिद्धरूपो जीवः व्यवहारेण पुनरायुःप्रभृत्यशुद्ध-प्राणैर्योऽसौ जीवति गुणस्थानमार्गणादिभेदेन भिन्नः सोऽपि जीवः तथा "वर्णगंधरसस्पर्शैः पूरणं गलनं च यत् । कुर्वन्ति स्कंदवत्तस्मात्पुद्गलाः परमाणवः" इति श्लोककथितलक्षणा; परमाणवः किल निश्चयेन पुद्गला भण्यंते व्यवहारेण पुनर्द्व्यणुकाद्यनंतरपरमाणुपिंडरूपाः बादरसूक्ष्मगतस्कंदा अपि पुद्गला इति व्यवह्रियंते **ते होंति छप्पयारा** ते भवन्ति षट्प्रकाराः । यैः किं कृतं ? **णिप्पण्णं जेहि तेलोक्कं** यैर्निष्पन्नं त्रैलोक्यमिति । इदमत्र तात्पर्यं – लोक्यंते जीवादिपदार्था यत्र स लोक इति-वचनात्पुद्गलादिषड्द्रव्यैर्निष्पन्नोऽयं लोकः न चान्येन केनापि पुरुषविशेषेण क्रियते ह्रीयते ध्रीयते वेति ।

अथ तानेव षड्भेदान् विवृणोतिः-

**पुढवी जलं च छाया चउरिंदियविसयकम्मपाओग्गा ।**
**कम्मातीदा येवं छब्भेया पोग्गला होंति ॥ १ ॥**

पृथिवी जलं च छाया चक्षुर्विषयं विहाय चतुरिन्द्रियविषयाः कर्मप्रायोग्याः कर्मातीता इति षड्भेदाः पुद्गला भवन्ति । ते च कथंभूताः ? स्थूलस्थूलाः स्थूलाः स्थूलसूक्ष्माः सूक्ष्मस्थूलाः सूक्ष्माः सूक्ष्मसूक्ष्माः इति । तद्यथा – ये छिन्नाः संतः स्वयमेव संधातुमसमर्थास्ते स्थूलस्थूलाः भूपर्वतादयः । ये तु छिन्नाः संतः तत्क्षणादेव संधानेन स्वयमेव समर्थास्ते स्थूलाः सर्पिस्तैलजलादयः । ये तु हस्तेनादातुं देशांतरं नेतु अशक्यास्ते स्थूलसूक्ष्माः छायातपादयः, ये पुनर्लोचनविषया न भवन्ति ते सूक्ष्मस्थूला-श्चतुरिन्द्रियविषयाः । ये तु ज्ञानावरणादिकर्मवर्गणायोग्यास्ते सूक्ष्मा इन्द्रियज्ञानाविषयाः । ये चात्यंतसूक्ष्मत्वेन कर्मवर्गणातीतास्ते सूक्ष्मासूक्ष्माः कर्मवर्गणातीतेभ्यो (योग्येभ्यः) अत्यंतसूक्ष्मा द्व्यणुकस्कंदपर्यंता इति तात्पर्यं ॥ ७६ ॥

**समयव्याख्या : स्कंधानां पुद्गलव्यवहारसमर्थनमेतत् । स्पर्शरसगंधवर्णगुणविशेषैः षट्स्थानपतित-वृद्धिहानिभिः पूरणगलनधर्मत्वात् स्कंधव्यक्त्याविर्भावतिरोभावाभ्यामपि च पूरणगलनोपपत्तेः परमाणवः पुद्गला इति निश्चीयंते । स्कंधास्त्वनेकपुद्गलमयैकपर्यायत्वेन पुद्गलेभ्योऽनन्यत्वात्पुद्गला इति व्यवह्रियंते, तथैव च बादरसूक्ष्मत्वपरिणामविकल्पैः षट्प्रकारतामापद्य त्रैलोक्यरूपेण निष्पद्य स्थितवंत**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति। तथा हि—बादरबादराः, बादराः, बादरसूक्ष्माः, सूक्ष्मबादराः, सूक्ष्माः, सूक्ष्मसूक्ष्मा इति। तत्र छिन्नाः स्वयं संधानासमर्थाः काष्ठपाषाणादयो बादरबादराः। छिन्नाः स्वयं संधानसमर्थाः क्षीरघृततैलतोयरसप्रभृतयो बादराः। स्थूलोपलंभा अपि छेत्तुं भेत्तुमादातुमशक्याः छायातपतमोज्योत्स्नादयो बादरसूक्ष्माः। सूक्ष्मत्वेऽपि स्थूलोपलंभाः स्पर्शरसगंधरशब्दाः सूक्ष्मबादराः। सूक्ष्मत्वेऽपि हि करणानुपलभ्याः कर्मवर्गणादयः सूक्ष्माः। अत्यंतसूक्ष्माः कर्मवर्गणाभ्योऽधो द्व्यणुकस्कंधपर्यन्ताः सक्ष्मसूक्ष्मा इति॥ ७६॥

અનુવાદ : સ્કંધોને વિષે ‘પુદ્‌ગલ’ એવો જે વ્યવહાર છે તેનું આ સમર્થન છે.

(૧) જેમાં ષટ્‌સ્થાનપતિત (છ સ્થાનોમાં સમાવેશ પામતી) વૃદ્ધિહાનિ થાય છે એવા સ્પર્શ–રસ–ગંધ–વર્ણરૂપ ગુણવિશેષોને લીધે (પરમાણુઓ) ‘પૂરણ–ગલન’ ધર્મવાળા હોવાથી તથા (૨) સ્કંધવ્યક્તિના (સ્કંધપર્યાયના) આવિર્ભાવ અને તિરોભાવની અપેક્ષાએ પણ (પરમાણુઓમાં) ‘પૂરણ–ગલન’ ઘટતાં હોવાથી પરમાણુઓ નિશ્ચયે ‘પુદ્‌ગલો’ છે. સ્કંધો તો અનેકપુદ્‌ગલમય એક પર્યાયપણાને લીધે પુદ્‌ગલોથી અનન્ય હોવાથી વ્યવહારે ‘પુદ્‌ગલો’ છે, તેમ જ (તેઓ) બાદરત્વ ને સૂક્ષ્મત્વરૂપ પરિણામોના ભેદો વડે છ પ્રકારોને પામીને ત્રણ લોકરૂપે થઈને રહ્યા છે. તે છ પ્રકારના સ્કંધો આ પ્રમાણે છે :- (૧) બાદરબાદર; (૨) બાદર; (૩) બાદરસૂક્ષ્મ; (૪) સૂક્ષ્મબાદર; (૫) સૂક્ષ્મ; (૬) સૂક્ષ્મસૂક્ષ્મ. ત્યાં, (૧) કાષ્ઠપાષાણાદિક (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં સંધાઈ શકતા નથી તે (ઘન પદાર્થો) ‘બાદરબાદર’ છે; (૨) દૂધ, ઘી, તેલ, જળ, રસ વગેરે (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં જોડાઈ જાય છે તે (પ્રવાહી પદાર્થો) ‘બાદર’ છે; (૩) છાંયો, તડકો, અંધકાર, ચાંદની વગેરે (સ્કંધો) કે જે સ્થૂલ જણાતા હોવા છતાં છેદી, ભેદી કે (હસ્તાદિ વડે) ગ્રહી શકાતા નથી તે ‘બાદરસૂક્ષ્મ’ છે; (૪) સ્પર્શ–રસ–ગંધ–શબ્દ કે જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે (અર્થાત્ ચક્ષુ સિવાયની ચાર ઇંદ્રિયોના વિષયભૂત સ્કંધો કે જે આંખથી નહિ દેખાતા હોવા છતાં સ્પર્શેંદ્રિયથી સ્પર્શી શકાય છે, જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે) તે ‘સૂક્ષ્મબાદર’ છે; (૫) કર્મવર્ગણા વગેરે (સ્કંધો) કે જેમને સૂક્ષ્મપણું છે તેમ જ જેઓ ઇંદ્રિયોથી ન જણાય એવા છે તે ‘સૂક્ષ્મ’ છે; (૬) કર્મવર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) દ્વિઅણુક-સ્કંધ સુધીના (સ્કંધો) કે જે અત્યંત સૂક્ષ્મ છે તે ‘સૂક્ષ્મસૂક્ષ્મ’ છે. ૭૬.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૧, રવિવાર]

અનંતા પરમાણુ ભેગા થાય. કોઈ સૂક્ષ્મ પરિણમન ધારણ કરે, જેમ કે કાર્મણ શરીર ને કોઈ સ્થૂલ પરિણમન ધારણ કરે જેમ કે ઔદારિક શરીર, તે બધાને પુદ્‌ગલ કહે છે. જે પૂર્વે સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ એમ ચાર પ્રકારના ભેદ કહ્યા તેમાં પુરાવું ને ગળવું એવો સ્વભાવ છે. પુદ્=પુરાવું ને ગલ એટલે છૂટું પડવું. પોતાના કારણે પુરાય છે એટલે કે મળે છે ને છૂટા પડે છે માટે પુદ્‌ગલ કહે છે. વળી જે વધે છે–ઘટે છે તેને પુદ્‌ગલ કહે છે.

જે જીવ એમ માને છે કે મારાથી પુદ્‌ગલમાં વધારો–ઘટાડો કરી શકાય છે તે મૂઢ છે. એમ માનનારને ધર્મ તો નથી પણ ‘‘સ્વધર્મત્યાગ’’ વર્તે છે. ‘નિયમસાર’માં મોહનો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



''સ્વધર્મત્યાગ'' કર્યો છે. પોતાના જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવને છોડીને જડનો કર્તા–હર્તા–ભોક્તા થાય છે તેથી તેને સ્વધર્મત્યાગ વર્તે છે. તે કહેવાતો ત્યાગી પાપનો ત્યાગી નથી પણ પોતાના ધર્મનો ત્યાગી છે. પ્રથમ સાચું જ્ઞાન કરો કે આહારાદિની ક્રિયા મારાથી થતી નથી કેમ કે હું જ્ઞાન છું. પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરે તે શ્રદ્ધામાં સમતા છે. આવી શ્રદ્ધાની સમતા થયા પછી સ્વભાવના અવલંબને રાગનો અભાવ થઈ વીતરાગતા પ્રગટે તે ચારિત્રની સમતા છે. જેને શ્રદ્ધાની સમતાનાં ઠેકાણાં નથી ને પરપદાર્થો છોડવાના અભિમાન કરે ને આહારશુદ્ધિમાં સવારથી સાંજ સુધી રોકાય તે બાહ્યથી ત્યાગી દેખાતો હોવા છતાં તેને ચારિત્રની સમતા હોતી નથી તેથી તે સ્વધર્મત્યાગી છે.

અહીં બતાવ્યું કે સ્કંધોમાં વધવું–ઘટવું થયા કરે છે માટે તેને પુદ્ગલ કહ્યા. હવે પરમાણુને પુદ્ગલ કેમ કહ્યું તે કહે છે. પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણના ભેદોમાં ષટ્ગુણી હાનિવૃદ્ધિના પ્રભાવથી પુદ્ગલનામ પામે છે. એક પરમાણુમાં એક ગુણ ચીકાશ હોય, બીજે સમયે અનંતગુણી ચીકાશ થઈ જાય, દૂધના પરમાણુઓ મીઠાશમાંથી ખટાશરૂપે થઈ જાય, કોઈ થોડી મીઠાશમાંથી વધારે મીઠાશરૂપે થાય, કોઈ એકગુણ લીલો હોય તે બીજે સમયે અનંતગુણો લીલો થઈ જાય, કોઈ પરમાણુ શીતમાંથી ઉષ્ણ થાય માટે તેને પુદ્ગલ કહે છે, તે બધું જડથી થાય છે. આત્માની ઈચ્છાથી થતું નથી. માટે આ પુદ્ગલના નાટકનું જ્ઞાન કર. કેમ કે તું જ્ઞાતા છો.

વળી તે પરમાણુમાં કોઈ કાળમાં પોતાની યોગ્યતાના કારણે સ્કંધ થવાની શક્તિ છે તેમ જ કેટલાય પરમાણુ એવા છે કે જે કદી સ્કંધરૂપ થયા નથી. તોપણ તેમાં સ્કંધ થવાની યોગ્યતા છે માટે તેને પણ પુદ્ગલ કહે છે. તથા સ્કંધ, દેશ ને પ્રદેશ એમ ત્રણ પ્રકારના સ્કંધ છે તે અનંતા પરમાણુઓ મળીને એક પિંડરૂપ અવસ્થા ધારણ કરે છે. તે કારણથી તેમાં પણ પૂરણ–ગલન સ્વભાવ છે ને તેને પણ પુદ્ગલ કહેવામાં આવે છે. તે છ પ્રકારના છે. આખા જગતના પુદ્ગલ સ્કંધોને છ પ્રકારથી કહે છે.

**ભાવાર્થ :** પુદ્ગલસ્કંધો પોતાના સ્થૂલસૂક્ષ્મ પરિણામોના ભેદોથી ત્રણ લોકમાં પ્રવર્તી રહ્યા છે. તેના છ પ્રકાર બતાવવામાં આવે છે.

(૧) **બાદરબાદર :** જે પુદ્ગલપિંડના બે ટુકડા થયા પછી પોતાની મેળે ફરી ભેગા થતા નથી તેવા પુદ્ગલપિંડ બાદરબાદર સમજવા. દાખલો : પથ્થર ને લાકડાના ટુકડા થયા પછી તે ભેગા થતા નથી. તેના ટુકડા થવા તે પુદ્ગલના સ્વભાવથી છે ને તે ફરી ભેગા થતા નથી તે પુદ્ગલના સ્વભાવથી ભેગા થતા નથી. આવો પુદ્ગલસ્કંધનો સ્વભાવ છે.

(૨) **બાદર :** જે પુદ્ગલનો પિંડ ટુકડા થયા પછી પોતાની મેળે મળી જાય તેને બાદર કહે છે. દાખલો : ઘી, તેલ છૂટાં પડીને પાછાં પોતાના કારણે ભેગાં થાય એવો એનો સ્વભાવ છે. આત્માના કારણે તે જુદા થતાં નથી કે ભેગાં થતાં નથી. અહીં પુદ્ગલનું જ્ઞાન કરાવી તે તારાથી જુદા છે એમ કહે છે. તારાથી એમાં કાંઈ થતું નથી. વળી કાળને લીધે પણ એમાં ફેરફાર થતો નથી. એના કારણે છૂટા પડે ને ભેગા થાય તે તેનો સ્વભાવ છે ને તે બાદર સ્કંધ છે.

(૩) **બાદરસૂક્ષ્મ :** જે દેખવામાં આવે પણ હાથ વગેરેથી ગ્રહણ થઈ ન શકે તે સ્કંધને બાદરસૂક્ષ્મ કહે છે. દાખલો : સૂર્યનો તડકો, ચંદ્રમાની ચાંદની, પડછાયો વગેરે આંખોથી દેખાય છે પણ હાથથી પકડી શકાતા નથી માટે તે બાદરસૂક્ષ્મ જાણવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું અસંખ્યપ્રદેશી આત્મા છો, તારાથી પુદ્‌ગલની અવસ્થા થતી નથી, તું જાણનાર છો. જેમ સૂર્ય લોકમાં પ્રકાશી રહ્યો છે તેમ જડ પ્રકાશથી વિલક્ષણ એવા કેવળજ્ઞાનરૂપી પ્રકાશથી તું ભરેલો પડ્યો છો, તું અનંતપ્રકાશી છો. અનંતા સ્કંધોને જાણી લેવાનો તારો સ્વભાવ છે. અનંતાને જાણતાં રાગ થાય એવો તારો સ્વભાવ નથી. અનંતાને જાણી લ્યે તેવો અનંત જ્ઞાનપ્રકાશની શક્તિરૂપ તું છો. વળી જેમ ચંદ્ર શીતળતા આપે છે તેમ જડ શીતળતાથી વિલક્ષણ એવી ચૈતન્ય શીતળતા–શાંતિ-ધીરજ તારામાં અનંતી છે. અનંતા પદાર્થો હોવા છતાં તે તારામાં આકુળતા ઉત્પન્ન કરી શકે નહિ. તું અનંત શક્તિવાન છે. આમ આત્મા અનંત જ્ઞાનપ્રકાશનો ને અનંત શાંતિનો ભરપૂર ભંડાર છે.

આવું જેને ભાન નથી તે પરપદાર્થને પોતાના માને છે. એક પુદ્‌ગલદ્રવ્યની ક્રિયા મારાથી થાય એમ માનનાર અનંતા પદાર્થોનો સ્વામી થાય છે. ને પોતે અનંતી આકુળતામાં રોકાય છે તેથી તેનું જ્ઞાન સાચું થતું નથી, ને તેથી તેને અશાંતિ થાય છે, તેને અધર્મ થાય છે. પણ જે યથાર્થ જ્ઞાન કરે છે કે પુદ્‌ગલોનું પરિણમન પુદ્‌ગલના કારણે છે, પુદ્‌ગલની અનેક પ્રકારની વિવિધતાનો જ્ઞાન કરવાનો મારો સ્વભાવ છે, મારામાં અનંત જ્ઞાનપ્રકાશ ને અનંત શીતળતા ને શાંતિ છે. એમ જે શ્રદ્ધા કરે છે તને ધર્મદશા પ્રગટે છે.

(૪) **સૂક્ષ્મબાદર** : જે સ્કંધ સૂક્ષ્મ છે પરંતુ સ્થૂલ જેવા પ્રતિભાસે છે તેને સૂક્ષ્મબાદર કહે છે. દાખલો : લીમડાના કોરની ગંધ આવે છે તે ગંધ દેખાતી નથી માટે સૂક્ષ્મ પણ નાક દ્વારા ખ્યાલમાં આવે છે માટે બાદર એમ સૂક્ષ્મબાદર છે. વાણી દેખાતી નથી માટે સૂક્ષ્મ પણ કાન દ્વારા સંભળાય છે માટે સ્થૂલ એમ સૂક્ષ્મસ્થૂલનો અર્થ સમજવો. આત્મા ભાષા બોલતો નથી તેમ જ ભાષા બંધ કરી શકતો નથી. તે તો પુદ્‌ગલનો સૂક્ષ્મબાદર સ્કંધ છે.

**“તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ,**
**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ.”**

જડનું હલનચલન જડથી છે, તે બધો અજીવનો ખેલ છે. જ્ઞાની જાણે છે કે તે જડની અવસ્થા છે તેથી તેઓ તેનું અભિમાન કરતા નથી. પણ જેમ છે તેમ જાણી લ્યે છે. આમ પુદ્‌ગલના સ્કંધોને જેમ છે તેમ જાણવા ને આત્મા તેનાથી જુદો માત્ર જ્ઞાતા છે એમ જાણવું તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૨, સોમવાર]

આત્મા જ્ઞાનસ્વભાવી છે. પુદ્‌ગલ જ્ઞેયોને જાણવાનો તેનો સ્વભાવ છે. પરમાણુઓ છૂટા પડે કે ભેગા થાય તેમાં આત્માનો અધિકાર નથી. શરીરાદિ દૃશ્યમાન રૂપી પદાર્થોનું વિવિધપણું ને વિચિત્રપણું દેખાય છે તે અંદર આત્મા ચેતન છે માટે વિવિધતા થાય છે એમ નથી. અજ્ઞાની માને છે કે મારાથી આ વિવિધતા થાય છે ને એમ માની અસત્યનું પાપ કરે છે.

અહીં સ્કંધોના છ ભેદની વાત ચાલે છે.

(૧) **બાદરબાદર** : પથ્થર, લાકડાના કટકા થાય ને કટકા થયા પછી ભેગા ન થાય એવો પુદ્‌ગલનો સ્વભાવ છે. તેને બાદરબાદર સ્કંધ કહે છે. આત્મા તેના કટકા કરી શકતો નથી.

(૨) **બાદર** : ઘી, તેલ વગેરે પ્રવાહી ચીજો જે છૂટી પડીને પાછી સ્વયં ભેગી થાય તેને બાદરસ્કંધ કહે છે. અજ્ઞાની જીવો માને છે કે અમે ઘીને ભેગું કરીએ છીએ તે અજ્ઞાન છે. ઘીનું ઓગળવું કે છૂટું પડવું તે ઘીના કારણે છે. અગ્નિના કારણે કે આત્માના કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી.

(૩) **બાદરસૂક્ષ્મ** : તડકો, ચાંદની, છાયા આંખોથી દેખાય છે પણ હાથથી એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી શકાતા નથી માટે સૂક્ષ્મ એવી રીતે બાદરસૂક્ષ્મ છે. તે કોઈના કરેલા નથી. સ્વભાવથી થયેલા છે.

(૪) સૂક્ષ્મબાદર : સ્પર્શ, રસ, ગંધ ને શબ્દાદિ આંખે જણાતા નથી માટે સૂક્ષ્મ ને બીજી કોઈ ઈંદ્રિય દ્વારા જણાય છે માટે બાદર—એમ સૂક્ષ્મબાદર જાણવા. આ ચીજ હળવી છે કે ભારે છે તે આંખથી દેખાતું નથી પણ સ્પર્શેંદ્રિય દ્વારા ખ્યાલ આવે છે. આ ચામડી સુંવાળી છે કે કર્કશ છે તે આંખથી દેખાતું નથી પણ સ્પર્શ દ્વારા ખ્યાલ આવે છે. ખાટો, મીઠો, કડવો સ્વાદ આંખ નક્કી ન કરે માટે સૂક્ષ્મ ને જીભ દ્વારા નક્કી થાય છે માટે બાદર એમ સૂક્ષ્મબાદર. ગ્યાસતેલની ગંધના પરમાણુ દેખાતા નથી માટે સૂક્ષ્મ, પણ નાકથી જણાય છે માટે બાદર એમ સૂક્ષ્મ-બાદર સમજવું. શબ્દ આંખથી દેખાતો નથી પણ કાનથી સંભળાય છે. આ બધી અવસ્થા પુદ્ગલથી થઈ રહી છે. આત્માથી થતી નથી.

બાદરબાદર ને બાદર તો ઈંદ્રિયથી ગ્રાહ્ય છે. બાદરસૂક્ષ્મ આંખથી ગ્રાહ્ય છે ને બીજી ઈંદ્રિયથી ગ્રાહ્ય નથી, ને સૂક્ષ્મબાદર આંખથી ગ્રાહ્ય નથી, પણ આંખ સિવાયની બીજી ઈંદ્રિયથી ગ્રાહ્ય છે. હવે ઈંદ્રિયોથી ગ્રાહ્ય નથી એવા સ્કંધોની વાત કરે છે.

(૫) **સૂક્ષ્મ** : જે સ્કંધો ઈંદ્રિયોથી ગ્રાહ્ય નથી એવા કર્મવર્ગણાના સ્કંધોને સૂક્ષ્મસ્કંધો કહે છે. તે કોઈ ઈંદ્રિય દ્વારા જાણી શકાતા નથી.

(૬) **સૂક્ષ્મસૂક્ષ્મ** : કર્મવર્ગણાઓથી પણ અતિસૂક્ષ્મ બે પરમાણુ, ત્રણ પરમાણુ વગેરેના સ્કંધોને સૂક્ષ્મસૂક્ષ્મ કહે છે તે પણ ઈંદ્રિયગ્રાહ્ય નથી.

અહીં જે ભેદો કહ્યા છે તે સ્કંધોના ભેદ છે. 'ગોમ્મટસાર'માં પુદ્ગલના છ ભેદ કહ્યા છે. તેમાં પાંચ બોલ ઉપર મુજબ ને છેલ્લો બોલ સૂક્ષ્મસૂક્ષ્મનો એક પરમાણુનો લીધો છે. અહીં તો છ પ્રકારના સ્કંધોની વાત લીધી છે. ૭૬.

---

**सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू ।**
**सो सस्सदो असद्दो एक्को अविभागी मुत्तिभवो ॥ ७७ ॥**

**सर्वेषां स्कंधानां योऽन्त्यस्तं विजानीहि परमाणुम् ।**
**स शाश्वतोऽशब्दः एकोऽविभागी मूर्तिभवः ॥ ७७ ॥**

**જે અંશ અંતિમ સ્કંધનો, પરમાણુ જાણો તેહને;**
**તે એક ને અવિભાગ, શાશ્વત, મૂર્તિપ્રભવ, અશબ્દ છે. ૭૭.**

**અન્વયાર્થ** : [सर्वेषां स्कंधानां] સર્વ સ્કંધોનો [यः अन्त्यः] જે અંતિમ ભાગ [तं] તેને [परमाणुम् विजानीहि] પરમાણુ જાણો. [सः] તે [अविभागी] અવિભાગી, [एकः] એક, [शाश्वतः] શાશ્વત, [मूर्तिभवः] મૂર્તિપ્રભવ (મૂર્તિપણે ઉપજનારો) અને [अशब्दः] અશબ્દ છે.

---

**तात्पर्यवृत्ति** : एवं प्रथमस्थले स्कंदव्याख्यानमुख्यत्वेन गाथाचतुष्टयं समाप्तं । तदनंतरं परमाणु-व्याख्यानमुख्यतया द्वितीयस्थले गाथापंचकं कथ्यते । तथाहि । शाश्वतादिगुणोपेतं परमाणुद्रव्यं प्रतिपादयतिः–**सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू** यथा य एव कर्मस्कंधानामंतो विनाशस्तमेव

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धात्मानं विजानीहि तथा य एव षड्विधस्कंदानामंतोऽवसानो भेदस्तं परमाणु विजानीहि । **सो** स च । कथंभूतः.? **सस्सदो** यथा परमात्मा टंकोत्कीर्णज्ञायकैकस्वभावेन द्रव्यार्थिकनयेनाविनश्वरत्वात् शाश्वतः तथा पुद्गलत्वेनाविनश्वरत्वात्परमाणुरपि नित्यः, **असद्दो** यथा शुद्धजीवास्तिकायो निश्चयेन स्वसंवेदनज्ञानविषयोपि शब्दविषयः शब्दरूपो वा न भवतीत्यशब्दः तथा हि परमाणुरपि शक्तिरूपेण शब्दकारणभूतोपि व्यक्तिरूपेण शब्दपर्यायरूपो न भवतीत्यशब्दः, एक्को यथा शुद्धात्मद्रव्यं निश्चयेन परोपाधिरहितत्वेन केवलमसहायमेकं भण्यते तथा परमाणुद्रव्यमपि द्व्यणुकादिपरोपाधिरहितत्वात्केवलम-सहायमेकं भवत्येकप्रदेशत्वाद्वा **अविभागी** यथा परमात्मद्रव्यं निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशमपि विवक्षिताखंडैकद्रव्यत्वेन भागाभावादविभागी तथा परमाणुद्रव्यमपि निरंशत्वेन भागाभावादविभागी । पुनश्च कथंभूतः स परमाणु : ? **मुत्तिभवो** अमूर्तात्परमात्मद्रव्याद्विलक्षणा या तु स्पर्शरसगंधवर्णवती मूर्तिस्तया समुत्पन्नत्वात् मूर्तिभव इति सूत्राभिप्रायः ।। ७७ ।।

**समयव्याख्या : परमाणुव्याख्येयम् । उक्तानां स्कंधरूपपर्यायाणां योऽन्त्यो भेदः स परमाणुः । स तु पुनर्विभागाभावादविभागी, निर्विभागैकप्रदेशत्वादेकः मूर्तद्रव्यत्वेन सदाप्यविनश्वरत्वान्नित्यः, अनादिनिधनरूपादिपरिणामोत्पन्नत्वान्मूर्तिभवः, रूपादिपरिणामोत्पन्नत्वेऽपि शब्दस्य परमाणुगुणत्वा-भावात्पुद्गलस्कंधपर्यायत्वेन वक्ष्यमाणत्वाच्चाशब्दो निश्चीयत इति ॥ ७७ ॥**

**અનુવાદ : આ, પરમાણુની વ્યાખ્યા છે.**

**પૂર્વોક્ત સ્કંધરૂપ પર્યાયોનો જે અંતિમ ભેદ (નાનામાં નાનો ભાગ) તે પરમાણુ છે. અને તે તો, વિભાગના અભાવને લીધે અવિભાગી છે; નિર્વિભાગ–એકપ્રદેશવાળો હોવાથી એક છે; મૂર્તદ્રવ્યપણે સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; અનાદિ–અનંત રૂપાદિના પરિણામે ઊપજતો હોવાથી મૂર્તિપ્રભવ છે; અને રૂપાદિના પરિણામે ઊપજતો હોવા છતાં પણ અશબ્દ છે એમ નિશ્ચિત છે, કારણ કે શબ્દ પરમાણુનો ગુણ નથી તથા તેનું (શબ્દનું) હવે પછી (૭૯મી ગાથામાં) પુદ્ગલસ્કંધપર્યાયપણે કથન છે. ૭૭**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર વદ-૧૨, સોમવાર]

હવે પરમાણુનું સ્વરૂપ કહે છે.

આ બધા જે સ્થૂલ સ્કંધો દેખાય છે તે કાર્ય છે. માટે તેનું કારણ હોવું જોઈએ. અનેકપણું કાયમ રહેતું નથી. જેમકે આ આંગળી છે, તેના છૂટા છૂટા રજકણ થાય છે. ભેગા થાય તો સ્કંધ થાય ને છૂટા થતાં થતાં છેવટ એક પરમાણુ રહે છે.

જુઓ, આ સર્વજ્ઞનું વિજ્ઞાન ! સ્કંધમાંથી છૂટો થઈને પરમાણુ રહે તો પરમાણુના કારણે રહે છે. જીવને લીધે પુદ્ગલમાં ફેરફાર થતો નથી.

ત્યાં વળી કોઈ એમ કહે કે અમો નિમિત્ત તો થઈએ છીએ ને ?

**સમાધાન :** કોનું નિમિત્ત ? હજી ત્યાં કાર્ય થયું નથી તે પહેલાં કોનું નિમિત્ત ? પુદ્ગલની અવસ્થારૂપ કાર્ય થાય છે ત્યારે જીવને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત આગળ–પાછળ નથી, પણ એક જ સમયે છે. નિમિત્ત તો ખરા ને ? આમ પ્રશ્ન કરનારની દૃષ્ટિ સંયોગ ઉપર છે, તેથી તેને પરની સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. તેને ધર્મ થતો નથી.

અહીં બતાવે છે કે સ્કંધનો અંતનો ભેદ પરમાણુ છે. તે આત્માના કારણે નથી. અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતનો ભેદ કહ્યો એટલે છઠ્ઠો ભેદ સૂક્ષ્મસૂક્ષ્મ કહ્યો છે તે સમજવો નહિ પણ અંતનો ભેદ કહેતાં છેલ્લા કટકાની એટલે કે પરમાણુની વાત છે. જે કટકામાંથી ભેદ પડે નહિ તે પરમાણુ એક જ પ્રકારનો છે, તેના બે કટકા થતા નથી.

તે પરમાણુ ત્રિકાળ અવિનાશી છે. સ્કંધોની સાથે મેળાપ થવાથી તેની એક પર્યાયથી બીજી પર્યાય થાય છે. એક પરમાણુ સૂક્ષ્મસ્કંધમાં જોડાય તો તેની સૂક્ષ્મ વિભાવપર્યાય થાય છે ને સ્થૂલમાં જોડાય તો સ્થૂલ વિભાવપર્યાય થાય છે. આમ પર્યાયમાં ફેરફાર થવા છતાં દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ સદા ટંકોત્કીર્ણ નિત્ય છે.

વળી એક પરમાણુમાં શબ્દરૂપ થવાની તાકાત નથી. એક પરમાણુ બીજા અનંતા પરમાણુ સાથે ભળે તો શબ્દરૂપે થવાની શક્તિ છે. પણ એકલો પરમાણુ શબ્દ કરે એવો તેનો સ્વભાવ નથી.

અજ્ઞાની જીવો કહે છે કે અમે ભાષા બોલીએ છીએ. પણ ભાઈ, તે તારું અજ્ઞાન છે. એક પરમાણુ સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું તત્ત્વ છે, પણ તેમાં શબ્દ થવાની તાકાત નથી. તો પછી તું આત્મા અરૂપી, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાનો બોલી શકે એ અસંભવિત છે. માટે અભિમાન છોડ.

વળી શબ્દ તે પુદ્‌ગલદ્રવ્યનો ગુણ નથી. જો ગુણ હોય તો એકલા પરમાણુમાં કાયમ હોવો જોઈએ. જે કાયમ રહે તેને ગુણ કહે છે. ને જે કદાચિત્ થાય તેને પર્યાય કહે છે. પુદ્‌ગલમાં શબ્દ કાયમ રહેતો નથી, એકલા પરમાણુમાં શબ્દ નથી, માટે શબ્દ ગુણ નથી. કદાચિત્ થાય છે માટે પર્યાય છે. તેનો કર્તા આત્મા નથી.

વળી પરમાણુ એકપ્રદેશી છે, છતાં તેમાં સ્કંધરૂપે થવાની લાયકાત છે માટે પરમાણુને પુદ્‌ગલાસ્તિકાય કહેવામાં આવે છે. તે પરમાણુના બે ભાગ થઈ શકતા નથી માટે નિરંશ છે. વળી તે પરમાણુ સદાકાળ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એમ ચાર ગુણો સહિત છે. સ્પર્શાદિ ગુણો તે સ્વભાવ છે ને પરમાણુ દ્રવ્ય તે સ્વભાવવાન છે. આમ ગુણ–ગુણી અભેદ છે. આત્મા તેનો જાણનાર છે, પણ તેનો કર્તા નથી. ૭૭

---

**आदेसमेत्तमुत्तो धादुचदुक्कस कारणं जो दु ।**
**सो णेओ परमाणू परिणामगुणो सयमसद्दो ॥ ७८ ॥**

**आदेशमात्रमूर्त्तः धातुचतुष्कस्य कारणं यस्तु ।**
**स ज्ञेयः परमाणुः परिणामगुणः स्वयमशब्दः ॥ ७८ ॥**

**આદેશમાત્રથી મૂર્ત, ધાતુચતુષ્કનો છે હેતુ જે,**
**તે જાણવો પરમાણુ–જે પરિણામી, આપ અશબ્દ છે. ૭૮।**

**અન્વયાર્થ** : [यः तु] જે [आदेशमात्रमूर्त्तः] આદેશમાત્રથી મૂર્ત છે (અર્થાત્ માત્ર ભેદવિવક્ષાથી મૂર્તત્વવાળો કહેવાય છે) અને [धातुचतुष्कस्य कारणं] જે (પૃથ્વી આદિ) ચાર ધાતુઓનું કારણ છે [सः] તે [परमाणुः ज्ञेयः] પરમાણુ જાણવો—[परिणामगुणः] કે જે પરિણામગુણવાળો છે અને [स्वयम् अशब्दः] સ્વયં અશબ્દ છે.

---

**तात्पर्यवृत्ति** : इति परमाणुस्वरूपकथनेन द्वितीयस्थले प्रथमगाथा गता । अथ पृथिव्यादिजातिभिन्नाः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमाणवो न संतीति निश्चिनोति, – **आदेसमेत्तमुत्तो** आदेशमात्रमूर्तः, आदेशमात्रेण संज्ञादिभेदेनैव परमाणोर्मूर्तत्वनिबंधनभूता वर्णादिगुणा भिद्यंते पृथक् क्रियंते न च सत्ताप्रदेशभेदेन। वस्तुतस्तु य एव परमाणोरादिमध्यांतभूतप्रदेशः स एव रूपादिगुणानामपि। अथवा मूर्त इत्यादिश्यते कथ्यते न च दृष्ट्या दृश्यते तेनादेशमात्रमूर्तः, **धाउचउक्कस कारणं जो दु** निश्चयेन शुद्धबुद्धैकस्वभावैरपि पृथिव्यादिजीवैर्व्यवहारेणानादिकर्मोदयवशेन यानि पृथिव्यप्तेजोवायुधातुचतुष्कसंज्ञानि शरीराणि ग्रहीतानि तिष्ठन्ति तेषामन्येषां च जीवेनागृहीतानां हेतुत्वेन निमित्तत्वाद्धातुचतुष्कस्य कारणं यस्तु **सो णेओ परमाणू** यः पूर्वं कथित एकोपि परमाणुः पृथिव्यादिधातुचतुष्करूपेण कालांतरेण परिणमति स परमाणुरिति ज्ञेयः, **परिणामगुणो** औदयिकादिभावचतुष्टयरहितत्वेन पारिणामिकगुणः। पुनः किंविशिष्टः ? **सयमसद्दो** एकप्रदेशत्वेन कृत्वानंतपरमाणुपिंडलक्षणेन शब्दपर्यायेण सह विलक्षणत्वात्स्वयं व्यक्तिरूपेणाशब्द इति सूत्रार्थः ॥७८॥

**समयव्याख्या : परमाणूनां जात्यंतरत्वनिरासोऽयम्। परमाणोर्हि मूर्तत्वनिबंधनभूताः स्पर्शरसगंधवर्णा आदेशमात्रेणैव भिद्यंतेः वस्तुतस्तु यथा तस्य स एव प्रदेश आदिः, स एव मध्यं, स एवांतः इति, एवं द्रव्यगुणयोरविभक्तप्रदेशत्वात् य एव परमाणोः प्रदेशः, स एव स्पर्शस्य, स एव रसस्य, स एव गंधस्य, स एव रूपस्येति। ततः क्वचित्परमाणौ गंधगुणे, क्वचित् गंधरसगुणयोः, क्वचित् गंधरसरूपगुणेषु अपकृष्यमाणेषु तदविभक्तप्रदेशः परमाणुरेव विनश्यतीति। न तदपकर्षो युक्तः। ततः पृथिव्यप्तेजोवायुरूपस्य धातुचतुष्कस्यैक एव परमाणुः कारणं परिणामवशात्। विचित्रो हि परमाणोः परिणामगुणः क्वचित्कस्यचिद्गुणस्य व्यक्ताव्यक्तत्वेन विचित्रां परिणतिमादधाति। यथा च तस्य परिणामवशादव्यक्तो गंधादिगुणोऽस्तीति प्रतिज्ञायते, न तथा शब्दोऽप्यव्यक्तोऽस्तीति ज्ञातुं शक्यते तस्यैकप्रदेशस्यानेकप्रदेशात्मकेन शब्देन सहैकत्वविरोधादिति ॥ ७८ ॥**

અનુવાદ : પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું આ ખંડન છે.

મૂર્તત્વના કારણભૂત સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો, પરમાણુથી આદેશમાત્ર વડે જ ભેદ કરવામાં આવે છે; વસ્તુતઃ તો જેવી રીતે પરમાણુનો તે જ પ્રદેશ આદિ છે, તે જ પ્રદેશ મધ્ય છે અને તે જ પ્રદેશ અંત છે, તેવી રીતે દ્રવ્ય અને ગુણના અભિન્ન પ્રદેશ હોવાથી, જે પરમાણુનો પ્રદેશ છે, તે જ સ્પર્શનો છે, તે જ રસનો છે, તે જ ગંધનો છે, તે જ રૂપનો છે. તેથી કોઈ પરમાણુમાં ઓછો હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ અને રસગુણ ઓછા હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ, રસગુણ અને રૂપગુણ ઓછા હોય, તો તે ગુણથી અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ વિનાશ પામે. માટે તે ગુણની ઓછપ યુક્ત (ઉચિત) નથી. [કોઈ પણ પરમાણુમાં એક પણ ગુણ ઓછો હોય તો તે ગુણની સાથે અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ નાશ પામે; માટે બધા પરમાણુઓ સમાન ગુણવાળા જ છે, એટલે કે તેઓ ભિન્ન ભિન્ન જાતિના નથી.] તેથી પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપ ચાર ધાતુઓનું, પરિણામને લીધે, એક જ પરમાણુ કારણ છે (અર્થાત્ પરમાણુઓ એક જ જાતિના હોવા છતાં તેઓ પરિણામને લીધે ચાર ધાતુઓનાં કારણ બને છે); કેમ કે વિચિત્ર એવો પરમાણુનો પરિણામગુણ ક્યાંક કોઈ ગુણની વ્યક્તાવ્યક્તતા વડે વિચિત્ર પરિણતિને ધારણ કરે છે.

વળી જેવી રીતે પરમાણુને પરિણામને લીધે અવ્યક્ત ગંધાદિગુણ છે એમ જણાય છે તેવી રીતે શબ્દ પણ અવ્યક્ત છે એમ જાણી શકાતું નથી, કારણ કે એકપ્રદેશી પરમાણુને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનેકપ્રદેશાત્મક શબ્દ સાથે એકત્વ હોવામાં વિરોધ છે. ૭૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૨, સોમવાર]

વેદાન્ત એમ કહે છે કે "પુદ્‌ગલો અનાદિથી પાંચ જાતિના છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને આકાશ પાંચ મહાભૂત છે. તેમાંથી આ શરીર બન્યું છે. હાડકાંને પૃથ્વીનું તત્ત્વ કહે છે. લોહીને પાણીનું તત્ત્વ કહે છે. જઠરની ઉષ્ણતાને અગ્નિનું તત્ત્વ કહે છે. શ્વાસને વાયુનું તત્ત્વ કહે છે વગેરે પ્રકારે પાંચ મહાભૂતના પૂતળારૂપ આ શરીર બન્યું છે. ને મૃત્યુ થતાં આત્મા અનંતમાં ભળી જાય છે એમ કહે છે ને શરીર વીખરાઈને ઉપર કહ્યા તે પાંચ મહાભૂતના પરમાણુરૂપ થઈ જાય છે ! આવી રીતે જે માને છે તે તેનો અજ્ઞાનભાવ છે. તેને કહે છે કે આત્મા કોઈની સાથે ભળી જતો નથી, પણ એકલો રહે છે. ને પરમાણુ એક જ જાતના છે, પાંચ જાતના નથી, પણ પૃથ્વીકાય આદિની જુદી જુદી અવસ્થારૂપે થાય છે. તે સ્પષ્ટતા આ ગાથા ૭૮માં કહે છે.

પરમાણુ પોતે દ્રવ્ય એટલે ગુણી છે ને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણો છે. ગોળ ને ગળપણ નામ જુદાં છે પણ વસ્તુ જુદી નથી તેમ પરમાણુના દ્રવ્ય ને ગુણમાં નામભેદ છે પણ વસ્તુભેદ નથી. વેદાન્તાદિ પૃથ્વી વગેરેના જુદી જુદા જાતના પરમાણુ કહે છે તે વાત બરાબર નથી. તે આ ગાથામાં બતાવે છે. પૃથ્વીના પરમાણુ પાણીરૂપે થાય છે, મડદામાંથી પાણી નીકળે છે. હાડકાંના ને પાણીના પરમાણુ જુદી જાતના નથી. પરમાણુ કાયમ રહીને પૃથ્વી આદિરૂપે થાય છે. રૂપાંતર થાય છે. વળી પરમાણુમાં શબ્દની વ્યક્તતા નથી પણ શબ્દની શક્તિ છે, શબ્દનું કારણ છે.

**ભાવાર્થ** : પરમાણુ દ્રવ્ય છે ને તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચાર ગુણ છે. કોઈ કહે કે જડમાં શક્તિ નથી. કર્મની વાત આવે તો કર્મ આત્માને રખડાવે છે એમ કહે છે તો કર્મ જે જડ છે અને જેમાં શક્તિ નથી તે કેવી રીતે રખડાવે ? એટલે કે ત્યાં કર્મને શક્તિવાળું માને. વળી બીજી વખત કહે કે આત્મા હોય તો શરીર ચાલે તો ત્યાં શરીરને નમાલુ માન્યું. આવી રીતે અજ્ઞાનીને કાંઈ ખબર નથી. કર્મોને દેખ્યાં નથી છતાં તેની શક્તિ માને પણ જે આ શરીર દેખાય છે તેની શક્તિ ન માને. આમ તે ભ્રમણામાં વર્તે છે.

જીવો મુક્તિને ઇચ્છે છે. મુક્તિ એટલે પરથી સંપૂર્ણ જુદા પડવાની ક્રિયા. હવે જે જીવ શરીરની ક્રિયામાં ધર્મ માને છે તેને હજી પરથી જુદો હું છું એવી શ્રદ્ધા થઈ નથી. તો પછી વિકારથી સર્વથા જુદા થવારૂપ મોક્ષક્રિયા તેને ક્યાંથી પ્રગટે ? પરથી ન ચાલે તેવી એકત્વબુદ્ધિ એ જ મિથ્યા માન્યતા છે, તેવા જીવને પોતામાં એકત્વ થઈને નિરાકુળ શાંતિ ને એકાગ્રતાની ક્રિયા કદી પ્રગટી શકે નહિ. અજ્ઞાની પોતાના માનેલા ઉપધાન કરે, વર્ષીતપ કરે, તેના વરઘોડા કાઢે, બીજાની સેવા કરે, વિધવાનાં આંસુ લૂછે, લીલોતરી ન ખાય પણ તેમાં ક્યાંય ધર્મ નથી. અજ્ઞાની ધર્મના નામે ગપગોળા ચલાવી અંદરમાં અજ્ઞાનરૂપી અંધકાર સેવી રહ્યો છે.

જડ ને ચેતન બન્ને જુદાં છે. બન્ને શક્તિવાળાં તત્ત્વ છે. ધર્મ કરનારને તેનું જ્ઞાન હોવું જોઈએ. જે તત્ત્વ હોય તે શક્તિ વિના ન હોય. સ્વભાવ વિના સ્વભાવવાન ન હોય, શક્તિ વિના શક્તિવાન ન હોય. ગુણ વિના ગુણી ન હોય. દાળ, ભાત, રોટલી, શરીર વગેરે જડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થો છે, તે પોતે જડેશ્વર છે, તેની ક્રિયા તેનાથી થઈ રહી છે. આમ પરથી જુદાપણાનું જ્ઞાન કરી હું ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવું અંતર જુદાપણું તે જ્ઞાનની અથવા ધાર્મિક ક્રિયા છે, એના ફળમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ જ પૂર્ણ સુખનો ઉપાય છે.

પરમાણુ તે દ્રવ્ય છે, તે શક્તિવાન છે. શક્તિવાન શક્તિ અથવા ગુણ વિના ન હોય, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણની શક્તિ અથવા ગુણ છે. આ ચારે ગુણથી પરમાણુને મૂર્તિક કહેવામાં આવે છે. પરમાણુ નિર્વિભાવ છે, તે છેલ્લો અંશ છે. અત્યારે જે ઍટમબૉમ્બ (અણુબોમ્બ) કહે છે તે તો અનંતા સ્કંધોનો બનેલો છે. પરમાણુ તો છેલ્લો અવિભાગી અંશ છે. વળી અત્યારના વિજ્ઞાનવાળા કહે છે કે, ''પરમાણુ એટલે છેલ્લા બિંદુમાં કદ નથી, લીટી કરીએ તો કદ થાય.'' પણ તે વાત ખોટી છે. જો મૂળ પરમાણુમાં કદ ન હોય તો લીટીમાં કદ ન આવે. જે ચીજ હોય તે જગ્યા રોકે, જે જગ્યા ન રોકે તે ચીજ ન કહેવાય. પરમાણુ એક દ્રવ્ય છે, તે જગ્યા રોકે છે. તેને કદ છે તો લીટીમાં કદ આવે છે. આ પરમાણુ એકલો છે, તેનો જે પ્રદેશ આદિમાં છે તે જ મધ્યમાં છે ને તે જ અંતમાં છે. ત્રણ પરમાણુ હોય તો પહેલો પછી કહેવાય પણ પરમાણુ એક જ છે. તે આદિ–મધ્ય–અંતમાં એક જ છે. એ કારણથી પરમાણુના બે ભાગ થતા નથી. વળી પરમાણુના દ્રવ્ય–ગુણમાં પ્રદેશભેદ નથી. સાકર ને મીઠાશનું ક્ષેત્ર જુદું નથી. જે ક્ષેત્ર સાકરનું છે તે જ મીઠાશનું છે. તેમ પરમાણુના ગુણ–ગુણીમાં પ્રદેશભેદ નથી તેથી જે પ્રદેશ પરમાણુનો છે તે જ પ્રદેશ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણનો જાણવો. આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચારે ગુણો પરમાણુમાં સદાકાળ જોવામાં આવે છે. પરંતુ ગૌણ–મુખ્યના ભેદથી ન્યૂનાધિક રીતે આ ગુણોનું કથન કરવામાં આવે છે. પૃથ્વી, અગ્નિ, વાયુ વગેરે જુદા જુદા પુદ્દગલના પરમાણુ નથી, પણ પરમાણુઓ જુદી જુદી અવસ્થા ધારણ કરે છે. કોઈ પૃથ્વીરૂપે પરિણમે છે, કોઈ પાણીરૂપે પરિણમે છે. તેમાં ગુણોની પર્યાયની ન્યૂનાધિકતાથી કથન કરે છે. પૃથ્વી જાતિના પરમાણુઓમાં સ્પર્શાદિ ચારે ગુણોની મુખ્યતા છે, પાણીમાં ગંધગુણની ગૌણતા છે ને બાકીના ત્રણ ગુણોની મુખ્યતા છે. તેથી પાણીમાં ગંધ છે જ નહિ એમ ન સમજવું પણ ગંધની ઈંદ્રિયગ્રાહ્ય વ્યક્તતા નથી તેથી ગંધની ગૌણતા કહી છે.

આ પુદ્દગલનું વિજ્ઞાન છે, તે પુદ્દગલનો સ્વભાવ બતાવે છે, તેનું પરિણમન તેના કારણે થઈ રહ્યું છે. આત્મા તેનો કર્તા નથી, આત્મા તેનો જ્ઞાતા–દ્રષ્ટા છે. એમ કહેવાનો સાર છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ-૧૩, મંગળવાર]

આ પુદ્દગલ અસ્તિકાયનું વર્ણન છે. પાંચ અસ્તિકાય ને કાળનું સ્વરૂપ ભગવાને જેવું જોયું તેવું વાણી દ્વારા આવ્યું ને જેની જેવી યોગ્યતા હતી તે મુજબ સમજ્યા. ભગવાન વાણી કે બીજાની દશાના કર્તા નથી.

આજે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન છે. ઘણા લોકો ભાષણ કરશે કે ભગવાને આટલાને મોક્ષ અપાવ્યો, અજ્ઞાન ટાળ્યું. પણ તે બધાં કથનો નિમિત્તથી છે. ભગવાન કોઈનું અજ્ઞાન ટાળતા નથી ને કોઈને જ્ઞાન આપતા નથી. વાણી વાણીના કારણે નીકળે ત્યારે ભગવાનના કારણે વાણી નીકળી એમ બોલાય છે, ને સૌ પોતાના કારણે જ્ઞાન કરે છે તો ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે. તો પછી ભગવાનના ગુણ શું કામ ગાવા જોઈએ ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એમ છે કે જેને જે રુચે છે તેનાં ગાણાં તે ગાય છે. પરનાં ગાણાં ગાય છે એમ કહેવું તે નિમિત્તથી છે. ભગવાન તીર્થના કર્તા હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન અને સામેના જીવો બન્ને સ્વતંત્ર રહેતા નથી. ભગવાને તો દરેક દ્રવ્યની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે. ભગવાને તો પોતામાં કેવળજ્ઞાનદશા પ્રગટ કરી છે, પરનું કાંઈ કર્યું નથી.

તે ભગવાનના જ્ઞાનમાં પરમાણુનું સ્વરૂપ શું આવ્યું તે બતાવે છે. કેટલાક લોકો પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેના પરમાણુને જુદી જુદી જાતના કહે છે, પણ તે વાત સાચી નથી. જેવી રીતે નિગોદથી માંડીને સિદ્ધ સુધીના જીવો એક જ જાતના છે, જાતમાં કાંઈ ફેર નથી, પણ પર્યાયમાં ફેર છે; તેવી રીતે પૃથ્વી, પાણી વગેરેના પરમાણુની જાત એક છે, જાત જુદી નથી, પણ પર્યાયમાં ફેર છે. પર્યાયભેદે ભેદ પડે છે. પૃથ્વીના પરમાણુમાં ચારે ગુણોની પર્યાયની મુખ્યતા છે. જળમાં ગંધની ગૌણતા છે ને બીજા ત્રણ ગુણોની મુખ્યતા છે. અગ્નિમાં ગંધ ને રસની ગૌણતા છે ને સ્પર્શ, વર્ણની મુખ્યતા છે. વાયુમાં ત્રણ ગુણોની ગૌણતા છે ને સ્પર્શગુણની મુખ્યતા છે.

પરમાણુ અનેક પ્રકારરૂપે પલટે છે, તે પોતાના પર્યાયસ્વભાવના કારણે પલટે છે. જીવને લીધે તે પરિણમતા નથી. મીઠાનો પૃથ્વીકાય જીવ છે માટે મીઠારૂપ શરીરની અવસ્થા થાય છે એમ નથી, પાણીનો જીવ અંદર છે માટે પાણીરૂપે શરીર થાય છે એમ નથી. અગ્નિનો જીવ અંદર છે માટે ઉષ્ણરૂપે શરીર થયું છે એમ નથી. જડ પરમાણુની પર્યાયોના કારણે શરીર થઈ રહ્યું છે, જીવ તે શરીરની પર્યાયનો કર્તા નથી.

બીજા શાસ્ત્રમાં એમ કથન આવે કે શુભભાવને લીધે દ્રવ્યકર્મ બંધાય છે ને દ્રવ્યકર્મને લીધે શરીર મળે છે તે કથન નિમિત્તનું છે. શરીર શરીરના કારણે મળે છે તો કર્મને નિમિત્ત કહેવાય ને કર્મને શુભભાવ નિમિત્ત કહેવાય છે. અહીં કર્મની કે જીવની વાત લીધી નથી. દરેક પુદ્‌ગલની પર્યાય પોતાના કારણે છે.

**પ્રશ્ન** : બેમાંથી કઈ વાત માનવી ?

**સમાધાન** : બન્ને સમજવી. કર્મ કર્મના કારણે છે. તેમાં શુભભાવ નિમિત્ત છે ને શરીર શરીરના કારણે થાય તેમાં કર્મ નિમિત્ત છે. નિમિત્તનું જ્ઞાન કરવું પણ સમજવું કે પૃથ્વીના પરમાણુની દશા સ્વતંત્ર થાય છે. અહીં તો જે જીવ પૃથ્વી આદિના પરમાણુ જુદી જાતના કહે છે તેને સમજાવે છે કે તે જુદી જાતના નથી. પરમાણુની જાત એક છે, પણ તેની પર્યાય બદલે છે. વળી કોઈ કહે કે ''અમો પંચમહાભૂત કહીએ છીએ ને તમો પુદ્‌ગલ કહો છો. બન્નેમાં કાંઈ ફેર નથી, એક જ છે.'' તો કહે છે કે બન્નેમાં ઘણો આંતરો–ફેર છે. પંચમહાભૂતમાં તો પરમાણુ જુદી જુદી જાતના માને છે, તે માન્યતા સાચી નથી. પરમાણુની જાત એક છે પણ પર્યાયમાં ફેર છે. કોઈ વાર એક ગુણની મુખ્યતા અથવા ગૌણતાથી અનેક પ્રકારના પરિણામ પર્યાયમાં જુદાં જુદાં દેખાય છે પણ પરમાણુની જાત એક છે.

**પ્રશ્ન** : જેવી રીતે પરમાણુઓ અવસ્થા ધારણ કરતા કરતા પૃથ્વી, પાણીરૂપે થાય તેવી રીતે એક પરમાણુ શબ્દ કરતો હશે ? એવી શંકા કોઈ કરે તો તેનું સમાધાન : પરમાણુ એકપ્રદેશી છે. તેનામાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી. અનેક પરમાણુના સ્કંધમાંથી શબ્દ પરિણમે છે માટે પરમાણુ અશબ્દમય છે. એટલે કે એક પરમાણુમાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી.

ભગવાને વાણી કાઢી એમ જે કહેવાય છે તે નિમિત્તનું કથન છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે હું વાણી કરી શકતો નથી. વાણી વાણીના કારણે નીકળે છે. વળી વાણી નીકળે છે માટે તમે સમજશો એમ નથી. તમે તમારા કારણે સમજો છો. છયે દ્રવ્યો સ્વતંત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. દરેકનાં દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વતંત્ર છે. એમ ભગવાનની વાણીમાં આવે છે. ભવ્ય જીવો તે વાણી સમજે છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈને તારી દેતા નથી. છતાં અધૂરી દશામાં ભગવાન પ્રત્યે શુભરાગ આવ્યા વિના રહેતો નથી. નંદીશ્વરદ્વીપમાં ભગવાનની શાશ્વત પ્રતિમાઓ છે ને ત્યાં ઈંદ્રો જઈને મહોત્સવ કરે છે ને નૃત્ય કરે છે; છતાં ભાન છે કે શરીરની ક્રિયા ને પુણ્ય તે આત્માનું સ્વરૂપ નથી. અમે તો શુદ્ધ આત્મા છીએ. ભગવાનની વાણીમાં એમ આવ્યું ને ઈંદ્રો પણ એમ જ સમજે છે.

આજે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન છે. લોકો જન્મજયંતી કહે છે તે બરાબર નથી. સાધારણ લૌકિક માણસોની જન્મતિથિને જયંતી કહે છે. જયંતી ને જન્મકલ્યાણકમાં ઘણો ફેર છે. જન્મકલ્યાણક તો અલૌકિક પુરુષનાં હોય છે. સાધારણ માણસનાં જન્મકલ્યાણક ઊજવાતાં નથી. સાધારણ માણસ માતાના ગર્ભમાં આવે, જન્મ લ્યે, દીક્ષા લ્યે, તો તેનાં કલ્યાણક ઊજવાતાં નથી. તીર્થંકરનાં જ પાંચ કલ્યાણક ઊજવાય છે. ૧૪ પૂર્વમાં કલ્યાણવાદ નામનું ૧૧મું પૂર્વ છે. તેમાં ભગવાનના ગર્ભ આદિ કલ્યાણકનું વર્ણન આવે છે. તીર્થંકર ભગવાન જન્મથી ત્રણ જ્ઞાન લઈને અવતરે છે. આત્માનું ભાન છે ને મુનિપણું લઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે ત્યારે દિવ્યધ્વનિ છૂટશે. તે ભગવાન પવિત્રતામાં ને પુણ્યમાં પૂરા છે ને એમની અલૌકિક વાણી નીકળશે. ઈંદ્રને ભાન છે કે આ ભગવાનનો જન્મ થયો છે ને ભગવાન પૂર્ણદશાને પામશે ત્યારે સહજ વાણી છૂટશે. તે વાણીમાં એમ આવશે કે 'તારી પ્રભુતાથી તું મોક્ષ પામીશ, તારાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેની પ્રભુતા છે. તું તને સમજીશ તો પ્રભુ થઈશ. અમારાથી તું તરીશ નહિ, તેમ જ આ વાણીના અમે કર્તા નથી. એવી સ્વતંત્ર વાત આવશે એમ ઈંદ્ર જાણે છે તેથી તેવા પુરુષ પ્રત્યે બહુમાન ને ભક્તિ આવે છે ને તેના કલ્યાણક ઊજવે છે ને પોતે પોતાથી સમજ્યો છે એમ ભાન છે તેનો આરોપ ને બહુમાન ભગવાન ઉપર કરે છે.

પણ જે અજ્ઞાની પ્રરૂપક એમ કહે કે ''અમારી વાણીથી તમે તરશો, તારી પામરતા હોવા છતાં અમારી પ્રભુતાની મદદથી તમોને તારશું''—આમ એકને લીધે બીજામાં કાર્ય થાય એમ માનનાર પોતાને પરાધીન માને છે. તે સાંભળનાર જીવોને પણ પામર માને છે તેથી તેના અભિપ્રાયમાં આખા જગતના જીવો પામર છે. આવા અજ્ઞાની જીવની વાણી ધર્મી જીવ સાંભળતો નથી ને તેના કલ્યાણક ઊજવાતા નથી. ધર્મી સમજે છે કે આ જીવ મને પામર બનાવે છે ને બીજાની પ્રભુતામાં આક્ષેપ કરે છે. બીજા જીવના રાગ–દ્વેષ ટાળી શકીશ એમ કહેનારો રાગ–દ્વેષની પ્રભુતાને પણ સમજતો નથી, કારણ કે સામો જીવ રાગ–દ્વેષ કરવામાં પણ સ્વતંત્ર છે. પોતે વિકાર કરે તો થાય છે ને સ્વભાવસન્મુખ થાય તો રાગ–દ્વેષ થતા નથી. અજ્ઞાનીનાં વાક્યો નમાલાં છે. કોઈના આશીર્વાદથી કલ્યાણ થાય ને કોઈના શાપથી અકલ્યાણ થાય તેમ કહેનાર વસ્તુની સ્વતંત્રતાને સમજતો નથી. જે તત્ત્વને પરાધીન માને છે તેનું જ્ઞાન દોષવાળું ને રાગવાળું છે. જે તત્ત્વને સ્વાધીન માને છે તેનું જ્ઞાન નિર્દોષતાવાળું ને વીતરાગતા સહિત છે. નિર્દોષતા ને વીતરાગતા પૂજ્ય હોઈ શકે, દોષ ને રાગ પૂજ્ય ન હોય. જ્ઞાનીને પોતાના સ્વભાવનું ભાન છે, તે સ્વતંત્રતા સમજે છે, તેથી નિશ્ચયથી પોતાના નિર્દોષ સર્વજ્ઞ વીતરાગ જિનેંદ્ર ભગવાનને પૂજે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું કે ''નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.'' લ્યો ગમે ત્યાંથી એટલે પરમાંથી લેવાનો નથી પણ પોતાના શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવમાંથી લેવાનું કહે છે. પોતે ચિદાનંદ આત્મા છે એવું ભાન કરે તો પર્યાયમાંથી પરતંત્રતા નાશ થઈ સ્વતંત્રતા પ્રગટ થાય ને નિર્દોષ સુખ ને નિર્દોષ આનંદ પ્રગટે. પોતાના અપરાધના કારણે પર્યાયમાં જંજીરેથી બંધાયો છે એમ ભાન કરે તો છૂટો થાય.

વળી કોઈ કહે છે કે ''અનંત ઉપકારી જિનેંદ્ર ભગવાન કહે છે કે જીવ કર્મોથી રખડે છે'' પણ તે વાત તદ્દન ખોટી છે. ભગવાન કહે છે કે તું તારી ભૂલથી રખડ્યો એમ અણારોપકથન સમજે ત્યારે કર્મથી રખડ્યો એમ આરોપિત–ઉપચારકથન આવે છે. વળી ભક્તિમાં કથન આવે કે ''હે ભગવાન ! તારાથી સંસાર ટળ્યો'' તેનો અર્થ એમ છે કે 'હે આત્મા, તારા સ્વભાવમાં સંસાર નથી, સંસાર એક સમયની પર્યાયમાં છે, સ્વભાવમાં નથી.' સ્વભાવનું ભાન થતાં સંસાર ટળી જાય છે એનો આરોપ ભગવાન ઉપર આવે છે. અત્યારે તો અજ્ઞાન ઘણું ચાલી રહ્યું છે. દુષ્કાળ વખતે કોઈને રૂ. ૫૦૦/-ની મદદ આપી તો મદદ લેનાર કહે કે શેઠને લીધે દુષ્કાળની મુશ્કેલી પસાર થઈ. આપનાર શેઠ પણ એમ માને કે મારે લીધે પરની અવસ્થા થઈ. આમ બન્ને રાંકા ભેગા થયા છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે કોઈનું લીધું લેવાતું નથી, કોઈનું દીધું દેવાતું નથી. અજ્ઞાની જીવ મફતનો ઊંધું માની રહ્યો છે.

આ બધી વાત શબ્દસમયમાંથી નીકળી છે. શબ્દ અથવા વાણી સ્વતંત્ર છે. આજે ભગવાનનો જન્મદિવસ છે એટલે ગામોગામ ભાષણ થશે કે ''ભગવાને યજ્ઞમાંથી બકરાંને બચાવ્યા, સ્ત્રીને હકો અપાવ્યા વગેરે'' આમ કહેનાર ભગવાનની વાણીને સમજતા નથી. આવી ભગવાનની વાણી ન હોઈ શકે. સ્ત્રીને સાધુપદ ન હોય, સ્ત્રી અને પુરુષનો આત્મા સમાન હોવા છતાં પર્યાયમાં ફેર છે. સાધુપદ અંગીકાર કરવા માટે જેટલી વીતરાગતા જોઈએ તેટલી સ્ત્રીની પર્યાયમાં પ્રગટ થઈ શકતી નથી. સમકિતી સ્ત્રીઓ સમજે છે કે અમારો આત્મા દ્રવ્યે ને ગુણે સરખો હોવા છતાં પર્યાયની હદ જ એટલી છે કે પાંચમા ગુણસ્થાનથી આગળ વધે નહિ. વળી મુનિપણામાં વસ્ત્રનો રાગ રહી જાય તેમ બની શકે નહિ. મુનિપણામાં વસ્ત્ર ઉપરનો રાગ હોતો નથી. મુનિ નિર્ગ્રંથ–દિગંબર જ હોય છે. આમ જે જે ભૂમિકાની જેટલી જેટલી હદ છે તે પ્રમાણે બતાવે તે વાણી સાચી છે. વસ્ત્રસહિત મુનિપણું બતાવે, સ્ત્રીને મુનિપણું ને મોક્ષ માને તે વાણી ને શાસ્ત્ર સાચાં નથી. 'સૂત્રપાહુડ'માં આચાર્ય કહે છે કે જે કોઈ જીવ સૂત્રથી એક શબ્દ આડોઅવળો કરે તે અનંત સંસારી છે. તેવો જીવ પૂજનિક નથી. જેણે સર્વજ્ઞની પરંપરાથી ચાલતા આવતાં સૂત્રોમાં ફેરફાર કરી ખોટાં શાસ્ત્રો રચ્યાં તેમાં મિથ્યાદૃષ્ટિ નિમિત્ત છે, સમકિતી નિમિત્ત નથી.

વળી કોઈ એમ કહે કે ભાષા મિથ્યારૂપે નીકળે તેના કયાં અમે કર્તા છીએ ? અમે ભાષાના કે શબ્દના કર્તા નથી.

**સમાધાન** : ભાષાના કર્તા જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી તે વાત બરાબર છે, પણ ભાષા થઈ તે વખતે કયા જીવનું નિમિત્ત હતું તે વાણી દ્વારા નક્કી કરી શકાય છે. શાસ્ત્રના શબ્દોના કર્તા તો પુદ્ગલપરમાણુ છે, પણ તે શાસ્ત્ર ઊંધા ને વિરુદ્ધ લખવાના ભાવનો કર્તા અજ્ઞાની જીવ છે. માટે તેમાં અજ્ઞાની જીવ નિમિત્ત છે એમ કહી શકાય છે. જેમકે એક જગ્યાએ પાંચ શ્રીફળ પડ્યાં છે, છતાં કોઈ જીવ કહે કે ત્યાં ત્રણ શ્રીફળ પડ્યાં છે તો ''ત્રણ શ્રીફળ પડ્યાં છે'' એવા શબ્દો તો શબ્દોના કારણે નીકળે છે પણ પાછળ તેનું જ્ઞાન ખોટું છે એમ સાબિત થાય છે. વાણીના કારણે નહિ પણ વાણી પાછળ રહેલું (બોલનારનું) જ્ઞાન ખોટું છે એમ સામો જીવ પોતાના જ્ઞાનથી નક્કી કરે છે; તેમ મિથ્યાદૃષ્ટિના શાસ્ત્રના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લખાણમાં આવે કે મુનિને વસ્ત્ર હોય, સ્ત્રીને મુનિપણું હોય, તો ત્યાં તે શબ્દોનું તો પુદ્ગલના કારણે પરિણમન થયું છે, આત્મા તેનો કર્તા નથી પણ તે શબ્દોમાં નિમિત્તરૂપે અજ્ઞાની જીવ છે એમ નક્કી થાય છે. ને વીતરાગની વાણીમાં એમ આવે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, મુનિપણામાં વસ્ત્ર ન હોય, સ્ત્રીને પાંચમા ગુણસ્થાનથી વધારે ન હોય, ત્યાં વાણી તો વાણીના કારણે છે પણ વાણીની પાછળ રહેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીનું અથવા કેવળજ્ઞાનીનું છે અથવા લખાણ ઉપરથી શાસ્ત્રનો લખનાર જ્ઞાની છે એમ નક્કી થાય છે. તેથી ભગવાનની વાણીને પણ સત્ કહી છે ને તેથી પૂજનિક કહી છે. જે જાતના શબ્દો હોય તેની પાછળ અજ્ઞાન કામ કરે છે કે જ્ઞાન કામ કરે છે તેનો ખ્યાલ જ્ઞાનીને આવી જાય છે.

'સત્તાસ્વરૂપ'માં દૃષ્ટાંત આપેલ છે કે એક બંધ ઓરડામાં એક કલાબાજ સિતાર વગાડે છે ને બહુ સરસ વગાડે છે. બીજો હોશિયાર માણસ દૂર ખેતરમાં બેઠો બેઠો સાંભળે છે. સાંભળનારે સંગીત વગાડનારને જોયો નથી, ઓરડો પણ બંધ છે, છતાં તેની સિતાર વગાડવાની ઢબ ને સૂર કાને પડતાં સાંભળનાર હોશિયાર માણસ તે સૂર ઉપરથી નક્કી કરે છે કે તે વગાડનાર હોશિયાર હોવો જોઈએ. આમ સૂર ઉપરથી તેની તે જાતની જ્ઞાનકળાનો ખ્યાલ કરે છે. સૂર તો પુદ્ગલની પર્યાય છે, ને જ્ઞાનકળા તો આત્માની છે, છતાં એવા સુંદર સૂર ને જ્ઞાનકળાને નિમિત્ત–નૈમિત્તિકસંબંધ છે તે ઉપરથી નક્કી કરે છે.

તેવી રીતે તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ, ધર્માત્મા જ્ઞાનીઓ જ્ઞાનકળાથી ભરપૂર છે. તેનો આત્મા તો અંદર શરીરમાં છે. જ્ઞાનીનો આત્મા દેખાતો નથી, પણ તેમના જ્ઞાન સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ ધરાવતી વાણી નીકળે છે તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર છે વગેરે પ્રકારે યથાર્થ બતાવે છે તે ઉપરથી સાંભળનાર નક્કી કરે છે કે પાછળ રહેલો આત્મા જ્ઞાની છે. તેથી ઊલટું, જે વાણી પરાધીનતા બતાવે, આત્માને વાણીનો કર્તા બતાવે તે વાણી ઉપરથી સાંભળનાર નક્કી કરે છે કે પાછળ રહેલો આત્મા મિથ્યાદૃષ્ટિ છે. શબ્દો તો શબ્દના કારણે પરિણમે છે પણ પાછળ રહેલો આત્મા નિમિત્તરૂપે કેવો છે તે યથાર્થ જાણી શકાય છે, છતાં આત્માને લીધે વાણીનું પરિણમન થયું નથી. વળી જેમ સંગીત સાંભળનાર હોશિયાર માણસ હોય તે પારખી શકે પણ અજ્ઞાની સંગીત સાંભળે તો પારખી ન શકે, તેમ અહીં પણ વાણીનો સાંભળનાર હોશિયાર હશે તો પારખી શકશે કે આ જ્ઞાનીની વાણી છે, ને આ અજ્ઞાનીની છે. અજ્ઞાની ભેદ પાડી શકશે નહિ. એટલે જેની યોગ્યતા છે તે સમજશે. વાણીને લીધે કોઈ સમજતું નથી. મિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિની વાણી સારી લાગશે, ધર્મી જીવને જ્ઞાનીની વાણી સારી લાગશે. છતાં જ્ઞાની વાણીનો કર્તા નથી ને વાણીને લીધે સાંભળનાર જીવ સમજતો નથી. બધા સ્વતંત્ર છે. જે મિથ્યાદૃષ્ટિ છે ને જેની ઊંધી પ્રરૂપણા છે તેના કલ્યાણક ઊજવાતાં નથી પણ જે સર્વજ્ઞ છે, પવિત્રતામાં ને પુણ્યમાં પૂરા છે, એવા તીર્થંકર ભગવાનનાં જન્મકલ્યાણકાદિ પ્રસંગો ઊજવાય છે.

એક પરમાણુ જે રૂપી છે તેમાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી, તો પછી આત્મા જે અરૂપી છે તે શબ્દનો કર્તા હોઈ શકે જ નહિ, છતાં શબ્દ પાછળ નિમિત્ત પણ કોણ છે તેનો ખ્યાલ આવી શકે છે.

અહીં ગાથામાં એમ કહ્યું કે અનેક પરમાણુના સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે પણ એક પરમાણુમાં શબ્દ કરવાની તાકાત નથી તેથી પરમાણુ અશબ્દમય છે. ૭૮.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सद्दो खंधप्पभवो खंधो परमाणुसंगसंघादो ॥**
**पुट्ठेसु तेसु जायदि सद्दो उप्पादिगो णियदो ॥ ७९ ॥**

**शब्दः स्कंधप्रभवः स्कंधः परमाणुसङ्गसङ्घातः ।**
**स्पृष्टेषु तेषु जायते शब्द उत्पादिको नियतः ॥ ७९ ॥**

**છે શબ્દ સ્કંધોત્પન્ન; સ્કંધો અણુસમૂહસંઘાત છે,**
**સ્કંધાભિઘાતે શબ્દ ઊપજે, નિયમથી ઉત્પાદ્ય છે. ૭૯.**

**અન્વયાર્થ :** [शब्दः स्कंधप्रभवः] શબ્દ સ્કંધજન્ય છે. [स्कंधः परमाणुसङ्गसङ्घातः] સ્કંધ પરમાણુદળનો સંઘાત છે, [तेषु स्पृष्टेषु] અને તે સ્કંધો સ્પર્શાતાં-અથડાતાં [शब्दः जायते] શબ્દ ઉત્પન્ન થાય છે; [नियतः उत्पादिकः] એ રીતે તે (શબ્દ) નિયતપણે ઉત્પાદ્ય છે.

---

**तात्पर्यवृत्ति :** एवं परमाणूनां पृथिव्यादिजातिभेदनिराकरणकथनेन द्वितीयगाथा गता । अथ शब्दस्य पुद्गलस्कंदपर्यायत्वं दर्शयतिः– **सद्दो** श्रवणेन्द्रियावलम्बनो भावेन्द्रियपरिच्छेद्यो ध्वनिविशेषः शब्दः । स च किंविशिष्टः ? **खंदप्पभवो** स्कंदेभ्यः सकाशादुत्पन्नः प्रभवः इति स्कंदप्रभवः । स्कंदलक्षणं कथ्यते । **खंदो परमाणुसंगसंघादो** स्कंदो भवति । कथंभूतः ? परमाणुसंगसंघातः अनंतपरमाणुसंगानां समूहानामपि संघातः समुदायः । इदानीं स्कंदेभ्यः सकाशाच्छब्दस्य प्रभवत्वमुत्पत्तिं कथयति । **पुट्ठेसु तेसु** स्पृष्टेषु तेषु पूर्वोक्तेषु स्कंदेषु स्पृष्टेषु लग्नेषु परस्परं संघट्टितेषु सत्सु **जायदि** जायते प्रभवति । स कः ? कर्ता । सद्दो पूर्वोक्तशब्दः । अयमत्राभिप्रायः । द्विविधाः स्कंदा भवन्ति भाषावर्गणायोग्या ये तेऽभ्यंतरे कारणभूताः सूक्ष्मास्ते च निरंतरं लोके तिष्ठन्ति ये तु बहिरंगकारणभूतास्ताल्वोष्ट-पुटव्यापारघंटाभिघातमेघादयस्ते स्थूलाः क्वापि क्वापि तिष्ठन्ति न सर्वत्र यत्रेयमुभयसामग्री समुदिता तत्र भाषावर्गणाः शब्दरूपेण परिणमन्ति न सर्वत्र । स च शब्दः किं विशिष्टः ? **उप्पादिगो णियदो** भाषावर्गणास्कंदेभ्य उत्पद्यते इत्युत्पादकः नियतो निश्चितः न चाकाशद्रव्यरूपस्तद्गुणो वा यद्याकाशगुणो भवति तर्हि श्रवणेन्द्रियविषयो न भवति । कस्मात् । आकाशगुणस्यामूर्तत्वादिति । अथवा "उप्पादिगो" प्रायोगिकः पुरुषादिप्रयोगप्रभवः "णियदो" नियतो वैश्रसिको मेघादिप्रभवः । अथवा भाषात्मको भाषारहितश्चेति, भाषात्मको द्विविधोऽक्षरात्मकोऽनक्षरात्मकश्चेति । अक्षरात्मकः संस्कृतप्राकृतादिरूपेणार्य-म्लेच्छभाषाहेतुः, अनक्षरात्मको द्विन्द्रियादिशब्दरूपो दिव्यध्वनिरूपश्च । इदानीमभाषात्मक; कथ्यते । सोपि; द्विविधो प्रायोगिको वैश्रसिकश्चेति । प्रायोगिकस्तु ततविततं घनसुषिरादिः । तथा चोक्तं । "ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकं । घनं तु कंसतालादि सुषिरं वंशादिकं विदुः ।" वैश्रसिकस्तु मेघादिप्रभवः पूर्वोक्त एव । इदं सर्वं हेयतत्त्वमेतस्माद्भिन्नं शुद्धात्मतत्त्वमुपादेयमिति भावार्थः ॥ ७९ ॥

**समयव्याख्या : शब्दस्य पुद्गलस्कंधपर्यायत्वख्यापनमेतत् । इह हि बाह्यश्रवणेन्द्रियावलम्बितो भावेन्द्रियपरिच्छेद्यो ध्वनिः शब्दः । स खलु स्वरूपेणानंतपरमाणूनामेकस्कंधो नाम पर्यायः । बहिरङ्ग-साधनीभूतमहास्कंधेभ्यः तथाविधपरिणामेन समुत्पद्यमानत्वात् स्कंधप्रभवः, यतो हि परस्पराभिहतेषु महास्कंधेषु शब्दः समुपजायते । किं च स्वभावनिर्वृत्ताभिरेवानंतपरमाणुमयीभिः शब्दयोग्यवर्गणाभिरन्योन्य-मनुप्रविश्य समंततोऽभिव्याप्य पूरितेऽपि सकले लोके यत्र यत्र बहिरङ्गकारणसामग्री समुदेति तत्र तत्र ताः शब्दत्वेन स्वयं व्यपरिणमंत इति शब्दस्य नियतमुत्पाद्यत्वात् स्कंधप्रभवत्वमिति ॥ ७९ ॥**

**અનુવાદ : શબ્દ પુદ્‌ગલસ્કંધપર્યાય છે એમ અહીં દર્શાવ્યું છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આ લોકમાં, બાહ્ય શ્રવણેંદ્રિય વડે અવલંબિત, ભાવેંદ્રિય વડે જણાવા યોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. તે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરમાણુઓના એકસ્કંધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત (બાહ્યકારણભૂત) મહાસ્કંધો દ્વારા તથાવિધ પરિણામે (શબ્દપરિણામે) ઊપજતો હોવાથી તે સ્કંધજન્ય છે, કારણ કે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છે :– એકબીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વભાવનિષ્પન્ન જ (પોતાના સ્વભાવથી જ બનેલી), અનંતપરમાણુમયી શબ્દયોગ્ય વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જ્યાં જ્યાં બહિરંગકારણસામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ શબ્દપણે સ્વયં પરિણમે છે; એ રીતે શબ્દ નિયતપણે (અવશ્ય) ઉત્પાદ્ય છે; તેથી તે સ્કંધજન્ય છે. ૭૯.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૪, બુધવાર]

આત્મા અને શબ્દ બન્ને જુદી ચીજ છે. શબ્દ આત્માથી બોલાતો નથી. શબ્દ પુદ્‌ગલની પર્યાય છે ને આત્માથી ભિન્ન છે. જેને ધર્મ પ્રગટ કરવો છે તેણે પરપદાર્થના કર્તૃત્વનું અભિમાન છોડવું જોઈએ. અભિમાન ક્યારે ટળે ? હું ને ભાષા બન્ને જુદા છીએ, હું તો જ્ઞાનસ્વરૂપી છું એમ ભાન કરે તો ધર્મ થાય. પણ એમ ભાન ન કરે ને કહે કે આવી રીતે ઉપદેશ આપવો જોઈએ, બીજાની દયા પાળવી જોઈએ વગેરે પ્રકારે માનવું તે ભ્રાંતિ છે.

શબ્દ તે પુદ્‌ગલની પર્યાય છે તે બતાવે છે.

શબ્દ સ્કંધથી ઉત્પન્ન થાય છે. કોઈ ભાવવાળી ચીજ છે તો પર્યાય પલટીને શબ્દ થાય છે. આત્મા છે માટે શબ્દ થાય છે એમ નથી. શબ્દ સ્કંધથી થાય છે ને અનંત પરમાણુના મિલાપથી સ્કંધ થાય છે. તે સ્કંધોનું પરસ્પર સંઘટન થાય છે ત્યારે ભાષાવર્ગણાના પરમાણુ શબ્દરૂપે પરિણમે છે. આત્માને લીધે શબ્દ થતો નથી.

આમાં ધર્મ શું આવ્યો ? જે ચીજ તારા સ્વભાવને ધારી રાખે તે તારી ચીજ છે. જે જડ સ્વભાવને ધારી રાખે તે જડ છે, તે તારી ચીજ નથી. તું જ્ઞાનસ્વભાવી છો, તારો ધર્મ જડથી થતો નથી ને જડનો ધર્મ તારાથી થતો નથી, એમ સમજે તો ધર્મ થાય. સામાયિકના પાઠમાં બોલે કે ''તાવ કાયં ઠાણેણં મોણેણં'' પણ અર્થની ખબર ન હોય. શરીરને સ્થિર રાખું ને મૌન રહું—એ બધાં કથન નિમિત્તથી છે. કાયાને કોણ સ્થિર રાખે ? વાણીને મૌન કોણ રાખી શકે કે બોલી શકે ? મનને કોણ દબાવે ? મન, વચન, કાયા પુદ્‌ગલની સ્કંધરૂપ અવસ્થા છે, આત્મા તેને કરી શકતો નથી. આમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

**ભાવાર્થ :** દ્રવ્યકર્ણેન્દ્રિયના નિમિત્તે ભાવકર્ણેન્દ્રિય દ્વારા જે અવાજ જાણવામાં આવે છે તેને શબ્દ કહે છે. આ કાન તો જડ છે પણ જ્ઞાનના વિકાસ દ્વારા ને કાનના નિમિત્તે આ શબ્દ છે એમ જણાય છે. શબ્દ જ્ઞાન નથી ને જ્ઞાન શબ્દ નથી. વીતરાગનો ઉપદેશ પરમાણુની પર્યાય છે, તેનાથી આત્માને જ્ઞાન થતું નથી. જ્ઞાનપર્યાય ક્ષણે ક્ષણે શબ્દને જાણે છે, તેમાં કાન નિમિત્ત છે. તે શબ્દ અનંતા પરમાણુના સ્કંધથી ઉત્પન્ન થાય છે. પરસ્પર મહાસ્કંધોનું સંઘર્ષણ થાય છે ત્યારે શબ્દ થાય છે. ભાષા થવાને લાયક ભાષાવર્ગણા ત્રણ લોકમાં ભરેલી પડી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી જેમ ચણાના જાડા લોટમાંથી મગજ થાય છે ને ઝીણા લોટમાંથી મેસુબ થાય છે તેમ ઘણા જાડા પરમાણુમાંથી ઔદારિકશરીર થાય છે ને સૂક્ષ્મ પરમાણુમાંથી ભાષા થાય છે. આ હોઠ ને દાંત જાડા પરમાણુના બનેલા છે તેમાંથી પણ ભાષા થતી નથી તો પછી આત્માથી ભાષા થાય એમ કદી બનતું નથી.

જ્યાં જ્યાં શબ્દ ઉત્પન્ન કરવા માટેની બાહ્યસામગ્રીનો સંયોગ મળે છે ત્યાં ત્યાં શબ્દયોગ્ય વર્ગણા સ્વયમેવ શબ્દરૂપે પરિણમે છે. તેનો અર્થ એમ છે કે ભાષાને લાયક પરમાણુ ભાષારૂપે પરિણમે છે ત્યારે બાહ્યસામગ્રીને નિમિત્ત કહેવાય છે, પણ બાહ્યસામગ્રીને લીધે ભાષા થાય છે એમ નથી. જેમ ઘરમાં જુદા જુદા પ્રકારના લોટ હોય છે તેની જુદી જુદી ચીજો લાપસી, મેસુબ આદિ બને છે, ત્યાં તે તે પરમાણુ સ્વયમેવ તે રૂપે પરિણમે છે તો બાઈની ઇચ્છાને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની કહે છે કે મારાથી થાય છે તે જ ભ્રમણા છે. બજારમાંથી ચોખા, બાજરો, શાક વગેરે લઈ આવે તો અજ્ઞાની કહે કે જેવી મારી ઇચ્છા થઈ તેવી ચીજ લઈ આવ્યો. એ જ ભ્રમણા છે. તે સત્તાવાળા પદાર્થો પોતાથી છે કે તારે લીધે છે ? તે જડતત્ત્વો પોતાથી છે, પોતાથી રૂપાંતર ને ક્ષેત્રાંતર પામે છે. તેવી રીતે ભાષાવર્ગણાના પરમાણુ પોતાની મેળે જ શબ્દરૂપે પરિણમે છે તો બાહ્યસામગ્રીને નિમિત્ત કહેવાય છે. આ ઉપદેશ ઇચ્છાથી નીકળતો નથી. એની મેળે પરિણમી જાય છે. નિમિત્ત આવે છે માટે પરિણમે છે એમ નથી. ભાષા ભાષાના કારણે છે, ઇચ્છા નબળાઈથી થાય છે. આત્મા તે ઇચ્છા વિનાનો જ્ઞાતા છે એમ નક્કી કરે તો ધર્મ થાય.

કોઈ મતવાળા શબ્દને આકાશનો ગુણ કહે છે પણ તે આકાશનો ગુણ કદાપિ નથી. આકાશ અરૂપી છે. અરૂપીના દ્રવ્ય–ગુણ–પર્યાય અરૂપી હોય છે. શબ્દ આકાશનો ગુણ હોય તો શબ્દ અરૂપી ઠરતાં કાન દ્વારા ગ્રાહ્ય થવો ન જોઈએ. ઇંદ્રિયો મૂર્તિક છે ને ઇંદ્રિયો દ્વારા જે ગ્રહણ થાય તે પણ મૂર્તિક છે. શબ્દ તો ઇંદ્રિયથી ગ્રાહ્ય થાય છે માટે શબ્દ મૂર્તિક છે. તે અમૂર્તિક આકાશનો ગુણ નથી.

વળી શબ્દ બે પ્રકારના છે : એક પ્રાયોગિક ને બીજો વૈસ્રસિક.

**પ્રાયોગિક** : જે પુરુષાદિકના સંબંધથી થાય તેને પ્રાયોગિક કહે છે. ભાષામાં આત્માના ભાવનું નિમિત્ત છે, માટે પ્રાયોગિક કહે છે. જીવની ઇચ્છાને લીધે ભાષા પરિણમે છે એમ નથી. વળી તે પરમાણુની ભાષારૂપે પરિણમવાની લાયકાત ન હતી ને પુરુષની ઇચ્છા થઈ માટે ભાષા થાય છે એવો પ્રાયોગિકનો અર્થ નથી. ભાષાવર્ગણા પોતાના કારણે શબ્દરૂપે પરિણમે છે તેમાં જીવનો પ્રયત્ન આદિ કારણ નિમિત્ત છે માટે તેને પ્રાયોગિક કહે છે.

**વૈસ્રસિક** : જે મેઘાદિથી ઉત્પન્ન થાય છે તે વૈસ્રસિક છે તેમાં જીવનું નિમિત્તપણું નથી એમ બતાવવું છે ને પ્રાયોગિકમાં જીવનું નિમિત્તપણું છે. બાકી તો બન્ને પ્રકારોમાં પોતાના કારણે જ પરિણમન થાય છે.

વળી શબ્દ ભાષા–અભાષા બે પ્રકારે છે. તેમાંથી ભાષાત્મક શબ્દ અક્ષર–અનક્ષરના ભેદથી બે પ્રકારના છે. સંસ્કૃત, પ્રાકૃત, આર્ય, મ્લેચ્છાદિની ભાષારૂપ જે શબ્દ છે તે અક્ષરાત્મક છે. તે જડનું પરિણમન છે. જડની પર્યાયનું અભિમાન કરે તે અજ્ઞાની છે. જે જીવ જડની પર્યાયથી જુદો પડે નહિ તે વિકારથી તો કદી જુદો પડી શકે નહિ. બે ઇંદ્રિયાદિ જીવોની તથા માખી, મચ્છર વગેરેની ભાષા અનક્ષરાત્મક છે, ને ભગવાનનો દિવ્યધ્વનિ પણ અનક્ષરાત્મક છે. ભગવાનની વાણીમાં શબ્દો ક્રમપૂર્વક બોલાતા નથી. જે એમ કહે છે કે ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગૌતમગણધર તથા બીજી જુદી જુદી વ્યક્તિઓને સંબોધીને ક્રમપૂર્વક બોલતા તે ભગવાનની વાણીને પણ સમજતો નથી. ભગવાનને તો અસંખ્યપ્રદેશેથી અનક્ષરી દિવ્યધ્વનિ નીકળે છે. છદ્મસ્થદશામાં કષાય હોય છે, ત્યાં સુધી તેના નિમિત્તે વાણી ક્રમવાળી હોય છે ને અકષાયદશા પ્રગટ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત થતાં વાણી અક્રમે નીકળે છે. તે વાણીને બાર સભામાં દેવ, મનુષ્ય, તિર્યંચ વગેરે પોતપોતાની ભાષામાં સમજી જાય છે ને દરેક સાંભળનારને એમ લાગે કે મારી ભાષામાં ભગવાન બોલે છે. પણ ત્યાં તો અક્રમ અનક્ષરાત્મક વાણી છે.

વળી કોઈ કહે કે બે ઇંદ્રિયાદિ જીવોની અનક્ષરાત્મક વાણી ને ભગવાનની અનક્ષરાત્મક વાણીમાં શું ફેર છે ? સમાધાન : એક હરિજન ને એક ચક્રવર્તી મનુષ્યપણાની અપેક્ષાએ સરખા છે છતાં પર્યાય અપેક્ષાએ ને પુણ્ય અપેક્ષાએ મોટો ફેર છે. તેમ બન્નેને અનક્ષરાત્મક હોવા છતાં મોટો ફેર છે. અહીં તો એમ કહેવું છે કે માખી જે ભાષા બોલે તેની કર્તા માખી નથી તેમ જ દિવ્યધ્વનિના કર્તા ભગવાન નથી પણ ભાષાના પરમાણુ સ્વતંત્રપણે ભાષારૂપે પરિણમી જાય છે.

વળી અભાષાત્મક શબ્દોના બે ભેદ છે—એક પ્રાયોગિક ને એક વૈસ્રસિક. પુરુષના સંબંધથી થાય તે પ્રાયોગિક છે. પ્રાયોગિકમાં તત, વિતત, ઘન, સુષિરાદિરૂપ જાણવા. વીણાને વાજિંત્રથી જે અવાજ થાય તે તત કહેવાય છે, તેમાં પુરુષની આંગળીનું નિમિત્ત છે. ઢોલ આદિથી ઉત્પન્ન થાય તે વિતત શબ્દ કહેવાય છે તે અભાષાત્મક શબ્દ છે. ઝાંઝ, કરતાલથી શબ્દ ઉત્પન્ન થાય તેને ઘન કહે છે. વાંસળીના નિમિત્તે જે શબ્દ ઉત્પન્ન થાય તેને સુષિર કહે છે. આ પ્રમાણે પ્રાયોગિક અભાષાત્મક શબ્દના ચાર ભેદ જાણવા. તેમાં પુરુષાદિનું નિમિત્ત છે તેથી તેને પ્રાયોગિક કહે છે. પણ જીવને લીધે તે સ્વર આદિનું પરિણમન થતું નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમોને વાંસળી વગાડતાં આવડે છે માટે વગાડી શકીએ છીએ. જેને ન આવડતી હોય તેને વાંસળી આપો તો શું તે વગાડી શકશે ? આમ અજ્ઞાની જીવ જડનો સ્વામી થઈ અભિમાન કરે છે.

જે મેઘાદિથી ઉત્પન્ન થાય છે તેને વૈસ્રસિક અભાષાત્મક શબ્દ કહે છે. આ પ્રમાણે સમસ્ત પ્રકારના શબ્દ પુદ્‌ગલ સ્કંધોથી ઉત્પન્ન થાય છે. જીવને લીધે તે થતા નથી.

કોઈ કહે છે કે ''કેવળી ભગવાનને ઇચ્છા નથી છતાં વાણી નીકળે છે તે તો બરાબર છે, પણ છદ્મસ્થ જીવને તો ઇચ્છાને લીધે વાણી નીકળે છે.'' પણ તે દલીલ ખોટી છે. છદ્મસ્થની વાણી હોય કે કેવળીની અનક્ષરાત્મક ધ્વનિ હોય—બન્ને સ્વતંત્ર છે. જીવને લીધે તે થતી નથી. દરેક શબ્દ પોતાથી થાય છે, નિમિત્તને લીધે નથી. ભાષાના સ્વરૂપથી તારું સ્વરૂપ સદાકાળ જુદું છે એમ નક્કી કરાવે છે.

કોઈ કહે છે કે ભાષણ જોરદાર કરવું જોઈએ કે જેથી શ્રોતા ઉપર પ્રભાવ પડે. ધીમે ધીમે બોલીએ તો પ્રભાવ પડે નહિ. આમ માનનાર મૂઢ છે. તે ભાષાનો અધિપતિ થાય છે. ધીમેથી કે જોરથી બોલાવું તે આત્માના અધિકારની વાત નથી. આવા જડના અભિમાનીને સાચું પ્રતિક્રમણ હોતું નથી. જડ મારું સ્વરૂપ નથી એમ ભેદજ્ઞાન કરી રાગથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે. આવી જેને ખબર નથી ને ભાષાની સાથે એકત્વબુદ્ધિ કરે છે, તે જીવ સ્વભાવમાંથી પાછો ફર્યો છે એટલે કે તે મિથ્યાત્વ સેવે છે.

વળી ભગવાનની વાણી અનક્ષરી કહી તેમાં દેવના સ્વરૂપની પણ વાત આવી. જે જીવ એમ માને છે કે સાધારણ માણસ સમવસરણમાં ભગવાનને પ્રશ્ન પૂછે ને ભગવાન વ્યક્તિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જવાબ આપે તે ભગવાનને સમજતો નથી. તીર્થંકરની સભામાં ચક્રવર્તી, ઈંદ્ર, ગણધરાદિ પુણ્યવંત પૂછી શકે એવો વાણીને તથા પુણ્યવંત પુરુષને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કોઈ સાધારણ જીવ પ્રશ્ન કરી શકે નહિ. જેમ રાજાને અરજી કરવી હોય તો તેના યથાયોગ્ય અનુચર દ્વારા અરજી પહોંચે છે તેમ ત્રણ લોકના નાથને પ્રશ્ન પુણ્યવંત પુરુષો પૂછે છે ને જવાબ ૐ ધ્વનિમાં આવે છે. અને સૌ પોતપોતાની લાયકાત મુજબ સમજી જાય છે. એટલે અહીં અનક્ષરી વાણી કહીને દેવના સ્વરૂપની પણ ઓળખાણ આપી. ભગવાનને ૐ અનક્ષરી અભેદ વાણી નીકળે છે.

અહીં કહેવાનો ભાવાર્થ એમ છે કે એક પરમાણુમાં શબ્દરૂપે થવાની તાકાત નથી. ઘણા પરમાણુ ભેગા થાય છે તો શબ્દ થાય છે. પરમાણુમાં શક્તિ છે પણ વ્યક્તિ નથી. આત્મામાં તો શબ્દની શક્તિ નથી તેમ જ વ્યક્તિ પણ નથી. આ બધા શબ્દોના ભેદો બતાવ્યા તે પુદ્ગલનું કાર્ય છે. આત્મા તેનાથી જુદો છે એમ ભાન કરી જ્ઞાતા રહે તો ધર્મ થાય.

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૫, ગુરુવાર]

પુદ્ગલ આત્માથી ભિન્ન છે તેમ જાણી પુદ્ગલને હેય બતાવે છે ને આત્મા અંગીકાર કરવા જેવો છે એમ કહે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે તે પોતાથી જુદા એવા શબ્દને કરે નહિ તેમ જ પોતાથી જુદા એવા શબ્દથી આત્માને જ્ઞાન થાય નહિ. એક પરમાણુ જડ છે, તેનામાં શબ્દ કરવાની તાકાત નથી તો પછી અરૂપી આત્મા શબ્દને કરે તે અસંભવિત છે, ને શબ્દથી જ્ઞાન થાય તે અસંભવિત છે.

**પ્રશ્ન** : ઘેર હતા ત્યારે આ જ્ઞાન ન હતું પણ અહીં આવીને આ સાંભળ્યું તો જ્ઞાન થયું ને ?

**સમાધાન** : ભાઈ, શ્રવણથી જ્ઞાન થતું નથી. શબ્દ જડ છે, આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. શબ્દથી જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન** : નિશ્ચયે ન થાય પણ વ્યવહારે થાય છે ને ? ભગવાને બે નય કહ્યા છે ને ?

**સમાધાન** : પોતામાં પોતાના કારણે જ્ઞાન થાય છે તે નિશ્ચય છે ત્યારે બીજી ચીજનું જ્ઞાન વ્યવહારનય કરાવે છે પણ બીજી ચીજથી જ્ઞાન થતું નથી. નિશ્ચયનય આદરવા માટે છે, વ્યવહાર જ્ઞાન કરવા માટે છે, આદરવા માટે નથી. આત્મા ત્રિકાળી જ્ઞાતા છે, તેનામાં શબ્દ કરવાની તાકાત નથી ને આત્મા કારણ થઈને શબ્દ બનાવે તેવી શબ્દમાં તાકાત નથી, શબ્દ ભાષાના પરમાણુના કારણે બને છે.

લૌકિકમાં કોહીનૂર હીરો બહુ તેજવાળો કહેવાય છે, પ્રકાશનો ડુંગર કહેવાય છે. છતાં તે આટલો પ્રકાશવાળો છે એવી હીરાને ખબર નથી. હીરો પોતાને તેમ જ પરને જાણતો નથી. હીરાને જાણનાર આત્મા પોતાને તેમ જ પરને જાણે છે. આવો જ્ઞાનનો ડુંગર દરેક આત્મા દેહ દીઠ બિરાજે છે. તેના જ્ઞાનની વર્તમાન અવસ્થા ને સત્તા છે કે નહિ ? ને વર્તમાન જ્ઞાનનું કાર્ય પરને લીધે હોય તો પોતાનું વર્તમાન શું ? માટે કોઈ કોઈને લીધે નથી. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે મારું જ્ઞાન વક્તામાંથી આવે છે. તે જ ભ્રમ છે.

કોઈ પ્રશ્ન કરે કે : તો પછી વક્તાનો અને સાંભળનારનો અભિપ્રાય એક કેમ થાય છે ?

**સમાધાન** : બન્નેનો અભિપ્રાય સરખો થાય છે તે પોતાના કારણે થાય છે. વક્તાનો આશય તેના આત્મામાંથી જુદો પડી શ્રોતાના આત્મામાં આવી જતો નથી, પણ અજ્ઞાનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રમ પડે છે કે વાણીનો પ્રવાહ ચાલતો હોય છે ત્યારે તેને લીધે મને જ્ઞાન થાય છે. તું ભાવવાળો પદાર્થ છો કે ભાવ વિનાનો ? જે પદાર્થ હોય તે ભાવ વિના ન હોય. વળી તેનું વર્તમાન તારાથી કામ કરે છે કે પરથી ? જો એક સમય પરથી જ્ઞાનનું કામ થતું હોય તો ત્રિકાળી દ્રવ્ય પણ પરાધીન થઈ જાય. અહીં કહે છે કે શબ્દથી તને જ્ઞાન થતું નથી, જ્ઞાન તારાથી થાય છે. ૭૯.

---

**णिच्चो णाणवकासो ण सावकासो पदेसदो भेदा ।**
**खंधाणं पि य कत्ता पविहत्ता कालसंखाणं ॥ ८० ॥**

**नित्यो नानवकाशो न सावकाशः प्रदेशतो भेत्ता ।**
**स्कंधानामपि च कर्ता प्रविभक्ता कालसंख्यायाः ॥ ८० ॥**

**નહિ અનવકાશ, ન સાવકાશ પ્રદેશથી, અણુ શાશ્વતો,**
**ભેત્તા રચયિતા સ્કંધનો, પ્રવિભાગી સંખ્યા-કાળનો. ૮૦**

**અન્વયાર્થ** : [प्रदेशतः] પ્રદેશ દ્વારા [नित्यः] પરમાણુ નિત્ય છે, [न अनवकाशः] અનવકાશ નથી, [न सावकाशः] સાવકાશ નથી, [स्कंधानाम् भेत्ता] સ્કંધોનો તોડનાર [अपि च कर्ता] તેમ જ કરનાર છે તથા [कालसंख्यायाः प्रविभक्ता] કાળ ને સંખ્યાનો વિભાગનાર છે (અર્થાત્ કાળનો ભાગ પાડે છે અને સંખ્યાનું માપ કરે છે).

---

**तात्पर्यवृत्ति** : एवं शब्दस्य पुद्‌गलद्रव्यपर्यायित्वस्थापनामुख्यत्वेन तृतीयगाथा गता । अथ परमाणोरेकप्रदेशत्वं व्यवस्थापयतिः – **णिच्चो** नित्यः । कस्मात् । **पदेसदो** प्रदेशतः परमाणोः खलु एकेन प्रदेशेन सर्वदैवाविनश्वरत्वान्नित्यो भवति **णाणवगासो** नानवकाशः किंत्वेकेन प्रदेशेन स्वकीयवर्णादिगुणानामवकाशदानात्सावकाशः **ण सावगासो** न सावकाशः किंत्वेकेन प्रदेशेन द्वितीयादिप्रदेशाभावान्निरवकाशः **भेत्ता खंधाणं** भेत्ता स्कंदानां **कत्ता अवि य** कर्ता अपि च स्कंदानां जीववत् । तद्यथा । यथायं जीवः स्वप्रदेशगतरागादिविकल्परूपनिस्नेहभावेन परिणतः सन् कर्मस्कंदानां भेत्ता विनाशको भवति तथा परमाणुरप्येकप्रदेशगतनिस्नेहभावेन परिणतः सन् स्कंदानां विघटनकाले भेत्ता भेदको भवति । यथा स एव जीवो निस्नेहात्परमात्मतत्त्वाद्विपरीतेन स्वप्रदेशगतिमिथ्यात्वरागादिस्निग्धभावेन परिणतः सन्नवतरज्ञानावरणादिकर्मस्कंदानां कर्ता भवति तथा स एव परमाणुरेकप्रदेशगतस्निग्धभावेन परिणतः सन् द्व्यणुकादिस्कंदानां कर्ता भवति । अत्र योसौ स्कंदानां भेदको भणितः स कार्यपरमाणुरुच्यते यस्तु कारकस्तेषां स कारणपरमाणुरिति कार्यकारणभेदेन द्विधा परमाणुर्भवति । तथा चोक्तं । ''स्कंदभेदाद्‌भवेदाद्यः स्कंदानां जनकोपरः ।'' अथवा भेदविषये द्वितीयव्याख्यानं क्रियते । परमाणुरयं । कस्मात् ? एकप्रदेशत्वेन बहुप्रदेशस्कंदाद्‌भिन्नत्वात्, स्कंदोयं । कस्मात् ? बहुप्रदेशत्वेनैकप्रदेशत्वेनैकप्रदेशपरमाणोर्भिन्नत्वादिति **पविभत्ता कालसंखाणं** प्रविभक्ता कालसंख्ययोर्जीववदेव । यथा एकप्रदेशस्थकेवलज्ञानांशेनैकसमयेन भगवान् केवली समयरूपव्यवहारकालस्य संख्यायाश्च प्रविभक्ता परिच्छेदको ज्ञायको भवति तथा परमाणुरप्येकप्रदेशेन मंदगत्याऽणोरण्वंतरव्यतिक्रमणलक्षणेन कृत्वा समयरूपव्यवहारकालस्य संख्यायाश्च प्रविभक्ता भेदको भवतीति । संख्या कथ्यते । द्रव्यक्षेत्रकालभावरूपेण संख्या चतुर्विधा भवति, सा च जघन्योत्कृष्टभेदेन प्रत्येकं द्विविधा । एकपरमाणुरूपा जघन्या द्रव्यसंख्येति अनंतपरमाणुपुंजरूपोत्कृष्टद्रव्यसंख्येति, एकप्रदेशरूपा जघन्या क्षेत्रसंख्या, अनंतप्रदेशरूपोत्कृष्टा क्षेत्रसंख्या, एकसमयरूपा जघन्या

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यवहारकालसंख्या, अनंतसमयरूपोत्कृष्टव्यवहारकालसंख्या, परमाणुद्रव्ये वर्णादीनां सर्वजघन्या तु या शक्तिः सा जघन्या भावसंख्या, तस्मिन्नेव परमाणुद्रव्ये सर्वोत्कृष्टा तु या वर्णादिशक्तिः सा तूत्कृष्टा भावसंख्येति । एवं जघन्योत्कृष्टा प्रत्येकं द्रव्यक्षेत्रकालभावसंख्या ज्ञातव्याः ।। ८० ।।

**समयव्याख्या : परमाणोरेकप्रदेशत्वख्यापनमेतत् । परमाणुः स खल्वेकेन प्रदेशेन रूपादिगुण-सामान्यभाजा सर्वदैवाविनश्वरत्वान्नित्यः । एकेन प्रदेशेन तदविभक्तवृत्तीनां स्पर्शादिगुणानामवकाश-दानान्नानवकाशः । एकेन प्रदेशेन द्व्यादिप्रदेशाभावादात्मादिनात्ममध्येनात्मांतेन न सावकाशः । एकेन प्रदेशेन स्कंधानां भेदनिमित्तत्वात् स्कंधानां भेत्ता । एकेन प्रदेशेन स्कंधसंघातनिमित्तत्वात्स्कंधानां कर्ता । एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामापन्नेन समयलक्षणकालविभागकरणात् कालस्य प्रविभक्ता । एकेन प्रदेशेन तत्सूत्रितद्व्यादिभेदपूर्विकायाः स्कंधेषु द्रव्यसंख्यायाः, एकेन प्रदेशेन तदवच्छिन्नैकाकाशप्रदेशपूर्विकायाः क्षेत्रसंख्यायाः एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामा-वच्छिन्नसमयपूर्विकायाः कालसंख्यायाः, एकेन प्रदेशेन तद्विवर्तिजघन्यवर्णादिभावावबोधपूर्विकाया भावसंख्यायाः प्रविभागकरणात् प्रविभक्ता संख्याया अपीति ।। ८० ।।**

અનુવાદ : આ પરમાણુના એકપ્રદેશીપણાનું કથન છે.

જે પરમાણુ છે, તે ખરેખર એક પ્રદેશ વડે—કે જે રૂપાદિગુણસામાન્યવાળો છે તેના વડે—સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; તે ખરેખર એક પ્રદેશ વડે તેનાથી (પ્રદેશથી) અભિન્ન અસ્તિત્વવાળા સ્પર્શાદિગુણોને અવકાશ દેતો હોવાને લીધે અનવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે (તેનામાં) દ્વિઆદિ પ્રદેશોનો અભાવ હોવાથી, પોતે જ આદિ, પોતે જ મધ્ય અને પોતે જ અંત હોવાને લીધે (અર્થાત્ નિરંશ હોવાને લીધે), સાવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધોના ભેદનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના વીખરાવાનું–તૂટવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો તોડનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધના સંઘાતનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના મળવાનું–રચાવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો કરનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે—કે જે એક આકાશ પ્રદેશને અતિક્રમનારા (ઓળંગનારા) તેના ગતિપરિણામને પામે છે તેના વડે—'સમય' નામનો કાળનો વિભાગ કરતો હોવાથી કાળનો વિભાગનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સંખ્યાનો પણ વિભાગનાર છે, કારણ કે (૧) તે એક પ્રદેશ વડે તેનાથી રચાતા બે વગેરે ભેદોથી માંડીને (ત્રણ અણુ, ચાર અણુ, અસંખ્ય અણુ ઈત્યાદિ) દ્રવ્યસંખ્યાના વિભાગ સ્કંધોને વિષે કરે છે, (૨) તે એક પ્રદેશ વડે તેના જેટલી મર્યાદાવાળા એક 'આકાશપ્રદેશ'થી માંડીને (બે આકાશપ્રદેશ, ત્રણ આકાશપ્રદેશ, અસંખ્ય આકાશપ્રદેશ ઈત્યાદિ) ક્ષેત્રસંખ્યાના વિભાગ કરે છે, (૩) તે એક પ્રદેશ વડે, એક આકાશપ્રદેશને અતિક્રમનારા તેના ગતિપરિણામના જેટલી મર્યાદાવાળા 'સમય'થી માંડીને (બે સમય, ત્રણ સમય, અસંખ્ય સમય ઈત્યાદિ) કાળસંખ્યાના વિભાગ કરે છે, અને (૪) તે એક પ્રદેશ વડે તેનામાં વિવર્તન પામતા (પલટાતા, પરિણમતા) જઘન્ય વર્ણાદિભાવને જાણનારા જ્ઞાનથી માંડીને ભાવસંખ્યાના વિભાગ કરે છે. ૮૦.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૧૫, ગુરુવાર]

હવે પરમાણુ એકપ્રદેશી છે એમ બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ પુદ્‌ગલસ્કંધોનો નાનામાં નાનો ભાગ કે જેના બે ટુકડા થઈ ન શકે તેને પરમાણુ કહે છે. પરમાણુ સદા અવિનાશી છે, નિત્ય છે. આ શરીર દેખાય છે તે મૂળ તત્ત્વ નથી, પણ તેનો નાનામાં નાનો ભાગ પરમાણુ છે. તે પરમાણુ અવિનાશી છે એમ જ્ઞાન જાણે છે. પરમાણુને પોતાની ખબર નથી તેમ જ બીજાની પણ ખબર નથી. આત્મા પોતાને તેમ જ પરમાણુ આદિ પરને જાણે છે. પરથી જુદો છું એમ યથાર્થ ભાન કરનાર ધર્મી જીવને ખ્યાલ આવે છે કે અહો ! હું જ્ઞાનસ્વભાવી અવિનાશી છું ને પરમાણુ જડસ્વભાવી અવિનાશી છે. અનેક પરમાણુના સ્કંધમાંથી શબ્દ થાય છે, કોઈ ઈશ્વર કે આત્મા શબ્દનો કર્તા નથી.

વળી એક પરમાણુ એક પ્રદેશમાં છે ને તેના રૂપાદિ ગુણોથી કદી પણ જુદો હોતો નથી, તેમ આત્મા જાણે છે. તેવી રીતે આત્મા પોતાના જ્ઞાન–દર્શનાદિ ગુણોથી કદી પણ જુદો હોતો નથી. શુભાશુભભાવો થાય છે તે પર્યાયમાં થાય છે તે પલટીને નાશ પામે છે, જ્ઞાન–દર્શનાદિ શક્તિઓ કાયમ રહે છે. કોઈ વખતે આત્મામાં ગુણ ન હોય એમ બને નહિ. અજ્ઞાની માને છે કે શબ્દથી, પુસ્તકથી, પ્રતિમાથી જ્ઞાન થાય છે પણ તેને પોતાના જ્ઞાનસ્વભાવનો વિશ્વાસ આવતો નથી. જે વસ્તુ હોય તે પોતાના સ્વભાવ વિનાની હોય ? ન હોય. સ્વભાવ વિનાની હોય તેને વસ્તુ કહેવાતી નથી. પરમાણુ એકપ્રદેશી હોવા છતાં તેના ગુણોથી રહિત નથી તેમ ચૈતન્યપ્રકાશનો ડુંગરો પણ પોતાના જ્ઞાન–દર્શનાદિ ગુણોથી કદી રહિત નથી.

વળી પરમાણુ અવિનાશી છે ને તેના ગુણોથી રહિત નથી. એવું નક્કી કોણે કર્યું ને શેમાં કર્યું ? પરમાણુને ખબર નથી. જીવદ્રવ્ય તે નક્કી કરે છે પણ નક્કી કરવાનું કાર્ય પર્યાયમાં છે, દ્રવ્ય–ગુણમાં કાર્ય નથી. પર્યાય નક્કી કરે છે કે જેમ પરમાણુ અવિનાશી છે ને તેના ગુણથી રહિત નથી તેમ આત્મા અવિનાશી છે ને તેના જ્ઞાનાદિ ગુણથી રહિત નથી. મારું કાર્ય મારા ગુણના ધરનાર આત્મદ્રવ્યના આધારે થાય છે. આમ પોતે અવિનાશી છે ને ગુણસહિત છે. એવો ભરોસો જેને આવ્યો તે જીવ પરમાણુનું નક્કી કરે છે. નીચલી દશામાં પરમાણુ તો પ્રત્યક્ષ દેખાતું નથી. પરમાણુ પ્રત્યક્ષ તો કેવળીને હોય છે છતાં નીચલી દશાવાળો જીવ કે જેને પોતાના દ્રવ્ય–ગુણની એકતાનો ભરોસો આવ્યો છે ને સ્વભાવનો આશ્રય લઈ સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું છે તેના જ્ઞાનમાં ભલે પરમાણુ પ્રત્યક્ષ દેખાતો નથી છતાં જ્ઞાન અનુમાન કરે છે કે આ સ્કંધ દેખાય છે તે ઘણા પરમાણુનો પિંડ છે, તેમાંથી ટુકડા થતાં થતાં છેલ્લો અંશ રહે તે પરમાણુ છે. આમ પ્રત્યક્ષપૂર્વક અનુમાનથી નક્કી કરે છે કે પરમાણુ સ્કંધનો નાનામાં નાનો ભાગ છે, એકપ્રદેશી છે ને તેના ગુણો સહિત છે.

આ ચાપડી (લાકડાની પટ્ટી) દેખાય છે તે કોનાથી થઈ છે એમ એક પંડિતને પ્રશ્ન પૂછવામાં આવતાં તેણે જવાબ આપેલ કે ''ચાપડી વાંસલાથી થઈ છે એમ પ્રત્યક્ષ દેખાય છે.'' કોને પ્રત્યક્ષ કહો છો ? પ્રત્યક્ષપણું જ્ઞાનને લાગુ પડે છે કે જડને લાગુ પડે છે ? જડમાં જ્ઞાન નથી તેથી જડને પ્રત્યક્ષ કે પરોક્ષ કાંઈ છે જ નહિ ને પોતામાં સ્વસંવેદન જ્ઞાન—રાગ વિનાનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયા વિના સ્કંધનો નાનામાં નાનો ભાગ સૂક્ષ્મ પરમાણુ છે એવું અનુમાન કોણ કરશે ? હું આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, સ્વતઃસિદ્ધ વસ્તુ છું, શરીર, મન, વાણી આદિ પર છે, તેનાથી હું જણાઉં એવો નથી તેમ જ રાગથી પણ જણાઉં એવો નથી. હું તો સદાય મારા જ્ઞાન–દર્શનાદિથી સહિત છું. એવા ભાનપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરી સાધકને જે જ્ઞાન પ્રગટ થાય છે તે પ્રત્યક્ષ છે. પણ સર્વજ્ઞદશા નથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં સુધી તે પૂર્ણ પ્રત્યક્ષ નથી તેથી એક પરમાણુને તે પ્રત્યક્ષ જોઈ શકતો નથી. સાધકને પ્રત્યક્ષ જ્ઞાન અધૂરું છે ને વિકલ્પ પણ વર્તે છે. તે અનુમાન કરે છે કે આ સ્કંધના કટકા થાય છે માટે તે મૂળ ચીજ નથી, મૂળ ચીજ હોય તેના કટકા થાય નહિ, તેથી સ્કંધની મૂળ ચીજનું અનુમાન કરે છે કે સ્કંધનો કટકો થતાં થતાં નાનો ભાગ રહે છે તે પરમાણુ છે. આવી રીતે જે સાધક જીવે પોતામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કર્યું છે તેનું અનુમાન સાચું છે.

અનુમાન=પોતાને + અનુસરીને જ્ઞાનના માપમાં આવવું તે અનુમાન છે. રાગ–દ્વેષ, પુણ્ય–પાપ દોષ છે. જ્ઞાનસ્વભાવ તો નિર્દોષ છે. નિર્દોષસ્વભાવ દોષથી જણાય નહિ. નિર્દોષ જ્ઞાનસ્વભાવનો ખ્યાલ આવ્યા વિના સ્કંધનો નાનામાં નાનો ભાગ પરમાણુ છે તેનો ખ્યાલ કોણ કરશે ? પરમાણુની વાત ચાલે છે. પરમાણુ અર્થસમય છે. પણ તે અર્થસમયને જાણનાર તો જ્ઞાનસમય છે, ને તેને કહેનાર શબ્દસમય છે. જે શબ્દ રાગરહિત શુદ્ધ ચૈતન્યના જ્ઞાન વિના રાગ–દ્વેષ વગેરે પર્યાયનું એકલાનું જ્ઞાન બતાવે ને શુભથી વિકાસ થશે એમ બતાવે તે દ્રવ્યશ્રુત નથી ને જેનું જ્ઞાન એમ જાણે કે પુદ્‌ગલનું કાર્ય અમારાથી થાય છે તેનું જ્ઞાન પણ ખોટું છે ને તેણે ભગવાનની વાણી પણ જાણી નથી.

અહીં પરમાણુની વાત કરી પણ પરમાણુને જાણનાર કોણ છે ? જાણનાર તો આત્મા છે. પરમાણુ મારામાં નથી, એમ જાણીને તેને હેય કહ્યું છે. તે ચીજ મારામાં નથી, ને હું તેનામાં નથી. તે તેનામાં છે ને હું મારામાં છું તેવું જ્ઞાન પણ પોતામાં રહીને કરે છે. પરમાં રહીને જ્ઞાન કરતો નથી.

અહીં કહ્યું કે એક પરમાણુ તેના ગુણના વિરહ વિનાનો છે. વસ્તુ કહો ને તેને ગુણો ન હોય તેમ બને નહિ. સ્વભાવ અને સ્વભાવવાન વિરહ વિનાના છે. જ્ઞાને નક્કી કર્યું કે અહો ! એક પરમાણુ અવિનાશી છે ને તેના ગુણોના વિરહ વિનાનો છે. પણ પરમાણુને પોતાની ખબર નથી. હું તેનો જાણનાર છું પણ બનાવનાર નથી. વળી રાગ–દ્વેષનાં ગ્રહણ–ત્યાગ કરનાર પણ હું નથી. હું તો પરમાણુનો તથા રાગાદિનો જાણનાર છું. તે પણ વ્યવહારે જાણનાર છું. પરમાણુને સ્વમાં રહીને જાણનારો છું. જ્ઞાન પરમાણુનું નથી, જ્ઞાન સ્વનું છે. પોતાની તાકાતથી જાણું છું, હું સ્વયંસિદ્ધ જ્ઞાન જ છું. જ્ઞાનપ્રકાશનો પિંડ છું, ધ્રુવ છું એમ જે જ્ઞાને નક્કી કર્યું તે જ્ઞાન નક્કી કરે છે કે આ ચીજો ભાંગે છે–તૂટે છે તે મૂળતત્ત્વ નથી, મૂળતત્ત્વ ભાંગે–તૂટે નહિ. મૂળ તત્ત્વ તો પરમાણુ છે. જેમ હું અવિનાશી ને મારા ગુણોથી સહિત છું તેમ પરમાણુ પણ નિત્ય અવિનાશી છે ને પોતાના ગુણોથી સહિત છે.

આત્માના જ્ઞાન વિના માત્ર શાસ્ત્રનું જ્ઞાન વૃથા છે. આંધળો માણસ દળે ને બીજી બાજુથી કૂતરો ચાટી જાય તે દેખે નહિ, જેથી તેની મહેનત નકામી જાય છે. તેને કોઈ દિવસ લોટ ભેગો થાય નહિ; તેમ શાસ્ત્રો ખૂબ ભણ્યો, પુદ્‌ગલના ભેદો યાદ રાખ્યા પણ હું ચિદાનંદ કોણ છું ? વિકાર કે સંયોગ તે મારો સ્વભાવ નથી, એવા ભાન વિના પુદ્‌ગલસ્કંધનો સૂક્ષ્મ ભાગ તે પરમાણુ છે એમ અનુમાન કોણ કરશે ? જેને આત્માનું ભાન છે ને અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું છે તે અનુમાન કરે છે કે સ્કંધ મૂળ વસ્તુ નથી પણ તેનો નાનામાં નાનો ભાગ તે પરમાણુ છે, તે સદા અવિનાશી છે. આમ નિત્યનો બોલ થયો.

વળી તે પરમાણુ કેવો છે ? એકપ્રદેશી છે છતાં પોતાના પ્રદેશોથી જુદા નહિ એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના સ્પર્શાદિ ગુણોને અવકાશ દેવામાં સમર્થ છે. પરમાણુ દ્રવ્ય અને તેના સ્પર્શાદિ ગુણોને નામભેદ હોવા છતાં ને અનેક ગુણો હોવા છતાં પરમાણુ તેના ગુણોને અવકાશ આપે છે. એકમાં અનેક કેવી રીતે સમાતા હશે ? એક પણ અનેકનું બનેલું છે. ગુણ–ગુણીના પ્રદેશ જુદા નથી તેથી ગુણી ગુણોને અવકાશ આપે છે. પરમાણુ એકપ્રદેશી છે માટે અનેક ગુણોને અવકાશ ન આપે એમ છે જ નહિ. પોતાના ગુણોને અવકાશ ન આપે તે વસ્તુ દ્રવ્ય ન હોય. અનંતા ગુણો સહિતનું તે એક દ્રવ્ય છે.

તેને જાણનાર આત્મદ્રવ્ય કેવું છે ? જેમ પરમાણુ પોતાના ગુણને અવકાશ આપે છે તેમ આત્મદ્રવ્ય પોતાના અસંખ્યપ્રદેશે પોતાના અનંત ગુણોને અવકાશ આપે છે. વળી જેમ સ્કંધમાં એક પરમાણુ બીજા પરમાણુથી અનેરો છે, ત્રીજાથી અનેરો છે ને સ્કંધમાં રહેવા છતાં પોતાનું દ્રવ્યપણું ટકાવી રાખે છે તેમ એક આત્મા બીજા અનંત આત્માથી તથા બીજાં અનંત જડ દ્રવ્યોથી અન્યપણે છે, એક આત્મા બીજાથી પૃથક્ ન હોય તો બેપણું રહેતું નથી. આમ અનંતા પરપદાર્થોથી અનેરાપણે આત્મા ટકી રહ્યો છે. આમ અન્યત્વાદિ અનંતા ગુણોને આત્મા અવકાશ આપે છે.

અહીં પુદ્‌ગલનું સ્વરૂપ એટલે અર્થસમય બતાવે છે, પણ તે અર્થસમયનું જ્ઞાન કરનાર આત્મા છે. પોતાનો સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાનનું સામર્થ્ય સમજાવે છે.

આ જ્ઞાનસ્વભાવને સમજ્યા વિના ભગવાનની પ્રતિમા તથા ક્ષેત્રને લીધે શુભભાવ થાય ને તેને જ્ઞાન થાય એમ અજ્ઞાની માને છે. પોતાનું નમાલાપણું લઈને જાત્રા કરવા જાય છે તે પર્વતથી ઊતરી આવશે તો મિથ્યાત્વને દ્રઢ કરીને પર્વતથી નીચે ઊતરશે, કારણ કે પોતાનો જ્ઞાનસ્વભાવ પરાધીન માને છે. જ્ઞાનીને જાત્રાનો ભાવ આવે છે પણ તે સમજે છે કે હું જ્ઞાનસ્વભાવી છું, પરને લીધે શુભભાવ નથી તેમ જ જ્ઞાન પણ નથી, રાગ આવે છે તે નબળાઈથી આવે છે. જ્ઞાનસ્વભાવનું ભાન છે છતાં જે પ્રકારનો રાગ આવવાનો તે આવવાનો. ભેદજ્ઞાન વર્તે છે તેથી જાત્રા કરીને પાછો ફરે છે તે વખતે પણ જ્ઞાન દ્રઢ કરીને પાછો ફરે છે. માટે જ્ઞાનસ્વભાવી છું એમ અહીં બતાવે છે. જેમ પુદ્‌ગલમાં તેના ગુણોનું ક્ષેત્ર જુદું નથી તેમ આત્મા અને તેના જ્ઞાન–દર્શનાદિ ગુણોનું ક્ષેત્ર જુદું નથી.

વળી, પરમાણુ કેવો છે ? પરમાણુ જેમ પોતાના ગુણોને અવકાશ આપે તેમ બીજા પરમાણુને જગ્યા ન આપે. પરમાણુઓ પોતાની વિશિષ્ટ અવગાહનશક્તિના કારણે આકાશના એક ક્ષેત્રે છે તે જુદી વાત છે; પણ એક પરમાણુ બીજા પરમાણુના અસ્તિત્વમાં પ્રવેશી જાય તેમ બનતું નથી. કારણ કે પરમાણુ નિર્વિભાગ અંશ છે. એકપ્રદેશી છે. આદિ–મધ્ય–અંતમાં એકલો છે. તે બીજા પરમાણુને અવકાશ આપવા અસમર્થ છે.

તેવી રીતે આત્મા પણ કર્મ, શરીર, દેવ, ગુરુ, શાસ્ત્ર કોઈને પણ પોતાના અસંખ્યપ્રદેશમાં સ્થાન આપતો નથી. ધર્મી કહે છે કે ભગવાન ભગવાનમાં છે ને અમો અમારામાં છીએ. કોઈ કહે કે તો પછી આત્મા સ્વાર્થી થઈ ગયો. હા, દરેક પદાર્થ સ્વાર્થી છે. સ્વપ્રયોજન સિદ્ધ કરીને પોતામાં ટકી રહે તે સ્વાર્થી છે, પરનું પ્રયોજન કોઈ સાધતું નથી, પરને કોઈ મદદ આપતું નથી, માટે દરેક સ્વાર્થી છે. આત્મા કોઈ પણ પરપદાર્થને અવકાશ આપવા અસમર્થ છે.

વળી તે પરમાણુ કેવો છે ? પોતે એકપ્રદેશી રહીને સ્કંધોનો ભેદ વ્યવહારથી કરે છે. જ્યારે સ્કંધોમાંથી છૂટા પડવાની તેની લાયકાત થાય છે ત્યારે પરમાણુ છૂટો પડે છે. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે સ્કંધોનો વ્યવહારથી ભેદ કરનાર કહેવાય છે. પણ પરમાણુને ખબર નથી કે હું સ્કંધનો ભેદ કરનાર છું. પરમાણુ છૂટો પડી સ્કંધોનો ભેદ કરે છે એમ જાણનાર તો આત્મા છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું. શરીર, કર્મ કે રાગસ્વભાવી હું નથી, હું તો જ્ઞાન જ છું એમ ભેદજ્ઞાન ને વીતરાગતા થતાં કર્મથી છૂટો પડી જાય છે. અજ્ઞાનથી જે કર્મો ભેગાં થતાં તે જ્ઞાન થતાં છૂટાં પડી જાય છે. આત્મા કર્મોને છૂટો પાડનાર છે એમ વ્યવહારથી કહેવાય છે.

વળી તે પરમાણુ કેવો છે ? પરમાણુ પોતાના સ્વકાળે પોતાની યોગ્યતા મુજબ સ્કંધો સાથે મળી જાય છે તેથી વ્યવહારથી સ્કંધોનો કર્તા કહેવાય છે, તેમ અજ્ઞાની આત્મા મિથ્યાત્વ, રાગ–દ્વેષ કરે ને કર્મ બંધાય તો કર્મોનો કર્તા વ્યવહારે કહેવાય છે.

પરમાણુ અવિનાશી છે, પોતાના સ્પર્શાદિ ગુણોથી રહિત નથી, પોતાના ગુણોને અવકાશ આપે છે. બીજા પરમાણુને અવકાશ આપતો નથી. સ્કંધમાંથી છૂટો પડતાં સ્કંધનો ભેદ કરનાર છે, તથા સ્કંધ સાથે મળે ત્યારે સ્કંધનો કર્તા છે. પરમાણુને આ બધાની કાંઈ ખબર નથી પણ તે બધાનો જાણનાર આત્મા છે. આત્મા પુદ્ગલથી જુદો છે એમ પોતામાં રહી સ્વ–પર–પ્રકાશક જ્ઞાન પ્રગટ કરવું તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧, શુક્રવાર]

કેવળજ્ઞાની ભગવાને પરમાણુને જડ જોયું છે. તેનું સ્વરૂપ કહે છે, પરમાણુ પોતાના કારણે છે, આત્માના કારણે નથી. તે પરમાણુને જ્ઞાન જાણે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એક પરમાણુને જે જ્ઞાન જાણે તે કેટલું સૂક્ષ્મ હોય ? પરમાણુ જગતની અસ્તિ ચીજ છે. જે વસ્તુ હોય તેને જ્ઞાન ન જાણે એમ બને જ નહિ. ન જાણે તો તે જ્ઞાન જ કહેવાય નહિ. ને પદાર્થ ન જણાય તો તે પદાર્થ સત્ કહેવાય નહિ. અહીં પરમાણુ જે પુદ્ગલનો છેલ્લો અંશ છે તેની વ્યાખ્યા ચાલે છે. તેને જાણનાર જ્ઞાનની સૂક્ષ્મતા કેટલી ? ને પરમાણુ આટલું સૂક્ષ્મ છે એમ પ્રતીત કરતાં જ્ઞાનની સૂક્ષ્મતા કેટલી વધે ? પણ તે જ્ઞાન કેવી રીતે પ્રગટે ? હું મને પોતાને જાણનાર છું, દયા–દાનાદિ ભાવનો તથા પરમાણુનો કરનાર નથી, પણ મારામાં રહીને તેનો જાણનાર છું એવું સ્વનું જ્ઞાન થાય તેનું પરપ્રકાશક જ્ઞાન સાચું કહેવાય.

પરમાણુ પોતાની મિલનશક્તિથી સ્કંધોમાં જઈ મળી જાય છે તેથી સ્કંધોનો કર્તા કહેવાય છે. વળી કેવો છે પરમાણુ ?

પરમાણુ કાળની સંખ્યાનો ભેદ કરે છે. આકાશના એકપ્રદેશમાં રહેલો પરમાણુ બીજા પ્રદેશે જાય તેટલા કાળને એક સમય કહે છે. તેથી સમયરૂપ કાળ પ્રગટ થાય છે–જણાય છે, તે કારણે પરમાણુને કાળના અંશનો કર્તા કહેવાય છે. પરમાણુને પોતાની ખબર નથી, તેમ જ પોતે એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને એક સમય કહે છે એવી પણ તેને ખબર નથી, પ્રદેશને ખબર નથી તેમ જ કાળને ખબર નથી. તે બધાનો જાણનાર તો આત્મા છે. અસંખ્યપ્રદેશી આત્મા—તેમાં એક એક પ્રદેશે રહેલું જ્ઞાન સૂક્ષ્મકાળને પણ જાણી લ્યે છે. એવો તેનો ધર્મ છે. એક સમયનું જ્ઞાન સ્વ–પર–પ્રકાશક છે, તે એટલી તાકાતવાળું છે. આત્મા જ્ઞાનથી ભરેલો છે તેમાં રાગ–દ્વેષ થાય તે તેનો ધર્મ નથી. તેનો ધર્મ તો બધાને જાણવાનો છે. આમાં અર્હંતનું કેવળજ્ઞાન કેવું હોય તેની વાત આવી જાય છે. કેવળજ્ઞાનની પ્રતીતિમાં આત્માની પ્રતીતિ ને પરમાણુની પ્રતીતિ આવી જાય છે. કેવળજ્ઞાનીનો આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે, તેનું એક સમયનું જ્ઞાન ત્રણે કાળના સમયોમાંથી એકેંએક સમયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદો પાડીને જાણવાની તાકાતવાળું છે. એક એક સમયને ન જાણે તો ત્રિકાળને કેવી રીતે જાણે ? ભગવાનને ત્રણે કાળનું જ્ઞાન છે અને એક એક સમયને જુદો પાડીને પણ તેઓ જાણે છે. અસંખ્યપ્રદેશમાં દરેક પ્રદેશે રહેલું કેવળજ્ઞાન એક સમયને ભિન્ન કરીને જાણે છે. એક એક પરમાણુને ભિન્ન ભિન્ન જાણે છે. એક એક પ્રદેશને ભિન્ન ભિન્ન જાણે છે, તથા એક પરમાણુના ભાવને જાણે છે. પરમાણુ, ક્ષેત્ર ને કાળ તો જ્ઞેય છે. તેને કેવળજ્ઞાની જાણનાર છે. તે કેવળજ્ઞાનદશા ક્યાંથી પ્રગટ થઈ ? સર્વજ્ઞ ભગવાન પણ મારા જેવા આત્મા હતા, હું પણ તેવો આત્મા છું, હું પણ પરપદાર્થમાં પેઠા વિના બધા પદાર્થોના સૂક્ષ્મ પરિણમનને જાણી શકું એવો મારો સ્વભાવ છે. પરનું કરવાનો કે રાગ કરવાનો મારો સ્વભાવ નથી. આમ પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થવી, અર્હંતદશાની પ્રતીતિ થવી તે ધર્મ છે.

જુઓ, આ પુદ્‌ગલપરમાણુ જે જ્ઞેય છે તેની વાત ચાલે છે. પણ તેને ખબર નથી, તેને જાણનારો તો આત્મા છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય ને એક સમય લાગે તેની પરમાણુને ખબર નથી, પ્રદેશને ખબર નથી, કાળને ખબર નથી. પણ તેને જાણનારું જ્ઞાન છે. વર્તમાનમાં સાધક જીવનું જ્ઞાન પરમાણુ, પ્રદેશ કે સમયને પ્રત્યક્ષ જાણી શકતું નથી કારણ કે જ્ઞાન અધૂરું છે. છતાં સાધક વિચારે છે કે પરમાણુ, ક્ષેત્ર, કાળ ને ભાવને એક સમયમાં જાણી લ્યે એવી મારી જ્ઞાનપર્યાયની તાકાત છે. પરમાણુ અતીંદ્રિય છે, પ્રદેશ અતીંદ્રિય છે, સમય અતીંદ્રિય છે ને તે બધાને જાણનારું જ્ઞાન પણ અતીંદ્રિય છે.

સર્વજ્ઞ ભગવાન પોતાના દરેક પ્રદેશેથી એક એક પ્રદેશને ભિન્ન ભિન્ન એક સમયમાં જાણે છે. છદ્મસ્થ જીવ વર્તમાનમાં પદાર્થને અસંખ્ય સમયે જાણે છે છતાં અસંખ્ય સમયમાંથી એક એક સમયને ભિન્ન ભિન્ન જાણે તેવો સ્વભાવ છે. એમ શ્રદ્ધા કરે તો ધર્મ થાય. આત્મા વસ્તુ છે, તેનો સ્વભાવ જ્ઞાન છે, તે એક સમયની દશામાં પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને જાણી લ્યે તેવું છે. પરમાણુને લીધે નહિ પણ સ્વની તાકાતને લીધે જાણે તેવું છે. તેવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી તે કેવળદશા પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

તું કોણ છે ? બીજું બધું ભૂલી જા. દેહ, મન, વાણી પર છે, તેને લીધે તું નથી એટલે કે તેને લીધે તારું જ્ઞાન નથી, તું તારા લીધે છો, તું જ્ઞાનસ્વભાવી છો એવું નક્કી કરવામાં શાંતિ છે. પરમાણુનો વિચાર કરતાં અતીંદ્રિયજ્ઞાનનો ખ્યાલ આવે છે. અતીંદ્રિય પરમાણુનો ખ્યાલ પ્રથમ આવતો નથી પણ અતીંદ્રિયજ્ઞાનસ્વભાવનો ખ્યાલ પ્રથમ આવે છે. જે જ્ઞાનસ્વભાવ નાનામાં નાના કાળને ન જાણે તે સ્વભાવ ન કહેવાય. જ્ઞાન સ્વ–પર બધાને ભિન્ન ભિન્ન એક સમયમાં જાણવાની તાકાતવાળું છે આવું નક્કી કરનારને સ્વભાવ તરફ વલણ થયા વિના રહે નહિ. જ્ઞાનસ્વભાવી આત્મા છે તેવા નિશ્ચયના જ્ઞાન વિના નિમિત્ત ને વ્યવહારનું જ્ઞાન યથાર્થ હોઈ શકે નહિ. જ્ઞાનસમય અર્થસમયને જાણે છે. જાણવાનો સ્વભાવ અર્થસમયમાં છે કે ચૈતન્યમાં છે ? પુદ્‌ગલપદાર્થમાં જાણવાનો સ્વભાવ નથી. મારો સ્વભાવ એક સમયને જાણી લ્યે તેવો છે પણ વર્તમાનમાં મારું જાણવું ક્યાંક અટક્યું છે, તેથી એક સમયને જુદો પાડીને જાણતો નથી. જો એક સમયને જુદો પાડીને જાણે તો રાગ રહે નહિ. વર્તમાનમાં રાગ હોવા છતાં એક સમયને જુદો પાડીને જાણવાની પોતાની શક્તિ છે કે નહિ ? રાગ ને અધૂરી દશા હોવા છતાં એક સમયને જુદો પાડીને જાણવાની પોતામાં તાકાત છે, એમ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરી દ્રવ્યબુદ્ધિ કરવી ને પર્યાયબુદ્ધિ ઉડાડવી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ ધર્મનો ઉપાય છે.

જેને ધર્મ કરવો છે ને જેમાં ધર્મ કરવો છે તે આત્મપદાર્થ કોણ છે તે પ્રથમ જાણવું જોઈએ. પહેલાં ઘર પૂછીને પછી પાણી પીએ છે, તેમ ધર્મ કરનારે ધર્મ ક્યાં થાય તે પ્રથમ પૂછવું જોઈએ. આત્મા કોણ છે ? જાણનાર કેવડો છે ? એક એક પરમાણુ, એક એક પ્રદેશ, એક એક સમયને ભિન્ન ભિન્ન જાણવાની તાકાતવાળો છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તે વાતનું જ્ઞાન ક્યાંથી આવશે ? હું વિકારસ્વભાવી છું એમ માનનારને તેવું જ્ઞાન થશે ? ના, હું રાગરહિત પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ આત્માનું જ્ઞાન થયા વિના પરમાણુ, પ્રદેશ કે સમયનું જ્ઞાન થશે નહિ.

એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તેથી પરમાણુ કાળના નાનામાં નાના અંશનો કર્તા છે, તેને કોણ જાણે છે ? અતીંદ્રિયજ્ઞાનસ્વભાવી આત્મા છે એવો જેને વિશ્વાસ બેઠો છે તેને આ પ્રતીતિ થાય છે. એક પરમાણુની પ્રતીતિ થતાં અનંતા પરમાણુની પ્રતીતિ થાય છે, એક પ્રદેશની પ્રતીતિ થતાં અનંતા સમયોની પ્રતીતિ થાય છે, એક સમયની પ્રતીતિ થતાં એવા અનંતા પ્રદેશોની પ્રતીતિ થાય છે. ઈંદ્રિયોના લક્ષે થતા જ્ઞાનમાં અથવા નિમિત્તના વલણથી થયેલા જ્ઞાનમાં આવી પ્રતીતિ ન આવે. અતીંદ્રિયસ્વભાવના ભાન વિના અતીંદ્રિય પરમાણુ જણાય નહિ. તેથી અહીં કહે છે કે પરમાણુ કાળના ભેદનો કર્તા છે તેને અતીંદ્રિયજ્ઞાનવાળો જાણી શકે છે; માટે તારા આત્માના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કર તો સ્વને જાણતાં પરમાણુ, પ્રદેશ ને કાળને યથાર્થ જાણી શકીશ. ને તે જ ધર્મદશા છે.

(૧) વળી તે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સંખ્યાના ભેદનો કર્તા છે તે બતાવે છે. એક પરમાણુ મૂળવસ્તુ છે તે પોતાના એકપ્રદેશપરિમાણથી સંખ્યાને બતાવે છે, એક, બે, ત્રણ, ચાર, પાંચ, અસંખ્ય, અનંત એવા પરમાણુની સંખ્યાને પરમાણુ બતાવે છે. એટલે કે દ્રવ્યની સંખ્યા બતાવવામાં પરમાણુ નિમિત્ત છે. તેને જાણનાર તો આત્મદ્રવ્ય છે. સ્કંધને કે પરમાણુને ખબર નથી, નક્કી કરનાર તો જ્ઞાન છે. તે પરમાણુની સંખ્યા, સંખ્યાતી, અસંખ્ય કે અનંતીનું નક્કી કરે છે. તેમાં પરમાણુ નિમિત્ત છે. દ્રવ્યની અનેકતાનો ખ્યાલ જ્ઞાન કરે છે તેમાં પરમાણુ નિમિત્ત છે, તેથી પરમાણુ સ્કંધોની દ્રવ્યસંખ્યાનો ભેદકર્તા કહેવાય છે.

(૨) વળી એક પરમાણુ એકપ્રદેશી છે. એક પ્રદેશ એક પરમાણુ જેટલો છે, તે પરમાણુના માપથી જુદી જુદી વસ્તુનું ક્ષેત્ર નક્કી થાય છે તેથી પરમાણુ સંખ્યાત, અસંખ્ય કે અનંત પ્રદેશને માપનારો છે. પરમાણુ એકપ્રદેશી છે. સ્કંધો બે પ્રદેશથી લઈ સંખ્યાત, અસંખ્ય કે અનંતપ્રદેશી છે. જીવ, ધર્મ, અધર્મ અસંખ્યપ્રદેશી છે ને આકાશ અનંતપ્રદેશી છે, તે બધાને પરમાણુ બતાવે છે. ક્ષેત્રનું માપ કરવામાં પરમાણુ નિમિત્ત છે તેથી પરમાણુ ક્ષેત્રસંખ્યાનો ભેદકર્તા છે. પરમાણુ બધાના ક્ષેત્રનું માપ કરે છે પણ તેનું પ્રમાણ કરનારો કોણ છે ? પ્રમાણ કરનારો તો આત્મા છે તે નક્કી કરે છે.

દ્રવ્યમાં અનેકતા છે, પરમાણુ તે દ્રવ્યની અનેકતાનો ભેદકર્તા છે, ને ક્ષેત્રમાં અનેકતા છે. પરમાણુ તે ક્ષેત્રની અનેકતાનો ભેદકર્તા છે. તે અનેકતાનો ભેદકર્તા પરમાણુ છે. પરમાણુને તેની ખબર નથી. તે અનેકતાને જાણનારો આત્મા છે, તે પણ વ્યવહારે જાણનાર છે. પોતાના અતીંદ્રિય-સ્વભાવને જાણતાં પરમાણુ ક્ષેત્રની અનેકતાનો ભેદકર્તા છે એમ વ્યવહારે જાણી લ્યે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૩) વળી તે પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તેવી રીતે એકથી બીજે, બીજેથી ત્રીજે એવી રીતે પ્રદેશાંતરરૂપ ગતિપરિણામથી બે સમયથી અનંત સમય સુધીની કાળની સંખ્યા બતાવે છે. અનંતા સમયનું માપ આવ્યું તેથી પરમાણુને કાળની સંખ્યાનો ભેદકર્તા કહે છે. તે બધાંને જાણનારો આત્મા છે. જ્ઞાનસ્વભાવના મહિમા વિના બધું વૃથા છે.

આવા જ્ઞાનસ્વભાવી આત્માના ભાન વિના સામાયિક, વ્રત, તપાદિ પોતાનાં માનેલાં કરે તે બધાં વૃથા છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પરમાણુને, પ્રદેશને તથા કાળને મારામાં રહીને જાણનારો છું. પરનો કરનાર નથી તેમ જ રાગ–દ્વેષનો કરનાર નથી. એવા શુદ્ધ ચૈતન્યસ્વભાવના ભાન વિના સમતા અથવા સામાયિક ક્યાંથી થશે ? ને બોધિબીજ વાવ્યા વિના આત્માને પૌષધરૂપી ક્રિયા થાય નહિ. પ્રથમ બોધિબીજ વાવે પછી પ્રતિમા હોય છે. આકોલિયાં વાવે તો આંબો ઊગે નહિ, તેમ મિથ્યાદર્શનરૂપી આકોલિયાં વાવીને સામાયિક ને પૌષધરૂપ આંબા ઊગે નહિ. ચૈતન્યસ્વભાવનું બીજ વાવે તો આત્માને પોષણ મળે ને તો પૌષધ થાય.

**પ્રશ્ન** : આ જ્ઞેય અધિકાર છે કે જ્ઞાન અધિકાર છે ?

**સમાધાન** : આ પુદ્‌ગલનો–જ્ઞેયનો અધિકાર છે એમ જાણ્યું કોણે ? જ્ઞાનને સ્વજ્ઞેય છે કે નહિ ? સ્વજ્ઞેયને જાણ્યા વિના પરજ્ઞેયને વ્યવહારે કોણ જાણશે ? સ્વજ્ઞાનના મહિમા વિના પરજ્ઞેય નક્કી થાય નહિ. આ પરમાણુને પણ જાણનાર તું છો એમ બતાવે છે. એક પરમાણુ સંખ્યાને, ક્ષેત્રને, સમયને જણાવે છે. તે તો વ્યવહારથી કથન છે. પરમાણુ ક્ષેત્ર કે સમય નક્કી કરનાર નથી, નક્કી કરનાર તો આત્મા છે.

(૪) વળી, સ્કંધના સ્પર્શાદિ ગુણોમાં તો ફેરફાર થાય છે, પણ એકલા પરમાણુમાં પણ સ્વભાવભાવોમાં ફેરફાર થાય છે. સ્કંધ તે વ્યવહારપુદ્‌ગલ છે. નિશ્ચયપુદ્‌ગલ તો પરમાણુ છે. એક પરમાણુ એકગુણો ચીકણો હોય તો છગુણો થઈ જાય, અનંતગુણો પણ થઈ જાય. જઘન્ય એકગુણથી માંડીને ઉત્કૃષ્ટ અનંતગુણો થઈ જાય એવી રીતે એક પરમાણુના પોતાના ભાવમાં ફેરફાર થાય છે તેથી પરમાણુ ભાવભેદનો કર્તા કહેવાય છે.

પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ભાવોની જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધી તારતમ્યતા થાય તેમાં એક પરમાણુ નિમિત્ત છે તેથી ભાવભેદનો કર્તા કહેલ છે.

કોઈ કહે કે કાળને લીધે ભાવમાં ફેરફાર થાય છે તો તે વાત ખોટી છે. એક પરમાણુ એકગુણ ચીકણામાંથી દસગુણ ચીકણો થાય, બીજો પરમાણુ છગુણો થાય. કાળ તો બન્નેને નિમિત્ત છે. કાળને લીધે હોય તો સરખું પરિણમન થવું જોઈએ, પણ તેમ બનતું નથી. પોતે પોતાના કારણે જઘન્યભાવથી ઉત્કૃષ્ટરૂપે ને ઉત્કૃષ્ટમાંથી જઘન્ય ભાવરૂપે થાય છે. ગાથા ૭૬માં કહ્યું હતું કે એક પરમાણુ પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ગુણભેદોમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિથી પુદ્‌ગલ નામ પામે છે. તે ષટ્‌ગુણહાનિવૃદ્ધિ આ સમજવી.

પણ આવા પરિણામને જાણે છે કોણ ? આત્મા જાણે છે કે પરમાણુના સ્પર્શાદિ ગુણોમાં આવી તારતમ્યતા થવાનો સ્વભાવ છે. જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટરૂપે થવાની લાયકાત પરમાણુમાં છે એવી પરમાણુને ખબર નથી. પોતાના જ્ઞાનને લીધે જ્ઞેયોનું સૂક્ષ્મ સ્વરૂપ નક્કી થાય છે.

એક પરમાણુ એક દ્રવ્ય છે તેવા અનંતા પરમાણુ છે એટલે દ્રવ્યની સંખ્યા બતાવે છે. એક પરમાણુ એકપ્રદેશી છે તે માપ વડે એકથી અનંતા પ્રદેશોની સંખ્યા બતાવે છે, એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાણુ એક સમયને બતાવે એવા અનંતા સમયોની સંખ્યા બતાવે છે, એક પરમાણુમાં વર્ણાદિમાં જઘન્યથી ઉત્કૃષ્ટગુણા ફેરફાર થાય તેવા ભાવના ભેદને બતાવે છે.

આ પ્રમાણે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભેદને બતાવે છે. પરમાણુ અનાદિથી તે બતાવી રહ્યો છે. પણ અત્યાર સુધી કેમ ખ્યાલ ન આવ્યો ? પોતાનો ખ્યાલ આવે તો પરનો ખ્યાલ આવે. ખ્યાલ કરનારો આત્મા છે, એવા પોતાના સૂક્ષ્મ જ્ઞાનસ્વભાવનો મહિમા આવે તો સ્વને જાણતાં પરજ્ઞેયોની સૂક્ષ્મતાને જાણે. પરમાણુના માહાત્મ્યને લીધે પોતાનું માહાત્મ્ય નથી. હું મારે લીધે મોટો છું એમ પોતાના સ્વભાવની જેને મોટપ આવે છે તેને નિમિત્તની ને વિકારની મોટપ ઊડી જાય છે ને પોતાના સૂક્ષ્મ સ્વભાવને જાણતાં જ્ઞેયોનો સ્વભાવ આવો સૂક્ષ્મ છે એમ તે જાણી લ્યે છે.

વળી પરમાણુના ભાવોમાં જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ એવા ફેરફાર થાય ને ઉત્કૃષ્ટ ચીકાશ અથવા લૂખાશરૂપે થયા પછી પાછો મધ્યમ ને જઘન્યરૂપે તે થઈ જાય, પણ જે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવી આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરી ઉત્કૃષ્ટદશા–કેવળદશા પ્રાપ્ત કરે તેને ફરી મધ્યમ કે જઘન્યદશા એટલે સંસારદશા થતી નથી. એટલો પરમાણુમાં ને આત્મામાં ફેર છે.

આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞપણું છે. કેવળજ્ઞાનથી ઓછું હોય તેવો સ્વભાવ જ નથી. એવું જેણે નક્કી કર્યું છે તે પરમાણુના સૂક્ષ્મ સ્વભાવને વ્યવહારે જાણે છે. પરમાણુને ખબર નથી કે હું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ભેદ કરનારો છું, પણ જ્ઞાન તે બધાને વ્યવહારે જાણે છે. જ્ઞાન તેમાં તન્મય થયા વિના જાણે છે.

જે જીવનું વલણ નિમિત્તો તરફ, જ્ઞેયો તરફ, રાગ ને અલ્પજ્ઞતા તરફ રહ્યા કરે છે તેણે જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, ને સમ્યક્‌જ્ઞાનરૂપી બોધિબીજ વાવ્યા વિના આત્માને પોષણ મળી શકે નહિ.

એક પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ વગેરેની સંખ્યાને તારતમ્યતા બતાવવામાં નિમિત્ત છે તેથી પરમાણુને તેનો કર્તા કહેવાય છે. તેનો જાણનાર આત્મા છે. તે બધા ભેદોને એક સમયમાં જાણવાની તાકાત મારા આત્મામાં છે એવી તાકાત કબૂલ કરે તેને ધર્મ થાય છે. જેને આવી તાકાતની ખબર નથી તેને આત્માની ખબર નથી ને તેથી તેને ધર્મ થતો નથી. જ્ઞેયોની સૂક્ષ્મતાથી જ્ઞાનની સૂક્ષ્મતા નથી; પોતાના મહિમાવંત જ્ઞાનની સૂક્ષ્મતાથી જ્ઞેયોની સૂક્ષ્મતાનો વ્યવહારે ખ્યાલ આવી જાય છે. ૮૦.

---

**एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं ।**
**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि ॥ ८१ ॥**

**एकरसवर्णगंधं द्विस्पर्शं शब्दकारणमशब्दम् ।**
**स्कंधांतरितं द्रव्यं परमाणुं तं विजानीहि ॥ ८१ ॥**

**એક જ વરણ–રસ–ગંધ ને બે સ્પર્શયુત પરમાણુ છે,**
**તે શબ્દહેતુ, અશબ્દ છે, ને સ્કંધમાં પણ દ્રવ્ય છે. ૮૧.**

**અન્વયાર્થ :** [तं परमाणुं] તે પરમાણુ [एकरसवर्णगंधं] એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો તથા [द्विस्पर्शं] બે સ્પર્શવાળો છે, [शब्दकारणम्] શબ્દનું કારણ છે, [अशब्दम्] અશબ્દ છે અને [स्कंधांतरितं] સ્કંધની અંદર હોય તોપણ [द्रव्यं] (પરિપૂર્ણ સ્વતંત્ર) દ્રવ્ય છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[विजानीहि] જાણો.

---

**तात्पर्यवृत्ति** : एवं परमाणुद्रव्यप्रदेशाधारं कृत्वा समयादिव्यवहारकालकथनमुख्यत्वेन एकत्वादिसंख्याकथनेन च द्वितीयस्थले चतुर्थगाथा गता। अथ परमाणुद्रव्ये गुणपर्यायस्वरूपं कथयति: – **एयरसवण्णगंधं दोफासं** एकरसवर्णगंधद्विस्पर्शः। तथाहि – तत्र परमाणौ तिक्तादिपंचरसपर्यायाणामेकतमेनैकेनैकदा रसो वर्तते, शुक्लादिपंचवर्णपर्यायाणामेकतमेनैकेनैकदा वर्णो वर्तते, सुरभिदुरभिरूपगंधपर्याययोर्द्वयोरेकतरेणैकेनैकदा गंधो वर्तते, शीतस्निग्धशीतरूक्षउष्णस्निग्धउष्णरूक्षरूपाणां चतुर्णां स्पर्शपर्यायद्वंद्वानामेकतमेनैकेनैकदा स्पर्शो वर्तते, **सद्दकारणमसद्दं** शब्दकारणोप्यशब्द आत्मवत्। यथात्मा व्यवहारेण ताल्वोष्ठपुटव्यापारेण शब्दकारणभूतोपि निश्चयेनातीन्द्रियज्ञानविषयत्वाच्छब्दज्ञानविषयो न भवति शब्दादिपुद्गलपर्यायरूपो वा न भवति तेन कारणेनाशब्दः तथा परमाणुरपि शक्तिरूपेण शब्दकारणभूतोप्येकप्रदेशत्वेन शब्दव्यक्त्यभावादशब्दः, **खंदतरिदं दव्वं परमाणुं तं वियाणाहि** यमेवमुक्तवर्णादिगुणशब्दादिपर्यायवृत्तिविशिष्टस्कंदांतरितं द्रव्यरूपस्कंदपरमाणुं विजानीहि परमात्मवदेव। तद्यथा – यथा परमात्मा व्यवहारेण द्रव्यभावरूपकर्मस्कन्दांतर्गतोपि निश्चयनयेन शुद्धबुद्धैकस्वभाव एव तथा परमाणुरपि व्यवहारेण स्कंदांतर्गतोपि निश्चयनयेन स्कंदबहिर्भूतशुद्धद्रव्यरूप एव। अथवा स्कंदांतरित इति कोऽर्थः ? स्कंदात्पूर्वमेव भिन्न इत्यभिप्रायः ॥ ८१ ॥

**समयव्याख्या : परमाणुद्रव्ये गुणपर्यायवृत्तिप्ररूपणमेतत्। सर्वत्रापि परमाणौ रसवर्णगंधस्पर्शाः सहभुवो गुणाः। ते च क्रमप्रवृत्तैस्तत्र स्वपर्यायैर्वर्तन्ते। तथा हि – पञ्चानां रसपर्यायाणामन्यतमेनैकेनैकदा रसो वर्तते। पञ्चानां वर्णपर्यायाणामन्यतमेनैकेनैकदा वर्णो वर्तते। उभयोर्गंधपर्याययोरन्यतरेणैकेनैकदा गंधो वर्तते। चतुर्णां शीतस्निग्धशीतरूक्षोष्णस्निग्धोष्णरूक्षरूपाणां स्पर्शपर्यायद्वंद्वानामन्यतमेनैकेनैकदा स्पर्शो वर्तते। एवमयमुक्तगुणवृत्तिः परमाणुः शब्दस्कंधपरिणतिशक्तिस्वभावात् शब्दकारणम्। एकप्रदेशत्वेन शब्दपर्यायपरिणतिवृत्त्यभावादशब्दः। स्निग्धरूक्षत्वप्रत्ययबंधवशादनेकपरमाण्वेकत्वपरिणतिरूपस्कंधांतरितोऽपि स्वभावमपरित्यजन्नुपात्तसंख्यत्वादेक एव द्रव्यमिति ॥ ८१ ॥**

અનુવાદ : આ, પરમાણુદ્રવ્યમાં ગુણ–પર્યાય વર્તવાનું (ગુણ અને પર્યાય હોવાનું) કથન છે.

સર્વત્ર પરમાણુમાં રસ–વર્ણ–ગંધ–સ્પર્શ સહભાવી ગુણો હોય છે; અને તે ગુણો તેમાં ક્રમવર્તી નિજ પર્યાયો સહિત વર્તે છે. તે આ પ્રમાણે :– પાંચ રસપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (રસપર્યાય) સહિત રસ વર્તે છે; પાંચ વર્ણપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (વર્ણપર્યાય) સહિત વર્ણ વર્તે છે; બે ગંધપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (ગંધપર્યાય) સહિત ગંધ વર્તે છે; શીત–સ્નિગ્ધ, શીત–રૂક્ષ, ઉષ્ણ–સ્નિગ્ધ ને ઉષ્ણ–રૂક્ષ એ ચાર સ્પર્શપર્યાયોનાં જોડકાંમાંથી એક વખતે કોઈ એક જોડકા સહિત સ્પર્શ વર્તે છે. આ પ્રમાણે જેમાં ગુણોનું વર્તવું (અસ્તિત્વ) કહેવામાં આવ્યું એવો આ પરમાણુ શબ્દસ્કંધરૂપે પરિણમવાની શક્તિરૂપ સ્વભાવવાળો હોવાથી શબ્દનું કારણ છે; એકપ્રદેશી હોવાને લીધે શબ્દપર્યાયરૂપ પરિણતિ નહિ વર્તતી હોવાથી અશબ્દ છે; અને સ્નિગ્ધ–રૂક્ષત્વના કારણે બંધ થવાને લીધે અનેક પરમાણુઓની એકત્વપરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય તોપણ સ્વભાવને નહિ છોડતો થકો, સંખ્યાને પ્રાપ્ત હોવાથી (અર્થાત્ પરિપૂર્ણ એક તરીકે જુદો ગણતરીમાં આવતો હોવાથી) એકલો જ દ્રવ્ય છે. ૮૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧, શુક્રવાર]

હવે પરમાણુદ્રવ્યમાં ગુણ–પર્યાયના સ્વરૂપનું કથન કરે છે.

એક પરમાણુમાં એક રસ, એક ગંધ, એક વર્ણ ને બે સ્પર્શ છે, શબ્દની ઉત્પત્તિનું કારણ છે. પણ પોતે એકપ્રદેશી એકલો છે તેથી શબ્દની વ્યક્તતારહિત છે તથા પુદ્‌ગલસ્કંધથી જુદો છે તેને પરમાણુ જાણવો.

સ્કંધમાં રહેવા છતાં પરમાણુ પોતાપણે છે, પરનો અભાવ રાખીને રહ્યો છે. પોતાના બે સ્પર્શ, એક ગંધ, રસ, વર્ણના ભાવમાં રહ્યો છે. કદી પણ બીજા સાથે એકરૂપ થતો નથી. બીજા સ્કંધો સાથે ભળે ને સ્થૂલપણું ધારણ કરે તો બીજા સ્થૂલ સ્કંધને લીધે સ્થૂલપણું ધારણ કરતો નથી પણ પોતાના કારણે સ્થૂલપણું ધારણ કરી એકલો રહેલો છે.

પરમાણુ સ્કંધમાં રહેવા છતાં એકલો પોતામાં કામ કરી રહ્યો છે. એવી જડ પરમાણુને ખબર નથી છતાં એકલો પોતાની હયાતી ટકાવી રહ્યો છે. તો પછી આ ચૈતન્ય બાદશાહ જે પોતાને તથા પરને જાણે એવા સ્વભાવવાળો છે તે શરીર, કર્મ ને રાગ વગેરે પર સાથે એકમેક થાય, એમ માનતાં તારી શોભા લૂંટાય છે. તું શરીર, કર્મ વગેરે સાથે એકક્ષેત્રે રહેવા છતાં કદી પણ તેની સાથે એકમેક થયો નથી. તું સદાય જ્ઞાનસ્વભાવી છો. ઘરમાં ગાંડો માણસ કમાઈને રૂપિયા લાવે ને બારિસ્ટર થઈને કાંઈ પણ કમાય નહિ તે તો બારિસ્ટર માટે શરમ ભરેલું છે. તેમ અચેતન પરમાણુ કદી પરની સાથે એકમેક થતો નથી ને તું ચૈતન્ય બાદશાહ થઈને શરીર, કર્મ ને રાગ સાથે એકમેક થયો એમ માન તો તારા માટે તે શરમાવા જેવું છે. અજ્ઞાની માને ભલે પણ તે કદી પર સાથે એકમેક થતો નથી, સદાય જ્ઞાનસ્વભાવી છે. આમ પરથી ભેદજ્ઞાન કરી પોતાના અભેદ જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો તે ધર્મ છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૨, શનિવાર]

આ અધિકાર પુદ્‌ગલનો છે. પુદ્‌ગલથી આત્મા જુદો છે એવું જ્ઞાન ન કરે તો પુદ્‌ગલાદિ પરપદાર્થના સંયોગોથી છૂટો પડે નહિ. ધર્મ છૂટો પડવા માટે એટલે કે મુક્તિ માટે છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પરમાણુ પર છે, રાગ–દ્વેષ ક્ષણિક છે, જ્ઞાન ને આનંદ મારી ચીજ છે ને તે નિત્ય ધ્રુવ છે એવી જેને ખબર નથી તેને ધર્મ થતો નથી.

**ભાવાર્થ** : સ્કન્ધના ટુકડા થતાં થતાં એક નાનામાં નાનો અંશ રહે તેને પરમાણુ કહે છે. ભગવાને પોતાના અતીન્દ્રિયજ્ઞાન વડે તે પરમાણુમાં પુદ્‌ગલના પાંચ રસમાંથી એક રસ, પાંચ વર્ણમાંથી એક વર્ણ, બે પ્રકારની ગંધમાંથી એક ગંધ તથા શીત ચીકણો, શીત લૂખો, ઉનો ચીકણો અથવા ઉનો લૂખો એમ ચાર સ્પર્શના જોડલામાંથી એક યુગલ જોયેલ છે. આ પ્રમાણે એક પરમાણુમાં સ્પર્શ ૨, રસ ૧, ગંધ ૧, વર્ણ ૧ એમ પાંચ ગુણ સમજવા.

તે પરમાણુ સ્કંધની સાથે ભળી જાય છે ત્યારે શબ્દપર્યાયનું કારણ બને છે ને સ્કંધથી જુદો પડે ને છૂટો રહે ત્યારે એકલા પરમાણુથી શબ્દ થતો નથી. વળી તે પરમાણુ પોતાની લૂખાશ–ચીકાશના કારણે અનેક પરમાણુના સ્કન્ધમાં જોડાઈ જાય છે છતાં પોતાના એકરૂપ સ્વભાવને છોડતો નથી, એકદ્રવ્યરૂપ કદી છોડતો નથી.

જુઓ, પરમાણુ તો જડ છે. પરમાણુ સ્થૂળ સ્કન્ધમાં ભળી જાય ત્યારે તેમાં બે સ્પર્શ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેતા નથી છતાં બે સ્પર્શાદિ ગુણોનો મૂળ સ્વભાવ કદી છોડતો નથી. પરમાણુ જડ છે, ખબર વિનાનું તત્ત્વ છે. છતાં પોતાની સ્વતંત્રતા જાળવી રાખે છે તેમ આ આત્મા શરીર, કર્મ વગેરેના સંયોગોમાં રહેવા છતાં પોતાપણું કદી છોડતો નથી. અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી શરીર, મન, વાણીને મારાં માને છે, શરીર ને કર્મની ક્રિયા મારાથી થાય છે ને તે ક્રિયાથી મને શાંતિ ને સુખ મળે છે, આવી માન્યતા હોવાના કારણે શરીરાદિથી પોતાને જુદો માનતો નથી.

પરમાણુ સ્કન્ધમાં ભળે ત્યારે પર્યાયદ્રષ્ટિએ પરમાણુમાં સ્થૂલપણાની તથા સ્થૂલ સ્કન્ધમાં ભળે ત્યારે ચાર સ્પર્શની યોગ્યતા હોય છે. છતાં દ્રવ્યદ્રષ્ટિએ તો પરમાણુ સૂક્ષ્મ અતીન્દ્રિય છે ને બે સ્પર્શની યોગ્યતાવાળું છે. આમ બેખબરવાળું તત્ત્વ અતીન્દ્રિય પરમાણુ પોતાની સ્વતંત્રતા જાળવી રહેલ છે એમ ભગવાને જોયું છે. તો અહીં કહે છે કે ભાઈ, તું તો જ્ઞાનસ્વભાવી છો, ચેતનબાદશાહ છો, તું પર્યાયદ્રષ્ટિએ શરીર ને કર્મના સંયોગવાળો છે, પુણ્ય–પાપના વિકારીભાવવાળો છો છતાં સ્વભાવદ્રષ્ટિએ તો તું શરીર ને કર્મ વિનાનો છે. પુણ્ય–પાપ તારા સ્વભાવમાં કદી પેઠા નથી, તું તો જ્ઞાનસ્વભાવી એવો ને એવો છો, આમ શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ કરવી તે ધર્મ છે.

અચેતન પરમાણુ પોતાના ગુણ–પર્યાયને જુદા જાળવી રાખે છે તેવી તેને ખબર નથી. તેને જાણનાર તો આત્મા છે. આત્મા જાણે છે કે પરમાણુ પોતાના ગુણ–પર્યાયને સ્વતંત્ર જાળવી રાખે છે. પરમાણુની સ્વતંત્રતા બતાવી, તે માત્ર પરમાણુનું જ્ઞાન કરાવવા માટે નથી પણ આત્માનું જ્ઞાન કરાવવા માટે છે.

શરીર, કર્મના સંયોગ હોવા છતાં તે મારી ચીજ નથી, વિકાર મારું સ્વરૂપ નથી, હું તો જાણનાર–દેખનાર છું, જાણવું એ જ એક મારું સ્વરૂપ છે. એમ એકરૂપ જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવનો આદર કરવો તે ધર્મ છે.

તલના લાડવામાં એક તલ બીજા તલરૂપ થતો નથી. તેવી રીતે પરમાણુ પણ સ્કન્ધમાં હોવા છતાં બીજા પરમાણુરૂપ થતો નથી, તેમ આત્મા શરીર ને કર્મના પરમાણુઓ સાથે એકક્ષેત્રે દેખાય છે છતાં તેની સાથે એકરૂપ થતો નથી, પરથી ત્રિકાળ જુદો છે, એવું ભેદજ્ઞાન અહીં કરાવે છે. ધર્મ કરનાર આત્મા છે માટે તેનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ, આત્માને નિમિત્તરૂપે શરીર ને કર્મનો સંયોગ હોવા છતાં ને પર્યાયમાં વિકાર હોવા છતાં અંદર આત્મા શુદ્ધ એકરૂપ પડ્યો છે એવું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૮૧.

---

**उवभोज्जमिंदिएहिं य इंदियकाया मणो य कम्माणि ।**
**जं हवदि मुत्तमण्णं तं सव्वं पुग्गलं जाणे ॥ ८२ ॥**

**उपभोग्यमिन्द्रियैश्चेन्द्रियकाया मनश्च कर्माणि ।**
**यद्भवति मूर्तमन्यत् तत्सर्वं पुद्गलं जानीयात् ॥ ८२ ॥**

**ઈંદ્રિય વડે ઉપભોગ્ય, ઈંદ્રિય, કાય, મન ને કર્મ જે,**
**વળી અન્ય જે કંઈ મૂર્ત તે સઘળું ય પુદ્ગલ જાણજે. ૮૨.**

**અન્વયાર્થ :** [इन्द्रियैः उपभोग्यम् च] ઈંદ્રિયો વડે ઉપભોગ્ય વિષયો, [इन्द्रियकायाः] ઈંદ્રિયો, શરીરો, [मनः] મન, [कर्माणि] કર્મો [च] અને [अन्यत् यत्] બીજું જે કાંઈ [मूर्त भवति]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૂર્ત હોય [तत् सर्वं] તે સઘળું [पुद्गलं जानीयात्] પુદ્‌ગલ જાણો.

---

**तात्पर्यवृत्ति** : एवं परमाणुद्रव्यवर्णादिगुणस्वरूपशब्दादिपर्यायस्वरूपकथनेन पंचमगाथा गता । इति परमाणुद्रव्यरूपेण द्वितीयस्थले समुदायेन गाथापंचकं गतं । अथ सकलपुद्गलभेदानामुपसंहारमावेदयतिः **उवभोज्जमिंदियेहिं य** वीतरागातींद्रियसुखास्वादरहितानां जीवानां यदुपभोग्यं पंचेन्द्रियविषयस्वरूपं **इंदियकाया** अतीन्द्रियात्मस्वरूपाद्विपरीतानीन्द्रियाणि अशरीरात्मपदार्थात्प्रतिपक्षभूता औदारिकवैक्रियिकाहारकतैजस-कार्मणशरीरसंज्ञाः पंचकायाः **मणो य** मनोगतविकल्पजालरहितात् शुद्धजीवास्तिकायाद्विपरीतं मनश्च **कम्माणि** कर्मरहितात्मद्रव्यात् प्रतिकूलानि ज्ञानावरणाद्यष्टकर्माणि **जं हवदि मुत्तमण्णं** अमूर्तात्मस्वभावात्प्रतिपक्ष-भूतमन्यदपि यन्मूर्तं प्रत्येकानंतसंख्येयासंख्येयानंताणुस्कंदरूपमनंतविभागिपरमाणुराशिरूपं च **तं सव्वं पोग्गलं जाणे** तत्सर्वमन्यच्च नोकर्मादिकं पुद्गलं जानीहि । इति पुद्गलद्रव्योपसंहारः ॥ ८२ ॥

**समयव्याख्या : सकलपुद्गलविकल्पोपसंहारोऽयम् । इन्द्रियविषयाः स्पर्शरसगंधवर्णशब्दाश्च, द्रव्येन्द्रियाणि स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि, कायाः औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि, द्रव्यमनः, द्रव्यकर्माणि, नोकर्माणि, विचित्रपर्यायोत्पत्तिहेतवोऽनंता अनंताणुवर्गणाः, अनंता असंख्येयाणुवर्गणाः, अनंताः संख्येयाणुवर्गणाः द्व्यणुकस्कंधपर्यंताः, परमाणवश्च, यदन्यदपि मूर्तं तत्सर्वं पुद्गलविकल्प-त्वेनोपसंहर्तव्यमिति ॥ ८२ ॥**

**—इति पुद्गलद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : આ, સર્વ પુદ્‌ગલભેદોનો ઉપસંહાર છે.**

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દરૂપ (પાંચ) ઇંદ્રિયવિષયો, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્રરૂપ (પાંચ) દ્રવ્યેંદ્રિયો, ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ ને કાર્મણરૂપ (પાંચ) કાયો, દ્રવ્યમન, દ્રવ્યકર્મો, નોકર્મો, વિચિત્ર પર્યાયોની ઉત્પત્તિના હેતુભૂત (અર્થાત્ અનેક પ્રકારના પર્યાયો ઊપજવાના કારણભૂત) અનંત અનંતાણુક વર્ગણાઓ, અનંત અસંખ્યાતાણુક વર્ગણાઓ અને દ્વિ-અણુક સ્કંધ સુધીની અનંત સંખ્યાતાણુક વર્ગણાઓ તથા પરમાણુઓ, તેમ જ બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે સઘળું પુદ્‌ગલના ભેદ તરીકે સંકેલવું. ૮૨.**

**આ રીતે પુદ્‌ગલ–દ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૨, શનિવાર]

હવે સમસ્ત પુદ્‌ગલોનો ભેદ સંક્ષેપતાથી બતાવે છે.

પાંચ ઇન્દ્રિયો વડે પાંચ પ્રકારના વિષય ભોગવવામાં આવે છે તે જડ છે–મૂર્તિક છે. ગાદલાંને સ્પર્શ કરતાં સુંવાળા માખણ જેવા લાગે, રસ ખાટા-મીઠા લાગે, ગંધ સુગંધ કે દુર્ગંધ લાગે, રંગ કાળો, ધોળો લાગે, તે તથા શબ્દ તે બધા જડ છે, જડની દશા છે તેમાં સુખ નથી. અજ્ઞાની માને કે ગરમીના વખતમાં આઈસક્રીમ ખાતા હોઈએ, પંખા ફરતા હોય, સરબતી મલમલ પહેર્યાં હોય તો બહુ મજા પડે, પણ તે માન્યતા ભૂલભરેલી છે. આત્માનું સુખ આત્મામાં છે, જડમાં આત્માનું સુખ નથી, જે જીવ જડથી સુખ માને તેને કદી ધર્મ ને શાંતિ થતાં નથી.

વળી સ્પર્શ, જીભ, નાક, કાન ને નેત્ર એમ પાંચ પ્રકારની ઇન્દ્રિયો પણ જડ છે, તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સુખ નથી. કોઈ કહે કે, અનાજ સડતું હોય તો નાકથી ખબર પડે ને જીવની રક્ષા થાય, અનાજમાં જીવાત પડી છે કે નહિ તે આંખથી ખ્યાલ આવે તો તેની દયા પાળી શકાય, ઇન્દ્રિયોએ દયાધર્મમાં એટલી તો મદદ કરીને ? સમાધાન :– ભાઈ, જાણનારો તો આત્મા છે. ઇન્દ્રિયો જડ છે, આત્મા પરપદાર્થને ઇન્દ્રિયોથી જાણતો નથી, પોતાથી જાણે છે. વળી જેને આત્માના અતીન્દ્રિયસુખના સ્વાદની ખબર નથી ને અનુભવ નથી તેવો અજ્ઞાની જીવ પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવી સુખ માને છે. વળી અતીન્દ્રિય આત્મસ્વરૂપની ખબર નથી તે જીવ પાંચ પ્રકારની દ્રવ્ય-ઇન્દ્રિયમાં સુખ માને છે.

વળી મનુષ્ય તથા તિર્યંચનાં ઔદારિક શરીર, દેવ તથા નારકીનાં વૈક્રિયિક શરીર, કોઈ મુનિને મસ્તકમાંથી સફેદ પૂતળું નીકળે તે આહારક શરીર, હાથ ઘસતાં જે ગરમી દેખાય તે તૈજસ શરીર ને આઠ કર્મોનું શરીર તે કાર્મણ. આમ પાંચ પ્રકારનાં શરીરો જડ છે–પુદ્‌ગલ છે. અજ્ઞાની જીવ શરીરને મારું માની સંસારમાં રખડી રહ્યો છે. જડ ને આત્મા જુદા માન્યા વિના ધર્મ થતો નથી, આત્મા અશરીરી છે, ચૈતન્યસ્વભાવી છે ને શરીર પ્રતિપક્ષી છે, જડ સ્વભાવી છે. શરીર જે જુદી ચીજ છે તેનાથી આત્માને કલ્યાણ નથી, આમ પરથી ભેદજ્ઞાન કરે તો ધર્મ થાય.

છાતીમાં આઠ પાંખડીના કમળના આકારે દ્રવ્યમન સંજ્ઞી જીવોને હોય છે તે જડ છે, આત્મા તેનાથી જુદો છે. દયા–દાનાદિ શુભ–વિકલ્પોથી તથા બીજા મનોગત વિકલ્પોથી તથા દ્રવ્યમનથી આત્મા જુદો છે. આમ પરથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

''ज्ञानक्रियाभ्याम् मोक्षः'' આત્માનું જ્ઞાન અને તેમાં ઠરવું તે મોક્ષનો ઉપાય છે.

જ્ઞાનાવરણાદિ આઠ કર્મો તથા શરીર, વાણી વગેરે નોકર્મ પુદ્‌ગલ છે, આત્માથી જુદા છે. આત્મા તો કર્મથી રહિત છે તેમ જ અમૂર્તિક છે, કર્મ તથા નોકર્મ મૂર્તિક છે માટે તે બધાને તથા લક્ષ્મી, મકાન વગેરે બધા મૂર્તિક પદાર્થો જે દેખાય છે તે બધાને પુદ્‌ગલ દ્રવ્ય જાણ, અહીં જાણ એમ કહ્યું છે, તે પુદ્‌ગલના સ્વરૂપો તારું સ્વરૂપ નથી એમ જાણ ને ભેદજ્ઞાન કર એમ કહે છે.

**ભાવાર્થ** : પાંચ પ્રકારના વિષયો–પદાર્થો પુદ્‌ગલ છે, તેમાં વાણી, પુસ્તકો, મૂર્તિ વગેરે પાંચ ઇન્દ્રિયોના શુભ વિષયોમાં આવે છે, ધર્મી જીવને નબળાઈને લીધે શુભરાગ આવે ત્યારે મૂર્તિ ઉપર લક્ષ જાય છે, પણ મૂર્તિ આદિ પદાર્થોમાં આત્મા નથી, તેને લીધે ધર્મ કે જ્ઞાન થતું નથી.

વળી ઇન્દ્રિયોના અશુભ વિષયો પણ તેના કારણે આવે છે, આત્માને લીધે આવતા નથી. મોટરો, દૂધપાક, વગેરે પુદ્‌ગલો છે તેને મારાં માનવાં તે કજાતને જાત માનવા બરાબર છે. વાઘરીના દીકરાને બ્રાહ્મણનો દીકરો માને તે મૂર્ખ છે, તેમ શરીર, મોટરો વગેરે પુદ્‌ગલને બ્રહ્મ કહેતાં આત્માનાં માનવા તે આત્માનું ખૂન કરવા બરાબર છે.

પાંચ પ્રકારની ઇન્દ્રિયો અચેતન છે. દ્રવ્યમન, આઠ પ્રકારનાં દ્રવ્યકર્મો, શરીરાદિ નોકર્મ પુદ્‌ગલ છે તથા તે સિવાય અનેક પર્યાયની ઉત્પત્તિનું કારણ એવી અનંતાનંત પુદ્‌ગલવર્ગણા છે, અનંતી અસંખ્યાણુ વર્ગણા છે તથા અનંતી સંખ્યાણુ વર્ગણા છે તથા એક અવિભાગી પરમાણુ છે, તે બધાને પુદ્‌ગલ જાણવા.

અજ્ઞાની જીવને બે–પાંચ લાખ રૂપિયા ભેગા થાય ત્યાં તો હરખાઈ જાય છે પણ તે તો ધૂળના ઢગલા છે. તેમાં સુખ નથી. કોઈ ભંગીને ઠેસ વાગે ને કોઈના પાયખાનાની વિષ્ટાનો ડબો પોતાની ફળીમાં ઢોળાઈ જાય તો ઘરધણી ભંગી ઉપર ગુસ્સો કરે પણ વિષ્ટાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની માલિકીની ચીજ માનતો નથી. તેમ પાંચ લાખ રૂપિયા પુણ્યકર્મના નિમિત્તે તારા ઘરમાં આવી પડ્યા તે વિષ્ટા સમાન છે. બન્ને પુદ્ગલો છે, તેને તારું સ્વરૂપ માનીશ નહિ.

વળી કોઈ કહે કે શરીર સારું હોય તો ધર્મ થાય, પણ તે માન્યતા ભૂલભરેલી છે, શરીર પોતાની જાતથી જુદી જાતનું છે, કજાતને પોતાની જાત માનવી તે અધર્મ છે. આ જગતમાં જે જે દૃશ્યમાન પદાર્થો દેખાય છે તે બધા પુદ્ગલો છે. તે સિવાય અદૃશ્યમાન પુદ્ગલો પણ છે તે બધા અચેતન છે ને આત્માથી જુદા છે. ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનમય છે, જ્ઞાનનો જ પિંડ છે, જે જે પ્રકારના પુદ્ગલો છે તેને તે જાણી લ્યે છે. પણ પુદ્ગલ પુદ્ગલમાં છે, આત્મામાં નથી; આત્મા આત્મામાં છે, પુદ્ગલમાં નથી. આમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

વળી કોઈ કહે કે : જેનાં માતા–પિતા સારાં હોય. કોઈ જાતનું લાંછન ન હોય તેવા ખાનદાન મા–બાપના પેટે જન્મેલા દીકરાનું શરીર સજાત ગણાય તેવાને ધર્મ થાય, આમ અજ્ઞાની જીવો દલીલ કરે છે. તેને કહેવામાં આવે છે કે ભાઈ, એવાં શરીર અનંત વાર મળ્યાં છતાં ધર્મ કેમ ન થયો ? તો તેઓ દલીલ કરે છે કે ધર્મ વખતે સજાત શરીર ન હોય તેવો દાખલો બતાવો, તો તેને કહેવામાં આવે છે કે ભાઈ, તારે શરીરનું નક્કી કરવું છે કે આત્માનું ? જેની દૃષ્ટિ શરીર ઉપર છે તેની દૃષ્ટિ શરીરથી રહિત એવા આત્મા ઉપર નથી. તિર્યંચને એવો ક્યાં મેળ છે ? છતાં તે ધર્મ પામે છે, નારકી પણ ધર્મ પામે છે, માટે શરીર ઉપરની દૃષ્ટિ છોડ, તે બધી પુદ્ગલની પર્યાય છે. તું આત્મા છો, તેનાથી જુદો છો એવું જ્ઞાન કરવું તે ધર્મ છે. ૮૨.

---

**धम्मत्थिकायमरसं अवण्णगंधं असद्दमप्फासं ।**
**लोगागाढं पुट्ठं पिहुलमसंखादियपदेसं ॥ ८३ ॥**

**धर्मास्तिकायोऽरसोऽवर्णगंधोऽशब्दोऽस्पर्शः ।**
**लोकावगाढः स्पृष्टः पृथुलोऽसंख्यातप्रदेशः ॥ ८३ ॥**

**ધર્માસ્તિકાય અવર્ણગંધ, અશબ્દરસ, અસ્પર્શ છે;**
**લોકાવગાહિ, અખંડ છે, વિસ્તૃત, અસંખ્યપ્રદેશ છે. ૮૩.**

**અન્વયાર્થ** : [धर्मास्तिकायः] ધર્માસ્તિકાય [अस्पर्शः] અસ્પર્શ, [अरसः] અરસ, [अवर्णगंधः] અગંધ, અવર્ણ અને [अशब्दः] અશબ્દ છે; [लोकावगाढः] લોકવ્યાપક છે; [स्पृष्टः] અખંડ, [पृथुलः] વિશાળ અને [असंख्यातप्रदेशः] અસંખ્યાતપ્રદેશી છે.

---

**तात्पर्यवृत्ति** : एवं पुद्गलास्तिकायोपसंहाररूपेण तृतीयस्थले गाथैका गता । इति पंचास्तिकाय-षड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारे गाथादशकपर्यंतं स्थलत्रयेण **पुद्गलास्तिकाय**नामा पंचमोंतराधिकारः समाप्तः ॥ अथानंतरमनंतकेवलज्ञानादिरूपादुपादेयभूतात् शुद्धजीवास्तिकायात्सकाशाद्भिन्ने हेयरूपे धर्मा-धर्मास्तिकायाधिकारे गाथासप्तकं भवति । तत्र गाथासप्तकमध्ये धर्मास्तिकायस्वरूपकथनमुख्यत्वेन "धम्मत्थिकायमरसं" इत्यादि पाठक्रमेण गाथात्रयं । तदनंतरमधर्मास्तिकायस्वरूपनिरूपणमुख्यत्वेन "जह हवदि" इत्यादि गाथासूत्रमेकं । अथ धर्माधर्मोभयसमर्थनमुख्यत्वेन तयोरस्तित्वाभावे दूषणमुख्यत्वेन च "जादो अलोग" इत्यादि पाठक्रमेण गाथात्रयमिति । एवं सप्तगाथाभिः स्थलत्रयेण धर्माधर्मास्तिकायव्याख्याने समुदायपातनिका तद्यथा – धर्मास्तिकायस्वरूपं कथयति, **धम्मत्थिकायं** धर्मास्तिकायो भवति **अरसमवण्णम-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**गंधमसद्दमप्फासं** रसवर्णगंधशब्दस्पर्शरहितः **लोगागाढं** लोकव्यापकः **पुट्ठं** निर्विकारस्वसंवेदनज्ञानपरिणत-जीवप्रदेशेषु परमानंदैकलक्षणसुखरसास्वादसमरसीभाववत् सिद्धक्षेत्रे सिद्धराशिवत् पूर्णघटे जलवत् तिलेषु तैलवद्वा स्पृष्टः परस्परप्रदेशव्यवधानरहितत्वेन निरंतरः न च निर्जनप्रदेशे भावितात्ममुनिसमूहवन्नगरे जनचयवद्वा सांतरः, बहुलं अभव्यजीवप्रदेशेषु मिथ्यात्वरागादिवल्लोके नभोवद्वा पृथुलोऽनाद्यंतरूपेण स्वभावविस्तीर्णः न च केवलिसमुद्घाते जीवप्रदेशवल्लोके वस्त्रादिप्रदेशविस्तारवद्वा पुनरिदानीं विस्तीर्णः । पुनरपि किंविशिष्टः ? **असंखादियपदेसं** निश्चयेनाखंडैकप्रदेशोऽपि सद्भूतव्यवहारेण लोकाकाशप्रमितासंख्यात-प्रदेश इति सूत्रार्थः ॥ ८३ ॥

**समयव्याख्या : अथ धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानम् । धर्मस्वरूपाख्यानमेतत् । धर्मो हि स्पर्शरसगंधवर्णानामत्यंताभावादमूर्तस्वभावः । तत एव चाशब्दः । सकललोकाकाशाभिव्याप्यावस्थितत्वाल्लोकावगाढः । अयुतसिद्धप्रदेशत्वात् स्पृष्टः । स्वभावादेव सर्वतो विस्तृतत्वात्पृथुलः । निश्चयनयेनैकप्रदेशोऽपि व्यवहारनयेनासंख्यातप्रदेश इति ॥ ८३ ॥**

**અનુવાદ : આ, ધર્મના (ધર્માસ્તિકાયના) સ્વરૂપનું કથન છે.**

**સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનો અત્યંત અભાવ હોવાથી ધર્મ (ધર્માસ્તિકાય) ખરેખર અમૂર્તસ્વભાવવાળો છે; અને તેથી જ અશબ્દ છે; સમસ્ત લોકાકાશમાં વ્યાપીને રહેલો હોવાથી લોકવ્યાપક છે; અયુતસિદ્ધપ્રદેશવાળો હોવાથી અખંડ છે; સ્વભાવથી જ સર્વતઃ વિસ્તૃત હોવાથી વિશાળ છે; નિશ્ચયનયે એકપ્રદેશી હોવા છતાં વ્યવહારનયે અસંખ્યાતપ્રદેશી છે. ૮૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૨, શનિવાર]

આ જગતમાં કેવળી ભગવાને ધર્મ ને અધર્મ બે અરૂપી પદાર્થો જોયા છે, તેનાથી આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન કરવાની તાકાત આત્મામાં છે, આત્માનું જ્ઞાન સ્વ–પરપ્રકાશક છે. પોતાને જાણતાં છ દ્રવ્યોને જાણી લ્યે છે. છ દ્રવ્ય સહિત આત્માની પ્રતીત કરે તેવો ચૈતન્યનો સ્વભાવ છે.

પ્રથમ ધર્મદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

ધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે, આત્મા અસંખ્યપ્રદેશી, અરૂપી, ચેતન કાયવંત છે ને ધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી, અરૂપી, અચેતન કાયવંત છે. બન્નેના પ્રદેશો સરખા છે. દરેક આત્માના પ્રદેશો સરખા છે પણ તેમાં પ્રદેશો સંકોચ-વિસ્તાર પામે છે. છતાં પ્રદેશનું ક્ષેત્ર નાનું–મોટું નથી. અહીં ધર્મદ્રવ્યની વાત છે, તેને અસંખ્યપ્રદેશ છે. પાંચ રસ, પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શરહિત છે ને શબ્દપર્યાય રહિત છે. સમસ્ત લોકમાં વ્યાપેલા છે. જડ–ચેતન ગતિ કરે તેને નિમિત્ત થાય છે. પોતાના પ્રદેશોના સ્પર્શથી અસંખ્યાત છે ને સ્વભાવથી જ આખા લોકમાં ફેલાયેલ છે. જોકે ધર્મદ્રવ્ય નિશ્ચયથી અખંડિત છે છતાં વ્યવહારથી અસંખ્યપ્રદેશી છે.

કેટલાકને ધર્મદ્રવ્યની પણ ખબર નથી, નામ પણ સાંભળ્યું ન હોય.

**પ્રશ્ન :** ધર્મદ્રવ્યની કલ્પના કરવાની શી જરૂર છે ?

**સમાધાન :** તે કલ્પના નથી, ધર્મદ્રવ્ય અનાદિ–અનંત અરૂપી વસ્તુ છે. તે જીવ–પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય છે. ભગવાને જોયું છે ને તેનો જાણનાર પણ આત્મા છે. છ દ્રવ્યોમાં એક દ્રવ્યને પણ ઓછું જાણે તો જ્ઞાન પરિપૂર્ણ સિદ્ધ થતું નથી. કેવળી ભગવાન પ્રત્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણે છે ને છદ્મસ્થ જીવને રાગરહિત જ્ઞાનસ્વભાવના આશ્રયે જે સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે તે જ્ઞાન અનુમાન દ્વારા ધર્મદ્રવ્યનું નક્કી કરે છે, તે કલ્પના નથી, યથાર્થ વસ્તુ છે.

અન્ય મતોમાં જીવ, પુદ્ગલ, આકાશ, કાળ એવાં નામો આવે છે પણ ધર્મ-અધર્મદ્રવ્યનું નામ નથી, અથવા છ દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી, સર્વજ્ઞ સિવાય પરિપૂર્ણ જાણવાની તાકાત કોઈને હોતી નથી, સર્વજ્ઞને માનનારા અલ્પજ્ઞ જીવો પણ પોતાના સ્વસંવેદનજ્ઞાનની તાકાતથી ને અનુમાનથી ધર્મદ્રવ્યને જાણી લ્યે છે.

જેવી રીતે તલમાં તેલ વ્યાપેલું છે, આત્મામાં જ્ઞાન વ્યાપેલું છે, સિદ્ધક્ષેત્રમાં સિદ્ધો વ્યાપેલા છે, અભવ્ય જીવોમાં રાગ ને મિથ્યાત્વ વ્યાપેલું છે; તેમ આખા લોકમાં અચેતન અરૂપી ધર્મદ્રવ્ય વ્યાપેલું છે. તે આત્માથી જુદું છે. આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. આત્માનું જ્ઞાન થતાં તેનું જ્ઞાન થાય છે.

વળી ધર્મદ્રવ્યનું સ્વરૂપ થોડીક વિશેષતાથી બતાવે છે. ૮૩.

---

**अगुरुगलघुगेहिं सया तेहिं अणंतेहिं परिणदं णिच्चं ।**
**गदिकिरियाजुत्ताणं कारणभूदं सयमकज्जं ॥ ८४ ॥**

**अगुरुकलघुकैः सदा तैः अनंतैः परिणतः नित्यः ।**
**गतिक्रियायुक्तानां कारणभूतः स्वयमकार्यः ॥ ८४ ॥**

**જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વદા એ પરિણમે,**
**છે નિત્ય, આપ અકાર્ય છે, ગતિપરિણમિતને હેતુ છે. ।। ૮૪ ।।**

**અન્વયાર્થ** : [अनंतैः तैः अगुरुकलघुकैः] તે (ધર્માસ્તિકાય) અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે-રૂપે [सदा परिणतः] સદા પરિણમે છે, [नित्यः] નિત્ય છે, [गतिक्रियायुक्तानां] ગતિક્રિયાયુક્તને [कारणभूतः] કારણભૂત (નિમિત્તરૂપ) છે અને [स्वयम् अकार्यः] પોતે અકાર્ય છે.

---

**तात्पर्यवृत्ति** : अथ धर्मस्यैवावशिष्टस्वरूपं प्रतिपादयतिः – **अगुरुगलहुगेहिं सदा तेहिं अणंतेहिं परिणदं** अगुरुलघुकैः सदा तैरनंतैः परिणतः प्रतिसमयसंभवत्षट्स्थानपतितवृद्धिहानिभिरनंतैरविभागपरिच्छेदैः परिणतः येऽगुरुलघुकगुणाः स्वरूपप्रतिष्ठत्वनिबंधनभूतास्तैः कृत्वा पर्यायार्थिकनयेनोत्पादव्ययपरिणतोपि द्रव्यार्थिकनयेन णिच्चं नित्यं **गतिकिरियाजुत्ताणं कारणभूदं** गतिक्रियायुक्तानां कारणभूत ः। यथा सिद्धो भगवानुदासीनोपि सिद्धगुणानुरागपरिणतानां भव्यानां सिद्धगतेः सहकारिकारणं भवति तथा धर्मोपि स्वभावेनैव गतिपरिणतजीवपुद्गलानामुदासीनोपि गतिसहकारिकारणं भवति **सयमकज्जं** स्वयमकार्यः । यथा सिद्धः स्वकीयशुद्धास्तित्वेन निष्पन्नत्वादन्येन केनापि न कृत इत्यकार्यः तथा धर्मोपि स्वकीयास्तित्वेन निष्पन्नत्वादकार्य इत्यभिप्रायः ।। ८४ ।।

**समयव्याख्या : धर्मस्यैवावशिष्टस्वरूपाख्यानमेतत् । अपि च धर्मः अगुरुलघुभिर्गुणैरगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठत्वनिबंधनस्य स्वभावस्याविभागपरिच्छेदैः प्रतिसमयसंभवत्षट्स्थानपतितवृद्धिहानिभिरनंतैः सदा परिणतत्वादुत्पादव्ययवत्त्वेऽपि स्वरूपादप्रच्यवनान्नित्यः गतिक्रियापरिणतानामुदासीनाविनाभूतसहायमात्रत्वात्कारणभूतः । स्वास्तित्वमात्रनिर्वृत्तत्वात् स्वयमकार्य इति ॥ ८४ ॥**

**અનુવાદ : આ, ધર્મના જ બાકીના સ્વરૂપનું કથન છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી ધર્મ (ધર્માસ્તિકાય) અગુરુલઘુ ગુણોરૂપે એટલે કે અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના અવિભાગપરિચ્છેદોરૂપે—કે જેઓ પ્રતિસમય થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિવાળા અનંત છે તેમના રૂપે—સદા પરિણમતો હોવાથી ઉત્પાદ–વ્યયવાળો છે, તોપણ સ્વરૂપથી ચ્યુત નહિ થતો હોવાથી નિત્ય છે; ગતિક્રિયાપરિણતને (ગતિક્રિયારૂપે પરિણમતાં જીવ–પુદ્ગલોને) ઉદાસીન અવિનાભાવી સહાયમાત્ર હોવાથી (ગતિક્રિયાપરિણતને) કારણભૂત છે; પોતાના અસ્તિત્વમાત્રથી નિષ્પન્ન હોવાને લીધે પોતે અકાર્ય છે (અર્થાત્ સ્વયંસિદ્ધ હોવાને લીધે કોઈ અન્યથી ઉત્પન્ન થયો નથી તેથી કોઈ અન્ય કારણના કાર્યરૂપ નથી). ૮૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૨, શનિવાર]

દરેક દ્રવ્યમાં અગુરુલઘુ નામનો ગુણ છે, તે ધર્મદ્રવ્યમાં પણ છે, તેથી ધર્મદ્રવ્યમાં સમયે સમયે પોતાની પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદરૂપ પરિણમન થયા કરે છે. વળી તે ટંકોત્કીર્ણ અવિનાશી છે. તથા જીવ–પુદ્ગલ ગમન કરે તેને નિમિત્તકારણ છે. ગતિહેતુત્વ ગુણ પોતાનો છે. જીવ–પુદ્ગલમાં નિમિત્ત છે. કોઈ ઈશ્વરે ધર્મદ્રવ્યને ઉત્પન્ન કર્યું નથી પણ તે અનાદિ–અનંત છે. ભગવાન સિદ્ધ જગતથી ઉદાસીન છે. તે કોઈ જીવને પોતાનું સ્મરણ કરવાનું કહેતા નથી તેમ જ મદદ કરતા નથી, પણ જે જીવ પોતે સ્મરણ કરે છે તેને સિદ્ધ ભગવાન સ્મરણમાં નિમિત્ત છે. તેવી રીતે ધર્મદ્રવ્ય ઉદાસીન છે, તે કોઈ જીવ–પુદ્ગલને પરાણે ગતિ કરાવતું નથી, પણ જે ગતિ કરે તેને તે નિમિત્ત કહેવાય છે. ધર્મદ્રવ્યમાં ગતિહેતુત્વ, અરૂપીપણું, અચેતનપણું, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંતા ગુણો છે.

**ભાવાર્થ** : ધર્મદ્રવ્ય સદા અવિનાશી ટંકોત્કીર્ણ વસ્તુ છે. આત્મા પણ ટંકોત્કીર્ણ અવિનાશી છે, પણ આત્મા ચેતન છે, ધર્મદ્રવ્ય અચેતન છે. જડ હોવા છતાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ સહિત છે, અગુરુલઘુગુણથી ષટ્ગુણી હાનિ–વૃદ્ધિરૂપ પરિણમન થયા કરે છે.

ધર્મદ્રવ્ય પોતાની અવસ્થા સહિત અનાદિ–અનંત એવું ને એવું છે તેથી ધર્મદ્રવ્ય કાર્યરૂપ નથી. કોઈનાથી ઊપજ્યું હોય તો કાર્ય કહેવાય પણ ધર્મદ્રવ્ય અનાદિથી છે, કોઈથી ઊપજેલ નથી. માટે કાર્યરૂપ નથી. ધર્મદ્રવ્ય ગતિમાં નિમિત્ત થાય છે તેથી કારણરૂપ છે પણ કાર્યરૂપ નથી.

આ ધર્માસ્તિકાય જેમ અનાદિ–અનંત છે તેમ તું પણ અનાદિ-અનંત છો તેમ નક્કી કર. અજ્ઞાની કહે છે કે મારું જ્ઞાન પરથી થાય. અહીં જડ પદાર્થો કહે છે કે અમારું અસ્તિત્વ તું નક્કી કરે છે, અમોને અમારી ખબર નથી. અમારે લીધે તું નથી, તારે લીધે અમે નથી. આમ જડ પદાર્થથી આત્મા જુદો છે એમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

વળી જેવી રીતે સિદ્ધ અક્રિય છે, તેમને રાગ થતો નથી. કોઈનું ભલું-ભૂંડું કરતા નથી. તેમ તારો સ્વભાવ પણ એવો અક્રિય છે. આવી વાત આવતાં અજ્ઞાની કહે છે કે એવા સિદ્ધ અમારે જોઈતા નથી, અમારે તો બીજાનું ભલું કરે તેવા સિદ્ધ જોઈએ છીએ. આમ ભલું–ભૂંડું કરવાના અભિમાની જીવો સિદ્ધના તેમ જ પોતાના સ્વરૂપને કબૂલતા નથી. અજ્ઞાની જીવ રાગ–દ્વેષ કરે છે, પણ પરનું ભલું–ભૂંડું કરવાની તાકાત કોઈ જીવમાં નથી. પોતાનો સ્વભાવ તો જ્ઞાન જ છે. તે જ્ઞાનમાં સ્વને જાણતાં, પર એવા ધર્માસ્તિકાય પદાર્થને જેમ છે તેમ જાણી લેવા તે ધર્મ છે. ૮૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उदयं जह मच्छाणं गमणाणुग्गहकरं हवदि लोए।**
**तह जीवपुग्गलाणं धम्मं दव्वं वियाणाहि ॥ ८५ ॥**

**उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके।**
**तथा जीवपुद्गलानां धर्मद्रव्यं विजानीहि ॥ ८५ ॥**

**જ્યમ જગતમાં જળ મીનને અનુગ્રહ કરે છે ગમનમાં,**
**ત્યમ ધર્મ પણ અનુગ્રહ કરે જીવ-પુદ્ગલોને ગમનમાં. ૮૫.**

**અન્વયાર્થ :** [यथा] જેમ [लोके] જગતમાં [उदकं] પાણી [मत्स्यानां] માછલાંઓને [गमनानुग्रहकरं भवति] ગમનમાં અનુગ્રહ કરે છે, [तथा] તેમ [धर्मद्रव्यं] ધર્મદ્રવ્ય [जीवपुद्गलानां] જીવ–પુદ્ગલોને ગમનમાં અનુગ્રહ કરે છે (નિમિત્તભૂત હોય છે) એમ [विजानीहि] જાણો.

---

**तात्पर्यवृत्ति :** अथ धर्मस्य गतिहेतुत्वे लोकप्रसिद्धदृष्टांतमाहः – उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके तथैव जीवपुद्गलानां धर्मद्रव्यं विजानीहि हे शिष्य ! तथाहि – यथा हि जलं स्वयमगच्छन्मत्स्यानप्रेरयत्सत्तेषां स्वयं गच्छतां गतेः सहकारिकारणं भवति तथा धर्मोपि स्वयमगच्छत्परानप्रेरयंश्च स्वयमेव गतिपरिणतानां जीवपुद्गलानां गतेः सहकारिकारणं भवति। अथवा भव्यानां सिद्धगतेः पुण्यवत्। तद्यथा – यथा रागादिदोषरहितः शुद्धात्मानुभूतिसहितो निश्चयधर्मो यद्यपि सिद्धगतेरुपादानकारणं भव्यानां भवति तथा निदानरहितपरिणामोपार्जिततीर्थंकरप्रकृत्युत्तमसंहननादि-विशिष्टपुण्यरूपधर्मोपि सहकारिकारणं भवति, तथा यद्यपि जीवपुद्गलानां गतिपरिणतेः स्वकीयो-पादानकारणमस्ति तथापि धर्मास्तिकायोपि सहकारिकारणं भवति। अथवा भव्यानामभव्यानां वा यथा चतुर्गतिगमनकाले यद्यप्यभ्यंतरशुभाशुभपरिणाम उपादानकारणं भवति तथापि द्रव्यलिङ्गादि दानपूजादिकं वा बहिरंगशुभानुष्ठानं च बहिरंगसहकारिकारणं भवति तथा जीवपुद्गलानां यद्यपि स्वयमेव निश्चयेना-भ्यंतरेऽन्तरंगसामर्थ्यमस्ति तथापि व्यवहारेण धर्मास्तिकायोपि गतिकारणं भवतीति भावार्थः ॥८५ ॥

**समयव्याख्या : धर्मस्य गतिहेतुत्वे दृष्टांतोऽयम्। यथोदकं स्वयमगच्छदगमयच्च स्वयमेव गच्छतां मत्स्यानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन गमनमनुगृह्णाति, तथा धर्मोऽपि स्वयमगच्छन् अगमयंश्च स्वयमेव गच्छतां जीवपुद्गलानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन गमनमनुगृह्णाति इति ॥ ८५॥**

**અનુવાદ : આ, ધર્મના ગતિહેતુત્વ વિષે દૃષ્ટાંત છે.**

**જેમ પાણી પોતે ગમન નહિ કરતું થકું અને (પરને) ગમન નહિ કરાવતું થકું, સ્વયમેવ ગમન કરતાં માછલાંઓને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે ગમનમાં અનુગ્રહ કરે છે, તેમ ધર્મ (ધર્માસ્તિકાય) પણ પોતે ગમન નહિ કરતો થકો અને (પરને) ગમન નહિ કરાવતો થકો, સ્વયમેવ ગમન કરતાં જીવ–પુદ્ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે ગમનમાં અનુગ્રહ કરે છે. ૮૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૩, રવિવાર]

સર્વજ્ઞ ભગવાને જોએલા પદાર્થોમાં ધર્માસ્તિકાય નામે એક પદાર્થ છે. આ અધ્યાત્મ-ગ્રંથ હોવાથી વિશેષ યુક્તિથી સિદ્ધ કરેલ નથી. ચેતન અને પુદ્ગલ પદાર્થો પોતાના કારણે ગમન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે છે ત્યારે તેમાં બીજું નિમિત્તકારણ હોવું જોઈએ. બે પ્રકારનાં કારણ છે. એક ઉપાદાનકારણ અને બીજું નિમિત્તકારણ. પોતાના કારણે ક્ષેત્રાંતર થવું તે ઉપાદાન છે ને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. જેમ નિશ્ચય હોય છે ત્યાં વ્યવહાર હોય છે, તેમ ઉપાદાન કારણ છે ત્યાં નિમિત્તકારણ છે.

ધર્મદ્રવ્ય ગતિમાં નિમિત્તકારણ છે તે દ્રષ્ટાંતથી બતાવે છે.

આત્મા સ્વમાં રહીને બધાને જાણી શકે તેટલા સામર્થ્યવાળો છે. એક અરીસો ચોખ્ખો હોય તેની સામે જેટલી ચીજ પડી હોય તે બધીને તે અરીસો દેખાડે છે, તેમ ચૈતન્ય અરીસો જગતનાં બધાં દ્રવ્યોને પૂર્ણ રીતે પ્રકાશે એવડો છે; એમ જો પોતાના આત્માને માને તો આત્માને યથાર્થ માન્યો કહેવાય.

અહીં ધર્મદ્રવ્યનું જ્ઞાન કરાવે છે. તેને જાણી લેવાનો આત્માનો સ્વભાવ છે. જેવી રીતે માછલીઓને ગતિ કરવામાં પાણી નિમિત્તમાત્ર છે. પાણી માછલીને પરાણે ચલાવતું નથી પણ જે માછલી ચાલે તેને પાણી નિમિત્ત કહેવાય છે, તેવી રીતે જીવ તથા પુદ્ગલને ધર્મદ્રવ્ય પરાણે ચલાવતું નથી પણ જીવ–પુદ્ગલો ચાલે છે તેને ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. મૂળ પાઠમાં શબ્દ "अनुग्रहकरं भवति" છે તેનો અર્થ ઉપકાર કરે છે એટલે કે નિમિત્તરૂપે સહકારી કારણ હોય છે એવો એનો અર્થ સમજવો.

**ભાવાર્થ** : માછલીઓ ગમન કરે છે તે વખતે પાણી તેની સાથે ચાલતું નથી, તેમ જ તે માછલીઓને ચલાવતું નથી. પરંતુ માછલીના ગમનમાં નિમિત્તમાત્ર સહાયરૂપ છે. એવો પાણીનો સ્વભાવ છે. સહાયક એટલે ઉપસ્થિતરૂપે હોય છે. માછલી પાણી વિના ચાલવાને અસમર્થ છે તેથી પાણી નિમિત્તમાત્ર છે. અહીં પાણીનું નિમિત્તપણું બતાવવું છે, પણ તેથી માછલી ગતિમાં પરાધીન છે એમ નથી. માછલી પોતાના કારણે ચાલે તેમાં પાણીનું નિમિત્ત સાબિત કરવું છે. પાણી ન હોત તો ? એ પ્રશ્ન નથી. માછલી પોતાના કારણે ચાલે છે ત્યારે પાણી નિમિત્ત છે; તેવી રીતે જીવ તથા પુદ્ગલ ધર્મદ્રવ્ય વિના ગમન કરવામાં અસમર્થ છે. એટલે કે તેઓ ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય છે એમ નિમિત્ત સાબિત કરવું છે. જીવ ને પુદ્ગલો ચાલે છે ત્યારે ધર્મદ્રવ્ય ચાલતું નથી તેમ જ ધર્મદ્રવ્ય પ્રેરણા કરી જીવ–પુદ્ગલને ચલાવતું નથી, પોતે ઉદાસીન છે પરંતુ તેનો અનાદિ–નિધન એવો સ્વભાવ છે કે જે જીવ ને પુદ્ગલ પોતાના કારણે ક્ષેત્રાંતર કરે તેને ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર થાય છે.

હવે જયસેન આચાર્યની 'સંસ્કૃત ટીકા' ઉપરથી ખુલાસો પૃ. ૩૭૬, સંસ્કૃત ટીકા, લીટી ૧૩. "अथवा भव्यानां सिद्धगतेः"થી શરૂ કરી છઠ્ઠી લીટી "सहकारिकारणं भवति" સુધી. પહેલો લોકોત્તર દાખલો (ઉપાદાન ને નિમિત્તકારણ બતાવતો)—ભવ્ય જીવ પોતાના આત્માનું ભાન કરે કે હું એક શુદ્ધ આત્મા છું. દેહ, મન, વાણીની ક્રિયા મારી નથી, પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી. હું નિશ્ચયથી રાગાદિરહિત છું એવું ભાન કરીને સિદ્ધદશાને પામે તો રાગાદિ દોષરહિત શુદ્ધાત્માની અનુભૂતિ સિદ્ધદશારૂપી કાર્યનું ઉપાદાનકારણ છે. શરીરની ક્રિયા પર છે ને પુણ્ય–પાપ તો અપરાધ છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં અંતર રમણતા કરવી તે મોક્ષનું નિશ્ચયકારણ છે. હવે તેને નિમિત્તકારણ કોણ છે તે બતાવે છે. કોઈ પણ જાતના નિદાન વગર બાંધેલી તીર્થંકરનામકર્મની પ્રકૃતિ, ઉત્તમ સંહનન, બાદરપણું, મનુષ્યપણું વગેરે સહકારીકારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા નિમિત્તકારણ કહેવાય છે. કોઈ ધર્મી જીવને આત્માનું ભાન થયા પછી શુભરાગની ભૂમિકામાં તીર્થંકરપુણ્યપ્રકૃતિ બંધાઈ જાય છે. તેને બાંધવાની ભાવના નથી તેમ જ તે તેનો સ્વામી નથી. મિથ્યાદૃષ્ટિને તો બંધાય નહિ. તે પ્રકૃતિ, મજબૂત સંહનન કે મનુષ્યપણું સિદ્ધદશા કરાવતા નથી. સિદ્ધદશાને અને પ્રકૃતિઆદિ જડને અત્યંત અભાવ છે. પણ પોતે સિદ્ધદશા પ્રગટ કરે છે તો પ્રકૃતિ આદિ જે જે હોય તે, નિમિત્ત કહેવાય છે.

'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે કે નિશ્ચયથી આત્મા જ પોતે પોતાનો નિશ્ચય ગુરુ છે તો વ્યવહારથી પરને ગુરુ કહેવાય છે. ગુરુ પરમાં કાંઈ કરતા નથી. અત્યારે નિમિત્તના નામે ગોટા બહુ ચાલે છે. પ્રેરકનો અર્થ એવો નથી કે તેણે પરપદાર્થમાં કાંઈ પ્રેરણા કરી. પોતામાં ગતિ કરતો પદાર્થ અથવા સંકલ્પ–વિકલ્પ કરતો જીવ હોય તેને પ્રેરક કહે છે ને સ્થિર પદાર્થને ઉદાસીન કહે છે. ચાલતા ઘોડા ઉપર માણસ બેઠો છે ત્યાં માણસ પોતાના કારણે ગતિ કરે છે તેમાં ઘોડો પ્રેરક નિમિત્ત છે; કેમકે ઘોડો પોતે ગતિ કરે છે ને ત્યાં રહેલું ધર્મદ્રવ્ય ગતિ કરતું નથી માટે ધર્મને ઉદાસીન નિમિત્ત કહે છે. પ્રેરક એટલે પોતામાં સક્રિયપણું ને ઉદાસીન એટલે પોતામાં અક્રિયપણું એટલે ગતિરૂપ નહિ થવું તે.

અહીં દૃષ્ટાંતમાં કહ્યું કે સિદ્ધદશા પ્રાપ્ત કરવામાં ભવ્ય જીવની લાયકાત એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ તે ઉપાદાનકારણ છે. (અહીં વર્તમાનપર્યાયને ઉપાદાનકારણ લીધેલ છે, ગુણ તો ત્રિકાળ છે.) તો મનુષ્યદેહ, સંહનન, તીર્થંકરપ્રકૃતિ નિમિત્તકારણ છે. પણ જેને રાગનો આદર છે, કર્મ સાથે એકત્વબુદ્ધિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને તીર્થંકરપ્રકૃતિ બંધાતી નથી. જેને આત્માનો અનુભવ નથી તેને મનુષ્યદેહાદિ નિમિત્ત કહેવાતાં નથી. આ દૃષ્ટાંત છે. તેવી રીતે જીવ અને પુદ્‌ગલ પોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાનકારણ છે ને ધર્માસ્તિકાયને સહકારીકારણ–નિમિત્તકારણ કહેવાય છે.

બીજું લોકોત્તર દૃષ્ટાંત 'સંસ્કૃત ટીકા' પૃ. ૩૭૬, લીટી ૧૭ "अथवा भव्यानाम्"થી "भवतीति भावार्थः" ભવી તથા અભવી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તેમાં પોતપોતાના શુભાશુભભાવ ઉપાદાનકારણ છે. દેવગતિમાં શુભપરિણામ, મનુષ્યગતિમાં મધ્યમ પરિણામ, તિર્યંચ ગતિમાં માયાના પરિણામ, નરકમાં અશુભપરિણામ ઉપાદાનકારણ છે. ત્યારે શરીરનું બાહ્યલિંગ, દાન–પૂજા વખતે થતી શરીરાદિની ક્રિયા તથા બહારનાં શુભ અનુષ્ઠાન, મંદિર, સમવસરણ, માનસ્તંભ આદિને બહિરંગ સહકારીકારણ કહેવાય છે.

બે દાખલા આપ્યા : (૧) સિદ્ધગતિમાં શુદ્ધ આત્માનો અનુભવ તે ઉપાદાનકારણ ને તીર્થંકર–પ્રકૃતિ આદિ નિમિત્તકારણ. (૨) શુભાશુભભાવો ચાર ગતિમાં ઉપાદાનકારણ ને બાહ્યલિંગ ને શરીરની ક્રિયા તે નિમિત્તકારણ. તેવી રીતે જીવ અને પુદ્‌ગલ પોતાના કારણે ચાલે છે. તે ઉપાદાનકારણ ને ધર્મદ્રવ્ય નિમિત્તકારણ છે. વાવનું સ્થિર પાણી માછલાની ગતિમાં નિમિત્ત છે તેમ જીવ અને પુદ્‌ગલને ગમનમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે.

પંડિત બનારસીદાસે કહ્યું છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું પ્રેરક નથી.

આ પ્રમાણે જીવ અને પુદ્‌ગલના ક્ષેત્રાંતરમાં ધર્માસ્તિકાયનું નિમિત્તપણું દૃષ્ટાંતો દ્વારા બતાવ્યું. ૮૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जह हवदि धम्मदव्वं तह तं जाणेह दव्वमधमक्खं ।
ठिदिकिरियाजुत्ताणं कारणभूदं तु पुढवीव ॥ ८६ ॥
यथा भवति धर्मद्रव्यं तथा तज्जानीहि द्रव्यमधर्माख्यम् ।
स्थितिक्रियायुक्तानां कारणभूतं तु पृथिवीव ॥ ८६ ॥
જ્યમ ધર્મનામક દ્રવ્ય તેમ અધર્મનામક દ્રવ્ય છે;
પણ દ્રવ્ય આ છે પૃથ્વી માફક હેતુ થિતિપરિણમિતને. ૮૬.

**અન્વયાર્થ** : [यथा] જેમ [धर्मद्रव्यं भवति] ધર્મદ્રવ્ય છે [तथा] તેમ [अधर्माख्यम् द्रव्यम्] અધર્મ નામનું દ્રવ્ય પણ [जानीहि] જાણો; [तत् तु] પરંતુ તે (ગતિક્રિયાયુક્તને કારણભૂત હોવાને બદલે) [स्थितिक्रियायुक्तानाम्] સ્થિતિક્રિયાયુક્તને [पृथिवी इव] પૃથ્વીની માફક [कारणभूतम्] કારણભૂત છે (અર્થાત્ સ્થિતિક્રિયાપરિણત જીવ–પુદ્‌ગલોને નિમિત્તભૂત છે).

---

**तात्पर्यवृत्ति** : एवं प्रथमस्थले धर्मास्तिकायव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं । अथाधर्मास्तिकायस्वरूपं कथ्यते: – यथा भवति धर्मद्रव्यं तथार्थं कर्तुं जानीहि हे शिष्य ! द्रव्यमधर्माख्यं । तच्च कथंभूतं ? स्थितिक्रियायुक्तानां कारणभूतं पृथिवीवत् । तथाहि – यथा पूर्वमरसादिविशेषणविशिष्टं धर्मद्रव्यं व्याख्यातं अधर्मद्रव्यमपि तद्रूपं ज्ञातव्यं, अयं तु विशेषः तन्मत्स्यानां जलवज्जीवपुद्‌गलानां गतेर्बहिरंगसहकारिकारणं इदं तु यथा पृथिवी स्वयं पूर्वं तिष्ठंती परं अस्थापयंती तुरंगादीनां स्थितेर्बहिरंगसहकारिकारणं भवति तथा जीवपुद्‌गलानां स्थापयत्स्वयं च पूर्वं तिष्ठत्सत् स्थितेस्तेषां कारणमिति पथिकानां छायावद्वा । अथवा शुद्धात्मस्वरूपे या स्थितिस्तस्या निश्चयेन वीतरागानिर्विकल्पस्वसंवेदनं कारणं व्यवहारेण पुनरर्हत्सिद्धादिपरमेष्ठिगुणस्मरणं च यथा तथा जीवपुद्‌गलानां निश्चयेन स्वकीयस्वरूपमेव स्थितेरुपादानकारणं व्यवहारेण पुनरधर्मद्रव्यं चेति सूत्रार्थः ॥ ८६ ॥

**समयव्याख्या : अधर्मस्वरूपाख्यानमेतत् । यथा धर्मः प्रज्ञापितस्तथाधर्मोपि प्रज्ञापनीयः । अयं तु विशेषः । स गतिक्रियायुक्तानामुदकवत्कारणभूतः एषः पुनः स्थितिक्रियायुक्तानां पृथिवीवत्कारणभूतः । यथा पृथिवी स्वयं पूर्वमेव तिष्ठंती परमस्थापयंती च स्वयमेव तिष्ठतामश्वादीनामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णातीति तथाऽधर्मोऽपि स्वयं पूर्वमेव तिष्ठन् परमस्थापयंश्च स्वयमेव तिष्ठतां जीवपुद्‌गलानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णातीति ॥ ८६ ॥**

**અનુવાદ : આ, અધર્મના સ્વરૂપનું કથન છે.**

જેમ ધર્મનું પ્રજ્ઞાપન કરવામાં આવ્યું, તેમ અધર્મનું પણ પ્રજ્ઞાપન કરવા યોગ્ય છે. પરંતુ આ (નીચે પ્રમાણે) તફાવત છે : પેલો (ધર્માસ્તિકાય) ગતિક્રિયાયુક્તને પાણીની માફક કારણભૂત છે. અને આ (અધર્માસ્તિકાય) સ્થિતિક્રિયાયુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે. જેમ પૃથ્વી પોતે પહેલેથી જ સ્થિતિરૂપે (સ્થિર) વર્તતી થકી અને પરને સ્થિતિ (સ્થિરતા) નહિ કરાવતી થકી, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતા અશ્વાદિકને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે, તેમ અધર્મ (અધર્માસ્તિકાય) પણ પોતે પહેલેથી જ સ્થિતિરૂપે વર્તતો થકો અને પરને સ્થિતિ નહિ કરાવતો થકો, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતાં જીવ–પુદ્‌ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે. ૮૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮ ચૈત્ર, વદ-૩, રવિવાર]

હવે અધર્મદ્રવ્યનું સ્વરૂપ બતાવે છે.

જીવ અને પુદ્‌ગલો ગતિપૂર્વક સ્થિર થાય તેને અધર્મદ્રવ્ય નિમિત્ત છે. જેવી રીતે પૃથ્વી કોઈને ઊભો રહે તેમ કહેતી નથી, પણ જે ઊભો રહે છે તેને તે નિમિત્ત કહેવાય છે તે દૃષ્ટાંતે અધર્મદ્રવ્યનું સમજવું.

**ભાવાર્થ** : પૃથ્વી પોતાના સ્વભાવથી પોતાની અવસ્થામાં સ્થિર છે. ઘોડા વગેરેને પરાણે ઊભા રખાવતી નથી. ઘોડા વગેરે પદાર્થો પોતાના કારણે સ્થિર થાય છે તેને પૃથ્વી સહજ ઉદાસીન-અવસ્થારૂપે નિમિત્તમાત્ર થાય છે. તે દૃષ્ટાંત મુજબ અધર્મદ્રવ્ય પણ પોતાની સહજ અવસ્થારૂપે લોકાકાશના અસંખ્ય પ્રદેશોના પ્રમાણરૂપ અનાદિકાળથી છે તેના અસંખ્ય પ્રદેશો લોકપ્રમાણ સહજ છે. કોઈ જીવ કેવળી સમુદ્‌ઘાત કરે ત્યારે તેના પ્રદેશો વિસ્તાર પામીને લોકપ્રમાણ થાય છે. અથવા કપડું પહેલાં સંકોચરૂપ ને પાછળથી મોટું થાય તેવી રીતે ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય બન્નેના પ્રદેશો પહેલાં સંકોચરૂપ હતા ને પાછળથી આખા લોકપ્રમાણ થયા એમ નથી. અનાદિથી જ આખા લોકપ્રમાણ અખંડ અસંખ્યપ્રદેશી છે. તે અધર્મદ્રવ્ય સ્વભાવથી જીવ–પુદ્‌ગલની સ્થિરતામાં નિમિત્તકારણ છે, પરંતુ તે દ્રવ્યને જબરજસ્તીથી તે સ્થિર કરાવતું નથી. ગતિમાન જીવ–પુદ્‌ગલો પોતાથી સ્થિર અવસ્થારૂપ પરિણામ કરે તો અધર્મદ્રવ્ય પોતાની સ્વાભાવિક ઉદાસીન અવસ્થારૂપે નિમિત્તમાત્ર સહાય થાય છે.

હવે જયસેન આચાર્યની સંસ્કૃત ટીકા, પૃ. ૩૭૯, લીટી ૧૭ ''शुद्धात्मास्वरूपे''થી ''चेति सूत्रार्थः'' સુધી.

હું આત્મા શુદ્ધસ્વરૂપી છું એવું ભાન થતાં સ્વભાવમાં સ્થિરતા થાય છે. આ પ્રમાણે શુદ્ધ આત્મામાં સ્થિરતાનું નિશ્ચયકારણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન છે. શુભરાગ કે પુણ્ય તેમાં કારણ નથી. જીવ પોતાની પર્યાયમાં થતા રાગદ્વેષની અસ્થિરતા છોડી શુદ્ધ ચિદાનંદ સ્વભાવમાં સ્થિરતા કરે છે તેમાં સ્વસંવેદન નિશ્ચયકારણ છે. તો અર્હંત–સિદ્ધના સ્મરણનો વિકલ્પ, અર્હંત–સિદ્ધ ભગવંતોની પ્રતિમા વગેરેને નિમિત્તકારણ કહેવાય છે. પણ તે નિમિત્તો સ્થિર કરાવતાં નથી. પોતે શુદ્ધ ચિદાનંદ આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરે તો બાહ્યને નિમિત્તકારણ કહેવાય, નહિતર તે નિમિત્ત પણ કહેવાતાં નથી.

જે આત્મા દયા–દાનાદિના ભાવોમાં ધર્મ માની તેવા પરિણામમાં ફર્યા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને ભગવાન નિમિત્ત કહેવાતા નથી. પુણ્ય-પાપના પરિણામ શુદ્ધ આત્મા નથી, ત્રિકાળી સ્વભાવ તે શુદ્ધ આત્મા છે, તે હું છું એમ જ્ઞાનની પર્યાય ધ્રુવ સ્વભાવને પકડે, ને સ્થિર થાય તેને ધર્મની ક્રિયા કહેવામાં આવે છે ને આવી સ્થિરતામાં સ્વસંવેદનજ્ઞાન નિશ્ચયકારણ છે તો ભગવાનના સ્મરણને નિમિત્ત કહેવાય છે. તે દૃષ્ટાંતે પુદ્‌ગલ ને ચેતન પદાર્થો પોતાના કારણે સ્થિર થાય તે ઉપાદાનકારણ છે તેમાં અધર્મદ્રવ્ય નિમિત્તકારણ કહેવાય છે. ૮૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जादो अलोगलोगो जेसिं सब्भावदो य गमणठिदी ।**
**दो वि य मया विभत्ता अविभत्ता लोयमेत्ता य ॥ ८७ ॥**

**जातमलोकलोकं ययोः सद्भावतश्च गमनस्थिती ।**
**द्वावपि च मतौ विभक्तावविभक्तौ लोकमात्रौ च ॥ ८७ ॥**

**ધર્માધરમ હોવાથી લોક-અલોક ને સ્થિતિગતિ બને;**
**તે ઉભય ભિન્ન-અભિન્ન છે ને સકળલોકપ્રમાણ છે. ૮૭.**

**અન્વયાર્થ :** [गमनस्थिती] (જીવ–પુદ્‌ગલની) ગતિ–સ્થિતિ [च] તથા [अलोकलोकं] અલોક ને લોકનો વિભાગ, [ययोः सद्भावतः] તે બે દ્રવ્યોના સદ્‌ભાવથી [जातम्] થાય છે. [च] વળી [द्वौ अपि] તે બંને [विभक्तौ] વિભક્ત, [अविभक्तौ] અવિભક્ત [च] અને [लोकमात्रौ] લોકપ્રમાણ [मतौ] કહેવામાં આવ્યાં છે.

---

**तात्पर्यवृत्ति :** एवमधर्मद्रव्यव्याख्यानरूपेण द्वितीयस्थले गाथासूत्रमेकं गतं । अथ धर्माधर्मसद्भावे साध्ये हेतुं दर्शयतिः-**जादो** जातं । किं कर्तृ ? **अलोगलोगो** लोकालोकद्वयं । कस्माज्ज्ञातं ? **जेसिं सब्भावदो य** ययोर्धर्माधर्मयोः स्वभावतश्च । न केवलं लोकालोकद्वयं जातं । **गमणठिदी** गतिस्थितिश्चैतौ द्वौ । कथंभूतौ ? **दोवि य मया** द्वौ धर्माधर्मौ मतौ संमतौ स्तः अथवा पाठांतरं ''अमया'' अमयौ न केनापि कृतौ **विभत्ता** विभक्तौ भिन्नौ **अविभत्ता** अविभक्तौ **लोयमेत्ता य** लोकमात्रौ चेति । तद्यथा – धर्माधर्मौ विद्येते लोकालोकसद्भावात्, षड्द्रव्यसमूहात्मको लोकः तस्माद्बहिर्भूतं शुद्धमाकाशमलोकः, तत्र लोके गतिं तत्पूर्वकस्थितिमास्कंदतोः स्वीकुर्वतोर्जीवपुद्गलयोर्यदि बहिरंगहेतुभूतधर्माधर्मौ न स्यातां तदा लोकाद्बहिर्भूतबाह्यभागेपि गतिः केन नाम निषिध्यते ? न केनापि । ततो लोकालोकविभागादेव ज्ञायते धर्माधर्मौ विद्येते । तौ च किंविशिष्टौ ? भिन्नास्तित्वनिष्पन्नत्वान्निश्चयनयेन पृथग्भूतौ एकक्षेत्रावगाहत्वादसद्भूतव्यवहारनयेन सिद्धराशिवदभिन्नौ सर्वदैव निःक्रियत्वेन लोकव्यापकत्वाल्लोकमात्राविति सूत्रार्थः ॥ ८७ ॥

**समयव्याख्या : धर्माधर्मसद्भावे हेतूपन्यासोऽयम् । धर्माधर्मौ विद्येते । लोकालोकविभागान्यथानुपपत्तेः । जीवादिसर्वपदार्थानामेकत्र वृत्तिरूपो लोकः । शुद्धैकाकाशवृत्तिरूपोऽलोकः । तत्र जीवपुद्गलौ स्वरसत एव गतितत्पूर्वस्थितिपरिणामापन्नौ । तयोर्यदि गतिपरिणामं तत्पूर्वस्थितिपरिणामं वा स्वयमनुभवतोर्बहिरङ्गहेतू धर्माधर्मौ न भवेताम्, तदा तयोर्निरर्गलगतिस्थितिपरिणामत्वादलोकेऽपि वृत्तिः केन वार्येत । ततो न लोकालोकविभागः सिध्येत । धर्माधर्मयोस्तु जीवपुद्गलयोर्गतितत्पूर्वस्थित्योर्बहिरङ्गहेतुत्वेन सद्भावोऽभ्युपगम्यमाने लोकालोकविभागो जायत इति । किञ्च धर्माधर्मौ द्वावपि परस्परं पृथग्भूतास्तित्वनिर्वृत्तत्वाद्विभक्तौ । एकक्षेत्रावगाढत्वादविभक्तौ । निष्क्रियत्वेन सकललोकवर्तिनोर्जीवपुद्गलयोर्गतिस्थित्युपग्रहकरणाल्लोकमात्राविति ॥ ८७ ॥**

**અનુવાદ :** આ, ધર્મ અને અધર્મના સદ્‌ભાવની સિદ્ધિ માટે હેતુ દર્શાવવામાં આવ્યો છે.

ધર્મ અને અધર્મ વિદ્યમાન છે, કારણ કે લોક અને અલોકનો વિભાગ અન્યથા બની શકે નહિ. જીવાદિ સર્વ પદાર્થોના એકત્ર-અસ્તિત્વરૂપ લોક છે; શુદ્ધ એક આકાશના અસ્તિત્વરૂપ અલોક છે. ત્યાં, જીવ અને પુદ્‌ગલ સ્વરસથી જ (સ્વભાવથી જ) ગતિપરિણામને તથા ગતિપૂર્વક સ્થિતિપરિણામને પ્રાપ્ત હોય છે. જો ગતિપરિણામ અથવા ગતિપૂર્વક સ્થિતિપરિણામને સ્વયં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુભવતાં એવાં તે જીવ–પુદ્‌ગલને બહિરંગ હેતુઓ ધર્મ અને અધર્મ ન હોય, તો જીવ–પુદ્‌ગલને નિરર્ગળ ગતિપરિણામ અને સ્થિતિપરિણામ થવાથી અલોકમાં પણ તેમનું (જીવ–પુદ્‌ગલનું) હોવું કોનાથી વારી શકાય ? (કોઈથી ન જ વારી શકાય.) તેથી લોક અને અલોકનો વિભાગ સિદ્ધ ન થાય. પરંતુ જો જીવ-પુદ્‌ગલની ગતિના અને ગતિપૂર્વક સ્થિતિના બહિરંગ હેતુઓ તરીકે ધર્મ અને અધર્મનો સદ્‌ભાવ સ્વીકારવામાં આવે તો લોક અને અલોકનો વિભાગ (સિદ્ધ) થાય છે. (માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે.) વળી (તેમના વિષે વિશેષ હકીકત એ છે કે), ધર્મ અને અધર્મ બંને પરસ્પર પૃથગ્ભૂત અસ્તિત્વથી નિષ્પન્ન હોવાથી વિભક્ત (ભિન્ન) છે; એકક્ષેત્રાવગાહી હોવાથી અવિભક્ત (અભિન્ન) છે; સમસ્ત લોકમાં વર્તનારાં જીવ–પુદ્‌ગલને ગતિ–સ્થિતિમાં નિષ્ક્રિયપણે અનુગ્રહ કરતા હોવાથી (નિમિત્તરૂપ થતા હોવાથી) લોકપ્રમાણ છે. ૮૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૩, રવિવાર]

ધર્મ–અધર્મ–દ્રવ્યથી લોક–અલોકના વિભાગ પડે છે. ધર્મ–અધર્મ ન માનો તો લોક–અલોક સિદ્ધ થતા નથી. લોક–અલોકને તથા ધર્મ–અધર્મને ન જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે. ધર્મ–અધર્મ બન્ને આખા લોકમાં એકક્ષેત્રે છે પણ બન્ને સ્વભાવે ભિન્ન છે. જે ધર્મ–અધર્મ માનતા નથી તેના સમાધાન માટે આચાર્ય કહે છે :

જે ધર્મ અને અધર્મ દ્રવ્યના હોવાથી લોક અને અલોક થયા છે અને જે ગતિ–સ્થિતિમાં નિમિત્ત છે તે બન્ને પોતપોતાના સ્વરૂપથી જુદા જુદા છે, પણ એકક્ષેત્રાવગાહથી જુદા જુદા નથી અને અસંખ્યપ્રદેશી લોકમાત્ર છે.

**ભાવાર્થ** : અહીં જે પ્રશ્ન કરવામાં આવેલ કે ધર્મ–અધર્મ છે જ નહિ ને આકાશ ગતિ ને સ્થિતિમાં સહાયક છે એમ માનવામાં આવે તો ? તેનું સમાધાન :–

જગત અથવા લોક બધે વ્યાપક નથી. આ લોક મર્યાદાવાળો છે, ને ખાલી ભાગને અલોક કહે છે. કોઈ કહે કે આ જગત દેખાય છે એવું ને એવું બધે હોય તો ? એવું ને એવું ક્યાં સુધી ? પછી શું ? પછી શું ? બે ભાગ માન્યા વિના યથાર્થ વસ્તુસ્થિતિ નક્કી થતી નથી. જેમ જડ ને ચેતન બે ભિન્ન છે તેમ લોક ને અલોક ભિન્ન છે. લોક–અલોક પોતાના કારણે છે તેમાં ધર્મ–અધર્મને નિમિત્ત તરીકે સિદ્ધ કરેલ છે. ધર્મ–અધર્મ દ્રવ્ય અવશ્ય છે. જો બે દ્રવ્યો ન હોય તો લોક–અલોકનો ભેદ સિદ્ધ થતો નથી. જ્યાં જીવાદિક સમસ્ત પદાર્થો છે તેને લોક કહે છે. જીવાદિ પદાર્થો ભાવે અનંત હોય પણ ક્ષેત્રે અનંત ન હોય. આકાશનું ક્ષેત્ર અનંત છે. તેમાં અસંખ્ય જોજન સુધી લોક છે, પછી જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે. તેથી જીવ પુદ્‌ગલની ગતિ-સ્થિતિ લોકાકાશમાં છે, અલોકાકાશમાં નથી. જો ધર્મ–અધર્મમાં ગતિ-સ્થિતિમાં નિમિત્તપણાનો ગુણ ન હોત તો લોક-અલોકનો ભેદ દૂર થઈ જાત. જીવ ને પુદ્‌ગલ બન્ને પોતાના કારણે ગતિ અથવા સ્થિતિરૂપ અવસ્થા ધારણ કરે છે. તેમાં ગતિને બહિરંગ નિમિત્ત ધર્મદ્રવ્ય ને સ્થિતિને બહિરંગ નિમિત્ત અધર્મદ્રવ્ય છે. તે બન્ને લોકમાં છે. જો ધર્મ-અધર્મદ્રવ્ય લોકમાં ન હોત તો લોક-અલોક એવો ભેદ ન હોત ને બધી જગ્યાએ લોક હોત, તે કારણે ધર્મ-અધર્મદ્રવ્ય અવશ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૪, સોમવાર]

આ અધર્માસ્તિકાયની વ્યાખ્યા ચાલે છે. સર્વજ્ઞભગવાને અધર્મદ્રવ્ય તથા ધર્મદ્રવ્ય એવાં બે દ્રવ્યો જોયાં છે. જેને કોઈ પદાર્થને વીંધવો હોય તેણે કયા પદાર્થને વીંધવો છે ને બાણની વીંધવાની તાકાત કેટલી છે તે જાણવું જોઈએ, કયા પદાર્થને વીંધવો છે તેની ખબર વિના વીંધી શકાય નહિ તથા બાણ થોથું-તાકાત વગરનું હોય તોપણ વીંધી શકાય નહિ, તેમ અહીં આત્માને જાણવો છે. જ્ઞાન આત્માને નિશાન બનાવી આત્માને વીંધે છે એટલે કે જાણે છે. આત્મા લક્ષ્ય છે ને જ્ઞાન તેનું લક્ષણ છે, માટે આત્મપદાર્થ કેવડો છે ને આત્મપદાર્થને લક્ષમાં લેનારા જ્ઞાનની તાકાત કેવડી છે તે પણ જાણવું જોઈએ. અહીં જ્ઞાનની તાકાતની વાત ચાલે છે, જ્ઞાનની તાકાત સર્વજ્ઞેયોને જાણવાની છે. જ્ઞાનનું ધ્યેય આત્મા છે તેનું લક્ષ કરીને જે જ્ઞાન પ્રગટ થાય તે બધાં દ્રવ્યોને યથાર્થ જાણી શકે. જગતમાં જેટલાં દ્રવ્યો છે તેટલાં બરાબર જ્ઞાનમાં ન લ્યે તો તે જ્ઞાનની તાકાતને સમજ્યો નથી. ને જેને જ્ઞાનની તાકાતનો ખ્યાલ આવ્યો નથી તે આત્માને વીંધી શકે નહિ.

અહીં ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્યની વાત ચાલે છે, પણ ખરેખર તો તેને જાણનાર જીવના જ્ઞાનનાં ગાણાં ચાલે છે, આ બધાં દ્રવ્યોને જ્ઞાન સ્વમાં રહીને જાણે છે. આ વાત કાને પડવા છતાં જે નિર્ણય ન કરે તેને ધર્મ થતો નથી. આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે, તેની પર્યાય સ્વ ને પર બધાં દ્રવ્યોને તથા તેના ગુણ-પર્યાયોને જુદા જુદા જાણવાની તાકાતવાળી છે. જો આટલું ન જાણે તો તેણે જ્ઞાનપર્યાયની તાકાત જાણી નથી. આત્મા જ્ઞાનપ્રમાણ છે ને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. જ્ઞેયમાં સ્વ-પર બન્ને આવી જાય છે.

અહીં ધર્મ-અધર્મ દ્રવ્યનું જ્ઞાન કરાવે છે.

**ભાવાર્થ** : જ્યાં સુધી જીવ-પુદ્‌ગલ ગતિ-સ્થિતિ કરે છે ત્યાં સુધી લોક છે. આ લોકની મર્યાદા બાંધી. જ્યાં સુધી જીવ ને પુદ્‌ગલો ગતિ કે સ્થિતિ કરી શકે ત્યાં સુધીના ક્ષેત્રને લોક કહેવો. લોક પછી ખાલી ભાગને અલોક કહે છે ત્યાં માત્ર આકાશ છે. લોક–અલોકનો ભેદ ધર્મ–અધર્મદ્રવ્યથી જાણવો. લોક–અલોકની મર્યાદા તો અનાદિથી છે પણ ધર્મ–અધર્મદ્રવ્યને સાબિત કરવા એમ કહ્યું છે. ભગવાને છ દ્રવ્યો જોયાં છે, તેમાં ધર્મ–અધર્મ જે ક્ષેત્રમાં છે ત્યાં સુધી લોક ને બાકીના ખાલી ભાગને અલોક જાણવો.

તે ધર્મ–અધર્મ પોતે પોતાના પ્રદેશોની અપેક્ષાએ જુદેજુદા છે પણ એક લોકાકાશની અપેક્ષાએ જુદા નથી કેમકે લોકાકાશના જે પ્રદેશોમાં ધર્મદ્રવ્ય છે તે જ પ્રદેશોમાં અધર્મદ્રવ્ય છે. બન્ને હલનચલનરૂપ ક્રિયાથી રહિત એટલે કે સ્થિર છે ને સર્વલોકવ્યાપી છે. જેવી રીતે લોકાગ્રે બધા સિદ્ધ ભગવાનો એક જગ્યાએ છે છતાં સૌની સત્તા ને અનુભવ જુદેજુદા છે. ભાવ અપેક્ષાએ જુદા છે પણ આકાશક્ષેત્રની અપેક્ષાએ જુદા નથી. તેમ ધર્મ–અધર્મ ભાવ–અપેક્ષાએ જુદાઈ પણ લોકાકાશમાં રહેલા છે. આકાશ અપેક્ષાએ જુદા નથી. ધર્મ–અધર્મ સમસ્ત લોકવ્યાપી જીવ ને પુદ્‌ગલની ગતિ–સ્થિતિમાં નિમિત્તકારણ છે. તેથી બન્ને દ્રવ્યો લોક જેટલા અસંખ્યપ્રદેશી છે. ૮૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ण य गच्छदि धम्मत्थी गमणं ण करेदि अण्णदवियस्स ।**
**हवदि गदिस्स प्पसरो जीवाणं पुग्गलाणं च ॥ ८८ ॥**

**न च गच्छति धर्मास्तिको गमनं न करोत्यन्यद्रव्यस्य ।**
**भवति गतेः सः प्रसरो जीवानां पुद्गलानां च ॥ ८८ ॥**

**ધર્માસ્તિ ગમન કરે નહીં, ન કરાવતો પરદ્રવ્યને;**
**જીવ-પુદ્ગલોના ગતિપ્રસાર તણો ઉદાસીન હેતુ છે. ૮૮.**

**અન્વયાર્થ :** [धर्मास्तिकः] ધર્માસ્તિકાય [न गच्छति] ગમન કરતો નથી [च] અને [अन्यद्रव्यस्य] અન્યદ્રવ્યને [गमनं न करोति] ગમન કરાવતો નથી; [सः] તે, [जीवानां पुद्गलानां च] જીવો તથા પુદ્ગલોને (ગતિપરિણામમાં આશ્રયમાત્રરૂપ હોવાથી) [गतेः प्रसरः] ગતિનો ઉદાસીન પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારમાં ઉદાસીન નિમિત્તભૂત) [भवति] છે.

---

**तात्पर्यवृत्ति :** अथ धर्माधर्मौ गतिस्थितिहेतुत्वविषयेऽत्यंतोदासीनाविति निश्चिनोतिः — **ण य गच्छदि** नैव गच्छति । स कः ? **धम्मत्थी** धर्मास्तिकायः **गमणं न करेदि अण्णदवियस्स** गमनं न करोत्यन्यद्रव्यस्य **हवदि** तथापि भवति । स कः ? **पसरो** प्रसरः प्रवृत्तिः । कस्याश्च ? **गदिस्स य** गतेश्च । केषां गतेः ? **जीवाणं पोग्गलाणं च** जीवानां पुद्गलानां चेति । तथाहि — यथा तुरंगमः स्वयं गच्छन् स्वकीयारोहकस्य गमनहेतुर्भवति न तथा धर्मास्तिकायः । कस्मात् ? निष्क्रियत्वात्, किंतु यथा जलं स्वयं तिष्ठति सति वा तिष्ठत्सत्स्वयं गच्छतां मत्स्यानामौदासीन्येन गतेर्निमित्तं भवति तथा धर्मोपि स्वयं तिष्ठन्सन् स्वकीयोपादानकारणेन गच्छतां जीवपुद्गलानामप्रेरकत्वेन बहिरंगनिमित्तं भवति । यद्यपि धर्मास्तिकायो उदासीनो जीवपुद्गलगतिविषये तथापि जीवपुद्गलानां स्वकीयोपादानबलेन जले मत्स्यानामिव गतिहेतुर्भवति, अधर्मस्तु पुनः स्वयं तिष्ठतामश्वादीनां पृथिवीवत्पथिकानां छायावद्वा स्थितेर्बहिरंगहेतुर्भवतीति भगवतां श्रीकुन्दकुन्दाचार्यदेवानामभिप्रायः ॥ ८८ ॥

**समयव्याख्या : धर्माधर्मयोर्गतिस्थितिहेतुत्वेऽप्यत्यंतौदासीन्याख्यापनमेतत् । यथा हि गतिपरिणतः प्रभञ्जनो वैजयंतीनां गतिपरिणामस्य हेतुकर्ताऽवलोक्यते न तथा धर्मः । स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपरिणाममेवापद्यते । कुतोऽस्य सहकारित्वेन परेषां गतिपरिणामस्य हेतुकर्तृत्वम् । किंतु सलिलमिव मत्स्यानां जीवपुद्गलानामाश्रयकारणमात्रत्वेनोदासीन एवासौ गतेः प्रसरो भवति । अपि च यथा गतिपूर्वस्थितपरिणतस्तुरङ्गोऽश्ववारस्य स्थितिपरिणामस्य हेतुकर्तावलोक्यते न तथाऽधर्मः । स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपूर्वस्थितिपरिणाममेवापद्यते । कुतोऽस्य सहस्थायित्वेन परेषां गतिपूर्वस्थितिपरिणामस्य हेतुकर्तृत्वम् किं तु पृथिवीवत्तुरङ्गस्य जीवपुद्गलानामाश्रय-कारणमात्रत्वेनोदासीन एवासौ गतिपूर्वस्थितेः गसरो भवतीति ॥ ८८ ॥**

**અનુવાદ :** ધર્મ અને અધર્મ ગતિ અને સ્થિતિના હેતુઓ હોવા છતાં તેઓ અત્યંત ઉદાસીન છે એમ અહીં કથન છે.

જેવી રીતે ગતિપરિણત પવન ધજાઓના ગતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે ધર્મ (જીવ–પુદ્ગલોના ગતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (ધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) સહકારી તરીકે પરના ગતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય ? (ન જ હોય.) પરંતુ જેવી રીતે પાણી માછલાંઓને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનું ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે ધર્મ જીવ–પુદ્‌ગલોને (ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે.**

**વળી (અધર્માસ્તિકાય વિશે પણ એમ છે કે)—જેવી રીતે ગતિપૂર્વક સ્થિતિપરિણત અશ્વ સવારના (ગતિપૂર્વક) સ્થિતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે અધર્મ(જીવ–પુદ્‌ગલોના ગતિપૂર્વક સ્થિતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (અધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપૂર્વક સ્થિતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) સહસ્થાયી તરીકે પરના ગતિપૂર્વક સ્થિતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય ? (ન જ હોય.) પરંતુ જેવી રીતે પૃથ્વી અશ્વને (ગતિપૂર્વક સ્થિતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિની ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે અધર્મ જીવ-પુદ્‌ગલોને (ગતિપૂર્વક સ્થિતિ પરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપૂર્વક સ્થિતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે. ૮૮.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૪, સોમવાર]

(૧) આ ગાથામાં જ્ઞાનની મહત્તા બતાવે છે. બધાં જ્ઞેયોને જાણવાની તાકાત બતાવે છે.

(૨) દરેક પદાર્થ સ્વતંત્ર છે. તેમાં પોતાથી કાર્ય થાય છે તે ઉપાદાનકારણ છે ને ત્યારે બીજી ચીજ જોડે હોય તેને નિમિત્તકારણ કહેવાય છે. નિમિત્તની રાહ જોવી પડતી નથી, એમ બે કારણનું પણ જ્ઞાન કરાવે છે.

દરેક દ્રવ્યમાં સમયે સમયે કાર્ય થઈ રહ્યું છે, તે કાર્યમાં બે કારણ છે : એક નિશ્ચયકારણ ને એક વ્યવહારકારણ. આ લાકડાના ટુકડા થાય છે તેમાં તે લાકડાની તે સમયની પર્યાયની લાયકાત તે ઉપાદાનકારણ છે ને કરવત નિમિત્તકારણ છે. કરવતના કારણે લાકડામાં ટુકડા થતા નથી. કરવતના કારણે ટુકડા થતા હોય તો આકાશના ટુકડા થવા જોઈએ, પણ આકાશમાં ટુકડા થવાની યોગ્યતા નથી તેથી થતા નથી ને લાકડાની યોગ્યતા છે તો ટુકડા થાય છે. શિષ્યની સમજવાની યોગ્યતા તે ઉપાદાનકારણ છે ને ગુરુ નિમિત્તકારણ છે. ગુરુથી શિષ્ય સમજતો નથી પણ શિષ્ય સમજે છે ત્યારે ગુરુ નિમિત્તરૂપે હોય છે. રોટલી થવાની લાયકાત ઉપાદાનકારણ છે ને તવો, અગ્નિ ને બાઈ નિમિત્તકારણ છે. દરેક આત્મા અને પરમાણુ સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવાય છે, તેવી રીતે અહીં બતાવે છે કે જીવ અને પુદ્‌ગલો પોતાના કારણે ગતિ–સ્થિતિ કરે છે તો ધર્મ–અધર્મને નિમિત્તકારણ કહેવાય છે.

ધર્મદ્રવ્ય પ્રેરક થઈને ગતિ–સ્થિતિનું કારણ નથી પણ અત્યંત ઉદાસીન છે તે બતાવે છે.

ધર્મદ્રવ્ય હાલતું–ચાલતું નથી, અને અન્ય જીવ–પુદ્‌ગલોને પ્રેરક બનીને હલન-ચલનક્રિયાને કરતું નથી. ધર્મદ્રવ્ય જીવ–પુદ્‌ગલોની ગતિમાં નિમિત્ત છે. તેવી રીતે અધર્મ દ્રવ્ય સ્થિતિમાં માત્ર નિમિત્ત-કારણ છે.

ધર્મ–અધર્મ દ્રવ્ય પ્રેરકકારણ નથી એ બતાવે છે. ચાલતા ઘોડા ઉપર માણસ બેઠો હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો માણસને ગતિ થવામાં ઘોડો પ્રેરકનિમિત્ત છે; કેમ કે ઘોડો પોતે ગતિ કરે છે ને પાછો તે સ્થિર રહે છે, પણ ધર્મ–અધર્મ દ્રવ્ય ગતિ કરીને સ્થિર રહ્યાં છે એમ નથી તેથી ધર્મ–અધર્મને ઉદાસીન નિમિત્ત જાણવાં.

અગાઉ દૃષ્ટાંત આપેલ હતું કે જીવ પોતાના આત્માના આશ્રયે સિદ્ધદશા પ્રગટ કરે છે તો તીર્થંકરપ્રકૃતિ, સંહનન વગેરે નિમિત્ત છે તેમ ધર્મદ્રવ્ય ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને નિમિત્ત છે. વળી જે જીવ શુદ્ધ આત્મામાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત કહેવાય છે, પણ કોને ? પાંચ પદનો વિચાર કરતાં વિચારે કે અહો ! તે પાંચે પદ આત્માનાં છે, જડનાં નથી, અર્હન્ત ને સિદ્ધ પૂર્ણદશા પામેલાં છે ને આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તે પૂર્ણપદને સાધનારાં છે તે પદ આત્મામાંથી થાય છે એમ સમજી, હું પરિપૂર્ણ આત્મા છું એમ ભાન કરી સ્વભાવમાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનાં સ્મરણોનો વિકલ્પ નિમિત્ત કહેવાય છે.

જે જીવ આત્માની યથાર્થ વાત ધારી ન રાખે તે કેવી રીતે વાદ કરે ? આંધળાને સ્વપ્નાં દેખતા માણસના અનુભવમાં ન આવે, પણ આંધળા માણસના જેવાં આવે, તેમ જેણે પંચપરમેષ્ઠીરૂપ થવાને લાયક હું આત્મા છું એવી રીતે પોતાના આત્માને ધારી રાખ્યો નથી, તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત થતું નથી. પણ જે આત્મા વિચારે કે અહો ! હું આત્મા છું, પંચપરમેષ્ઠી થયા તે આત્મામાંથી થયા છે, હું પણ તેવો જ આત્મા છું—એમ ભાનપૂર્વક સ્વભાવમાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત કહેવાય છે. તે દૃષ્ટાન્ત મુજબ જે જીવ ને પુદ્‌ગલો પોતાના કારણે ગતિપૂર્વક સ્થિરતા કરે છે તેને અધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે.

**ભાવાર્થ :** અહીં સ્વતંત્રતાની વાત કરીને પ્રેરક ને ઉદાસીન નિમિત્ત કોને કહેવાં તે બતાવે છે. જેવી રીતે પવન પોતાના ચંચળ સ્વભાવથી ધ્વજાની હલન–ચલનરૂપ ક્રિયાનો કર્તા જોવામાં આવે છે, તેવી રીતે ધર્મદ્રવ્ય પ્રેરક નિમિત્ત નથી. ત્યાં પવન ધ્વજાને ચલાવે છે એવો પ્રેરકનો અર્થ નથી પણ પવનની ક્રિયા હલન–ચલનવાળી છે તેથી પવનને પ્રેરક કહેવાય છે. પ્રેરકનિમિત્ત બીજાને બહુ મદદ કરે ને ઉદાસીનનિમિત્ત મદદ ન કરે એવો તેનો અર્થ નથી. પવન પોતામાં સક્રિય છે, માટે પ્રેરક છે ને ધર્મ ગતિમાન નથી પણ સ્થિર છે તેથી નિષ્ક્રિય અથવા ઉદાસીન છે.—એમ નિમિત્તમાં ફેર છે પણ નિમિત્તના ફેરે ઉપાદાનમાં ફેર થાય છે એવો એનો અર્થ નથી. લાડવા બનાવતી વખતે હાથની ક્રિયા ગતિ કરતી છે માટે હાથને પ્રેરકનિમિત્ત કહેવાય પણ હાથ ચાલે છે માટે લાડવામાં ક્રિયા થાય છે એવો એનો અર્થ નથી. વળી વંટોળિયો આવે છે ત્યારે ધૂળ ને નળિયા ઊડે છે, તે પોતાની યોગ્યતાના કારણે છે. ને પવન નિમિત્ત છે પણ પવન ગતિ કરે છે માટે પવનને પ્રેરકકારણ કહેવાય છે ને ધર્મદ્રવ્ય કદી હલન–ચલન કરતું નથી માટે તે ઉદાસીન નિમિત્ત કહેવાય છે. તે ધર્મદ્રવ્ય જીવ ને પુદ્‌ગલની ગતિમાં કેવી રીતે નિમિત્ત થાય છે તે દૃષ્ટાંતથી સમજાવે છે.

નિષ્કમ્પ સરોવરમાં જલ માછલીઓની ગતિમાં સહકારીકારણ છે. જલ સ્વયંપ્રેરક થઈને માછલીને ચલાવતું નથી. જલ પોતે શાંત પડ્યું છે. જે માછલી પોતાના ઉપાદાનકારણથી ચાલે છે તેને જલ નિમિત્ત કહેવાય છે. પરંતુ જલ વિના માછલીઓ ચાલતી નથી તેથી જલ નિમિત્તમાત્ર કારણ છે. તે દૃષ્ટાંત મુજબ જીવ ને પુદ્‌ગલો પોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાન કારણ છે. ત્યાં ધર્મ દ્રવ્ય તેને ચલાવતું નથી, તેમ જ પોતે ચાલતું નથી, પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે ગતિ કરે છે તેને શાંત જલની જેમ નિમિત્ત માત્ર છે તેથી તેને ઉદાસીન કારણ કહ્યું છે.

એ પ્રમાણે અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે. ઘોડો ચાલતો હોય ને ઊભો રહી જાય છે ત્યારે ઉપર બેઠેલો માણસ પણ ઊભો રહી જાય છે ત્યાં તે માણસનો આત્મા ને શરીર તે જ જગ્યાએ સ્થિર રહેવાની લાયકાતવાળા છે ત્યારે ઘોડો ઊભો રહ્યો તેને નિમિત્ત કહેવાય છે, પણ ઘોડો સ્થિર થયો માટે માણસને સ્થિર થવું પડ્યું એવી પરાધીનતા નથી. સૌ સ્વતંત્ર છે પણ તે ઘોડો ચાલતો સ્થિર થયો તેથી નિમિત્તકારણ થયો, તેવી રીતે અધર્મદ્રવ્ય સક્રિયનિમિત્ત નથી એટલું બતાવવું છે. અધર્મદ્રવ્ય પહેલાં ચાલતું હતું ને પછી સ્થિર થઈને જીવ-પુદ્‌ગલની સ્થિતિમાં નિમિત્ત થાય છે એમ નથી. પરંતુ અધર્મદ્રવ્ય ગતિમાન નથી, જ્યાં છે ત્યાં પડ્યું છે તેથી ગતિપૂર્વક સ્થિતિના પરિણામની અવસ્થા તેનામાં હોતી નથી. તો અધર્મદ્રવ્ય કઈ રીતે સ્થિતિક્રિયાનું સહકારીકારણ થાય છે, તે બતાવે છે.

ચાલતો ઘોડો ઊભો રહી જાય છે તેમાં પૃથ્વી ઘોડાને સ્થિર રહેવામાં નિમિત્ત કહેવાય છે. પૃથ્વી પ્રથમ ચાલતી હતી ને પછી સ્થિર થઈ એમ નથી પણ અનાદિથી સ્થિર છે. તે ગતિ કરતા ઘોડાને સ્થિર થવામાં નિમિત્ત કહેવાય છે તેવી રીતે અધર્મદ્રવ્ય જીવ–પુદ્‌ગલની સ્થિતિમાં ઉદાસીન નિમિત્ત છે. આ ગાથામાં ઉપાદાન–નિમિત્તની સ્પષ્ટ વાત બહુ સરસ બતાવી ને પ્રેરક અને ઉદાસીન નિમિત્તની સ્પષ્ટતા થઈ. ૮૮.

---

**विज्जदि जेसिं गमणं ठाणं पुण तेसिमेव संभवदि।**
**ते सगपरिणामेहिं दु गमणं ठाणं च कुव्वंति॥ ८९ ॥**

**विद्यते येषां गमनं स्थानं पुनस्तेषामेव संभवति।**
**ते स्वकपरिणामैस्तु गमनं स्थानं च कुर्वन्ति॥ ८९ ॥**

**રે ! જેમને ગતિ હોય છે, તેઓ જ વળી સ્થિર થાય છે;**
**તે સર્વ નિજ પરિણામથી જ કરે ગતિસ્થિતિભાવને. ૮૯**

**અન્વયાર્થ** : [येषां गमनं विद्यते] (ધર્મ–અધર્મ ગતિ–સ્થિતિના મુખ્ય હેતુઓ નથી, કારણ કે) જેમને ગતિ હોય છે [तेषाम् एव पुनः स्थानं संभवति] તેમને જ વળી સ્થિતિ થાય છે (અને જેમને સ્થિતિ હોય છે તેમને જ વળી ગતિ થાય છે). [ते तु] તેઓ (ગતિ–સ્થિતિમાન પદાર્થો) તો [स्वकपरिणामैः] પોતાનાં પરિણામોથી [गमनं स्थानं च] ગતિ અને સ્થિતિ [कुर्वन्ति] કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ धर्माधर्मयोर्गतिस्थितिहेतुत्वोदासीनविषये युक्तिमुद्योतयतिः – विद्यते येषां गमनं स्थानं पुनस्तेषामेव संभवति ते जीवपुद्‌गलाः स्वकपरिणामैरेव स्थानं गमनं च कुर्वंतीति। तथाहि – धर्मस्तावत्क्वापि काले गतिहेतुत्वं न त्यजति न चाधर्मः स्थितिहेतुत्वं; तौ यदि गतिस्थित्योर्मुख्यहेतू स्यातां तदा गतिस्थितिकाले परस्परं मत्सरो भवति। कथमिति चेत् ? येषां गतिस्तेषां सर्वदैव गतिरेव न च स्थितिः येषां पुनः स्थितिस्तेषां सर्वदैव स्थितिरेव न च गतिः। न तथा दृश्यते। किंतु ये गतिं कुर्वन्ति त एव पुनरपि स्थितिं कुर्वन्ति, ये स्थितिं कुर्वन्ति त एव पुनर्गतिं कुर्वन्ति। ततो ज्ञायते न तौ धर्माधर्मौ गतिस्थित्योर्मुख्यहेतू। यदि मुख्यहेतू न भवेतां तर्हि गतिस्थितिमतां जीवपुद्‌गलानां कथं गतिस्थिती इति चेत् ? ते निश्चयेन स्वकीयपरिणामैरेव गतिं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्थितिं च कुर्वंतीति। अत्र सूत्रे निर्विकारचिदानंदैकस्वभावादुपादेयभूतात् शुद्धात्मतत्त्वाद्भिन्नत्वाद्धेय-तत्त्वमित्यभिप्रायः ॥ ८९ ॥

**समयव्याख्या : धर्माधर्मयोरौदासीन्ये हेतूपन्यासोऽयम्। धर्मः किल न जीवपुद्गलानां कदाचिद्गतिहेतुत्वमभ्यस्यति, न कदाचित्स्थितिहेतुत्वमधर्मः। तौ हि परेषां गतिस्थित्योर्यदि मुख्यहेतू स्यातां तदा येषां गतिस्तेषां गतिरेव न स्थितिः, येषां स्थितिस्तेषां स्थितिरेव न गतिः। तत एकेषामपि गतिस्थितिदर्शनादनुमीयते न तौ तयोर्मुख्यहेतू। किं तु व्यवहारनयव्यवस्थापितौ उदासीनौ। कथमेवं गतिस्थितिमतां पदार्थानां गतिस्थिती भवत इति चेत्, सर्वे हि गतिस्थितिमंतः पदार्थाः स्वपरिणामैरेव निश्चयेन गतिस्थिती कुर्वंतीति ॥ ८९ ॥**

**इति धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : આ, ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ કહેવામાં આવ્યો છે.**

**ખરેખર (નિશ્ચયથી) ધર્મ જીવ–પુદ્‌ગલોને કદી ગતિહેતુ થતો નથી, અધર્મ કદી સ્થિતિહેતુ થતો નથી; કારણકે તેઓ પરને ગતિ–સ્થિતિના જો મુખ્ય હેતુ (નિશ્ચયહેતુ) થાય, તો જેમને ગતિ હોય તેમને ગતિ જ રહેવી જોઈએ, સ્થિતિ ન થવી જોઈએ, અને જેમને સ્થિતિ હોય તેમને સ્થિતિ જ રહેવી જોઈએ, ગતિ ન થવી જોઈએ. પરંતુ એકને જ (-તેના તે જ પદાર્થને) ગતિ અને સ્થિતિ થતી જોવામાં આવે છે; તેથી અનુમાન થઈ શકે છે કે તેઓ (ધર્મ–અધર્મ) ગતિ-સ્થિતિના મુખ્ય હેતુ નથી, પરંતુ વ્યવહારનયસ્થાપિત (વ્યવહારનય વડે સ્થાપવામાં–કહેવામાં આવેલા) ઉદાસીન હેતુ છે.**

**પ્રશ્ન : એ પ્રમાણે હોય તો ગતિ–સ્થિતિમાન પદાર્થોને ગતિ–સ્થિતિ કઈ રીતે થાય છે ?**

**ઉત્તર : ખરેખર સમસ્ત ગતિ–સ્થિતિમાન પદાર્થો પોતાનાં પરિણામોથી જ નિશ્ચયે ગતિ–સ્થિતિ કરે છે. ૮૯.**

**આ રીતે ધર્મદ્રવ્યાસ્તિકાય અને અધર્મદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૪, સોમવાર]

ધર્મદ્રવ્ય પરદ્રવ્યને પરાણે ગતિ કરાવતું નથી પણ જીવ–પુદ્‌ગલ પોતે ગતિ કરે છે તો ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે, મૂળ પાઠમાં "स्वकपरिणामैः" શબ્દ છે. એટલે કે જીવ–પુદ્‌ગલો પોતાના પરિણામથી ગતિ–સ્થિતિરૂપ થાય છે. જીવ–પુદ્‌ગલ સ્વયં સ્થિર થાય છે તો અધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે.

ધર્મદ્રવ્ય કદી પણ ગતિરૂપ અવસ્થા ધારણ કરતું નથી તથા અધર્મદ્રવ્ય પોતે ગતિપૂર્વક સ્થિતિઅવસ્થા ધારણ કરતું નથી. પણ જીવ–પુદ્‌ગલની ગતિ–સ્થિતિમાં નિમિત્તકારણ છે પણ મુખ્ય કારણ નથી તે બતાવે છે.

જો જીવ ને પુદ્‌ગલની ગતિ–સ્થિતિમાં ધર્મ–અધર્મદ્રવ્ય ઉપાદાનકારણ હોય ને જબરદસ્તીથી તેને ચલાવતા હોય અથવા સ્થિર કરતા હોય તો જે પદાર્થો ગતિમાન છે તે સદાય ગતિ કર્યા કરે ને જે સ્થિર હોય તે સદા સ્થિર જ રહ્યા કરે, પણ એમ બનતું નથી. વળી, ધર્મ-અધર્મ આખા લોકમાં છે તે મુખ્ય કારણ હોય તો ધર્મદ્રવ્ય કહે કે હું આ પદાર્થોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગતિ કરાવીશ ને અધર્મદ્રવ્ય કહે કે તે જ પદાર્થોને હું સ્થિર કરીશ, આમ થતાં ''परस्परं मत्सरो भवति'' ધર્મઅધર્મને ઝઘડો થશે. આવી રીતે જયસેન આચાર્યે દલીલ આપી છે, તે સમજાવવાની રીત છે. ધર્મ–અધર્મ ગતિ–સ્થિતિમાં મુખ્ય કારણ નથી.

જીવ ને પુદ્ગલ પદાર્થો પોતાના ઉપાદાનકારણથી ગતિ–સ્થિતિના પરિણામને પ્રાપ્ત કરે છે. કોઈ અન્ય તેને ચલાવતું નથી કે સ્થિર કરતું નથી, માટે નક્કી થાય છે કે ધર્મ–અધર્મદ્રવ્ય મુખ્ય કારણ નથી. વ્યવહારનયની અપેક્ષાથી ઉદાસીનરૂપ નિમિત્તકારણ છે.

આ લાકડું ઊંચું થાય છે તે હાથથી ઊંચું થાય છે કે પોતાથી ? જો હાથથી લાકડું ઊંચું થતું હોય તો લાકડાનું વર્તમાન શું ? વર્તમાનપર્યાય સાબિત થતી નથી ને વર્તમાનપર્યાય સાબિત નહિ થતાં પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય છે.

પવનને લીધે ધ્વજા ચાલતી હોય, ઘોડાને લીધે માણસ ચાલતો હોય તો વર્તમાનપર્યાય વિનાનું દ્રવ્ય થતાં દ્રવ્યનો નાશ થાય છે.

જેમ કોર્ટમાં સામસામી દલીલો ન્યાયાધીશ સાંભળે છે તેમ અહીં વીતરાગની કોર્ટ છે. સામસામી દલીલો સાંભળી પોતે ન્યાયાધીશ બની નિર્ણય કરવો પડશે. નિમિત્તના પક્ષવાળા કહે કે નિમિત્તથી કાર્ય થાય છે. ઉપાદાનવાળા કહે છે કે નિમિત્તથી કાર્ય માનતાં વર્તમાનનો નાશ થતાં દ્રવ્યનો નાશ થાય છે; માટે ઉપાદાનમાં પોતાથી કાર્ય થાય છે ત્યારે પરચીજ નિમિત્તરૂપ હાજર હોય છે માટે જીવે યથાર્થ વિચાર કરવો જોઈએ.

સર્વજ્ઞ સિવાય ધર્મ-અધર્મદ્રવ્યની વાત ક્યાંય નથી. અહીં ત્રણ વાત ધ્યાનમાં રાખવાની છે.

(૧) આત્માનો સ્વભાવ શક્તિરૂપે સર્વજ્ઞ છે.

(૨) જગતનાં છ દ્રવ્યો પરિપૂર્ણ છે, તે જ્ઞેયોની તાકાત પણ પરિપૂર્ણ છે.

(૩) પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળીને જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનપર્યાયની કેટલી તાકાત છે તે બતાવે છે. સ્વને જાણતાં પરપદાર્થો ધર્મ–અધર્મ યથાર્થપણે જણાઈ જાય છે.

અહીં બતાવે છે કે દરેક પદાર્થ પોતાના કારણે ગતિ કે સ્થિતિરૂપ પર્યાય સ્વતંત્ર કરે છે, એવી અનંતી સ્વતંત્ર પર્યાયનો ધરનાર દરેક ગુણ સ્વતંત્ર છે ને એના અનંતા સ્વતંત્ર ગુણનું ધારક દ્રવ્ય પણ સ્વતંત્ર છે એમ અહીં સ્વતંત્રતા બતાવે છે.

આ લાકડું આંગળીથી ચાલે છે એમ માનનાર અજ્ઞાની જીવ લાકડાના ક્ષેત્રાંતર થવાના ધર્મને કે સ્વભાવને જોતો નથી પણ આંગળી કે જે સંયોગરૂપે છે તેને જુએ છે. લાકડું લાકડાના કારણે ક્ષેત્રાંતર કરે છે ત્યારે હાથ નિમિત્ત કહેવાય છે.

તેવી રીતે જીવ ને પુદ્ગલો પોતાના કારણે ગમન કરે છે ત્યારે ધર્માસ્તિકાય નિમિત્ત છે ને સ્થિર થાય છે ત્યારે અધર્માસ્તિકાય નિમિત્ત છે. ધર્મ–અધર્મ બે અરૂપી વસ્તુ છે. જ્ઞાનમાં જણાવા યોગ્ય છે પણ જ્ઞેયને લીધે જ્ઞાન નથી. વળી જેટલાં જ્ઞેયો છે તે બધાંને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે એમ ન માને તો જ્ઞાન સાચું થતું નથી. પ્રમાણ એટલે વિશેષ કરીને માપ કરનારું–ખ્યાલમાં લેનારું જ્ઞાન છે. ધર્મ–અધર્મ વગેરેની વાત કરી છે તેમાં જ્ઞાનનું માહાત્મ્ય જણાવે છે કે જ્ઞાન સૂક્ષ્મ અરૂપી પદાર્થને પણ જાણી શકે છે, એવા જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય લાવતાં સમ્યક્જ્ઞાન પ્રગટ થઈને અલ્પકાળમાં સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને ત્યારે સર્વ પદાર્થો પ્રત્યક્ષ જણાશે.

આવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવા માટે આ વાત છે. ૮૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सव्वेसिं जीवाणं सेसाणं तह य पुग्गलाणं च ।**
**जं देदि विवरमखिलं तं लोगे हवदि आगासं ॥ ९० ॥**

**सर्वेषां जीवानां शेषाणां तथैव पुद्गलानां च ।**
**यद्ददाति विवरमखिलं तल्लोके भवत्याकाशम् ॥ ९० ॥**

**જે લોકમાં જીવ-પુદ્‌ગલોને, શેષ દ્રવ્ય સમસ્તને**
**અવકાશ દે છે પૂર્ણ, તે આકાશનામક દ્રવ્ય છે. ૯૦.**

**અન્વયાર્થ :** [लोके] લોકમાં [जीवानाम्] જીવોને [च] અને [पुद्गलानाम्] પુદ્‌ગલોને [तथा एव] તેમ જ [सर्वेषाम् शेषाणाम्] બધાં બાકીનાં દ્રવ્યોને [यद्] જે [अखिलं विवरं] સંપૂર્ણ અવકાશ [ददाति] આપે છે, [तद्] તે [आकाशम् भवति] આકાશ છે.

---

**तात्पर्यवृत्ति :** एवं धर्माधर्मोभयव्यवस्थापनमुख्यत्वेन तृतीयस्थले गाथात्रयं गतं । इति गाथासप्तकपर्यंतं स्थलत्रयेण पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये धर्माधर्मव्याख्यानरूपेण षष्ठांतराधिकारः समाप्तः । अथानंतरं शुद्धबुद्धैकस्वभावान्निश्चयमोक्षकारणभूतात्सर्वप्रकारोपादेयरूपात् शुद्धजीवास्तिकायात्सकाशाद्भिन्न आकाशास्तिकायः सप्तगाथापर्यंतं कथ्यते । तत्र गाथासप्तकमध्ये प्रथमतस्तावल्लोकालोकाकाशद्वयस्वरूपकथनमुख्यत्वेन "सव्वेसिं जीवाणं" इत्यादि गाथाद्वयं । अथ आकाशमेव गतिस्थितिद्वयं करिष्यति धर्माधर्मभ्यां किं प्रयोजनमिति पूर्वपक्षनिराकरणमुख्यत्वेन "आगासं अवगासं" इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं । तदनंतरं धर्माधर्मलोकाकाशानामेकक्षेत्रावगाहत्वात्समानपरिमाणत्वाच्चासद्भूतव्यवहारेणैकत्वं भिन्नलक्षणत्वान्निश्चयेन पृथक्त्वमिति प्रतिपादनमुख्यत्वेन "धम्माधम्मागासा' इत्यादि सूत्रमेकं । एवं सप्तगाथाभिः स्थलत्रयेणाकाशास्तिकायव्याख्याने समुदायपातनिका । तद्यथा । आकाशस्वरूपं कथयतिः -**सव्वेसिं जीवाणं** सर्वेषां जीवानां **सेसाणं तह य** शेषाणां तथैव च धर्माधर्मकालानां **पोग्गलाणं च** पुद्गलानां च **जं देदि** यत्कर्तृ ददाति । किं ? **विवरं** विवरं छिद्रं अवकाशमवगाहं **अखिलं** समस्तं तं तत्पूर्वोक्तं **लोगे** लोकविषये **हवदि आगासं** आकाशं भवति । अत्राह शिवकुमारमहाराजनामा हे भगवन् ! लोकस्तावदसंख्यातप्रदेशः, तत्र लोके निश्चयनयेन नित्यनिरंजनज्ञानमयपरमानंदैकलक्षणाः अनंतानंतजीवास्तेभ्योप्यनंतगुणाः पुद्गला लोकाकाशप्रमितप्रदेशप्रमाणाः कालाणवो धर्माधर्मौ चेति सर्वे कथमवकाशं लभंत ? इति । भगवानाह – एकापवरके अनेकप्रदीपप्रकाशवदेकगूढनागरसगद्याणके बहुसुवर्णवदेकस्मिन्नुष्ट्रीक्षीरघटे मधुघटवदेकस्मिन् भूमिगृहे जयघंटादिशब्दवद्विशिष्टावगाहगुणेनासंख्येयप्रदेशेपि लोके अनंतसंख्या अपि जीवादयोऽवकाशं लभंत इत्यभिप्रायः ॥ ९० ॥

**समयव्याख्या : अथ आकाशद्रव्यास्तिकायव्याख्यानम् । आकाशस्वरूपाख्यानमेतत् । षड्द्रव्यात्मके लोके सर्वेषां शेषद्रव्याणां यत्समस्तावकाशनिमित्तं विशुद्धक्षेत्ररूपं तदाकाशमिति ॥ ९० ॥**

**અનુવાદ : હવે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે. આ, આકાશના સ્વરૂપનું કથન છે.**

**ષડ્‌દ્રવ્યાત્મક લોકમાં બધાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરા અવકાશનું નિમિત્ત છે, તે આકાશ છે—કે જે (આકાશ) વિશુદ્ધક્ષેત્રરૂપ છે. ૯૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૬, મંગળવાર]

હવે આકાશદ્રવ્યનું વ્યાખ્યાન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશ છે માટે અસ્તિ ને અનંતપ્રદેશી છે માટે કાય, આમ આકાશ અસ્તિકાય છે. આકાશને ખબર નથી કે હું અનંતા જીવો વગેરે દ્રવ્યોને અવકાશ આપું છું. આકાશને ખબર નથી માટે તેને સ્વભાવ ન હોય એમ નથી. જડ પદાર્થો પણ સ્વભાવવાળા છે. આખો લોક સૂક્ષ્મ પરિણમન કરે તો એક પ્રદેશમાં તે બધાને અવગાહન આપવાની તાકાત આકાશ દ્રવ્યમાં છે. એવી આકાશની તાકાત છે એમ આકાશ પોતે જાણતું નથી. જાણનાર તો આત્મા છે. અહો ! આકાશની અનંતતાની મને ખબર છે એવો પોતાનો અપાર જ્ઞાનસ્વભાવ રાગરહિત કબૂલ કર્યો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. સમસ્ત જીવો, ધર્મ, અધર્મ, કાળ ને પુદ્ગલો એ પાંચ દ્રવ્યોને આકાશ અવગાહન આપે છે. ૯૦.

---

**जीवा पुग्गलकाया धम्माधम्मा य लोगदोऽणण्णा ।**
**तत्तो अणण्णमण्णं आयासं अंतवदिरित्तं ॥ ९१ ॥**

**जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च लोकतोऽनन्ये ।**
**ततोऽनन्यदन्यदाकाशमंतव्यतिरिक्तम् ॥ ९१ ॥**

**જીવ–પુદ્ગલાદિક શેષ દ્રવ્ય અનન્ય જાણો લોકથી;**
**નભ અંતશૂન્ય અનન્ય તેમ જ અન્ય છે એ લોકથી. ૯૧**

**અન્વયાર્થ :** [जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च] જીવો, પુદ્ગલકાયો, ધર્મ અને અધર્મ (તેમ જ કાળ) [लोकतः अनन्ये] લોકથી અનન્ય છે; [अंतव्यतिरिक्तम् आकाशम्] અંતરહિત એવું આકાશ [ततः] તેનાથી (લોકથી) [अनन्यत् अन्यत्] અનન્ય તેમ જ અન્ય છે.

---

**तात्पर्यवृत्ति :** अथ षड्द्रव्यसमवायो लोकस्तस्माद्बहिरनंतमाकाशमलोक इति प्रकटयतिः – **जीवा** जीवाः पुद्गलकायाः धर्माधर्मद्वयं चकारात्कालश्च । एते सर्वे कथंभूताः ? **लोगदो अणण्णा** लोकात्सकाशादनन्ये **तत्तो** तस्माल्लोकाकाशात् **अणण्णमण्णं आगासं** अनन्यदन्यच्चाकाशं यदन्यदलोकाकाशं । तत्किं प्रमाणं ? **अंतवदिरित्तं** अन्तव्यतिरिक्तमनंतमिति । अत्र सूत्रे यद्यपि सामान्येन पदार्थानां लोकादनन्यत्वं भणितं तथापि निश्चयेन मूर्तिरहितत्वकेवलज्ञानत्वसहजपरमानंदत्वनित्यत्वनिरंजनत्वादिलक्षणेन शेषद्रव्येभ्यो जीवानामन्यत्वं स्वकीयस्वकीयलक्षणेन शेषद्रव्याणां च जीवेभ्यो भिन्नत्वं । तेन कारणेन ज्ञायते संकरव्यतिकरदोषो नास्तीति भावः ॥ ९१ ॥

**समयव्याख्या : लोकाद्बहिराकाशसूचनेयम् । जीवादीनि शेषद्रव्याण्यवधृतपरिमाणत्वाल्लोकादनन्यान्येव । आकाशं त्वनंतत्वाल्लोकादनन्यदन्यच्चेति ॥ ९१ ॥**

**અનુવાદ :** આ, લોકની બહાર (પણ) આકાશ હોવાની સૂચના છે.

**જીવ વગેરે બાકીનાં દ્રવ્યો (આકાશ સિવાયનાં દ્રવ્યો) મર્યાદિત પરિમાણવાળાં હોવાને લીધે લોકથી અનન્ય જ છે; આકાશ તો અનંત હોવાને લીધે લોકથી અનન્ય તેમ જ અન્ય છે. ૯૧.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૬, મંગળવાર]

હવે લોકની બહાર અલોકાકાશ છે તેનું સ્વરૂપ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશ લોક–અલોકના ભેદથી બે પ્રકારનું છે. જેમાં જીવાદિ પાંચ દ્રવ્યો રહે છે તેને લોકાકાશ કહે છે. જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે. અલોકઆકાશ એક દ્રવ્યની અપેક્ષાથી લોકથી જુદું નથી ને અલોકાકાશમાં પાંચ દ્રવ્યો નથી એવી અપેક્ષા લ્યો તો અલોકાકાશ લોકથી જુદું છે, અલોકાકાશ અનંતપ્રદેશી છે ને લોકાકાશ અસંખ્યાતપ્રદેશી છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે લોકાકાશનું ક્ષેત્ર કિંચિત્‌માત્ર છે તેમાં જીવાદિ પદાર્થો કેવી રીતે સમાઈ શકે ? પાંચ રૂ. સમાય તેવી કોથળીમાં પાંચ હજાર રૂ. કેવી રીતે સમાઈ શકે ?

ઉત્તર : એક ઘરમાં અનેક દીપકોનો પ્રકાશ સમાઈ જાય છે તેવી રીતે, અસંખ્યાતપ્રદેશી આકાશમાં સહજ અવગાહન સ્વભાવથી અનંત જીવાદિ પદાર્થ સમાઈ જાય છે. વસ્તુનો સ્વભાવ વચનગમ્ય નથી, સર્વજ્ઞદેવ જાણે છે તેથી જે અનુભવી છે તે સંદેહ ઉપજાવતો નથી. વસ્તુસ્વરૂપમાં સદા નિશ્ચલ થઈને આત્મિક અનંત સુખ અનુભવે છે.

(૧) આકાશનું ક્ષેત્ર લ્યો તો અનંત–અનંત છે. લોક પછી અલોક છે, લોક સંગ્રહાત્મક છે. ત્યાર પછી કાંઈ ભીંતો આવતી હશે ? પછી પછી કાંઈ ખરું ? ના, પછી કાંઈ નથી, માત્ર ખાલી ભાગ છે. દશે દિશામાં અમાપ–અમાપ અનંત–અનંત ક્ષેત્રનો ખ્યાલ આવે છે. તેનો ક્યાંય છેડો નથી. આમ ક્ષેત્રસ્વભાવની અચિંત્યતા ને અનંતતાનો ખ્યાલ આવે છે, કોઈ નાસ્તિક પણ વિચાર કરે તો છે–છે એમ તો કહે. તર્ક કરે તો ખ્યાલમાં આવે છે. આ ક્ષેત્ર શું છે ? અનંત અપાર, જેનો પાર નથી, તેનું અસ્તિપણું સ્વીકારે તો ખ્યાલ આવે, ન્યાયની વાત કહેવાય છે. ક્યાંય ક્ષેત્રનો આરો છે ? લોકો આકાશ કહે છે તેની વાત નથી તે તો રૂપી છે, અહીં તો અરૂપી આકાશની વાત ચાલે છે, અરૂપી આકાશના પ્રદેશોની શ્રેણી દશે દિશામાં ચાલી જાય છે. એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેને એકપ્રદેશ કહે છે, તે પ્રદેશથી માપવામાં આવે તો આકાશ અનંતપ્રદેશી છે. ક્ષેત્ર અમાપ છે, તર્કથી ના પડાય તેમ નથી, જે આકાશક્ષેત્ર છે તેની હદ નથી, દશે દિશામાં અનંત છે. આ પ્રમાણે આકાશના અનંતપ્રદેશી ક્ષેત્રના અસ્તિત્વની વાત કરી.

(૨) હવે તેના સ્વભાવની વાત કહે છે. તે ક્ષેત્રનો સ્વભાવ કેવો છે ? અનંતા જીવો, પુદ્‌ગલો વગેરે પદાર્થોને અવગાહન આપે એવી તેની અવગાહનશક્તિ છે. લોકના પદાર્થો સૂક્ષ્મ પરિણમન કરે તો બધાને એક પ્રદેશમાં જગ્યા આપી શકે એવી અચિંત્ય અવગાહનશક્તિ આકાશમાં છે, તે અવગાહનસ્વભાવની અનંતતા થઈ.

(૩) હવે આકાશ છે તો ક્યારથી છે. તેને આદિ નથી તેમ જ અંત પણ નથી. આમ કાળે પણ અનંતતા છે.

(૪) આ બધી અનંતતાનો સ્વીકાર કોણ કરે છે ? જ્ઞાન આ બધી અનંતતાને જાણે છે. નીચલી દશામાં રાગ હોય છે પણ રાગને તે અનંતતાની ખબર નથી. જ્ઞાન તેને જાણે છે, છદ્મસ્થ જીવનો જ્ઞાન પર્યાય અસંખ્ય સમયમાં અનાદિઅનંત કાળનો ખ્યાલ કરે છે, અનંત ક્ષેત્રનો ખ્યાલ કરે છે. લોકમાં રહેલા અનંતા જીવાદિ પદાર્થનો તથા તે પદાર્થ વિનાના અલોકનો ખ્યાલ કરે છે, આટલી સત્તાને જ્ઞાનપર્યાય કબૂલે છે.

(૫) એક જ્ઞાનપર્યાયમાં આટલી સત્તાને કબૂલવાનું અચિંત્ય સામર્થ્ય છે તો અનંતી અનંતી પર્યાયનાં પિંડરૂપ એક જ્ઞાનગુણનું સામર્થ્ય તો અનંતું સમજવું. જ્ઞાનગુણ છે તેમ બીજા શ્રદ્ધા, અસ્તિત્વ આદિ ગુણો પણ છે. એવા અનંતા ગુણોના પિંડરૂપ આત્મા અચિંત્ય સામર્થ્યવાન છે એવી પ્રતીતિ થાય છે. આમ આત્મા પરના અભાવસ્વભાવરૂપ, વિકાર અને પરના આધાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિનાનો, પરની સત્તા વિનાનો, અનંતી નિર્મળપર્યાયનો ધરનાર શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવો સ્વીકાર થાય છે.

(૬) આવું નક્કી કરતાં સાધક જીવને ખ્યાલ આવે છે કે વર્તમાનમાં મને રાગ હોવાથી પ્રત્યક્ષપણે બધા પદાર્થોને જોઈ શકતો નથી, પણ રાગ ટાળી સ્વભાવમાં સંપૂર્ણ ઠરીને પરિપૂર્ણતાને પામેલા સર્વજ્ઞો અનંત હોવા જોઈએ. મારી જેમ સ્વરૂપને સાધનારા સાધકો પણ છે ને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ નહીં કબૂલનાર મિથ્યાદ્રષ્ટિ જીવો પણ છે. તેઓ રાગને અને વિકારને કબૂલ કરે છે તો તેને નિમિત્તરૂપે કર્મો પણ જગતમાં છે. આમ બધો ખ્યાલ આવી જાય છે.

(૭) પ્રથમ વસ્તુસ્વરૂપની સમજણ ન હતી, સમજણ થતાં જ્ઞાનપર્યાયે પલટો માર્યો કે અહો ! આ જગતમાં આકાશ દ્રવ્ય, ક્ષેત્રે, ભાવે, કાળે અનંતતાવાળું છે તેની કબૂલાત મારું જ્ઞાન કરે છે. તે કાર્ય જ્ઞાનની પર્યાયમાં થાય છે તો જ્ઞાને પર્યાયમાં સમજણરૂપી કાર્ય થવાનું કારણ કોણ છે ? કારણ તો ગુણોનો દરિયો એવો આત્મા છે. અહો ! મારો આત્મા તો અનંતા ગુણોથી ભરેલો છે. મારો જ્ઞાનસ્વભાવ અચિંત્ય છે. એવો મહિમા આવતાં સ્વભાવબુદ્ધિ થાય છે ને પર્યાયબુદ્ધિ ઊડી જાય છે એ જ ધર્મદશાની શરૂઆત છે.

કયા દ્રવ્યની ના પાડી શકાય એમ છે ? એકની હા પાડતાં બધાની હા પડે છે. જડના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને સ્વભાવનું માપ કરનાર જ્ઞાન છે. રાગવાળા જ્ઞાનને અસંખ્ય સમયો લાગે છે પણ રાગ નીકળી જતાં સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તે બધાં દ્રવ્યો ને પ્રત્યક્ષ એક સમયમાં જાણે છે, તે જ્ઞાન પરપદાર્થો તથા નિમિત્તને લીધે થતું નથી તેમ જ આકાશની અપારતા તથા અનંતતાને લીધે થતું નથી. જ્ઞાન તો અંતર્મુખદ્રષ્ટિ કરતાં પ્રગટે છે. આવા અમાપ ચૈતન્યસ્વભાવી સૂર્યનું માપ નથી !!

(૧) એક પરમાણુની તાકાત એક સમયમાં ૧૪ બ્રહ્માંડમાં પહોંચી જાય તેટલી છે ને ભાવમાં પણ અનંતી તાકાત છે. એકગુણો ચીકણો પરમાણુ એક સમયમાં અનંતગુણો ચીકણો થઈ જાય ને અનંત ગુણામાંથી એકગુણો થઈ જાય એવી તાકાત પુદ્ગલ પરમાણુની છે.

(૨) ધર્માસ્તિકાયની તાકાત એટલી છે કે અનંતા આત્મા ને પુદ્ગલો એકીસાથે ગતિ કરે તો પણ તે બધાને ગતિમાં નિમિત્ત થાય.

(૩) અધર્માસ્તિકાયની તાકાત એટલી છે કે અનંતા આત્મા અને પુદ્ગલ એકી સમયે ગતિપૂર્વક, સ્થિર થાય તોપણ તે બધાને સ્થિરતામાં નિમિત્ત થાય.

(૪) આકાશની તાકાત એટલી છે કે અનંતા અનંત ચેતન ને જડ બધાને એકીસાથે અવકાશ આપે. અનંતા મેરુ જેટલા પરમાણુ સૂક્ષ્મરૂપે પરિણમે તો એક પ્રદેશમાં સમાડી દે તેવી તાકાત છે.

(૫) કાળની તાકાત એટલી છે કે અનંતા જડ ને ચેતન દ્રવ્યોને પરિણમનમાં એકીસાથે નિમિત્ત થાય છે.

(૬) તે બધાની તાકાતને જાણનારો જીવ છે. અનંતા લોકાલોક હોત તોપણ એક સમયમાં તે બધાને જાણી લેવાનો જીવનો સ્વભાવ છે. માટે જીવનો મહિમા છે.

જડમાં ભાવ અનંતા છે પણ તેનું માપ કરનાર ચિદાનંદ આત્મા છે. દ્રવ્યસ્વભાવ તો અમાપ છે પણ સર્વજ્ઞપર્યાયનો સ્વભાવ પણ અમાપ છે.

(૧) રાગ ને વ્યવહારમાં રોકાવું તે જ્ઞાનનો સ્વભાવ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૨) વળી જગતના પદાર્થો છે માટે જ્ઞાન છે એમ નથી.

(૩) વળી શુભરાગાદિના વ્યવહાર છે માટે જ્ઞાનસ્વભાવ છે એમ નથી, તેમ જ તેને લીધે જ્ઞાનસ્વભાવ પ્રગટતો નથી.

(૪) પોતાના શુદ્ધસ્વભાવના આશ્રયે જ્ઞાન પ્રગટે તેમ છે, અહો ! જ્ઞાનસ્વભાવનો શો મહિમા ! જે જેનો સ્વભાવ હોય તેની શી મર્યાદા ! આ બધા જડના અપાર સ્વભાવને જાણનારો તો જ્ઞાનપર્યાય છે. આ કાર્યદશાની વાત ચાલે છે. જ્ઞાનની કાર્યદશા પણ બેહદ છે. કાર્ય તો એક સમયનું છે, એક કાર્ય પલટી નવું કાર્ય ઉત્પન્ન થાય છે. જ્ઞાનદશારૂપી કાર્યનું કારણ તો જ્ઞાન ને વીતરાગતાની મૂર્તિ એવો આત્મા છે. તેનું અવલંબન લેવાથી સ્વાભાવિક જ્ઞાનદશા પ્રગટે છે.

કોઈ પૂછે કે આ બધા અનંતતાના સ્વભાવો બુદ્ધિગમ્ય છે ?

**સમાધાન :** હા, બુદ્ધિ એટલે જ્ઞાનગમ્ય છે. આ ક્ષેત્ર છે, છે ને છે...એવો શું ખ્યાલ આવતો નથી ? ક્ષેત્રનો અંત નથી. કાળને આદિ–અંત નથી, સ્વભાવ પણ અનંત સામર્થ્યવાળો છે. આમ ક્ષેત્રે, કાળે ને સ્વભાવે અનંતતા છે એવી જડને ખબર નથી તે બધાને જાણનારું જ્ઞાન છે. અહો ! તું જ્ઞાનસ્વભાવી આત્મા છો. જડ દ્રવ્યના અનંત ક્ષેત્રને, અનંત કાળને ને અનંત સામર્થ્યવાન તેના સ્વભાવને જાણનારો તું છો. તું પણ આદિ–અંત વિનાનો છો, તું જ્ઞાનસ્વભાવી છો એમ અહીં શાસ્ત્ર તારા સ્વભાવના મહિમાનાં ગાણાં ગાય છે.

કોઈ પૂછે કે ગજ મોટો કે કાપડનો તાકો મોટો ? ઉપલક દૃષ્ટિથી જોનાર કહેશે કે તાકો મોટો છે, પણ તે ભૂલ છે. આખો તાકો મપાઈ જાય છે. તાકાના માપનો અંત આવે છે પણ ગજ ખૂટતો નથી. માટે ગજ મોટો છે. વળી કોઈ પૂછે કે પગ મોટા કે પૃથ્વી મોટી ? ઉપલક દૃષ્ટિથી જોનાર કહેશે કે પૃથ્વી મોટી છે પણ તે ભૂલ છે. પૃથ્વી પગથી માપતાં ખૂટી જાય છે. પણ પગ ખૂટી જતો નથી માટે પગ મોટા છે. આ બાહ્ય દૃષ્ટાંતો સમજવા માટે આપ્યાં છે. તેમ કોઈ પૂછે કે લોકાલોક મોટો કે તું મોટો ? ઉપલક દૃષ્ટિવાળા કહેશે કે લોકાલોક મોટો છે પણ તે ભૂલ છે. તારા જ્ઞાનરૂપી ગજથી માપતાં લોકાલોકનું માપ આવી જાય છે, એટલે કે ખૂટી જાય છે પણ જ્ઞાન ખૂટતું નથી, અનંતા લોકાલોકને જાણી લ્યે તેવો તું છો માટે તું મોટો છો.

જુઓ, આ ગાથામાં લોક–અલોક સાબિત કર્યા, જે ક્ષેત્ર અવગાહન સ્વભાવે અપાર છે ને દ્રવ્યો પણ અપાર છે. તે લોક છે, ને જે ક્ષેત્રમાં અન્યદ્રવ્યો નથી પણ એકલું આકાશ છે તે અલોક છે. અલોક અનંતપ્રદેશી છે ને લોક અસંખ્યપ્રદેશી છે પણ તેને જાણવાની તાકાત નિમિત્તની નથી, શુભ રાગની નથી, માટે નિમિત્ત ને શુભરાગ આદરણીય નથી. એક જ્ઞાનપર્યાયમાં બધાને જાણવાની તાકાત છે, તે પર્યાયનું કારણ પર્યાય નથી, પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે માટે પર્યાય આદરણીય નથી, એકલો શુદ્ધ દ્રવ્યસ્વભાવ આદરણીય છે. આ ગાથાનો હેતુ રાગરહિત અચિંત્ય જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરાવવાનો છે.

ક્ષેત્રે અનંતતા, ભાવે અનંતતા, કાળે અનંતતા વગેરેને જાણનાર આત્મસ્વભાવ છે ને પર્યાયમાં થતા રાગાદિ વિકલ્પોને જાણનાર પણ આત્મા છે. રાગ તો એક સમયની પર્યાયમાં છે. રાગરહિત જ્ઞાનસ્વભાવનો મહિમા આવતાં પોતે પોતામાં રહીને સ્વ ને પર બન્નેનું માપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરનાર છે. પોતે પણ સ્વજ્ઞેય છે એમ પોતામાં રહ્યો થકો સ્વ–પર જ્ઞેયોને જાણે છે.

વસ્તુસ્વરૂપ વચનગમ્ય નથી પણ જ્ઞાનગમ્ય છે. વસ્તુના આશયની ખબર નથી. વચન પાછળ રહેલો આશય જ્ઞાન પકડે છે તે જ્ઞાન વડે સાધક જીવ નક્કી કરે છે. હું આટલું કાર્ય કરી શકું છું તો વધીને પૂર્ણ થઈશ. એવા પૂર્ણ થયેલા સર્વજ્ઞ જીવો પણ છે. સાધક પણ છે. જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ માનનારા બાધક પણ છે, તે રાગાદિમાં પરિણમી રહ્યા છે તેને નિમિત્તરૂપે કર્મનું આવરણ છે. તેમાં કર્મોના પરમાણુઓ ભાવે અનંતા ભાવવાળા છે, તે બધાને જાણનારો જ્ઞાનસ્વભાવે અનંતી શક્તિવાળો આત્મા હું છું, આમ દૃષ્ટિ થવી તે ગાથાનો સાર છે.

સર્વજ્ઞદેવ જાણે છે, પણ કોઈનું કાંઈ કરતા નથી તેમ જ કોઈને કાંઈ દેતા નથી. તો પછી 'બોધ પાહુડ' ગાથા ૨૪માં કહ્યું છે કે :–

દેવ કોને કહીએ ? જે દે અથવા આપે તેને દેવ કહે છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર આપે તે દેવ છે. તેનો આશય શો છે ?

**ઉત્તર** :– ધર્મ, અર્થ, કામ, મોક્ષના દાતાર દેવ છે એટલે કે તેમાં નિમિત્ત છે તે ન્યાયથી કહેવાય છે.

**જ્ઞાન અથવા મોક્ષ** :– કોઈ માણસ ભિખારી પાસે જાય તો ભિખારી લક્ષ્મી મળવામાં નિમિત્ત રૂપ થતો નથી, પણ લક્ષ્મીવાન લક્ષ્મી મળવામાં નિમિત્ત થાય છે તેમ સર્વજ્ઞદેવનું નિમિત્ત મળતાં પાત્ર જીવ ખ્યાલ કરે છે કે જે દશા મારે પ્રગટ કરવી છે તેવી દશા ભગવાનની છે. ભગવાને તે દશા આત્માના અવલંબને પ્રગટ કરી છે, તેમ હું પણ મારા આત્માના અવલંબને તે દશા પ્રગટ કરી શકું એમ છું, સર્વજ્ઞ તથા હું સમાન છીએ, ભગવાન પણ એમ કહે છે કે તું સર્વજ્ઞ છો. શરીર, મન, વાણી, તારું સ્વરૂપ નથી તેમજ અલ્પજ્ઞતા પણ તારું સ્વરૂપ નથી એમ ભગવાને કહ્યું, તે શિષ્યે જાણ્યું ને પ્રતીતિ કરી, આમ સર્વજ્ઞ પાસે સાધકપદની માગણી કરે છે, આવી રીતે દેવના નિમિત્તે શિષ્યને સાચું જ્ઞાન પ્રગટ થાય છે ને જ્ઞાન થતાં મોક્ષ થાય છે તેથી ભગવાને જ્ઞાન આપ્યું અથવા મોક્ષ આપ્યો એમ કહેવાય છે.

**ધર્મ** : ભગવાનના નિમિત્તે જેને યથાર્થ ભાન થયું છે તેવા સાધક જીવને સંપૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શુભરાગ હોય છે. તેને લીધે પુણ્ય બંધાય છે, તેમાં ભગવાન નિમિત્ત છે તેથી ભગવાન પુણ્યના દાતાર છે એમ કહેવાય છે.

કોઈ ધર્મી જીવને શુભરાગની ભૂમિકામાં તીર્થંકરપુણ્યપ્રકૃતિ બંધાય છે તે પણ તીર્થંકરદેવે આપી એમ કહેવાય છે

**કામ–ભોગ**: જે પુણ્યપ્રકૃતિ સાધક જીવને બંધાણી છે તેના ફળમાં તેને લક્ષ્મી વગેરે બહારના પદાર્થોની પ્રાપ્તિ થાય છે તેથી ભગવાન કામ–ભોગના દેનાર છે એમ કહેવાય છે.

આ ચારે વાત ધર્મીને લાગુ પડે છે, તેને ચારેની પૃથક્તાનું ભાન છે ને આત્મસ્વભાવનું પણ ભાન છે. અજ્ઞાનીને ચારની પૃથક્તાનું તેમ જ આત્માનું ભાન નથી. તેને જ્ઞાન કે મોક્ષ તો નથી પણ આવાં પુણ્ય પણ હોતાં નથી. જેને ભાન થાય છે તેને આ ચારે દેવે દીધા એમ કહેવાય છે. દિવ્યશક્તિ જેને ખીલી ગઈ છે તે દેવ છે. તે શક્તિ પાત્રતા વિના ખીલી શકે નહિ, ને પાત્ર જીવો સર્વજ્ઞના નિમિત્તે ખીલે છે તેથી સર્વજ્ઞપદના અને તીર્થંકરપ્રકૃતિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેનાર સર્વજ્ઞદેવ છે એમ કહેવાય છે. આ પ્રમાણે જે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આપે તેને દેવ કહે છે.

અહીં આ ગાથામાં વાત આવી કે વસ્તુનો સ્વભાવ વચનગમ્ય નથી, પણ જ્ઞાનગમ્ય છે. જ્ઞાનસ્વભાવ બધાને જાણી ન લ્યે તો તે જ્ઞાનસ્વભાવ નથી. દ્રવ્યોની અપારતા, ક્ષેત્રની અપારતા, દરેક દ્રવ્યના સ્વભાવની અપારતાનો સંપૂર્ણ પ્રત્યક્ષપણે ખ્યાલ કરનાર સર્વજ્ઞદેવ છે, તે સિવાય કોઈ નથી. તે સર્વજ્ઞપદ આત્મામાંથી પ્રગટ થાય છે. એમ નક્કી કરનારને પોતાના ચૈતન્યસ્વભાવની અમાપતાનો ખ્યાલ આવે છે. આવી રીતે સાધક જીવો વસ્તુસ્વરૂપમાં નિશ્ચલ થાય છે, આમ આ કેમ ? એવી શંકા જ્ઞાનનો અનુભવ કરનારને રહેતી નથી, વસ્તુ જેમ છે તેમ છે. પોતાના જ્ઞાનસ્વભાવની અપારતાનો ખ્યાલ આવતાં જ્ઞેયોની અપારતાનો ખ્યાલ આવી જાય છે. આવી રીતે રાગરહિત જ્ઞાનસ્વભાવનું વેદન કરવું તે ધર્મ છે. ૯૧.

---

**आगासं अवगासं गमणट्ठिदिकारणेहिं देदि जदि ।**
**उड्ढंगदिप्पधाणा सिद्धा चिट्ठंति किध तत्थ ॥ ९२ ॥**

**आकाशमवकाशं गमनस्थितिकारणाभ्यां ददाति यदि ।**
**ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः तिष्ठन्ति कथं तत्र ॥ ९२ ॥**

**અવકાશદાયક આભ ગતિ-થિતિહેતુતા પણ જો ધરે,**
**તો ઊર્ધ્વગતિપરધાન સિદ્ધો કેમ તેમાં સ્થિતિ લહે ? ૯૨.**

**અન્વયાર્થ :** [यदि आकाशम्] જો આકાશ [गमनस्थितिकारणाभ्याम्] ગતિ–સ્થિતિનાં કારણ સહિત [अवकाशं ददाति] અવકાશ આપતું હોય (અર્થાત્ જો આકાશ અવકાશહેતુ પણ હોય અને ગતિ-સ્થિતિહેતુ પણ હોય) તો [ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः] ઊર્ધ્વગતિપ્રધાન સિદ્ધો [तत्र] તેમાં (આકાશમાં) [कथम्] કેમ [तिष्ठन्ति] સ્થિર હોય ? (આગળ ગમન કેમ ન કરે ?)

---

**तात्पर्यवृत्ति** : एवं लोकालोकाकाशद्वयस्वरूपसमर्थनरूपेण प्रथमस्थले गाथाद्वयं गतं । अथाकाशं जीवादीनां यथावकाशं ददाति तथा यदि गतिस्थिती अपि ददाति तदा दोषं दर्शयतिः – **आयासं** आकाशं कर्तृ **देदि जदि** ददाति यदि चेत् । किं ? **अवगासं** अवकाशमवगाहं । कथं सह काभ्यां ? **गमणट्ठिदिकारणेहिं** गमनस्थितिकारणाभ्यां । तदा किं दूषणं ? **उड्ढंगदिप्पधाणा** निर्विकारविशिष्टचैतन्य-प्रकाशमात्रेण कारणसमयसारभावनाबलेन नारकतिर्यग्मनुष्यदेवगतिविनाशं कृत्वा पश्चात्स्वाभाविकोर्ध्व-गतिस्वभावाः संतः । के ते ? **सिद्धा** स्वभावोपलब्धिसिद्धिरूपाः सिद्धा भगवंतः **चेट्ठंति किह** तिष्ठन्ति कथं ? कुत्र ? **तत्थ** तत्र लोकाग्र इति । अत्र सूत्रे लोकाद्बहिर्भागेप्याकाशं तिष्ठति तत्र किं न गच्छंतीति भावार्थः ॥ ९२ ॥

**समयव्याख्या : आकाशस्यावकाशैकहेतोर्गतिस्थितिहेतुत्वशङ्कायां दोषोपन्यासोऽयम् । यदि खल्वाकाश-मवगाहिनामवगाहहेतुरिव गतिस्थितिमतां गतिस्थितिहेतुरपि स्यात्, तदा सर्वोत्कृष्टस्वाभाविकोर्ध्वगतिपरिणता भगवंतः सिद्धा बहिरङ्गांतरङ्गसाधनसामग्र्यां सत्यामपि कुतस्तत्राकाशे तिष्ठंति इति ॥ ९२ ॥**

**અનુવાદ : જે કેવળ અવકાશનો જ હેતુ છે એવું જે આકાશ તેને વિષે ગતિસ્થિતિહેતુત્વ (પણ) હોવાની શંકા કરવામાં આવે તો દોષ આવે છે તેનું આ કથન છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જો આકાશ, જેમ તે અવગાહવાળાઓને અવગાહહેતુ છે તેમ, ગતિસ્થિતિવાળાઓને ગતિ–સ્થિતિહેતુ પણ હોય, તો સર્વોત્કૃષ્ટ સ્વાભાવિક ઊર્ધ્વગતિએ પરિણત સિદ્ધભગવંતો, બહિરંગ–અંતરંગ સાધનરૂપ સામગ્રી હોવા છતાં પણ, કેમ (કયા કારણે) તેમાં—આકાશમાં—સ્થિર હોય ? ૯૨.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૬, મંગળવાર]

હવે કોઈ પ્રશ્ન કરે કે ધર્મ–અધર્મદ્રવ્ય ગતિ–સ્થિતિમાં કારણ કેમ કહો છો ? ગતિ–સ્થિતિમાં કારણ આકાશને કેમ કહેતા નથી ? એવા પ્રશ્ન કરનારમાં શું દોષ છે તે બતાવે છે.

જો ગતિસ્થિતિનું કારણ આકાશ છે એમ માનવામાં આવે ને ધર્મ–અધર્મનો અભાવ માનવામાં આવે તો સિદ્ધ પરમેષ્ઠી અલોકમાં પણ ચાલ્યા જાય, પણ તેમ બને નહિ કેમ કે અલોકમાં ધર્મ–અધર્મ નથી. અહીં નિમિત્ત સાબિત કરવું છે.

(૧) જો જીવ અલ્પજ્ઞ દશાવાળો સદા રહ્યા જ કરે તો કદી પૂર્ણ દશા પ્રાપ્ત કરી શકે નહિ. (૨) પૂર્ણ દશા પ્રાપ્ત થયા પછી એમ ને એમ ગમન કર્યા જ કરે તો ક્યાંય સ્થિર રહેશે નહિ. જો સિદ્ધ જીવ એમ ને એમ ચાલ્યા જાય તો ગતિનું કાર્ય પૂરું થયું ન કહેવાય, સિદ્ધ ભગવાનને ગતિરૂપ કાર્યની પણ કૃતકૃત્યતા થઈ ગઈ છે તેથી એક સમયમાં ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકાગ્રે પહોંચી જાય છે ને ત્યાં અટકી જાય છે ને નિમિત્તરૂપે ધર્મ–અધર્મ દ્રવ્યો પણ ત્યાં સુધી છે તેથી તેઓ અલોકાકાશમાં જતા નથી. સિદ્ધ ભગવાનને સર્વોત્કૃષ્ટ સ્વાભાવિક ઊર્ધ્વગતિના પરિણામ અંતરંગસાધન તો છે ને આકાશને ગતિમાં બહિરંગસાધન માનવામાં આવે તો બન્ને સાધનો હોવા છતાં સિદ્ધ ભગવાન લોકાગ્રે કેમ રહે છે ને આગળ કેમ જતા નથી ? જો ગતિ માટે આકાશ બહિરંગસાધન હોય તો ભગવાન અલોકમાં જવા જોઈએ, પણ એમ બનતું નથી માટે આકાશ ગતિસ્થિતિ માટે બહિરંગસાધન નથી, ધર્મ–અધર્મ ગતિ–સ્થિતિમાં નિમિત્ત થાય છે. તે જ બહિરંગસાધન છે, ધર્મ–અધર્મ અલોકમાં નથી, લોકમાં છે ને તેથી જ લોકની મર્યાદા છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર]

સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જોયાં છે. એક દ્રવ્યના ગુણો બીજાને લીધે હોય તો છ દ્રવ્યો રહેતાં નથી. આત્માના ગુણ જ્ઞાન ને આનંદ છે, તે ગુણો જડના માને તો ભેદજ્ઞાન કરી શકે નહિ ને સ્વરૂપમાં ઠરી શકે નહિ. છયે દ્રવ્યોનું કાર્ય પોતપોતાથી છે, એકને લીધે બીજાનું કાર્ય નથી, આત્માનો ગુણ જડમાં નથી, જડનો ગુણ આત્મામાં નથી. ધર્મ–અધર્મનું કાર્ય આકાશમાં ન હોય ને આકાશનું કાર્ય ધર્મ–અધર્મમાં ન હોય. એકને લીધે બીજામાં કાર્ય માનવામાં આવે તો છ દ્રવ્યોની સ્વયંસિદ્ધતા રહેતી નથી, ખીચડો થઈ જાય છે એટલે કે પોતાનાં જ્ઞાન ને શ્રદ્ધા ખોટાં ઠરે છે.

અહીં પ્રશ્ન કરેલ છે કે ધર્મદ્રવ્ય ચેતન તથા પુદ્ગલ પદાર્થોની ગતિમાં નિમિત્ત થાય છે ને અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત થાય છે તો તે ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનું કાર્ય આકાશ કરે તો શું વાંધો ? જો એમ માનવામાં આવે તો દ્રવ્યો પૃથક્ રહેતાં નથી. ૯૨.

લોકાગ્રે સિદ્ધોની સ્થિરતા બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जम्हा उवरिट्ठाणं सिद्धाणं जिणवरेहिं पण्णत्तं ।**
**तम्हा गमणट्ठाणं आयासे जाण णत्थि त्ति ॥ ९३ ॥**

**यस्मादुपरिस्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तम् ।**
**तस्माद्गमनस्थानमाकाशे जानीहि नास्तीति ॥ ९३ ॥**

**ભાખી જિનોએ લોકના અગ્રે સ્થિતિ સિદ્ધો તણી,**
**તે કારણે જાણો–ગતિસ્થિતિ આભમાં હોતી નથી. ૯૩.**

**અન્વયાર્થ** : [यस्मात्] જેથી [जिनवरैः] જિનવરોએ [सिद्धानाम्] સિદ્ધોની [उपरिस्थानं] લોકના ઉપર સ્થિતિ [प्रज्ञप्तम्] કહી છે, [तस्मात्] તેથી [गमनस्थानम् आकाशे न अस्ति] ગતિ–સ્થિતિ આકાશમાં હોતી નથી (અર્થાત્ ગતિ–સ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી) [इति जानीहि] એમ જાણો.

---

**तात्पर्यवृत्ति** : अथ स्थितपक्षं प्रतिपादयतिः – यस्मादुपरि स्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तं तस्माद्-गमनस्थानमाकाशे नास्ति जानीहीति । तथाहि – यस्मात्पूर्वगाथायां भणितं लोकाग्रेऽवस्थानं । केषां ? अंजनसिद्धपादुकासिद्धगुटिकासिद्धदिग्विजयसिद्धखड्गसिद्धादिलौकिकसिद्धविलक्षणानां सम्यक्त्वाद्यष्टगुणांत-र्भूतनिर्नामनिर्गोत्रामूर्तत्वाद्यनंतगुणलक्षणानां सिद्धानां तस्मादेव ज्ञायते नभसि गतिस्थितिकारणं नास्ति किंतु धर्माधर्मादेव गतिस्थित्योः कारणमित्यभिप्रायः ॥ ९३ ॥

**समयव्याख्या : स्थितिपक्षोपन्यासोऽयम् । यतो गत्वा भगवंतः सिद्धाः लोकोपर्यवतिष्ठंते, ततो गतिस्थितिहेतुत्वमाकाशे नास्तीति निश्चेतव्यम् । लोकालोकावच्छेदकौ धर्माधर्मावेव गतिस्थितिहेतू मंतव्याविति ॥ ९३ ॥**

**અનુવાદ : (ગતિપક્ષ સંબંધી કથન કર્યા પછી) આ, સ્થિતિપક્ષ સંબંધી કથન છે.**

**જેથી સિદ્ધભગવંતો ગમન કરીને લોકના ઉપર સ્થિર થાય છે (અર્થાત્ લોકના ઉપર ગતિપૂર્વક સ્થિતિ કરે છે), તેથી ગતિ–સ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી એમ નિશ્ચય કરવો; લોક અને અલોકનો વિભાગ કરનારા ધર્મ તથા અધર્મને જ ગતિ તથા સ્થિતિના હેતુ માનવા. ૯૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર]

આ ગાથામાં આકાશથી ધર્મ–અધર્મદ્રવ્ય જુદાં છે એમ ભેદજ્ઞાન કરાવે છે. જે વીતરાગ ભગવંતો અશરીરી દશાને પામ્યા તેમનું નિવાસસ્થાન લોકાગ્રે છે. માટે ત્યાં સુધી ક્ષેત્રાંતર થવામાં તેમ જ ત્યાં ટકવામાં નિમિત્તરૂપે થવાનો ગુણ આકાશનો નથી. આકાશના ગુણોથી ધર્મ–અધર્મના ગુણો જુદા છે. આકાશમાં ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ નથી એમ હે શિષ્ય ! તું જાણ.

**ભાવાર્થ** : શિષ્યે પ્રશ્ન પૂછેલ કે ધર્મ–અધર્મની શું જરૂર છે ? આકાશ ચેતન ને પુદ્‌ગલના ગમન–સ્થિતિમાં નિમિત્ત થાય તો શું વાંધો ? તેનો જવાબ આપે છે કે જો સિદ્ધ ભગવાનનું ગમન અલોકમાં થાય તો આકાશમાં ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ સંભવી શકે. જો તેમાં તે ગુણો હોય તો સિદ્ધ એમ ને એમ ચાલ્યા જવા જોઈએ. પણ સિદ્ધ ત્યાં ચાલ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જતા નથી, તે તો લોકાગ્રે રહે છે. લોકાગ્રેથી આગળ જવારૂપ કાર્ય થતું નથી માટે તે કાર્યમાં નિમિત્તકારણરૂપ ગુણો ગતિ–સ્થિતિ હેતુ અલોકમાં નથી એટલે કે આકાશમાં તે ગુણો નથી એમ સાબિત થાય છે. માટે ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ ધર્મ–અધર્મ દ્રવ્યમાં જ છે, કેમ કે ધર્મ–અધર્મદ્રવ્ય લોકાકાશમાં છે, આગળ નથી.

જેવી રીતે ધર્મ–અધર્મનાં કાર્યો આકાશ કરી ન શકે એમ નક્કી થયું તે ઉપરથી ન્યાય નીકળે છે કે કોઈ દ્રવ્યનું કામ બીજું કોઈ દ્રવ્ય કરી શકે નહિ. તેવી રીતે આત્મામાં અન્ય સાથે ઉતારવું. આત્માનું કાર્ય ગુરુ કરી આપે, અનુકૂળ કાળ કરી આપે, શરીર કરી આપે એમ માને તેને પરથી જુદા પડવાનો અવસર રહેતો નથી. જો આત્માને મન, વાણી, દેહની ક્રિયાથી ધર્મ થતો હોય તો મન, વાણી, દેહ આત્મામાં પેસી જાય, પર્યાયમાં વિકાર કર્મને લીધે થતો હોય તો કર્મ અને વિકાર એક થઈ જાય. જડથી આત્માને લાભ માનવામાં આવે તો આત્મા જડના ક્ષેત્રમાં પેસી જાય ને જડ આત્માના ક્ષેત્રમાં પેસી જાય પણ એમ બનતું નથી.

જો દયા–દાનાદિના ભાવથી ધર્મ થાય એમ માનવામાં આવે તો વિભાવ ને સ્વભાવ એક થઈ જાય. વિભાવ ક્ષણિક છે, અશુદ્ધ છે, સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. એ બે વચ્ચે મર્યાદા રહેતી નથી.

જે જીવ પરથી, શરીરથી ને વિકારથી ધર્મ માને છે તેને તે બધા સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. તેને પરથી છૂટા પડવાનું ગમતું નથી. પરથી જુદું પડવું તે મુક્તિ છે. તેથી અહીં બતાવે છે કે આકાશ ધર્મ–અધર્મનું કામ કરે તો સિદ્ધ લોકાગ્રે કરતાં દૂર જવા જોઈએ ને કોઈ મર્યાદા રહે નહિ. માટે દરેક તત્ત્વ જુદું છે. ધર્મદ્રવ્ય તે અધર્મદ્રવ્ય ને અધર્મદ્રવ્ય આકાશરૂપે નથી, આકાશ ધર્મ–અધર્મરૂપે નથી. દરેક દ્રવ્ય પોતાથી છે; બીજાથી નથી. તેમ આત્મા પોતાથી છે ને બીજાં પાંચ દ્રવ્યરૂપે નથી. વળી અનંતા આત્મામાં એક આત્મા પોતાથી છે ને બીજાથી નથી. એક આત્મા બીજાનું કાર્ય કરે તો તે પોતાનું ક્ષેત્ર છોડી પરમાં ચાલ્યો જાય. પણ એમ બનતું નથી.

ધર્મ–અધર્મનું કામ આકાશ કરતું નથી એમ સિદ્ધ કરીને ભેદજ્ઞાન કરાવે છે. પંચાસ્તિકાય ભેદજ્ઞાનનું કારણ છે. તેમાં દ્રષ્ટિનો વિષય આવી જાય છે. ૯૩.

---

**जदि हवदि गमणहेदू आगासं ठाणकारणं तेसिं ।**
**पसजदि अलोगहाणी लोगस्स च अंतपरिवड्ढी ॥ ९४ ॥**

**यदि भवति गमनहेतुराकाशं स्थानकारणं तेषाम् ।**
**प्रसजत्यलोकहानिर्लोकस्य चांतपरिवृद्धिः ॥ ९४ ॥**

**નભ હોય જો ગતિહેતુ ને સ્થિતિહેતુ પુદ્ગલ–જીવને,**
**તો હાનિ થાય અલોકની, લોકાન્ત પામે વૃદ્ધિને. ૯૪.**

**અન્વયાર્થ :** [यदि] જો [आकाशं] આકાશ [तेषाम्] જીવ-પુદ્ગલોને [गमनहेतुः] ગતિહેતુ અને [स्थानकारण] સ્થિતિહેતુ [भवति] હોય તો [अलोकहानिः] અલોકની હાનિનો [च] અને [लोकस्य अंतपरिवृद्धिः] લોકના અંતની વૃદ્ધિનો [प्रसजति] પ્રસંગ આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तात्पर्यवृत्ति** : अथाकाशस्य गतिस्थितिहेतुत्वाभावे साध्ये पुनरपि कारणं कथयति: – जदि हवदि यदि चेद्भवति । स कः ? गमणहेदू गमनहेतुः । किं ? आयासं आकाशं, न केवलं गमनहेतुः ठाणकारणं स्थितिकारणं । केषां ? तेसिं तेषां जीवपुद्गलानां । तदा किं दूषणं भवति ? पसजदि प्रसजति प्राप्नोति । सा का ? अलोगहाणी अलोकहानिः, न केवलमलोकहानिः लोगस्स य अंतपरिवड्ढी लोकस्य चांतपरिवृद्धिरिति । तद्यथा । यद्याकाशं गतिस्थित्योः कारणं च भवति तदा तस्याकाशस्य लोकबहिर्भागेपि सद्भावात्तत्रापि जीवपुद्गलानां गमनं भवति ततश्चालोकस्य हानिर्भवति लोकांतस्य तु वृद्धिर्भवति न च तथा, तस्मात्कारणात् ज्ञायते नाकाशं स्थितिगत्योः कारणमित्यभिप्रायः ।।९४।।

**समयव्याख्या : आकाशस्य गतिस्थितिहेतुत्वाभावे हेतूपन्यासोऽयम् । नाकाशं गतिस्थितिहेतुः लोकालोकसीमव्यवस्थायास्तथोपपत्तेः । यदि गतिस्थित्योराकाशमेव निमित्तमिष्येत्, तदा तस्य सर्वत्र सद्भावाज्जीवपुद्गलानां गतिस्थित्योर्निःसीमत्वात्प्रतिक्षणमलोको हीयते, पूर्वं पूर्वं व्यवस्थाप्यमानश्चांतो लोकस्योत्तरोत्तरपरिवृद्ध्या विघटते । ततो न तत्र तद्धेतुरिति ॥ ९४ ॥**

**અનુવાદ : અહીં, આકાશને ગતિસ્થિતિહેતુત્વનો અભાવ હોવા વિષે હેતુ રજૂ કરવામાં આવ્યો છે.**

**આકાશ ગતિ–સ્થિતિનો હેતુ નથી, કારણ કે લોક અને અલોકની સીમાની વ્યવસ્થા એ રીતે જ બની શકે છે. જો આકાશને જ ગતિ–સ્થિતિનું નિમિત્ત માનવામાં આવે, તો આકાશનો સદ્ભાવ સર્વત્ર હોવાને લીધે જીવ–પુદ્ગલોની ગતિ–સ્થિતિની કોઈ સીમા નહિ રહેવાથી પ્રતિક્ષણ અલોકની હાનિ થાય અને પહેલાં પહેલાં વ્યવસ્થાપિત થયેલો લોકનો અંત ઉત્તરોત્તર વૃદ્ધિને પામવાથી લોકનો અંત જ તૂટી પડે (અર્થાત્ પહેલાં પહેલાં નિશ્ચિત થયેલો લોકનો અંત પછી પછી આગળ વધતો જવાથી લોકનો અંત જ બની શકે નહિ). માટે આકાશને વિષે ગતિ–સ્થિતિનો હેતુ નથી. ૯૪.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર]

આ ગાથામાં લોક ને અલોક વચ્ચેનું ભેદજ્ઞાન કરાવે છે.

જો ધર્મ–અધર્મદ્રવ્ય નથી ને આકાશદ્રવ્ય જીવ–પુદ્ગલોને ગમન–સ્થિતિમાં સહકારીકારણ છે એમ માનવામાં આવે તો અલોકાકાશનો નાશ થશે ને લોકની વૃદ્ધિ થશે.

**ભાવાર્થ** : આકાશ જીવ–પુદ્ગલોને ગતિ–સ્થિતિનું કારણ નથી કેમ કે જો ગતિ–સ્થિતિમાં આકાશ કારણ હોય તો જીવો ને પુદ્ગલો અલોકમાં ચાલ્યા જાય ને તેથી લોક–અલોકની મર્યાદા રહે નહિ. લોક–અલોક વચ્ચે ભેદ પાડનાર ધર્મ–અધર્મદ્રવ્ય છે. લોક અને અલોકના ભેદ તો અનાદિથી છે, પણ દરેકના ગુણનું કાર્ય જુદું બતાવવું છે. તેથી કહ્યું કે આકાશમાં ગતિ–સ્થિતિગુણનો અભાવ છે. જો એમ ન હોય તો અલોકાકાશનો અભાવ થાય તથા લોકાકાશ અસંખ્યપ્રદેશપ્રમાણવાળાં ધર્મ–અધર્મદ્રવ્યોથી મોટો થઈ જાય અથવા સમસ્ત અલોકાકાશમાં જીવ-પુદ્ગલ ફેલાઈ જાય. માટે ગતિ–સ્થિતિ ગુણ આકાશનો નથી પરંતુ ધર્મ–અધર્મનો છે.

અહીં કહ્યું કે જીવ ને પુદ્ગલ ગતિ કર્યા કરે તો અસંખ્ય જોજન સુધી જાય પણ અનંત જોજન સુધી ન જાય. જો અનંત જોજન સુધી જાય તો લોક-અલોકના ક્ષેત્રની મર્યાદા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેતી નથી. અલોકનો અભાવ થાય ને લોક વધી જાય, પણ એમ બનતું નથી. તેની મર્યાદા અસંખ્યપ્રદેશી લોકાકાશમાં અસંખ્ય જોજન સુધીની છે. તે દૃષ્ટાંત આત્મામાં ઉતારે છે.

હું આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, શરીર–મન–વાણી પર છે ને વિકાર એક સમયની અશુદ્ધતા છે, પણ ત્રિકાળી સ્વભાવમાં અશુદ્ધતા નથી એવું ભાન કરીને સાધક જીવને મુક્ત દશા પ્રાપ્ત કરતાં અનંતકાળ લાગે તો મુક્તિના અભાવનો પ્રસંગ આવે. જેમ દૃષ્ટાંતમાં અલોકના અભાવનો પ્રસંગ આવતો હતો તેમ અહીં મુક્તિના અભાવનો પ્રસંગ આવે. પણ જેમ જડ તથા ચેતન પદાર્થોને ગતિ કરવામાં લોકના અસંખ્યપ્રદેશો જ નિમિત્ત છે, અનંતપ્રદેશો નિમિત્ત નથી, તેમ આત્મા પોતાના સ્વભાવનું સાધન કરી મુક્તદશા પામે તો અસંખ્ય સમય જ લાગે, અનંત સમય ન લાગે. સાધક જીવને કેવળજ્ઞાન લેતાં અનંત સમયો થાય નહિ, અસંખ્ય સમયમાં જ તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

કોઈ કહે કે જે જીવો સમ્યક્ત્વથી પડી જાય છે તેને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ તો થાય છે ને નરક–નિગોદના ભવ પણ થાય છે. તો તેનો ખુલાસો એમ છે કે સમકિત વમી નાખ્યું માટે સાધક રહેતો નથી, તે બાધકમાં જાય છે. અહીં તો સ્વભાવનું ભાન કરી જે સાધક રહે છે તેની વાત ચાલે છે. તેને એક–બે ભવ લાગે તોપણ તે અસંખ્ય સમય છે, અનંતકાળથી રખડ્યો છે, રખડતાં અનંતા સમયો લાગ્યા પણ ભાન થયા પછી કેવળ લેતાં અસંખ્ય સમય જ લાગે.

અહીં ગાથામાં બતાવે છે કે જીવ–પુદ્‌ગલોને ગતિ–સ્થિતિમાં આકાશને નિમિત્ત માનવામાં આવે તો નીચેના દોષ આવે છે.

(૧) સિદ્ધને ઉપર જવા માટે એક સમય જ લાગે એવો નિયમ છે. જો સિદ્ધ અનંત અલોકમાં ચાલ્યા જાય એમ માનવામાં આવે તો તેને એમ ને એમ ચાલતાં ચાલતાં અનંતા સમયો થાય.

(૨) સિદ્ધને એમ ને એમ ગતિ કરવાનું બાકી રહ્યું તેથી સિદ્ધની ગતિરૂપ કાર્યની કૃતકૃત્યતા ન થઈ.

(૩) લોકનાં દ્રવ્યો અલોકમાં જવાથી સમસ્ત જીવ–પુદ્‌ગલ ત્યાં ફેલાઈ જવાથી અલોકના અભાવનો પ્રસંગ આવે.

(૪) લોકની મર્યાદા અસંખ્યપ્રદેશની છે તે મર્યાદા તૂટી જશે, ને લોક વધી જશે.

આ પ્રમાણે દોષ આવે છે, માટે ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ આકાશનો નથી. વળી આકાશને મર્યાદા નથી, ને સિદ્ધ ચાલ્યા જતાં જતાં ક્યાંક અટકી જાય છે એમ તું મર્યાદા કરવા જઈશ તો ત્યારે પણ તે કાર્યને બીજા દ્રવ્યના ગુણનું કાર્ય માનવું પડશે; કારણ કે આકાશ તો અમર્યાદિત છે, ને સિદ્ધ ગમે ત્યાં અટકશે તો ત્યાં બે ભાગલા થઈ જશે. ને આકાશ અમર્યાદિત હોવાથી ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ આકાશનો નથી એમ કબૂલ કરવું પડશે. આમ સિદ્ધને ગતિ–સ્થિતિ કરવામાં ધર્મ–અધર્મદ્રવ્ય નિમિત્ત છે એમ સ્થાપવું પડશે. માટે જ્યાં સુધી ધર્મ–અધર્મદ્રવ્યો પોતાના અસંખ્ય પ્રદેશોમાં સ્થિત છે ત્યાં સુધી લોકાકાશ છે ને ત્યાં સુધી ગમન–સ્થિતિ છે. ૯૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तम्हा धम्माधम्मा गमणट्ठिदिकारणाणि णागासं ।**
**इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं ॥ ९५ ॥**

**तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे नाकाशम् ।**
**इति जिनवरैः भणितं लोकस्वभावं शृण्वताम् ॥ ९५ ॥**

**તેથી ગતિસ્થિતિહેતુઓ ધર્માધરમ છે, નભ નહીં;**
**ભાખ્યું જિનોએ આમ લોકસ્વભાવના શ્રોતા પ્રતિ. ૯૫.**

**અન્વયાર્થ** : [तस्मात्] તેથી [गमनस्थितिकारणे] ગતિ અને સ્થિતિનાં કારણ [धर्माधर्मौ] ધર્મ અને અધર્મ છે, [न आकाशम्] આકાશ નહિ. [इति] આમ [लोकस्वभावं शृण्वताम्] લોકસ્વભાવના શ્રોતાઓ પ્રત્યે [जिनवरैः भणितम्] જિનવરોએ કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति** : अथाकाशस्य गतिस्थितिकारणनिराकरणव्याख्यानोपसंहारः कथ्यते, – तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे न चाकाशं इति जिनवरैर्भणितं । केषां संबन्धित्वेन ? भव्यानां । किं कुर्वतां । समवसरणे लोकस्वभावं श्रृण्वतामिति भावार्थः ॥ ९५ ॥

**समयव्याख्या : आकाशस्य गतिस्थितिहेतुत्वनिरासव्याख्योपसंहारोऽयम् । धर्माधर्माविव गतिस्थिति-कारणे नाकाशमिति ॥ ९५ ॥**

**અનુવાદ : આ, આકાશને ગતિ–સ્થિતિહેતુત્વ હોવાના ખંડન સંબંધી કથનનો ઉપસંહાર છે. ધર્મ અને અધર્મ જ ગતિ અને સ્થિતિનાં કારણ છે, આકાશ નહિ. ૯૫.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર]

હવે આકાશનો ગતિ–સ્થિતિકારણ ગુણ નથી એમ સંક્ષેપથી બતાવે છે.

યુક્તિથી વાત સિદ્ધ કર્યા પછી કહે છે કે ભગવાન પણ આમ જ કહે છે એ બતાવે છે.

વર્તમાન સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ને પૂર્વે મહાવીર ભગવાન અહીં તીર્થંકરપણે હતા. તેમના દિવ્યધ્વનિને જે સાંભળનારા હતા તેને ભગવાને એમ કહ્યું છે કે ધર્મ–અધર્મદ્રવ્ય ગમન ને સ્થિતિમાં નિમિત્તકારણ છે, આકાશ ગમન–સ્થિતિમાં કારણ નથી. છયે દ્રવ્યો સ્વતંત્ર છે એવો લોકનો સ્વભાવ છે. ભગવાને છ દ્રવ્યો પૃથક્ પૃથક્ કહ્યાં છે. જો તું શરીરથી આત્માનું કાર્ય માને ને તારા જ્ઞાન માટે શરીર, મન, પુસ્તક આદિની જરૂર પડે એમ માનીશ તો તારા ગુણની હાનિ થશે. કોઈનું કાર્ય કોઈથી થતું નથી. પણ ભવ્ય જીવોને ભગવાને આ વાત કરી છે; અભવી તો ભગવાનના સમવસરણમાં પ્રવેશ કરી શકતા નથી. કોરડુ મગ લાખો મણ પાણીમાં ચોડવે તો ઓગળે નહિ પણ ભરડે ભૂકો થાય તેમ અભવી જીવને સાચો ઉપદેશ મળે તોપણ તે જ્ઞાનથી ઓગળતો નથી પણ પુણ્ય–પાપથી ઓગળવા માગે છે. તેવા અભવી જીવ ક્રિયાકાંડ કરીને ભૂકા થાય ને પુણ્ય–પરિણામથી સ્વર્ગાદિમાં જાય પણ પાછા પાપ કરી નરકમાં જાય, ચાર ગતિની રખડપટીમાંથી કદી છૂટે નહિ.

ભગવાન ભવ્ય જીવોને વાત સંભળાવે છે. (સમ્યક્ પ્રકારે ભવ્ય જીવો બાર સભારૂપે ભેગા થાય તેને સમવસરણ કહે છે.) ભગવાન કહે છે કે હે ભવ્ય જીવો ! જૈનદર્શન તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુદર્શન છે, તે સ્વભાવ–સ્વરૂપ છે. આકાશ અનંત દ્રવ્યોને અવગાહન આપે એવા સ્વભાવવાળું છે, ધર્મ અનંતા જીવ–પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય એવા સ્વભાવવાળું છે, અધર્મ ગતિપૂર્વક અનંતા જીવ–પુદ્‌ગલને સ્થિતિમાં નિમિત્ત થાય તેવા સ્વભાવવાળું છે, કાળ અનંતાને પરિણમનમાં નિમિત્ત થાય, પરમાણુ એક સમયમાં ચૌદ રાજુલોક જાય તેવો તથા સ્પર્શાદિની તારતમ્યતામાં અનંત પ્રકારના ભાવવાળો છે. ને જીવ એકલો જ્ઞાનાનંદ સ્વભાવી સ્વ ને પર બધાને જાણવાવાળો છે. આમ છયે દ્રવ્યો સ્વતંત્ર છે, એમ જ્ઞાન કરી પરથી જુદાપણું–વિભક્તપણું ને સ્વથી એકત્વપણું સાધે છે તે ધર્મી છે, તેણે ભગવાનની વાણી સાંભળી છે.

જે જીવ કોઈ પણ એક દ્રવ્યનો સ્વભાવ ઉડાડે, ધર્મ–અધર્મના ગતિ–સ્થિતિહેતુત્વ ગુણને ઉડાડે ને કાળને ઉડાડે તે જીવ પરથી જુદાઈ ને સ્વમાં એકત્વ કરતો નથી. પરથી જુદા થયા વિના સ્વમાં એકત્વ થતું નથી.

એક પરમાણુ ચૌદ રાજુલોક સુધી કોઈની પણ સહાય વિના એક સમયમાં જાય તેનું કારણ ? કારણ તેનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. જે સ્વભાવ હોય તે જાય નહિ ને જે નવું થાય તે સ્વભાવ કહેવાય નહિ. રાગદ્વેષમાં અટકવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. સાચી સમજણ થતાં જ્ઞાનપર્યાયે પોતાના જ્ઞાનસ્વભાવમાં ગમન કર્યું ને પરથી વિભક્ત થઈ, રાગ–દ્વેષથી વિભક્ત થઈ સ્વભાવમાં એકત્વ કર્યું તેણે ભગવાનની વાણી સાંભળી છે. જે જીવે વાણી સાંભળવા છતાં સ્વભાવને જાણ્યો નથી તેને આ વાત બેઠી નથી. તેને વાણી સાંભળવાવાળો કહ્યો નથી. જેણે પોતાના સ્વભાવને જાણ્યો તેણે વાણી સાંભળી છે એમ કહ્યું છે. છ દ્રવ્યનું સ્વરૂપ ભગવાન ઇચ્છારહિતપણે કહે છે, વાણી તથા ભગવાનને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવાથી ભગવાને કહ્યું એમ કહેવામાં આવે છે. ૯૫.

---

**धम्माधम्मागासा अपुधब्भूदा समाणपरिमाणा ।**
**पुधगुवलद्धिविसेसा करिंति एगत्तमण्णत्तं ॥ ९६ ॥**

**धर्माधर्माकाशान्यपृथग्भूतानि समानपरिमाणानि ।**
**पृथगुपलब्धिविशेषाणि कुर्वंत्येकत्वमन्यत्वम् ॥ ९६ ॥**

**ધર્માધરમ-નભને સમાનપ્રમાણયુત અપૃથક્ત્વથી,**
**વળી ભિન્નભિન્ન વિશેષથી, એકત્વ ને અન્યત્વ છે. ૯૬**

**અન્વયાર્થ :** [धर्माधर्माकाशानि] ધર્મ, અધર્મ અને આકાશ (લોકાકાશ) [समानपरिमाणानि] સમાન પરિમાણવાળાં [अपृथग्भूतानि] અપૃથગ્ભૂત હોવાથી તેમ જ [पृथगुपलब्धिविशेषाणि] પૃથક્-ઉપલબ્ધ (ભિન્નભિન્ન) વિશેષવાળાં હોવાથી [एकत्वम् अन्यत्वम्] એકત્વ તેમ જ અન્યત્વને [कुर्वंति] કરે છે.

---

तात्पर्यवृत्ति : एवं धर्माधर्मौ गतिस्थित्योः कारणं न चाकाशमिति कथनरूपेण द्वितीयस्थले गाथाचतुष्टयं गतं । अथ धर्माधर्माकाशानामेकक्षेत्रावगाहत्वाद्व्यवहारेणैकत्वं निश्चयेन भिन्नत्वं दर्शयति, – **धम्माधम्मागासा** धर्माधर्मलोकाकाशद्रव्याणि भवन्ति । किंविशिष्टानि **अपुधभूदा समाणपरिमाणा** व्यवहार-नयेनापृथग्भूतानि तथा समानपरिमाणानि च । पुनश्च किंरूपाणि ? **पुधगुवलद्धिविसेसा** निश्चयेन पृथग्रूपेणोपलब्धिविशेषाणि । इत्थंभूतानि संति किं कुर्वन्ति ? **करेंति** कुर्वन्ति **एयत्तमण्णत्तं** व्यवहारेणैकत्वं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयेनान्यत्वं चेति । तथाहि – यथायं जीवः पुद्गलादिपंचद्रव्यैः सह शेषजीवांतरैश्चैकक्षेत्रावगाहित्वाद्व्यवहारेणैकत्वं करोति निश्चयेन तु समस्तवस्तुगतानंतधर्मयुगपत्प्रकाशेन परमचैतन्यविलासलक्षणज्ञानगुणेन भिन्नत्वं च तथा धर्माधर्मलोकाकाशद्रव्याण्येकक्षेत्रावगाहेनाभिन्नत्वात्समानपरिमाणत्वाद्योपरितासद्भूतव्यवहारेण परस्परमेकत्वं कुर्वन्ति निश्चयनयेन गतिस्थित्यवगाहरूपस्वकीयस्वकीयलक्षणैर्नानात्वं चेति सूत्रार्थः ॥९६ ॥

**समयव्याख्या : धर्माधर्मलोकाकाशानामवगाहवशादेकत्वेऽपि वस्तुत्वेनान्यत्वमत्रोक्तम् । धर्माधर्मलोकाकाशानि हि समानपरिमाणत्वात्सहावस्थानमात्रेणैवैकत्वभाञ्जि । वस्तुतस्तु व्यवहारेण गतिस्थित्यवगाहहेतुत्वरूपेण निश्चयेन विभक्तप्रदेशत्वरूपेण विशेषेण पृथगुपलभ्यमानेनान्यत्वभाञ्ज्येव भवंतीति ॥९६ ॥**

**—इति आकाशद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ : અહીં ધર્મ, અધર્મ અને લોકાકાશનું અવગાહની અપેક્ષાએ એકત્વ હોવા છતાં વસ્તુપણે અન્યત્વ કહેવામાં આવ્યું છે.**

**ધર્મ, અધર્મ અને લોકાકાશ સમાન પરિમાણવાળાં હોવાને લીધે સાથે રહેલાં હોવામાત્રથી જ (માત્ર એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ જ) એકત્વવાળાં છે; વસ્તુતઃ તો, (૧) વ્યવહારે ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વરૂપ (પૃથક્-ઉપલબ્ધ વિશેષ વડે) તથા (૨) નિશ્ચયે વિભક્તપ્રદેશત્વરૂપ પૃથક્-ઉપલબ્ધ વિશેષ વડે, તેઓ અન્યત્વવાળાં જ છે.**

**આ રીતે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર]

ધર્મ, અધર્મ ને આકાશ ત્રણેના ગુણ જુદા કહ્યા તો પછી ત્રણેનાં ક્ષેત્ર જુદાં હશે ? ના, એક ક્ષેત્રમાં રહ્યાં છે છતાં વિરોધ આવતો નથી, તે બતાવે છે. ઘરમાં જુદા જુદા માણસો હોય, કોઈ તીખી પ્રકૃતિના હોય, કોઈ શાંત હોય છતાં એક ઘરમાં સાથે રહે છે. (આ દૃષ્ટાંત છે) તેમ ધર્મ, અધર્મ ને આકાશના ગુણો જુદા હોવા છતાં ને સૌનાં કાર્ય જુદાં હોવા છતાં આકાશમાં એક જગ્યાએ રહેલાં છે. ને એક જગ્યાએ રહેવા છતાં પોતાનો સ્વભાવ છોડતાં નથી.

તેવી રીતે શરીર, કર્મ ને આત્મા એક ક્ષેત્રે હોવા છતાં દરેક પોતપોતાનો સ્વભાવ છોડતા નથી. કોઈ દલીલ કરે છે કે ''જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને હીણું કરે છે માટે જ્ઞાનાવરણીય કર્મ નામ આપ્યું.'' અહીં કહે છે કે ભાઈ, કર્મને લીધે તો જ્ઞાન હીણું થતું નથી પણ જીવ પોતે પોતાના કારણે જ્ઞાન હીણું કરે છે માટે કર્મને જ્ઞાનાવરણીય નામ આપ્યું છે એમ પણ નથી. તેનો સ્વભાવ અને તેનું નામ તેના કારણે છે. વળી તેનું નામ જ્ઞાનાવરણીય પડ્યું છે માટે અહીં જ્ઞાન હીણું થાય છે એમ પણ નથી. વિકાર અથવા હીનતા જીવ પોતાના કારણે કરે છે ને કર્મની અવસ્થા ને નામ કર્મને લીધે છે. બન્નેના સ્વભાવ ભિન્ન છે છતાં એકક્ષેત્રે રહે છે.

હવેની ગાથામાં બતાવે છે કે ધર્મ, અધર્મ ને આકાશ ત્રણે દ્રવ્યો એકક્ષેત્રે રહેલાં છે પરંતુ નિજસ્વરૂપથી ત્રણે જુદાં જુદાં છે.

ધર્મ, અધર્મ ને લોકાકાશ એ ત્રણ દ્રવ્યો વ્યવહારનયની અપેક્ષાથી એકક્ષેત્રાવગાહી છે. જ્યાં આકાશ છે ત્યાં ધર્મ, અધર્મ બન્ને દ્રવ્યો રહેલાં છે. કેવાં છે ત્રણે દ્રવ્યો ? ત્રણેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસંખ્ય પ્રદેશો સમાન છે. વળી કેવા છે ? નિશ્ચયનયથી જુદાં જુદાં જોવામાં આવે છે અથવા પોતાના સ્વભાવથી ટંકોત્કીર્ણ પોતપોતાની જુદી જદી સત્તાવાળાં છે. પથ્થરમાં ટાંકણાથી કોતરેલી મૂર્તિની જેમ જેવાં ને તેવાં છે. અહીં કહે છે કે સમ્યગ્જ્ઞાનરૂપી ટાંકણાથી ભેદ પાડ કે દરેક આત્મા ને જડપદાર્થો જુદેજુદા છે, કોઈ તેને લાવેલ નથી ને કોઈએ તેને મૂક્યા નથી. એક જગ્યાએ ૯૦ ફૂટનો સળંગ પથ્થર નીકળ્યો ને તેનો માનસ્તંભ બન્યો, તેવી રીતે દરેક દ્રવ્ય સળંગ આખું પડ્યું છે. જેમ પથ્થરમાં રગ હોય ત્યાંથી તે જુદો પડી જાય છે તેમ દરેક આત્મા, પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ વચ્ચે સ્વભાવ અપેક્ષાએ ભેદ છે તેથી તે જુદા પડી જાય છે.

અહીં કહ્યું કે ધર્મ, અધર્મ, આકાશ વ્યવહારનયથી એકક્ષેત્રાવગાહી છે તેથી એકભાવરૂપ કહેવાય છે ને નિશ્ચયનયથી ત્રણે પોતપોતાની સત્તાથી ભેદભાવને કરે છે. આ પ્રમાણે ત્રણે દ્રવ્યોનું સ્વરૂપ વ્યવહાર–નિશ્ચયથી એકરૂપ જાણવું.

તે દૃષ્ટાંતે શરીર, કર્મ ને આત્મા આકાશક્ષેત્રની અપેક્ષાએ એકક્ષેત્રાવગાહી કહેવાય પણ પરમાર્થથી ત્રણેનાં કાર્ય જુદેજુદાં છે, કોઈ કોઈને મદદ કરતું નથી. જેમ પાણીમાં કાંકરા હોવા છતાં એકબીજારૂપ થતા નથી, સ્વતંત્ર રહ્યા છે, તેમ ચૈતન્ય ને શરીર, કર્મ આદિ જડ એકક્ષેત્રે હોવા છતાં પોતાનો સ્વભાવ કદી છોડતા નથી. આમ પરથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૯૬.

---

**आगासकालजीवा धम्माधम्मा य मुत्तिपरिहीणा ।**
**मुत्तं पुग्गलदव्वं जीवो खलु चेदणो तेसु ॥ ९७ ॥**

**आकाशकालजीवा धर्माधर्मौ च मूर्तिपरिहीनाः ।**
**मूर्तं पुद्गलद्रव्यं जीवः खलु चेतनस्तेषु ॥ ९७ ॥**

**આત્મા અને આકાશ, ધર્મ, અધર્મ, કાળ અમૂર્ત છે,**
**છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય; તેમાં જીવ છે ચેતન ખરે. ૯૭.**

**અન્વયાર્થ** : [आकाशकालजीवाः] આકાશ, કાળ, જીવ, [धर्माधर्मौ च] ધર્મ અને અધર્મ [मूर्तिपरिहीनाः] અમૂર્ત છે, [पुद्गलद्रव्यं मूर्तं] પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે. [तेषु] તેમાં [जीवः] જીવ [खलु] ખરેખર [चेतनः] ચેતન છે.

---

**तात्पर्यवृत्ति** : एवं धर्माधर्मलोकाकाशानामेकत्वान्यत्वकथनरूपेण तृतीयस्थले गाथासूत्रं गतं । इति पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये गाथासप्तकपर्यंतं स्थलत्रयेणाकाशास्तिकायव्याख्यानरूपः सप्तमोंतराधिकारः समाप्तः । तदनंतरमष्टगाथापर्यंतं पंचास्तिकायषड्द्रव्यचूलिकाव्याख्यानं करोति । तत्र गाथाष्टकमध्ये चेतनाचेतनमूर्तामूर्तत्वप्रतिपादनमुख्यत्वेन ''आयासं' इत्यादि गाथासूत्रमेकं, अथ सक्रियनिः-क्रियत्वमुख्यत्वेन ''जीवा पोग्गलकाया'' इत्यादि सूत्रमेकं, पुनश्च प्रकारांतरेण मूर्तामूर्तत्वकथनमुख्यत्वेन ''जे खलु इंदियगेज्झा'' इत्यादि सूत्रमेकं, अथ नवजीर्णपर्यायादिस्थितिरूपो व्यवहारकालः जीवपुद्गलादीनां पर्यायपरिणतेः सहकारिकारणभूतः कालाणुरूपो निश्चयकाल इति कालद्वयव्याख्यानमुख्यत्वेन ''कालो परिणामभवो'' इत्यादि गाथाद्वयं, तस्यैव कालस्य द्रव्यलक्षणसंभवात् द्रव्यत्वं द्वितीयादिप्रदेशाभावाद-कायत्वमिति प्रतिपादनमुख्यत्वेन ''एदे कालागासा'' इत्यादि सूत्रमेकं, अथ पंचास्तिकायांतर्गतस्य केवल-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानदर्शनरूपशुद्धजीवास्तिकायस्य वीतरागनिर्विकल्पसमाधिपरिणतिकाले निश्चयमोक्षमार्गभूतस्य भावनाफल-प्रतिपादनरूपेण "एवं पवयणसारं" इत्यादि गाथाद्वयं। इत्यष्टगाथाभिः षट्स्थलैश्चूलिकायां समुदाय-पातनिका। तद्यथा। द्रव्याणां मूर्तामूर्तत्वं चेतनाचेतनत्वं प्रतिपादयति, – स्पर्शरसगंधवर्णवत्या मूर्त्या रहितत्वादमूर्ता भवन्ति। ते के ? आकाशकालजीवधर्माधर्माः, किंतु जीवो यद्यपि निश्चयेनामूर्ताखंडैक-प्रतिभासमयत्वादमूर्तस्तथापि रागादिरहितसहजानंदैकस्वभावात्मतत्त्वभावनारहितेन जीवेन यदुपार्जितं मूर्तं कर्म तत्संसर्गाद्व्यवहारेण मूर्तोपि भवति स्पर्शरसगंधवर्णवत्त्वान्मूर्तं पुद्गलद्रव्यं संशयादिरहितत्वस्वपर-परिच्छित्तिसमर्थानंतचैतन्यपरिणतत्वाज्जीवः खलु चेतकस्तेषु स्वपरप्रकाशकचैतन्याभावात् शेषाण्यचेतनानीति भावार्थः ॥ ९७ ॥

**समयव्याख्या : अथ चूलिका। अत्र द्रव्याणां मूर्तामूर्तत्वं चेतनाचेतनत्वं चोक्तम्। स्पर्शरस-गंधवर्णसद्भावस्वभावं मूर्तं, स्पर्शरसगंधवर्णाभावस्वभावममूर्तम्। चैतन्यसद्भावस्वभावं चेतनं, चैतन्या-भावस्वभावमचेतनम्। तत्रामूर्तमाकाशं, अमूर्तः कालः, अमूर्तः स्वरूपेण जीवः पररूपावेशान्मूर्तोऽपि, अमूर्तो धर्मः, अमूर्तोऽधर्मः, मूर्तः पुद्गल एवैक इति। अचेतनमाकाशं, अचेतनः कालः, अचेतनो धर्मः, अचेतनोऽधर्मः, अचेतनः पुद्गलः, चेतनो जीव एवैक इति ॥९७॥**

**અનુવાદ : હવે ચૂલિકા છે. અહીં દ્રવ્યોનું મૂર્તામૂર્તપણું (મૂર્તપણું અથવા અમૂર્તપણું) અને ચેતનાચેતનપણું (ચેતનપણું અથવા અચેતનપણું) કહેવામાં આવ્યું છે.**

**સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે મૂર્ત છે; સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે તે અમૂર્ત છે. ચૈતન્યનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે ચેતન છે; ચૈતન્યનો અભાવ જેનો સ્વભાવ છે તે અચેતન છે. ત્યાં, આકાશ અમૂર્ત છે, કાળ અમૂર્ત છે, જીવ સ્વરૂપે અમૂર્ત છે, પરરૂપમાં પ્રવેશ દ્વારા (મૂર્ત દ્રવ્યના સંયોગની અપેક્ષાએ) મૂર્ત પણ છે, ધર્મ અમૂર્ત છે, અધર્મ અમૂર્ત છે; પુદ્‌ગલ જ એક મૂર્ત છે. આકાશ અચેતન છે, કાળ અચેતન છે, ધર્મ અચેતન છે, અધર્મ અચેતન છે, પુદ્‌ગલ અચેતન છે; જીવ જ એક ચેતન છે. ૯૭.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૮, ગુરુવાર]

હવે દ્રવ્યોમાં મૂર્તત્વ–અમૂર્તત્વ, ચેતનત્વ–અચેતનત્વ એ પ્રકારે ચાર ભાવ બતાવે છે.

આ જગતમાં છ વસ્તુ છે. તેના પૃથક્ પૃથક્ ભાવ છે. પાંચ જડ પદાર્થોનો દરેકનો ભાવ પોતપોતાનો પોતાથી અભેદ છે ને પરથી ભેદ છે. ચૈતન્યમય જીવનો પોતાનો ભાવ પોતાથી અભેદ છે ને પરથી ભેદ છે. અહીં કાળની વાત સાથે લઈ લીધી છે. આકાશદ્રવ્ય અમૂર્તિક છે, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી, તેવી રીતે આત્મામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી છતાં આત્મા ને આકાશના સ્વરૂપમાં ફેર છે. આકાશ અચેતન અમૂર્તિક છે ને આત્મા ચેતન અમૂર્તિક છે; તેવી રીતે કાળ, ધર્મ, અધર્મ, ત્રણેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી તેથી અમૂર્તિક છે, પણ અચેતન છે. જ્યારે આત્મા ચેતન અમૂર્તિક છે.

પુદ્‌ગલદ્રવ્ય મૂર્તિક છે, સ્પર્શ–રસ–ગંધ–વર્ણવાળું ને અચેતન છે. આત્મા ચેતન અમૂર્તિક છે. આ બતાવીને આત્મા પરપદાર્થોથી જુદો છે એમ કહે છે. જે પદાર્થો પોતાથી જુદા હોય તેનો ત્યાગ આત્મા કેવી રીતે કરે ? કુટુંબ, પૈસા, શરીર વગેરેથી આત્મા જુદો છે તેનો ત્યાગ આત્મા કરી શકતો નથી. અજ્ઞાની જીવ માને છે કે પરપદાર્થોને છોડે તે ત્યાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવાય ને **વળી દલીલ કરે છે કે જીવને જે અધ્યવસાન થાય છે તે શું પરના આશ્રય વિના થાય ?** માટે પરને છોડવા જોઈએ.

(૧) શરીર, કર્મ, પૈસો, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે સમસ્ત જડ ને ચેતન પદાર્થો તારાથી ત્રણે કાળ જુદા છે. પરવસ્તુ છોડવી પડતી નથી. તે તો છૂટી જ પડેલી છે, તે તારાથી ત્રણે કાળ જુદી છે માટે તેના ઉપરની દૃષ્ટિ છોડ.

(૨) શરીર, મન, વાણી આદિ પર પદાર્થોને હું છોડું છું એવી જે ભ્રાંતિ ને વિકાર – તે પણ છોડ્યો જતો નથી કેમ કે જે વિકાર અથવા દોષ થયો તેને શી રીતે છોડવો ? ને જે દોષ હજી થયો નથી તેને શી રીતે છોડવો ? માટે વિકાર છોડ્યો જતો નથી.

(૩) શરીરાદિ પર છે ને ભ્રાંતિ ને વિકાર તો એક સમયનો પર્યાય છે. હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું. મારામાં પરપદાર્થોનો ત્રણે કાળ અભાવ છે ને શુદ્ધ સ્વભાવમાં ક્ષણિક વિકારનો પણ અભાવ છે. આમ શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતિ થતાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી ને સ્થિરતા કરતાં અચારિત્રદશા ઉત્પન્ન થતી નથી. આને મિથ્યાત્વ ને રાગ–દ્વેષ છોડ્યાં એમ કથન કરવામાં આવે છે.

આમ વસ્તુસ્વરૂપના ભાન વિના ત્યાગી થઈ જાય ને બૈરાં–છોકરાં હું છોડું છું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પોતાના ધર્મનો ત્યાગ વર્તે છે. તેને સ્વધર્મત્યાગી કહ્યો છે. શરીર, કુટુંબ વગેરે પરવસ્તુ ભિન્ન હોવા છતાં તેને ઉપાધિ માની છે, હું તેનાં ગ્રહણ–ત્યાગ કરી શકું છું એ માન્યતા અજ્ઞાન છે. સ્વભાવનું યથાર્થ જ્ઞાન થતાં અજ્ઞાન ટળી જાય છે. આત્માના જ્ઞાન વિના વ્રત, તપ વગેરે કરે ને શાસ્ત્ર ભણે તોપણ તે રણમાં પોક સમાન છે.

આત્મા અમૂર્ત ને બીજાં ચાર દ્રવ્યો અમૂર્ત છે ને પુદ્ગલ એક મૂર્ત છે, આત્મા જાણનાર-દેખનાર છે. બીજાં પાંચ અચેતન છે, પરપદાર્થથી આત્માનો સ્વભાવ જુદો છે તેની રુચિ કરી પરને ગ્રહવા–મૂકવાની પર્યાયબુદ્ધિ છોડી સ્વ-અંતરરુચિ કરવી તે ધર્મ છે તે જ મોક્ષમાર્ગ છે.

કેટલાક જીવો કાળને ઉપચારિક દ્રવ્ય માને છે, કેટલાક કાળને અનંત દ્રવ્યો તરીકે માને એ બધી માન્યતા ભૂલવાળી છે. કાળ અસંખ્ય અચેતન અમૂર્તિક દ્રવ્ય છે. આત્મા તેનાથી જુદો ચેતન અમૂર્તિક છે. આમ ભેદજ્ઞાન કરાવે છે. કર્મ રૂપી–અચેતન છે, આત્મા તેનાથી જુદો છે, કર્મને લીધે જીવ હોય તો જીવનું જીવપણું રહેતું નથી ને જીવને લીધે કર્મ હોય તો કર્મનું જડપણું રહેતું નથી, કર્મ કર્મને લીધે ને જીવ જીવને લીધે છે, આમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૯૭.

---

**जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा ।**
**पुग्गलकरणा जीवा खंधा खलु कालकरणा दु ॥ ९८ ॥**

**जीवाः पुद्गलकायाः सह सक्रिया भवन्ति न च शेषाः ।**
**पुद्गलकरणा जीवाः स्कंधा खलु कालकरणास्तु ॥ ९८ ॥**

**જીવ-પુદ્ગલો સહભૂત છે સક્રિય, નિષ્ક્રિય શેષ છે;**
**છે કાળ પુદ્ગલને કરણ, પુદ્ગલ કરણ છે જીવને. ૯૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ** : [सह जीवाः पुद्गलकायाः] (બાહ્ય કરણ) સહિત રહેલા જીવો અને પુદ્ગલો [सक्रियाः भवन्ति] સક્રિય છે, [न च शेषाः] બાકીનાં દ્રવ્યો સક્રિય નથી (નિષ્ક્રિય છે); [जीवाः] જીવો [पुद्गलकरणाः] પુદ્ગલકરણવાળા (જેમને સક્રિયપણામાં પુદ્ગલ બહિરંગ સાધન હોય એવા) છે. [स्कंधाः खलु कालकरणाः तु] અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાળકરણવાળા (જેમને સક્રિયપણામાં કાળ બહિરંગ સાધન હોય એવા) છે.

---

**तात्पर्यवृत्ति** : एवं चेतनाचेतनमूर्तामूर्तप्रतिपादनमुख्यत्वेन गाथासूत्रं गतं । अथ द्रव्याणां सक्रियनिःक्रियत्वं कथयति; – जीवाः पुद्गलकाया सह सक्किरिया हवंति। सक्रिया भवंति । कथं ? सह । सह कोऽर्थः ? बहिरंगसहकारिकारणैः सहिताः । **ण य सेसा** न च जीवपुद्गलाभ्यां शेषद्रव्याणि सक्रियाणि । जीवानां सक्रियत्वे बहिरंगनिमित्तं कथ्यते **पोग्गलकरणा जीवा** मनोवचनकायव्यापाररूपक्रियापरिणतैर्निःक्रियनिर्विकारशुद्धात्मानुभूतिभावनाच्युतैर्जीवैर्ये समुपार्जिताः कर्मनोकर्मपुद्गलास्त एव करणं कारणं निमित्तं येषां ते जीवाः पुद्गलकरणा भण्यंते **खंदा** स्कंधाः स्कंधशब्देनात्र स्कंधाणुभेदभिन्नाद्द्विधा पुद्गला गृह्यंते । ते च कथंभूताः ? सक्रियाः । कैः कृत्वा ? **कालकरणेहिं** परिणामनिर्वर्तककालाणुद्रव्यैः **खलु** स्फुटं । अत्र यथा शुद्धात्मानुभूतिबलेन कर्मक्षये जाते कर्मनोकर्मपुद्गलानामभावात्सिद्धानां निःक्रियत्वं भवति न तथा पुद्गलानां । कस्मात् ? कालस्य सर्वदैव वर्णवत्या मूर्त्या रहितत्वादमूर्तः विद्यमानत्वादिति भावार्थः ॥ ९८ ॥

**समयव्याख्या : अत्र सक्रियनिष्क्रियत्वमुक्तम् । प्रदेशांतरप्राप्तिहेतुः परिस्पंदनरूपपर्यायः क्रिया । तत्र सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः जीवाः, सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः पुद्गलाः । निष्क्रियमाकाशं, निष्क्रियो धर्मः, निष्क्रियोऽधर्मः, निष्क्रियः कालः । जीवानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं कर्मनोकर्मोपचयरूपाः पुद्गला इति ते पुद्गलकरणाः । तदभावान्निःक्रियत्वं सिद्धानाम्। पुद्गलानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं परिणामनिर्वर्तकः काल इति ते कालकरणाः । न च कर्मादीनामिव कालस्याभावः । ततो न सिद्धानामिव निष्क्रियत्वं पुद्गलानामिति ॥ ९८ ॥**

અનુવાદ : અહીં (દ્રવ્યોનું) સક્રિયનિષ્ક્રિયપણું કહેવામાં આવ્યું છે.

પ્રદેશાંતરપ્રાપ્તિનો હેતુ (અન્ય પ્રદેશની પ્રાપ્તિનું કારણ) એવો જે પરિસ્પંદરૂપ પર્યાય, તે ક્રિયા છે. ત્યાં, બહિરંગ સાધન સાથે રહેલા જીવો સક્રિય છે; બહિરંગ સાધન સાથે રહેલા પુદ્ગલો સક્રિય છે. આકાશ નિષ્ક્રિય છે; ધર્મ નિષ્ક્રિય છે; અધર્મ નિષ્ક્રિય છે; કાળ નિષ્ક્રિય છે.

જીવોને સક્રિયપણાનું બહિરંગ સાધન કર્મ–નોકર્મના સંચયરૂપ પુદ્ગલો છે; તેથી જીવો પુદ્ગલકરણવાળા છે. તેના અભાવને લીધે (પુદ્ગલકરણના અભાવને લીધે) સિદ્ધોને નિષ્ક્રિયપણું છે (અર્થાત્ સિદ્ધોને કર્મ–નોકર્મના સંચયરૂપ પુદ્ગલોનો અભાવ હોવાથી તેઓ નિષ્ક્રિય છે.) પુદ્ગલોને સક્રિયપણાનું બહિરંગ સાધન પરિણામ-નિષ્પાદક કાળ છે; તેથી પુદ્ગલો કાળકરણવાળા છે.

કર્માદિકની માફક (અર્થાત્ જેમ કર્મ–નોકર્મરૂપ પુદ્ગલોનો અભાવ થાય છે તેમ) કાળનો અભાવ હોતો નથી; તેથી સિદ્ધોની માફક (અર્થાત્ જેમ સિદ્ધોને નિષ્ક્રિયપણું હોય છે તેમ) પુદ્ગલોને નિષ્ક્રિયપણું હોતું નથી. ૯૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૮, ગુરુવાર]

હવે છ દ્રવ્યોમાં કેટલાં ક્રિયાવાન છે ને કેટલાં નિષ્ક્રિય-સ્થિર છે તે બતાવે છે.

જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોમાં કેટલાકનો ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ છે (સિદ્ધનો નથી) તેમાં પર દ્રવ્ય નિમિત્ત છે. ધર્મ, અધર્મ, આકાશ ને કાળમાં ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ બિલકુલ નથી. રૂપાંતરપણું છે પણ ગતિરૂપ સક્રિયપણું નથી. જ્યાં છે ત્યાં અનાદિ-અનંત પડ્યા છે માટે તેમાં ગતિનું નિમિત્તપણું નથી, જીવ-પુદ્‌ગલમાં સક્રિયપણાની યોગ્યતા છે તો તેમાં નિમિત્તપણું છે.

તેમાં જીવદ્રવ્યની વાત કરે છે. જીવ સંસારદશામાં છે ત્યાં સુધી પોતાના કારણે ગતિ કરે છે તો તેમાં કર્મ અને શરીરને નિમિત્ત કહેવાય છે. જો કર્મ અને નોકર્મ જીવને ગતિ કરાવી દેતાં હોય તો બીજાં ચાર ધર્માદિ દ્રવ્યોને પણ ગતિ કરાવી દે. પણ તેમ બનતું નથી, કારણ કે તેના ઉપાદાનની લાયકાત નથી, જીવમાં ગતિ કરવાની લાયકાત છે તો કર્મ-નોકર્મને નિમિત્ત કહેવાય છે. નિગોદથી માંડીને કેવલી ભગવાન સુધીના આત્મા ક્ષેત્રાંતર પોતાના કારણે કરે છે તો કર્મ તથા શરીરને નિમિત્ત કહેવાય છે. જીવ મનુષ્યમાંથી દેવમાં જાય, ઘરે જાય, દુકાને જાય, ને તેમાં આત્માના પ્રદેશોનું ક્ષેત્રાંતર થાય છે તે પોતાના કારણે થાય છે, શરીરને લીધે કે કર્મને લીધે તે થતા નથી પણ પોતે ચાલે છે તો શરીર તથા કર્મને નિમિત્ત કહેવાય છે.

હવે પુદ્‌ગલ સ્કંધોની વાત કરે છે. લક્ષ્મી, મકાન, રોટલા, દાળ, ભાત વગેરે પુદ્‌ગલ સ્કંધો પોતપોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાનકારણ છે તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે. જુઓ, અહીં જીવનું નિમિત્તપણું પણ કાઢી નાખ્યું છે. મકાનો થાય છે તેમાં ઉપાદાનકારણ તો તે પરમાણુઓની યોગ્યતા છે, જીવને લીધે નથી. પણ નિમિત્તરૂપે જીવની ઇચ્છા કે જીવનું જ્ઞાન કે પૂર્વના પુણ્યની પણ ના પાડી છે. નિમિત્તરૂપે કાળને કહેલ છે, આ પુસ્તક અહીંથી ત્યાં ક્ષેત્રાંતર થાય છે તેમાં ઉપાદાન તો તેનું પોતાનું છે પણ આંગળી કે જીવની ઇચ્છા કે જ્ઞાનને નિમિત્ત પણ કહ્યું નથી, પણ કાળને નિમિત્ત કહેલ છે.

કોઈ જીવ કહે છે કે જીવ પરમાણુનું કાંઈ કરી શકે નહિ પણ સ્કન્ધનું તો કરી શકે ને ? જીવ શરીરને ચલાવી શકે ને ? એમ અજ્ઞાની માને છે. તે તત્ત્વના વાસ્તવિક સ્વરૂપને સમજતો નથી. શરીર, મન, વાણી વગેરે સ્કન્ધોને જીવ કરી શકતો નથી, પણ તેમાં તે નિમિત્ત પણ નથી. અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગો ઉપર જાય છે. ભલે પુદ્‌ગલ પુદ્‌ગલના કારણે ચાલે પણ તેમાં જીવ નિમિત્ત તો ખરો ને ? તે વાત અહીં ઉડાડી દીધી છે. મકાનો બને તેમાં જીવનો રાગ નિમિત્ત ખરો ને ? રોગ મટે તેમાં શાતાનો ઉદય ખરો ને ? આ લાકડી ઊંચી થઈ તેમાં જીવ નિમિત્ત ખરો ને ? આ બધી વાત ઉડાડી દીધી. જીવની ઇચ્છાને કે બીજાં પુદ્‌ગલને નિમિત્ત લીધાં નથી. તારું નિમિત્તપણું પણ તેમાં નથી. **આઠ કર્મો બંધાય છે તે તો તેના કારણે બંધાય છે પણ તેમાં જીવનો રાગ કે ઇચ્છા નિમિત્ત ખરાં ને ?** રોટલી થાય તેમાં બાઈની ઇચ્છા નિમિત્ત ખરી ? પરમાણુઓ પોતાના કારણે ભાષા રૂપે થાય તેમાં નિમિત્ત કોણ ? જ્ઞાની કે અજ્ઞાનીની ઇચ્છા નિમિત્ત ખરી ? કેવળીની વાણીને યોગનું નિમિત્ત ખરું ? આ બંગલા થયા, પૈસા આવ્યા તેમાં જીવના જ્ઞાન ને રાગ નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરા ? ના, તે પુદ્‌ગલ સ્કન્ધોનું ઉપાદાનકારણ તો તે પરમાણુઓ છે, **જીવની ઈચ્છા કે જ્ઞાન નિમિત્ત પણ નથી, પણ કાળ નિમિત્ત છે. સ્વકાળે પરિણમતાં પુદ્‌ગલોને માત્ર કાળ નિમિત્ત છે. એમ કહી સૂક્ષ્મ ભેદજ્ઞાન કરાવ્યું છે,** તે તે પુદ્‌ગલોના પરિણમનનો તે સ્વકાળ છે માટે તેના ઉપરથી દૃષ્ટિ ફેરવ.

અહીં અસ્તિકાયનું સ્વરૂપ બતાવે છે. જીવદ્રવ્યમાં કહ્યું કે દ્રવ્ય–ગુણ તો સ્વતંત્ર પણ જીવના પ્રદેશોનું ક્ષેત્રાંતર થવું, એક ગતિથી બીજી ગતિમાં જવું તેમાં જીવની પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે ને તેમાં કર્મ–નોકર્મને નિમિત્તકારણ કહ્યું છે. **ને પરમાણુના સ્કંધોમાં દ્રવ્ય–ગુણ તો સ્વતંત્ર છે પણ તે ક્ષેત્રાંતર થાય તે પોતાના કારણે છે. બીજાને લીધે તો નથી પણ તેમાં જીવની ઈચ્છા કે પુદ્‌ગલો નિમિત્ત નથી, માત્ર કાળ નિમિત્ત છે.** શાક સુધારતી વખતે જીવની ઈચ્છા, આંગળી નિમિત્ત ખરાં ? દવાખાનાં થયાં તેમાં જીવનો શુભભાવ નિમિત્ત ખરો ? ના, જીવ નિમિત્ત પણ નથી, માત્ર કાળદ્રવ્ય નિમિત્ત છે એમ કહી સૂક્ષ્મતા બતાવે છે.

ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ ચાર તો અરૂપી છે. અક્રિય છે. અર્થાત્ તેમાં ક્ષેત્રાંતર નથી માટે તેના નિમિત્તની તો વાત લેવી નથી, પણ જીવમાં જે રૂપાંતર થાય છે ને જ્ઞાન, દર્શનાદિ ગુણોની અવસ્થા પલટાય છે તે ભાવ છે ને પુદ્‌ગલોમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ભાવો પલટાય છે તેની પણ વાત નથી. **અહીં તો બન્ને દ્રવ્યના ક્ષેત્રાંતરની ક્રિયાની વાત લેવી છે.** લાકડીનું ઊંચું થવું તથા બીજા સ્કન્ધોનું ક્ષેત્રાંતર થવું તે તેના કારણે છે પણ તેમાં જીવનું નિમિત્તપણું નહિ કહેતાં કાળને નિમિત્ત કહેવામાં આવેલ છે. અહીં કાળદ્રવ્યને સિદ્ધ કરે છે, કોઈ કાળને ઉપચાર માને, કોઈ અનંત કાળદ્રવ્યો માને તો તે બધી વાત ખોટી છે. આ જગતમાં અસંખ્ય કાળાણુ છે તે પુદ્‌ગલની સક્રિયતામાં નિમિત્ત થાય છે.

પુદ્‌ગલો જે સક્રિય છે તેનું સક્રિયપણું કાયમ રહે છે માટે તેના નિમિત્તરૂપે કાયમ રહે તેવું નિમિત્ત જોઈએ. જીવ સંસારદશામાં કાયમ રહેતો નથી, જો જીવ સંસારમાં કાયમ રહે તો તેનો સંસાર કદીએ ટળે નહિ. પુદ્‌ગલનો તો સક્રિય સ્વભાવ ત્રિકાળ છે, તેના નિમિત્ત તરીકે કાળદ્રવ્ય જે ત્રિકાળ છે તે લીધું પણ જીવ લીધો નહિ, કેમ કે જીવ નિમિત્તરૂપે સદાય રહ્યા કરે તો જીવની કદી મુક્તિ થાય નહિ. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છે, વિકાર તેનું ખરું સ્વરૂપ નથી, ત્રિકાળ સ્વરૂપ તો શુદ્ધ છે માટે પુદ્‌ગલોના સ્કન્ધમાં તેનું નિમિત્તપણું પણ નથી. પુદ્‌ગલોમાં જીવનું નિમિત્તપણું માનવામાં આવે તો પુદ્‌ગલો તો સદાય છે, તો તેની સાથે નિમિત્તપણાનો જીવનો સંબંધ કદી છૂટશે નહિ ને તેથી સ્વભાવ તરફ દૃષ્ટિ કરવાનો અવકાશ પણ રહેશે નહિ, માટે પુદ્‌ગલનું સક્રિયપણું ત્રિકાળ છે તેની સાથે કાળદ્રવ્ય ત્રિકાળ છે તેને નિમિત્ત લીધું. કોઈ પૂછે કે આમાં ધર્મ શું આવ્યો ? **અનાદિ કાળથી જીવને પરપદાર્થો સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. પુદ્‌ગલ સ્કન્ધો ભલે તેના કારણે પરિણમે પણ હું તેમાં નિમિત્ત ખરો ને ? તેનો અહીં નિષેધ કરે છે. ભાઈ, પુદ્‌ગલને નિમિત્ત થવાનો તારો સ્વભાવ નથી માટે પરપદાર્થો પ્રત્યેની સંયોગી દૃષ્ટિ છોડીને શુદ્ધ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કર.**

**ભાવાર્થ :** એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગમન કરવું તેને ક્રિયા કહે છે. છ દ્રવ્યોમાંથી જીવ ને પુદ્‌ગલ ક્ષેત્રાંતર કરે છે તથા કંપરૂપ અવસ્થાને ધારણ કરે છે તેથી તે બે દ્રવ્યો ક્રિયાવંત છે ને બાકીનાં ચાર દ્રવ્યો નિષ્ક્રિય ને નિષ્કંપ છે. જીવદ્રવ્યની ક્રિયામાં બહિરંગનિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ–નોકર્મરૂપ પુદ્‌ગલ છે, તેના નિમિત્તે જીવ વિકારરૂપ પરિણમન કરે છે. જીવ પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવની પ્રતીતિ છોડી સક્રિય શરીરનો સંગ કરે છે તો વિકાર થાય છે. શરીર, કર્મ વગેરે તો નિમિત્તમાત્ર છે. નિમિત્તને છોડવું નથી. પરપદાર્થને નિમિત્ત બનાવવું કે ઉડાડવું તે તારા હાથમાં છે એટલે કે તું રાગ–દ્વેષ કર તો શરીર અને કર્મને નિમિત્ત કહેવાય ને રાગ–દ્વેષ ન કર તો શરીર અને કર્મને નિમિત્ત પણ ન કહેવાય.

વળી જીવનું સ્વરૂપ સક્રિયપણું કાયમ રહેતું નથી. ચૈતન્યસ્વભાવ જ્ઞાનમૂર્તિ અરૂપી ગુણનો પિંડ છે, શરીર પર છે. વિકાર કૃત્રિમ છે, સ્વભાવ વિકારરહિત છે. આમ ભાન કરી સ્વ પર્યાયના પુરુષાર્થ વડે જીવ પોતે શુદ્ધ દશાને પામે ત્યારે પુદ્‌ગલકર્મ ને નોકર્મનો અભાવ થાય છે. ક્ષેત્રાંતર થવું તે જીવની સ્વાભાવિક ક્રિયા નથી. જો તે સ્વાભાવિક વસ્તુ હોય તો કદી છૂટે નહિ, નિષ્ક્રિયરૂપે રહેવું ને સિદ્ધદશારૂપે થવું તે સ્વાભાવિક દશા છે. જીવ પોતે જ્ઞાતા–દ્રષ્ટાપણે રહી સ્થિરતા કરે તો સ્વાભાવિક, નિષ્ક્રિય, નિષ્કંપ અવસ્થારૂપ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે. આ કારણથી પુદ્‌ગલનું નિમિત્ત પામીને જીવ ક્રિયાવાન જાણવો. 'નિમિત્ત પામીને' એનો અર્થ એ છે કે જીવમાં નૈમિત્તિક પર્યાય થઈ છે તો પુદ્‌ગલને નિમિત્ત કહ્યું છે. જીવની ક્રિયાનો કાળ ને તે વખતે પુદ્‌ગલનો કાળ એકસાથે છે એમ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવે છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૯, શુક્રવાર]

આ જગતમાં છ પદાર્થો છે, તેના દ્રવ્ય–ગુણ સ્વતંત્ર છે, તેની ક્ષેત્રાંતર થવાની પર્યાય પણ સ્વતંત્ર છે, પણ અજ્ઞાનીને ભ્રમ પડે છે કે મારા કારણે સ્કન્ધો ખસે છે, તેને કહે છે કે ભાઈ, તારા કારણે ખસતા નથી. તેઓ તેના કારણે ખસે છે. તેમાં તારું નિમિત્તપણું પણ નથી, એમ અહીં બતાવવું છે, જીવ તથા પુદ્‌ગલ બન્નેને ક્ષેત્રાંતર થવામાં સામાન્ય નિમિત્ત તો ધર્માસ્તિકાય છે પણ અહીં વિશેષ નિમિત્ત બતાવવું છે, ને તેથી જીવની ક્ષેત્રાંતર ક્રિયામાં પુદ્‌ગલને નિમિત્ત કહ્યું ને પુદ્‌ગલસ્કન્ધોના ક્ષેત્રાંતરમાં કાળને નિમિત્ત કહ્યું છે.

આ પથ્થર, લૂગડાં, દાળ, ભાત આવે–જાય છે ને શરીરની ગતિ થાય છે, તે તો તેના કારણે થાય છે, તેમાં અરૂપી કાળ નિમિત્ત છે. અહીં ''कालका बहिरंग कारण पाकर'' એવા શબ્દો લખ્યા છે. તો શું કાળને ખબર છે, હું આ સ્કન્ધને નિમિત્ત થાઉં ? પુદ્‌ગલ સ્કન્ધોમાં નૈમિત્તિક અવસ્થા થાય છે ત્યારે કાળને નિમિત્ત કહેવાય છે, એવો તેનો અર્થ છે.

અજ્ઞાની જીવ માને છે કે મારી હોશિયારીથી પૈસા આવે છે ને તે જડ પદાર્થોની વ્યવસ્થા હું કરી શકું છું એમ માનનાર મૂઢ છે. અજ્ઞાની જીવ મફતનું અભિમાન કરીને રખડે છે. પૈસાનું આવવું–જવું, શરીરમાં લોહીનું ફરવું, ચોપડીઓ આવવી–જવી તે બધું જીવને લીધે તો નથી પણ તે પરમાણુના આવવા–જવામાં ઉપાદાનકારણ તો તે પરમાણુઓ પોતે છે ને નિમિત્તકારણ કાળદ્રવ્ય છે, એમ અહીં કહ્યું છે, જીવને નિમિત્ત તરીકે પણ અહીં લીધો નથી. જીવ તો પોતામાં રાગ–દ્વેષ કરે અથવા સમજીને વીતરાગતા લાવે એ સિવાય બીજું કાંઈ કરી શકતો નથી.

અહીં કાળને સહકારી કારણ કહ્યું છે. સહકારી એટલે સાથે હોય છે. શરીર તથા આંગળી વગેરે ગતિ કરે છે તેમાં કાળ સહકારી કારણ છે પણ શરીરને ખબર નથી કે મને કાળ નિમિત્ત થાય છે. કાળને ખબર નથી કે હું શરીરને નિમિત્ત થાઉં છું. બન્નેને જાણનાર તો જીવ છે. જીવ કહે છે કે હું તો નિમિત્ત થનાર નથી, હું તો જાણનાર છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કાળને પણ સિદ્ધ કરતા જાય છે. કાળ શબ્દ છે તો તેનું વાચ્ય કાળદ્રવ્ય હોવું જોઈએ. શબ્દ હોય ને વસ્તુ ન હોય એમ બને નહિ. જેમ સર્વજ્ઞ શબ્દ છે તો તેનો વાચ્ય સર્વજ્ઞ આત્મા પણ છે, તેમ કાળ શબ્દ છે તો કાળ અરૂપી પદાર્થ છે. પુદ્ગલ સ્કન્ધોની સક્રિયતામાં કાળ નિમિત્ત છે. આ પૈસા વગેરે હું લાવું છું એમ અજ્ઞાની જીવ અભિમાન કરે છે. ભાઈ, તે વસ્તુનું વર્તમાન સત્ છે કે અસત્ ? વર્તમાન સત્ છે માટે તે તેનાથી છે પણ જીવથી નથી. અહીં તો કહે છે કે તે તો તેના કારણે ક્ષેત્રાંતર થાય છે, તેમાં જીવનું નિમિત્તપણું પણ નથી, પણ કાળ નિમિત્ત છે.

પરંતુ એટલું વિશેષ છે કે જીવદ્રવ્યની જેમ પુદ્ગલ નિષ્ક્રિય કદી થતું નથી. જીવ શુદ્ધ થયા પછી કદી ક્ષેત્રાંતર કરતો નથી, પુદ્ગલમાં આ નિયમ નથી. પુદ્ગલ પરનિમિત્તે સદાય ક્રિયાવાન રહે છે.

અહીં જીવ અને પુદ્ગલ બન્ને ક્રિયાવાન પદાર્થો હોવા છતાં બેમાં ભેદ બતાવે છે. જીવ પોતાના શુદ્ધ આત્માનું ભાન કરી સિદ્ધ દશા પામી જાય પછી કોઈ દિવસ ક્ષેત્રાંતર કરતો નથી, જ્યાં સુધી જીવ સિદ્ધની પૂર્ણદશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ક્ષેત્રાંતર કરે છે. સિદ્ધભગવંતો એક સ્થાનમાં બિરાજે છે, ગતિ કરતા નથી, પણ પુદ્ગલમાં એવો નિયમ નથી. પુદ્ગલપરમાણુ એકલો થઈ જાય તોપણ ક્ષેત્રાંતર કરે, બીજા સ્કન્ધો સાથે ભળી જાય ને ક્ષેત્રાંતર કરે. માટે પુદ્ગલને સદાય ક્રિયાવાન કહેલ છે. અહીં પુદ્ગલને સદા ક્રિયાવાન કહ્યું છે, એનો અર્થ એ છે કે જીવની જેમ પુદ્ગલો સદાય સ્થંભી જાય એમ બનતું નથી. એક પરમાણુ છૂટો પડી શુદ્ધ થાય, અમુક સમય સ્થિર પણ રહે, પાછો ક્ષેત્રાંતર કરે છે. સિદ્ધની જેમ ક્ષેત્રાંતર ન જ કરે એવું નથી, વળી અચેતન મહાસ્કન્ધમાં કેટલાક પરમાણુ ત્યાં ને ત્યાં પડ્યા છે, જે કદી ક્ષેત્રાંતર થતા નથી. તે વાત ગૌણ કરીને પરમાણુ સ્થિર નથી, પણ ક્રિયાવાન છે તે અપેક્ષાએ સદાય ક્રિયાવાન કહી દીધા છે. સિદ્ધના નિષ્ક્રિય સ્વભાવ સામે પુદ્ગલનો ક્રિયાવાન સ્વભાવ બતાવ્યો ને તેમાં કાળદ્રવ્યને નિમિત્ત બતાવ્યું.

હવે અહીં કાળને નિમિત્ત બતાવેલ છે તે વિશેષ નિમિત્ત છે. છ દ્રવ્યોમાં દરેક ગુણની દરેક પર્યાયના પરિણમનમાં કાળ નિમિત્ત છે. તે તો સામાન્ય નિમિત્ત તો છે જ, તે છ દ્રવ્યોમાંથી ક્રિયાવાન જીવ ને પુદ્ગલ જુદા પાડ્યા, તે બેના ક્ષેત્રાંતરમાં સામાન્ય નિમિત્ત ધર્માસ્તિકાય છે. હવે બેમાં વિશેષ નિમિત્તનો ભેદ બતાવ્યો કે જીવના ક્ષેત્રાંતરમાં કર્મ ને નોકર્મ નિમિત્ત છે ને પુદ્ગલ સ્કન્ધના ક્ષેત્રાંતરમાં કાળ નિમિત્ત છે, એમ અહીં વિશેષ નિમિત્તોની વાત લીધી છે.

વળી કેટલાક પુદ્ગલ પરમાણુઓ એવા છે કે જીવે આજ સુધી ગ્રહ્યા નથી, તેમ જ ભવિષ્યમાં ગ્રહશે પણ નહિ. જગતમાં સંસારી જીવે જેટલા પરમાણુ ગ્રહ્યા છે તેનાથી અનંતગુણા અગ્રાહ્ય પરમાણુઓ આ જગતમાં છે કે જેમાં જીવ કદી પણ નિમિત્ત થતો નથી. બધા પુદ્ગલ પરમાણુમાં જીવ નિમિત્ત તરીકે સદાકાળ થતો નથી જેથી બધાને ગતિમાં સદાકાળ નિમિત્ત થાય તેવો કાળ છે કે જે અનાદિ–અનંત છે. માટે તેને અહીં નિમિત્ત કહેલ છે.

(૧) જીવ ને પુદ્ગલોના ક્ષેત્રાંતરમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે પણ તે સામાન્ય વાત કરી. અહીં વિશેષ વાત કરી કે જીવના સક્રિયપણામાં પુદ્ગલ નિમિત્ત છે ને પુદ્ગલના સક્રિયપણામાં કાળને નિમિત્ત લીધું, જીવને ન લીધો. કારણ કે બધાં પુદ્ગલોને જીવ નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતો નથી. જ્યારે કાળ ત્રણે કાળ હોય છે માટે તેને નિમિત્ત કહ્યો.

(૨) જે જીવો કાળને માનતા નથી તેને પુદ્ગલોમાં કાળ નિમિત્ત છે એમ કહીને કાળની સિદ્ધિ કરી.

(૩) જીવ ને પુદ્ગલો ક્રિયાવાન હોવા છતાં બન્નેના સક્રિયપણામાં ફેર છે. જીવ સિદ્ધ થતાં નિષ્ક્રિય થાય છે તેથી ક્રિયાપણું તે જીવનો મૂળ સ્વભાવ નથી. જ્યારે પુદ્ગલ પરમાણુ છૂટો પડવા છતાં પાછો ક્રિયાવાન થાય છે માટે સક્રિયપણું તેનો સ્વભાવ છે, તેથી પુદ્ગલને સદા ક્રિયાવાન કહ્યા છે. તેથી કરીને પુદ્ગલો હંમેશાં ચાલ્યા જ કરે એવો એનો અર્થ નથી. સિદ્ધની જેમ તે સદાય રહેતા નથી એ બતાવવા સદાય ક્રિયાવાન કહેલ છે.

આ અર્થસમયની વાત ચાલે છે. પદાર્થોનો સ્વભાવ બતાવે છે. તું પદાર્થોનું જ્ઞાન કર. અજ્ઞાન તથા રાગ–દ્વેષને છોડ એમ કહે છે. આ પુસ્તક અહીંથી ખસ્યું, આમ કેમ ? અજ્ઞાનીને દૃશ્ય પદાર્થોમાં ભ્રમ પડે છે. અહીં કહે છે કે તે પુસ્તકનું આવવું–જવું તો તેના કારણે છે પણ તેમાં જીવનું જ્ઞાન, ઈચ્છા કે હાથ ત્રણેમાંથી એકેને અહીં નિમિત્ત લીધું નથી. માત્ર ત્રણે કાળ રહેનાર કાળ અરૂપી અદૃશને નિમિત્ત કહ્યું છે. માટે સંયોગો ઉપરથી દૃષ્ટિ ઉઠાવ. આમ કેમ ? એવા પ્રશ્નને સ્વભાવમાં અવકાશ નથી. સ્વભાવ જ એવો છે. તું જાણનાર–દેખનાર છો એમ નક્કી કર્યા વિના શાંતિ થશે નહિ.

કેટલાક અજ્ઞાની એમ પણ દલીલ કરે છે કે આપણે આરંભ ન કરવો. દેરાસર, પ્રતિમા વગરે બનાવવાનો આપણે આરંભ ન કરવો. તો પૂછવામાં આવે છે કે શું તે જડપદાર્થોની અવસ્થાને તું કરી શકે છે ? શું શુભરાગથી તે જડ પદાર્થો થાય છે, કે જેથી હવે તે પ્રકારનો શુભરાગ અટકાવી, જે મંદિર આદિ થવાનાં છે તેને અટકાવી દઉં એમ તું માને છે ? આ માન્યતા ભ્રમણા છે. આરંભના સ્વરૂપને સમજતો નથી. જીવના શુભરાગને લીધે મંદિરો થતાં નથી તેમ જ શુભરાગ ન કરે તો મંદિરો અટકી જાય એમ પણ નથી. જે પદાર્થો, જે પથ્થરો–લોઢું વગેરે જ્યાંથી ને જે ક્ષેત્રેથી આવવાના ત્યાંથી આવશે, જ્યાં રહેવાના ને મકાનના સ્કંધરૂપે થવાના ત્યાં થવાના. હું આ જડ પદાર્થોને બનાવી શકું છું કે અટકાવી શકું છું એ માન્યતા જ મિથ્યાદર્શન શલ્ય છે ને એ જ મોટો આરંભ છે. આરંભ જડ પદાર્થોમાં રહેતો નથી. અહીં તો કહે છે કે જડ પદાર્થો તેના કારણે આવે–જાય છે, તેમાં જીવ નિમિત્ત પણ નથી. મંદિરો આદિ બને છે તેમાં કાળને નિમિત્ત કહીને જીવના શુભરાગના નિમિત્તપણાને ઉડાડ્યું છે માટે સંયોગો ઉપર ને શુભરાગ ઉપરની દૃષ્ટિ ઉઠાવ ને શુદ્ધ ચિદાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. પરમાણુઓનું ક્ષેત્રાંતર થઈને મકાનના સ્કંધરૂપ અવસ્થા થવી તેમાં જીવના જ્ઞાનને, ઈચ્છાને કે હાથને નિમિત્ત નહીં કહેતાં, એકલા અદૃશ્ય કાળને નિમિત્ત કહી બહુ સૂક્ષ્મ વાત કરી છે. જગતના દૃશ્યમાન પદાર્થ ઉપરની સંયોગી દૃષ્ટિ ઉઠાવ એમ કહેવાનો ભાવ છે. વળી બધા જડ પુદ્ગલોમાં જીવ નિમિત્ત હોતો નથી તેથી જીવનું નિમિત્તપણું ઉડાડી ત્રણે કાળ રહેતા કાળને નિમિત્ત કહેલ છે. માટે પુદ્ગલના કર્તાપણાનો અહંકાર ઉડાડ્યો છે. વળી પુદ્ગલને સદા ક્રિયાવાન કહ્યા તેનો અર્થ એમ કે જ્યારે ક્રિયા કરે છે ત્યારે ક્રિયાવાન સમજવા, પણ સદાય ચાલતા રહે એવો તેનો અર્થ નથી. પણ જીવ સિદ્ધદશા પામ્યા પછી ક્રિયાવાન થતો નથી પણ પરમાણુ છૂટો પડ્યા પછી ને સ્થિર થયા પછી પાછો ક્રિયાવાન થાય એટલું બતાવવા સદાય ક્રિયાવાન છે એમ કહેલ છે. ૯૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जे खलु इंदियगेज्झा विसया जीवेहिं होंति ते मुत्ता ।**
**सेसं हवदि अमुत्तं चित्तं उभयं समादियदि ॥ ९९ ॥**

**ये खलु इन्द्रियग्राह्या विषया जीवैर्भवन्ति ते मूर्ताः ।**
**शेषं भवत्यमूर्तं चित्तमुभयं समाददाति ॥ ९९ ॥**

**છે જીવને જે વિષય ઇંદ્રિયગ્રાહ્ય, તે સૌ મૂર્ત છે;**
**બાકી બધુંય અમૂર્ત છે; મન જાણતું તે ઉભયને. ૯૯.**

**અન્વયાર્થ :** [ये खलु] જે પદાર્થો [जीवैः इन्द्रियग्राह्याः विषयाः] જીવોના ઇંદ્રિયગ્રાહ્ય વિષયો છે [ते मूर्ताः भवन्ति] તેઓ મૂર્ત છે અને [शेषं] બાકીનો પદાર્થસમૂહ [अमूर्तं भवति] અમૂર્ત છે. [चित्तम्] ચિત્ત [उभयं] તે બંનેને [समाददाति] ગ્રહણ કરે છે (–જાણે છે).

---

**तात्पर्यवृत्ति** : एवं सक्रियनिःक्रियत्वमुख्यत्वेन गाथा गता । अथ पुनरपि प्रकारांतरेण मूर्तामूर्तस्वरूपं कथयति,–**जे खलु इंदियगेज्झा विसया** ये खलु इन्द्रियैः करणभूतैर्ग्राह्या विषयाः कर्मतापन्नाः । कैः ? कर्तृभूतैः । **जीवेहिं** विषयसुखानंदरतैर्नीरागनिर्विकल्पनिजानंदैकलक्षणसुखामृतरसास्वादच्युतैबर्हिमुखजीवैः **होंति ते मुत्ता** भवन्ति ते मूर्ता विषयातीतस्वाभाविकसुखस्वभावात्मतत्त्वविपरीतविषयास्ते च सूक्ष्मत्वेन केचन यद्यपीन्द्रियविषयाः वर्तमानकाले न भवन्ति तथापि कालांतरे भविष्यंतीतीन्द्रियग्रहणयोग्यतासद्भावादिन्द्रियग्रहणयोग्या भण्यंते **सेसं हवदि अमुत्तं** अमूर्तातीन्द्रियज्ञानसुखादिगुणाधारं यदात्मद्रव्यं तत्प्रभृति पंचद्रव्यरूपं पुद्गलादन्यत् यच्छेषं तद्भवत्यमूर्तं **चित्तं उभयं समादियदि** चित्तमुभयं समाददाति । चित्तं हि मतिश्रुतज्ञानयोरुपादानकारणभूतमनियतविषयं च तच्च श्रुतज्ञानस्वसंवेदनज्ञानरूपेण यदात्मग्राहकं भावश्रुतं तत्प्रत्यक्षं यत्पुनर्द्वादशांगचतुर्दशपूर्वरूपपरमागमसंज्ञं तच्च मूर्तामूर्तोभयपरिच्छित्तिविषये व्याप्तिज्ञानरूपेण परोक्षमपि केवलज्ञानसदृशमित्यभिप्रायः । तथा चोक्तं । "सुदकेवलं च णाणं दोण्णिवि सरिसाणि होंति बोहादो । सुदणाणं च परोक्खं पच्चक्खं केवलं णाणं" ॥ ९९ ॥

**समयव्याख्या : मूर्तामूर्तलक्षणाख्यानमेतत् । इह हि जीवैः स्पर्शनरसनघ्राणचक्षुर्भिरिन्द्रियैस्तद्विषयभूताः स्पर्शरसगंधवर्णस्वभावा अर्था गृह्यंते । श्रोत्रेन्द्रियेण तु त एव तद्विषयहेतुभूतशब्दाकारपरिणता गृह्यंते । ते कदाचित्स्थूलस्कंधत्वमापन्नाः कदाचित्सूक्ष्मत्वमापन्नाः कदाचित्परमाणुत्वमापन्नाः इन्द्रियग्रहणयोग्यतासद्भावाद् गृह्यमाणा अगृह्यमाणा वा मूर्ता इत्युच्यंते । शेषमितरत् समस्तमप्यर्थजातं स्पर्शरसगंधवर्णाभावस्वभावमिन्द्रियग्रहणयोग्यताया अभावादमूर्तमित्युच्यते । चित्तग्रहणयोग्यतासद्भावभाग्भवति तदुभयमपि, चित्तं ह्यनियतविषयमप्राप्यकारि मतिश्रुतज्ञानसाधनीभूतं मूर्तममूर्तं च समाददातीति ॥९९ ॥**

**—इति चूलिका समाप्ता ।**

અનુવાદ : આ, મૂર્ત અને અમૂર્તનાં લક્ષણનું કથન છે.

આ લોકમાં જીવો વડે સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિય દ્વારા તેમના (તે ઇંદ્રિયોના) વિષયભૂત, સ્પર્શ–રસ–ગંધ–વર્ણસ્વભાવવાળા પદાર્થો (સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ જેમનો સ્વભાવ છે એવા પદાર્થો) ગ્રહાય છે (જણાય છે); અને શ્રોત્રેંદ્રિય દ્વારા તે જ પદાર્થો તેના (શ્રોત્રેંદ્રિયના) વિષયહેતુભૂત શબ્દાકારે પરિણમ્યા થકા ગ્રહાય છે. તેઓ (તે પદાર્થો), કદાચિત્ સ્થૂલસ્કંધપણાને પામતા થકા, કદાચિત્ સૂક્ષ્મત્વને (સૂક્ષ્મસ્કંધપણાને) પામતા થકા અને કદાચિત્ પરમાણુપણાને પામતા થકા ઇંદ્રિયો દ્વારા ગ્રહાતા હોય કે ન ગ્રહાતા હોય, ઇંદ્રિયો વડે ગ્રહાવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**યોગ્યતાનો (સદા) સદ્‌ભાવ હોવાથી 'મૂર્ત' કહેવાય છે.**

**સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે એવો બાકીનો અન્ય સમસ્ત પદાર્થસમૂહ ઈંદ્રિયો વડે ગ્રહાવાની યોગ્યતાના અભાવને લીધે 'અમૂર્ત' કહેવાય છે.**

**તે બંને (પૂર્વોક્ત બંને પ્રકારના પદાર્થો) ચિત્ત વડે ગ્રહાવાની યોગ્યતાના સદ્‌ભાવવાળા છે; ચિત્ત—કે જે અનિયત વિષયવાળું, અપ્રાપ્યકારી અને મતિશ્રુતજ્ઞાનના સાધનભૂત (મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં નિમિત્તભૂત) છે તે મૂર્ત તેમ જ અમૂર્તને ગ્રહણ કરે છે (જાણે છે). ૯૯.**

**આ રીતે ચૂલિકા સમાપ્ત થઈ.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૯, શુક્રવાર]

હવે મૂર્ત–અમૂર્ત પદાર્થો કોને કહેવા તે બતાવે છે.

જીવોથી ઈંદ્રિયો દ્વારા જણાય છે તે પુદ્‌ગલપદાર્થો છે. તે મૂર્તિક છે. ઈંદ્રિયગ્રાહ્ય એટલે ઈંદ્રિયો પદાર્થોને પકડી લેતી નથી પણ ઈંદ્રિયોના નિમિત્તે જણાય છે તે પુદ્‌ગલ મૂર્તિક છે ને પુદ્‌ગલથી ભિન્ન પદાર્થોને અમૂર્તિક જાણવા.

**ભાવાર્થ** : આ લોકમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા પદાર્થો સ્પર્શન, જીભ, નાસિકા ને નેત્ર—આ ચાર ઈંદ્રિયો દ્વારા જણાય છે. ભાવઈંદ્રિય દ્વારા પદાર્થો જણાય છે તેમાં દ્રવ્યઈંદ્રિય નિમિત્ત છે. તે બધા પુદ્‌ગલ છે, મૂર્તિક છે. ઈંદ્રિય તે પરપદાર્થને ગ્રહતી નથી તેમ જ છોડતી નથી, પણ આત્મા કર્મને ગ્રહે તથા મૂકે એમ પણ બનતું નથી.

કોઈ પૂછે કે શાસ્ત્રમાં કથન આવે છે કે આત્માના કષાયપરિણામથી સ્થિતિ ને રસનો બંધ પડે ને યોગથી પ્રદેશ ને પ્રકૃતિનો બંધ પડે છે તેનું શું ? તથા 'આત્મસિદ્ધિ'માં કથન આવે છે કે ''ગ્રહણ કરે જડધૂપ'' તો શું આત્મા જડને, જડકર્મને ગ્રહતો હશે ? ને કર્મને બાંધતો હશે ? તેનું સમાધાન :– તે બધાં નિમિત્તનાં કથન છે. જીવનો વિકારીભાવ બતાવવાનું કથન છે. કર્મો તો પોતાની યોગ્યતાથી આવે છે ને બંધાય છે તેમાં આત્માના વિકારનું નિમિત્તપણું બતાવવું છે. આત્મામાં પરના ગ્રહણ–ત્યાગશૂન્યત્વ (રહિતપણાની) શક્તિ છે. ભાવઈંદ્રિયો પદાર્થોને માત્ર જાણે છે. (૧) અહીં કહ્યું કે ઈંદ્રિયો દ્વારા જાણવામાં આવતા પદાર્થો પુદ્‌ગલ મૂર્તિક છે. (૨) કોઈ વાર સ્થૂલ સ્કંધરૂપ ધારણ કરે. (૩) કોઈ વાર સૂક્ષ્મ સ્કંધરૂપ થાય. (૪) કોઈ વાર પરમાણુ થાય. તે બધા મૂર્તિક છે.

કોઈ સૂક્ષ્મસ્કંધ અથવા પરમાણુ ઈંદ્રિયો દ્વારા જાણવામાં આવતો નથી તોપણ તે પુદ્‌ગલોમાં એવી શક્તિ છે કે કોઈ વાર સ્થૂલતાને ધારણ કરે છે ને ઈંદ્રિયગમ્ય થાય છે, તેથી ગમે તેવા સૂક્ષ્મ સ્કંધને અથવા પરમાણુને ઈંદ્રિયગ્રાહ્ય કહ્યા છે. વર્તમાનમાં ભલે ઈંદ્રિયો દ્વારા જણાતા નથી પણ ઈંદ્રિય દ્વારા જાણવાની યોગ્યતા છે માટે ઈંદ્રિયગ્રાહ્ય કહ્યા.

આત્મા કોઈ પણ ઈંદ્રિયો દ્વારા જણાય એવો નથી. તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ અતીંદ્રિય છે. તે પાંચે પદાર્થો સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત છે. તેમ જ ઈંદ્રિય દ્વારા જણાય એવા નથી માટે તે પાંચેને અમૂર્તિક જાણવા.

ભાવમનના ઉઘાડથી ને દ્રવ્યમનના નિમિત્તે મૂર્તિક અને અમૂર્તિક બન્ને પ્રકારના પદાર્થો જાણી શકાય છે. મારો આત્મા સ્વતંત્ર છે, ઈંદ્રિય ને મનથી જ્ઞાન થતું નથી મારા આત્માના આશ્રયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન થાય છે, એમ પ્રતીતિ ને જ્ઞાન કરી સ્વભાવનો આશ્રય લેતાં જે સમ્યક્ મતિ-શ્રુત જ્ઞાન પ્રગટે છે તે જ્ઞાન સ્વને જાણતાં પરને જાણી લ્યે છે. સૂક્ષ્મ પરમાણુ, તૈજસ, કાર્મણ વગેરેનો ખ્યાલ અનુમાનથી આવી જાય છે. ધર્મ, અધર્મ, આકાશ ને કાળને પણ તે જ્ઞાન જાણી લ્યે છે. વળી આત્માની પર્યાયમાં થતા રાગદ્વેષ અમૂર્તિક છે તેને પણ સમ્યક્જ્ઞાન સ્વને જાણતાં, રાગ તે પર છે એમ જાણી લ્યે છે. આ સમ્યક્મતિ-શ્રુત જ્ઞાનનું સાધન તો આત્મા છે. મન નિમિત્તમાત્ર છે. પોતાને જાણતાં અમૂર્તિક દ્રવ્યો, સૂક્ષ્મ મૂર્ત પદાર્થો ને પોતાના અમૂર્તિક વિકારાદિ પરિણામને તે જાણે છે. કેવળજ્ઞાન ને મતિજ્ઞાનમાં પ્રત્યક્ષ ને પરોક્ષનો ફેર છે.

જ્યારે જ્ઞાન પરપદાર્થોને જાણે છે ત્યારે જ્ઞાન તે પદાર્થોમાં જતું નથી પણ પોતે પોતાની તાકાતથી સ્વમાં રહીને જાણે છે. મતિ-શ્રુતજ્ઞાનનું સાધન આત્મા છે. મન નિમિત્તમાત્ર છે. આ પ્રમાણે મનના નિમિત્તે મૂર્ત-અમૂર્ત પદાર્થો જાણી શકાય છે.

વર્તમાનમાં જે સ્થૂલમૂર્ત સ્કંધો ઇંદ્રિય દ્વારા જણાય છે તે વિભાવ પર્યાય છે, તે સંયોગી પદાર્થ છે, મૂળ પદાર્થ નથી. તે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયદ્રવ્ય તો મૂળ પરમાણુ છે તે પણ અતીંદ્રિય છે. આવી રીતે છ દ્રવ્યો અતીંદ્રિય છે ને તે અતીંદ્રિયજ્ઞાન દ્વારા જણાય તેવાં છે. પોતાના આત્માના આશ્રયે અતીંદ્રિયજ્ઞાન થતાં ઇંદ્રિયોથી ગ્રાહ્ય કયા પદાર્થ છે તેનું યથાર્થ જ્ઞાન થાય છે. એકલી ઇંદ્રિયથી કામ કરવા જાય તો યથાર્થ જ્ઞાન થતું નથી. ૯૯.

---

**कालो परिणामभवो परिणामो दव्वकालसंभूदो।**
**दोण्हं एस सहावो कालो खणभंगुरो णियदो॥ १००॥**

**कालः परिणामभवः परिणामो द्रव्यकालसंभूतः।**
**द्वयोरेष स्वभावः कालः क्षणभङ्गुरो नियतः॥ १००॥**

**પરિણામભવ છે કાળ, કાળપદાર્થભવ પરિણામ છે;**
**-આ છે સ્વભાવો ઉભયના; ક્ષણભંગી ને ધ્રુવ કાળ છે. ૧૦૦.**

**અન્વયાર્થ** : [कालः परिणामभवः] કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ વ્યવહારકાળ જીવ-પુદ્ગલોના પરિણામથી મપાય છે); [परिणामः द्रव्यकालसंभूतः] પરિણામ દ્રવ્યકાળથી ઉત્પન્ન થાય છે-[द्वयोः एषः स्वभावः] આ, બંનેનો સ્વભાવ છે. [कालः क्षणभङ्गुरः नियतः] કાળ ક્ષણભંગુર તેમ જ નિત્ય છે.

---

**तात्पर्यवृत्ति** : एवं प्रकारांतरेण मूर्तामूर्तस्वरूपकथनगाथा गता। अथ व्यवहारकालस्य निश्चयकालस्य च स्वरूपं व्यवस्थापयति,- **कालो** समयनिमिषघटिकादिवसादिरूपो व्यवहारकालः। स च कथंभूतः? **परिणामभवो** मंदगतिरूपेणाणोरण्वंतरव्यतिक्रमणं नयनपुटविघटनं जलभाजनहस्तविज्ञानरूपपुरुषचेष्टितं दिनकरबिंबागमनमित्येवं स्वभावः पुद्गलद्रव्यक्रियापर्यायरूपः परिणामस्तेन व्यज्यमानत्वात्प्रकटीक्रियमाणत्वाद्धेतोर्व्यवहारेण पुद्गलपरिणामभव इत्युपनीयते, परमार्थेन तु कालाणुद्रव्यरूपनिश्चयकालस्य पर्यायः **परिणामो दव्वकालसंभूदो** अणोरण्वंतरव्यतिक्रमणप्रभृतिपूर्वोक्तपुद्गलपरिणामस्तु शीतकाले पाठकस्याग्निवत् कुम्भकारचक्रभ्रमणविषयेऽधस्तनशिलावद्बहिरङ्गसहकारिकारणभूतेन कालाणुरूपद्रव्यकालेनोत्पन्नत्वाद्द्रव्यकालसंभूतः **दोण्हं एस सहाओ** द्वयोर्निश्चयव्यवहारकालयोरेषः पूर्वोक्तः स्वभावः। स किंरूपः व्यवहारकालः। पुद्गलपरिणामेन व्यज्यमानत्वात्परिणामजन्यः। निश्चयकालस्तु परिणामजनकः **कालो**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**खणभंगुरो** – समयरूपो व्यवहारकालः क्षणभंगुरः **णियदो** स्वकीयगुणपर्यायाधारत्वेन सर्वदैवाविनश्वरत्वाद्-द्रव्यकालो नित्य इति । अत्र यद्यपि काललब्धिवशेन भेदाभेदरत्नत्रयलक्षणं मोक्षमार्गं प्राप्य जीवो रागादिरहितनित्यानंदैकस्वभावमुपादेयभूतं पारमार्थिकसुखं साधयति तथा जीवस्तस्योपादानकारणं न च काल इत्यभिप्रायः । तथा चोक्तं । आत्मोपादानसिद्धमित्यादिरिति ॥ १०० ॥

**समयव्याख्या : अथ कालद्रव्यव्याख्यानम्। व्यवहारकालस्य निश्चयकालस्य च स्वरूपाख्यानमेतत् । तत्र क्रमानुपाती समयाख्यः पर्यायो व्यवहारकालः, तदाधारभूतं द्रव्यं निश्चयकालः । तत्र व्यवहारकालो निश्चयकालपर्यायरूपोपि जीवपुद्गलानां परिणामेनावच्छिद्यमानत्वात्तत्परिणामभव इत्युपगीयते, जीवपुद्गलानां परिणामस्तु बहिरङ्गनिमित्तभूतद्रव्यकालसद्भावे सति संभूतत्वाद्द्रव्यकालसंभूत इत्यभिधीयते । तत्रेदं तात्पर्यं – व्यवहार- कालो जीवपुद्गलपरिणामेन निश्चीयते, निश्चयकालस्तु तत्परिणामान्यथानुपपत्त्येति । तत्र क्षणभङ्गी व्यवहारकालः सूक्ष्मपर्यायस्य तावन्मात्रत्वात्, नित्यो निश्चयकालः स्वगुणपर्यायाधारद्रव्यत्वेन सर्वदैवाविनश्वरत्वादिति ॥ १०० ॥**

**અનુવાદ : હવે કાળદ્રવ્યનું વ્યાખ્યાન છે. આ, વ્યવહારકાળ તથા નિશ્ચયકાળના સ્વરૂપનું કથન છે.**

**ત્યાં, 'સમય' નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે; તેના આધારભૂત દ્રવ્ય તે નિશ્ચયકાળ છે.**

**ત્યાં, વ્યવહારકાળ નિશ્ચયકાળના પર્યાયરૂપ હોવા છતાં જીવ–પુદ્‌ગલોના પરિણામથી મપાતો–જણાતો હોવાને લીધે 'જીવ–પુદ્‌ગલોના પરિણામથી ઉત્પન્ન થતો' કહેવાય છે; અને જીવ–પુદ્‌ગલોના પરિણામ બહિરંગ–નિમિત્તભૂત દ્રવ્યકાળના સદ્‌ભાવમાં ઉત્પન્ન થતા હોવાને લીધે 'દ્રવ્યકાળથી ઉત્પન્ન થતા' કહેવાય છે. ત્યાં, તાત્પર્ય એ છે કે–વ્યવહારકાળ જીવ–પુદ્‌ગલોના પરિણામ વડે નક્કી થાય છે; અને નિશ્ચયકાળ જીવ–પુદ્‌ગલોના પરિણામની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જીવ–પુદ્‌ગલોના પરિણામ બીજી રીતે નહિ બની શકતા હોવાથી) નક્કી થાય છે.**

**ત્યાં, વ્યવહારકાળ ક્ષણભંગી છે, કારણ કે સૂક્ષ્મ પર્યાય એવડો જ માત્ર (ક્ષણમાત્ર જેવડો જ, સમયમાત્ર જેવડો જ) છે; નિશ્ચયકાળ નિત્ય છે, કારણ કે તે પોતાના ગુણ–પર્યાયોના આધારભૂત દ્રવ્યપણે સદાય અવિનાશી છે. ૧૦૦.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૯, શુક્રવાર]

કાળની પર્યાય અથવા એક સમયના પરિણામ પોતાના દ્રવ્યથી ઉત્પન્ન થાય છે પણ તેમાં જીવ–પુદ્‌ગલના પરિણામ નિમિત્ત છે. તેથી સમય આદિ વ્યવહારકાળ જીવ–પુદ્‌ગલોના પરિણામથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. ને કાળાણુ અસંખ્ય આ જગતમાં છે તે દ્રવ્ય છે. તેમાં અનંતગુણો છે. એક ગુણની એક એવી અનંતી પર્યાયો છે. વળી તે દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું છે. નવી અવસ્થારૂપે ઊપજે છે, જૂનીનો વ્યય થાય છે, પોતે દ્રવ્યપણે ટકી રહે છે. જીવ–પુદ્‌ગલના બધા પરિણામમાં આ નિશ્ચયકાળાણુ નિમિત્ત છે. તેથી કાળને લીધે જીવ–પુદ્‌ગલનાં પરિણામ થાય છે એમ કહેવામાં આવે છે. આ પ્રમાણે નિશ્ચય ને વ્યવહારકાળનો સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર]

આ પંચાસ્તિકાયનું વર્ણન ચાલે છે. પાંચ પદાર્થો 'છે' કહેતાં અસ્તિ ને ઘણા પ્રદેશોના સમૂહવાળા છે માટે કાય એમ પાંચ અસ્તિકાય છે, કાળ વસ્તુ છે પણ સમૂહ નથી.

આમ છ દ્રવ્યોનું તે અર્થસમય છે. તેને શાસ્ત્ર કહે છે ને જ્ઞાન જાણે છે. જે શાસ્ત્ર રાગરહિતપણે પદાર્થને બતાવે તે શાસ્ત્ર છે. જે પદાર્થ જ્ઞાનમાં જ્ઞેયરૂપે નિમિત્ત છે તે અર્થસમય છે. ને તે **પદાર્થોનું રાગરહિતપણે જાણવું તે જ્ઞાનસમય છે.** આત્માનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે. સ્વને જાણતાં રાગ જણાઈ જાય છે. એવા જ્ઞાનની રુચિ કરવી તે શાંતિ ને સુખનો ઉપાય છે.

અરીસાની સામે અનેક ચીજો જુદા જુદા આકારની ને રંગની પડી છે. અરીસો તેને જેમ છે તેમ પ્રકાશે છે. પણ સામી ચીજનો આકાર ને રંગ તેમાં પેસી જતા નથી. નાળિયેર, લીંબુ વગેરે ચીજોના આકાર ને રંગ અરીસામાં પ્રવેશ પામે તો આ ચીજો રંગ ને આકાર વિનાની થતાં નાશને પામે. પણ એમ બનતું નથી. અરીસાની સ્વચ્છતાનું પરિણમન છે તેમાં અનેક ચીજો જણાય છે. તેવી રીતે ચૈતન્ય અરીસો સ્વ–પરપ્રકાશક સ્વભાવવાળો છે. તેમાં સ્વનું જ્ઞાન થતાં પરપદાર્થોના દ્રવ્ય–ગુણ–પર્યાય તથા આકૃતિ જેમ છે તેમ જણાઈ જાય છે છતાં પરપદાર્થો આત્મામાં પેસતા નથી. અરીસામાં મોટી અગ્નિ દેખાય છતાં અરીસો ગરમ થતો નથી તેમ હું આત્મા ચિદાનંદસ્વભાવી છું, શરીર–મન–વાણી પર છે, પુણ્ય–પાપ વિકાર છે, વિકાર વિનાનો હું શુદ્ધ છું એમ સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન થઈ જાય છે. કાળ પણ જ્ઞેય છે તેની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ** : જે ક્રમથી અતિસૂક્ષ્મ પ્રવર્તે છે તે વ્યવહારકાળ છે ને તે વ્યવહારકાળનો આધાર નિશ્ચયકાળ છે. કાળ શબ્દ છે તો કાળ નામનો પદાર્થ પણ છે. જેમ સાકર શબ્દ છે તો સાકર નામનો પદાર્થ પણ છે, સિંહ શબ્દ છે તો સિંહ નામનો પદાર્થ છે, સર્વજ્ઞ શબ્દ છે તો સર્વજ્ઞ નામનો પદાર્થ છે. શબ્દને લીધે પદાર્થ છે એમ કહીને પદાર્થનું પરાધીનપણું બતાવવું નથી પણ શબ્દ વાચક છે ને પદાર્થ વાચ્ય છે એમ કહી વાચક–વાચ્યનો સંબંધ બતાવવો છે. કેટલાક કાળને ઉપચાર માને છે તે વાત ખોટી છે, તેથી અહીં કહેવામાં આવે છે કે કાળ નામનો બે અક્ષરનો શબ્દ છે તો કાળ પદાર્થ પણ છે.

પરમેશ્વર શબ્દ છે તો પરમેશ્વર પણ છે. ચૈતન્યશક્તિનો જેમાં પૂર્ણ વિકાસ થઈ ગયો તેને સર્વજ્ઞ અથવા પરમેશ્વર કહે છે, શબ્દ કહે છે તેવો પદાર્થ છે ને તેમ જ્ઞાનમાં આવવું જોઈએ. સર્વજ્ઞદશા જ્ઞાનગુણની પૂર્ણદશા છે. જોકે મને વર્તમાનમાં પૂર્ણદશા નથી તોપણ જગતમાં પૂર્ણદશાને પામેલા સર્વજ્ઞ હોવા જોઈએ. વર્તમાનમાં મને અલ્પજ્ઞતા હોવા છતાં સર્વજ્ઞદશાને કબૂલ કરું છું. તે પર્યાયે સર્વજ્ઞને કબૂલવાનું જોર ઉપાડ્યું તે જોર ક્યાંથી આવ્યું ? નિમિત્ત, રાગ કે પર્યાયના અવલંબને તે જોર ઊપડતું નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા આવતાં તે જોર ઊપડે છે. અહો ! તે સર્વજ્ઞ ભગવંતો પોતાના ત્રિકાળી જ્ઞાનગુણવાળા આત્માના આશ્રયે સર્વજ્ઞદશાને પામ્યા છે, તેમ હું પણ આત્મા છું, મારા સ્વભાવના આશ્રયે અલ્પજ્ઞતા ટાળી સર્વજ્ઞદશાને પામીશ. અનંતા સર્વજ્ઞો થયા તેની કબૂલાતમાં પોતાની પ્રભુતાની કબૂલાત આવી જાય છે. તે પ્રભુતાની કબૂલાત સર્વજ્ઞને લીધે નથી તેમ જ શબ્દોને લીધે નથી. હું મારી પ્રભુતા મારા ચૈતન્યના આશ્રયે કબૂલું છું, વર્તમાન અલ્પજ્ઞતા ને રાગમાં અટક્યો છું તે મારી નબળાઈ છે ને તેથી સર્વજ્ઞતા વ્યક્ત નથી, પણ સ્વભાવના આશ્રયે વીતરાગી વિજ્ઞાન થતાં સર્વજ્ઞ થઈ શકાય એવી પ્રતીતિ વર્તે છે. આમ નક્કી કરનારે સર્વજ્ઞ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દ જાણ્યો. શબ્દે બતાવેલો પદાર્થ પણ જાણ્યો ને સર્વજ્ઞ થવાની તાકાત છે એમ જ્ઞાને નક્કી પણ કર્યું આવી રીતે શબ્દ, પદાર્થ ને જ્ઞાન ત્રણે સમયો જાણ્યા કહેવાય.

**પ્રશ્ન** : 'સસલાનાં શીંગડાં' શબ્દો છે તો જગતમાં તેવો પદાર્થ છે ?

**સમાધાન** : સસલાનાં શીંગડાં બે પદવાળું વાક્ય થઈ ગયું. એકલો શબ્દ કહો તો તેવો પદાર્થ હોવો જોઈએ. સસલું શબ્દ છે તો તે નામનો પદાર્થ છે. ને શીંગડું શબ્દ છે તો તે નામનો પદાર્થ છે. બે શબ્દો છે તો બે પદાર્થો જુદા જુદા છે. પણ બે શબ્દોના વાક્યનો પદાર્થ હોવો જોઈએ એવો નિયમ નથી. એક શબ્દ હોય તેવો પદાર્થ હોઈ શકે ને તેવું જ્ઞાન થઈ શકે છે. શબ્દ તો શબ્દના કારણે છે ને જ્ઞાન પણ જ્ઞાનના કારણે થાય છે. પણ શબ્દ તથા જ્ઞાનને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

જેમ સર્વજ્ઞ શબ્દ ઉપરથી સર્વજ્ઞપણું પોતાના રાગરહિત સ્વભાવના આશ્રયે નક્કી કર્યું તેમ કાળ શબ્દ છે તો કાળ નામનો પદાર્થ પણ છે ને કાળ પદાર્થનું જ્ઞાન રાગરહિત સ્વભાવના આશ્રયે યથાર્થ કરી શકાય છે. અહીં પાંચ મહાવ્રતધારી મહાન આચાર્ય કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે કાળ નામનો શબ્દ છે તો કાળ નામનો પદાર્થ છે. સર્વજ્ઞે કહ્યું છે, શાસ્ત્રે કહ્યું છે, તારા જ્ઞાનના વેદનમાં યુક્તિ ને અનુમાન સહિત ખ્યાલમાં આવી શકે એમ છે.

વ્યવહારકાળ એક સમયનો પર્યાય છે. તે નિશ્ચયકાળનો પર્યાય છે. ને પર્યાય પર્યાયવાનનો છે છતાં બીજી રીતે સમજાવવામાં આવે છે. તે વ્યવહારકાળ જીવ–પુદ્‌ગલોના નવામાંથી જૂનારૂપ થવાનાં પરિણામોથી ઊપજે છે એમ કહેવામાં આવે છે. કોઈ વસ્ત્ર નવું હતું તે જીર્ણ થયું. કોઈ બાળક હતો તે યુવાન થયો. બાળ, યુવાન ને વૃદ્ધ અવસ્થા—એમ અવસ્થાના પરિણામથી કાળનું માપ જણાય છે. ખરેખર તો વ્યવહારકાળની પર્યાય નિશ્ચયકાળાણુ દ્રવ્યથી જ ઉત્પન્ન થાય છે પણ તેમાં જીવ–પુદ્‌ગલની જીર્ણ થવારૂપ અવસ્થા નિમિત્ત છે તેથી જીવ–પુદ્‌ગલના પરિણામથી વ્યવહારકાળનું માપ આવ્યું એમ કહેવાય છે.

તેથી નક્કી થાય છે કે સમય આદિ વ્યવહારકાળ છે તે જીવ–પુદ્‌ગલનાં પરિણામોથી પ્રગટ થાય છે ને સમયાદિ વ્યવહારકાળ છે તો તેની સાથે અવિનાભાવ સંબંધ ધરાવતો નિશ્ચયકાળ દ્રવ્ય પણ છે. જ્યાં પર્યાય છે ત્યાં દ્રવ્ય હોય જ. જો દ્રવ્ય ન હોય તો પર્યાય ન હોય. પર્યાયથી પર્યાયનું અસ્તિત્વ ખ્યાલમાં આવે છે. જેમકે સાકરનો મીઠો સ્વાદ છે ત્યાં સાકર દ્રવ્ય છે; તેવી રીતે પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે મંદગતિથી જાય ત્યાં એક સમયનું માપ આવી ગયું, પર્યાયકાળ એટલામાં આવી ગયો માટે ત્યાં દ્રવ્યકાળ પણ એટલામાં આવી ગયો એમ સાબિત થાય છે. સમયકાળ અથવા વ્યવહારકાળ, દ્રવ્યકાળને અથવા નિશ્ચયકાળને સાબિત કરે છે. નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.

આ કાળદ્રવ્યની વાત ચાલે છે. તે કાળદ્રવ્ય નિશ્ચયથી હોવા છતાં તેની ના પાડે તો જ્ઞાન ખોટું ઠરે છે. કોઈ દુકાનમાં સાકરની ગૂણો પડી હોવા છતાં દુકાનદાર કહે કે સાકરની ગૂણો નથી તો તેનું જ્ઞાન ખોટું ઠરે છે, તેમ કાળ સહિત જગતના પદાર્થોને જેમ છે તેમ ન માને ને કાળને ઉડાડે તો તેને ઉડાડતાં પોતાના જ્ઞાનસ્વભાવને ઉડાડ્યો છે એટલે કે પોતાનું જ્ઞાન ખોટું ઠરે છે. વર્તમાનમાં કોઈ જીવો કાળને માનતા નથી, કોઈ અનંતાં કાળદ્રવ્યો માને છે—બન્ને ખોટા છે. એક પ્રદેશે એક એવા અસંખ્ય કાળાણુ છે એમ વસ્તુસ્વરૂપ છે. ભગવાને તે જોયું છે ને જ્ઞાન–ધ્યાનમાં મસ્ત મુનિઓ પણ એમ કહી રહ્યા છે. જે મુનિને સ્વીકારે છે તેને કાળતત્ત્વનો સ્વીકાર પણ હોવો જોઈએ. જે કાળને સ્વીકારતો નથી તે એકેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વીકારતો નથી.

કોઈ કળાબાજ ચિત્રકાર હોય તે પડદા પાછળ બેઠેલી બાઈનું ચિત્ર તેનો એક અંગૂઠો જોઈને ચિતરી આપે છે. અલ્પજ્ઞ અજ્ઞાની કળાબાજ પણ એક અંશ ઉપરથી આખા શરીરનું તાદૃશ ચિત્ર દોરી આપે છે, તે કળાબાજની જગતને કિંમત આવે છે પણ આત્મા જ્ઞાનકળાબાજ છે, સમયના માપમાં આખા પર્યાયવાન કાળને નક્કી કરવાની તાકાતવાળો છે તે પોતાની કળાબાજીનો મહિમા અજ્ઞાનીને આવતો નથી, તે રાગ–દ્વેષાદિમાં રોકાઈ જાય છે.

અહીં વ્યવહારકાળ ઉપરથી નિશ્ચયકાળ બતાવે છે. પર્યાયથી પર્યાયીનું અસ્તિત્વ નક્કી થાય છે. તેમાંથી વ્યવહારકાળ ક્ષણવિનશ્વર છે ને નિશ્ચયકાળ નિત્ય છે. તે પોતાના અનંતા ગુણ–પર્યાયથી સહિત છે ને સદા અવિનાશી છે. જોકે આત્માની મોક્ષદશામાં કાળ નિમિત્ત છે પણ કાળને લીધે મોક્ષ થતો નથી, તેમ જ આત્માના જ્ઞાનમાં કાળ જ્ઞેય છે એટલે જ્ઞેય તરીકે પણ નિમિત્ત છે. પર્યાય નિમિત્ત થાય છે, દ્રવ્ય તો ત્રિકાળ છે. આ પ્રમાણે નિત્ય કાળદ્રવ્ય અવિનાશી કહ્યું. ૧૦૦.

---

**कालो त्ति य ववदेसो सब्भावपरूवगो हवदि णिच्चो ।**
**उप्पण्णप्पद्धंसी अवरो दीहंतरट्ठाई ॥ १०१ ॥**

**काल इति च व्यपदेशः सद्भावप्ररूपको भवति नित्यः ।**
**उत्पन्नप्रध्वंस्यपरो दीर्घांतरस्थायी ॥ १०१ ॥**

**છે 'કાળ' સંજ્ઞા સત્પ્રરૂપક તેથી કાળ સુનિત્ય છે;**
**ઉત્પન્નધ્વંસી અન્ય જે તે દીર્ઘસ્થાયી પણ ઠરે. ૧૦૧.**

**અન્વયાર્થ** : [कालः इति च व्यपदेशः] 'કાળ' એવો વ્યપદેશ [सद्भावप्ररूपकः] સદ્‌ભાવનો પ્રરૂપક છે તેથી [नित्यः भवति] કાળ (નિશ્ચયકાળ) નિત્ય છે. [उत्पन्नध्वंसी अपरः] ઉત્પન્નધ્વંસી એવો જે બીજો કાળ (અર્થાત્ ઉત્પન્ન થતાંવેંત જ નષ્ટ થનારો જે વ્યવહારકાળ) તે [दीर्घांतरस्थायी] (ક્ષણિક હોવા છતાં પ્રવાહ-અપેક્ષાએ) દીર્ઘ સ્થિતિનો પણ (કહેવાય) છે.

---

**तात्पर्यवृत्ति** : अथ नित्यक्षणिकत्वेन पुनरपि कालभेदं दर्शयति; – **कालोत्ति य ववदेसो** काल इति व्यपदेशः संज्ञा । स च किं करोति ? **सब्भावपरूवगो हवदि** काल इत्यक्षरद्वयेन वाचकभूतेन स्वकीयवाच्यं परमार्थकालसद्भावं निरूपयति । क इव किं निरूपयति ? सिंहशब्द इव सिंहस्वरूपं सर्वज्ञशब्द इव सर्वज्ञस्वरूपमिति । एवं स्वकीयस्वरूपं निरूपयन् कथंभूतो भवति ? **णिच्चो** यद्यपि काल इत्यक्षरद्वयरूपेण नित्यो न भवति तथापि कालशब्देन वाच्यं यद्द्रव्यकालस्वरूपं तेन नित्यो भवतीति निश्चयकालो ज्ञातव्यः, **अवरो** अपरो व्यवहारकालः । स च किंरूपः ? **उप्पण्णप्पद्धंसी** यद्यपि वर्तमानसमयापेक्षयोत्पन्नप्रध्वंसी भवति तथापि पूर्वापरसमयसंतानापेक्षया व्यवहारनयेन **दीहंतरट्ठाई** आवलिकापल्योपमसागरोपमादिरूपेण दीर्घांतरस्थायी च घटते, नास्ति दोषः । एवं नित्यक्षणिकरूपेण निश्चयव्यवहारकालो ज्ञातव्यः । अथवा प्रकारांतरेण निश्चयव्यवहारकालस्वरूपं कथ्यते । तथाहि – अनादिनिधनः समयादिकल्पनाभेदरहितः कालाणुद्रव्यरूपेण व्यवस्थितो वर्णादिमूर्तिरहितो निश्चयकालः, तस्यैव पर्यायभूतः सादिसनिधनः समयनिमिषघटिकादिविवक्षितकल्पनाभेदरूपो व्यवहारकालो भवतीति ॥ १०१ ॥

**समयव्याख्या : नित्यक्षणिकत्वेन कालविभागख्यापनमेतत् । यो हि द्रव्यविशेषः 'अयं कालः,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अयं कालः' इति सदा व्यपदिश्यते स खलु स्वस्य सद्भावमावेदयन् भवति नित्यः। यस्तु पुनरुत्पन्नमात्र एव प्रध्वंस्यते स खलु तस्यैव द्रव्यविशेषस्य समयाख्यः पर्याय इति। स तूत्संगित-क्षणभंगोऽप्युपदर्शितस्वसंतानो नयबलाद्दीर्घांतरस्थाय्युपगीयमानो न दुष्यति; ततो न खल्वावलिकापल्योपम-सागरोपमादिव्यवहारो विप्रतिषिध्यते। तदत्र निश्चयकालो नित्यः द्रव्यरूपत्वात्, व्यवहारकालः क्षणिकः पर्यायरूपत्वादिति ॥ १०१ ॥**

અનુવાદ : કાળના 'નિત્ય' અને 'ક્ષણિક' એવા બે વિભાગનું આ કથન છે.

'આ કાળ છે, આ કાળ છે' એમ કરીને જે દ્રવ્યવિશેષનો સદા વ્યપદેશ (નિર્દેશ, કથન) કરવામાં આવે છે, તે (દ્રવ્યવિશેષ અર્થાત્ નિશ્ચયકાળરૂપ ખાસ દ્રવ્ય) ખરેખર પોતાના સદ્ભાવને જાહેર કરતું થકું નિત્ય છે; અને જે ઉત્પન્ન થતાંવેંત જ નષ્ટ થાય છે, તે (વ્યવહારકાળ) ખરેખર તે જ દ્રવ્યવિશેષનો 'સમય' નામનો પર્યાય છે. તે ક્ષણભંગી હોવા છતાં પણ પોતાની સંતતિને (પ્રવાહને) દર્શાવતો હોવાને લીધે તેને નયના બળથી 'લાંબા વખત સુધી ટકનારો' કહેવામાં દોષ નથી; તેથી આવલિકા, પલ્યોપમ, સાગરોપમ ઈત્યાદિ વ્યવહારનો નિષેધ કરવામાં આવતો નથી.

એ રીતે અહીં એમ કહ્યું કે–નિશ્ચયકાળ દ્રવ્યરૂપ હોવાથી નિત્ય છે, વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી ક્ષણિક છે. ૧૦૧.

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર]

હવે કાળદ્રવ્યનું સ્વરૂપ નિત્યાનિત્ય ભેદ કરીને બતાવે છે.

**ભાવાર્થ** : જેવી રીતે સિંહ શબ્દ બે અક્ષરનો છે તે સિંહ નામના પદાર્થને બતાવે છે. જ્યારે કોઈ સિંહ શબ્દ કહે ત્યારે સિંહ શબ્દનું જ્ઞાન થાય છે તે પ્રમાણે કાળ શબ્દ કહેવાથી કાળ પદાર્થ જાણવામાં આવે છે. શબ્દને લીધે જ્ઞાન થાય છે એમ છે જ નહિ, પણ વાચક વાચ્ય સંબંધ બતાવી કાળને સિદ્ધ કરે છે. કાળ શબ્દ કાળ નામના નિશ્ચયપદાર્થને બતાવે છે. જેવી રીતે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્યો છે તેમ કાળ પણ દ્રવ્ય છે. અસંખ્ય કાળાણુ છે, આમ કાળ નામનો પદાર્થ નિશ્ચયનયથી બતાવ્યો.

વ્યવહારકાળમાં બધાથી સૂક્ષ્મ સમય છે. તે એક સમયની અવસ્થા છે. તે ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે તથા નિશ્ચય કાળાણુની પર્યાય છે. પર્યાય ઉત્પાદ–વ્યયરૂપ સિદ્ધાંતમાં કહેવામાં આવેલ છે. તે સમયની ભૂત, ભવિષ્ય ને વર્તમાનરૂપ પરંપરા લેવામાં આવે તો આવલિ, પલ્યોપમ, સાગરોપમ વગેરે અનંત ભેદરૂપ થાય છે, તેથી નક્કી થાય છે કે નિશ્ચયકાળ અવિનાશી છે ને વ્યવહારકાળ વિનાશી છે. ૧૦૧.

---

**एदे कालागासा धम्माधम्मा य पुग्गला जीवा।**
**लब्भंति दव्वसण्णं कालस्स दु णत्थि कायत्तं ॥ १०२ ॥**

**एते कालाकाशे धर्माधर्मौ च पुद्गला जीवाः।**
**लभंते द्रव्यसंज्ञां कालस्य तु नास्ति कायत्वम् ॥ १०२ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આ જીવ, પુદ્‌ગલ, કાળ, ધર્મ, અધર્મ તેમ જ નભ વિષે**
**છે 'દ્રવ્ય'સંજ્ઞા સર્વને, કાયત્વ છે નહિ કાળને. ૧૦૨**

**અન્વયાર્થ :** [एते] આ [कालाकाशे] કાળ, આકાશ, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ, [पुद्‌गलाः] પુદ્‌ગલો [च] અને [जीवाः] જીવો (બધાં) [द्रव्यसंज्ञां लभंते] 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે; [कालस्य तु] પરંતુ કાળને [कायत्वम्] કાયપણું [न अस्ति] નથી.

---

**तात्पर्यवृत्ति** : एवं निर्विकारनिजानंदसुस्थितचिच्चमत्कारमात्रभावनारतानां भव्यानां बहिरंगकाललब्धिभूतस्य निश्चयव्यवहारकालस्य निरूपणमुख्यत्वेन चतुर्थस्थले गाथाद्वयं गतं । अथ कालस्य द्रव्यसंज्ञाविधानं कायत्वनिषेधं च प्रतिपादयति,– **एदे** एते प्रत्यक्षीभूताः **कालागासा धम्माधम्मा य पोग्गला जीवा** कालाकाशधर्माधर्मपुद्‌गलजीवाः कर्तारः **लब्भंति** लभंते । कां । **दव्वसण्णं** द्रव्यसंज्ञां । कस्मादिति चेत् । सत्तालक्षणमुत्पादव्ययध्रौव्यलक्षणं गुणपर्यायलक्षणं चेति द्रव्यपीठिकाकथितक्रमेण द्रव्यलक्षणत्रययोगात् **कालस्स य णत्थि कायत्तं** कालस्य च नास्ति कायत्वं । तदपि कस्मात् । विशुद्धदर्शनज्ञानस्वभावशुद्धजीवास्तिकायप्रभृतिपंचास्तिकायानां बहुप्रदेशप्रचयत्वलक्षणं कायत्वं यथा विद्यते न तथा कालाणूनां ''लोगागासपदेसे एक्केक्के जे ठिया हु एक्केक्का । रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि'' इति गाथाकथितक्रमेण लोकाकाशप्रमितासंख्येयद्रव्याणामपीति । अत्र केवलज्ञानादिशुद्धगुणसिद्धत्वागुरुलघुत्वादिशुद्धपर्यायसहितशुद्धजीवद्रव्यादन्यद्रव्याणि हेयानीति भावः ॥ १०२ ॥

**समयव्याख्या : कालस्य द्रव्यास्तिकायत्वविधिप्रतिषेधविधानमेतत् । यथा खलु जीवपुद्‌गलधर्माधर्माकाशानि सकलद्रव्यलक्षणसद्‌भावाद्‌द्रव्यव्यपदेशभाञ्जि भवन्ति, तथा कालोऽपि । इत्येवं षड्‌द्रव्याणि । किंतु यथा जीवपुद्‌गलधर्माधर्माकाशानां द्व्यादिप्रदेशलक्षणत्वमस्ति अस्तिकायत्वं, न तथा लोकाकाशप्रदेशसंख्यानामपि कालाणूनामेकप्रदेशत्वादस्त्यस्तिकायत्वम् । अत एव च पञ्चास्तिकायप्रकरणे न हीह मुख्यत्वेनोपन्यस्तः कालः । जीवपुद्‌गलपरिणामावच्छिद्यमानपर्यायत्वेन तत्परिणामान्यथानुपपत्त्यानुमीयमानद्रव्यत्वेनात्रैवांतर्भावितः ॥ १०२ ॥**

**—इति कालद्रव्यव्याख्यानं समाप्तम् ।**

**અનુવાદ :** આ, કાળને દ્રવ્યપણાના વિધાનનું અને અસ્તિકાયપણાના નિષેધનું કથન છે (અર્થાત્ કાળને દ્રવ્યપણું છે પણ અસ્તિકાયપણું નથી એમ અહીં કહ્યું છે).

જેમ ખરેખર જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્‌ભાવ હોવાથી તેઓ 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે, તેમ કાળ પણ (તેને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્‌ભાવ હોવાથી) 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે. એ પ્રમાણે છ દ્રવ્યો છે. પરંતુ જેમ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્વિ-આદિ પ્રદેશો જેનું લક્ષણ છે એવું અસ્તિકાયપણું છે, તેમ કાળાણુઓને—જોકે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે તોપણ—એકપ્રદેશીપણાને લીધે અસ્તિકાયપણું નથી. અને આમ હોવાથી જ (અર્થાત્ કાળ અસ્તિકાય નહિ હોવાથી જ) અહીં પંચાસ્તિકાયના પ્રકરણમાં મુખ્યપણે કાળનું કથન કરવામાં આવ્યું નથી; (પરંતુ) જીવ–પુદ્‌ગલોના પરિણામ દ્વારા જે જણાય છે–મપાય છે એવા તેના પર્યાય હોવાથી તથા જીવ–પુદ્‌ગલોના પરિણામની અન્યથા અનુપપત્તિ દ્વારા જેનું અનુમાન થાય છે એવું તે દ્રવ્ય હોવાથી તેને અહીં અંતર્ભૂત કરવામાં આવ્યો છે. ૧૦૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આ રીતે કાળદ્રવ્યનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર]

કાળ વસ્તુ છે પણ તેને કાય નથી–અનેક પ્રદેશો નથી. તે એક જ પ્રદેશી છે તેથી તે કાયવાન કહેવાતો નથી. એક પ્રદેશમાં પર્યાય પૂરી થતાં તેનું માપ આવી જાય છે તેથી તે એકપ્રદેશી છે તેમ જ તેમાં લૂખાશ–ચીકાશ પણ નથી, જેથી એક કાળાણુ બીજા કાળાણુ સાથે ચોંટી શકતો નથી. દરેક કાળાણુ છૂટો રહે છે, તે બતાવે છે.

**ભાવાર્થ** : જેવી રીતે ધર્મ, અધર્મ, પુદ્‌ગલ, જીવ પાંચ દ્રવ્યોમાં ગુણ–પર્યાય છે તેથી તે દ્રવ્યનું લક્ષણ જેમ સત્ છે તથા સત્‌નું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. તેવી રીતે ગુણ–પર્યાયાદિ લક્ષણ કાળમાં છે તેથી કાળને દ્રવ્ય કહેવામાં આવે છે.

જીવ પુદ્‌ગલાદિ દ્રવ્યનું લક્ષણ સત્ છે ને સત્‌નું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. તે ત્રણે સત્‌ના અંશો છે. તે દરેક દ્રવ્યના સ્વભાવો છે. આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આત્મદ્રવ્યને લીધે છે, પુદ્‌ગલને લીધે નથી; પુદ્‌ગલના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પુદ્‌ગલને લીધે છે, આત્માને લીધે નથી. તેવી રીતે કાળમાં અનંતા ગુણો ને પર્યાયો છે તે સત્ છે, તેમાં પણ નવી અવસ્થારૂપે ઊપજવું, જૂનીનું ટળી જવું ને ધ્રુવપણે ટકી રહેવું છે. આવાં લક્ષણો હોવાથી કાળને પણ દ્રવ્ય કહે છે, આ પ્રમાણે કાળ તથા બીજાં પાંચ દ્રવ્યોની દ્રવ્યસત્તા સમાન છે. એ અપેક્ષાએ બધાં સમાન છે.

(૧) જીવ નામનો પદાર્થ છે. સામે પુદ્‌ગલ નામનો પદાર્થ છે. જીવમાં જ્ઞાન ન હોય એમ કદી બને નહિ ને પુદ્‌ગલમાં જ્ઞાન હોય એમ કદી બને નહિ. જીવ શક્તિ એ સર્વજ્ઞ છે, પુદ્‌ગલ અજ્ઞ (જ્ઞાન વિનાનો) છે.

(૨) ધર્મદ્રવ્ય જીવ–પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય છે, સામે અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત થાય છે.

(૩) આકાશ ક્ષેત્રે સર્વવ્યાપક છે–અનંત પ્રદેશી છે. સામે કાળ એકપ્રદેશી છે, ક્ષેત્ર નાનામાં નાનું છે.

(૪) પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ પાંચ દ્રવ્યો અચેતન છે ને જીવ એક ચેતન છે.

(૫) જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ પાંચ દ્રવ્યો અમૂર્તિક છે, ને પુદ્‌ગલ એક મૂર્તિક છે.

આ પ્રમાણે વિરુદ્ધ લક્ષણવાળાં દ્રવ્યો છે. તેમાં દ્વૈતતા રહેલી છે પણ દ્રવ્ય છે એ અપેક્ષાએ બધાં સમાન છે.

તેમાંથી ધર્મ, અધર્મ, લોકાકાશ, જીવ આ ચારના અસંખ્ય પ્રદેશ છે, પુદ્‌ગલપરમાણુ નિશ્ચયથી એકપ્રદેશી છે પણ તેમાં સ્કંધરૂપ થવાની યોગ્યતા છે. તેથી સંખ્યાત, અસંખ્યાત ને અનંતપ્રદેશી છે પણ કાળ તો એક જ પ્રદેશી છે તેમ જ તેનામાં લૂખાશ–ચીકાશ નથી તેથી વ્યવહારે સપ્રદેશી થવાની પણ યોગ્યતા નથી.

**ભાવાર્થ** : કાળાણુ રત્નના રાશિની જેમ છૂટા પડેલા છે. કાળાણુ એકપ્રદેશી છે. લોકાકાશના પ્રદેશ અસંખ્ય છે, તેથી કાળાણુ દ્રવ્ય પણ અસંખ્ય છે ને લોકાકાશના એક એક પ્રદેશ ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક એક કાળાણુ રહે છે તેથી કાળ કાયવાળો—અનેક પ્રદેશોવાળો નથી એટલે કે કાયરહિત છે. તેથી આ 'પંચાસ્તિકાય' ગ્રંથમાં તેનું મુખ્યરૂપ કથન કર્યું નથી. આ કાળદ્રવ્યનું પાંચ અસ્તિકાયમાં ગર્ભિત કથન આવી જાય છે કેમ કે જીવ–પુદ્ગલના પરિણમનથી સમયાદિ વ્યવહારકાળ જાણવામાં આવે છે. જો વ્યવહારકાળ પ્રગટ જાણવામાં આવે છે તો નિશ્ચયકાળનું અનુમાન થાય છે તે કારણથી પંચાસ્તિકાયમાં જીવ–પુદ્ગલોના પરિણમન દ્વારા કાળદ્રવ્ય જાણવામાં આવી શકે છે. તેથી પાંચ અસ્તિકાયમાં કાળદ્રવ્યને ગર્ભિત જાણવું. આ કાળદ્રવ્યનું વ્યાખ્યાન પૂરું થયું. ૧૦૨.

---

**एवं पवयणसारं पंचत्थियसंगहं वियाणित्ता।**
**जो मुयदि रागदोसे सो गाहदि दुक्खपरिमोक्खं ॥ १०३ ॥**

**एवं प्रवचनसारं पञ्चास्तिकायसंग्रहं विज्ञाय।**
**यो मुञ्चति रागद्वेषौ स गाहते दुःखपरिमोक्षम् ॥ १०३ ॥**

**એ રીત પ્રવચનસારરૂપ 'પંચાસ્તિસંગ્રહ' જાણીને**
**જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળદુખમોક્ષને. ૧૦૩.**

**અન્વયાર્થ :** [एवम्] એ પ્રમાણે [प्रवचनसारं] પ્રવચનના સારભૂત [पञ्चास्तिकायसंग्रहं] 'પંચાસ્તિકાયસંગ્રહ'ને [विज्ञाय] જાણીને [यः] જે [रागद्वेषौ] રાગ–દ્વેષને [मुञ्चति] છોડે છે, [सः] તે [दुःखपरिमोक्षम् गाहते] દુઃખથી પરિમુક્ત થાય છે.

---

**तात्पर्यवृत्ति :** एवं कालस्य द्रव्यास्तिकायसंज्ञाविधिनिषेधव्याख्यानेन पंचमस्थले गाथासूत्रं गतं। अथ पंचास्तिकायाध्ययनस्य मुख्यवृत्त्या तदंतर्गतशुद्धजीवास्तिकायपरिज्ञानस्य वा फलं दर्शयति,–**एवं** पूर्वोक्तप्रकारेण **वियाणित्ता** विज्ञाय पूर्वं। कं ? **पंचत्थियसंगहं** पंचास्तिकायसंग्रहनामसंज्ञं ग्रंथं। किंविशिष्टं ? **पवयणसारं** प्रवचनसारं पंचास्तिकायषड्द्रव्याणां संक्षेपप्रतिपादकत्वात् मुख्यवृत्त्या परमसमाधिरतानां मोक्षमार्गत्वेन सारभूतस्य शुद्धजीवास्तिकायस्य प्रतिपादकत्वाद्वा द्वादशांगरूपेण विस्तीर्णस्यापि प्रवचनस्य सारभूतं एवं विज्ञाय। किं करोति ? **जो मुयदि** यः कर्ता मुञ्चति। कौ कर्मतापन्नौ। **रायदोसे** अनंतज्ञानादिगुणसहितवीतरागपरमात्मनो विलक्षणौ हर्षविषादलक्षणौ भाविरागादिदोषोत्पादककर्मास्रवजनकौ च रागद्वेषौ द्वौ। **सो** सः पूर्वोक्तः ध्याता **गाहदि** गाहते प्राप्नोति। कं ? **दुक्खपरिमोक्खं** निर्विकारात्मोपलब्धिभावनोत्पन्नपरमाल्हादैकलक्षणसुखामृतविपरीतस्य नानाप्रकारशारीरमानसरूपस्य चतुर्गतिदुःखस्य परिमोक्षं मोचनं विनाशमित्यभिप्रायः ॥ १०३ ॥

**समयव्याख्या : तदवबोधफलपुरस्सरः पञ्चास्तिकायव्याख्योपसंहारोऽयम्। न खलु कालकलितपञ्चास्तिकायेभ्योऽन्यत् किमपि सकलेनापि प्रवचनेन प्रतिपाद्यते। ततः प्रवचनसार एवायं पञ्चास्तिकायसंग्रहः। यो हि नामामुं समस्तवस्तुतत्त्वाभिधायिनमर्थतोऽर्थितयावबुध्यात्रैव जीवास्तिकायांतर्गतमात्मानं स्वरूपेणात्यंतविशुद्धचैतन्यस्वभावं निश्चित्य परस्परकार्यकारणीभूतानादिरागद्वेषपरिणामकर्मबंधसंततिसमारोपितस्वरूपविकारं तदात्वेऽनुभूयमानमवलोक्य तत्कालोन्मीलितविवेकज्योतिः कर्मबंधसंततिप्रवर्तिकां रागद्वेषपरिणतिमत्यस्यति, स खलु जीर्यमाणस्नेहो जघन्यस्नेहगुणाभिमुखपरमाणुवद्भाविबंधपराङ्मुखः पूर्वबंधात्प्रच्यवमानः शिखितप्तोदकदौस्थ्यानुकारिणो दुःखस्य परिमोक्षं विगाहत**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति ॥१०३ ॥

**અનુવાદ : અહીં પંચાસ્તિકાયના અવબોધનું ફળ કહીને પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.**

**ખરેખર સઘળુંય (દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ) પ્રવચન કાળસહિત પંચાસ્તિકાયથી અન્ય કાંઈ પણ પ્રતિપાદિત કરતું નથી; તેથી પ્રવચનનો સાર જ આ 'પંચાસ્તિકાયસંગ્રહ' છે. જે પુરુષ ખરેખર સમસ્તવસ્તુતત્ત્વના કહેનારા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ને અર્થતઃ અર્થીપણે જાણીને, એમાં જ કહેલા જીવાસ્તિકાયને વિષે અંતર્ગત રહેલા પોતાને (નિજ આત્માને) સ્વરૂપે અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરીને, પરસ્પર કાર્ય કારણભૂત એવા અનાદિ રાગ–દ્વેષપરિણામ અને કર્મબંધની પરંપરાથી જેનામાં સ્વરૂપવિકાર આરોપાયેલો છે એવો પોતાને (નિજ આત્માને) તે કાળે અનુભવાતો અવલોકીને, તે કાળે વિવેકજ્યોતિ પ્રગટ હોવાથી (અર્થાત્ અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવનું અને વિકારનું ભેદજ્ઞાન તે કાળે જ પ્રગટ વર્તતું હોવાથી) કર્મબંધની પરંપરાને પ્રવર્તાવનારી રાગ–દ્વેષપરિણતિને છોડે છે, તે પુરુષ, ખરેખર જેને સ્નેહ જીર્ણ થતો જાય છે એવો, જઘન્ય સ્નેહગુણની સંમુખ વર્તતા પરમાણુની માફક ભાવી બંધથી પરાઙ્મુખ વર્તતો થકો, પૂર્વ બંધથી છૂટતો થકો, અગ્નિતપ્ત જળની દુઃસ્થિતિ સમાન જે દુઃખ તેનાથી પરિમુક્ત થાય છે. ૧૦૩.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર]

આ પાંચ અસ્તિકાયના જ્ઞાનનું ફળ બતાવે છે.

પંચાસ્તિકાયના જ્ઞાનનું ફળ મુક્તિ છે તે બતાવે છે. નિકટ ભવ્ય જીવ કહ્યો છે. અલ્પકાળમાં મુક્તિમાં જવાનો છે તે નિકટ ભવ્ય છે. બીજાની પર્યાય બગડે કે સુધરે, કોઈ સર્વજ્ઞ થાય, કોઈ નિગોદ થાય, પરમાણુ છૂટો પડે કે ભેગો થાય તો મને લાભ કે નુકસાન નથી. હું મારા જ્ઞાનમાં સ્વને જાણતાં તે બધા પરને જાણું છું. બીજા પદાર્થો મને સુખ–દુઃખનું કારણ નથી ને મને કલ્પના થાય છે તે પરને લીધે થતી નથી પણ મારી નબળાઈને કારણે છે. હું તો રાગનો તેમ જ પરનો જાણનાર છું એવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિવાળો જીવ નિકટ ભવ્ય જીવ છે.

તે નિકટ ભવ્ય જીવ દિવ્યધ્વનિમાંથી આવેલા બાર અંગના રહસ્યને અથવા પાંચ અસ્તિકાયના સ્વભાવને ભલે પ્રકારે જાણે છે. **"ભલે પ્રકારે જાણીને"** એ શબ્દો ઉપર ખાસ વજન છે. છ દ્રવ્યો સ્વતંત્ર જેમ છે તેમ જાણે છે. દરેક દ્રવ્ય પોતપોતાથી છે ને બીજાં દ્રવ્યોથી નથી તેમ જ દરેકનું વર્તમાન પોતાથી છે ને અન્ય દ્રવ્યથી નથી એમ છ દ્રવ્યોના દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વતંત્ર છે એમ પૃથક્ પૃથક્ જાણવું તે પ્રથમ ઉપાય છે. મિથ્યાત્વદશામાં છ દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણતો ન હતો તેથી મિથ્યાત્વસહિત રાગ–દ્વેષની ઉત્પત્તિ થતી હતી. હવે ભેદજ્ઞાન થયું કે અહો ! છ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ નથી. હું આત્મા છું, બીજા જડથી જુદો છું તેમ જ બીજા અનંત આત્માથી પણ જુદો છું તેથી તે પરથી મને લાભ નથી તેમ જ નુકસાન નથી. સર્વજ્ઞથી લાભ નથી, દુશ્મનથી નુકસાન નથી. મારી પર્યાયનો અંશ તેમાં જતો નથી, ને તેનો અંશ મારામાં આવતો નથી. દરેક પદાર્થની ક્રિયા સ્વતંત્ર થઈ રહી છે, આમ પ્રથમ પરથી ભેદવિજ્ઞાન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રકારે ભેદવિજ્ઞાન થયા પછી ઈષ્ટ પદાર્થોમાં પ્રીતિ ને અનિષ્ટ પદાર્થોમાં દ્વેષને છોડે છે. ભેદવિજ્ઞાન થયા વિના કદી રાગ–દ્વેષ છૂટતા નથી તેથી અહીં કહ્યું કે ભલે પ્રકારે જાણીને રાગ–દ્વેષ છોડે છે. પરથી ભેદવિજ્ઞાન કર્યું. કર્મ પર છે, જડ છે તેને હું હણી શકતો નથી તેમ જ પરપદાર્થને હું ગ્રહી કે છોડી શકતો નથી. વળી મારામાં જે રાગ–દ્વેષ થાય છે તે પરને લીધે થતા નથી, મારા કારણે થાય છે. પણ તે રાગ–દ્વેષ મારા સ્વભાવમાં નથી, હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એમ પોતાના સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરતાં રાગ–દ્વેષ ઉત્પન્ન જ થતા નથી તેને રાગ–દ્વેષને છોડે છે એમ કહેવામાં આવે છે. રાગ–દ્વેષ છે તેને કેવી રીતે છોડવા ? ને ઉત્પન્ન થયા નથી તેને શું છોડવા ? હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એમ સ્વભાવમાં ઠરતાં રાગ–દ્વેષ ઉત્પન્ન જ થતા નથી. તેને ઈષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષ છોડે છે એમ ઉપદેશનાં વાક્યો આવે છે.

(૧) પ્રથમ નિમિત્તની રુચિ છૂટી સ્વભાવની રુચિ થાય છે.

(૨) પછી સ્વભાવમાં સ્થિર થતાં રાગ–દ્વેષ છૂટી જાય છે.

આ રીતે તે ભવ્ય જીવ સંસારનાં દુઃખોથી છૂટી મુક્તિને પામે છે.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૧, રવિવાર]

આ પહેલો અધ્યાય પૂરો થાય છે. જ્ઞાનસમય, અર્થસમય ને શબ્દસમય એમ ત્રણ પ્રકારના સમયની વાત કરી હતી. જગતના પદાર્થો જ્ઞાનમાં જણાય છે, તેને લીધે રાગ–દ્વેષ ન થાય પણ વીતરાગતા થાય, એમ જે શાસ્ત્ર બતાવે તેને શાસ્ત્ર કહે છે. શાસ્ત્રકાર કહે છે કે તારે પર પદાર્થો સાથે સંબંધ નથી. છ દ્રવ્યો પૃથક્ પૃથક્ છે. પરને લીધે સંગપણું નથી તેમ જ પરને લીધે અસંગપણું પણ નથી. તને અસંગપણાનો અભાવ વર્તે છે તેથી સંસાર છે. તારા બેભાનપણાને લીધે સંસાર છે ને સ્વભાવનું ભાન થતાં સંસાર ટળી જાય છે ને વીતરાગતા ઉત્પન્ન થાય છે. આમ સ્વતંત્રપણું બતાવે તે શબ્દસમય છે. શાસ્ત્ર ને રાગના અવલંબન વિના જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાનસમય છે. પાંચ અસ્તિકાયનું સ્વરૂપ જાણવાનું ફળ વીતરાગતા છે, તે બતાવે છે.

**ભાવાર્થ :** આત્માનો સ્વભાવ જ્ઞાન જ છે. આત્મા પરપદાર્થથી જુદો છે ને પર્યાયમાં વિકાર થાય તે આત્માનું ખરું સ્વરૂપ નથી, એમ ભાન થયા પછી નબળાઈના કારણે અલ્પ રાગ–દ્વેષ થાય છે તે આત્મામાં વિશેષ અસંગપણાની દૃઢતા કરતાં નાશ પામે છે ને વીતરાગતા પ્રગટીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સર્વજ્ઞદેવને દિવ્યધ્વનિ નીકળે છે તે દ્વાદશાંગવાણી છે, તેમાં સમયે સમયે બાર અંગનું રહસ્ય નીકળે છે ને તે અનુસારે ગણધરો શાસ્ત્રની રચના કરે છે.

તે દ્વાદશાંગવાણી અનુસારે જેટલાં શાસ્ત્ર રચાયાં તે શાસ્ત્ર સાચાં છે. છએ દ્રવ્યો પરિપૂર્ણ સ્વતંત્ર છે એમ તે શાસ્ત્રો બતાવે છે.

આ છ દ્રવ્યના સ્વરૂપમાંથી એક પણ વસ્તુ આઘીપાછી કરે ને એક પણ પદાર્થને કાઢી નાખે, એક આત્મા ઓછો કહે, પુદ્ગલો ઓછાં કહે, ધર્મ, અધર્મ, આકાશને કાઢી નાખે, કાળને ન માને અથવા અનંતા કાળાણુ માને ને એમાં ફેરફાર કરી શાસ્ત્ર રચે તે મિથ્યાદૃષ્ટિનાં રચેલાં છે, તે દ્વાદશાંગ વાણીના આધારે લખાયેલાં નથી.

આ શબ્દસમય અથવા શબ્દશ્રુતની વાત ચાલે છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલાં થયા ને અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલાં થયા. તેઓ કહે છે કે “किसी जगह कुछ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भी छूट नहीं की है'' ભગવાનની વાણીમાં જરા પણ છૂટ રાખી નથી. જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ અહીં કહેવાય છે. કોઈ કહે કે દ્રવ્યો પાંચ છે; કાળને ઉપચાર માનીને છૂટ લઈએ તો ? **સમાધાન** : તે વાણી તીર્થંકરની, મુનિની કે સંતોની નથી પણ મિથ્યાદ્રષ્ટિની છે. આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. જેની પરંપરા સાચી નથી તેનો એક અક્ષર પણ સાચો નથી. કોઈ દલીલ કરે કે ''અમો કાળને નથી માનતા પણ અનંતા આત્મા, અનંતા પરમાણુને તથા દ્રવ્ય–ગુણ–પર્યાયને માનીએ છીએ, તો એટલું તો અમારું સાચું કહો.'

**ઉત્તર** : ના, તારો એક અક્ષર પણ સાચો નથી. કાળદ્રવ્ય જે બધાં દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત છે તેનો તને સ્વીકાર નથી એટલે તારા અભિપ્રાયમાં એક પણ દ્રવ્યનો સ્વીકાર છે જ નહિ. માટે તારી બધી વાત ખોટી છે.

એક પણ દ્રવ્ય ઓછું માને કે વિપરીત માને તે બધા ખોટા છે ને છ દ્રવ્યોને જેમ છે તેમ બતાવે તે સાચાં શાસ્ત્ર છે. આ પંચાસ્તિકાયમાં પણ એ નિર્ણય છે તેથી આ પંચાસ્તિકાયપ્રવચન છે તે ભગવાનનાં પ્રમાણવચનોનો સાર છે. કારણ કે આમાં છયે દ્રવ્યોનું સ્વતંત્ર પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આત્મા આત્મારૂપે છે, પરરૂપે નથી; પર પરરૂપે છે ને આત્મારૂપે નથી. આમ પ્રથમ વાણી સિદ્ધ કરીને તેના અનુસારે રચાયેલાં શાસ્ત્રોમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં છે એમ સિદ્ધ કર્યું.

હવે તે શાસ્ત્રોમાં કહેલાં છ દ્રવ્યોના સ્વરૂપને જાણવાનું ફળ કહે છે. સમસ્ત પદાર્થોના સ્વરૂપને બતાવનારો આ ગ્રંથ 'પંચાસ્તિકાય' છે. જે કોઈ પુરુષ તેને શબ્દ તેમ જ અર્થ વડે ભલી રીતે જાણશે તે ભેદવિજ્ઞાનને પામશે. કોઈ આત્મા કોઈ પરને લાભ–નુકસાન કરવા સમર્થ નથી, કાળ પદાર્થ છે પણ તેને લીધે બીજા દ્રવ્યમાં પરિણમન થતું નથી. દરેક દ્રવ્ય પોતાના કારણે પોતાની હદમાં વર્તી રહ્યું છે, કર્મ કર્મરૂપે છે, શરીર શરીરરૂપે છે; બીજા આત્મા બીજારૂપે છે, હું મારારૂપે છું, કોઈ મારી નિંદા કરે તો તે શબ્દો ને તેનો ભાવ મને અહિત કરતા નથી ને કોઈ મારા હિતની ભાવના કરે તો તેથી મારું હિત થતું નથી. મારા કારણે મારું હિત અથવા અહિત છે, મારા દુઃખનું કારણ મારા રાગ–દ્વેષ છે ને મારી શાંતિનું કારણ હું છું, પરપદાર્થો શાંતિ કે દુઃખનાં કારણ નથી. આમ યથાર્થ રીતે શાસ્ત્રને સમજવું જોઈએ.

કોઈ જીવ એમ માને કે બીજા નિંદા કરે છે માટે મને ખેદ થાય છે, પ્રશંસા કરે છે માટે મને રાગ થાય છે, કર્મને લીધે વિકાર થાય છે, સ્ત્રી, કુટુંબ, પૈસો, લાડવા વગેરેથી સુખ થાય છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. પ્રત્યેક પદાર્થને ભિન્ન ભિન્ન જે સમજતો નથી તે શાસ્ત્રને, પદાર્થને કે જ્ઞાનસ્વભાવને એકેને સમજતો નથી.

ત્રીજી ગાથામાં (૧) શબ્દસમય, (૨) પદાર્થસમય, (૩) જ્ઞાનસમયની વાત કરેલ તે અહીં સરવાળો લાવીને મૂકે છે. છ દ્રવ્યો સ્વતંત્ર બતાવી વીતરાગતા બતાવે છે તે શબ્દસમય છે, વસ્તુ પણ એમ જ છે ને જ્ઞાન પણ એમ જ જાણે છે. **જ્ઞાને જાણ્યું કે અહો ! મારા આત્માને કોઈ પરની સાથે સંબંધ નથી, કોઈને રોકવો કે તેનો વિકાસ કરવો તે મારા હાથમાં નથી, હું તો સ્વતંત્ર છું. આમ ત્રણેનું ફળ વીતરાગતા છે.**

મજબૂત સંહનન હોય તો કેવળ થાય, કાળ સારો હોય તો ધર્મ થાય, કોઈ નિંદા કરે તો દ્વેષ થાય, કોઈ પ્રશંસા કરે તો રાગ થાય એમ માનનારને શાસ્ત્રકાર કહે છે કે એ પ્રકારની તારી મૂઢતા ઉપર મીંડા વાળ. તારો એક અક્ષર સાચો નથી. તું પદાર્થને સમજતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, દેવ–ગુરુ–શાસ્ત્રને સમજતો નથી, તારા આત્માને સમજતો નથી.

છયે દ્રવ્યોને જેમ છે તેમ જાણ. કોઈને કોઈની અપેક્ષા નથી, દરેક તત્ત્વ પૃથક્ છે. શરીર, મન, વાણી, બંગલા, પૈસા બધાં સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ નથી. બીજાના કારણે પોતે છે ને બીજાથી પોતાને સુખ છે એમ માને તો પરથી પૃથક્તા રહેતી નથી.

મૂળ ગાથામાં ''विज्ञाय'' શબ્દ છે તેનો અર્થ કર્યો કે 'भली भांति जानेगा'. જુઓ, આ મૂળ વાત છે. 'ભલે પ્રકારે જાણીને' એમ કહ્યું છે. માત્ર ધારણાની વાત નથી. જેને વસ્તુની રુચિ થઈ નથી તેણે ભલે પ્રકારે સ્વરૂપ જાણ્યું નથી. અહો ! મારો આત્મા સુખ ને જ્ઞાનસ્વરૂપ છે. જગતના કોઈ સાધનથી શાંતિ કે અશાંતિ નથી, કોઈથી મારો ધર્મ પ્રગટતો નથી તેમ જ લૂંટાતો નથી, જેટલી આસક્તિ છે એટલો અધર્મ છે ને જેટલો સ્વભાવ પ્રગટે તે ધર્મ છે. આ પંચાસ્તિકાયનું સ્વરૂપ જાણતાં ભેદવિજ્ઞાન થાય છે. પરને લીધે વિકાર નથી, વિકાર તે મારા જીવાસ્તિકાયનો અંશ છે. એમ પરથી પૃથક્પણાનું ભાન થતાં ધર્મી વિચારે છે કે વિકાર પર્યાયમાં છે છતાં તે મારા શુદ્ધ ત્રિકાળી સ્વભાવમાં નથી. આમ ભેદજ્ઞાન કરે છે તેણે શાસ્ત્રને ભલે પ્રકારે જાણ્યું કહેવાય છે.

અજ્ઞાની જીવ જગતને સમજાવવા માટે શાસ્ત્ર ભણી જાય છે. એકલાં શાસ્ત્રને શુભરાગ સહિત જાણે તે પુણ્યબંધ છે, ધર્મ નથી. વળી કોઈ અસ્તિકાયનો કોઈ અંશ બીજામાં ભેળવી છ દ્રવ્યની પૃથક્તાને જે માનતો નથી તેને વાણી મળી નથી, છ પદાર્થોનું સ્વરૂપ મળ્યું નથી, ને તેને સાચું જ્ઞાન થયું નથી.

એ માટે અહીં ''भली भांति'' શબ્દ વાપરેલ છે. ભલા પ્રકારથી જાણવાની વાત છે. એકલી ધારણાની વાત નથી. ધર્મી જીવ સ્વર્ગમાં હોય તોપણ ઈંદ્રાણીથી સુખ ન માને કારણ કે તે પર છે, નરકમાં હોય તો પણ અગ્નિને દુઃખનું કારણ ન માને, કારણ કે તે પર છે. ધર્મી તિર્યંચ હોય તો ટાઢ–તડકાને લીધે દુઃખ ન માને, કારણ કે તે બધા પર છે, મારું સુખ મારામાં છે તેમ ધર્મી જીવ ગમે તે ગતિમાં હોય તોપણ માને છે.

અજ્ઞાની જીવો માને છે કે ગરમીને લીધે આકુળતા ઘણી થાય છે. ભાઈ, તું આકુળતા કરે છે તો થાય છે. વળી કોઈ જીવ શરીરને ધર્મનું સાધન માની કસરત કરે છે ને શરીર મજબૂત થાય તો ધર્મ થાય એમ માને છે. વળી કહે છે કે શરીરમાં ૧૦૫ ડિગ્રી તાવ આવે તો સામાયિક થાય ? તેને કહે છે કે ભાઈ, તું અજ્ઞાની છો, તાવ શરીરને આવે છે, આત્માને તાવ આવતો નથી. શરીરથી આત્મા જુદો છે. આત્માના આધારે સામાયિક થાય છે, એનું તને ભાન નથી.

એટલા માટે અહીં પ્રથમ ભેદજ્ઞાન કરવાની વાત કરે છે. ધર્મી જીવ છ દ્રવ્યોને સ્વતંત્ર માને છે. વિકાર પરને લીધે નથી, મારા અપરાધને લીધે છે. પણ તે પર્યાયમાં છે, દ્રવ્ય–ગુણમાં નથી. એમ પરથી ભિન્ન થઈ વિચારે છે કે શુભાશુભભાવ હેય છે ને શુદ્ધ આત્મસ્વભાવ ઉપાદેય છે. ચૈતન્યસ્વભાવ નિર્મળ છે એમ જેણે દૃઢ કર્યું છે તે જાણે છે કે અવિદ્યાથી ઉત્પન્ન થતા રાગ–દ્વેષના પરિણામ આત્મસ્વરૂપમાં વિકાર ઉપજાવે છે, પણ તે મારું ખરું સ્વરૂપ નથી. અહીં કર્મથી રાગ–દ્વેષ થાય છે એમ કહ્યું નથી. અનાદિ અવિદ્યાથી રાગ–દ્વેષ થાય છે એટલે કે છ દ્રવ્યોની પૃથક્તાની ખબર નથી તે અનાદિની અવિદ્યા છે તેથી વિકાર ઊપજે છે. હવે ભાન થયું કે મારા કારણે હાસ્ય, રતિ, અરતિ, યશ, અયશની લાગણીઓ થાય છે કર્મને લીધે નહિ. વ્યવહારરત્નત્રયના પરિણામ પણ ચૈતન્યસ્વભાવની નિર્મળતાને મલિન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરનારા છે. આમ જે યથાર્થ જ્ઞાન કરે છે તેનું જ્ઞાન સાચું છે.

જ્ઞાનસ્વભાવમાં વિકાર નથી, વિકાર મારી જાત નથી, વિકાર જડનો છે, ચૈતન્યસ્વરૂપનો નથી, એમ દ્રવ્યદ્રષ્ટિ કરાવવા 'સમયસાર'માં કથન આવે છે.

અહીં 'પંચાસ્તિકાય'માં શુભાશુભરાગ તારા જીવાસ્તિકાયના છે, પરને લીધે નથી. પોતાનો અંશ છે એમ જ્ઞાન કરાવી હવે કહે છે કે તે શુભાશુભભાવો ચૈતન્યસ્વરૂપને મલિન કરનારા છે. એમ કહીને કાઢી નાખે છે. પ્રથમ રાગ–દ્વેષ તારા અસ્તિકાયમાં છે એમ સિદ્ધ કરેલ પછી કાઢી નાખ્યા.

કોઈ કહે તો શું કરવું ? વ્યવહારરત્નત્રયનું સાધન પણ ઉડાડી દીધું ? ભાઈ, તારો આત્મા ખરું સાધન છે. તે રાખ્યું છે. જેટલો રાગ–દ્વેષ થાય છે તે મલિનતા કરનારો છે. તે મલિનતા પરને લીધે નથી. તારે લીધે છે, તને નુકસાન કરનારો છે માટે જ્ઞાનસ્વભાવમાં તું ઠર. તો ધર્મ ને શાંતિ થાય એમ છે.

વળી કોઈ કહે કે આ બૈરાં–છોકરાંનું શું કરવું ? એની અમોને ચિંતા થાય છે. ભાઈ, તે આત્મા તો જુદા છે, તેને લીધે ચિંતા થાય એ માન્યતા મિથ્યાત્વની ચિંતા છે. જ્ઞાનીને નબળાઈને લીધે ચિંતા થાય છે પણ પરને લીધે ચિંતા માનતો નથી. પર આત્મા ને પર પદાર્થો તો મારું સ્વરૂપ નથી પણ મારા કારણે મારામાં ચિંતા થાય તે પણ મારો સ્વભાવ નથી. હું તો જ્ઞાનસ્વભાવી છું એમ જ્ઞાની માને છે. આમ જ્ઞાની જ્ઞાનમાં રહીને રાગને જાણે છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે રાગ મારા આત્મામાં મલિનતા કરનારો છે, તે મારું સ્વરૂપ નથી એમ જ્ઞાની જાણે છે. જેટલો વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો તે બધો મલિનતા કરનારો છે. તેનાથી મારી પરમ જ્યોતિ ભિન્ન છે તેવું ભેદજ્ઞાન કરવું તે પ્રથમ શ્રદ્ધા છે, તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

જે પરપદાર્થોને પણ જુદા માનતો નથી તે જીવ વિકારથી આત્મા જુદો છે ને આત્મા વિકારનો ટાળનાર છે એવી પ્રતીતિ ક્યાંથી લાવશે ? ''ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય''—ધર્મ બહારથી આવતો નથી, અંતરમાંથી–વિવેકજ્ઞાનથી ધર્મ પ્રગટે છે.

હવે જેને ભેદજ્ઞાન થયું છે તે રાગ–દ્વેષ ટાળી ચારિત્ર અથવા વીતરાગતા પ્રગટ કરે છે તેની વાત કરે છે. ભેદવિજ્ઞાન થયા પછી પરમ વિવેકજ્યોતિ પ્રગટ થાય છે એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરે છે. ભેદવિજ્ઞાન વખતે દર્શન–જ્ઞાન હતાં, હવે સ્વભાવમાં એકાગ્રતા ખૂબ જામી એટલે રાગ–દ્વેષ ઉત્પન્ન થતા નથી. આમ પરમ વિવેકજ્યોતિના પ્રગટપણામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાવી દીધાં ને તે મોક્ષમાર્ગ છે. આત્મા પરથી જુદો છે એવું ભેદવિજ્ઞાન થયું હતું પણ પર્યાયમાં રાગદ્વેષનો દોષ થતો હતો તે સ્વભાવમાં એકાગ્રતા થતાં તે દોષ પણ ટળ્યો એટલે કે પરમ વિવેકજ્યોતિ પ્રગટ થઈ. તેથી કર્મબંધને ઉપજાવવાવાળી રાગદ્વેષની પરિણતિનો નાશ થઈ જાય છે. પ્રથમ અજ્ઞાનદશામાં રાગ–દ્વેષ થતા તેનું કારણ કર્મ લીધું ન હતું. ત્યાં અવિદ્યાના કારણે રાગ–દ્વેષ થતા એમ કહેલ પણ જે નવા રાગ–દ્વેષ થાય તેને નવાં કર્મબંધનું કારણ કહ્યું. આમ કર્મબંધને ઉપજાવવાવાળી રાગ–દ્વેષ પરિણતિ ધર્મી જીવને સ્વભાવમાં સ્થિરતા કરતાં ઉત્પન્ન થતી નથી, તેથી તે નાશ થઈ જાય છે એમ કથન કરવામાં આવે છે. આમ આગામી બંધની રીત હતી તે છૂટી ગઈ ને નવો બંધ થતો નથી.

તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે. જેવી રીતે એક પરમાણુ એક ગુણ ચીકાશવાળો અથવા લુખાશવાળો હોય તો બીજા પરમાણુ સાથે અથવા સ્કંધ સાથે બંધ દશાને પામતો નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવી રીતે જીવ પોતામાં પરમ વિવેકજ્યોતિ પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરી જાય છે ને રાગ-દ્વેષ ઉત્પન્ન કરતો નથી, તેથી પોતાના સ્વરૂપને ઓળખી અંદર ઠરવું તે ક્રિયા અબંધનું કારણ છે, બીજી બધી ક્રિયા બંધનું કારણ છે. આ ચારિત્ર છે. પોતાના આત્મામાં એકાગ્ર થઈ સ્થિર થયો તે ચારિત્ર છે. દેહની ક્રિયા કે પાંચ મહાવ્રત તે ચારિત્ર નથી. પૂર્વે બાંધેલાં કર્મો સંયોગો આપી ખરી જાય છે ને પછી જીવ ચાર ગતિનાં દુઃખથી નિવૃત્ત થઈને મોક્ષપદને પામે છે. તીર્થંકરપ્રકૃતિ સમવસરણ આદિ સંયોગો આપી છૂટી જાય છે ને ભગવાન મોક્ષ પધારે છે. વળી આદિનાથ ભગવાનને ઘણા સાધુ હતા ને મહાવીર ભગવાનને ઓછા સાધુ હતા, તેથી તેમના મોક્ષપદમાં કાંઈ ફેર પડતો હશે ? ભાઈ, એ બધી બહારની વાતો છે. સમવસરણ વગેરે બધું અહીં પડ્યું રહે છે. કર્મો સંયોગો આપી ખરી જાય છે. ભગવાન મુક્તદશાને પામે છે. કોઈની મોક્ષદશામાં ફેર નથી, બધા સંપૂર્ણ શુદ્ધજ્ઞાન-આનંદને અનુભવે છે.

આ પ્રમાણે પ્રથમ ભગવાનની વાણી સ્થાપી, તેમાંથી રચાયેલાં શાસ્ત્રો સાચાં છે એમ કહ્યું, તેમાં બતાવેલાં છ દ્રવ્યોની પૃથક્તાને જાણે, માત્ર ધારણા નહિ, પછી વિકારને મલિન જાણે ને ભેદવિજ્ઞાન પ્રગટ કરે, પછી પરમ જ્યોતિ પ્રગટ કરી રાગદ્વેષનો નાશ કરીને મોક્ષપદ પામે છે. એ પ્રમાણે આખો મોક્ષમાર્ગનો ક્રમ બતાવ્યો.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૨, સોમવાર]

અનાદિથી અજ્ઞાની જીવ રાગ-દ્વેષથી રખડે છે. તે જો ભેદજ્ઞાન કરે તો ધર્મદશાને પામે. હું આત્મા આનંદસ્વરૂપ છું, પરપદાર્થો સાથે મારે સંબંધ નથી તેમ જ રાગ-દ્વેષ થાય છે તે ક્ષણિક ઉપાધિ છે. મારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે એમ પરથી ભિન્ન પાડી, આકુળતારહિત મારું સ્વરૂપ છે એમ વિવેક કરી પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય તો મોક્ષદશાને પામે છે. તે દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

પાણી અગ્નિના નિમિત્તે ગરમ થાય છે, ત્યાં પાણી તો પોતાની લાયકાતથી ગરમ થાય છે. અગ્નિને લીધે ગરમ થતું હોય તો ત્યાં રહેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ ગરમ થવાં જોઈએ. પણ તેની લાયકાત ઉષ્ણ થવાની નથી માટે તે ઉષ્ણ થતાં નથી તો અગ્નિ તેને નિમિત્ત પણ થતી નથી. પાણી પોતાની લાયકાતથી ઉષ્ણ થાય છે તો અગ્નિના સંબંધે ઉષ્ણ થયું એમ કહેવાય છે. તે પાણી પોતાની યોગ્યતાના કાળે ગરમપણું છોડી શીતળ સ્વભાવને પ્રાપ્ત થાય છે. પાણીનો સ્વભાવ ઠંડો છે તે જ્ઞાન નક્કી કરે છે. ગરમ પાણીમાં હાથ નાખવાથી ઠંડું માલૂમ નહિ પડે, તેમ આંખ, કાન, નાક કે જીભ દ્વારા પણ તેનો શીતળ સ્વભાવ જણાશે નહિ અથવા કોઈ જીવ બહુ આકુળતા કરે ને મનના નિમિત્તે સંકલ્પ-વિકલ્પ ઘણા કરે તોપણ શીતળ સ્વભાવ જણાય એવો નથી. પણ જ્ઞાન નિર્ણય કરે છે કે પાણીનો સ્વભાવ શીતળ છે. તે દૃષ્ટાંત મુજબ ભગવત્ વચનને અંગીકાર કરીને જ્ઞાની જીવ કર્મવિકારના આતાપને નષ્ટ કરી શાંતરસગર્ભિત સુખને પ્રાપ્ત કરે છે. અહીં શબ્દસમય કોને કહેવો તે પણ આવી જાય છે. ભગવાનનાં વચનો કહે છે કે તું ત્રિકાળી શુદ્ધ છો, પરપદાર્થે વિકાર કરાવ્યો નથી તેમ જ સ્વભાવમાં વિકાર નથી, પણ શાંતિ ને સુખ છે. એમ શબ્દસમયે કહ્યું ને જ્ઞાનસમય પણ એમ જ નિર્ણય કરે છે. સંતો અંતર્મુખ દૃષ્ટિ કરી, આતાપ નાશ કરી શીતળતાને પામ્યા છે, તેમ હું પણ અંતર્ભાન કરી આતાપ નાશ કરીશ ને અનાકુળ શાંતરસને પ્રાપ્ત કરીશ. બહારની સાથે મારે દેવા-લેવા નથી. કોઈ દુશ્મન આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો મારી પર્યાયને બગાડી દેતો નથી ને ચોથો આરો હોય ને સમવસરણમાં જીવ બેઠો હોય તોપણ પોતાના સ્વભાવના અવલંબન વિના આતાપ ટળે તેમ નથી.

ભગવાન કયે માર્ગે થયા ? આત્મામાંથી થયા કે બહારથી થયા ? જેમ પાણીની શીતળતા તેના સ્વભાવમાંથી આવે છે તેમ શીતળ શાંત સ્વભાવમાંથી સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય પ્રગટે છે. જીવ લાખો મંદિરો બનાવે કે મહાવિદેહમાં જાય તોપણ ધર્મનું સાધન તો પોતાનો સ્વભાવ છે. જેમ પાણીનો સ્વભાવ જ્ઞાનથી નક્કી થાય છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાનથી નક્કી થાય છે. આમ નિર્ણય કર્યા પછી જીવ અંતરમાં ઠરે છે. અહીં ચારિત્રની વાત છે. બહારમાં રોગાદિની પ્રતિકૂળતાથી અંદરમાં પ્રતિકૂળતા આવતી નથી, તેમ જ અંતરની અનુકૂળતાથી બહારમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા આવતી નથી. આમ પોતાના શાંત સ્વભાવને જાણીને ઠરે છે તે આતાપનો નાશ કરી આત્મિક શાંતરસગર્ભિત સુખને પામે છે. બહારના સંયોગો જેમ છે તેમ રહેવા દે, હજારો તીર્થંકરો હોય ને કેવળીઓ હોય તોપણ મારી પરિણતિમાં વિભાવ ઓછો કરવો ને સ્વભાવમાં ભરતી લાવવી તે મારે આધીન છે, ભગવાનને આધીન નથી. આમ પોતાના સ્વભાવને સમજીને ઠરે છે તે મુક્તિને પામે છે. ૧૦૩.

---

**मुणिऊण एतदट्ठं तदणुगमणुज्झदो णिहदमोहो ।**
**पसमियरागद्दोसो हवदि हदपरापरो जीवो ॥ १०४ ॥**

**ज्ञात्वैतदर्थं तदनुगमनोद्यतो निहतमोहः ।**
**प्रशमितरागद्वेषो भवति हतपरापरो जीवः ॥ १०४ ॥**

**આ અર્થ જાણી, અનુગમન-ઉદ્યમ કરી, હણી મોહને,**
**પ્રશમાવી રાગદ્વેષ, જીવ ઉત્તર-પૂરવ વિરહિત બને. ૧૦૪**

**અન્વયાર્થ :** [जीवः] જીવ [एतद् अर्थं ज्ञात्वा] આ અર્થને જાણીને (આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધાત્માને જાણીને), [तदनुगमनोद्यतः] તેને અનુસરવાનો ઉદ્યમ કરતો થકો [निहतमोहः] હતમોહ થઈને (જેને દર્શનમોહનો ક્ષય થયો હોય એવો થઈને), [प्रशमितरागद्वेषः] રાગ–દ્વેષને પ્રશમિત–નિવૃત્ત કરીને, [हतपरापरः भवति] ઉત્તર અને પૂર્વ બંધનો જેને નાશ થયો છે એવો થાય છે.

---

**तात्पर्यवृत्ति** : अथ दुःखमोक्षकारणस्य क्रमं कथयति, – **मुणिउण** मत्वा विशिष्टस्वसंवेदनज्ञानेन ज्ञात्वा तावत् । कं ? **एदं** इमं प्रत्यक्षीभूतं नित्यानंदैकशुद्धजीवास्तिकायलक्षणं **अत्थं** अर्थं विशिष्टपदार्थं **तमणु** तं शुद्धजीवास्तिकायलक्षणमर्थं अनुलक्षणीकृत्य समाश्रित्य **गमणुज्झदो** गमनोद्यतः तन्मयत्वेन परिणमनोद्यतः **णिहदमोहो** शुद्धात्मैवोपादेय इति रुचिरूपनिश्चयसम्यक्त्वप्रतिबंधकदर्शनमोहाभावात्तदनंतरं निहतमोहो नष्टदर्शनमोहः । **पसमिदरागदोसो** निश्चलात्मपरिणतिरूपनिश्चयचारित्रप्रतिकूलचारित्रमोहोदयाभावात्तदनंतरं प्रशमितरागद्वेषः एवं पूर्वोक्तप्रकारेण स्वपरयोर्भेदज्ञाने सति शुद्धात्मरुचिरूपे सम्यक्त्वे तथैव शुद्धात्मस्थितिरूपे चारित्रे च सति पश्चात् **हवदि** भवति । कथंभूतः ? **हदपरावरो** हतपरापरः । अत्र परमानंदज्ञानादिगुणाधारत्वात्परशब्देन मोक्षो भण्यते परशब्दवाच्यान्मोक्षादपरो भिन्नः परापरः संसार इति हेतोः विनाशितः परापरो येन स भवति हतपरापरो नष्टसंसारः । स कः ? **जीवो** भव्यजीवः ॥१०४ ॥

इति पंचास्तिकायपरिज्ञानफलप्रतिपादनरूपेण षष्ठस्थले गाथाद्वयं गतं । एवं प्रथममहाधिकारमध्ये

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गाथाष्टकेन षड्भिः स्थलैश्चूलिकासंज्ञोष्टमोऽन्तराधिकारो ज्ञातव्यः । अत्र पंचास्तिकायप्राभृतग्रंथे पूर्वोक्तक्रमेण सप्तगाथाभिः समयशब्दपीठिका, चतुर्दशगाथाभिर्द्रव्यपीठिका, पंचगाथाभिर्निश्चयव्यवहारकालमुख्यता, त्रिपंचाशद्गाथाभिर्जीवास्तिकायव्याख्यानं, दशगाथाभिः पुद्गलास्तिकायव्याख्यानं, सप्तगाथाभिर्धर्माधर्मास्तिकायद्वयविवरणं, सप्तगाथाभिराकाशास्तिकायव्याख्यानं, अष्टगाथाभिश्चूलिकामुख्यत्वमित्येकादशोत्तरशतगाथाभिरष्टांतराधिकारा गताः ॥

इति श्रीजयसेनाचार्यकृतायां तात्पर्यवृत्तौ पंचास्तिकायषड्द्रव्यप्रतिपादनं नाम प्रथमो महाधिकारः समाप्तः ॥ १ ॥

**समयव्याख्या : दुःखविमोक्षकरणक्रमाख्यानमेतत् । एतस्य शास्त्रस्यार्थभूतं शुद्धचैतन्यस्वभावमात्मानं कश्चिज्जीवस्तावज्जानीते । ततस्तमेवानुगंतुमुद्यमते । ततोऽस्य क्षीयते दृष्टिमोहः । ततः स्वरूपपरिचयादुन्मज्जति ज्ञानज्योतिः । ततो रागद्वेषौ प्रशाम्यतः । ततः उत्तरः पूर्वश्च बंधो विनश्यति । ततः पुनर्बंधहेतुत्वाभावात् स्वरूपस्थो नित्यं प्रतपतीति ॥ १०४ ॥**

**इति समयव्याख्यायामंतर्नीतषड्द्रव्यपञ्चास्तिकायवर्णनः प्रथमः श्रुतस्कंधः समाप्तः ॥ १ ॥**

**અનુવાદ : આ, દુઃખથી વિમુક્ત થવાના ક્રમનું કથન છે.**

**પ્રથમ, કોઈ જીવ આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધચૈતન્યસ્વભાવવાળા (નિજ) આત્માને જાણે છે; તેથી (પછી) તેને જ અનુસરવાનો ઉદ્યમ કરે છે; તેથી તેને દૃષ્ટિમોહનો ક્ષય થાય છે; તેથી સ્વરૂપના પરિચયને લીધે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે; તેથી રાગ–દ્વેષ પ્રશમી જાય છે–નિવૃત્ત થાય છે; તેથી ઉત્તર અને પૂર્વ (પછીનો અને પહેલાંનો) બંધ વિનાશ પામે છે; તેથી ફરીને બંધ થવાના હેતુપણાનો અભાવ હોવાથી સ્વરૂપસ્થપણે સદા પ્રતપે છે–પ્રતાપવંત વર્તે છે (અર્થાત્ તે જીવ સદાય સ્વરૂપસ્થિત રહી પરમાનંદજ્ઞાનાદિરૂપે પરિણમે છે). ૧૦૪.**

**આ રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી 'પંચાસ્તિકાયસંગ્રહ' શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં ષડ્દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

---

## પ્રવચન :

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૨, સોમવાર]

હવે દુઃખોનો નાશ કરવાનો ક્રમ બતાવે છે અથવા કયા ક્રમથી જીવ સંસારરહિત થઈને મુક્ત થાય તે બતાવે છે.

જે પુરુષ આ ગ્રંથનું રહસ્ય જે શુદ્ધાત્મ પદાર્થ છે તેને જાણીને તેમાં જ પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે તે ભેદવિજ્ઞાની જીવ મોક્ષપદનો અનુભવી થાય છે. કેવો છે તે જીવ ? કે જેણે દર્શનમોહનો નાશ કર્યો છે, રાગ–દ્વેષ જેનામાં ઠરી ગયા છે અને જેણે પૂર્વાપર બંધનો નાશ કર્યો છે.

આ 'પંચાસ્તિકાય' ગ્રંથ છે, તેનું રહસ્ય એમ છે કે પાંચ અસ્તિકાય ને કાળ જેમ છે તેમ જાણવા ને તેનું ફળ વીતરાગતા છે.

છ દ્રવ્યોમાંથી કોઈનો અભાવ વર્તે છે એમ નથી. વળી આ દ્રવ્ય આમ કેમ પરિણમ્યું તે પણ સવાલ નથી ને આ દ્રવ્ય બીજાને લીધે પરિણમ્યું એમ પણ નથી. સૌ સૌના કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. એમ છેપણું નક્કી કરે તો શુદ્ધ આત્મા તરફ વલણ થાય છે.

બધા પદાર્થો છે એમ કહો, મહાસત્તા છે, અવાંતરસત્તા છે એમ કહો, શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ કહો, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો, મોક્ષમાર્ગ કહો, પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કરવી કહો, તે બધાનું ફળ વીતરાગતા છે. અવાંતરસત્તાથી નક્કી કરો કે આ પર્યાય છે, આ ગુણ છે, આ દ્રવ્ય છે એમ છેપણું નક્કી કરે તો પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય ત્રિકાળ છે એવું નક્કી કરતાં દ્રવ્ય તરફ વજન ગયા વગર રહેતું નથી. વિકાર છે, પર્યાયમાં અધૂરપ છે, દ્રવ્ય પૂર્ણ શુદ્ધ છે–બધું છે એમ કબૂલ કરનારનું વજન વિકારીપર્યાય ઉપર જતું નથી પણ શુદ્ધ આત્મા ઉપર જાય છે અને હું છું એમ નક્કી કરતાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખનો ભરેલો છું એમ નક્કી થાય છે. આમ ધર્મી જીવ પરને પર જાણે, રાગને રાગ જાણે, રાગને ત્રિકાળમાં ખતવતો નથી, પરને પોતામાં ખતવતો નથી, પોતાને શુદ્ધ આત્મા જાણે છે એણે પંચાસ્તિકાયનું રહસ્ય જાણ્યું છે.

આ પ્રમાણે શુદ્ધ આત્મપદાર્થને જાણીને તે જીવ આત્મપદાર્થમાં પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે. આમાં ઘણા ન્યાયો આવી જાય છે. દેવ–ગુરુ–શાસ્ત્ર ત્રણે એમ કહે છે કે તું તારા શુદ્ધ આત્મા તરફ વલણ કર. શાસ્ત્ર એમ કહેતાં નથી કે તું રાગનો પ્રયત્ન કર. ગુરુ એમ કહેતા નથી કે અમો હોઈએ તો તારું કલ્યાણ થાય. એમ જો કોઈ ગુરુ કહે ને બહિર્મુખતા બતાવે તો તે ગુરુ નથી. ને દેવ પણ રાગ કરવાનું કહેતા નથી. પ્રથમ શ્રવણ વખતે વિકલ્પ હતો ત્યારે સુદેવાદિનું નિમિત્ત હતું ને કુદેવાદિનું નિમિત્ત છૂટી ગયું. વિકલ્પ પહેલો હોય છે માટે વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એવો એનો અર્થ નથી. પણ પોતાના સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરે તો પૂર્વના વિકલ્પને વ્યવહાર કહેવાય છે, નહિતર તેને વ્યવહાર પણ કહેવાતો નથી.

વળી કોઈ કહે છે કે 'ક્રમબદ્ધ–પર્યાયનો નિર્ણય કરવાથી પ્રમાદ થશે તો ?' આમ પ્રશ્ન કરનાર ક્રમબદ્ધ–પર્યાયને સમજતો નથી. જે વખતે જેમ થવાનું છે તેમ થવાનું છે તેમ યથાર્થ સમજનારને અંતર્મુખ પ્રવીણપણું થયા વિના રહેતું નથી. તેને પ્રમાદ રહેતો નથી. અજ્ઞાનીનો પ્રશ્ન છે કે 'વસ્તુસ્વભાવની દૃષ્ટિ થતાં દોષ થાય તો ?' 'જેમ થવાનું તેમ થવાનું એમ માનનારને વ્યવહાર નહિ સચવાય તો ?' આ પ્રશ્નો પૂછનાર વસ્તુસ્વભાવને સમજ્યો નથી. સ્વભાવના અંતર્મુખ આશ્રય વિના યથાર્થ જાણપણું થતું નથી. જે પદાર્થો જેમ છે તેમ સમજતાં સ્વભાવનો પ્રયત્ન થાય છે. **સાધકને નબળાઈનો રાગ છે તે રાગની ભૂમિકામાં આવે છે, માટે વ્યવહાર રહેશે નહિ તે વાત રહેતી નથી.** ધર્મી જીવ પદાર્થમાં પ્રવીણ છે ને જેટલો રાગ છે તે જાણવા માટે છે, પણ કોઈ વ્યવહારની પકડ કરીને કહે કે "મોક્ષ માર્ગમાં વચ્ચે વ્યવહાર આવશે, મૂંઝાઈશ નહિ." "વ્યવહાર આવ્યા વિના રહેશે નહિ." એમ કોઈ કહે તો તેનું વજન વ્યવહાર ઉપર છે, તેને વ્યવહારનું અવલંબન છે. તેને વ્યવહારને અનુસરીને રહેવું છે પણ શુદ્ધ આત્માને અનુસરીને રહેવું નથી.

અહીં પાઠ છે કે "तदनुगमनोद्यतः"—"તે જ આત્મપદાર્થમાં પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે." રાગ કે વ્યવહારનો ઉદ્યમી કહ્યો નથી પણ શુદ્ધ આત્મપદાર્થને અનુસરવાનો ઉદ્યમી કહ્યો છે. આમ જે ધર્મી જીવને ભેદવિજ્ઞાન વર્તે છે તેની ભ્રાંતિનો નાશ થઈ જાય છે. મારું શું થશે ને કેમ થશે તે વાત રહેતી નથી. જડ કર્મનો નાશ તો કોઈ જીવ કરી શકતો નથી ને મિથ્યાભ્રાંતિનો નાશ પણ કોઈ કરી શકતો નથી. સ્વભાવ તરફનો પુરુષાર્થ થતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રાંતિ ઉત્પન્ન થતી નથી. તેણે દર્શનમોહનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આ એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી.

હવે તે જીવ ચારિત્ર પ્રગટ કરી મોક્ષને પામે છે તે બતાવે છે. તે જ સ્વભાવના અવલંબને શાંતિ પ્રગટે છે. આટલાં વ્રત, તપ કરે તો શાંતિ થાય એમ છે જ નહિ તેમ જ નિમિત્ત, બાહ્ય ક્ષેત્ર કે પરના અવલંબને શાંતિ નથી. આમ નક્કી તો કરેલ હતું પણ ધર્મી જીવ સ્વભાવમાં વિશેષ સ્થિરતા કરે છે તે ચારિત્ર છે. વળી કોઈ કહે છે કે 'શાસ્ત્ર સાંભળનાર ઘણા હોય તો સંતોષ ને શાંતિ આવે, એકલા હોઈએ તો શાંતિ ક્યાંથી આવે ?' આમ અજ્ઞાની જીવ પરના આશ્રયે શાંતિ માની બેઠો છે. ભાઈ, પરનો આશ્રય લેવામાં આકુળતા છે, એકલા સ્વભાવના આશ્રયે શાંતિ છે. આમ ભેદવિજ્ઞાની જીવ પોતાના સ્વભાવનો આશ્રય પૂરેપૂરો લ્યે છે, તેથી અસ્થિરતા ટળી જાય છે, પૂર્વ બંધ નાશ પામે છે ને મોક્ષદશાને પામે છે.

**ભાવાર્થ :** સંસારી જીવ અનાદિ અવિદ્યાના કારણે રખડે છે. કોઈ કર્મના કારણે રખડે છે એમ કહ્યું નથી પણ વિદ્યમાન સ્વભાવની અરુચિ ને વિકારાદિ તથા સંયોગો કે જે ક્ષણિક છે–અવિદ્યમાન છે તેની રુચિ તે અવિદ્યા છે. આવી અવિદ્યાના કારણે પુણ્ય-પાપના ભાવોને પોતાનો સ્વભાવ માને છે. આવી રીતે અજ્ઞાની થઈ જીવ રાગ–દ્વેષરૂપે પરિણમે છે. પણ જ્યારે સ્વ-પુરુષાર્થ કરીને સર્વજ્ઞ-વીતરાગનાં વચનોને અવધારણ કરે છે ત્યારે તેનું મિથ્યાત્વ નાશ પામે છે. ભગવાનનાં વચનો સાંભળી તે જીવ જાગ્રત થાય છે કે અહો ! બધા પદાર્થો વ્યવસ્થિત છે, નિયમબદ્ધ છે, કોઈ કોઈને રાગ–દ્વેષ કરાવતું નથી. પોતે ભૂલ કરે છે તો રાગ–દ્વેષ થાય છે, ને તે સ્વભાવના આશ્રયે ભૂલ ટળે છે, પોતાના જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન ને વીતરાગતા પ્રગટે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આવા ભગવાનનાં વચનો રુચ્યાં તેને સંસારમાંથી છૂટવાનાં ટાણાં આવ્યાં. આમ પુરુષાર્થ કરી જે જીવ પોતાના સ્વભાવની રુચિ કરે છે તેની કાળલબ્ધિ પાકી ગઈ છે. જ્ઞાનસ્વભાવ જાણ્યો તે સ્વભાવ છે, સ્વભાવ તરફ જે કાળે વળ્યો તે કાળલબ્ધિ છે ને સ્વભાવ તરફ વળતાં કર્મનો અભાવ થવા લાગ્યો–આમ પાંચે સમવાય એકસાથે આવી મળે છે. તેણે વીતરાગનાં વચનોને અવધાર્યાં છે ને તેનો મોહ નાશ પામે છે ને ભેદવિજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.

જે જીવે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો નથી તેણે સ્વભાવને જાણ્યો નથી, તેનો સાચો પુરુષાર્થ ઊપડતો નથી, તે નિયતને સમજતો નથી. તેને કાળલબ્ધિ પાકી નથી, તેને કર્મનો અભાવ થતો નથી. આમ અજ્ઞાની એકે સમવાયને જાણતો નથી.

ધર્મી જીવ વિચારે છે કે અહો ! સર્વજ્ઞ ભગવાનને અનંત શક્તિ ખીલી ગઈ છે, તે કોઈનું કાંઈ પણ કરી શકે નહિ. તો પછી હું અલ્પજ્ઞ પરનું શું કરું ? કોઈ કોઈનું કરવા સમર્થ નથી. પોતાના જ્ઞાનસ્વભાવી આત્મામાંથી જ્ઞાન પ્રગટે છે, વીતરાગસ્વભાવી આત્મામાંથી વીતરાગતા પ્રગટે છે, પોતાના વીર્યવાન આત્મામાંથી વીર્ય પ્રગટે છે. આમ નક્કી કરનાર ધર્મી જીવને કાળલબ્ધિ પાકી ગઈ છે. માત્ર ધારણાની વાત નથી પણ અંતર્મુખ અવલંબનની વાત છે. તેને શંકા રહેતી નથી. આવું ભાન થયા પછી ચારિત્રમોહ નાશ પામે છે. આ સમજ્યા વિના વ્રત, તપ કરવા માંડે ને તેથી ચારિત્ર પ્રગટી જાય તેમ બનતું નથી. શરીરાદિ પર છે, પુણ્ય-પાપ રહિત મારા સમસ્વભાવી ચૈતન્યસૂર્યમાંથી વીતરાગતા પ્રગટે છે. એવા ભાનવાળા જીવને ચારિત્ર પ્રગટે છે. ભેદવિજ્ઞાન થયા પછી અસ્થિરતાના સંકલ્પવિકલ્પ હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, બહારમાં યશના ગંજ હોય તો તેથી મને શાંતિ નથી, અપયશના ઢગલા હોય તો અશાંતિ નથી, મારા સ્વભાવના અવલંબને જ શાંતિ છે. એમ વિશેષ દઢતા લાવી સ્વભાવમાં લીન થતો જાય છે. કોઈ કહે કે ''તમારા પ્રભાવનાના શુભરાગથી ઘણી પ્રભાવના થશે માટે તે રાગ કરવો જોઈએ.'' ધર્મી જીવ સમજે છે કે શુભરાગથી પર જીવોને લાભ નથી તેમ જ મને પણ લાભ નથી. હું બહારમાં રોકાઉં છું એટલો અટકું છું. મારી પ્રભાવના બહારમાં નથી, હું અંતરમાં એકાગ્ર થાઉં એ મારી પ્રભાવના છે. આમ સર્વથા સંકલ્પવિકલ્પોનો અભાવ કરે છે ત્યારે સ્વરૂપમાં લીન થાય છે, આગામી બંધ થતો નથી, પૂર્વનાં કર્મો સંયોગો આપી છૂટી જાય છે. તીર્થંકર ચક્રવર્તી વગેરે જેને જે પ્રકારના પુણ્યના નિમિત્તે સંયોગો મળવાના હોય તે મળી જાય છે ને કર્મ છૂટી જાય છે ત્યારે તે જીવ નિર્બંધ અવસ્થાને ધારણ કરી મુક્તદશાને પામે છે ને અનંતકાલ સુધી સ્વરૂપમાં ગુપ્ત રહીને અનંત સુખને ભોગવે છે. સાધકદશામાં અલ્પ રાગ હતો તે ટળી ગયો ને પરિપૂર્ણ વીતરાગ-સર્વજ્ઞદશા પ્રાપ્ત કરી અનંતસુખને ભોગવે છે. ૧૦૪.

[વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૩, મંગળવાર]

પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં. હવે નવ પદાર્થનું ભેદથી કથન કરે છે. તેમાં પ્રથમ ભગવાનની સ્તુતિ કરે છે. કેમ કે જેનું વચન પ્રમાણ છે તે પુરુષ પ્રમાણ છે. ને પુરુષપ્રમાણથી વચનની પ્રમાણતા છે. આ કેવળી ભગવાન સર્વજ્ઞ–વીતરાગ છે તેમનાં વચનો માન્ય હોઈ શકે. વીતરાગ–સર્વજ્ઞ સિવાય અન્યનાં વચન સાચાં નથી. કેટલાક જીવો ભગવાનના નામે શાસ્ત્ર લખે. પુસ્તકનું નામ 'વીર દેશના' રાખ્યું હોય ને અંદર ગપાટા માર્યાં હોય માટે તે પ્રમાણ નથી. ભગવાનનાં વચન પ્રમાણ છે, તેથી કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાનની સ્તુતિ કરે છે.

***

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વાચકોની અંગત નોંધ